શ્રી ઉમાસ્વાતિવાચક વિરચિત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

સ્વોપજ્ઞભાષ્ય +ટીકા+અનુવાદસહિત

## ભાગ-૧




પ્રેરક - ગિરિવિહાર સંસ્થાના સફળ માર્ગદર્શક ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

॥ શ્રી પુરિસાદાનીય પાર્શ્વનાથાય નમઃ ॥ શ્રી અજાહરા પાર્શ્વનાથાય નમઃ ॥ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી મણિ-બુદ્ધિ-મુક્તિ-કમલ-કેશર-ચંદ્ર-પ્રભવચંદ્ર-હેમપ્રભસૂરીશ્વરેભ્યો નમઃ ॥

૫૦૦ પ્રકરણના પ્રણેતા વાચકમુખ્ય
શ્રી ઉમાસ્વાતિવાચક રચિત સ્વોપજ્ઞભાષ્ય કલિત
ગંધહસ્તી શ્રી સિદ્ધસેનગણિ કૃત ટીકા વિભૂષિત
હેમગિરા વ્યાખ્યા સમન્વિત

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

## ભાગ-૧

● દિવ્યાશીષ ●

યોગનિષ્ઠ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કેશરસૂરીશ્વરજી** મહારાજા
અધ્યાત્મયોગી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રભવચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

● કૃપાદૃષ્ટિ ●

ભોપાલતીર્થોદ્ધારક ગચ્છાધિપતિ ગુરૂદેવ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજા


● હેમગિરાવ્યાખ્યાકાર + સંપાદક ●

ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય
મુનિ ઉદયપ્રભવિજયગણિ



● પ્રકાશક ●

**શ્રી કેશર-ચન્દ્ર-પ્રભવ-હેમ ગ્રન્થમાળા**
**શ્રી વિજય કેશર-ચન્દ્રસૂરીશ્વરજી ફાઉન્ડેશન ગિરિવિહાર ટ્રસ્ટ**
મુક્તિનગર, પાલીતાણા.

**મુખ્ય સંશોધક**

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **મુનિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ
પૂજ્ય પ્રવર્તક પ્રવર શ્રી **ધુરંધરવિજયજી** મહારાજ

**માર્ગદર્શક + સંશોધક**

વિદ્યાગુરુવર્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજા
વિદ્યાગુરુવર્ય પૂજ્ય ગણિવર્ય શ્રી **યશોવિજયજી** મહારાજા

● પ્રથમ આવૃત્તિ ● વિ.સં.૨૦૦૬ ● નકલ-૫૦૦ ● મૂલ્ય રૂા.૩૦૦ ●

*સર્વ હક્ક શ્રમણપ્રધાન શ્રી જૈન સંઘને આધીન*

**તત્ત્વાર્થાધિગમસૂત્રના પ્રથમ ભાગનો પરિચય** **પૃષ્ઠ**

ગ્રંથ સમર્પણ ........ 3
અંતરના આશીર્વચન - પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા ....... 4
પ્રકાશકીય નિવેદન ........ 5
પૂરોવચન : પૂ.આચાર્યશ્રી જયસુંદરસૂરીશ્વરજી મ.સા. ........ 7
સંશોધકીય ઉર્મિ : પૂ.આચાર્યશ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. ........ 10
તત્ત્વાર્થ જૈનદર્શનની Web Site : પૂ.ગણિવર્યશ્રી યશોવિજયજી મ.સા. ..... 11-12
ભૂમિકા ........ ૧-૫૬
વિષયમાર્ગદર્શિકા ........ I-XI
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાષ્ય સંબંધ કારિકા ........ ૧-૨૪
તત્ત્વાર્થાધિગમસૂત્ર અધ્યાય-૧ ........ ૨૫-૩૩૩
પરિશિષ્ટ ૧ થી ૯ ........ ૧-૪૩

**● પ્રાપ્તિસ્થાન ●**

(૧) **પ્રકાશક**
(૨) **શા. પોપટલાલ મિશ્રિમલજી**
૪૪, ગિરધરનગર સોસાયટી, શાહીબાગ, અમદાવાદ. ફોન. ૨૨૮૬૦૧૮૪

*અધ્યયનશીલ સાધૂ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને ભેટરૂપે મળી શકશે*

મુદ્રક : **શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ**
૫૮, પટેલ સોસાયટી, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ટે.નં. : ૦૭૯-૩૦૯૧૨૧૪૯



પ્રગટ પ્રભાવી શ્રી અજાહરા પાર્શ્વનાથ પ્રભુ


નવરંગપુરા મંડણ શ્રી મુનિસુવ્રત સ્વામિ



પ. પૂ. તપસ્વીપ્રવર
પં. શ્રી મણિવિજયજી દાદા



તપાગચ્છાધિરાજ પ.પૂ.
શ્રી મુક્તિવિજયજી મ. સા.



પ. પૂ. બાલ બ્રહ્મચારી આચાર્ય શ્રી
વિજય કમલ સૂરીશ્વરજી મ.સા.



સંઘ સ્થવિર પ. પૂ.
શ્રી બુદ્ધિ વિજયજી મ. સા.



પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રી
વિજય કેશરસૂરીશ્વરજી મ. સા.



પ. પૂ. અધ્યાત્મનિષ્ઠ આચાર્ય શ્રી
વિજય ચન્દ્ર સૂરીશ્વરજી મ.સા.



પ. પૂ. શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજય
પ્રભવચન્દ્ર સૂરીશ્વરજી મ.સા.



પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ

# સમર્પણ

જેઓશ્રીની મુખમુદ્રા સદા પ્રસન્ન છે
જેઓશ્રીની દ્રષ્ટિમાં કાયમ વાત્સલ્ય વર્ષે છે
જેઓશ્રીના હૃદયમાં નિરંતરશાસનપ્રેમ નીતરી રહ્યો છે
જેઓશ્રીના રોમેરોમમાં વિશુદ્ધ સંયમી પ્રત્યેનો સદ્‌ભાવ ઉછળી રહ્યો છે
જેઓશ્રીના પ્રત્યેક રક્તબિંદુમાં સર્વેજીવો પ્રત્યે અપાર કરુણા છલકાઈ રહી છે
જેઓશ્રી ઉપર અદ્‌ભૂત વૈયાવચ્ચ ગુણ દ્વારા ગુરુકૃપાનો
અપૂર્વ શક્તિપાત થયો છે એવા
પરમ પૂજ્ય ઉદારમના, પ્રશાંત - ગંભીર સ્વભાવી
નિડરતા - નિખાલસતા - નિસ્પૃહતાદિ ગુણ વૈભવ સ્વામી
વૃદ્ધવયે વર્ષીતપાદિ ઉગ્રતપશ્ચર્યાકારી સુવિશુદ્ધ બ્રહ્મચારી
પ્રવચન પ્રભાવક, શ્રમણ સેવા વિચારક
મારા ઉત્કર્ષમાં મહત્ત્વનો ભાગ ભજવનાર
પોતાના મહત્ત્વના કાર્યો ગૌણ કરીને
અનેક પ્રખર વિદ્વાન્ સંયમી પાસે મને અધ્યયન કરાવનાર
માતાની જેમ મારી ભૂલોને ઉદારતાથી માફ કરી
વાત્સલ્ય-પ્રેમ-ઉષ્મા આપી મને નિર્મલ સંયમ માર્ગે
આગળ વધારનાર ભવોદધિતારક ગુરૂદેવ
ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

ને સાદર સવિનય સબહુમાન સમર્પણ

✍....કૃપાકાંક્ષી
એજ આપનો શિશુ
**ઉદયપ્રભવિજય**

भवदीयं भवद्भ्यः समर्पयामि

## અંતરના આશીર્વચન

## શ્રુતનાં વધામણા

ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા મોહના કાળજાળ તાપથી સંતપ્ત માનવીને શ્રુતગંગા જ અનુપમ શીતલતા બક્ષે છે.

સર્વજ્ઞ પરમાત્માશ્રી તીર્થંકરદેવ કથિત, શ્રી ગણધરભગવંત રચિત, શ્રુતજળનો વિવિધ સ્વરૂપે સંગ્રહ કરી પૂર્વધર આદિ પૂર્વાચાર્યોએ આ જિનશાસનને સદા નવપલ્લવિત અને આજ સુધી જીવંત રાખેલ છે. એમાંય વળી હુંડા અવસર્પિણી કાળના પ્રભાવે બૌદ્ધિક મંદતાદિ દોષોને કારણે શ્રુતગ્રહણ અતિ કઠિન થઈ પડતા, જેમ યુગપ્રધાનાચાર્ય ભગવંત શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી આદિ પૂર્વાચાર્યોએ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુ યોગ અને ધર્મકથાનુયોગ રુપ ચાર અનુયોગોમાં શ્રુતને વિભાજિત કરીને શ્રુતપ્રાપ્તિને સુગમ કરી, જગત ઉપર મહાન ઉપકાર કરેલ છે. તેમ શ્રુતસંગ્રહ કળાના શિલ્પી એવા વાચક પ્રવર શ્રી ઉમાસ્વાતીજી મહારાજાએ સમસ્ત જૈન સંપ્રદાયોને સુસમ્મત એવા તત્ત્વાર્થસૂત્રની રચના કરી. જે સમગ્ર જૈન તત્ત્વામૃતનો અર્ક = નિચોડરૂપ છે.

જેના ઉપર શ્વેતાંબર દિગંબર આચાર્યોએ ખુબ ખેડાણ, ટીકા રચવા દ્વારા કર્યું છે એમાં શિરમોર ટીકા **ગંધહસ્તિ** સિદ્ધસેનીય છે. જે વર્તમાન કાલે ગંધહસ્તી મહાભાષ્ય તરીકે ઓળખાય છે. જે ગ્રંથ એક દાર્શનિક સ્વરુપે અંકિત છે. તેની પંક્તિઓની જટીલતાને લઈ કેટલાક સમયથી તેનુ વાંચન અલ્પ થઈ ગયું છે. એ પંક્તિઓની દુર્ગમતાને સુગમતાનું સ્વરૂપ આપવા, સર્વપ્રથમ આનું ભાષાન્તર મારા વિદ્વાન શિષ્ય મુનિશ્રી ઉદયપ્રભવિજયજીગણિએ કર્યું છે, જે મારા અને જૈન શાસન માટે ગૌરવનો વિષય કહેવાય. આ કાર્ય તેમના માટે સર્વ પ્રથમ હોવાથી અનેક પ્રાચીન તાડપત્ર હસ્તપ્રતિઓનું માધ્યમ લઈને એમને ખુબ જ શ્રમ લીધો છે.

આ શ્રુત કાર્યમાં સહવર્તીમુનિ શ્રીયુગપ્રભવિજયજી આદિ સર્વ મુનિઓ સહાયક બન્યા એ પણ ખુબ અનુમોદનીય છે. મુનિ જીવનનું પ્રથમ લખાણ કાર્ય આ ગણિવરે આરંભ્યુ તે ખુબ જ હિંમત ભર્યું છે. એમની ભાવના ભાવીમાં દશે અધ્યાય કરવાની છે, તે અનંત નિર્જરાલક્ષી શ્રુતકાર્ય માટે મારા અંતરના શુભાશીષ એમને પાઠવું છું. અને શ્રુતદેવીને એજ વિનંતિ કરૂ છું કે આ કાર્ય નિર્વિઘ્નપણે સંપૂર્ણતાના શિખરને આંબે ! મુમુક્ષુવર્ગને ઉપકારી બને. એજ અંતરેચ્છા.

**- આ. વિજય હેમપ્રભસૂરિ**

શ્રાવણ સુદ-૧, ઘાટકોપર, મુંબઈ

# પ્રકાશકીય સ્ફુરણા

સકલ શ્રીસંઘની સમક્ષ સ્વોપજ્ઞભાષ્ય અને સિદ્ધસેનીય ટીકાના અનુવાદ સહિત **તત્ત્વાર્થાધિગમ સૂત્ર**ના પ્રથમ અધ્યાયને પ્રકાશિત કરતાં અમે અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ.

૫૦૦ ગ્રંથના સર્જનહાર વાચકપ્રવરશ્રી **ઉમાસ્વાતિજી** મહારાજે તત્ત્વાર્થસૂત્રભાષ્યની રચના કરેલ છે. જેમાં મોક્ષમાર્ગ = ધર્મની શરૂઆતથી માંડી મોક્ષ પ્રાપ્તિ સુધીનો માર્ગ એટલે કે આત્મા પરમાત્મા સ્વરૂપ બને તે પર્યન્તની આત્મ સાધના માટે ઉપયોગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું સ્વરૂપ વગેરે વિષયોનું આ સૂત્રમાં નિરૂપણ કરવામાં આવેલ છે. કુલ ૧૦ અધ્યાયમાં આ સૂત્ર વિભાજિત છે. આ સૂત્ર + સ્વોપજ્ઞ ભાષ્ય ઉપર, **ગંધહસ્તી** તરીકે ઓળખાતા શ્રી સિદ્ધસેનગણિજીએ કુલ ૧૮૨૮૨ શ્લોક પ્રમાણ ટીકા રચેલી છે. આ સુંદર ટીકા સૂત્ર અને ભાષ્યના રહસ્યોને ખુલ્લા કરી ગ્રંથને સ્પષ્ટ કરે છે. તેમ છતાં ટીકાની ગહનતા, વિશાળતાને કારણે કેટલાક મુમુક્ષુ વર્ગને પદાર્થ હૃદયંગમ ન થાય તે સ્વભાવિક છે. તેથી જિજ્ઞાસુ વાચક વર્ગને સ્પષ્ટ વિશદ બોધ થાય તે ધ્યાનમાં રાખી. પરમોપકારી પૂજ્યપાદ, ભોપાલ તીર્થોદ્ધારક ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂજ્ય ગણિવર્યશ્રી ઉદયપ્રભવિજયજી મહારાજે "હેમગિરા" નામે ગુજરાતી વ્યાખ્યા = અનુવાદ કરેલ છે. આ સરલ + સુબોધ અનુવાદને વાંચ્યા પછી વાસ્તવમાં તે હેમગિરા છે એવું જણાયા વગર રહેશે નહિ. પ્રાચીન મુદ્રિત પ્રકાશનોમાં રહેલી અશુદ્ધિઓને ૧૨ હસ્તલેખિત પ્રતો દ્વારા દૂર કરીને મૂળગ્રંથ તથા ટીકાને શુદ્ધ કરવાનું અને અધ્યેતા વર્ગને કુશલ અધ્યાપકની ગરજ સારે તે રીતે સ્પષ્ટ ગુજરાતી વ્યાખ્યા લખવાનું એક અત્યંત આવશ્યક અને ઉપયોગી કાર્ય ગણિવર્યશ્રીએ કરેલ છે.

ગિરિવિહાર સંસ્થાના (મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ)ના સ્વપ્નદ્રષ્ટા અધ્યાત્મયોગી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રસૂરીશ્વરજી મહારાજા અને ગિરિવિહાર સંસ્થાના સ્થાપક-પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રભવચંદ્રસૂરીશ્વરજી મહારાજાની દિવ્યકૃપાથી અને ગિરિવિહાર સંસ્થાના સફળમાર્ગદર્શક પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના મંગલ આશીષથી શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટના અહો ભાગ્યે દિગ્ગજ સિદ્ધહસ્ત લેખક યોગનિષ્ઠ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કેસરસૂરીશ્વરજી મહારાજાના હસ્તે આલેખિત ધ્યાન, યોગ, ગૃહસ્થ ધર્માદિ મૌલિક, આચાર સભર વિષયોથી ભરપૂર ૨૦ જેટલા ગ્રંથોનું પ્રકાશન, પુનઃ મુદ્રણ તેમજ કલ્પસૂત્ર, પંચસૂત્ર, ધર્મરત્નપ્રકરણાદિ ૨૦ જેટલા ગ્રંથોનું સાનુવાદ પ્રકાશ કરાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું અને આ જ શૃંખલામાં આજના **સમયને અનુરૂપ, સમસ્ત જૈન સમાજને આદરણીય એવા આ** તત્ત્વાર્થાધિગમસૂત્રના **પ્રથમ**

અધ્યાયના સભાષ્ય, સટીક, સાનુવાદ પ્રકાશનનો લાભ મળવા બદલ અમે ગૌરવ અનુભવીએ છીએ.

પ્રસ્તુત પ્રકાશનમાં આર્થિક સહયોગ નિમ્નલિખિત ગુરૂભગવંતોની પ્રેરણાથી અનેક સંઘો તથા મહાનુભાવો દ્વારા પ્રાપ્ત થયેલ છે તે બદલ તેમના ટ્રસ્ટી ગણને, મહાનુભાવોને ધન્યવાદ આપીએ છીએ.

પ્રાન્તે, પ્રસ્તુત તત્ત્વાર્થાધિગમ સૂત્રના અધ્યયન-પરિશીલન અને પરિણમન દ્વારા સહુ કોઈ પરમપદને વહેલી તકે પ્રાપ્ત કરે એ જ મંગલકામના.

લિ.

શ્રી વિજય કેશર-ચન્દ્રસૂરીશ્વરજી ફાઉન્ડેશન ગિરિવિહાર ટ્રસ્ટ વતી,

જયુભાઈ એલ. શાહ

**મુખ્ય આર્થિક સહયોગ દાતા**

ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી

**શ્રી નવરંગપુરા જૈન શ્વે.મૂ.પૂ. સંઘ** તરફથી ૨૦૦ નકલ

**અન્ય આર્થિક સહયોગી**

| | નકલ |
|---|---|
| • શ્રી **તુલસીશ્યામ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ (વાડજ)** તરફથી | ૭૫ |
| • સા.શ્રી કલ્પગુણાશ્રીજી + સા.શ્રી હર્ષગુણાશ્રીજીની પ્રેરણાથી મિલનપાર્ક તથા અભિનંદન ફ્લેટના આરાધક બહેનો તરફથી | ૭૫ |
| • સા.શ્રી કાવ્યરત્નાશ્રીજીની પ્રેરણાથી ચિત્રદુર્ગના ઉપધાનના તપસ્વી બહેનો તરફથી | ૫૦ |
| • સા.શ્રી કલ્યાણરત્નાશ્રીજીના ઉપદેશથી ગોલ જૈન સંઘ | ૫૦ |
| • સા.શ્રી મુક્તિપ્રભાશ્રીજીની પ્રેરણાથી ભાવિકો તરફથી | ૫૦ |
| • સા.શ્રી કીર્તનપ્રભાશ્રીજીની પ્રેરણાથી ભાવિકો તરફથી | ૫૦ |
| • કુક્કરવાડા જૈન સંઘ હસ્તે સુશ્રાવકશ્રી સુરેશભાઈતરફથી ભૂમિકાની અલગથી | ૫૦ |

*આ પુસ્તક જ્ઞાન દ્રવ્ય દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને પોતાની માલિકીમાં રાખવું*

# પુરોવચન

જૈન શાસનમાં કોઈ પૃચ્છા કરે કે આગમિક સિદ્ધાન્તોની કોઈ ચિત્રશાળા (ART-GALLORY) હયાત છે ? તો બહુ સરળતાથી જવાબ આપી શકાય કે વાચકમુખ્યશ્રી ઉમાસ્વાતિ આચાર્ય રચિત શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર અને તેનું સ્વોપજ્ઞ ભાષ્ય એ શબ્દાત્મક સૂત્ર-ચિત્રોરૂપે બેનમૂન ચિત્રશાળા છે જેમાં અનેક જૈનાગમોનાં મનોહર સૂત્ર-ચિત્રો દષ્ટિગોચર થાય છે.

શ્રી તત્ત્વાર્થસૂત્ર એ જૈન સિદ્ધાન્તપુષ્પોનો મઘમઘતો બગીચો છે. અથવા વિવિધ જૈન સિદ્ધાન્ત વૃક્ષોનું ઉદ્યાન છે.

કદાચ શંકા થાય કે શું જૈન ધર્મનાં બધા જ સિદ્ધાન્તો તત્ત્વાર્થસૂત્રમાં આવી ગયા ? જુદા જુદા નયથી જવાબ હા અને ના બંને આપી શકાય છે. મુમુક્ષુઓની દષ્ટિએ જોઈએ તો રત્નત્રયીની આરાધના માટે ઉપયોગી એવા લગભગ તમામ સિદ્ધાન્તોનું જ્ઞાન આ શાસ્ત્રથી પ્રાપ્ત થાય છે માટે જવાબ 'હા' આપી શકાય. બીજુ બાજુ વિશ્વવ્યવસ્થા (COSMOLOGY)ની દષ્ટિએ જોઈએ તો જવાબ 'ના' માં પણ આપી શકાય. શાસ્ત્રકાર આચાર્યએ પોતે જ સમ્બન્ધકારિકા ૨૨માં જણાવ્યું છે કે અર્હદ્વચનના એક દેશનું પોતે લઘુગ્રન્થરૂપે સંક્ષેપથી નિરૂપણ કર્યું છે. જો કે એ લઘુગ્રન્થમાં પણ અર્થસભરતા વિરાટ છે. ૨૩ થી ૨૫ કારિકામાં શાસ્ત્રકારે પોતે જ જિનવચનનો પૂર્ણપણે સંગ્રહ કરવાનું કાર્ય કેટલી હદે અશક્ય છે એનું નમ્રભાવે વાસ્તવિકપણે નિદર્શન કરી દીધું છે. શ્વેતામ્બર જૈનો પાસે આજે પણ ભગવાનનાં ભાખેલા આગમશાસ્ત્રો મોજૂદ છે એટલે શ્રી તત્ત્વાર્થસૂત્રનું અધ્યયન શ્વેતામ્બરોમાં વિરાટ અધ્યયનક્ષેત્રનું એક અંગ છે. જે સમ્પ્રદાય પાસે આગમો છે જ નહીં એના માટે તત્ત્વાર્થસૂત્રમાં એમનું આખુ અધ્યયનક્ષેત્ર સમાઈ જાય છે અને તેથી તે સમ્પ્રદાયમાં તેના ઉપર અતિશય ભાર મુકાયેલો દેખાય તેમાં કંઈ આશ્ચર્ય નથી.

પ્રશ્ન થાય કે જ્યારે ગ્રન્થકર્તા પોતે પ્રાયઃ દશપૂર્વધર છે ત્યારે તેમના આ ભાષ્યયુક્ત સૂત્રગ્રન્થમાં કેમ કોઈ પૂર્વ-શાસ્ત્રોની છાંટ દેખાતી નથી ? કેમ કોઈ તન્ત્ર-મન્ત્ર-વિદ્યાઓનું નિરૂપણ નથી ? કેમ કોઈ આચાર-સંહિતાનું માહિતીપ્રદ વિવેચન નથી ? કેમ કોઈ ધ્યાનાકર્ષક ગણિતાનુયોગનું વર્ણન નથી ? કેમ કોઈ સુશ્લિષ્ટ ધર્મકથાનુયોગનું દિગ્દર્શન પણ નથી ? કેમ કોઈ માર્ગાનુસારી ગુણોનું ઉદ્ભાવન ઉપલબ્ધ નથી થતું ?

આમ તો આ બધા પ્રશ્નનું ટુંકુ સમાધાન શાસ્ત્રકારે 'અર્હદ્ વચન એકદેશના સંગ્રાહક લઘુગ્રન્થ' રૂપે નિર્દેશ આપવાથી કરી જ દીધું છે. તેમ છતાં 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' - 'अर्पितानर्पितसिद्धेः' - 'स्निग्धरुक्षत्वाद् बन्धः' - વગેરે સૂત્રો અને તેના ભાષ્યનું જો ઊંડાણથી પરિશીલન કરીએ તો ઉપરોક્ત પ્રશ્નોનું સંતોષકારક સમાધાન પ્રાપ્ત થાય છે.

પ્રફુલ્લચંદ્ર રોય (P.C.ROY) વગેરે ભારતના પ્રાચીન રસાયણ-શાસ્ત્રવિદોને મન પણ આ તત્ત્વાર્થસૂત્રનું ખાસ કરીને તેના પાંચમાં અધ્યાયમાં આવતા અણુવિષયકનું વર્ણન ઘણું મહત્ત્વનું ભાષ્ય છે. 'હિન્દુ કેમેસ્ટ્રીનો ઈતિહાસ' વગેરે ગ્રન્થોમાં તથા 'COSMOLOGY OLD & NEW' વગેરે પુસ્તકોમાં તે જોઈ શકાય છે.

શ્રી સિદ્ધસેનગણી મહારાજની ટીકા પણ વિશાળ અને ભવ્ય છે. સૂત્ર-ભાષ્યનું સ્પષ્ટીકરણ કરવાની તેમની પ્રતિભા પણ વન્દનીય છે. પહેલા સૂત્રનાં વિવેચનમાં જ કેવો મઝાનો પ્રશ્ન ઉઠાવીને એનું કેવું સુંદર સમાધાન કર્યું છે ! - 'પ્રધાન પુરુષાર્થ તો મોક્ષ છે- તો એનું સૌ પ્રથમ ભારપૂર્વક નિરૂપણ કરવાને બદલે તેનાં હેતુઓનું પ્રદર્શન કેમ કરવા માંડયું ?' દિગમ્બરોએ જે આનું અધકચરું 'મોક્ષશાસ્ત્ર' આવું નામકરણ કરી દીધું છે - એનું પ્રતિબિમ્બ જ જાણે આ પ્રશ્નમાં મીલાઈ ગયું છે. વ્યાખ્યાકારે એટલો સરસ જવાબ આપ્યો છે કે વાંચનાર પોતાની જાતને ગમે તેવો પંડિતંમન્ય માનતો હોય એની પણ આંખ ઉઘડી જાય. 'જેના અસ્તિત્વ વિશે કોઈ વાદીઓને ખાસ વિવાદ જ નથી એના વિશે શરૂઆતમાં કેટલુ લખવાનું હોય ? બુદ્ધિમાન લોકો તો સ્પષ્ટપણે સમજતા હોય છે કે કાર્યસિદ્ધિ કારણાધીન હોવાથી રત્નત્રયરૂપ કારણોનું નિરૂપણને વધારે મહત્ત્વ અપાય છે, તે ઉચિત છે - શાસ્ત્રાનુસારી છે.' - દિગમ્બરોને પણ સ્વીકારવી પડે એવું આ સમાધાન છે.

મુક્તિના માર્ગની યથાર્થ સત્યગર્ભિત ભગવદાજ્ઞાનુસારી વિશિષ્ટ પીછાન કરવા માટે પલ્લવગ્રાહી નહીં બનતા ખરેખર બહુશ્રુત બનવું જોઈએ અને બહુશ્રુત બનવા માટે ગુરુચરણોમાં વિનયપૂર્વક બેસીને આ તત્ત્વાર્થસૂત્રનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ. પૂજયપાદ ગુરૂદેવ સ્વ.આ.શ્રી ભુવનભાનુસૂરિ મહારાજની એક પ્રશસ્ત ભાવના હતી કે તત્ત્વાર્થસૂત્ર ઉપરની શ્વેતામ્બર-દિગમ્બર વિરચિત ઉપલબ્ધ તમામ વ્યાખ્યાઓનું ઊંડાણથી અધ્યયન-અવગાહન કરીને તે બધાનો સારસંગ્રહ કરી ત્રણ પ્રકારની વિશિષ્ટ વ્યાખ્યાઓ તૈયાર કરવી - ૧ **'તત્ત્વાર્થ ઉષા'** - બાળ જીવો સહેલાઈથી સૂત્રનો સામાન્ય અર્થ પામી શકે, ૨. **'તત્ત્વાર્થ પ્રકાશ'** - જેનાથી મધ્યમબુદ્ધિ જીવો દાખલા-દલીલ-યુક્તિગર્ભિત સાર પામી શકે, ૩. **'તત્ત્વાર્થાલોક રહસ્ય'** - જેનાથી તીવ્ર મેધાવી અધ્યેતાઓ તુલનાત્મક રીતે ઊંડાણથી એક એક સૂત્રના રહસ્યમય તાત્પર્યો અવધારી શકે. આ યોજનાના મંગલાચરણરૂપે 'તત્ત્વાર્થ ઉષા' નું કાર્ય થઈ ગયું - બાકીનું કાર્ય તેઓ અનેકવિધ સંઘ-શાસનની જવાબદારીમાં સતત અપ્રમત્તપણે વ્યસ્ત રહેવાના કારણે ન કરી શકયા - આશા છે કે આ ગ્રન્થના અનુવાદક-સંપાદક મુનિઓ તેમની આ ભાવના પૂર્ણ કરશે. (કંઈક અંશે મધ્યમબુદ્ધિ માટે પૂર્ણ થઈ રહી છે.)

શ્રી તત્ત્વાર્થસૂત્રનાં અનેક પ્રકાશનો પ્રકાશિત થઈ ચુકયા છે, પરંતુ શ્રી સિદ્ધસેનગણી મહારાજની ટીકા એવી જટિલ છે કે તેનું હાર્દ પણ જલ્દીથી ન સમજાય તો એના ભાવાનુવાદનું

કાર્ય તો કોણ કરી શકે ? છતાં પણ પૂ. યોગનિષ્ઠશ્રી **કેસરસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયના ગચ્છાધિપતિ પૂ.આચાર્ય વિજયશ્રી **હેમપ્રભસૂરીશ્વરજી** મ.સા.ના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી ઉદયપ્રભવિજયગણિ એ આ મહાભારત કાર્ય હાથમાં લીધું છે અને મુનિશ્રી યુગપ્રભવિજયજી જેવા મેધાવી સહાયક એમને મળ્યા છે તેથી તેઓ આ મહાભારત કાર્યને સમ્પન્ન કરવામાં જરૂર સફળ થશે એવી આશા રાખવી અસ્થાને નથી.

મુનિવરોએ તેમના કાર્યનો પ્રારંભિક અંશ તેની ભૂમિકા સાથે મારા ઉપર નિરીક્ષણ કરીને કરવા માટે સૂચનો વગેરે માટે મોકલીને ખરેખર મને સ્વાધ્યાયની તક આપી છે તે અનુમોદનીય છે. બંને મુનિવરોએ આ ગ્રન્થના સમ્પાદન અને ભાવાનુવાદ માટે કેવી પ્રચંડ જહેમત ઊઠાવી છે તે તો તેની વિદ્વદ્ભોગ્ય વિસ્તૃત ભૂમિકા વાંચતાં જ સમજાઈ જશે. અનેક હસ્તપ્રતોની શોધ, તેના પાઠાન્તર નોંધની ચીવટ અને યથાર્થ ભાવાનુવાદ તૈયાર કરવા માટેની (ઉત્સૂત્રભાષણ ન થઈ જાય તે રીતે) તેમની સાવધાની અને કાળજી અત્યન્ત પ્રોત્સાહન-સરાહના પાત્ર છે તેમાં કોઈ શંકા નથી.

આવા ઉત્તમ કાર્યના અધ્યયનાદિ દ્વારા સૌ સંવર-નિર્જરાના ભાગી બનો એવી અંતરની શુભ કામના.

લી.

ભા.સુ.૧, જૈનનગર
અમદાવાદ

**આ.વિજય જયસુંદરસૂરિ**

# ભૂમિકા-સંશોધકીય ઉર્મી

વિદ્વવર્ય ગણિવરશ્રી,

સાદર અનુવંદના.

શાતામાં હશો.

ભૂમિકા આ સાથે પરત મોકલી રહ્યો છું.

બરોબર વાંચી છે.

વિષયને તમે ચાર બાજુથી બરોબર સ્પર્શીને સરસ રજૂઆત કરી છે.

લીટીએ લીટીએ તમારા અથાગ પરિશ્રમના દર્શન થાય છે.

નાદુરસ્ત તબિયતમાં પણ તમે બહુ મોટી શ્રુતસેવા કરી રહ્યા છો.

ખૂબં ખૂબ ધન્યવાદ સહવર્તી બધાને પણ ઘણા ઘણા ધન્યવાદ !

વાંચતાં વાચંતા મને જે સ્ફુર્યુ છે તે ત્યાં ત્યાં લખ્યું છે.

એજ,

શ્રાવણ સુદ-૧,સૂરત — લિ.આ. વિજય મુનિચન્દ્રસૂરિ

# તત્ત્વાર્થ : જૈન દર્શનની WEB - SITE

**'ષડ્ દરિસણ જિન અંગ ભણીજે.'**

આ છે અધ્યાત્મયોગી, પ્રાતઃ સ્મરણીય આનંદઘનજી મહારાજાના મુખરૂપી શુક્તિમાંથી વેરાયેલા મોતી. નેમિનાથ પ્રભુની સ્તવના કરતાં કરતાં આકસ્મિક એક સાધકના અંતસ્તલમાંથી પ્રશ્નનો પ્રાદુર્ભાવ થયો- પ્રભુ ! તું કેવો છે ? તારું રુપ-તારું સ્વરુપ કેવું છે ? તારો સાક્ષાત્કાર કઈ રીતે થાય ? સાધકના જ હૃદયખંડના એક ખૂણામાં રહેલ પરમાત્મ તત્ત્વએ પ્રત્યુતર આપ્યો - 'ષડ્ દરિસણ જિન અંગ ભણીજે.'

જેમ ઘડો માટીથી ભિન્ન નથી, માટીથી જુદો દેખાતો નથી, ઘડાનું સ્વરુપ મૃન્મય છે. જેમ સુવર્ણની વીંટી સોનાથી ભિન્ન નથી, કાંચનમય છે. તેમ પરમાત્માનું આંતરિક તત્ત્વ ષડ્ દર્શનથી ભિન્ન નથી. ષડ્ દર્શનની સમ્યગ્ પિછાણ એ જ પરમાત્માના વાસ્તવિક સ્વરુપની ઓળખાણ છે. પરમાત્માનું પારમાર્થિક સ્વરુપ એટલે કે જૈન દર્શન ષડ્ દર્શનમય છે, ષડ્ દર્શનથી ભિન્ન નથી. જૈન દર્શન ષડ્ દર્શનમાં વ્યાપીને રહેલો છે. એવા ષડ્ દર્શનાત્મક જૈન દર્શનમાં ઉચ્ચ હરોળમાં સ્થાન પામી શકે એવો ગ્રંથ છે - તત્ત્વાર્થધિગમ સૂત્ર.

જાણે કે- **જૈન દર્શનની WEB-SITE.**

આત્મા કોને કહેવાય ? આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ શું ? મોક્ષ એટલે શું ? What is the Path-Way of Slavtion ? (=મોક્ષમાર્ગ કોને કહેવાય ?) કઈ રીતે મોક્ષની પ્રાપ્તિ થાય ? ઈત્યાદિ વર્તમાનના તમામ Burning Problemsના સચોટ, સમ્યગ્, તર્કબદ્ધ ઉત્તરો મેળવવાનું એક માત્ર સ્થળ - ઉમાસ્વાતિજી વાચક વિરચિત તત્ત્વાર્થાધિગમસૂત્ર.

એક જ સ્થળેથી તમામ જીવનજરૂરી આવશ્યક ચીજ-વસ્તુ મેળવવા માટે Departmental Store ખોલવાની પ્રણાલિકા આધુનિક, અર્વાચીન નથી. પૂર્વે પણ અલગ અલગ દર્શનો પોતાની સમગ્ર માન્યતાની જાણકારી માટે પોત-પોતાના સ્વતંત્ર ડીપાર્ટમેન્ટલ સ્ટોર ખોલતા જ હતા. જેમ કે વેદાંત દર્શને પોતાની સમગ્ર માન્યતાની એક જ સ્થળે ઉપલબ્ધિ થાય તે માટે 'બ્રહ્મસૂત્ર' નામક સ્ટોર ઉભું કર્યુ. ન્યાય દર્શને પોતાના સંપૂર્ણ મતના રસથાળને પીરસતું 'ન્યાયસૂત્ર' અભિધાનક શોપીંગ જનસમક્ષ રજૂ કર્યુ. યોગ દર્શને 'યોગસૂત્ર', સાંખ્ય દર્શને 'સાંખ્યસૂત્ર' વગેરે નવા-નવા ડીપાર્ટમેન્ટલ સ્ટોરોનું Opening તત્કાલીન કૂદકે ને ભૂસકે થયે જ રાખતા હતા. જનતાને પણ જૈન દર્શન પાસે એવા જ કોઈક ડીપાર્ટમેન્ટલ સ્ટોરની અપેક્ષા હતી અને એ જ અરસામાં લોકોની અપેક્ષા પૂર્ણ કરવા, લોક-જરૂરીયાતને પહોંચી વળવા ઉમાસ્વાતિજી મહારાજાએ 'તત્ત્વાર્થાધિગમસૂત્ર' એ વિશેષણથી વિભૂષિત થયેલ (ડીપાર્ટમેન્ટ સ્ટોર તો ન કહેવાય પણ) અત્યાધુનિક સામગ્રીઓથી સુસજ્જ એવું 'Malls' નું Opening કર્યું. કે જેમાં એકવાર પ્રવેશ કર્યા પછી તરેહ-તરેહની, ચિત્તાકર્ષક itemsને જોવા, માણવા, ખરીદવા (=આત્મ-પ્રતિષ્ઠિત કરવા) મન લાલચું, લંપટ બન્યા વિના રહે નહિ.

તેમાંય વળી 'તત્ત્વાર્થસૂત્ર' નામક 'Mall' સિદ્ધસેનીય ટીકાની Lighting થી સુશોભિત બની.ત્યારે તો રીતસરનો લોકોનો (વિદ્વાન પુરુષોનો) ધસારો આવી ચડ્યો. આ ધસારાનું વ્યવસ્થિત સંચાલન થઈ શકે તે માટે જ જાણે કે નૂતન અનુવાદકાર ગણિવર્યશ્રી ઉદયપ્રભવિજયજી મહારાજે તત્ત્વાર્થ ઉપર ગુર્જર-ભાવાનુવાદ સ્વરૂપ Reception counter ઉભું કર્યુ હોય એવી પ્રતીતિ થાય છે. Reception Counter (=તત્ત્વાર્થ ઉપરના ગુર્જર-ભાવાનુવાદમાં) ઉપરથી એવી સરળ, પ્રવાહી, બાલભોગ્ય શૈલીથી માહિતનું Relay (=નિરૂપણ) થઈ રહ્યું છે. કે જે તત્ત્વાર્થ સૂત્રની સ્પષ્ટતામાં જબ્બર વધારો કરશે જ. એમાં કોઈ શંકાને સ્થાન નથી. તત્ત્વાર્થસૂત્ર તેમ જ સિદ્ધસેનીય ટીકાનો સરળ ભાવાનુવાદ કરવામાં એમણે કરેલ તનતોડ મહેનત, તાડપત્રો તેમ જ હસ્તપ્રતો ઉપરથી સંશોધન કરી શુદ્ધ કરવાનો ઉદ્યમ, કિલષ્ટતમ પંક્તિઓને સરળ ભાષામાં રજૂઆત કરવાની તેમની જહેમત વગેરે કાબીલેદાદ છે. આ તો 'ભૂખ્યાને ઘેબર મળવા' જેવું થયું. શ્રમણ-શ્રમણીઓની જ્ઞાન-પિપાસાને પૂર્ણ રીતે છીપાવી શકે તેવી આ પરબ બાંધીને ગણિવર્યશ્રીએ પોતાના કેવલ-જ્ઞાનનું Reservation કરાવી જ દીધું છે - એમ કહેવું અસ્થાને નહિ ગણાય.

જૈન ધર્મના ચારેય ફિરકાને સન્માન્ય એવા આ તત્ત્વાર્થધિગમસૂત્ર ઉપર અત્યાર સુધી ગુજરાતી, હિન્દી, English, Germany ઈત્યાદિ અનેક ભાષાઓમાં અનેક ભાષાન્તરો બહાર પ્રકાશિત થઈ ચૂક્યા છે. પરંતુ ગણિવર્યશ્રી ઉદયપ્રભવિજયજીનો આ પ્રયાસ અનુવાદકારોની દુનિયામાં આગલી હરોળમાં સ્થાન પામી શકે તેવો છે. પંક્તિએ પંક્તિ અનુસરીને, એકેક શબ્દને પકડી પકડી તેમાં રહેલ પદાર્થ-ભાવાર્થ-રહસ્યાર્થ-ઐદમ્પર્યાર્થને પ્રગટ કરવાનો પ્રયત્ન ગણિવર્યશ્રીને તેમ જ તેમના ભાવાનુવાદને એક આગવું, અનૂઠું સ્થાન પ્રાપ્ત કરાવે છે.

આવો વાચકો ! નૂતન સંશોધક, અનુવાદકાર ગણિ ઉદયપ્રભવિજયજીને, તત્ત્વાર્થ સૂત્રનો સરળ, હૃદયંગમ ગુર્જર ભાવાનુવાદ કરવા દ્વારા સંશોધન, અનુવાદની દુનિયામાં કરેલ શાનદાર પ્રવેશને, આપણે સહુ અંતરતલમાંથી ઉત્પન્ન થયેલ શુભેચ્છાઓની સાથે હર્ષાશ્રુઓથી વધાવીએ, આવા અનેક પ્રકાશનો રૂપી મોતીઓની પ્રાપ્તિ તેમની પાસેથી શાસનને અવિરત થયા જ કરે કે જેથી શાસનની સાન-બાન-આનમાં અભિવૃદ્ધિ કરી, સ્વ-પરનું કલ્યાણ સાધી, શીઘ્રતયા મુક્તિગતિને પ્રાપ્ત કરે એ જ અરિહંતને અંતસ્તલથી અભ્યર્થના.

તરણ-તારણહાર જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

શ્રા.સુ.૫ — લિ.

નેમિનાથ જન્મ કલ્યાણકદિન — **મુનિ યશોવિજયગણિ**

ગોરેગાઁવ, મુંબઈ

# ભૂમિકા

## ૧. તત્ત્વાર્થાધિગમ સૂત્રનું મહત્ત્વ

વિશ્વકલ્યાણકર તીર્થંકર ભગવંતો વડે જે સ્થાપન કરાયું છે. તેમજ ગણધર, પૂર્વધર, શ્રુતધર, આચાર્યો વડે જે વહન કરાયું છે તેવું આ જિનશાસન અનંત અને અક્ષય શ્રુતનો સમુદ્ર છે. આ શ્રુત સમુદ્રનો તાગ પામવો તે છદ્મસ્થ વ્યક્તિ માટે ખૂબ જ દુષ્કર કાર્ય છે, તેવું જાણી, વાચક શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ જિનપ્રવચનના મૌલિક બહુવિધ સિદ્ધાંતરત્નોને આ તત્ત્વાર્થસૂત્રરૂપી મંજૂષામાં ભરી દીધા છે.

[1]અલ્પાક્ષરી, અસંદિગ્ધ, અર્થગાંભીર્ય, વિશાળ, અસ્તોભ (વારંવાર ચ, હિ, વૈ ઈત્યાદિ પ્રયોગથી રહિત) અને નિર્દોષ- આ ૬ લક્ષણો સૂત્રના છે, તેમાંથી એક પણ લક્ષણની ન્યૂનતા તત્ત્વાર્થસૂત્રમાં દેખાતી નથી. સર્વ લક્ષણયુક્ત આ સૂત્ર સર્વાંગસુંદર છે અને સર્વગ્રાહ્ય છે. આ સૂત્રના ગુજરાતી-હિન્દી-જાપાની-અંગ્રેજી-જર્મની-કર્ણાટકી(કન્નડ)-પ્રાકૃત આદિ ભાષાઓમાં થએલા અનુવાદો જ આની સર્વગ્રાહ્યતાને સિદ્ધ કરી આપે છે.

શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી- આ ચારેય જૈન ફિરકાઓમાં અતિ આદરપૂર્વક અધ્યયન કરાતું આ સૂત્ર છે. દિગંબરો તો આને સર્વોપરિ મુખ્ય આગમ મોક્ષશાસ્ત્ર[2] તરીકે માને છે અને એથી શ્વેતાંબરાચાર્યોની જેમ દિગંબરાચાર્યોએ પણ આ સૂત્ર ઉપર હજારો શ્લોક પ્રમાણ ટીકાઓની રચના કરી છે.

[3]અર્થસહિત આ સૂત્રનો પાઠ કરવામાં આવે તો એક ઉપવાસનો લાભ મળે છે અર્થાત્ ભલે આ સૂત્ર ૨૦૦ ગાથા પ્રમાણ છે, છતાં પણ જો ઈરિયાવાહી કરી, પલાઠી વાળી, એકાગ્રમને, અર્થસહિત આ સૂત્રનો સ્વાધ્યાય કરવામાં આવે તો ૨૦૦૦ ગાથાના સ્વાધ્યાયનો લાભ મળે છે. ખુદ વાચકશ્રી પણ પ્રશસ્તિના અંતિમ શ્લોકમાં આ સૂત્રની મહિમા વર્ણવતા કહે છે કે, [4]જે તત્ત્વાર્થાધિગમ નામના આ શાસ્ત્રને જાણશે અને તેમાં કહ્યા મુજબ કરશે તે અવ્યાબાધ સુખરૂપ પરમાર્થ (મોક્ષ)ને અલ્પકાળમાં પામશે.

વેદાંતદર્શનમાં જે સ્થાન-માન બાદરાયણના બ્રહ્મસૂત્રનું છે, યોગદર્શનમાં જે ગરિમા પતંજલીના યોગસૂત્રની છે, વૈશેષિકદર્શનમાં જે મહત્ત્વ કણાદના વૈશેષિકસૂત્રનું છે, નૈયાયિકદર્શનમાં જે મહિમા અક્ષપાદ ગૌતમના ન્યાયસૂત્રનો છે અને વ્યાકરણોમાં જે મૂલ્યાંકન કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિકૃત સિદ્ધહેમ વ્યાકરણના સૂત્રોનું છે, તેવી જ ગરિમા જૈન દર્શનમાં વાચક શ્રી ઉમાસ્વાતિજીના તત્ત્વાર્થાધિગમસૂત્રની છે.

આ સૂત્રની પ્રમાણિકતા એટલી બધી છે કે ચાન્દ્રકુલના નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ, નિવૃત્તિકુલના સમ્મતિના ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ, સમર્થ ટીકાકાર આચાર્યશ્રી મલયગિરિજી મહારાજે આગમની ટીકાઓમાં ઠેક ઠેકાણે 'उक्तं वाचकमुख्यैः, वाचकैः, वाचकप्रवरैः' કહીને આ સૂત્રના સાક્ષીપાઠો પુરાવા માટે આપ્યા છે.

---

१. स्वल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम् । अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ।। २. भगवद्भिरुमास्वातिपादैराचार्यवर्यैसूत्रितस्य तत्त्वार्थाधिगमस्य मोक्षशास्त्रस्य.... । (**अष्टसहस्त्री** लघुसामन्तभद्रवचनम्) ३. दशाध्याये परिच्छिन्ने तत्त्वार्थे पठिते सति । फलं स्यादुपवासस्य भाषितं मुनिपुङ्गवैः ।। ४. यस्तत्त्वार्थाधिगमाख्यं, ज्ञास्यति करिष्यते च तथोक्तम् । सोऽव्याबाधं सौख्यं, प्राप्स्यत्यचिरेण परमार्थम् ।।६।।

આ સૂત્ર શબ્દથી લઘુ પણ અર્થથી અત્યંત ગંભીર અને વિશાળ છે. ખરેખર તત્ત્વાર્થસૂત્ર ગાગરમાં સાગર છે. તેથી જ તો માત્ર ૩૪૪ સૂત્ર પ્રમાણ હોવા છતાં આ ગ્રંથ ઉપર હજારો શ્લોક પ્રમાણ સાગરસમ અનેક વ્યાખ્યા-ગ્રંથો રચાયા છે.

'[1]અલ્પ અક્ષરો વડે ઘણા અર્થોને સૂત્રિત કરે (બાંધી રાખે) તે સૂત્ર છે" આ ઉક્તિને વાચકશ્રીએ ન્યાય આપ્યો છે. માત્ર ૨૦૦ શ્લોકથી પણ ઓછા (૧૯૮) પ્રમાણવાળું આ હોવા છતાં એમાં વાચકશ્રીએ જૈન શાસન-પ્રવચનના સમસ્ત મૌલિક સિદ્ધાંતોનો સંગ્રહ કરી લીધો છે. એથી કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે સ્વરચિત સર્વમાન્ય શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમાં[2] ૨-૨-૩૯ સૂત્રમાં[3] તથા અન્ય પણ વ્યાકરણ સંબંધિ ગ્રંથોમાં વાચકશ્રીને "ઉમાસ્વાતિજી જેવા કોઈ સંગ્રહકાર નથી" એમ કહી સ્તવ્યા છે અને એથી જૂની હસ્તપ્રતો અને તાડપત્રોમાં આ તત્ત્વાર્થાધિગમસૂત્રને મહાપુરુષોએ "અર્હત્પ્રવચનસંગ્રહ" એવા હુલામણા નામે પણ નવાજ્યું છે.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ તો આ સૂત્રને "તત્ત્વાર્થ મહાશાસ્ત્ર" કહી શ્રેષ્ઠ અનુયોગ (દ્રવ્યાનુયોગ)નું પ્રબળ સાધન ગણે છે. આ સૂત્રમાં મુખ્યત્વે દ્રવ્યાનુયોગની વિચારણા છે અને પ્રસંગે પ્રસંગે ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગનું પણ સુંદર નિરૂપણ છે. આગમમાંથી ઉદ્ધૃત કરી સર્વ [4]પ્રથમ સંસ્કૃત ભાષામાં આ સૂત્રની રચના કરવામાં આવી છે, કારણ કે આ સૂત્રોના મૂળસ્થાન આગમોમાં મળે છે.

વળી પૂર્વધર મહર્ષિ વાચકશ્રી ઉમાસ્વાતિજી મહારાજે આ સૂત્ર રચ્યું છે, તેથી આગમની જેમ વિધિ સહિત બહુમાન પૂર્વક ગુરુગમથી આ સૂત્રનું અધ્યયન કરવું જોઈએ અને એથી ફાગણ આદિ ચોમાસીના અઢી દિવસ અને શાશ્વતી ઓળીના ૧૨ દિવસની અસજ્ઝાયમાં આનું પઠન-પાઠન કરાતું નથી. એક મત મુજબ શાશ્વતી ઓળીના પ્રથમ ત્રણ દિવસ સિવાય તત્ત્વાર્થસૂત્ર ભણી શકાય.

## ૨. તત્ત્વાર્થાધિગમસૂત્રની વિષય-વ્યાપકતા

આ ગ્રંથ ૧૦ અધ્યાયમાં વિભાજિત છે. એકથી ચાર અધ્યાયમાં મુખ્યતયા જીવતત્ત્વનું નિરૂપણ છે. પાંચમા અધ્યાયમાં અજીવ તત્ત્વની પ્રરૂપણા કરી છે. છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં આશ્રવ તત્ત્વની વિચારણા છે. આઠમા અધ્યાયમાં બંધ તત્ત્વને દર્શાવ્યું છે. નવમા અધ્યાયમાં સંવર અને નિર્જરા એમ

---

૧. अल्पाक्षरैः बह्वर्थान् सूत्रयतीति सूत्रम् ।, ૨. "उत्कृष्टे अनुपेन' २-२-३९, "उपोमास्वातिं सङ्ग्रहीतारः, उपजिनभद्रक्षमाश्रमणं व्याख्यातारः तस्मादन्ये हीना इत्यर्थः" ૨-૨-૩૯ની લઘુવૃત્તિમાં. ૩. શ્રીમદ્ મેઘવિજયજી ઉપાધ્યાય સ્વકૃત **હૈમકૌમુદિ**માં તથા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી સ્વકૃત **પ્રક્રિયા વ્યાકરણ**માં અને શ્રીમદ્ મલયગિરિજી મહારાજના શબ્દાનુશાસનમાં પણ "શ્રી ઉમાસ્વાતિજી સંગ્રહકાર આચાર્યોમાં શિરોમણિ છે" એમ કહ્યું છે. ૪. અહિ કોઈએ એવો અર્થ ન કરવો કે "સંસ્કૃત ભાષામાં સૂત્ર રચવાની પરંપરા શ્રી ઉમાસ્વાતિજી મહારાજે શરૂ કરી." કારણ કે સર્વતીર્થંકરોના શાસનમાં દ્વાદશાંગી ગણધરો રચે છે. તેમાં દૃષ્ટિવાદ નામનું બારમુ અંગ સંસ્કૃતમાં હોય છે, તથા શ્રુતધર મહર્ષિઓ દ્વારા રચિત ઋષિભાષિતાદિ સંસ્કૃતમાં પણ છે. (શ્રીવર્ધમાનસૂરિકૃત **આચાર દિનકર** ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે- मुत्तूण दिट्ठिवायं कालियउक्कालियंगसिद्धंतं । थीबालवायणत्थं पाययमुइयं जिणवरेहिं ।।

**ઠાણાંગ**ના સપ્તમ સ્થાનકમાં કહ્યું છે- सक्कया पागता चेव दुहा भणितिओ आहिया । सरमंडलम्मि गिज्जंते पसत्था इसिभासिता ।।) તેથી ઉમાસ્વાતિજી મહારાજે પ્રથમ સંસ્કૃત ભાષામાં રચવાની પરંપરા શરુ કરી એમ ન કહી શકાય. ભગવાન મહાવીરની હાજરીમાં રચાએલ દૃષ્ટિવાદ અને ઋષિભાષિતને છોડીને જો વાત કરતા હો તો એ અપેક્ષાએ એટલું જરૂર કહી શકાય કે, વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્યને આશ્રયીને તત્ત્વાર્થાધિગમ નામનું આ શાસ્ત્ર સર્વપ્રથમ સંસ્કૃતભાષામાં સૂત્ર તરીકે રચાએલું મળે છે.

બે તત્ત્વોનો સમાવેશ કર્યો છે અને છેલ્લા દસમા અધ્યાયમાં લક્ષ્ય = સાધ્યરૂપ મોક્ષ તત્ત્વનું નિદર્શન કર્યું છે.

તથા સમ્યગ્દર્શનનું સ્વરૂપ કથન અ.૧સૂ.૨ સૂત્રમાં છે. સમ્યગ્જ્ઞાનના ભેદોનું નિરૂપણ અ.૧ સૂ.૯ સૂત્રમાં છે, અને સમ્યક્ચારિત્ર તથા તપનું વર્ણન નવમા અધ્યાયમાં છે.

તથા નયવાદ, ષડ્દ્રવ્યવિચાર, કર્મપ્રકૃતિ ગણના, પાંચ ભાવોનું સ્વરૂપ, દ્વીપ સમુદ્રોની ભૌગોલિક ચર્ચા, દેવોના સ્થાનાદિનું વિશદ દર્શન, ત્રિપદી, દ્રવ્ય-ગુણ-પર્યાયની તાત્ત્વિક મીમાંસા, બારવ્રત અને તેના અતિચારોની સમ્યક્ સમજણ, પ્રકૃતિ આદિ બંધની સ્પષ્ટ રજૂઆત અને છેલ્લે મોક્ષનું આબેહૂબ વર્ણન. આવા વિવિધ વિષયોનો સંગ્રહ કરી ગ્રંથકારશ્રીએ આ ગ્રંથને એક 'સંગ્રહગ્રંથ' બનાવી દીધો છે. ગ્રંથકર્તાશ્રી ઉમાસ્વાતિજી મહારાજા વાચક (પૂર્વધર) હતા...

## ૩. વાચક શબ્દનો તાત્પર્યાર્થ

વાચક શબ્દના ત્રણ અર્થ થાય છે. (૧) [૧]પૂર્વધર (૨) [૨]ઉપાધ્યાય (૩) [૩]વાચક વંશજ

પૂજ્યશ્રી ઉમાસ્વાતિજી મહારાજને ઉદ્દેશીને થયેલ 'વાચક' શબ્દનો પ્રયોગ ઉપાધ્યાય અર્થમાં ન હોઈ શકે. કારણ કે તેઓ આચાર્ય તરીકે સુપ્રસિદ્ધ હતા. એનો સ્પષ્ટ ઉલ્લેખ ભક્તામર સ્તોત્રવૃત્તિમાં[૪] મળે છે.'વાચક' શબ્દનો વાચકવંશીય અર્થ કરીએ તો 'તેઓશ્રી શ્રીધનગિરિ અને શ્રીસિંહગિરિની જેમ વાચકવંશમાં

૧. A. "पूर्वगतं श्रुतं सूत्रमन्यच्च विनेयान् वाचयतीति वाचकः । पूर्वश्रुतधारिणि," (**બૃહત્કલ્પ** ઉદ્દેશો-૬) (**અભિધાન રાજેન્દ્રકોષ** ભાગ-૬-પૃષ્ઠ-૧૦૮૪), B. "वाचको हि पूर्ववित् ।।" (તત્ત્વાર્થ સૂત્ર ૯/૬ સૂત્રમાં બારમી ભિક્ષુપ્રતિમાના ભાષ્યની ટીકામાં પ્રસ્તુત ટીકાકાર ગંધહસ્તીશ્રી સિદ્ધસેનગણિ મહારાજાના વચનો), C. "वाचकाः पूर्वविदः" (इति श्री **प्रज्ञापनासूत्रवृत्तौ** समर्थटीकाकारश्री मलयगिरिसूरिवचनम् पृष्ठ-४)

२ A. "एक्कारस वि गणहरे पवायए पवयणस्स वंदामि । सव्वं गणहरवंसं '**वायग**'वंसं पवयणं च" ।। (आवश्यक निर्युक्तौ - गा.८६, विशेषावश्यक भाष्ये गा.-१२६०) B. सव्वं गणहरवंसं अज्जसुहुमेहिं थेरावलिया वा जेहिं जाव अम्हं सामइयमादीयं वादितं ।
**वायगवंसो** णाम जेहिं परंपरएणं सामाइयादि अत्थो गंथो य वादितो अन्नो गणहरवंसो अन्नो य वायगवंसो तेण पत्तेयं कियते । (**आवश्यक चूर्णी**-पृष्ठ-८६) અર્થના પાઠક તે વાચક તેવો અર્થ કરીએ તો એ અપેક્ષાએ વાચકનો અર્થ 'આચાર્ય' પણ થઈ શકે.

३ A. 'वड्ढउ **वायगवंसो** जसवंसो अज्जनागहत्थीणं । वागरणकरणभंगियकम्मपयडीपहाणाणं ।।३०।।
"जच्चंजणधाउसमप्पहाण मुधियकुवलयनिहाणं । 'वड्ढउ **वायगवंसो** रेवइनक्खत्तनामाणं' ।।३१।।
अयलपुरा निक्खंते कालियसुयआणुओगिए धीरे । 'बंभद्दीवग' सीहे **वायगपयमुत्तमे** पत्ते' ।।३२।।
"जेसि इमो अणुओगो पयरइ अज्जवि अड्ढभरहम्मि । बहु नयर निग्गयजसे ते वंदे खंदिलायरिए " ।।३३।।
"तत्तो **हिमवंत**महंतविक्कमे धिइपरक्कममणंते । सज्झायमणंतधरे **हिमवंते** वंदिमो सिरसा" ।।३४।।
"कालियसुय अणुओगस्स धारए धारए अ पुव्वाणं । हिमवंत खमासमणे वंदे णागज्जुणायरिए ।।३५।।
"मिउमद्दवसंपन्ने अणुपुव्वी **वायगत्तणं** पत्ते । ओहसुयसमायारे नागज्जुणवायए वंदे ।।३६।। (**नंदिसूत्रे** गा. ३० - ३६)
B. **वायगवरवंसाओ** तेवीसइमेण धीरपुरिसेणं । दुद्धरधरेण मुणिणा पुव्वसुयसमिद्धबुद्धिणं ।
सुयसागरा विणेऊण जेण सुयरयणमुत्तमं दिन्नं । सीसगणस्स भगवओ तस्स नमो अज्जसामस्स (**प्रज्ञापना** वृत्तौ, पृष्ट-४),

४. A "उमास्वातिद्विजसूनुरात्तव्रतः सूरिपदमाप (**भक्तामरस्तोत्रवृत्तौ**)

ઉત્પન્ન થયા હોવાથી વાચક કહેવાશે, પણ વિદ્યા (પૂર્વજ્ઞાન)ના લીધે વાચક નહિં કહેવાય.' આવી દલીલ કોઈક કરે છે પરંતુ આ વાત યુક્તિયુક્ત નથી. કારણ કે તેમના સમયે પૂર્વોનો ઉચ્છેદ થયો ન હતો. પૂર્વો હાજર હતા માટે વાચક શબ્દનો વાચકવંશીય અર્થ કરતાં પણ પૂર્વધર અર્થ કરવો વધારે ઉચિત ગણાય.

જો કોઈ એવો પ્રશ્ન કરે કે 'ભલે પૂર્વજ્ઞાનનો ઉચ્છેદ ન થયો હોય, અર્થાત્ પૂર્વજ્ઞાન વિદ્યમાન હોય છતાં યોગ્યતા ન હોય તો અનધિકારીને પૂર્વજ્ઞાન ન અપાય. માટે પૂર્વ હાજર હોવા માત્રથી તેમને પૂર્વધર શી રીતે માની શકાય ?' તો આ વાત પણ અસંગત છે. કારણ કે જો તેઓ અયોગ્ય હોય તો તેમને આચાર્યપદ શી રીતે તે કાળમાં મળે ? અને તેઓ [1]પ્રશસ્તિમાં પોતાના માટે જ વાચક વિશેષણ કેમ લગાવે ? જો વાચકવંશીય હોવાથી 'વાચક' વિશેષણ લગાડ્યું છે, તો એમના ગુરુશ્રી ઘોષનંદિ પણ વાચકવંશીય હતા, તો એમના માટે 'વાચક' વિશેષણ કેમ ન મુક્યું ? એમને એકાદશઅંગધારી કેમ કહ્યા ?

વળી એમને પોતાના વિદ્યાગુરુ શ્રી મૂલાચાર્ય માટે 'વાચક' વિશેષણ વાપર્યું છે, કારણ કે તેમના વિદ્યાગુરુ પૂર્વધર હતા. અર્થાત્, અહીં પૂર્વવેત્તા માટે જ 'વાચક' વિશેષણ છે એ સિદ્ધ થાય છે. તેથી જ સ્વદીક્ષાગુરુને માટે 'વાચક' વિશેષણ ન લગાડતા સ્વવિદ્યાગુરુને માટે 'વાચક' વિશેષણ લગાડ્યું છે. તથા ઉચ્ચનાગર એ વાચકવંશની શાખા હતી, એવો ઉલ્લેખ ક્યાંય મળતો નથી. તેથી શ્રીમદ્ ઉમાસ્વાતિજી માટે વપરાયેલ વાચક વિશેષણનો વાચકવંશીય અર્થ ન કરી શકાય.

અથવા વાચકવંશનો અર્થ [2]વાચકોનો વંશ અર્થાત્ પૂર્વધારી ક્રમભાવી પૂર્વ મહાપુરુષોનો પ્રવાહ. એવો અર્થ કરીએ તો આ અર્થ પ્રમાણે શ્રીમદ્ ઉમાસ્વાતિજીના વિદ્યાગુરુ વાચક શ્રી મૂલાચાર્ય વગેરેનો જે વંશ તે એમનો(ઉમાસ્વાતિજીનો) વાચકવંશ કહેવાય અને દીક્ષા ગુરુ શ્રી ઘોષનંદિ વગેરેનો જે વંશ તે એમનો ગણધરવંશ કહેવાય. ગણધરવંશ એટલે સ્વ-ગુરુની પટ્ટપરંપરા અને અન્ય વાચકવંશ[3] એટલે સ્વ-વાચનાચાર્ય વિદ્યાગુરુની પટ્ટપરંપરા. એક વાચનાચાર્ય પાસે ઉપસંપદા સ્વીકારી સમુદાયના અનેક સાધુઓ ભણે. આ રીતે ભણનારાઓનો વાચકવંશ એક જ કહેવાય. પણ સ્વદીક્ષાગુરુ જુદા-જુદા હોવાના કારણે ગણધરવંશ ભિન્ન-ભિન્ન કહેવાય. વાચકવંશ-વિદ્યાવંશ આ બન્ને એકાર્થક છે.

વળી ભક્તામર સ્તોત્રવૃત્તિમાં[4] શ્રી ઉમાસ્વાતિજી મહારાજની ટૂંક જીવનીમાં તેઓ પૂર્વગતવેત્તા વાચક હતા એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. યાકિનિમહત્તરાસૂનુ શ્રીહરિભદ્રસૂરિજીકૃત પંચાશકજીની ઉપર, નવાંગી ટીકાકારશ્રી અભયદેવસૂરિજીકૃત ટીકામાં[5] એમને પૂર્વધર વાચક તરીકે કહ્યા છે. શ્રી ધર્મરત્ન પ્રકરણની વાદિવેતાલશ્રી શાન્ત્યાચાર્યની વૃત્તિમાં[6] અને હિમવદ થેરાવલીમાં[7] પણ એમના માટે 'પૂર્વધર વાચક' પાઠ મળે છે.

---

૧. "इदमुच्चैर्नागर**वाचकेन**" (**प्रशस्तिश्लोक** नं. ५),

२. वायगवंस-वाचकवंश-पु.। वाचकवंशः - प्रधानवाचकास्तेषां वंशः-प्रवाहो वाचकवंशः पूर्वधराणां क्रमभाविपुरुषपूर्वप्रवाहे. **नंदिसूत्रटीका** [गा.२९] **प्रज्ञापना-१**.पद। को य सो '**वायगवंसो**' वायंति सिस्साणं कालिय-पुव्वसुत्तं ति वातगा-आचार्या इत्यर्थ, गुरुसण्णिहाणे वा सिस्सभावेण वाइतं सुतं जेहिं ते वायगा, वंसो त्ति पुरिसपुव्वपरंपरेण ठितो वंसो भण्णति (**नं. सू. चूर्णी गा.२९**, पृ. ९)

३. "विद्यायोनिसम्बन्धेभ्यो वुञ्" (**पाणिनीय.व्या**.सू.४/३/७७) ४. "पूर्वगतवेत्ता वाचकोऽभूत्" (**भक्तामरस्तोत्रवृत्तौ**),

५. "वाचकः पूर्वधरोऽभिधीयते स च श्रीमानुमास्वातिनामा महातार्किकः (**पंचाशकवृत्तौ ६/४५**)

६. *"पूर्वगतवेदिना चोमास्वातिवाचकेन"* (***धर्मरत्नप्रकरणवृत्तौ***), ७. *पूर्वस्थविरोत्तंसोमास्वातिवाचकविरचिततत्त्वार्थ* (***हि.थे.***पृ.९)

તથા[1] (૧) વાદિ (૨) ક્ષમાશ્રમણ (૩) દિવાકર અને (૪) વાચક - આ ચારે શબ્દો એકાર્થક છે અને પૂર્વકાળે 'પૂર્વધર' માટે વપરાતા હતા.

વળી મૈસૂર પ્રાંતના નાગર તાલુકાના ૪૬નં-ના શિલાલેખ[2] દ્વારા દિગંબરો પણ તેમને શ્રુતકેવળી દેશીય (= શ્રુતકેવલિ સદૃશ) = પૂર્વવિદ્ માને છે. વાચકશ્રી કેટલા પૂર્વધર હતાં એ વાત આગળ વિચારશું પણ વાચકશ્રી પૂર્વધર હતા, એ વાત એમના જીવનચરિત્ર તથા યથોક્ત સાક્ષીપાઠો જોતાં જ જણાઈ આવે છે.

પૂજ્ય વાચકશ્રી ઉમાસ્વાતિ મહારાજાના જીવનચરિત્રની રૂપરેખા મુખ્યતયા એમની પ્રશસ્તિગત શ્લોકથી[3] તથા જંબૂદ્વીપ સમાસની શ્રી સિંહસૂરિકૃત[4] વૃત્તિથી અને ભક્તામર સ્તોત્ર વૃત્તિથી[5] પ્રાપ્ત થાય છે અને એ ત્રણેનો સમન્વય કરીને કાંઈક સ્પષ્ટરૂપે એમનો જીવન પરિચય અપાય છે.

## ૪. વાચકશ્રી ઉમાસ્વાતિજીની ઉજ્જ્વલ જીવન ઝલક

મધ્યપ્રદેશમાં 'સતના' ની સમીપમાં વર્તમાનકાલે 'નાગોદ' નામથી પ્રસિદ્ધ, પૂર્વકાળે 'ન્યગ્રોધિકા' નામે ગામ હતું. ત્યાં કૌભીષણી ગોત્રના સ્વાતિ નામે બ્રાહ્મણ રહેતા હતા. તેમની વાત્સીગોત્રની ઉમા નામની ધર્મપત્ની હતી અને એમનો એક પુત્ર હતો. તેમને ઘણી ઇચ્છા પછી આ બાલકની પ્રાપ્તિ થઈ હશે. તેથી માતા ઉમા અને પિતા સ્વાતિના નામને જોડીને તેમનું નામ[6] 'ઉમાસ્વાતિ' પાડવામાં આવ્યું. [7]'બપ્પભટ્ટિ' સૂરિની જેમ.

વળી એ ઉમાસ્વાતિ બ્રાહ્મણપુત્ર શિવભક્ત હતાં. ઉમાસ્વાતિને નાનપણથી જ વૈદિક ધર્મના સંસ્કારો મળ્યા હતા. તેમને વેદમત ઉપર ખૂબ શ્રદ્ધા હતી. આથી વૈદિક સાહિત્યને ભણી તેમાં તેઓ નિષ્ણાત થયા હતાં.

એકવાર કોક પ્રસંગે તેમને પ્રશમરસ ઝરતી અરિહંત પરમાત્માની પ્રતિમાના દર્શન કરવાનું નિમિત્ત મળ્યું અને જીવનમાં પ્રથમવાર અરિહંત પ્રભુના દર્શન કરતાં જાણે એમને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ ગયો હોય એવા અપૂર્વ આનંદની અનુભૂતિ થઈ. અને હૃદયના ભાવો હોઠેથી સરી પડ્યા કે :- ' હે ભગવાન્ ! તારૂં રૂપ (પ્રતિમા- આકૃતિ) જ તારી વીતરાગતાને કહી આપે છે. બખોલ (વૃક્ષના મૂળ)માં

---

૧. "वाई य खमासमणे दिवायरे वायग ति एगट्ठा पुव्वगयंमि य सुत्ते एए सद्धा पउंजंति ।।" (**જૈન પરમ્પરાનો ઈતિહાસ**)

૨. "तत्त्वार्थसूत्रकर्तारमुमास्वातिमुनीश्वरम् ।श्रुतकेवलीदेशीयं वन्देऽहं गुणमन्दिरम् ।। (**૪૬ નં. શિલાલેખ નાગરતાલુકા**)

३. वाचकमुख्यस्य शिवश्रियः, प्रकाशयशः प्रशिष्येण । शिष्येण घोषणनन्दिश्रमणस्यैकादशाङ्गविदः' ।।१।।
"वाचनया महावाचकश्रमणमुण्डपादशिष्यस्य । शिष्येण वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ।।२।।
"न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि । कौभिषणिना स्वातितनयेन वात्सीसुतेनार्घ्यम् ।।३।।
अर्हद्वचनं सम्यग्गुरूक्रमेणागतं समुपधार्य । दुखार्तं च दुरागमविहतमतिं लोकमवलोक्य" ।।४।।
"इदमुच्चैर्नागरवाचकेन, सत्त्वानुकम्पया दृब्धम् । तत्त्वार्थाधिगमाख्यं, स्पष्टमुमास्वातिना शास्त्रम् ।।५।। (**प्रशस्तिश्लोकाः**)

૪. "अस्य सङ्ग्रहकारस्य उमा माता स्वाति पिता, तत्सम्बधादुमास्वातिः । (**जंबुद्वीपसमासवृत्तौ**)

૫. "अन्यत्र देवान्तरे न तोषं - चित्तानन्दमुपयाति - उपैति उमास्वातिवाचकवत् । सोऽदृष्टपूर्वां जिनमूर्तिं दृष्टवा स्तुतिं पठितवान् - 'वपुरेव तवाचष्टे, भगवन् वीतरागताम् । न हि कोटरसंस्थेऽग्नौ, तरूर्भवति शाड्वलः ।।१।। ततोऽन्यत्र शिवादौ विरक्तो जिनधर्मदर्शनासक्तोऽभूदुमास्वातिर्द्विजसूनुरात्तव्रतः सूरिपदमाप । क्रमात् पूर्वगतवेत्ता वाचकोऽभूत् ।' (**भक्तामर स्तोत्रवृत्तौ**)

૬. उमा माता स्वातिः पिता तयोर्जातत्वात् पुत्रोऽप्युमास्वाति। (**सिद्ध०हेम०व्या०** ૨/૨/૩૯ ના લઘુન્યાસમાં પૃ-૩૧/અ. શ્રી ઉમાસ્વાતિજી રચિત ગ્રંથોમાં તેમજ દિગમ્બર શિલાલેખોમાં તેમનું નામ "ઉમાસ્વાતિ" જ લખેલ છે. કેટલાક દિગમ્બર ગ્રંથોમાં તેમનું નામ ઉમાસ્વામિ જણાવ્યું છે પણ તે લેખનદોષનું પરિણામ લાગે છે. કેમકે ઉમાનો પુત્ર "ઉમાસ્વામી" ન જ હોય, કિન્તુ ઉમા સુત કે ઉમાસ્વાતિ હોય.

૭. 'बप्प नामा पिता, भट्टिनाम्नी मातेति विशेषः ।,

જો આગ હોય તો વૃક્ષ લીલુંછમ ક્યારેય ન હોય" આ પ્રમાણે પ્રથમ તબક્કે જ પ્રભુ દર્શનથી એમને પ્રભુ સાથે દૃઢ પ્રીત બંધાઈ ગઈ. અને પછી અરિહંત પરમાત્મામાં રહેલી વીતરાગતાના દર્શન એમને અન્ય કોઈ પણ શિવાદિ દેવમાં ન થયા. તેથી હૈયું અરિહંતપ્રભુમાં ઠરી ગયું. શૈવધર્મી મટી તેઓ ચુસ્ત જૈનધર્મી બની ગયા.

આ પ્રમાણે ક્રમશઃ ધર્મમાં આગળ વધતા ઉમાસ્વાતિજીએ ઉચ્ચનાગરી શાખાના શિવશ્રી વાચકના શિષ્ય ૧૧ અંગધારી શ્રી ઘોષનંદિ ક્ષમાશ્રમણની પાસે દીક્ષા અંગીકાર કરી. ત્યાર પછી ગુરુકુલવાસમાં રહી નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં પોતાના દીક્ષાગુરુ પાસે ૧૧ અંગનો અભ્યાસ કર્યો. ત્યારે એમના ગુરુએ એમને આચાર્યપદથી અલંકૃત કર્યા. આચાર્ય બન્યા પછી પણ અદમ્ય જ્ઞાન પિપાસા હોવાથી ગુર્વાજ્ઞા પૂર્વક એમણે મહાવાચક ક્ષમાશ્રમણ શ્રી મુંડપાદના શિષ્ય શ્રી મૂલનામના વાચકાચાર્ય (= યુગપ્રધાનાચાર્યશ્રી ભદ્રગુપ્તસૂરિજી) પાસે પૂર્વગત જ્ઞાનના અભ્યાસ માટે ઉપસંપદા સ્વીકારી અને ક્રમશઃ તેઓ પૂર્વધર વાચક થયા. હવે અનિયત વિહાર કરતાં તેઓશ્રી એકવાર કુસુમપુર=[1]પાટલિપુત્ર (વર્તમાન કાળે બિહારસ્થિત પટના) ગામે પધાર્યા. ત્યાં વાચકશ્રીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંતના વચનોને સારી રીતે સમજીને જગતને, શારીરિક તથા માનસિક દુઃખોથી પીડિત અને મિથ્યા આગમથી નષ્ટ બુદ્ધિવાળા જોઈને અનુકંપા(કલ્યાણબુદ્ધિ)થી આ તત્ત્વાર્થાધિગમસૂત્રની રચના કરી.

## ૫. ૫૦૦ ગ્રંથોના રચયિતા વાચકશ્રી

પૂ. વાચકશ્રીએ બીજા પણ ૫૦૦ ગ્રંથો રચ્યાં હતાં. એ વાત અનેક ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. શ્રી વાદિદેવસૂરિજી મહારાજાએ શ્રી સ્યાદ્વાદ રત્નાકરમાં[2], શ્રી જિનપ્રભસૂરિકૃત તીર્થકલ્પમાં[3], પ્રશમરતિની શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકામાં તથા અવચૂરિમાં[4], શ્રી હરિભદ્રસૂરિજીકૃત પંચાશકજી ઉપર નવાંગી ટીકાકાર શ્રી અભયદેવ-સૂરિજીની ટીકામાં[5], વાદિવેતાલ શ્રી શાંતિસૂરીશ્વરજીકૃત ધર્મરત્નપ્રકરણની સ્વોપજ્ઞવૃત્તિમાં[6] શ્રીમદ્ ઉમાસ્વાતિજી મહારાજાએ ૫૦૦ ગ્રંથો રચ્યા, એવા સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. તથા સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં[7] તેમજ

१. A. कुसुमपुरं पाटलिपुत्रनामाभिधीयते। (**बृ.क.भा.**३८९२ - पृ-१०६१-भा-३) B. उमास्वातिवाचकश्च कौभीषणिगोत्रः पञ्चशतसंस्कृतप्रकरणप्रसिद्धस्तत्रैव (पाटलिपुत्रनगरे) तत्त्वार्थाधिगमं सभाष्यं व्यरचयत्। (**पाटलिपुरनगरकल्पः** ३६ क्रमांक/ पृष्ट-६९ विविधतीर्थकल्पग्रन्थमध्ये)

२. "पञ्चशतीप्रकरणप्रणयनप्रवीणैरत्र भगवद्भिरुमास्वातिवाचकमुख्यैः इति । (**स्याद्वादरत्नाकरे** १/३ पृष्ठ-४४ पंक्ति-१०),

३. पसमरइपमुहपयरणपंचसया सक्कया कया जेहिं । पुव्वगयवायगाणं तेसिमुमासाइनामाणं ( ),

४. "पूर्वार्द्धे श्री उमास्वातिवाचकः पञ्चशतग्रन्थप्रणेता" (**प्रशमरतिप्रकरणस्याज्ञातावचूरौ** पृ.१),

५. "वायगगंथेसु तहा एयगया देसणा चेव (मूल ६/४५) तथा वाचकग्रन्थेषु - वाचकः पूर्वधरोऽभिधीयते स श्रीमानुमास्वातिनामा 'महातार्किकः प्रकरणपञ्चशतीकर्त्ताऽऽचार्यः सुप्रसिद्धोऽभवत् तस्य प्रकरणेषु (**पञ्चाशक** वृत्तौ ६/४५)

६. "पूर्वगतवेदिना चोमास्वातिवाचकेन प्रणीतवचनोन्नतिहेतुप्रशमरतितत्त्वार्थाद्यनेकमहाशास्त्रेण" (**धर्मरत्न प्रकरणवृत्तौ** पृ.६६)

७. "उक्तं च वाचकमुख्यैरुमास्वातिपादैः - "कृपणेऽनाथदरिद्रे व्यसनप्राप्ते च रोगशोकहते । यद् दीयते कृपार्थादनुकम्पा तद् भवेद् दानम्" ।।१।। "अभ्युदये व्यसने वा यत् किञ्चिद् दीयते सहायार्थम् । तत्सङ्ग्रहतोऽभिमतं मुनिभिर्दानं न मोक्षाय" ।।२।। "राजारक्षपुरोहितमधुमुखमावल्लदण्डपाशिषु च । यद् दीयतेऽभयार्थं तदभयदानं बुधैर्ज्ञेयम् ।।३।। "अभ्यर्थितः परेण तु यद् दानं जनसमूहमध्यगतः । परचित्तरक्षणार्थं लज्जायांस्तद् भवेद् दानम् ।।४।। "नटनर्तमुष्टिकेभ्यो दानं सम्बन्धिबन्धुमित्रेभ्यः । यद् दीयते यशोऽर्थं गर्वेण तु तद् भवेद् दानम् ।।५।। "हिंसानृतचौर्योद्यतपरदारपरिग्रहप्रसक्तेभ्यः यद् दीयते हि तेषां तज्जानीयादधर्माय ।।६।। "समतृणमणिमुक्तेभ्यो यद् दानं दीयते सुपात्रेभ्यः । अक्षयमतुलमनन्तं तद् दानं भवति धर्माय ।।७।। "शतशः कृतोपकारो दत्तं च

પંચાશકજીની વૃત્તિમાં[૧] શ્રી અભયદેવસૂરિજી મહારાજે, ઉત્તરાધ્યયનસૂત્રની વૃત્તિમાં[૨] શ્રી ભાવવિજયજી મહારાજે, તત્ત્વાર્થાધિગમસૂત્રની પ્રસ્તુત ટીકામાં[૩] ગંધહસ્તિ શ્રીસિદ્ધસેનગણિજીએ તથા શ્રીભદ્રેશ્વરકૃત કૃતિકલાપકહાવલીની હાથપોથી (ભા.૨, ૧૮૦ અ) માં[૪] તથા શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની બૃહદ્વૃત્તિમાં[૫] વાદિવેતાલ શ્રી શાન્ત્યાચાર્યજીએ શ્રી ઉમાસ્વાતિજીના ગ્રંથોના ઘણા પાઠો ઉદ્ધૃત કર્યા છે, જેમાંથી કેટલાક પાઠો અત્યારે વાચકશ્રીના ઉપલબ્ધ ગ્રંથોમાં દેખાતા નથી. એથી પણ સિદ્ધ થાય છે કે વાચકશ્રીએ અન્ય પણ ગ્રંથો રચ્યા હશે.

૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર-(ગ્રં.૧૯૮) ૨. તત્ત્વાર્થાધિગમભાષ્ય-(ગ્રં.૨૨૦૦) ૩.[૬]પ્રશમરતિ પ્રકરણ(શ્લો-

---

सहस्रशो ममानेन । अहमपि ददामि किञ्चित् प्रत्युपकाराय तद् दानम् ।।८।। (**स्थानाङ्गस्य** श्रीअभयदेवसूरिकृतवृत्तौ),

१. "उमास्वातिवाचकेनाप्यस्य समर्थितत्वात् । तथा हि तेनोक्तम् - सम्यग्दर्शनसम्पन्नः षड्विधावश्यकनिरतश्च श्रावको भवति इति ।। (**पञ्चाशकवृत्तौ**),

२. "उक्तं वाचकमुख्यैः - परिभवसि किमिति लोकं, जरसा परिजर्जरितम् शरीरम् । अचिरात् त्वमपि भविष्यसि, यौवनगर्वं किमुद्वहसि ।।१०।। (श्री **उत्तराध्ययनसूत्रस्य** श्रीभावविजयजीकृतवृत्तौ) (अ.१० पत्रा-२४४),

३. वाचकेनाप्युक्तम् - "यद् रागदोषवद्वाक्यं, तत्त्वादन्यत्र वर्तते । सावद्यं वाऽपि यत् सत्यं, तत् सर्वमनृतं विदुः ।।१।। (तत्त्वार्थाधिगमसूत्रस्य (७/९) श्री सैद्धसेनीयटीकायाम् ।

४. "जहा उमासाइवायगो विरयाणि ए.... उमासाइवायगेण - पसमरइतत्तत्थाइणिसद्दत्थाणेगपगरणाणि गेया परस वे वि देवलोगं ति (**कृतिकलाप कहावली**) ની અશુદ્ધ હાથપોથી (ભા.૨, ૧૮૦/અ) માં મલ્લવાદિજીની કથા શરૂ કરતાં પૂર્વે

५. A. "सम्यक्त्वज्ञानशीलानि, तपश्चेतीह सिद्धये । तेषामुपग्रहार्थाय, स्मृतं चीवरधारणम्" ।।१।। "जटीकूर्चीशिखीमुण्डी, चीवरी नग्न एव च । तप्यन्नपि तपः कष्टं, मौढ्याद्धिंस्रो न सिद्ध्यति ।।२।। "सम्यग्ज्ञानी दयावांस्तु, ध्यानी यस्तप्यते तपः । नग्नश्चीवरधारी वा, स सिद्ध्यति महामुनिः ।।३।। (इति वाचकवचनं शान्त्याचार्यकृत-उत्तराध्ययनसूत्रस्यवृत्तौ-अ.२ / पत्र-१३), B. उक्तं च वाचकैः "शीतवातातपैर्दंशै-र्मशकैश्चापि खेदितः । मा सम्यक्त्वादिषु ध्यानं न सम्यक् संविधास्यति (**उत्तरा०** अ-२ - पत्र-९५),

C. सूरिभिरुक्तं - "धर्मोपकरणमेवैतत् न तु परिग्रहस्तथा । जन्तवो बहवः सन्ति दुर्दृशां मांसचक्षुषाम्" । तेभ्यः स्मृतं "दयार्थं तु, रजोहरणधारणम्" ।।१।। "आसने शयने स्थाने, निक्षेपे ग्रहणे तथा । गात्रसंको(कु)चने चेष्टं, तेन पूर्वं प्रमार्जनम्" ।।२।। तथा - "सन्ति सम्पातिमाः सत्त्वाः, सूक्ष्माश्च व्यापिनोऽपरे । तेषां रक्षानिमित्तं च विज्ञेया मुखवस्त्रिका" ।।३।। किञ्च- "भवन्ति जन्तवो यस्मादन्नपानेषु केषुचित् । तस्मात् तेषां परीक्षार्थं पात्रग्रहणमिष्यते" ।।४।। अपरञ्च- "सम्यक्त्वज्ञानशीलानि तपश्चेतीह सिद्धये । तेषामुपग्रहार्थाय, स्मृतं चीवरधारणम् ।।५।। "शीतवातातपैर्दंशै-र्मशकैश्चापि खेदितः । मा सम्यक्त्वादिषु ध्यानं न सम्यक् संविधास्यति ।।६।।

"तस्य त्वग्रहणे यत् स्यात्, क्षुद्रप्राणिविनाशनम् । ज्ञानध्यानोपघातो वा महान् दोषस्तदैव तु" ।।७।। श्री शान्त्याचार्यकृत श्री **उत्तराध्ययन सूत्र** (अ. ३, पत्रा. १८०) वृत्तौ आह वाचकः - "इह चेन्द्रियप्रसक्ता निधनमुपजग्मुः तद्यथा-गार्ग्यः सत्यकिर्नैकर्द्धिगुणं प्राप्तोऽनेकशास्त्रकुशलोऽनेकविद्याबलसम्पन्नोऽपि" ।। (श्री शान्त्याचार्यकृतश्री**उत्तराध्ययनसूत्र** (अ-४, पत्रा-१९१) वृत्तौ, उक्तं च वाचकैः - मङ्गलैः कौतुकैर्योगैर्विद्यामन्त्रैस्तथौषधैः । न शक्ता मरणात् त्रातुं, सेन्द्रा देवगणा अपि ।।१।। शान्त्याचार्यकृतश्री**उत्तराध्ययन**-सूत्र (अ-४. पत्रा. १९१) वृत्तौ,

६. A. શ્રી હરિભદ્રસૂરિજીએ સભાષ્ય તત્ત્વાર્થસૂત્ર (અ.૩, સૂ.૬)ની ટીકા (પત્ર-૧૬૬) માં "यथोक्तमनेनैव सूरिणा प्रकरणान्तरे" એમ કહી **પ્રશમરતિ**ના ૨૧૦, ૨૧૧ - એ બે પદ્યો ઉદ્ધૃત કર્યા છે. B. શ્રી સિદ્ધસેનગણિજીએ તત્ત્વાર્થસૂત્રની ટીકામાં પ્રશમરતિ વિષે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે. "यतः प्रशमरतौ अनेनैवमुक्तम् - परमाणुरप्रदेशो वर्णादिगुणेषु भजनीयः" (અ-૫, સૂ-૬, ભા-૧, પૃ-૩૨૮) "वाचकेन त्वेतदेव बलसंज्ञया प्रशमरतौ उपात्तम्" (અ-૮, સૂ-૬, ભા-૨, પૃ-૧૯૩) C. अर्हत् प्रवचनावयवस्पर्शिकां धर्मकथिकामिमां श्रुत्वा। प्रशमरते-रार्याशतत्रयं द्वादशोत्तरं परिसमाप्तमिति। प्रशमस्थितेन येनेयं कृता वैराग्यपद्धतिः। तस्मै वाचकमुख्याय नमो भूतार्थभाषिणे ।। इति श्री पूर्वधरशिरोमणिश्रीउमास्वातिवाचकविरचितं **प्रशमरतिप्रकरणं** सम्पूर्णं लिखितम् (वि.सं. १६६८- **प्रशरतिप्रकरणस्य** श्री जयसोमविजयगणिरचितटीकान्ते)

૩૧૪) ૪. જંબૂદ્વિપસમાસપ્રકરણ[1] અપરનામ ક્ષેત્રસમાસ ૫. ક્ષેત્રવિચાર[2]. ૬. પૂજાપ્રકરણ[3], (શ્લો-૧૯) ૭. [4]શ્રાવક પ્રજ્ઞપ્તિ. આ ૭ ગ્રંથો વાચકશ્રીના વર્તમાનમાં ઉપલબ્ધ છે. તથા શ્રી સિદ્ધસેનગણિજી પોતાની વૃત્તિમાં[5] વાચકશ્રી રચિત "શૌચ પ્રકરણ" નામના ગ્રંથનો ઉલ્લેખ કરે છે જે વર્તમાનમાં અનુપલબ્ધ છે. આવા અનેક સંસ્કૃત-પ્રાકૃત ભાષાના સમર્થ ગ્રંથકાર વાચકશ્રી હતાં [6]જેમની વાણી આજે પણ સમસ્ત જૈન સમાજમાં ટકોરાબંધ રણરણાટ કરે છે.

---

૧. कृतिः क्रिया प्रस्तावाज्जम्वूद्वीपसमासप्रकरणरूपा सिताम्वराचार्यस्य श्वेताम्वरगुरोर्महाकवेरनेकतत्त्वार्थप्रशमरत्यादिप्रवचनसंग्रहकारस्य यदूचिरे । इत्याचार्यश्रीविजयसिंहविहिताविनेयजनहितानामाटीकायाम् । (**जंबूद्वीपसमासवृत्ति** पृ. २६)

२. श्रीहरिभद्रसूरिकृतटीकासमलङ्कृतोऽयं ग्रन्थो वाचकवर्यस्य कृतिरिति प्रतिभाति। ૩. વર્તમાનકાલીન પ્રસિદ્ધિ મુતાબિક.

૪. "सावय पण्णत्ति" નામનો ૪૦૧ શ્લોક પ્રમાણ પ્રાકૃત ગ્રંથ જેના ઉપર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે હિતપ્રદા નામની ટીકા રચી છે તેના કર્તા શ્રી ઉમાસ્વાતિજી મહારાજ છે એવું મનાય છે. પણ નિમ્નલિખિત મુદ્દા વિચારતાં એવું અનુમાન થાય છે કે "सावय पण्णत्ति" પ્રાકૃત ગ્રંથના રચિયાતાશ્રી હરિભદ્રસૂરિજી છે. અને શ્રાવકપ્રજ્ઞપ્તિઃ સંસ્કૃત ગ્રંથના પ્રણેતા શ્રી ઉમાસ્વાતિજી મહારાજ છે.

A. શ્રી લાવણ્યવિજયજી મહારાજ દ્વારા સ્વોપજ્ઞ ટીકા સહિત **દ્રવ્ય સપ્તતિ** નામના ગ્રન્થમાં ૫૬મી ગાથામાં "यदाहुः श्रावकप्रज्ञप्तौ श्रीहरिभद्रसूरिपादाः" લખીને सावयपण्णत्ति ની संपत्तदंसणाई पइदिअहं जइजणा सुणेई य। सामायारिं परमं जो खनु तं सावगं विन्ति।।१।। ૧૧૪મી ગાથા ટાંકી છે. B. નવાંગી વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજે શ્રી હરિભદ્રસૂરિજી કૃત પંચાશકજીની ટીકામાં "तत्र च स पूज्यैरेवोक्तम्" કહીને सावयपण्णत्ति ની थूलगपाणाइवायं पच्चक्खंतस्स कह न इयरंमि। होइ णु मइ जइस्स वि तिविहेण तिदंडविरयस्स।।२।। બીજી ગાથા ટાંકી છે. C. શ્રી હરિભદ્રસૂરિજી રચિત ધર્મબિન્દુ પ્રકરણમાં ૩/૨૯ સૂત્રની શ્રી મુનિચન્દ્રસૂરિજીની ટીકામાં तदुक्तम् કહીને सावयपण्णत्ति ના इंगाली वण-साडी-भाडी-फोडिसु वज्जए कम्मं। वाणिज्जं चेव य दंत-लक्ख-रस-केस-विसविसयं ।।२८७।। एवं खु जंतपीलणकम्मे नेलंछणं च दवदाणं । सर-दह-तलायसोसं असइपोसं च वज्जेज्जा ।।२८८।। શ્લોક ટાંક્યા છે. D. **પંચાશક**ની ટીકા (પૃ.-૨)માં શ્રી અભયદેવસૂરિજીએ તથા **ધર્મબિંદુ**ની ટીકામાં (પત્ર-૩૫-આ) શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજે શ્રી ઉમાસ્વાતિજી કૃત 'શ્રાવક પ્રજ્ઞપ્તિ'નો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

"तद्यथा - उमास्वातिविरचितश्रावकप्रज्ञप्तौ तु अतिथिशब्देन साध्वादयश्चत्वारो गृहीताः ततस्तेषां संविभागः कार्य इत्युक्तम्। तथा च तत्पाठः। "अतिथिसंविभागो नाम अतिथयः साधवः साध्व्यः श्रावकाः श्राविकाश्चैतेषु गृहमुपगतेषु भक्त्याभ्युत्थानासन-दानप्रमार्जननमस्कारादिभिरर्चयित्वा यथाविभवशक्ति अन्नपानवस्त्रौषधालयादिप्रदानेन संविभागः कार्यः" इति (धर्मसङ्ग्रहणी वृत्तौ, धर्मविन्दुवृत्तौ ।"उमास्वातिवाचकेन समासेन सम्यक्त्वादिश्च श्रावकप्रज्ञप्त्यादौ असौ उक्तः" '(**પંચાશકજી** પૃ.-૨ આ) "उमास्वातिवाचकविरचितश्रावकप्रज्ञप्तिसूत्रम्।।" (**ધર્મબિંદુ**-પૃ.-૩૫ આ) E. **દ્રવ્યસપ્તતિ પંચાશકજી** અને **ધર્મબિંદુ** આ ત્રણેય ગ્રંથમાં ટીકાકારોએ સાવયપણ્ણત્તિ ગ્રંથના ઉલ્લેખ વખતે શ્રી હરિભદ્રસૂરિજીને તેના કર્તા તરીકે નિર્દિષ્ટ કર્યા છે. શ્રાવક પ્રજ્ઞપ્તિ ગ્રંથના ઉલ્લેખ વખતે તેના કર્તા તરીકે શ્રી ઉમાસ્વાતી મહારાજને કહ્યાં છે. F. **સાવયપણ્ણત્તિ**ની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આખા ગ્રંથમાં ક્યાંય પણ શ્રી ઉમાસ્વાતિ મહારાજના નામનો નિર્દેશ કર્યો નથી. G. અતિથિ સંવિભાગ વ્રતમાં સાવયપણ્ણત્તિ ગ્રંથમાં અતિથિ તરીકે માત્ર સંયમીને જ સ્વીકાર્યા છે જ્યારે શ્રાવકપ્રજ્ઞપ્તિ ગ્રંથમાં અતિથિ તરીકે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચારેને સ્વીકાર્યા છે. G. સાવય પણ્ણત્તિમાં નિર્દિષ્ટ વ્રત-અતિચારો શ્રીહરિભદ્રસૂરિજીના ગ્રંથો સાથે સમાનતા અને તત્ત્વાર્થ સૂત્ર સાથે ભિન્નતા ધરાવે છે. વિશેષ જાણકારી માટે જૂઓ શ્રમણ વર્ષ-૧૬/ અંક-૭ આદિમાં પં.શ્રી બાળચંદ્ર શાસ્ત્રીનો લેખ- "**શ્રાવકપ્રજ્ઞપ્તિ કે રચિયાત કૌન**" આ બધા ઉલ્લેખોથી એ ફલિત થાય છે કે વાચકશ્રીએ સંસ્કૃતમાં શ્રાવકપ્રજ્ઞપ્તિ નામનો સંક્ષેપમાં ગ્રન્થ રચ્યો હશે. જે વર્તમાનમાં અનુપલબ્ધ છે.

૫. तथा तस्यैव भाष्यकृतः **शौचप्रकरणे** ग्रन्थः - अदत्तादानं नाम परैः परिगृहितस्य तृणादेरप्यनिसृष्टस्य ग्रहणं ते वरैरनतिसृष्टं यद्, यच्च शास्त्रैर्विगर्हितम् । तत् सर्वं न गृहीतव्यं, दन्तविस्फोटनाद्यपि ।।१।। अनु.(७/१०, पृ-७७० पं.२)

६. उमास्वातिवाचकस्य, वाचः कस्य न चेतसि। ध्वनन्त्यद्यापि घण्टावत्, तारटङ्कारसुंदरा ।।१७।। (वि.सं.१२५२- आ. श्री मुनिरत्नसूरिजी **कृतअममचरित्रे**)

## ૬. વાચકશ્રીની નમ્રતા

૫૦૦ ગ્રંથોના પ્રણેતા હોવા છતાં એમની કેટલી ઉચ્ચકક્ષાની નમ્રતા હતી કે જેના કારણે પોતે પ્રશમરતિ પ્રકરણમાં[1] કહે છે કે જેમ એક ભિખારી જ્યાં ત્યાં વેરાયેલા દાણા શોધી શોધીને વીણી લાવવા મોટા મોટા શહેરોમાં પ્રવેશ કરવાની લાલચ ધરાવતો હોય તેમ શાસ્ત્રવૈભવ અને બુદ્ધિવૈભવ વિનાનો હું મારી શક્તિનો વિચાર કર્યા વિના જ તેના અંશો શોધી શોધીને એકત્રિત કરવા માટે તે સર્વજ્ઞશાસન રૂપ શહેરમાં પ્રવેશ કરવાને લલચાઈ રહ્યો છું." તથા છેલ્લે કહે છે કે [2]છંદશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, આગમશાસ્ત્રમાં કહેલ અર્થથી જે વિપરીત મારાથી કહેવાયું હોય, તે પુત્રના અપરાધની માફક સજ્જન પુરુષોએ મારી તમામ સ્ખલનાઓ નભાવી લેવી અને ક્ષમા આપવી.

## ૭. શ્રીમદ્ વાચક ઉમાસ્વાતિજીનો સમય

પ્રશસ્તિના પાંચમા શ્લોકના કથન મુજબ શ્રીમદ્ ઉમાસ્વાતિજી ઉચ્ચનાગરી શાખાના હતા. આર્ય સુસ્થિતથી કોટીગણ[3] નીકળ્યો. તેમાંથી ચાર શાખા નીકળી. (૧) ઉચ્ચનાગરી (૨) વિદ્યાધરી (૩) વૈરી(વજ્રી) (૪) માધ્યમિકા. એમાં કોટીગણની પ્રથમ શાખા ઉચ્ચનાગરી હતી. તેમાં શ્રીમદ્ ઉમાસ્વાતિજી થયા. કલ્પસૂત્રમાં[4] આર્ય શાન્તિશ્રેણિકથી આ શાખા પ્રારંભ થયાનો ઉલ્લેખ મળે છે. આર્ય સુહસ્તિસૂરિજી વીર સં. ૨૯૧માં વર્ષે સ્વર્ગે ગયા. તેમનાથી ચોથી પેઢીએ આ શાખા નિકળી. એક પેઢી દીઠ લગભગ ૪૫ વર્ષ ગણવામાં આવે તો પણ ૪૭૧ વર્ષે આ શાખા નિકળ્યાનું અનુમાન કરી શકાય. અને તે શાખામાં શ્રીમદ્ ઉમાસ્વાતિ મહારાજ થયા. એટલે વીર સં. ૪૭૧ વર્ષની પહેલા તો નથી થયા, પણ, પછી જ થયા છે. એ નક્કી થયું, તત્ત્વાર્થ સૂત્ર ઉપર યાકિનીમહત્તરાસૂનુશ્રી હરિભદ્રસૂરિજી કૃત ટીકા વી.સં. ૧૦૦૦ માં વર્ષે [5]રચાઇ તેથી ૪૭૧ અને ૧૦૦૦ એ બે વચ્ચે ૫૨૯ વર્ષનું આંતરુ છે.

[6]હિમવદ થેરાવલીના ઉલ્લેખ મુજબ વીર.સં.૮૫૦માં થએલ તૃતીય આગમ વાચનામાં આચાર્યશ્રી ગંધહસ્તીજીએ તત્ત્વાર્થસૂત્ર ઉપર ગંધહસ્તી મહાભાષ્ય રચ્યું હતું. એની અપેક્ષાએ આ ૫૨૯ વર્ષના લાંબા આંતરામાંથી હજુ ૧૫૦ વર્ષનો સંકોચ કરી શકાય છે તેમજ...

'આપ્તમીમાંસા, યુક્ત્યનુશાસન, બૃહત્સ્વયંભૂ સ્તોત્ર આદિ ગ્રંથોના પ્રણેતા આચાર્યશ્રી સામંતભદ્રજીસૂરિ

---

૧. "श्रुतबुद्धिविभवपरिहीणस्तथाप्यहमऽशक्तिमविचिन्त्य । द्रमक इवावयवोञ्छकमन्वेष्टुं तत्प्रवेशेप्सुः" ।।४।।

૨. "यच्चाऽसमंजसमिह छन्दः-शब्द-समयाऽर्थतो मयाऽभिहितम् । पुत्राऽपराधवत् तन्मर्षयितव्यं बुधैः सर्वम् ।।३१२।। (**प्रशमरतौ**)

૩. "थेरेहिंतो सुट्ठियसुप्पडिबद्धेहिंतो वग्घावच्चसगुत्तेहिंतो इत्थ णं कोडियगणे नामं गणे निग्गए, तस्सणं इमाओ चत्तारि साहाओ, चत्तारि कुलाइं एवमहिज्जंति । से किं तं साहाओ ? साहाओ एवमाहिज्जंति तं जहा -' उच्चनागरि २. विज्जाहरि य ३. वइरी य ४. मज्झिमिल्ला य । कोडिगणस्स एया, हवंति चत्तारि साहाओ से तं साहाओ" (**कल्पसूत्रे स्थविरावल्याम्** पृ.-२१९)

૪. "थेरेहिंतो णं अज्जसंतिसेणिएहिंतो एत्थ णं उच्चनागरी साहा निग्गया । (**कल्पसूत्रस्थविरावल्याम्** पृ.-२१४।)

૫. ૧૪૪૪ ગ્રંથપ્રણેતા યાકિનીમહત્તરાસૂનુ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ વિ.સં. ૫૮૦ વર્ષે થયા છે. આ અંગે વિશેષ જાણકારી માટે શ્રી હરિભદ્રસૂરિજી કૃત શાસ્ત્રવાર્તા-સમુચ્ચય અને એની વ્યાખ્યા 'સ્યાદ્વાદકલ્પલતા'ના હિન્દી વિવેચન ભા.૧ માં પૂ. તાર્કિક શિરોમણિ આચાર્યદેવશ્રી જયસુંદરસૂરિજી કૃત "ભૂમિકા" નામના નિબંધ ને જોઈ લેવા ખાસ ભલામણ છે.

૬. आर्यमधुमित्राणां शिष्या आर्यगन्धहस्तिनोऽतीवविद्वांसः प्रभावकाश्चाभवन् । तैश्च पूर्वस्थविरोत्तंसोमास्वातिवाचकविरचिततत्त्वार्थोपरि अशीतिसहस्रश्लोकप्रमाणं महाभाष्यं रचितम् (**हिमवद थेरावली** पृ.९)

દ્વારા તત્ત્વાર્થસૂત્ર ઉપર ગંધહસ્તી મહાભાષ્ય રચાયું હતું એવો વૃદ્ધ પ્રઘોષ સંભળાય છે. અને એ માટે છુટક છુટક નિમ્ન લિખિત પુરાવા પણ દિગંબર-શ્વેતામ્બર ગ્રંથોમાં મળે છે. તે આ પ્રમાણે - ધર્મભૂષણ દિગંબરાચાર્ય વિરચિત ન્યાયદીપિકામાં[૧] મહાભાષ્યના વાક્યોને ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. ઇ.સ. ૯૭૮માં શ્રી ચામુંડારાય દ્વારા કર્ણાટકીભાષામાં રચિત ત્રિષષ્ટિલક્ષણ પુરાણમાં સામંતભદ્રાચાર્યના ભાષ્યનું સ્મરણ કરાયું છે. ઇ.સ.૧૨૩૦માં ગુણવર્મકવિકૃત કર્ણાટકભાષાબદ્ધ પુષ્પદંત પુરાણમાં[૨] ગંધહસ્તિ મહાભાષ્યના ૯૬ હજાર શ્લોકોની સંખ્યાનું પ્રમાણ દર્શાવ્યું છે. વિક્રાંતકૌરવ નાટકની પ્રશસ્તિમાં[૩] તેના કૃતિકાર હસ્તિમલ્લે પણ ગંધહસ્તિ મહાભાષ્યનો ઉલ્લેખ કર્યો છે. અષ્ટસહસ્રીની ટિપ્પણીમાં[૪] લઘુસમંતભદ્રે પણ મહાભાષ્યનો ઉલ્લેખ કર્યો છે, તથા તત્ત્વાર્થસૂત્ર ઉપર સુબોધિની ટીકાના કર્તા દીગંબરાચાર્ય ભાષ્કરનંદિએ ૫/૪૨ સૂત્રમાં અને ૫/૨ સૂત્રમાં[૫] મહાભાષ્યનો ઉલ્લેખ કર્યો છે. શ્રી વીરસેન નામના આચાર્યે ષટ્ખંડાગમની ધવલાનામની ટીકામાં[૬] પણ ગંધહસ્તિ મહાભાષ્યનો ઉલ્લેખ કર્યો છે.

વર્તમાનમાં ઉપલબ્ધ દિગંબરીય અને શ્વેતાંબરીય સર્વ ટીકાઓમાં જે બધાથી મોટી ૧૮૨૮૨ શ્લોક પ્રમાણ શ્વેતાંબરીય સિદ્ધસેનીય ટીકા ગણાય છે. તેના મંગલાચરણમાં[૭] શ્રી સિદ્ધસેનગણિજી મહારાજા કહે છે કે, તત્ત્વાર્થસૂત્ર ઉપર મોટી તેમજ નાની ઘણી ટીકાઓ છે. હું તો મધ્યમટીકા રચું છું, આનાથી પણ પૂર્વે બૃહટ્ટીકા હોવાનું અનુમાન કરી શકાય. વળી બીજી વાત એ છે કે આચાર્યશ્રી સામંતભદ્રજી દિગંબર હતા એવું કહેવા પણ કોઈ ચોક્કસ પ્રમાણ મળતું નથી. કારણ કે, શ્વેતાંબરાચાર્ય સહસ્રાવધાની શ્રી મુનિચંદ્રસૂરિજી કૃત [૮]ગુર્વાવલિ વગેરેમાં પણ શ્રી સામંતભદ્રાચાર્યનો ઉલ્લેખ છે. વળી દિગંબરોમાં

---

૧. I."તદ્ભાષ્યં - તત્રાત્મભૂતમગ્નેરૌષ્ણ્યમનાત્મભૂતં દેવદત્તસ્ય દણ્ડઃ । ભાષ્યં ચ-સંશયો હિ નિર્ણયવિરોધી નત્ત્વવગ્રહઃ ઇતિ । તદુક્તં સ્વામિભિર્મહાભાષ્યસ્યાદાવાપ્તમીમાંસાપ્રસ્તાવે -"સૂક્ષ્માન્તરિતતદ્દૂરાર્થાઃ પ્રત્યક્ષાઃ કસ્યચિદ્ યથા । અનુમેયત્વતોઽગ્ન્યાદેરિતિ સર્વજ્ઞસંસ્થિતિ ।। (ધર્મભૂષણાચાર્યરચિત ન્યાયદીપિકાયામ્) II. અભિમતમાગિરે તત્ત્વાર્થભાષ્યમં તર્કશાસ્ત્રમં વરેદુ વચોવિભવદિનિલેગેસેદ સમંતભદ્ર દેવર સમાનેવરૂમોલરે ।।૫।। (**ત્રિષષ્ટિપુરાણે**)

૨. વિત્તરભાગે સૂત્રતિથિં મિમે પાણિદગન્ધહસ્તિ તોં, મત્તરુસાસિરક્ખે શિવકોટિ કોટિવિપક્ષવિદ્ધદુઃ।।
ન્મતગજં મદં વસ્તુ કેટ્યેડે ગોટ્ટુદેવલ્લે પેલ્વુદેં મત્તે સમન્તભદ્રમુનિરાજવુદાત્તજયપ્રશસ્તિયં ।। **પુષ્પદંતપુરાણે**

૩. તત્ત્વાર્થસૂત્રવ્યાખ્યાનગંધહસ્તિપ્રવર્તકઃ । સ્વામિસમંતભદ્રોઽભૂદેવાગમનિદેશકઃ ।।૨।। (**વિક્રાંતકૌરવ નાટકે**)

૪. ભગવદ્ભિરુમાસ્વાતિપાદૈરાચાર્યવર્યૈસૂત્રિતસ્ય તત્ત્વાર્થાધિગમસ્ય મોક્ષશાસ્ત્રસ્ય ગન્ધહસ્ત્યાખ્યં મહાભાષ્યમુપનિવન્ધનઃ સ્યાદ્વાદવિદ્યાગુરવઃ શ્રીસ્વામિસમન્તભદ્રાચાર્યઃ (**અષ્ટસહસ્રીટિપ્પણૌ**)

૫. "અપરઃ પ્રપઞ્ચઃ સર્વસ્ય ભાષ્યે દૃષ્ટવ્યઃ" । ૪/૪૨ "અન્યસ્તુ વિશેષો ભાષ્યે દ્રષ્ટવ્યઃ" । ૫/૨ (તત્ત્વાર્થસૂત્રસ્યભાષ્કરનંદિકૃત **સુબોધિનીવૃત્તૌ**)

૬. "ઉક્તં ચ પુનર્ગન્ધહસ્તિભાષ્યે ઉપપદો જન્મ પ્રયોજનં યેષાં ત ઇમે ઔપપાદિકાઃ વિજયવૈજયન્તજયન્તાપરાજિતસર્વાર્થસિદ્ધાખ્યાનિ પઞ્ચાનુત્તરાણિ અનુત્તરે સ્વૌપપાદિકાઃ ઋષિદાસ-ધન્ય-સુનક્ષત્રકાર્તિકેય-નન્દ-શાલિભદ્રા-દય-વારિષેણ-ચિલાતપુત્રા ઇતિ" (શ્રી વીરસેનકૃત **ધવલાટીકાયામ્**)

૭. સંક્ષિપ્ત-વિસ્તીર્ણરૂચિપ્રબોધૈઃ પૂર્વૈર્મુનીશૈર્વિવૃતેઽપિ શાસ્ત્રે । યાતું પથા વાઞ્છતિ મધ્યમેન બુદ્ધિમદીયા પરિપેલવાપિ (સિદ્ધસેનીયટીકાગત **પ્રારંભિકમંગલાચરણશ્લોક** ।।૩।।)

૮. અથો ગુરુશ્ચન્દ્રકુલેન્દુદેવકુલાદિવાસોદિતનિર્મમત્વઃ ।
સમન્તભદ્રઃ ૧૭ શ્રુતદિષ્ટ શુદ્ધતપસ્ક્રિયઃ પૂર્વગત શ્રુતોઽભૂત્ ।।૨૮।। (મુનિસુંદરસૂરિકૃત **ગુર્વાવલી**)
શ્રી વજસ્વામિજીનું સ્વર્ગગમન વીર સં. ૫૮૪ વર્ષે થયું. ત્યાર બાદ ત્રીજી પેઢીએ શ્રીસામન્તભદ્રસૂરિજી થયા, એટલે તેઓ વીર.સં ૭૦૦ની આસપાસ થયા, જેમનાથી વનવાસી ગચ્છ નીકળ્યો.

શ્રી સામંતભદ્રાચાર્યજીનો જે સમય કહેવાય છે, તે જ સમય શ્રી મુનિચંદ્રસૂરિકૃત ગુર્વાવલી આદિ ગ્રંથોમાં[1] નિર્દિષ્ટ થયેલ છે.

તથા શ્રી સામંતભદ્રાચાર્યના સાહિત્યમાં તીર્થંકરની[2] સાક્ષરીવાણી [3]ભૂમિવિહાર, [4]તપસ્યા વગેરે વિધાનો શ્વેતાંબર માન્યતાની જ પુષ્ટિ કરે છે. તથા કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી તથા આચાર્યશ્રી મલયગિરિજી મહારાજ પોતાના સાહિત્યમાં આચાર્ય શ્રી સામન્તભદ્રસૂરિજીને મહાન સ્તુતિકાર તરીકે ઓળખાવે છે. અનેકાન્ત જયપતાકામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે સ્વોપજ્ઞવૃત્તિમાં "વાદીમુખ્યશ્રી સામંતભદ્રાચાર્યનો [5]ઉલ્લેખ કર્યો છે.

તેમના રચેલા જીવસિદ્ધિ, તત્ત્વાનુશાસન (અપરનામ આત્માનુશાસ્તિ), કર્મપ્રાભૃતટીકા વગેરે ગ્રંથો હતાં જે વર્તમાનમાં અનુપલબ્ધ છે. ࿕આત્માનુશાસ્તિ ગ્રંથનો ઉલ્લેખ અનુયોગદ્વાર સૂત્ર ૨૦ માં [6]મળે પણ છે. આચાર્ય શ્રી સામંતભદ્રજીકૃત ગંધહસ્તિ મહાભાષ્યના 'મહા' શબ્દથી જ સ્વોપજ્ઞ લઘુભાષ્યના અસ્તિત્વનો સ્વીકાર થઈ જાય છે. અને જે રીતે ભાષ્યને માન્ય સૂત્રપાઠને અનુસરનારી ભાષ્ય ઉપરની હારિભદ્રીયાદિ ટીકાઓ રચાઈ તે જ રીતે આચાર્યશ્રી સામન્તભદ્રાચાર્યકૃત ગંધહસ્તિ મહાભાષ્ય પણ ભાષ્ય માન્ય પાઠ ઉપર જ રચાયું હશે. એનું કારણ એ છે કે ગંધહસ્તિ મહાભાષ્યના ઉલ્લેખો અન્ય દિગંબર ગ્રંથોમાં પ્રાપ્ત થવા છતાં તત્ત્વાર્થસૂત્રના મૂર્ધન્ય દિગંબર ટીકાકાર આચાર્ય પૂજ્યપાદ દેવનંદિ તથા આચાર્ય ભટ્ટ અકલંકદેવ, જેવા પોતાની ટીકામાં ક્યાંય પણ ગંધહસ્તિ મહાભાષ્યનો ઉલ્લેખ નથી કરતાં, ઉલ્લેખની વાત તો દૂર રહી પણ આચાર્ય શ્રી સામન્તભદ્રાચાર્યનું નામ પણ લેતા નથી.

દીગંબરોમાં એવો પ્રવાદ છે કે શ્રી ઉમાસ્વાતિજી મહારાજે તત્ત્વાર્થસૂત્રના મઙ્ગલાચરણરૂપ मोक्षमार्गस्य नेतारं, भेत्तारं कर्मभूभृताम्। 'ज्ञातारं विश्वतत्त्वानां, वन्दे तद्गुणलब्धये આ શ્લોક બનાવ્યો હતો.

આ મંગલ શ્લોકના વ્યાખ્યાનરૂપે જ ગંધહસ્તિ મહાભાષ્ય અંતર્ગત આપ્તમીમાંસાની રચના શ્રી સામન્તભદ્રાચાર્યજી એ કરી હતી અને આ વાતને સિદ્ધ કરવા પં.શ્રી દરબારીલાલ કોઠીયા - પં. શ્રી ઉદયચન્દ્ર વગેરે દિગંબર વિદ્વાનો આચાર્યશ્રી વિદ્યાનન્દજીના [7]વચનોનો પ્રમાણરૂપે હવાલો આપે છે.

---

૧. सिरिवज्जसेणसूरि, १४. चाउदसमो चंद्रसूरि पंचदसो ।।१५।। सामंतभद्दसूरि, सोलसमोऽरण्णवासरई ।।६।।
टीका - सामंतभद्दति, श्री चंद्रसूरिपट्टे षोडशः श्री सामंतभद्रसूरिः। स च पूर्वगत-श्रुतविशारदो वैराग्यनिधिर्निर्ममतया देवकुलवनादिष्वप्य-वस्थानात् लोके वनवासीत्युक्तस्तस्माच्चतुर्थं नाम वनवासीति प्रादुर्भूतं ।।६।। (**धर्मसागरीयपट्टावली** गा.६)
श्रीवज्रशाखाधूरिवज्रसेनान्नागेन्द्रचन्द्रादिकुलप्रसूतिः। चान्द्रे कुले पूर्वगतश्रुतादयः सामन्भद्रो विपिनादिवासी ।।९।। (**गुणरत्नसूरिजीकृत-गुरुपर्वक्रमे**)

૨. સ્વયંભૂસ્તોત્ર શ્લોક ૪, ૭૪, ૧૦૭, / ૩. સ્વયંભૂસ્તોત્ર શ્લોક ૨૯, ૧૦૮, ૧૧૮/ ૫૮ ૪. સ્વયંભૂસ્તોત્ર શ્લોક ૮૩.

૫. आह च वादिमुख्य :- "बोधात्मा चेच्छब्दस्य न स्यादन्यत्र तच्छ्रुतिः। यद्बोद्धारं परित्यज्य न बोधोऽन्यत्र गच्छति ।।
न च स्यात् प्रत्ययो लोके यः श्रोत्रा न प्रतीयते । शब्दाभेदेन सत्येवं सर्वः स्यात् परचित्तवित् ।।
टीका - आह च वादिमुख्यः-समन्तभद्रः (इति **अनेकान्तजयपताकायाम्** પૃ. ૩૭૫)

૬. से किं तं संजूहनामे? संजूहनामे-तरंगवतिकारे मलयवतिकारे अत्ताणुसट्ठिकारे बिंदुकारे से तं संजूहनामे। टीका - संवूहतद्धितनाम तरंगवतिकार इत्यादि। संवूहो ग्रन्थसंदर्भकरणम्, शेषं पूर्ववद् भावनीयम्। (अनुयोगद्वारसूत्र-२०)

૭. "शास्त्रावताररचितस्तुतिगोचराप्तमीमांसितस्तुतिरलङ्क्रियते मयाद्य इति तत्त्वार्थशास्त्रादौ मुनीन्द्रस्तुतिगोचरा प्रणीताप्तपरीक्षेयं विवाद-विनिवृत्तये (**आप्तपरीक्षा**) (**अष्टसहस्री**)

࿕. શ્રી સામંતભદ્રાચાર્યજીની કૃતિઓમાં 'રત્નકરંડ શ્રાવકાચાર'નું પણ નામ જોડવામાં આવે છે. પરંતુ તે કુન્દકુન્દ "શ્રાવકાચાર" અને ઉમાસ્વાતિ 'શ્રાવકાચાર'ની પેઠે તેમનાં નામ પર ચડાવી દીધેલ હોય એમ લાગે છે. અથવા કોઈ લઘુસમંતભદ્રજીએ તે રત્નકરંડકગ્રંથને બનાવ્યો હશે.

દિગંબરોની આ વાત અયુક્ત છે કારણ કે-

૧. આ શ્લોક શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કૃત તત્ત્વાર્થસૂત્ર સંબંધી હોય તો આચાર્ય પૂજ્યપાદ તથા અકલંકદેવાદિ વડે પોતાની ટીકામાં અવશ્ય તેની વ્યાખ્યા કરવી જોઈતી હતી. ટીકાકારો પોતાની વ્યાખ્યામાં મઙ્ગલાચરણ શ્લોકને જ ભૂલી જાય, એવું ક્યારે પણ ન બની શકે.

૨. શ્રી પૂજ્યપાદજીએ તથા શ્રી શ્રુતસાગરજીએ સર્વાર્થસિદ્ધિ અને શ્રુતસાગરીની પ્રારંભિક [1]ઉત્થાનિકાથી સ્પષ્ટ દેખાડ્યું છે કે કોક ભવ્યના અનુરોધથી ઉમાસ્વાતિજીના મુખમાંથી સર્વપ્રથમ सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એ સૂત્ર નીકળ્યું હતું. શ્રી અકલંકદેવજી એ તો પોતાની ટીકામાં આ મંગલશ્લોકનું ગ્રહણ જ નથી કર્યું. આ પ્રસંગ ઉપરથી શ્રી પૂજ્યપાદજી એ કહેવા ઇચ્છે છે કે શ્રીમદ્ ઉમાસ્વાતિજીને મંગલાચરણ કરવાનો પ્રસંગ જ ઉપસ્થિત નથી થયો.

૩. દિગંબર વિદ્વાનો જે આચાર્ય વિદ્યાનંદજીના વચનો ટાંકીને આ શ્લોક તત્ત્વાર્થના મઙ્ગલાચરણ રૂપે સિદ્ધ કરવા ઇચ્છે છે તે આચાર્યશ્રી વિદ્યાનન્દજી પોતે જ આ શ્લોકને તત્ત્વાર્થના મંગલ શ્લોક રૂપે નથી સ્વીકારતા, જો સ્વીકારતા હોય તો તત્ત્વાર્થશ્લોકવાર્તિકમાં આ મંગલ શ્લોકની વ્યાખ્યા અવશ્ય કરી હોત, અને એ ઉત્થાનિકાનો સ્વીકાર ન કર્યો હોત.

૪. વાસ્તવિકતા તો એવી ભાસે છે કે શ્વેતામ્બરોએ તો ભાષ્યને સ્વોપજ્ઞ સ્વીકાર્યું હોવાથી મંગલાદિ મહત્ત્વની વાતો ભાષ્યની સંબંધ કારિકામાં આવી ગઈ, પણ દિગંબરો સામે વારંવાર આ પ્રશ્ન ઉભો થયો હશે કે તત્ત્વાર્થનો મંગલ શ્લોક કયો? કેમકે શિષ્ટપુરુષ રચિત ગ્રંથ મંગલ વિનાનો ન હોય માટે દિગંબરાચાર્યોએ આ સળગતાં પ્રશ્નોને શાન્ત કરવાં તત્ત્વાર્થની શરૂઆતમાં આ શ્લોકનો પ્રક્ષેપ કર્યો હશે. પ્રક્ષેપ કરવાથી મંગલની ખાલી જગ્યા પૂરાઈ ગઈ પણ અનુબન્ધચતુષ્ટયની જગ્યા તો ખાલી જ રહી છે. [2]અનુબન્ધચતુષ્ટય વિનાનો એકલો મઙ્ગલનો શ્લોક તે યોગ્ય ન ગણી શકાય. વળી દિગંબર ટીકાકારોએ કલ્પેલી ઉત્થાનિકામાં પણ અનુબન્ધ ચતુષ્ટયનો પૂર્ણતયા સમન્વય નથી થયો.

૫. આપ્તપરીક્ષામાં શ્રી સામન્તભદ્રાચાર્યજીનો જે ઉલ્લેખ છે કે "તત્ત્વાર્થશાસ્ત્રના પ્રારંભમાં મુનીન્દ્ર = (ચરમતીર્થપતિ મહાવીર સ્વામી) ની સ્તુતિના વિષયભૂત આ આપ્તપરીક્ષાની રચના વિવાદને દૂર કરવા માટે છે" આ ઉલ્લેખ જોતાં એવું અનુમાન થાય છે કે શ્રી સામંતભદ્રાચાર્યજીએ તત્ત્વાર્થના સ્વોપજ્ઞભાષ્ય ઉપર ગંધહસ્તિ મહાભાષ્ય રચ્યું છે. કારણ કે સ્વોપજ્ઞભાષ્યની સંબંધકારિકામાં વિસ્તારથી ભગવાનમહાવીર સ્વામી (મુનિઓમાં ઇન્દ્ર એવા)ની સ્તુતિ કરી છે એ મુનીન્દ્ર (મહાવીર સ્વામી)ની સ્તુતિના વિષય(Subject) તરીકે આ આપ્તપરીક્ષા ગંધહસ્તિ મહાભાષ્યની શરૂઆતમાં હશે...

૬. દિગંબરો પાસે તત્ત્વાર્થસૂત્રનો કોઈ મંગલ શ્લોક જ ન હતો અને એથી વિદ્યાનન્દજી આપ્તપરીક્ષાની પોતાની ટીકામાં એ મંગલ શ્લોક ન બતાવી શક્યા કે જેના ઉપર આ આપ્તપરીક્ષા રચાઈ. તેમજ मोक्षमार्गस्य ज्ञातारं પદ વાળા શ્લોકને પણ તેમણે આદ્ય મઙ્ગલ શ્લોક તરીકે નહિં સ્વીકાર્યો હોય, જો સ્વીકાર્યો હોત તો તત્ત્વાર્થવાર્તિકમાં અવશ્ય મંગલશ્લોકની પણ વ્યાખ્યા કરી હોત અને આપ્તપરીક્ષામાં પણ એ મંગલશ્લોકનો ઉલ્લેખ કર્યા વિના ન રહ્યા હોત...

---

૧. द्वैयाकनाम्ना भव्यवरपुण्डरीकेण सम्पृष्टः 'भगवन्, किमात्मने हितम् ?' इति। प्रश्ने सूत्रमिदमाचार्याः प्राहुः- सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः। (**श्रुतसागरीटीका** पृ.१)

૨. विषयश्चाऽधिकारी च, सम्बन्धश्च प्रयोजनम्। विनाऽनुबन्धं ग्रन्थादौ, मङ्गलं नैव शस्यते।।१।।

૭. અહિં કોઈને એવી શંકા થઈ શકે કે શ્વેતામ્બરાચાર્ય રચિત આપ્તપરીક્ષા ગ્રંથ દિગંબરો પાસે આવ્યો ક્યાંથી? તો તેનું સમાધાન અમે આગળ વિસ્તારથી કરવાના છીએ, છતાં અહિં ટૂંકમાં કહીએ છીએ... કે યાપનીયો (કે જેઓ આગમાદિ તેમજ સ્ત્રીમુક્તિ આદિ માનતાં હતાં તેઓ) ની પરંપરા જ્યારે વિચ્છિન્ન થવા લાગી ત્યારે યાપનીયો પાસે રહેલા ષટ્ખંડાગમાદિ ગ્રંથો (આગમ તથા પૂર્વમાંથી બનેલા) દિગંબરોએ પોતાના કરી સ્વીકારી લીધા. પણ જે જે ગ્રંથોમાં તેમને સ્વમતથી વિરોધ જણાયો, તે તે ગ્રંથો જલશરણ કરી દીધા. અને જેમાં પોતાના મત સાથે વિશેષ કોઈ વિરોધ ન હતો તેને પોતાના બનાવી લીધા.

૮. વળી દિગંબરોમાં શ્રી સામન્તભદ્રાચાર્ય માટે પટ્ટાવલી આદિમાં કોઈ વિશેષ ઉલ્લેખ નથી. સાહિત્યમાં એમના માટે જે બે શ્લોકોનો સામાન્ય ઉલ્લેખ મળે છે, તેનાથી પણ તેઓ શ્વેતામ્બર સાબિત થાય છે.[1] માટે શ્રી સામંતભદ્રાચાર્ય શ્વેતાંબર ન હતા, એમ કહેવા કોઈ ઠોસ પુરાવા નથી.

૯. શ્રી સામંતભદ્રાચાર્યકૃત ગંધહસ્તિ મહાભાષ્યના સમયની અપેક્ષાએ ૫૨૯માંથી ૩૦૦ વર્ષના આંતરકાળનો હજુ સંક્ષેપ-સંકોચ કરી શકાય છે. કારણ કે શ્રી સામંતભદ્રાચાર્યનો સમય વિક્રમની બીજી સદીનો છે. એટલે, વાચક શ્રી ઉમાસ્વાતિજી બીજી સદીની પૂર્વે પ્રથમ સદીમાં થયા હશે. એથી એમ કહી શકાય છે કે વીર સં.૪૭૧ વર્ષે ઉચ્ચનાગરી શાખા નિકળી. અને વીર સં. ૭૦૦માં સામંતભદ્ર થયા. ૪૭૧ અને ૭૦૦ એ બે વચ્ચે ૨૨૯ વર્ષનું આંતરૂં છે. એ ૨૨૯ વર્ષના આંતરકાળમાં વાચક શ્રી થયા હશે. એમ ફલિત થાય છે.

૧. ૨૨૯ વર્ષના આ આંતરકાળનો હજુ વધારે સંકોચ કરી શકાય છે. તે આ રીતે કે છેલ્લામાં છેલ્લા દસપૂર્વી [2]આર્યવજ્રસ્વામી થયા. ત્યાર પછી ૧૦ પૂર્વના જ્ઞાનનો ઉચ્છેદ થઈ ગયો. આર્યવજ્રસ્વામિનું

---

૧. જૈન સાહિત્યમાં તેમના માટે ૨ શ્લોકો મળે છે, જે નીચે પ્રમાણે છે.

काञ्च्यां नग्नाटकोऽहं मलमलिनतनुर्लाम्बुशे पाण्डुपिण्डः, पुंड्रोड्रे शाक्यभिक्षुर्दशपुरनगरे मृष्टभोजी परिव्राट्।
वाराणस्यामभूवं शशिधरधवलः पाण्डुरङ्गस्तपस्वी, राजन्! यस्यास्ति शक्तिः स वदतु पुरतो जैननिर्ग्रन्थवादी ।।१।।
पूर्वं पाटलिपुत्रमध्यनगरे भेरी मया ताडिता, पश्चात् मालव-सिन्धु-ठक्कविषये काञ्चीपुरे वैदिशे।
प्राप्तोऽहं करहाटकं बहुभटं विद्योत्कटं संकटं, वादार्थी विचराम्यहं नरपते! शार्दूलविक्रीडितम् ।।२।।

આ૦ સામન્તભદ્રસૂરિજી દિગંબર મુનિ, શ્વેતપિંડ બૌદ્ધભિક્ષુ, પરિવ્રાજક શૈવભિક્ષુ અને તપસ્વી થયા પછી જૈનનિર્ગ્રંથ મુનિ બન્યા છે. આ૦ સામન્તભદ્રસૂરિએ પટણા, માળવો, સિંધ, ઠક્ક, કાંચી, વિદિશા અને કરાડમાં શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો હતો. પ્રથમ શ્લોકમાં -नग्नाटकोऽहं થી હું દિગંબર સાધુ અને जैननिर्ग्रन्थवादि થી હું જૈનનિર્ગ્રંથ સાધુ અર્થ વિવક્ષિત છે - આ ઉપરથી એમ અનુમાન થાય છે કે આ૦ સામન્તભદ્રસૂરિ પ્રથમ દિગમ્બર મુનિ બન્યા હતા અને ઘણા કાળ સુધી જુદા જુદા વેષપલટાઓ કરી અંતે આ૦ ચંદ્રસૂરિજી પાસે દીક્ષા લઈ તેમના પટ્ટધર બન્યા હતા અને તેમની પાટે આ૦ વૃદ્ધદેવસૂરિજી આવ્યા છે. આ આચાર્યશ્રીએ ક્યાં ક્યાં વિહાર કર્યો, તે ઉપરના બીજા શ્લોકથી સમજી શકાય છે. તથા પટ્ટાવલી ગ્રંથોમાં લખ્યું છે કે એમને વિહાર કરતાં કરતાં કોરંટા તીર્થમાં જઈ ઉપાધ્યાય દેવચંદ્રજીને દીક્ષા આપી, પોતાની પાટે સ્થાપી, શત્રુંજયતીર્થ ઉપર પધારી અણસણ સ્વીકાર્યું હતું.

૨. अन्तिमाश्च चतुर्दशपूर्वधराः श्री स्थूलभद्राः, प्रान्तिमा दशपूर्वधराः श्री वज्रस्वामिनः, सार्धनवपूर्वधराः श्री आर्यरक्षितसूरयोऽन्त्याश्चैकपूर्वविदः श्री देवर्द्धिक्षमाश्रमणाः। श्री वीरनिर्वाणात् वर्षसहस्रे व्यतीते पूर्वविच्छेद इति **भगवत्यां (श.२ उ.८ सू.६७८)** निर्देशः। स चायम्- "जंबुद्दीवेणं भंते! दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं केवतियं कालं पुव्वगए अणुसज्जिस्संति?। गोयमा! णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए ममं एगं वाससहस्सं पुव्वगए अणुसज्जिस्संति। **(भगवत्यां श.२/ उ.८/ सू.६७८)**
"वोलीणंमि सहस्से, वरिसाणं वीरमोक्खगमणाउ। उत्तरवायगवसमे, पुव्वगयस्सभवे छेदो ।।
वरिससहस्से पुव्वे, तित्थोगालिएँ वद्धमाणस्स। नासि ही पुव्वगतं, अणुपरिवाडिएँ जं तस्स ।।
श्री वीरात् वर्षसहस्रे गते सत्यमित्रे "पूर्वविच्छेदे" (उपाध्यायरविवर्धनगणिकृत**पट्टावलीसारोद्धार**)

સ્વર્ગગમન વીર સં.૫૮૪માં થયું. વાચકશ્રી પણ ૧૦ પૂર્વધર હતા, એવું કેટલાક વિદ્વાનો[૧] માને છે.

૨. સામાન્યથી નિયમ છે કે[૨] "ગણધર ભગવંતો, પ્રત્યેકબુદ્ધ, ૧૪ પૂર્વધરો અને અંતમાં સંપૂર્ણ ૧૦ પૂર્વધરોનું રચેલું સૂત્ર જ વધુ પ્રમાણભૂત ગણાય છે. કેમકે ૧૦ પૂર્વધર ચોક્કસ સમ્યક્ત્વી જ હોય એવું શાસ્ત્રીય વચન છે. એટલે તેમણે રચેલું સૂત્ર માન્ય કરવામાં કોઈ બાધા આવતી નથી. તત્ત્વાર્થ સૂત્ર દ્વાદશાંગીના એક વ્યવસ્થિત સાંગોપાંગ પ્રતિબિંબ રૂપ સૂત્ર છે અને તેને અત્યંત પ્રમાણિક ગણી તેના સાક્ષીપાઠો વિવિધ ગ્રંથોમાં અપાયા છે. તેથી પૂર્વાચાર્યોએ તેના કર્તા શ્રીમદ્ ઉમાસ્વાતિજીને ૧૦ પૂર્વી ગણ્યા હશે એવું અનુમાન થાય છે.

૩. જ્યારે વિભિન્ન દર્શનોમાં પોતપોતાના સિદ્ધાન્તોને પ્રતિપાદન કરવા માટે સંક્ષિપ્તસૂત્ર શૈલીના ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખાયા એ કાલમાં જ જૈનદર્શનમાં તત્ત્વાર્થસૂત્રની રચના થઈ છે.

યોગસૂત્ર - વિક્રમની પૂર્વેની સદીમાં અને ન્યાયસૂત્ર વિક્રમની પ્રારંભની સદીમાં રચાયાનું સંભળાય-મનાય છે એ વાત પણ વાચકશ્રીના સમયની પુષ્ટિ કરે છે, કે વાચકશ્રી વિક્રમની આરંભમાં કે પૂર્વેની સદી (વી.સં.૪૩૧ થી ૫૮૪) માં થયા છે.

૪. વર્તમાન ઉપલબ્ધ (કોટિગણગત વયરી શાખાની) કલ્પસૂત્ર સ્થવિરાવલીની પટ્ટાવલીમાં ઉચ્ચનાગરી શાખાના આચાર્યોની પરંપરાનો ઉલ્લેખ મળતો નથી. માત્ર ઉચ્ચનાગરી શાખાની ઉત્પત્તિનો જ નિર્દેશ છે. વાચકશ્રીના અને આચાર્યશ્રી સ્વાતિજીના નામાદિમાં ભેદ[૩] હોવા છતાં ૧૦ પૂર્વધર તરીકેની સામ્યતા હતી તેથી પટ્ટાવલીકારે આચાર્યશ્રી સ્વાતિ માટે તત્ત્વાર્થસૂત્રકાર તરીકેની સંભાવના[૪]

---

૧. अन्यूनदशपूर्वधरैः श्री उमास्वातिवाचकमुख्यैः (આચાર્યશ્રી લાવણ્યસૂરિજી કૃત તત્ત્વાર્થ ત્રીસૂત્રી ટીકાની પ્રસ્તાવનામાં તથા પ્રશમરતિ પ્રકરણની પં. શ્રી કુંવરજી આણંદજી કૃત પ્રસ્તાવનામાં)

૨. अर्थतस्तीर्थंकरप्रणीतं सूत्रतो गणधरोपनिबद्धं चतुर्दशपूर्वधरोपनिबद्धं दशपूर्वधरोपनिबद्धं प्रत्येकबुद्धोपनिबद्धं च प्रमाणभूतं सूत्रं भवतीत्यस्य प्रतिपादनार्थं दशपूर्विनमस्कारः कृतः, तथा चोक्तम्-"अर्हत्प्रोक्तं गणधरदृब्धं प्रत्येकबुद्धवृब्धं च। स्थविरग्रथितं च तथा प्रमाणभूतं त्रिधा सूत्रम् ।।१।।" इति, अथवाऽन्यत्प्रयोजनम्-चतुर्दशपूर्विणश्च नियमेनैव सम्यग्दृष्टय इति" (श्री द्रोणाचार्यकृत-**ओघनिर्युक्तिटीका** पृ.६) उक्तञ्चान्यत्र "चोद्दस दश य अभिन्ने, नियमा सम्मं तु सेसए भयणा इति" ( )

૩. **નામભેદ** - વાચકશ્રી ઉમાસ્વાતિજી - આચાર્યશ્રી સ્વાતિજી
**ગોત્રભેદ** - કૌભિષણી ગોત્ર - હારિતગોત્ર
**શાખાભેદ** - ઉચ્ચનાગરી શાખા - નિર્ગ્રન્થી શાખા
**સમયભેદ** - વીર.સં.૪૭૧ પછી - વીરસં.૩૩૫માં
ગુરુપરંપરાભેદ ⟶ આચાર્યશ્રી મહાગિરિજી

૪. **શ્વેતામ્બરીય પટ્ટાવલી**

આચાર્યશ્રી સંભૂતિવિજયજી
આચાર્યશ્રી સ્થૂલભદ્રસૂરિજી
આચાર્યશ્રી મહાગિરિજી — આચાર્યશ્રી સુહસ્તીજી
**આચાર્યશ્રી બહુલ** — આચાર્યશ્રી બલિસ્સહ
**આચાર્યશ્રી સ્વાતિજી**
શ્રી શ્યામાચાર્યજી
(પ્રજ્ઞાપનાના કર્તા)

આચાર્યશ્રી સુસ્થિત — આચાર્યશ્રી સુપ્રતિબદ્ધ
કોટિગણ
આચાર્યશ્રી ઇંદ્રદિન્નજી
આચાર્યદિન્ન
૪. શ્રી શાન્તિશ્રેણિકજી — આર્યશ્રીસિંહગિરિજી
**વાચકશ્રી શિવાર્ય (ઉચ્ચનાગરી શાખા)** — આચાર્યશ્રી વજસ્વામીજી
**૧૧અંગધારી આચાર્યશ્રી ઘોષનંદિ**
**વાચકશ્રી ઉમાસ્વાતિજી**

આચાર્યશ્રી વજસ્વામીજી
(વજ્રીશાખા)
આચાર્યશ્રી વજસેનસૂરિજી
આચાર્યશ્રી ચંદ્રસૂરિજી
(ચાંદ્રકુલ)
આચાર્યશ્રી સામન્તભદ્રસૂરિજી
(વનવાસી ગચ્છ)

કરી હશે તેવું જણાય છે અન્યથા વી.સં.૧૧૧૫ માં થયેલા યુગપ્રધાન[૧]. આચાર્ય ઉમાસ્વાતિ માટે પણ તેવી સંભાવના કરી શકત. અથવા પટ્ટાવલીકારોની સંભાવના મુજબ એકવાર માની લઈએ કે તત્ત્વાર્થસૂત્રના રચેતા આચાર્યસ્વાતિજી છે તો પણ એમને ૧૦ પૂર્વધર માનવામાં કોઈ બાધ નથી.

૫. દીગંબરો તો શ્રી ઉમાસ્વાતીજીને આચાર્ય કુંદકુંદના જ શિષ્ય તરીકે સિદ્ધ કરવા વી. સં. ૭૭૦[૨] માં થયા હોવાનું સ્વીકારે છે પણ દિગંબરીય પટ્ટાવલી માં અને [૩]શિલાલેખોમાં તે અંગે અનેક વિવાદ છે સ્વયં દિગંબર વિદ્વાન પં. નાથૂરામજી પ્રેમી જેવા એ પણ એ પટ્ટાવલીઓને પ્રમાણિક[૪] નથી માની, '[૫]મર્કરાના તામ્રપત્રોં' કે જેને આધાર બનાવી વિદ્વાનો કુન્દકુન્દને ૧-૩ શતાબ્દીની મધ્યમાં રાખવાનો પ્રયાસ કર્યો હતો તે પણ હવે અપ્રમાણિક (જાલી) સિદ્ધ થઈ ચૂક્યો છે. તેમજ શ્રી સામન્તભદ્રાચાર્ય અંગે પણ આવી જ પરિસ્થિતિ છે.

૬. દિગંબરો પણ શ્રી ઉમાસ્વાતિજીને શ્રુતકેવલી[૬] દેશીય(= સદૃશ) માને છે. શ્રુતકેવળી સદૃશ સામાન્ય પૂર્વધરને નહિં પણ ઓછામાં ઓછા ૧૦ પૂર્વધરને જ માની શકાય. અષ્ટસહસ્રીની લઘુસામન્તભદ્રકૃત

---

૧. આ૦ જિનભદ્રગણી ક્ષમાશ્રમણ પછી યુગપ્રધાન ઉમાસ્વાતિ થયા છે, જેમનો યુગપ્રધાન કાળ વીર સં. ૧૧૧૫થી ૧૧૯૦ છે. એટલે કે તેઓ વિક્રમની આઠમી સદીના પહેલા ત્રણ ચરણના યુગપ્રધાન છે. એ સમયે પૂર્વો અને જૈન પંચાંગ વિચ્છેદ પામ્યા હોવાથી જૈનેત્તરપંચાંગનો સ્વીકાર કર્યો અને તેમાં આવતાં પર્વતિથિના ક્ષય-વૃદ્ધિના સંસ્કાર કરવા માટે क्षये पूर्वा तिथिः कार्या નો પ્રઘોષ પણ તેઓશ્રીએ આપ્યો હતો. કારણ કે વાચકશ્રી ઉમાસ્વાતિજી મહારાજા વખતે તો ૧૦ પૂર્વ વિદ્યમાન હતા અને જૈન પંચાંગ પણ વિદ્યમાન હતું. અને જૈન પંચાંગ પ્રમાણે કોઈ પણ તિથિની ક્ષય-વૃદ્ધિ આવતી ન હતી. (જૈન પરમ્પરાનો ઈતિહાસ પૃ.૩૬૩ તથા યુગપ્રધાન પટ્ટાવલી અને પટ્ટાવલી સમુચ્ચયાદિ ગ્રન્થમાંથી આ અંગે વિશેષ જાણી શકાશે.)

૨. દિગમ્બર સાહિત્ય (વિદ્વજ્જનબોધક)માં તેનો સમય વીર સં. ૭૭૦ એટલે વિ. સં. ૩૬૦ બતાવેલ છે. લખ્યું છે કે- वर्षे सप्तशते चैव, सप्ततत्या च विस्मृतौ । उमास्वातिमुनिर्जातः, कुन्दकुन्दस्तथैव च ।।१।।
એટલે કે આ૦ ઉમાસ્વાતિ અને આ૦ કુન્દકુન્દ ૭૭૦માં થયા છે.

૩. **દિગંબરીય પટ્ટાવલીઓ**

૧. **શિલાલેખ પટ્ટાવલી**- શ્રવણબેલગોલ (કર્નાટક પ્રાંતમાં), ચંદ્રગિરિ પહાડી ઉપરના શીલાલેખમાં આ બંને (શ્રી ઉમાસ્વાતિજી અને શ્રી આચાર્ય સામન્તભદ્રજી)ના નામ જ નથી.

૨. **કુંદકુંદ પટ્ટાવલી**- આમાં ૪૨ નં. માં કોન્ડકુન્ડ (કુન્દકુન્દાચાર્ય) ૪૩. ઉમાસ્વાતિ ૪૪. ગૃદ્ધપિચ્છ ૪૫. સામન્તભદ્ર ૪૬. શિવકોટિ આમાં શ્રીઉમાસ્વાતિજીના શિષ્ય તરીકે ગૃદ્ધપિચ્છને અને ગૃદ્ધપિચ્છના શિષ્ય તરીકે સામન્તભદ્રને સ્વીકાર્યા છે.

૩. **સેનસંઘ પુષ્કરગચ્છ પટ્ટાવલી**- આમાં ૪૬. નં. માં સિદ્ધસેન ૪૭. સામન્તભદ્ર ૪૮. શિવકોટી આમાં સિદ્ધસેનના શિષ્ય તરીકે શ્રી સામન્તભદ્રને સ્વીકાર્યા છે.

૪. **દિગંબર પટ્ટાવલી**- આમાં ૩૪. નં. માં કુન્દકુન્દાચાર્ય ૩૫. શ્રી ઉમાસ્વાતિજી આ પટ્ટાવલીમાં સામન્તભદ્ર છે જ નહિ.

**જૈન સાહિત્ય અને ઇતિહાસ** - પૃ. ૨૪૯.

૪. Aspects of Jainology. Vol. III, P-190. ૫. જુઓ **પટ્ટાવલી પરાગ સંગ્રહ** પૃષ્ઠ-૧૦૪

૬. 'तत्त्वार्थसूत्रकर्तारमुमास्वातिमुनीश्वरम् । श्रुतकेवलीदेशीयं वन्देऽहं गुणमन्दिरम्"।।
(**મૈસૂર**પ્રાન્ત અંતર્ગત નાગરપ્રાન્તના **શીલાલેખ નં.૪૫**)

ટિપ્પણીમાં[1] પણ વાચકશ્રીને ૧૦પૂર્વી તરીકે દર્શાવવા સામાન્ય પ્રયાસ થયો હોય તેવો ઉલ્લેખ જણાય છે.

૭. ઉચ્ચનાગરી શાખા શ્રી વજ્રસ્વામિજીની દીક્ષા પહેલા નીકળેલી છે, અને તેમાં ઉમાસ્વાતિજી મહારાજા થયા. એથી શ્રી ઉમાસ્વાતિજી મહારાજા એમના પૂર્વકાલીન કે સમકાલીન હશે, પણ સ્વર્ગગમન આર્યશ્રી વજ્રસ્વામિજી કરતાં પ્રથમ થયું હશે. કારણ કે અંતિમ ૧૦ પૂર્વી તરીકે આર્ય વજ્રસ્વામિજી થયા' એ શાસ્ત્રવચન છે. (જેની નોંધ પૃ.૧૩ની ટીપ્પણી ૨.માં છે.)

૮. વાચકશ્રી ઉમાસ્વાતિજી મહારાજના વાચનાચાર્ય (વિદ્યાગુરુ) નું નામ મૂલાચાર્ય છે તે જ યુગપ્રધાન આચાર્ય ભદ્રગુપ્તસૂરિ હોવાની સંભાવના થાય છે. કારણ કે જિનાલયમાં મુખ્ય ભગવાન માટે જેમ મૂલનાયક શબ્દ વપરાય છે તેમ ઉપાશ્રયમાં-સંઘમાં પ્રમુખાચાર્ય માટે મૂલાચાર્ય શબ્દ વપરાતો હતો. તેથી મૂલાચાર્યનો બીજો અર્થ સંઘાચાર્ય = યુગપ્રધાનાચાર્ય પણ થાય છે. વાચકશ્રીના સમયે યુગપ્રધાન આચાર્ય તરીકે ૧૦ પૂર્વધર શ્રી ભદ્રગુપ્તસૂરિજી મહારાજ વિદ્યમાન હતાં. વળી મૂલાચાર્ય માટે વાચકશ્રીએ "प्रथितकीर्तेः" એવું જે વિશેષણ મુક્યું છે એના ઉપરથી એ ખ્યાલ આવે છે કે મૂલાચાર્યજી = યુગપ્રધાનાચાર્ય હશે, કારણ કે યુગપ્રધાનનું પુણ્ય જ એટલું બધું પ્રકૃષ્ટ હોય છે કે જેના કારણે એમની કીર્તિ ચારે દિશામાં પ્રસરેલી હોય છે. તેમજ વાચકશ્રીના પ્રગુરુ જે વાચક શિવાર્ય છે તે જ ઉચ્ચનાગરી શાખાના મૂલ આર્ય શ્રી શાન્તિશ્રેણિક[2] હોવાની સંભાવના થાય છે. (જેમ શ્યામાચાર્યનું અપરનામ કાલકાચાર્ય હતું તેમ આર્ય શાન્તિશ્રેણિકનું પણ અપરનામ શિવાર્ય હશે.)

૯. શ્રી વજ્રસ્વામિજી જેમ ૧૧ અંગ સ્વગુરુ પાસે ભણી ૧૨મું અંગ શ્રી ભદ્રગુપ્તસૂરિજી પાસે ભણવા ગયા તેમ શ્રી ઉમાસ્વાતિ મહારાજ પણ ૧૧અંગ સ્વગુરુ પાસે ભણી, ૧૨મું અંગ શ્રી વાચક મૂલાચાર્ય = યુગપ્રધાનાચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિજી મહારાજ પાસે ભણવા ગયા હતાં.

આ બધા મુદ્દા વિચારતાં પૂ.વાચકશ્રી ઉમાસ્વાતિજી મ. ચોક્કસ ૧૦ પૂર્વધર હતાં. એવું ફલિત થાય છે અને એના દ્વારા વાચકશ્રીનો સમય વીર સં.૪૭૧ની પછી અને ૫૮૪ વર્ષની અંદરનો હશે એવું અનુમાન થાય છે.

## ૮. તત્ત્વાર્થ સૂત્રકારનો સંપ્રદાય

તત્ત્વાર્થસૂત્રના કર્તા વાચક શ્રી ઉમાસ્વાતિજી મહારાજ શ્વેતાંબર સંપ્રદાયના હતા. કારણકે તેમના વડે રચિત તત્ત્વાર્થસૂત્રમાં શ્વેતાંબર માન્ય વાતો જ દેખાય છે હકીકતમાં તે સમયે દિગંબર મત ઉભો

---

૧. "इह हि खलु पुरा स्वीय निरवद्यविद्यासंयमसम्पदागणधरप्रत्येकबुद्धश्रुतकेवलिदशपूर्वाणां सूत्रकृन्महर्षिणां महिमानमात्मसात्कुर्वद्भि-रुमास्वातिपादैराचार्यवर्यैसूत्रितस्य तत्त्वार्थाधिगमस्य मोक्षशास्त्रस्य गन्धहस्त्याख्यं महाभाष्यमुपनिबन्धन्तः स्याद्वादविद्यागुरवः श्रीस्वामिसामन्तभद्राचार्याः । (**अष्टसहस्रीलघुसमन्तभद्रकृतटिप्पणौ**)

૨. किलैकस्याचार्यस्य बहव आचार्याः श्रुतार्थमुपसम्पन्नाः, ते चैकस्यां वसतावमान्तः पृथक्पृथग्वसतिषु स्थिताः सन्तः 'तत्र' मूलाचार्यसमीपे 'अन्यत्र वा' आत्मीयासु वसतिषु वसन्तु सर्वेषामपि शय्यातराः परिहर्त्तव्याः । (**बृहत्कल्पभाष्य** टीका-पृ.९८३ पं.१८)

જ ન હતો થયો. તેથી સીધી-સટ શ્વેતાંબર આધારિત જ સૂત્ર રચના હતી. પરંતુ ત્યારબાદ ઉભા થએલા દિગંબરોએ સ્વમતને સિદ્ધ કરવા માટે જે સૂત્ર પરિવર્તન કર્યું, તે આગમ/તર્કથી જોતા કેટલું બિનપાયેદાર છે તેની મીમાંસા કેટલાક દૃષ્ટાંતથી કરીએ-

૧. ચોથા અધ્યાયમાં "दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः" આ ત્રીજા સૂત્રમાં સૂત્રકાર વડે ભવનવાસીઓના ૧૦, વ્યંતરોના ૮, જ્યોતિષ્કોના ૫, અને કલ્પોપપન્નવૈમાનિકદેવોના ૧૨ ભેદોને દર્શાવનાર ઉદ્દેશસૂત્ર કહેવાયું. દિગંબર ટીકાકારો વડે પણ સર્વાર્થસિદ્ધિટીકામાં (પૃ. ૧૩૫) તત્વાર્થરાજવાર્તિકમાં (પૃ.૧૫૦) અને તત્વાર્થશ્લોકવાર્તિકમાં (પૃ. ૩૭૨) આ સૂત્ર મૌલિકરૂપથી જ સ્વીકારાયુ છે. પરંતુ સૂત્રકથિત ભેદોનો વિસ્તાર કરતી વખતે ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષદેવોના તો સૂત્રનિર્દિષ્ટ સંખ્યામુજબ જ દેખાડ્યા પણ જ્યારે વૈમાનિકદેવોના વિસ્તારનો પ્રસંગ આવ્યો ત્યારે સૂત્રમાં કથિત (સૂત્રકારને અભિમત ૧૨) ભેદોને છોડીને ૧૬ ભેદોનું પ્રદર્શન દિગંબરટીકાકારો વડે કરાયું. એમ કરવાથી શું ઉદ્દેશભંગના દોષ એમને ન લાગે ? જો કલ્પોપપન્ન વૈમાનિક દેવોના ૧૬ ભેદ દેખાડવા સૂત્રકારને ઇષ્ટ હોત તો "दशाष्टपञ्चषोडशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः" એવું ઉદ્દેશ સૂત્ર રચ્યું હોત ! પણ તેવું રચ્યું તો નથી. તેથી ૧૬ ભેદ સૂત્ર પ્રદર્શક શ્રી ઉમાસ્વાતિ મહારાજ રચિત નથી એ સિદ્ધ થાય છે. અને આ વાત બન્ને પક્ષના સૂત્રોને[1] જોઈને પણ માધ્યસ્થ પ્રાજ્ઞવ્યક્તિ વિચારી શકે છે.

૨. "ક્ષુત્-પિપાસા-શીત-ઉષ્ણ-દંશમશક-ચર્યા-શય્યા-વધ-રોગ-તૃણસ્પર્શ-મલ. આ ૧૧ પરિષહોને સૂત્રકારે "એકાદશ જિને" ૯/૧૧ સૂત્રમાં સ્પષ્ટતયા જિનકેવળીને વિશે દેખાડ્યા છે. અને કેવલીમાં ક્ષુધાપરિષહનો સદ્ભાવ હોવાથી કેવલિઓને આહાર પણ હોય. એ સિદ્ધ થાય છે. પરંતુ દિગંબરોને કેવલી ભગવંત માટે કવલાહાર સ્વીકૃત ન હોવાથી આ સૂત્રની વ્યાખ્યાઓમાં તેઓ "न सन्ति" નો અધ્યાહાર કરીને એનાથી સ્વમત અનુકૂલ અર્થ કરવા મથે છે. જ્યારે મૂલસૂત્ર સ્પષ્ટતયા કેવળી વિશે ૧૧ પરિષહના સદ્ભાવને સૂચવે છે. આ સંદર્ભમાં દિગમ્બર પરમ્પરાના પ્રસિદ્ધ વિદ્વાન ડો. હીરાલાલજીના વિચાર મનનીય છે "કુન્દકુન્દાચાર્યે કેવળી ભુક્તિનો નિષેધ કર્યો છે, પણ તત્ત્વાર્થસૂત્રકારે વિશેષથી કર્મસંહિતા અનુસારે એ (કેવલિભુક્તિ) ને સિદ્ધ કરી છે કે વેદનીયોદયજન્ય ક્ષુધા પિપાસાદિ ૧૧ પરિષહ કેવળીને પણ હોય છે. (૯/૮-૧૭) જ્યારે સર્વાર્થસિદ્ધિકાર અને રાજવાર્તિકકારે એ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે મોહનીયના અભાવમાં વેદનીય કર્મનો પ્રભાવ જર્જરિત થઈ જાય છે, એથી એ વેદનાઓ કેવળીને નથી હોતી, પણ કર્મસિદ્ધાન્તથી આ વાત સિદ્ધ નથી થતી. તે આ રીતે કે મોહનીયના અભાવથી રાગદ્વેષજન્ય પરિણામનો અભાવ અવશ્ય થશે, પણ વેદનીય જન્ય વેદનાઓનો અભાવ તો નહિ જ થઈ શકે, જો થઈ જાય તો મોહનીયના અભાવમાં વેદનીયનો ઉદય માનવો જ ન જોઈએ. પણ સિદ્ધાંતમાં તો માન્ય છે. જે રીતે મોહનો અભાવ હોવાથી પ્રજ્ઞા-અજ્ઞાન-અદર્શન-અલાભ-નાગ્ન્ય-અરતિ-સ્ત્રી-નિષદ્યા-આક્રોશ- યાચના-સત્કારપુરસ્કાર એમ ૧૧ પરિષહ કેવલીમાં સ્વીકાર્ય નથી, તે જ રીતે મોહના ઉદયરૂપ સહાયનો અભાવ હોવાથી ક્ષુધા-પિપાસાને પણ (વેદના વિના નામ પૂરતા પણ) ન

૧. જુઓ દિગંબરસંપ્રદાયનું ૧૬ ભેદ પ્રદર્શક સૂત્ર "सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मब्रह्मोत्तरलान्तकापिष्ठशुक्रमहाशुक्रशतार सहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धौ च" (તત્ત્વાર્થરાજવાર્તિક અ.૪/ સૂ. ૧૯) શ્વેતાંબર સંપ્રદાયમાં તો ૧૨ જ ભેદ પ્રદર્શક સૂત્ર છે જુઓ "सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्त-कमहाशुक्रसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धौ च" (૪/૧૯)

સ્વીકારવા જોઈએ. છતાં સ્વીકાર્યા તો છે જ - "વેદનામાં મોહનો સદ્ભાવ પણ કારણ છે. કેવળીને મોહ નથી માટે વેદનારહિત ક્ષુધા-પિપાસા હોય છે" એવી દિગંબરોની (વેદનામાં મોહને સહકારી કારણ માનવાની) માન્યતાનું ખંડન સૂત્રકારે "વેદનીયે શેષાઃ" ૯/૧૬ સૂત્રમાં કરી દીધું છે. આ સૂત્રમાં ક્ષુધા-પિપાસાદિ ૧૧ પરિષહ માત્ર વેદનીયકર્મથી જન્ય તરીકે પ્રતિપાદન કરવામાં આવ્યા છે. વળી આચાર્ય શ્રી સામન્તભદ્રજીએ આપ્તમીમાંસા (શ્લોક ૯૩)માં વીતરાગમાં પણ સુખ-દુઃખના સદ્ભાવને સ્વીકાર્યા છે." તેથી તત્ત્વાર્થ સૂત્રકારને કેવલીભુક્તિ માન્ય છે. એ સિદ્ધ થાય છે.

૩. "पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः" ૯/૪૬ સૂત્રના વ્યાખ્યાનના અવસરે શ્રી ભટ્ટ અકલંકદેવે તત્ત્વાર્થરાજવાર્તિક (પૃ. ૩૫૯)માં કહ્યું છે કે-પુલાક બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણેને સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે ચારિત્ર હોય છે... બકુશ બે પ્રકારના છે. (૧) ઉપકરણ બકુશ અને (૨) શરીર બકુશ. તેમાં ઉપકરણમાં આસક્ત ચિત્તવાળો અનેક પ્રકારના વિચિત્ર પરિગ્રહથી યુક્ત, તથા ઘણી સારી વિશેષતાવાળા ઉપકરણોની આકાંક્ષાવાળો અને તે ઉપકરણોના સમારકામ-પ્રતિકાર-સંસ્કાર કરનારો સાધુ ઉપકરણબકુશ કહેવાય છે. શરીરના સંસ્કારને કરનારો સાધુ શરીર બકુશ થાય છે" આ પ્રમાણે "માત્ર કમંડલ અને મોરપીંછી યુક્ત નગ્ન જે હોય તે સાધુ કહેવાય, વિશેષ ઉપકરણ યુક્ત પરિગ્રહધારી જે હોય તે સાધુ ન કહેવાય." એવું માનનારા દિગંબરોને આ પ્રશ્ન પૂછીએ છીએ કે- જો તમારા મતમાં મોરપિચ્છિકા અને કમણ્ડલુ સિવાય અન્ય ઉપકરણોનો નિષેધ જ હોય તો ઉપરોક્ત સ્વરૂપવાળા બકુશ નિર્ગ્રંથોનું નિર્ગ્રન્થપણું રહેશે જ નહીં. તેઓમાં નિર્ગ્રન્થતાનો અભાવ થઈ જશે. કારણ કે તેઓ ઉપકરણોમાં આસક્તચિત્તવાળા છે. અનેક પ્રકારના વિચિત્ર પરિગ્રહથી યુક્ત છે, તથા તેની આકાંક્ષા રાખનારા છે. તેમજ તેના સંસ્કાર અને પ્રતિકાર (સારસંભાળ) કરનારા છે. જો તેઓમાં પણ નિર્ગ્રન્થતા તમે સ્વીકારો છો તો ધર્મોપકરણ મુક્તિમાં બાધક નથી એ સિદ્ધ થાય છે. અને તમે માનેલ અવસ્ત્રમુક્તિનું ખંડન થઈ જાય છે.

૪. 'मूर्च्छा परिग्रहः' ૭/૧૨ સૂત્રમાં મૂર્ચ્છાને પરિગ્રહ સ્વરૂપ સ્વીકાર્યું હોવાથી બકુશનિર્ગ્રન્થોમાં ધર્મના સાધનભૂત એવા ઉપકરણોનો સદ્ભાવ હોવા છતાં પણ મૂર્ચ્છાનો અભાવ હોવાથી નિર્ગ્રંથતા છે. એવા આશયથી સૂત્રકારે આ સૂત્ર કર્યું છે એવા વિરોધનો પરિહાર કરવો પણ દિગંબરોને દુશક્ય છે. કારણકે એમ વિરોધનો પરિહાર કરવાં જતાં સ્વમત (અવસ્ત્રમુક્તિ)નું ખંડન થઈ જાય.

૫. વળી બીજી વાત એ કે દિગંબર-સ્વરૂપ લિંગ (વેશ) વાળાને જ નિર્ગ્રંથ માનનારા દિગંબરોએ તત્ત્વાર્થરાજવાર્તિકકારના આ વચનો વિચારવા જેવા છે "લિંગ બે પ્રકારના છે. ૧ ભાવલિંગ ૨ દ્રવ્યલિંગ. ભાવલિંગને આશ્રયીને બધા પાંચે નિર્ગ્રંથો લિંગી હોય છે, દ્રવ્યલિંગને આશ્રયીને ભજના છે."

૬. આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમસૂત્રના સૂત્રકાર વાચક શ્રી ઉમાસ્વાતિજી મહારાજને શ્વેતાંબર તરીકે સિદ્ધ કરવામાં સમર્થ એવી યુક્તિઓ હોવા છતાં પણ આ તત્વાર્થસૂત્રને દિગંબર સંપ્રદાય પોતાનું માને છે એ આનંદની જ વાત છે. અને તે કોઈ આશ્ચર્યજનક બીના-ઘટના નથી. કારણ કે બીજા પણ ભક્તામર-સિંદૂરપ્રકર વિગેરે અનેક ગ્રંથો છે કે જે શ્વેતાંબરીય હોવા છતાં દિગંબરો સ્વીકારે જ- છે.

૭. પોતાના માટે પ્રશસ્તિમાં પ્રદર્શિત વાચક શબ્દનો અને ઉચ્ચનાગરી શાખાનો ઉલ્લેખ દિગંબર ગ્રંથોમાં ક્યાંય નથી આવતો. તેથી ઉમાસ્વાતિજી મહારાજ શ્વેતાંબરીય છે એમ સિદ્ધ થાય છે.

૮. પ્રશમરતિ પ્રકરણમાં ખુદ ઉમાસ્વાતિજી મહારાજા વસ્ત્રપાત્રાદિ ઉપકરણોનો ઉલ્લેખ કરતા લખે છે કે "જે[૧] સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્ર અને નિરવદ્ય મન વચન અને કાયાની પ્રવૃત્તિને, હાનિ પહોંચાડતુ હોય, અને જે જૈન શાસનની હિલના કરાવે તેવા પિણ્ડ, શય્યા, વસ્ત્ર, પાત્ર અને ઔષધ વિગેરે જે કાંઈ શુદ્ધ અને કલ્પ્ય હોય, છતાં તે અકલ્પ્ય બની જાય છે આનાથી વિરૂદ્ધ જે અકલ્પ્ય પણ કલ્પ્ય બની જાય છે... ૧૪૫" આ (વસ્ત્ર, પાત્રાદિ) ઉલ્લેખથી પણ તેઓ શ્વેતાંબરીય છે એ સિદ્ધ થાય છે.

૯. ડૉ. **કુસુમ પટોરિયા પ્રશમરતિ પ્રકરણ સાથે ભાષ્યનો વિરોધ દર્શાવતા લખે છે કે :-**

A. [૨]તત્ત્વાર્થ ભાષ્ય અને [૩]પ્રશમરતિ પ્રકરણમાં સંયમના સત્તર પ્રકાર સંખ્યાથી એક હોવા છતાં વ્યાખ્યાથી ભિન્ન ભિન્ન દર્શાવ્યા છે.

B. તત્ત્વાર્થ ભાષ્યમાં ભાવોના પાંચ પ્રકાર કહ્યાં છે અને પ્રશમરતિમાં છ કહ્યાં

C. તત્ત્વાર્થસૂત્ર અને ભાષ્યમાં કાલને સ્વતંત્ર દ્રવ્ય તરીકે માનવામાં તટસ્થતા પ્રદર્શિત કરી છે જ્યારે પ્રશમરતિમાં કાલદ્રવ્યને સમાનભાવે માની છઠ્ઠા દ્રવ્ય તરીકે સ્વીકાર્યા છે

D. પ્રશમરતિમાં સ્થાવરકાયના પાંચ ભેદ કહ્યા છે અને તત્ત્વાર્થ ભાષ્યમાં ત્રણ જ ભેદ કહ્યાં માટે બંન્નેના કર્તા ભિન્ન છે એ સિદ્ધ થાય છે ઈત્યાદિ.

**સમીક્ષા** : [૪]A. સંયમના ૧૭ ભેદોની વ્યાખ્યા (એક જ સૂત્રકાર વડે) બન્ને શૈલીથી કરવાની પરમ્પરા અતિપ્રાચીન છે. પ્રવચનસારોદ્ધાર **ગ્રન્થમાં**[૫] બન્ને રીતે આ સંયમના ૧૭ ભેદોની વ્યાખ્યા કરી છે.

ભગવતીઆરાધનામાં ગાથા ૪૧૬-૧૭ માં જે સંયમના ભેદ દર્શાવ્યા છે તે સમવાયાંગ (જૈન શ્વેતામ્બર આગમ) મુજબ છે જ્યારે એ જ પરમ્પરાના પ્રતિક્રમણમાં "सत्तरस्सविहिसुअसंजमेसु"ની વ્યાખ્યા કરતાં આચાર્ય પ્રભાચન્દ્રજીએ તેની ટીકામાં પૃથ્વીકાયાદિ સંયમના ૧૭ ભેદ દર્શાવ્યા અને ત્યાંજ બીજી બાજુ પાંચ આશ્રવ આદિના આધારે પણ સંયમના ૧૭ ભેદોને [૬]દર્શાવ્યા છે.

વર્ગીકરણ શૈલીની આ વિવિધતા ગ્રંથકર્તાની વિવક્ષા પર નિર્ભર હોય છે. શ્રી સિદ્ધસેનસૂરિજી પ્રવચનસારોદ્ધારમાં અને આચાર્યશ્રી પ્રભાચન્દ્રજી પ્રતિક્રમણ સૂત્રની વ્યાખ્યામાં જો આ બન્ને રીતે વ્યાખ્યા કરી શકે છે તો શું પૂ. વાચકશ્રી બે ભિન્ન ગ્રંથોમાં સંયમના ૧૭ ભેદોને ભિન્ન-ભિન્ન રીતે ન દર્શાવી શકે? આના પરથી જો ભાષ્ય અને પ્રશમરતિને ભિન્નકર્તૃક માનીએ તો ઉપરોક્ત એક જ ગ્રંથના એક નામના બે કર્તા માનવા જોઈએ.

---

૧. यत्पुनरुपघातकरं सम्यक्त्व-ज्ञान-शील-योगानाम् । तत्कल्प्यमप्य-कल्प्यं प्रवचनकुत्साकरं यच्च ।।१४४।। किञ्चिच्छुद्धं कल्प्यमऽकल्प्यं स्यात्स्यादऽ-कल्प्यमऽपि कल्प्यम् । पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजा-ऽऽद्यं वा ।।१४५।। (**प्रशमरतौ**)

૨. योगनिग्रहः संयमः । सः सप्तदशविधः । तद्यथा - पृथ्वीकायिक-संयमः, अप्कायिक-संयमः, तेजस्कायिक-संयमः, वायुकायिक-संयमः, वनस्पतिकायिक-संयमः, द्वीन्द्रिय-संयमः, त्रीन्द्रिय-संयमः, चतुरिन्द्रिय-संयमः, पंचेन्द्रिय-संयमः, प्रेक्ष्य-संयमः,उपदेश-संयमः, अपहृत्य-संयमः, प्रमृज्य-संयमः, काय-संयमः, वाक्-संयमः, मनःसंयमः, उपकरण-संयमः, इति संयमो धर्मः तत्त्वार्थभाष्य ९/६

૩. पंचाश्रवाद्विरमणं पंचेन्द्रियनिग्रहश्च कषायजयः । दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ।। - **प्रशमरतिकारिका** - १७२

૪. ઉપરોક્ત વિરોધોની સમીક્ષા A આદિ સંજ્ઞાઓ વડે ક્રમસર છે એ પ્રમાણે આગળ પણ સમજવું.

૫. पंचासवा विरमणं पंचेन्दिय निग्गहो कसायजओ । दण्डत्तयस्स विरई सत्तरसहा संजमो होइ ।। -**प्रवचनसारोद्धार**-६६/५५५ पुढवि दग अगणि मारूय वणस्सइ बि ति चउ पणिंदिजीवा। पेहु पेह पमज्जण परिठवण अणो वई काए।।-प्र.सा.६६/५५६

૬. 'पंचासवेहिं विरमणं पंचेन्दिय निग्गहो कसाय जयो तिहिं दण्डेहिं य विरदि सत्तारस्स संजया भणिदा' । - **દિગંબર પ્રતિક્રમણસૂત્ર**ની પ્રભાચંદ્રાચાર્યકૃત ટીકા.

B. તત્ત્વાર્થસૂત્રમાં ૫ ભાવો કહ્યા અને પ્રશમરતિમાં ૬ ભાવો કહ્યા. એમાં કોઈ આગમિક વિરોધ નથી પણ સંક્ષિપ્ત અને વિસ્તૃત વિવેચનના કારણે આ થયું છે. તત્ત્વાર્થ એ સૂત્ર શૈલીનો (ગદ્ય) ગ્રંથ છે જ્યારે પ્રશમરતિ વિવેચનાત્મક શૈલીથી લખેલી એક પદ્યાત્મક રચના છે. વળી સાન્નિપાતિક ભાવ એ કોઈ સ્વતંત્ર ભાવ નથી, સાન્નિપાતિક શબ્દ સ્વયં જ આ સત્યનો સૂચક છે કે એ સ્વતંત્ર ભાવ નથી. એક જ લેખક વિસ્તારથી કોઈ ચર્ચા કરતા હોય ત્યારે પૂર્વમાં અનુક્ત અનેક બાબતોની પૂર્તિ કરતા જ હોય છે. તેમ અહિં પણ સમજવું તેથી ભાષ્ય-પ્રશમરતિના કર્તા ભિન્ન સિદ્ધ થઈ શકતાં નથી.

C. તત્ત્વાર્થમાં વાચકશ્રીએ "कालश्चेत्येके" સૂત્રમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ વાત કરી છે. અર્થાત્ ભેદલક્ષણવાળા પર્યાયાર્થિક નયને માનનારા (ભેદની મુખ્યતાએ વિવક્ષા કરનારા) કેટલાક આચાર્યો કાલને છઠ્ઠુ દ્રવ્ય માને છે. જ્યારે બીજા આચાર્યો અભેદ લક્ષણવાળા દ્રવ્યાર્થિક નયને પ્રધાન રાખી કાલને દ્રવ્ય ન કહેતા પર્યાય કહે છે.

જ્યાં આગમમાં કાલ એ પાંચદ્રવ્યથી દ્રવ્યાન્તર - જુદુ દ્રવ્ય નથી એમ કહેવામાં આવ્યું છે ત્યાં એ વાત અભેદ (દ્રવ્યાર્થિક) નયથી કહેલ છે. તેમ જાણવું.

પ્રજ્ઞાપના અને [1]ભગવતીજીમાં કાલને જીવ અને અજીવના પર્યાયરૂપે કહ્યું છે તે અભેદ (=દ્રવ્યાર્થિક) નયની અપેક્ષાએ જાણવું. અને ઉત્તરાધ્યયનમાં જે સ્વતંત્ર દ્રવ્ય રૂપે કહ્યું છે તે ભેદ (=પર્યાયાર્થિક) નયની અપેક્ષાએ સમજવું. તેમજ પ્રશમરતિમાં જે કાલને સ્વતંત્રદ્રવ્યરૂપે કહ્યું છે તે ભેદ (પર્યાયાર્થિક) નયની અપેક્ષાએ જાણવું અને તત્ત્વાર્થમાં ઉભયનયની અપેક્ષાએ અર્થાત્ ભેદવાદિ પર્યાયાર્થિક અને અભેદવાદિ દ્રવ્યાર્થિકની અપેક્ષાએ જાણવું.

તત્ત્વાર્થસૂત્રની રચનાનો ઉદ્દેશ્ય સમગ્ર જૈન દર્શનના પ્રતિનિધિરૂપ ગ્રન્થની રચના કરવાનો હતો કે જેથી ન્યાયસૂત્ર, વૈશેષિકસૂત્ર, સાંખ્યસૂત્ર, મીમાંસાસૂત્ર અને બ્રહ્મસૂત્ર વગેરેની જેમ જૈન દર્શનનો પણ કોઈ પ્રતિનિધિ સૂત્ર-ગ્રન્થ થાય અને તેથી સમગ્ર જૈન દર્શનના પ્રતિનિધિના રૂપમાં કોઈ વાત કહેવાતી હોય તો એનું પ્રસ્તુતીકરણ માત્ર એક નયની અપેક્ષાએ ન થઈ શકે માટે સમગ્રનયથી જ ત્યાં વાત કરવી પડે. પ્રશમરતિ ગ્રન્થ પ્રતિનિધિ સૂત્ર નથી. માટે ત્યાં એમને જેની વિવક્ષા હોય એ નયથી વાત કરી શકે.

પર્યાયાર્થિકનયની પ્રધાનતાએ ચાલનારા ભેદવાદિ કેટલાક આચાર્ય કાલને દ્રવ્ય જરૂર માને છે પણ કાલને મુખ્ય દ્રવ્ય - નિશ્ચયદ્રવ્ય તરીકે નથી માનતા. ઔપચારિક દ્રવ્ય તરીકે માને છે તેમજ કાલાણુઓની મુખ્યકાલરૂપે સત્તા પણ નથી સ્વીકારાઈ. તેમજ- ભગવતી, પ્રજ્ઞાપના આદિ આગમોમાં પર્યાયનયથી કાલની પણ દ્રવ્ય તરીકે વિવક્ષા જરૂર કરી છે, પણ કાલાણુની મુખ્યતયા સત્તાનું પ્રતિપાદન નથી કરાયું. અને તેમજ તત્ત્વાર્થસૂત્રમાં શ્રી ઉમાસ્વાતિજી મહારાજે પાંચમાં અધ્યાયમાં દ્રવ્યોની અવગાહના નિરૂપણના સમયમાં જેમ "धर्माधर्मयोः कृत्स्ने" (लोकाकाशे), एकप्रदेशादिषु भाज्यः पुद्गलानां, असङ्ख्यभागादिषु जीवानां" ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને જીવાસ્તિકાય રૂપ ચાર દ્રવ્યોની અવગાહના ક્ષેત્ર સાક્ષાત્ દેખાડયું, (પ્રદર્શન કર્યુ.) તેમજ જો મુખ્યકાલ રૂપ સમગ્રલોકમાં પણ રહેલા કાલાણુઓ હોય તો તેઓનું પણ અવગાહના ક્ષેત્ર સાક્ષાત્ દેખાડયું હોત, પણ, સૂત્રકારે કોઈપણ રીતે દેખાડયું તો નથી. તેથી ફલિત થાય છે કે કાલાણુઓની મુખ્યકાલરૂપે સત્તા તેમના મતે-પણ નથી. અને આ રીતે કાલાણુઓનો અભાવ સિદ્ધ થયે છતે સૂત્રકાર શ્વેતાંબરમતાનુસારી છે. એ સો

૧. "जीवा चेव कालो अजीवा चेव कालो त्ति पवुच्चइ"।

ટકા સિદ્ધ થાય છે. જો અગર એમ કહો કે કાલાણુઓ દિગંબરોને પણ માન્ય નથી તો આ વાત ખોટી છે કારણ કે તત્ત્વાર્થરાજવાર્તિકમાં (પૃ.૨૨) "वर्तनापरिणामक्रियापरत्वापरत्वे च कालस्य। (૫/૨૨)" સૂત્રની વ્યાખ્યામાં નિમ્નલિખિત ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. "કાલ બે પ્રકારે છે." ૧. પરમાર્થકાલ ૨. વ્યવહારકાલ. તેમાં પરમાર્થકાલ વર્તના સ્વરૂપ છે. ધર્માસ્તિકાયાદિ જેમ ગતિવિગેરેમાં ઉપકારક છે. તેમ પારમાર્થિકકાલ વર્તના વડે ઉપકાર કરે છે. તેવા કેવા સ્વરૂપનું છે, એવું પૂછતા હો તો સાંભળો કહીએ છીએ. લોકાકાશમાં જેટલા પ્રદેશો છે. તેટલા કાલાણુઓ છે. તેઓ પરસ્પર એકબીજાથી અસંસૃષ્ટ છે. અને એક આકાશપ્રદેશમાં એક એક કાલાણુ રહેલો છે, એમ લોકવ્યાપી છે.

તત્ત્વાર્થસૂત્રકારે તો નિશ્ચયકાલનો સ્વીકાર જ નથી કર્યો. તેથી નિશ્ચય કાલસ્વરૂપ તે કાલાણુઓનો તો સ્વીકાર ક્યાંથી થઈ શકે અને એથી જ તે કાલાણુઓના અવગાહનાક્ષેત્રનું પણ પ્રદર્શન નથી કર્યું. કાલાણુ હોય તો તેનું અવગાહનાક્ષેત્ર બતાડાય. જ્યારે કાલાણુઓ જ નથી તો અવગાહના ક્ષેત્ર કોનું બતાવું. 'मूलं नास्ति कुतः शाखा।' વળી જો કાલ એ મુખ્યદ્રવ્ય સ્વીકૃત હોત તો "अजीवकायाधर्माधर्माकाशपुद्गलाः" ૫/૧ સૂત્રમાં અજીવરૂપે તેનું (કાલનું) નામનું પણ ઉલ્લેખ કરવું જોઈતું હતું. કે જેનાથી એના પછીના સૂત્ર "द्रव्याणि जीवाश्च" ૫/૨ સૂત્રમાં કાલની પણ મુખ્ય દ્રવ્ય તરીકે ગણના થઈ શકત. પણ સૂત્રકારે તેવું ન કર્યું. તેથી એ નિશ્ચિત થાય છે કે કાલ એ મુખ્યદ્રવ્યરૂપ નથી. જો એમ કહેતાં હો કે "गुणपर्यायवत् द्रव्यम्" ૫/૩૫ સૂત્રમાં દ્રવ્યનું લક્ષણ કહ્યા પછી "कालश्च:" ૫/૩૮ સૂત્રમાં કાલને કહ્યું હોવાથી મુખ્યદ્રવ્ય તરીકે કાલની સિદ્ધિ થાય છે, તો તે વાત પણ અસંગત છે. કારણ કે જો ત્યાં (૫/૩૫ દ્રવ્યનું લક્ષણકથનસૂત્રની પછી) ઉલ્લેખ કરવાથી પણ કાલની મુખ્યદ્રવ્ય તરીકેની સિદ્ધિ થઈ શકતી હોય તો બધાએ દ્રવ્યોની મુખ્યદ્રવ્યતરીકેની સિદ્ધિ માટે ત્યાં (૫/૩૫ દ્રવ્યનું લક્ષણકથકસૂત્રની પછી) જ ઉલ્લેખ કરવું જોઈતુ હતું, પહેલા નહીં. બીજું એ કે ૫/૨ સૂત્રમાં "द्रव्याणि" (મુખ્યતયાદ્રવ્યપ્રતિપાદક) પદ જે કહ્યું તે પણ નિષ્ફળ = નિરર્થક થઈ જશે. કારણ કે તેના વિના જ અહીં ૫/૩૫ (દ્રવ્યના લક્ષણકથક) સૂત્રની પછી કહેવાથી મુખ્યદ્રવ્યનું પ્રતિપાદન થઈ જાય છે અને ખરેખર ૫/૩૫ના દ્રવ્યના લક્ષણકથક સૂત્રની પછી कालश्च સૂત્ર નથી પણ "कालश्चेत्येके" એવું સૂત્ર છે - જેનો અર્થ - કેટલાક કાળને પણ ઔપચારિક રીતે દ્રવ્ય માને છે એ થાય છે. પણ આ અર્થ દિગંબરોને ઈષ્ટ ન હોવાથી 'कालश्चेत्येके'નો इति एक ઉડાડીને 'कालश्च' આટલુ સૂત્ર સ્વીકાર્યુ, છતાં ઉપરોક્ત કહ્યા મુજબ એ સૂત્ર સ્વીકારવા છતાં પૂર્વાપર વિરોધ હોવાથી કાલાણુઓની સિદ્ધિ થઈ શકતી નથી.

D. સ્થાવરના ભેદોમાં ૩ અને ૫ એમ બંન્ને સંખ્યા આગમોમાં દેખાય છે. આમા કોઈ વિરોધ નથી. આ તો વિવક્ષાકૃત ભેદ છે.

[1]આચારાઙ્ગમાં, [2]ઉત્તરાધ્યયનના જીવાભિગમ-અધ્યયનમાં તત્ત્વાર્થની જેમ સ્થાવરના ત્રણ જ ભેદ કહ્યા છે. અને એ જ ઉત્તરાધ્યયનના અધ્યયન ૨૬ની ગાથા ૩૧માં તથા દશવૈકાલિકના[3] ૪થા અધ્યયનમાં સ્થાવરના પાંચ જ ભેદ કહ્યાં છે. અને પછી ત્રસકાયની વ્યાખ્યા કરી છે.

દિગંબરોમાં પણ [4]સર્વાર્થસિદ્ધિ માન્ય સૂત્રપાઠમાં સ્થાવરના પાંચ ભેદ કહ્યા છે. જ્યારે શ્રી કુન્દકુન્દાચાર્યજીએ [5]પંચાસ્તિકાયમાં (ગા. ૧૧૦-૧૧૧) સ્થાવરના ત્રણ જ ભેદ કહ્યાં છે. અને ત્યાં જ આગળ જઈને ગા. ૧૧૩ માં પ્રશમરતિની જેમ પાંચે સ્થાવરની વ્યાખ્યા એક સાથે કરી છે.

---

૧. आंचारांग श्रुतस्कंध-१ अध्ययन-१ उद्देशो-६,७ २. उत्तराध्ययन-३६/६९, १०७ ३. दशवैकालिक, अध्याय-४/गा.४
४. सर्वार्थसिद्धि २/१३ ५. पंचास्तिकाय ११०/१११ तथा ११३.

શ્રી કુંદકુંદાચાર્યના એક જ ગ્રંથમાં સ્થાવરના ભેદમાં જે ૩ અને ૫ ની બંન્ને સંખ્યા એક જ ઠેકાણે ઉપલબ્ધ થાય છે તેથી શું એમ માનશો કે પંચાસ્તિકાય બે ભિન્નાચાર્યોની રચના છે અથવા માત્ર એક સંકલિત ગ્રન્થ છે.

આ વર્ગીકરણની બંને શૈલીમાં કોઈ સૈદ્ધાન્તિક વિરોધ પણ નથી. જ્યારે ષડ્જીવનિકાયનું એકેન્દ્રિય અને બેઇન્દ્રિયાદિની અપેક્ષાએ વર્ગીકરણ કરવાનુ હોય ત્યારે પૃથ્વી આદિ પાંચને એક વર્ગમાં અને ત્રસને બીજા વર્ગમાં રાખે છે. પણ જ્યારે ગતિશીલતાની અપેક્ષાએ વર્ગીકરણ કરાય છે ત્યારે પૃથ્વી આદિ ત્રણને સ્થાવર તથા અગ્નિ અને વાયુને ત્રસ કહેવાય છે. અથવા "સ્થગનશીલાઃ સ્થાવરાઃ" આ વ્યુત્પત્તિથી "સ્વભાવથી સ્થિર જ રહે" એનુ નામ સ્થાવર. પૃથ્વી, અપ્, વનસ્પતિ સ્થિર રહેવાવાળા છે એથી આ ત્રણેને જ સ્થાવર કહેવું અનુચિત નથી.

જો કે નદી આદિના પ્રવાહાદિ દેખાય છે તેથી અપ્કાયને સ્થાવર કઈ રીતે કહેવાય? એવી શંકા થશે. પણ એ શંકા બરાબર નથી કારણ કે સ્થળના નીચાપણાના કારણથી જલનું ગમન છે, નહિ કે સ્વભાવથી. આ રીતે આમાં બીજાની સહાયથી ગમન થાય છે પણ અગ્નિ, વાયુની જેમ સ્વતઃ ગમન નથી તેથી અપ્કાયને સ્થાવર કહેવાય છે. અગ્નિ અને વાયુ તો સ્વભાવથી જ ગમન કરે છે એથી એમને ત્રસ માનવામાં કોઈ બાધા નથી.

સુખ-દુઃખની ઇચ્છાથી હલન-ચલન કરે એને જ ત્રસ કહેવાય બીજાને નહિં જ. એવું એકાંતે ન કહી શકાય, કારણ કે લોકમાં કહેવાતી 'ત્રસરેણું' (બારી આદિમાંથી આવતા તડકાના કિરણોમાં ઉડતા દેખાતા ધૂળ જેવા કણીયા) જડ પદાર્થમાં છે કે જે સ્વભાવથી સ્થિર છતાં વાયુ આદિના કારણે પૂર્વાદિ દિશામાં ઉડે છે. પરપ્રેરિત તે સૂક્ષ્મ ધૂલના કણો વ્યવહારથી જેવી રીતે 'ત્રસરેણુ' તરીકે કહી શકાય તેવી જ રીતે 'સ્વાભાવિક ગમનના સ્વભાવવાળા' = ગમનશીલ એવી વ્યુત્પત્તિના આધારે વાયુ અને અગ્નિને પણ ત્રસ કહી શકાય છે. અલબત્ત એમને સ્વાભાવિક ગતિના કારણે ત્રસ કહીશું, પણ તેઓમાં સુખ-દુઃખહેતુક હલન-ચલન ન હોવાથી લબ્ધિથી સ્થાવર કહીશું.

ધવલા ટીકામાં સ્થાવરનામકર્મના ઉદયથી અગ્નિ અને વાયુને સ્થાવર કહ્યા છે તથા શ્રી કુન્દકુન્દાચાર્યની પંચાસ્તિકાયની ટીકામાં શ્રી જયસેનાચાર્યજીએ પૃથ્વી-અપ્-વનસ્પતિ - એ ત્રણને સ્થાવર નામકર્મના ઉદયથી સ્થાવર કહ્યા છે પણ વાયુ-અગ્નિને પાંચ સ્થાવરમાં વર્ગીકૃત કરવા છતાં પણ ચલનક્રિયા દેખાતી હોવાથી વ્યવહારથી ત્રસ કહેવાય છે. આ પ્રમાણે દિગંબર ગ્રંથોમાં પણ સ્થાવરનામકર્મનો ઉદય અથવા નિશ્ચય અને વ્યવહારની અપેક્ષાએ એકેન્દ્રિયમાં ત્રસ-સ્થાવર બંનેનો સમન્વય સાધ્યો છે. એથી આ વ્યાખ્યાની ભિન્ન શૈલીની અપેક્ષાએ પ્રશમરતિકાર અને ભાષ્યકાર જુદા છે એમ ન કહી શકાય.

૪. **પં. શ્રી નાથુરામ પ્રેમીજી લખે છે કે** - "દિગંબરીય પટ્ટાવલીઓમાં, શિલાલેખોમાં પરસ્પર વિરોધો દેખાય છે એકવાક્યતા નથી. માટે એ પટ્ટાવલી વગેરેની પ્રામાણિકતા સંદિગ્ધ છે. અને આ જ દશા શ્વેતામ્બરીય પટ્ટાવલીયોની પણ છે એથી શ્રી ઉમાસ્વાતિજી યાપનીય સંપ્રદાયના હશે એવી સંભાવના કરાય છે."

**સમીક્ષા** A. જિનસેનનું હરિવંશ પુરાણ પણ એ જ પુન્નાટસંઘનો ગ્રંથ છે કે જે યાપનીયોના ""પુન્નાગવૃક્ષમૂલગણ" માંથી આવ્યો છે. તેમાં વી. સં. ૬૮૩ ની પછીના પોતાની પરમ્પરાના આચાર્યોની એક લાંબી સૂચી આપેલી છે. જેમાં અનેક યાપનીય આચાર્યો છે છતાં એ સૂચીમાં શ્રી ઉમાસ્વાતિજીનું

નામ પણ નથી તો કઈ રીતે કહી શકાય કે શ્રી ઉમાસ્વાતિજી મહારાજ યાપનીય હતા ?

B. જે સ્થવિરાવલી અને પટ્ટાવલી વર્તમાનમાં આપણને ઉપલબ્ધ છે તે બધી પરમ્પરાવિશેષ (= શાખા-પ્રશાખા વિશેષ) થી જોડાએલી હોય છે. જ્યારે એક સમયમાં અનેક આચાર્ય હોય ત્યારે તે બધાની પરમ્પરા વિશેષનો પટ્ટાવલીઓમાં ઉલ્લેખ નથી થતો. વળી જે આચાર્યની પરમ્પરા દીર્ઘજીવી ન હોય, તેમના નામો પ્રાયઃ લેવામાં આવતાં ન હતા, આજે એવા પણ ઘણા ગણ, કુલ, શાખાઓ છે જેના ઉલ્લેખો મળે છે છતાં એમની આચાર્ય પરમ્પરાના સંબંધમાં આપણે કાંઈ નથી જાણતાં.

C. કલ્પસૂત્ર સ્થવિરાવલી, મથુરાના અભિલેખો અને તત્ત્વાર્થની પ્રશસ્તિ આ ત્રણેના સમન્વયથી એ ફલિત થાય છે કે વી.સં.૪૭૧માં ઉચ્ચનાગરી શાખા તે આર્ય શાન્તિશ્રેણિકથી નીકળી હતી, તેમાં શ્રી ઉમાસ્વાતિજી મહારાજ થયા. એમના પ્રગુરુ શ્રી શિવાર્ય એજ આર્ય શાન્તિશ્રેણિક હતા, અને ચારે દિશામાં જેમની કીર્તિ ફેલાએલી છે એવા મહાવાચક શ્રી મૂલાચાર્ય = યુગપ્રધાનાચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિજી એમના વિદ્યાગુરુ હતા વગેરે.

D. આ પ્રમાણે શ્વેતામ્બરીય ગ્રંથો અને સ્થવિરાવલી પ્રમાણે શ્રી ઉમાસ્વાતિજી મહારાજનું સંપૂર્ણ જીવનચરિત્ર, ગુરુપરંપરા વગેરે મળે જ છે. જ્યારે દિગંબરીય અને યાપનીય પરંપરામાં ઉચ્ચનાગરીશાખા, 'વાચક' વિશેષણ, ગુરુ પરંપરા, એમના રચેલા અન્ય ગ્રંથો કે એ ગ્રંથોની સંખ્યા, એમના માતા પિતાનું નામ, ગામ, જન્મસ્થળ, ગ્રંથરચના સ્થળ, ગ્રંથ રચના પ્રયોજન વગેરે કાંઈ પ્રાપ્ત થતા નથી.

E. શ્વેતામ્બરોને આગમોની જેમ તત્ત્વાર્થસૂત્ર અને એનું સ્વોપજ્ઞ ભાષ્ય પણ ઉત્તરાધિકારમાં પ્રાપ્ત થયું છે. જ્યારે દિગંબરોને તત્ત્વાર્થસૂત્ર સીધે સીધુ નથી મળ્યું. શ્વેતાંબરમાંથી (શિવભૂતિજીના અન્વયે) યાપનીયો પાસે આવ્યું અને યાપનીયો પાસેથી દિગંબરોને મળ્યું.

F. યાપનીય ત્રિલોકપ્રજ્ઞપ્તિ વગેરે ગ્રંથોમાં જે તત્ત્વાર્થની ઉક્ત વાતોની સામ્યતા દેખાય છે એનું પણ મૂલ કારણ એ જ જણાય છે કે યાપનીયોની પાસે જે આગમગ્રન્થો ઉપલબ્ધ હતાં તે માથુરી વાચના કે એના પણ પૂર્વના હશે. ભગવતીઆરાધનાની વિજયોદય ટીકામાં આગમોના જે અંશ કે ઉદાહરણો ઉપલબ્ધ થાય છે તે પણ સમ્ભવતઃ માથુરી વાચના કે એના પૂર્વના છે. તેથી ત્રિલોક પ્રજ્ઞપ્તિ વગેરે ગ્રંથોની સામ્યતા હોવા છતાં પણ તત્ત્વાર્થસૂત્રના કર્તા ઉમાસ્વાતિજીને શ્વેતામ્બરીય માનવામાં કોઈ બાધા આવતી નથી કારણકે ત્રિલોકપ્રજ્ઞપ્તિ વગેરે યાપનીય ગ્રંથો પણ આગમો ઉપરથી જ રચાયા છે.

G. કાલને સ્વતન્ત્ર દ્રવ્ય માનવાનું, ત્રસ-૩ અને સ્થાવર-૩ વગેરે બાબતો જે તત્વાર્થસૂત્રમાં છે તે વિવક્ષાના ભેદે આગમોમાં પણ કહેવાઈ જ છે. બીજી વાત એ કે તત્ત્વાર્થભાષ્યમાં કહેલી, અંતરદ્વીપની સંખ્યા, પુરૂષવેદાદિ પુણ્ય પ્રકૃતિ વગેરેની માન્યતાઓનો વર્તમાન આગમોમાં તફાવત દેખાય છે. અંતરદ્વીપ વિશે શ્રી સિદ્ધસેનગણિજીએ તત્ત્વાર્થ અ.૩/સૂ.૬ની ટીકા (પૃ.૨૬૭)માં લખ્યું છે કે- "કોઈ દુર્વિદગ્ધે ભાષ્યનો આ અંશ વિકૃત કર્યો હશે." તથા પુરુષવેદાદિને પુણ્યપ્રકૃતિ કહેવાનું કારણ ચિરંતનાચાર્યકૃત ટીપ્પણીમાં "सद्वेद्यसम्यक्त्वादिसूत्रे सम्यक्त्वस्य शुद्धपुञ्जत्वात्, हास्यरत्योः पुण्याश्रवं विनानुपपत्तेः, पुरुषवेदस्य पवित्रकीर्तित्वात् पुण्यत्वविवक्षा।" આ પંક્તિઓથી દર્શાવ્યુ છે. તેમજ શ્રી ઉમાસ્વાતિજી મહારાજ વલ્લભી વાચના (વીર. સં. ૯૮૦) ના ૪૦૦ થી ૫૦૦ વર્ષ પૂર્વે થયા છે એથી એ સ્વાભાવિક છે કે એમના મન્તવ્યો અને વલ્લભીવાચનાના આગમોમાં આંશિક ફેર હોય. એ પણ સમ્ભવ છે કે કદાચ વલ્લભી વાચનાના સમયે મધ્યદેશ સ્થિત ઉચ્ચનાગર શાખાના પ્રતિનિધિ આચાર્યો અનુપસ્થિત હોય અને એમના મન્તવ્યોનું સંકલન નહિં થઈ શક્યું હોય.

તેથી વલ્લભી વાચનાના સંકલનમાં એમની માન્યતાઓનો કાંઈ મતભેદ થઈ ગયો હોય, એ સ્વભાવિક છે. પણ એનું તાત્પર્ય એ નથી કે શ્રી ઉમાસ્વાતિજીની સામે કોઈ જુદા આગમો હતા. વલ્લભી વાચનામાં આગમના સંકલન થતાં પૂર્વે અનેક ગણો, શાખાઓ અને કુલોના જૈન આચાર્યો પાસે સ્વગુરુ પરંપરાથી આવેલા આગમો હતાં. અને એમાં મૌખિક અધ્યયન-અધ્યાપનની પરંપરા, ૧૨ વર્ષીય દુકાલ, પુનરાવર્તનાદિ સ્વાધ્યાયના વિક્ષેપ આદિના લીધે જે મતભેદ - પાઠભેદો - અક્ષરભેદ - સૂત્રભેદાદિ થઈ ગયા હતા તેઓનું જ વલ્લભી વાચનામાં સંકલન કરવામાં આવ્યું હતું. ત્રુટિત પાઠોની પૂર્તિ કરી, મતભેદ-પાઠભેદોનો સમન્વય કરી યોગ્ય જણાતાં બીજા પણ પાઠોને પાઠાંતર તરીકે યથાયોગ્ય સમાવેશ કરી મોટાભાગના આગમોનું સંકલન કરી લેવામાં આવ્યું હતું છતાં કેટલાક પાઠભેદ-મતભેદોનું સંકલન-સંશોધન નથી પણ થયું. એથી ૨-૪ સ્થળે આગમ-ભાષ્યનો મતભેદ જોઈ એ સિદ્ધ ન કરી શકાય કે વાચક શ્રી ઉમાસ્વાતિજી મહારાજ શ્વેતામ્બર પરંપરાના ન હતા.

બીજી વાત એ કે મતભેદ માત્ર શ્વેતામ્બર પરંપરામાં જ છે એવું નથી. પરંતુ દિગંબર પરંપરા જેને પોતાના ગ્રંથો માને છે એમાં ય છે. દા.ત. કસાયપાહુડના ક્ષપણા અધિકારની ચૂલિકાની માન્યતા અને ષટ્ખંડાગમના સત્કર્મ પ્રાભૃતની માન્યતામાં પણ મતભેદ દેખાય છે. સ્વયં ધવલા ટીકાકારને આ કહેવું પડ્યું કે "બન્ને પ્રકારના વચનોમાંથી કોને સાચા માનવા, એ શ્રુત કેવળી કે કેવળી જાણે બીજા કોઈ નહિં" જો કસાયપાહુડ અને ષટ્ખણ્ડાગમમાં મતભેદ હોવા છતાં એક જ પરંપરાના ગ્રંથ માની શકાય તો વાચકશ્રીને શ્રી ઉમાસ્વાતિજી કે જેઓનું વચન નયસાપેક્ષ છે, તેમને આગમિક પરંપરાના માનવામાં શું વાંધો?

## ૯. તત્વાર્થાધિગમસૂત્રનું ભાષ્ય સ્વોપજ્ઞ છે :

વાચકશ્રીએ સૂત્ર રચ્યું સાથે સાથે એના ઉપર ભાષ્ય પણ રચ્યું છે. આ ભાષ્ય સરળ-સુગમભાષામાં રચ્યું છે.

૧. જ્યાં[1] સૂત્રાનુસારી વાક્યો વડે સૂત્રના અર્થ અને સ્વ(ભાષ્યના) પદો વર્ણન કરાય છે, તે ભાષ્ય કહેવાય... આ ભાષ્યનું લક્ષણ પ્રસ્તુત તત્ત્વાર્થ ભાષ્યમાં બરાબર દેખાય છે. સાથે સાથે ભાષ્યને સ્વોપજ્ઞ સિદ્ધ કરનાર એક શાસ્ત્રીય લક્ષણ પણ ભાષ્યમાં બરાબર પ્રતિબિંબિત થાય છે. તે આ રીતે કે-

૨. "સૂત્રમાં[2] નહિ કહેવાયેલી એવી માલા સરખી (= સૂત્રને બંધ બેસતી) વાતને વૃત્તિમાં કહેવાય છે. એનાથી જ સિદ્ધ થઈ જાય છે કે સૂત્રકાર અને વૃત્તિકાર એક છે." આ વાત તત્ત્વાર્થસૂત્ર અને ભાષ્યની એકતા જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે-

૩. "તત્ત્વાર્થાધિગમ નામના ગ્રંથને હું કહીશ." એમ કહી આ સૂત્રનું 'તત્ત્વાર્થાધિગમ' એવું નામ પણ ભાષ્યકારશ્રીએ ૧/૨૨ મી સંબંધ કારિકાથી સૂચિત કર્યું છે.

૪. 'મોક્ષમાર્ગને હું કહીશ.' એમ કહી મોક્ષમાર્ગના કથનનો ઉપક્રમ ભાષ્યકારશ્રીએ ૩૧મી કારિકામાં કર્યો છે, અને, તે અપેક્ષીને જ "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એવું પ્રથમ સૂત્ર રચાયું છે. જો આ ઉપક્રમની અપેક્ષાએ ન રચાયું હોત તો સૂત્ર 'सम्यग्दर्शनज्ञानचारित्रेण मोक्षः' આવું થાત.

---

૧. सूत्रार्थो वर्ण्यते यत्र वाक्यैः सूत्रानुसारिभिः । स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ।।१।।

૨. "एतदेव सूत्रं सूत्रवृत्तिकृत्तोरेकत्वे ज्ञापकम्, मालोपमायाः सूत्रावनुक्ताया वृत्तावेव कथनात्" (काव्यमाला - १९/२ पृ.३२९)

૫. 'છ' પુરુષોના કથનપૂર્વક ૨૧મી કારિકામાં ઉત્તમોત્તમ પુરુષ તરીકે શ્રી વીરપ્રભુને નમસ્કાર કરવા વડે મંગળ કરાયું છે. અને ૨૨મી કારિકામાં પ્રયોજનાદિ કહેવાયા છે. આ રીતે સૂત્રનું અનુબંધ ચતુષ્ટય વિવરણ ભાષ્યગત સંબંધ કારિકામાં સમાવી લીધું છે.

૬. ૨૩થી ૨૬ કારિકામાં સંગ્રહની અશક્યતાનું પ્રતિપાદન કર્યું છે. એનાથી પણ ભાષ્યકાર જ સૂત્રકાર છે, એ સિદ્ધ થાય છે. અન્યથા જો બીજા ભાષ્યકર્તા હોત તો તે સૂત્રકારના માહાત્મ્યનું પ્રદર્શન કરત. પણ સંગ્રહની અશક્યતાનું પ્રતિપાદન ન કરત.

૭. મહાવ્રતની ૫-૫ ભાવનાનાં પ્રતિપાદક (૭/૩) સૂત્રમાં અનુક્ત તે ભાવનાઓના નામનો નિર્દેશ ભાષ્યમાં કરવામાં આવ્યો છે. સિદ્ધિગતિના હેતુ-પ્રતિપાદક સૂત્રમાં અનુક્ત હેતુના દૃષ્ટાંતો ભાષ્યમાં સમાવી લેવાયા છે.

૮. શ્રી હરિભદ્રસૂરિજીમહારાજે, શ્રી વાદિદેવસૂરિજીમહારાજે, શ્રી હેમચંદ્રસૂરિજીમહારાજે પોતપોતાના ગ્રંથમાં જેમ વાચકશ્રીને તત્ત્વાર્થસૂત્રના કર્તા તરીકે દર્શાવ્યા છે, તેમ સ્યાદવાદમંજરી ગ્રંથમાં શ્રી મલ્લિસેનસૂરિજી મહારાજે તત્ત્વાર્થભાષ્યના કર્તા તરીકે વાચકશ્રીને દર્શાવ્યા છે.

તથા **દ્વાદશારનયચક્ર**ની ટીકામાં શ્રી સિંહસૂરિ મહારાજે તત્ત્વાર્થભાષ્યને[1] ઉદ્ધૃત કર્યું છે. વિશેષમાં હરિભદ્રસૂરિ મ.સા. **તત્ત્વાર્થ (અ.૨ સૂ.૪૩)** સૂત્રની ટીકામાં "एतन्निबन्धनत्वात् सारस्येति स्वाभिप्रायमभिधाय मतान्तरमुपन्यसन्नाह एकेत्त्वित्यादिना" આવો ઉલ્લેખ કર્યો છે તે પણ ભાષ્ય સ્વોપજ્ઞ છે, એ હકીકતનું સમર્થન કરે છે. સિદ્ધસેનગણિજીએ તત્ત્વાર્થસૂત્ર (અ.૯, સૂ.૨૨)ની ટીકા (પૂર્વમુદ્રિત પૃ.૨૫૩)માં " स्वकृतसूत्रसन्निवेशमाश्रित्योक्तम् ", એમ જે કહ્યું છે તે આ ગણિવર્ય ભાષ્યને સ્વોપજ્ઞ માને છે એ વાતનું ઘોતક છે. તેમજ ૧/૧૧ તત્ત્વાર્થસૂત્રની ટીકામાં "शास्तीति च ग्रन्थकार एव द्विधा आत्मानं विभज्य सूत्रकारभाष्यकाराकारेणैवमाह-शास्तीति सूत्रकार इति शेषः।" આ પદો દ્વારા સ્પષ્ટપણે સૂત્રકાર અને ભાષ્યકાર એક છે એમ કહ્યું છે.

૯. ભાષ્ય સ્વોપજ્ઞ છે. સ્વયં સૂત્રકાર વાચકશ્રી ઉમાસ્વાતિજી મહારાજે રચ્યું છે. એ વાતમાં શ્વેતાંબરાચાર્યોને કોઈ વિવાદ નથી. એથી શ્વેતાંબરસંપ્રદાયમાં જેટલી પણ ટીકાઓ રચાઈ છે તે દરેક ભાષ્યસહિતના સૂત્રો ઉપર જ રચાઈ છે.

શ્રી સામંતભદ્રાચાર્યજી અને આચાર્યશ્રી ગંધહસ્તીજીનું ગંધહસ્તી મહાભાષ્ય પણ ભાષ્યાનુસારી જ હતું. આવું માનવા પાછળ ત્રણ કારણ છે.

૧) ભાષ્યાનુસારી જે હારિભદ્રીયાદિ ટીકાઓ છે તેની સામ્યતા જેમ સિદ્ધસેનીય ટીકામાં જોવા મળે છે તેમ ગંધહસ્તી મહાભાષ્યના જે છૂટક ઉદ્ધરણો મળે છે તેની પણ ઘણા અંશે સામ્યતા સિદ્ધસેનીય ટીકામાં જોવા મળે છે.

માત્ર સૂત્રાનુસારી સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક આદિ જે દિગંબરીય ટીકાઓ છે તેમાં જેમ ભાષ્યાનુસારી હારિભદ્રીયાદિ ટીકાની જરા પણ સામ્યતા દેખાતી નથી તેમ ગંધહસ્તી મહાભાષ્યના ઉદ્ધરણોની પણ જરાય સામ્યતા દૃષ્ટિગોચર થતી નથી.

૨) બન્ને ગંધહસ્તી મહાભાષ્યના કર્તા શ્વેતામ્બર આચાર્ય હતા. દિગંબરોની જેમ શ્વેતાંબરોએ તત્ત્વાર્થસૂત્રનું સ્વોપજ્ઞભાષ્ય ફગાવ્યું નથી. (દિગંબરોએ શા કારણે સ્વોપજ્ઞ ભાષ્ય ફગાવી દીધું તે વાત

૧. "लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः । (**तत्त्वार्थभाष्य** ૧/૩૫)

પૃ.૨૮ માં ૨૪માં મુદ્દામાં કહેલી છે.) શ્વેતામ્બર આચાર્યોએ તત્ત્વાર્થ સૂત્ર ઉપર જે કોઈ ટીકા-વિવરણ રચ્યાં છે તે બધાએ ભાષ્યના અનુસારે જ છે. તેથી ગંધહસ્તી મહાભાષ્યના કર્તા શ્વેતામ્બર હોવાથી એ બન્ને મહાભાષ્ય ભાષ્યાનુસારી જ હતાં એ સિદ્ધ થાય છે.

૩) સૂત્રાનુસારી ટીકા રચનાર સૂત્રગત પદ ઉપર જ વિવેચન કરે, તેવો નિયમ છે. સૂત્રગત પદોને છોડી સ્વતઃ કાંઈ ન્યૂનાધિક વિવેચન ન કરી શકે. જ્યારે સૂત્ર ઉપર ભાષ્ય રચનાર માટે એ નિયમ નથી. ભાષ્ય કર્તા તો સૂત્રગત પદોથી અને સ્વ (ભાષ્ય) પદોથી પણ વિવક્ષા મુજબ યથાયોગ્ય ન્યૂન કે અધિક અર્થ વિવેચન કરી શકે છે.

ટીકાકાર તો સૂત્રની પંક્તિએ પંક્તિએ ચાલે. સૂત્ર પંક્તિનું અર્થ કરી ચરિતાર્થ થઈ જાય છે. જ્યારે ભાષ્યકાર દરેક પંક્તિનો અર્થ કરે જ એવો નિયમ નથી, એમને સુગમ જણાતી પંક્તિના અર્થ ન પણ કરે અને ક્યાંક અતિ દુર્ગમ જણાતી પંક્તિના તાત્પર્યાર્થ સુધી પહોંચવા સ્વ(ભાષ્ય) પદોથી અધિક પણ અર્થવિવેચન કરી શકે છે. શાસ્ત્રમાં તો સૂત્રને અંધ સ્થાનીય કહ્યા છે. એક સૂત્રના અનેક અર્થો નીકળતાં હોય છે. ત્યાં જે અર્થ ૧. પૂર્વાપર સંગત હોય, ૨. આગમાનુસારી હોય, ૩. ગીતાર્થસંવિગ્ન પરંપરા અનુસારી હોય. તે જ અર્થ ગ્રાહ્ય બને.

સૂત્રના આવા સાચા અર્થોનું જ્ઞાન, તેના તાત્પર્યાર્થો અને રહસ્યાર્થોનું જ્ઞાન તો એના ભાષ્ય ઉપરથી જ મળી શકે. તેથી ભાષ્ય ન હોય તો સૂત્રનાં સાચા અર્થો કયા ? તેની કાંઈ ગતાગમ ન પડે, બધા સ્વમતિથી એક જ સૂત્રના પરસ્પરવિરુદ્ધ અનેક અર્થો કરે રાખે. જેના કારણે કોઈ એકપણ અર્થ શ્રદ્ધેય ન બની શકે. તેથી સૂત્રના સાચા અર્થો સમજવા સૂત્ર ઉપર ભાષ્ય રચવાની પરંપરા પ્રાચીન કાલથી ચાલતી આવે છે. મોટાભાગે સૂત્રકાર પોતે જ સૂત્ર ઉપર ભાષ્ય રચતા હોય છે, જે સહુથી પ્રમાણિક ગણાય. કારણ કે પોતે જ સૂત્ર રચ્યું છે અને એનું ભાષ્ય પણ સ્વયં રચે છે એથી એમાં સ્વ(સૂત્રકાર)ના આશય વિરુદ્ધ કોઈ અર્થ થવાની શક્યતા જ નથી. આવા ભાષ્યને સ્વોપજ્ઞભાષ્ય કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રનું ભાષ્ય પણ સ્વોપજ્ઞ જ છે. ક્યારેક સૂત્ર ઉપર ભાષ્ય સૂત્રકાર પોતે ન લખી શક્યા હોય તો પશ્ચાત્વર્તિ સમર્થ આચાર્યો ઉપરોક્ત ત્રણ બાબતોને ધ્યાનમાં લઈ સૂત્ર ઉપર ભાષ્ય રચે. એ ભાષ્ય પણ એટલું જ પ્રમાણિક કહેવાય કે જેટલું સૂત્ર અને સ્વોપજ્ઞ ભાષ્ય. એટલે ભાષ્ય સૂત્રનો જે અર્થ નક્કી કરે એ અર્થ જ પ્રમાણિક કહેવાય. માટે સર્વ ટીકાકારો ભાષ્યાનુસારી ટીકાની રચના કરે છે. તેમજ જે માત્ર સૂત્રાનુસારી ટીકા રચે છે તે ટીકા પણ જો ભાષ્ય અવિરુદ્ધ હોય તો જ પ્રમાણિક બની શકે. જો ભાષ્યથી વિરુદ્ધ સૂત્રનો અર્થ કરી નાંખે તો એ ટીકા પ્રમાણિક ન બને. આ નિયમ માત્ર જૈન દર્શનમાં છે તેવું નથી પણ સર્વ દર્શનોમાં આ જ નિયમ છે.

પાણિની વ્યાકરણની જેટલી પણ ટીકાઓ છે તે દરેકમાં પતઞ્જલીના ભાષ્યથી વિરુદ્ધ એક પણ સૂત્રનો અર્થ કરેલો નથી. પતઞ્જલીના યોગસૂત્ર ઉપર જે તત્ત્વવૈશારદી વગેરે ટીકાઓ છે તે પણ વ્યાસમુનિના ભાષ્યાનુસારી જ છે. તેથી દરેક ટીકાકારે સૂત્રના સાચા અર્થને સમજવા, તાત્પર્યાર્થ અને ઐદંપર્યાર્થ સુધી પહોંચવા ભાષ્યને અનુસરવું જ પડે. અને આ જ બલવાન હેતુથી બન્ને ગંધહસ્તી મહાભાષ્યો સ્વોપજ્ઞ ભાષ્યાનુસારી હશે એ કહેવામાં કોઈ બાધ નથી.

જેમ વર્તમાન કાળે સ્વોપજ્ઞ ભાષ્ય ઉપર રચાયેલી સિદ્ધસેનીય ટીકા સહુથી મોટી હોવાથી મોટા ભાગના જૈન સમાજમાં ગંધહસ્તી મહાભાષ્ય તરીકે જ પ્રસિદ્ધિને પામેલી છે તેમ સ્વોપજ્ઞભાષ્ય ઉપર અતિવિસ્તારથી રચાયા હોવાથી આ બન્ને વિવરણો મહાભાષ્યના નામે પ્રસિદ્ધ થાય તેમાં કોઈ આશ્ચર્ય નથી, સ્વભાવિક જ છે.

૧૦. શ્વેતામ્બર બન્ને (શ્રી સિદ્ધસેનગણિજી, શ્રી હરિભદ્રસૂરિજી) ટીકાકારોએ સૂત્ર-ભાષ્યને પોતાની પરમ્પરાના માન્યા છે. અને જ્યાં સૂત્ર અથવા ભાષ્ય સાથે વિરોધ દેખાય ત્યાં તેનો સ્પષ્ટ નિર્દેશ કરી દે છે. અથવા તો આગમ સાથે એનો સમન્વય-સાધી આપે છે. અથવા એમ માની લે કે આ વાત આચાર્યની પોતાની પરમ્પરાની હશે અથવા કોઈ દુર્વિદગ્ધે ભાષ્યનો આ અંશ વિકૃત કર્યો હશે (દા.ત. જુઓ ૩/૧૬ સૂત્રની તત્ત્વાર્થસિદ્ધસેનીય ટીકા (મુદ્રિત પુ. પાનં ૨૬૭)

૧૧. દરેક શ્વેતામ્બર વિદ્વાનોમાં, ટીકાકારોમાં આ મતૈક્ય છે કે તત્ત્વાર્થસૂત્ર અને એનું ભાષ્ય એમની પોતાની જ પરમ્પરાના છે. જ્યારે તત્ત્વાર્થસૂત્રના પ્રાચીન દિગંબર ટીકાકાર મૂલગ્રંથ ઉપર વિસ્તૃત ટીકા રચીને પણ ગ્રંથકારના માટે બે શબ્દ પણ લખતા નથી એના ઉપરથી નક્કી થાય છે કે તેઓ તેમના વિષયમાં કાંઈ જાણતા નથી અથવા જાણે છે છતાં લખતા નથી કેમકે એમની પોતાની પરમ્પરાના નથી. અતઃ એમનો ઉલ્લેખ જ કેમ કરવો ?

૧૨. પ્રાચીન કાલમાં ગ્રંથકર્તા મૂલગ્રન્થમાં પોતાના કર્તા રૂપે ઉલ્લેખ ન કરી જિનવાણી પ્રત્યે પોતાનો વિનય પ્રદર્શિત કરતાં હતાં એ વાત બરાબર છે પણ પૂજ્યપાદ દેવનંદી અને ભટ્ટ અકલંકદેવ તો તત્ત્વાર્થના ટીકાકાર છે - એમને સૂત્રકર્તાનો ઉલ્લેખ કરવામાં શું વાંધો હતો ? ઉલટુ એમની આ ઉલ્લેખની રીત કૃતજ્ઞતાના ઉપદેશરુપ બની જાત. વળી એ સમયમાં ગ્રંથની શરૂઆતમાં પૂર્વજ આચાર્યોને સ્મરણ કરવાની પરમ્પરા પણ પ્રચલિત હતી તો પછી દિગંબર પરંપરાની પ્રાચીન ટીકાઓમાં સૂત્ર કર્તા - શ્રી ઉમાસ્વાતિજીનો ઉલ્લેખ કેમ નથી કર્યો ? આનું એક માત્ર કારણ એ છે કે તેઓ તેમને પોતાની (= દીગંબર) પરંપરાના માનતા ન હતા. આવી જ પરિસ્થિતિ શ્રી વિમલસૂરિજીના સંબંધમાં પણ રહી છે. પદ્મચરિત અને પઉમચરિયંમાં શ્રી વિમલસૂરિજીના 'પઉમચરિયં'નું અનુસરણ કરવા છતાં પણ એમના નામનો ક્યાંય પણ ઉલ્લેખ નથી કર્યો.

૧૩. **પ્રો. હર્મન જેકોબી, પ્રો. વિન્ટર્નિત્સ, પં. સુખલાલજી** આદિ દેશવિદેશના વિદ્વાનો ભાષ્યને નિશ્ચિતરૂપે સ્વોપજ્ઞ તરીકે સ્વીકારે છે. દિગંબર વિદ્વાન **પં. નાથૂરામજી પ્રેમી** સ્વયં લખે છે કે - "ભાષ્યની લેખન શૈલી પ્રસન્ન અને ગંભીર હોવા છતાં પણ દાર્શનિકતાની દૃષ્ટિથી અલ્પવિકસિત અને અલ્પપરિશીલિત છે. સંસ્કૃતના લેખન અને જૈન સાહિત્યના દાર્શનિક શૈલીના જે વિકાસની પછી સર્વાર્થસિદ્ધિ લખાઈ છે, એ વિકાસ ભાષ્યમાં દેખાતો નથી. અર્થની દૃષ્ટિએ પણ સર્વાર્થસિદ્ધિ (ભાષ્યની અપેક્ષાએ) અર્વાચીન લાગે છે. જે વાત ભાષ્યમાં છે, સર્વાર્થસિદ્ધિમાં એનો જ વિસ્તાર કરીને અને એના પર અધિક ચર્ચા કરીને નિરૂપણ કરાયું છે. ભાષ્યની અપેક્ષાએ એમાં તાર્કિકતા વધારે છે અને અન્ય દર્શનોનું ખંડન પણ ઘણું છે. વ્યાકરણ અને જૈનેતર દર્શનોની ચર્ચા પણ એમા અધિક છે. જૈન પરિભાષાઓનું જે સ્પષ્ટીકરણ અને વક્તવ્યનું પૃથક્કરણ સર્વાર્થસિદ્ધિમાં છે તે ભાષ્યમાં અલ્પ છે. આ બધી વાતો સર્વાર્થસિદ્ધિથી ભાષ્યને પ્રાચીન સિદ્ધ કરે છે.

૧૪. ભાષ્યકાર અને સૂત્રકાર ભિન્ન નથી કારણ કે પોતે ભાષ્ય રચતી વખતે સૂત્રને લક્ષમાં રાખીને કારિકાઓ રચી છે, તેમજ, તેમાં જોડી દીધી છે. અને છેલ્લે સૂત્ર અને ભાષ્ય બન્નેના કર્તારૂપે પોતાના નામ-ગામાદિનો પરિચય આપનારી પ્રશસ્તિ લખી છે. તેમાં પાંચમાં શ્લોકમાં ઉચ્ચનાગરશાખાના એ ઉમાસ્વાતિ વાચકશ્રીએ દુઃખી લોકોની અનુકંપાથી પ્રેરાઈને તત્ત્વાર્થાધિગમ નામનું આ સ્પષ્ટ શાસ્ત્ર રચ્યું એમ પોતે જ પોતાને સૂત્ર અને ભાષ્યના કર્તા તરીકે જણાવે છે.

૧૬. અહીં જો કોઈ એમ કહે કે 'આ પ્રશસ્તિમાં ભાષ્યકારના નામગ્રામાદિનું વર્ણન છે, પણ સૂત્રકારના નામગ્રામાદિનું નહિં' તો એ વાત પણ યુક્તિયુક્ત નથી કેમ કે પ્રશસ્તિના પાંચમા શ્લોકમાં સ્પષ્ટતયા તેમણે પોતે જ તત્ત્વાર્થ મહાશાસ્ત્ર રચ્યું તેમ લખે છે તેથી પ્રશસ્તિગત નામગ્રામાદિ માત્ર ભાષ્યકારના નહિ પણ સૂત્રકારના પણ છે.

૧૭. હવે જો કોઈ એમ કહે કે પ્રશસ્તિના શ્લોક સૂત્રકારના જ રચેલા છે, ભાષ્યકારના નહિં. તેથી પ્રશસ્તિ અંતર્ગત નામ-ગ્રામાદિ સૂત્રકારના છે, ભાષ્યકારના નહિં. અતઃ 'ભાષ્ય સ્વોપજ્ઞ નથી.' તો આ વાત પણ યુક્તિસહ નથી કેમ કે પ્રશસ્તિગત શ્લોકો અગર સૂત્રકારના છે તો જેમ સૂત્ર ઉપર ભાષ્ય રચાયું તેમ પ્રશસ્તિગત શ્લોક ઉપર કેમ ભાષ્ય ન રચ્યું... રાજવાર્તિક આદિ ટીકાઓ જેમ સૂત્ર ઉપર રચાઈ છે તેમ સૂત્રકારકૃત પ્રશસ્તિ ઉપર કેમ ન રચાઈ. શ્વેતાંબરીય બધી ટીકા ભાષ્યાનુસારી છે તેથી ભાષ્યના અંગરૂપ પ્રશસ્તિની પણ ટીકા રચાઈ છે. વળી નામગ્રામાદિના જ્ઞાપક પ્રશસ્તિરૂપ-શ્લોક સૂત્રકારવડે રચાએલા આજસુધી નથી જોવાયા. તેથી સર્વમાન્યશાસ્ત્રપદ્ધતિને આશ્રયીને પ્રશસ્તિના શ્લોકો ભાષ્યકાર પ્રણીત જ સિદ્ધ થાય છે.

૧૮. સંબંધ કારિકાઓમાં ૨૧મી અને ૩૧મી કારિકામાં તથા ૫/૩૭ અને ૫/૪૦ સૂત્રના ભાષ્યમાં 'वक्ष्यामि' 'प्रवक्ष्यामि' તથા वक्ष्यामः વિગેરે પ્રથમપુરુષનો નિર્દેશ છે. આ નિર્દેશમાં કરેલી પ્રતિજ્ઞા અનુસાર આગળના સૂત્રોમાં તેનું વિધાન કરવામાં આવ્યું છે. આના ઉપરથી પણ સૂત્ર/ભાષ્યના કર્તા એક છે, એ સિદ્ધ થાય છે.

૧૯. પ્રારંભની સંબંધકારિકા, ૧૦/૭ સૂત્રની વિવરણાત્મક અંતિમ કારિકા અને પ્રશસ્તિ આ ત્રણે ભાષ્યના અંગ છે. અગર જો તે સૂત્રના અંગરૂપ હોય તો, જેમ સૂત્ર ઉપર ભાષ્ય રચ્યું, તેમ સૂત્રના અંગરૂપ એ ત્રણે ઉપર ભાષ્ય કેમ ન રચાયું?

૨૦. શ્વેતાંબરોએ ભાષ્યને સ્વોપજ્ઞ જ સ્વીકાર્યું છે. માટે અંતિમ કારિકાનો આઠમો શ્લોક ઉમાસ્વાતિવાચકશ્રીનો માનીને શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજે શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં ૬૯૩માં પદ્યરૂપે ઉદ્ધૃત કર્યો છે. તેવી જ રીતે સંબંધ કારિકાનો જ ૨૯મો શ્લોક વાચકશ્રીકૃત છે- તેવું સ્વીકારીને શ્રીમુનિચંદ્રસૂરિજીએ ધર્મબિંદુગ્રંથની વૃત્તિમાં[૧] ઉદ્ધૃત કર્યો છે.

૨૧. દિગંબરો ભાષ્યને સ્વોપજ્ઞ નથી માનતાં, છતાં અમૃતચન્દ્રસૂરિકૃત તત્ત્વસારમાં ભાષ્યના અંગરૂપ ૩૨ શ્લોકની અંતિમકારિકાઓને સામાન્ય સંખ્યાક્રમ ભેદ કરીને સ્વીકારવામાં આવી છે. તત્ત્વાર્થસૂત્રની સુપ્રસિદ્ધ ટીકા-તત્ત્વાર્થવાર્તિકના કર્ત્તા આચાર્ય અકલંકદેવજીએ પોતાની ટીકામાં ભાષ્યની અંતિમ ૩૨ કારિકાઓ उक्तं च કહીને ઉદ્ધૃત કરી છે, એટલું જ નહિં, એક કારિકા સાથેનો ભાષ્યનો ગદ્ય અંશ[૨]

૧. "भगवदाज्ञा चेयम्- श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् । आत्मानं च परं च हि हितोपदेष्टाऽनुगृह्णाति ।। (श्री हरिभद्रसूरिविरचित**धर्मबिंदुप्रकरणस्य** सू. ३/११ श्री **मुनिचंद्रसूरिकृतटीकायाम्** (पृ. ५३)

२. "ततो वेदनीयनामगोत्रायुष्यकक्षयात्कृत्स्नलबन्धननिर्मुक्तो निर्दग्धपूर्वोपात्तेन्धनो निरुपादान इवाग्निः पूर्वोपात्तभववियोगाद्धेत्व-भावाच्चेतरस्याप्रादुर्भावाच्छान्तः संसारसुखमतीत्यात्यन्तिकमैकान्तिकं निरुपमं निरतिशयं नित्यं निर्वाणसुखमवाप्नोतीति। एवं तत्त्वपरिज्ञानाद्विरक्तस्यात्मनो भृशं..." **-भाष्य**।

"ततः शेषकर्मक्षयाद्भावबन्धनिर्मुक्तः निर्दग्धपूर्वोपादनेन्धनो निरुपादान इवाग्निः पूर्वोपात्तभववियोगाद्धेत्वभावाच्चोत्तर-स्याप्रादुर्भावात्सान्तसंसारसुखमतीत्य आत्यन्तिकमैकान्तिकं निरुपमं निरतिशयं निर्वाणसुखमवाप्नोतीति। तत्त्वार्थभावनाफलमेतत्। उक्तं च-एवं तत्त्वपरिज्ञानाद्विरक्तस्यात्मनो भृशं..." - **राजवार्तिक**। (पृ. ३६१)

પણ યથાવત્ ઉદ્ધૃત કર્યો છે. આના સિવાય ૮મી 'दग्धे बीजे' આદિ કારિકાઓ બીજે પણ એક ઠેકાણે 'उक्तं च' રુપે ઉદ્ધૃત કરી છે. શ્રી વીરસેનાચાર્યજીએ પોતાની ષટ્ખંડાગમની જયધવલા ટીકા શક. સં.૭૩૮ (વિ.સં. ૮૭૩)માં પૂર્ણ કરી છે એમાં પણ ભાષ્યની અંતિમ ૩૨ કારિકાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. શાકટાયન નામના યાપનીયોના અગ્રેસર આચાર્યશ્રીએ સ્ત્રીમુક્તિ કેવલિભુક્તિ પ્રકરણમાં[1] ૨૭મી ભાષ્યકારિકા ઉદ્ધૃત કરી છે.

૨૨. જ્યાં સૂત્રકાર અને ભાષ્યકાર ભિન્ન હોય છે, ત્યાં સૂત્રપાઠોનું વિસંવાદિપણુ /સંદિગ્ધપણુ/ અર્થોની ખેંચતાણ વિગેરે દેખાય છે. દા.ત. જુઓ સર્વાર્થસિદ્ધિ આદિ દિગંબરીય ટીકા તેમજ બાદરાયણકૃત બ્રહ્મસૂત્ર (= શારીરિક સૂત્ર)ના વ્યાખ્યાગ્રંથો. સૂત્ર અને ભાષ્યની પર્યાય શબ્દો આપવાની એક સરખી શૈલી વિગેરે અનેક બાબતો ભાષ્યને સ્વોપજ્ઞ સાબિત કરવાના ઘણા મજબૂત પ્રમાણ છે.

૨૩. "પટ્ટાવલીમાં તત્ત્વાર્થસૂત્રના કર્તા તરીકે શ્રી શ્યામાચાર્યજીના ગુરુ આચાર્ય સ્વાતિજીની સંભાવના કરી છે અને ભાષ્ય પ્રશસ્તિમાં તત્ત્વાર્થસૂત્રના કર્તા ઉચ્ચનાગરી શાખાગત વાચકશ્રી ઉમાસ્વાતિજીને કહ્યાં છે. એથી સૂત્રકાર આચાર્ય સ્વાતિજી હશે અને ભાષ્યકાર વાચકશ્રી ઉમાસ્વાતિજી હશે." - આ શંકા પણ હવે અસ્થાને છે કારણ કે હિમવદ થેરાવલીમાં અને શ્યામાચાર્યજીના શિષ્ય આચાર્ય શ્રી સ્વાતિજીએ (ઉર્ફે-ઉમાસ્વાતિજીએ) સભાષ્ય તત્ત્વાર્થસૂત્ર રચ્યું એવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. તેમજ ૩૧મી કારિકામાં, પ્રશસ્તિનાં ૪થા શ્લોકમાં અને ભાષ્યમાં પણ વાચકશ્રી ઉમાસ્વાતિજીએ સભાષ્ય તત્ત્વાર્થસૂત્ર રચ્યું છે એ વાતને સિદ્ધ કરવા ઘણા બધા પ્રમાણો રહેલા છે જે ઉપરોક્ત ૨૨ મુદ્દામાં શક્યતઃ રજૂ કર્યા છે." એથી એ નિશ્ચિત થાય છે કે પટ્ટાવલી અને ભાષ્યપ્રશસ્તિએ બન્નેના મતે જે ભેદ છે તે નામાદિને લઈને છે. ભાષ્યની સ્વોપજ્ઞતાને લઈને નથી, ભાષ્ય અને સૂત્રના કર્તા તો બન્નેના મતે એક જ છે.

૨૪. દિગંબરો ભાષ્યને સ્વોપજ્ઞ નથી માનતાં કારણ કે તેમ માનતાં નિમ્ન નિર્દિષ્ટ આપત્તિઓ તેમના મતમાં આવે, અને એથી એમની સ્ત્રીમુક્તિ, કેવલિભુક્તિ, સવસ્ત્રમુક્તિના નિષેધની જે મૂળભૂત માન્યતા છે તેનું જ ઉન્મૂલન થઈ જાય.

A. ૯/૧૧ સૂત્રમાં ૧૧ પરિષહો કેવલીભગવંત માટે જણાવ્યા છે. અને તેના અનુસારે ભાષ્યમાં જ વેદનીયકર્મના ઉદયથી થતા ૧૧ પરિષહોની અંતર્ગત ક્ષુધા અને પિપાસા પરિષહ દર્શાવ્યા છે. દિગંબરો કેવલીભુક્તિ (કેવળીને કવલાહાર) ન માનતાં હોવાથી એમને વિરોધ આવે.

B. ૧૦/૭ સૂત્રના ભાષ્યમાં સિદ્ધોને વિશે લિંગદ્વારમાં ત્રણે લિંગે સિદ્ધ થઈ શકે તેમ કહ્યું છે. દિગંબરો સ્ત્રીમુક્તિ (= સ્ત્રીલિંગે સિદ્ધ) માનતા ન હોવાથી એમાં વાંધો આવે છે.

C. ૯/૪૮ સૂત્રના ભાષ્યમાં પુલાકાદિ નિર્ગ્રંથોને દ્રવ્યલિંગ (સાધુવેષ-વસ્ત્રપાત્રાદિ)નો ઉલ્લેખ કર્યો છે. દિગંબરો સવસ્ત્રમુક્તિ નથી સ્વીકારતાં તેથી તેમને તે વાત અનિષ્ટ છે.

D. ૧/૩૧ સૂત્રના ભાષ્યમાં કેવળીઓને વિશે અનુસમય (એક સમય જ્ઞાન અને એક સમય દર્શન) ઉપયોગની માન્યતા દર્શાવી છે. તેમાં પણ દિગંબરોને વિરોધ આવે છે. કેમ કે તેઓ એક સમયમાં યુગપદ્ (= એક જ સાથે) જ્ઞાનદર્શનનો ઉપયોગ માને છે.

E. ૫/૩૮ સૂત્ર અનુસાર ભાષ્યમાં "કેટલાક કાળને વાસ્તવિક દ્રવ્યરૂપે માને છે' આવું કથન છે. આ કથન પણ દિગંબરોને સમ્મત નથી. કારણ કે તેઓ સ્વયં કાલને એકાંતે વાસ્તવિક છઠ્ઠા દ્રવ્ય તરીકે માને છે. 'બીજા કેટલાક માને છે' એમ નહીં, પણ, 'સૂત્રકાર સ્વયં કાળને એકાંતે વાસ્તવિક દ્રવ્યતરીકે માને છે' એમ તેમનું કહેવું છે.

---

૧. શાકટાયનનુ **સ્ત્રીનિર્વાણ-કેવળીભુક્તિ** પ્રકરણ.

F. ૪/૩ સૂત્રમાં નિર્દિષ્ટ ૧૨ દેવલોકનું જ વર્ણન ભાષ્યમાં છે, જે દિગંબરોને માન્ય નથી. કારણ કે તેઓ ૧૬ દેવલોક માને છે.

G. ઉપરોક્ત કારણોસર દિગંબરો સૂત્ર સ્વીકારવા છતાં સ્વોપજ્ઞ ભાષ્યને નથી સ્વીકારતાં. જો તેઓ ભાષ્યને સ્વીકારે તો I. સામાયિક પૌષધાદિ પ્રતિપાદક ૭/૧૬ સૂત્રના ભાષ્યમાં પૌષધના અતિચારને વિશે વર્ણવતાં સંથારા અને તેની પ્રમાર્જનાદિનો પણ સ્વીકાર કરવાની આપત્તિ આવે.

II. દાનપ્રતિપાદક ૭/૩૩ સૂત્રના ભાષ્યમાં દર્શાવેલ વસ્ત્રદાનનું પણ ગ્રહણ થઈ જાય.

III. આદાનનિક્ષેપસમિતિ પ્રરૂપક ૭/૨૯ સૂત્રના ભાષ્યમાં કથિત રજોહરણ, પાત્રા, કપડાદિનું તેમ જ પીઠફલકાદિનું પણ ગ્રહણ થઈ જાય છે. એ સ્વીકારતાં સંયમ ઉપકરણ રાખવા જોઈએ એમ સિદ્ધ થઈ જાય છે. તેનાથી દિગંબરોનું સવસ્ત્રમુક્તિ, સ્ત્રીમુક્તિ નિષેધક મતનું ખંડન થઈ જાય છે.

IV (૧/૨૦) સૂત્રના ભાષ્યને સ્વીકારતાં તેમાં નિર્દિષ્ટ વર્તમાનકાલમાં વિદ્યમાન એવા દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, કલ્પવ્યવહાર, દશાશ્રુતસ્કંધ, નિશિથ, ઋષિભાષિતાદિ આગમો પણ સ્વીકારવા જરૂરી થઈ જાય. તે સ્વીકારે તો તે આગમોમાં ઠેર ઠેર સવસ્ત્રમુક્તિ, સ્ત્રીમુક્તિ, કેવલિભુક્તિ આદિની પ્રરૂપણા છે. તેથી તેમને દિગંબરપંથથી સંન્યાસ લઈ લેવો પડે.

V. જિનનામકર્મના બંધના હેતુઓના પ્રતિપાદક (૬/૨૩) સૂત્રના ભાષ્યમાં અને VI. સાધુ વૈયાવચ્ચના કથક (૯/૨૪) સૂત્રના ભાષ્યમાં બાહ્ય ઉપધિના સંગ્રહ, ઉપગ્રહ, અનુગ્રહ અંગે વિચારણા કરી છે, તથા કાર્યોત્સર્ગ-તપ નિરૂપક (૮/૨૬) સૂત્રના ભાષ્યમાં ૧૨ પ્રકારની બાહ્યઉપધિનું વર્ણન છે... આ બધી ભાષ્યની વાતો દિગંબરોની અવસ્ત્રમુક્તિની માન્યતાનું ખંડન અને શ્વેતાંબરોની સવસ્ત્રમુક્તિ માન્યતાનું મંડન કરે છે. આ પ્રમાણે સ્વસિદ્ધાંત ભંગના ભયથી દિગંબરો ભાષ્યને સ્વોપજ્ઞ માનવા તૈયાર નથી થતા.

૨૫. જેમ આગમોમાં સ્થાને સ્થાને સવસ્ત્રમુક્તિની વાતો આવતી હતી., તે આગમોમાં અમુક ફેરફાર કરી દેવાથી ચાલે તેમ હતું નહિ. તેથી તેઓએ 'તે આગમ લુપ્ત થઈ ગયા છે' એમ કહી છોડી દીધા. તેમ તત્ત્વાર્થ ભાષ્યમાં બે-ચાર ઠેકાણે વિરોધ હોય તો ફેરફાર કરી શકે પણ સ્થાને સ્થાને એમના મતથી વિરૂદ્ધ વાતો આવતી હોવાથી, તેઓએ ભાષ્ય સ્વોપજ્ઞ નથી એમ કહી ફગાવી દીધું. અને સૂત્રોમાં જ બે-ચાર ઠેકાણે વિરોધ આવતો હતો ત્યાં ફેરફાર કરી સૂત્રો સ્વકીય બનાવી લીધા. જ્યાં ભાષ્યને સ્વીકાર્યા વિના ચાલે તેમ ન હતું ત્યાં ભાષ્યના તે પદોને મૂલસૂત્ર રૂપે બનાવી લીધા. દા.ત. ૫ મહાવ્રતની ભાવના જે ભાષ્યમાં હતી તે મૂલસૂત્ર રુપે સ્વીકારી લીધી. એથી જ સૂત્રસંખ્યામાં પણ ભેદ છે. શ્વેતાંબર માન્ય સૂત્રપાઠોની સંખ્યા ૩૪૪ અને દિગંબર માન્ય સૂત્રપાઠોની સંખ્યા ૩૬૭ છે.

દિગંબરો તત્ત્વાર્થસૂત્રને સ્વીકારે છે પણ એના બીજભૂત આગમોને સ્વીકાર નથી કરતા. ખરેખર તો આગમસૂત્રોના સ્વીકાર વિના તત્ત્વાર્થસૂત્રનો સ્વીકાર આકાશપુષ્પના સ્વીકારની જેમ અસંભવ છે. मूलं नास्ति कुतः शाखा।

૧. પં. ફૂલચન્દ્રજી તથા પં. જુગલકિશોરજી મુખ્તારજી, ડૉ. નેમિચન્દ્રજી શાસ્ત્રી, પં. કૈલાશચંદ્રજી, આદિ તત્ત્વાર્થસૂત્રનો ચાર-પાંચ સ્થાને આગમ અને ભાષ્ય સાથે વિરોધ દર્શાવીને એ સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે કે તત્ત્વાર્થસૂત્ર શ્વેતામ્બર પરંપરાનું નથી, તથા સૂત્ર અને ભાષ્યના કર્તા ભિન્ન છે.

(૧) પં. જુગલકિશોરજી મુખ્તાર લખે છે કે "यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम्।" આ સૂત્રમાં અવધિજ્ઞાનનો બીજો પ્રકાર "यथोक्तनिमित्तः" દર્શાવ્યો છે અને ભાષ્યમાં "यथोक्तनिमित्तः क्षयोपशमनिमित्त

इत्यर्थः।" લખી યથોક્તનિમિત્તનો અર્થ "ક્ષયોપશમ નિમિત્ત" કર્યું છે. પણ યથોક્ત શબ્દનો ક્ષયોપશમ અર્થ કોઈ રીતે નથી નીકળતો. યથોક્તનો સર્વસામાન્ય અર્થ થાય છે- "જે રીતે કહેવાયું" / પણ, પૂર્વ ક્યાંય સૂત્રમાં ક્ષયોપશમનિમિત્તના નામે કોઈ અવધિજ્ઞાનનો ભેદ જ નથી કહ્યો તથા 'ક્ષયોપશમ' શબ્દનો પ્રયોગ પણ નથી કર્યો કે જેથી યથોક્તની સાથે એની અનુવૃત્તિ લઈ શકાય. તેથી ક્ષયોપશમ નિમિત્તના અર્થમાં યથોક્તનિમિત્તનો પ્રયોગ અસંગત છે. તેમજ ૨૧માં સૂત્ર "द्विविधोऽवधिः" નાં ભાષ્યમાં લખ્યું કે "भवप्रत्ययः क्षयोपशमनिमित्तश्च" અવધિજ્ઞાનના બે પ્રકારના નામ યથાક્રમ છે- (૧) ભવપ્રત્યય (૨) ક્ષયોપશમનિમિત્ત. સૂત્ર ૨૨માં "भवप्रत्ययनारकदेवानाम्"માં અવધિજ્ઞાનના પ્રથમ ભેદનો નિર્દેશ ભાષ્યનિર્દિષ્ટ નામથી કર્યો એજ રીતે ૨૩માં સૂત્રમાં બીજા ભેદનું વર્ણન પણ ભાષ્યનિર્દિષ્ટ નામથી જ હોવું જોઈએ અને તેમ થતાં સૂત્રનો આકાર "क्षयोपशमनिमित्त षड्विकल्पशेषानां" આવું થાત જે સર્વાર્થસિદ્ધમાન્ય સૂત્રપાઠમાં છે.

**સમીક્ષા →**

1. ભાષ્યકારશ્રીએ યથોક્તનિમિત્તનો તાત્પર્યાર્થ ક્ષયોપશમરુપ નિમિત્ત કર્યું છે. જ્યારે મુખ્તારજી યથોક્ત શબ્દનો અર્થ ક્ષયોપશમ કરે છે. તેથી આ અસંગતિ ઉભી થઈ. ભાષ્યકારશ્રીએ યથોક્તશબ્દનો અર્થ ક્ષયોપશમ નિમિત્ત નથી કર્યો, પણ માત્ર નિમિત્ત શબ્દનો અર્થ ક્ષયોપશમરુપ નિમિત્ત કર્યો છે. અને યથોક્તશબ્દનો અર્થ "આગમોક્ત" છે. યથોક્તનિમિત્ત શબ્દનો સંપૂર્ણ અર્થ એ કે- આગમમાં જેવી તપ સાધના બતાડી તેવી સાધનાથી પ્રાપ્ત થનારું અર્થાત્ સાધનાજન્ય અવધિજ્ઞાન.
2. શ્રીમદ્ ઉમાસ્વાતીજી મહારાજ આગમિક પરંપરાના છે, એથી એમની દૃષ્ટિએ 'યથોક્ત' શબ્દનો અર્થ છે- 'આગમોક્ત' છે પણ જેઓની પરંપરામાં આગમ છે જ નહિં તેઓને સૂત્ર પ્રયુક્ત યથોક્ત શબ્દનો અર્થ ક્યાંથી સમજાય. અને એથી ભાષ્યના આધારે મૂલમાં (સર્વાર્થસિદ્ધિ માન્ય સૂત્રમાં) પાઠ બદલી નાંખ્યાં.
3. અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો ભવપ્રત્યય અવધિજ્ઞાનમાં પણ હોય છે. એથી વાચકશ્રીએ ક્ષયોપશમ શબ્દને મૂલમાં ન રાખતાં ભાષ્યમાં રાખી દીધો જેથી અહિં કોઈને હવે ભ્રાન્તિ નહિં થાય કે "ભવપ્રત્યય અવધિજ્ઞાન ક્ષયોપશમનિમિત્ત વિના જ થાય છે."
4. ક્ષયોપશમ તો બંને અવધિજ્ઞાનમાં છે. પણ મૂલ અને ભાષ્ય બન્નેમાં સંગતિનો પરિચાયક મહત્ત્વપૂર્ણ શબ્દ અગર કોઈ હોય તો તે "નિમિત્ત" છે. અહિ 'નિમિત્ત' શબ્દનો અર્થ પ્રયત્ન કે તપ-સાધના તરીકે વિવક્ષિત છે એથી "યથોક્તનિમિત્ત"નો તાત્પર્ય અર્થ એ થયો કે "ક્ષયોપશમ માટે કરેલી આગમોક્ત તપ-સાધના જન્ય."
5. ભવપ્રત્યય અને ગુણપ્રત્યય બંને અવધિજ્ઞાન થાય તો છે અવધિ જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જ. પણ પ્રથમ પ્રકારના અવધિજ્ઞાનની ઉપલબ્ધિમાં કોઈ પ્રયત્ન-સાધના નથી કરવી પડતી- તે જન્મતાની સાથે મળી જાય છે જ્યારે બીજા પ્રકારના અવધિજ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન-સાધના કરવી પડે, આ અપેક્ષાએ પ્રથમ વિપાકજન્ય છે અને બીજો સાધનાજન્ય.
6. સર્વાર્થસિદ્ધિકારે ભાષ્યના આધારે મૂલ પાઠને સંશોધિત કર્યો છે. કેમકે ભાષ્યમાં 'નિમિત્ત'નો અર્થ ક્ષયોપશમનિમિત્ત હતો. એથી એમણે (સર્વાર્થસિદ્ધિકારે) "યથોક્ત", જેનો તાત્પર્યાર્થ આગમોક્ત

હતો તેને હટાવી, મૂલપાઠમાં તેના સ્થાને ક્ષયોપશમનિમિત્ત એવો ભાષ્ય પાઠ મૂકી દીધો. અન્યથા 'ગુણપ્રત્યય' પાઠ પણ રાખી શકત.

7. વળી સર્વાર્થસિદ્ધિમાં સુધારેલો અધિક સ્પષ્ટ પાઠ હોવો એ જ વાત કહી આપે છે કે તે ભાષ્યની પછી રચાઈ છે, જો કે આ સુધારેલા પાઠમાં "યથોક્ત" શબ્દ ખસી જવાથી એક નવી ભ્રાન્તિ ઉત્પન્ન થાય છે તે આ કે શું ભવપ્રત્યય અવધિજ્ઞાન અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમ વિના જ થાય છે ? વાસ્તવમાં "યથોક્તનિમિત્તઃ" પાઠ ભવપ્રત્યય અવધિજ્ઞાન અને ગુણપ્રત્યય અવધિજ્ઞાન વચ્ચે જે સ્પષ્ટ ભેદરેખા ઉભી કરતો હતો, તેવું આ "ક્ષયોપશમનિમિત્ત" પાઠ નથી કરી શકતો. આ (ક્ષયોપશમનિમિત્ત)માં યથોક્તનિમિત્ત શબ્દથી અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમ માટે જે આગમોક્ત તપ-સાધનાનો નિર્દેશ હતો તે સમાપ્ત થઈ ગયો. આ સમીક્ષા શ્રી સાગરમલજી જૈન દ્વારા કરાઈ છે જ્યારે પૂજ્યાપાદ શ્રી સાગરાનંદસૂરિજીએ નીચે પ્રમાણે સમીક્ષા કરી છે જે તત્ત્વાર્થની હારિભદ્રીય ટીકાને અનુસારી છે.

8. બીજા અધ્યાયમાં ક્ષાયોપશમિકના ભેદોમાં અવધિજ્ઞાનને દેખાડવામાં આવશે એથી અહિ "यथोक्तनिमित्तः" પદ કહેવું એ જ ઉચિત છે. કેમકે અહિ તો પોત-પોતાના કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાનાદિની ઉત્પત્તિ આ પ્રકરણમાં નિશ્ચિત થાય છે. પણ અહિ ક્ષયોપશમ શબ્દ કહેવાથી કોનું ગ્રહણ કરવું એ નિશ્ચિત નથી થતું. કેમકે મતિજ્ઞાનાદિ જ્ઞાન અને ચક્ષુદર્શનાદિ દર્શન અને બીજા પણ અજ્ઞાનાદિ ભાવો છે. અને તે પણ પોતપોતાના આવરક કર્મના ક્ષયોપશમથી થાય છે. તો પછી અહિ ક્યાં ક્ષયોપશમને લેવું ? એ સંશય થશે. એટલે ક્ષયોપશમ સાથે એટલુ જરૂર કહેવુ પડશે કે "स्वावश्यकक्षयोपशमनिमित्तः" અવધિઃ મનુષ્ય તિર્યઞ્ચને હોય છે. અહિં એવી શંકા જરૂર થશે કે કર્મની પ્રકૃતિના ક્ષયોપશમનો અધિકાર હજુ સુધી કહ્યો જ નથી. તો પછી અહિ "यथोक्तनिमित्त" કઈ રીતે કહેવાય ? પણ આ શંકા કરવાની જરૂર નથી. કેમકે શાસ્ત્રકાર વાચકશ્રીએ જૈન શાસ્ત્રના આધારે જ ગ્રંથ બનાવ્યો છે. એથી શાસ્ત્રનો અધિકાર લઈને "यथोक्तनिमित्त" એમ કહી શકે છે. વ્યાકરણ શાસ્ત્રાદિની જેમ સ્વતન્ત્ર સંજ્ઞાદિ વિધાન કરીને શાસ્ત્ર નથી બનાવ્યુ. પણ જૈન શાસ્ત્રનો જ એક ભાગ સંગૃહીત કર્યુ છે. એથી જ જ્ઞાનાદિ, કર્માદિ, લોકાદિ, ઔપશમિકાદિ અનેક પદાર્થોનું સ્વરૂપ અહિ નથી કહ્યું.

9. દિગમ્બરો જો એવું કહેતાં હોય કે શાસ્ત્રમાં કહેલ વચનને ધ્યાનમાં લઈને જ શાસ્ત્રકારે ક્ષયોપશમનિમિત્ત એવું કહ્યું છે તો એ વાત પણ અસંગત છે કારણ કે જો શાસ્ત્રની અપેક્ષાએ જ અહિં કહેવું હતું તો પણ यथोक्तनिमित्त એટલુ કહેવું જ પર્યાપ્ત = ઉચિત છે, કેમકે લાઘવ પણ આમાંજ છે. અને ક્ષયોપશમશબ્દ આપેક્ષિક હોવાથી અવધિજ્ઞાનાવરણને કહ્યા વિના કઈ રીતે ક્ષયોપશમની વ્યાખ્યા થશે ? માટે क्षयोपशमनिमित्त ના બદલે यथोक्तनिमित्त પાઠ જ યુક્તિયુક્ત છે.

**આગમ વિરોધ દર્શાવતા દિગંબર વિદ્વાનો લખે છે કે** - A. તત્ત્વાર્થસૂત્રમાં ત્રિવિધ મોક્ષમાર્ગ, B. સાત તત્ત્વ, C. આઠ અનુયોગદ્વાર, D. પાંચ નય, E. આઠ લોકાંતિક દેવ અને F. નવ પ્રાયશ્ચિત્તનું પ્રતિપાદન કર્યું છે. જ્યારે આગમમાં ચતુર્વિધ મોક્ષમાર્ગ, નવતત્ત્વ, નવ અનુયોગદ્વાર, સાત નય, નવ

લોકાંતિક દેવ અને દસ પ્રાયશ્ચિત્તોનું વર્ણન છે. માટે આગમ અને તત્ત્વાર્થસૂત્રમાં વિરોધ હોવાથી તત્ત્વાર્થસૂત્ર (આગમોને માન્ય રાખનાર) શ્વેતામ્બરીય પરમ્પરાનું નથી પણ દિગંબરોનું છે કારણ કે આ સૂત્ર G. કુન્દકુન્દાચાર્યના ગ્રંથોના આધારે બન્યું છે.

**સમીક્ષા** :- A. સૂત્રકારને અહિ બને એટલું સંક્ષેપમાં વાત કરવાની ઇચ્છા છે. કારણકે તત્ત્વાર્થ એ સૂત્રશૈલીનો ગ્રંથ છે. એમાં અનાવશ્યક વિસ્તારથી યથાસમ્ભવ બચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રીમદ્ ઉમાસ્વાતિજી મહારાજ સમાસ શૈલીના ગ્રંથકાર હતા, વ્યાસ શૈલીના નહિ.

જો કે ઉત્તરાધ્યયનની ૨૮/૨, ૩, ૩૫મી અને મરણવિભક્તિની ૧૨૬મી ગાથામાં ચતુર્વિધ મોક્ષમાર્ગનું વિધાન છે તો સ્થાનાંગસૂત્રની ૩/૪/૧૯૮મી ગાથામાં ત્રિવિધ મોક્ષમાર્ગનો વળી ચન્દ્રવેધ્યક પ્રકીર્ણકની ૭૩મી ગાથામાં દ્વિવિધ મોક્ષમાર્ગનો પણ ઉલ્લેખ છે. વળી શ્રી કુન્દકુન્દાચાર્યના ગ્રંથો[1] તેમજ દિગંબર પરમ્પરાના અન્ય પણ ગ્રંથોમાં[2] ઉત્તરાધ્યયની જેમ ચતુર્વિધ મોક્ષમાર્ગનું વર્ણન છે. તથા પંચવિધ મોક્ષમાર્ગનો ઉલ્લેખ પણ શ્રી કુન્દકુન્દાચાર્યજીના સીલપાહુડ ગ્રંથની ૩જી ગાથામાં કર્યો છે.

B. શ્રી ઉમાસ્વાતિજી મહારાજે शुभः पुण्यस्य અને अशुभः पापस्य આ બે સૂત્રોથી પુણ્ય અને પાપને દેખાડ્યા તો છે જ અને આગળ "सम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यं" કહી પુણ્યના ફલ અને અર્થાપત્તિથી શેષ પાપના ફલ એમ કહી એ બંન્નેના સ્વતંત્ર ફલ પણ કહ્યાં. માત્ર આશ્રવાદિમાં એ બેનો અંતર્ભાવ કરી એને સ્વતંત્ર તત્ત્વ તરીકે નથી દર્શાવ્યા. જેમ ઠાણાંગ, પન્નવણા, અનુયોગદ્વારાદિમાં સામાન્યથી જીવ અને અજીવ એ બંન્નેને જ તત્ત્વ તરીકે દર્શાવ્યા છે, બીજા આશ્રવાદિનો એમાં જ સમાવેશ કરી લીધો છે. તેમ અહિ પણ સમજી લેવું.

શ્રી કુંદકુંદાચાર્યજીના ભાવપ્રાભૃતની ગાથા-૯૫માં તથા દર્શનપ્રાભૃતમાં ૬ દ્રવ્ય, ૯ પદાર્થ, ૫ અસ્તિકાય અને ૭ તત્ત્વનો ઉલ્લેખ મળે છે. આ દ્રવ્ય-પદાર્થ-તત્ત્વ વગેરે શબ્દોમાં કોઈ અર્થભેદ નથી માત્ર વિવક્ષા ભેદ જ છે. શું ૭ તત્ત્વોમાં પુણ્ય-પાપ જોડાવાથી એ પદાર્થ બની જાય છે? (અર્થાત્ પુણ્ય-પાપમાં શું એવી શક્તિ છે કે તેમના સદ્ભાવમાં (વિવક્ષામાં) ૭ તત્ત્વ પદાર્થ બની જાય અને તેમના અભાવમાં (અવિવક્ષામાં) ૭ તત્ત્વ પદાર્થ તરીકે મટી જાય.) ઉત્તરાધ્યયનમાં તો એઓને જ ૯ તત્ત્વ તરીકે કહ્યાં છે.

C. અનુયોગદ્વારસૂત્રમાં નૈગમનયની અપેક્ષાએ ૯ અનુયોગદ્વારથી વિચારણા કરી છે અને સંગ્રહનયની અપેક્ષાએ ૮ અનુયોગદ્વારથી વિચારણા કરી છે. આગમોમાં વિભિન્ન નયોની અપેક્ષાઓથી વિસ્તારથી વિચારણા કરવામાં આવી છે. 'તત્ત્વાર્થસૂત્ર' સૂત્રાત્મક શૈલીનો ગ્રંથ હોવાથી, અનાવશ્યક વિસ્તારથી બચી સંક્ષેપમાં પદાર્થનું પ્રતિપાદન કરે છે.

અનુયોગદ્વારસૂત્રમાં ૯ અનુયોગદ્વારોથી દ્રવ્યની વિચારણા કરી છે. તત્ત્વાર્થમાં ૮ અનુયોગદ્વારોથી સમ્યગ્દર્શનની વિચારણા કરવામાં આવી છે. દ્રવ્ય બીજા દ્રવ્યના ભાગવિશેષમાં રહી શકે છે માટે 'ભાગ' દ્વારની વિચારણા કરતા ૯ અનુયોગદ્વારો કહ્યા છે. પરંતુ સમ્યગ્દર્શન જીવના કોઈ ભાગ વિશેષમાં નથી રહેતું એથી એમાં ભાગદ્વારથી વિચારણા નથી કરાઈ. પ્રસંગાનુસાર અનુયોગદ્વારની સંખ્યામાં ભિન્નતા હોવાથી તત્ત્વાર્થનો આગમ સાથે વિરોધ ન માની શકાય.

ષટ્ખણ્ડાગમમાં આઠ અનુયોગદ્વારોથી વિચારણા કરાઈ છે, એટલા માત્રથી તત્ત્વાર્થસૂત્ર દિગમ્બર પરમ્પરાનું નથી બની જતું. વળી તે ષટ્ખણ્ડાગમમાં જ ૧૧-૧૬ આદિ દ્વારોથી પણ ચર્ચા કરાઈ છે, એનું શું ?

૧. **સીલપાહુડ** ગા.૧૧, **દર્શનપાહુડ** ગા.૩૦-૩૨ ૨. **અંગપ્રજ્ઞપ્તિ** ગા.૭૬.

D. નયોની સંખ્યામાં જે અંતર દેખાય છે તેમાં પણ સૂત્રકારની વિવક્ષા જ મુખ્ય છે. કારણ કે આવશ્યક, વિશેષાવશ્યક, અનુયોગદ્વારાદિમાં નયના બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત પ્રકાર પણ કહ્યા છે. એથી નયના પાંચ પ્રકારની વિવક્ષા એ આગમાનુસારી જ છે.

E. શ્વેતામ્બર આગમોમાં લોકાન્તિક દેવોની સંખ્યા ૮ અને ૯ બન્ને પ્રકારે મળે છે. સ્થાનાઙ્ગનાં [1]આઠમા સ્થાનમાં ૮ પ્રકારના અને [2]નવમા સ્થાનમાં ૯ પ્રકારના લોકાન્તિક દેવોનું પ્રતિપાદન કર્યું છે અને ભગવતીજી તથા જ્ઞાતાધર્મકથાઙ્ગમાં લોકાન્તિકદેવોના ૯ ભેદોનું વર્ણન છે. પણ આ બન્ને પ્રકારની વ્યાખ્યામાં મૂલ કારણ વિવક્ષા ભેદ છે, નહી કે આગમવિરોધ.

બ્રહ્મલોકના મધ્યમાં રહેનારા રિષ્ટ વિમાનની વિવક્ષા ન કરીને માત્ર કૃષ્ણરાજીમાં અને બ્રહ્મલોકના મધ્યભાગ સિવાયમાં અર્થાત્ અંતમાં રહેનારાઓની જ વિવક્ષા કરીને લોકાંત શબ્દના (= લોકના અંતમાં રહેનારા એવો) અર્થની વિવક્ષાથી લોકાન્તિક દેવોના આઠ ભેદ કહી શકાય છે. તો આટલા માત્રથી એમની નવની સંખ્યામાં કોઈ બાધા આવતી નથી કારણકે વ્યુત્પત્તિ અર્થની અપેક્ષાએ કહેલો (પ્રવૃત્તિનિમિત્તક) પદાર્થ તત્ત્વનો ઘાતક ન થઈ શકે.

જો સંખ્યાભેદના આધારે આગમ વિરોધ માનશો તો પછી ત્રિલોક પ્રજ્ઞપ્તિ, સર્વાર્થસિદ્ધિ અને રાજવાર્તિકમાં જ લોકાન્તિક દેવોની ૨૪ સંખ્યા પણ માનેલી છે. તેના લીધે તો દિગમ્બર પરમ્પરાથી તત્ત્વાર્થસૂત્રની ભિન્નતા સિદ્ધ થઈ જશે.

F. આગમોમાં પ્રાયશ્ચિત્તની વિવક્ષા ભેદના કારણે સંખ્યા ભેદ દેખાય છે માટે આમાં કોઈ આગમિક વિરોધ નથી. તે આ રીતે-

અમુક સમય પછી મહાવ્રતોનું આરોપણ કરવામાં આવે તે અનવસ્થાપ્ય (અપરનામ "તત્ત્વ પરિહાર") અને દીર્ઘકાલ પછી મહાવ્રતોનું આરોપણ કરવામાં આવે તે પારાઞ્ચિક પ્રાયશ્ચિત.

અનવસ્થાપ્ય અને પારાઞ્ચિક બન્ને પ્રાયશ્ચિત્તમાં ઉપસ્થાપના બીજી વાર કરવામાં આવતી હોવાથી કેટલાક આચાર્ય ભગવંતો બન્નેની જુદી વિવક્ષા નથી કરતાં. તેમ આ સૂત્ર-શૈલીથી રચાએલ તત્ત્વાર્થસૂત્ર અંગે પણ સમજી લેવું. અથવા [3]પારાઞ્ચિક પ્રાયશ્ચિત્ત ૧૪ પૂર્વીને અપાય છે. શ્રીમદ્ ઉમાસ્વાતિજી વખતે ૧૪ પૂર્વો વિદ્યમાન ન હતા. કદાચ એથી પણ એમને વ્યવહારમાં આવતું ન હોવાથી પારાઞ્ચિક પ્રાયશ્ચિત્તની સંખ્યામાં વિવક્ષા નહીં કરી હોય.

G. તત્ત્વાર્થ કુંદકુદાચાર્યના ગ્રંથોના આધારે બન્યો છે એ વાત સિદ્ધ કરવા દિગંબરો કહે છે કે તત્ત્વાર્થ અને શ્રી કુંદકુંદાચાર્યજીના ગ્રંથોમાં સમાનતા છે. માટે તત્ત્વાર્થ કુંદકુંદાચાર્યના ગ્રંથ ઉપરથી બનેલ છે. પણ આ વાત અસંગત છે કારણ કે સમાનતા હોવા માત્રથી એ નક્કી ન થઈ શકે કે શ્રીમદ્ ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્ર શ્રી કુંદકુંદાચાર્યના ગ્રંથના આધારે રચ્યું. શ્રી કુંદકુંદાચાર્યે જ શ્રીમદ્ ઉમાસ્વાતિજીના તત્ત્વાર્થસૂત્રમાંથી આ બધુ લીધું હશે. કારણ કે કુંદકુંદાચાર્ય શ્રીમદ્ ઉમાસ્વાતિજીની પછી થયા છે.

સ્વયં દિગંબર વિદ્વાન્ પં. નાથૂરામજી પ્રેમી જેવાએ પણ કુંદકુંદાચાર્યને ઉમાસ્વાતિજીના પશ્ચાત્ કાલીન માન્યા છે, કારણ કે મર્કરાભિલેખ જેને આધાર બનાવી દિગંબરોએ કુંદકુંદાચાર્યને ત્રીજી શતાબ્દીના મધ્યમાં રાખવાનો પ્રયાસ કર્યો હતો, તે પણ હવે અપ્રમાણિક (જાલી) સિદ્ધ થઈ ચુક્યો છે. હવે ૯મી શતાબ્દીથી પૂર્વનો કોઈ પણ એવો અભિલેખ નથી કે જે કુન્દકુન્દાચાર્ય કે તેમના અન્વયનો ઉલ્લેખ

1. **સ્થાનાંગ** સૂત્ર ૮/૪૬. 2. **સ્થાનાંગ સૂત્ર** ૯/૩૪ 3. પારાઞ્ચિત પ્રાયશ્ચિતની ખરી વિધિ છેદ ગ્રંથોથી જાણવા યોગ્ય છે.

કરતો હોય. લગભગ ૧૦મી સદી સુધી કુન્દકુન્દાચાર્યના ગ્રંથોનો નિર્દેશ અથવા એના પર ટીકાનો અભાવ એજ સિદ્ધ કરે છે કે કુન્દકુન્દાચાર્ય ૬ઠ્ઠી શતાબ્દી પૂર્વે તો કોઈ પણ હાલતમાં નથી થયા. આ હકીકત મુનિરાજશ્રી કલ્યાણવિજયજીએ તથા પ્રો. મધુસૂદન ઢાંકીજીએ અનેક પ્રમાણોથી સાબિત કરી નાંખી છે. જ્યારે શ્રીમદ્ ઉમાસ્વાતિજી મહારાજ વિક્રમની પ્રથમ સદીના પૂર્વે થયા છે. એથી એ સુનિશ્ચિત છે કે તત્ત્વાર્થસૂત્ર અને એના સ્વોપજ્ઞ ભાષ્ય પછી જ શ્રી કુંદકુંદાચાર્યના ગ્રંથો રચાયા છે.

૨. **દિગંબર વિદ્વાનો તત્ત્વાર્થસૂત્ર સાથે ભાષ્યનો વિરોધ દર્શાવતા લખે છે કે :-**

A. સૂત્ર ૨૬ માં લોકાન્તિક દેવોના ૯ ભેદ બતાવ્યા છે. પણ ભાષ્યકારે પૂર્વસૂત્રના ભાષ્યમાં અને આ સૂત્રના ભાષ્યમાં ૮ જ ભેદ દર્શાવ્યા છે. તેથી સૂત્ર-ભાષ્યનો ભેદ સ્પષ્ટ છે.

B. સૂત્ર ૬/૬ માં ઇન્દ્રિયની પછી કષાય અને ત્યારબાદ અવ્રત કહ્યું છે જ્યારે એ સૂત્રના ભાષ્યમાં પ્રથમ અવ્રતની પછી કષાય અને ત્યાર પછી ઇન્દ્રિયની વ્યાખ્યા કરવામાં આવી છે.

C. સૂત્ર ૪/૪ માં [1]દેવોના દશ ભેદ કહ્યા અને ભાષ્યમાં[2] ૧૧ ભેદ ગણાવ્યા છે.

D. તત્ત્વાર્થસૂત્રનું ભાષ્ય શ્વેતામ્બર માન્ય આગમોની રચના પછી અર્થાત્ વિક્રમની પાંચમી સદી પછી ક્યારેક બન્યું છે.

**સમીક્ષા** : A. લોકાન્તિક દેવોના સૂત્રમાં ૯ અને ભાષ્યમાં ૮ ભેદો દર્શાવ્યા એમાં અહિ કોઈ સૈદ્ધાન્તિક વિરોધ નથી પણ વિવક્ષા કરવાની શૈલી જુદી હોવાથી સંખ્યામાં ફરક છે.

A. લોકાંતિક દેવોની ૮-૯ બંન્ને સંખ્યા આગમ (સમવાયાંગ)માં પ્રસિદ્ધ છે માટે કોઈ પણ માનો એમાં આગમ વિરોધ નથી. શ્રી સિદ્ધસેનગણિજીએ સંખ્યાગત ભિન્નતા જ દર્શાવી છે પણ એનો અર્થ એ નથી કે ભાષ્ય સ્વોપજ્ઞ નથી. ખરેખર તો ભાષ્યકાર સામે જે મૂલ પાઠ હશે તેમાં તો આઠ પ્રકારનો જ ઉલ્લેખ હશે અન્યથા ભાષ્યકાર આઠની સંખ્યાનો નિર્દેશ જ કેમ કરત?

જો શરુઆતથી સૂત્રમાં ૯ પ્રકાર હોય તો ભાષ્યમાં ૮ શા માટે દર્શાવે તો આ મુજબનુ સમાધાન પણ કરી શકાય છે કે પાછળથી કોઈએ સમવાયાંગથી બંને સંખ્યાની સંગતિ દેખાડવા માટે સૂત્રમાં 'રિષ્ટ'ને જોડીને ૯ની સંખ્યા કરી નાંખી હોય. એથી કોઈ દોષ નથી.

B. અલબત્ત શ્વેતામ્બરીય આગમાદિ પુરાતન ગ્રંથોમાં[3] સૂત્રનિર્દિષ્ટ ક્રમ જ મળે છે.

સૂત્રમાં અને ભાષ્યમાં જે આશ્રવ ભેદોનો ક્રમ ભેદ છે, એનાથી કોઈ સૈદ્ધાન્તિક અસંગતિ નથી, માત્ર વ્યાખ્યા નો ક્રમ જુદો છે. એ વાત ચોક્કસ છે કે શ્રી સિદ્ધસેન ગણિજીને જે પ્રતિ મળી એમાં ક્રમભેદ હતો. વળી ભાષ્યકારશ્રી અને શ્રી સિદ્ધસેનગણિમાં પણ ૫૦૦-૬૦૦ વર્ષનું અંતર છે. આ ક્રમ ભેદ પ્રતિલીપિ કરતાં કે મુખાગ્ર (મૌખિક પઠન-પાઠનની) પરંપરાના કારણે પણ થઈ શકે છે.

જો ક્રમભંગ ને લઈ સૂત્રકાર અને ભાષ્યકારને ભિન્ન પરંપરાના કહેશો તો સંખ્યા ભંગ તો એના કરતાં

---

૧. "इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-परिषद्याऽऽत्मरक्ष-लोकपाला-ऽनीकप्रकीर्णका-ऽऽभियोग्य-किल्विषिकाश्चैकश।"

૨. "तद्यथा, इन्द्राः सामानिकाः त्रायस्त्रिंशाः पारिषद्याः आत्मरक्षाः लोकपालाः अनीकाधिपतयः अनीकानि प्रकीर्णकाः आभियोग्याः किल्विषिकाश्चेति।"

૩. "पंचिंदिया पण्णत्ता... चत्तारिकसाया पण्णत्ता... पंचअविरय पण्णत्ता... पंचवीसा किरिया पण्णत्ता....।" (**स्थानांग स्थान २, उद्देश्य १ सू० ६०**) "इंदियकसायअव्वयजोगा पंच चउ पंच तिन्नि कमा। किरियाओ पणवीसं इमाओ ताओ अणुकमसो" (**नवतत्त्वप्रकरण गा.२१**)

પણ મોટી અસંગતી છે. આ જ આશ્રવના કારણોની ચર્ચામાં કુન્દકુન્દાચાર્યજીએ પ્રમાદ છોડી ૪ કારણ માન્યા અને ત્યાં તત્ત્વાર્થમૂલ, સર્વાર્થસિદ્ધિ, રાજવાર્ત્તિક, શ્લોકવાર્તિક આદિ બધાજ પાંચ માને છે. તો શું કુંદકુંદાચાર્યજીને અને પૂજ્યપાદજીને એક જ પરંપરાના નહિં માનો? વ્યાખ્યામાં ક્રમભેદ કે સંખ્યાભેદ એક લેખકની કૃતિમાં સંભવે છે. એથી એના આધારે એમ ન કહેવાય કે ભાષ્ય સ્વોપજ્ઞ નથી.

C. સૂત્રમાં દેવોના દશ ભેદ કહ્યા અને ભાષ્યમાં અગ્યાર દેખાડ્યાં એમાં કોઈ સંખ્યાવિરોધ નથી થતો, કારણકે દરેક વ્યાખ્યાકાર વ્યાખ્યાનાં ભેદ કે ઉપભેદની ચર્ચા કરી જ શકે છે. દિગંબર વ્યાખ્યાકારોએ પણ નિક્ષેપની ચર્ચા કરતાં સ્થાપનાના સાકાર સ્થાપના અને અનાકાર સ્થાપના એમ બે ભેદ શું નથી કર્યા? વાસ્તવમાં અનીક અને અનીકાધિપતિના બે ભેદ કરવા છતાં દેવ પરિષદ્‌ની દસ સંખ્યામાં વૃદ્ધિ નથી થતી. અનીક અને અનીકાધિપતિનો ભેદ રાજા-પ્રજાથી જુદો છે. રાજા પ્રજા નથી થતી, સ્વામી સેવક નથી થતો પણ સેનાપતિ અનિવાર્ય સૈનિક હોય જ છે.

D. "તત્ત્વાર્થભાષ્ય શ્વેતામ્બર આગમોની રચના પછી બન્યું છે" એવી દિગંબરોની વાત ખરેખર અસંગત જ છે. કારણ કે દિગંબર વિદ્વાનો આગમોની અંતિમ વાચના (સંકલન) અને એના પુસ્તકારૂઢ થવાના સમયને અર્થાત્ તાડપત્ર પર લખવાના કાલને જ આગમનો રચના કાલ માની લે છે.

જો એના પૂર્વે આગમો હતાં જ નહિં, તો વલ્લભી વાચનામાં સંકલન અને લેખન કોનુ થયું હશે? શું વલ્લભીમાં કોઈ નવા આગમ ગ્રંથો રચાયા હતાં?

દિગમ્બરોના કથન મુજબ તત્ત્વાર્થની રચનાના સમયે આગમો હતા જ નહિ તો પછી દિગમ્બર પરંપરામાં ઉપલબ્ધ તત્ત્વાર્થસૂત્રની ઉત્થાનિકામાં શ્રી ઉમાસ્વાતિજી મહારાજે એવો સ્પષ્ટ ઉલ્લેખ કેમ નથી કર્યો તે આ રીતે કે 'વર્તમાનમાં અઙ્ગ અનઙ્ગ સૂત્રનો વિચ્છેદ થઈ ગયો છે અને એથી બધાને જૈન તત્ત્વજ્ઞાનના બોધ માટે આ ગ્રન્થની રચનામાં પ્રવૃત્ત થયો છું.'.

શ્રી ઉમાસ્વાતિજીએ કુન્દકુન્દાચાર્યના ગ્રંથો ઉપરથી જો ગ્રંથ રચના કરી હોય તો પછી તત્ત્વાર્થસૂત્ર અને એની દિગંબરીય ટીકાઓની ઉત્થાનિકાઓમાં ક્યાંય પણ કુંદકુંદાચાર્યને નામોલ્લેખ પૂર્વક નમસ્કાર કેમ નથી કરવામાં આવ્યો? શા માટે સર્વાર્થસિદ્ધિ અને રાજવાર્તિકાદિ ટીકાઓ સૂત્રકર્તાના સંબંધમાં કાંઈ નિર્દેશ નથી કરતી? જ્યારે તત્ત્વાર્થભાષ્યમાં તો સ્પષ્ટ રૂપથી આ બાબતોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે આગમના ગંભીર વિષયોના સંક્ષેપમાં સરળતાપૂર્વક બોધ કરાવવા માટે હું આ ગ્રંથની રચનામાં પ્રવૃત્ત થયો છું. તેઓશ્રીએ તત્ત્વાર્થભાષ્યમાં પોતાના વંશ પરિચયની સાથે સાથે પોતાની ગુરુ પરંપરાનો પણ ઉલ્લેખ કર્યો છે. જ્યારે તત્ત્વાર્થસૂત્રની પ્રાચીન દિગમ્બરીય ટીકાઓ આ વિષયમાં એક અક્ષર પણ બોલતી નથી.

પૂ. વાચકશ્રીએ જ્યારે આ ગ્રંથની રચના કરી ત્યારે દિગંબર સંપ્રદાય નીકળ્યો જ ન હતો. દિગંબરોની ઉત્પત્તિના લગભગ ૧૦૦-૧૨૫ વર્ષ પૂર્વે જ, આ ગ્રંથ રચાઈ ગયો હતો.

વી. સં. ૬૦૯ માં બોટિકની ઉત્પત્તિ થઈ. એના મૂલ શિવભૂતિ મુનિ હતા. તેઓ નિર્વસ્ત્ર બની સંયમ પાળતા હતા, છતા એ શિવભૂતિ પોતે-સવસ્ત્રમુક્તિ, સ્ત્રીમુક્તિ, કેવલી-ભુક્તિ સાક્ષરીવાણી તેમજ બધા આગમોને માનતા હતા. [1]માટે જ એમને શાસ્ત્રમાં નિન્હવ નથી કહ્યાં પણ બોટિક કહ્યાં.

તેમજ તેમને ગુરુએ કે સંઘે બીજા નિન્હવોની જેમ સંઘમાંથી બહિષ્કૃત પણ નહોતા કર્યા, પણ

૧.इय पण्णविओऽवि बहु सो मिच्छत्तोदयाकुलियभावो। जिणमयसद्दहंतो छड्डियवत्थो समुज्जाओ।। (**विशेषावश्यकभाष्य** ३१०८)

તેઓ પોતે જ નગ્ન થઈને ચાલ્યા ગયા હતાં.

શિવભૂતિજીના[1] જ શિવદત્ત, શિવગુપ્ત, ભૂતપતિ અને ભૂતબલિ એ અપરનામો છે. મુનિ શિવભૂતિજી ગિરનારમાં ધરસેણ આચાર્ય પાસેથી અગ્રાયણીય પૂર્વની પાંચમી વસ્તુના ચોથા પ્રાભૃત (મહાપ્રાભૃત)ને ભણ્યા અને પછી ઉગ્રવિહાર કરી દ્રવિડ-મથુરામાં પહોચી 'ષટ્ખંડાગમ' બનાવ્યો. [2]શિવભૂતિના બે શિષ્ય હતા. કોડિન્ન અને કોટ્ટવીર.

શિવભૂતિના પ્રથમ શિષ્ય 'કોડિન્ન'નું બીજું નામ કુન્દકુન્દ હતું. જેને દિગંબરો કુન્દકુન્દાચાર્ય કહે છે, તે દિગંબર પરંપરાના મૂલ હતા. એમણે જ પછીથી કટ્ટર બની પોતાના મતની પુષ્ટી માટે સ્ત્રી-મુક્તિ, સવસ્ત્ર-મુક્તિ, કેવળી-ભુક્તિ વગેરે અનેક બાબતોનું ખંડન કર્યું. આગમોમાં ઠેક-ઠેકાણે એનું પ્રતિપાદન કર્યું હોવાથી આગમોને ઉડાડી દીધા અને સમયસાર, અષ્ટપ્રાભૃત વગેરે નવા ગ્રંથો બનાવ્યા જેને દિગંબરો - 'દિવ્યજ્ઞાનથી નવો માર્ગ પ્રકાશ્યો' એમ માને છે.

દિગંબરો - આજીવિક, ત્રૈરાશિક, અબદ્ધિક અને બોટિક એમ ચારેય વર્ગના મુનિઓના જૂથ રૂપે હતા. તેથી આ મતમાં ચારેયની માન્યતાઓને પણ વિકલ્પે સ્થાન આપવામાં આવ્યું છે.

૧. **આજીવિક મત** (ગોશાલા)નાં A. શીતોદક ગ્રહણ, B. સચિત્ત સ્પર્શવાળું ભોજન ગ્રહણ, C. નગ્નતા, D. સ્ત્રીનો સ્પર્શ - આ ચારે, દિગંબર મુનિઓમાં પણ મળે છે.

૨. દિગંબરોમાં છ આવશ્યકમાં પચ્ચક્ખાણના સ્થાને 'સ્વાધ્યાય' દાખલ કરવામાં આવ્યા છે. તે **અબદ્ધિક** (ગોષ્ઠા માહિલ) મતને આભારી છે.

૩. દિગંબરોમાં પ્રસિદ્ધ 'પુણ્યાશ્રવકથાકોષ' ના કર્તા પોતાને ત્રૈરાશિક (રોહગુપ્તના) મતના હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે એટલે કે **ત્રૈરાશિક મત** પણ દિગંબર મતમાં મળી ગયો છે. આમ, આ ત્રણ નિહ્નવ અને એક બોટિક એમ કુલ ચાર જણાનું જૂથ તે વર્તમાન દિગંબર મત.

શિવભૂતિ મુનિના બીજા શિષ્ય કોટ્ટવીર (શિવકોટિ) કે જેમની પરંપરામાં યાપનીયો થયા, એમણે પણ સ્વગુરુ (શિવભૂતિજી)ની જેમ આગમો માન્ય રાખ્યા અને સવસ્ત્ર મુક્તિ આદિ પણ માન્ય રાખ્યા હતા. એથી જ કોટ્ટવીર રચિત **'ભગવતી આરાધના'**માં આચારાંગ સૂત્ર, જીતકલ્પ, બૃહત્કલ્પ ભાષ્ય, વ્યવહાર સૂત્ર-ભાષ્ય અને નિર્યુક્તિના ઘણા સાક્ષી પાઠો ટાંકેલા છે. આમ આ શિવકોટીજી જિનાગમોને બહુ જ વફાદાર રહ્યાં છે. **'ભગવતી આરાધના'** ઉપર આચાર્ય અપરાજિતસૂરિજીએ **'વિજયોદયા'** ટીકા રચી છે એમાં સ્વરચિત દશવૈકાલિક સૂત્રની ટીકાના ઉલ્લેખો અને આગમોના સાક્ષી પાઠો આપ્યા છે. એથી નક્કી થાય છે કે ષટ્ખંડાગમ, ભગવતી આરાધના, મૂલાચારાદિ ગ્રંથો આગમથી અવિરુદ્ધ[3]

૧. मुनिश्च ज्ञेयः शिवगुप्ति संज्ञितः (આ. જિનસેનનું **"હરિવંશ પુરાણ"** સ. ૬૬, શ્લોક-૦૨૫, શાકે-૭૦૫ ભૂતોએ ભૂતપતિ નામ આપ્યું, બીજુ નામ ભૂતબલિ, ભૂતબલિએ જેઠ સુ. પાંચમે છ ખંડને પુસ્તક રૂપે લખ્યો. (આ. ઇંદ્રનંદિનો **શ્રુતાવતાર**, શ્લોક ૧૨૮, ૧૩૪ થી ૧૪૪) શિવદત્ત (**સુઅખંધો** ગા. ૭૭, બીજો શ્રુતાવતાર શ્લો. ૮૪, ૧૨૮)

૨. बोडियसिवभूइओ, बोडियलिंगस्स होई अप्पत्तो। कोडिण्ण-कोट्टवीरा, परंपराफाससमुप्पण्णा(**विशेषावश्यकभाष्यगाथा**-३०५४)·

૩. **'ષટ્ખંડાગમ'**ના 'તાડપત્ર' ઉપરની એક એવી પ્રતિ હમણાં જ થોડાક વર્ષો પૂર્વે દિગંબરોના ભંડારમાંથી મળી આવી છે કે જેમા ષટ્ખંડાગમના ૯૩ માં સૂત્રમાં આવતા 'સંજદ'(સંયત) શબ્દ ઉપરથી 'સ્ત્રી મોક્ષ' સિદ્ધ થાય છે. તેમજ કેવળી ભુક્તિ માટે અ. ૯, સૂ. ૧૧ માં કહેલ છે કે શ્રી જિનને ૧૧ પરિસહો હોય છે. જેથી ક્ષુધાદિ પરીસહ વેદનીય કર્મોનો ઉદય હોવાથી સ્વયમેવ સિદ્ધ થાય છે. આ પ્રાચીનતમ હસ્તલિખિત પ્રતિમાં મૂલનો સ્ત્રીનિર્વાણ સંબંધી પાઠ કેવી વ્યવસ્થિત રીતે ઉડાવી દેવામાં આવ્યો છે એ માટે જુઓ શ્રી **જૈન સત્યપ્રકાશ** વર્ષ-૧૫, અંક-૯, તા.૧૫-૬-૫૦, ક્રમાંક-૧૭૭ના પૃ. ૧૭૮-૧૮૫માં બહુશ્રુત સભાશૃંગાર શ્રી જમ્બૂવિજયજી મ. નો લેખ **"દિગંબર જૈનો અને સંજદ શબ્દ"**.

છે. કારણ કે એના પ્રણેતાઓ આગમને માનતા હતા. યાપનીયો માટે કહેવાય છે કે, તેઓ, મૂલ સંઘ-મૂલગણમાંથી નીકળ્યા. અહિં મૂલ ગણ કે મૂલ સંઘ[1] એટલે કે શ્વેતાંબર સંઘ - કે જેમાંથી એમના ગુરુ (શિવભૂતિ) નીકળ્યા હતા. અને એ યાપનીયો શિવભૂતિની માન્યતા પ્રમાણે ચાલતા હતા. તેઓ પણ નિર્વસ્ત્ર રહેતા હતા પણ આગમોને તથા સ્ત્રીમુક્તિ આદિને તો માનતા જ હતા. માત્ર નગ્ન રહેવા પૂરતો જ મતભેદ હતો, બીજો કોઈ દેખાતો સૈદ્ધાંતિક મતભેદ ન હતો. અર્થાત્ તેઓ વસ્ત્ર, પાત્રને અપવાદમાર્ગે સ્વીકારતા પણ હતા તથા સ્ત્રીમુક્તિ, સવસ્ત્રમુક્તિ, કેવલીભુક્તિ આદિ સમસ્ત વાતોને માનતા હતા. દિગંબરોએ કોટ્ટવીર (બોટિક)ની પરંપરાને યાપનીય નામ આપ્યું હતું. યાપનીયોના વિચારો મહદ્ અંશે શ્વેતામ્બરોને અને કંઈક અંશે દિગંબરોને અનુરૂપ હોવા છતાં તેમના આચારો વિશેષરૂપે દિગંબરોને અનુરૂપ હોવાથી તેમને રચેલું ઘણું ખરું સાહિત્ય દિગંબર સાહિત્યમાં સમાઈ ગયું જણાય છે.

ધીમેધીમે યાપનીયોની પરંપરા વિચ્છિન્ન થવા લાગી ત્યારે દિગંબરોએ જેવી રીતે, યાપનીયોના મૂલાચારાદિ ગ્રંથો, શિવભૂતિના ષટ્ખંડાગમ તથા કોટ્ટવીરની ભગવતી આરાધના વગેરે ગ્રંથો પોતાના તરીકે સ્વીકારી લીધા પણ જેમા ઠેર-ઠેર સ્વમત વિરુદ્ધ વાતો આવતી હતી એવા શાકટાયન રચિત સ્ત્રીનિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ સ્વોપજ્ઞ ભાષ્ય ઉપર રચિત શ્રી સામન્તભદ્રાચાર્યનું ગંધહસ્તી મહાભાષ્ય તથા ૪૫ આગમોને નહીં સ્વીકાર્યા, તેવી જ રીતે, તત્ત્વાર્થસૂત્ર પણ સ્વોપજ્ઞ ભાષ્ય સહિત દિગંબરોને યાપનીયો પાસેથી પ્રાપ્ત થયું હતું પરંતુ સ્વોપજ્ઞ ભાષ્ય કથિત પદાર્થો એમના મતને વિરોધી હતા. તેથી આગમની જેમ એ સ્વોપજ્ઞ ભાષ્યને અન્યકર્તૃક માની ઉડાડી દીધા અને સૂત્રોને સ્વીકાર્યા. તેમજ સૂત્રોમાં અનુક્ત એવી જે મહત્ત્વની વાતો ભાષ્યમાં હતી તે ભાષ્યના પાઠોને જ સૂત્ર રૂપે સ્વીકારી લીધા અને સૂત્રમાં પણ અમુક ફેરફાર કરી એના ઉપર ટીકાઓ વગેરે રચી. તે જ પદ્ધતિથી વર્તમાનકાલમાં પણ દિગંબર વિદ્વાનો દિગંબર ગ્રંથોમાં જ્યાં પણ સ્વમત વિરોધી પાઠો દેખાય તે પાઠોની કેવા પ્રકારની ઉથલપાથલ કરે છે તેનો એક નમૂનો એટલે પં. ફૂલચંદ્ર શાસ્ત્રી દ્વારા સંપાદિત' સર્વાર્થસિદ્ધિ.[2] વિશેષ જિજ્ઞાસુએ "તત્ત્વાર્થ ઔર ઉસકી પરંપરા" પુસ્તક પૃ.૫૪થી ૬૧ જોઈ લેવા ભલામણ.

---

૧. ज्ञानदर्शनचारित्रादिधरे कुलादिस्थविरसमुदाये, दंसणणाणचरित्ते, जो पुव्वपरुवणेय रयणा य। एसो य मूलसंघो, तिविहाथेरा करणजुत्ता। (**पंचकल्पभाष्य**), संवत् १०३६ कार्तिकशुक्लाएकादश्यां श्रीश्वेताम्बरमूलसंघेन पश्चिमचतु(रथी)कयं श्री देवनिर्मिता प्रतिमा प्रतिस्थापिता।) લખનઉ મ્યુઝીયમમાં રહેલી મથુરાથી પ્રાપ્ત થયેલ દશમી-અગ્યારમી સદીની પદ્માસન મુદ્રામાં પાંચ ફૂટ ઉંચી વિશાળકાય પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમામાં શ્વેતામ્બર મૂલસંઘનો ઉલ્લેખ.

૨. સર્વાર્થસિદ્ધિની પ્રાચીન મુદ્રિત પ્રતમાં ભાષ્યના જે અંશો હતા તે ઉડાડી દીધા તેમજ द्रव्यवेदस्त्रीणां પાઠ જે સ્ત્રીમુક્તિનો સમર્થક હતો. તે પણ કાઢી નાંખ્યો, કારણ કે **ષટ્ખંડાગમ**માં સ્ત્રી શબ્દની વ્યાખ્યામાં જે ભાવ-સ્ત્રી અર્થ લીધો હતો એનો તે(દ્રવ્યવેદસ્ત્રી)ની સાથે વિરોધ આવે અને પ્રશ્ન ઉભો થાય કે "સર્વાર્થસિદ્ધિમાં તો સ્ત્રીનો અર્થ દ્રવ્યવેદ કર્યો છે તમે ભાવસ્ત્રી કઈ રીતે કરો છો ?" એથી પં. ફૂલચંદ્રશાસ્ત્રીએ સંશોધનના નામે द्रव्यवेदस्त्रीणां શબ્દ જ મૂલ પાઠથી હટાવી દીધો.

## ૧૦. શ્વેતાંબરીય ઉપલબ્ધ તત્ત્વાર્થસૂત્રની ટીકાઓ

૧. શ્રી તત્ત્વાર્થાધિગમ ભાષ્ય - ૨૨૦૦ શ્લોક પ્રમાણ, વાચક શ્રી ઉમાસ્વાતિજીકૃત.
૨. ગંધહસ્તિ શ્રી સિદ્ધસેનગણિ પ્રણિત ભાષ્યાનુસારી ૧૮૨૮૨ શ્લોક પ્રમાણ ટીકા.
૩. યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરિજીકૃત ભાષ્યાનુસારી ૧૧૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા. (આ ટીકા ૫$\frac{૧}{૨}$ અધ્યાય સુધીની જ હતી. શેષ શ્રી યશોભદ્રસૂરિજીએ અને એમના શિષ્યે પૂર્ણ કરી)
૪. ચિરંતનાચાર્ય કૃત તત્ત્વાર્થ ટિપ્પણી.
૫. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત પ્રથમ અધ્યાયની ભાષ્ય તર્કાનુસારી 'તત્ત્વાર્થ વિવરણ' નામની ટીકા.
૬. સંબંધ કારિકા ઉપર શ્રી દેવગુપ્તસૂરિજી કૃત ટીકા.
૭. શ્રી દર્શનસૂરિજી કૃત "તત્ત્વાર્થ વિવરણ ગૂઢાર્થ દીપિકા' નામની ૧૭૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા. આ ટીકા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત પ્રથમ અધ્યાયની ટીકા ઉપર લખાયેલ છે.
૮. શ્રી લાવણ્યસૂરિજી કૃત ૫/૨૯, ૩૦, ૩૧ - ત્રણ સૂત્રો ઉપર 'તત્ત્વાર્થ ત્રિસૂત્રી પ્રકાશિકા' નામની ૪૨૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા.
૯. શ્રી સુશીલસૂરિજી કૃત 'સુબોધિકા' ટીકા.
૧૦. શ્રી સાગરાનંદસૂરિજી કૃત 'તત્ત્વાર્થકર્તૃત્વમતનિર્ણય'
૧૧. શ્રી ચિરંતનાચાર્ય કૃત તત્ત્વાર્થ પરિશિષ્ટ.

## ૧૧. ગુજરાતી વિગેરે ભાષામાં અનુવાદિત શ્વેતાંબરીય તત્ત્વાર્થસૂત્ર અને ભાષ્ય

૧. શ્રી યશોવિજયજીગણિ કૃત ગુજરાતી ટબો
૨. આ. શ્રી. રામસૂરિજી કૃત ગુજરાતી પદ્યાનુવાદ.
૩. આ. શ્રી વિક્રમસૂરિજી કૃત અ-૫નું વિવેચન.
૪. આ.શ્રી ભુવનભાનુસૂરિજી કૃત "તત્ત્વાર્થ ઉષા".
૫. શ્રી સુશીલસૂરિજી કૃત ગુજરાતી અનુવાદ.
૬. આ. શ્રી રાજશેખરસૂરિજી કૃત ગુજરાતી વિવેચન.
૭. શ્રી કનકવિજયજી કૃત ગુજરાતી ભાવાર્થ.
૮. ગણિશ્રી અક્ષયચંદ્રસાગરજી કૃત સભાષ્ય વિવેચન.
૯. મુનિશ્રી દીપરત્નસાગરજી કૃત ગુજરાતી વિવેચન.
૧૦. શ્રી આત્મારામજી મહારાજ(સ્થાનકવાસી)કૃત "તત્ત્વાર્થ જૈનાગમ સમન્વય".
૧૧. શ્રી સંતબાલાજી (સ્થાનકવાસી) કૃત પદ્યાનુવાદ.
૧૨. શ્રી કેવલમુનિજી કૃત હિન્દી વિવેચન.
૧૩. પં. શ્રી પ્રભુદાસ પારેખ કૃત ગુજરાતી વિવેચન
૧૪. પં. શ્રી સુખલાલભાઈ સંઘવી કૃત " " "
૧૫. પં.શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ કૃત " " "
૧૬. શ્રી શંકરલાલ ડાહ્યાલાલ કૃત " " "
૧૭. શ્રી શાન્તિલાલ કેશવલાલ કૃત " " "
૧૮. શ્રી ચિમનલાલ ગાંધી કૃત " " "
૧૯. શ્રી નાથાલાલ સૌભાગચંદજી કૃત " " "
૨૦. શ્રી સુનંદાબેન વ્હોરા કૃત " " "
૨૧. પં. શ્રી ખુબચંદ્રજી કૃત સભાષ્ય હિન્દી અનુવાદ
૨૨. પં. શ્રી ઠાકુર પ્રસાદ કૃત " " "
૨૩. પં. શ્રી મેઘરાજ મુણોત કૃત " " "
૨૪. પ્રો.હર્મન જેકોબી કૃત જર્મન ભાષામાં અનુવાદ.
૨૫. શરદચંદ્રજી ઘોષ કૃત અંગ્રેજી અનુવાદ.
૨૬. શ્રી નથમલજી ટાંટિયા કૃત " " "
૨૭. ઈ. કાનાકુરા કૃત જાપાની ભાષામાં અનુવાદ
૨૮. શિજેનોબુ સુઝુકી કૃત જાપાની " " "

## ૧૨. દિગંબરીય ઉપલબ્ધ તત્ત્વાર્થસૂત્રની ટીકા

૧. શ્રી પૂજ્યપાદસ્વામિ કૃત સર્વાર્થસિદ્ધિ ટીકા ૫૫૦૦ શ્લોક પ્રમાણ.
૨. શ્રી ભટ્ટ અકલંકદેવજી કૃત રાજવાર્તિક ટીકા ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ.
૩. આ. શ્રી વિદ્યાનંદજી કૃત શ્લોકવાર્તિક ટીકા ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ.

૪. આ. શ્રી શ્રુતસાગરજી કૃત શ્રુતસાગરી ટીકા ૯૦૦૦ શ્લોક પ્રમાણ.
૫. આ. શ્રી વિબુધસેન કૃત વ્યાખ્યા ૩૨૫૦ શ્લોક
૬. શ્રી ભાસ્કરનંદિ કૃત સુખબોધિની ટીકા.
૭. શ્રી યોગદેવકૃત તત્ત્વાર્થવૃત્તિ ૩૦૦૦ શ્લોક પ્રમાણ.
૮. શ્રી યોગીન્દ્રદેવ કૃત તત્ત્વાર્થ પ્રકાશિકા ટીકા.
૯. શ્રી લક્ષ્મીદેવ કૃત તત્ત્વાર્થ ટીકા.
૧૦. શ્રીબાલચંદ્રમુનિ પ્રણિત તત્ત્વરત્નપ્રદીપિકા, કર્ણાટકી
૧૧. શ્રી અમૃતચંદ્રસૂરિ કૃત તત્ત્વાર્થ સાર.
૧૨. શ્રી અભયનંદિ કૃત તાત્પર્ય તત્ત્વાર્થ ટીકા.
૧૩. શ્રી પ્રભાચંદ્ર કૃત રત્નપ્રભાકર નામની તત્ત્વાર્થની વૃત્તિ ૨૪૦૦ શ્લોક પ્રમાણ.
૧૪. શ્રી રવિનંદિ કૃત સુખબોધિની-૫૦૦૦ શ્લોક
૧૫. આ શ્રી દિવાકરનંદિ કૃત લઘુવૃત્તિ.
૧૬. પં. શ્રી જયંતજી કૃત બાલબોધ ટીકા.

## ૧૩. દિગંબરીય અનુવાદિત તત્ત્વાર્થ ટીકા

૧. તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ ટીકા હિન્દી અનુવાદ (પં. ફૂલચંદજી શાસ્ત્રી)
૨. તત્ત્વાર્થશ્લોકવાર્તિકનો હિન્દી અનુવાદ (પં.શ્રી માણેકચંદ્રજી કૌન્દેય કૃત)
૩. " " "(દિગંબરસાધ્વીજી જ્ઞાનમતિશ્રીજી કૃત)
૪. તત્ત્વાર્થરાજવાર્તિક હિન્દી અનુવાદ (" " ")
૫. તત્ત્વાર્થશ્રુતસાગરી હિન્દી અનુવાદ (" " ")
૬. તત્ત્વાર્થરાજવાર્તિક હિન્દી અનુવાદ (પ્રો. મહેન્દ્રકુમાર જૈન)
૭. તત્ત્વાર્થશ્રુતસાગરી હિન્દી અનુવાદ (પ્રો. " ")
૮. તત્ત્વાર્થશ્લોકવાર્તિકની ટિપ્પણ.
૯. તત્ત્વાર્થસારનો હિન્દી અનુવાદ
૧૦. શ્રી રામજી માણેકચંદજી કૃત ભાષા ટીકા.
૧૧. શ્રી પન્નાલાલ બાકલીવાલ કૃત હિન્દી બાલાવબોધ.
૧૨. શ્રી મુક્તાનંદજી કૃત પદ્યાનુવાદ.
૧૩. શ્રી સુખદાસજી કૃત ભાષા ટીકા.
૧૪. શ્રી જયચંદ્રજી કૃત સર્વાર્થસિદ્ધિ વચનીકા.
૧૫. શ્રી મનોહરવર્ણી કૃત તાત્પર્યાર્થ.
૧૬. શ્રી જગમંદર જૈન કૃત અંગ્રેજી ભાષામાં અનુવાદ

## ૧૪. તત્ત્વાર્થસૂત્ર ઉપર અનુપલબ્ધ શ્વેતામ્બરીય ટીકા તથા અનુવાદો

૧.સ્વામીશ્રી સમંતભદ્રાચાર્ય કૃત ગંધહસ્તિમહાભાષ્ય.[૧]
૨.આચાર્યશ્રી ગંધહસ્તીજી કૃત ગંધહસ્તિમહાભાષ્ય.
૩.શ્રી દેવગુપ્તસૂરિજી કૃત તત્ત્વાર્થ ટીકા.[૨]
૪.શ્રી મલયગિરિસૂરિજી કૃત તત્ત્વાર્થ ટીકા.[૩]
૫."ત્રિસૂત્રી આલોક" નામની મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત ટીકા.[૪]
૬.મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત ટીકા[૫]
૭.[૬]પં. શ્રીયુત હીરાલાલ રસિકલાલ કાપડિયા કૃત તત્ત્વાર્થસૂત્રનો અંગ્રેજી અનુવાદ (અપ્રકાશિત)
૮.પં. શ્રીયુત હીરાલાલ રસિકલાલ કાપડિયા કૃત તત્ત્વાર્થસૂત્રનું પ્રાકૃત રૂપાંતર (અપ્રકાશિત)
૯.તત્ત્વાર્થ મૂલસૂત્રનું ગુજરાતી વિવરણ (" ").

---

૧. ગંધહસ્તી નામે બે મહાભાષ્ય હતાં. એ માટેના પુરાવા અમે શ્રીમદ્ ઉમાસ્વાતિજીના જીવનસમયનો નિર્ણય કરતી વખતે આપ્યા છે, ત્યાં(પૃ.૯)થી જોઈ લેવા. ૨. શ્રી દેવગુપ્તસૂરિજીએ સંબંધ કારિકાની પોતાની ટીકાની અંતે - इतीयं कारिकाटीका, शास्त्रटीकां चिकीर्षुणा । संदृब्धा देवगुप्तेन, प्रीतिधर्मार्थिना सता ।। એમ જણાવ્યું છે. આથી તેઓશ્રીએ કદાચ આ સૂત્ર ઉપર ટીકા લખી હોય. ૩. શ્રી મલયગિરિસૂરિજી મહારાજ પ્રજ્ઞાપના (પન્નવણા) સૂત્રની પોતાની ટીકામાં (સન્નિકર્ષની અપ્રમાણતા જણાવતાં) કહે છે કે यथा च प्रमाणबाधितत्वं तथा तत्त्वार्थटीकायां भावितमिति ततोऽवधार्यं ।। આ ઉપરથી સંભવિત છે કે શ્રી મલયગિરિસૂરિ મહારાજે પણ તત્ત્વાર્થ ઉપર ટીકા બનાવી હશે. ૪. ૫/૨૯, ૩૦, ૩૧ સૂત્ર ઉપર આ ટીકા રચાઈ હશે. એવું વિદ્વાનોનું મન્તવ્ય છે. અત્યારે આ-ટીકા-ગ્રંથ અપ્રાપ્ય છે. ૫. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની પ્રથમ અધ્યાય ઉપર લખાયેલી ટીકા ઉપલબ્ધ હોવાથી સંપૂર્ણ તત્ત્વાર્થ ઉપર રચી હોય એવું અનુમાન થઈ શકે છે. ૬. (જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ભાગ-૩, પૃ.૧૧, ટી.૨

## ૧૫. શ્રી સિદ્ધસેનગણિ વિરચિત ટીકા

શ્વેતામ્બર પરંપરામાં જુદા જુદા સમયે "સિદ્ધસેન" નામ ધારી ઘણા આચાર્ય ભગવંતો થઈ ગયા છે.

૧. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી વી.સં. ૮૦૦ના ઉત્તરાર્ધમાં. ૨. વાચકશ્રી સિદ્ધસેનજી વીર. સં. - ૯૦૦ના પૂર્વાર્ધમાં. ૩. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના શિષ્ય શ્રી સિદ્ધસેન ક્ષમાશ્રમણ વીર. સં. -૧૦૦૦ના ઉત્તરાર્ધમાં. ૪. શ્રી ભાસ્વામિજીના શિષ્ય શ્રી સિદ્ધસેન ગણિજી મહારાજ વીર. સં. ૧૨૦૦ના ઉત્તરાર્ધમાં. ૫. શ્રી બપ્પભટ્ટસૂરિજીના ગુરુશ્રી સિદ્ધસેનસૂરિજી મહારાજ વીર. સં. ૧૨૦૦ના ઉત્તરાર્ધમાં. ૬. શ્રી સિદ્ધર્ષિ ગણિજી મહારાજ વીર. સં. ૧૪૦૦ના ઉત્તરાર્ધમાં. ૭. શ્રી સિદ્ધસેનસૂરિજી મહારાજ વીર. સં. ૧૭૦૦ના પૂર્વાર્ધમાં.

ભાષ્યાનુસારી આ ટીકાના કર્તા શ્રી સિદ્ધસેન ગણિવર્ય છે. આ ટીકાના અંતમાં લખેલી એમની પ્રશસ્તિના અવલોકનથી તેમના જીવનનો આંશિક પરિચય થાય છે, તે આ પ્રમાણે - શ્રી દિન્નગણિ ક્ષમાશ્રમણના શિષ્ય શ્રી સિંહસૂરિજી મહારાજ. તેમના શિષ્ય શ્રી ભાસ્વામિજી મહારાજ / તેમના શિષ્ય પ્રસ્તુત ટીકાકાર શ્રી સિદ્ધસેનગણિ મહારાજ હતા. શ્રી મલ્લવાદિસૂરિજી કૃત દ્વાદશારનયચક્ર ગ્રંથના ટીકાકાર શ્રી સિંહસૂરિજી મહારાજ જ શ્રી સિદ્ધસેનગણિજીના પ્રગુરુ હતા એવો વૃદ્ધવાદ છે. તથા આમ રાજા પ્રતિબોધક આચાર્યશ્રી બપ્પભટ્ટસુરિજી મહારાજના ગુરુ પ્રસ્તુત ટીકાકારશ્રી સિદ્ધસેન ગણિજી મહારાજ જ છે એવું વિદ્વાનોનું માનવું છે એથી આ સિદ્ધસેન નામ ધારી આચાર્યોમાંથી ૪-૫ નંબરે રહેલા શ્રી સિદ્ધસેન ગણિ અને સિદ્ધસેનસૂરિજી એક[1] જ છે એવું અનુમાન થાય છે. કારણ કે જ્યારે પ્રસ્તુત ટીકાની રચના થઈ હશે ત્યારે સિદ્ધસેન મહારાજ ગણિ હશે અને ત્યાર પછી આચાર્ય બન્યા હશે. નવપદપ્રકરણના કર્તા શ્રી દેવગુપ્તસૂરિજી[2] જેમ ગ્રંથ રચના વખતે ગણિ હતાં પછીથી આચાર્ય બન્યા તેમ અહિં પણ સમજવું.

આ સિદ્ધસેનીય ટીકામાં બૌદ્ધ વિદ્વાન [3]શ્રી ધર્મકીર્તિ તથા વસુબંધુ[4] આદિનો ઉલ્લેખ છે. શ્રી ધર્મકીર્તિજીનો સમય ઈ. સ. ૬૦૦થી ૬૫૦ હોવાનું ઘણા ખરા વિદ્વાનો માને છે. તથા આચારાંગાદિના ટીકાકાર શ્રી શીલંકાચાર્યજીના અનંતર કાલીન નિર્વૃત્તિકુલના શ્રી અભયદેવસૂરિજી મહારાજે પોતાની સમ્મતિતર્કની ટીકામાં ગંધહસ્તિ નામે શ્રી સિદ્ધસેનગણિજી મહારાજનો ઉલ્લેખ કર્યો છે. તેથી તેઓશ્રી વિક્રમીય ૧૦ સદી પૂર્વે થયા હશે, એ ફલિત થાય છે.

---

૧. **શ્રી દિન્નગણિ ક્ષમાશ્રમણ**
|
**શ્રી સિંહસૂર ક્ષમાશ્રમણ** (દ્વાદશારનયચક્રના ટીકાકાર)
|
**શ્રી ભાસ્વામિજી**
|
**શ્રી સિદ્ધસેનગણિજી** (સૂરિજી) ગંધહસ્તિ (તત્ત્વાર્થ વૃત્તિકાર)
|
**શ્રી બપ્પભટ્ટસૂરિજી** (આમરાજા પ્રતિબોધક)

૨. "षाण्मासिकभगवत्यङ्गोपाङ्गयोगोद्वहनावाप्तगणिनाम्ना "जिनचन्द्रेण" पूर्वावस्थानामैतत्, तस्योत्तरावस्थायां देवगुप्ताचार्येणेत्यर्थः। (श्री देवगुप्तसूरिकृतनवपदप्रकरणस्याचार्यभयदेवसूरिकृतभाष्य - टीकायाम् पृ-७१)

३. भिक्षुवरधर्मकीर्तिनाऽपि विरोध उक्तः प्रमाणविनिश्चयादौ (तत्त्वार्थवृत्ति पृ. ३६७)
तस्मादेनः पदमेतत् वसुबन्धोरामिषगृद्धस्येव गृध्रस्येवाऽप्रेक्ष्यकारिणः । (७/७ तत्त्वार्थवृत्ति पृ.६८.)

४. "जातिरूपन्यस्त वसुबन्धुवैधेयेन" । (७/७ तत्त्वार्थवृत्ति पृ.६८.)

સિદ્ધસેન મહારાજની (સૂ.૧/૩) ટીકામાં સિદ્ધિવિનિશ્ચયનો ઉલ્લેખ જોઈ દિગંબરો એવું સમજે છે કે શ્રી સિદ્ધસેન મહારાજ ભટ્ટ અકલંક દેવની પરવર્તિ છે. અર્થાત્ ભટ્ટ અકલંકદેવ શ્રી સિદ્ધસેન મહારાજથી પ્રાચીન છે. પણ આ તેમની ભ્રમણા છે - જે નિમ્નલિખિત મુદ્દા માધ્યસ્થભાવે વિચારતા ભાંગી જાય છે.

A. અકલંકદેવથી પણ પૂર્વવર્તિ શ્રી શિવાચાર્યકૃત સિદ્ધિવિનિશ્ચય નામનો ગ્રંથ હતો જેનો ઉલ્લેખ યાપનીય પરંપરાના અગ્રેસર આચાર્યશ્રી શાકટાયનજીએ પોતાના સ્ત્રીમુક્તિ-કેવલીભુક્તિ નામના ગ્રંથમાં[૧] કર્યો છે.

B. જેમ શ્રી વાદિદેવસૂરિજીના સ્યાદ્વાદ રત્નાકરની મોટા ભાગની યુક્તિઓની સામ્યતા શ્રી પ્રભાચન્દ્રજીકૃત ન્યાયકુમુદચન્દ્રમાં દેખાય તેમ શ્રી શિવાચાર્યકૃત સિદ્ધિવિનિશ્ચય તેમજ ભટ્ટ અકલંકદેવ કૃત સિદ્ધિવિનિશ્ચય ગ્રંથમાં ઇશ્વરકર્તૃત્વના ખંડન અંગેની [૨]યુક્તિઓની સામ્યતા હશે. એવી સંભાવના કરવાનું કારણ એ છે કે શ્રી સિદ્ધસેનગણિજી મહારાજે શ્રી અકલંકદેવજીનો સિદ્ધિવિનિશ્ચય ગ્રંથ જોયો હોય તો શું તેમની રાજવાર્તિક અને પૂજ્યપાદજીની સર્વાર્થસિદ્ધિ ટીકા નહિં જોઈ હોય? અને જોઈ હોય તો શું એનું ખંડન કર્યા વિના રહી શકે ખરા? જેઓશ્રીએ ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાનની ચર્ચામાં મનઃપર્યાયદર્શનવાદિ પ્રજ્ઞાપનાના ટીકાકારોની પણ સમીક્ષા કરવાનું બાકી ન રાખ્યું નથી અને ક્રમભાવી ઉપયોગની ચર્ચામાં યુગપદ ઉપયોગ તથા અભેદ ઉપયોગ વાદિઓને પણ પંડિતમન્ય કહી દીધા. એવા સિદ્ધાંતપક્ષી ગણિવરશ્રીને સર્વાર્થસિદ્ધિ કે રાજવાર્તિક જોવામાં આવી હોય અને એની સમીક્ષા કર્યા વિના એ બન્નેને જવા દે એ વાત સંભવ નથી લાગતી.

C. વળી બીજુ એ પણ સંભવિત છે કે શ્રી શિવાચાર્યનો સિદ્ધિવિનિશ્ચય ગ્રંથ યાપનીયો પાસેથી દિગંબરોને પ્રાપ્ત થયો હશે, પણ એમાં સ્ત્રીમુક્તિ-કેવલીભુક્તિ આદિ વાતો સ્વમતથી વિરૂદ્ધ હોવાના કારણે એ ગ્રંથનો અસ્વીકાર કરીને શ્રી અકલંકદેવજીએ નવો સિદ્ધિવિનિશ્ચય ગ્રંથ બનાવ્યો હશે.

ષડ્દર્શન સમુચ્ચયની ટીકાના ઉલ્લેખથી[૩] એવું જણાય છે કે શ્રી સિદ્ધસેનગણિજીએ "મહાતર્ક" નામનો કોઈ ગ્રંથ કે ટીકા રચી હશે. આ સિવાય અન્ય કયા ગ્રંથો કે ટીકા વગેરે આ પૂજ્ય પુરૂષે રચ્યા હશે, તે જાણી શકાતું નથી. પરંતુ પ્રસ્તુત ટીકામાં સ્થાનાંગ, પ્રજ્ઞાપના, આચારાંગ, નંદી,

---

૧. જુઓ આગમ પ્રભાકર શ્રી જમ્બૂવિજયજી સંપાદિત **સ્ત્રીનિર્વાણ કેવલી ભુક્તિ પ્રકરણ**ની પ્રસ્તાવનામાં (પૃ. ૨૯)

૨. "एवं कार्यकारणसम्बन्धः समवायपरिणामनिमित्तकनिर्वतकादिरूपः सिद्धविनिश्चयसृष्टिपरिक्षातो योजनीयो विशेषार्थिना दूषणद्वारेण ।" (**तत्त्वार्थवृत्ति** पृ.३७)

अकलङ्ककृत सिद्धिविनिश्चये "ननु ममबुद्धिमत्कारणमात्रसिद्धया प्रयोजनम्, तत्कारणम् इश्वरो भवतु परो वा परिणाम्येव इति चेत् । अत्राह - समवायीत्यादि । तस्य = इश्वरस्य अन्यस्य वा परिणामोपगमेऽपि अपि शब्दः पक्षान्तरसूचकः। कुतः तदुपगमः? इत्याह - समवायीत्यादि। समवायिकारणत्वं च स्थित्वा प्रवृत्त्यादेश्च आदि शब्देन निमित्तकारणत्वादि परिग्रहः तस्य परिणामिन एव सम्भवात् ।।" इति (**शास्त्रसिद्धिनामक**प्रस्तावस्य १३ गाथायाः टीकायाम्)

૩. "यथोक्तं श्री गंधहस्तिना महातर्के - द्वादशाङ्गमपि श्रुतं विदर्शनस्य मिथ्या" (**षड्दर्शनसमुच्चयस्य तर्करहस्यदीपिकानामाटिका.** पृ. ८१) "तदुक्तं च प्रवचने - द्वादशाङ्गमपि श्रुतं विदर्शनस्य मिथ्या" (**देवगुप्तसूरिकृततत्त्वार्थकारिकाटिका** पृ.-२)

નિશીથભાષ્ય, દશવૈકાલિક, અનુયોગદ્વાર, આવશ્યક નિર્યુક્તિ, વિશેષાવશ્યક ભાષ્ય, પ્રશમરતિ, સંમતિતર્ક, પરિભાષેંદુશેખર, ઋગ્વેદ, પાણીનીયવ્યાકરણ, આદિ અનેક ગ્રંથોની સાક્ષી આપી જે તત્ત્વ પીરસ્યું છે તેના પરથી તેઓની વિદ્વત્તા અગાધ અને વિશાળ છે તે જણાઈ આવે છે.
તેમનું જૈન અને અજૈન દર્શનોનું જ્ઞાન કેટલું બધું ઉંડુ અને વિશાળ હશે એ વાત દાર્શનિકવાદોથી વ્યાપ્ત ૧૮૨૮૨ શ્લોક પ્રમાણ એમની ટીકા જોતાં જ જણાઈ આવે છે. વર્ત્તમાનમાં ઉપલબ્ધ દિગંબરીય અને શ્વેતાંબરીય બધી ટીકાઓ કરતાં આ સિદ્ધસેનીય ટીકા સહુથી મોટી છે. આ ટીકામાં ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ અને બૌદ્ધ દર્શનોનો વિસ્તૃત રીતે વિચાર વિમર્શ કરવામાં આવ્યો છે. દાર્શનિક અને તાર્કિક ચર્ચા કરવા છતાં પણ છેલ્લે તો શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની જૈન આગમિક પરંપરાનું જ જોરશોરથી ઠોસ દલીલપૂર્વક સ્થાપન કર્યું છે.

એમની વૃત્તિ જોતાં ખ્યાલ આવે છે કે એમના વખતે તત્ત્વાર્થ ઉપર અનેક ટીકાઓ વિદ્યમાન હશે. જેનો ઉલ્લેખ તેમણે પોતે જ ટીકા પ્રારંભ કરતાં શરૂઆતના ત્રીજા શ્લોકમાં કર્યો છે. તેમજ અમુક સ્થળે (૫/૩ પૃ. ૩૨૧) એક જ સૂત્રના ભાષ્યનું વિવરણ કરતાં ૫ થી ૬ મતાંતરો દેખાડ્યા છે. અને અમુક ઠેકાણે સૂત્ર તથા ભાષ્યના પાઠાંતરો અંગેની ચર્ચા પણ કરી છે.

## ૧૬. "ગંધહસ્તી" એ કોનું નામ ?

શ્રી સિદ્ધસેનગણિજી મહારાજે જે સમયે તત્ત્વાર્થ ઉપર ટીકા રચી એ વખતે એમની સામે આચાર્યશ્રી ગંધહસ્તીજીનું મહાભાષ્ય વિદ્યમાન હશે. એ માનવાનું કારણ એ છે કે "શ્રી સિદ્ધસેનગણિજી મહારાજે ટીકાના આદ્ય મઙ્ગલાદિ વિષયક ત્રીજા શ્લોકમાં એમ કહ્યું છે કે મારા પૂર્વે ઘણા મુનિનાથ=પૂર્વધર=શ્રુતધર આચાર્ય ભગવંતોએ આ તત્ત્વાર્થસૂત્ર ઉપર મોટા-મોટા વિવરણો રચ્યા છે, હું તો મધ્યમ ટીકા રચુ છું" આ ગણિવર્યજીના કથનથી એ સિદ્ધ થાય છે કે સિદ્ધસેનીય ટીકા રચાઈ એ વખતે પણ તત્ત્વાર્થસૂત્ર ઉપર કોઈ મોટું વિવરણ વિદ્યમાન હતું. એ વિવરણ આચાર્ય ગંધહસ્તીનું મહાભાષ્ય જ હોવું જોઈએ. કારણ કે અન્ય ગ્રન્થોમાં મળતાં ગંધહસ્તીમહાભાષ્યના ઉદ્ધરણોની સામ્યતા ઘણા અંશે સિદ્ધસેનીયા ટીકામાં જોવા મળે છે.
અથવા શ્રી સામંતભદ્રાચાર્યજીનું મહાભાષ્ય ૯૬૦૦૦ શ્લોક પ્રમાણ હતું એ ગંધહસ્તી મહાભાષ્ય તરીકે પ્રસિદ્ધ થયું આચાર્ય ગંધહસ્તીજીનું મહાભાષ્ય ૮૪૦૦૦ શ્લોક પ્રમાણ હતું એ પણ ગંધહસ્તી મહાભાષ્ય તરીકે પ્રસિદ્ધ થયું. અહિં "ગંધહસ્તી" પદ આચાર્યશ્રી ગંધહસ્તીએ રચ્યુ માટે નથી મુકયું, જો એ હેતુથી મુક્યું હોત તો શ્રી સામંતભદ્રાચાર્યજીના મહાભાષ્યમાં ન મુકત. પણ ત્યાં ય મુક્યું તો છે જ. તેથી અહિં વાસ્તવિકતા એવી ભાસે છે કે તે તે સમયમાં તત્ત્વાર્થસૂત્ર ઉપર જે સહુથી મોટા વિવરણ હતાં કે જે ગંધહસ્તી મહાભાષ્ય કહેવાતા હશે.

'મહાભાષ્ય'નો અર્થ અતિવિસ્તૃત વિવરણ કરીએ અને 'ગંધહસ્તી'નો અર્થ જેની તોલે બીજા કોઈ વિવરણો ન આવે એવું સહુથી મોટું વિવરણ કરીએ, તો "ગંધહસ્તી મહાભાષ્ય" બન્ને વિવરણોને કહી શકાય. કારણ કે શ્રી સામન્તભદ્રાચાર્યજીનુ ગંધહસ્તી મહાભાષ્ય અતિવિસ્તૃત હતુ અને એની

તોલે આવે એવા એ સમયે બીજા કોઈ વિવરણ વિદ્યમાન ન હતું. તેવી જ રીતે આચાર્યશ્રી ગંધહસ્તીજીનું ગંધહસ્તી મહાભાષ્ય પણ અતિ વિસ્તૃત હતું અને એની તોલે આવે એવા એ સમયે બીજું કોઈ વિવરણ વિદ્યમાન ન હતું. (કારણ કે શ્રી સાંમતભદ્રાચાર્યજીનું ગંધહસ્તી મહાભાષ્ય આચાર્યશ્રી ગંધહસ્તીજીના મહાભાષ્યની રચના પૂર્વેજ ૧૨ વર્ષીય દુષ્કાળમાં નષ્ટ થઈ ગયું હતું) આ જ અર્થના અનુસારે અહિં સિદ્ધસેનીય ટીકાને પણ "ગંધહસ્તી મહાભાષ્ય" કહેવામાં કોઈ બાધ જણાતો નથી. અને તેમજ વર્ત્તમાનકાળમાં સિદ્ધસેનીય ટીકા માટે "ગંધહસ્તી મહાભાષ્ય" તરીકેનો વૃદ્ધપ્રઘોષ પણ સંભળાય છે. જો કે જુદા જુદા ગ્રંથોમાં મળતાં ગંધહસ્તિ નામે ઉદ્ધરણોમાં ગંધહસ્તિ પદથી આચાર્યશ્રી ગંધહસ્તીજીનું ગ્રહણ કરી શકાય છે.

જો કે શ્રીસિદ્ધસેનગણિજી મહારાજે પોતાની પ્રશસ્તિમાં ગંધહસ્તી પદ યોજ્યું નથી, છતાં એમણે તત્ત્વાર્થસૂત્ર ઉપર સ્વોપજ્ઞભાષ્ય અનુસારી જે વૃત્તિ લખી છે તે વર્તમાન ઉપલબ્ધ તત્ત્વાર્થસૂત્રની વ્યાખ્યાઓમાં સહુથી મોટી છે. વળી પોતે સૈદ્ધાંતિક હતાં, આગમ અનુસારી તર્કને જ માનનારા હતાં, આગમનું વિશાળ જ્ઞાન ધરાવતાં હતાં, આગમવિરુદ્ધ જણાતી ગમે તેવી તર્કસિદ્ધ બાબતનું પણ બહુ જ જોરશોરથી ખંડન કરીને સિદ્ધાંત પક્ષનું સ્થાપન કરતાં હતા.

જેમ ગંધહાથીની સામે ગમે તેવો બળવાન હાથી હોય છતાં તેની તોલે ન આવે તેમ પ્રસ્તુતમાં સિદ્ધસેન મહારાજની ટીકાની સામે વર્તમાનમાં જે પણ બીજી ટીકાઓ છે તે બધી તેમની ટીકાની તોલે (શ્લોક પ્રમાણમાં પણ) આવી શકે તેમ નથી. તથા સિદ્ધસેન મહારાજની ટીકાગત આગમાનુસારી યુક્તિની સામે આગમવિરુદ્ધ ગમે તેવી તર્કસિદ્ધ યુક્તિઓ પણ ટકી શકતી નથી. એથી સંભવ છે કે [1]શ્રી સિદ્ધસેનગણિજીનું બીજુ નામ (ટીકા રચ્યા) પછીથી ગંધહસ્તિ પડી ગયું હોય.

તેમજ તેમની ટીકાને પણ ગંધહસ્તિ[2] નામથી ઉલ્લેખિત કરવામાં આવી છે. વળી આ ટીકા માટે પ"ગંધહસ્તીભાષ્ય"[3] વિશેષણ પણ મુકાયું છે.

"ગંધહસ્તી" એ શ્રી સિદ્ધસેનગણિજીનું જ અપરનામ છે. એવી સંભાવના કરવા માટેના બે કારણ છે.

૧. જે હારિભદ્રીય- અધૂરી ટીકા શ્રી યશોભદ્રસૂરિજી અને એમના શિષ્યને હાથે પૂર્ણ કરાઈ છે, તેમાં એ શિષ્યે, આ ગણિવરને જ "ગંધહસ્તી સિદ્ધસેન" કહ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.[4]

---

૧. "एतासु च प्रेमद्वेषप्रत्यक्रियाद्वयस्थाने सम्यक्त्वमिथ्यात्वक्रिये गन्धहस्तिनोक्ते, (पृ.-३१.अ) "पूर्वव्याख्यानं तु गन्धहस्त्यभिप्रायेण कृतम्। एवमन्यत्रापि यत्र भाष्य-गाथाभ्यो विशेषे व्याख्यातः स एवं द्रष्टव्यः" (पृ. ३३/अ.) श्री देवगुप्तसूरिजीकृत **नवपदप्रकरणवृत्ति**

२. "सर्वतोभद्रस्य गन्धहस्तिनि भद्रोत्तरवदन्यथापि न्यासोऽस्ति, (पृ. ४९/आ) श्री देवगुप्तसूरिजीकृत **नवपदप्रकरणवृत्ति**

३. यद्यपि गन्धहस्तिभाष्यादिषु प्रपञ्चेनामी दर्शितास्तथापि ते कार्यकालोपयोगिनोनास्मादृशां मन्दमतीनामतः संक्षेपणात्मस्मरणार्थं रचिता आत्मस्मरणार्थकृताश्चान्येषामुपयोगिनो भविष्यति। (पृ. ७१/आ) श्री देवगुप्तसूरिजीकृत **नवपदप्रकरणवृत्ति**

४. एतदुक्तं भवति-हरिभद्राचार्येणार्धषण्णामध्यायानां टीका कृता, भगवता तु गंधहस्तिना सिद्धसेनेन नव्या कृता तत्त्वार्थटीका नव्यैर्वादस्थानै-र्व्याकुला तस्या एव शेषं उद्‌धृतञ्चाचार्येण (शेषं मया) स्वबोधार्थम् । साऽत्यन्तगुर्वी च डुपडुपिका निष्पन्नेत्यलम्" । श्री **हारिभद्रीय-तत्त्वार्थवृत्ति** पृ. - ५२ ।

૨. ગન્ધહસ્તીના નામે જે અવતરણો અનેક શ્વેતાંબર ગ્રંથોમાં દેખાય છે તે અવતરણો લગભગ અક્ષરશઃ અને ક્યારેક કાંઈક શાબ્દિક ફેરફાર છતાં અર્થસામ્ય સાથે આ સિદ્ધસેનીય ટીકામાં જોવાય છે.[1]

## ૧૭. ગંધહસ્તી પદની મીમાંસા

ઉપરોક્ત-ગંધહસ્તીના નામથી મળતાં અવતરણો સિવાય પણ બીજે જ્યાં ગંધહસ્તી નામ સંભળાય છે ત્યાં એ કયા સ્વરૂપે જાણવું ? એ વિષે પ્રાસંગિક વિમર્શ કરતાં પહેલાં એક સામાન્ય ઐતિહાસિક

૧. તુલના માટે જુઓ

| | |
|---|---|
| केवलज्ञान-दर्शनयोरनुसमयोपयोगोपदर्शनम् | २६७ |
| યુગપદ્ ઉપયોગ વાદની મીમાંસા | ૨૬૭ |
| जुगवं दो नत्थि उवओगो | २६८ |
| સૂત્રના તાત્પર્યાર્થ સંપ્રદાયથી જણાય | ૨૬૮ |
| केवलज्ञानदर्शनयोः अभेदवादनिराकरणम् | २६९ |
| કેવલીમાં સાકાર-અનાકાર ઉપયોગનો અભેદવાદ | ૨૬૯ |
| केवलिन एकमेवज्ञानम् | २७० |
| **सूत्र-३२** | |
| વિપરીતજ્ઞાન અજ્ઞાન છે | ૨૭૦ |
| अयथार्थपरिच्छेदि ज्ञानाभासम् | २७१ |
| આધારભેદે જ્ઞાન-અજ્ઞાન | ૨૭૧ |
| आद्यत्रयज्ञानेषु विपर्ययसंभवः | २७२ |
| મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત અવધિ તે વિભંગ | ૨૭૨ |
| મિથ્યાદૃષ્ટિના જ્ઞાનનું સ્વરૂપ | ૨૭૨ |
| **सूत्र-३३** | |
| कुत्सितं ज्ञानमज्ञानमेव | २७३ |
| उन्मत्तस्येव मिथ्यादृष्टीनां ज्ञानं | २७४ |
| એકનયાશ્રિત જ્ઞાન અજ્ઞાન જ છે | ૨૭૪ |
| उन्मत्तज्ञानस्योदाहरणम् | २७५ |
| अवसरप्राप्तचारित्रानभिधाने हेतुपदर्शनम् | २७६ |
| એકનયાશ્રિત જ્ઞાનનો બાધક | ૨૭૬ |
| **सूत्र-३४** | |
| पञ्चनयानां नामोत्कीर्तनम् | २७७ |
| નયોનું નિરુપણ | ૨૭૭ |
| नैगमनय-प्ररुप्रणा | २७८ |
| વિકલ્પ ભ્રાન્તિમૂલક- સંગ્રહનય | ૨૭૮ |
| संग्रहस्य स्वरूपम् | २७९ |
| અદ્વૈતવાદોનું મૂલ = એકાંત સંગ્રહનય | ૨૭૯ |

| વિષય | પૃ. |
|---|---|
| નય-દુર્નય-પ્રમાણને સમજીએ | ૨૭૯ |
| व्यवहारस्य व्याख्या | ૨૮૦ |
| વિશેષ વિના વ્યવહારનો લોપ = વ્યવહારનય | ૨૮૦ |
| સામાન્ય વિશેષથી ભિન્ન નથી = વ્યવહારનય | ૨૮૦ |
| व्यवहारनयाशयोद्घाटनम् | ૨૮૧ |
| ...તો વ્યવહાર સાર્થક સિદ્ધ થાય | ૨૮૧ |
| ऋजुसूत्रस्य विचारः | ૨૮૨ |
| ઋજુસૂત્ર નય દ્વારા વ્યવહારનયની સમીક્ષા | ૨૮૨ |
| ऋजुसूत्राभिप्रायविद्योतनम् | ૨૮૩ |
| પ્રત્યાખ્યાતવિજ્ઞાનાંતર સંબંધની વ્યાખ્યા | ૨૮૩ |
| शब्दनयप्रदर्शनम् | ૨૮૪ |
| લિંગાદિના ભેદે શબ્દભેદ શબ્દનય | ૨૮૪ |
| शब्दनयमतविमर्शः | ૨૮૫ |
| શબ્દનયનું સ્પષ્ટીકરણ | ૨૮૫ |
| **सूत्र-३५** | |
| નયોના ભેદોને પિછાણીએ | ૨૮૬ |
| नैगमस्य द्वैविध्यम् | ૨૮૭ |
| शब्दस्यत्रैविध्यम् | ૨૮૮ |
| પર્યાયવાચીનામો ભિન્નાર્થક છે=સમભિરૂઢ | ૨૮૮ |
| પર્યાયવાચી શબ્દોને એકાર્થક સ્વીકારતાં વ્યવહાર ઉચ્છેદ | ૨૮૮ |
| અર્થક્રિયામાં અપ્રવૃત્ત વસ્તુ તે અવસ્તુ = એવમ્ભૂતનય | ૨૮૯ |
| ભિન્ન અર્થક્રિયાવાળા શબ્દો એકાર્થક નથી એવમ્ભૂત | ૨૯૦ |
| નૈગમનયનો પરિચય | ૨૯૧ |
| સંગ્રહનયના સ્વરૂપને નિહાળીએ | ૨૯૧ |
| व्यवहारलक्षणम् | ૨૯૨ |
| ऋजुसूत्रलक्षणम् | ૨૯૩ |
| शब्द-साम्प्रतलक्षणम् | ૨૯૪ |
| શબ્દનયના ત્રણ ભેદ | ૨૯૪ |

| વિષય | પૃ. |
|---|---|
| સામ્પ્રતનયને જાણીએ | ૨૯૪ |
| સમભિરૂઢ નયના સ્વરુપને સમજીએ | ૨૯૫ |
| एवंभूतलक्षणम् | ૨૯૬ |
| नयस्य शब्दार्थः | ૨૯૭ |
| ગમ્ય અર્થ અને વાચ્ય અર્થના ભેદને સમજીએ | ૨૯૭ |
| नयादिनां कर्त्रर्थः | ૨૯૮ |
| નયોના એકાર્થક નામો | ૨૯૮ |
| नात्यन्तिककर्तृक्रिययोर्भेदः | ૨૯૯ |
| પ્રાપકાદિ ૭ના કર્મનો નિર્દેશ | ૨૯૯ |
| नया न तन्त्रान्तरीयादयः | ૩૦૦ |
| નયો તન્ત્રાન્તરીય કે નોદકપક્ષગ્રાહી ? | ૩૦૦ |
| नयानामध्यवसायान्तरता | ૩૦૧ |
| નયો અધ્યવસાય સ્વરુપ છે | ૩૦૧ |
| घटे नयावतारः | ૩૦૨ |
| નૈગમનયના અધ્યવસાયનો સિંહાવલોકન | ૩૦૨ |
| घटे सङ्ग्रहनयावतारः | ૩૦૩ |
| સંગ્રહનયના અધ્યવસાયની પીછાણ | ૩૦૩ |
| व्यवहार-ऋजुसूत्राभिमत घटः | ૩૦૪ |
| વ્યવહારનયના અધ્યવસાયનો હળવો પરિચય | ૩૦૪ |
| ઋજુસૂત્રનયના અધ્યવસાયની આછી સમજ | ૩૦૪ |
| साम्प्रत-समभिरूढमान्यघटः | ૩૦૫ |
| સાંપ્રત નયના અધ્યવસાયની સમજ | ૩૦૫ |
| अध्यवसायासंक्रमः- समभिरूढः | ૩૦૬ |
| સમભિરૂઢનયના અધ્યવસાયનો પરિચય | ૩૦૬ |
| शब्दार्थयोर्सापेक्षग्राहित्वमेवम्भूतः | ૩૦૭ |
| એવંભૂતનયના અધ્યવસાયનો દાખલો | ૩૦૭ |
| નયોની વિચારણામાં વિરોધનું પ્રદર્શન | ૩૦૭ |
| नयेषु विप्रतिपत्तिनिवारणम् | ૩૦૮ |
| एक एव वस्तुनि द्वित्वादिनिरुपणम् | ૩૦૯ |
| અપેક્ષા-વિવક્ષા ભેદ હોવાથી વિરોધ નથી | ૩૦૯ |
| असद्धर्मस्य वस्तुनि ख्यापने दोषः | ૩૧૦ |

વિરોધના સ્વરૂપને ઓળખીએ ............... ૩૧૦
नयाः ज्ञानवद् अनेकधा परिच्छेदकाः ............... ३११
જ્ઞાન પણ પરસ્પર ભિન્નાર્થ ગ્રાહી છે .......... ૩૧૧
विशुद्धभेदात् उपलब्धिभेदः ....................... ३१२
શ્રુતજ્ઞાનીનું જ્ઞાનાતિશય..................... ૩૧૨
नयवादे न विप्रतिपत्तिः .......................... ३१३
પ્રમાણોના બોધની ભિન્નતા .................. ૩૧૩
नयकारिकाः .................................... ३१४
નૈગમનયનો હળવો પરિચય .................. ૩૧૪
सामान्यादित्रिषु सङ्गृहीतवचनं-सङ्ग्रहनयः ....... ३१५
સંગ્રહનયનો આછો પરિચય .................. ૩૧૫
व्यवहारस्य विशेषणत्रयम् .......................... ३१६
સમાન્ય વિશેષ વિના ન હોય ................. ૩૧૬
ऋजुशब्दनयस्वरुपम् ............................. ३१७
ઋજુસૂત્ર અને શબ્દનયની ટૂંકમાં ઓળખ ...... ૩૧૭
जीवादौ नयविचारः .............................. ३१८
જીવતત્ત્વને નયોથી સમજીએ ................. ૩૧૮
औपशमिकादिभावयुक्त एव जीवः ................ ३१९
...તો સિદ્ધભગવંત પણ જીવ જ કહેવાય. .... ૩૧૯
नोशब्दः देश-सर्वप्रतिषेधे ......................... ३२०
નોજીવને સમજીએ ......................... ૩૨૦
અજીવ અને નોઅજીવનો પરિચય ............ ૩૨૦
एवम्भूतनये भवस्थजीव एव जीवः.............. ३२१
...તો સિદ્ધ ભગવંત નોજીવ કહેવાય ......... ૩૨૧
एवंभूतेन नोजीवादेः स्वरुपः ...................... ३२२
દેશ, દેશી(=દેશવાળા)થી ભિન્ન નથી ......... ૩૨૨
सर्वसङ्ग्रहमते जीवसंख्या ......................... ३२३
સમગ્ર અર્થગ્રાહી- એવંભૂતનય ............... ૩૨૩
द्वि-बहुवचनान्तविकल्पा ........................... ३२४
સંગ્રહનયને બહુવચન જ માન્ય ............... ૩૨૪
જાતિરુપ એકવચનથી વિવક્ષિત બહુવચન અમાન્ય - સંગ્રહનય ................ ૩૨૫
ज्ञानाज्ञानेषु नयविचारः .............................. ३२६
૫ જ્ઞાન+૩ અજ્ઞાન-આદ્ય ત્રણ નયને સ્વીકૃત .. ૩૨૬
૪ જ્ઞાન+૨ અજ્ઞાન-ઋજુસૂત્ર નયને સ્વીકૃત ... ૩૨૬
नैगमादिना स्वीकृतज्ञानानि ......................... ३२७
શબ્દનયને અભિમત બે જ્ઞાન ................. ૩૨૭
ज्ञानाभावो न कुत्रापि जीवे ......................... ३२८
મિથ્યાદષ્ટિ કે અજ્ઞાની કોઈ નથી-શબ્દનય ..... ૩૨૮
अनुमानादिनां प्रामाण्यम् ............................ ३२९
...તો અનુમાનાદિ પ્રમાણ પણ જ્ઞાન કહેવાય . ૩૨૯
अध्यायार्थोपसंहारः .................................. ३३०
ટૂંકમાં નયોથી જ્ઞાનની વિચારણા ............. ૩૩૦
ज्ञाने नयविचारः ...................................... ३३१
ઋજુસૂત્ર અને શબ્દની માન્યતાનો અવલોકન .. ૩૩૧
सापेक्षा नया न विरुद्धा .............................. ३३२
નયો લૌકિક નથી ............................ ૩૩૨
સર્વનયમય સ્યાદ્વાદ ........................ ૩૩૨
नयबोधफलम् ......................................... ३३३
परिशिष्ट परिचय ........................................ १
परिशिष्ट-१ तत्त्वार्थसूत्रनो स्वाध्याय + हेमगिरानी अनुप्रेक्षा ............................ २
परिशिष्ट-२ सूत्रानुक्रम + अकारादिक्रम ............... ४
परिशिष्ट-३ श्वेताम्बर-दिगम्बर पाठभेद ................ ६
परिशिष्ट-४ श्री तत्त्वार्थाधिगमटीप्पणम् ................ ७
परिशिष्ट-५ तुलनात्मकटीप्पणम् ...................... २०
परिशिष्ट-६ तत्त्वार्थाधिगमसूत्राणां बीजभूत "आगमसूत्राणि" ........................ ३२
परिशिष्ट-७ टीकागतग्रंथ-पाठा-न्यायानां सूचिः ...... ३६
परिशिष्ट-८ भूमिकागतसाक्षीग्रन्थानां सूचिः ......... ३८
परिशिष्ट-९ भूमिकादर्शितसाक्षीपाठानां सूचिः ...... ४०

**શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ**

**શ્રી વિજયકેશર-ચન્દ્રસૂરીશ્વરજી ફાઉન્ડેશન ગિરિવિહાર ટ્રસ્ટ (પાલીતાણા)** દ્વારા પ્રકાશિત

**યોગનિષ્ઠ સ્વ.પ.પૂ.આ.શ્રીમદ્ વિજય કેશર સૂરીશ્વરજી મ.સા.**ના આલેખિત તત્ત્વજ્ઞાન

તથા અધ્યાત્મ રસથી પૂર્ણ મૌલિક સાહિત્ય તથા અન્ય ગ્રંથ રત્નોની સૂચિ

**● ગુજરાતી ભાષાના પ્રકાશન ●**

૧. આત્મવિશુદ્ધિ
૨. આત્મજ્ઞાન પ્રવેશિકા
૩. આત્માનો વિકાસ ક્રમ અને મહામોહનો પરાજય
૪. ધ્યાન દિપીકા
૫. યોગ શાસ્ત્ર-ભાષાંતર
૬. સમ્યક્ દર્શન
૭. પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ
૮. આનંદ અને પ્રભુ મહાવીર
૯. મહાવીર તત્ત્વ પ્રકાશ
૧૦. પ્રબોધ ચિંતામણિ
૧૧. ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
૧૨. શાન્તિનો માર્ગ
૧૩. ગૃહસ્થ ધર્મ
૧૪. નીતિમય જીવન
૧૫. નીતિવિચાર રત્નમાલા
૧૬. મહાબલ મલયાસુંદરી ચરિત્ર-ભાષાંતર
૧૭. સુદર્શના ચરિત્ર એટલે સમળી વિહાર-ભાષાંતર
૧૮. ધર્મરત્નના અજવાળા એટલે ધર્મરત્ન-ભાષાંતર
૧૯. અધ્યાત્મ કલ્પદ્રુમ અર્થ સહિત
૨૦. હસ્તરેખા-સંજીવની
૨૧. મુક્તિ માર્ગનો સાથી
૨૨. બૃહત યોગ વિધિ
૨૩. શ્રી તપાગચ્છ વંશાવલી
૨૪. માર્ગદર્શક ગુરુદેવ અને આદર્શ ગચ્છાધિરાજ
૨૫. આદર્શ ગચ્છાધિરાજ
૨૬. પ.પૂ.આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વર મ.સા.નું જીવનચરિત્ર
૨૭. દશવૈકાલિક-ભાષાંતર
૨૮. ધર્મરત્ન પ્રકરણ (મૂલ તથા અર્થ રહિત)
૨૯. નિત્ય આરાધના
૩૦. સમાધિની સાધના
૩૧. હેમાવલી આરાધના વિધિ
૩૨. ઉપદેશમાળા અંતર્ગત કથાસાગરના અણમોલ રત્નો
૩૩. પંચજીનેશ્વર સ્તવન મંજરી
૩૪. જીન તેરે ચરણ કી શરણ ગ્રહું

**● પ્રતાકારમાં ●**

૩૫. સુદર્શના ચરિત્ર એટલે સમળી વિહાર-ભાષાંતર
૩૬. મહાબલ મલયા સુંદરી ચરિત્ર-ભાષાંતર
૩૭. ધર્મરત્નના અજવાળા એટલે ધર્મરત્ન પ્રકરણ-ભાષાંતર
૩૮. જ્ઞાનવિમલસૂરિકૃત કલ્પસૂત્રના ઢાલીયાના વ્યાખ્યાનો
૩૯. શ્રી પંચસૂત્ર-ભાષાંતર

**● અંગ્રેજી ભાષાના પ્રકાશન ●**

૪૦. Knowledge of Soul

**● હિન્દી ભાષાના પ્રકાશન ●**

૪૧. आत्मज्ञान प्रवेशिका
૪૨. आत्म विशुद्धि
૪૩. प्रभु के मार्ग में ज्ञान का प्रकाश
૪૪. शान्ति का कर्म
૪૫. गृहस्थ धर्म
૪૬. नीतिमय जीवन
૪૭. पथ प्रदर्शक गुरुदेव
૪૮. धर्मोपदेश तत्त्वज्ञान
૪૯. प्रभु भक्ति वंदना
૫૦. ध्यान दीपिका
૫૧. बारसा सूत्र- भाषांतर (प्रताकार)
૫૨. कल्पसूत्र- भाषांतर (प्रताकार)
૫૩. पर्युषणा अष्टानिका-भाषांतर (प्रताकार)
૫૪. **તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભાગ-૧**

શ્રમણ સેવા વિચારક પ.પૂ.સરલ સ્વભાવી ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મ.સા.ની દીક્ષાના ૫૪ વર્ષ પૂર્ણ થઈ ચુકયા છે, એની સાથે સાથ અમે પણ ૫૪ ગ્રંથ-રત્નોની શ્રૃંખલા પૂરી કરતા ગૌરવ અનુભવીએ છીએ.

।। श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।।

।। श्री गौतमगणधराय नमः ।। ।। चरमतीर्थपति श्री वर्द्धमानस्वामिने नमः ।। ।। श्री वाचकमुख्याय नमः ।।

।। श्रीमणि-बुद्धि-मुक्ति-कमल-केसर-चन्द्र-प्रभवचन्द्र-हेमप्रभसूरीश्वरेभ्यो नमः ।।

पञ्चशतीप्रकरणप्रणेता श्री *उमास्वातिवाचकगुम्फितं स्वोपज्ञभाष्यसमेतम्

गन्धहस्तीश्रीसिद्धसेनगणिप्रणीतवृत्तिविभूषितम्

# तत्त्वार्थाधिगमसूत्रम्

[स्वोपज्ञभाष्यसम्बन्धकारिकायाः श्रीसिद्धसेनगणिप्रणीतटीका प्रारभ्यते ।]

जैनेन्द्रशासनसमुद्रमनन्तरत्न-मालोड्य भव्यजनतोषविधायि येन ।
रत्नत्रयं गुरुसमुद्धृतमिद्धबुद्ध्या; तत्त्वार्थसङ्ग्रहकृते प्रणमामि तस्मै ।।१।। वसन्ततिलका
स एव धीरो[1] विधुरां[2] धियं मे, नय-प्रमाणादिविचारनीतौ ।
पटुं विधत्तां व्यसनावमग्ने, कुर्वन्ति सन्तः करुणामवश्यम् ।।२।। उपजातिः
सङ्क्षिप्त-विस्तीर्णरुचिप्रबोधैः, पूर्वैर्मुनीशैर्विवृतेऽपि शास्त्रे ।
यातुं पथा वाञ्छति मध्यमेन, बुद्धिर्मदीया परिपेलवापि ।।३।। इन्द्रवज्रा

*હેમગિરા (ગુજરાતી અનુવાદ)*

૫૦૦ ગ્રંથના રચયિતા વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજે રચેલ તત્ત્વાર્થાધિગમસૂત્ર, સાથે સ્વોપજ્ઞભાષ્ય અને તેના ઉપર ગંધહસ્તી **શ્રી સિદ્ધસેન ગણિવરે** રચેલ વૃત્તિનો ગુર્જર શબ્દાનુવાદ-ભાવાનુવાદ પ્રસ્તુત થાય છે.

**શ્રદ્ધાસુરલતાના બળે મતિ માહરી નિર્મલ બને,**
**સદ્જ્ઞાન શક્તિના બળે વાચાની શક્તિ ઉદ્ભવે,**
**સચ્ચરણના સુતેજથી મુજ દેહ સુદ્રઢતા ધરે,**
**શ્રી પાર્શ્વશંખેશ્વર કૃપાથી સિદ્ધિ શ્રુતની સંપજે ॥૧॥**

**વાચક પ્રવર પૂર્વજ્ઞ ઉમાસ્વાતિ ગુરૂ મુજ મનવસે,**
**ગણિરાજ શ્રી સિદ્ધસેન નામે તર્ક શક્તિ નીપજે,**
**ગુરૂ 'હેમ'-જય-યશની કૃપાથી ધૈર્યતા મારી વધે.**
**દેવી સરસ્વતીના પ્રસાદે શબ્દ શક્તિ સંચરે ॥૨॥**

<u>શ્લોકાર્થ</u> :- જેમાં અનંત સિદ્ધાંત રૂપી રત્નો રહેલા છે તેવા આ જિનશાસન રૂપી સમુદ્રને વલોવીને, પોતાની તેજસ્વી બુદ્ધિ વડે ભવ્ય જીવોને આનંદ આપનાર એવા દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપી મહાકિંમતી રત્નોનો જેમણે ઉદ્ધાર કર્યો છે, તેવા તત્ત્વાર્થસૂત્રના કર્તા વાચક પ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાને હું પ્રણામ કરૂં છું. ॥૧॥

નય અને પ્રમાણાદિ વડે તત્ત્વનો વિચાર કરવામાં અતિ વિકલ એવી મારી મતિને, ધીર એવા તે ગ્રંથકારશ્રી ઉમાસ્વાતિજી મહારાજ પટુતા પ્રદાન કરો. ખરેખર દુઃખમાં પડેલા લોક વિશે સજ્જન પુરુષો અવશ્ય કરુણા કરે જ છે. ॥૨॥

જો કે સંક્ષેપ અને વિસ્તૃત તત્ત્વરૂચિવાળા જીવોને વિશેષ બોધ આપવાવાળા એવા પૂર્વ

*. જુઓ પરિશિષ્ટ-૪ ટી-૧. १. धीपो लि. २. विकलां मु.प्रा. (भां.रा)

उक्तं जिनेन्द्रैर्जगदेकनाथैः, सर्वं नयद्वैतमतानुसारि।
ज्ञेयस्वरूपं प्रविभज्य सम्यक्, संयोजनं केवलमेव चिन्त्यम् ।।४।। इन्द्रवज्रा
विमुक्तिमार्गे मुनिनाथदेशिते, व्यधायि मौढ्याद् यदसाम्प्रतं मया।
तितिक्षतां तत् सुजनः समाधिना, विलोक्य रन्ध्रैषितया विनाकृतः ।।५।। वंशस्थविलम्

• હેમગિરા •

મહર્ષિઓએ તે તે પ્રકારના સંક્ષિપ્ત અને વિસ્તૃત શાસ્ત્ર(તત્ત્વાર્થ)-વિવરણ રચ્યા જ છે, તો પણ મારા જેવા કોમળ બુદ્ધિવાળા જીવો મધ્યમ માર્ગે સંચરવાને ઈચ્છે છે. (તેથી આ તત્ત્વાર્થ ગ્રંથ પર મધ્યમ ટીકા હું લખું છું.) ॥૩॥

જગતના એક માત્ર નાથ જિનેશ્વર દેવોએ બધાં જ જ્ઞેયપદાર્થોના સ્વરૂપને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ ઉભયનયને અનુસાર સમ્યક્ રીતે વિભાગીકરણ કરીને કહ્યું છે. આપણે (ટીકાકારે) તો તેના સમ્યક્ સંયોજનને જ વિચારવાનું છે, અર્થાત્ બન્ને નયને આશ્રયી પદાર્થો (તત્ત્વો)ની ગોઠવણ સમજવાની છે. ॥૪॥

સર્વજ્ઞ કથિત મોક્ષમાર્ગ રૂપ આ તત્ત્વાર્થાધિગમસૂત્રને વિશે મૂઢતાને લીધે મારા વડે જે અનુચિત કરાયું હોય તેને જોઈને છિદ્ર જોવાની દૃષ્ટિથી રહિત એવા સુજન લોક સમાધાન કરવા વડે સહન (=ક્ષમા) કરે... ॥૫॥

### ❋ ત્રણ પ્રકારના મંગલને આદરીએ ❋

કોઈપણ કાર્યનો આરંભ કરતાં પહેલા તે નિર્વિઘ્ન સમાપ્ત થાય એ ઉદ્દેશથી મંગલ કરવું એ શિષ્ટ લોકોનો આચાર છે. મંગલ એને કહેવાય કે જેના દ્વારા ઈષ્ટ કાર્યમાં પ્રતિબંધક વિઘ્નનું નિવારણ થઈ જાય. મંગલ ત્રણ પ્રકારના હોય છે.

**(૧) ઈષ્ટદેવ અને ગુરુને નમસ્કાર રૂપ મંગલ (૨) આશીર્વાદ રૂપ મંગલ (૩) પ્રતિપાદ્ય વસ્તુના સંક્ષિપ્ત નિર્દેશ રૂપ મંગલ.** અહીં પ્રસ્તુતમાં પણ ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિવર મહારાજાએ પ્રથમ શ્લોકમાં- "**प्रणमामि- तस्मै**" ઈત્યાદિ પદોથી ગુરુવરશ્રીને નમસ્કાર રૂપ પ્રથમ મંગલ કર્યું છે. દ્વિતીય શ્લોકમાં '**पटुं विधत्तां**' ઈત્યાદિ પદોથી આશીર્વાદ રૂપ દ્વિતીય મંગલ કર્યું છે અને તૃતીય શ્લોકમાં "**यातुं पथा वाञ्छति मध्यमेन**" ઈત્યાદિ પદોથી પ્રતિપાદ્ય વિષયને સંક્ષેપથી કહેવા રૂપે સંક્ષિપ્ત નિર્દેશરૂપ તૃતીય મંગલ કર્યું છે. અર્થાત્ પોતે તત્ત્વાર્થસૂત્ર ઉપર મધ્યમ ટીકા લખવાના છે આમ કહેવા દ્વારા ટીકાના અભિધેયાર્થનો સંક્ષેપમાં નિર્દેશ કર્યો છે. "**अनुबध्नन्ति = लोकान् ग्रन्थाध्ययने उन्मुखीकुर्वन्ति ये ते अनुबन्धाः**" અર્થાત્ લોકો ગ્રંથાધ્યયનમાં જેના દ્વારા ઉત્સુક થાય તે અનુબંધ કહેવાય છે. આ અનુબંધ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે → (૧) વિષય (૨) અધિકાર (૩) સંબંધ (૪) પ્રયોજન. આ અનુબંધચતુષ્ટય ટીકાકારશ્રીના ત્રીજા અને ચોથા શ્લોકના કેટલાક પદોમાં અંતર્ગર્ભિત છે તે આ રીતે-

मोक्षमार्गोपदेशः श्रेयान् परिनिर्वाणस्य पुरुषार्थप्राधान्यात्, दुःखोद्वेगाद्धि जीवलोकः सुखप्रेप्सया

• હેમગિરા •

(૧) **વિષય** :- "**संयोजनं केवलमेव चिन्त्यम्**" આ પદથી ટીકામાં પ્રતિપાદ્ય વિષય "તત્ત્વોનો સંગ્રહ" છે તે જણાવ્યું. આશય એ છે કે તત્ત્વાર્થાધિગમસૂત્રના સંયોજન (સંગ્રહ) રૂપ વિષયની આ ગ્રંથમાં વિચારણા કરાય છે.

(૨) **અધિકારી** :- મધ્યમ પ્રકારે તત્ત્વના અર્થ જાણવાની-સમજવાની ઈચ્છાવાળા તત્ત્વજિજ્ઞાસુઓ જ આના અધિકારી છે.

(૩) **સંબંધ** :- 'તત્ત્વાર્થ' ગ્રંથ અને તત્ત્વાર્થ રૂપ અભિધેયાર્થ એ બન્ને વચ્ચે "પ્રતિપાદ્ય-પ્રતિપાદક" કે "બોધ્ય-બોધક ભાવ" રૂપ સંબધ છે. "**उक्तं जिनेन्द्रैर्जगदेकनाथैः**" પદથી ગુરૂપરંપરાગત અને આગમ પરંપરાગત સંબંધ પણ ગર્ભિત રીતે સૂચવ્યો છે. અર્થાત્ ટીકાકાર કોઈ જેવા તેવા ગ્રંથ ઉપર ટીકા રચવા નથી બેઠા અથવા સ્વમનિષીકા (સ્વમતિ)થી કોઈ નવો ગ્રંથ નથી રચતા, પણ તીર્થંકર પ્રભુ દ્વારા કથિત તત્ત્વોનું સંયોજન જેમાં કરાયું છે, એવા વાચક પ્રવર શ્રી ઉમાસ્વાતિ મહારાજા દ્વારા વિરચિત તત્ત્વાર્થાધિગમસૂત્ર ઉપર ટીકા રચવાના છે.

(૪) **પ્રયોજન** :- અતિ સંક્ષિપ્ત અને અતિ વિસ્તૃત જિજ્ઞાસુઓને આશ્રયી તત્ત્વાર્થસૂત્ર ઉપર મોટી-નાની અનેક ટીકાઓ ,પૂર્વ મહર્ષિઓ વડે રચાઈ છે તેથી મધ્યમ જિજ્ઞાસુને બોધ આપવાના પ્રયોજનથી આ મધ્યમ ટીકા કરવામાં આવી છે.

મંગલાચરણ તેમજ વિષય-સંબંધ-પ્રયોજન અને અધિકારી એમ ચાર અનુબંધ સાથે પાંચ મુદ્દા આ શરૂઆતના ચાર શ્લોકમાં બતાવ્યા છે.

### ❋ દોષ-દૃષ્ટિના ચશમા વિનાના સજ્જનો ❋

પ્રાયઃ ગ્રંથની શરૂઆતમાં કે અંતમાં સજ્જન પ્રશંસા અને દુર્જન નિંદાનો ઉલ્લેખ કરવો એ ગ્રંથકારોની પ્રસિદ્ધ પ્રક્રિયા છે... પરંતુ પ્રસ્તુત ટીકાકાર જિનાશાસનના સાધુ હોવાથી કોઈની પણ નિંદા કરવી ઉચિત નથી સમજતાં, દુર્જનો પ્રત્યે ઉપેક્ષા રાખવી એ જ પોતાનું કર્તવ્ય સમજે છે. માટે પાંચમા શ્લોકમાં "**रन्ध्रैषितया विनाकृतः**" ઈત્યાદિ પદથી દુર્જનોની ઉપેક્ષા કરી, માત્ર સજ્જનની પ્રશંસાનું પ્રદર્શન કર્યું છે. તે આ પ્રમાણે :- "**दोषो ह्यविद्यमानोऽपि तच्चित्तानां प्रकाशते**" અર્થાત્ દુર્જનવર્ગ ગ્રંથકારના અભિપ્રાયને સમજ્યા વિના દોષ કાઢવાના પ્રયાસો કરતા હોય છે. કારણકે એમનામાં છિદ્ર જોવાની કુટેવ રહેલી છે. પરંતુ જેઓ સજ્જન છે તેઓ "**रन्ध्रैषितया विनाकृतः**" = છિદ્ર જોવાની ઈચ્છાથી રહિત હોવાથી ગ્રંથકારના ઊંડા અભિપ્રાયને સમજીને આનંદિત થાય છે. કાંઈ ભૂલ દેખાય તો તેનું પરિમાર્જન-સમાધાન કરી નાંખે છે. કારણકે તેઓ દોષ દૃષ્ટિથી રહિત અને ગુણ દૃષ્ટિથી સહિત હોય છે. તેથી મારી આ કૃતિ તેવા સજ્જન પુરૂષો માટે ગ્રાહ્ય છે (એમ કહી પાંચમા શ્લોકમાં ટીકાકારે સજ્જનની પ્રશંસા કરી છે.)

સર્વ પુરુષાર્થોમાં મોક્ષ પુરુષાર્થની પ્રધાનતા હોવાથી મુક્તિમાર્ગનો ઉપદેશ કલ્યાણકારી છે.

च क्लेशार्तिहेतून् परिजिहीर्षन् सुखानन्दनिमित्तोपादित्सया च सर्वक्रियासु प्रवर्तते। सुखदुःखप्राप्त्यभावश्च लोके तन्त्रान्तरेषु च सन्निकृष्टकारणभावोऽभीप्स्यते धर्मस्यार्थकामयोश्च। सुखं हि द्विविधं वैषयिकभेदान्निर्वाणप्राप्तिलब्धात्मस्थसुखभेदाच्च, तत्र यन्मौक्षं सुखं तदात्यन्तिकमैकान्तिकमनतिशयम[1]नाबाधकं केवलं निराबाधं स्वाधीनं च। शश्वदप्रति[2]पातादात्**यन्तिकम्**, व्यतिकीर्णसुख-दुःखहेतुभावार्थान्तरानपेक्षत्वादै**कान्तिकम्**, प्रकर्षकाष्ठावस्थानादनुत्तरत्वाद**नतिशयम्**, प्राण्युपमर्दनजलौकिकसौख्यवैपरीत्या[3]**दनाबाधकम्**, सर्वद्वन्द्वस्पर्शविषयातिक्रमाद् [4]दुःखलेशाकलङ्कितं **केवलम्**, निष्प्रतिद्वन्द्व-

• *હેમગિરા* •

હકીકતમાં દુઃખથી ઉદ્વિગ્ન બનેલ જીવ માત્ર સુખની અભિલાષા રાખે છે. અને તે સુખ પ્રાપ્ત કરવા તથા દુઃખના અભાવ માટેની ઈચ્છા જીવમાં સદા રહી છે અને તે માટે કલેશાદિ દુઃખના સર્વ કારણોનો વિનાશ કરવા તથા સુખ અને આનંદના નિમિત્તોને આદરવાની ઈચ્છાથી જીવ પ્રાયઃ સર્વ ક્રિયાઓમાં પ્રવર્તે છે. લોકમાં અને ઈતર દર્શન-શાસ્ત્રોમાં પણ સુખ પ્રાપ્તિ અને દુઃખના અભાવ માટે ધર્મ પુરુષાર્થ, અર્થ અને કામ પુરુષાર્થ અતિ નિકટના કારણો મનાયા છે. (પ્રસ્તુત લોકોત્તરશાસ્ત્રનું પ્રયોજન જીવને માત્ર દુઃખનો અભાવ થાય કે પ્રાસંગિક સુખો મળે એટલા પુરતું નથી પરંતુ દુઃખનો સર્વથા અભાવ અને શાશ્વત (મોક્ષ) સુખ મળે તે છે. એ વાતને સ્પષ્ટ કરતા કહે છે) સુખ બે પ્રકારના છે.

(૧) વૈષયિક સુખ (= શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શજન્ય પરાધીન ક્ષણિક સુખ)

(૨) નિર્વાણની પ્રાપ્તિ રૂપ આત્મિક સુખ (= અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોનું સ્વાધીન શાશ્વત સુખ) આ બીજું મોક્ષ સુખ 'આત્યંતિક, એકાંતિક, અનતિશય, અનાબાધ, કેવળ, નિરાબાધ અને સ્વાધીન આ સાત વિશેષતાવાળું છે.'

### ❋ સાચા સુખની ઓળખાણ ❋

(૧) **આત્યંતિક** :- જે સુખનું કયારેય પતન નથી થવાનું તેવું શાશ્વત.

(૨) **એકાંતિક** :- જેમાં સુખ પછી દુઃખ આવી મિશ્ર પરમ્પરા ચલાવનાર કોઈ પદાર્થોની અપેક્ષા નથી રહી. અર્થાત્ એકમાત્ર સુખની પરમ્પરાવાળુ જે સુખ તે.

(૩) **અનતિશય** :- સર્વ શ્રેષ્ઠ કક્ષાવાળુ હોવાથી આ સુખ સર્વ સુખોથી ચઢીયાતું છે. અર્થાત્ જે સુખ કરતાં ચઢીયાતું કોઈ સુખ નથી તેવું.

(૪) **અનાબાધક** :- જીવોના સંહારથી ઉત્પન્ન થયેલ લૌકિક સુખથી વિપરીત, જે સુખમાં કોઈપણ જીવને ભય કે બાધા થતી નથી, અર્થાત્ જીવો "અભય" પામે તેવું નિર્દોષ સુખ.

(૫) **કેવલ** :- ઠંડી, ગરમી આદિ દ્વન્દ્વો (ઉપાધિઓ)ને ઉત્પન્ન કરનાર વિષયોથી પર હોઈ દુઃખના લેશ માત્રથી પણ જે કલંકિત નથી તેવું સુખ.

१. °मबाधकं पा. सं। २. °प्रतिधाता° भां.खं.। ३. °दबाध° भा.खं. ४. दुःखक्लेशा° पा.।

मिति **निराबाधम्**, आत्मतादात्म्याविर्भावान्मनोज्ञविषयसंसर्गायत्ता नोत्पत्तिरस्येति **स्वाधीनमिति**।

तच्चैतच्चैतन्य-वीर्य-प्रशमादिगुणतत्त्वस्यात्मनः संसर्गप्रतिबन्धोपरागविगमात् पुनर्भवप्रबन्धोच्छेदात् दुःखानामत्यन्तनिवृत्तेः ज्ञानादिस्वतत्त्वावस्थाननिःश्रेयसावाप्तेरधिगम्यत इति तत्साधनशासनमुख्यप्रयोजनः कृत्स्न उपदेशः परमर्षेः, तदनुषङ्गतः शेषव्याख्यनात्, अतश्च मुख्यपुरुषार्थसाधन-साध्याव्यभिचारशासनाच्छास्त्रमेतत्, विषयर्द्धिसंयोगसमुत्थस्य तु सुखस्यात्यन्तिकादिविपरीतविशेषणानुगतत्वात् दुःखोत्तरत्वात् दुःखप्रतिकारमात्रत्वाच्च, तदर्थं शास्त्रमशास्त्रं स्यात्, तदुपायोपदेशविधिमन्तरेणापि तत्सिद्ध्युपपत्तेश्चेति, अभ्युदयप्राप्त्युत्सवफलो धर्मः प्रतिषेध्यपक्षक्षिप्तः प्रतिमन्तव्यः, अर्थ-कामौ च, यस्माच्चैते दुःखाभावार्थिनां नात्यन्ताभावहेतवः तस्मादभ्युदयफलधर्मार्थ-कामोपदेशो न हितोपदेश इति सर्वेणापि तदर्थः प्रयासो

• *હેમગિરા* •

(૬) **નિરાબાધ** :- જેનું કોઈ પ્રતિસ્પર્ધી સુખ નથી તેવું.

(૭) **સ્વાધીન** :- આત્માના તાદાત્મ્ય ભાવે ઉત્પન્ન થયેલુ હોવાથી, કોઈપણ બાહ્ય મનોજ્ઞ વિષયોનાં સંસર્ગની આધીનતા જેમા નથી તેવું સુખ.

ચૈતન્ય, વીર્ય અને પ્રશમાદિ ગુણ તત્ત્વના ભંડાર એવા આ આત્માને આ સુખ કઈ રીતે પ્રાપ્ત થાય તે કહે છે. (૧) વિભિન્ન વિષયોના સંસર્ગથી પેદા થયેલ આસક્તિ સ્વરૂપ ઉપરાગ (મેલ)નો વિનાશ થવાથી (૨) પુનર્ભવના નિર્માણનો અર્થાત્ ભવ પરમ્પરાનો ઉચ્છેદ થવાથી (૩) દુઃખોની આત્યંતિક નિવૃત્તિ થવાથી અને (૪) જ્ઞાન-દર્શનાદિ આત્મ સ્વરૂપમાં અવસ્થિતિવાળો મોક્ષ મળવાથી આ જીવને ઉપરોક્ત સાત વિશેષતાઓથી યુક્ત એવા શાશ્વત સુખની પ્રાપ્તિ થાય. પરમ મહર્ષિઓનો સમગ્ર ઉપદેશ આ શાશ્વત સુખના સાધનો (ઉપાયો)ને કહેવાના મુખ્ય પ્રયોજનવાળો હોય છે.

### ❋ ...તો શાસ્ત્રોપદેશ નિરર્થક છે ❋

પ્રસંગે કરાતાં અન્ય પદાર્થોનાં વ્યાખ્યાનો પણ પરમર્ષિઓ આ મોક્ષના સાધનોને અનુલક્ષીને જ કરતા હોય છે. મોક્ષ પુરુષાર્થના સમ્યગ્દર્શનાદિ ત્રણ સાધન છે. આ સાધનોથી સાધ્ય મોક્ષ છે. આ સાધ્ય-સાધનનું પ્રસ્તુત ગ્રંથમાં અવ્યભિચારપણે અનુશાસન કરેલ હોવાથી આ ગ્રંથ એ (**શાસનાત્ શાસ્ત્રં** એ વ્યુત્પત્તિથી) શાસ્ત્રરૂપ છે. સ્પર્શાદિ વિષયોની ઋદ્ધિના સંયોગથી ઉત્પન્ન થયેલ સુખ તો આત્યંતિક, એકાંતિક આદિ વિશેષણથી વિપરીત એવા ક્ષણિક અને અનૈકાંતિક આદિ વિશેષતાવાળુ હોવાથી તથા પરિણામે દુઃખદાયી હોવાથી, તથા દુઃખના પ્રતિકાર (બચાવ) રૂપ હોવાથી તેવા ભૌતિક સુખ માટે રચાતું શાસ્ત્ર તો ખરેખર નિરર્થક (અશાસ્ત્ર) જ છે. કારણ કે આ સુખોના ઉપાયોની ઉપલબ્ધિ તો ઉપદેશ કર્યા વિના (અનાદિ કાલીન-સંસ્કારથી) પણ સંભવિત છે. આશય એ છે કે (મોક્ષાર્થી માટે) માત્ર ભૌતિક ક્ષેત્રે અભ્યુદયરૂપ સુખ સાહેબીની પ્રાપ્તિ કરાવનાર (કામ્યકર્મસંપાદનરુપ) ધર્મ પ્રતિષેધ્યપક્ષ અંતર્ગત જાણવો તથા અર્થ, કામ પણ નિષિદ્ધ છે. કારણ કે દુઃખના અત્યંતાભાવ

**भाष्यसम्बन्धकारिका**

**सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति। दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥१॥**

**जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम्। कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः ॥२॥**

नास्थेय इत्यर्थः। सर्वस्यास्य विषयसुखर्द्धिफलत्वात् तद्दोपदुष्टत्वादिति, परमर्षेः प्रवक्तुर्निसर्गादेव लोकानुग्रहकारितायां प्राणिनां च हिताहितविभागोपदेशविशिष्टानुग्रहहेत्वभावान्निःश्रेयसावाप्तिहेतूपदेश-प्रवृत्त्युपपत्तेः, सदाचार्ययुक्तितो हिताहितप्राप्ति-परिहारार्थिनां च कामादिपु दोपदर्शनान्निःश्रेयसार्थित्वान्निः-श्रेयसमार्गोपदेशः शास्त्रे प्रवर्त्तते इत्ययं शास्त्रप्रवृत्तिहेतुकृतः शास्त्रसम्बन्धः।

स चायं भाष्यकारिकाभिः प्रकाश्यते— पुरुषार्थसिद्धिं प्रत्यागूर्णानां हिताहितप्राप्ति-परिहारार्थिनां

• હેમગિરા •

**<u>કારીકાર્થ</u> :- સમ્યગ્દર્શનથી શુદ્ધ એવા જ્ઞાન અને ચરિત્રને જે પ્રાપ્ત કરે છે. તેના વડે દુઃખનું કારણ એવો પણ આ (માનવ) જન્મ સાર્થક થાય છે. ॥૧॥ કર્મ અને કષાયના અનુબંધવાળા આ જન્મમાં એવો પ્રયત્ન કરવો કે જેથી કર્મ અને કષાય (કર્મથી કરાયેલ ક્લેશો)નો સર્વથા અભાવ થાય ખરેખર એજ પરમાર્થ છે ॥૨॥**

(સર્વનાશ)ના અર્થી જીવોને તે દુઃખના અત્યન્તાભાવમાં આ અભ્યુદયફલક ધર્મ, અર્થ કે કામ હેતુ રૂપ બની શકતા નથી. તેથી માત્ર સંસારના અભ્યુદયનું ફળ આપનાર એવા ધર્મ, અર્થ અને કામનો ઉપદેશ એ હિતોપદેશ નથી. માટે કોઈએ પણ માત્ર અભ્યુદયફલક અર્થાદિ પુરુષાર્થના ઉપદેશમાં પ્રયત્ન ન કરવો. કારણ કે આ પુરુષાર્થ ક્ષણિક-વિષય સુખની સમૃદ્ધિનું કારણ છે આ સુખ પરિણામે દુઃખ-દુર્ગતિ રૂપ કટુ વિપાકવાળા દોષોથી દૂષિત છે.

### * હેતુકૃત શાસ્ત્રસંબંધને સમજીએ *

'હિત' શેમાં ? 'અહિત' શેમાં ? એવા હિતાહિતના વિભાગ અંગેનો ઉપદેશ આપતી વિશિષ્ટ અનુગ્રહાત્મકસામગ્રી સામાન્ય જીવો પાસે નથી હોતી. તેથી લોકો ઉપર અનુગ્રહ કરવાની ભાવનાથી પ્રવક્તા એવા પરમર્ષિઓ તરફથી મોક્ષ પ્રાપ્તિના સાધનો વિશે ઉપદેશ કરવાની પ્રવૃત્તિ સ્વભાવથી જ થતી હોય છે. પ્રસ્તુતમાં પણ સુવિહિત આચાર્યે (ઉમાસ્વાતીજીએ) રચેલ ઉપાયરૂપ યુક્તિઓથી હિત પ્રાપ્ત કરવાના અને અહિત પરિહાર કરવાના અર્થીઓ કામાદિમાં દોષ-દર્શન કરે અને તેથી શ્રેયકારી એવા મોક્ષના અર્થી બને, તે માટે જ નિઃશ્રેયસ એવા મોક્ષમાર્ગનો ઉપદેશ આ શાસ્ત્રમાં પ્રવર્તે છે. આ પ્રમાણે આ શાસ્ત્રને પ્રવર્તાવાનો હેતુ તે મોક્ષનો ઉપાય દર્શાવવાનો છે, આ જ હેતુ રૂપ સંબંધને લઈ આ શાસ્ત્ર પ્રવર્તે છે. આ સંબંધને 'શાસ્ત્રપ્રવૃત્તિહેતુકૃત સંબંધ' કહેવાય. અને તે સમ્બન્ધ રચાયેલ ૩૧ (ભાષ્યસંબંધી) કારિકાઓ વડે પ્રકાશિત કરાય છે. તેમાં સર્વ પ્રથમ પ્રારંભની બે કારિકાનું હાર્દ ટીકાકારશ્રી જણાવે છે. તે આ મુજબ →

પુરુષાર્થથી સિદ્ધિ મેળવવા પ્રયત્નશીલ બનેલા એવા હિતપ્રાપ્તિ અને અહિત પરિહારના

विधेय-प्रतिषेध्यविवेकप्रदर्शनार्थं हि कारिकाद्वयमाद्यम्। परमकार्यमभीप्सद्भिः प्रधानपुरुषार्थप्राप्तिकाङ्क्षिभिः परहितप्रेप्सुभिर्निःश्रेयसार्थिभिरित्यर्थः। परमनिर्वृत्तेरग्र्यत्वात् तत्सिद्धियोग्यताऽप्रतिघसामर्थ्यादेवंप्रकारसाधनगुणसमग्रैर्भाव्यम्; अर्थापास्ततद्विपरीतार्थतत्साधनपरिहारिभिश्चेति अतो विधेयोऽर्थः। कर्मक्लेशानामत्यन्ताभावादनवरताप्रतिपातिमुक्तिसुखं, सम्यग्दर्शनादीनि तत्साधनानि च, अर्थाद् व्युदसनीयः संसारसुखाभिलापः तत्सुखसाधनानि च, तस्मान्निःश्रेयसावाप्तये यतितव्यम्[1], तत्सिद्धिसमर्थं च साधनमारोग्यस्येव चिकित्सा सम्यक् श्रद्धानज्ञानसंवरतपांसीति, नृसुरैश्वर्यसुखतत्साधनार्थं च न यतितव्यमिति[2]। यतश्चैवं सम्यग्दर्शन-ज्ञान-तपोगुणसामग्रीयोगयुक्तस्य द्रव्य-क्षेत्र-काल-भावप्रभेदसंसारमहादुःखप्रपञ्चापातमहाभयहेतूनां कार्त्स्न्येन प्रक्षयादात्यन्तिकीदुःखनिवृत्तिर्निष्प्रतिद्वन्द्वाप्रतिपातिपरमसुखलाभश्चोपपद्यते, तस्मादुक्त-

• હેમગિરા •

અર્થીઓને આદરવા લાયક (વિધેય) શું અને ન કરવા લાયક (પ્રતિષેધ્ય) શું ? એ બન્ને વચ્ચે રહેલી ભેદ રેખાને સ્પષ્ટપણે દેખાડવા માટે જ ખરેખર પ્રથમ બે કારિકા છે. પ્રથમ કારિકામાં વિધેયને જણાવતા કહે છે → શ્રેષ્ઠકાર્યની અભીપ્સારાખનારા એટલે પ્રધાન પુરુષાર્થ (ઉપાય)ના અભિલાષી, પરહિતના અત્યંત ઈચ્છુક એટલે મોક્ષ પ્રાપ્તિ અંગેના શ્રેયના અર્થીઓએ (પ્રથમકારિકામાં નિર્દિષ્ટ) સમ્યગ્દર્શનાદિ ગુણોથી સંપન્ન બનવુ જોઈએ કારણ કે સર્વસિદ્ધિઓમાં શ્રેષ્ઠ સિદ્ધિ મોક્ષ છે, આ સિદ્ધિની યોગ્યતા માટે અપ્રતિઘ (પ્રબળ) સામર્થ્ય પૂર્વક ઉક્ત સમ્યગ્દર્શન વગેરે સાધનગુણથી સંપન્ન બનવું જરૂરી છે. અર્થાત્ ઉપલક્ષણથી સહજરૂપે ઉપર નિષિદ્ધ કરેલ, તદ્ (મોક્ષ થકી) વિપરીત અર્થકામાદિ અને તદ્ (મોક્ષના) વિપરીત સાધન થકી અર્થના સાધન આ બન્નેનો પરિહાર કરનારા થવું જોઈએ. ભાવાર્થ એ છે કે અર્થ કામના સાધનોનો પરિહાર કરવા પૂર્વક મોક્ષાર્થીએ તે મોક્ષને અનુરૂપ (પ્રથમ કારિકામાં કહેવાયેલ દર્શનાદિ) સાધનગુણથી સમ્પન્ન બનવું જોઈએ. (એમ પ્રથમ કારિકાનું હાર્દ કહેવાયું છે.)

### ❋ ...તો માનવભવ સાર્થક થાય ❋

શાશ્વત અને અપ્રતિપાતિ એવું મુક્તિ સુખ, કર્મ અને કલેશોનો અત્યંતાભાવ થવાથી મળે છે. અર્થાત્ સાંસારિક સુખાભિલાષા તેમજ તેના સાધનોનો મોક્ષાર્થીએ નિષેધ સમજવો. તેથી નિઃશ્રેયસ (મોક્ષ) પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. મોક્ષ સિદ્ધિમાં સમર્થ સાધનો ક્યાં છે ? તે જણાવતાં કહે છે કે જે રીતે શારીરિક સ્વસ્થતા માટે ઉચિત ચિકિત્સા જરૂરી છે, તેમ આત્મિક ભાવારોગ્ય માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સંવર અને તપ રૂપ સમ્યક્ચારિત્ર આ ત્રણે સાધનો જરૂરી છે. ઉત્તમ (મોક્ષાર્થી) પુરુષોએ રાજસુખ કે ઐશ્વર્યાદિ માટે અથવા તેના સાધન માટે યત્ન ન કરતા, સમ્યગ્દર્શનાદિ સાધનમાં જ ઉદ્યમવન્ત બનવું. કારણકે આ સમ્યગ્દર્શન, જ્ઞાન તથા તપ ગુણ રૂપ સામગ્રીના યોગથી જીવના {દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી ઘણા પ્રભેદવાળા આ સંસારના મહાદુખમય ખટપટોથી આવતા} મહાભયોના કારણોનું સમગ્ર પણે ઉન્મૂલન થાય છે, અને તેમ

१. प्रयति° पा.। २. प्रयति° पा.स.।

**तेन सुलब्धं भवति जन्म इति, कर्मक्लेशा** इति च, दुःखानां नैमित्तिकत्वाद् भवेन्निवृत्तिरिति, अनपेक्षपरिणामत्वात् स्वभावत्वे हि नापवृज्येरन् क्लेशाः, प्राक्तनं तु ॐकर्म क्लेशविशेषणं, न प्रधानेश्वरादिकृताः कर्मक्लेशा इति। एवं क्रियान्तरप्रसिद्धिप्रवृत्तिः क्रियान्तरप्रसिद्धिनिवृत्तिश्च कृता, तस्मादित्थमुक्तं भगवता, "**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**" (अ.१-सू.१) इति (का.१-२)।

**नन्वेव**मप्रश्वासः कश्चित्, इह हि सम्यग्दर्शनादियुक्तो मुमुक्षुस्तदर्थं सम्यगीहमानोऽपि निःश्रेयसमनवाप्योपरमेत स इदानीं नृ-सुरसुखप्रतिषेधाद् विफलप्रा(या)सः स्यात्, दृश्यते हि प्रश्वासः प्रधान-

• હેમગિરા •

થવાથી દુઃખની આત્યંતિક નિવૃત્તિરૂપ અને સકળ વિટમ્બણા (દ્વન્દ્વો)થી મુક્ત એવા અપ્રતિપાતિ પરમ સુખનો લાભ થાય છે. તે જ વાતને ધ્યાનમાં લઈ પ્રથમ કારિકામાં "રત્નત્રયીની પ્રાપ્તિ થવાથી આ માનવનો અવતાર સફળ થાય છે" આ રીતે કહ્યું છે.

કારિકાના '**कर्मक्लेश**' પદનો વિશેષાર્થ → કલેશ એટલે દુઃખ. સર્વ દુઃખો નૈમિત્તિક છે, તેથી તેઓની નિવૃત્તિ શક્ય છે. જો આ ક્લેશો=દુઃખો આત્મસ્વભાવ રૂપ હોય તો ક્યારેય પણ નષ્ટ ન થાય. કારણ કે આત્મસ્વભાવ એ નિરપેક્ષ પરિણામ રૂપ છે. અર્થાત્ આત્મ સ્વભાવ કોઈ કર્માદિને સાપેક્ષ રહી ઉત્પન્ન થતો નથી, પરંતુ સર્વદા અવસ્થિત હોય છે. તેથી કર્મ-ક્લેશાદિ આત્મસ્વભાવરૂપ નથી, કારણકે પુરુષાર્થ વિશેષથી નષ્ટ થઈ શકે. '**कर्मक्लेश**' માં '**कर्म**' એવું પૂર્વ પદ એ '**क्लेश**' નું વિશેષણ છે. આ ક્લેશો કર્મથી કરાયા છે; પરંતુ પ્રકૃતિ, ઈશ્વર કે બ્રહ્માથી કરાયેલા નથી.

તે વાત **कर्मक्लेशा (=कर्मनिमित्तक्लेशा)** પદથી સૂચવેલ છે. '**कर्मक्लेशा**' માં '**कर्म**' વિશેષણ મધ્યમપદ લોપી સમાસ દ્વારા થએલ જાણવો વિગ્રહ આ પ્રમાણે કરવો- **कर्मनमित्ताः क्लेशाः इति कर्मक्लेशा (हारिभद्रीयवृत्ति** પૃ.૨) આમ બે કારિકામાં ક્રિયાન્તર (કર્મ-ક્લેશને ઉપજાવનારી ક્રિયાથી અન્ય મોક્ષજનક ક્રિયા) સ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાનયુક્ત સમ્યગ્ચારિત્રની પ્રસિદ્ધિ કરી અને તે વિશે પ્રવૃત્તિ કરવા કહ્યું. તેમજ ક્રિયાન્તર (મોક્ષજનકક્રિયાથી અન્ય) રુપ કર્મ ક્લેશજનક મિથ્યાત્વાદિની પ્રસિદ્ધિ કરી અને તે વિશે નિવૃત્તિ કરવા કહ્યું. અને તેથી તે સંદર્ભમાં વાચકશ્રીએ **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** આવું પ્રથમ સૂત્ર કહ્યું.

(અગર જો **प्राक्तनं तु कर्मक्लेशविशेषणं** એવો પાઠ લઈએ તો અર્થ સંગતિ આ મુજબ કરી શકાય- **प्राक्तनं** થી '**जन्मनि**' નું **जन्म** પદ ગ્રહણ કરી આ જન્મને કર્મ-ક્લેશનું વિશેષણ બનાવી 'જન્મકૃત કર્મક્લેશ' એવો અર્થ કરવો. ભાવાર્થ એ કે કર્મક્લેશ જન્મ કૃત છે ઈશ્વરકૃત નહીં.)

### ❋ ...તો મોક્ષનો ઉપદેશ હતાશાજનક બનશે ❋

<u>પ્રશ્ન</u> :- આ પ્રથમ સૂત્ર અસંતોષ અને હતાશાનું કારણ બનશે, કારણ કે સમ્યદર્શનાદિથી યુક્ત કેટલાક જીવો ઘણું ઈચ્છવા છતાં આ મુક્તિ સુખ મેળવ્યા વિના મરણને શરણ બને છે.

ॐ. कर्मक्ले° આવો સામાસિક પાઠ પણ સંગત જણાય છે જેનો અર્થ ભાષાંતરમાં ટાંક્યો છે.

**का० परमार्थालाभे दोषेष्वारम्भकस्वभावेषु। कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥३॥**

कार्यसिद्धिश्च, यथा इतोऽष्टयोजन्यामुज्जयिनी वर्तते तामेकेनाह्ना गच्छ परेण निवर्तेथाः यदि चैकेनाह्ना न प्राप्नुयास्ततोऽमुकस्मिन् ग्रामे सुखमुषित्वा श्वः प्रवेष्टासि तूर्णं चागच्छेरित्येतस्माद् वाक्याद् गन्ता प्रश्वस्तः सन् न गमने विरसीभवति, पूर्वस्मात् तु व्याहन्यते, एवं नृ-सुरैश्वर्यर्द्धिनिर-पेक्ष उपदेशोऽप्रश्वासाय स्यादिति, ततः प्रश्वासार्थमुच्यते "**परमार्थालाभे वा**, इत्यादि॥३॥"

जन्मान्तरसञ्चितानां हि कर्मणां बन्ध-निकाचनाद्यवस्थावैचित्र्यात् तद्धेतुकरागादिदोषाणां च कर्मा-वाहित्वताच्छील्यात् कश्चित्, तद्भवेनैव[1] निःश्रेयसं नाधिगच्छेत्, तथापि तस्य शुद्धप्रयोगहेतुकं

• હેમગિરા •

<u>કારિકાર્થ</u> :- **અથવા આરંભક સ્વભાવવાળા કષાયાદિ દોષોની વિદ્યમાનતાના કારણે જો પરમાર્થ (કર્મ અને કષાયનો સર્વથા અભાવ)નો લાભ ન થઈ શકે તો એ રીતે જ પ્રયત્ન કરવો કે જેથી કુશલાનુબંધી કર્મનો અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય ॥૩॥**

વળી બીજી બાજુ પ્રસ્તુતમાં મનુષ્ય કે દેવાદિ સુખોનો નિષેધ કર્યો હોવાથી, તેને તે સુખો પણ નહીં મળે. તેમ થવાથી સાધકનો દર્શનાદિ અંગેનો પ્રયાસ હતાશામાં ફેરવાઈ જશે. ખરેખર વ્યવહારમાં પણ વિશેષ કાર્ય કરવા માટે અમુક મુદત અપાતી દેખાય છે. આ વાતને દૃષ્ટાંતથી સમજીએ કે કોઈક શેઠે ચાકરને આજ્ઞા કરી કે "અહીંથી ઉજ્જૈન નગરી આઠ યોજન છે. તું ત્યાં એક દિવસમાં જઈને બીજા દિવસે પાછો આવજે; કદાચ એક દિવસમાં ત્યાં ન પહોંચી શકે તો વચ્ચે અમુક ગામમાં સુખપૂર્વક રહીને, બીજા દિવસે પ્રવેશ કરજે પણ પાછો જલ્દી આવજે" આ ઉપરના વાક્યમાં જનાર વ્યક્તિને અમુક સમય મર્યાદાની-રાહત આપવા વડે આશ્વસ્ત કરાયો છે. તેથી ઉજ્જૈન જવામાં અરૂચિ ન બતાવે, જો 'એક જ દિવસમાં જઈને આવ' એવી આજ્ઞા કરવામાં આવે તો તે વ્યક્તિ ઉદ્વેગ પામે અને જતા અટકે. એ જ રીતે માનવ કે દેવાદિના ઐશ્વર્યથી અત્યંત નિરપેક્ષ (રાહત વગરના) એવા મોક્ષ માત્રનો ઉપદેશ એ હતાશા કે ઉદ્વેગ માટે કેમ ન બની શકે ?

### * કરેલો ધર્મ નિષ્ફળ ન જાય *

<u>સમાધાન</u> :- આના સમાધાનમાં શાસ્ત્રકાર ત્રીજી કારિકા કહે છે. ખરેખર અનેક જન્મોમાં સંચિત કર્મોની બન્ધ, નિકાચનાદિ વિચિત્ર દશાના કારણે તેમજ કર્મબંધાદિ અવસ્થામાં હેતુભૂત એવા રાગાદિ દોષો જે કર્મનું આપાદન કરવાના સ્વભાવવાળા છે, તેવા આ રાગાદિ દોષોના કારણે કદાચ તે જ ભવમાં મુક્તિ હસ્તગત ન થાય, તો પણ શુદ્ધ ધર્મની પ્રાપ્તિમાં હેતુભૂત તથા પરંપરાએ મુક્તિ પ્રાપ્તિનું કારણ (માનવ ભવ ઉત્તમકુળ, સુગુરૂ સંયમાદિ યોગોની પ્રાપ્તિ કરાવનાર) એવું પુણ્ય કર્મ તે જીવને અવશ્ય પ્રાપ્ત થાય જ છે તેમાં કોઈ શંકા નથી.

१. अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्। (भगवद्गीता) "थोवं वि अणुट्ठाणं, आणप्पहाणं हणेइ पावभरं। लहुओ रविकरपसरो, दहदिसितिमिरं पणासेइ ।" इत्यादिसिद्धान्तवचनमप्यत्रविभावनीयम्।

कल्याणप्राप्तिकारणं पुण्यं कर्म स्यादिति। **स्यान्मतम्, नन्वेव**मभ्युदयाशंसा कृता स्यात् इष्ट-शरीरेन्द्रियादिनृ-सुरविशेषप्रादुर्भावफलत्वात् पुण्यस्य, निषिद्धाभ्युपगमे चाभ्युपेतबाधा स्यादिति। **उच्यते**, नैष दोषः। नृ-सुरैश्वर्यसुखप्रतिषेधात्। नृ-सुरैश्वर्यसुखप्रतिषेधपरं हि मुनेः कृत्स्नं वचनम्।। "[1]**सल्लं कामा**"(**उत्तरा**.९/५३) इत्यादि। स्वर्गलोकगमन-सुकुल[2]प्रत्यायात्यादिवचनं तु प्रधानार्थनि[3]श्चयदार्ढ्यापादनार्थम्। यथाऽनुच्छिन्नारिशेषोऽपि विजिगीषुर्भोगेषु न व्यासज्येतेति, तदुच्छेदाद् भोगेषु व्यासङ्गोऽपि स्वनुबन्ध

• *હેમગિરા* •

<u>પ્રશ્ન</u> :- માની લઈએ કે રત્નત્રયીની આરાધનાથી પ્રસંગોપાત પુણ્ય પ્રાપ્ત થાય પણ પુણ્યના સ્વીકારમાં તો અભ્યુદયની વિવિધ આકાંક્ષા કરી કહેવાશે, કારણ કે પુણ્યનું કાર્ય "ઈષ્ટ શરીર, અનુકૂળ ઈન્દ્રિયો તેમજ મનુષ્ય તથા દેવાદિના સુખ વિશેષ પ્રાપ્ત કરાવવા તે છે. વળી તમે હમણાં જ "સમ્યગ્દર્શન જ્ઞાન ચરિત્ર" એ મોક્ષ સુખના ઉપાય છે એમ કહી સાંસારિક સુખોનો નિષેધ કર્યો છે. તેથી નિષિદ્ધના સ્વીકાર કરવાની પણ આપત્તિ આવશે.

<u>ઉત્તર</u> :- "અભ્યુદયની આશંસા કે નિષિદ્ધના સ્વીકાર"ની કોઈ આપત્તિ આવતી નથી કારણ કે શાસ્ત્રોમાં દેવ મનુષ્યાદિના ઐશ્વર્ય સુખ તો હેય માનીને નિષેધ કરાયા છે. મુનિનું વચન-માત્ર વિષય સુખના પ્રતિષેધમાં તત્પર હોય છે. તે આ રીતે :- કામ શલ્ય છે. કામ વિષ છે. કામ આસીવિષસર્પની ઉપમાવાળુ છે. કામ સેવન કરાનાર જીવો અકામ (અનિચ્છાએ) દુર્ગતિના ભાગી થાય છે. તેથી તજવા લાયક છે." ઈત્યાદિ ઉત્તરાધ્યયન્નાદિ ગ્રંથોમાં કહેલું જ છે. જો કે શાસ્ત્રોમાં ધર્માનુષ્ઠાનના પ્રભાવે સ્વર્ગલોકમાં ગમન, ફરીથી સુકુલમાં આવવું વગેરે વચન જે કહ્યા છે તે પણ માત્ર પ્રધાન એવા મોક્ષ અર્થને દઢ કરવા માટે જ છે. અર્થાત્ સ્વર્ગ ગમન આદિનું વિધાન તે વૈષયિક સુખને ઉપાદેય માનવાના અર્થમાં નથી પણ મોહનીયાદિ કર્મોને ભોગવી-નિર્જરા કરી, એક સંસારયાત્રા પૂરી કરીને મોક્ષે જવાના અર્થમાં છે.

### * ...તો દેવાદિસુખ અસુખ છે *

તે જ રીતે 'સારા કુળાદિની પ્રાપ્તિ' તે પણ સ્વમાન-પ્રતિષ્ઠાદિ માટે નથી પણ ઉત્તમકુળાદિ તે મુક્તિદાયક-સંયમમાં ઉપયોગી સાધન હોવાથી અપેક્ષાએ ઉપાદેય છે એ સંદર્ભમાં છે. અર્થાત્ આમાંય મુક્તિ માર્ગને દઢીકરણ કરવાનો જ આશય છે. પ્રાયઃ મોક્ષાર્થીને પુણ્યાદિના બળે થતી સુકુળાદિની પ્રાપ્તિ કોઈ અભ્યુદયાદિની આશંસા રૂપ નથી હોતી. થોડાક ભાવશત્રુઓ બાકી છે જેને, એવો મુમુક્ષુ જીવ સંપૂર્ણ કર્મો (ભાવ શત્રુઓ)ને જીતવાની ઈચ્છાવાળો હોઈ ભોગોમાં આસક્તિપૂર્વક નથી જોડાતો અને જ્યારે સર્વે ભાવ શત્રુઓ (છેદાઈ) જીતાઈ જાય છે ત્યારે તેને કારણવશાત્ કદાચ (આહારાદિ) ભોગમાં પ્રવૃત્તિ કરવી પડે તો પણ તે પ્રવૃત્તિ શુભ અનુબન્ધવાળી હોય છે. આ રીતે પુણ્યવશાત્ પ્રસંગોપાત આવી પડેલા આ દેવાદિ સુખોમાં મોક્ષાર્થીને અભ્યુદયની

१. सल्लंकामा वीसंकामा कामा आसीवीसोवमा। कामे पत्थिज्जमाणा अकामा जंति दुग्गई (उत्तराध्ययन सूत्र-९/५३)

२. 'प्रत्ययोत्यादि' रा.। ३. 'निश्चयपदार्थोपादा' रा.।

इति [1]तत्प्राधान्यप्रतीतेरितरसुखस्याप्यसुखत्वमुपदिष्टं स्यात्, तन्मात्राभिष्वङ्गपरिहारार्थम्, इत्थं सर्वत्र प्रिय-हितनिश्चयसिद्धेः[2] → (**जाइ मरणाओ मुच्चइ इत्थत्थं च चयइ सव्वसो**) "[3]**सिद्धे वा भवति सासए, देवे वा अप्परए महिड्ढिए**"।। (दशवैकालिक-९/४/७) (सओवसंता अममा अकिंचणा, सविज्जविज्जाणुगयाजसंसिणो) "**उउप्पसन्ने विमलेव चंदिमा, सिद्धं विमाणाणि वयंति ताइणो**"।। (दशवैकालिक-६/६९) "**दुक्कराइं करित्ताणं, दुस्सहाइं सहित्तु य। के इत्थ देवलोएसु, केवि सिज्झंति नीरया**"।। (दशवैकालिक-३/१४) इत्यादि। नृ-सुरैश्वर्यनिःश्रेयसविषयाणां सर्ववाक्यानां

• હેમગિરા •

આશંસાનો કોઈ દોષ નથી. અહીં મોક્ષ સુખની જ પ્રધાનતા હોવાથી ઈતર દેવાદિ સુખો તો ખરેખર 'અસુખ' જ છે. એ પ્રમાણેનો ઉપદેશ અર્થાપત્તિથી આવી જાય છે.

## ❋ ધર્મનું ગૌણ ફલ જાણીએ ❋

જો કે મુખ્ય ફળ મોક્ષ છતાં અર્થાપત્તિથી થતો (દેવાદિ ગૌણસુખો અંગેનો) ઉપદેશ (કારિકામાં) એ જણાવવા માટે કરવો પડ્યો છે કે શેષ કર્મના લીધે જ્યાં સુધી પરમાર્થનો લાભ ન થાય ત્યાં સુધી આ દેવાદિ સુખો જીવને પુણ્યના ફળ રૂપે મળે તેમાં કોઈ બાધ નથી. પરંતુ આ પ્રસંગે મળતા સુખોમાં જીવોને અનુરાગ ન થાઓ, માટે તે અનુરાગનો પરિહાર કરવા રત્નત્રયીના ફળ તરીકે મોક્ષનો ઉપદેશ કર્યો છે. સર્વત્ર (સિદ્ધાંતોમાં) પ્રિય એવા મોક્ષ અને તેમાં હિતકારી તેવા પ્રાસંગિક સુખો નિશ્ચયથી સિદ્ધ છે. (કારણ કે દશવૈકાલિકાદિ ગ્રંથોમાં પણ મુખ્ય ફળ અને ગૌણ ફળની ઉપપત્તિ દેખાડી છે. તે આ પ્રમાણે →) "સમાધિવાળો સાધુ જન્મ-મરણથી મુક્ત થાય છે. અને નરક-તિર્યંચાદિના દેહને નહીં ગ્રહણ કરવા રૂપે ત્યાગ કરે છે. અને સંસારમાં ફરી નહીં આવવા રૂપ શાશ્વત સિદ્ધગતિ મેળવે છે. કદાચ કોઈ કર્મો બાકી રહી જાય તો અલ્પ કામવિકારવાળો મહર્દ્ધિક દેવ બને છે." (દશવૈ.અ.૯.ઉદેશ-૪/ગાથા-૯) "નિરન્તર ઉપશાન્ત, મમતારહિત, આ લોક કે પરલોકમાં ઉપકારિણી વિદ્યા સહિત, યશસ્વી, શરદઋતુના જળની માફક નિર્મળ અને ભાવમળથી રહિત સાધુઓ મોક્ષે જાય છે. જો કર્મશેષ રહ્યા હોય તો દેવલોકમાં જાય છે. (દશવૈ.અ.૬ ગાથા-૬૯) દુષ્કર એવા તપ-ત્યાગને કરીને અને દુઃસહ્ય એવા પરિષહ ઉપસર્ગો સહન કરીને કેટલાક દેવલોકે જાય અને કેટલાક કર્મરાશિને સર્વથા દૂર કરી મોક્ષે જાય છે. (દશ.વૈ.અ.૩ ગાથા ૧૪) ઈત્યાદિ આગમના સાક્ષીપાઠોથી માનવ સંબંધી કે દેવ સંબંધી ઐશ્વર્ય તેમજ મોક્ષસુખ સંબંધી સર્વ વાક્યોની સિદ્ધિ થાય છે. તે સ્પષ્ટ જ છે.

## ❋ મોક્ષમાર્ગ હતાશા જનક નહિં બને ❋

વળી આ મોક્ષમાર્ગનું વાક્ય એ પૂર્વપક્ષીએ કહ્યા મુજબના પ્રશ્વાસ (ફક્ત આશ્વાસન રૂપ) વાક્ય જેવું નથી. કારણ કે જેમ મુસાફરીમાં જનારાના કાળ અને માર્ગનું પરિમાણ (માપ) તથા

१. प्रधानफलापेक्षया सम्यग्दर्शनादिनां मोक्षफलकत्वमवसेयम्, 'व्यपदेशाः प्रधानपरा भवन्तीति न्यायात्' अनुषङ्गतोऽभ्युदय-साधकत्वमप्यनपायम्। २. °सिद्धिः पा.भां.खं.। ३. स देवगंधव्वमणुस्सपुइए, चइत्तु देहं मलपंकपुव्वयं । सिद्धे वा हवइ सासए देवे वा, अप्परए महिड्ढिए त्ति बेमि । (उत्तराध्ययन-१/४८)

सिद्धिः। ततश्च नेदं यथोक्तप्रश्वासवाक्यतुल्यम्, न ह्यत्रकालाध्वपरिमाण-गन्तृशक्तिवन्निवृत्तिकालपरिच्छेद इति। यथा वा सर्वमुपक्लृप्तं भोजनविधानमुपचर्य ब्रूयात् किन्त्वपथ्यमिति। एवं च तत्प्रसङ्गप्रतिषेधो गम्यते तस्मात् स तस्योपसर्जनमर्थोऽनभिसंहितानुषक्त इति नैव चात्र नृ-सुरैश्वर्यसुखानुज्ञा, निःश्रेयसावाप्तिहेतुत्वेनानवद्यकर्माभ्यनुज्ञानात् पुनर्भवप्रबन्धकरं न भवति मोक्षकरमेवं तु भवतीत्यनवद्यं हि कर्म तत्, सर्वत्र हि भगवता निर्निदानत्वमभिप्रशस्तम्। उक्तं हि "[१]**भिज्जानिदानकरणे मुक्खमग्गस्स पलिमंथु,**

• હેમગિરા •

જનારની શક્તિ નિશ્ચિત હોય છે. તેથી મુસાફરીનો સમય નક્કી થઈ શકે. પરન્તુ આ મુક્તિમાર્ગ ગમનના વિષયમાં એવું નથી. કારણ કે આ મોક્ષની યાત્રામાં માર્ગ કેટલો છે ? અથવા થોડાક ભાવ શત્રુઓ બાકી છે જેને એવો મુમુક્ષુ જીવ સર્વે કર્મો (ભાવ શત્રુ)ને જીતવાની ઈચ્છાવાળો હોઈ ભોગોમાં ભવ કે કાળની મર્યાદા કેટલી છે ? તથા કર્તા (જનાર)ની શક્તિ પણ કેટલી પહોંચશે ? તે અનિર્ણીત છે. માત્ર "ગતિ કરવાથી માર્ગ કપાય છે." તેવો ન્યાય અહીં (મોક્ષ વિશે) નથી પણ સાધના-ઉપાસના આદિથી થતાં ક્ષય-ક્ષયોપશમ અને વિશેષથી કાળનો પરિપાક થતાં આ જીવ મુક્તિ મેળવે છે. "જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી તે તે કર્મના યોગે અને ભવિતવ્યતાદિના બળે સ્વર્ગાદિગતિ પણ મેળવે, તેથી આમ પ્રસંગોપાત દેવાદિ સુખોનું વિધાન કર્યું હોવાથી કોઈ સાધકને હતાશા ન રહે."

અથવા તો સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીનું ફળ મોક્ષ છે. એમ કહેવા પાછળ એ હાર્દ છે :-

### ❋ ગૌણ મુખ્ય ફલને પીછાણીએ ❋

જેમકે કોઈ દર્દીની આગળ સર્વ પ્રકારના ભોજનનું વિસ્તૃતકથન કરીને કહેવાય કે આમાંથી આ-આ વસ્તુ તારા માટે અપથ્ય છે. તે જ રીતે રત્નત્રયીના સ્વર્ગાદિ અને મોક્ષ ફળ દેખાડી તેમાંથી મોક્ષ સુખ જ પથ્યરૂપ છે. બાકી પ્રસંગે આવી પડતા દેવાદિ સુખો અપથ્ય (નિષેધરૂપ) છે. (પણ પૂર્વે કહ્યા મુજબ ભવ્યજીવોને પરંપરાએ તે મુક્તિના કારણ બને છે.) આશય એ કે એ રીતે મુક્તિમાર્ગમાં જવાને અનુકૂળ ઉચ્ચકુળાદિની પ્રાપ્તિ પુણ્યથી જન્ય છે, એ અપેક્ષાએ પુણ્ય પણ ઉપાદેય છે. પણ અન્તે તો ત્યાજ્ય છે. તેથી પ્રસંગે મળતા દેવાદિ સુખોમાં આસક્ત ન બનવું. રત્નયત્રીનું અતિગૌણફળ હોવાથી મુખ્યફળ તરીકેનું વિધાન ઈરાદાપૂર્વક નથી કર્યું પણ ગૌણફળ તરીકે તો કર્યું જ છે. ગૌણરૂપે દેવાદિ સુખોનું વિધાન કરવા માત્રથી તે માનવ-દેવ સંબંધી સાવદ્ય એવા ઐશ્વર્યની અનુજ્ઞા નથી આવી જતી. કારણ કે અનવદ્ય (દર્શન-જ્ઞાન-ચારિત્ર) કર્મની અનુજ્ઞા એ મોક્ષ માટે આપી છે. અને આ (શુભાશયપૂર્વક કરાતું) અનવદ્ય કર્મ ક્યારે પણ ભવ પરંપરાનું કારણ ન બને પણ પ્રધાનતયા મોક્ષનું જ કારણ બને છે.

१. **भिज्ज** त्ति लोभस्तेन **यन्निदानकरणं** चक्रवर्तीन्द्रादिऋद्धिप्रार्थनं **तन्मोक्षमार्गस्य** सम्यग्दर्शनादिरूपस्य **परिमन्थुः**, आर्त्तध्यानरुपत्वात्, **मिथ्याग्रहणाद्** यत् पुनरलोभस्य भवनिर्वेद-मार्गानुसारितादिप्रार्थनं तन्न मोक्षमार्गस्य परिमन्थुरिति दर्शितमिति, ननु तीर्थकरत्वादिप्रार्थनं न राज्यादिप्रार्थनवद्दुष्टमतस्तद्विषयं निदानं मोक्षस्यापरिमन्थुरिति, नैवम्, यत आह- **सव्वत्थेत्यादि**, **सर्वत्र**

**सव्वत्थवि णं भगवया अणिदाणदा पसत्था** (**स्थानाङ्गसूत्र-५२९/बृहत्कल्पसूत्र-१९**) इति।।

ततो यद्यप्याशु न [1]लभते तथापि तत्सम्यग्दर्शनादिकृत एव स तस्य मोक्ष इति। इदानीं विचित्रप्रस्थानत्वादधमाधमादिषट्पुरुषविशेषनिर्धारणेन मङ्गलपूर्वकत्वाच्छास्त्रप्रवृत्तेर्मङ्गलपूर्वकमिदं शास्त्रम्। तच्चात्रैकान्तिकादिफलयोगात् प्रकृष्टत्वाच्च नमस्कारो भावमङ्गलं प्रवचन-सद्धर्म-तीर्थप्रणायिने **महावीराये**ति भगवत एव पूज्यानुत्तरत्वप्रतिपादनार्थम्, तदनुषङ्गतः [2]शास्त्रोपोद्घातार्थं प्रवक्तृ[3]शुद्धेः

• *હેમગિરા* •

### ❋ કુશલાનુબન્ધી અનુષ્ઠાન જ આદરણીય ❋

ભગવાને સર્વ ઠેકાણે નિર્નિદાનપણાને જ પ્રશસ્ત કહ્યું છે. અર્થાત્ સંસારનો સંકલ્પ (નિયાણું) રાખ્યા વગર કુશળ અનુબન્ધ (પુણ્યાનુબંધીપુણ્ય)વાળા અનુષ્ઠાનો કરવા માટે તીર્થંકરોએ આજ્ઞા કરી છે. કહ્યું પણં છે કે **"લોભ વડે નિદાન (નિયાણું) કરવું તે મોક્ષ માટે બાધક રૂપ છે. બધે (ધર્મકાર્યમાં) નિયાણા વગર રહેવું તે ભગવાને પ્રશસ્ત કહ્યું છે."** સારાંશ એ થયો કે તથાપ્રકારના કર્મક્ષયાદિના અભાવે જીવને સમ્યગ્દર્શનાદિ આરાધવા છતાં શીઘ્ર મુક્તિ ન પણ મળે તો પણ જ્યારે મળશે ત્યારે હેતુ તરીકે તો સમ્યગ્દર્શનાદિ જ કહેવાશે. અર્થાત્ સમ્યગ્દર્શનાદિથી કૃત (કરાયેલ) મોક્ષ છે. તેથી (સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ મોક્ષમાર્ગ છે) તે ઉચિત જ કહેવાયું છે.

**કારિકામાં કરાતાં મંગલાચરણની પૂર્વભૂમિકા** → શાસ્ત્રનો પ્રારંભ મંગળ પૂર્વક થતો હોય છે. પણ ગ્રંથકારોની તે મંગળ કરવાની પદ્ધતિ જુદી જુદી હોય છે. પ્રસ્તુત ગ્રંથમાં મંગલાચરણ કરવા માટે પહેલા અધમાધમાદિ છ પુરૂષોનું વિવરણ કરશે. અને તેમાં ઉત્તમોઉત્તમ પુરૂષના અંતર્ગત મંગલાચરણ થશે,. મંગલોમાં નમસ્કારરૂપ ભાવમંગલ એ એકાંતિક (અવશ્ય ફળ આપનાર) અને આત્યંતિક (જેના પ્રભાવે મળેલુ ફળ પાછું જાય નહીં તેવું) છે. તેથી આ ભાવમંગલ પરમ ઉત્કૃષ્ટ છે. આ ગ્રંથમાં ભાવમંગલરૂપ નમસ્કાર એ દ્વાદશાંગીરુપ પ્રવચન, શ્રુત–ચારિત્રરુપ સદ્ધર્મ અને ચતુર્વિધ સંઘરુપ જંગમ તીર્થના પ્રણેતા પ્રભુ મહાવીરને કરવામાં આવેલ છે. તેઓ (તીર્થંકર) જ વિશિષ્ટ પૂજ્ય છે. તેવી અનુત્તર પૂજ્યતાનું પ્રતિપાદન કરવા આ નમસ્કાર તેમને કરાયો છે.

### ❋ પ્રવક્તાની શુદ્ધિથી પ્રવચનની શુદ્ધિ ❋

મંગળનાં આ કથનથી પ્રરૂપણા કરનારની શુદ્ધિ કહેવાઈ છે. જે શાસ્ત્રના ઉપોદ્ઘાત = શાસ્ત્રબોધ = શાસ્ત્રચિંતા માટે હેતુ રુપ છે. **पुरुषविश्वासे वचनविश्वासः** એ ન્યાયે પ્રવચનને કહેનાર પ્રવક્તાની શુદ્ધિથી તેમના પ્રવચનની પણ શુદ્ધિ (સચોટતા) સિદ્ધ થાય છે. એ પ્રમાણે તીર્થંકર પ્રત્યે ઉત્પન્ન થયા

---

तीर्थकरत्वचरमदेहत्वादिविषयेपि आस्तां राज्यादौ **भगवता** जिनेन **अनिदानता** अप्रार्थनमेव **पसत्थ** त्ति **प्रशंसिता** श्लाघितेति, तथा च- 'इहपरलोगनिमित्तं अवि तित्थगरत्तचरमदेहत्तं। सव्वत्थेसु भगवया अणियाणत्तं पसत्थं तु ।। (બૃહત્ક.ભાષ્ય ૬૩૧૩ની ટીકા પૃ.૧૬૬૬, સ્થાનાંગ સૂ.૫૨૯, પૃ.૬૩૭) १. लभेत भां. खं.। २. शस्त्रेप्यद्यान्तार्थं प्रा.। ३. °शुद्धेः प्रव मु. (भां.रा)।

**कर्माहितमिह चामुत्र *चाधमतमो नरः समारभते। इह फलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम्।।४।।**
**परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा। मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः।।५।।**

प्रवचने शुद्धिराख्याता स्यादिति भगवति जातप्रसादबहुमानो गुणज्ञः सङ्ग्रहकारः श्रोतॄणां शास्त्रे गौरवोत्पादनार्थं चाह- "**कर्माहितं** इत्यादि।।४।।

[T]पुरुषार्थानां चतुर्णामुभयस्मिन्नपि लोके विपरीतानुष्ठायी अत्यन्तमुभय-लोक[१]गर्हितपरदारचौर्याद्या-सेवमानः सोऽधमाधमः।।१।।

[२]ऐहलौकिकसुखप्रार्थनापरः परलोकसुखविमुखः ऐहिकप्रत्यपायभयादत्यन्तनिन्द्यचौर्य-परदारादि परि-हरन् विषयसुखासक्तः पुरुषोऽधम इत्यनुमीयते।।२।।

स्वप्रस्थानाद् य उभयलोकार्थं प्रयतते दानाध्ययनाद्यासेवमानः सत्कार-लाभ-यशो-मित्राद्यैहिकं फलं परलोकेऽपि नृ-सुरैश्वर्यप्राप्तिमभिकाङ्क्षन्[३] स विमध्यमोऽनुमीयते।।३।।

यः पुनरिहसुखनिरपेक्षोऽभिषेचनोपवास-ब्रह्मचर्य-गुरुकुलवास-भैक्ष्याद्यासेवमानः परतीर्थिको लोको-

• *હેમગિરા* •

<u>કારિકાર્થ</u> :- <u>અધમાધમ</u> → આ ભવ અને પરભવ ઉભયમાં ચારે પુરુષાર્થોમાં જે વિપરીત (અહિતકારી) વર્તન કરનારો હોય છે. <u>અધમ</u> → માત્ર આલોક સંબંધી સુખને અનુરૂપ જ આચરણ કરે છે. <u>વિમધ્યમ</u> → ઉભયલોકમાં સુખ આપનારા કાર્યો કરનારો હોય છે. ॥ ૪ ॥

<u>કારિકાર્થ</u> :- <u>મધ્યમ</u>→ કેવળ પરલોકના સુખ માટે જ ક્રિયાઓમાં પ્રવર્તે છે. <u>ઉત્તમ</u> → વિશિષ્ટ

છે બહુમાન અને પ્રસન્નતા જેને એવા ગુણજ્ઞ સંગ્રહકાર શ્રી ઉમાસ્વાતિ મહારાજા આ શાસ્ત્ર વિશે શ્રોતાઓને ગૌરવ ઉત્પન્ન થાય (અધિક બોધ આપવા) માટે મંગલાચરણ કરતા પહેલા છ પ્રકારના પુરૂષોનું વર્ણન ૪-૫મી કારિકામાં કરે છે.

૧. **અધમાધમ પુરુષ** :- આલોક- પરલોક ઉભયમાં ચારે પ્રકારના પુરૂષાર્થોમાં વિપરીત વર્તનારો અને ઉભય-લોકમાં ગર્હિત (નિંદનીય) એવા પરદારા ગમન, ચોરી આદિનું આસેવન કરનાર અધમાધમ કહેવાય.

૨. **અધમ પુરુષ** :- જે માત્ર આ લોક સંબંધી સુખની પ્રાર્થનામાં તત્પર પરલોકના સુખથી વિમુખ આ ભવ સંબંધી નુકસાન અપમાનાદિના ભયથી અત્યન્ત નિંદ્ય એવા પરદારાસેવનાદિને નથી કરતો. પણ બીજી રીતે તો વિષયસુખોમાં આસકત રહે છે. તે અધમ પુરુષ છે.

૩. **વિમધ્યમ પુરુષ** :- પોતાના સ્થાનમાં (મર્યાદિતપણે) રહી જે ઉભયલોક માટે ઉદ્યમવાળો હોય તે વિમધ્યમ છે. તે આ રીતે → દાન શીયળાદિ તથા સ્વાધ્યાય આદિનું સેવન કરતો સત્કાર, અધિક લાભ, જશ, મિત્રાદિની પ્રાપ્તિ સ્વરૂપ આ ભવ સંબંધી ફળને તેમજ પરલોકમાં મનુષ્ય દેવાદિના ઐશ્વર્યની પ્રાપ્તિને ઝંખે તે વિમધ્યમ પુરૂષ છે.

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨ १. विगर्हित° पा.। २. इह° पा। ३. °माकाङ्क्षन् रा.। T. परि.५ टि.१।

त्तरमार्गप्रतिपन्नो वा देवेन्द्रचक्रवर्तिमहा[1]माण्डलिकाद्यैश्वर्यसमाकृष्टमानसः सौभाग्यादि वा प्रार्थयमानो निदानपरस्तपोविक्रयेण परलोक-सुखमेव प्रधानीकुर्वन् मध्यम इत्यनुमीयते।।४।।

दृष्टानु[2]श्र[3]विके[4]ष्वशुद्ध्यन्तातिशयदर्शनादपरितुष्यन् संसारभयोद्वेगात् सर्वसङ्गत्यागो लोकद्वय-निःश्रेयससुखावह इति मत्वा न पुनर्विषयाभिष्वङ्गे मन आधेयमिति निःश्रेयसावाप्तिप्रधानः सर्वथा पुनर्भवप्रबन्धोच्छित्तये प्रयतितव्यम् इत्येवंपरानुष्ठानः "**कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः**" इति

• *હેમગિરા* •

**મતિવાળા ઉત્તમ પુરૂષો માત્ર મોક્ષ માટે પ્રવર્તનારા હોય છે. ॥ ૫ ॥**

### ❋ નિયાણુ કરનાર મધ્યમ પુરુષ કહેવાય ❋

૪. **મધ્યમ પુરુષ** :- જે જીવ આ લોક સંબંધી સુખથી નિરપેક્ષ થઈ તીર્થાદિનો સદ્‌ભાવથી અભિષેક કરનારો અથવા સૂત્રાર્થનો જ્ઞાતા, તેમજ ઉપવાસ, બ્રહ્મચર્ય, ગુરૂકુળવાસ તથા ભિક્ષાવૃત્તિને યથોચિત સેવનારો હોય છે. આ જીવ પરતીર્થિક અથવા લોકોત્તર જિનશાસનનો સાધુ (મુમુક્ષુ) સમજવો. ટીકામાં લખેલ '**अभिषेचन**' પદનો અર્થ લૌકિકભિક્ષુ માટે 'તીર્થાદિનો અભિષેક કરનાર' કરવો અને લોકોત્તરસાધુ માટે "સૂત્રાર્થનો જ્ઞાતા" અર્થ લેવો. એવો આ મધ્યમ પુરૂષ દેવેન્દ્ર ચક્રવર્તી, મહામાંડલિકના સત્તા ઐશ્વર્યમાં આકૃષ્ટ ચિત્તવાળો હોય છે. અથવા સૌભાગ્યાદિની પ્રાર્થના કરનારો હોય છે અને પરલોકના સુખને પ્રધાન માની, આદરેલા તપ-ત્યાગનું નિયાણુ કરતો, પરલોકના સુખને જ નજર સામે રાખે છે.

૫. **ઉત્તમ પુરુષ** :- દૃષ્ટ સુખોની જેમ અનુશ્રવિક = વેદસંબંધી = વેદમાં કથિત સ્વર્ગાદિ અર્થો = સુખોને વિશે પણ અશુદ્ધિ (હિંસાદિ), અન્ત (ક્ષય, વિનશ્વરતા), ઉતાર-ચઢાવ અસ્થૈર્ય તરતમતા જોઈને અસંતોષ પામતો સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ સંસાર ત્યાગ "સર્વ સંગ-સંબંધનો ત્યાગ" એ જ બન્ને લોકમાં કલ્યાણકારી અને સુખકારી છે. તેવું સમજીને વિષય સુખોમાં ક્યારે પણ મનને લઈ જવું નહીં તેવું માને છે. અને મોક્ષસુખની પ્રાપ્તિને જ પ્રધાન માની તે માટેના શ્રેષ્ઠ અનુષ્ઠાનોમાં તત્પર થઈ ભવપરંપરાના વિચ્છેદ માટે સર્વથા પ્રયત્ન કરે છે. આ પ્રમાણે ઉત્તમ અનુષ્ઠાન માટે તત્પર એવો આ જીવ કર્મ-કલેશનો સર્વથા અભાવ તે જ પરમાર્થ છે, એવુ સમજી પરમાર્થ પ્રાપ્તિને યોગ્ય જે દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક સાધનો છે, તેને સર્વ અતિચારથી રહિત વિશુદ્ધપણે પાળતો "ઉત્તમ પુરુષ" જાણવો. આવો જીવ

---

१. °मण्डलि. रा.। २. दृष्टवदानुश्रविकः स ह्यविशुद्धिक्षयाऽतिशययुक्तः । तद्विपरितः श्रेयान्, व्यक्ताऽव्यक्तज्ञविज्ञानात्।।२।। (सांख्यकारिका) गुरुपाठादनुश्रूयते इत्यनुश्रवो वेदः। एतदुक्तं भवति- श्रुयत एव परं न केनापि क्रियते इति। तत्र भव ... तदेतत् सर्वमभिप्रेत्याह– तद्विपरीतः श्रेयान् व्यक्ताव्यक्तविज्ञानात् इति तस्मात् आनुश्राविकात् दुःखोपघातकोपायात् सोमपानादेरविशुद्ध्यत् अनित्यसातिशयफलात् विपरीतः विशुद्धः हिंसादि-सङकराभावात्, नित्यनिरतिशयफलः असकृत् पुनरावृत्तिश्रुतेः। (सांख्यतत्त्वकौमुदि-पृ.२२/२३) ३. °नुश्राविकेष्टार्थे° पा.। ४. शुद्ध्यतिश° मु.(रा.पा.)।

**यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति। नित्यं स उत्तमेभ्यो-ऽप्युत्तम इति [◆]पूज्यतम एव।।६।।**

तत्प्राप्ति[1]योग्यानि साधनानि सम्यग्दर्शनज्ञानचारित्राणि सर्वातिचारविशुद्ध्या समाचरन् उत्तमोऽनुमीयते, ऐकान्तिकात्यन्तिकनिरतिशया[2]नाबाधनिःश्रेयसफलप्रधानकृतार्थत्वप्रार्थनात् ।।५।।

यः पुनः प्रार्थनीयात्यन्तविशुद्धफलप्राप्तावत्यन्तकृतार्थोऽपि प्रार्थनीयफलाभावात् परनिमित्तोपकारफलनिरपेक्षः सत्त्वानामनुपयाचितनिष्कारणवत्सलः अत्यन्तहितपरः परोपदेशे वर्त्तते निसर्गत एव सोऽत्यन्तशुभतीर्थकरनामकर्मोदयप्रभावात् वक्तव्य एवोपदेश इति तीर्थकृत्त्वस्वभाव्यात् प्रयतते, [3]भास्करप्रकाशनप्रवृत्तिवत्प्रकृष्टतमत्वात् सर्वलोकोत्तमः ततश्च पूज्यानामपि पूज्यतमत्वाद् देवाधिदेव इत्यभिलषितार्थप्रेप्साकृतादरैः स एवातिशयादर्चनीयः।।६।। (३-६) स कः, अर्हन्निति सामान्योक्त

• હેમગિરા •

**<u>કારિકાર્થ</u> :- <u>ઉત્તમોત્તમ</u> → જે ઉત્તમધર્મને પામીને કૃતાર્થ થવા છતાં અન્ય જીવોને સદા ધર્મનો ઉપદેશ કરે છે તે ઉત્તમોત્તમ છે. તેથી જ સર્વાધિક પૂજ્ય (પૂજ્યતમ) કહેવાય.॥૬॥**

એકાંતિક,આત્યંતિક, નિરતિશય અને અનાબાધ એવા મોક્ષ ફળ રૂપ પ્રધાન કૃતાર્થતા = પ્રધાનસિદ્ધિની પ્રાર્થના કરે છે, અર્થાત મોક્ષમાં જ કૃતાર્થતા (સર્વસ્વ) માને છે. તેથી ઉત્તમ છે.

### ❋ તીર્થંકર ત્રૈલોક્ય પૂજ્ય છે ❋

૬. **ઉત્તમોત્તમ પુરૂષ** :- જે વળી પ્રાર્થનીય (ઈષ્ટ) એવા અત્યંત વિશુદ્ધ કેવળજ્ઞાનરૂપ ફળને પ્રાપ્ત કરી અત્યંત કૃતાર્થ છે, અને હવે પછી કોઈપણ ઈષ્ટ (પ્રાર્થનીય) ન હોવાથી પોતાના તરફથી થતા પરોપકારના ફળમાં નિરપેક્ષ વૃત્તિવાળા, જીવો વડે માંગણી ન કરવા છતાં નિસ્વાર્થપણે ઉપકાર કરનાર એવા નિષ્કારણ વત્સલ જે પુરુષ જીવ માત્રના અત્યંત હિતમાં તત્પર થઈ પરોપદેશમાં સ્વભાવથી જ વર્તે છે, તે"ઉત્તમોત્તમ" કહેવાય. અત્યંત શુભ એવા તીર્થંકર નામકર્મના ઉદય (પ્રભાવ)થી ઉપદેશ આપવો જ જોઈએ એમ જાણી તે ઉત્તમોત્તમ (તીર્થંકર) પુરુષ જ તીર્થંકરપણાના સ્વભાવથી ઉપદેશ વિશે પ્રયત્ન કરે (પ્રવર્તે) છે. જેમ સૂર્ય (કોઈપણ પ્રેરણા વિના) સ્વભાવથી જ પ્રકાશક છે. તેમ પ્રભુ તીર્થંકરપણાના સ્વભાવથી જ ઉપકારક થઈ સહુથી વિશિષ્ટ વ્યક્તિત્ત્વને ધારણ કરનાર હોવાથી સર્વલોકમાં ઉત્તમ છે અને તેથી પ્રભુ પૂજ્યોના ય પૂજ્ય છે. દેવોના દેવ છે. અર્થાત દેવાધિદેવ છે. આથી અભિલષિત અર્થ એવા મોક્ષની પ્રાપ્તિમાં આદર ધરાવનારાઓએ વધતી ભક્તિ પૂર્વક તીર્થંકરને પૂજવા, સેવવા જોઈએ. તે ઉત્તમોત્તમ કોણ છે ? એના જવાબમાં માત્ર 'अर्हन्' કહેતાં સામાન્ય અર્હન્ (પૂજ્ય)નુ ગ્રહણ થઈ શકે (તે ન થાઓ) માટે આ 'અર્હત્'ની ૬ઠી કારિકામાં વિશેષતા

१. 'यायोग्यसाध' रा.। २. 'शयाबा' रा.। ३. भास्करे' मु. रा.(खं.पा.)। ◆. इतिः हेत्वर्थे।

**तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके। देवर्षिनरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम्।।७।।**
**अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च। तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम्।।८।।**

विशेषे व्यवस्थाप्यते यावत् "**तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके**।।७।।" स किमर्थं कृपाप्रसाद[1]योरभावादर्थ्यनुग्रहाऽप्रवणः सर्वजगता सेव्यत इति चेत्, प्रक्षीणाशेषरागादि-दोषव्रातस्य प्रसादद्रविणाभावेऽपि तत्सेवातो निःश्रेयसलाभस्य ध्रुवत्वात्, तदाह- "**अभ्यर्चनादर्हतां**, कृतकृत्यस्य प्रयोजनोद्देशाभावादप्रेक्षितकार्यचेष्टानाप्तत्वात् परानुग्रहप्रवृत्तिरेव तर्हि न स्यादिति **चेत्**, **न**, तीर्थकृन्नाम[2]कर्मानु-

• *હેમગિરા* •

**<u>કારિકાર્થ</u> :- તેથી અરિહંત ભગવંતો અન્ય પ્રાણીઓને પૂજ્ય એવા દેવો, ઋષિઓ અને મનુષ્યોના ઈંદ્રો તરફથી પણ પૂજાને યોગ્ય છે. ।।૭।। આ તીર્થંકરની પૂજા સેવાથી મનની પ્રસન્નતા, સમાધિ અને નિશ્રેયસ એવા મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી જ એમની પૂજા યોગ્ય છે. ।।૮।।**

દર્શાવીને ૭મી કારિકામાં 'તેથી આવા અરિહંત જ પૂજાને યોગ્ય છે,' એવો ઉલ્લેખ કર્યો છે.

<u>પ્રશ્ન</u> :- રાગ-દ્વેષથી સર્વથા મુક્ત એવા તીર્થંકરો કૃપા - પ્રસાદાદિ ન કરતા હોવાથી અર્થીજનો પર અનુગ્રહ કરવામાં અસમર્થ છે. છતાં સર્વ જગત વડે કેમ પૂજાય છે ?

<u>જવાબ</u> :- ક્ષીણ થયા છે રાગાદિ દોષોના સમૂહ જેના એવા તીર્થંકર પ્રભુ કૃપા કરવામાં પરાક્રમવાળા ન હોવા છતાં, તેમની સેવાથી કલ્યાણની પ્રાપ્તિ ચોક્કસ થાય જ છે. તેમના અતિશય અને આત્મસામર્થ્ય જ અવ્વલ કોટિના હોવાથી તેમનું સાંનિધ્ય સ્વીકારનાર ભવ્ય સાધક અનંત સુખને વરી જાય છે. (જેમ મનોહર સરોવરનો આશ્રય જ ઉકળાટને દૂર કરી આશ્રિતને શીતળતા પ્રદાન કરે છે, પારસમણિ સ્વઆશ્રિત લોઢાને સ્વર્ણ કરે છે, તેમ આ તીર્થંકરો પણ તેમના આશ્રિતો આરાધકોને અનુગ્રહ રૂપ બને છે. તીર્થંકરોની વાણી કે વ્યવહાર-માત્ર જીવોના હિતને માટે જ હોય છે.) આ પ્રમાણે પ્રભુ પૂજાની ફળશ્રુતિ ૮મી કારિકામાં કહી છે.

### ❋ દુન્યવી દૃષ્ટાંતથી પ્રભુ ઉપકારનું અર્થઘટન ❋

<u>પ્રશ્ન</u> :- જે કૃતકૃત્ય હોય તેઓ કોઈપણ પ્રયોજન કે ઉદ્દેશ વગરના હોવાથી તેમનું કાર્ય પ્રેક્ષા કે વિચાર- વિમર્શ વિનાનું હોય, આથી અનાપ્ત (સજ્જનને અમાન્ય) જ ગણાય. તો પછી એવી અનાપ્ત કાર્યચેષ્ટાથી કઈ રીતે પરના અનુગ્રહની પ્રવૃત્તિ થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે.

<u>જવાબ</u> :- એમ ન કહેવું, કારણકે તીર્થંકર નામ-કર્મના પ્રભાવથી તીર્થંકરો પાસે જગતનું હિત કરવાની સહજ શક્તિ હોય છે. જેમ નિરપેક્ષ-નિસ્વાર્થ પ્રયોજનવાળો સૂર્ય સ્વ-પ્રકાશ વડે જીવલોક ઉપર ઉપકાર કરે છે તેમ તીર્થંકર પ્રભુ જ્ઞાન પ્રકાશ વડે લોકો પર ઉપકાર કરે છે. આ જ વાતને સ્પષ્ટ કરતા ૯મી કારિકા કહી છે—

१. 'प्रसादाभा' भां. खं.। २. 'कृत्त्वनाम' रा.।

***तीर्थप्रवर्तनफलं यत्प्रोक्तं कर्म तीर्थकरनाम। तस्योदयात्कृतार्थो-ऽप्यर्हंस्तीर्थं प्रवर्तयति।।९।।**

**तत्स्वाभाव्यादेव, प्रकाशयति भास्करो यथा लोकम्। तीर्थ-प्रवर्तनाय, प्रवर्तते तीर्थकर एवम्।।१०।।**

भावाज्जगद्धितकारित्वशैल्युपपत्तेः, अनपेक्षितप्रयोजनभास्करप्रकाश[1]नादिवदित्याह- "**तीर्थप्रवर्तनफलं**" **इत्यादि**। अथवाऽनुत्तरपारमर्षज्ञान[2]बुद्धा[3]तिशेषाद्यप्रमेयार्द्धिनिःश्रेयसाभ्युदयार्थगम[4]नमपेक्ष्य कृतार्थत्वविशेषणात् अवश्यवेद्यतीर्थकरनामकर्मवेदनाद्यायुष्कतन्तुबन्धादिक्षपणमात्रकार्[5]यशेषापेक्ष्यमकृतार्थतापि स्याद्वादिनो न दोषायेति।।

**अत्राह**- संसारान्तर्वर्तिजनसामान्यात् तस्येयं कुतोऽनुत्तरगुणसम्पत्, कृतार्थत्वं वा ?, नहीष्टः सः स्वयम्भूरिति, **उच्यते**, अनुभावविशेषजनिततारतम्यकुशलाकुशलप्रपञ्चैः कर्मभिरेवापादितप्रकर्ष-

• *હેમગિરા* •

**<u>કારિકાર્થ</u> :- "તીર્થ પ્રવર્તાવવું એ જે કર્મની 'ફળશ્રુતિ' છે તે કર્મનું નામ શાસ્ત્રમાં તીર્થંકર નામ કર્મ કહેવાયુ છે. આવા તીર્થંકર નામ કર્મના ઉદયથી તીર્થંકરો કૃતાર્થ હોવા છતાં તીર્થ પ્રવર્તાવે છે. ||૯|| સૂર્ય જેમ પોતાના સહજ સ્વભાવથી જ લોકમાં પ્રકાશ પાથરે છે તેમ તીર્થંકર પ્રભુ તેમના ખુદના સ્વભાવથી જ સહજ રીતે જીવ લોકમાં જ્ઞાન પ્રકાશ પાથરી તીર્થ પ્રવર્તાવે છે. ||૧૦||**

### * સ્યાદ્વાદદૃષ્ટિએ પ્રભુ અકૃતાર્થ પણ છે *

અથવા 'કૃતાર્થ' વિશેષણનો અર્થ બીજી રીતે સમજવો → ""પ્રાપ્ત કર્યા છે, સર્વ અર્થ જેને એવા" તે આ રીતે → જેના થકી કોઈ જ્ઞાન કક્ષા ઊંચી નથી તેવા અનુત્તર, પરમકક્ષાવાળા જ્ઞાનને જાણનાર તેમજ પ્રતિહાર્યાદિ અતિશય, અપ્રમેય (અસીમ) ઋદ્ધિવાળા અને પરમ શ્રેયકારી ઉન્નતિના પદને પામનારા આ તીર્થંકરો છે. આ કાર્યની અપેક્ષાએ તે કૃતાર્થ છે અને અવશ્ય વેદવા લાયક એવા તીર્થંકર નામાદિ, વેદનીય, આયુષ્ય, ગોત્ર કર્મ રૂપી તાંતણાઓનું બંધન હજુ ક્ષય કરવું બાકી છે. આ 'ક્ષયકાર્ય'ની અપેક્ષા એ તીર્થંકરો અકૃતાર્થ પણ છે, એમ સ્યાદવાદ્ દૃષ્ટિથી કહેવામાં સ્યાદ્વાદીઓને કોઈ દોષ નથી. આ તીર્થંકર પ્રભુ કઈ રીતે તીર્થ પ્રવર્તન કરે છે તેને દૃષ્ટાંત સાથે સમજાવતા ૧૦મી કારિકા કહી છે.

### * તીર્થંકર પદની પ્રાપ્તિનો સાધનાક્રમ *

<u>પ્રશ્ન</u> :- સંસારમાં વર્તતાં જીવો સામાન્ય કહેવાતાં હોવાથી તેઓમાં આવું વિશિષ્ટ સામર્થ્ય કે અનુત્તર જ્ઞાન કેમ સંભવી શકે ? અથવા તો કૃતાર્થતા કઈ રીતે હોય? આ સામર્થ્ય સ્વયંભૂ એટલે આપમેળે પ્રગટ થયું છે તેમ તો ન કહેવાય ? જો સ્વયંભૂ હોય તો અન્ય જીવોમાં કેમ આ સામર્થ્ય નથી આવતું ?

<u>જવાબ</u> :- પોતાના પ્રભાવ વિશેષથી ઉત્પન્ન કર્યા છે વિભિન્ન કુશળ - અકુશળ (પુણ્ય-પાપ

१. 'शनवदि' रा.। २. चोत्तीसं बुद्धातिसेसा पण्णत्ता तंजहा.. (बुद्धाइसेसपदं समवायाङ्गे-३४ तमपदम्) अतिशेष = अतिशय। ३. 'तिशयाद्य' (खं.रा.)। ४. 'गमपेक्ष्य रा.। ५. 'कार्यविशेषा' रा.। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩

**यः शुभकर्मासेवन-भावितभावो भवेष्वनेकेषु। जज्ञे *ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्रकुलदीपः ।।११।।**
**ज्ञानैः पूर्वाधिगतै-रप्रतिपतितैर्मतिश्रुतावधिभिः। त्रिभिरपि शुद्धैर्युक्तः, शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः ।।१२।।**
**शुभसार-सत्त्व-संहनन-वीर्य-माहात्म्य-रूप-गुणयुक्तः। जगति महावीर इति, त्रिदशैर्गुणतः कृताभिख्यः ।।१३।।**
**स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः। अभिनन्दितशुभसत्त्वः, *सेन्द्रैर्लोकान्तिकैर्देवैः ।।१४।।**

निकर्षभेदवैश्वरूप्यो जीवलोको दृष्टो, नहि कर्मणामलङ्घ्यमस्तीति, अतोऽनेकजन्मान्तराभ्यासात् तीर्थकृत्त्वाभिनिर्वर्तिकाभिः दर्शन-तपोयोगाद्युत्तमविशुद्धाभिर्भावनाभिरुपचित-स्फा[१]तीकृतपरमप्रकृष्टपुण्य[२]-सम्भारातिशयाद्दोषाणामत्यन्तव्यावृत्तेः अनर्घ्यगुणरत्नमहानिधानं परमेश्वरत्वमुपपन्नं भगवत इत्याह "**यः शुभकर्मासेवन** इत्यादि यावत् "**कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम्। पूज्यतमाय**

• *હેમગિરા* •

<u>કારિકાર્થ</u> :- **અનેક ભવોમાં (અહિંસા સત્યાદિ) શુભ કાર્યોના આસેવનથી ભાવિત બન્યો છે આત્મા જેનો એવા સિદ્ધાર્થરાજાના કુળદીપક (શ્રી વીર પ્રભુ) ઈક્ષ્વાકુવંશની જ્ઞાત શાખામાં જન્મ્યા હતાં. ॥૧૧॥ જેમ ચંદ્રમામાં શુદ્ધ એવા શીતળતા, પ્રકાશ અને તેજ એ ત્રણ હોય, તેમ પૂર્વના દેવભવથી જ અપ્રતિપાતિ અને શુદ્ધ એવા મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન ગર્ભાવસ્થાથી જ (ભગવાનને) હતાં ॥૧૨॥ હિતકારી એવા બળ, સત્ત્વ, સંઘયણ, વીર્ય = ઉત્સાહ, માહાત્મ્ય, રૂપ, અને દાક્ષિણ્યાદિ ગુણોવાળા હોવાથી જગતમાં મહાવીર એવું જેમનું યથાર્થ નામ દેવોએ પ્રસિદ્ધ કર્યુ હતું ॥૧૩॥ એવા પ્રભુ વીર જાતે જ તત્ત્વબોધ પામનારા, જીવમાત્રના હિત માટે ઉદ્યમવંત અને નિશ્ચલ એવા સત્ત્વવાળા હતા; તેથી ઈન્દ્રોએ અને લોકાન્તિક દેવોએ તેઓના આ સુંદર પરાક્રમની ઘણી જ પ્રશંસા કરી હતી. ॥૧૪॥**

સંબંધી) પ્રપંચો જેને એવા કર્મો વડે રચાયેલ ઉંચ-નીચ (ઉત્થાન- પતન, સર્જન- વિસર્જન, વિકાસ- વિનાશ, સંયોગ- વિયોગ)ના ભેદવાળુ આ વિશ્વનું વિચિત્ર સ્વરૂપ પ્રત્યક્ષ દેખાય જ છે. આશય એ છે કે કર્મો સ્વભાવે જ સંસારમાં અનેક વૈચિત્ર્ય પ્રસંગો ઊભા કરે છે. કર્મને કાંઈ જ અલંઘ્ય નથી. અર્થાત્ સંસારના સર્વ કાર્યક્ષેત્રમાં પ્રાયઃ તે સક્ષમ છે. પ્રસ્તુતમાં પણ અનેક જન્મોના શુભ અભ્યાસથી તીર્થંકરપણાના નિવર્તક (નિર્માપક) એવા સમ્યગ્દર્શન, તપ, સંયમાદિ યોગો તેમજ વિશુદ્ધ ભાવનાઓથી સંચિત થયેલ અત્યંત નિર્મળ પરમ પ્રકૃષ્ટ (પુણ્યાનુબંધી) પુણ્ય સમૂહના અતિશયના પ્રભાવે દોષોની અત્યંત નિવૃતિ થઈ જવાથી તીર્થંકર ભગવાનને અમૂલ્ય ગુણ-રત્નોનું મહાનિધાન એવું પરમેશ્વર (તીર્થંકર)પણું પ્રાપ્ત થાય છે. આશય એ છે કે મૈત્ર્યાદિ ભાવપૂર્વકના સંયમને આદરી ઉત્તમ આત્મા આ તીર્થંકર લક્ષ્મીને સિદ્ધ કરી શકે છે. તે જ વાતને ૧૧મી કારિકાથી માંડી ૨૧મી કારિકા સુધી કહી છે.

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪,૫. १. स्वाति रा.। २. पुण्यपुण्यसम्भा प्रा.।

**जन्म-जरा-मरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम्। स्फीतमपहाय राज्यं, शमाय धीमान् प्रवव्राज।।१५।।**
**प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकं श्रमणलिङ्गम्। *कृतसामायिककर्मा, व्रतानि विधिवत्समारोप्य।।१६।।**
***सम्यक्त्व-ज्ञान-चारित्र-संवर-तपः-समाधि-बलयुक्तः। मोहादीनि निहत्याऽशुभानि चत्वारि कर्माणि।।१७।।**
**केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञान-दर्शनमनन्तम्। लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम्।।१८।।**
***द्विविधमनेकद्वादश-विधं महाविषयममितगमयुक्तम्। संसारार्णवपारगमनाय दुःखक्षयायालम्।।१९।।**
**ग्रन्थार्थवचनपटुभिः, प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः. अनभिभवनीयमन्यै-र्भास्कर इव सर्वतेजोभिः।।२०।।**
**कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम्। पूज्यतमाय भगवते, वीराय विलीनमोहाय।।२१।।**

**भगवते, वीराय विलीनमोहाय"** अतोऽपरिमेयानुत्तरानन्तगुणस्वार्थसम्पद्युक्तः सद्धर्मतीर्थस्यास्य प्रणायको भगवान् जगत्परमेश्वरः प्रत्यासन्नोऽस्मत्परमवान्धवो महावीरोऽभिप्रणम्य इत्यस्यैव नमस्कारः इत्येवं

• હેમગિરા •

બુદ્ધિશાળી એવા આ વીર પ્રભુએ જન્મ-વૃદ્ધાવસ્થા અને મરણથી પીડાતા સંસારને અશરણ અને અસાર જાણીને (જોઈને) વિશાળ રાજ્યનો ત્યાગ કરી, શમસુખના માટે પ્રવ્રજિત થયા. ॥૧૫॥ અશુભકર્મના નાશક તથા મોક્ષ પ્રાપક એવા સાધુવેષને ગ્રહણ કરી સર્વવિરતિ સામાયિકનો સ્વીકાર કરી વિધિપૂર્વક વ્રત આદરી, ॥૧૬॥ ત્યાર બાદ સમ્યકત્વ, જ્ઞાન, ચારિત્ર, સંવર, તપ અને સમાધિના બળથી યુકત એવા પ્રભુએ મોહનીય વિગેરે ચાર અશુભ (ઘાતી) કર્મનો નાશ કરીને.

અનંત કેવળ જ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કરી તે વિભુ (સર્વજ્ઞ) પરમાત્મા પોતે કૃતાર્થ થયાં છતાં પણ લોકોના હિત માટે પ્રવચનનો ઉપદેશ આપ્યો. (તીર્થ સ્થાપ્યું.) ॥૧૭-૧૮॥

આ પ્રવચનના વિશેષણો → અંગબાહ્ય, અંગ પ્રવિષ્ટ એમ બે પ્રકારનું આ પ્રવચન છે. તેમાં અંગ બાહ્ય અનેક પ્રકારનું અને અંગ પ્રવિષ્ટ બાર પ્રકારનું છે, વળી આ પ્રવચન મહાવિષયોવાળું અને અમાપ્ય ગમ (આલાવાઓ)થી ભરપૂર, સંસાર સમુદ્રથી પાર કરવા અને દુ:ખનો નાશ કરવાને સમર્થ, બીજા મણિ આદિ સર્વ પ્રકાશ જેમ સૂર્યને ઝાંખો પાડી શકતા નથી તેમ ગ્રંથો અને અર્થની વાચનાઓમાં ચતુર અને સતત પ્રયત્નશીલ એવા બુદ્ધિશાળી અન્યવાદીઓથી પણ જે પરાભવ પામનારુ નથી. એવા પ્રવચન તીર્થનો તેમણે ઉપદેશ આપ્યો ॥૧૯-૨૦॥

તેવા અત્યંત પૂજ્ય, વિનાશ થયો છે મોહ જેમનો એવા પરમર્ષિ શ્રી વીર પ્રભુને મન, વચન, કાયાની ત્રિકરણ શુદ્ધિ પૂર્વક (હું) નમસ્કાર કરુ છું ॥૨૧॥

### ❋ મંગલ-સંબંધની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- કારિકામાં મંગલ તરીકે પ્રભુ મહાવીરને જ કેમ નમસ્કાર કર્યો ?

<u>જવાબ</u> :- અપરિમિત, અનુત્તર અને અનંત ગુણ રૂપ આત્મ- સંપત્તિ યુકત તેમજ આ સમ્યગ્ ધર્મતીર્થના પ્રણેતા એવા જગત્પતિ ભગવાન મહાવીર જે અતિ નજીકના અમારા પરમ (હિતકારી)

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.-૬,૭,૮.

**तत्त्वार्थाधिगमाख्यं, बह्वर्थं संग्रहं लघुग्रन्थम्। वक्ष्यामि शिष्यहितमिममर्हद्वचनैकदेशस्य।।२२।।**
**महतोऽतिमहाविषयस्य दुर्गमग्रन्थभाष्यपारस्य। कः शक्तः प्रत्यासं, जिनवचनमहोदधेः कर्तुम्।।२३।।**

नमस्कारभावमङ्गलपुरस्सरत्वं तत्त्वार्थाधिगमसङ्ग्रहस्याविष्कृतम्। शुद्धिश्च यथोक्तमौनीन्द्रप्रवचनानपेतत्वादिति (११-२१)।। इदानीं सङ्ग्रहविवक्षाप्रयोजनमाह- "**वक्ष्यामि शिष्यहितमिमं**" इति।।।२२।।

कथं "**बह्वर्थं सङ्ग्रहं लघुग्रन्थं**" इति वचनात्, कालानुभावादल्पसामर्थ्या भव्याः कथं नामाऽल्पीयसा वाक्प्रबन्धेन महतोऽर्थराशेरधिगन्तारः स्युरिति। **स्यान्मतं**[१] किमयं कृत्स्नस्य प्रवचनस्य सङ्ग्रह उत तदेकदेशस्येति, एकदेशसङ्ग्रहोऽयमित्याह- "**अर्हद्वचनैकदेशस्य**" ऐदंयुगीनभव्यलोकानुग्रहमभिसन्धाय किमर्थं पुनः समस्तश्रुतसङ्ग्रहादर एव न कृत इति **चेत्** कृत्स्नश्रुतार्णवसङ्ग्रहकरणाशक्यत्वादर्थ्यमपि

• *હેમગિરા* •

<u>કારિકાર્થ</u> :- **જિનપ્રવચનના એકદેશ(ભાગ)ના સંગ્રહ રૂપે ઘણા અર્થવાળો આ તત્ત્વાર્થાધિગમ નામનો લઘુગ્રંથ શિષ્યના હિત માટે હું કહીશ. ॥ ૨૨ ॥**

**ગ્રંથ અને ભાષ્ય વડે જેનો તાગ મેળવવો દુષ્કર છે એવા આ અત્યંત મહાવિષયવાળા જિન પ્રવચન રૂપી મોટા દરિયાનો તાગ (પાર) મેળવવા કોણ સમર્થ છે ? અર્થાત્ આ પ્રવચન અતિ ગહન હોવાથી આનો સંપૂર્ણ સંગ્રહ અશક્ય છે ॥૨૩ ॥**

બાંધવ છે, તેથી પ્રભુ વીરને નમસ્કાર કરેલ છે.

આ પ્રમાણે નમસ્કાર રૂપી ભાવમંગલ પૂર્વક તત્ત્વાર્થાધિગમ સૂત્રનું નિર્માણ કરવામાં આવેલ છે. વળી જિનેશ્વર પ્રભુના પ્રવચનથી સર્વાંગે સંકળાયેલ હોવાથી આ ગ્રંથમાં કોઈ અશુદ્ધિને સ્થાન નથી. આ રીતે શાસ્ત્ર-શુદ્ધિ પણ કહેવાઈ ગઈ.

### ❋ પ્રયોજન-વિષય-અધિકારી ❋

આ ગ્રંથને વિસ્તાર પૂર્વક ન રચતા સંગ્રહ સ્વરૂપે રચવાનું શું પ્રયોજન છે, એ પ્રયોજનને ૨૨મી કારિકામાં 'શિષ્યના હિતને કહીશ' ઈત્યાદિ પદોથી કહ્યું છે. ભાવાર્થ એ છે કે હુંડા અવસર્પિણિ કાળના પ્રભાવે અલ્પ સામર્થ્યવાળા ભવ્ય જીવો કઈ રીતે ટૂંકા પ્રબંધ (રચના) વડે પણ અધિકાધિક જિનમતના અર્થને જાણે તે આશયથી આ સંગ્રહ ગ્રંથ બનાવ્યો છે.

<u>પ્રશ્ન</u> :- માની લીધું કે આ પ્રયોજનથી સંગ્રહ ગ્રંથ કર્યો છે, પણ શું આ સંગ્રહ ગ્રંથ સમગ્ર જિન પ્રવચનના સંગ્રહ રૂપે છે કે પ્રવચનના એક અંશના સંગ્રહ રૂપ છે ?

<u>જવાબ</u> :- આનું સમાધાન ૨૨મી કારિકાના છેલ્લા પદમાં '**अर्हद्वचनैकदेशस्य**'થી જણાવી દીધું છે કે અર્હદ્ પ્રવચનના એક દેશના સંગ્રહ રૂપે આ ગ્રંથ છે.

<u>પ્રશ્ન</u> :- આ કલિકાલમાં રહેલ ભવ્ય લોકોના અનુગ્રહને ધ્યાનમાં લઈ કેમ સમગ્ર શ્રુત (પ્રવચન)નો સંગ્રહ નથી કર્યો?

१. °मन्ता रा.।

**शिरसा गिरिं बिभित्से-दुच्चिक्षिप्सेच्च स क्षितिं दोर्भ्याम्। प्रतीतीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण।।२४।।**
**व्योम्नीन्दुं *चिक्रमिषेन् मेरुगिरिं पाणिना चिकम्पयिषेत्। गत्यानिलं जिगीषे-च्चरमसमुद्रं पिपासेच्च।।२५।।**
**खद्योतकप्रभाभिः, सोऽभिबुभूषेच्च भास्करं मोहात्। योऽतिमहाग्रन्थार्थं, जिनवचनं संजिघृक्षेच्च।।२६।।**

हि नैवाशक्यमारभ्यते इत्यशक्यताप्रतिपादनार्थमाह- "**शिरसा**" इत्यादि स्याद्बुद्धिर्जिनवचनैकदेशसङ्ग्रहत्वात् शिष्यहितप्रतिज्ञा वितथा स्यात्, सर्वजगत्स्वभावनिर्णयात् हिताहितप्राप्ति-परिहारार्थिनामनुग्रहः स्यात्, सकलजगत्तत्त्वं च समस्तश्रुतौघप्रतिपाद्यमिति। **उच्यते**, नायं नियमः श्रुतार्णवस्य पारंगतवत[1] एव श्रेयः प्राप्तिरिति, किन्त्वेतदपि दृष्टं प्रवचने धर्मस्यैकस्यापि पदस्योपयोगः संसारनिर्वाहकः किमङ्गपुनरेवंविधार्थविस्तारविषयस्येति, तस्मात् सङ्क्षेपाद् विस्तराच्च[2] जिनवचनं श्रेयस्कर-

• હેમગિરા •

**<u>કારિકાર્થ</u> :- જે વ્યક્તિ મસ્તક વડે પર્વતને ભેદવા, બે હાથ વડે પૃથ્વીને ઉછાળવા, બે હાથથી સમુદ્રને તરવા તેમ જ સમુદ્રને દાભની અણીથી માપવા ઈચ્છે તથા આકાશમાં રહેલ ચંદ્રને ઓળંગવા, મેરૂપર્વતને એક હાથ વડે કંપાવવા, પોતાની ગતિ વડે પવનને જીતવા અને અંતિમ (સ્વયંભૂરમણ) સમુદ્રને પીવા ઈચ્છે તેમજ સૂર્યના તેજનો આગીયા (જીવડા)ના ઝાંખા તેજ વડે પરાભવ કરવા ઈચ્છે તે આ મોહથી અભિભૂત જીવ અતિ મહા સૂત્ર અને અર્થ રૂપ જિનવચનનો સંગ્રહ કરવા ઈચ્છે. (ભાવાર્થ એ છે કે સમગ્ર જિન પ્રવચનનો સંગ્રહ અશક્ય પ્રાયઃ છે) ॥ ૨૪-૨૫-૨૬ ॥**

<u>જવાબ</u> :- સમસ્ત શ્રુતનો સંગ્રહ કરવો તે અશક્ય છે. તેથી ઈષ્ટ હોવા છતાં અશક્ય એવા અર્થ સંગ્રહરૂપ ગ્રંથને કોઈ આરંભે નહીં. આવી અશક્યતાને દર્શાવતા ૨૩થી ૨૬મી કારિકામાં ઉપમા પૂર્વક ખુલાસો આપેલ છે.

### ❋ પ્રવચન સંગ્રહની અશક્યતા ❋

<u>પ્રશ્ન</u> :- વાત સાચી કે સમગ્ર પ્રવચન સંગ્રહ અશક્ય છે પણ જિનેશ્વરના પ્રવચનનો એક દેશ સંગ્રહ જ જો થાય તો શિષ્ય માટે ગ્રંથકારે કરેલી હિતની પ્રતિજ્ઞા વિતથ (મિથ્યા) થશે. કારણકે જગતના સર્વ ભાવોના નિર્ણય થયા બાદ જ અહિતના પરિહાર અને હિતની પ્રાપ્તિના અર્થી જીવોનો અનુગ્રહ થઈ શકે, એ સિવાય નહીં, અને જગતના સર્વ તત્ત્વોનો નિર્ણય સમસ્ત શ્રુતની વ્યાખ્યાના માધ્યમથી જ થઈ શકે, તેથી સમસ્ત શ્રુતનો બોધ જરૂરી છે.

<u>જવાબ</u> :- એવો કોઈ નિયમ નથી કે સમસ્ત શ્રુત-દરિયાને પાર પામનાર જ શ્રેયની પ્રાપ્તિ કરે, પરંતુ શાસ્ત્રોમાં, શાસનમાં એવું પણ દેખાય (સંભળાય) છે કે ધર્મતત્ત્વના એક પદમાં વર્તતો શુદ્ધ ઉપયોગ પણ સંસારથી પાર પમાડનાર છે. સકળ ધર્મતત્ત્વની તો શું વાત કરવી ? તેથી સંક્ષેપ અને વિસ્તાર બન્ને રીતથી જિનવચન કલ્યાણનું અંગ બને છે. આ વાત ૨૭-૨૮ કારિકામાં કહી છે.

१. पारंगत एव रा.। २. विस्तारा भां। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.-૯.

**एकमपि तु जिनवचना-द्यस्मान्निर्वाहकं पदं भवति। श्रूयन्ते चानन्ताः, सामायिकमात्रपदसिद्धाः।।२७।।**
**तस्मात्तत्प्रमाण्यात्, समासतो व्यासतश्च जिनवचनम्। श्रेय इति निर्विचारं, ग्राह्यं धार्यं च वाच्यं च।।२८।।**

मिति। तदाह "**एकमपि तु जिनवचनाद्**" इत्यादि यावत् "**ग्राह्यं धार्यं च वाच्यं च**" (२७-२८)

किञ्च जिनमतानभिज्ञस्य परस्येदं **नोद्यं**-लोकानुग्रहासम्पादनाद्व्यर्थ[1] एकदेशसङ्ग्रह इति, **कथं**? संसारदुःखार्त्तसत्त्वाऽनुकम्पाद्रवीकृतात्मा परानुग्रहप्रवणो विधिप्रवृत्तोऽसम्पादितपरोपकारोऽपि तत्प्रयोग-शुद्धित एव स्वयं तावन्निःश्रेयसभाग् भवतीति नियमादस्माकं यतिधर्मो देशनीयः सद्धर्म इति हेतोः। प्रोक्तं हि भगवद्भिः[2]- "**से उट्ठिएसु अणुट्ठिएसु वा सुस्सुसमाणेसु पवेयए अज्जवयं**" इत्यादि यावत् "**बुज्झमाणाणं जहा से दीवे असंदीणे एवं सरणं भवइ महामुणी**" (आचाराङ्गसूत्र-

• હેમગિરા •

**<u>કારિકાર્થ</u> :- જિનવચનોમાંનું એક પણ વચન મોક્ષને આપનારું જ બને છે. કેમ કે શાસ્ત્રમાં એવું સંભળાય છે કે 'સામાયિક' પદમાત્રને ભાવથી ધારીને અનન્ત જીવો સિદ્ધ થયા છે. તેથી અને તે પ્રમાણથી જિનકથિત દરેક પદો ટૂંકથી કે વિસ્તારથી હિતકારી જ છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તેથી આ જિનમતના એક પદને પણ ઉપયોગ પૂર્વક આદરવું (ગ્રહણ કરવું) ધારણ કરવું અને અવસરે આનો ઉપદેશ આપવો જોઈએ. ।।૨૭-૨૮।।**

## ❋ ધર્મોપદેશક અસંદીણદ્વીપ સરખા હોય ❋

આ સાંભળી કોઈ જિનમતનો અજાણ એમ કહે છે કે– માની લો કે ઉપદેશ આપવા છતાં લોકનો અનુગ્રહ જ ન થાય તો પછી આ વ્યર્થ એકદેશનો સંગ્રહ શા માટે કરો છો ?

<u>જવાબ</u> :- સંસારના દુઃખોથી પીડાયેલ જીવોની અનુકંપાથી દ્રવી ઉઠ્યો છે આત્મા જેનો એવા પરના અનુગ્રહમાં તત્પર ચતુર પુરૂષને વિધિપૂર્વક પ્રવર્તવા છતાં પણ જો પરોપકાર સંપાદન થાય નહીં તો પણ તે જિન પ્રવચનના શુદ્ધિ અને કાળજી પૂર્વકના વ્યાખ્યાનથી તે ઉપદેશકને કલ્યાણની પ્રાપ્તિ થાય જ છે. તેથી અમારે યતિજનોએ યોગ્ય પાત્રને જે ધર્મ સત્ય છે એવો યતિ ધર્મ ઉપદેશવો જ જોઈએ.આગમમાંય કહ્યું છે કે "રાગદ્વેષ રહિત પણે મુનિએ અભિલાષા કે શુશ્રુષા = સાંભળવાની જિજ્ઞાસાવાળા શિષ્યને કે શ્રાવકને શાન્તિ, વિરતિ, ઉપશમ, મુક્તિ અને તેના ઉપાયો, તેમજ પવિત્રતા, સરળતા, કોમળતા, નિષ્પરિગ્રહિતા, આદિનો ઉપદેશ આગમ-મર્યાદા ઓળંગ્યા વગર આપવો જોઈએ. આ બોધ સર્વજીવો = પ્રાણીઓ = સત્વોને યતિ આપે. સાધુ કે ગૃહસ્થ મુમુક્ષુની ભૂમિકાનો વિચાર કરી તદનુરૂપ ધર્મ એ રીતે કહેવો કે જેથી સ્વ આત્મા (દર્શન જ્ઞાન ચારિત્ર)ની

१. नाद्व्यर्थं रा.। २. उट्ठिएसु वा अणुट्ठिएसु वा सुस्सूसमाणेसु पवेयए संतिं विरइं उवसमं निव्वाणं सोयं अज्जवियं मद्दवियं लाघवियं अणइवत्तियं सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं सत्ताणं सव्वेसिं जीवाणं अणुवीइ भिक्खू धम्ममाइक्खिज्जा।१९४। अणुवीइ भिक्खू धम्ममाइक्खमाणे नो अत्ताणं आसाइज्जा नो परं आसाइज्जा, नो अण्णाइं पाणाइं भूयाइं जीवाइं सत्ताइं आसाइज्जा से अणासायाए, अणासायमाणे बुज्झमाणाणं पाणाणं भूयाणं जीवाणं सत्ताणं जहा से दीवे असंदीणे एवं से भवइ सरणं महामुणी।१९५। (आचाराङ्गसूत्र १/६/५/१९४-१९५)

[1]**न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात्। ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति।।२९।।**
**श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम्। आत्मानं च परं च हि, हितोपदेष्टानुगृह्णाति[2]।।३०।।**
[3]*****नर्ते च मोक्षमार्गा-द्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन्। तस्मात् परमिममेवेति मोक्षमार्गं *प्रवक्ष्यामि।।३१।।**

- १/६/५/१९४-१९५)। तथा

"**भवसयसहस्समहणो, विबोहओ भविय पुंडरीयाणं। धम्मो जिणपन्नत्तो, पकप्पजइणा कहेयव्वो।।**"
(**बृहत्कल्पभाष्य-गा-११३५**) इति, तदाह- "**न भवति धर्मः**" इत्यादि।

।।इति स्वोपज्ञभाष्यसम्बन्धकारिकाः श्रीसिद्धसेनगणिकृतटीकासमेताः समाप्ताः।।

• *હેમગિરા* •

**<u>કારિકાર્થ</u> :- હિતકારી વચનો સાંભળવાથી દરેક શ્રોતાને એકાન્તે ધર્મ થાય જ તેવું નથી પરન્તુ ઉપકાર બુદ્ધિથી સંભળાવનાર વક્તાને તો એકાન્તે ધર્મ થાય જ. ॥૨૯॥ માટે પોતાના પરિશ્રમનો જરાય વિચાર કર્યા વિના શ્રેયઃકારી ઉપદેશ હમેશા આપવો જ જોઈએ કારણ કે હિતોપદેશ કરનારો સ્વ અને પરનો અનુગ્રહ-કર્તા થાય જ છે. ॥૩૦॥ આ સમસ્ત જગતમાં મોક્ષમાર્ગના ઉપદેશથી અન્ય કોઈ હિતોપદેશ નથી. તેથી શ્રેષ્ઠ એવા મોક્ષમાર્ગને હું કહીશ. ॥૩૧॥**

અથવા પર એટલે કે સાંભળનારની આશાતના ન થાય. તેમજ અન્ય પણ કોઈ જીવ પ્રાણીની આશાતના ન થાય તે રીતે સાધુએ ઉપદેશ આપવો. જેમ **અસંદીણ** નામનો દ્વીપ ભરદરીયામાં રહેલો ત્યાંના પાણીથી ઢંકાતો નથી અને ડૂબતા જીવોને આશ્રયભૂત બને છે. તે દ્વીપની ઉપમાવાળા આ સાધુએ જીવ માત્રને શરણભૂત આશ્રય રૂપ બનવું." (આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધ અ૦ ૧ ઉ૦ ૫ સૂત્ર ૧૯૪-૧૯૫)

**❀ ધર્મોપદેશક કેવા હોય ? ❀**

લાખોભવની પરંપરાનો નાશ કરનાર, ભવ્યજીવો રૂપી કમળને વિકસિત (જાગૃત) કરનાર એવા જિનદેશિત ધર્મને આચારપ્રકલ્પ = નિશિથસૂત્રના જ્ઞાતા એવા આચારવંત યતિજનોએ કહેવો જોઈએ, આના સંદર્ભમાં ઉમાસ્વાતિજી ભગવંતે ૨૯-૩૦-૩૧ કારિકા કહી છે.

આ પ્રમાણે સ્વોપજ્ઞભાષ્યસંબંધકારિકા અંગે શ્રી સિદ્ધસેનગણિકૃત ટીકા સંપૂર્ણ થઈ.

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.-૧૦,૧૧ १. अबोधेऽपि फलं प्रोक्तं, श्रोतॄणां मुनिसत्तमैः। कथकस्य विधानेन नियमाच्छुद्धचेतसः।।
२. हितोपदेष्टा-अपवर्गसाधनकथकः सत्त्वः, अनुगृह्णाति, उभयोर्निःश्रेयसगुणसिद्धेरिति, अनेन पूर्वोक्तं प्रयोजनादि समर्थितमिति।। तत्त्वार्थाधिगमसङ्ग्रहाभिधानेन शिष्यानुग्रहः शास्त्रकर्तुः प्रयोजनं, इदं चानन्तरप्रयोजनं, परम्पराप्रयोजनं तु मुक्तिरेव, तज्ज्ञानतो वैराग्यादिभावेन मुक्तिसिद्धेरिति, उक्तं च- "मोक्षमार्गोपदेशेन, यः सत्त्वानामनुग्रहम्। करोति दुखतप्तानां, स प्राप्नोत्यचिरात् शिवम्।।१।।" इति, श्रोतॄणां त्वनन्तरप्रयोजनं तत्त्वार्थज्ञानं, श्रवणप्रतिबोधानन्तरं तस्यैव भावात्, परम्पराप्रयोजनं तु मुक्तिरेव, तज्ज्ञानतो वैराग्यादिभावेन मुक्तिसिद्धेरिति, उक्तं च - "*मोक्षमार्गपरिज्ञानाद्विरक्ता भवतो जनाः। क्रियासक्ता ह्यविघ्नेन, गच्छंति परमां गतिम्।।१।।*" इति (हारिभद्रीय तत्त्वार्थ टीका पृ.१३) T. परि.५ टि.२। ३. नोपकारो जगत्यस्मिं-स्तादृशो विद्यते क्वचित्। यादृशी दुःखविच्छेदा-देहीनां धर्मदेशना।। इत्यादिसंवादिशास्त्रवचनमप्यत्रविभावनीयम्।

## प्रथमोऽध्यायः प्रारभ्यते।

## सूत्रम्- सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।।१-१।।

**टीका**- हितोपदेशे च कर्तव्ये निःश्रेयसावाप्त्युपायोपदेशात् नान्यः कश्चिद्धितोपदेश इत्युक्तम्- इदमाद्यमनवद्यं मुक्तिपथोपदेशसूत्रं सकलतत्त्वार्थशास्त्राभिधेयमुररीकृत्य प्रावृतत्, द्वादशाङ्गप्रवचनार्थसङ्ग्राहिसामायिकसूत्रवत्। यत इह हि शास्त्रे प्रसङ्गानुप्रसङ्गतस्त्रय एव पदार्थाः सम्यग्दर्शनादयो विमुक्तेः कारणत्वेन निरूप्यन्ते।

**अथ** कस्मात् हेतव एव मोक्षस्य कथ्यन्ते ? न पुनः स एव प्रधानत्वादादौ प्रदर्श्यत इति। **उच्यते**- कारणायत्तजन्मत्वात् कार्याणां कारणमेवोपाददते प्राक् प्रेक्षापूर्वकारिणः। अथवा सत्यमसौ प्रधानः तथापि तु तत्र प्रायो वादिनां नास्ति विप्रतिपत्तिः। यद्यपि भावाभावादिरूपेणास्ति विगानं, तथाऽप्यस्ति तावन् मोक्ष इत्यनादृत्य भावादिरूपतां तद्धेतुषु प्रायो विसंवाद इति मन्यमानः परपरिकल्पितांश्चाहेतूनेव मुक्तेः पश्यन् सम्यग्दर्शनादित्रयमेवोपन्यस्तवान्।

● *હેમગિરા* ●

**<u>સૂત્રાર્થ</u> :- સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે.II૧-૧II**

<u>ટીકાર્થ</u> :- **અવતરણિકા** :- હિતોપદેશ કરવામાં પરમ સુખ પ્રાપ્તિના ઉપાયોના ઉપદેશને છોડી બીજો કોઈ ઊંચો હિતોપદેશ નથી. તેથી પ્રારંભમાં મુક્તિ માર્ગને ઉપદેશનારું આ પ્રથમ નિરવદ્ય = અવ્યભિચારી = નિર્દોષ સૂત્ર સમગ્ર તત્ત્વાર્થ શાસ્ત્રના વિષયોને આશ્રયી બનાવવામાં આવ્યું છે. જેમ દ્વાદશાંગીરૂપ પ્રવચનના સમગ્ર અર્થનું સારભૂત સંગ્રહ સૂત્ર સામાયિક (કરેમિ ભંતે) સૂત્ર છે, તેમ આ પણ સૂત્ર પ્રસ્તુત ગ્રંથનું સારભૂત સૂત્ર છે. કારણ કે આ જ ગ્રંથમાં પ્રસંગે પ્રસંગે સમ્યગ્દર્શનાદિ ત્રણ જ પદાર્થો મુક્તિના કારણ તરીકે નિરૂપણ કરાય છે.

### ❋ પ્રથમ મુક્તિના ઉપાયનો ઉપદેશ ❋

<u>શંકા</u> :- શા માટે મુક્તિના કારણો જ પ્રથમ નિરૂપણ કરાય છે ? પ્રધાન (લક્ષ્ય) તો મુક્તિ છે, તો તેનું જ નિરૂપણ પ્રારંભમાં કેમ ન કર્યું ?

<u>સમાધાન</u> :- કાર્ય ક્યારે પણ કારણને આધીન હોય છે. તે તે કારણોથી જ કાર્યનો જન્મ થતો હોવાથી ચતુર પુરુષો કારણનું નિરૂપણ પ્રથમ કરતા હોય છે. અથવા તો મોક્ષ એ પ્રધાન છે, એ વાત સત્ય છે પરંતુ અન્ય ધર્મીઓને = વાદીઓને પ્રાયઃ એ મોક્ષ અંગે વિરોધ નથી, જો કે મોક્ષ એ ભાવાત્મક છે કે અભાવાત્મક છે તે અંગે વિરૂદ્ધ માન્યતાઓ જરૂર છે છતાં એક નહીં તો બીજા સ્વરૂપે મોક્ષની માન્યતા તો છે જ. પરંતુ જે વિસંવાદ છે તે 'મોક્ષના હેતુ' = ઉપાય અંગે છે. એ બાબતને ધ્યાનમાં લઈ પરતીર્થીકોએ કલ્પેલા મુક્તિના હેતુ એ અહેતુ જ છે એવું દર્શાવતાં ગ્રંથકારશ્રીએ સમ્યગ્દર્શનાદિ ત્રણ ઉપાયોનો જ ઉપન્યાસ સર્વ પ્રથમ કર્યો.

**भाष्य- *सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमित्येष त्रिविधो मोक्षमार्गः।**

अत्र चावधारणमवश्यं दृश्यं, सम्यग्दर्शनादीन्येव मोक्षमार्गे इति। अनवधारणे हि सति अन्यस्यापि मुक्तिपथस्य सद्भावादनर्थकमेवोपदेशदानं स्यात्, तेनैव सिद्धत्वादिति। सम्यक्शब्दश्च दर्शनशब्दसन्निधौ श्रूयते अतस्तेनैव सहास्याभिसम्बन्धो न ज्ञान-चारित्राभ्यामिति कश्चिदाशङ्केत, अतस्तन्निवारणायाह भाष्यकारः–

**सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यग्चारित्रमि**ति अर्हदभिहिताशेषद्रव्य-पर्यायप्रपञ्चविषया तदुपघाति-मिथ्यादर्शनाद्यनन्तानुबन्धिकषायक्षयादिप्रादुर्भूता रुचिर्जीवस्यैव सम्यग्दर्शनमुच्यते, सम्यग्ज्ञानं तु लक्ष्य-लक्षणव्यवहाराव्यभिचारात्मकं ज्ञानावरणकर्मक्षय-क्षयोपशमसमुत्थं मत्यादिभेदं, सम्यक्चारित्रं तु ज्ञान-पूर्वकचारित्रावृतिकर्मक्षय-क्षयोपशमोपशमसमुत्थं सामायिकादिभेदं सदसत्क्रियाप्रवृत्ति-निवृत्तिलक्षणं मूलोत्तरगुणशाखा-प्रशाखम्।।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> **:- સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર આ ત્રિવિધ મોક્ષમાર્ગ છે.**

સમ્યગ્દર્શનાદિ 'જ' મોક્ષમાર્ગ છે. તેવો અવધારણ ('જ' કાર) પ્રયોગ આ સૂત્રમાં અવશ્ય સમજવો, જો અવધારણ ન કરાય તો અન્ય પણ મુક્તિના પંથ છે એમ નક્કી થાય અને તેમ થવાથી આ સૂત્રનો ઉપદેશ નિરર્થક થાય. કારણ કે તે અન્ય સિદ્ધાંતથી જો મુક્તિ માર્ગસિદ્ધ થઈ જતો હોય તો આ સૂત્ર કર્યાનો અર્થ જ નહીં રહે. સૂત્રમાં 'સમ્યક્' શબ્દનો પ્રયોગ 'દર્શન' પદની આગળ જ કર્યો હોવાથી જ્ઞાન અને ચારિત્ર સાથે આ શબ્દનો અન્વય નહીં ઘટે એવી કોઈ શંકા કરે તો તેનું સમાધાન જણાવતાં ('સમ્યક' પદ દરેક સાથે જોડતા) ભાષ્યકારશ્રી કહે છે.

**સમ્યગ્દર્શન** :- સમકિતના ઉપઘાત કરનાર એવા મિથ્યાદર્શનાદિ તેમજ અનંતાનુબંધી કષાયના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ, અરિહંત પ્રભુએ કહેલ સમસ્ત દ્રવ્ય-પર્યાયના વિસ્તારના વિષયવાળી જીવની જે રુચિ (શ્રદ્ધા)તે જ સમ્યગ્દર્શન કહેવાય છે.

**સમ્યગ્જ્ઞાન** :- [1]લક્ષ્ય-લક્ષણના વ્યવહારમાં જ્યાં કોઈ વ્યભિચાર (અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ આદિ દોષ) નથી તેવું અવ્યભિચારી, વળી જ્ઞાનાવરણીય કર્મના ક્ષય-ક્ષયોપશમથી પેદા થયેલ, મતિ આદિ ભેદવાળું જે જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન કહેવાય.

**સમ્યક્ચારિત્ર** :- સમ્યક્ જ્ઞાનપૂર્વકનું, ચારિત્રાવરણીય (ચારિત્રમોહનીય)કર્મના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમથી ઉત્પન્ન થયેલ, સત્ક્રિયાની પ્રવૃત્તિ અને અસત્ ક્રિયાની નિવૃત્તિના લક્ષણ (સ્વરૂપ) વાળું તેમજ મૂલ-ઉત્તર ગુણની વિવિધ શાખા-પ્રશાખા (ભેદ-પ્રભેદ) વાળું તથા સામાયિક, છેદોપસ્થાપનીય આદિ ભેદવાળું જે ચારિત્ર તે સમ્યક્ચારિત્ર જાણવું.

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.-૧૨, ૧. ઉપયોગ લક્ષણવાળો આત્મા છે આવું યથાર્થજ્ઞાન થયે છતે જ આત્મા લક્ષ્ય છે અને ઉપયોગ લક્ષણ છે એવો વ્યવહાર કરવો શક્ય બને છે, બીજી રીતે નહિ. એટલે આ લક્ષ્ય અને આ લક્ષણ એવા યથાર્થ વ્યવહારનો પ્રયોજક, જે યથાર્થાવગાહિ મત્યાદિજ્ઞાન છે તે જ અહિં સમ્યગ્જ્ઞાન સમજવું.

**अत्र** भाष्ये नोदयति- अथ किमर्थं प्रत्येकं सम्यक्शब्दः प्रयुज्यते ? यावता सम्यग्दर्शने सति यज् ज्ञानं चरणं वा तत्सम्यगेव भवतीत्यतो न सम्यक्शब्दोऽनयोर्विशेषणतयोपादेयः। **उच्यते**- सत्यमेतत्, किन्तु न ज्ञानमात्रमत्र[1] विवक्षितं, चारित्रमात्रं वा, किन्तु विशेषरूपे उभे अपि, इतरथा हि सम्यग्दर्शनसम्पन्ने विद्येते सम्यग्ज्ञानसम्यक्चारित्रे न तु ते साक्षान्मोक्षमार्गतां बिभृत इति। **एतत्[2] स्यान्नैव** तत्र सम्यक्चारित्रसम्भव इति। **तच्च न**, यतो देशरूपेऽपि चारित्रे चारित्रशब्दो वर्तत एव तच्चाज्ञाभिमतचारित्रात् सम्यक्शब्दविशेषणेन व्यावर्त्त्यत इति।

**स्यादेवं** तत्राशङ्का- किं ते भवतो मोक्षकारणे उत मा भूतां ? **तदाशङ्कानिरासार्थं**

• *હેમગિરા* •

### ❋ 'સમ્યગ્' વિશેષણની સાર્થકતા ❋

<u>શંકા</u> :- પ્રત્યેક (જ્ઞાન, ચારિત્ર) સાથે 'સમ્યગ્' શબ્દ શા માટે જોડવો ? સમ્યગ્દર્શનની હાજરીમાં થતાં જ્ઞાન અને ચારિત્ર 'સમ્યગ્' જ હોય આથી બીજા બેને 'સમ્યગ્' વિશેષણ જરૂરી નથી જણાતું.

<u>સમાધાન</u> :- તમારી વાત સત્ય (અર્ધ સત્ય) છે. છતાં અહીં મોક્ષમાર્ગ તરીકે સામાન્ય જ્ઞાન કે સામાન્ય ચારિત્ર વિવક્ષિત (ઈષ્ટ) નથી. પરંતુ વિશેષ રૂપે બન્ને વિવક્ષિત છે તે જણાવવું છે. જો વિશેષરૂપે ઉભયની વિવક્ષા ન કરીએ તો સમ્યગ્દર્શન યુક્ત જીવોમાં આ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સામાન્ય રૂપે તો મળી શકે છે પણ એ મુક્તિના સાક્ષાત્ કારણ નથી બની શકતાં, તેથી સમ્યગ્ પદ બન્ને (જ્ઞાન, ચારિત્ર) સાથે જોડવું જરૂરી છે.

<u>શંકા</u> :- માની લીધું કે સમ્યગ્દર્શન છે ત્યાં સામાન્યરૂપે સમ્યગ્ જ્ઞાન છે અને તેવા સામાન્ય જ્ઞાનને કોઈ મોક્ષનું સાક્ષાત્ કારણ ન માની બેસે તેથી તે સામાન્યજ્ઞાનની બાદબાકી કરવા માટે 'જ્ઞાન' પૂર્વે 'સમ્યગ્' પદનો અન્વય જરૂરી છે પરન્તુ ચારિત્ર તો વિશેષરૂપે જ હોય છે. તેમાં ક્યાં કોઈ ઇતર-સામાન્યભેદ છે કે જેની બાદબાકી કરવા'સમ્યક્' પદ તે 'ચારિત્ર' પદ આગળ જોડવું પડે ? જ્યાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન હોય ત્યાં પ્રાપ્ત થયેલ ચારિત્ર વિશેષરૂપ જ હોય પણ સામાન્ય રૂપ ન હોઈ શકે, અર્થાત્ સામાન્યરૂપ સમ્યક્ચારિત્રનો સંભવ જ નથી, કે જેની બાદબાકી કરવી પડે ?

<u>સમાધાન</u> :- આ વાત બરાબર નથી કારણ કે ચારિત્રમાં બે ભેદ છે, દેશવિરતિ અને સર્વવિરતિ. ચારિત્ર શબ્દથી દેશવિરતિનું પણ ગ્રહણ થઈ શકે પણ ખરેખર તો મોક્ષ માટે કારણ 'સર્વવિરતિ' ચારિત્ર જ તીર્થંકરને અભિમત છે અને એથી દેશવિરતિ રૂપ ચારિત્રની બાદબાકી કરવા 'સમ્યગ્' વિશેષણ ચારિત્ર પદમાં જોડ્યુ છે. અહિં કોઈને એવી શંકા થાય કે શું તે બે સામાન્યજ્ઞાન-ચારિત્ર મોક્ષના કારણ છે કે નહિ ? તો એ આશંકાનું નિરાકરણ કરવા માટે વાચકશ્રીએ સામાન્ય જ્ઞાન અને ચારિત્રમાં "સમ્યગ્"ને ઉપાધિ (=વિશેષણ) તરીકે મુક્યું છે. (લાલ પુષ્પના સાહચર્યના

१. ज्ञानसामान्यमात्र पा०। २. एतत्, नैव मु, प्रा.(खं.भां.रा.)।

सम्यगिति ज्ञान-चरणयोरुपाधित्वेनोपादायि सूरिणा। अथवा दर्शन-ज्ञान-चारित्राणां त्रयाणामपि व्यभिचार उपलभ्यते, यतो मिथ्यादर्शनपुद्गलोदये जीवस्य मिथ्यादर्शनं मिथ्याज्ञानं मिथ्याचारित्रमिति मुक्तेर-साधकत्वात् मिथ्याशब्देन विशेष्यन्ते, तान्येव सम्यग्दृष्टेर्मुक्तिसाधनत्वाद् यथार्थग्राहित्वाच्च सम्यक्शब्देन विशेष्यन्ते, दर्शनं च ज्ञानं च चारित्रं च दर्शन-ज्ञान-चारित्राणि सम्यक् च तानि दर्शनादीनि चेति सम्यग्दर्शन-ज्ञान-चारित्राणीति, अतो व्यभिचाराद् युक्तं यत् सम्यक्शब्देन सर्वाणि दर्शनादीनि विशेषयति।

**चारित्रमिति**, योऽयमितिशब्दः स इयत्तां दर्शयति, एतावन्त्येव मुक्तेर्मार्गो नातोऽस्ति। **एष** इत्यनेन तु इतिना इयत्ताऽवधृतस्वभावमन्तर्विपरिवर्तमानं स्वप्रत्यक्षं परस्मै वा सामान्येन प्रतिपादितं परप्रत्यक्षं निर्दिशति। तिस्रो विधाः प्रकारा अनन्तरप्रदर्शिता यस्य स त्रिविधः, कोऽसौ ?,

• *હેમગિરા* •

કારણે સ્ફટિકમાં "લાલ સ્ફટિક" એમ વ્યવહાર થાય છે. ત્યાં જેમ 'લાલ' વિશેષણ ઉપાધિરુપ છે. તેમ અહીં પણ સમ્યગ્દર્શનના સહચર્યના કારણે સામાન્યજ્ઞાન-ચારિત્રને "સમ્યગ્" કહેવાય છે, માટે 'સમ્યગ્' વિશેષણ અહિં ઉપાધિ રૂપે જાણવું.)

### ❊ દર્શનાદિમાં સમ્યગ્-મિથ્યાની ઓળખ ❊

અથવા દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેનું વિપરીતપણું (વ્યભિચાર) પણ દેખાય છે. જેમ કે મિથ્યાત્વ મોહનીયના (મિથ્યાદર્શન-પુદ્ગલોના) ઉદયમાં જીવને થતું દર્શન તે મિથ્યાદર્શન કહેવાય તેમજ તે અવસરે થતાં જ્ઞાન અને ચારિત્ર પણ મિથ્યા જ હોય છે આ ત્રણે મુક્તિના અસાધક હોવાથી 'મિથ્યા' શબ્દથી વિશેષિત કરાય છે અને આ જ ત્રણ સમ્યગ્દષ્ટિ જીવને મુક્તિના સાધક અને યથાર્થગ્રાહી હોવાથી 'સમ્યગ્' શબ્દથી વિશેષિત કરાય છે.[૨] આ પ્રમાણે જ્ઞાનાદિમાં વ્યભિચાર સંભવતો હોવાથી 'સમ્યગ્' શબ્દનો અન્વય દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સાથે જરૂરી છે. ભાષ્યમાં **चारित्रमिति** માં જે **'इति'** અવ્યય છે તે ઈયત્તાનો દર્શક છે. અર્થાત્ આટલા (આ ત્રણ) જ મુક્તિના માર્ગ છે આના સિવાય બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી.

**'इति'** પદ વડે જે ઈયત્તા (સંખ્યા) નક્કી કરાઈ કે આ ત્રણ જ મોક્ષમાર્ગ છે બીજા નહીં, એવી ઈયત્તાથી નિર્ધારિત સ્વભાવવાળા 'સ્વપ્રત્યક્ષ કે પરપ્રત્યક્ષ'નો નિર્દેશ આ **'एष'** પદ વડે કરાયો છે.

(૧) **સ્વપ્રત્યક્ષ :-** જ્ઞાતાને આપ મેળે જ અંતરમાં જે આ ઈયત્તાનું પ્રત્યક્ષ થાય તે સ્વપ્રત્યક્ષ.

(૨) **પરપ્રત્યક્ષ :-** બીજા કોઈને સામાન્યથી આ ઈયત્તા જણાવાય તે પરપ્રત્યક્ષ. **'एष'** પદ બન્ને પ્રકારના પ્રત્યક્ષનો સૂચક છે.

હમણાં જ દર્શાવ્યા છે ત્રણ પ્રકાર જેના તે.. ત્રિવિધ. આ ત્રિવિધ શું છે ? તે જણાવતાં કહે છે કે સૂત્રનિર્દિષ્ટ મોક્ષમાર્ગ તે ત્રિવિધ છે.

---

૧. व्यावर्त्तकत्वे सति कार्यानन्वयि उपाधिः। ૨. દર્શન, જ્ઞાન અને ચારિત્ર આ ત્રણે વચ્ચે દ્વન્દ્વ સમાસ કરવો અને પછી સમ્યગ્ પદનો એ ત્રણે સાથે કર્મધારય સમાસ કરવો.

**भाष्य– तं पुरस्ताल्लक्षणतो विधानतश्च विस्तरेणोपदेक्ष्यामः।**

उच्यते- सूत्रोपन्यस्तो **मोक्षमार्ग** इति। मोक्ष इति च ज्ञानावरणाद्यष्टविधकर्मक्षयलक्षणः केवलात्मस्वभावः कथ्यते स्वात्मावस्थानरूपो, न स्थानम्, [T]यतो मोक्षस्य मार्गः शुद्धिरुच्यते, न पुनर्धाम्नः शुद्धिर्विवक्षिता, या त्वसौ कर्मणां मुच्यमानतावस्था तच्छोधनायैतानि प्रवर्तन्ते, अथवेषत्प्राग्भारधरणी मोक्षशब्देनाभिधातुमिष्टा, यस्मात् तदुपलक्षितोपरियोजनक्रोशषड्भागो भगवतामाकाशदेशः प्रादेशि दिव्यदृश्भिराधारः, तस्यायं मार्गः=पन्थाः, समस्तप्रत्यपायवियुतः पाटलिपुत्रगामिमार्गवन्**मोक्षमार्ग** इत्यस्य **एष त्रिविध** इत्येतद्विवरणम्, एवं सामान्येन सूत्रप्रकाशः प्रत्यपादि।।

अधुना परः **प्रश्नयति–** किमेतावदेव मोक्षमार्गोपदेशनमुत विस्तरेणाप्यस्ति किञ्चिदिति ? अस्तीत्याह। यद्यस्ति किमिति नोच्यते ? **आह- तं पुरस्तादि**त्यादि। **तमिति** मोक्षमार्गमनन्तरश्रुतं निर्दिशति, पुरस्तादिति अस्मात् सूत्रादुपरितनसूत्रेषु, **लक्षणत** इति, लक्ष्यतेऽनेनेति लक्षणं, तद् द्विधा आन्त-

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **તે (મોક્ષમાર્ગ)ને લક્ષણથી અને વિધાનથી આગળ વિસ્તારથી કહીશું.**

### ❋ 'મોક્ષમાર્ગ'ના અર્થને સમજીએ ❋

પ્રસ્તુતમાં જે 'મોક્ષ' કહેવાંય છે તે જ્ઞાનવરણીયાદિ આઠ કર્મના ક્ષયના સ્વરૂપવાળો, કેવલ આત્મસ્વભાવ રૂપ પોતાના આત્મામાં જે અવસ્થાન તે સ્વરૂપે સમજવાનો છે. આ મોક્ષ કોઈ સ્થાન-ક્ષેત્ર રૂપ નથી, પણ સ્વરૂપાવસ્થાન રૂપ છે. આ જ સ્વરૂપાવસ્થાન રૂપ મોક્ષનો જે માર્ગ તે શુદ્ધિ કહેવાય છે. આ શુદ્ધિ કોઈ સ્થાન વિશેષની નથી. પરંતુ જે આ કર્મથી મુક્ત થવાની અવસ્થા, તે શુદ્ધિ છે અને આ કર્મોની શુદ્ધિના માટે આ સમ્યગ્દર્શનાદિ પ્રવર્તે છે. અથવા તો ઈષત્પ્રાગ્ભારનામની પૃથ્વી એ મોક્ષ શબ્દથી કહેવી ઈષ્ટ છે. કારણ કે એ પૃથ્વીથી ઉપર એક યોજનમાંથી = ચાર કોશમાંથી ત્રણ કોશ પૂરા થયા બાદ ચોથા કોશના છઠ્ઠા ભાગે સિદ્ધ ભગવંતોનું સ્થાન (મોક્ષ) આવેલ છે તેમ દિવ્ય-દૃષ્ટિવાળા સર્વજ્ઞોએ જણાવેલ છે. તે મોક્ષનો આ માર્ગ એટલે મોક્ષમાર્ગ. 'પાટલીપુત્ર જનાર માર્ગ'ની જેમ આ પણ એક માર્ગ છે. આ માર્ગ ત્રિવિધ છે. આ માર્ગ કોઈ પણ પ્રત્યપાય (ઉપદ્રવ) વિનાનો નિર્દોષ છે. આ રીતે સામાન્યથી મૂળસૂત્ર પર પ્રકાશ પાડતા મોક્ષમાર્ગનું વિવરણ કર્યું. હવે અન્ય કોઈ પ્રશ્ન કરે છે કે → શું આટલો જ મુક્તિમાર્ગનો ઉપદેશ છે કે બીજો કોઈ વિસ્તારથી પણ છે ? <u>જવાબ</u> :- વિસ્તારથી પણ છે.

<u>પ્રશ્ન</u> :- છે, તો કેમ કહેતા નથી ? <u>જવાબ</u> :- (ભાષ્યના **તમ્** પદથી હમણાં જ દર્શાવેલ 'મોક્ષમાર્ગ'નો નિર્દેશ કર્યો છે) તે વિસ્તૃત મોક્ષમાર્ગને અમે **લક્ષણ** અને **વિધાન**ના ભેદથી વિસ્તારપૂર્વક આગળના સૂત્રોમાં કહીશું. જેના વડે વસ્તુ જણાય, ઓળખાય તે લક્ષણ. તે બે પ્રકારના છે. આંતરિક અને બાહ્ય.

T. परि.५ टि.३।

रबहिर्भेदेन, रुचिपरिच्छेदानुष्ठानाख्याः पौरुषेय्यः शक्तयो जीवस्य याः समासाद्य व्यपदिश्यते सम्यग्दर्शनीत्याद्यान्तरम्। बाह्यं तु तत्प्ररूपणप्रवणसूत्रशब्दराशिः अन्तर्लक्षणोपकारितया प्रवर्त्तमानः "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** (१-२)" इत्यादि। **विधानत** इति भेदतः। **ननु** च सर्वद्रव्यभावविषया रुचिरेकैव कुतस्तस्याः प्रभेदसम्भवः ?।

**उच्यते**- सत्यमेका रुचिः, सा तु निमित्तभेदाद् भेदमश्नुते, क्षयक्षयोपशमोपशमलक्षणं सास्वादनवेदकलक्षणं च। तथा चैवोत्पत्तिकारणवशादेकरूपाया अप्युपरिष्टाद् भेदो निदर्शयिष्यते। यतः कस्याश्चित् स्वभाव एव निमित्तम् उत्पद्यमानायाः, कस्याश्चिच्चोपदेशो निमित्तम्, इत्यमुं च पाश्चात्यभेदमाश्रित्य भेदद्वयं विधानतो वक्ष्यति। चकारः समुच्चये। **विस्तरेण** इति सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमित्येष त्रिविधो मोक्षमार्ग इत्यमुं समासव्याख्याभेदमङ्गीकृत्य इहैव सूत्रे

• હૈમગિરા •

**૧. આંતરિક લક્ષણ** :- જે તત્ત્વરુચિ, તત્ત્વબોધ તેમજ તત્ત્વને અનુરૂપ વર્તન = ચારિત્ર, આ ત્રણને અનુરૂપ પુરુષ સંબંધી શક્તિ વિશેષ કે જેને આશ્રયીને જીવમાં સમ્યગ્દર્શની, સમ્યગ્જ્ઞાની, સમ્યક્ચારિત્રી ઈત્યાદિ વ્યવહાર થાય છે તે આ શક્તિઓ જ આંતરિક લક્ષણ કહેવાય છે.

**૨. બાહ્ય લક્ષણ** :- ઉપરોક્ત રુચિ, બોધ, અનુષ્ઠાનોને નિરૂપણ કરવામાં સમર્થ એવા સૂત્રોના શબ્દોનો સમૂહ કે જે આંતરિક - લક્ષણ રૂપ રુચિ આદિ શક્તિઓના ઉપકારી કારણ તરીકે પ્રવર્તે છે તે બાહ્ય લક્ષણ કહેવાય છે. દા.ત. - **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** (૧-૨) વગેરે સૂત્રો.

જેના દ્વારા વસ્તુને અનેક પ્રકારોથી જણાવાય તે **વિધાન**. શંકા :- સર્વ દ્રવ્ય અને ભાવ જે તીર્થંકર પ્રભુએ કહેલ છે તે દ્રવ્ય-ભાવ અંગેની રુચિ તો એક જ હોય, તેના ભેદ-પ્રભેદ કઈ રીતે હોય કે જેથી "विधानतः" એમ કહી રુચિના ભેદ કહેવા પડે ?

સમાધાન :- એ વાત સત્ય છે કે રુચિ એક છે, પણ નિમિત્તના ભેદથી ભેદો પડે છે. પ્રસ્તુતમાં ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક, સાસ્વાદન તથા વેદક એ સમકિતના ભેદો જાણવા. વળી રુચિ એક હોવા છતાં તેની ઉત્પત્તિના વિવિધ કારણોને લઈને તેના અનેક ભેદો પડે છે. જે અમે આગળ જણાવીશું, કારણ કે કોઈને રુચિ = સમકિતની ઉત્પત્તિમાં આત્મસ્વભાવ જ નિમિત્ત હોય છે તો કોઈને ઉપદેશ નિમિત્ત હોય છે, તેથી આ પાછળના આ બે ભેદ (સ્વભાવ-ઉપદેશ)ને આશ્રયી સમકિતના બે ભેદ પડે છે જેને આગળ વિધાન દ્વારથી કહીશું. ભાષ્યનો '**च**' શબ્દ એ સમુચ્ચયના અર્થમાં છે. અર્થાત્ સમક્તિ પ્રાપ્તિમાં સંભવિત સર્વ નિમિત્તોનો સમુચ્ચય (એકત્રીકરણ) કરે છે.

**विस्तरेण** પદનું પ્રયોજન → "સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રિવિધ મોક્ષમાર્ગ છે" એવા આ મોક્ષમાર્ગની ટૂંકી વ્યાખ્યાને અમે આ જ સૂત્રમાં કહીશું. ત્યાં "સમ્યગ્ શબ્દ એ પ્રશંસા અર્થે નિપાતનામ છે," ઈત્યાદિ વાત સંક્ષેપમાં કરશું. આ જ સંક્ષેપને આશ્રયી આગળ કહેવાતો વિસ્તાર અહીં '**विस्तरेण**' પદથી અભિમત છે. તે વિસ્તારને "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**"

**भाष्य- -शास्त्रानुपूर्वीविन्यासार्थं तूद्देशमात्रमिदमुच्यते।**

वक्ष्यमाणं, तत्र सम्यगिति प्रशंसार्थो निपात इत्यादिकं सङ्क्षेपमाश्रित्य वक्ष्यमाणो विस्तीर्णोऽभिमतस्तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं इत्यादिरतो विस्तरेणेत्याह। **उपदेक्ष्याम** इति भणिष्यामः स्वपरानुग्रहार्थम्। यदि तं हि लक्षणविधानाभ्यामुत्तरत्रोपदेक्ष्यसि ततस्तमेव ब्रूहि किमनेनाद्यसूत्रोपन्यासेन सङ्क्षेपार्थाभिधायिनाऽनर्थकेनेति नोदितः प्रत्याह- **शास्त्रानुपूर्वी**त्यादि।

मुख्यपुरुषार्थसाधनसाध्याव्यभिचारशासनात् शास्त्रमिष्टं प्रमाण-प्रमेयसिद्धिनिरूपणं च, तस्यानुपूर्वी=क्रमः=परिपाटी, तस्या विन्यासो=रचना, तत्प्रयोजनार्थम्, तु शब्दाल्लाभक्रमप्रदर्शनार्थं च। शुश्रूषूणां चादरप्रतिपादनार्थमिदमुच्यते। अविशिष्टपदार्थाभिधानं उद्देशः, तन्मात्रमिदं सम्यग्दर्शनादिसूत्रमभिधीयते सङ्ग्रहप्रतिज्ञानात्, एतत् कथयत्यादौ सम्यग्दर्शनं लक्षण-विधानाभ्यां निर्द्धारयिष्यामि, ततो ज्ञानं, ततश्चारित्रमित्येषा वक्ष्यमाणरचनेति प्रतिपद्यस्व। अयं च लाभक्रमः सम्यग्दर्शनादीनां, पूर्वं सम्यग्दर्शन-

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અહીં તો શાસ્ત્ર આનુપૂર્વી (ક્રમ, પરિપાટી)નો ન્યાસ કરવા ઉદ્દેશ માત્ર કરાય છે.**

ઈત્યાદિ સૂત્રમાં કહેવાના છીએ. અર્થાત્ સ્વ પરના અનુગ્રહ માટે અમે વિસ્તારથી સમ્યગદર્શનને કહીશું.

### ❋ પ્રથમ ઉદ્દેશ સૂત્રનું પ્રયોજન ❋

<u>શંકા</u> :- જો ખરેખર આગળનાં સૂત્રમાં લક્ષણ, વિધાન થકી સમ્યગ્દર્શનને વિસ્તારથી કહેવાના જ છે તો તે સૂત્રનો જ પ્રારમ્ભ કરો, વિસ્તારમાં સંક્ષેપ આવી જશે. આ સંક્ષેપ અર્થને કહેનારા પ્રથમસૂત્રની રચના વડે શું ? અર્થાત્ આ સૂત્ર વ્યર્થ છે.

<u>સમાધાન</u> :- ભાષ્યકારશ્રીએ **शास्त्रानुपूर्वीविन्यासार्थं**... ઈત્યાદિ પદોથી ઉપરોક્ત શંકાનો જવાબ આપ્યો છે એને જ ટીકામાં સ્પષ્ટ કરતાં કહે છે કે મુખ્ય-મોક્ષ પુરુષાર્થરૂપ સાધનોથી સાધ્ય(મોક્ષ)નું અવ્યભિચાર અનુશાસન કરાતું હોવાથી આ શાસ્ત્ર તરીકે ઈષ્ટ છે. (ભાવાર્થ એ છે કે આ શાસ્ત્ર-નિર્દિષ્ટ દર્શનાદિ ત્રણે અવશ્યમોક્ષના સાધક છે તેથી અવ્યભિચારી છે) તેમજ વિભિન્ન પ્રત્યક્ષાદિ પ્રમાણો અને પ્રમેયની સિદ્ધિનું નિરૂપણ પણ આ (તત્ત્વાર્થ) શાસ્ત્રમાં કર્યુ છે. એવા આ શાસ્ત્રમાં પરિપાટી = ક્રમ પૂર્વકની રચના જરૂરી છે. આ ક્રમ પૂર્વકની રચનાના પ્રયોજન માટે તેમજ ('तु' શબ્દ વડે) સમ્યગ્દર્શનાદિનો પ્રાપ્તિ ક્રમ દેખાડવા માટે તથા જિજ્ઞાસુ શ્રોતાઓને આદર ઉત્પન્ન થાય તે માટે સંક્ષેપમાં આ પ્રથમ (ઉદ્દેશાત્મક) સૂત્ર કહેવું જરૂરી છે. તેથી સર્વ પ્રથમ ઉદ્દેશાત્મક સૂત્ર રચવામાં આવે છે.

ઉદ્દેશ :- સામાન્ય રીતે તત્ત્વ (પદાર્થ)ને કહેવું તે. અહીં પ્રથમ સૂત્રમાં સમ્યગ્દર્શનાદિને સામાન્યથી કહેલા છે. કારણ કે આ સૂત્ર સમ્યગ્દર્શનાદિનુ સંગ્રહ-પ્રતિજ્ઞા સૂત્ર છે. આજ સૂત્રના પ્રારંભમાં કહેલા સમ્યગ્દર્શનને લક્ષણ અને વિધાનથી આગળ કહીશું, ત્યારબાદ જ્ઞાનને, ત્યારબાદ

**भाष्य– एतानि च समस्तानि मोक्षसाधनानि।**

ज्ञाने, ततश्चारित्रमुत्पत्ताविति। शिष्याणां चात्र ग्रहणादिषु प्रवर्त्तमानानां न शक्यं वचनमन्तरेणादराधानमित्यतः सकलशास्त्रसङ्ग्राहीदमादावुच्यते सूत्रम्। **आह** परः, उच्यतां नाम तथा किंतूच्यमानेऽस्मिन्नेवं भवितव्यम्– सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गा इति, अभिधानस्याप्यभिधेयमाश्रित्य वचनं प्रवर्त्तते मोक्षमार्गशब्दस्य सम्यग्दर्शनादीन्यभिधेयानि तेषां च बहुत्वात् बहुवचनेनैव भवितव्यमिति।

**उच्यते**- प्रेक्षापूर्वकारितानुमीयते सूत्रकारस्यैवमभिदधत–, यतो मोक्षमार्गा इत्युक्ते एकैकस्येतरनिरपेक्षस्य[1] मोक्षं प्रति साधनभावो गम्येत, न चैतदिष्टम्, यतः समुदितैरेव दर्शनादिभिः साध्या मुक्तिः न व्यस्तैरिति, एतदाह- **एतानि चेत्यादिना**। **एतानि**[2] इति प्राक् प्रत्यक्षीकृतानि सम्यग्-दर्शनादीनि व्यपदिश्यन्ते[3], च शब्दो हिशब्दार्थे निपातानामनेकार्थत्त्वात् हिशब्दश्च[4] यस्मादर्थः। **समस्तानि** इति

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અને આ ત્રણે એકત્રિત-સમુચ્ચિત જ મોક્ષના સાધન બને છે,**

ચારિત્રને આ ક્રમે આગળ કહેવાનું હોવાથી પ્રથમ સૂત્રમાં રચના ક્રમ આ રીતનો કર્યો છે તેમજ જીવમાં સમ્યગ્દર્શનાદિનો પ્રાપ્તિ ક્રમ પણ આ જ રીતનો છે. પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્ જ્ઞાન ત્યારબાદ ચારિત્રની ઉત્પત્તિ. આ તત્ત્વાર્થ ગ્રંથને ગ્રહણ, ધારણ કરવા આદિમાં પ્રવર્તનારા શિષ્યોમાં આ ગ્રંથ પ્રત્યે આદરભાવ ખડો કરવો તે પ્રતિજ્ઞા વચન વિના શક્ય નથી. તેથી સકળ શાસ્ત્રના સંગ્રાહક રૂપે આ પ્રથમ સૂત્ર રચાયું છે. સારાંશ એ છે કે શિષ્યના હિત માટે સકળ શાસ્ત્ર કર્તાઓની ઉદ્દેશાદિ ક્રમે શાસ્ત્રરચનાની પદ્ધતિ હોય છે.

### ❈ મોક્ષમાર્ગ અંગે એક વચનની વિચારણા ❈

<u>પ્રશ્ન</u> :- પ્રથમ સંગ્રહ સૂત્ર આવશ્યક છે તે જાણ્યું, પણ અભિધાન (મોક્ષમાર્ગ રૂપ શબ્દ) અને અભિધેય (સમ્યગ્દર્શનાદિ તત્ત્વો) એ બન્ને સરખા વચનવાળા હોવા જોઈએ તેથી સૂત્ર આવું હોવું જોઈએ. →"**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गाः**" કારણ કે હંમેશા અભિધેયને આશ્રયીને જ અભિધાનનું વચન પ્રવર્તે છે. પ્રસ્તુત સૂત્રમાં મોક્ષમાર્ગ શબ્દના સમ્યગ્દર્શનાદિ અભિધેયઅર્થો બહુસંખ્યકમાં છે. તેથી અભિધાન (મોક્ષમાર્ગ શબ્દ) પણ બહુવચનમાં જ હોવું જોઈએ ?

<u>જવાબ</u> :- **मोक्षमार्गः** = એમ એકવચન કહેવા પાછળ સૂત્રકારની બૌદ્ધિક પ્રતિભા જણાય છે. તે આ રીતે → જો **'मोक्षमार्गाः'** એમ બહુવચન કહે તો ત્રણે સાધનો તૃણઅરણિમણિ ન્યાયે એક બીજાથી નિરપેક્ષ રહીને મોક્ષ પ્રત્યે સાધક બને તેવો અર્થબોધ થાય, પણ એ તો ઈષ્ટ નથી. કારણ કે સમ્યગ્દર્શનાદિ ત્રણે સમુદિત થઈને જ મુક્તિ-સાધક બને છે. વ્યસ્ત (એકલા) નહીં જ. આજ વાતને સ્પષ્ટ કરતા ભાષ્યમાં **एतानि च** ઈત્યાદિ પદોનો ઉલ્લેખ છે. આમાં જે **'च'** શબ્દ છે તે નૈપાતિક નામ (અવ્યય) છે, નિપાતનામો અનેક અર્થવાળા હોય છે. અહીં **'च'**

१. एकैकस्यैतत्पर॰ मु.प्रा (खं.भा.)। २. एतानि प्राक् मु.प्रा. (खं.भा.)। ३. व्यपदिशति भां.खं.पा. ४. हि शब्दस्य रा.।

**भाष्य– एकतराभावेऽप्यसाधनानीत्यतस्त्रयाणां ग्रहणम्।**

सर्वाणि, सम्यग्दर्शने सत्यपि यदि ज्ञानं न भवति तयोश्च सतोर्यदि क्रिया न विद्यते तत इष्टमर्थं **न** साधयति[1], रोगापनयन[2]लक्षणमारोग्यमिव रोगिणः। यथा ह्यारोग्यार्थिरोगिणः भेषजे रुचिस्तद्विषयं च परिज्ञानमिदमेवौषधमस्य व्याधेरपनयनकारि, सति चैतस्मिन् द्वये यदि सम्यग्ज्ञानपूर्विकायां पथ्याद्यभ्यवहरणक्रियायां विशेषेण[3] वा प्रवर्तते ततोऽस्य रोगाः प्रणश्यन्ति नान्यथा, एवमिहापि त्रितयं समुदितं त्रिफलाद्युपदेशवत्सिद्धेः सकलकर्मक्षयलक्षणायाः साधनभावं बिभर्ति।।

अर्थापत्त्या सिद्धेऽप्याह वचसा स्पष्टं अर्थापत्तिलभ्यफलप्रदर्शनाय ग्रन्थः– **एकतराभावेऽपी**त्यादि। सम्यग्दर्शनादीनां त्रयाणां **एकतरस्याप्यभावे**ऽलाभे, [T]**असाधनानि** = अनिर्वर्तकानि, अस्मात् कारणात्

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **જો એકનો ય અભાવ હોય તો 'અસાધન' બની જાય, આથી ત્રણેનું ગ્રહણ કર્યું છે.**

શબ્દ '**हि**' શબ્દના અર્થમાં છે '**हि**' શબ્દનો અર્થ **यस्मात्** = "જે કારણથી" જાણવો.

**❋ સમ્યગ્દર્શનાદિ સમુદિત જ મુક્તિનાં સાધક ❋**

ત્રણેય એકલા (વ્યસ્ત) મુક્તિદાયી ન બને. જેમ ગ્લાનને ઔષધ ગ્રહણ વિના રોગના વિનાશ રૂપ સ્વસ્થતા નથી મળતી તેમ સમ્યગ્દર્શન (રુચિ) હોવા છતાં જો તત્ત્વનું વિશેષ જ્ઞાન ન હોય અથવા આ બન્ને હોય પણ (ક્રિયા) ચારિત્ર ન હોય તો સાધક ઈષ્ટ અર્થ (મોક્ષ)ને ન સાધી શકે. રોગીનો દાખલો એ રીતે કે - આરોગ્યના અર્થી એવા રોગીને ઔષધાદિ પ્રત્યે રુચિ હોય તેમજ તે વિષયનું જ્ઞાન પણ સારું હોય કે 'આ અમુક ઔષધ અમુક રોગ દૂર કરવા સમર્થ છે' આ બન્ને હોવા સાથે જો તે **સમ્યગ્જ્ઞાનપૂર્વક**ની પથ્યાહાર ગ્રહણાદિ ક્રિયામાં વિશેષથી પ્રવર્તે તો જ તેનો રોગ દૂર થાય, અન્યથા નહીં જ, એ જ રીતે ત્રિફલાદિ ઔષધની જેમ ઉપદેશ કરાયેલા આ સમ્યગ્દર્શનાદિ ત્રણ સમુદિત જ સકળ કર્મના ક્ષય સ્વરૂપ સિદ્ધિના કારણ બને.

<u>શંકા</u> :- આ ત્રણે સમુદિત જ મુક્તિના સાધન છે તેમ કહેવાથી એકનો પણ અભાવ હોય તો શેષ બે મુક્તિના અસાધન છે તે અર્થાપત્તિથી જણાઈ જ આવે છે તો શા માટે ભાષ્યમાં 'આ ત્રણમાંથી એકના ય અભાવમાં મુક્તિ નથી' એવું વિવેચન કર્યું ?

<u>**સમાધાન**</u> :- અર્થાપત્તિથી અર્થ સિદ્ધ છે છતાં ભાષ્યકારશ્રી એ સ્વયં અર્થાપત્તિના ફલિતાર્થને જણાવવા આ વિવેચન કર્યું કે - ત્રણેમાંથી એકનો પણ અભાવ હોય તો તે મોક્ષના અનિવર્તક (અકર્તા) છે. એથી ત્રણેને સમુદિત વિષયરૂપે કરીને જ મોક્ષમાર્ગ શબ્દ પ્રવૃત્ત થયો છે. અર્થાત્ ત્રણેના સમુદાયરૂપે મોક્ષમાર્ગ એક જ હોવાથી **'મોક્ષમાર્ગ'** પદમાં એકવચન પ્રયોગ જ ઉચિત છે એથી મોક્ષાર્થીએ ત્રણેનો આશ્રય કરવો.

१. प्रसाधयन्ति पा.रा. साधयन्ति खं.भां.। २. रोगापनयल° खं.भां.रा./रोगापनोदल° पा.। ३. विशेषणे सं.प्रा.। T. परि.५ टि.४।

त्रीण्यपि मोक्षमार्गशब्दः समुदितान्यभिधेयीकृत्य प्रवृत्त इत्येकत्वात् तस्य समुदायस्यैकवचनमेव न्याय्यमिति[1], **अतस्त्रयाणां** सम्यग्दर्शनादीनां **ग्रहणमाश्रयणं** मोक्षार्थिना कार्यमिति।

एकतराभावेऽप्यसधनानीत्यमुं ग्रन्थमपुनरुक्तं मन्यमाना गुरवः कथयन्त्येवं–उपात्तं साध्यं मोक्षं न साधयन्ति व्यस्तानि, यत् पुनः प्रत्येकमेषां साध्यं तत् साधयन्त्येव, यथा सम्यग्दर्शनस्य देवलोकप्रापणसामर्थ्यं, ज्ञानस्य ज्ञेयपरिच्छेदः क्रियायाः शुभाशुभकर्मादानं देशक्षयो वा कर्मणामिति। अथवा विवरणग्रन्थेषु न गुरुलाघवं प्रत्याद्रियन्ते सूरयः, अर्थापत्त्यनभिज्ञानामप्युपदेशप्रवृत्तेः।

अथवा एतानि चेत्यन्यथा ख्याप्यते, य एवं **नोदयन्ति** किमर्थमिति बहु मोक्षकारणतयाऽभ्युपेयन्ते सम्यग्दर्शनादीनि, न पुनर्यथा साङ्ख्यादिभिर्ज्ञानमेव केवलं मुक्तिकारणमभ्युपगम्यते, यतः "**पञ्चविंशतितत्त्वज्ञ**[2]" इत्यादि कथयन्ति। **उच्यते**- न केवलं ज्ञानं मुक्तेः कारणं पर्याप्तं, क्रियारहितत्वात् पङ्गुवत्, न च क्रियामात्रम्, विशिष्टज्ञानरहितत्वात् अन्धवत्, अतोऽभ्युपेहि समस्तानि सम्यग्दर्शनादीनि [3]मोक्ष-

• હેમગિરા •

## ❋ તો... સમ્યગ્દર્શનાદિ એકલા પણ સાર્થક છે ❋

**एकतराभावेऽप्य....** ઈત્યાદિ ભાષ્યના પદો તે પુનરૂક્ત નથી તેવું માનનારા ગુરૂઓ કહે છે કે ભલે આ ત્રણે ભિન્ન રહી સાધ્ય તરીકે નિર્દિષ્ટ એવા મોક્ષને નથી સાધતાં પરન્તુ પોતપોતાના સાધ્ય (કાર્ય)ને તો સાધે જ છે જેમ કે- સમ્યગ્દર્શન એ દેવલોકની પ્રાપ્તિ કરાવવામાં સમર્થ છે. જ્ઞાન એ પદાર્થ બોધ કરાવવામાં સક્ષમ છે. ક્રિયા વડે શુભ-અશુભ કર્મનું ગ્રહણ અથવા તે કર્મોનો દેશથી ક્ષય પણ થાય છે. અથવા '**एकतराभावेऽपि**' લખ્યું તે ગ્રંથ ગૌરવ ખરું પણ કોના માટે? જેઓ અર્થાપત્તિ પ્રમાણને સમજે છે તેઓ માટે જેઓ અર્થાપત્તિ પ્રમાણને નથી જાણતા તેવા અર્થાપત્તિ-અનભિજ્ઞોના માટે નહીં. તેઓ પણ આ શાસ્ત્રમાં પ્રવર્તે છે, તેથી આવા વિવરણ ગ્રંથોમાં આચાર્યો ગ્રંથના ગૌરવ-લાઘવનો વધુ વિચાર કરતાં નથી. પણ બધાને શાસ્ત્રબોધ થઈ શકે એ રીતે ગ્રંથરચના કરે છે.

અથવા તો બીજુ સમાધાન એ કે કદાચ કોઈ એમ પૂછે કે મોક્ષ માટે સમ્યગ્દર્શનાદિ ઘણા કારણો કેમ કહ્યાં? કેમ સાંખ્યાદિની જેમ માત્ર જ્ઞાનને મુક્તિનું સાધન ન કહ્યું ? એ શું મોક્ષનું કારણ ન બને ? કારણ કે તેઓ "પચ્ચીસ તત્ત્વોનો જાણકાર જ્ઞાની મુક્તિ મેળવે" ઈત્યાદિ માને છે. આ પ્રશ્નના સમાધાન માટે પણ '**एकतराऽभावे**' આદિ પદો છે તે આ મુજબ-

માત્ર જ્ઞાનને જ મુક્તિનું કારણ માનવું પર્યાપ્ત નથી. જેમ પગથી અપંગ વ્યક્તિ ક્રિયાના અભાવે દેખવા (માર્ગનું જ્ઞાન) છતાં ઈષ્ટ સ્થાને ન પહોંચે અથવા તો અગ્નિ આદિ ઉપદ્રવથી ન બચી શકે તેમજ વિશિષ્ટ જ્ઞાનથી રહિત કેવલ ક્રિયા પણ અંધ માનવની જેમ ઈષ્ટ સ્થાને

१. समुदयस्यै॰ रा। २. पञ्चविंशतितत्त्वज्ञो, यत्र तत्राश्रमे रतः(वसेत्)। जटी मुण्डी शिखी चापि, मुच्यते नात्र संशयः।। गौडपादभाष्य-१/१, अध्यात्मसार १३/६०, द्वात्रिंशद् द्वात्रिंशिका ११/२२। ३. मोक्षसाधनान्ये॰ रा।

**भाष्य- एषां च पूर्वस्य लाभे भजनीयमुत्तरम्। उत्तरलाभे तु नियतः पूर्वलाभः।**

कारणान्येकतराभावेऽप्यसाधनानि अतः कारणात् त्रयाणां ग्रहणं कृतम्।। **अथ** यदा दर्शनादीनामेकं प्राप्तं भवति तदा परस्यावस्थानमस्ति ? नास्तीत्या**ह**- भजना कार्या। अत्र तां दर्शयति- **एषां च पूर्वस्य लाभे** इत्यादि। **एषा**मिति, दर्शनादीनां सूत्रोक्तानाम्, **च**शब्दः समुच्चये। कथमिति चेत्, यथैव समस्तानां मुक्तिहेतुता प्रतिपन्ना एवमिदमपि च प्रतिपत्तव्यम्। किं तदिति चेत्, उच्यते- लाभनियम इति। **पूर्वस्य लाभ** इति सूत्रक्रममङ्गीकृत्य **पूर्वस्य**= सम्यग्दर्शनस्य **लाभे** =प्राप्तौ **भजनीयं** = विकल्पनीयं स्यात् वा न वेति, **उत्तरं** = [1]ज्ञानं चारित्रं च, यतः देवनारकतिरश्चां मनुष्याणां च केषाञ्चिदाविर्भूतेऽपि सम्यग्दर्शने न भवत्याचारादिकमङ्गानङ्गप्रविष्ट-

• હેમગિરા •

ભાષ્યાર્થ :- **આ ત્રણમાં પૂર્વના લાભમાં ઉત્તરનો લાભ વૈકલ્પિક છે. પરંતુ ઉત્તરના લાભમાં પૂર્વનો લાભ અવશ્ય હોય જ.**

ન પહોંચાડે તેમ અહીં પણ સમજવું અર્થાત્ સમ્યગ્દર્શન યુક્ત જ્ઞાન અને ક્રિયા બન્ને (ત્રણે) મોક્ષ માટે અવશ્ય સ્વીકારવા જ. ત્રણેમાંથી એક પણ કારણ ઓછું હોય તો મોક્ષ ન મળે. એથી ત્રણેનું ગ્રહણ કર્યું છે. આમ '**एकतराभावेऽपि असाधनानि**' એ વાક્ય લખવા પાછળ ત્રણ આશય છે. (૧) અર્થાપત્તિથી થતાં અર્થનું ફળ શું ? તેનું હાર્દ જણાય. (૨) અર્થાપત્તિ પ્રમાણનો જેઓને બોધ નથી તેઓને પણ સ્પષ્ટ બોધ થાય. (૩) સાંખ્યાદિ મતના એકાન્ત જ્ઞાનવાદ કે ક્રિયાવાદનું ખંડન થાય.

### ❋ સમ્યગ્દર્શનાદિના લાભના ક્રમને જાણીએ ❋

શંકા :- જીવને જ્યારે સમ્યગ્દર્શનાદિ કોઈ એક જ પ્રાપ્ત થાય ત્યારે બીજા બે (જ્ઞાનાદિ) હોય કે નહીં ?

સમાધાન :- દર્શનાદિ એક હોતે છતે બીજા જ્ઞાનાદિ હોય જ એવું નથી. અર્થાત્ ભજના સમજવી. આ જ હકીકતને **एषां च पूर्वस्य**... ઈત્યાદિ પદો વડે સ્પષ્ટ કરી છે કે પૂર્વના લાભમાં ઉત્તરની ભજના સમજવી પરંતુ ઉત્તરના લાભમાં પૂર્વલાભ નિયમા હોય. '**च**' સમુચ્ચયના અર્થમાં છે. **પ્રશ્ન** :- કઈ રીતે સમુચ્ચયના અર્થમાં ? **ઉત્તર** :- જેમ આ ત્રણે સમસ્ત (એકત્રિત) થઈને મુક્તિના કારણ તરીકે સ્વીકારાયા તેમ તે પણ સ્વીકારવું. **પ્રશ્ન** :- તે એટલે શું ? **ઉત્તર** :- તે એટલે લાભનો નિયમ. આ લાભના નિયમનો સમુચ્ચય = સંગ્રહ '**च**' દ્વારા કરાયો છે.

સૂત્રના ક્રમને આશ્રયી તે લાભ નિયમના અર્થની સ્પષ્ટતા કરતાં કહે છે કે → પૂર્વના લાભમાં ઉત્તરનાં લાભની ભજના છે અને ઉત્તરના લાભમાં પૂર્વનો લાભ નિયમા હોય છે. પૂર્વ સમ્યગ્દર્શનના લાભમાં ઉત્તર-ઉત્તર એવા જ્ઞાન અને ચારિત્રની ભજના છે. અર્થાત્ વિકલ્પ છે, હોય કે ન પણ

१. 'कमङ्गप्रवि' मु.(भां.,खं)। T. परि.५ टि.५।

ज्ञानम्, न वा देशसर्वचारित्रमिति। तथा प्राप्तेऽपि ज्ञाने केनचिंत् न चारित्रं नियमत एव प्राप्तव्यम्, तदावरणीयकर्मोदयादिति, अतः कैश्चिदेवं भाष्यमेतद् व्याख्यायि-परमार्थतो यस्मात् त्रीण्यपि सम्यग्दर्शनादीनि भिन्नानीति।

कथं हि भेदः सम्यग्दर्शनस्य ज्ञानादिति चेत् ? त एवं वर्णयन्ति पृष्टाः[1] कारणभेदात् स्वभावभेदादित्यादिना, कारणभेदस्तावदयम्, यतः सम्यग्दर्शनस्य त्रितयं कारणं समुत्पत्तौ, क्षयोपशमः क्षयः उपशमश्चेति। ज्ञानस्य तु क्षयः क्षयोपशमो वा, यदि च न तयोर्भेदः किमिति दर्शनस्य त्रिविधकारणम् इतरस्य द्विविधम् ?। तथा स्वभावभेदोऽप्यस्ति, यज्जैनेषु पदार्थेषु स्वतः परतो वा रुचिमात्रमुपपादि '[2]**तदेव सत्यं निःशङ्कं यज्जिनैः प्रवेदितमुपलब्धं चे**'ति।

तथा विषयभेदोऽप्यस्ति, सर्वद्रव्यभावविषया रुचिः सम्यक्त्वं "[3]**सव्वगयं सम्मत्तं**" इति वचनात् श्रुतज्ञानं तु सकलद्रव्यगोचरं कतिपयपर्यायावलम्ब्य चेत्येवं किल पारमार्थिकं भेदं पश्यद्भिर्भाष्यं

• હેમગિરા •

હોય. કારણ કે મનુષ્ય-દેવ-નારક-તિર્યંચોમાં કેટલાકને સમકિત હોય છે પણ આચારાંગાદિ અંગ પ્રવિષ્ટ તથા અનંગ પ્રવિષ્ટ જ્ઞાન નથી હોતું, અથવા દેશ કે સર્વવિરતિ રૂપ ચારિત્ર પણ નથી હોતું. તેમજ કોઈએ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોવા છતાં તથા પ્રકારના ચારિત્ર મોહનીયાદિના ઉદયે ચારિત્ર નથી પણ સ્વીકારતા. આમ દર્શન હોવા છતાં જ્ઞાન અને ચારિત્રની, અને દર્શન, જ્ઞાન હોવા છતાં ચારિત્રની ભજના જણાવી. ઉપરોક્ત ભજનાને ધ્યાનમાં લઈ કેટલાકે **एषां च....** ભાષ્ય પંક્તિનો અર્થ આ પ્રમાણે કર્યો છે કે- ''વાસ્તવમાં તો સમ્યગ્દર્શનાદિ ત્રણે જુદાં છે.''

### ❈ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ભેદરેખા ❈

__પ્રશ્ન__ :- સમ્યગ્દર્શનનો જ્ઞાન થકી ભેદ કઈ રીતનો છે તે જણાવો ?

__જવાબ__ :- કારણ, સ્વભાવ અને વિષયના ભેદથી ભેદ સમજવો. તે આ પ્રમાણે–

**કારણ ભેદ** :- સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં (મોહનીય=અનંતાનુબંધીકષાયનો) ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ આ ત્રણે કારણો છે. જ્યારે જ્ઞાનમાં ક્ષય અને ક્ષયોપશમ બે જ કારણો છે. જો દર્શન અને જ્ઞાનમાં ભેદ ન હોત તો દર્શનોત્પત્તિના ત્રણ કારણ અને જ્ઞાનોત્પત્તિના બે, આવું કેમ બને ?

__**સ્વભાવ ભેદ**__ :- સમ્યક્ત્વનો સ્વભાવ જિનમતમાં સ્વતઃ કે પરતઃ રુચિ માત્ર કરાવવાનો છે. 'તે જ સાચું છે તે જ નિશંક છે કે જે જિનેશ્વર ભગવન્તોએ કહ્યું છે, અને જોયું છે.' (આવો તત્ત્વાર્થની રુચિ રૂપ સ્વભાવ સમ્યગ્દર્શનનો છે અને જ્ઞાનનો સ્વભાવ તત્ત્વાર્થ-બોધનો છે)

__**વિષયભેદ**__ :- સમ્યક્ત્વ સર્વ દ્રવ્ય અને ભાવ વિષયક રુચિવાળું છે. કારણ કે ''સર્વ દ્રવ્ય પર્યાય વિશે વર્તનારું સમકિત હોય છે,'' એવું આગમ વચન છે. જ્યારે શ્રુતજ્ઞાન સકળ દ્રવ્ય

१. श्रेष्टाः प्रा.। २. तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेइयं, उवलद्धं य; (आचाराङ्गसूत्र-५/५/१६२)। ३. सव्वगयं सम्मत्तं सुए चरित्ते न पज्जवा सव्वे। देसविरइं पडुच्चा दुण्हवि पडिसेहणं कुज्जा।। (आवश्यकनिर्युक्ति-३२१, विशेषावश्यकभाष्य-२७५१)

व्याख्यातम्। अपरे तु, ज्ञानदर्शनयोः समीचोर्भेदमप्रेक्षमाणाः प्रभाषन्ते, **एषां च पूर्वस्य**=द्वयस्य सम्यग्दर्शनस्य सम्यग्ज्ञानस्य च **लाभे**=प्राप्तौ, **भजनीयं** 'स्याद् वा न वे'ति उत्तरं=चारित्रम्, **उत्तरस्य तु**=सूत्रक्रमोपन्यस्तस्य सम्यक्चारित्रस्य लाभे नियतो निश्चितः **पूर्वलाभ** इति=पूर्वयोः सूत्रक्रमव्यवस्थितयोः सम्यग्दर्शनसम्यग्ज्ञानयोर्लाभः=प्राप्तिरिति, अन्यथा तत् सम्यक्चारित्रमेव न स्याद् यदि ताभ्यामनुगतं न स्यादिति।।

**ननु** कथं कारणादिकं भेदं न पश्यन्ति ? **उच्यते**- मतिज्ञानस्यैव रुचिरूपो योऽपायांशस्तत् सम्यग्दर्शनम्, ज्ञानादृतेऽन्यत् सम्यग्दर्शनं न समस्ति। कारणादिभेदस्[1]त्वन्यथा व्याख्यायते[2], योऽसावुपशमोऽनन्तानुबन्ध्यादीनां स तस्य सम्यग्दर्शनस्योत्पत्तौ निमित्तं भवति, यथा केवलज्ञानस्योत्पत्तौ[3] मोहनीयक्षयः, न पुनस्तदेव मोहनीयं केवलस्यावरणमिति शक्यमभ्युगन्तुं, निमित्तं तु मोहनीयक्षयः तेनाक्षीणेन केवलस्यानुत्पत्तेः। एवमिहापि यावदसावनन्तानुबन्ध्यादीनामुपशमो न भवति न

● *હેમગિરા* ●

વિષયક છે અને એમાં રહેતા કેટલાક જ પર્યાયોને ગ્રહણ કરનારું છે અર્થાત્ સમ્યગ્દર્શન સમસ્ત દ્રવ્ય અને અભિલાપ્ય-અનભિલાપ્ય આદિ સમસ્ત-પર્યાયની શ્રદ્ધા રૂપ છે. જ્યારે શ્રુતજ્ઞાનમાં સમસ્ત દ્રવ્ય અને તદ્ગત કેટલાક જ પર્યાય જણાય છે. આ રીતે પારમાર્થિક ભેદને જોનારાઓ વડે ભાષ્યની આ રીતે પણ વ્યાખ્યા કરાઈ છે. પરંતુ બીજા તજ્જ્ઞો આ સમ્યગ્દર્શન અને સમ્યગ્ જ્ઞાનમાં ભેદને નથી જોતા, અર્થાત્ એ બેમાં અભેદ માને છે.

તેઓ ભાષ્યમાં લખાયેલ **'एषां च पूर्वलाभे'** ઈત્યાદિનો અર્થ આ રીતે કરે છે → **एषां च पूर्वस्य - द्वयस्य** → પૂર્વના=સમ્યગ્દર્શન અને સમ્યગ્ જ્ઞાન આ બેના લાભમાં **ઉત્તરની** = ચારિત્રની ભજના હોય છે. જ્યારે ઉત્તરના સમ્યગ્ ચારિત્રના લાભમાં પૂર્વનો = પ્રથમ સૂત્રમાં ચારિત્રથી પહેલા મૂકેલા એવા સમ્યગ્દર્શન, અને સમ્યગ્જ્ઞાનનો લાભ અવશ્ય હોય જ. જો જીવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનથી યુક્ત ન હોય તો તેનું ચારિત્ર એ સમ્યગ્ ચારિત્ર કહેવાય જ નહીં.

### ❋ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના અભેદને ઓળખીએ ❋

<u>પ્રશ્ન</u> :- સમ્યગ્દર્શન અને સમ્યગ્ જ્ઞાન વચ્ચે અભેદને જોનારા ઉપર કહેલા કારણાદિ ભેદોને કેમ નથી સ્વીકારતા ? <u>સમાધાન</u> :- મતિજ્ઞાનનો જ (અવગ્રહ, ઈહા, અપાય, ધારણામાંનો) રુચિરૂપ જે અપાય અંશ, તે જ સમ્યગ્દર્શન છે. જ્ઞાન વિનાનું કોઈ અલગ સમ્યગ્દર્શન નથી, જેથી કે ભેદ (= વિભાગ) કરવો પડે. ઉપર કહેલા કારણાદિ ભેદોનું સમાધાન તો બીજી રીતે કરી શકાય છે, તે આ પ્રમાણે → કે જે આ અનંતાનુબંધીનો ઉપશમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં કારણ કહ્યો તે નિમિત્ત માત્ર છે. જેમ કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં મોહનીયનો ક્ષય નિમિત્ત છે. છતા પણ આ મોહનીય કર્મ કેવળજ્ઞાનનું આવરણ કરનાર કર્મ નથી, પણ કેવળજ્ઞાનમાં નિમિત્તમોહનીયક્ષય જરૂર છે આનું આવારકકર્મ તો કેવળજ્ઞાનાવરણીય

१. 'दिकस्तुभेदोन्य' पा.। २. प्रकाश्यते रा.। ३. 'स्यानुपपत्तेः रा.।

तावत् सम्यग्दर्शनपर्यायस्याविर्भावः, न पुनस्तदेवानन्तानुबन्ध्याद्यावरणं सम्यग्दर्शनस्य। किं पुनरावरणमिति चेत्, ज्ञानावरणमेव, तावच्चेदं क्षयोपशमं न प्रतिपद्यते यावदनन्तानुबन्ध्यादीनां नोपशमः समजनीति। अनन्तानुबन्ध्याद्युपशमे सति तदुपजायत इत्युपशमसम्यग्दर्शनं भण्यते, स्वावरणक्षयोपशममङ्गीकृत्य क्षयोपशमजमेतदुच्यते, तस्मात् परत उपशमव्यपदेशो न स्वावरणापेक्षया इति।

तथा स्वभावभेदः पूर्वपक्षवादिना योऽभ्यधायि तत्राप्येवं पर्यनुयोगः कर्तव्यः—कोऽयमभिलाषो रुचितत्त्वलक्षणोऽन्यो मत्याद्यपायांशं विरहय्येति। एवं विषयभेदोऽपि[1] निराकार्य इति। तस्मात् ज्ञानस्यैव विशिष्टावस्थाऽन्यमतपरिकल्पिततत्त्वनिरासतो जिनवचनोन्नीतपदार्थश्रद्धानलक्षणा सम्यग्दर्शनव्यपदेशं प्रतिलभत इति न्याय्यम्। इदानीं सूत्रोपन्यस्तसम्यग्दर्शनाद्यवयवानां [2]प्रविभागतः

• હેમગિરા •

કર્મ જ છે. એ જ રીતે અહીં સમ્યગ્દર્શનના વિશે પણ અનંતાનુબંધી આદિનો ઉપશમ નિમિત્ત છે. અર્થાત્ જ્યાં સુધી અનંતાનુબંધીનો ઉપશમ ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન પ્રગટ નથી થતું પણ આ અનંતાનુબંધી સમ્યગ્દર્શનનું આવરણ નથી. <u>પ્રશ્ન</u> :- તો આવરણ કોણ છે ? <u>જવાબ</u> :- ''જ્ઞાનાવરણીય કર્મ જ આવરણ છે.'' જ્ઞાનાવરણીય કર્મનો આ ક્ષયોપશમ પણ ત્યાં સુધી ન થાય કે જ્યાં સુધી અનંતાનુબંધી આદિ ન ઉપશમે. અર્થાત્ અનંતાનુબંધી ઉપશમ થયે છતે આ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે અને ત્યારબાદ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આને ઉપશમ સમ્યગ્દર્શન કહેવાય.

**❋ 'ઉપશમજ અને ક્ષયોપશમજ સમ્યગ્દર્શન'નો પરિચય ❋**

સારાંશ એ નીકળ્યો કે સમ્યગ્દર્શન એ અનંતાનુબંધીના ઉપશમથી ઉત્પન્ન થયું હોવાથી 'ઉપશમજ સમ્યગ્દર્શન કહેવાશે અને એ જ સમ્યગ્દર્શન પોતાના આવરણ જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમને આશ્રયીને પેદા થયું હોવાથી 'ક્ષયોપશમજ' કહેવાશે. તેથી જો ઉપશમ સમકિતનું વિધાન કરવું હોય તો સ્વાવરણથી પર એવા અનંતાનુબંધીના ઉપશમને આશ્રયીને સમજવું. નહીં કે સ્વાવરણ એવા જ્ઞાનાવરણની અપેક્ષાએ. આ પદ્ધતિએ વિચારતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું આવરણ એક હોવાથી તેઓ વચ્ચે કોઈ કારણ ભેદ ન સંભવે. આ જ રીતે સ્વભાવ ભેદે પણ જે ભેદો પાડવાની વાત અગર કોઈ કરે તો તે પણ ગેરવ્યાજબી છે. ત્યાં પણ સવાલ થાય કે એવી કઈ અભિલાષા રૂપ તત્ત્વની રુચિ છે કે જે મતિજ્ઞાનાદિના અપાય અંશને છોડીને થનારી હોય ? એ જ રીતે વિષયની અપેક્ષાએ પણ દર્શન અને જ્ઞાન વચ્ચેના ભેદનુ નિરાકરણ કરવું. આમ સ્વભાવ ભેદ, કારણભેદ કે વિષયભેદ આ બધા ભેદો (દર્શન-જ્ઞાન વિશે) નગણ્ય છે. તેથી અન્ય મતકારોએ કલ્પેલ તત્ત્વોનું નિરસન (ખંડણ) કરવા થકી જિન પ્રવચનના માધ્યમે

१. विषयभेदोऽपि नास्ति, ज्ञाने सर्वपर्यायांशे निरवच्छिन्नप्रकारत्वाभावेनाऽसर्वविषयत्वस्य दर्शने च सर्वपर्यायांशे जिनोक्ततत्त्वातिरिक्तधर्मानवाच्छिन्नप्रकारकत्वेन सर्वविषयत्वस्य परिभाषणात्, न च परिभाषाकृतो भेदो वास्तवभेदं व्याहन्तीति। (विशेषार्थिना द्रष्टव्यं श्रीतत्त्वार्थसूत्रस्य उपाध्यायश्रीयशोविजयकृतविवरणम् तथा तस्योपरि श्रीदर्शनसूरि कृतगूढार्थदीपिकानामाविवृत्तिम्) पृष्ट-११। २. प्रतिविभा' मु.प्रा.(भां)।

**भाष्य– तत्र सम्यगिति प्रशंसार्थो निपातः, समञ्चतेर्वा।**

करोत्यर्थप्रतिपादनम्- **तत्र सम्यग**ित्यादिना। **तत्रे**त्यनेन सम्यग्दर्शनशब्दे ज्ञानादिषु च यः सम्यक्शब्दः स किमर्थान्तरमुररीकृत्य प्रवृत्तः ? नामाख्यातादीनां किमेतत् पदमिति पर्यनुयोगे सत्याह— **सम्यगि**ति। इति-शब्दोऽर्थाद्व्युदस्य स्वरूपे स्थापयति, सम्यक्शब्द इत्यर्थः। प्रशंसा, अविपरीतता यथावस्थित-पदार्थपरिच्छेदिता, साऽभिधेया वाच्याऽस्येति **प्रशंसार्थः**, निपात्यतेऽर्थावद्योतकतया **निपातः**।

इदं च किल निसर्गसम्यग्दर्शनाङ्गीकरणाद् व्याख्यानमव्युत्पत्तिपक्षाश्रयं परिगृह्यते, यतस्तत्पूजि-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તે સમ્યગ્દર્શનમાં 'સમ્યગ્' શબ્દ પ્રશંસાના અર્થમાં નૈપાતિક નામ છે. અથવા सम् + अञ्च ધાતુ ઉપરથી બનેલ આ સમ્યગ્ શબ્દ છે.**

થયેલ પદાર્થોની શ્રદ્ધાના સ્વરૂપવાળી જે જ્ઞાનની જ એક વિશિષ્ટ અવસ્થા તે જ સમ્યગ્દર્શન છે. તે અવસ્થાને જ સમ્યગ્દર્શન તરીકે કહેવું યથાર્થ છે.

હવે ભાષ્યકારશ્રી સૂત્રમાં રહેલ જે સમ્યગ્દર્શનાદિ અવયવો (શબ્દો) છે તે એક એકના અર્થ **तत्र सम्यग्** ઇત્યાદિ પદો વડે કરે છે. તે આ મુજબ છે-

<u>પ્રશ્ન</u> :- સમ્યગ્દર્શન અને જ્ઞાનાદિમાં જે 'સમ્યગ્' શબ્દ છે એ શું કોઈ ભિન્ન અર્થની અપેક્ષા એ મૂક્યો છે ? તેમજ આ 'સમ્યગ્' શબ્દ એ શું નામ કે આખ્યાત વગેરેમાંનું કોઈ પદ છે ?

<u>ઉત્તર</u> :- આ પ્રશ્નનો ઉત્તર આપતા **सम्यगिति** પદમાં રહેલ **इति** શબ્દનો સર્વ પ્રથમ અર્થ જણાવતા કહે છે કે '**इति**' શબ્દ કોઈ અર્થવિશેષને ન જણાવતાં માત્ર સ્વરૂપનો અર્થાત્ 'સમ્યક' શબ્દનો બોધક છે. આ '**सम्यग्**' શબ્દ પ્રશંસા, અવિપરીત, યથાવત્ અર્થનું સામાન્ય જ્ઞાન ઈત્યાદિ અર્થોનો ઘોતક છે આવો પ્રશસ્ત યથાવત્ અવિપરીત બોધ વાચ્ય છે જેનો તે 'સમ્યગ્' કહેવાય. અર્થાત્ 'સમ્યંગ' શબ્દ પ્રશસ્તાદિ અર્થોનો વાચક છે. આ 'સમ્યક્' શબ્દ નિપાત નામપદ (અવ્યય) છે. નિપાત– તે તે અર્થનો ઘોતક શબ્દ (અવ્યય) વિશેષ. અમુક અર્થનો ઘોતક અમુક શબ્દ તે નિપાત નામ કહેવાય છે.

### ❋ અવ્યુત્પત્તિપક્ષે 'સમ્યગ્' શબ્દની વિચારણા ❋

ઉપરોક્ત સમ્યગ્ પદની વ્યાખ્યા તે નિસર્ગસમ્યગ્દર્શનને આશ્રયી અવ્યુત્પત્તિ પક્ષ અંગેન જાણવી.

<u>શંકા</u> :- આ અવ્યુત્પત્તિ પક્ષનો અર્થ નિસર્ગસમ્યગ્દર્શનમાં કેમ લીધો ?

<u>સમાધાન</u> :- કારણ કે આ નિસર્ગ સમકિત કોઈપણ નિમિત્ત વિના આપ મેળે જ જીવને થાય છે. અને તેથી વધુ પૂજ્ય છે, વધારે પ્રશંસા પાત્ર છે. તેવી પૂજ્યતા દર્શાવવા અવ્યુત્પત્તિ પક્ષે પ્રશંસાર્થમાં આ સમ્યગ્ પદ કહ્યું છે. જો કે ઈતર એવા અધિગમ સમ્યક્ત્વથી પણ અવિપરીતપણે યથાવત્ તત્ત્વ પદાર્થોનો સ્વીકાર (શ્રદ્ધા) થાય જ છે. તો પણ આ દર્શન

ततरं स्वत एवोपजायमानत्वात्, [1]तदितरत् तु यद्यपि तथैवाविपरीतार्थया विषयमवच्छिनत्ति तथापि तत्र पर[2]साहायिकमस्ति, तदस्मिन् पक्षे ना[3]वश्यतया श्रितम्। एवं तावत् प्रकृति-प्रत्ययमनालोच्य सम्यक्शब्दार्थो निरूपितः, व्युत्पत्तिपक्षेऽप्यर्थप्रदर्शनायाह— **समञ्चतेर्वा**। सम्पूर्वादञ्चतेः साध्यमेतद्रूपमिति, अर्थः पुनः गतिः पूजा वाश्रयणीयेति, तत्र पूजा पूर्वव्याख्यानेन दर्शिता, इह तु गत्यर्थो वर्ण्यते, समञ्चति=गच्छति=व्याप्नोति सर्वान् द्रव्यभावानिति सम्यक्।

कः कर्त्रर्थ इति चेत् यदेतद् दर्शनं रुचिरूपं तत् समञ्चति व्याप्नोति 'एवमेते जीवादयोऽर्थाः यथा नयसामग्र्या जिनैराख्यायन्ते', न पुनरेकनयावलम्बिसाङ्ख्यवत् प्रतिपद्यन्ते नित्या एवैते, अनित्या इति वा शाकलिकचीवरकवत्, न सन्ति वा लौकायतिकवदिति, कथञ्चित्सन्ति कथञ्चिन्न सन्ति कथञ्चिन्नित्याः कथञ्चिदेवानित्याः द्रव्यपर्यायन[4]यद्वयप्रपञ्चापेक्षयेत्याविष्करिष्यामः पञ्चमाध्याये।

*હેમગિરા*

પરાશ્રયી=પર સહાયની અપેક્ષા રાખનાર છે. અર્થાત્ પરોપદેશાદિ નિમિત્તથી થનારૂ છે. તેથી આ અવ્યુત્પત્તિ પક્ષે તે અધિગમ સમ્યગ્દર્શનને નિયમા નથી જણાવ્યું. આ રીતે પ્રકૃતિ (= નામ કે ધાતુ) તથા પ્રત્યયો (= પુરુષબોધક કે વિભક્તિ)નો આશ્રય લીધા વગર 'સમ્યગ્'નો અવ્યુત્પત્તિમય અર્થ જણાવ્યો.

### ❋ વ્યુત્પત્તિપક્ષે 'સમ્યગ્' શબ્દની વિચારણા ❋

હવે વ્યુત્પત્તિ આત્મક અર્થ કહે છે - '**सम्**' ઉપસર્ગ પૂર્વક **अञ्च्** ધાતુથી 'સમ્યક્' શબ્દ બને છે. આનો અર્થ ગતિ, પૂજા આદિ કરવો. પૂજા એટલે 'પ્રશંસા' આ 'પ્રશંસા' અર્થની વ્યાખ્યા ઉપર થઈ ગઈ છે હવે ગતિ અર્થની વાત કરે છે **सम्** - સમ્યગ્ રીતે **अञ्चति** = ગતિ કરે છે. (ગતિ અર્થક ધાતુઓ જ્ઞાન અર્થમાં પણ વપરાય છે.) તેથી 'સમ્યગ્ રીતે સર્વ દ્રવ્ય-પર્યાયોને જાણે (પામે) છે.' તેવો અર્થ પણ અહીં '**सम्यक्**' પદનો જાણવો. **सम्** + **अञ्च्** ધાતુને કર્તૃ અર્થમાં 'તિ' પ્રત્યય લગાડીને જે કર્તૃ અર્થ સૂચિત કર્યો - તે કર્તા અહી શું છે ? એવા પ્રશ્નના સમાધાનમાં કહે છે કે → 'જે રીતે નયોની સામગ્રીથી જુદી જુદી અપેક્ષાએ જિનેશ્વર પ્રભુએ જીવાદિ તત્ત્વો કહ્યાં છે તે તે રીતે જ છે' એ રીતે આ રુચિ રૂપ દર્શન અર્થોમાં વ્યાપે તે વ્યાપ્ત થનાર રુચિ રૂપ દર્શન તે સમ્યક્ કહેવાય છે. પણ એક નયાવલમ્બિ સાંખ્યમત આદિની જેમ આ જીવાદિ પદાર્થ માત્ર 'નિત્ય' જ છે અથવા જર્જરિત વસ્ત્રની જેમ 'અનિત્ય' જ છે એવો જે ક્ષણિક=બૌદ્ધ મત છે તેના જેવું આ સમ્યગ્દર્શન નથી. તેમજ જીવાદિ તત્ત્વોનો અપલાપ કરનાર લોકાયત (નાસ્તિકવાદી)ની માન્યતા જેવું પણ આ સમ્યગ્દર્શન નથી.

### ❋ સ્યાદ્વાદ દૃષ્ટિ જ સમ્યગ્દૃષ્ટિ ❋

પણ દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય એ ઉભય નયોના વિસ્તારને આશ્રયી 'પદાર્થમાત્ર કથંચિત્ સત્ છે, કથંચિત્ અસત્ છે, કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે' ઈત્યાદિ

१. यदित° रा.। २. परसहायक° रा.। ३. प्रशंसतया मु.पा.(रा.)। ४. °नयप्रपञ्चा° रा.।

**भाष्य- भावो दर्शनमिति दृशेरव्यभिचारिणी सर्वेन्द्रियानिन्द्रियार्थप्राप्तिः, एतत् सम्यग्दर्शनम्।**

एवं च[2] यदा दृष्टिः प्रवर्तते तदा सम्यगिति कथ्यते। वाशब्दो विकल्पप्रदर्शनाय। एतस्मिंश्च पक्षे किलाधिगमसम्यग्दर्शनं कथितम्, यतस्तदेव प्रायोवृत्त्या द्रव्य-पर्यायनयसमालोचनेन[3] गुरूपदेशपूर्वकमितिकृत्वा यथावदवगच्छति शास्त्राद्यभ्यासादिति। एवं सम्यक्शब्दं निरूप्य सम्प्रति दर्शनशब्दार्थकथना, यतः अनेकस्मिन् कारके च ल्युट् सम्भाव्यते करणादिके पश्यति स तेन तस्मिंस्तस्मादित्यादि, अतो विशिष्ट एव कारके भावाख्ये दृश्यत इत्याह- **भावो दर्शनमिति**। दृष्टिर्या अविपरीतार्थग्राहिणी जीवादिकं विषयमुल्लिखन्तीव प्रवृत्ता सा सम्यग्दर्शनम्। **अथ** किमर्थमन्यानि कारकाणि निरस्य, भावकारकमादिदेश भाष्यकारः ? **उच्यते**– ज्ञानमेव तत् तादृशं मुख्यया वृत्त्या तथाऽवस्थितं, ये तु तत्र करणादिव्यपदेशाः त उपचरिता इति कृत्वा न तेष्वादर इति भावं दर्शितवान्।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> **:- ભાવ અર્થમાં દર્શન પદ છે. એટલે જોવું તે દર્શન. દૃષ્ટિને થતી સર્વ ઈન્દ્રિય અને અનિન્દ્રિય અર્થોની નિર્દોષ પ્રાપ્તિ. આવું જે દર્શન તે સમ્યગ્દર્શન કહેવાય.**

સ્યાદ્વાદમયબોધ તે સમ્યગ્દર્શન છે. આ હકીકત અમે પાંચમા અધ્યાયમાં કહીશું. આવી સ્યાદ્વાદ (= અનેકાંત) દૃષ્ટિ જ્યારે જીવમાં વર્તે ત્યારે 'સમ્યક્' (દૃષ્ટિ) એવો વ્યપદેશ થાય છે.

ભાષ્યમાં **समञ्चतेर्वा**- નો જે '**वा**' શબ્દ છે તે વ્યુત્પત્તિ અને અવ્યુત્પત્તિ આત્મક બન્ને અર્થમાં 'સમ્યગ્' શબ્દ છે તેવા વિકલ્પને જણાવે છે. તેમાં આ વ્યુત્પત્તિ આત્મક અર્થમાં અધિગમ સમ્યગ્દર્શનનો વિકલ્પ લેવો કારણ કે આ અધિગમ સમ્યગ્દર્શન પ્રાયઃ ગુર્વાદિના ઉપદેશ પૂર્વક સમ્યક્ રીતે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની પર્યાલોચના પૂર્વક શાસ્ત્રાભ્યાસથી થાય છે. અવ્યુત્પત્તિ પક્ષે નિસર્ગ સમ્યગ્દર્શનનુ ગ્રહણ કરવું એમ પૂર્વે કહેવાઈ ગયું છે. આ પ્રમાણે 'સમ્યગ્' શબ્દનું નિરૂપણ કરી 'દર્શન' શબ્દનું નિરૂપણ કરે છે.

'**अनट्**' પ્રત્યય કરણ આદિ અનેક કારકના અર્થમાં વપરાય છે. દા.ત. (જે દેખે તે દર્શન), જેના વડે દેખે તે દર્શન, જેના થકી દેખે તે દર્શન, અથવા જેમાં દેખે તે દર્શન. પ્રસ્તુતમાં ભાવ અર્થમાં અર્થાત્'ભાવ' નામક વિશિષ્ટ કારકના અર્થમાં **अन** પ્રત્યય દેખાય છે. તેથી અહીં ભાવ અર્થમાં પ્રત્યય લગાડી અર્થ કરવો તે આ પ્રમાણે કે 'જોવુ તે દર્શન.' પરમાર્થ એ છે કે- અવિપરીત અર્થને ગ્રહણ કરનારી દૃષ્ટિ કે જે જીવાદિ તત્ત્વોનો સાક્ષાત્ ઉલ્લેખ કરતી પ્રવર્તતી હોય, તેવી જે દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે.

<u>પ્રશ્ન</u> :- ભાષ્યકારશ્રીએ બીજા કારકો ન લેતા ભાવકારક અર્થ જ દર્શન શબ્દથી કેમ દર્શાવ્યો ?

<u>જવાબ</u> :- સમ્યગ્દર્શન મુખ્ય વૃત્તિએ જોતાં એક પ્રકારનું જ્ઞાન જ છે (તીર્થંકર નિર્દિષ્ટ તત્ત્વોનો રુચિગર્ભિત બોધ (જ્ઞાન) તે શ્રદ્ધા કહેવાય) આ સમ્યગ્દર્શનમાં જે કરણ આદિ કારકોનો વ્યપદેશ કરાય

१. सर्वोन्द्रियार्थप्राप्तिः मु. (को)। २. च तत्र यदा मु.प्रा. (खं.भां) । ३. 'र्यायसमा' पा.।

**दृशेरिति**। एतत्पूर्वेण[1] वा सम्बन्धमुपयाति दृशेर्यदेतद्दर्शनमिति रूपमेतत् भावे=भावाभिधायि प्रतिपत्तव्यम्, अथवा परेण दृशेः प्राप्तिरुपलब्धिर्वाच्या सा चैवंरूपा, **अव्यभिचारिणी**त्यादि।

व्यभिचरत्यवश्यमिति व्यभिचारिणी, सा च एकनयमतावलम्बिनी[2], यथा सामान्यमेवास्ति न विशेषाः सन्ति, विशेषमात्रं वा समस्ति न सामान्यमित्यादिका, यतः सा नयान्तरेणापक्षिप्यते असत्यत्वात्, अतो व्यभिचारिणी, न व्यभिचारिणी अव्यभिचारिणी, का, या सर्वान्नय[3]वादान् साकल्येन परिगृह्य प्रवृत्ता कथञ्चित् सामान्यं द्रव्यास्तिकाज्ञाच्छन्दतः सत्यं विशेषाश्च पर्यायावलम्बनमात्रसत्या इत्यादिप्रपञ्चेनाव्यभिचारिणी, तां कथयति-**सर्वेन्द्रियानिन्द्रियार्थप्राप्तिरिति**। सर्वाणि = निरवशेषाणि, इन्द्रियाणि = इन्द्रस्य – जीवस्य लिङ्गानि श्रोत्रादीनि पञ्च, अनिन्द्रियं = मनोवृत्तिरोघज्ञानं चेति। श्रोत्रादीनां पञ्चानां द्वयोश्चानिन्द्रिययोरर्थो विषयः शब्दादिः परिच्छेद्यः,

• હેમગિરા •

છે તે તો ઔપચારિક છે. પણ પારમાર્થિક નથી. તેથી તે કારકોનો આદર ન કરતાં ભાવકારક અર્થમાં જ દર્શન પદનો ઉલ્લેખ સમજવો. અથવા તો **દૃશેઃ** પદનો અન્વય પૂર્વપદોની સાથે કરવાનો છે, તેમ સમજવું તે આ રીતે- **દૃશ્** ધાતુનું જે આ 'દર્શન' એવું રૂપ બન્યું છે તે ભાવ (અર્થમાં) એટલે કે ભાવનું વાચક છે એમ સમજવું અને આ અપેક્ષાએ ભાવકારક અર્થમા આ ભાવવાચક 'દર્શન' શબ્દ છે, તેમ સમજવું અથવા પર એટલે કે આગળના અવ્યભિચારિણી વગેરે પદો સાથે તેનો અન્વય કરવો જેમ કે 'દૃશ્' ધાતુના વાચ્યાર્થ રૂપ જે પ્રાપ્તિ કે ઉપલબ્ધિ છે તે આવા પ્રકારની-અવ્યભિચારિણી વગેરે સ્વરૂપવાળી છે.

### ❋ અવ્યભિચારિણી દૃષ્ટિને પીછાણીએ ❋

<u>પ્રશ્ન</u> :- આ દૃષ્ટિ કેવી છે ? <u>જવાબ</u> :- અવ્યભિચારિણી છે, તે આ રીતે સમજો → વ્યભિચારિણી એને કહેવાય કે જે એક જ નયનું આલમ્બન કરનારી, કાં તો સામાન્ય જ છે વિશેષ નથી એવું માને કાં તો વિશેષ જ છે સામાન્ય નથી એવું માને. આ એક નયાવલંબિ દૃષ્ટિ અસત્ય હોવાથી બીજા નયો વડે ખંડિત થઈ જાય છે તેથી વ્યભિચારિણી છે. એવો વ્યભિચાર જેનામાં ન હોય તે અવ્યભિચારી, અર્થાત્ જે સર્વ નયોના અભિપ્રાયોને સંકલિત કરીને પ્રવર્તે. આશય એ છે કે દ્રવ્યાસ્તિક નયના અભિપ્રાયથી કથંચિત્ સામાન્ય ધર્મને માને અને પર્યાયાસ્તિક નયને આશ્રયીને કથંચિત્ વિશેષ ધર્મને પણ માને, વળી બન્નેને સાપેક્ષ રીતે માને તેવી જે દૃષ્ટિ તે અવ્યભિચારીણી છે. આ દૃષ્ટિને જણાવતા કહે છે કે આ દૃષ્ટિ સર્વ ઈન્દ્રિય અને અનિન્દ્રિય પદાર્થોનો બોધ કરાવે છે. ઈન્દ્ર એટલે જીવ. જીવને શ્રોત્રાદિ પાંચ ઈન્દ્રિયો અને અનિન્દ્રિય હોય છે. અનિન્દ્રિયમાં મનોવૃત્તિજ્ઞાન અને ઓઘજ્ઞાનનો સમાવેશ થાય. શ્રોત્રાદિ પાંચ ઈન્દ્રિય તથા બન્ને પ્રકારની અનિન્દ્રિયને જ્ઞાનના વિષય શબ્દાદિ હોય છે.

**મનોવૃત્તિજ્ઞાન** :- આ શબ્દાદિ વિષયોનો શ્રોત્રાદિ ઈન્દ્રિયો સાથે સંપર્ક થયા બાદ મન (મતિ) પ્રવર્તે છે (અને ત્યારે ઈહા-અપાયના માધ્યમે ચોક્કસ જ્ઞાન તે તે અર્થનું પ્રગટે છે)

१. ज्ञानपूर्वेण पा.। २. °नी, सामान्य° मु.प्रा.(खं,भां)। ३. सर्वनय° रा.।

**भाष्य– प्रशस्तं दर्शनं सम्यग्दर्शनम्। सङ्गतं वा दर्शनं सम्यग्दर्शनम्। एवं ज्ञान-चारित्रयोरपि।।१।।**

श्रोत्रादिपरिच्छिन्नार्थानुसन्धायि च मनोविज्ञानमनुप्रवृत्तेः[१]। ओघज्ञानमनिन्द्रियजमेवेन्द्रियानुसारिविज्ञाननिरपेक्षम्, 'पृष्ठत उपसर्पन्तं सर्पं बुद्ध्यैव पश्यन्तीति वचनात्', वल्ल्यादीनां नीव्राद्यभिसर्पणज्ञानं क्वचिन्मनोनिरपेक्षमिति, अतस्तेषामिन्द्रियानिन्द्रियार्थानामुपलब्धिः प्राप्तिः स्वतः परतो वा तदर्थप्रकाशनोत्तरकालभाविनी ग्राह्या, न तु तेषां सर्वेन्द्रियाद्यर्थानां सन्निकर्षमात्रप्राप्तिरभिप्रेता, न च सर्वेन्द्रियाणां स्वेन विषयेण सहाऽऽश्लेषः समस्ति, यतश्चक्षुः स्वदेशस्थं योग्यदेशव्यवस्थितं रूपामारूपयति, नास्य गमने सामर्थ्यमस्ति, अप्राप्यकारित्वात्। श्रोत्रादीनि तु प्राप्तार्थग्राहीणि, [२]प्राप्य-कारित्वात् चत्वारि, मनोविज्ञानं तु तत्पृष्टानुसारिविकल्पकम्, अतोऽव्यभिचारिणी सर्वेन्द्रियाद्युपलब्धिः,

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- પ્રશસ્ત એવું દર્શન તે સમ્યગ્દર્શન અથવા સંગત એવું દર્શન તે સમ્યગ્દર્શન. આ રીતે જ્ઞાન અને ચારિત્ર વિશે પણ સમજવું.**

આથી ઈન્દ્રિયથી જણાતા અર્થનું અનુસંધાયક (આત્મા સાથે પદાર્થબોધનું અનુસંધાન કરનાર) આ મનોવિજ્ઞાન (= મન) છે, તેમ ટીકામાં કહ્યું છે. **ઓઘજ્ઞાન** :- ઈન્દ્રિયાનુસારી જ્ઞાનથી નિરપેક્ષ રહેતું અનિન્દ્રિયજ જ્ઞાન જ ઓઘજ્ઞાન કહેવાય.

**❋ ઓઘજ્ઞાનના બે પ્રકાર ❋**

(૧) ઈન્દ્રિય નિરપેક્ષ ઓઘજ્ઞાન (૨) મનોનિરપેક્ષ ઓઘજ્ઞાન

૧) કોઈ વ્યક્તિ પાછળથી નીકળતા સર્પને બુદ્ધિ વડે જ ચક્ષુ-ઈન્દ્રિય પ્રયોગ વગર જોઈ (જાણી) લે છે. આ સંજ્ઞી પંચેન્દ્રિયને થતું ઈન્દ્રિયનિરપેક્ષ ઓઘજ્ઞાન કહેવાય. ૨) વૃદ્ધિ પામતા વનસ્પતિ (વેલડી આદિ) જ્યારે છાપરા કે નળિયાના અગ્રભાગ વગેરેનું આરોહણ કરે છે ત્યારે તે વનસ્પતિના જીવને જે તે રીતે ઓઘથી આરોહણ કરવા જરૂરી જ્ઞાન થાય છે તે મનોનિરપેક્ષ ઓઘજ્ઞાન કહેવાય. સંજ્ઞી પંચેન્દ્રિયને થતું ઓઘજ્ઞાન તે ઈન્દ્રિયનિરપેક્ષ ઓઘજ્ઞાન છે. જ્યારે એકેન્દ્રિયને થતું ઓઘજ્ઞાન તે મનોનિરપેક્ષ ઓઘજ્ઞાન છે. આ રીતે તે ઈન્દ્રિય કે અનિદ્રિયથી થતી સ્વતઃ (સ્વયંથી થતી) કે પરતઃ (કોઈના ઉપદેશથી થતી) અર્થોપલબ્ધિ તે તે ઘટાદિ અર્થોનો પ્રકાશ મનથી થયા બાદ જ થાય છે. અને આથી જ ઘટાદિ-અર્થોનો પ્રકાશ = મનોવિજ્ઞાન થયાના ઉત્તરકાળમાં જ આ ઉપલબ્ધિ શક્ય છે, નહીં કે તે ઈન્દ્રિય અને ઘટાદિ અર્થોના સન્નિકર્ષ માત્રથી (નૈયાયિકની જેમ) અર્થોપલબ્ધિ થઈ જાય છે. એથી ઈન્દ્રિય અને અનિન્દ્રિયથી થતી અર્થોપલબ્ધિ એ (ઈન્દ્રિય+અર્થના) સન્નિકર્ષ માત્રથી થાય છે તેવું નથી પણ મનોવિજ્ઞાન થયા બાદ જ આ ઉપલબ્ધિ થાય છે.

**❋ સન્નિકર્ષજન્ય અર્થોપલબ્ધિમાં વ્યભિચાર ❋**

વળી બીજી વાત એ છે કે બધી ઈન્દ્રિયોનું પોતપોતાના વિષયો સાથે સન્નિકર્ષ જોડાણ થાય

१. °मनुवृत्तेः रा.। २. प्राप्तकारि° रा.।

इदमेव तत्त्वं परमार्थः शेषः परमार्थो न भवति।

**एतत्सम्यग्दर्शनम्**। सम्प्रति निपाते सम्यक्शब्दे गृहीते योऽर्थस्तं भावार्थं च दर्शयति– **प्रशस्तं दर्शनमिति**। अविपरीतानां द्रव्यभावानां जगन्नाथाभिहितानामवलम्बिका प्रवृत्तिः रुचिलक्षणा सा प्रशस्तं दर्शनमिति, प्रशस्तमुक्तिसुखहेतुत्वात्। तथा व्युत्पत्तिपक्षाश्रितो योऽर्थस्तं कथयति[1]– **सङ्गतं वे**त्यादि[2]। नित्यानित्यसदसत्सामान्यविशेषेषु जैनप्रवचनानुसारात् तस्यैव विज्ञानस्य नयद्वयसमारोपणेन च प्रवृत्तिः सा सङ्गतमिति व्यपदिष्टा। **एवं** सम्यग्दर्शनशब्दावयवान्वाख्यानं कुर्वता भाष्यकृता **सम्यग्ज्ञान-चारित्रयोरपि** काक्वा[3] कृतम्। सम्यग्ज्ञानशब्देऽपि सम्यक्शब्दः प्रशंसार्थो निपातः समञ्चतेर्वा, ज्ञानमिति च भाव एव, एवं चारित्रमपि, स्वस्थाने च विशेषमाविष्करिष्याम इति।।१।।

● હેમગિરા ●

છે જ તેવું પણ નથી, કારણ કે ચક્ષુ સ્વ-સ્થાને જ રહીને મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપને જુએ છે. પદાર્થો પાસે જવામાં ચક્ષુનું સામર્થ્ય નથી, કારણ કે ચક્ષુ અપ્રાપ્યકારી છે. શ્રોત્રાદિ ઇન્દ્રિયો તો પ્રાપ્ત થતાં અર્થની ગ્રાહિકા છે. કારણ કે ચક્ષુ-મન વર્જી બાકીની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે. પરંતુ મનોવિજ્ઞાન એ ઇન્દ્રિયથી થતાં જ્ઞાનની પાછળ થનાર (ઈહા આદિરૂપ) એક વિકલ્પ છે. એથી મનોવિજ્ઞાનના ઉત્તરકાળે થનારી સર્વ ઇન્દ્રિયોની અર્થોપલબ્ધિ જ અવ્યભિચારી બને એ હકીકત જ પરમાર્થ રૂપ છે, શેષ અન્ય સન્નિકર્ષાદિ રૂપ અર્થોપલબ્ધિ પરમાર્થ નથી પણ વ્યભિચારી છે.

હવે આ '**सम्यग्दर्शनं**' પદની અંતર્ગત 'સમ્યગ્' એવા નિપાત શબ્દને ગ્રહણ કરવાથી જે અર્થ થયો તેને અને તેના ભાવાર્થને દર્શાવે છે. પ્રશસ્ત એવું દર્શન તે સમ્યગ્દર્શન છે. જગતના નાથ તીર્થંકર પ્રભુએ કહેલા અવિપરીત દ્રવ્ય-ભાવોને યથાવત્ માનવાની રુચિસ્વરૂપ પ્રવૃત્તિ જ પ્રશસ્ત દર્શન કહેવાય છે. કારણ કે આવી રુચિ જ પ્રશસ્ત એવા મુક્તિ સુખમાં હેતુ છે. 'સમ્યગ્' શબ્દનો આ અર્થ અવ્યુત્પત્તિ પક્ષે જાણવો. હવે વ્યુત્પત્તિ પક્ષને આશ્રયી 'સમ્યગ્' શબ્દનો જે અર્થ છે તેને જણાવે છે કે 'સંગત = સુંદર એવું દર્શન તે સમ્યગ્દર્શન' છે. સંગત દર્શન :- જિનેશ્વર પ્રભુના વચનાનુસારે વ્યવહાર અને નિશ્ચય બન્ને નયોના આરોપણ પૂર્વક સાપેક્ષપણે નિત્ય-અનિત્ય, સત્-અસત્, સામાન્ય-વિશેષાદિમાં તે (જીવની) જ જ્ઞાનની રુચિરૂપ પ્રવૃત્તિ તે 'સંગત દર્શન' કહેવાય છે. આ પ્રમાણે સમ્યગ્દર્શન શબ્દના અવયવોની વ્યાખ્યા કરતાં ભાષ્યકારશ્રીએ [4]કાકુ(વક્રકથન=આડકતરકથન) દ્વારા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પણ વ્યાખ્યા કરી દીધી છે. અર્થાત્ જ્ઞાન માટે પણ રહેલાં સમ્યક્ શબ્દમાં અવ્યુત્પત્તિ અર્થમાં પ્રશંસાર્થ (નિપાત) અને વ્યુત્પત્તિ અર્થમાં **सम्** + **अञ्च्** ધાતુથી બનેલ આ રૂપ છે અને **ज्ञानं** પદએ ભાવકારક અર્થમાં છે. એ રીતે ચારિત્રને પણ સમજી લેવું. આનું વિસ્તારથી વર્ણન અમે જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યાના અવસરે કરીશું. આ પ્રમાણે પ્રથમ સૂત્રની ટીકા પૂર્ણ થઈ.

१. कल्पयति रा.। २. "सङ्गतं वा दर्शनं सम्यग्दर्शनम्" मु.भा.मे. (खं,भां)। ३. काकुन्यायेनेत्यर्थः। ४. કાકુ(=કોંચપક્ષિ) સામી દિશામાં જોતો હોય ત્યારે ઘણીવાર મુખને થોડુ વક્ર કરી આજુબાજુનું દૃશ્ય પણ અવધારી લેતો હોય છે.

## सूत्रम्- तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ।।१-२।।

सम्प्रति सम्यग्दर्शनादीनां यथाक्रमसन्निविष्टानामाद्यस्यैव लक्षणं **यथोद्देशस्तथा निर्देश** इत्यभिधातुकाम आह- "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" (१-२)। '**पदाक्षर-वचन-वाक्यानामभिप्रायविवरणं व्याख्ये**'ति वचनात्। प्रागवाचि वाचकमुख्येन "**लक्षणतो विधानतश्चोपदेक्ष्यामः**" (१-१) इति, सत्यपि प्रमाण-नय-निर्देश[1]ादि-सदाद्यनेकानुयोगद्वारव्याख्याविकल्पे पुनः पुनस्तत्र तत्रैतदेव द्वयमुपन्यस्यन् भाष्याभिप्रायमाविष्करोति सूरिः लक्षण-विधाने एवास्मिन् [2]शास्त्रे प्रधानाधिकारिके इत्यतो लक्षणमुपन्यस्यति।

[3]अत्र च पर्याय-निर्भेद-प्रभेदादिभिः पदाद्यभिप्रायः प्रकाशनीयः, तत्र प्रधानशब्दस्य तदर्थशब्दान्तराणि पर्यायाः, प्रकृतिप्रत्ययादिनिर्भेदेन तथागृहीतान्वर्थशब्दविवरणं निर्भेदः, तथा वाक्यान्तरेण निरूपणं

● *હેમગિરા* ●

<u>સૂત્રાર્થ</u> :- **તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન.** ॥૨॥

**દ્વિતીય સૂત્રની અવતરણિકા** :- ઉદ્દેશ મુતાબિક નિર્દેશ હોય છે તે ન્યાયે અહીં પણ "**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**" આ પ્રથમ સૂત્રના ક્રમમાં ઉદ્દિષ્ટ પ્રથમ સમ્યગ્દર્શન છે તેથી તેના લક્ષણનો નિર્દેશ કરતા હમણા બીજા સૂત્ર (૧/૨)ને કહે છે.

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**- આ સૂત્રથી સમ્યગ્દર્શનની સચોટ વ્યાખ્યા જણાશે. સૂત્રમાં રહેલ પદ, અક્ષર, એકવચન, દ્વિવચન, બહુવચન અથવા કારકવચન તથા વાક્ય - આ બધાના અભિપ્રાય શું છે તેનું વિવરણ કરવું તેનું જ નામ 'વ્યાખ્યા' છે. પ્રસ્તુતમાં પણ પ્રથમ સૂત્રનાં 'સમ્યગ્દર્શન' પદને લઈ તેની વ્યાખ્યા કરવા શાસ્ત્રકારે બીજું સૂત્ર બનાવ્યું છે. પ્રથમ સૂત્રના ભાષ્યમાં વાચક શ્રી ઉમાસ્વાતિજી કહી ગયા છે કે લક્ષણ અને વિધાનથી સમ્યગ્દર્શન વગેરે કહીશું [ તેથી બીજા સૂત્રને કહે છે. ]

### ❋ લક્ષણનો પ્રથમ ઉપન્યાસ ❋

જો કે પ્રમાણ, નય, નિર્દેશ, આદિ અને સત્, આદિ અનુયોગના દ્વારોથી વ્યાખ્યાના અવસરે કરવાના હોવા છતાં વારંવાર આ બન્ને (લક્ષણ અને વિધાન)ને તે તે સ્થાનોમાં વિસ્તારથી કહેનારા વાચકશ્રી ભાષ્યના અભિપ્રાયને એમ કહીને પ્રગટ કરે છે કે આ શાસ્ત્રમાં લક્ષણ અને વિધાનનો જ પ્રધાન અધિકાર છે અને તેથી તે બેમાંથી લક્ષણનો પ્રથમ ઉપન્યાસ કરે છે અને આ સમ્યગ્દર્શનના લક્ષણને સમજવા સર્વપ્રથમ પર્યાય, નિર્ભેદ, પ્રભેદ, આદિ વડે સમ્યગ્દર્શનના પદ, અક્ષર આદિના અભિપ્રાય પ્રકાશવા જોઈએ. તેમાં **પર્યાય**- જે મુખ્ય શબ્દ હોય તેના જ અર્થને સૂચવતાં બીજા પર્યાયવાચી શબ્દો. **નિર્ભેદ**- નામ, ધાતુ આદિ પ્રકૃતિ તેમજ તેના પુરુષ આદિ બોધક પ્રત્યયો ઈત્યાદિ ભેદો વડે ગ્રહણ કરેલા (બનેલા) પદોના અર્થને અનુરૂપ (વ્યુત્પત્તિમય) શબ્દોથી વિવરણ.

१. °देशसदसदा° मु.(भां)। २. शास्त्रे च प्रधा° मु. (रा)। ३. अत्र पर्या° मु.(पा)।

**भाष्य– तत्त्वानामर्थानां श्रद्धानं,**

प्रभेदः, तत्रेदं सूत्रं वाक्यान्तरनिरूपणद्वारेण प्राणायि सूरिणा। अथवा समुदायो मुक्तेः कारणतया निरूपित इति, न च समुदायिष्वपरिज्ञातेषु तत् परिज्ञानमस्तीत्याद्यस्य लक्षणप्रचिकासयिषया सूत्रं पपाठ।। **तत्त्वार्थे**त्यादि। अनेकसमासकल्पनासम्भवे यत्र सुखेन बुद्धिराधातुं शक्यते प्रतिपिपादयिषितार्थ-प्रवणां तां कल्पनामुपन्यस्यति।।

**तत्त्वानामर्थानामि**ति। **तत्त्वानाम्** अविपरीतानां, के वा अविपरीताः ? ये स्याद्वादकेसरि-गोचरमनतिक्रम्य स्थिताः, ये त्वेकनय[1]कलभकविलोकितास्ते विपरीताः। **अर्थानामिति**, अर्यमाणानां स्वैः स्वैर्ज्ञानविशेषैः परिच्छिद्यमानानां, **श्रद्धानं** रुचिरभिप्रीतिः सम्यग्दर्शनं, यथाऽर्हता विगतरागद्वेष-प्रपञ्चेन जगदे जगदेकबन्धुना तथेदं सत्यं जीवादिवस्तु। **ननु** च व्यभिचारे सति विशेषण-

• હેમગિરા •

**ભાષ્યાર્થ :- તત્ત્વ (અવિપરીત) એવા અર્થની શ્રદ્ધા તે તત્ત્વાર્થ-શ્રદ્ધા**

**પ્રભેદ**- બીજા વાક્યો (વાક્યાન્તર)નો સહારો લઈ પ્રસ્તુત પદાર્થનું નિરૂપણ કરવું તે. આ બીજું સૂત્ર આચાર્યશ્રીએ વાક્યાન્તર નિરૂપણ (પ્રભેદ) દ્વારા રચ્યું છે. અથવા તો પ્રથમ સૂત્રમાં જે સમુદિત કારણો મુક્તિ માટેના જણાવ્યા તે સમુદાયમાં રહેનાર એક એક અવયવ જો ન જણાય તો આખા સમુદાય (સૂત્ર)નો બોધ ન જ થઈ શકે તે બાબતને ધ્યાનમાં લઈ પ્રથમ પદનું લક્ષણ જણાવતાં બીજુ સૂત્ર શાસ્ત્રકારે રચ્યું છે.

**'तत्त्वार्थ श्रद्धानं'** પદમાં અનેક સમાસની કલ્પનાઓ સંભવે છે. (તેથી) આ કલ્પનાઓમાંથી બુદ્ધિ જેને સુખપૂર્વક ગ્રહણ કરી શકે તેવી તથા, પ્રતિપાદન કરવાને ઈષ્ટ એવા અર્થ(ને સમજાવવા)માં ચતુર એવી કલ્પનાને જણાવતાં ભાષ્યકાર કહે છે.

*** સ્યાદ્વાદ અને એકનયથી દૃષ્ટ અર્થમાં તરતમતા ***

'તત્ત્વ' એટલે અવિપરીત, જે પદાર્થો સ્યાદ્વાદ રૂપી કેસરી સિંહ (સર્વનયમય જૈન સિદ્ધાંત)ના વિષયક્ષેત્રને ઓળંગ્યા વર્તી રહ્યા છે તે અવિપરીત (તત્ત્વ) કહેવાય. પરંતુ જેઓ એક જ નય રૂપી હાથીના બચ્ચાની આંખે અધૂરા જોવાયેલા છે તેઓ વિપરીત કહેવાય છે. આશય એ છે કે કેસરીસિંહ સરખી અનેકાંત દૃષ્ટિથી જોવાયેલા તત્ત્વો અવિપરીત છે અને બાળહસ્તી સદૃશ એકાંત દૃષ્ટિથી જોવાયેલા તત્ત્વો વિપરીત છે. પોત-પોતાના જ્ઞાન વિશેષથી જણાતાં અવિપરીત અર્થોની રુચિ-તે તરફની પ્રીતિ, તેનું નામ શ્રદ્ધા. જગતના નિષ્કારણ બંધુ, રાગદ્વેષ રહિત એવા અરિહંત પ્રભુએ જે સ્વરૂપે જીવાદિ વસ્તુ કહી છે તે, તે સ્વરૂપે જ છે એવી શ્રદ્ધા તે 'તત્ત્વાર્થ-શ્રદ્ધા'. 'તત્ત્વાર્થ' પદમાં 'તત્ત્વ' વિશેષણ છે અને 'અર્થ' એ વિશેષ્ય છે.

શંકા :- જ્યાં વ્યભિચાર (દોષ) આવે ત્યાં જ વિશેષ્ય-વિશેષણ ભાવ દર્શાવવો પડે જેમ કે

१. 'नयकल्पक' मु.पा. (भां.खं.)।

विशेष्यकल्पना न्याय्या यथा नीलोत्पलादिषु, इह तु यत् तत्त्वं तन्नार्थं विहायान्यद् भवितु-मर्हति अर्थो वा तत्त्वमन्तरेणेति यदेव तत्त्वं स एवार्थो य एव चार्थस्तदेव तत्त्वमिति पुनरु[1]क्तारेका।

**उच्यते**। परमतापेक्षं विशेषणमित्यर्थस्य तत्त्वमुपात्तं, यतः काणभुजमतनिरूपितो बुद्धकपिलाद्युक्तश्चार्थो व्यभिचारी, सत्ताद्रव्यत्वादिसामान्यविशेषरू[2]पः परित्यक्तपरस्परस्वात्मा खपुष्पवदसन्नेवेष्यते, नहि विशेषाः सम्भावयितुं शक्याः अन्वयिनैकेन शून्याः, न चास्ति सामान्यं, निर्विशेषत्वात्, इत्यादिदोषसंस्पर्शपरिजिहीर्षया विशेषणमाश्रीयते, तस्यानर्थत्वादेकनयाभिप्रायमात्रत्वादिति, अतो व्यभिचाराद् युक्तं तत्त्वशब्दोपादानम्, स्वमतमप्यङ्गीकृत्यैकनयावलम्बनमनर्थ [3]एवेति तत्त्वशब्देन व्युदस्यते।।

• *હેમગિરા* •

**'नीलोत्पल'** આમાં 'નીલ' ન લખતાં એકલું 'ઉત્પલ' લખે તો રક્ત-શ્વેતાદિકમલનો પણ અન્વય કોઈ કરી શકે, તેવું ન બને, માટે 'નીલ' વિશેષણ જરૂરી છે. તેમજ માત્ર 'નીલ' લખે તો ઉત્પલની જગ્યાએ ઘટાદિનો અન્વય કોઈ કરી બેસે માટે 'ઉત્પલ' વિશેષ્ય પણ જરૂરી છે. આ રીતે એકાદ પદ ન લખતાં જ્યાં વ્યભિચાર દોષ આવે ત્યાં વિશેષણ-વિશેષ્ય ઉભય જરૂરી છે. પરંતુ અહિં 'તત્ત્વાર્થ' પદમાં રહેલ જે 'તત્ત્વ' અને 'અર્થ' છે તે બેમાંથી કોઈપણ એક પદ મૂકો તો ચાલી શકે તેમ છે કારણ કે 'અર્થ' ક્યારેય તત્ત્વને તજીને રહેનાર નથી અને 'તત્ત્વ' ક્યારેય 'અર્થ'ને તજીને રહેનાર નથી. જે અર્થ છે તે જ તત્ત્વ છે અને જે તત્ત્વ છે તે જ અર્થ છે. (तत् = તે અર્થ, त्वं ભાવ, અર્થનો ભાવ. તે તે અર્થનો ભાવ તે તે અર્થ વિના ન રહે) આથી બેમાંથી એક પુનરુક્ત કહેવાશે ?

## ❋ "તત્ત્વ" વિશેષણની સાર્થકતા ❋

<u>સમાધાન</u> :- અન્ય મતનો વ્યવચ્છેદ કરવા માટે 'અર્થ' પદ આગળ 'તત્ત્વ' એ વિશેષણ લખ્યું છે. કારણ કે કાણભુજ = વૈશેષિક મતકારે, તેમજ બૌદ્ધ, કપિલાદિએ અર્થની જે પ્રરૂપણા કરી છે તે અતાત્ત્વિક (વ્યભિચારી) છે. કારણ કે તેઓએ સત્તા દ્રવ્યત્વાદિ સામાન્ય અને ઘટ દ્રવ્યાદિ-વિશેષ રૂપને એકબીજાથી અત્યંત નિરપેક્ષ માન્યા છે. આવી માન્યતા મુજબનો પદાર્થ માત્ર આકાશ પુષ્પની જેમ અસત્ જ જણાય છે કારણ કે અનેક વિશેષો ક્યારે પણ અન્વયી એવા એક સામાન્ય વિના રહી શકે નહીં.

વળી એકલુ સામાન્ય પણ વિશેષ વિનાનું ન હોય, અને તેમ હોવાથી સામાન્ય-વિશેષ ઉભયનો સાપેક્ષ સ્વીકાર જરૂરી છે આમ ન માનીએ તો અનેક દોષો આવે એવા અનેક દોષોની આપત્તિનો પરિહાર કરવા 'તત્ત્વ' વિશેષણનો આશ્રય જરૂરી છે. **'तत्त्व'** એવું જો વિશેષણ ન હોય તો 'અર્થ' એ અનર્થ રૂપ બને અને નૈયાયિકાદિની જેમ એક જ નયના અભિપ્રાય રૂપ ગણાય તથા તેમ માનવા જતાં ઉપરોક્ત વ્યભિચારાદિ દોષો આવે તેને દૂર કરવા 'તત્ત્વ' એ વિશેષણ જરૂરી છે. વળી સ્વ-જિનમતનો પણ અંગીકાર કરી એકાન્તે જો એક નયાવલંબિ વ્યાખ્યા કરે તો તે અનર્થ (અર્થાભાવ) રૂપ જ છે. આ 'અનર્થ'ની તત્ત્વ શબ્દથી બાદબાકી થશે.

१. °रुक्तारेका रा.। २. रूपं प्रा.पा.। ३. एव तत्त्वं मु. (खं.भां.)।

**भाष्य– तत्त्वेन वा अर्थानां श्रद्धानं, तत् सम्यग्दर्शनम्। तत्त्वेन भावतो निश्चितमित्यर्थः।**

अथवा किमस्माकं परमतेनैकनयावलम्बनेन च[1] ? यदेव निःशङ्कं तदेवाश्रयाम इति[2] विग्रहान्तरं दर्शयन्नाह- **तत्त्वेन वाऽर्थानां श्रद्धानमिति**। इदमप्यर्थकथनं न तु त्रिपदस्तृतीयातत्पुरुषः सम्भवति, एवं च दृश्यम्- अर्थानां श्रद्धानमर्थश्रद्धानं तत्त्वेनार्थश्रद्धानं **तत्त्वार्थश्रद्धानमिति**, वाशब्दः पक्षान्तर-प्रदर्शनार्थः, अयं वा पक्ष आस्थेय इति। **तत्** इति पूर्वसूत्रोक्तं निर्दिशति, **सम्यग्दर्शनमिति** लक्ष्यं [3]दर्शयति तत्त्वेनेति कोऽर्थ इत्यत आह- **तत्त्वेन भावतो** इति। **तत्त्वेने**त्यस्य विवरणं **भावेने**ति चोपयुक्तस्य निश्चयनयमताल्लभ्यत इति कथयति। अथवा भावेनेति स्वप्रतिपत्त्या, [4]नो माता-पित्रादिदाक्षिण्यानुरोधात् न वा धनादिलाभापेक्षं [5]कृतकमात्रश्रद्धानं। निश्चितं परिज्ञानं तदेव तथ्यं

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અથવા તત્ત્વ વડે થતી અર્થોની શ્રદ્ધા તે તત્ત્વાર્થ-શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન. તત્ત્વ વડે એટલે પારમાર્થિક ભાવોથી નિશ્ચિત કરેલ.**

### ❋ તાત્ત્વિક તત્ત્વાર્થ શ્રદ્ધાને સમજીએ ❋

અથવા એક નયાવલંબિ કે અન્યમતવાળા શું માને છે એનાથી અમને શું નિસ્બત? અમે તો જે નિઃશંક છે તેને જ આદરીએ છીએ. આ હેતુથી 'તત્ત્વાર્થ' પદનો બીજો વિગ્રહ આલેખતાં કહે છે → **तत्त्वेन वा अर्थानां श्रद्धानम्**- 'તત્ત્વ વડે અર્થોની શ્રદ્ધા'.(તાત્ત્વિક રીતે જીવાદિ અર્થની શ્રદ્ધા) આ વિગ્રહ અર્થકથન કરવા પૂરતું કર્યું છે. પરંતુ ત્રિપદ તત્પુરુષ સમાસ નથી. તેથી વિગ્રહ આ રીતનો સમજવો **अर्थानां श्रद्धानं = अर्थश्रद्धानम्** અર્થોની શ્રદ્ધા, પછી **तत्त्वेन अर्थश्रद्धानं** = તત્ત્વ વડે થતી અર્થ-શ્રદ્ધા. ભાષ્યકારે '**वा**' શબ્દ વડે પક્ષાન્તરનું પ્રદર્શન કર્યું છે. એટલે 'તત્ત્વાર્થ' પદમાં **तत्त्वानां** અને **तत्त्वेन** આમ ષષ્ઠી અને તૃતીયા બન્ને વિગ્રહ માન્ય રાખેલ છે. ભાષ્યમાં રહેલ '**तत्**' એ પૂર્વસૂત્રમાં પ્રતિપાદિત કથનનો નિર્દેશ કરે છે અને સમ્યગ્દર્શન પદએ લક્ષ્યનું સૂચક સર્વનામ છે. (સમ્યગ્દર્શન એ લક્ષ્ય છે અને તત્ત્વાર્થ-શ્રદ્ધા એ લક્ષણ છે.)

<u>પ્રશ્ન</u> :- '**तत्त्वेन**' એમ જે તૃતીયા વિભક્તિ લખી તેમાં શું અર્થ સમજવો ?

<u>જવાબ</u> :- '**तत्त्वेन**' એ પદનું વિવરણ '**भावेन**' કહીને સૂચિત કર્યું કે વાસ્તવિક રીતે ઉપયોગપૂર્વકની જે અર્થશ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે આ અર્થ નિશ્ચયનયના મતને આશ્રયીને પ્રાપ્ત થાય છે. અથવા ભાવથી એટલે પોતાની અંતરેચ્છાથી, આદરપૂર્વક તત્ત્વાર્થની શ્રદ્ધા. માતા-પિતાદિના દાક્ષિણ્ય કે દબાણથી નહીં, (ટીકામાં 'न'ની જગ્યાએ 'नो'પદ લઈએ તો 'દેશ-નિષેધ' અર્થ લેવો. અર્થાત્ માતા-પિતાદિ સ્વજનોના દાક્ષિણ્યથી જિનવચનમાં શ્રદ્ધા ધારણ કરે તો કાંઈક અંશે તેમાં 'તત્ત્વ-શ્રદ્ધા' કહી શકાય છે. કારણ કે નિષેધ ચાર પ્રકારે થાય છે → 'अ'કાર, '**मा**'કાર, **नो** કાર, 'न'કાર. આમા '**नो**'કાર દેશપ્રતિષેધ-અર્થમાં છે→(બૃ.ક.ભા. ૮૧૬)અથવા તો ધનાદિના લાભની આકાંક્ષાથી કરાયેલ કૃત્રિમ શ્રદ્ધા પણ નહીં. પરંતુ ''તે જ સત્ય છે કે

१. वा यदे° रा.। २. इतिः हेत्वर्थः (द्रष्टव्यं हलायुधकोशे ५/८८७)। ३. लक्षयति पा.। ४. न खं.भां.। ५. °पेक्षकृ° मु.।

**भाष्य- तत्त्वानि जीवादीनि वक्ष्यन्ते (१-४)। त एव चार्थाः, तेषां श्रद्धानं=तेषु प्रत्ययावधारणम्।**

यज्जिनैर्भाषितमुपलब्धं वा। इत्येवं समासकल्पनाद्वयं [१]निदर्श्यावयवार्थं दर्शयन्नाह- **तत्त्वानी**त्यादि। तत्त्वानि इत्यविपरीतभावव्यवस्थानि नियतानि **जीवादीनि** इति। जीवा उपयोगलक्षणा (२-८) आदिर्येषां सूत्रक्रममाश्रित्य तानि जीवादीनि।

तत्त्वार्थशब्दयो'विशेषण'-विशेष्यकल्पनामाश्रित्याह- **त एव चार्था** इति। त एव चेति अर्थापेक्षया पुंल्लिङ्गनिर्देशः, **त एव** जीवादयः, **अर्था** अर्यमाणत्वाद् अनादिसादिपारिणामिकादिना भावेन जीवपुद्गला अनादिपारिणामिकेन च जीवत्वेनोपयोगस्वरूपेण सादिपारिणामिकेन च मनुष्यनारकतिर्यग्देवादिना, पुद्गला अप्यजीवत्वेनानुपयोगस्वरूपेणानादिपारिणामिकेन च सादिपारिणामिकेन च कृष्णनीलादिना परिच्छिद्यमानत्वात् अर्था इत्युच्यन्ते। धर्माधर्माकाशास्तु अनादिपारिणामिकेनैव

● *હેમગિરા* ●

<u>ભાષ્યાર્થ</u> :- **તત્ત્વ અંતર્ગત જીવાદિ તત્ત્વોનું વિવરણ આગળ ચોથા સૂત્રમાં થશે. 'તત્ત્વ એ જ અર્થ' છે. આ અર્થોની શ્રદ્ધા, રુચિ અથવા તે અર્થોને વિશે પ્રતીતિની અવધારણા અર્થાત્ જ્ઞાનનો નિશ્ચય, તે સમ્યગ્દર્શન.**

જે જિનેશ્વરોએ કહ્યું છે, જાણ્યું અને જોયું છે." એવા નિશ્ચિત જ્ઞાન પૂર્વક થતી શ્રદ્ધા તે તાત્ત્વિક શ્રદ્ધા કહેવાય. "**तत्त्वार्थश्रद्धानं**" પદમાં રહેલ બન્ને સમાસના અર્થોને કહીને હવે તેના અવયવો (એક એક શબ્દ)ના અર્થ કહે છે..... **तत्त्वानि**- અવિપરીત અવસ્થામાં રહેલ નિયત એવા જીવાદિ તે તત્ત્વો છે. **जीवादीनि** - ઉપયોગ લક્ષણવાળા જીવો. એવું લક્ષણ આગળ (અ.૨,સૂ.૮માં) કહેવાશે, તે 'જીવ' સાત તત્ત્વના ક્રમમાં પ્રથમ છે તેથી ભાષ્યમાં **जीवादीनि** પદનો ઉલ્લેખ છે. તત્ત્વ અને અર્થ આ બે શબ્દોમાં વિશેષણ અને વિશેષ્યની કલ્પના કરતા કહે છે કે- **ते एव चार्थाः** તે તત્ત્વો જ અર્થ છે. '**ते**' એવો પુલ્લિંગ પ્રયોગ '**અર્થ**'ની અપેક્ષાએ છે. તે જીવાદિ તત્ત્વ જ અર્થ છે. જે જણાય તે અર્થ. આ અર્થો કયા ભાવોથી યુક્ત જણાય છે તે જણાવતા કહે છે.

**❋ જડ-ચેતનઅર્થો સાદિ અનાદિ પારિણામિક ભાવ ❋**

અનાદિ અને સાદિપારિણામિકાદિ ભાવો વડે જીવ અને પુદ્ગલો (અર્થો) જણાય છે તે આ પ્રમાણે કે જીવ એ ઉપયોગ સ્વરૂપ એવા જીવત્વ રૂપ અનાદિપારિણામિક ભાવ વડે જણાય છે. તેમજ દેવ, મનુષ્ય, નારક, તિર્યંચાદિ પરિણામોની અપેક્ષાએ સાદિપારિણામિક ભાવ વડે પણ જણાય છે. તથા પુદ્ગલો પણ અજીવતત્વ હોવાથી ઉપયોગલક્ષણરહિત અનુપયોગ સ્વરૂપ એવા અજીવતત્વ રૂપ અનાદિપારિણામિક વડે જણાય છે. તથા વિવિધ કૃષ્ણ, નીલાદિ સાદિ પારિણામિક ભાવો વડે જણાય છે. તેથી આ અજીવ અને જીવને 'અર્થ' કહેવાય.

વળી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તો અનાદિ પારિણામિક એવા ગતિ

१. निर्दिश्य मु. प्रा.(खं.भां.)। '...'. एतच्चिह्नितपाठो मु. पुस्तके नास्ति (खं,भां)

गति-स्थित्यवगाहस्वभावेन परिच्छिद्यन्ते, यतो न कदाचित् तामवस्थामत्याक्षुस्त्यजन्ति त्यक्ष्यन्ति वा। परतस्तु सादिपारिणामिकेनापि परिच्छिद्यन्ते एव, यथोक्तमाकाशादीनां त्रयाणां परप्रत्ययो नियमत इत्यतः परिच्छिद्यमानत्वादर्था इत्युच्यन्ते।।

श्रद्धानमित्यस्यार्थं निरूपयति- **श्रद्धानं तेष्विति**। अनेन **श्रद्धानमि**त्येतल्लक्षणं '**तेषु प्रत्ययावधारणमि**'ति कथयति। **तेषु** इति जीवादिषु।।

**ननु** च षष्ठ्यर्थं प्राक् प्रदर्श्य सप्तम्यर्थकथनमिदानीमसाम्प्रतमिति। **उच्यते**- एतत् कथयति, प्रायः षष्ठीसप्तम्योरभेद एव दृश्यते, यथा गिरेस्तरवः गिरौ तरव इति, ये हि तस्यावयवास्ते तस्मिन् भवन्ति, एवमत्रापि यज्जीवादीनां श्रद्धानं तज्जीवादिषु विषयेषु भवतीति न दोषः। **प्रत्ययावधारणमि**ति, प्रत्ययेन प्रत्ययात् प्रत्यये प्रत्ययस्यावधारणमिति। यदा तावत् प्रत्ययेनावधारणं,

*હેમગિરા*

- સ્થિતિ અને અવગાહનાના સ્વભાવ વડે ક્રમશઃ જણાય છે. કારણ કે આ ધર્માદિ દ્રવ્યો એ ક્યારે પણ પોતાના ગતિ આદિ સ્વભાવનો ત્યાગ કર્યો નથી, કે ત્યાગ કરશે નહીં. આ રીતે ધર્માદિ પણ અનાદિ પારિણામિક છે તે સિદ્ધ થયું. વળી આ ધર્માદિને પરપ્રત્યયથી સાદિ પારિણામિક તરીકે પણ કહી શકાય જેમ કે → જે આકાશમાં ઘટ મૂકેલો છે તે ઘટાકાશ કહેવાય અને જ્યારે ઘટ ખસેડી પટ મૂકાય તો ઘટાકાશ નાશ પામે, અને પટાકાશની આદિ થાય. આ રીતે ત્રણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં પર નિમિત્ત થકી (પર્યાયાપેક્ષાથી) નિયમા સાદિપણું ઘટે છે આ પ્રમાણે જીવાદિ પંચાસ્તિકાય અનાદિ સાદિ પારિણામિક ભાવ વડે જણાતા હોવાથી ''અર્થો'' કહેવાય છે. આ 'તત્ત્વાર્થ'પદને કહી હવે **श्रद्धानं** એટલે શું ? તે જણાવતાં કહે છે.

### ❋ પ્રત્યય-અવધારણાનું સ્વરૂપ ❋

શ્રદ્ધા એટલે તે જીવાદિ તત્ત્વોમાં જે પ્રતીતિની અવધારણા તે.

<u>પ્રશ્ન</u> :- પહેલા તો 'તત્ત્વોની (**तेषां**) શ્રદ્ધા' એમ છઠ્ઠી વિભક્તિ બતાવી હવે 'તત્ત્વો વિશે (**तेषु**) શ્રદ્ધા' એમ સપ્તમી વિભક્તિ કહેવી તે અનુચિત છે ?

<u>જવાબ</u> :- અનુચિત નથી, પ્રાયઃ છઠ્ઠી અને સપ્તમી વિભક્તિમાં સામ્ય છે, અભેદ છે. જેમ કે 'પર્વતના વૃક્ષો' કે 'પર્વતમાં વૃક્ષો.' બન્નેનો એક જ અર્થ છે. જે 'તેના' અવયવો હોય તે 'તેમાં' હોય. એમ અહીં પણ જે જીવાદિની શ્રદ્ધા તે 'જીવાદિ વિષયોમાં હોય છે' એમ કહેવામાં કોઈ દોષ નથી પ્રત્યયનો અર્થ પ્રતીતિ = જ્ઞાન. અવધારણાનો અર્થ નિશ્ચય = નિર્ણય કરવો. તે જીવાદિ તત્ત્વોની પ્રત્યય વડે, પ્રત્યય થકી, પ્રત્યયમાં, અથવા પ્રત્યયની જે અવધારણા તે **प्रत्ययावधारणम्** કહેવાય. જ્યારે આ પ્રત્યય વડે અવધારણા થાય ત્યારે ઈહા આદિ (આલોચન જ્ઞાન) વડે શ્રુત આદિને વિચારીને 'આ તત્ત્વ આમ જ છે.' એવું ચોક્કસ જ્ઞાન જીવને થાય છે. આશય એ છે કે ઈહા, અપાયાદિપૂર્વક થતા ચોક્કસ, તાત્ત્વિક જ્ઞાનનો નિશ્ચય. તેને અવધારણરૂપ કહેવાય છે. આ અવધારણએ કર્તરિ અને ભાવે બે પ્રયોગમાં લખાય છે. (૧) **કર્તરિ પ્રયોગ** :-

तदा आलोचनाज्ञानेन श्रुताद्यालोच्य एवमेतत् तत्त्वमवस्थितमित्यवधारयति। अवधारणमिति च कर्तरि भावे वा, जीवोऽवधारयति, [१]तस्य चावधारणं रुचिरिति।

अथवा प्रत्ययेनेति कारणेन निमित्तेनावधारणम्। किं निमित्तमिति चेत्, तदावरणीयकर्मणां क्षयः क्षयोपशमो वा, तेन निमित्तेनावधारयति 'एतदेव तत्त्वम्' अथवा उत्पत्तिकारणं प्रत्ययः स्वभावोऽधिगमो वा तेन प्रत्ययेन कारणेनेति, 'एवं तत्त्वमवस्थित'मित्यवधारयति। तस्माद् वा क्षयादिकादवधारणम्, सति वा तस्मिन्नवधारयति। षष्ठीपक्षेऽपि प्रत्ययस्य=विज्ञानस्यावधारणं अन्यमतपरिकल्पिततत्त्वादपास्य तद्विज्ञानं जैन एव तत्त्वेऽवधारयति, एतदेव तत्त्वं शेषोऽपरमार्थ इति। एवं तत्त्वार्थश्रद्धानमिति विवृतं पदं, सम्यग्दर्शनमिति तु पूर्वयोग एव विवृतं न तद् विवृणोति। एतत् पुनः सम्यग्दर्शनं कथमुत्पन्नं सत् परेण ज्ञायते किं चिह्नमस्योत्पन्नस्येति ? चिह्नं दर्शयति- **तदेवमित्यादि। तद्** इति तत्त्वार्थश्रद्धानं निर्दिशति। T**एवमि**त्यवयव[२]प्रविभागेन निर्धारितं प्रशमादिचिह्नमवबुध्यस्व।

• *હેમગિરા* •

જીવ અવધારણ કરે છે, અને તે જીવનું અવધારણ તે રુચિ કહેવાય. (આ પક્ષમાં કર્તાને આશ્રયી રુચિ કહી છે) અથવા (૨) **ભાવે પ્રયોગ** :- પ્રત્યય વડે એટલે કારણ કે નિમિત્ત વડે અવધારવું - તે અવધારણ = રુચિ કહેવાય. (આ પ્રયોગમાં રુચિમાં જે નિમિત્ત છે તેની પ્રધાનતા છે)

**❋ રુચિના નિમિત્ત કારણ + ઉત્પત્તિ કારણ ❋**

<u>પ્રશ્ન</u> :- અવધારણમાં નિમિત્ત શું છે ? <u>જવાબ</u> :- તે રુચિના આવરણીય કર્મોના જે ક્ષય કે ક્ષયોપશમ તે નિમિત્ત છે.

આ ક્ષય - ક્ષયોપશમ રૂપ નિમિત્ત વડે અવધારવું (શ્રદ્ધા કરવી) કે ''આ જ તત્ત્વ છે'' તે પ્રત્યય અવધારણ કહેવાય છે. અથવા સમકિતની ઉત્પત્તિના કારણને પ્રત્યય કહેવાય અને સ્વભાવ અથવા અધિગમ આ બે પ્રત્યયરૂપ કારણો વડે 'તત્ત્વ આ પ્રમાણે જ છે' તેવી અવધારણા થાય છે તે પ્રત્યય અવધારણ કહેવાય છે. પ્રત્યયથકી અવધારણ :- ક્ષયાદિ પ્રત્યયથી (કારણ થકી) જે અવધારણ તે. પ્રત્યયમાં અવધારણ :- તે ક્ષયાદિ હોવા સાથે જે અવધારણ થાય તે. પ્રત્યયનું = વિજ્ઞાનનું અવધારણ = અન્ય મતમાં કલ્પાયેલ તત્ત્વોમાંથી વિજ્ઞાન (શ્રદ્ધા)ને દૂર કરીને તે શ્રદ્ધારૂપ વિશિષ્ટ જ્ઞાનને જૈનમતાવલંબી તત્ત્વ વિશે જ અવધારણ કરવું કે 'આ જ તત્ત્વ છે, પરમાર્થ છે, અન્યશેષ પરમાર્થ નથી.' એવો જે જ્ઞાનનો નિશ્ચય તે પ્રત્યયનું અવધારણ કહેવાય. આ રીતે '**तत्त्वार्थश्रद्धानं**' પદનું વિવરણ થયું. **सम्यग्दर्शनं** પદ તો પૂર્વે પ્રથમ સૂત્રમાં કહેવાઈ ગયું છે. તેથી અહીં નથી કહેતાં.

**❋ સમ્યગ્દર્શનના લક્ષણને ઓળખીએ ❋**

વળી આ સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા પછી બીજા વડે કઈ રીતે જણાય ? ઉત્પન્ન થયેલ આ સમ્યગ્દર્શનની નિશાની શું છે ? તે દર્શાવતાં **तदेवम्** ઇત્યાદિ પદોને કહે છે. → આમાં **तत्** શબ્દ

१. 'जीवस्य' इत्यर्थः। २. प्रविभा° मु. °प्रतिवि° मु.प्रा.(खं)। T. परि.५ टि.६।

**भाष्य– तदेवं प्रशम-संवेग-निर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति।।२।।**

सुपरीक्षितप्रवक्तृप्रवाच्यप्रवचनतत्त्वाभिनिवेशाद् दोषाणामुपशमात् **प्रशम** इत्युच्यते, इन्द्रियार्थ-परिभोगव्यावृत्तिर्वा प्रशमः, तस्य प्रशमस्याभिव्यक्तिः=आविर्भावश्चिह्नं=लक्षणं भवति सम्यग्दर्शनस्य। यो ह्यतत्त्वं विहायात्मना[1] तत्त्वं प्रतिपन्नः स लक्ष्यते सम्यग्दर्शनसम्पन्न इति।

**संवेगः**- सम्भीतिः जैनप्रवचनानुसाराद् यस्य भयं नरकादिगत्यवलोकनाद् भवति, त एवं जीवाः स्वकृतकर्मोदयान्नरकेषु तिर्यक्षु मनुजेषु महद् दुःखं शारीर-मानसं[2] शीतोष्णादिद्वन्द्वापातजनितं भारारोपणाद्यनेकविधं दारिद्र्य-दौर्भाग्यादि चानुभवन्ति[3] यद्[4] यथैतद् न [5]भविष्यति तथा यत्नं करोमि इत्यनेनापि संवेगेन लक्ष्यते, समस्त्यस्य सम्यग्दर्शनमिति।

**निर्वेदो**=विषयेष्वनभिष्वङ्गोऽर्हदुपदेशानुसारितया यस्य भवति, यथेहलोक एव प्राणिनां दुरन्त-कामभोगाध्यवसायोऽनेकोपद्रवफलःपरलोकेऽप्यतिकटुकनरकतिर्यग्मनुष्यजन्मफलप्रद इत्यतो न किञ्चि-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તે આ પ્રમાણે-પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યથી અભિવ્યક્ત (પ્રગટ) થાય છે સ્વરૂપ જેનું એવી તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.**

એ **तत्त्वार्थश्रद्धानं**નું સૂચક છે. **'एवम्'** શબ્દથી "સમ્યક્ત્વ માટે નિર્ધારિત કરાયેલ જુદા જુદા પ્રશમાદિ ચિહ્નોને પણ આ પ્રમાણે જાણો." એવું નિર્દેશ કર્યું છે.

### ❋ સમ્યક્ત્વના પ્રશમાદિ ૫ લક્ષણ ❋

<u>પ્રશમ</u> :- પરીક્ષા કરીને સારી રીતે પીછાણી લીધેલા પ્રવકતા (દેવ-ગુરૂ), પ્રવાચ્ય (પ્રતિપાદ્ય ધર્માદિ) અને પ્રવચન (પ્રેરણાત્મકઉપદેશ) વિશે અભિનિવેશ અચલ શ્રદ્ધાપૂર્વક સ્વીકારથી ક્રોધાદિ દોષોનો જે ઉપશમ તે. અથવા ઈન્દ્રિયજન્ય વિષયોના પરિભોગની વ્યાવૃત્તિ=બાદબાકી તે પ્રશમ. આ પ્રશમનું પ્રકટીકરણ થવું તે સમ્યગ્દર્શનનું ચિન્હ છે. ખરેખર જે વિષય-કષાયરૂપ અતત્ત્વોને મૂકી તત્ત્વનો આત્માથી સ્વીકાર કરે છે તે સમ્યગ્દર્શનથી યુક્ત ચોક્કસ છે એમ કહી શકાય.

<u>સંવેગ</u> :- વિશેષ ભય. જિનવચનાનુસાર નરકગતિ આદિના કટુ વિપાકો જોઈ-જાણી જેને (શબ્દ આદિ વિષયોમાં) વિશેષ ભય (અત્યંત અરુચિ) થાય છે. તે જ જીવો સંવેગના પરિણામવાળા થાય છે અર્થાત્ જીવો પોતાના કરેલા કર્મોદયને લીધે નરકમાં અનેક શારીરિક, માનસિક, શીત, ઉષ્ણાદિ કલેશ રૂપ દ્વન્દ્વથી ઉત્પન્ન થયેલ મોટા દુઃખો, તેમજ તિર્યંચના અવતારમાં ભારારોપણાદિ અનેક પ્રકારના દુઃખો, મનુષ્યના અવતારમાં દુર્ભાગ્ય, દરિદ્રતા આદિ જે અનેક મોટા દુઃખોને અનુભવે છે. તેથી "તે આ મહા દુઃખો જે રીતે ન આવે તેવો પ્રયાસ હું કરું" આવો સંવેગનો પરિણામ જે જીવમાં હોય તે પરિણામથી પણ તે જીવમાં સમ્યગ્દર્શન છે તેવી અભિવ્યક્તિ થાય છે.

<u>નિર્વેદ</u> :- અરિહંત પ્રભુના ઉપદેશ પ્રમાણે સ્પર્શાદિ વિષયોની અરુચિ અનાસક્તભાવ પેદા

१. 'स्वरुच्या, न तु परोपरोधेन' इत्यर्थः २. मानसशीत' मु.(ख,भां)। ३. भवति मु.प्रा.(भां)। ४. तद् (रा.)। ५. भवति पा.।

दनेन उज्झितव्य-एवायमतिप्रयत्नेनेत्येवंविधनिर्वेदाभिलक्ष्यं सम्यग्दर्शनमिति।

**अनुकम्पा**=卐घृणा=कारुण्यं सत्त्वानामुपरि, यथा सर्व एव सत्त्वाः सुखार्थिनो दुःखप्रहाणार्थिनश्च, नैतेषामल्पाऽपि पीडा मया कार्येति निश्चित्य चेतसाऽऽर्द्रेण प्रवर्त्तते स्वहितमभिवाञ्छन्नित्यनेनापि चिह्न्यते रुचिस्तत्त्वप्रवणा।

**आस्तिक्यमिति** अस्त्यात्मादिपदार्थकदम्बकमित्येषा मतिर्यस्य स आस्तिकः तस्य भावः तथा-परिणामवृत्तिता आस्तिक्यम्, सन्ति खलु जैनेन्द्रप्रवचनोपदिष्टा जीवपरलोकादयः सर्वेऽर्था अतीन्द्रिया इति, एवंरूपेणाप्यास्तिक्येन ज्ञायते सम्यग्दर्शनयुक्तोऽयमिति। अत एवैषां प्रशम-संवेग-निर्वेदा-नुकम्पास्तिक्यानां **अभिव्यक्तिः**=उद्भवो=जन्म सैव **लक्षणं**=चिह्नमस्योत्पन्नस्येति। ⌈मौनीन्द्रप्रवचनानुसाराच्च यदा प्रशमादय आश्रीयन्ते तदा यदपरे नोदयन्ति मिथ्यादृष्टेरप्येवं सम्यग्दर्शनं चिन्ह्येतेति तद् दूरापास्तं भवति। नहि तेषामर्हदुपदेशानुसारात् प्रशमादयो जायन्ते, तद्विपरीतमिथ्याज्ञानसमन्वयात्

• *હેમગિરા* •

થાય તે નિર્વેદ છે. તે આ રીતે કે આ સ્પર્શાદિ વિષયોના કામ-ભોગના અધ્યવસાયો = વાસના દુરન્ત (દુઃખે કરી અંત લાવી શકાય તેવા) છે. "આ લોકમાં અનેક ઉપદ્રવ રૂપ ફળવાળા છે તથા પરલોકમાં પણ અતિ કટુ એવાં નરક, તિર્યંચ, મનુષ્યના જન્મરૂપ ફળને આપનાર છે. તેથી અત્યંત દુખદાયી આ ભોગ વડે સર્યું. ઘણા યત્નપૂર્વક પણ આ ત્યજવા યોગ્ય જ છે" આવો જે નિર્વેદનો પરિણામ તે જીવમાં સમ્યગ્દર્શનને સૂચવનાર છે.

<u>અનુકંપા</u> :- 卐'ઘૃણા'=જીવો ઉપરની કરૂણા. જેમકે- જગતમાં રહેલ સર્વ જીવો સુખના અર્થી છે. કોઈ દુઃખના અર્થી નથી, પણ દુઃખનો નાશ કરવાના ઈચ્છુક છે તેથી જ "મારે કોઈને અલ્પ પણ પીડા ન કરવી" આવો નિશ્ચય કરી સંવેદનશીલ હૃદયથી પોતાના હિતને ઈચ્છતો પ્રવર્તે છે.. આ 'અનુકંપા' ગુણથી તાત્ત્વિકરુચિરૂપ સમ્યગ્દર્શન જીવમાં છે તે જણાઈ આવે છે. <u>આસ્તિકય</u> :- "આત્મા આદિ તત્ત્વોનો સમૂહ સત્ છે." તેવી મતિ છે જેની તે આસ્તિક અને જીવમાં રહેલો આસ્તિકતાનો જે પરિણામ તે 'આસ્તિક્ય'. જિનેશ્વરના પ્રવચનમાં કહેવાયેલા જીવ, પરલોકાદિ સર્વે અતીન્દ્રિય અર્થો તે વાસ્તવિક સ્વરૂપ જ છે." આવા આસ્તિકતાના પરિણામથી જીવ સમ્યગ્દર્શન યુક્ત છે તે જણાઈ આવે છે.

### ❋ ....તો જ પ્રશમાદિ સમ્યગ્દર્શનના લક્ષણ બની શકે ❋

આ પ્રમાણે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યની અભિવ્યક્તિ = ઉદ્ભવ, જન્મ એ સમ્યગ્દર્શન ઉત્પન્ન થયાની નિશાની છે. જો કોઈ એમ કહેતું હોય કે આ પ્રશમાદિ લક્ષણો મિથ્યાત્વીમાં જ્યારે જોવા મળે, ત્યારે તેઓ (મિથ્યાત્વી)માં પણ સમકિત રહેલુ છે એવું કહેવાની આપત્તિ આવશે અર્થાત્ સમક્તિના લક્ષણ મિથ્યાત્વમાં અતિવ્યાપ્ત થશે. આના જવાબમાં ટીકાકાર

१. 'तियत्ने' । २. कर्तव्ये' रा.। ३. सर्वेषामती' पा.। ४. दुरादपा' पा.। 卐. घ्रियते=सिच्यते हृदयमनया इति घणा (घृ.सेके) T. परि.५ टि.७।

## सूत्रम्- तन्निसर्गादधिगमाद् वा।।१-३।।

**भाष्य– तद्=एतत् सम्यग्दर्शनं द्विविधं भवति। निसर्गसम्यग्दर्शनम् अधिगमसम्यग्दर्शनं च।**

तु यथाकथञ्चिदविदितपरमार्थाः प्रवर्त्तमानाः प्रशमादिवातेन पीड्यन्ते। सम्प्रति व्याख्याय रुचेर्लक्षणं निगमयति– **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति**। सामानधिकरण्यं चातः कृतवान्, न यतोऽस्त्यनयोरन्य-त्वरूपो भेद इति यथाग्नेर्भिन्नरूपो धूमः, यथाऽग्निरुष्ण इत्येवं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति।।२।।

एवं निर्धारिते सम्यग्दर्शनस्वरूपे आह– सर्वं ह्युत्पद्यमानं वस्तु हेतुमपेक्ष्योत्पद्यते घटादय इव मृदादिना, एवमिदं प्रागवस्थायां मिथ्यादृष्टेरप्रकटीभूतमुत्तरकालमुपजायमानं प्रशमादिना लक्ष्यते, तस्य पुनरुत्पत्तौ को हेतुरित्युच्यते– **तच्छब्द** एतच्छब्दार्थे मत्वेत्याह- **तद्=एतदिति**। **एतदित्युक्ते**ऽप्यनेकस्य विषयस्य प्रत्यक्षस्य एतच्छब्दवाच्यस्य सम्भवात् प्रकृतेन व्यवच्छेदं करोति **सम्यग्दर्शन**मिति। निमित्त-

• *હેમગિરા* •

**<u>સૂત્રાર્થ</u> :- તે સમ્યગ્દર્શન નિસર્ગ અને અધિગમરૂપ બે હેતુથી ઉત્પન્ન થાય છે.॥૧-૩॥**

**<u>ભાષ્યાર્થ</u> :- તે આ સમ્યગ્દર્શન બે પ્રકારનું હોય છે. નિસર્ગ સમ્યગ્દર્શન અને અધિગમ સમ્યગ્દર્શન**

કહે છે કે જો જિનવચનાનુસાર આ પ્રશમાદિ ગુણો હોય તો જ સમકિતના લક્ષણ તરીકે જાણવાં. મિથ્યાત્વીમાં જિનવચનાનુસાર પ્રશમાદિ ગુણો નથી હોતા અને તેઓ મિથ્યાજ્ઞાનથી યુક્ત હોય છે. તેથી તેઓ પરમાર્થને નહીં જાણતા લોકેષણા, સ્વાર્થમતિ આદિના કારણે જેમ તેમ પ્રવર્તતા પ્રશમાદિ રૂપ વાયુથી પીડાય છે. (આશય એ છે કે મિથ્યાત્વીમાં રહેલા તપ, પ્રશમાદિ જિનાજ્ઞાનુસારી ન હોવાથી તે સમકિતના લક્ષણરૂપ ન કહી શકાય.)

રુચિના લક્ષણને કહી નિગમન (ઉપસંહાર) કરતાં કહે છે કે - **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति** આમાં પૂર્વપદ '**तत्त्वार्थश्रद्धानं**' અને ઉત્તર પદ '**सम्यग्दर्शनं**' એ બન્ને સમાનાધિકરણ છે. એક જ લિંગ-વચનાદિવાળા છે. તેનો અર્થ એ થયો કે આ બેમાં અન્યત્વ રૂપ કોઈ ભેદ નથી જેમ અગ્નિ-ધૂમ ભિન્ન છે, તેમ અહીં ભેદ નથી પણ 'ઉષ્ણ-અગ્નિ'ની જેમ અભેદ છે. આશય એ કે તત્ત્વાર્થ શ્રદ્ધા એ સમ્યગ્દર્શનનું અભેદભાવે લક્ષણ છે, ભેદરૂપે લક્ષણ નથી.॥ ૨ ॥

**ત્રીજા સૂત્રની અવતરણિકા** :- આ પ્રમાણે સમ્યગ્દર્શનનું સ્વરૂપ નિર્ધારિત થએ છતે કોઈ પ્રશ્ન કરે છે કે ઉત્પન્ન થતી સર્વ વસ્તુ કોક હેતુને અપેક્ષીને ઉત્પન્ન થાય છે જેમ ઘટાદિ કાર્યો માટી આદિને આશ્રયી ઉત્પન્ન થાય, તેમ મિથ્યાદષ્ટિને પૂર્વ અવસ્થામાં અપ્રગટીભૂત (નહીં પેદા થયેલ) સમ્યગ્દર્શન, ઉત્તર કાળમાં ઉત્પન્ન થાય છે. અને જે પ્રશમ-સંવેગ આદિ ચિન્હોથી ઓળખાય છે. તેવા આ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં હેતુ કોણ છે ? એ પ્રશ્નનો જવાબ આપતા ત્રીજા સૂત્રમાં કહે છે.→ સૂત્રમાં લખાયેલ '**तत्**' શબ્દ '**एतत्**' શબ્દના અર્થમાં છે.

### ❋ દ્વિવિધ સમ્યગ્દર્શનની વિમર્શના ❋

'**एतद्**' સર્વનામ અનેક પ્રત્યક્ષ વિષયોનું વાચક હોવાથી, અન્ય વિષયોની બાદબાકી

**भाष्य- निसर्गादधिगमाद् वोत्पद्यते इति द्विहेतुकं द्विविधं ।**

द्वयेनोपजायमानत्वाद् **द्विविधमि**त्याह, न पुनरत्र मुख्यया वृत्त्या भेदः प्रतिपादयितुमिष्टः, कारणस्य पृष्टत्वादिति, तेनैव निमित्तद्वयेन व्यपदिशन्नाह- **निसर्गसम्यग्दर्शनं अधिगमसम्यग्दर्शनं चे**ति।

आत्मनस्तीर्थकराद्युपदेशदानमन्तरेण स्वत एव जन्तोर्यत् कर्मोपशमादिभ्यो जायते तत् **निसर्ग-सम्यग्दर्शनम्** यत् पुनस्तीर्थकराद्युपदेशे सति बाह्यनिमित्तसव्यपेक्षमुपशमादिभ्यो जायते तत् **अधिगम-सम्यग्दर्शनमि**ति। **च** शब्दो भिन्ननिमित्तप्रदर्शनपरो निसर्गसम्यग्दर्शनस्य 'निसर्ग एव प्रयोजनमितरस्य त्वधिगम एव, न पुनरेकस्यैव सम्यग्दर्शनोत्पत्तौ द्वयं निमित्तं भवतीति एतदेव चासमासकरणे प्रयोजनं चशब्देन द्योतितमिति इतरथा ह्येवं वक्तव्यं स्यात् निसर्गाधिगमाभ्यामिति **वा**शब्दोऽपि च न कर्तव्यो भवति एकस्यैवोभयरूपस्य निमित्तस्याश्रितत्वादिति। तदेवं लघुनोपायेन सिद्धेऽर्थे यद् भिन्नविभक्तितां शास्ति तत् कथयति–भिन्ने खल्वेते[1] कारणे।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અથવા તો નિસર્ગ કે અધિગમ આમ બે હેતુથી ઉત્પન્ન થતું હોવાથી આ સમ્યગ્દર્શન દ્વિહેતુક (બે પ્રકારે) કહેવાય છે.**

કરતા, પ્રસ્તુતમાં શું વિષય ગ્રહણ કરવો ? તે દર્શાવવા **सम्यग्दर्शनं** પદ લખ્યુ છે. આ દર્શન બે નિમિત્તોથી થાય છે એ જણાવવા '**द्विविधं**' પદ છે. અહીં મુખ્યવૃત્તિથી સમ્યગ્દર્શનના બે ભેદો કહેવા ઈષ્ટ નથી કારણ કે આ સૂત્રની અવતરણિકામાં સમકિતના કારણો કયાં છે તે અંગે પ્રશ્ન કરાયો છે તેથી તે બે નિમિત્ત (કારણ) થકી જ ''નિસર્ગ સમ્યગ્દર્શન અને અધિગમ સમ્યગ્દર્શન'' સમકિતનો વ્યપદેશ કરે છે. તીર્થંકરાદિના ઉપદેશ વિના આપ મેળે જ જીવને કર્મના ઉપશમાદિ ભાવો વડે જે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય તે નિસર્ગ સમ્યગ્દર્શન છે. જે તીર્થંકરાદિના ઉપદેશ થકી બાહ્ય નિમિત્તાદિને અપેક્ષીને ઉપશમાદિ વડે ઉત્પન્ન થાય તે અધિગમ સમ્યગ્દર્શન છે.

ભાષ્યમાં '**च**' શબ્દ બન્ને સમકિત ભિન્ન નિમિત્તવાળા છે તેનો સૂચક છે. અર્થાત્ નિસર્ગ સમકિતમાં નિસર્ગનું જ પ્રયોજન છે અને અધિગમ સમકિતમાં અધિગમનું જ પ્રયોજન છે. આશય એ કે એકજ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં બે નિમિત્તોનું પ્રયોજન નથી. તે બાબતને જ જણાવવા વાચકપ્રવરશ્રીએ સૂત્રમાં સમાસ કર્યો નથી. જે આ '**च**' કારથી જણાઈ આવે છે જો એવું (બે સમકિતના બે ભિન્ન નિમિત્તો છે) ન કહેવું હોય તો સમાસ કરીને '**निसर्गाधिगमाभ्याम्**' એવું સૂત્ર બનાવી શકે. તેમજ જો એક જ સમ્યગ્દર્શનને આશ્રિત બંન્ને = ઉભય નિમિત્તો છે તેમ કહેવુ હોય તો પછી '**वा**' શબ્દ પણ સૂત્રમાં ન જોઈએ અને આ પ્રમાણે '**निसर्गाधिगमाभ्याम्**' આ લઘુ સૂત્ર રૂપ ઉપાયથી પણ ઈષ્ટ અર્થ સિદ્ધ થઈ શકત, છતાં પણ જે ભિન્ન વિભક્તિવાળું યથોકત સૂત્ર કર્યું છે તેનાથી સિદ્ધ થાય છે કે ખરેખર બે સમકિતમાં બે ભિન્ન કારણ છે.

१. खल्वेव रा.।

**अथ** कथं तदेवं व्यपदिश्यते निसर्गसम्यग्दर्शनं कथं वाऽधिगमव्यपदेशं प्रतिपद्यत इत्यत **आह- निसर्गादधिगमाद् वोत्पद्यत** इति। **इति** तस्मादित्यस्यार्थे, यच्छब्दस्तु यत्तदोर्नित्यसम्बन्धादेव नीयते, यस्मान्निसर्गादधिगमाच्च कारणादुपजायते तस्मात् तेनैव व्यपदिश्यते यवाङ्कुरवत्, यत्तदपूर्वकरणानन्तरभाव्यनिवृत्तिकरणं तत् निसर्ग इति भण्यते। तस्मात् कारणात् निसर्गाख्यादुत्पद्यते याऽसौ रुचिः सा कार्याख्या।

तथा योऽसौ बाह्य उपदेशः स यत्र हेतुर्भवति तत उत्पद्यते या रुचिः सा तत्कार्या[1] भवतीत्येवं कार्या रुचिः कारणं निसर्गोऽधिगमो वेति। एवं च कार्यकारणभावे दर्शिते नोदक आह- यदि मुख्यया वृत्त्या हेतुः प्रतिपाद्यते सूत्रेण तथा सति किमेवं पुरस्ताद् व्यपादेशि भवता

*હેમગિરા*

## ❋ કારણના ભેદે કાર્યનો ભેદ ❋

<u>શંકા</u> :- નિસર્ગ સમ્યગ્દર્શન અને અધિગમ સમ્યગ્દર્શન એવા નામોથી જ તે સમકિતનો વ્યપદેશ કેમ કરાય છે?

<u>સમાધાન</u> :- આ સમકિત નિસર્ગ અને અધિગમરૂપ કારણથી ઉત્પન્ન થાય છે માટે તે નામોથી સમકિતનો વ્યપદેશ થાય છે. ભાષ્યનો પ્રથમ '**इति**' શબ્દ '**तस्मात्**' (તેથી)ના અર્થમાં છે. '**यत्**' અને '**तत्**'નો નિત્ય સંબંધ હોય છે. '**निसर्गादधिगमाद्वोत्पद्यत**'માં પણ **यत्-तत्** સર્વનામ સાથે અન્વય કરવો તે આ રીતે → જે કારણથી નિસર્ગ-કારણથી અને અધિગમ- કારણથી સમકિત ઉત્પન્ન થાય છે. **તેથી** નિસર્ગ સમકિત અને અધિગમ સમકિત એ પ્રમાણે કહેવાય છે. આમ સમકિતના કારણ તરીકે નિસર્ગ અને અધિગમ હોવાથી સમકિતનો વ્યપદેશ પણ તે જ નામથી થાય છે. જેમ જ્યાં જવ વાવ્યા હોય ત્યાં જવના જ અંકુર હોય બીજા નહીં. જવના અંકુર માટે જવ (બીજ)એ કારણ બને છે માટે તે અંકુરને (કાર્યમાં કારણનો ઉપચાર કરી) યવાંકુર જ કહેવાય. અપૂર્વકરણ પછી થતું જે અનિવૃત્તિ કરણ છે તે જ નિસર્ગ છે. એવા તે નિસર્ગ રૂપ કારણથી થતું રુચિ રૂપ કાર્ય તે નિસર્ગથી થનારી રુચિ કહેવાય છે. તેમજ જ્યાં બાહ્ય ઉપદેશાદિ હેતુ બને અને તેનાથી જે રુચિ (કાર્ય) પેદા થાય તે રુચિ બાહ્ય અધિગમરૂપ કારણથી થનાર કહેવાય. આમ રુચિ એ કાર્ય છે અને નિસર્ગ અને અધિગમ એ બે કારણ છે. આવા કાર્ય-કારણભાવને સાંભળીને શંકાકાર આ પ્રમાણે પ્રશ્ન કરે છે.

<u>શંકા</u> :- આપણા વડે જો, મુખ્ય વૃત્તિથી હેતુ તરીકે જ નિસર્ગ-અધિગમને સૂત્રમાં સ્વીકારાયા છે. તો પાછળથી ભાષ્યમાં 'સમ્યગ્દર્શન બે પ્રકારના છે' એવું કેમ કહ્યું ? એમ કહેવું જોઈતું હતું કે 'તે સમ્યગ્દર્શનના બે હેતુ છે' વળી આ બે હેતુઓ જે સૂત્રમાં પ્રતિપાદિત છે તે જ

१. सा तत्त्कार्या° सं.रा।

**भाष्य- निसर्गः परिणामः स्वभावः अपरोपदेश इत्यनर्थान्तरम्।**

तदेतत्- सम्यग्दर्शनं द्विविधमिति ? एवं तु वाच्यमासीत्- तस्य सम्यग्दर्शनस्य द्वौ हेतू इति, तावेव सूत्रप्रतिपाद्यौ हेतू प्रदर्शनीयौ, न पुनः सूत्रेणानभिसमीक्षितं द्विविधत्वमित्येवं पर्यनुयुक्तः स्माह- **द्विहेतुकं द्विविधमिति**। द्वौनिसर्गाधिगमाख्यौ प्रत्येकं असमासकरणज्ञापितौ हेतू यस्य तद् द्विहेतुकम्, स तु द्विविधमिति मया व्यपदिष्टं, एतत् कथयति कारणद्वैरूप्यात् कार्यद्वित्वं न पुनर्मुख्यभेदप्रतिपादनं प्रेप्सितं, इह तु सूत्रे **निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानत** इति (१-७)।

विधानग्रहणात् क्षयसम्यग्दर्शनादिविधानं प्रतिपादयिष्यते। **यदि** तर्हि उत्पत्तौ निसर्गः कारणमभ्युपेयते तथा सति वाच्यो निसर्गः किमात्मकोऽसाविति ? **उच्यते– निसर्गः परिणामः स्वभावः अपरोपदेश इत्यनर्थान्तर**मित्यादि। निसृज्यते=त्यज्यतेऽसौ कार्यनिवृत्तौ सत्यामिति **निसर्गः**, नहि कार्ये उत्पन्ने कारणेनापेक्षितेन किञ्चित् प्रयोजनमस्ति, उत्पन्ने हि सम्यग्दर्शने अनिवृत्तिकरणं त्यज्यते, प्रयोजनाभावात्, न चात्यन्तं तस्य त्यागमभ्युपगच्छामो, यतस्तदेव कारणं तेनाकारेण परिणतमिति, उत्फण-विफण-प्रसारिताकुण्डलितभुजङ्गवत्, उत्फणपरिणामेन योऽहिरजनिष्ट स एव विगतफणो

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- નિસર્ગ, પરિણામ, સ્વભાવ, અપરોપદેશ આ બધા એકાર્થિક શબ્દો છે.**

બે ભાષ્યમાં દર્શાવવા ઉચિત હતા, પણ સૂત્રમાં જે કહેવાયું નથી તેવા બે પ્રકારને ભાષ્યમાં દર્શાવવા યુક્ત નથી.

<u>સમાધાન</u> :- સૂત્રમાં સમાસ નહીં કરવા વડે જણાવેલા બે ભિન્ન હેતુઓ નિસર્ગ અને અધિગમ છે. આ બે હેતુ છે જેમાં તે **દ્વિહેતુક** સમ્યગ્દર્શન છે. તે દ્વિહેતુક સમ્યગ્દર્શન જ દ્વિવિધ = બે પ્રકારે છે એમ **मया** = ભાષ્યકાર વડે કહેવાયું છે. કહેવાનો આશય એ છે કે કારણના **દ્વિત્વ**ને લઈને કાર્યનું **દ્વિત્વ** છે. અર્થાત્ મુખ્યવૃત્તિની અપેક્ષાએ સમ્યગ્દર્શનના બે પ્રકાર નથી પણ હેતુ ભેદની અપેક્ષાએ ઉપચારથી બે પ્રકાર છે. વળી આ જ અધ્યયનના સૂત્ર ૭માં નિર્દેશ, સ્વામીત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાન દ્વારો થકી સમકિતને વર્ણવશે. અને ત્યાં વિધાન દ્વારમાં મુખ્ય વૃત્તિથી કાર્યરૂપ સમકિતના 'ક્ષય, ક્ષયોપશમ આદિ વિધાન = ભેદોનું પ્રતિપાદન કરશે.

### * નિસર્ગના એકાર્થક નામોને ઓળખીએ *

<u>પ્રશ્ન</u> :- જો સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં 'નિસર્ગ' કારણ છે તો તે નિસર્ગ કેવા પ્રકારનું હોય છે એ જણાવો ? <u>જવાબ</u> :- નિસર્ગ, પરિણામ, સ્વભાવ, અપરોપદેશ આ બધા એકાર્થિક શબ્દો છે. ભાવાર્થ આ પ્રમાણે છે કે **નિસર્ગ** :- જે ત્યાગ કરાય તે. અર્થાત્, કાર્ય નિષ્પન્ન થએ છતે જેનો ત્યાગ-વિસર્જન કરાય તે નિસર્ગ, કારણ કે કાર્ય બની ગયા પછી પૂર્વ અપેક્ષિત કારણનું કોઈ પ્રયોજન હોતું નથી. તેથી સમ્યગ્દર્શન ઉત્પન્ન હોવા છતાં અનિવૃત્તિ કરણનો ત્યાગ કરાય છે. કારણ કે તેના પ્રયોજનનો અભાવ છે.(અનિવૃત્તિકરણનું પ્રયોજન સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરવાનું છે.)

मुकुलमाधाय सन्तिष्ठते, उत्थितासीन-शयित-निकुटितपुरुषवद्, वा उत्थितोऽपि पुरुषः पुरुष एव निषण्णः शयितो वा, नावस्थामात्रभेदादवस्थावतो भेदः शक्योऽभ्युपेतुम्, परिशटितपत्राङ्गारकित-पुष्पितपलाशवद् परिणामस्यानेकरूपत्त्वात्। परिणामिनोऽन्वयिद्रव्यस्य न सर्वथा भेदस्तत्त्वात्।

एवमिहाप्यनिवृत्तिरूपो निसर्गः **परिणामः** सम्यग्दर्शनाकारेण वर्तते, **पूर्वावस्थां** विहाय परिणामः, अन्वयि जीवद्रव्यं तु ध्रुवं परिणामि चोक्तम्, सृजेः परिणामेऽप्रतीतत्वात् **स्वभाव** इत्याह। यतः परिणामो हि प्रयोगेण घटादीनां विस्रसा चाभ्रेन्द्रधनुरादीनां दृष्ट इत्यतः वैस्रसिकपरिणामं कथयत्यनेन, नासावन्येन प्राणिना तस्य क्रियतेऽनिवृत्तिरूपपरिणाम इति, स्वेनैवात्मनाऽसौ भावो जनित इति **स्वभाव** इत्युच्यते, नार्थान्तरवृत्तित्वमस्ति व्यवहारात्, निश्चयात् तु सर्वशब्दानां भिन्नार्थत्वम्। स

• *હેમગિરા* •

### ❊ પરિણામના ભેદે પરિણામિનો સર્વથા ભેદ નથી ❊

જો કે અમે આ કારણનો અત્યંત ત્યાગ નથી માનતા કારણ કે આ હેતુનું જ કાર્ય રૂપે પરિણમન થાય છે. અર્થાત્ કારણ જ કાર્યનો આકાર લે છે. જેમ સર્પ પોતાની ફણાને ઉંચી-નીચી કરવા થકી, પ્રસારણ અને સંકુચિત (કુંડલાકારની) અવસ્થા થકી વિવિધ અવસ્થાવાળો જણાય છે. છતાં સર્પ તો એક જ છે. પણ આકારભેદથી ભેદવાળો જણાય છે. જે સર્પ ફણાને ઊંચી કરવા વડે જે પ્રસારિત આકાર ધારણ કરનાર છે તે જ સર્પ ફણાને સંકોચી દઈને કુંડલાકારને ધારણ કરે છે. આટલા માત્રથી સર્પ બદલાઈ જતો નથી.

જેમ ઉભેલો-બેસેલો-સૂતેલો કે સંકુચિત ઇત્યાદિ વિવિધ આકારવાળો પુરુષ એક જ છે. સુવું વિગેરે અવસ્થા ભેદથી કાંઈ અવસ્થવાન્ પુરુષમાં સર્વથા ભેદ ન થાય. ઉભેલો પણ પુરુષ- તે જ પુરુષ છે કે જે સુતેલો-બેસેલો હતો. એ જ રીતે એક જ ખાખરાના ઝાડની અનેક અવસ્થાઓ બની શકે, જેમ કે ખરી પડેલા પાંદડાવાળું, સુંદર ખીલી ગયેલા લાલ પુષ્પવાળું, આ અવસ્થા ભેદે પણ ઝાડ તો એક જ હોય છે. આશય એ છે કે વિભિન્ન પરિણામો (અવસ્થાઓ)થી પરિણામી એવું અન્વયી દ્રવ્ય સર્વથા ભિન્ન નથી. આ પ્રમાણે અહીં પ્રસ્તુતમાં પણ અનિવૃત્તિ કરણ રૂપ જે નિસર્ગ પરિણામ છે તે જ પૂર્વાવસ્થાને છોડીને સમ્યગ્દર્શનના આકાર રૂપે વર્તે છે. અને અન્વયી એવું આત્મ દ્રવ્ય તે પરિણામી છે જે એક જ (ધ્રુવ) છે. વળી આ સમ્યગ્દર્શનનો પરિણામ બીજાકોઈ (પ્રયોગ)થી સર્જન નથી કરાયો પણ સ્વતઃ ઉત્પન્ન થયો છે તેથી આ પરિણામમાં(પ્રયોગજન્ય) સર્જનાત્મક પ્રતીતિ ન થતી હોવાથી. આ પરિણામને "સ્વભાવ" પણ કહેવાય છે. કારણ કે પરિણામ પણ બે પ્રકારે છે -

**૧. પ્રાયોગિક પરિણામ** :- પ્રયત્નથી થનારા પરિણામ. કુંભકારાદિથી બનતા ઘટ વગેરે પ્રયોગ રૂપ પરિણામો છે.

**૨. વૈસ્રસિક પરિણામ** :- સ્વભાવિક રીતે થનારા પરિણામ. સહજતાથી સ્વભાવિક રીતે બનતાં ઈન્દ્રધનુષાદિ (Rainbow) જે દેખાય છે તે વિસ્રસા રૂપ પરિણામો છે. નિસર્ગ સમ્યગ્દર્શન એ

**भाष्य- ज्ञान-दर्शनोपयोगलक्षणो जीव इति वक्ष्यते (२-८)।**

पुनरनिवृत्तिस्वरूपपरिणामः कस्य भवति कथं वा प्राप्यते ? इत्युक्ते उत्तरं भाष्यमाह- **ज्ञानदर्शनेत्यादि** ‹— **येनास्यानुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यते** इत्येतत्पर्यन्तं। कस्येति ? जीवस्येति ब्रूमः। किंलक्षणो जीव इति ?। नह्यपरिज्ञाते जीवे तस्यैष इति शक्यं प्रतिपत्तुमिति। उच्यते- ज्ञानाद्युपयोगलक्षण इति। ज्ञानं च दर्शनं च तावेवोपयोगौ लक्षणमस्य स ज्ञान-दर्शनोपयोगलक्षण इति, ज्ञानं नाम यज्जीवादीनां पदार्थानां विशेषपरिच्छेदितया प्रवर्त्तते तद् ज्ञानम्, यत् पुनस्तेषामेव सामान्यपरिच्छेद-प्रवृत्तं स्कन्धावारोपयोगवत् तद् दर्शनमभिधीयते।

न च कश्चिदेवमात्मकः प्राणी विद्यते य आभ्यां रहित इति, येऽपि हि प्रकृष्टावरणकर्मपटलाच्छादिता निगोदादयः पञ्चैकेन्द्रिया जीवनिकायास्तेऽपि साकारानाकारोपयोगयुक्ता इति। यतः

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- આ નિસર્ગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ક્રમ દર્શાવે છે. તે આ પ્રમાણે → જીવ એ જ્ઞાન અને દર્શનના ઉપયોગના લક્ષણવાળો છે. ''उपयोगो लक्षणम्'' (અ.૨.સૂ.૮)માં આ વાત સ્પષ્ટ કરશે.**

''સ્વભાવ''રૂપ હોવાથી વૈસ્રસિક આત્મ પરિણામ કહેવાય છે. કારણ કે આ અનિવૃત્તિ સ્વરુપ પરિણામ કોઈ અન્ય પ્રાણી વડે નિર્માણ નથી કરાયો પરંતુ આપ મેળે જ જીવમાં ઉત્પન્ન થયેલ છે, તેથી આ પરિણામને **'સ્વભાવ'** કહેવાય છે.

### ❋ વ્યવહાર-નિશ્ચય નયથી એકાર્થનામોનો વિમર્શ ❋

વ્યવહાર નયથી જોતાં એક પદાર્થના બીજા એકાર્થિક નામો એક જ અર્થનો બોધ કરાવે છે, બીજો અર્થ ન જણાવે; જ્યારે નિશ્ચય નયની દૃષ્ટિએ તો એકાર્થિક ભિન્ન નામો પણ ભિન્ન ભિન્ન અર્થના બોધક હોય છે. (નિસર્ગ, પરિણામ, સ્વભાવ ઇત્યાદિ શબ્દોમાં વ્યવહારની અપેક્ષાએ અર્થ ભેદ નથી પણ નિશ્ચયથી (વ્યુત્પત્તિએ) અર્થ ભેદ ખરો.)

વળી તે અનિવૃત્તિ સ્વરૂપ પરિણામ કોને થાય છે અથવા કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તેનો જવાબ જણાવતાં ભાષ્યકારશ્રી **''ज्ञानदर्शनोपयोग''** ઈત્યાદિ પદોથી માંડી **''येनास्यानुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यते''** સુધીના પદો કહ્યા છે તેમાં ઉપર જે પ્રશ્ન કર્યો કે **નિસર્ગ સમ્યગ્દર્શન** કોને થાય ? તેનો **ઉત્તર** :- નિસર્ગ સમ્યગ્ દર્શન ''જીવને થાય છે.''

**પ્રશ્ન** :- આ જીવનું લક્ષણ શું છે ? કારણ કે જીવનું સ્વરૂપ ન જણાય તો તેનો આ અનિવૃત્તિપરિણામ પણ ન જાણી શકાય તેથી જીવનું લક્ષણ કહો ?

**ઉત્તર** :- જ્ઞાન વગરેનો ઉપયોગ એ જીવનું લક્ષણ છે. 'જ્ઞાન' અને 'દર્શન' આ બે ઉપયોગ રૂપ લક્ષણ છે જેના, તે 'જીવ' જ્ઞાન-દર્શનના ઉપયોગવાળો કહેવાય. જે જીવાદિ પદાર્થોનો વિશેષ પરિચ્છેદ (બોધ) કરાવવા માટે પ્રવર્તે તે **'જ્ઞાન'** ઉપયોગ અને જે જીવાદિ પદાર્થોનો સામાન્ય બોધ કરાવે તે **'દર્શન'** ઉપયોગ કહેવાય છે. જેમ કે 'આ સૈન્ય છે' એવો સામાન્ય-બોધ તે દર્શન

**भाष्य– *तस्यानादौ संसारे परिभ्रमतः कर्मत एव कर्मणः स्वकृतस्य बन्ध-निकाचनोदय-निर्जरापेक्षं नारक-तिर्यग्योनि-मनुष्यामरभवग्रहणेषु विविधं पुण्य-पापफलमनुभवतो ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यात् तानि तानि परिणामाध्यवसायस्थानान्तराणि गच्छतोऽनादिमिथ्यादृष्टेरपि सतः परिणामविशेषादपूर्वकरणं तादृग् भवति येनास्यानुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यत इत्येतत् निसर्गसम्यग्दर्शनम्।।**

स्पर्शनेन्द्रियं हि तेषामस्ति, तच्च साकारानाकारोपयोगस्वरूपमतो व्यापिलक्षणम्। ज्ञानदर्शनोपयोगौ लक्षणमस्त्येतत् सूक्तमिति। **इतिशब्दः** एवकारार्थे, जीव एवोपयोगलक्षणो न परमाण्वादय इति। **वक्ष्यते**= अभिधास्यते, उपयोगलक्षणो जीव इत्यस्मिन् द्वितीयाध्यायवर्तिनि सूत्रे, अतो निर्ज्ञातस्वरूपस्य जीवस्य स निसर्गरूपः परिणाम इति।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- આ જીવ અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતો, કર્મથી જ પોતે કરેલા અનેક કર્મોનો બંધ, નિકાચના, ઉદય અને નિર્જરાની અપેક્ષાએ નરક, તિર્યંચ યોનિ તેમજ મનુષ્ય, અને દેવ ભવોનું ગ્રહણ કરી તેમાં અનેક પ્રકારના પુણ્ય - પાપના ફળોને અનુભવતો, જ્ઞાન અને દર્શનના ઉપયોગ રુપ પોતાના સ્વભાવ થકી તે તે પરિણામ રુપ અધ્યવસાયના જુદા જુદા સ્થાનને પામતો અનાદિ મિથ્યાદષ્ટિ હોવા છતાં પરિણામ વિશેષથી તેવા પ્રકારના અપૂર્વકરણ (અપૂર્વ અધ્યવસાય)ને પામે છે કે જેના પ્રભાવે કોઈના ઉપદેશ વિના જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે, આને નિસર્ગ સમ્યગ્દર્શન કહેવાય.**

ઉપયોગ છે. આ સૈન્યમાં આટલા રથ, આટલા ઘોડા ઈત્યાદિ વિશેષ બોધ તે જ્ઞાન ઉપયોગ. એવો કોઈ જીવ નથી કે જે આ બે જ્ઞાન-દર્શન ઉપયોગ રહિત હોય. કારણ કે જેઓ પ્રકૃષ્ટ આવરણ રૂપ કર્મના પડળથી ઢંકાયેલા નિગોદ વનસ્પતિ આદિ પાંચ એકેન્દ્રિય સ્થાવર જીવ-નિકાય છે તેઓ પણ સાકાર-અનાકાર ઉપયોગથી યુક્ત જ હોય છે. કારણ કે આ પાંચેને સ્પર્શેન્દ્રિય છે તેથી તે અંગેનો સાકાર-અનાકાર ઉપયોગ પણ હોય જ. આ રીતે આ ઉપયોગ લક્ષણ એ સર્વ જીવ વ્યાપી લક્ષણ છે તેથી જ્ઞાનદર્શનનો ઉપયોગ એ જીવનું લક્ષણ જે કહ્યું છે તે ઉચિત જ કહ્યું છે.

ભાષ્યમાં લખેલ '**इति**' પદ એ એવકાર('જ' કાર)ના અર્થમાં છે અર્થાત્ જીવ જ ઉપયોગ લક્ષણવાળો છે. પરમાણુ આદિ નહીં. 'ઉપયોગ લક્ષણવાળો જીવ' એવું આગળ **અધ્યાય ૨,સૂત્ર** ૮માં કહીશું. એથી આ રીતે ઉપયોગ લક્ષણ વડે જણાયું છે સ્વરૂપ જેનું એવા આ જીવને તે નિસર્ગ રૂપ પરિણામ હોય છે.

*. અર્થનો અન્વય સુગમતાથી થાય એથી સંપૂર્ણ ભાષ્ય-ભાષ્યાર્થ અહિં આપ્યો છે. ટીકા વાંચનારને ભાષ્યની કઈ પંક્તિની ટીકા ચાલી રહી છે તે ધ્યાનમાં રહે એથી આગળ આ જ ભાષ્યની પંક્તિઓને પૃથગ્ પૃથગ્ ગુજરાતી અનુવાદ સ્થળે મૂકવામાં આવેલી છે.

यदप्युक्तं कथं प्राप्यत इति, तत् कथयति- **तस्यानादावित्यादिना।** **तस्येति** निर्धारितस्वरूपं जीवमाह। तस्य जीवस्यानुभवत इत्यनेन सहाभिसम्बन्धः। तथा स्थानान्तराणि गच्छतोऽनादिमिथ्या-दृष्टेरपि सत एतानि सर्वाणि जीवविशेषणानि।

**अनादौ संसार** इत्यस्य तु नरकादिभवग्रहणेष्वित्येतद् विशेषणम्, कर्मत एव कर्मणः स्वकृतस्येति त्रयाणां विशेषणविशेष्यता, बन्ध-निकाचनोदय-निर्जरापेक्षं विविधं इत्येतद् द्वयं पुण्यपापफलमित्यस्य विशेषणम्, अनुभवत इत्यस्य तु हेतुग्रन्थोऽयं ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यादिति, तानि तानीत्यादिपदद्वयं गच्छत इत्यस्य व्याप्यं कर्म, एवं सम्बन्धे कथिते विवृणोति-अविद्यमान आदिरस्य सोऽयम् अनादिः,

• *હેમગિરા* •

**(भाष्य– तस्यानादौ संसारे परिभ्रमतः)**

**ભાષ્યાર્થ :- આ જીવ અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતો,**

### ❋ નિસર્ગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું સ્વરૂપ ❋

ઉપર જે બીજો પ્રશ્ન થયેલ કે 'કઈ રીતે' આ પરિણામ થાય ? તેનો જવાબ - **तस्य अनादौ....** ઈત્યાદિ, પદોથી કહે છે. તે આ મુજબ કે- **'तस्य'** સર્વનામથી હમણાં જ નિર્ધારિત કર્યું છે સ્વરૂપ જેનું એવા જીવનું ગ્રહણ કરવું. **अनुभवतः, स्थानान्तराणि गच्छतः, अनादिमिथ्यादृष्टेरपि सतः** આ સર્વ વિશેષણો ઉપર બતાવેલ સ્વરૂપવાળા જીવના (तस्य जीवस्य) છે તેથી આ સર્વ વિશેષણોનો અન્વય આ જીવ સાથે કરવો. **'नरकादिभवग्रहणेषु'**- આ વિશેષણ અનાદિ સંસારનું છે. **'कर्मत एव कर्मणः स्वकृतस्य'** આ ત્રણેમાં વિશેષણ - વિશેષ્ય ભાવ છે તે આ રીતે **कर्मतः** = વિશેષણ, **स्वकृतस्य** = વિશેષણ **कर्मणः** = વિશેષ્ય. ભાવાર્થ આ પ્રમાણે → કર્મથકી જ (જીવે) પોતે કરેલ કર્મના વિવિધ પુણ્ય-પાપ ફળને અનુભવે છે.

**बन्धनिकाचनोदयनिर्जरापेक्षं** અને **विविधं** એ બે **'पुण्यपापफलं'** પદના વિશેષણ છે. આ પુણ્ય-પાપના ફળને અનુભવનાર જીવ છે. અને આ અનુભવના સંવેદન પાછળ કારણ જીવનો પોતાનો જ્ઞાન-દર્શન ઉપયોગ રૂપ સ્વભાવ છે. એ સ્વભાવ-હેતુને જણાવવા **'अनुभवतः'** પછી **'ज्ञानदर्शनोपयोगस्वाभाव्यात्'** એ પદમાં પંચમીનો ઉલ્લેખ હેતુના અર્થમાં કર્યો છે, અર્થાત્ આ ઉપયોગ (સ્વભાવ) જીવના અનુભવ પાછળ હેતુ રૂપ છે. **तानि तानि स्थानान्तराणि गच्छतः** આ પદમાં રહેલા દ્વિતીયા વિભક્તિવાળા 'तानि तानि' એ બે પદ **गच्छतः** ના વ્યાપ્ય કર્મ છે. આ દ્વિતીયા વિભક્તિ [1]વ્યાપ્યરૂપ કર્મને બતાવનાર છે. વ્યાપ્ય એટલે કર્મ. આ પ્રમાણે ભાષ્યના પદોનો પરસ્પર સમ્બન્ધ-અન્વય કર્યા પછી હવે તે પદોનું વિવરણ કરે છે.

નથી વિદ્યમાન આદિ જેની તે અનાદિ. કેવળજ્ઞાનરૂપી જ્યોતિ વડે સમસ્ત સંસારના જ્ઞેય (પદાર્થ)ની રાશિ પ્રકાશિત થાય છે છતાં તેના વડે આ સંસારની આદિ તો દેખાઈ નથી. કારણ

---

૧. સિદ્ધહેમશબ્દાનુશાસનમાં ૨/૨/૩ **कर्तुः व्याप्यं कर्म** - કર્તા પોતાની ક્રિયા વડે જેને મેળવવા ઈચ્છે તે વસ્તુ વિશેષ **'व्याप्य'** કહેવાય.

न खलु संसारस्यादिर्दृष्टः केवलज्योतिषाऽपि प्रकाशिते समस्तज्ञेयराशौ, अतस्तस्याभावादनुपलब्धिः, न तु ज्ञानस्याशक्तिर्ग्रहणं प्रतीति। सन्धावन्ति यत्र स्वकर्मभिः प्रेर्यमाणा जन्तवः स संसार इति, उत्पत्तिस्थानानि नरकादीनि, निश्चयनयस्य तु सर्वं स्वप्रतिष्ठं वस्त्विति आत्मैव, त एव वा प्राणिनः सन्धावन्तस्तांस्तान् परिणामान्नारकादीन् संसार इति कथ्यते, अनादौ संसार इति च सृष्टिं निरस्यति।

नहि कश्चिज्जगतः स्रष्टा कर्ता समस्ति पुरुषः, यथैव हि ते न[1] केनचित् सृष्टाः पाण्यादिमन्तस्तथाऽन्येऽपि प्राणिनः । कर्त्रन्तराभ्युपगमे चानवस्था। सति चोपकरणकलापे दलिकद्रव्ये

• હેમગિરા •

કે સંસારના આદિનો અભાવ હોવાથી તેની અનુપલબ્ધિ છે. અહીં સ્વભાવથી અનુપલબ્ધિ છે. આમાં કોઈએ એવો મંદ વિચાર ન કરવો કે શું સર્વજ્ઞની જ્ઞાન શક્તિ ત્યાં આદિને જોવા સુધી પહોંચી ન શકે ? કારણ કે સર્વજ્ઞો પણ જે વસ્તુ સ્થિતિ છે તેને જ જુએ છે. પોતાના કર્મો વડે પ્રેરાયેલા જીવો જેમાં સંસરણ (પરિભ્રમણ) કર્યા કરે તે સંસાર. અર્થાત્ ઉત્પન્ન થવાના સ્થાનો નરકાદિ ગતિ તે સંસાર છે. આ વ્યાખ્યા વ્યવહાર દૃષ્ટિએ સમજવી. નિશ્ચયનયે તો સર્વ વસ્તુ સ્વ-પ્રતિષ્ઠિત જ છે. અર્થાત્ (કર્મયુક્ત) આત્મા એ જ સંસાર છે. અથવા ભ્રમણ કરતા તે પ્રાણીઓ જ જુદી જુદી નરક આદિ ગતિઓમાં ફરે છે આ નારકી-મનુષ્યાદિ પરિણામ (પર્યાયો)ને સંસાર કહેવાય છે.

## * ઈશ્વર કર્તૃત્વનું નિરાકરણ *

સંસારને 'અનાદિ' વિશેષણ લગાડી સંસાર એ સર્જન રૂપ નથી તે જણાવ્યું અર્થાત્ સૃષ્ટિવાદનું નિરસન કર્યું. તે આ પ્રમાણે :- જગતનો સર્જનકર્તા પુરુષ કોઈ નથી કારણ કે જે રીતે જગત્-સ્રષ્ટા એવા વિશિષ્ટ હાથ પગવાળા પૂજ્ય ઈશ્વરને કોઈએ સર્જ્યો નથી, (ટીકામાં 'ते' બહુવચન પદ બહુમાનવાચી છે) એ જ રીતે અન્ય પણ હાથ-પગવાળા ત્રસ આદિ જીવોનું કોઈએ સર્જન કર્યું નથી. જો એ ઈશ્વરના સર્જક તરીકે કોઈ અન્યને માનો તો પછી એનું (ઈશ્વરના સર્જકનું) સર્જન કોણે કર્યું ? વળી એ સર્જકનું સર્જન કોણે કર્યુ ? ઈત્યાદિ પ્રશ્નોની પરંપરાનો અંત જ નહી આવે જેને ન્યાયની ભાષામાં અનવસ્થા દોષ કહેવાય છે.

વળી બીજી મહત્ત્વની વાત એ છે કે ચતુર એવો કુંભકાર દંડાદિ અનેક ઉપકરણો તેમજ માટી પાણી વગેરે સાધન-સામગ્રી હોતે છતે જ, કાર્ય કરવામાં પ્રયત્નશીલ થતો ઘટનું નિર્માણ કરી શકે છે. સામગ્રી ના અભાવમાં તો ન જ કરે. તો પછી ઈશ્વરે પૂર્વ સામગ્રી વિના જગતનું સર્જન કઈ રીતે કર્યું ? આ રીતે જો ઘટાદિ કાર્યના કર્તા લોકમાં પ્રત્યક્ષ જ છે તો અહીં અદૃષ્ટ એવા ઈશ્વરને કર્તા માનવાનું શું પ્રયોજન ? કારણ કે તે ઈશ્વરની અનુપસ્થિતિમાં પણ કુંભકારાદિનું ઘટાદિ કાર્ય માટેનું કર્તૃત્વ દેખાય જ છે. (અદૃષ્ટ કરતાં દૃષ્ટની કારણતા વધુ ઉચિત મનાય).

**પૂર્વપક્ષ** :- ઘટાદિ કાર્ય માટે ઈશ્વરનું કર્તૃત્વ ભલે ન હોય પણ આકાશ-પર્વત(પૃથ્વી) આદિ

१. तेन केन° मु. (खं,भां रा, मे)।

च निपुणाः कुम्भकारादयः कार्योत्पादाय यतमानाः फलेन युज्यन्ते नान्यथा, न चाकाशादीनां कारणमुपलभ्यते किञ्चित्, नापि किञ्चित् सर्गे जगतः स्रष्टुः प्रयोजनमस्ति प्रेक्षापूर्वकारिणः। क्रीडाद्यर्थमिति **चेत्**, कुतः सर्गशक्तिः ? प्राकृतत्वात्।

सुखित-दुःखितदेव-नारकसत्त्वोत्पादने चाकस्मिकः पक्षपातो द्वेषिता चेति। एवं कार्यकारणसम्बन्धः

• *હેમગિરા* •

કાર્ય માટે તો ઈશ્વરનું કર્તૃત્વ માની શકાય ને ! કારણ કે આ કાર્યના કર્તા લોકમાં કોઈ દેખાતા નથી.

### ❊ કારણ-સામગ્રી વિના કાર્ય ન થઈ શકે ❊

**ઉત્તરપક્ષ** :- જગતમાં જે પણ કાર્ય થાય છે તે માત્ર કર્તાને જ આધીન નથી હોતા પણ ઉપાદાન કારણ અને નિમિત્ત (સહકારી) કારણના સહકારથી જ તે કાર્ય કરવા કર્તા સક્ષમ બને છે. જેમ કે ઘટ કાર્ય માટે ઉપાદાન કારણ માટી અને નિમિત્ત કારણ-દંડાદિના સહકાર વિના કર્તા કુંભકાર ઘટ કાર્યને કરી શકતો નથી. તેમ આકાશાદિ કાર્યના ઉપાદાન કારણ અને નિમિત્તકારણ વિના ઈશ્વર પણ એકલો તે કાર્યને કરી ન શકે. આશય એ છે કે આકાશાદિ કાર્યને કરવા માટે ઈશ્વરને પણ સહકારી કારણની અપેક્ષા રહે છે. સહકારી કારણ મળે તો ઈશ્વર આકાશાદિ કાર્યને કરે પણ આકાશાદિ કાર્યના ઉપાદાન કે સહકારી કારણ તરીકે કોઈ વસ્તુ પ્રસિદ્ધ નથી.

વળી આકાશાદિ તો અરૂપી છે ! રૂપી કારણમાંથી કદી પણ અરૂપી કાર્યનું નિર્માણ ન થઈ શકે તેથી આકાશાદિ માટે આવી કોઈ કારણ-સામગ્રી નથી કે જેનાથી ઘટ આદિની જેમ તેની ઉત્પત્તિ થઈ શકે. ભાવાર્થ એ છે કે રૂપી ઘટાદિની કારણ-સામગ્રી તથા કર્તા કુંભકારાદિ દૃશ્યમાન છે તેથી ઈશ્વરકર્તૃત્વને કોઈ સ્થાન નથી. વળી, જ્યારે અરૂપી એવા આકાશાદિના તો સામગ્રી કે કર્તા કોઈ જ નથી. તેથી ચતુર પુરુષો તો જગતના સર્જક તરીકે ઈશ્વરને માનવા તૈયાર થતાં નથી.

### ❊ ....તો ઈશ્વર રાગાદિ દોષયુક્ત કહેવાશે ❊

ઉપરોક્ત હકીકત જાણીને પણ જો એમ કહેતા હો કે ઈશ્વર જગતનો સર્જક છે તો અમે તમને પૂછીએ છે કે ઈશ્વરને જગત સર્જન કરવાની પાછળનું પ્રયોજન શું ? જો ક્રીડા કરવાની ઈચ્છા થઈ માટે સર્જન કર્યું તો આ પણ બરાબર નથી. કારણ કે ક્રીડા કરવાની ઈચ્છા વગેરે તો સામાન્ય - કુતૂહલી માણસની વૃત્તિ છે. આવી સામાન્ય પ્રવૃત્તિની ઈચ્છાવાળા વ્યક્તિ પાસે સર્જન કરવાની આવી અમોઘ શક્તિ કઈ રીતે હોઈ શકે ? જો આવી તુચ્છ ઈચ્છા (રાગદ્વેષ)વાળા પણ વિશિષ્ટ શક્તિશાળી હોઈ શકે તો સામાન્યજનને પણ જગત સર્જનની શક્તિ મલી જશે અને તેમ થતા તેમાં અને ઈશ્વરમાં કોઈ ભેદ નહીં રહે પણ આ તો કોઈને દૃષ્ટ-ઈષ્ટ નથી કારણ કે ઈશ્વર એને કહેવાય કે જે રાગદ્વેષથી અને સર્વ ઈચ્છાથી મુક્ત હોય તેથી ઈશ્વરને જગત્

समवाय-परिणाम-निमित्त-निर्वर्तकादिरूपः **सिद्धिविनिश्चय-सृष्टिपरीक्षातो** योजनीयो विशेषार्थिना दूषण-द्वारेणेति। **कर्मत** इति पञ्चमी, ज्ञानावरणादिकाष्टविधादुदयप्राप्तात् क्रोधाद्याकारपरिणामहेतुकात् यद्यदन्यत् कर्मोपचितज्ञानावरणादि तस्य **कर्मणः स्वकृतस्येति**। तच्च कर्मतो यदुपादायि कर्म तत् स्वेनात्मना [1]कृतं=स्वकृतं न पुनः प्रजापतिप्रभृतिना तत् कर्म संश्लेषितमात्मसामर्थ्यात्।

**एतत् स्याद्** ᴵयदाऽऽदिकर्म[2] तत् प्रजापतिरकरोत् सर्वप्राणिनां ततोऽन्या कर्मसन्ततिः स्वकृते-

• હેમગિરા •

**(भाष्य- कर्मत एव कर्मणः स्वकृतस्य)**

**<u>ભાષ્યાર્થ</u> :- કર્મથી જ પોતે કરેલા અનેક કર્મોનો**

સૃષ્ટા માનવાથી તેની ઈશ્વરતાનો લોપ થઈ જશે. વળી દેવોને સુખી, નારકીઓને દુ:ખી આવી રચના કરવી તે પણ અત્યન્ત એકમાં પક્ષપાત (રાગ) અને બીજામાં દ્વેષનું જ સૂચક છે. અર્થાત્ જગત્કર્તા ઈશ્વર માનવાથી ઈશ્વર રાગ-દ્વેષવાળો છે તેમ સિદ્ધ થાય છે.

વળી બીજી વાત એ છે કે કાર્ય કારણના સંબંધ અનેક પ્રકારના હોય છે જેમ કે :- સમવાય સમવાયી, પરિણામ-પરિણામી, નિમિત્ત-નૈમિત્તિક, નિર્વર્ત્ય-નિર્વર્તક આદિ અનેક સંબંધોથી કાર્ય-કારણ ભાવ ઘટે. ઈશ્વર (કર્તૃત્વ) અને જગત સૃષ્ટિના કાર્ય કારણ ભાવ વચ્ચે અનેક દોષો સંભવવાથી આ સંબંધોમાંથી કોઈ જ સંબંધ ઘટી શકતો નથી. આ સંબંધોમાં આવતા દોષોનું વિવરણ - [3]'સિદ્ધિવિનિશ્ચય સૃષ્ટિ પરીક્ષા' ગ્રંથથી વિશેષાર્થીએ સમજી લેવું.

### ❋ કર્મનો કર્તા જીવ ❋

ભાષ્યમાં **कर्मतः** એ પંચમી વિભક્ત્યંત પદ છે. ભાવાર્થ એ પ્રમાણે જાણવો કે → જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મોદયથી ઉત્પન્ન થતા ક્રોધાદિ પરિણામ રૂપ હેતુથી બીજા નવા બંધાતા જ્ઞાનાવરણીયાદિ કર્મો તે જીવના પોતાના (સ્વકૃત) છે. કર્મથી જે નવા કર્મ ઉપાર્જન થાય છે તે પણ જીવના પોતાના છે. પણ કોઈ પ્રજાપતિ-ઈશ્વરાદિ (પ્રકૃતિ, બ્રહ્મા, માયા)થી કરાયેલ નથી કારણ કે કર્મને ગ્રહણ કરી બંધ કરવાનું સામર્થ્ય આત્મામાં જ છે.

<u>પૂર્વપક્ષ</u> :- માની લીધું કે કર્મનો કર્તા જીવ છે પણ સર્વથી પ્રથમ જે કર્મ બંધાયુ તેમાં તો પ્રજાપતિનું જ કર્તૃત્વ છે. એકવાર ઈશ્વર આ કર્મ બંધની શરૂઆત કરે, ત્યાર બાદ એની પરંપરા જીવ આપ મેળે ચલાવે, અર્થાત્ કર્મ સંતતિ જીવ ખુદ જ કરે છે, આ રીતે માનવાથી જીવનું જે કર્મ કર્તૃત્વ કહ્યું છે તે પણ બંધ-બેસતું આવશે અને પ્રજાપતિ કૃત આદ્યકર્મ છે તેમાં ય કાંઈ બાધ નહીં આવે <u>અર્થાત્ કર્મ-સંતતિને જીવે પોતે જ ચલાવી છે તે તો અમને ઈષ્ટ જ છે. પણ કર્મના આદ્યકર્તા</u>

T. परि.५ टि.८। १. कृतं न पुनः मु.पा. (भां,खं)। २. 'कर्म प्रजा' मु.पा. (भां,रा)। ૩. વર્તમાનકાળે ભટ્ટ અકલંકદેવકૃત સિદ્ધિ વિનિશ્ચય નામનો જે ગ્રંથ મળે છે જેમાં ઉપરોક્ત સૃષ્ટિવાદની ચર્ચા મળે છે. પણ તેમાં સૃષ્ટિ પરીક્ષા નામનું કોઈ પેટા પ્રકરણ નથી, તથા ભટ્ટાકલંકદેવના સિદ્ધિવિનિશ્ચયથી પણ પ્રાચીન શ્રી શીવાર્યકૃત સિદ્ધિવિનિશ્ચય ગ્રંથ હતો જેનો ઉલ્લેખ શાકટાયનાચાર્ય રચિત સ્ત્રીનિર્વાણ કેવળી ભુક્તિપ્રકરણમાં આવે છે. તે સિદ્ધિવિનિશ્ચય ગ્રંથ અંતર્ગત આ "સૃષ્ટિપરિક્ષા" નામનું પેટા પ્રકરણ હશે એવું વિદ્વાનોનું માનવું છે.

तीष्टमेव प्रसाधितम्मिति, **उच्यते**- एवमर्थमेवैवकारः प्रयुज्यते, [1]कर्मत एव सर्वं कर्म बध्यते, अनादित्वात् संसृतेरादिकर्मैव नास्ति, प्रतिषिद्धश्च कर्ता। तदपि वा कर्मत एव बध्यते कर्मत्वादिदानीन्तनकर्मवत्।

एवंविधस्यास्योपात्तस्य कर्मणः **फलमनुभवत** इति। किमपेक्षं पुनस्तत्फलमाह– **बन्ध-निकाचनोदय-निर्जरापेक्ष**मिति। **बन्धो** नाम यदाऽऽत्मा रागद्वेषस्नेहलेशावलीढसकलात्मप्रदेशो भवति तदा

• હેમગિરા •

**(भाष्य– बन्ध-निकाचनोदय-निर्जरापेक्षं)**

**<u>ભાષ્યાર્થ</u> :- બંધ, નિકાચના, ઉદય અને નિર્જરાની અપેક્ષાએ**

તરીકે તો ઈશ્વરને જ સ્વીકારશું.

<u>ઉત્તરપક્ષ</u> :- **कर्मत एव** → આમાં જે **'એવ'**કાર છે તે કર્મથી 'જ' સર્વ કર્મ બંધાય છે તે અર્થનો સૂચક છે. પૂર્વના કર્મ પણ (જીવ કૃત) કર્મથી જ બંધાય છે તેના કોઈ જ પ્રજાપતિ આદિ કર્તા નથી, કારણ કે આ કર્મબંધ અનાદિકાળથી છે. સંસારમાં કોઈ આદિ કર્મ જ નથી, અને તેથી તે આદિ કર્મના કર્તા પ્રજાપતિ આદિનો પણ નિષેધ થઈ જાય છે. અથવા 'તે આદિ કર્મ પણ કર્મથી જ બંધાય છે, કર્મ રૂપ હોવાથી. જે જે કર્મ રુપ હોય છે તે તે કર્મથી જ બંધાય છે, વર્તમાનમાં બંધાતા કર્મની જેમ'.

## ❋ અનાદિકર્મબંધની વિમર્શના ❋

શ્રી હરિભદ્ર સૂરિજી કૃત(તત્ત્વાર્થ) ટીકામાંથી લીધેલ પદાર્થ :- [આમ છતાં જો આદિકર્મનો કર્તા (ઈશ્વર) માનીએ તો - સર્વ પ્રથમ આત્મા એ કર્મ રહિત હતો એમ સિદ્ધ થાય. જો કર્મ રહિત પણ આત્મા કર્મ બાંધે તો કર્મ રહિત એવા સિદ્ધોને પણ કર્મ બંધનની મોટી આપત્તિ આવે. અથવા તો કોઈ સર્વકર્મ રહિત સિદ્ધ જ ન બની શકે. તો તપ-સંયમાદિ સર્વ અનુષ્ઠાનો તેમજ તેના આપ્ત ઉપદેશક પુરુષો પણ નિરર્થક સાબિત થાય. આ બધી આપત્તિ ન આવે માટે કર્મની પરંપરાથી જ કર્મ બંધાય તેવું માનવું જ ઉચિત છે. અને કર્મનો કર્તા સ્વયં જીવ જ છે કે જે સ્વકૃત કર્મથી જ કર્મને વર્તમાનમાં બાંધે છે તેમજ પૂર્વમાં પણ બાંધતો હતો.... ભૂતકાળની અપેક્ષાએ કર્મ અનાદિ છે અને વર્તમાનની અપેક્ષાએ કર્મની આદિ છે. [1]કોઈ એવો અતીત;કાળ નથી કે જે વર્તમાનને સ્પર્શ્યો ન હોય, તેમજ કોઈ એવો વર્તમાન કાળ નથી કે જે ભવિષ્ય (અનાગત) રૂપે થયા વિના વર્તમાન બની ગયો હોય. આ પ્રમાણે કર્મબંધ વિષે પણ સમજવું. ભૂતકાળની અપેક્ષાએ અનાદિ, વર્તમાનની અપેક્ષાએ આદિ અને ભવિષ્યની અપેક્ષાએ અનંત (અનિધન) છે. આ રીતે જીવ કર્મથી જ ઉપાર્જન કરેલા કર્મના ફળને અનુભવે છે. આ સિદ્ધાંત માનવો જ રહ્યો. અન્યથા કર્મ કે સંસારી જીવની વ્યવસ્થા જ રહેશે નહીં.]

<u>શંકા</u> :- કોને અપેક્ષીને આ કર્મોનું ફળ જીવ અનુભવે ? <u>સમાધાન</u> :- (૧) બંધ (૨) નિકાચના (૩) ઉદય (૪) નિર્જરાને અપેક્ષીને કર્મોનું ફળ અનુભવાય છે.

१. भवति स नामातीतः प्राप्तो यो नाम वर्तमानत्वम्। एष्यंश्च नाम स भवति यः प्राप्स्यति वर्तमानत्वम्।। T. परि.५ टि.१।

येष्वेवाकाशप्रदेशेष्ववगाढस्तेष्वेवास्थितान् कार्मणविग्रहयोग्याननेकरूपान् पुद्गलान् स्कन्धीभूतानाहारवदात्मनि परिणामयति सम्बन्धयतीति ततस्तानध्यवसायविशेषाज्ज्ञानादीनां गुणानामावरणतया विभजते हंसः क्षीरोदके यथा, यथा वा आहारकाले परिणतिविशेषक्रमवशादाहर्ता रसखलतया परिणतिमानयत्यनाभोगवीर्यसामर्थ्यात्। एवमिहाप्यध्यवसायविशेषात् किञ्चिद् ज्ञानावरणीयतया किञ्चिद् दर्शनाच्छादकत्वेनापरं सुख-दुःखानुभवयोग्यतया परं च दर्शन-चरणव्यामोहकारितयाऽन्यन्नारक-तिर्यङ्-मनुष्यामरायुष्केनान्यद् गति-जाति-शरीराद्याकारेणाऽपरमुच्च-नीचगोत्रानुभावेनाऽन्यद् दानाद्यन्तरायकारितया व्यवस्थापयति।

एष **प्रकृति बन्धः**। स्थितिबन्धस्तु, तस्यैवं प्रविभक्तस्य अध्यवसायविशेषादेव जघन्यमध्यमोत्कृष्टां स्थितिं निर्वर्तयति ज्ञानावरणादिकस्यैष **स्थितिबन्धः**। अनुभावबन्धस्तु, कृतस्थितिकस्य स्वस्मिन्काले परिपाकमितस्य याऽनुभूयमानावस्था शुभाशुभाकारेण घृत-क्षीर-कोशातकीरसोदाहृतिसाम्यात्सोऽ**नुभावबन्धः**।

*હેમગિરા*

### ❋ બંધના સ્વરુપને સમજીએ ❋

**બંધ** :- જ્યારે આત્મા રાગ-દ્વેષની સ્નિગ્ધતાના અંશોથી લેપાયેલા સર્વ આત્મ પ્રદેશવાળો થાય ત્યારે જે પણ આકાશ પ્રદેશોમાં રહેલો હોય તે તે આકાશ પ્રદેશમાં રહેલ કાર્મણ શરીરને યોગ્ય અનેક પ્રકારના સ્કંધભૂત પુદ્ગલો-(કાર્મણ વર્ગણા)ને આહારની જેમ પોતાનામાં પરિણમાવે છે અર્થાત્ પોતાની સાથે બાંધે છે.

**પ્રકૃતિબંધ** :- બંધ કર્યા પછી આત્મા પોતે જ અધ્યવસાય વિશેષથી જ્ઞાનાદિ ગુણોના આવરણ તરીકે કર્મોની જુદી જુદી વ્હેંચણી - વિભાગ કરે. જેમ હંસ પાણી મિશ્રિત દૂધમાં દૂધ-પાણીનો વિભાગ કરે તેમ, અથવા જેમ ખાવાના સમયે ભોજન કરનારને ગ્રહણ કરાતો આહાર પાચન થઈને ક્રમથી દેહના સાહજિક બળના સામર્થ્યથી યથાયોગ્ય રસ, ખળ રૂપે પરિણતિને પામે છે તેમ આત્મા વડે ગૃહિત કર્મો પણ અધ્યવસાય વિશેષથી કેટલાક જ્ઞાનાવરણીય તરીકે, કેટલાક દર્શનાવરણીય તરીકે, કેટલાક શાતા-અશાતા વેદનીય તરીકે અને બીજા કેટલાક દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય તરીકે, નરક-તિર્યંચ-મનુષ્ય-દેવના આયુષ્ય તરીકે, કેટલાક ગતિ, જાતિ, શરીરનાં આકારે નામ કર્મ તરીકે, બીજા કેટલાક ઉચ્ચ અને નીચ ગોત્ર કર્મ સ્વરૂપે, તેમજ દાનાન્તરાયાદિ કર્મ તરીકે કેટલાક વિભાજિત થાય છે આ પ્રમાણે તે તે પ્રકૃતિ (સ્વભાવ) રૂપે કર્મનું વિભાગીકરણ તે પ્રકૃતિબંધ.

**સ્થિતિ બંધ** :- વિભક્ત થયેલા તે જ જ્ઞાનાવરણીયાદિ કર્મોનું અધ્યવસાય વિશેષથી જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિ તરીકે નક્કી = નિર્મિત થવું તે સ્થિતિબંધ.

**અનુભાગ બંધ** :- રસબંધ → બંધાયેલી કર્મોની જે સ્થિતિ, તે સ્થિતિનો જ્યારે સ્વ-યોગ્ય કાલમાં પરિપાક (ઉદય) થશે ત્યારે અનુભવાતી જે શુભ કે અશુભ અવસ્થા તે જ રસબંધ છે.

१. °काशदेशे° मु.पा.(खं.भा.)। २. °भूताहा° रा.पा.। ३. °तीति स्वात्मा तत° मु.प्रा.(भां.)। ४. परिणमति शेषक्रम° रा.। ५. दर्शनावरण° रा.।

प्रदेशबन्धस्तु, अनन्तानन्त[1]प्रदेशान् स्कन्धानादायैकैकस्मिन् प्रदेशे एकैकस्य कर्मणो ज्ञानावरणादिकस्य व्यवस्थापयतीत्येष **प्रदेशबन्ध** इति। **निकाचना[T] तु** स्पृष्टानन्तरभाविनी, स्पृष्टता तु नोक्ता भाष्यकारेण पृथग् निकाचनाभेद एवेतिकृत्वा। कथमिति चेत्, भावयामः, बद्धं नामात्मप्रदेशैः सह श्लिष्टं, यथा सूचयः कलापीकृताः परस्परेण बद्धाः कथ्यन्ते, ता एवाग्नौ [2]प्रक्षिप्तास्ताडिताः समभि[3]व्यज्यमानान्तराः स्पृष्टा इति व्यपदिश्यन्ते, ता एव यदा [4]पुनः पुनः प्रताप्य घनं घनेन ताडिताः प्रनष्टस्वविभागा एकपिण्डतामितास्तदा निकाचिता इति व्यपदेशमश्नुवते, एवं कर्माप्यात्मप्रदेशेषु योजनीयम्।

• *હેમગિરા* •

બંધ સમયે જેવો રસબંધ વર્તમાનમાં થાય તેવો વિપાક ભવિષ્યમાં કર્મના ઉદય કાળે મળે... અહીં ટીકામાં કાર્યમાં કારણનો ઉપચાર કર્યો છે અર્થાત્ રસબંધ રુપ કારણનો અનુભવાતી શુભ કે અશુભ અવસ્થા રુપ કાર્યમાં આરોપ કરી એ અનુભવાતી શુભ-અશુભ અવસ્થાને રસબંધ તરીકે કહ્યો છે. આમાં રસ કેવા પ્રકારનો હોય તે અંગે શસ્ત્રોમાં ઘી, (ખીર) દૂધ, કોશાતકી (એક મધુર ફળની જાત) આદિ દૃષ્ટાંતો દર્શાવવામાં આવેલ છે. શુભ કર્મના રસનો વિપાક હોય તો મધુર આદિ સ્વાદ સાથે સામ્યતા કરવી અને અશુભ કર્મના રસનો વિપાક હોય તો કટુ આદિ સ્વાદ સાથે સામ્યતા કરવી.

**પ્રદેશબંધ** :- (મિથ્યાત્વ આદિના યોગે જીવો) અનંતાનંત પ્રદેશવાળા કર્મ સ્કન્ધોને ગ્રહણ કરીને આત્માના એક એક પ્રદેશમાં જ્ઞાનાવરણીયાદિ પ્રત્યેક કર્મ સ્વરૂપે સ્થાપિત કરવું તે પ્રદેશબંધ.

**નિકાચના** :- આત્મા સાથે કર્મનો સંબંધ (સ્પૃષ્ટ) થયા પછી થતી અવસ્થા તે નિકાચના.

### * બદ્ધ - સ્પૃષ્ટ અને નિકાચનાની ભેદરેખા પીછાણીએ *

સ્પૃષ્ટ અવસ્થાને ભાષ્યકારશ્રીએ અલગથી નથી દર્શાવી કેમ કે એનો અંતર્ભાવ નિકાચનામાં જ તેમણે કર્યો છે. તે કઈ રીતે અંતર્ભાવ થાય છે એમ જો પૂછતા હો તો એનું સમાધાન આ પ્રમાણે છે [કે કર્મ બંધ વેળાએ સ્પૃષ્ટાવસ્થાને પામ્યા બાદ જ નિકાચનાવસ્થાને પામે. તેથી નિકાચનાના ઉલ્લેખમાં સ્પૃષ્ટનો ઉલ્લેખ આવી જ જાય છે.] બદ્ધ એટલે આત્મપ્રદેશ સાથે કર્મનું ચોંટી જવું. એકબીજાથી ચોંટીને સમુદિત કરાયેલ સોય તે બદ્ધ કહેવાય, એ જ સોયને અગ્નિમાં નાખીને કૂટવામાં આવે ત્યારે એકબીજાથી અત્યંત એકમેક થનારી આ અવસ્થાને 'સ્પૃષ્ટ' આ પ્રમાણે કહેવામાં આવે છે. અને આ જ સ્પૃષ્ટાવસ્થામાં રહેલ સોયોને અગ્નિ વડે પુનઃ પુનઃ પ્રકૃષ્ટ રીતે તપાવીને સઘનતાપૂર્વક તે રીતે કૂટવામાં આવે કે જેનાથી તેઓમાં કોઈ વિભાગ જ ન રહે તેવી પિંડીત અવસ્થાને નિકાચના કહેવાય.

આ રીતે સોયની જગ્યાએ કર્મ પરમાણુઓને સમજી આત્મ પ્રદેશો સાથે અર્થઘટન કરવું. (સ્પૃષ્ટ અને નિકાચના બન્નેમાં કર્મ પરમાણુનું આત્મા સાથે એકમેકનું જ વિધાન છે. એ અપેક્ષાએ પણ નિકાચનામાં સ્પૃષ્ટનો અંતર્ભાવ કર્યો છે તેમ સમજી શકાય) ઉપરોક્ત રીતે, પ્રકૃતિબંધ,

१. 'देशस्क' रा.। २. प्रतिक्षि' मु.पा. (खं.भां.) ३. 'भिपद्यमा' रा.। ४. पुनः प्रताप्य पा.रा.। T. परि.५ टि.१०।

तस्यैवं निकाचितस्य प्रकृत्यादिबन्धरूपेणावस्थितस्य उदयावलिकाप्रविष्टस्य प्रतिक्षणमुदयमादर्शयतो याऽवस्था शुभाशुभानुभावलक्षणा स **उदयो** विपाक इति। उदयानुभावसमनन्तरमेवापेतस्नेहलेशं परिशटत् प्रतिसमयं कर्म **निर्जरा**व्यपदेशमङ्गीकरोतीति। बन्धादयः कृतद्वन्द्वास्ता अपेक्षत इति कर्मण्यण्। बन्ध-निकाचनोदय-निर्जरापेक्षं, किं तत् फलं, कथं पुनस्तत्फलं बन्धाद्यपेक्षते ?

उच्यते, यतो बन्धादिष्वसत्सु न तत्सम्भव इति। क्व[1] अनुभवतो ?, नन्वभिहितमनादौ संसार इति, स पुनः किंभेद इति एतत् कथयति- **नारके**त्यादि। **नारकतिरश्चोर्योनिः**=उत्पत्तिस्थानम्, तच्च द्वितीये (अध्याये) वक्ष्यत इति। **मनुष्याश्चामराश्च** तेषां **भवः**=प्रादुर्भावस्ते भवन्ति यत्र। **ग्रहणानि**= आदानानि तच्छरीरग्रहणानि इत्यर्थः। तेषु च तेषु भवेषु अनादिसंसारात्मसु, **विविधमि**त्यनेकविधम्,

• *હેમગિરા* •

**(भाष्य– नारक-तिर्यग्योनि-मनुष्यामरभवग्रहणेषु विविधं पुण्य-पापफलमनुभवतो )**

**<u>ભાષ્યાર્થ</u> :- નરક, તિર્યંચ યોનિ તેમજ મનુષ્ય, અને દેવ ભવોનું ગ્રહણ કરી તેમાં અનેક પ્રકારના પુણ્ય - પાપના ફળોને અનુભવતો,**

સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ સ્વરૂપે અવસ્થિત થયેલા નિકાચિત થયેલા, ઉદયાવલિકામાં પ્રવેશ કરેલા કર્મોની ક્ષણે ક્ષણે અનુભવમાં આવતી જે શુભ-અશુભ રસવાળી અવસ્થા તેનું નામ **ઉદય અર્થાત્ વિપાક** છે.

**નિર્જરા** :- ઉદયકાળ પૂરો થતાં નીકળી ગયેલી ચીકાશવાળા સમયે સમયે ખરી પડતા આ કર્મોની અવસ્થાને નિર્જરા કહેવાય છે. બંધ, નિકાચના, ઉદય અને નિર્જરા આ બધા પદો વચ્ચે દ્વન્દ્વ સમાસ કરેલ છે. તેનો વિગ્રહ આ રીતે સમજવો :- **बन्धश्च निकाचना च उदयश्च निर्जरा चेति- बन्धनिकाचनोदयनिर्जराः ता अपेक्षते इति बन्धनिकाचनोदयनिर्जरापेक्षम्**. આ સામાસિક પદને કર્મ અર્થમાં દ્વિતિયા વિભક્તિ થઈ છે.

### ❋ કર્મબંધના ફલ વગેરેની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- આ બંધાદિથી મળતું ફળ શું છે ? અને તે ફળ બંધાદિની જ અપેક્ષા કેમ રાખે છે?

<u>જવાબ</u> :- આ બંધાદિથી મળતા ફળ નરકગતિ આદિ છે. કારણ કે બંધાદિ વિના આ નરકાદિ ફળો સંભવે જ નહીં. તેથી આ ફળો બંધાદિની અપેક્ષા રાખે છે.

<u>પ્રશ્ન</u> :- બંધાદિના ફળનો અનુભવ ક્યાં થાય છે ?

<u>ઉત્તર</u> :- અનાદિ સંસારમાં બંધાદિના ફળોને જીવ અનુભવે છે. <u>પ્રશ્ન</u> :- આ તો પૂર્વે પણ કહેવાઈ ગયું છે પણ અત્યારે એ કહો કે અનાદિ સંસારના ભેદ કેટલા? <u>ઉત્તર</u> :- નરક આદિ ચાર ભેદે સંસાર છે. આ સંસાર નારક અને તિર્યંચની યોનિ = ઉત્પત્તિ સ્થાન તેમજ મનુષ્ય અને દેવના ભવ સ્વરૂપ છે, જેનું વર્ણન બીજા અધ્યાયમાં કરશે. ભવ = જીવનો જ્યાં

१. क्वानुभवो रा.। T. परि.५ टि.११।

यतः सात-सम्यक्त्व-हास्यादिकाः प्रकृतयो विविधास्तासां फलमपि **विविध**मेवेति। तथा ज्ञानावरणाद्या अपि विविधास्तत्फलमपि विविधमुच्यते, पुण्यमनुग्रहकारि सातादि, पापमुपघातकारि ज्ञानादिगुणानाम्, तयोः पुण्य-पापयोः फलं=स्वरसविपाकरूपं **पुण्य-पापफलम्**, तद**नुभवतो**=जीवस्योपभुञ्जानस्य, अनु पश्चादर्थे, पूर्वं ग्रहणं पश्चात् फलोपभोग इति। कथमनुभवत इत्याह- **ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यात्**, ज्ञानदर्शने व्याख्याते तयोः स्वाभाव्यं तस्मात् ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यादिति।

एतदुक्तं भवति– यदा यदोपभुङ्क्ते तदा तदा चेतयते सुख्यहं दुःखितोऽहमित्यादि, साकारा-नाकारोपयोगद्वयसमन्वितत्वादवश्यतया चेतयत इति, उत्तरग्रन्थेनापि सम्बन्धोऽस्य। **तानि तानी**त्यादिना। [1]ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यादेव तानि तानि परिणामान्तराणि याति न तु ताभ्यां रहित इति। तानि तानीति मुहूर्ताभ्यन्तरेऽपि मनसश्चलत्वाद् बहूनि गच्छति, तानि चेह शुभानि ग्राह्याणि, यतो दर्शनं

● *હેમગિરા* ●

**(भाष्य– ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यात् तानि तानि परिणामाध्यवसायस्थानान्तराणि गच्छतः)**

<u>ભાષ્યાર્થ</u> :- **જ્ઞાન અને દર્શનના ઉપયોગ રૂપ પોતાના સ્વભાવ થકી તે તે પરિણામ રુપ અધ્યવસાયના જુદા જુદા સ્થાનને પામતો**

પ્રાદુર્ભાવ થાય. આ ચાર ગતિ કે જેમાં (જીવ) દેહનું ગ્રહણ કરે (જન્મે) છે. તેવા આ અનાદિ સંસારાત્મક ભવોમાં (જીવ) વિવિધ ફળ અનુભવે છે. કારણ કે શાતા, સમ્યક્ત્વ મોહનીય, હાસ્યમોહનીય આદિ પુણ્ય કર્મ પ્રકૃતિના વિવિધ ભેદ છે તેથી તેના ફળ પણ વિવિધ છે. એ જ રીતે જ્ઞાનાવરણીયાદિ પાપ કર્મ પ્રકૃત્તિઓના પણ વિવિધ ભેદ છે તેથી તેના ફળ પણ વિવિધ કહેવાય છે. **પુણ્ય** :- અનુગ્રહ (સુખ)ને કરનાર સાતાવેદનીય આદિ કર્મ. **પાપ** :- જ્ઞાનાદિ ગુણોનું ઉપઘાત કરનાર કર્મ. આ પુણ્ય-પાપના પોતપોતાના રસોદય (વિપાક) ફળને જીવ અનુભવે છે. પૂર્વે કર્મનું ગ્રહણ કરે ત્યારબાદ તે કર્મોના ફળને ભોગવે તે 'અનુભવ.'

**❋ સંવેદનનું મૂળ કારણ ❋**

<u>પ્રશ્ન</u> :- જીવને આ પુણ્ય પાપના ફળનો અનુભવ કઈ રીતે થાય છે ?

<u>ઉત્તર</u> :- જીવને આ અનુભવ જ્ઞાન અને દર્શનના ઉપયોગ રૂપ સ્વભાવથી થાય છે. અર્થાત્ જીવ જ્યારે જ્યારે કર્મના ફલ (વિપાક)ને ભોગવે છે ત્યારે ત્યારે 'હું સુખી' 'હું દુઃખી' ઈત્યાદિ સંવેદન (અનુભવ) કરે છે. આ સંવેદન જીવ પોતે સાકાર (જ્ઞાન) ઉપયોગ અને અનાકાર (દર્શન) ઉપયોગથી સમન્વિત હોવાથી જ કરી શકે છે. **उपयोगस्वभाव्यात्** એ પદનો સંબધ **तानि** ઈત્યાદિ પદો સાથે કરવો. તે તે સુખ-દુઃખ રૂપ જુદા જુદા પરિણામોને જ્ઞાનાદિના ઉપયોગ રૂપ સ્વભાવવાળો હોવાથી જ જીવ પામે છે. જ્ઞાન દર્શનના ઉપયોગ-સ્વભાવ વિના ન પામે. એક અંતર્મુહૂર્તમાં પણ આવા ઘણા પરિણામો જીવ પામે છે કારણ કે મન ખુબ ચંચળ છે. ભાષ્યમાં 'તે તે

१. 'दर्शो रा.,। T. परि.५ टि.१२।

सम्प्राप्नोति शुभाज्ञामास्कन्दन्निति, तेषां बहुत्वाद् वीप्सया निर्दिशति। अथवा यान्येव पूर्वाण्यध्यवसायान्तराणि तान्येव पराध्यवसायतया वर्तन्त इत्यन्वयं दर्शयति–परिणामश्चानेकरूपो विज्ञानादिस्वभावः चेतनाचेतनद्रव्यगतः, तत्राचेतनः परमाण्वादीनां शुक्लादिः, चेतनस्य तु विज्ञानदर्शनादिविषयस्वरूपपरिच्छेदात्मकः।

तथा देवाद्यवस्था[1]ऽपुद्गलात्मिका अविवक्षितचेतना[2]स्वभावाऽचेतनास्वभावा चेति। अतः परिणामस्य व्यभिचारे विशेषणोपादानमर्थवत्पश्यन्नुवाचेदं **परिणामोऽध्यवसायरूप** इति। तस्य **स्थानान्तराणि**

• હેમગિરા •

અધ્યવસાયોને પામતો જીવ' એમ જે કહ્યું તેમાં તે તે અધ્યવસાય તરીકે અહીં શુભ અધ્યવસાયો (પરિણામો) ગ્રહણ કરવા. કારણ કે પ્રસ્તુતમાં જે વાત ચાલી રહી છે તે સમ્યગ્દર્શન પ્રાપ્તિની છે. આ દર્શન પ્રાપ્તિમાં જિનેશ્વર પ્રભુની શુભ કલ્યાણકારી એવી આજ્ઞાને અનુરૂપ જ પરિણામ = અધ્યવસાય હોવા જરૂરી છે. તેથી શુભ અધ્યવસાયોનું ગ્રહણ કરવું. વળી આવા શુભ અધ્યવસાયો પણ ઘણાં બધાં છે. તેથી એક જ વાર '**तानि**' પદ ન લખતા બે વાર (વીપ્સાઅર્થમાં) લખેલ છે. અથવા તો જે પૂર્વે શુભ અધ્યવસાયો હતાં તે જ બીજા શુભતર અધ્યવસાય તરીકે (વર્તે) બને છે તે અર્થને દર્શાવતાં "**परिणाम....**" ઈત્યાદિ પદોના અન્વયને ભાષ્યમાં દેખાડે છે.

## ❊ અધ્યવસાય વિશેષણની સાર્થકતા ❊

<u>શંકા</u> :- ભાષ્યમાં 'પરિણામ' પદ લખ્યા બાદ 'અધ્યવસાય' ફરી કેમ લખ્યું ? આ બેમાં શું તફાવત છે? <u>સમાધાન</u> :- અધ્યવસાય વિશેષણ જરૂરી છે કારણ કે વિજ્ઞાનાદિ સ્વભાવવાળા પરિણામ અનેક પ્રકારના છે. (અધ્યવસાય વિશેષણથી અમુક જ પરિણામ ગ્રાહ્ય છે એ જણાવવું છે) એમાં સામાન્યથી બે ભેદ છે.

(૧) ચેતનદ્રવ્યગત પરિણામ અને (૨) અચેતનદ્રવ્યગત પરિણામ. પરમાણુ આદિના જે સફેદ, પીળા, આદિ વર્ણ વગેરે પરિણામ તે અચેતનદ્રવ્યગત પરિણામ, આત્માના જ્ઞાન, દર્શન આદિ પરિણામ, જે સ્પર્શાદિ વિષયના પરિચ્છેદક (જ્ઞાપક) છે, તે ચેતનદ્રવ્યગત પરિણામ. તથા અપુદ્ગલાત્મક એવી દેવાદિ અવસ્થામાં ચેતના સ્વભાવની વિવક્ષા ન કરીએ ત્યારે અચેતનદ્રવ્યગત પરિણામ ઘટે તેમજ અચેતન (પુદ્ગલ) સ્વભાવની વિવક્ષા ન કરીએ ત્યારે ચેતનદ્રવ્યગત પરિણામ ઘટે અર્થાત્ દેવાદિ અવસ્થામાં જ્યારે જીવત્વની વિવક્ષા કરીએ ત્યારે અપુદ્ગલાત્મક ચેતનદ્રવ્યગત પરિણામ ઘટે અને જ્યારે દેવ-શરીર પુદ્ગલની વિવક્ષા કરીએ તો અચેતનદ્રવ્યગત પરિણામ પણ ઘટે.

આમ પરિણામ ઉપરોક્ત બે પ્રકારે હોવાથી કોઈ 'અચેતન પરિણામ'નું ગ્રહણ કરી વ્યભિચાર બતાવી શકે. તેથી પરિણામ સાથે 'અધ્યવસાય' વિશેષણ જોડવું તે જરૂરી છે આ 'અધ્યવસાય' પદ લખવાથી હવે વ્યભિચારને કોઈ સ્થાન નથી. કારણ કે તે અધ્યવસાય રૂપ પરિણામ ચેતનનો જ હોય છે.

અધ્યવસાય સ્થાનમાં ય અનેક સ્થાનાંતરો હોય છે તે જણાવતાં ત્રણ પ્રકાર કહ્યા છે :-

१. °वस्थापु° रा। २. °नाभावा मु.पा. (भां.खं)।

मलीमस-मध्य-तीव्राणि शुभे जघन्ये वर्तित्वात् ततो विशुद्धतरं स्थानमन्यदारोहति, ततोऽपि विशुद्धतममपरमधिगच्छतः=प्राप्नुवतो वर्द्धमानशुभपरिणतेरित्यर्थः, अनेन च **गच्छत** इति समस्तमिदं चतुर्विधसामायिकोत्पादकाण्डं सूचितं भवति।। **सत्तण्हं पयडीणं अब्भिन्तरओ उ कोडिकोडिए। काऊण सागराणं जइ लहइ चउण्णमेगयरं।।** (विशेषावश्यभाष्ये गा.११९३) अत्र बहु वक्तव्यमित्यतः प्रकृतोपयोगि केवलमुच्यते।

स खलु जीवस्तानि शुभान्यध्यवसायान्तराण्यास्कन्दन्ननाभोगनिर्वर्तितेन यथाप्रवृत्तकरणेन[1] तामुत्कृष्टां कर्मस्थितिमवह्रास्य कोटीकोट्याः सागरोपमानामन्तः क्षपयंस्तावत् प्रयाति[2] यावत् तस्या अपि पल्योपमासङ्ख्येभागः क्षपितो भवति तस्मिन् स्थाने प्राप्तस्यातिप्रकृष्टघनराग-द्वेषपरिणामजनितः वज्राश्मवद् दुर्भेद-कठिन-रूढ-गूढग्रन्थिवत्कर्मग्रन्थिर्जायते[3], तत्र कश्चिद् भव्यसत्त्वस्तं भित्त्वाऽपूर्वकरणबलेन प्राप्तानिर्वृत्तिकरणस्तत्त्वार्थश्रद्धानलक्षणं सम्यग्दर्शनमासादयति, कश्चिद् ग्रन्थिस्थानादधो निवर्तते, कश्चित् तत्रैवावतिष्ठते, न परतो नाधः प्रसर्प्पतीति। अत्र चोपदेष्टारमन्तरेण यत्

• હેમગિરા •

(૧) **મલિન = મન્દ;** (૨) **મધ્યમ = કાંઈક સારા** (૩) **તીવ્ર=ઉત્તમ** સમકિત અભિમુખ જીવ શુભ અધ્ય-વસાયમાં જઘન્ય, મધ્યમથી માંડી ઉત્તરોત્તર તીવ્ર અધ્યવસાયમાં ચઢે છે. અર્થાત્ વધતા શુભ પરિણામ-વાળો હોવાથી આ જીવ વિશુદ્ધ, વિશુદ્ધતર, વિશુદ્ધતમ અધ્યવસાય સ્થાનોને પામે છે. ભાષ્યમાં 'આવા અધ્યવસાય વડે આગળ વધતો' એમ ઉલ્લેખ કરી ચારે (સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ અને સર્વવિરતિ) સામાયિકના ઉત્પત્તિ કાંડ(પ્રસંગ)નો નિર્દેશ કરેલ છે. આગમોમાં આ સમ્યક્ત્વ સામાયિક અંગે કહ્યું છે કે :- આયુષ્ય સિવાયની સાત પ્રકૃતિઓની સ્થિતિ અંતઃ કોડાકોડી સાગરોપમની કરીને જીવ ચારમાંથી કોઈપણ એક સામાયિકને મેળવે છે. (વિશેષાવશ્યક ગા.૧૧૯૩) અહીં બીજું પણ ઘણું કહેવા જેવું છે પરંતુ પ્રસ્તુતમાં જેટલું ઉપયોગી છે એટલું કહીએ છીએ.

## ❋ ગ્રંથી ભેદનું સ્વરૂપ ❋

હવે ઉપર કહ્યા મુજબનો આ જીવ ઉત્તરોત્તર તે શુભ અધ્યવસાયોને પામતો અનાભોગ (અકામનિર્જરા)થી થયેલ યથાપ્રવૃતકરણ વડે મોહનીયની ૭૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિને ઓછી કરી અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ સુધી લાવે છે.

આ સ્થિતિને પણ ત્યાં સુધી ક્ષય કરે કે જ્યાં સુધીમાં અસંખ્ય પલ્યોપમ જેટલો ભાગ ક્ષય થાય. ત્યારબાદ તે સ્થિતિને પ્રાપ્ત થયેલા જીવને અતિ રાગ અને દ્વેષના પરિણામથી ઉત્પન્ન થયેલ વજ્ર જેવી દુર્ભેદ્ય, અતિકઠણ-ઘટ્ટ અને ગુંચવણવાળી ગાંઠનાં જેવી ગ્રંથિ પ્રાપ્ત થાય છે અર્થાત્ ગ્રંથિ સ્થાન પર જીવ આવે છે તેમાં કોઈક ભવ્ય જીવ અપૂર્વકરણના બળ વડે આ ગ્રંથિનો ભેદ કરીને અનિવૃત્તિકરણ પ્રાપ્ત કરી....તત્ત્વાર્થ શ્રદ્ધાના લક્ષણવાળુ સમ્યગ્દર્શન મેળવે છે. કોઈ

१. प्रवृत्ति' मु.पा. (भां रा.) २. प्रापयति पा.र.। ३. 'गन्थिर्जायते मु.पा. (भां.खं.) ४. 'निवर्तिक भां.खं. ।

सम्यक्त्वं तन्नैसर्गिकमाचक्षते प्रवचनवृद्धाः। एनमेव च विप्रकीर्णमर्थमाख्यातवान् तानि तानीत्यादिना भाष्यग्रन्थेनोत्पद्यत इत्येवमन्तेन। **अनादिमिथ्यादृष्टेरपि** नास्यादिरस्तीत्यनादिः अनादिर्मिथ्यादृष्टिरस्येत्य-नादिमिथ्यादृष्टिः=अप्राप्तपूर्वसम्यक्त्वलाभः, न चास्ति कश्चित् तादृक् कालो यस्मिन्नुपदिश्येतायं मिथ्यादर्शनं प्रतिपन्नवानिति।

तथा चागमः [१]"**अत्थि अणन्ता जीवा जेहिं न पत्तो तसाइपरिणामो**"(विशेषणवती गा.-५३)। तस्यानादिमिथ्यादृष्टेः, **अपि** शब्दात् सादिमिथ्यादृष्टेरपि, यो हि भव्यः सम्यक्त्वं प्रतिपद्य प्राक् पश्चादनन्तानुबन्धिकषायोदयाज्जातव्यलीको मनोज्ञपरिणामबद्धमतिर्[२]जघन्येनान्तर्मुहूर्तं स्थित्वोत्कर्षेणो[३]पार्ध-

• હેમગિરા •

**(भाष्य– अनादिमिथ्यादृष्टेरपि सतः परिणामविशेषादपूर्वकरणं तादृग् भवति)**

**ભાષ્યાર્થ :- અનાદિ મિથ્યાદષ્ટિ હોવા છતાં પરિણામ વિશેષથી તેવા પ્રકારના અપૂર્વકરણ (અપૂર્વ અધ્યવસાય)ને પામે છે**

જીવ ગ્રંથિ સ્થાનથી પાછો ફરી જાય, કો'ક ત્યાં જ રહે છે આગળ કે પાછળ જતો નથી. પ્રસ્તુતમાં આ અનિવૃત્તિકરણ રૂપ સમ્યકત્વ જીવને કોઈના ઉપદેશ વિના જ સ્વાભાવિક પ્રાપ્ત થાય છે તેથી તેને પ્રવચન વૃદ્ધો નૈસર્ગિક સમકિત કહે છે.

આ જ નિસર્ગ સમ્યક્ત્વના પ્રાપ્તિ ક્રમનો વિસ્તારથી અર્થ ભાષ્યમાં '**तानि तानि**' એ પદોથી માંડીને '**इति**' સુધીના પદોમાં કહેલ છે. અર્થાત્ જીવને કોને અપેક્ષીને ? શું અનુભવતાં ? કેવા સ્વભાવથી ? ક્યાં ક્યાં રખડતાં ? કેવા અધ્યવસાયોમાં ચડતાં ? કેવા પ્રકારના અધ્યવસાય વિશેષથી ? સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ઈત્યાદિ વિવિધ વિચારણા સમકિત અંગેની અત્યાર સુધીમાં કરી છે. હવે '**अनादिमिथ्यादृष्टेरपि...**' ઈત્યાદિ પદોની વ્યાખ્યા કરે છે.

**❀ અનાદિ-સાદિ મિથ્યાદૃષ્ટિની વિચારણા ❀**

જેણે આજ સુધીમાં પૂર્વે ક્યારે પણ સમકિત મેળવ્યું જ નથી તેવો જીવ તે અનાદિ મિથ્યાદષ્ટિ અથવા તો તેવો કોઈ કાલ નથી કે જેને વિશે'મિથ્યાદષ્ટિપણાને આ જીવ પામ્યો છે." તેવું વિધાન કરી શકાય. તેથી પણ જીવ અનાદિ મિથ્યાદષ્ટિ કહેવાય. આગમમાં કહ્યું છે :- એવા અનંત જીવો છે કે જેમને ત્રસાદિ પરિણામો પ્રાપ્ત નથી થયા. (ત્રસાદિ ભાવો જ નથી મેળવ્યા તો સમકિતની શી વાત ? અથવા 'ત્રસાદિમાં' આદિપદથી સમકિત પરિણામ લેવો.)

તેવા અનાદિ મિથ્યાદષ્ટિ જીવોને તેમજ '**अपि**' શબ્દથી સાદિ મિથ્યાદષ્ટિ જીવોને પણ સમકિત પ્રાપ્ત થાય છે. કારણ કે જેમ સ્વાદિષ્ટ પરમાન્ન ખાધા પછી ઉત્પન્ન થયેલા અજીર્ણાદિ દોષવાળો અરુચિના લીધે, પરમાન્નને વમી નાંખે છે તેમ જે ભવ્ય જીવ એકવાર સમકિત મેળવ્યા બાદ,

१. (अत्थि अणंता जीवा, जेहिं न लद्धो तसाइपरिणामो। तेऽवि अणंताणंता णिगोअवासं अणुवसंति।। (विशेषणवती गा.५३) २. मनोज्ञपरमान्नवद्धमति जघ° भां.खं.रा.मे.। ३. °र्षेणापार्ध° खं,भां.रा.।

पुद्गलपरावर्तं पुनः प्रतिपद्यमानः सादिमिथ्यादृष्टिर्भवति, तस्यापि **सतो**=भवतः **परिणामविशेषात्**, परिणामोऽध्यवसायः=चित्तं तस्य विशेषः स एव वा पूर्वं जघन्यमङ्गीकृत्य परः परः शुभो विशेष इत्युच्यते, परिणामविशेषश्चेह यथाप्रवृत्तिकरणमभिमतं, ततः परं **अपूर्वकरणं**, अप्राप्तपूर्वं **तादृशं** अध्यवसायान्तरं जीवेनेत्यपूर्वकरण-मुच्यते ग्रन्थिं विदारयतः, ततश्च ग्रन्थिभेदोत्तरकालभाव्यनिवृत्तिकरणमासादयति, यतस्तावन्न निवर्तते यावत् सम्यक्त्वं न लब्धमित्यतोऽनिवृत्तिकरणं, ग्रन्थान्तरे प्रसिद्धत्वात् भाष्यकारेणानिवृत्तिकरणं नोपात्तम् अवश्यतया वा सम्यग्दर्शनं लभमानस्तल्लभत इति काक्वाऽभ्युपेतमेव, तदभावेऽभावात्, अतो न कश्चिद् विरोध इति। सम्प्रति निगमयति यदेवमुपजात**मेतन्निसर्गसम्यग्दर्शनमि**ति।

● *હેમગિરા* ●

**(भाष्य- येनास्यानुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यत इत्येतत् निसर्गसम्यग्दर्शनम्।।)**

**<u>ભાષ્યર્થ</u> :- કે જેના પ્રભાવે કોઈના ઉપદેશ વિના જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે આને નિસર્ગ સમ્યગ્દર્શન કહેવાય.**

અનંતાનુબંધી કષાયના ઉદયથી ઉત્પન્ન થયેલા મિથ્યાત્વના દોષવાળો થાય તો સમકિત તરત વમી નાંખે છે પછી જઘન્યથી એક અંતર્મૂહુર્ત તેમજ ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલપરાવર્ત કાળ સુધી મિથ્યાત્વમાં રહીને ફરીથી સમ્યગ્દર્શન પામે ત્યારે આ (રીતે મેળવાતું) સમકિત 'સાદિ મિથ્યાદષ્ટિ' કહેવાય.

**❋ કરણ(અધ્યવસાય)ના ત્રણ પ્રકાર ❋**

તેવા આ અનાદિ (+સાદિ) મિથ્યાત્વી જીવનો જે પરિણામ = અધ્યવસાય = ચિત્ત છે તેમા જે વિશેષ કક્ષાનો અધ્યવસાય તે અથવા પૂર્વના જઘન્ય પરિણામની અપેક્ષા આગળ આગળનો શુભ પરિણામ તે પરિણામ વિશેષ જ યથાપ્રવૃતકરણ તરિકે પ્રસ્તુતમાં અભિમત છે. આ યથાપ્રવૃતકરણ કર્યા પછી જીવ અપૂર્વકરણ કરે છે. પૂર્વે કયારેય નથી મેળવ્યા તેવા પ્રકારના અપૂર્વ-અધ્યવસાય છે જેમાં તે અપૂર્વકરણ કહેવાય. આ અપૂર્વકરણ અવસ્થામાં જીવ ગ્રંથિભેદ કરે છે. આ ગ્રંથિભેદ કર્યા બાદ અનિવૃત્તિકરણ પ્રાપ્ત કરે છે. જેથી કે તે અધ્યવસાય સમકિત આપ્યા વગર નિવૃત્ત થતો નથી તેથી આ અધ્યવસાયને અનિવૃત્તિકરણ કહેવાય છે.

<u>પ્રશ્ન</u> :- અનિવૃત્તિકરણનો ઉલ્લેખ ભાષ્યમાં કેમ નથી કર્યો ?

<u>જવાબ</u> :- બીજા ગ્રંથોમાં આ પ્રસિદ્ધ હોવાથી અહીં નથી જણાવેલ. અથવા તો સમ્યગ્દર્શનને મેળવનાર અવશ્ય આને મેળવે જ છે એ રીતે કાકુ(વક્ર કથન) દ્વારા અનિવૃત્તિકરણને સ્વીકારી જ લીધું છે. કારણ કે આ અનિવૃત્તિકરણના અભાવમાં સમકિતનો અભાવ જ હોય છે. તેથી સમકિતના ઉલ્લેખમાં અનિવૃત્તિકરણનો ઉલ્લેખ આવી જ જાય. તે કારણથી ભાષ્યકારે અનિવૃત્તિકરણ અલગથી નથી જણાવ્યું તેથી કોઈ વિરોધ નથી. પ્રાંતે નિગમન (ઉપસંહાર) કરતા કહે છે. કે આ ક્રમે પ્રાપ્ત થતું દર્શન તે નિસર્ગ સમ્યગ્દર્શન છે.

१. 'णानिवर्तिनोपात्तकरणं अव' खं. भां.। २. यथेवमुपजातमेव। तन्नि' रा।

**भाष्य– अधिगमः अभिगम आगमो निमित्तं श्रवणं शिक्षा उपदेश इत्यनर्थान्तरम्।**

▲अधिगमसम्यग्दर्शनं▲–जीवस्य उपयोगस्वाभाव्यात् तदधिगमात् प्राप्यते। कोऽधिगम इति चेत् तदुच्यते– **अधिगमोऽभिगम** इत्यादि। गमेर्गत्यर्थत्वाज्ज्ञानार्थता, गमो=ज्ञानं=रुचिरिति, अधिको गमोऽधिकं ज्ञानम्, कथं वाऽऽधिक्यम् ? यस्मात् परतो निमित्ताद् भवति तदाधिक्यादधिकमुच्यते, **अभिगमस्तु** गुरुमाभिमुख्येनालम्ब्य यज्ज्ञानं सोऽभिगमः।

**आगमस्त्वा**गच्छत्यव्यवच्छित्त्या[1] वर्णपदवाक्यराशिराप्तप्रणीतः पूर्वापरविरोधशङ्कारहितस्तदालोचनात्तत्त्वरुचिरागम उच्यते, कारणे कार्योपचारात्, नड्वलोदकं पादरोग इति। **निमित्तं** तु यद्

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **અધિગમ, અભિગમ, આગમ, નિમિત્ત, શ્રવણ, શિક્ષા અને ઉપદેશ આ બધા એકાર્થિક છે.**

જીવ ઉપયોગના સ્વભાવવાળો હોવાથી તેને અધિગમ વડે જે સમકિત પ્રાપ્ત થાય તે અધિગમ સમ્યગ્દર્શન કહેવાય છે. <u>પ્રશ્ન</u> :- અધિગમ એ શું છે ? <u>જવાબ</u> :- **'अधिगमोऽभिगम'** ઈત્યાદિ પદોથી ભાષ્યમાં આ પ્રશ્નનો જવાબ કહેવાય છે.

### ❋ અધિગમના એકાર્થકનામોને જાણીએ ❋

તે આ પ્રમાણે કે **'गम्'** ધાતુ ગતિ- અર્થમાં વપરાય અને જેટલા ગત્યર્થક ધાતુઓ છે તે 'જ્ઞાન' અર્થમાં વપરાય છે. ગમન, જ્ઞાન, રુચિ, આ એકાર્થિકો છે. **अधि** = અધિક, **गम** = જ્ઞાન અર્થાત્ અધિગમ = અધિક જ્ઞાન. <u>પ્રશ્ન</u> :- આને અધિક કેમ કહેવાય ? <u>જવાબ</u> :- કારણ કે આ (અધિગમ) પરના નિમિત્તથી ઉત્પન્ન થાય છે અર્થાત્ આની ઉત્પત્તિમાં પરનિમિત્ત અધિક હોય છે. તેથી અધિક કહેવાય.

**અભિગમ** :- ગુરુ સમક્ષ બેસી અથવા તેમનું આલંબન (નિશ્રા) લઈને જે જ્ઞાન મેળવવું તે અભિગમ.

**આગમ** :- જે (આગળથી સુવિહિત પરંપરાથી) અવ્યવચ્છિન્ન (અખંડ) પણે આવેલ છે તે આગમ. આ આગમ આપ્ત એવા તીર્થંકર ગણધરાદિ પુરુષોથી કથિત-રચિત, પૂર્વાપર વિરોધો કે શંકાથી રહિત એવી વર્ણ (વ્યંજન-અક્ષર) પદ અને વાક્યની રાશિ સ્વરૂપ છે. અને એ રાશિની આલોચના (વિચારણા)થી ઉત્પન્ન થતી તત્ત્વરુચિ (પ્રીતિ) તે આગમ રૂપ સમ્યગ્દર્શન કહેવાય.

<u>શંકા</u> :- આગમ એ આપ્ત પુરુષ કથિત (રચિત) છે, જ્યારે તત્ત્વરુચિએ જીવાત્માનો પરિણામ વિશેષ છે તો આગમ એ તત્ત્વરુચિ છે એવું કઈ રીતે કહો છો ?

<u>સમાધાન</u> :- કારણમાં કાર્યનો ઉપચાર કરીને આમ કહીએ છીએ. તત્ત્વરુચિ રૂપી કાર્યમાં આગમ એ કારણ છે. કારણ રૂપ આગમમાં કાર્ય રૂપ રુચિનો આરોપ કરી આગમને પણ તત્ત્વરુચિ

▲...▲. एतच्चिह्नितपाठो भां, पा प्रतौ न दृष्टः। १. व्यवस्थित्या. रा.पा.।

**भाष्य--तदेवं परोपदेशाद् यत् तत्त्वार्थश्रद्धानं भवति तदधिगमसम्यग्दर्शनमिति।।**

यद् बाह्यं वस्तूत्पद्यमानस्य सम्यग्दर्शनस्य प्रतिमादि तत् तत् सर्वमागृहीतं, ततो [1]निमित्तात् प्रतिमादिकात् सम्यक्त्वं निमित्तसम्यग्दर्शनमुच्यते। **श्रवणं**=श्रुतिराकर्णनं ततो यज्जायते। **शिक्षा**=पुनः पुनरभ्यासः, आप्तप्रणीतग्रन्थानुसारी ततो यद् भवति। उपदिशतीत्**युपदेशो**=गुरुरेव देववच्छब्दसंस्कारस्ततो यत् प्रादुरस्ति। एवमेते किञ्चिद् भेदं प्रतिपद्यमाना अनर्थान्तरमिति व्यपदिश्यन्ते। एवं पर्यायकथनं कृत्वा सम्पिण्ड्य कथयति– **तदेवमि**त्यादिना।।

**तदधिगमसम्यग्दर्शनम्**, **एवमि**त्यनेनोक्तेन भेदनिरूपणेन यद्भवति। **परोपदेशादि**त्यनेन तु निमित्तमात्रमाक्षिप्तं ग्राह्यम्, अन्यथोपदेशाच्छब्दो[2]द्यदिति [फ] न व्याप्तिराख्याता स्यात्, यतो न केवलं

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **તે આ રીતે પરોપદેશના માધ્યમે જે તત્ત્વાર્થની શ્રદ્ધા થાય તે અધિગમ સમ્યગ્દર્શન કહેવાય છે.**

કહી શકાય. જેમ **'नड्वलोदकं पादरोग'** 'નડ' નામના ઘાસથી યુક્ત જળ વિશેષ કે જે પગમાં લાગવાથી પગનો રોગ થાય છે, અહીં રોગ પગમાં થાય છે. છતાં કારણ એવા નડ્વલના પાણીમાં કાર્ય (રોગ)નો ઉપચાર કરીને નડ્વલ ઘાસનું પાણી એ 'પાદરોગ' છે. એમ કહેવાય છે.

**નિમિત્ત** :- ઉત્પન્ન થતાં સમકિત માટે નિમિત્તભૂત જે જે બાહ્ય વસ્તુરૂપ પ્રતિમાદિ છે તે સર્વનું અહીં ગ્રહણ કરવું. તેવા આ પ્રતિમાદિ નિમિત્તોથી થતું સમ્યગ્દર્શન તે નિમિત્ત સમ્યગ્દર્શન કહેવાય.

**શ્રવણ** :- શ્રુતિ = સાંભળવું આ શ્રવણથી થતું સમ્યગ્દર્શન તે શ્રવણ સમ્યગ્દર્શન.

**શિક્ષા** :- શિક્ષા એટલે પુનઃ પુનઃ અભ્યાસ, આપ્ત પ્રણીત ગ્રંથો પ્રમાણે વારંવાર અભ્યાસ કરવાથી થતું સમ્યગ્દર્શન તે શિક્ષા સમ્યગ્દર્શન.

**ઉપદેશ** :- શબ્દોના સંસ્કાર કરવા, અર્થાત્ પદો, શબ્દોમાં રહેલા હાર્દને જુદી જુદી રીતે સમજાવવા દા.ત. ગુરૂ તત્ત્વનો ઉપદેશ આપતાં ઉપદેશક કહે કે ગુરૂ જ દેવ જેવા છે. ગુરૂ ન હોત તો દેવની ઓળખાણ પણ કોણ કરાવત? માટે ગુરૂ દેવ જેવાં છે એમ શબ્દોની ગોઠવણી (સંસ્કાર) જેમાં હોય એને ઉપદેશ કહેવાય. આ ઉપદેશથી થતું સમ્યગ્દર્શન તે ઉપદેશ સમ્યગ્દર્શન કહેવાય. આ રીતે કાંઈક ભેદને જણાવતાં ઉપરોક્ત પર્યાયવાચી શબ્દો છે. આ પ્રમાણે પર્યાય કથન કરીને તે પર્યાયોનું એકત્રીકરણ કરતાં કહે છે કે - ઉપરોક્ત પર્યાયોના નિરૂપણથી જે સમકિત કહ્યું તે અધિગમ સમ્યગ્દર્શન છે.

### ❋ પરનિમિત્તજન્ય અધિગમ સમ્યગ્દર્શન ❋

ભાષ્યમાં પરોપદેશથી સમકિત થાય છે એવું જે કહ્યું તેમાં પરોપદેશને લઈ એક 'નિમિત્તમાત્ર'નું ગ્રહણ કર્યું છે. પણ પરોપદેશ સાથે જ સમકિતની વ્યાપ્તિ (અવિનાભાવ) નથી દર્શાવી. અન્યથા જો પરોપદેશથી જ 'અધિગમ' સમકિત થાય છે એમ કહીએ તો જે જીવોને ઉપદેશ વિના પ્રતિમાદિના દર્શનથી સમકિત થાય છે તેમાં આ ઉપદેશરુપ હેતુ ન હોવાથી ત્યાં

१. निमित्तप्रति° रा.A २. °ब्दादिति मु. (भां.सं.) फ. अव्याप्तीत्यर्थः (परोपदेशाच्छाब्दादित्येव अवधारणेऽव्याप्त्यापत्तेः)

**अत्राह तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमित्युक्तम्। तत्र किं तत्त्वमिति ? अत्रोच्यते।।३।।**

शब्दादेव भवति, किन्तु कस्यचिद् भव्यस्य प्रतिमाद्यालोक्य भवत्येव। **परोपदेशात्**=परोपष्टम्भेन यदुदेति **तत्त्वार्थेषु**=जीवादिषु **श्रद्धानं**=रुचिस्तदधिगमसम्यग्दर्शनमिति।।३।।

सम्प्रत्युत्तरसूत्रसम्बन्धं स्वयमेव लगयन्नाह– **अत्राहे**त्यादि। अत्र एतस्मिंस्तत्त्वार्थश्रद्धानलक्षणे सम्यग्दर्शने विषयस्वरूपोपरक्ते व्याख्याते विषय विवेकमजानन्नोदकोऽनूनुदत्– भवता तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमित्येतदुक्तं, तत्र किं तत्त्वमिति, तत्रेत्यनेन तत्त्वार्थश्रद्धानशब्दे यस्तत्त्वशब्दस्तत्र किं तत्त्वं किं तस्याभिधेयमिति। [1]**ननु** चायुक्तोऽयं प्रश्नो, भाष्ये तत्त्वस्य पुरस्तान्निर्णयः कृत इति, तत्त्वानि जीवादीनि वक्ष्यन्ते त एवार्था इत्यस्मिन्, अतो निर्ज्ञाते तत्त्वे प्रश्नयतो जाड्यमवसीयते, **उच्यते**– न जाड्यात् प्रश्नः, सत्यमुक्तं तत्त्वानि जीवादीनि, आदिशब्देन तु अनेकस्याक्षेप इति नास्तीयत्ता, तस्माद् भाष्याद् न निर्णयोऽतः इयत्तापरिज्ञानाय प्रश्नः।

**પ્રશ્ન → તત્ત્વાર્થની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે તેમ જે કહ્યું તેમાં તત્ત્વની શ્રદ્ધામાં રહેલ તત્ત્વ એ શું છે ? 'કહીએ છીએ' ॥૩॥**

*• હેમગિરા •*

લક્ષણની વ્યાપ્તિ ન ઘટે. પણ તેવું અહીં નથી. કારણ કે સમકિત માત્ર શબ્દ શ્રવણ ઉપદેશથી જ નથી થતું પરંતુ કેટલાંક ભવ્યને પ્રતિમાદિના દર્શન (નિમિત્ત)થી પણ થાય છે જ. ભાષ્યના **परोपदेशात्** પદનો અર્થ આ મુજબ કરવો. પરના આલમ્બને જીવાદિ તત્ત્વોના અર્થમાં થતી શ્રદ્ધા = રુચિ તે અધિગમ સમ્યગ્દર્શન.. ॥ ૩ ॥

હવે ઉત્તર (ચોથા) સૂત્રનો સંબંધ પોતે જ ભાષ્યકારશ્રી કહે છે :- તત્ત્વાર્થની શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શનમાં તત્ત્વ શું છે ? અર્થ શું છે ? શ્રદ્ધા શું છે ? ઈત્યાદિ વિષય સ્વરૂપની વ્યાખ્યા પૂર્વ સૂત્રમાં કરવા છતાં તે વિષયમાં રહેલા વિવેક (ભેદ)ને નહીં જાણતો શંકાકાર પ્રશ્ન કરે છે.

**❋ તત્ત્વની વિચારણા ❋**

<u>શંકા</u> :- તમે જે 'તત્ત્વાર્થ શ્રદ્ધા' સ્વરૂપ સમ્યગ્દર્શન કહ્યું તેમાં તત્ત્વ એ શું છે ? અર્થાત્ '**तत्त्वार्थ श्रद्धानं**' શબ્દમાં જે તત્ત્વ શબ્દ છે તે 'તત્ત્વ' શબ્દમાં શું તત્ત્વ છે. એટલે 'તત્ત્વ'ના વિષય કોણ છે ?

આ અંગે અન્ય કોઈનું <u>સમાધાન</u> :- નોદકનો આ સવાલ જ અયુક્ત છે કારણ કે પૂર્વે ભાષ્યમાં તત્ત્વ શું છે એનો નિર્ણય થઈ ગયો છે તેમજ આગળ આ જીવાદિ તત્ત્વોને સવિસ્તાર કહેવાશે. અને તે જીવાદિ તત્ત્વો જ અર્થ કહેવાય છે. આ રીતે તત્ત્વ વિશે જણાવેલ છે છતાં આ વિશે કોઈ પ્રશ્ન કરે તો આ તેની જડતા (બુધ્ધિનું સ્થૂલપણું) જ જણાય છે.

<u>શંકાકાર</u> :- સ્થૂલ બુદ્ધિના કારણે આ પ્રશ્ન નથી થયો. પરંતુ બીજા સૂત્રના ભાષ્યમાં તત્ત્વો

१. तत्त्वं तस्या° खं.मां.। T. परि.५ टि.१३,१४।

**सूत्रम्- जीवाजीवास्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम्।।१-४।।**

**भाष्य- जीवा अजीवा आस्रवा[1] बन्धः संवरो निर्जरा मोक्ष इत्येष सप्तविधोऽर्थस्तत्त्वम्[*]।**

सूरिराह- **अत्रोच्यते**। अत्र ▲भाष्यगते▲ भवत्प्रदर्शिते तत्त्वशब्दे यदभिधेयं तदियत्तया निवृत्तस्वरूपमुच्यते- **जीवा अजीवाश्रव** इत्यादिना। समासपदं चैतत् समासपदे च विग्रहमन्तरेण न सुखेन प्रतिपत्तिः परस्मै शक्या कर्तुं इत्यतो विग्रहयति। **जीवा अजीवा** इत्यादि।

**जीवा**=[2]औपशमिकादिभावान्विताः साकारानाकारप्रत्ययलाञ्छनाः शब्दादिविषयपरिच्छेदिनोऽतीतानागतवर्तमानेषु समानकर्तृकक्रियाः तत्फलभुजः अमूर्तस्वभावाः। एभिरेव धर्मैर्वियुता **अजीवाः** धर्मादयश्चत्वारोऽस्तिकायाः। आस्रूयते यैर्गृह्यते कर्म त **आस्रवाः** शुभाशुभकर्मादानहेतव इत्यर्थः। **बन्धो** नाम, तैरास्रवैर्हेतुभिरात्तस्य कर्मणः आत्मना सह संयोगः प्रकृत्यादिविशेषितः। तेषामेवाश्रवाणां

*હેમગિરા*

<u>સૂત્રાર્થ</u> :- **જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ તત્ત્વ છે.॥૧-૪॥**

<u>ભાષ્યાર્થ</u> :- **જવાબ :- જીવો, અજીવો, આશ્રવો, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ - આમ આ સાત પ્રકારના અર્થ તે તત્ત્વ છે.**

એ જીવાદિ છે તે કહેવાઈ ગયું છે છતાં જીવાદિમાં 'આદિ' પદથી અનેક તત્ત્વોનો આક્ષેપ થઈ શકે છે. આ અનેક એટલે કેટલા તત્ત્વ લેવા ? એ બાબતનો નિર્દેશ પૂર્વ ભાષ્યમાં નથી કર્યો તેથી ચોક્કસ સંખ્યા = ઈયત્તા જાણવા માટે અમે પ્રશ્ન કર્યો છે ?

આનું સમાધાન આપતા આચાર્યશ્રી કહે છે કે તમે શંકામાં દર્શાવેલ 'તત્ત્વ' શબ્દમાં જે વિષય કહેવાનો છે તેનું નિશ્ચિત સ્વરૂપ ઈયત્તા થકી અહીં હવેના સૂત્રમાં કહીએ છીએ.. પ્રસ્તુત (ચોથું) સૂત્રએ જીવ, અજીવથી મોક્ષ સુધીનું આખું એક સામાસિક પદ છે. આ પદનો વિગ્રહ ન કરીએ તો બીજાને સુખેથી બોધ ન કરાવી શકાય માટે વાચકશ્રી (ભાષ્યમાં) વિગ્રહ કરે છે.

*** જીવાદિના સ્વરૂપને જાણીએ ***

**૧. જીવો** :- (૧) - ઔપશમિકાદિ ભાવથી યુક્ત (૨) સાકાર-અનાકાર ઉપયોગ રુપ લક્ષણવાળા (૩) શબ્દાદિ વિષયના પરિચ્છેદ (જ્ઞાન) કરનારા (૪) અતીત - અનાગત - વર્તમાનમાં સમાન કર્તાસંબધી ક્રિયાવાળા તેમજ (૫) તે ક્રિયા (કર્મ)ના ફળને ભોગવનારા (૬) અમૂર્ત સ્વભાવવાળા 'જીવો' કહેવાય. ('સમાન કર્તૃક ક્રિયાવાળા જીવો છે' એમ કહીને તે ભૂત-ભવિષ્ય કે વર્તમાનમાં પોતાના કર્માદિનો કર્તા એક (સ્વઆત્મા) જ હોય છે એમ દર્શાવ્યું અને ક્ષણવિનશ્વરવાદ, ઈશ્વર-કર્તૃત્વવાદનું નિરસન કર્યું છે.)

**૨. અજીવ** :- હમણાં કહેલ જીવના લક્ષણ-ધર્મથી રહિત જે હોય તે અજીવ દ્રવ્ય કહેવાય. ધર્માદિ ચાર અસ્તિકાય અજીવ દ્રવ્ય છે. **૩. આશ્રવ** :- જેના વડે કર્મનું આવવાનું થાય તે 'આશ્રવ',

*. જુઓ પરિશિષ્ટ-૪, ટિ.-૧૩ १. आस्रवो रा.B। ▲....▲. एतच्चिह्नितपाठो मु. प्रतौ न दृष्टः (खं.भा.) २. उपश' रा.B।

यो निरोधः स्थगनं गुप्त्यादिभिः स **संवरः**। कर्मणां तु विपाकात् तपसा वा यः शाटः सा **निर्जरा**। ज्ञान-शम-वीर्य-दर्शनात्यन्तिकैकान्तिकाबाध-निरुपमसुखात्मन आत्मनः स्वात्मन्यवस्थानं **मोक्षः**।

**इति**शब्द इयत्तायाम्, एतावानेव। **एष** इति भवत– प्रत्यक्षीकृतो वचनेन। सप्तविधाः=सप्त प्रकारा यस्य स सप्तविधः, अर्थोऽर्यमाणत्वात्, **एष सप्तविधोऽर्थ** इति पदत्रयं **तत्त्वमि**त्यस्य विवरणम्, **तत्त्वमि**ति वा[1]ऽव्युत्पत्तौ तथ्यं सद्भूतं परमार्थ इत्यर्थः। व्युत्पत्तौ तु जीवादीनामर्थानां या स्वसत्ता सोच्यते, तस्याश्च सत्तायाः प्रतिभेदं प्रतिवस्तु यो भेदस्तमनादृत्यैकत्वमेकत्वाच्चैकवचनमुपात्तवान्।

**अथैवं** कश्चित् नोदयेत्– याऽसौ जीवादीनां सत्ता, सा न वैशेषिकैरिवास्माभिर्भिन्ना जीवादिभ्योऽभ्युपेयते यतोऽभिहितम्- "**घडसत्ता घडधम्मो तत्तोऽणन्नो पडाइओ भिन्नो (विशे.१७२२)**"। तस्मात् प्रतिवस्तु सा भेत्तव्या, प्रतिवस्तु च भिद्यमाना बहुत्वं प्रतिप[2]द्यत इति बहुत्वाद् बहुवचनेन

• હેમગિરા •

અર્થાત્ જે શુભ - અશુભ કર્મોના આદાન (ગ્રહણ)માં હેતુ છે તે આશ્રવ. **૪. બંધ** :- તે આશ્રવ રુપ હેતુ વડે ગ્રહણ કરેલ કર્મોનો પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ રૂપે આત્મા સાથે સંયોગ (બંધાવું) તે બંધ. **૫. સંવર** :- તે આશ્રવોનો જ મનોગુપ્તિ આદિ વડે નિરોધ કરવો તે સંવર. **૬. નિર્જરા** :- કર્મોના વિપાક થકી (ભોગવવા થકી) અથવા તપ વડે કર્મનું જે ખરવું તે નિર્જરા. **૭. મોક્ષ** :- અનંત જ્ઞાન, સમતા, અનન્ત વીર્ય, અનન્ત દર્શનવાળા આત્યંતિક અને એકાંતિક તથા અબાધાવાળા નિરૂપમ સુખમય આત્માનું, આત્માથી, સ્વઆત્મામાં જે અવસ્થાન તે મોક્ષ. ભાષ્યમાંનો '**इति**' શબ્દ ઈયત્તા(માત્રા દર્શાવવા)ના અર્થમાં છે અર્થાત્ તત્ત્વએ જીવાદિ સાત જ છે તથા ભાષ્યમાં હાલમાં જેનું વર્ણન ચાલી રહ્યું છે તે 'તત્ત્વ'ને પ્રત્યક્ષ કરવા માટે આ '**एष**' પદ છે.

જીવાદિ સાત પ્રકાર છે જેના તેવો અર્થ = પદાર્થ જ તત્ત્વ છે. **एष सप्तविधोऽर्थ**માંના ત્રણ પદો 'તત્ત્વ'ના વિવરણ (અર્થ)ને કહેનારા છે. અથવા 'તત્ત્વ'ના બીજા અવ્યુત્પત્તિ આત્મક અર્થ → તથ્ય, સદ્ભૂત કે પરમાર્થ થાય છે. વ્યુત્પત્તિ આત્મક અર્થ → જીવાદિ અર્થો (=तत्)ની જે સ્વસત્તા (=त्त्वं) તે જ 'તત્ત્વ' કહેવાય. દરેક વસ્તુમાં રહેનારી જે ભિન્ન સત્તા છે તે ભિન્ન સત્તા ભેદોની ઉપેક્ષા કરી સર્વવસ્તુગત એકમાત્ર 'સત્તા'ના એકત્વને ધ્યાનમાં લઈ સૂત્રમાં એકવચન (તત્ત્વમ્)નો નિર્દેશ કર્યો છે.

## ❋ સત્તા ધર્મ દ્રવ્યથી ભિન્નાભિન્ન છે ❋

<u>શંકા</u> :- બીજા કેટલાક એમ કહે છે કે જીવાદિમાં રહેલી સત્તાને વૈશેષિકો વડે જે રીત જીવાદિ થકી ભિન્ન (એક દ્રવ્ય) રુપ સ્વીકારાઈ છે તેમ અમારા (જિનમત) વડે સત્તાને જીવાદિ થકી ભિન્ન નથી સ્વીકારાઈ. આ અંગે શાસ્ત્રોમાં કહ્યું પણ છે કે ઘટની સત્તા, ઘટનો ધર્મ તે ઘટથી અનન્ય (અભિન્ન) છે અને પટાદિ થકી ભિન્ન છે (વિશેષ્યાવશ્યક ભાષ્ય ગા.૧૭૨૨) તેથી

१. चाऽव्यु° रा. B। २. °पद्येत खं.भां.।

**भाष्य- एते वा सप्तपदार्थास्तत्त्वानि।**

भवितव्यम् तत्त्वानीति, **उच्यते**- सामान्येन विवक्षिता सती सैकत्वमिव बिभर्ति, मुख्यया तु कल्पनया वस्तुधर्म्मत्वात् प्रतिवस्तु भेत्तव्या भवति, तदा च बहुवचनेनैव भवितव्यमेवेति, एतदाह- **एते वा सप्तपदार्थास्तत्त्वानी**ति।

**एते** प्राक् प्रत्यक्षीकृताः। **वा**शब्दो हि प्रतिवस्तु भिद्यमानं तत्त्वं बहुत्वं प्रतिपद्यत इत्यस्य पक्षस्य सूचकः। सप्त च ते पदार्थाश्च **सप्तपदार्थाः**=जीवादयः। **तत्त्वानि** दृश्यानि, पुण्य-पापयोश्च बन्धेऽन्तर्भावान्न भेदेनोपादानम्। **यद्येवमास्र**वादयोऽपि पञ्च तर्हि न जीवाजीवाभ्यां भिद्यन्ते। कथमिति चेत्, उच्यते- आस्रवो हि मिथ्यादर्शनादिरूपः परिणामो जीवस्य। स च कः आत्मानं पुद्गलांश्च विरहय्य ? बन्धस्तु कर्म पुद्गलात्मकमात्मप्रदेशसंश्लिष्टम्। संवरोऽप्यास्रवनिरोधलक्षणो देशसर्वभेद आत्मनः परिणामो निवृत्तिरूपः। निर्जरा तु कर्मपरिशाटः, जीवः कर्मणां पार्थक्यमापादयति स्वशक्त्या। मोक्षोऽप्यात्मा[1] समस्तकर्मविरहित इति। **तस्मात्** जीवाजीवास्तत्त्वमिति वाच्यम्।

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- અથવા આ સાત પદાર્થો જ તત્ત્વો છે.**

પ્રતિવસ્તુની પોતપોતાની સત્તા તો છે જ પણ એ અત્યંત ભિન્ન કોઈ પદાર્થ રૂપ નથી આમ પ્રતિવસ્તુથી ભેદાતી સત્તા અનેક હોવાથી **'तत्त्वानि'** એમ બહુવચનનો પ્રયોગ થવો જોઈએ.

<u>સમાધાન</u> :- સામાન્યથી જ્યારે સત્તાની વિવક્ષા થાય ત્યારે એક જ કહેવાય. વિશેષથી જો કલ્પના કરાય તો દરેક વસ્તુમાં રહેલા વિશેષ ધર્મને લઈ ભેદ પણ મળશે. તે અપેક્ષાએ બહુવચન પણ હોવું જોઈએ અને એ જ અપેક્ષાને ધ્યાનમાં લઈ ભાષ્યમાં 'આ સાત પદાર્થો તત્ત્વો છે તેમ બહુવચન કહ્યું છે.' **'एते'** પદ પેલા જણાવેલા સાત પદાર્થોનું સૂચક છે. ભાષ્યગત **'वा'** પદ એ પ્રતિવસ્તુમાં રહેલ ભિન્ન (સત્તા)ને આશ્રયી 'તત્ત્વમાં બહુવચનનું પ્રતિપાદન થાય છે' તેવા પક્ષનું સૂચક છે. (આ પ્રમાણે ભાષ્યના **'तत्त्वानि'** પદ સુધીની વ્યાખ્યા થઈ)

### ❋ આશ્રવાદિ તત્ત્વની અનિવાર્યતા ❋

પુણ્ય અને પાપનો બંધમાં જ અંતર્ભાવ હોવાથી ભિન્ન ઉલ્લેખ સૂત્રમાં નથી કરાયો.

<u>શંકા</u> :- જો એમ હોય તો આશ્રવાદિ પાંચ પણ જીવ-અજીવથી ભિન્ન નથી તેથી આ પાંચનો પણ અંતર્ભાવ જીવ-અજીવમાં થઈ શકે. **પ્રશ્ન** :- કઈ રીતે ? **ઉત્તર** :- આશ્રવ એ મિથ્યાદર્શનાદિ રૂપ પરિણામ, જીવનો છે. અને એવો કયો આશ્રવ (કર્મનું આગમન) છે કે જે આત્મા કે પુદ્ગલ (કર્મ)ને છોડીને હોય ? તથા બંધ એટલે પુદ્ગલાત્મક કર્મનું આત્મા સાથે સંશ્લેષ છે. સંવર પણ આ આશ્રવ નિરોધના લક્ષણવાળો દેશ અને સર્વભેદવાળો આત્માનો જ એક (કર્મને અટકાવા રૂપ) નિવૃત્તિરૂપ પરિણામ છે. નિર્જરા→ તે કર્મનું પરિશાટન થવું, ખરવું, અથવા આત્મા પોતાની શક્તિ વડે કર્મને જુદા કરે, કર્મનું ભેદન કરે તે નિર્જરા. મોક્ષ

१. °ऽप्ययमात्मा मु.(खं.भां.सं.)।

**भा० तान् लक्षणतो विधानतश्च पुरस्ताद् विस्तरेणोपदेक्ष्यामः ।।४।।**

**उच्यते**– सत्यमेतदेवम्, किंतु इह शास्त्रे शिष्यः प्रवृत्तिं कारितोऽस्मात् कारणात् ज्ञानादिकादा[1]-सेव्यमानाद् भवतो मोक्षावाप्तिर्भविष्यत्यन्यथा संसार इति, तस्य च यदि मुक्ति–संसारकारणे न भेदेनाख्यायेते ततोऽस्य सम्यक्प्रवृत्तिरेव न स्यात्। यदा त्वेवं कथ्यते, आस्रवो बन्धश्चैतद्‌द्वयमपि मुख्यं तत्त्वं संसारकारणम्, संवरनिर्जरे च मुख्यं तत्त्वं मोक्षकारणमिति, तदाऽनायासात् संसार-कारणानां हेयतया यतिष्यते मुक्तिकारणानां चादेयतयेति, तस्माच्छिष्यस्य हेयादेयप्रदर्शनायाऽऽ-स्रवादिचतुष्टयमुपात्तम्। यत् तु मुख्यं साध्यं मोक्षः यदर्था प्रवृत्तिस्तत् कथमिव न प्रदर्श्येतेति, तस्माद् युक्तं यत् पञ्चाप्युपादीयन्त इति।

किं पुनरेषां जीवादीनां लक्षणमग्नेरिवौष्ण्यम् ? के वा **भेदा** जीवादीनां यथा तस्यैवाग्नेस्तार्ण-पार्ण्णादय इत्युक्ते **तान् लक्षणत** इत्याद्याह। **तान्**=जीवादीन् **लक्षणतः**=स्वचिह्नेन, **विधानतो**=भेदेन,

• *હેમગિરા* •

**ભાષ્યાર્થ :- આ તત્ત્વોને લક્ષણથી અને વિધાનથી આગળ સવિસ્તાર કહીશું ॥ ૪ ॥**

→ સમસ્ત કર્મથી સદા મુક્ત એવો આત્મા જ મોક્ષ છે આમ આશ્રવાદિ પાંચેનો જીવાજીવમાં અંતર્ભાવ છે. તેથી તે બે તત્ત્વ જ માનવા ઉચિત છે ?

**સમાધાન** :- તમે કહેલી વાત સાચી છે પરંતુ પ્રસ્તુતમાં મોક્ષમાર્ગમાં શિષ્યની પ્રવૃત્તિ પ્રધાન છે, નહીં કે તત્ત્વ-સંગ્રહ માત્ર. "આ જ્ઞાનાદિ કારણના આસેવન થકી જ તમારી (શિષ્યની) મુક્તિ થશે, અન્યથા સંસાર જ." તેમ કહી શિષ્યને આ ગ્રંથમાં પ્રવૃત્તિ કરાવાઈ છે. હવે જો આ તત્ત્વોનું જ્ઞાન આપતા તેમાં મુક્તિનું કારણ કયું ? અને સંસારનું કારણ કયું ? આ ભેદ સરખી રીતે ન બતાવવામાં આવે તો શિષ્ય તરફથી મુક્તિ માટે સમ્યગ્ રીતે પ્રવૃત્તિ જ નહીં થઈ શકે. પરંતુ જો તેઓને આ રીતે કહેવાય કે :-

આશ્રવ અને બંધ આ બે તત્ત્વ સંસારના મુખ્ય કારણ છે, સંવર અને નિર્જરા એ બે તત્ત્વ મોક્ષના મુખ્ય કારણ છે, તો આવું જાણીને મોક્ષાર્થી આસાનીથી સંસાર કારણોને હેય તરીકે તજી દેવા યત્ન કરશે. અને મોક્ષ કારણોને ઉપાદેય તરીકે અનુસરશે. આમ શિષ્યને હેય-ઉપાદેયનો બોધ કરાવવા આ આશ્રવાદિ ચાર પણ તત્ત્વો તરીકે બતાવ્યા છે, વળી જેના માટે હેયના ત્યાગ અને ઉપાદેયના આચરણ રૂપ પ્રવૃતિ છે, એવું જે મુખ્ય સાધ્ય મોક્ષ છે, તે દર્શાવ્યા વગર પણ કેમ રહેવાય ? તેથી પાંચમું મોક્ષતત્ત્વ પણ બતાવ્યું. આ પ્રમાણે પાંચે જરૂરી છે.

**પ્રશ્ન** :- આ જીવાદિના લક્ષણ કેવા પ્રકારના છે ? શું અગ્નિનું જેમ ઉષ્ણપણુ (સ્વભાવ) છે, તેવા લક્ષણ છે ? વળી તે જીવાદિના ભેદો કયા છે ? જેમ ઘાસનો અગ્નિ, પાંદડાનો અગ્નિ, લાકડાનો અગ્નિ આવા ભેદ અગ્નિના છે, તેમ જીવના પણ શું તેવા કોઈ ભેદ છે ? આ પ્રશ્ન

१. 'दिकात् सेव्य' मु. (खं.भां.रा.)। 'दिकासेव्य' पा.सं.।

चशब्दाद् भेदानपि सप्रभेदान् वक्ष्यामि[1], क्व ? **पुरस्तात्**=उपरिष्टात्, किं सङ्क्षेपेणोत विस्तरेण ? **विस्तरेणेत्याह**। कथमिति चेत् उच्यते- जीवस्य लक्षणमिद**मुपयोगलक्षणो जीव** इति (२-८), तदेव लक्षणं विधानतः कथयिष्यति, स द्विविधः, साकारोऽनाकारश्च, पुनस्ता**वष्ट[2]चतुर्भेदाविति** (२-९), तथा **संसारिणो मुक्ताश्च** (२-१०), पुनर्विस्तरः **संसारिणस्त्रसाः स्थावरा**श्चेत्यादिना (२-१२)। तथा अजीवादीनां धर्मादीनां लक्षणं **गतिस्थित्यादि** (५-१७), धर्माधर्माकाशानां त्वेकत्वान्नास्ति विधानम् (५-५), प्रदेशान् वाऽङ्गीकृत्या**सङ्ख्येयाः प्रदेशाः धर्माधर्मयोः** (५-७), **जीवस्य च** (५-८), **आकाशस्यानन्ताः** (५-९) इति स्यादेवं विधानम्। आस्रवं लक्षणेन भणिष्यति, **काय-वाङ्-मनःकर्म योगः**। (६-१) **स आश्रवः** (६-२) इति, पुनस्तस्य भेदं **शुभः पुण्यस्ये**त्यादि (६-३,४)। बन्धस्य लक्षणं भणिष्यति, **सकषायत्वात् जीव** इत्यादिकम् (८-२), पुनस्तस्य विधानं **प्रकृति-स्थित्यादिकम्** (८-४)। तथा संवरलक्षणं **आस्रवनिरोधः संवर** इति (९-१), पुनस्तस्यैव विधानं **स गुप्ति-समिति-**

• *હેમગિરા* •

પૂછનારને **तान् लक्षणतश्च** ઈત્યાદિ પદોથી જવાબ આપતાં કહે છે → તે જીવાદિ તત્ત્વોને લક્ષણ (સ્વચિહ્ન) અને વિધાન (ભેદ)થી, કહીશું. તેમજ "**च**" શબ્દ લખીને ભેદોને પ્રભેદ સાથે આગળ કહીશું તે પણ જણાવ્યું.

### ❋ જીવાદિના લક્ષણ અને ભેદ પ્રદર્શક સૂત્ર ❋

**પ્રશ્ન** :- આ ભેદ-પ્રભેદને ટૂંકથી કહેશે કે વિસ્તારથી ? **જવાબ** :- વિસ્તારથી કહેશે. **પ્રશ્ન** :- કઈ રીતે વિસ્તારથી કહેશે ? **જવાબ** :- જીવના ઉપયોગ રુપ લક્ષણને **અ.૨./સૂ.૮**માં કહેશે. આ જ લક્ષણને ભેદ વડે કહેશે. તે ભેદ બે પ્રકારે છે :- સાકાર અને અનાકાર, તેમાં સાકાર આઠ ભેદે અને અનાકાર ચાર ભેદે ઈત્યાદિ **અ.૨./સૂ.૯**માં કહેશે. તથા સંસારી અને મુક્ત એમ જીવના બે ભેદને **અ.૨./સૂ.૧૦**માં કહેશે, ફરી વિસ્તારથી સંસારીના ત્રસ અને સ્થાવરાદિ ભેદો **અ.૨./સૂ.૧૨**માં કહેશે તથા ધર્માસ્તિકાયાદિ અજીવના ગતિ, સ્થિતિ આદિ લક્ષણ **અ.૫./સૂ.૧૭**માં કહેશે.

ધર્માસ્તિકાયાદિ એક એક જ હોવાથી એના કોઈ વિધાન (ભેદ) નથી ગણાવ્યા. આ વાત **અ. ૫./સૂ. ૫**માં જણાવશે અથવા પ્રદેશોને આશ્રયી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશો છે તે **અ. ૫./સૂ. ૭**માં તેમજ જીવના પણ અસંખ્ય પ્રદેશો છે. **અ. ૫./સૂ. ૮**માં, આકાશના અનંતા છે તે **અ- ૫/સૂ. ૯**માં, જણાવશે. આ રીતે વિધાનને કહેવાના જ છે. ત્યારબાદ લક્ષણ વડે આશ્રવને **અ. ૬./સૂ. ૧/૨માં** કહેશે તે આ પ્રમાણે કાય, વચન અને મનનો વ્યાપાર તે યોગ તથા આ યોગ તે આશ્રવ કહેવાય.

વળી શુભયોગ તે પુણ્યનો આશ્રવ છે ઈત્યાદિ આશ્રવના ભેદને **અ-૬./સૂ. ૩-૪**માં કહેશે. બંધના લક્ષણને કહેશે તે આ પ્રમાણે :- કષાય સહિત હોવાથી જીવ કર્મ યોગ્ય પુદ્ગલને ગ્રહણ

१. 'यामि पुर' पा.मु.(खं,भां)। २. 'तावष्ट' मु. (खं,भां)।

## सूत्रम्- नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ।।१-५।।

**धर्मा**दिकम् (९-२)। निर्जराया लक्षणं वक्ष्यति, **तपसा निर्जरा** चेति (९-३), पुनस्तद्भेदा **अनशनादयः** (९-१९)। मोक्षः **कृत्स्नकर्मक्षयलक्षणः** (१०-३), प्रथमसमयसिद्धादि विधानम्।।४।।

**अत्राह**— कथं पुनरमी जीवादयोऽधिगन्तव्या इति ? **उच्यते**— नामादिभिरनुयोगद्वारैस्तथा प्रत्यक्षानुमानाभ्यां (प्रमाणाभ्यां) नैगमादिभिश्च वस्त्वंशपरिच्छेदिभिर्नयैस्तथा निर्देश-स्वामित्वादिभिः सत्-सङ्ख्या-क्षेत्रादिभिश्च। तत्र कतिभेदा जीवा इति पृष्टे चतुर्भेदताख्यानायाह- इति। अथवाऽभिधास्यति भवान् **उपयोगलक्षणो जीवः** (२-८) तत्र किं सर्वो जीव उपयोगलक्षणः ? **नेत्याह**— भावजीव एवोपयोगलक्षण इति।

**अथ** किमन्योऽप्यस्ति यतो भावजीव इति विशेष्यते ? **अस्ती**त्याह। कतिविधं[1] इति **चेत्**

• *હેમગિરા* •

**<u>સૂત્રાર્થ</u> :- નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી તેઓ (જીવાદિ તત્ત્વ)નો ન્યાસ થાય છે ॥૧-૫॥**

કરે છે **અ-૮/સૂ.-૨માં** તથા બંધના પ્રકાર પ્રકૃતિ-સ્થિતિ આદિને **અ.-૮/સૂ.-૪માં** કહેશે. સંવરનું લક્ષણ :- આશ્રવનો નિરોધ તે સંવર **અ.-૯/સૂ.-૧માં** કહેશે. આ જ સંવરનું વિધાન :- ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા આદિ **અ.-૯/સૂ.-૨**માં કહેશે. નિર્જરાનું લક્ષણ તપથી નિર્જરાનું લક્ષણ :- **અ-૯/સૂ.**-૩માં અને આના ભેદ અનશનાદિ **અ.**- ૯/**સૂ.**-૯.માં કહેવાશે. મોક્ષનું લક્ષણ :- સમગ્ર કર્મનો નાશ **અ.-૧૦/સૂ.**-૩માં કહેવાશે તથા પ્રથમ સમય સિદ્ધ આદિ વિધાન ત્યાં થશે. ॥૪॥

પાંચમાં સૂત્રની અવતરણિકા.

### ❋ તત્ત્વબોધનો ઉપાય ❋

<u>પ્રશ્ન</u> :- કઈ રીતે આ જીવાદિ તત્ત્વોને સમજવા ?

<u>જવાબ</u> :- નામાદિ અનુયોગદ્વાર વડે તથા પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણોથી તેમજ વસ્તુ તત્ત્વના અંશનો બોધ કરાવનાર નૈગમાદિ નયો વડે તથા નિર્દેશ, સ્વામિત્વ વગેરેથી અને સત્ - સંખ્યા, ક્ષેત્રાદિ વડે આ જીવાદિ તત્ત્વોને જાણવા. તેમાં જીવના ભેદો કેટલા ? એ પ્રશ્નના જવાબમાં ચાર ભેદ જણાવતાં (આ પાંચમા સૂત્રમાં) કહે છે.

**અથવા** પદથી ટીકાકાર ભાષ્યની બીજી રીતે અવતરણિકા કરતા સવાલ-જવાબ કરે છે. **સવાલ** :- તમે જે **અ-૨,સૂ.-૮માં** 'જીવ એ ઉપયોગ લક્ષણવાળો છે તે કહેવાના છો તો શું સર્વ જીવ ઉપયોગ લક્ષણવાળા છે? **જવાબ** :- ના, માત્ર ભાવજીવ જ ઉપયોગ લક્ષણ રૂપ છે.

**પ્રશ્ન** :- તો શું જીવના અન્ય પ્રકાર પણ છે કે જેથી ભાવજીવ જ આ લક્ષણવાળો -હોય તેમ કહ્યું ? **ઉત્તર** :- હા, જીવના અન્ય ભેદ છે. **પ્રશ્ન** :- તો તે કેટલા પ્રકારે છે તે કહો?

१. 'विधश्चेत् मु.(भां.खं.)।

**भाष्य- *एभिर्नामादिभिश्चतुर्भिरनुयोगद्वारैस्तेषां जीवादीनां तत्त्वानां न्यासो भवति। विस्तरेण लक्षणतो विधानतश्च [1]अधिगमार्थं न्यासो निक्षेप इत्यर्थः।**

**उच्यते**— **नाम**ेत्यादि तृतीयार्थे तसिः सूत्रार्थं च कथयन्नाह- **एभिरि**त्यादि। **एभि**रिति सूत्रोक्तैः, कैः ? **नामादिभिः**, नाम आदिर्येषां ते नामादयस्तैर्नामादिभिरिति, आदिशब्देन च नेयत्ताऽवधृतेत्यतश्**चतुर्भि**रित्याह। अत एव विग्रहमपि न कृतवान्, **चतुर्भि**रित्यनेनैव समासाऽव्यक्ताभिधानस्य व्यक्तीकृतत्वादिति। **अनुयोगः**=सकलगणिपिटकार्थोऽभिधीयते तस्य **द्वाराणि** तस्यार्थस्याधिगमोपाया इत्यर्थः। अतस्तैर्नामादिभिर्विरचना कार्या। विरचना[2] च विरच्यमानविषयेत्यतस्**तन्न्यास** इत्याह। अस्य च विवरणं, **तेषां** इति अनन्तरसूत्रोक्तानाम्। तानेव स्पष्टयति— **जीवादीनां तत्त्वानां न्यासो भवति**-विरचना कार्येति। स किमर्थं न्यासः क्रियत इत्याह— **विस्तरेणेत्यादि**। पुरस्तात् त्विदमुक्तं '**तान् जीवादीन् विस्तरेण लक्षणतो विधानतश्चोपदेक्ष्याम**' इति (१-५)।

तेषु च लक्षण-विधानेषु वक्ष्यमाणेषु सर्वत्रैषा नामादिका व्याख्याऽवतारणीया, किमर्थम् ?

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તે જીવાદિ તત્ત્વોનો ન્યાસ આ નામાદિ ચાર અનુયોગ દ્વારો વડે થાય છે. લક્ષણ અને ભેદથી વિસ્તાર પૂર્વક બોધ મેળવવા માટે ન્યાસ કરવો તેને નિક્ષેપ કહેવાય છે.**

**ઉત્તર** :- નામ આદિ ચાર પ્રકારે છે. સૂત્ર અંતર્ગત '**भावतः**'માં રહેલો '**तस्**' પ્રત્યય તૃતીયા વિભક્તિના અર્થમાં છે. આ જ સૂત્રના અર્થનું કથન કરતા **एभिः** ઇત્યાદિ પદો કહ્યા છે :- 'આ સૂત્રોક્ત નામ આદિ વડે (તત્ત્વનો ન્યાસ કરવો)' આટલું લખવાથી **आदि** પદથી દ્વારોની ઇયત્તા (સંખ્યા) કેટલી લેવી તે જાણી શકાતું નથી માટે '**चतुर्भिः**' પદ મૂક્યું

આ પદ લખવાથી મૂળ સૂત્રમાં રહેલ સામાસિક ચાર પદોનું વિભાગીકરણ પણ સ્પષ્ટ થાય છે. તેથી ભાષ્યમાં સમાસનો વિગ્રહ કરવાની જરૂર ન પડી.

### ❋ નિક્ષેપના ચાર પ્રકાર ❋

અનુયોગ એટલે સકળ ગણિપિટકનો અર્થ. તે અનુયોગના દ્વારો એટલે ગણિપિટક અર્થોને જાણવાના ઉપાયો. આથી (જીવાદિ તત્ત્વોને પણ વ્યવસ્થિત જાણવા માટે) આ નામાદિ અનુયોગદ્વારો વડે વિરચના = ન્યાસ કરવો. આ ન્યાસ અમુક વિષયને લઈને છે તેથી ('તત્ = તે વિષયનો ન્યાસ =) '**तन्न्यास**' પ્રયોગ સૂત્રમાં કર્યો છે. **तन्न्यासः** એટલે પૂર્વ સૂત્રમાં કહેલ તે જીવાદિ તત્ત્વોની વિરચના કરવી.

<u>**શંકા**</u> :- આ જીવાદિ તત્ત્વોનો ન્યાસ કેમ કરાય છે ?

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૧૪ १. °गमाय पाB.लि.। २. °चना विर° मु. (खं.भां.पा.)।

**भाष्य- तद्यथा- नामजीवः स्थापनाजीवो द्रव्यजीवो भावजीव इति।**

**अधिगमार्थ=**प्रतिविशिष्टज्ञानोत्पत्त्यर्थमिति। कथं नाम लक्षणादिवाक्येषु सर्वत्रैवंविधां प्रतिपत्तिं कुर्यात् जिज्ञासुः ? 'उपयोगश्चतुर्भेदः, जीवश्च' इत्यादि, अतोऽधिगमार्थं न्यासः। **न्यास** इत्यस्य च प्रसिद्धतरेण शब्देन पर्यायेणार्थमाचष्टे– **निक्षेप इत्यर्थः**। तन्नामादिचतुष्टयं यथा लक्ष्येऽवतरति तथा कथयति– **तद्यथा, नामजीव** इत्यादि।

नामैव जीवो **नामजीवः**, योऽयं जीव इति ध्वनिः, अयं च यस्य कस्यचिद् वस्तुनो वाचकः स नामजीवोऽभिधीयते, वस्तुस्वरूपप्रतीतिहेतुत्वाच्च, वस्तुस्वरूपं शब्दः, [1]तदनर्थात्मकत्वे वस्तुव्यवहार-विच्छेदः, तदात्मकत्वाच्च स्तुतौ रागः स्तुत्यस्य, द्वेषश्च निन्दायां द्वेष्यस्य। स्थापनाऽपि वस्त्वात्मतां दर्शयति– **स्थापनाजीवो** नाम जीवाकारा प्रतिकृतिः सद्भावेऽन्यथाऽसद्भावे तन्निमित्तकश्रेयोभ्युप-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તેમાં જીવ તત્ત્વનો નિક્ષેપ આ પ્રમાણે (૧) નામ જીવ (૨) સ્થાપના જીવ (૩) દ્રવ્ય જીવ (૪) ભાવ જીવ.**

**<u>સમાધાન</u> :- અ.-૧./સૂ.-૫**ના ભાષ્યમાં પૂર્વે જે કહ્યું હતું કે ''જીવાદિ તત્ત્વોને લક્ષણ અને વિધાનથી સવિસ્તાર કહીશું'' તેથી અત્યારે એનો ન્યાસ કરીએ છીએ. આગળ કહેવાતા સર્વ તત્ત્વના લક્ષણ અને વિધાનોમાં સર્વત્ર આ નામાદિ ચારની રચના કરવી. **પ્રશ્ન** :- આ ન્યાસ સર્વત્ર શા માટે કરવો ? **જવાબ** :- વિશેષજ્ઞાનની પ્રાપ્તિ થાય તે માટે. જિજ્ઞાસુજન કઈ રીતે સર્વત્ર લક્ષણાદિ વાક્યોમાં આવા પ્રકારની નિક્ષેપાદિની પ્રતિપત્તિ (જ્ઞાન) મેળવે ? જેમ કે જીવનું લક્ષણ ઉપયોગ છે, તે ઉપયોગના નામાદિ ચાર પ્રકાર છે અને જીવના પણ ચાર પ્રકાર છે. આ રીતે સર્વ તત્ત્વોનો બોધ મળે તે માટે ન્યાસ જરૂરી છે. ન્યાસનું અત્યંત પ્રસિદ્ધ એવું પર્યાયવાચી નામ નિક્ષેપ છે. નામાદિ ચાર નિક્ષેપા જે રીતે લક્ષ્ય (જીવાદિ તત્ત્વો)માં અવતરણ પામે છે તે રીતે તેને બતાવે છે.

### ❋ નામજીવને પીછાણીએ ❋

**(૧) નામજીવ** :- નામ એ જ જીવ તે નામ જીવ કહેવાય. 'જીવ' એવો જે આ ધ્વનિ = શબ્દ, તે, જે કોઈ વસ્તુનો વાચક બને તે (આ વસ્તુનો વાચક શબ્દ જ) 'નામ જીવ' કહેવાય. આ વાચક શબ્દ પણ વાસ્તવિક છે, મિથ્યા નથી, કારણ કે વસ્તુ સ્વરૂપની પ્રતીતિમાં હેતુભૂત છે. જો આ 'નામ' અનર્થ રૂપ હોય તો વસ્તુના વ્યવહારનો વિચ્છેદ થઈ જાય, પરન્તુ એવું નથી, આ શબ્દો પણ અર્થ(વસ્તુ)આત્મક હોવાથી રાગ અને દ્વેષ પેદા કરે જ છે. જેમ કે સ્તુતિ કરવા લાયક વ્યક્તિ પ્રત્યે સ્તુતિમય શબ્દોથી રાગ જન્મે છે. તેમજ દુષ્ટમાનવના વિશે નિંદાત્મક શબ્દોથી દ્વેષ પણ જન્મે છે. **સ્થાપના એ પણ વસ્તુ સ્વરૂપ છે મિથ્યા નથી, એ દેખાડતા કહે છે.**

१. तदनात्म° खं.भां.।

गमात्, गन्धपुष्पादिनिमित्तार्थत्यागश्च, तद्भक्तिप्रवृत्तेः[1], कुम्भवदाकारोऽर्थो वस्तुत्वात्, तथा "[2]**जावंति चेइयाइं ति**"।

**द्रव्यजीवो** नाम, योऽयमस्मिन् शरीरक आत्मा, स यदा भावैर्ज्ञानादिभिर्वियुतो विवक्ष्यते स द्रव्यजीवः, अनागतराजत्वराजपुत्रसेवनं हि दृष्टं, तत्र द्रव्यत्वात् शिलातलाद्युज्झितातीतयतिशरीरनमस्करणं च, उपयोगक्रिययोरपि ज्ञेयो, येषामर्थानां न च तदुपयोगे वर्तते स तेन भावेनाभावादतीतानागततद्भावापेक्षया तद्भावाप्रवृत्तोऽपि स एवासावध्यवसीयते सुप्तचित्रकर-घृतकुम्भादिवत्, तथा च [3]"**जं होहिसि तित्थयरो**" "[4]**वंदामि जिणे चउव्वीसं**" इत्यादि। एष एव हि तैर्ज्ञानादिभिर्युक्त आश्रीयमाणो

• હેમગિરા •

## ❋ સ્થાપનાજીવને ઓળખીએ ❋

(૨) **સ્થાપના જીવ** :- જીવના આકારવાળી પ્રતિકૃતિ તે સ્થાપના જીવ. આ સ્થાપના બે રીતે છે, સદ્‌ભાવ રૂપે, અસદ્‌ભાવ રૂપે. (૧) સદ્‌ભાવ સ્થાપના :- વ્યક્તિનો વાસ્તવિક આકાર જેમાં હોય અર્થાત્ ફોટો પ્રતિમાદિ રૂપે જે આલેખાય તે સદ્‌ભાવ સ્થાપના. (૨) અસદ્‌ભાવ રૂપ સ્થાપના :- જેમાં આકાર ન આપી શકાય તેવી (સ્થાપનાચાર્ય આદિ) સ્થાપના. આ ઉભય સ્થાપના રૂપ તીર્થંકરાદિના પૂજનથી પૂજકને શ્રેય, કલ્યાણાદિ પ્રાપ્ત થાય છે. તે સ્થાપનાની પૂજા ભક્તિ કરવા માટે ગન્ધ, (વાસક્ષેપ-ચંદન) પુષ્પ આદિ સામગ્રી અર્થે ભક્તો સંપત્તિનો ત્યાગ(ખર્ચ) પણ કરે છે અને ભક્તિમાં પ્રવૃત્ત થાય છે. તેથી ઘટની જેમ આકાર (સ્થાપના) પણ સત્ વસ્તુ હોવાથી અર્થ સ્વરૂપ છે જેમ કુમ્ભ એ જલાહરણાદિ અર્થ ક્રિયાને કરતો હોવાથી સત્ય વસ્તુ છે તેમ પ્રતિમાદિ પણ સમકિતાદિ પ્રાપ્તિમાં કારણ હોવાથી સત્ય વસ્તુ છે. અને એમ હોવાથી જ 'જાવંતિ ચેઈયાઈં' આદિ સૂત્રોમાં ત્રિલોકમાં રહેલ ચૈત્યોને નમન કરવામાં આવેલ છે.

## ❋ દ્રવ્યજીવની વિચારણા ❋

(૩) **દ્રવ્ય જીવ** :- આ દેહમાં રહેલા આત્માની જ્યારે જ્ઞાનાદિ ગુણોથી વિયુક્ત તરીકે વિવક્ષા કરાય ત્યારે તે દ્રવ્ય જીવ કહેવાય. **દ્રવ્ય** :- જે અર્થ પોતાના ગુણ-પર્યાયથી રહિત છે તે 'દ્રવ્ય' કહેવાય અને જે ભાવિમાં થનાર ભાવનું કારણ છે તે અથવા ભૂતમાં થયેલ ભાવનુ જે કારણ હતુ તે પણ 'દ્રવ્ય' કહેવાય. જેમકે જે રાજપુત્રનો રાજા તરીકે અભિષેક નથી થયો છતાં ભાવિમાં થનારી રાજ-પદવીનું કારણ આ રાજપુત્ર હોવાથી તે દ્રવ્ય રાજા કહેવાય. (તેથી રાજાની જેમ લોકમાં તેના પણ માન-સન્માનાદિ થાય છે) એ જ રીતે દ્રવ્ય સાધુ :- શીલાતલ પર ત્યાગ કર્યું છે શરીરને જેણે એવા અતીતકાળના યતિના શરીરને તે ભૂતકાલીન ભાવ સાધુનું કારણ હોવાથી 'દ્રવ્યસાધુ' કહેવાય છે. આ પણ વાસ્તવિક જ છે. તેથી જ યતિના મૃતદેહને

१. तद्वद्भक्ति खं.भां.। २. जावंति चेइयाइं, उड्ढे अ अहे अ तिरिअ-लोए अ, सव्वाइं ताइं वदे, इह संतो तत्थ संताइं॥१॥ ३. *"ण वि ते पारिवज्जं, वंदामि अहं ण ते इह जम्मं। जं होहिसि तित्थयरो, अपच्छिमो तेण वंदामि॥४२८॥*(आवश्यकनिर्युक्ति)"। ४. चत्तारि अट्ठ दस दोय, वंदिया जिनवरा चउव्वीसं, परमट्ठ-निट्ठिअट्ठा, सिद्धासिद्धिं मम दिसंतु॥५॥ (सिद्धस्तवसूत्र)

भावजीव इति, भावः प्रमत्तदोषमर्षणादेः, तथा "**अन्नत्थ वंजणे निवडियंमि जो खलु मणोगओ भावो। तत्थ उ मणं पमाणं न पमाणं वंजणच्छलणा ।।**" (**विशेषावश्यकभाष्य गा.२५४५**) इत्यादि। अत्र चाद्या नामदयस्त्रयो विकल्पाः द्रव्यास्तिकस्य, तथा तथा सर्वार्थत्वात्, पाश्चात्यः पर्यायनयस्य तथापरिणतिविज्ञानाभ्यामिति।

अथवाऽस्मिन्नेव शरीरे[१] य आत्मा तत्रैव ते नामादयश्चत्वारो नियुज्यन्ते, योऽयमस्मिन्नात्मनि जीव इति ध्वनिः प्रवर्तते एष नामजीवः, तस्यैव य आकारो हस्ताद्यवयवसन्निवेशादिः स स्थाप-

● હેમગિરા ●

પણ લોકો ભાવથી નમસ્કાર કરે છે.

ઉપયોગ અને ક્રિયામાં પણ 'દ્રવ્ય'ની પરિભાષા સમજવી તે આ રીતે કે :- જ્યારે જે દ્રવ્ય (પદાર્થ) વર્તમાનકાળમાં તેના ઉપયોગમાં કે ક્રિયામાં પ્રવૃત્ત નથી છતાં અતીતમાં વર્તતા હતા અથવા અનાગત કાળમાં વર્તશે તેની અપેક્ષાએ વર્તમાનમાં અપ્રવૃત્ત પદાર્થમાં પણ 'તે જ આ છે' એવો અધ્યવસાય જેના માટે થાય તે 'દ્રવ્ય' છે જેમ કે **૧.** 'સૂતેલો ચિત્રકાર'. સૂતેલો ચિત્રકાર ચિત્ર બનાવવાની ક્રિયા કરતો નથી, છતાં સૂતા પહેલા અને પછી તે કરનાર છે તે અપેક્ષાએ 'આ ચિત્રકાર છે' તેવા અધ્યવસાય સૂતેલામાં પણ થાય છે. તેમજ ૨. 'ઘીનો ઘડો' હાલ જે ઘડામાં ઘી નથી પણ અવાર-નવાર તે ઘડો ઘી માટે વપરાતો હોય તો 'ઘીનો ઘડો' એવો વ્યવહાર થાય છે. એ જ રીતે ૩. 'જે તીર્થંકર થશે'' તેને નમું છું. ૪.'ચઉવીસ જિનને હું નમું છું' ઈત્યાદિ પ્રયોગો દ્રવ્ય તીર્થંકરને આશ્રયી છે. **અહીં ભૂત કે ભાવિ અંગેના પર્યાયના અધ્યવસાયો થાય છે તેથી દ્રવ્ય ચિત્રકાર, દ્રવ્યઘટ, દ્રવ્યતીર્થંકર તરીકે કહેવાય છે.**

**(૪) ભાવ જીવ** :- ઉપરોક્ત દ્રવ્યજીવમાં જ્યારે જ્ઞાનાદિ ગુણથી યુક્ત તરીકેની વિવક્ષા કરીએ ત્યારે 'ભાવજીવ' કહેવાય. (આ નિક્ષેપામાં ટીકાકારે અમુક વિશિષ્ટભાવ જીવની વિવક્ષા કરી છે. અને તેને જ સ્પષ્ટ કરવા આ મુજબ વ્યાખ્યા કરી છે કે→)

### ❋ મનોગત ભાવ જ પ્રમાણ ❋

ભાવ એટલે, પ્રમાદદોષનું મર્ષણ અર્થાત્ પ્રમાદાદિ દોષોને ચિંતવી, ત્યાગ કરી યથાયોગ્ય ઉપયોગપૂર્વક પ્રસ્તુત પ્રવૃત્તિમાં રહેવું. આ ચારે નિક્ષેપાઓમાં મનોગતભાવ પ્રમાણ છે દા.ત. 'નામનિક્ષેપા'માં સમજીએ → દા.ત. ગૌતમસ્વામી ગણધરને મગજમાં રાખી 'ગૌતમ' એવુ નામ સ્મરણ (નિક્ષેપ) કરે તો તેને અનુરૂપ જ પુણ્યબંધાદિ થાય નહી કે ગૌતમબદ્ધ કે અક્ષપાદ ગૌતમ અનુરૂપ. એ જ રીતે સ્થાપનાદિ નિક્ષેપોમાંય સમજી લેવું. આગમોમાં ય કહ્યું છે કે → "શબ્દ અન્ય બોલાય પણ મનનો પરિણામ = ભાવ અન્ય હોય તો ત્યાં મનોગત ભાવ જ પ્રમાણ છે બોલાતા શબ્દો નહીં. શબ્દ તો એક બહાનું (નિમિત્ત) માત્ર છે."[૨] (વિશેષાવશ્યક ભાષ્ય-૨૫૪૫.) અહીં ચાર નિક્ષેપાઓમાંથી નામાદિ ત્રણ નિક્ષેપા દ્રવ્યાસ્તિકનયના જાણવા કારણ કે દ્રવ્યાસ્તિકનય એ નામ, સ્થાપના આદિ રૂપ સર્વવિષયોને પોત-પોતાના વિષય બનાવે છે. તથા છેલ્લો ભાવનિક્ષેપ એ પર્યાયનયનો સમજવો. આ પર્યાયનય પરિણતિ અને વિજ્ઞાન આમ બે

૧. 'रे आत्मा' खं.भां.सं.। ૨. 'એકાસણા'નું પચ્ચક્ખાણ કરવાના આશયવાળાએ ભૂલથી આયંબિલનું પચ્ચક્ખાણ માંગતા ગુરૂએ સામાન્યથી આયંબિલનું પચ્ચક્ખાણ આપ્યું હોય તો પણ શિષ્યના મનોગત ભાવ એકાસણાના હોવાથી તે એકાસણું કરી શકે.

**भाष्य– नाम संज्ञाकर्म इत्यनर्थान्तरम्।**

नाजीवस्तदेकपरिणामात्, तस्यैव जन्तोः सकलगुणकलापरहितत्वविवक्षा [1]बौद्धव्यवहारानुसारिणी द्रव्यजीवः, स एव ज्ञानादिगुणपरिणतिभाक्त्वेन विवक्षितो भावजीव इति, एतत् कथयति नामजीव इत्यादिना।।

सम्प्रति नाम-स्थापना-द्रव्य-भावानां जीवविशेषणतयोपात्तानां स्वार्थं लक्ष्ये प्रदर्शयन्नाह– **नाम-संज्ञे**त्यादिना। नामेति किमुक्तं भवति ? उच्यते- संज्ञाकर्मेत्यनर्थान्तरम्, संज्ञायाः क्रिया संज्ञाक्रिया संज्ञाकर्म नामकरणं इत्यर्थः, अनेन ध्वनिना वस्त्विदं प्रतिपाद्यत इतियावत्। तत् पुनः प्रतिपाद्यं वस्तु तस्य ध्वनेर्वाच्येनार्थेन युक्तं भवतु मा वा भूदित्येतत् कथयति– **चेतनावत** इत्यादिना।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- (૧) નામ, સંજ્ઞાકર્મ તે એકાર્થક શબ્દો છે.

ભેદે સમજી શકાય. જેમ કે કેવળજ્ઞાનયુક્ત તીર્થંકર સમવસરણમાં દેશના આપતા હોય ત્યારે પરિણતિ સ્વરૂપ ભાવતીર્થંકર કહેવાય. આ જ તીર્થંકરનું કોઈ ધ્યાતા ભાવપૂર્વક ધ્યાન કરે (મનથી જાણે) ત્યારે ધ્યાતા તે વિજ્ઞાન સ્વરૂપ ભાવતીર્થંકર કહેવાય. (એ જ રીતે મંગલપદાર્થના જ્ઞાનોપયોગથી અભિન્ન એવો વક્તા તે આગમથી ભાવમંગલ છે.)

અથવા તો આ શરીરમાં જ, જે આત્મા છે ત્યાં જ નામાદિ નિક્ષેપા જણાવે છે તે આ રીતે કે આ દેહમાં રહેલા આત્મા કે જેના વિશે 'જીવ' એવી જે ધ્વનિ શબ્દોચ્ચાર પ્રવર્તે છે તે ધ્વનિ નામ જીવ, કહેવાય છે. તે જ આત્મા (શરીર)ના હાથ આદિ અવયવોના સન્નિવેશ = જોડાણ રૂપ જ આકાર તે સ્થાપના જીવ. અર્થાત્ હાથાદિ અવયવયુક્ત સમસ્ત શરીરની આકૃત્તિ. આ જ જીવમાં જ્યારે સકળ જ્ઞાનાદિ ગુણ-સમૂહના અભાવની વિવક્ષા બૌદ્ધિકવ્યવહાર (બુદ્ધિ)થી કરવામાં આવે ત્યારે આને દ્રવ્યજીવ કહેવાય. તે જ દ્રવ્યજીવ જ્ઞાનાદિ ગુણોથી પરિણત તરીકે વિવક્ષિત હોય ત્યારે ભાવ જીવ કહેવાય.આ પ્રમાણે 'નામ-જીવં' ઇત્યાદિથી 'જીવ' તત્ત્વમાં ચાર નિક્ષેપ જણાવ્યા. હવે જીવના વિશેષણ તરીકે મૂકાયેલા નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ તેના પોતાના વિશેષાર્થને પ્રસ્તુત લક્ષ્ય (જીવ)ને વિશે દર્શાવતા કહે છે.

### ❋ જીવમાં ચાર નિક્ષેપા સમજીએ ❋

**૧. નામજીવ** :- સંજ્ઞાકર્મ એ 'નામ'નો અનર્થાંતર (પર્યાયવાચી) શબ્દ છે. ''આ વસ્તુને આ ધ્વનિ વડે કહેવી'' એવી તે સંજ્ઞાની ક્રિયાને સંજ્ઞા-કર્મ અથવા નામકરણ કહેવાય છે. અર્થાત્ અમુક ધ્વનિ વડે અમુક વસ્તુનું પ્રતિપાદન કરવું તે નામ કરણ. વળી પ્રતિપાદન કરાતો પદાર્થ તેના વાચક ધ્વનિના વાચ્ય અર્થ સાથે યુક્ત હોય અથવા ન પણ હોય તે જણાવતા કહે છે. ('નામ' અન્વાર્થિક જ હોય એવુ નથી જેમ કે 'જીવ' નામ ચેતન કે અચેતન દ્રવ્યનું હોઈ શકે) **चेतनावत्** :- ચેતના=જ્ઞાન છે જેને, તે ચેતનાવાન્ અને તેનાથી વિપરીત તે અચેતન. આ બન્ને દ્રવ્યના 'જીવ' આ પ્રમાણે નામ કરણ કરાય છે. આ દ્રવ્યનુ જીવ નામ એકમાત્ર પ્રદર્શન (દષ્ટાંત)

१. बोधव्यव° रा.B।

**भाष्य- चेतनावतोऽचेतनस्य वा द्रव्यस्य जीव इति[1] नाम क्रियते स नामजीवः।**

**चेतना**=ज्ञानं सा यस्यास्ति तच्चेतनावत्, तद्विपरीतमचेतनम्।

**द्रव्यस्ये**ति प्रदर्शनमिदं, गुण-क्रिययोरपि नामादिचतुष्टयप्रवृत्तेः। अथवा द्रव्यस्य प्राधान्यमाविष्करोति, यतस्तदेव द्रव्यं गुण-क्रियाकारेण वर्तते, कोऽन्यो गुणः क्रिया वा द्रव्यमन्तरेण ? वर्णकविरचनामात्रक्रमप्राप्तनानात्वनटवद् द्रव्यमेव तथा तथा विवर्त्तते अतो न स्तः केचिद् गुणक्रिये द्रव्यास्तिकनयावलम्बने सतीति। अतस्तस्य[2] द्रव्यस्य यस्य कस्यचिन् **नाम क्रियते** = व्यवहारार्थं संज्ञासंकेतः क्रियते। कीदृगित्यत आह– **जीव** इति। इतिना स्वरूपे जीवशब्दः स्थाप्यते, जीव इत्ययं ध्वनिः, नत्वेतद्वाच्यार्थो नामतया नियुज्यते। **स नामजीव** इति, स इत्यनेन तत्र चेतनावत्यचेतने वा यदृच्छया यो जीवशब्दो नियुक्तस्तं व्यपदिशति, स शब्दो नामजीव इति। एतदुक्तं भवति– स

● *હેમગિરા* ●

**ભાષ્યાર્થ :- નામ જીવ → ચેતનવંત કે અચેતનવંત દ્રવ્યનું 'જીવ' એ પ્રમાણે નામ પાડવું તે**

છે. બાકી તો દ્રવ્યની જેમ ગુણ અને ક્રિયાના પણ નામાદિ ચતુષ્ટય (નિક્ષેપ) સમજી લેવા અથવા તો દ્રવ્યની પ્રધાનતા બતાવવા દ્રવ્યનું દૃષ્ટાંત અહીં દર્શાવ્યું છે કારણ કે આ જ દ્રવ્ય ગુણ અને ક્રિયાના આકાર સ્વરૂપે રહેનારું છે. જગતમાં કયા એવા ગુણ કે ક્રિયાઓ છે કે જે દ્રવ્ય વિના રહી શકે ? વિવિધ પ્રકારની સમગ્ર ઘટાદિ રચનાના ક્રમ (પર્યાય)ને પ્રાપ્ત થનાર આ (મૃતિકાદિ) દ્રવ્ય જ જુદા જુદા વેશને ધારણ કરનાર નટની જેમ અનેક રૂપે પલટાય છે. આથી જ જો માત્ર દ્રવ્યાસ્તિકનયનું આલંબન લઈએ તો કોઈ ગુણ ક્રિયાની ત્યાં વિવક્ષા નથી. અને આવા કોઈપણ દ્રવ્યનો વ્યવહાર કરવા માટે સંજ્ઞાસંકેત (=નામ કરણ) કરાય છે.

**❋ નામ વાચ્યરૂપ નથી પણ વાચકરૂપ છે ❋**

આ નામ કેવા પ્રકારનું છે તે જણાવતા કહે છે- '**जीव' इति**- આ 'ઈતિ' શબ્દ એ 'જીવ'ને કોઈ પદાર્થરૂપે નહીં પણ નામ સ્વરૂપે સ્થાપિત કરે છે. અર્થાત્ 'જીવ' એ એક 'ધ્વનિ'રૂપ છે નહીં કે તેનાથી વાચ્ય એવો જીવ-પદાર્થ એ નામ તરીકે છે. '**स नामजीव**' પદમાં '**स**'થી ચેતન કે અચેતન વસ્તુમાં યથેચ્છ જે 'જીવ' શબ્દનો પ્રયોગ કર્યો હોય તેનો વ્યપદેશ કરાય છે. તે **स** શબ્દથી ''નામજીવ''માં નિર્દિષ્ટ 'જીવ' શબ્દ પદાર્થરૂપ નથી.

આશય એ કે 'જીવ' એવો ઉલ્લેખ શબ્દ જ (નામ) કહેવાય છે. જીવાદિ વસ્તુ તો અહીં ઔપાધિક છે. અર્થાત્ ઔપચારિક (અપ્રધાન) છે. {જેમ સ્ફટિકમાં લાલ પુષ્પ કે લાલ વસ્ત્રના સામીપ્યથી 'રક્તત્ત્વ' ભાસે છે હકીકતમાં તે સ્ફટીક તદ્રૂપ (શ્વેત) જ છે પણ રક્તરૂપ નથી. તેમ પ્રસ્તુતમાંય સમજવું કે} 'જીવ' એવું વિધાન નામ સ્વરૂપ છે, જીવાદિ વસ્તુ સ્વરૂપ નહીં. સામાન્યથી જીવ-વસ્તુ અને જીવ-નામ બે ભિન્ન છે છતાં 'જીવ' નામ બોલતા જીવ વસ્તુની પણ પ્રતીતિ થાય છે. (તેથી વાચ્ય-વાચક વચ્ચે ભેદાભેદ છે) તે આ ન્યાયથી → '**अर्थाभिधानप्रत्ययास्तुल्यनामधेया**'

१. इति यस्य नाम पा.B लि.। २. 'तस्य यस्य क' खं.भां।

**भाष्य– यः काष्ठ-पुस्त-चित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते जीव इति स स्थापनाजीवो देवताप्रतिकृतिवदिन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति।**

एव शब्दो जीव इत्युच्यते तद्वस्तूपाधिक इति, **अर्थाभिधान-प्रत्ययास्तुल्यनामधेया** इति न्यायात्।।

संप्रति स्थापनाजीवं कथयति– **यः काष्ठपुस्त** इत्यादिना। **यः** स्थाप्यते जीव इति सम्बन्धः, क्व स्थाप्यते ? **काष्ठपुस्तादि**ष्वित्याह। **काष्ठं** = दारु, **पुस्तं** = दुहितृकादि सूत्रचीवरादिविरचितं, **चित्रं** = चित्रकराद्यालिखितम्, **कर्म**शब्दः क्रियावचनः प्रत्येकमभिसम्बध्यते, काष्ठक्रियेत्यादि। **अक्षनिक्षेप इति** सामयिकी संज्ञा चन्दनकानां निक्षेपो **रचना** = विन्यास इति।

एते काष्ठ-पुस्त-चित्रकर्माक्षनिक्षेपा आदिर्येषां रच्यमानानां ते काष्ठ-पुस्त-चित्रकर्माक्षनिक्षेपादयः, आदिशब्द उभाभ्यां सम्बन्धनीयः, काष्ठ-पुस्त-चित्रकर्मादयो ये सद्भावस्थापनारूपास्तथाऽक्षनिक्षेपादयोऽसद्भावस्थापनारूपा ये, [१]तेषु बहुषु **स्थाप्यते** = य उच्यते तेषु काष्ठादिषु बहुष्वाधारेषु य एको

● *હેમગિરા* ●

<u>ભાષ્યાર્થ</u> :- **(૨) સ્થાપના જીવ → કાષ્ઠમાં પુતળી, ચિત્રકામ, અક્ષનિક્ષેપ (ચંદનક) વગેરેમાં જે જીવની સ્થાપના કરાય તે સ્થાપના જીવ. જેમકે ઈન્દ્ર-રૂદ્ર (શિવ) -સ્કન્દ-વિષ્ણુ વગેરે દેવતાની મૂર્તિ**

તેનો અર્થ :- ''અર્થ=ઘટાદિ અભિધેય પદાર્થ તથા અભિધાન = ઘટાદિ વાચક શબ્દ અને પ્રત્યય = ઘટાદિ વિષયક જ્ઞાન, આ ત્રણે ભિન્ન હોવા છતાં તુલ્ય નામવાળા હોય છે'' એ ન્યાયે અહીં જે પદાર્થ 'જીવ' છે તેનું નામ પણ 'જીવ' છે અને તેની પ્રતીતિ પણ 'જીવ' રૂપે થાય છે. અર્થાત્ ત્રણે ભિન્ન હોવા છતાં તુલ્ય નામવાળા પ્રતીત થાય છે. હમણાં હવે સ્થાપના જીવને કહે છે.

**૨. સ્થાપના જીવ** :- આકૃતિરૂપે જે જીવની સ્થાપના કરાય તે. **પ્રશ્ન** :- જીવની સ્થાપના ક્યાં કરાય છે ? **જવાબ** :- કાષ્ઠ, સુતર, વસ્ત્ર આદિથી બનેલ પુતળી આદિ, તથા ચિત્રકારાદિ વડે આલેખાયેલ ચિત્રમાં આ સ્થાપના કરાય છે. અહીં કર્મ શબ્દ એ ક્રિયાને સૂચવનાર છે. આ 'ક્રિયા' શબ્દનો અન્વય કાષ્ટ, પુસ્ત(=પુતળી આદિ) ચિત્રાદિ બધામાં કરવો. તે આ રીતે :- કાષ્ટમાં કરાતી ક્રિયા' પુસ્તમાં કરાતી ક્રિયા, ચિત્ર કરવા વડે થતી ક્રિયા. આ બધી જુદી જુદી રીતની સ્થાપના છે. અક્ષનિક્ષેપ એ શાસ્ત્રીય પરિભાષિક શબ્દ છે. ચંદનકોમાં જે પંચપરમેષ્ઠિ આદિની સ્થાપના તે અક્ષનિક્ષેપ કહેવાય. ભાષ્યમાં કાષ્ઠાદિને સૂચવતું **काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपादि** પદ સામાસિક છે. એનો વિગ્રહ ટીકામાં આપેલ છે. અહિં માત્ર અર્થ કરીએ છીએ. ''કાષ્ઠ, પુસ્ત, ચિત્રકર્મ, અક્ષનિક્ષેપ આદિ=પ્રથમ છે જેમાં [જે વિન્યાસ કરાતી વસ્તુઓમાં] તે કાષ્ટ પુસ્ત ચિત્ર અક્ષનિક્ષેપવાળી (વસ્તુઓ).'' એમાં રહેલ **आदि** પદનો સંબંધ કાષ્ઠાદિ રૂપ બે પ્રકારની સદ્ભૂત સ્થાપના અને અક્ષનિક્ષેપરૂપ અસદ્ભૂત સ્થાપના એ બન્ને સાથે કરવો, એટલે કાષ્ઠ, પુસ્ત, ચિત્રાદિમાં થતી ક્રિયા (આલેખાતી આકૃતિ) તે સદ્ભાવ સ્થાપના છે અને અક્ષનિક્ષેપાદિમાં કરાતી સ્થાપના તે અસદ્ભાવરૂપ સ્થાપના

१. तेषु स्था° पा.A।

रच्यते जीवाकारेण, एतदाह— **जीव इति**। **स** जीवाकारो रचितः सन् **स्थापनाजीवो**ऽभिधीयते। एतदुक्तं भवति— **शरीरा**नुगतस्यात्मनो य आकारो दृष्टः स तत्रापि हस्तादिको दृश्यते इतिकृत्वा स्थापनाजीवोऽभिधीयते।।

**ननु** चाक्षनिक्षेपे नास्त्यसावाकार इति, **उच्यते**— यद्यपि बहीरूपतया नास्त्यक्षे निक्षिप्यमाणेऽसावाकारः, तथापि बुद्ध्या स रचयिता तत्र विरचयति तमाकारम्, अत एव स्थापना नाम-द्रव्याभ्यां सुदूरं भिन्ना, यतो निक्षिप्यमाणं वस्तु न शब्दो भवति नापि तद्भाववियुक्तं विवक्ष्यते किन्त्वाकारमात्रं यत् तत्र तद् विवक्षितमिति। स्थापनाजीवं दृष्टान्तेन भावयति— **देवताप्रतिकृतिवदि**त्यादिना। देव एव **देवता** तस्याः **प्रतिकृतिः**[1] = बिम्बं, सा च न सैव सहस्राक्षवज्रपाणिश्वेतवासोधारिरूपा, नापि ततोऽत्यन्तं भिन्नस्वभावा, अत्यन्तभिन्नस्वभावाभ्युपगमे हि सा प्रतिकृतिरेव न स्यात् कुड्यवत्,

• *હેમગિરા* •

છે. કારણ કે કાષ્ઠાદિની પ્રતિમામાં અને ચિત્રાદિમાં તે તે આકૃતિના આબેહૂબ દર્શન થાય છે જ્યારે સ્થાપનાચાર્ય (અક્ષ-સ્થાપના)માં માત્ર કલ્પના (ઉપચાર) જ થાય છે. આ કાષ્ઠાદિમાં જ્યારે આ જીવનો આકાર રચાય ત્યારે રચાયેલો તે આકાર **'સ્થાપના જીવ'** આ પ્રમાણે કહેવાય આશય એ છે કે જેમ શરીરથી અનુગત જીવને જોઈને જેવી હાથ પગાદિની પ્રતીતિ થાય છે તેવી જ હાથ, પગાદિની પ્રતીતિ 'સ્થાપના'માં થાય છે. માટે 'સ્થાપના જીવ' એ પ્રમાણે કહેવાય છે.

### ❊ અસદ્ભાવ સ્થાપનાની વિમર્શના ❊

<u>શંકા</u> :- અક્ષમાં જે નિક્ષેપ (સ્થાપના) થાય છે તેમાં આકૃતિ તો દેખાતી નથી ?

<u>સમાધાન</u> :- યદ્યપિ બાહ્યરૂપે આકાર સ્પષ્ટ નથી પણ બુદ્ધિ વડે રચયિતા-પ્રતિષ્ઠાપક ત્યાં રચના કરે છે. (તેથી તે જ સ્થાપનાચાર્યને જોઈને 'આ આચાર્ય છે, ભગવાન છે' એવી બુદ્ધિ થાય છે.) આથી જ સ્થાપના નિક્ષેપ એ નામ અને દ્રવ્યનિક્ષેપથી અતિભિન્ન છે. સ્થાપના કરાતી વસ્તુ શબ્દ રૂપે નથી બનતી, માટે નામથી ભિન્ન છે. તેમજ અસલી વસ્તુના ભાવથી વિયુક્ત દ્રવ્યની જેમ પણ અહીં સ્થાપનામાં વિવક્ષા નથી, આકાર માત્ર અહીં વિવક્ષિત છે. તેથી દ્રવ્યથી પણ ભિન્ન છે.

સ્થાપના જીવને દૃષ્ટાંતથી જણાવે છે કે ઇન્દ્ર દેવતાની પ્રતિકૃતિ દેવતાનું બિમ્બ તે 'સ્થાપના દેવ'. જો કે આ સ્થાપના દેવની પ્રતિમા હજાર આંખવાળા, તેમજ વજ્ર હાથમાં છે જેને એવા શ્વેત વસ્ત્રધારી ભાવ દેવના સ્વરૂપવાળી નથી, છતાં તે દેવના સ્વરૂપથી અતિ ભિન્ન પણ નથી. જો તેને તેનાથી અત્યંત ભિન્ન માનીએ તો આ પ્રતિમા ઈન્દ્રદેવની છે તેવી બુદ્ધિ જ ન થાય. પણ કોરી ભીંત જણાવી જોઈએ. પણ તેવું થતું નથી, તેથી અવશ્ય સ્થાપના અને સ્થાપનાવાન્ (જીવ)માં કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ માનવો.

જે હજાર આંખ આદિ અવયવો તે મુખ્ય દેવતામાં રહેલા દેખાતા હતા તે જ અવયવો આ કાષ્ટમય દેવતામાં દેખાય છે; તેથી ''તે જ આ દેવ છે'' એવો અભેદ વ્યવહાર પણ લોકમાં

१. प्रतिबिम्बं खं.भां.।

**भाष्य- द्रव्यजीव इति गुणपर्यायवियुक्तः प्रज्ञास्थापितोऽनादिपारिणामिक भावयुक्तो जीव उच्यते।**

अतोऽवश्यं कथञ्चिदसौ ततो भिद्यत इति प्रतिपत्तव्यम्, ये तस्यां [1]मुख्यदेवतायां सहस्रलोचनाद्यवयवा यथा संनिविष्टा[2] दृष्टास्तेऽस्यां काष्ठमय्यां दृश्यन्त इत्येतावता सैव मुख्या देवता इयमिति निगद्यते।

ये तु तत्र ज्ञान-दर्शनैश्वर्यादयो धर्मा दृष्टास्तेऽस्यां काष्ठमय्यां न दृश्यन्त इति एतावता प्रतिबिम्बमित्यभिधीयते। **अतो** यथेह कस्यचित् इन्द्रादेः प्रतिकृतिः स्थापिता सती इन्द्र इति व्यपदिश्यते, एवमिह जीवाकृतिः प्रतिमादिषु स्थापिता स्थापनाजीवो व्यपदिश्यते। रुद्र = उमापतिः, **स्कन्द** इति स्कन्दकुमारः, उत्तरपदलोपात् सत्यभामा सत्येति यथा, **विष्णुरि**ति वासुदेवः।

**एषां** च न शास्त्रे देवताख्या समस्ति, लोकानुवृत्त्या भाष्यकृदुवाच। अत एषां रुद्रादीनां प्रतिकृती रचिता रुद्र इत्यादिव्यपदेशं लभते। एवं जीवस्य काष्ठादिषु प्रतिकृतिः कृता स्थापनाजीव इत्यभिधीयते। **द्रव्यजीव इति। इतिः** प्रकारार्थः। योऽयं प्रकारः प्रागुपादायि द्रव्यजीव इति तं प्रदर्शयामि। योऽयमात्मा स उज्झिताशेषज्ञानादिगुणसमुदायो द्रव्यजीवोऽभिधीयते। एतदेवाह—

*હેમગિરા*

<u>ભાષ્યાર્થ</u> :- **(૩) દ્રવ્ય જીવ :- બુદ્ધિથી કલ્પિત, ગુણપર્યાય રહિત, અનાદિ પારિણામિક ભાવયુક્ત જીવ તે.**

થાય છે પણ જે જ્ઞાન, દર્શન, ઐશ્વર્યાદિ ધર્મો દેવમાં જોવાયા હતાં તે અહીં આકારમાં નથી દેખાતા તેથી ''આ પ્રતિબિંબ છે'' (= સાક્ષાત્ નથી) એમ કહેવાય છે, એવો ભેદ વ્યવહાર પણ લોકમાં દેખાય છે. જેમ કોઈ ઈન્દ્રાદિ દેવની પ્રતિકૃતિ સ્થપાય તો 'ઈન્દ્ર' એવું વિધાન કરાય છે તેમ જો જીવ વિશેષની આકૃતિ કાષ્ટ આદિમાં સ્થપાય તો ત્યાં 'સ્થાપના જીવ' એવો વ્યપદેશ થાય છે. રૂદ્ર = ઉમાપતિ (શંકર), સ્કન્દ = સ્કન્દ કુમાર(કાર્તિકેય), જેમ 'ભામા' પદથી સત્યભામા અર્થ ગ્રહણ થાય છે તેમ સ્કન્દ શબ્દથી 'સ્કન્દકુમાર'નું ગ્રહણ (**'सूचकत्वात् सूत्रस्य'** - એ ન્યાયથી) અહીં કરેલ છે; તથા વિષ્ણુ = વાસુદેવ આ દેવોના નામો શાસ્ત્રોમાં ઉલ્લેખિત નથી પણ લૌકિક અનુવૃત્તિ (પરંપરા)થી વાચક પ્રવરશ્રીએ આ નામો દેવ તરીકે જણાવ્યા છે. એથી આ રૂદ્રાદિની પ્રતિકૃતિ રચાતા જેમ તેમાં 'રૂદ્ર' એવો વ્યપદેશ થાય, એજ પ્રમાણે કાષ્ઠાદિમાં 'જીવ'ની પ્રતિકૃતિ કરાય તો તે પણ 'સ્થાપના જીવ' એમ કહેવાય.

૩. **દ્રવ્યજીવ** :- **'इति'** પદ 'પ્રકાર'ના અર્થમાં છે. અર્થાત્ જે દ્રવ્યજીવનો ત્રીજો પ્રકાર અમે પહેલા જણાવ્યો તેને હવે દેખાડે છે :- ત્યાગ કર્યા છે સમગ્ર જ્ઞાનાદિ ગુણ સમૂહ જેને એવો જે આ આત્મા તે દ્રવ્યજીવ કહેવાય આ જ દ્રવ્ય જીવ માટે **गुणपर्यायवियुक्तः** વિશેષણ ભાષ્યમાં કહ્યું છે **गुणः** :- સાથે જ રહેનાર = થનારા એવા તે જ્ઞાન, દર્શન સુખાદિ. **पर्यायः** :- ક્રમે કરીને થનાર એવા મનુષ્યાદિ પર્યાયો. આ ગુણ પર્યાયથી રહિત જીવ તે દ્રવ્ય જીવ.

१. मुख्यायां देव खं.भां.। २. संनिविष्टास्ते खं.भां.।

**गुणपर्यायवियुक्त इति**। **गुणाः** = सहभुवो ज्ञान-दर्शन-सुखादयः, **पर्यायाः** = क्रमभुवो मनुष्यादयः, गुणाश्च पर्यायाश्च गुणपर्यायास्तैः **वियुक्तो** = रहित इत्यर्थः।।

**ननु** चैवंविधोऽर्थो नास्त्येव, समस्तधर्मकदम्बकरहितत्वात् मण्डूकजटाभारवदित्युक्ते **आह– प्रज्ञास्थापितः**। **प्रज्ञा** = बुद्धिस्तया **स्थापितो** = वियत्यालिखितः कल्पित इतियावत्। एतदुक्तं भवति– न ते गुण-पर्यायास्ततो द्रव्याद् विष्वग् भवन्ति, किं तर्हि? बुद्ध्या तत्स्था एव विभज्यन्ते, ततश्च द्रव्यमात्रं केवलमवतिष्ठते बुद्धिपरिकल्पनागोचरतामितम्, एतदाह– **अनादिपारिणामिकभावयुक्त** इति। भावशब्दो हि औदयिकादिषु वर्त्तमानः पारिमाणिक इत्यनेन विशेषे स्थापितः। पारिणामिकभावोऽपि सादिरस्त्यभ्रेन्द्रधनुरादीनाम्, किं तादृशोऽयं ? नेत्याह– अनादिपारिणामिकभाव इति। अनादिश्चासौ पारिणामिकभावश्चानादिपारिणामिकभावस्तेन युक्तोऽनादिपारिणामिकभावयुक्त इति। एतदुक्तं भवति– यत्तदनादिकालसन्ततिपतितं द्रव्यं तावन्मात्रं तदिति मैवं मंस्थाः अनादिपारिणामिकभावयुक्त इति, अत्र भावशब्दः श्रूयते इतिकृत्वाऽ[1]स्ति द्रव्ये कोऽपि भावांश इति। न खलु कश्चित् तत्र गुणः

• હેમગિરા •

### ❋ દ્રવ્યજીવનો અસંભવ ❋

<u>પ્રશ્ન</u> :- ઉપર કહ્યા મુજબનો દ્રવ્ય જીવ (અર્થ) તો દુનિયામાં સંભવિત જ નથી. કારણ કે આ (દ્રવ્યજીવ) સમસ્ત ગુણપર્યાય રૂપ ધર્મથી વિયુક્ત છે. જેમ દેડકાને માથે જટાનો ભાર અત્યંત અસંભવિત છે. તેમ તેવો દ્રવ્યજીવ પણ અત્યંત અસંભવિત છે.

<u>જવાબ</u> :- પોતાના ગુણપર્યાયોથી વિયુક્ત ક્યારે પણ જીવ દ્રવ્ય ન જ હોય છતાં બૌદ્ધિક કલ્પનાથી અર્થાત આકાશમાં આલેખન કરવા રૂપ કલ્પના, અહીં દ્રવ્યજીવની સમજવાની છે. આશય એ છે કે તે ગુણ-પર્યાયો દ્રવ્યથી ક્યારેય જુદા નથી હોતા પણ બુદ્ધિ વડે દ્રવ્યમાં રહેલા તે ગુણ પર્યાયોને વિભક્ત કરવામાં આવે છે અને તેમ કરતાં બુદ્ધિની કલ્પનાના વિષય એક દ્રવ્ય માત્ર રહે છે. આને જ જણાવતાં કહે છે 'અનાદિ પારિણામિક ભાવયુક્ત' એવો આ જીવ 'દ્રવ્યજીવ' તરીકે સમજવો. 'ભાવ' શબ્દ ઔદાયિક આદિ પાંચે ભાવોમાં સામાન્ય રૂપે વપરાય છે. પરંતુ પ્રસ્તુતમાં જીવમાં પારિણામિક ભાવનું જ ગ્રહણ કરવાનું છે એ જણાવવાં 'ભાવ'માં '**पारिणामिक**'ને વિશેષણ તરીકે જોડ્યું.

### ❋ પારિણામિકભાવની વ્યાખ્યા ❋

પારિણામિક ભાવોમાં પણ સાદિ અને અનાદિ એમ બે વિભાગ છે. આકાશમાં થતાં ઈન્દ્રધનુષાદિ સાદિ પારિણામિ ભાવ છે. તો શું આ જીવ પણ તેવા ભાવવાળો છે કે નહીં ? તે પ્રશ્નોના જવાબમાં કહે છે કે 'જીવ' તો અનાદિ પારિણામિક ભાવયુક્ત દ્રવ્ય છે એ જણાવવા 'અનાદિ' વિશેષણ જોડ્યું. અનાદિ એવો પારિણામિક ભાવ તે અનાદિ પારિણામિક ભાવ. આવા

१. °स्ति तत्र को सं.।

**भाष्य– अथवा शून्योऽयं भङ्गः। यस्य ह्यजीवस्य सतो भव्यं जीवत्वं स्यात् स द्रव्यजीवः स्यात्, अनिष्टं चैतत्।**

पर्यायो वाऽस्तीति द्रव्यमात्रं निरस्ताशेषगुण-पर्यायव्रातं द्रव्यजीव इत्येवं शब्द्यते।।

**ननु** च सतां गुण-पर्यायाणां बुद्ध्या नापनयः शक्यः कर्तुं, यतो न ज्ञानायत्ताऽर्थपरिणतिः, अर्थो यथा यथा विपरिणमते तथा तथा ज्ञानं प्रादुरस्तीत्यत **आह– शून्योऽयं भङ्गः**। शून्य इति न सम्भवति, अयं इति द्रव्य जीवविकल्प इति। यतो द्रव्यदेवः कः ?।

**उच्यते**– यो भव्यो [1]देवपर्यायस्य योग्यो न तावद् भवति स मनुष्य एव सन् द्रव्यदेवोऽभिधीयते भविष्यति इतिकृत्वा, एवमिहापि यद्ययमवधीकृतो जीवः स इदानीमजीवः सन्नायत्यां जीवोऽजनिष्यत्[2] ततोऽयं विकल्पः समभविष्यत्, न चैतदस्तीत्येतदाह- **यस्य ह्यजीवस्येत्यादि**। **यस्य** इति

• *હેમગિરા* •

**ભાષ્યાર્થ :- અથવા આ ભાંગો શૂન્ય સમજવો કારણ કે જે અજીવ હોય તે ભાવિમાં જીવત્વને પ્રાપ્ત કરનારો બને તો તેના માટે દ્રવ્યજીવ વિકલ્પ ઘટે પરંતુ તેવું તો ઈષ્ટ જ નથી**

ભાવથી યુક્ત જીવ તે અનાદિ પારિણામિક ભાવયુક્ત જીવ છે. કહેવાનો આશય એ છે કે આ અનાદિ કાલીન પરંપરાગત જીવ એ સામાન્ય દ્રવ્ય રૂપ જ છે એવું કોઈ ન માને પણ અનાદિ પારિણામિક ભાવયુક્ત છે તે જણાવવા **'અનાદિ પારિણામિક ભાવ'** વિશેષણ છે. અહીં જે 'ભાવ' શબ્દ લખ્યો છે તેનાથી દ્રવ્યમાં કોઈ ભાવનો અંશ છે જ તે નક્કી થાય છે. પણ હકીકતમાં તો 'દ્રવ્ય' નિક્ષેપની વિવક્ષામાં ગુણપર્યાય ઘટે નહીં તેથી સમગ્ર ગુણ - પર્યાયના સમૂહથી રહિત દ્રવ્યમાત્ર તે દ્રવ્યજીવ તરીકે કહેવાય છે. દ્રવ્ય જીવનો ભંગ ઘટાડવા આ બૌદ્ધિક કલ્પના કરી છે.

**❋ દ્રવ્યજીવ વિકલ્પની શૂન્યતા ❋**

<u>પ્રશ્ન</u> :- જો દ્રવ્યમાં ગુણ-પર્યાય સદા હોય જ છે તો બુદ્ધિ વડે તેનું અપનયન (દૂરીકરણ) કઈ રીતે કરી શકાય? અર્થની પરિણતિ પોતાના જ્ઞાનને આધીન નથી અર્થાત્ પોતાના જ્ઞાનના માધ્યમે પદાર્થોના પરિણામ ન ફરે પરંતુ જેમ જેમ અર્થોના પરિણામ (પર્યાય) ફરે તેમ તેમ તેવું જ્ઞાન થાય.

<u>જવાબ</u> :- તમારી વાત સાચી છે તેથી જ **'શૂન્યોऽयं भङ्ग'** પદથી વાચકશ્રીએ ભાષ્યમાં આ દ્રવ્યજીવના વિકલ્પને શૂન્ય જણાવ્યો છે. આ વિકલ્પની શૂન્યતા આ મુજબ સમજી શકાશે→ જેમ કે 'દ્રવ્ય-દેવ' કોણ છે ? આના જવાબમાં આ પ્રમાણે કહેવાય કે જે જીવ (મનુષ્ય) દેવત્વના પર્યાયને યોગ્ય છે પણ હજુ દેવ થયો નથી તે મનુષ્યના પર્યાયમાં રહ્યો છતાં ભવિષ્યમાં દેવ થનાર છે તે અપેક્ષાએ તેને દ્રવ્ય દેવ તરીકે કહેવાશે. તેમ પ્રસ્તુતમાં પણ અધિકૃત જીવ વર્તમાનમાં અજીવ છે અને ભાવિમાં જીવ તરીકે જન્મવાનો છે તેવું જો કહી શકાય તો આ દ્રવ્યજીવ ભંગ

१. देवत्वप° मु.(खं.राB)। २. °ष्यत पाA.सं.।

वस्तुनः, **हिशब्दो** यस्मादर्थे, **अजीवस्य**=चेतनारहितस्य **सतो**=विद्यमानस्य अचेतनावस्थायां सम्प्रति **भव्यं**=भविष्यच्चेतनावत्त्वं भवेत् इदानीमचेतनत्वेन वर्त्तमानः **द्रव्यजीव** इति कारणजीवः, आगामिन्या जीवतायाः कारणमित्यर्थः, एतत् स्यात्, इष्यत एवायमर्थः। क्वचिद् वस्तुन्यभूतमिदानीं जीवत्वं भविष्यतीति, तन्न, अनिष्टत्वात्, यथैव ह्यसन्न[1]सौ वस्तुविशेषो जीवत्वेन सम्प्रति आगामिकाले जीवत्वं प्रतिपत्स्यत इत्यभ्युपगम्येत, एवं योऽयमिदानीं जीवतया वर्तते अयमेवायत्यामजीवत्वं यास्यतीत्यभ्युपगम्यताम्, एवं च सति सिद्धान्तविरोधः, यतो जीवत्वमनाद्यनिधनपारिणामिको भावः समय इष्यते। एतदेवाह– **अनिष्टं चैतत्** इति। चशब्द एककारार्थे, ᵀअनिष्टमेव सिद्धान्तविरोध्येवैतदभ्युपगमान्तरमिति।।

**ननु** चैवं सति नामादिचतुष्टयस्याव्यापिता प्राप्ता, द्रव्यजीवविकल्पाभावात्, अभ्युपगतं च सिद्धान्ते व्यापित्वेन नामादिचतुष्टयम्, यत एवामाह– "**जत्थ उ जं जाणिज्जा निक्खेवं निक्खिवे**

• હેમગિરા •

ઘટે, પણ એવું તો શક્ય નથી. આને જ જણાવતા ભાષ્યકારશ્રી **यस्य हि** આદિ પદોથી કહે છે તેનો અર્થ :- કારણકે જે વસ્તુના માટે એવું કહી શકાય કે તે હમણાં અચેતન અવસ્થામાં રહેલ ચેતના રહિત વસ્તુ ભવિષ્યમાં ચેતન રૂપે બનવાની છે તેથી આગામી જીવનું આ "કારણ દ્રવ્ય" છે, તો આ અચેતન એવા કારણ જીવને 'દ્રવ્યજીવ' કહી શકાય, પણ એવું તો બનતુ જ નથી. એવું કહી શકાતું હોય તો અવશ્ય દ્રવ્યજીવ વિકલ્પ અમને ઇષ્ટ જ છે.

### ❋ ચાર નિક્ષેપા સર્વવ્યાપી ❋

<u>શંકા</u> :- કોઈક વસ્તુ-વિશેષમાં 'અત્યારે આ જીવત્વવાળી થશે' એવી મતિ થાય છે. ત્યાં આ દ્રવ્ય જીવ ઘટી શકે ને ?

<u>સમાધાન</u> :- ના. (જડમાં જડત્વ ધર્મ હોય પણ જીવત્વવાળુ એ ન બની શકે તેથી) તમારી વાત બરોબર નથી. કારણ કે જ્યાં જીવત્વ નથી એવી વસ્તુ વિશેષમાં આગામી કાળમાં જીવત્વ આવી જાય છે એમ જો મનાય તો એવું પણ માનો કે જે અત્યારે જીવ તરીકે વર્તે છે તે જીવ પણ ભવિષ્યમાં અજીવત્વને પામશે. અને તેમ માનવા જતા તો સિદ્ધાંત વિરોધ આવશે, તે આ રીતે કે જીવત્વને શાસ્ત્રમાં અનાદિ અનિધન પારિણામિક ભાવ કહેલ છે. જો જીવ અજીવત્વને પામે તો શાસ્ત્રોક્ત એવો પરિણામ નાશ થતાં સિદ્ધાંત વિરોધ આવશે. તેથી તમારી ઉપરોક્ત વાત અનિષ્ટ છે. ભાષ્યમાં '**अनिष्ट च**'નો '**च**' શબ્દ 'જ'કાર અર્થમાં છે. અર્થાત્ ઉપરોક્ત રીતે સ્વીકારવામાં સિદ્ધાંત વિરોધ રહેલો જ છે.

<u>શંકા</u> :- જો 'જીવ'માં દ્રવ્ય જીવનો ભાંગો ન જ ઘટે તો ચાર નિક્ષેપની વ્યાપકતા ઉડી જશે. જ્યારે શાસ્ત્રોમાં તો નામાદિ ચતુષ્ટયને સર્વવ્યાપી તરીકે કહેલ છે. તે આ રીતે :- અનુયોગદ્વાર

१. 'सौ विशेष मु, खं.(भां.)। T. परि.५ टि.१४।

**निरवसेसम्। जत्थवि न य जाणेज्जा चउक्कयं निक्खिवे तत्थ।।"** (**अनुयोगद्वार-सू.७**) तत्र चतुष्टयं निक्षिपेदिति भणता व्यापिताऽभ्युपगता ?।

**उच्यते**– प्रायः सर्वपदार्थेष्वन्येषु सम्भवन्ति, यद्यत्रैकस्मिन्न सम्भवति नैतावता भवत्यव्यापिता, तत्र निर्युक्तिकारेण **भद्रबाहुस्वामिना** अविशेषेण प्राणायि नामादीति। **अपरे** त्वेतद्दोषभयादेवं वर्णयन्ति- अहमेव मनुष्यजीवो द्रव्यजीवोऽभिधातव्यः उत्तरं देवजीवमप्रादुर्भूतमाश्रित्य, अहं हि तस्योत्पित्सोर्देवजीवस्य कारणं भवामि[1], यतश्चाहमेव तेन देवजीवभावेन भविष्यामि, अतोऽहमधुना द्रव्यजीव इति। एतत् कथितं तैर्भवति पूर्वः पूर्वो जीवः परस्य परस्योत्पित्सोः कारणमिति ? अस्मिंश्च पक्षे सिद्ध एव भावजीवो नान्य इति, तस्मादिदमपि परिफल्गु विज्ञायते, एतत्पक्षसमाश्रयणे न च

• *હેમગિરા* •

(સૂત્ર-૭)માં કહ્યું છે → "જ્યાં જે (જીવાદિ વસ્તુમાં જેટલા) નિક્ષેપને જાણે ત્યાં તે બધા નિક્ષેપોને કરે. જે વસ્તુ વિશે સર્વ નિક્ષેપા ન જાણી શકાય ત્યાં પણ ચાર નિક્ષેપા તો અવશ્ય કરવા જ જોઈએ." આ શ્લોકથી સિદ્ધ થાય છે કે ચાર નિક્ષેપોનું વસ્તુમાત્રમાં વ્યાપકપણું સ્વીકારાયું જ છે. આશય એ છે કે જીવમાં ય 'દ્રવ્ય જીવ' વિકલ્પ ઘટવો જોઈએ. અન્યથા સિદ્ધાંત વિરોધ આવશે.

**સમાધાન** :- આ વાત પ્રાયિક છે. અર્થાત્ સર્વ અન્ય પદાર્થોને વિશે પ્રાયઃ સંભવે છે. પણ જો આ એકાદ (દ્રવ્યજીવ જેવા) સ્થળમાં ન ઘટે તેટલા માત્રથી નિક્ષેપાઓની અવ્યાપિતા ન કહેવાય. કારણ કે આવશ્યક નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામીએ પણ સામાન્ય રીતે નામાદિ આ ચાર નિક્ષેપા રચેલા છે.

'નિક્ષેપ ચતુષ્ક' જો વ્યાપક કહ્યાં છે તો દ્રવ્યજીવમાં નહીં ઘટતાં 'સિદ્ધાંત વિરોધ આવશે,' એ દોષના ભયને દૂર કરવા કેટલાક આ રીતે સમાધાન કરે છે :- હું મનુષ્યજીવ જ ઉત્તરકાળના દેવ (ભવ) જીવને આશ્રયી દ્રવ્યજીવ કહેવાને યોગ્ય છું. કારણ કે હું તે ઉત્પન્ન થનારા દેવ જીવના કારણ તરીકે છું. જેથી કે હું જ તે દેવજીવ રૂપે ઉત્પન્ન થઈશ તેથી અત્યારે હું દ્રવ્યજીવ છું. આ પ્રમાણે કહેતાં ભાવાર્થ એ થયો કે પૂર્વ-પૂર્વા અવસ્થામાં રહેલ જીવ પોતાની અપર-અપર અવસ્થાની ઉત્પત્તિમાં કારણ બને છે, તેથી 'દ્રવ્ય જીવ' ઘટે.

### ❋ તો સિદ્ધભગવંત જ ભાવજીવ કહેવાશે ❋

ઉપરોક્ત આ પક્ષમાં તો સર્વસંસારી જીવોમાં માત્ર દ્રવ્યજીવનો નિક્ષેપ જ ઘટશે. ભાવ નિક્ષેપ તો ક્યાંય નહી ઘટી શકે, સિવાય કે સિદ્ધોમાં, અર્થાત્ સિદ્ધો જ ભાવજીવ કહેવાશે (તે આ રીતે કે સંસારીજીવ દરેક આગામીભવને લઈ દ્રવ્ય સ્વરૂપે જ રહેશે, એ ક્યારેય ભવ પરંપરા કે જન્માંતરગમન વિના રહેવાનો નથી. માત્ર સિદ્ધ ભગવંતો જ જન્માંતર ગમનાદિથી રહિત હોવાથી ભાવજીવ કહેવાશે. આ રીતે બકરો કાઢતા ઉંટ પેઠુ અર્થાત્ દ્રવ્ય નિક્ષેપને જીવમાં ઘટાડતા સર્વ સંસારી જીવોમાં ભાવ નિક્ષેપની અવ્યાપ્તિનો મોટો દોષ આવ્યો) તેથી આ પક્ષ સ્વીકારવાથી નિક્ષેપ ચતુષ્ટયની અવ્યાપિતા નહીં થાય તેમ કહેવું તે પરિફલ્ગુ = વ્યર્થ છે આ દ્રવ્ય જીવ અંગે ટીકાકાર મહર્ષિ છેલ્લો

१. भवानि पा.A।

**भाष्य– भावतो जीवा औपशमिकक्षायिकक्षायोपशमिकौदयिकपारिणामिकभावयुक्ता उपयोगलक्षणाः संसारिणो मुक्ताश्च द्विविधा वक्ष्यन्ते (२-१०)।**

नाव्यापिता नामादिचतुष्टयस्येति। **अथवा** जीवशब्दार्थज्ञस्तत्रानुपयुक्तो द्रव्यजीव इति। एवं ह्युक्तं "**आगमतो जाणए अणुवउत्तो**" जीवशब्दार्थज्ञस्य वा यच्छरीरकं जीवरहितं स द्रव्यजीवः। इदानीं चतुर्थं विकल्पं दर्शयति- **भावजीव** इति। **यः** उक्तः।।

**ननु** च भावजीव इत्येकवचनेन पूर्वं विन्यस्य व्याख्यावसरे बहुवचनान्ततां[1]प्रदर्शनमयुक्तं **भावतो जीवा** इति। **उच्यते**– मैवं कश्चित् ज्ञासीद् यथा एक एव भावजीवो न भूयांस इति। यथा पुरुषकारणिन आहुः– [2]"**पुरुष एवेद**" मित्यादि, एतन्निरासाय बहुवचनमुपात्तवान्, बहव एते जीवा इत्यस्य प्रदर्शनार्थम्। **भावत** इति च तृतीयार्थे तसिः भावैः स[3]ह ये वर्तन्ते इति ते भावजीवाः। के पुनस्ते भावाः यैः सह वर्तन्ते इति ? उच्यते- **औपशमिकादीत्यादि**।

*હેમગિરા*

<u>ભાષ્યાર્થ</u> :- (૪) **ભાવજીવ :- ઔપશામિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદાયિક અને પારિણામિક ભાવયુક્ત, ઉપયોગ રુપ લક્ષણવાળો તે ભાવ જીવ છે. આના સંસારી અને મુક્ત એમ બે પ્રકાર અ.૨/સૂ.૧૦માં કહેવાશે.**

શાસ્ત્રીય નિષ્કર્ષ આપતાં કહે છે :- "**अनुपयोगे दव्वं**" = 'જીવ' શબ્દના અર્થનો જ્ઞાતા હોય પણ તે અર્થમાં હાલ અનુપયુક્ત છે તે જીવને 'દ્રવ્યજીવ' કહેવાય. કહ્યું પણ છે :- આગમથી જ્ઞાતા અનુપયુક્ત" (જીવ શબ્દના અર્થમાં અનુપયુક્ત એવો જીવ) તે દ્રવ્ય જીવ છે. અથવા જીવ શબ્દાર્થને જાણનાર એવા જીવરહિતનું જે શરીર તે દ્રવ્યજીવ છે. હવે ચોથા 'ભાવજીવ'નો વિકલ્પ દર્શાવે છે :-

### ❋ બ્રહ્માદ્વૈતવાદિનું નિરાકરણ ❋

<u>પ્રશ્ન</u> :- ભાષ્યના પ્રારંભમાં '**भावजीवः**' એમ એકવચનનો નિર્દેશ કરી, હવે વ્યાખ્યાનાં સમયે એ જ ભાષ્યમાં '**भावतो जीवाः**' એમ બહુવચનનો નિર્દેશ કેમ કર્યો છે ?

<u>જવાબ</u> :- વાત સાચી છે પણ કોઈ એવું ના સમજી બેસે કે એક જ ભાવ જીવ છે ઘણાં નથી. જેમ જગતના કાર્ય માત્રમાં પુરુષને પ્રધાન કારણ માનનાર વાદી કહે છે :- 'એક માત્ર પુરુષ (બ્રહ્મ=ઈશ્વર) જ સર્વ વસ્તુમય છે.' અર્થાત્ એક પુરુષ સિવાય અન્ય સર્વ મિથ્યા છે. આ મતનું નિરાકરણ કરવા માટે બહુવચન કર્યુ છે. અર્થાત્ જીવ એક નથી પણ ઘણા છે તે જણાવવા બહુવચન છે. **भावतः**નો '**तस्**' પ્રત્યય તૃતીયા વિભક્તિનો સૂચક છે તેનો અર્થ આ મુજબ સમજવો :- ભાવ સાથે વર્તે છે તે 'ભાવજીવ' કહેવાય. <u>પ્રશ્ન</u> :- તે ભાવો ક્યા છે કે જેઓ જીવ સાથે વર્તે છે ? <u>ઉત્તર</u> :- તે ભાવો **औपशमिकादि** પદોથી દર્શાવે છે.

१. 'वनान्तप्र' खं.भा। २. "अत्र "पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यं उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति यदेजति यन्नैजति यद्दूरे यदु अन्तिके यदन्तरस्य सर्वस्य यदुसर्वस्यास्य बाह्यत" इत्यादि ग्राह्यम्, एतच्च ब्रह्मवादिमतम्।" ३. सहवर्त्त मु.(पा.सं.मे.)।

तत्रोपशमः पुद्गलानां सम्यक्त्च-चारित्रविघातिनां करणविशेषादनुदयो भस्मपटलाच्छादिताग्निवत्, तेन निर्वृत्तः **औपशमिकः** परिणामोऽध्यवसायः इत्युच्यते तथा ज्ञानादिघातिनां पुद्गलानां य आत्यन्तिकोऽत्ययः स क्षयः तेन निर्वृत्तोऽध्यवसायः क्षायिक उच्यते। तथा ज्ञानादिघातिनां पुद्गलानां क्षयोपशमौ, केचित् [1]क्षपिताः केचिदुपशान्ता इति क्षयोपशमावुच्येते, ताभ्यां निर्वृत्तोऽध्यवसायः **क्षायोपशमिक** इति। ये पुनः पुद्गला गति-कषायादिपरिणामकारिणः तेषामुदयः अनुभूयमानता या स उदयस्तेन निर्वृत्तोऽध्यवसाय **औदयिक** इति। परिणमनं परिणामो जीवत्वाद्याकारेण यद्भवनं स **पारिणामिकः**, [2]स्वार्थ एव प्रत्ययः। एत एव **भावा**=अध्यवसायास्तैर्युक्तः **औपशमिकादिभावयुक्तः**।

यथा कश्चिन्मनुष्यः पञ्चभिरपि संयुक्तो भवति। तत्कथमिति चेत् ? उच्यते- कस्यचित् संयतादेरुपशान्तकोपादिकषायस्य औपशमिकः, तस्यैव क्षपितानन्तानुबन्धिमिथ्यादर्शनादेः क्षायिको भावः, तस्यैव क्षीणो[3]पशान्तमति-श्रुताद्यावरणस्य क्षायोपशमिको भावः, तस्यैव मनुष्यगतिपरिणा-

• હેમગિરા •

**❊ ભાવોના સ્વરૂપ સમજીએ ❊**

**૧. ઔપશમિક ભાવ** :- જેમ આગ રાખથી ઢંકાઈ જાય છે બહાર દેખાતી નથી તેમ કરણ (=અધ્યવસાય) વિશેષથી સમ્યક્ત્વ, ચારિત્રના વિઘાતક કર્મ પુદ્ગલોનો અનુદય કરવો, ઉદયમાં આવવા ન દેવા તે ઉપશમ. અને આ કર્મોના ઉપશમથી થયેલ ઔપશમિક પરિણામ રૂપ અધ્યવસાય તે ઔપશમિક ભાવ.

**૨. ક્ષાયિક ભાવ** :- જ્ઞાનાદિ ગુણોના ઘાતક એવા કર્મ-પુદ્ગલોનો આત્યંતિક નાશ તે ક્ષય કહેવાય. આ ક્ષયથી બનેલા અધ્યવસાયો, તે ક્ષાયિક ભાવ.

**૩. ક્ષાયોપશમિક ભાવ** :- જ્ઞાનાદિ ગુણ-ઘાતક કર્મ-પુદ્ગલોમાંથી કેટલાક(ઉદિતકર્મ)નો ક્ષય અને કેટલાક(સતાગત)નો ઉપશમ. આવા ક્ષય અને ઉપશમથી થતો અધ્યવસાય તે ક્ષાયોપશમિક ભાવ.

**૪.) ઔદાયિક ભાવ** :- મનુષ્યાદિ ગતિ, કષાયાદિ પરિણામોને કરનાર જે કર્મ પુદ્ગલો છે તેને અનુભવવા રૂપ જે ઉદય, એ ઉદયથી બનેલો જે અધ્યવસાય તે ઔદાયિક ભાવ.

**૫.) પારિણામિક ભાવ** :- પરિણમવું તે પરિણામ. જીવત્વાદિ આકાર રૂપે જે 'સત્તા' તે પારિણામિક ભાવ. જેમ બાલને લાગતો 'ક' (બાલક) બાલ-અર્થને જ કહે છે. તેમ અહીં પારિણામિક ભાવમાં '**इक**' પ્રત્યય 'સ્વાર્થ'માં જ જણાવો. અર્થાત્ પરિણામ એ જ પારિણામિક.

આ જ ઔપશમિકાદિ ભાવોથી યુક્ત જે જીવ તે ભાવ જીવ છે. કોઈ જીવ (મનુષ્ય) પાંચે ભાવોથી સંયુક્ત હોય છે. <u>પ્રશ્ન</u> :- કઈ રીતે ? <u>ઉત્તર</u> :- તે આ પ્રમાણે :- ઉપશાંત થયા છે ક્રોધાદિ કષાય જેના એવા સંયમી આદિ તે ઔપશમિક ભાવવાળા કહેવાય છે. આ જ સંયમી આદિ જ્યારે અનંતાનુબંધી, મિથ્યાદર્શન આદિનો ક્ષય કરે ત્યારે તે ક્ષાયિક ભાવવાળા કહેવાય છે. ઉદયમાં આવતાં મતિશ્રુત આદિના આવરક કર્મોનો ક્ષય અને સત્તામાં રહેલા કર્મોનો ઉપશાંત

१. क्षीणाः केचि॰ खं,भा,सं.। २. अत्र परिणामेन निर्वृत्त पारिणामिक इति शब्दव्युत्पत्तिः न कार्या किन्तु परिणाम एव पारिणामिकः । ३. क्षयोप॰ पा.A।

**भाष्य– एवमजीवादिषु[1] सर्वेष्वनुगन्तव्यम्।**

मका[2]रिपुद्गलोदये औदयिको भावः, तस्यैव जीवत्व-भव्यत्वादिपरिणामः पारिणामिक इति, एवं देवादीनां यथासम्भवं बोध्याः[3]। **उपयोगलक्षणा** इति साकारानाकारसंविल्लक्षणा इत्यर्थः। ते च नैकरूपाः, किन्तु **संसारिण** इत्यादि। संसारश्चतुर्विध उक्तः (१-३) स येषामस्ति संसारिणो-मनुष्यादयः। **मुक्तास्तु** ज्ञानावरणादिकर्मभिः समस्तैर्मुक्ता एकसमयसिद्धादयः। **च**शब्दात् सप्रभेदा **द्विधा वक्ष्यन्ते** द्वितीयेऽध्याये (२-१०)।।

**एवं** जीवपदार्थे नामादिन्यासमुपदर्श्य एकत्र दर्शितोऽन्यत्र सुज्ञान एव भवतीत्यतिदिशति-**एवमजीवादिष्वित्यादि**। **अजीवादिषु** इति चोक्तेऽपि पुनः **सर्वेषु** इत्यभिदधद् व्याप्तिं नामादिन्यासस्य दर्शयति, **अनुगन्तव्यं**=नामादिचतुष्टयं दर्शनीयमित्यर्थः। अजीव इति नाम यस्य चेतनस्याचेतनस्य

• હેમગિરા •

ભાષ્યાર્થ :- આ પ્રમાણે અજીવાદિ સર્વ તત્ત્વ અંગે પણ નિક્ષેપો જાણવા....

જેનો થઈ રહ્યો છે તે સંયમી 'ક્ષાયોપશમિક' ભાવવાળા કહેવાય. આ જીવને મનુષ્યગતિ આદિ પરિણામ (પર્યાય)ને કરનાર (નામકર્માદિ) પુદ્ગલના ઉદયમાં ઔદયિકભાવવાળો સમજવો. તથા આ જીવ જીવત્વ, ભવ્યત્વ, આદિ પરિણામયુક્ત હોવાથી પારિણામિક ભાવવાળો કહેવાય. આ રીતે દેવાદિમાં પણ યથાસંભવ ભાવો સમજી લેવા.

**❋ ભાવજીવને પીછાણીએ ❋**

આ 'ભાવજીવો' ઉપયોગ લક્ષણવાળા હોય છે. અર્થાત્ સાકારોપયોગ અને અનાકારોપયોગ રૂપ જ્ઞાન લક્ષણવાળા ભાવ જીવો છે. આ જીવ એક ભેદ રૂપ નથી પણ મુક્ત અને સંસારી એમ બે ભેદવાળો છે. ગતિની અપેક્ષાએ સંસાર ચાર પ્રકારે છે. આ ચાર પ્રકારનો સંસાર છે જેઓનો તે મનુષ્યાદિ સંસારી કહેવાય. જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોથી મુક્ત જીવો 'મુક્ત' કહેવાય. જે એક [4]સમય સિદ્ધ આદિ સમજવા. ભાષ્યમાં **संसारिणो मुक्ताश्च** પંક્તિમાં લખેલ **'च'** શબ્દ એ પ્રભેદ સાથે જીવને બે પ્રકારે **સૂત્ર ૨/૧૦માં** કહેવાશે તેનો સૂચક છે. આ પ્રમાણે એક જીવ પદાર્થમાં નામાદિ ચારે નિક્ષેપોને દર્શાવીને આ પદ્ધતિથી બીજા પદાર્થોમાં પણ સુગમતા પૂર્વક આ ચારે નિક્ષેપો સમજી લેવા - આ ભલામણ કરતા વાચકશ્રીએ **'एवमजीवादिषु'** પદનિર્દેશ કર્યો છે. તથા **'अजीवादिषु'** કહીને ફરી **'सर्वेषु अवगन्तव्यं'** એમ કહેવા દ્વારા સર્વ પદાર્થોમાં નામાદિ નિક્ષેપની વ્યાપ્તિ દેખાડી છે. અર્થાત્ જીવાદિ જે જે પદાર્થ છે. તે સર્વને વિશે નામાદિ નિક્ષેપ ચતુષ્ટયને દર્શાવવા.

१. 'दिष्वपि रा। २. 'मकादिपु' पाઠ.मै.। ३. वाच्याः खं.भां.पा.। ४. સિદ્ધિગમક આત્માઓમાં સમયની અપેક્ષાએ ભેદ પડે છે. જેમ કે એક સમયમાં ઉત્કૃષ્ટથી ૧૦૮ સિદ્ધ થાય, સળંગ બે સમય સુધી ઉત્કૃષ્ટથી ૧૦૨-૧૦૨ સિદ્ધ થાય. યાવત્ ૮ સમય સુધી આ પ્રમાણે સંખ્યા ભેદ થાય છે.

वा क्रियते स नामाजीवः। स्थापनाजीवः काष्ठादिन्यस्तः। द्रव्याजीवो गुणादिवियुतो बुद्धिस्थापितः। भावाजीवो धर्मादिर्गत्याद्युपग्रहकारीति। नामास्रवो यस्यास्रव इति नाम कृतं स नामास्रवः, स्थापनास्रवः काष्ठादिरचितः, द्रव्यास्रवस्तु आत्मसमवेताः पुद्गला अनुदिता रागादिपरिणामेन, भावाश्रवास्तु त एवोदिताः द्रव्यबन्धो निगडादिः भावबन्धः प्रकृत्यादिः।

द्रव्यसंवरोऽपिधानं[1], भावसंवरो गुप्त्यादिपरिणामापन्नो जीवः। द्रव्यनिर्जरा मोक्षाधिकारशून्या व्रीह्यादीनां, भावनिर्जरा कर्मपरिशाटः सम्यग्ज्ञानाद्युपदेशानुष्ठानपूर्वकः। द्रव्यमोक्षो निगडादिविप्रयोगः, भावमोक्षः समस्तकर्मक्षयलाञ्छनः। तथा द्रव्यसम्यग्दर्शनं ये मिथ्यादर्शनपुद्गला भव्यस्य सम्यग्दर्शनतया शुद्धिं प्रतिपत्स्यन्ते तद् द्रव्यसम्यग्दर्शनं, एत[2] एव विशुद्धा आत्मपरिणामापन्ना भावसम्यग्दर्शनं तथा

• હેમગિરા •

### ❋ બધા તત્ત્વોમાં નિક્ષેપા ઘટાડીએ ❋

ટીકાકાર શ્રી સ્વયં અજીવમાં નામાદિ ચાર દ્વારનો ન્યાસ કરે છે. તે આ પ્રમાણે :- **નામ અજીવ** :- ચેતન કે અચેતન વસ્તુનું નામ 'અજીવ' રાખવું તે. **સ્થાપના અજીવ** → કાષ્ઠાદિમાં અજીવને સ્થાપવું તે. **દ્રવ્ય અજીવ** :- ગુણાદિથી રહિત બુદ્ધિથી કલ્પાયેલ અચેતન દ્રવ્ય તે. **ભાવ અજીવ** :- ધર્માસ્તિકાયાદિ-જે ગતિ આદિમાં સહાયક છે તે. **નામ આશ્રવ** :- કોઈનું નામ 'આશ્રવ' રાખવું તે. **સ્થાપના આશ્રવ** :- કાષ્ટ આદિમાં 'આશ્રવ' પદની સ્થાપના તે (સ્વાગતમ્, ભલે પધાર્યા ઈત્યાદિ શબ્દોના બોર્ડ આદિ). **દ્રવ્ય આશ્રવ** :- રાગાદિના પરિણામ તરીકે ઉદય નથી પામેલા એવા આત્મા સાથે જોડાયેલ કર્મપુદ્ગલો. **ભાવાશ્રવ** :- ઉપરોક્ત અનુદિત પુદ્ગલો જ જ્યારે ઉદયને પામે ત્યારે 'ભાવાશ્રવ' બને છે. આ રીતે બંધ વગેરે તત્ત્વમાં પણ જાણવું. પણ નામ અને સ્થાપના અતિ સુગમ હોવાથી તેને છોડીને સીધા દ્રવ્ય અને ભાવ નિક્ષેપા દેખાડે છે.

**દ્રવ્ય બંધ** :- બેડી, સાંકળ આદિ, **ભાવ બંધ** :- કર્મની પ્રકૃતિ, સ્થિતિ આદિનો બંધ. **દ્રવ્ય સંવર** :- ઢાંકણ આદિ, **ભાવ સંવર** :- મનોગુપ્તિ આદિ પરિણામોથી યુક્ત જીવ. **દ્રવ્ય નિર્જરા** :- ડાંગર આદિનું પરિશાટન (છોતરા કાઢવા આદિ) આ પ્રવૃત્તિમાં મોક્ષનો અધિકાર નથી તેથી આવું પરિશાટન તે દ્રવ્ય નિર્જરા. **ભાવ નિર્જરા** :- સમ્યગ્ જ્ઞાનાદિનાં ઉપદેશ (બોધ) અને અનુષ્ઠાન (ચારિત્ર) પૂર્વક થતું કર્મનું પરિશાટન (વિનાશ) તે. **દ્રવ્ય મોક્ષ** :- બેડી, સાંકળાદિનો વિયોગ. **ભાવ મોક્ષ** :- સમગ્ર કર્મના ક્ષય સ્વરૂપ.

### ❋ રત્નત્રયીને નિક્ષેપા વડે જાણીએ ❋

**દ્રવ્ય સમ્યગ્દર્શન** :- મિથ્યાદર્શનના જે પુદ્ગલો ભવ્ય જીવમાં સમ્યગ્દર્શન તરીકે શુદ્ધિને

१. 'पिधानं पा.। २. त एव खं.भां.।

**भाष्य- पर्यायान्तरेणापि नामद्रव्यं, स्थापनाद्रव्यं, द्रव्यद्रव्यं, भावतो द्रव्यमिति।**

द्रव्यज्ञानमनुपयुक्ततावस्था, भावज्ञानमुपयोगपरिणतिविशेषावस्था। द्रव्यचारित्रमभव्यस्य भव्यस्य वाऽनुपयुक्तस्य, उपयुक्तस्य क्रियानुष्ठानमागमपूर्वकं भावचारित्रमिति।।

येऽपि येषां जीवादीनां सामान्यशब्दास्तेष्वप्यस्य नामादिचतुष्टयस्यावतार इति कथयन्नाह- **पर्यायान्तरेणापी**त्यादि। प्रधानशब्दस्य तदर्थशब्दान्तराणि पर्यायः, पर्यायादन्यः पर्यायः पर्यायान्तरं, तेनाप्यस्य चतुष्टयस्य न्यासः कार्यः, तदाह नामद्रव्यं इत्यादि। एतद् भाष्यं नामादिजीवव्याख्यानेन भावितमेव यावत् **केचिदप्याहुरि**ति। तथाप्यशून्यार्थमुच्यते– **नामद्रव्यं** = यस्य चेतनावतोऽचेतनस्य वा द्रव्यमिति नाम क्रियते, यत् पुनः स्थाप्यते काष्टादिषु तत् **स्थापनाद्रव्यं** = विशिष्टाकारमिति।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- બીજી રીતે પર્યાયાંતર શબ્દ સાથે પણ નામાદિનું ન્યાસ થઈ શકે છે. તે આ મુજબ (૧) નામ દ્રવ્ય, (૨) સ્થાપના દ્રવ્ય, (૩) દ્રવ્ય દ્રવ્ય, (૪) ભાવ દ્રવ્ય.**

---

પામવાના છે તે પુદ્ગલો દ્રવ્ય સમ્યગ્દર્શન કહેવાય. અને **ભાવ સમ્યગ્ દર્શન** :- એ જ પુદ્ગલો જ્યારે વિશુદ્ધ થઈને આત્મપરિણામરૂપ થાય છે ત્યારે ભાવ સમ્યગ્દર્શન કહેવાય છે. **દ્રવ્ય જ્ઞાન** :- જીવની અનુપયુક્ત અવસ્થા (અમુક ઘટ આદિ વિષયની અપેક્ષાએ આ અનુપયુક્તાવસ્થા જાણવી, બાકી ઉપયોગ દશા એ તો જીવનું લક્ષણ છે) **ભાવ જ્ઞાન** :- ઉપયોગથી પરિણત જીવની વિશેષ અવસ્થા. (તે તે ઘટાદિ જ્ઞાનોમાં, શાસ્ત્રોમાં વર્તતો ઉપયોગ 'ભાવજ્ઞાન' રૂપ છે.) **દ્રવ્ય ચારિત્ર** :- અભવ્યનું ચારિત્ર અથવા અનુપયુક્ત ભવ્યનું ચારિત્ર. **ભાવ ચારિત્ર** :- ઉપયુક્ત જીવની આગમ નિર્દિષ્ટ ક્રિયા, અનુષ્ઠાન.

આ જ પ્રમાણે જે જીવ આદિ અંગેના સામાન્ય (દ્રવ્ય, તત્ત્વાદિ) શબ્દો છે તેઓમાં પણ નામાદિ ચાર નિક્ષેપોનું અવતરણ કરવું. એને જ જણાવતાં '**पर्यायान्तरेणापि**' ઈત્યાદિ પદો કહે છે. અર્થ આ પ્રમાણે → પ્રધાન શબ્દ (જીવાદિના) અર્થને જે કહેનાર બીજા શબ્દો (આત્માદિ) તે પર્યાય કહેવાય. આ પર્યાય થકી અન્ય પર્યાયને પર્યાયાંતર કહેવાય. પર્યાયાંતર એવા દ્રવ્યાદિ શબ્દોમાં પણ નામ આદિ ચતુષ્ટયનો નિક્ષેપ કરવો. તેને જણાવતા ભાષ્યમાં नामद्रव्य... ઈત્યાદિ પદો છે.

### ❋ નિક્ષેપાઓથી દ્રવ્યને ઓળખીએ ❋

આમ તો નામ જીવ સ્થાપના જીવ વગેરે વ્યાખ્યા કરેલી હોવાથી ભાષ્યમાં રહેલ "**नामद्रव्य**" પદથી માંડી "**केचिदप्याहुः**" સુધીની પંક્તિનો અર્થ સ્પષ્ટ (=ભાવિત) જ છે છતાં નામાદિનું સ્થાન (વિવેચન) શૂન્ય ન રહી જાય તે માટે ટૂંકમાં કાંઈક કહે છે. **નામ દ્રવ્ય** :- ચેતન કે અચેતન પદાર્થનું 'દ્રવ્ય' એવું નામ તે. **સ્થાપના દ્રવ્ય** :- આ જ 'દ્રવ્ય'ની કાષ્ટાદિમાં સ્થાપના તે. **દ્રવ્ય દ્રવ્ય** :- આ બન્ને દ્રવ્ય શબ્દોથી અહીં ગુણાદિનું નિષ્કાશન (ગુણાદિની બાદબાકી) કરી દ્રવ્યમાત્રને

**भाष्य-** यस्य [१]जीवास्याजीवस्य वा नाम क्रियते द्रव्यमिति तन्नामद्रव्यम्। यत् काष्ठपुस्त-चित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते द्रव्यमिति तत् स्थापनाद्रव्यम्, देवताप्रतिकृतिवदिन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति। द्रव्यद्रव्यं नाम [२]गुणपर्यायवियुक्तं प्रज्ञास्थापितं धर्मादीनामन्यतमत्। केचिदप्याहुः यद् द्रव्यतो द्रव्यं भवति तच्च पुद्गलद्रव्यमेवेति प्रत्येतव्यम्।

**द्रव्यद्रव्यमिति** = [३]उभाभ्यां द्रव्यशब्दाभ्यां गुणादिभ्यो निष्कृष्य द्रव्यमात्रे स्थाप्यते। एतदेवाह— **गुण-पर्यायवियुक्तं** इत्यादिना, तैर्विरहितं, न च परमार्थतः शक्यन्ते तेऽपनेतुं, तत्स्वभावत्वाद्, अतः **प्रज्ञास्थापितमि**त्याहः। तच्चान्यस्याभावात् षष्ठस्य **प्रसिद्धमेव** तदेव कथयति— **धर्मादीनामन्यतमत्** इति। यद्यदेवं विवक्षितुं इष्यते तत् तदेषां मध्ये ग्राह्यं नात्र नियम इत्येतत् कथयति शून्यो**ऽयं विकल्प** इति। पूर्ववत् प्रयोगतो भावना कार्या, एष तावत् तृतीयविकल्पे ग्रन्थकाराभिप्रायः।

अपरे तु कथयन्ति विकल्पं तृतीयमन्यथा, तदाह- **केचिदप्याहुः** इत्यादि। **केचित्** पुनर्ब्रुवते

*• હેમગિરા •*

**<u>ભાષ્યાર્થ</u> :- (૧) નામ દ્રવ્ય :- જીવનું કે અજીવનું 'દ્રવ્ય' એવું નામ પાડવામાં આવે તે. (૨) સ્થાપના દ્રવ્ય :- કાષ્ઠ, પુતળી, ચિત્રકામ કે અક્ષનિક્ષેપાદિમાં 'દ્રવ્ય'ની સ્થાપના કરવી તે. જેમ કે ઈન્દ્ર, રૂદ્ર, સ્કન્દ, વિષ્ણુ વગેરે દેવતાની પ્રતિકૃતિ. (૩) દ્રવ્ય દ્રવ્ય :- બુદ્ધિથી કલ્પિત ગુણપર્યાય રહિત ધર્માસ્તિકાય વગેરેમાંનું કોઈ એક દ્રવ્ય તે. કેટલાક કહે છે કે જે દ્રવ્યથી દ્રવ્ય જે (દ્રવ્ય) બને છે તે પુદ્ગલ દ્રવ્ય જ હોય તેમ જાણવું. અર્થાત્ દ્રવ્ય દ્રવ્ય = પુદ્ગલ દ્રવ્ય.**

વિશે તેની વિવક્ષા કરવી તે. આને સ્પષ્ટ કરતાં કહે છે - ગુણ પર્યાયથી વિયુક્ત દ્રવ્ય તે દ્રવ્ય-દ્રવ્ય. જો કે પૂર્વે કહ્યા મુજબ પરમાર્થથી તો ગુણોનું અપનયન શક્ય નથી કારણ કે દ્રવ્યનો તેવો (ગુણ પર્યાયયુક્ત હોવું તે) સ્વભાવ જ છે. આથી 'દ્રવ્યદ્રવ્ય' એટલે દ્રવ્યને ગુણાદિથી રહિત કરી 'દ્રવ્ય' માત્રનું ગ્રહણ કરવું. પ્રજ્ઞામાં સ્થાપના (=કલ્પના) કરી આ વિકલ્પ સમજવો. આ પ્રજ્ઞાસ્થાપિત ગુણ પર્યાય વિયુક્ત દ્રવ્યો ધર્માસ્તિકાયાદિ પાંચ જ પ્રસિદ્ધ છે. છઠ્ઠું કોઈ નથી. તેથી ગુણપર્યાયવિયુક્ત દ્રવ્યદ્રવ્ય તરીકે જેની જેની (ધર્માસ્તિકાય આદિની) વિવક્ષા કરવી ઈષ્ટ હોય તે તે દ્રવ્ય આ પંચાસ્તિકાયમાંથી ગ્રહણ કરવા, પરંતુ આ દ્રવ્ય-દ્રવ્ય વિકલ્પ કલ્પના માત્ર છે, તેથી આ વિકલ્પ ગ્રહણ કરવો જ એવો એકાંત નિયમ નથી. એથી ભાષ્યમાં કહેલ '**शून्योऽयं विकल्प**'ને આ દ્રવ્ય દ્રવ્ય અંગે પણ સમજી લેવો. આ અભિપ્રાય ગ્રંથકારશ્રીનો ત્રીજા વિકલ્પ (દ્રવ્યનિક્ષેપ) વિશે છે. પરંતુ બીજા કેટલાક આ ત્રીજા વિકલ્પને બીજી રીતે વર્ણવે છે. તેને હવે કહેવાય છે.

### ❊ કેટલાકના મતે દ્રવ્યદ્રવ્યની ઓળખ ❊

કેટલાક અણુ આદિ દ્રવ્યમાંથી જે દ્રવ્યનું નિર્માણ થાય છે તે પુદ્ગલ દ્રવ્ય છે. એ પ્રમાણે

१. जीवस्य वा अजी° को.। २. सर्वगुण° खं.भां.। ३. उभाभ्यां गुणादि° राA।

**भाष्य- अणवः स्कन्धाश्च, सङ्घातभेदेभ्य उत्पद्यन्त इति वक्ष्यामः (५-२५,२६)**

**यदित्यणुकादि द्रव्यतो द्रव्यं** इति, तृतीयार्थे पञ्चम्यर्थे वा तसिरूत्पाद्यः, द्रव्यैः सम्भूय यत् क्रियते, यथा बहुभिः परमाणुभिः सम्भूय स्कन्धस्त्रिप्रदेशिकादिरारभ्यते तद् द्रव्यद्रव्यम्। अथवा यद् द्रव्यात् तस्मादेव स्कन्धात् त्रिप्रदेशिकादेर्यदैकः[1] परमाणुः पृथग्भूतो भवति तदा तस्माद् भिद्यमानात् त्रिप्रदेशिकात् स्कन्धात् परमाणुश्च निष्पद्यते द्विप्रदेशिकश्च स्कन्ध इति, स परमाणुरपि द्रव्यद्रव्यं द्विप्रदेशिकोऽपि द्रव्यद्रव्यं भवतीति।

तच्चैतद् द्रव्यद्रव्यं **पुद्गलमेव** भवती**ति प्रत्येतव्यम्**। नहि जीवादिद्रव्यमन्यैः सम्भूयारभ्यते, न चान्यस्मात् भिद्यमानात् तन्निष्पद्यत इति, परमाणवस्तु सम्भूयान्यदारभन्ते ततश्च निष्पद्यन्त इति, यतः पञ्चमेऽध्यायेऽभिधास्यते **अणवः स्कन्धाः** (५-२५) इत्यादि, **अणवः** = परमाणवः, **स्कन्धाः** = द्विप्रदेशिकादयः, सङ्घातात् स्कन्धा भेदादणवो निष्पद्यन्त इति।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- અણુઓ અને સ્કંધો સંઘાત તથા ભેદથી ઉત્પન્ન થાય છે એ વાત (અ..૫,સૂ. ૨૫/૨૬) સૂત્રમાં કહીશું.**

કહે છે. આ વાતને **यद् द्रव्यतोद्रव्यं** પદથી સ્પષ્ટ કરે છે તે આ મુજબ :- '**यद्**' પદથી અણુ આદિનુ ગ્રહણ કરવું. દ્રવ્ય શબ્દને લાગેલો '**तस्**' પ્રત્યય તૃતીયા અથવા પંચમીના અર્થમાં સમજવો. અર્થાત્ ઘણા દ્રવ્યો ભેગા થઈ જે દ્રવ્યનું નિર્માણ કરે તે 'દ્રવ્ય દ્રવ્ય.' જેમ કે ઘણાં પરમાણુઓ ભેગા થઈ ત્રિપ્રદેશિક સ્કંધ આદિ (દ્રવ્ય)નો આરંભ કરે છે તે દ્રવ્ય-દ્રવ્ય છે. અથવા ત્રિપ્રદેશિકાદિ સ્કંધ રૂપ દ્રવ્યમાંથી જ્યારે જે એક પરમાણુ છુટો થાય, ત્યારે તે ભેદાતાં ત્રિપ્રદેશિક સ્કંધમાંથી પરમાણુ અને દ્વિપ્રદેશિક સ્કંધ નિષ્પન્ન થાય છે. તે પરમાણુ પણ દ્રવ્યદ્રવ્ય કહેવાય અને દ્વિપ્રદેશિક પણ દ્રવ્ય દ્રવ્ય કહેવાય છે.

આ માન્યતાવાળાનુ એમ કહેવું છે કે આ દ્રવ્ય-દ્રવ્યનો વિકલ્પ 'પુદ્ગલ દ્રવ્યમાં જ ઘટે' ચેતન-દ્રવ્યમાં નહીં ઘટે કારણ કે જીવાદિ દ્રવ્ય અન્ય પ્રદેશોના ભેગા થવાથી ક્યારેય નિષ્પન્ન થતાં નથી, અથવા અન્ય પ્રદેશો છૂટા પડવાથી પણ બનતાં નથી, પરંતુ પુદ્ગલ-પરમાણુઓ જ ભેગા થઈ અન્ય દ્વિપ્રદેશ આદિનો આરંભ કરે અને એનાથી છૂટા પડે ત્યારે ફરી પરમાણુ તરીકે નિષ્પન્ન થાય છે. આ અમારી વાત વાસ્તવિક છે કારણ કે આ વાત **अणवः स्कन्धाः** (અ.પ.સૂ.૨૫)માં કહેવામાં આવશે. અર્થ આ મુજબ → **अणवः** - પરમાણુઓ, **स्कन्धाः** - દ્વિપ્રદેશિક વગેરે. પરમાણુના સંઘાત (જોડાણ)થી સ્કન્ધો બને અને સ્કંધના ભેદ (વિભાગ)થી અણુઓ બને છે. આ પ્રમાણે 'દ્રવ્ય દ્રવ્ય' અંગેનો અન્ય પક્ષ પૂરો થયો. હવે ભાવ દ્રવ્યને જણાવે છે.

१. 'र्यदेकः पा.।

**भाष्य– भावतो-द्रव्याणि धर्मादीनि सगुणपर्यायाणि* प्राप्तिलक्षणानि वक्ष्यन्ते (५-३७)।**

भावद्रव्यमिति चैकं विन्यस्य **भावतो** [1]**द्रव्याणि** बहून्युपक्षिपतोऽयमभिप्रायः– अन्याभिमतं यदेकं विश्वस्य जगतः कारणं **ब्रह्मादि** तदपास्यते, बहून्येतानि स्वत एव सत्तां दधतीति प्रतिपादयति, कानि च तानि ? **धर्मादीनि** पञ्च, **सगुणपर्यायाणि** इति, गत्याद्यगुरुलघुप्रभृतिपर्यायभाञ्जीति, **एतत् स्याद्** यद्येन धर्मेण समन्वितं तं धर्मं न कदाचित् तद् जहाति तेन सदान्वितमास्ते इति, **एतच्च न, प्राप्तिलक्षणानि**=परिणामलक्षणानीतियावत्, अन्यानन्यांश्च धर्मान् प्रतिपद्यन्त इति, जीवास्तावद् देवमनुजादीन् पुद्गलाः कृष्णादीन् धर्मादयः पुनस्त्रयः परतोऽन्यानन्यांश्च प्राप्नुवन्ति, यतोऽन्यस्मिन् गच्छति तिष्ठति अवगाहमाने वा जीवे पुद्गले वा गमनादिपरिणामस्तेषामुपचर्यते, अतो हि प्राप्तिलक्षणानि

● હેમગિરા ●

<u>ભાષ્યાર્થ</u> :- (૪) ભાવ દ્રવ્ય :- **પ્રાપ્તિ લક્ષણવાળા ગુણપર્યાય સહિત ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો તે ભાવથી દ્રવ્ય છે. અ. ૫./સૂ. ૩૭માં આ ધર્માદિ દ્રવ્યો કહેવાશે.**

## ❋ જગત-સૃષ્ટિમાં બ્રહ્મા કારણ નથી ❋

ભાષ્યમાં '**भावतो द्रव्यम्**' આમ પહેલા એકવચનનું વિધાન કરીને અત્યારે '**भावतो द्रव्याणि**' બહુવચનનું વિધાન કરવા પાછળ અમારો આ મુજબનો અભિપ્રાય છે કે →

અન્ય મતકારે માનેલ જગતનું એક માત્ર કારણ બ્રહ્મા (ઈશ્વર) આદિ છે, તેનું ખંડન આ બહુવચનથી થઈ જાય છે. જગતના ઘણાં ખરા એવા દ્રવ્યો છે કે જે પોતાની મેળે જ સત્તા (અસ્તિત્ત્વ)ને ધારણ કરે છે. તે કયા દ્રવ્યો છે કે જે સ્વતઃ અસ્તિત્ત્વવાળા છે. તેના જવાબમાં કહે છે :- ધર્માસ્તિકાય આદિ પાંચ ગુણ-પર્યાય સહિત જ હોય છે. તેમાં ધર્માસ્તિકાય એ ગતિ, અધર્માસ્તિકાય એ અગતિ તેમજ આકાશાસ્તિકાય એ અવકાશમાં સહાયક હોવાથી ગત્યાદિ પર્યાયવાળા કહેવાય અને પુદ્ગલ એ શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગન્ધ પર્યાયઆત્મક અને જીવાત્મા એ અગુરૂલઘુ પર્યાય આત્મક છે.

## ❋ પ્રાપ્તિલક્ષણ વિશેષણનું નિરૂપણ ❋

<u>પૂર્વપક્ષ</u> :- માની લીધું કે ધર્માસ્તિકાયાદિ વસ્તુ સ્વતઃ સત્તાવાળી છે, ઈશ્વરકૃત નથી પણ જે વસ્તુ જે ધર્મ સાથે યુક્ત હોય તે વસ્તુ તે ધર્મને ક્યારે પણ છોડતી નથી પણ હંમેશાં તેની સાથે યુક્ત જ હોય તેવું તો કહી શકાય ને ?

<u>ઉત્તર પક્ષ</u> :- ના, તેવું ન કહી શકાય. એ જણાવવા જ ભાષ્યમાં '**प्राप्तिलक्षणानि**' વિશેષણ મૂકીને એ વાત સ્પષ્ટ કરી છે કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો બીજા-બીજા (પર્યાય) ધર્મોને પામનારા છે. દા.ત. :- જીવો એ દેવ, મનુષ્ય વગેરે પર્યાયને, પુદ્ગલો એ કૃષ્ણાદિ પર્યાયને પામે છે.

१. कानिचित् तानि रा.B। *. જુઓ પરિશિષ્ટ-૪, ટિ.-૧૫. T. परि.५ टि.१६।

**भाष्य– आगमतश्च प्राभृतज्ञो[*] द्रव्यमिति भव्यमाह। द्रव्यं च भव्ये। भव्यमिति प्राप्यमाह।**

वक्ष्यन्ते अथवा भावद्रव्यमिति द्रव्यार्थ उपयुक्तो जीवो भावद्रव्यमुच्यते एतद् वा कथयत्यनेन भाष्येण आगमतश्चेत्यादिना, अथवा प्राप्तिलक्षणानीति यदुक्तं सा न स्वमनीषिका, यत आगमे आप्त एवमुपदिदेश प्राप्तिलक्षणान्येतानि कथमिति चेत् ? तदाह **आगमतश्चे**त्यादि।

तसिः सप्तम्यर्थे, **आगमत** आगमे, पूर्वाख्ये कथ्यमाने, **प्राभृतज्ञ** इति, शब्दप्राभृतं, तच्च पूर्वेऽस्ति, यत इदं व्याकरणमायातं, [1]तत् शब्दप्राभृतं यो जानाति स प्राभृतज्ञो गुरुरेवं ब्रवीति[2]

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **વળી આગમથી શબ્દ પ્રાભૃતના જ્ઞાતા દ્રવ્યને ભાવદ્રવ્ય કહે છે. દ્રવ્ય એટલે ભવ્ય, 'દ્રવ્ય' એ ભવ્ય અર્થમાં નિપાત છે. ભવ્ય (પ્રાપ્ત કરવાને યોગ્ય) પ્રાપ્યના અર્થમાં છે.**

વળી ધર્માસ્તિકયાદિ ત્રણ પણ તે તે વસ્તુને આશ્રયીને જુદા જુદા પર્યાયોને પામે છે. કારણ કે અન્ય જીવ કે પુદ્ગલનુ (ધર્માસ્તિકાયાદિની સહાયથી) તે ગમન, સ્થિતિ કે અવગાહન થયે છતે તે ગતિ આદિ પર્યાયનો ઉપચાર ધર્માસ્તિકાયાદિમાં કરાય છે. અને આ રીતે ધર્માદિ દ્રવ્યોમાં પણ પરની અપેક્ષાએ જુદા જુદા પર્યાયો ઘટે છે. તેથી જ (અનેક પર્યાયોને પ્રાપ્ત કરનારા હોવાથી આ ભાવદ્રવ્યો 'પ્રાપ્તિલક્ષણ'વાળા કહેવાય છે જેનો વિસ્તાર આગળ કરવાના છે. અથવા આગમને આશ્રયી ભાવદ્રવ્યની બીજી વ્યાખ્યા "**आगमतश्च**" ઇત્યાદિથી જણાવે છે :- તે તે દ્રવ્યના અર્થમાં ઉપયુક્ત જીવને 'ભાવદ્રવ્ય' કહેવાય. અથવા 'પ્રાપ્તિલક્ષણ' રૂપ ઉપર કહેલ ભાવદ્રવ્યની વ્યાખ્યા એ કોઈ સ્વબુદ્ધિથી કરવામાં નથી આવી કારણ કે આગમમાં આપ્ત પુરુષોએ ભાવદ્રવ્યની '**प्राप्तिलक्षणानि**' એવી વ્યાખ્યા જણાવી છે. કઈ રીતે ? એમ કોઈ પૂછે તો તેનો જવાબ ભાષ્યકાર '**आगमतश्च**' ઈત્યાદિ પદોથી કહે છે.

### ❊ પ્રાભૃતજ્ઞને પીછાણીએ ❊

આગમ શબ્દને લાગેલો '**तस्**' પ્રત્યય એ સપ્તમી વિભક્તિના અર્થમાં છે. અહીં આગમ[3] શબ્દથી 'પૂર્વ' અભિપ્રેત છે તેથી આગમમાં એટલે 'પૂર્વમાં'. ભાવાર્થ એ કે પૂર્વમાં રહેલ પ્રાભૃતને જાણનાર ગુરુ દ્રવ્યને ભાવદ્રવ્ય કહે છે. અહીં 'પ્રાભૃત' થી 'શબ્દ પ્રાભૃત'નું ગ્રહણ કરવું. જે પ્રાભૃતમાંથી વ્યાકરણ આવેલું છે. તે શબ્દ પ્રાભૃત કહેવાય. આને જાણનાર પ્રાભૃતજ્ઞ છે. આ **શબ્દ પ્રાભૃતને જાણનાર ગુરુ દ્રવ્યને** ભાવદ્રવ્ય છે તેમ કહે છે.

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૧૬. १. ततः शब्द' मु.(राB)। २. "प्राभृतज्ञो व्याकरणोत्पत्तिमूलशब्दप्राभृतनिष्णातो गुरुः, द्रव्यमिति भव्यमाह– द्रव्यमिति भव्यमिति पर्यायशब्देन च व्याचष्टे इत्यर्थः (श्रीयशोविजय उपाध्यायजीकृततत्त्वार्थविवरणे पृष्ठ-११३)"। ३. આગમ એટલે દ્વાદશાંગીરૂપ જિનપ્રવચન, દ્વાદશાંગીનું બારમું અંગ પાંચ વિભાગમાં વિભાજિત છે :- ૧. પરિકર્મ, ૨. સૂત્ર, ૩. પૂર્વ, ૪. અનુયોગ, ૫. ચૂલિકા. આ પૂર્વના મુખ્ય પ્રકરણને 'વસ્તુ' કહેવાય અને વસ્તુઓના પ્રધાન પ્રકરણ તે 'પ્રાભૃત' કહેવાય.

**भाष्य- भू प्राप्तावात्मनेपदी। तदेवं प्राप्यन्ते प्राप्नुवन्ति वा द्रव्याणि।**

**द्रव्यमिति**। अस्यार्थं तीर्थकृत् किमाहेति चेत्, तदुच्यते- **भव्यमाह**। भव्यमिति च न ज्ञायते तत् स्पष्टयति- **द्रव्यं च भव्य** इति। अस्यायमर्थः- द्रव्यमिति निपात्यते भव्यं चेद् भवति। भव्यमिति सन्देहास्पदमेव केषाञ्चिदिति स्पष्टयति[१]– **भव्यमिति च[१] प्राप्यमाह**। प्राप्तव्यं तैः स्वगतैः परिणतिविशेषैर्गत्यादिभिः व्याप्यत इत्यर्थः। अतो न स्वमनीषिका प्राप्तिलक्षणानीत्येषाम्।।

ननु चायं भवतिरकर्मकः सत्ताभिधायी कथं प्राप्यमित्यनेन कर्माभिधायिना कृत्येन भव्यमित्यस्यार्थो विव्रियते ?। **उच्यते**– नैवायं सत्ताभिधायकः, तर्हि ? प्राप्त्यभिधायी चुरादावात्मनेपदी[२], तदाह– **भू प्राप्तावात्मनेपदी**=प्राप्त्यभिधायिना कथ्यते तेन, **तदेवं** इति प्राप्त्यभिधायित्वे सत्ययमर्थो भव्यशब्दस्य,

● *હેમગિરા* ●

<u>ભાષ્યાર્થ</u> :- **કારણ કે 'भू' ધાતુ આત્માનેપદમાં 'પ્રાપ્તિ' અર્થે વપરાય છે. આ પ્રમાણે જે ગુણ પર્યાયાદિથી પ્રાપ્ત કરાય છે તે અથવા ગુણપર્યાયાદિને જે પ્રાપ્ત કરે છે તે દ્રવ્યો.**

### ❈ ભવ્ય પદનો તાત્પર્યાર્થ ❈

આ જ દ્રવ્યંને તીર્થંકરો શું કહે છે ? તે જણાવતાં કહે છે કે દ્રવ્ય એટલે 'ભવ્ય'. ભવ્ય શું છે ? એ નથી જણાતું તેથી કહે છે કે દ્રવ્યનું નિપાતન અર્થ 'ભવ્ય' છે. અર્થાત્ 'દ્રવ્ય' ભવ્યના અર્થમાં નૈપાતિક નામ સમજવાનું છે. ઉપરોક્ત દ્રવ્ય તે ભવ્ય છે એટલું કહેવા છતાં કેટલાકને સંદેહ થાય કે ભવ્ય એટલે શું ? માટે ભવ્ય શબ્દનો અર્થ ખોલતા કહે છે કે ભવ્યનો અર્થ 'પ્રાપ્ય' એ પ્રમાણે સમજવો– પોતામાં રહેલ ગતિ આદિ પરિણામ વિશેષ વડે જે વ્યાપ્ત થાય છે. અર્થાત્ સ્વગત ગતિ આદિ પરિણતિ વિશેષને જે પ્રાપ્ત કરી શકે તે દ્રવ્ય 'ભવ્ય' છે. આમ તીર્થંકરોએ પ્રરૂપેલ છે. તેથી ભાષ્યકાર મહર્ષિ એ ભાવદ્રવ્યનું જે **प्राप्तलक्षणानि** એવું વિશેષણ 'ભાવ દ્રવ્ય' માટે લખ્યું છે તે સ્વ-બુદ્ધિગત વ્યાખ્યા નથી, પણ તીર્થંકર નિર્દિષ્ટ વ્યાખ્યા જ છે તે વાત સ્પષ્ટ થઈ.

<u>શંકા</u> :- સત્તાનો સૂચક એવો આ '**भू**' ધાતુ અકર્મક છે તો પછી માત્ર સકર્મક ધાતુ માટે વપરાતો કર્મઅભિધાયક એવો **कृत्य** (ય) પ્રત્યય લગાડી 'ભવ્ય' પદને **प्राप्य** ='પ્રાપ્તિ' અર્થમાં કઈ રીતે કહી શકાય ?

**<u>સમાધાન</u>** :- '**भू**' ધાતુ 'પ્રાપ્તિ' અર્થને કહેનાર પણ છે. માત્ર સત્તાભિધાયક નથી. '**चुर्**' આદિ ધાતુપાઠ (વ્યાકરણ)માં આત્મનેપદીમાં વપરાતો જે '**भू**' ધાતુ છે. તે 'પ્રાપ્તિ' અર્થમાં થાય છે. તેથી પ્રસ્તુતમાં '**भू**' ધાતુ 'પ્રાપ્તિ' અર્થને આશ્રયી કહેવાયો છે.

આ '**भू**' ધાતુ પરથી બનેલ 'ભવ્ય' શબ્દનો અર્થ કર્મ સાધન અને કર્તા સાધન પક્ષમાં કઈ રીતે સમજવો તે વ્યુત્પત્તિથી જણાવે છે. **કર્મ સાધન પક્ષમાં** :- ધર્માસ્તિકાય આદિમાં જે ધર્મો = પર્યાય પ્રાપ્ત થાય તે પર્યાયો ભવ્ય દ્રવ્ય કહેવાય.

[१]....[१]. एतच्चिह्नितपाठो मु. पुस्तके नास्ति (खं.पा.)। २. °प्यपदी, भू प्राप्तावात्मनेपदी। तदाह प्राप्त्यभि° मु. (भां.ख.)।

**भाष्य– एवं सर्वेषामनादीनामादिमतां च जीवादीनां भावानांऽमोक्षान्तानां तत्त्वाधिगमार्थं न्यासः कार्य इति।।५।।**

कर्मसाधनपक्षे प्राप्यन्ते स्वधर्मे यानि तानि भव्यान्युच्यन्ते, कर्तृसाधनपक्षे तु प्राप्नुवन्ति तान्येव धर्मादीनीति भव्यानि द्रव्याण्युच्यन्ते इति। एतदाह– **प्राप्यन्ते प्राप्नुवन्तीति वा द्रव्याणि**।

सम्प्रति जीवादीनां न्यासं प्रदर्श्य तेषां च पर्यायस्य द्रव्यशब्दस्य अन्येषामप्येवमेव कार्य इत्यतिदिशन्नाह- **एवं सर्वेषामित्यादि**। **एवं**=यथा जीवादीनां द्रव्यशब्दस्य च तथा **सर्वेषां**=गुणक्रिया-दिशब्दानाम्, अनादीनां इति=भव्याभव्यादीनाम् **आदिमतां च**=मनुष्यादीनां पर्यायाणां **जीवादीनां भावानां**=जीवादिभ्योऽनन्यवृत्तीनाम्, **तत्त्वाधिगमार्थ**मिति तत्त्वस्य=परमार्थस्य=भावस्य अधिगमः **स** सर्वत्र, **न तु** नाम-स्थापना-द्रव्याणामिति, हेयत्वादेषां, [1]'तत्त्वाधिगमाय' तत्त्वाधिगमप्रयोजनं **न्यासो** =निक्षेपो=रचना कार्या बुद्धिमता मुमुक्षुणेति।।५।।

शिष्य **आह**– कथं भगवता तत्त्वानां जीवादीनामधिगमः कृतः ? यदि च केनाप्युपायेनाधि-

*• હેમગિરા •*

**એ પ્રમાણે આદિવાળા અને આદિ વિનાના (અનાદિ) જીવાદિથી માંડીને મોક્ષ સુધીના સર્વ પદાર્થોના તત્ત્વોનો બોધ મેળવવા માટે નામાદિનો ન્યાસ કરવો. ॥૫॥**

**કર્તૃ સાધન પક્ષમાં** :- જે વિવિધ ધર્મોને પ્રાપ્ત કરે છે તે આ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો ભવ્ય દ્રવ્ય કહેવાય. ટૂંકમાં જે પ્રાપ્ત થાય છે તે (પર્યાયો) કર્મ અર્થમાં ભવ્ય દ્રવ્ય છે અને જે પ્રાપ્ત કરનાર ધર્માસ્તિકાયાદિ છે તે કર્તા અર્થમાં ભવ્ય દ્રવ્ય છે.

જીવાદિમાં તેમજ આ જીવાદિના પર્યાયવાચી દ્રવ્ય શબ્દમાં નામાદિ નિક્ષેપોનો ન્યાસ કરી અન્ય વિશે પણ આ રીતે ન્યાસ કરવો, એ ભલામણ કરતા ભાષ્યકાર કહે છે કે :-

*** નિક્ષેપોનું પ્રયોજન ***

જે રીતે જીવાદિનો અને તેના પર્યાયવાચી દ્રવ્ય શબ્દનો ન્યાસ કર્યો છે તે રીતે સર્વ ગુણ - ક્રિયાદિ શબ્દોના, અનાદિ એવા ભવ્ય-અભવ્ય વગેરે તેમજ આદિમાન્ એવા મનુષ્યાદિ પર્યાય કે જે જીવાદિથી અભિન્ન વૃત્તિવાળા છે તેનો પણ તત્ત્વના અધિગમ=પારમાર્થિક બોધ માટે ન્યાસ (નિક્ષેપ) કરવો જોઈએ. કહેવાનો આશય એ છે કે, પરમાર્થ ભાવ (ભાવ નિક્ષેપ)ના બોધ માટે આ જીવાદિની નિક્ષેપ-રચના છે. નામ-સ્થાપના-દ્રવ્યના બોધ માટે નહીં. કારણ કે તત્ત્વની પ્રાપ્તિ માટે તો નામ-સ્થાપના-દ્રવ્ય હેય છે તેથી 'ભાવ રૂપ જીવાદિ તત્ત્વો'ના અધિગમ રૂપ પ્રયોજનને ધ્યાનમાં લઈ બુદ્ધિશાળી મુમુક્ષુએ સર્વત્ર નામાદિની નિક્ષેપ રચના કરવી.

**છટ્ઠા સૂત્રની અવતરણિકા** :- શિષ્યનો સવાલ :- વાચકવર્ય ઉમાસ્વાતિજી મહારાજે જીવાદિ તત્ત્વોનો અધિગમ કઈ રીતે કર્યો છે ? જો કોઈપણ ઉપાયથી કર્યો હોય તો તે કહો ? જેથી

१. '....'. एतच्चिह्नितपाठो मु. पुस्तके नास्ति (भां.रा.)।

**सूत्रम्- प्रमाण-नयैरधिगमः ॥१-६॥**

**भाष्य- एषां च जीवादीनां तत्त्वानां यथोद्दिष्टानां नामादिभिर्न्यस्तानां[1] प्रमाण-नयैर्विस्तराधिगमो भवति।**

गतानि भवन्ति ततो युक्तं कथनमन्यस्मायेतानि तत्त्वानीति ? **उच्यते— प्रमाणनयै**रिति च करणे तृतीया न कर्तरि, यतस्तत्र षष्ठ्या भवितव्यम् '**कर्तृ-कर्मणोः कृति**' (पाणिनिः अ.२,पा.३, सू.६५) इति। प्रमाणे प्रत्यक्ष-परोक्षे द्वे, अवधि-मनःपर्याय-केवलानि मति-श्रुते च, नैगमादयो नयाः पञ्च, प्रमाणे च नयाश्च प्रमाणनयास्तैः प्रमाण-नयैः साधकतमैः।

**एषां चे**त्यादि। **एषाम्**— इति भवतः प्रकटीकृतानाम्, **च**शब्द एवकारार्थे, एषामेवान्यस्याभावात्, अथवा समुच्चये, **एषां**=जीवादीनां, **च**शब्दान्नामादीनां च, **तत्त्वानामिति** चानेनोभयं सम्बध्यते, जीवादीनां तत्त्वानां नामादीनां च तत्त्वानाम्। **यथोद्दिष्टाना**मिति। यथा=परिपाट्या जीवाजीवादिकया सामान्ये-

● *હેમગિરા* ●

**સૂત્રાર્થ :- તત્ત્વોનો અધિગમ પ્રમાણ અને નયો વડે થાય છે. ॥૧-૬॥**

**ભાષ્યાર્થ :- "સૂત્રમાં યથાક્રમથી જણાવેલા તથા નામાદિ વડે ન્યાસ કરાયેલા એવા આ જીવાદિ સાત તત્ત્વોનો પ્રમાણ અને નયો વડે વિસ્તારથી અધિગમ થાય છે."**

કે તે ઉપાય થકી અન્ય લોકોને આ જીવાદિ તત્ત્વો કહેવા યુક્તિ સંગત બને. આનો જવાબ આપતા ૬ઠ્ઠું સૂત્ર કહ્યું છે- આ સૂત્ર અંતર્ગત '**प्रामाणनयैः**' આ પદમાં તૃતીયા વિભક્તિ કરણના અર્થમાં છે પણ 'કર્તા'ના અર્થમાં નથી. જો કર્તા અર્થમાં હોય તો **कर्तृकर्मणोः कृति** સૂત્રથી **तद्** આદિ કૃદન્ત પ્રત્યયવાળા ધાતુના કર્તા કે કર્મવાચક શબ્દને છઠ્ઠી વિભક્તિ થવી જોઈએ. જેમ કે **सिद्धसेनस्य कृतिः, घटस्य कर्ता, ओदनस्य पाकः** (पा.२/३/६५) માં થઈ છે, પણ પ્રસ્તુતમાં કર્તા-અર્થ ન હોવાથી છઠ્ઠી વિભક્તિ નથી કરી. પ્રમાણ બે છે. પ્રત્યક્ષ પ્રમાણ અને પરોક્ષ પ્રમાણ. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આ ત્રણે પ્રત્યક્ષ પ્રમાણ છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ પરોક્ષ પ્રમાણ છે. નૈગમાદિ એ પાંચ નય છે. પ્રમાણ અને નય પદ વચ્ચે ઇતરેતર દ્વન્દ્વ સમાસ છે. આ પ્રમાણ અને નય એ અધિગમ કરવાના અત્યંત મહત્વપૂર્ણ સાધક (કારણ) છે. એ અર્થમાં તૃતીય વિભક્તિ છે.

જે આ તત્ત્વોનું પ્રકટીકરણ હમણાં કરવામાં આવ્યું છે તે જીવાદિ સાત તત્ત્વોનો જ અહીં અધિગમ કરવાનો છે કારણ કે તત્ત્વો સાત જ છે. આ સિવાય અન્ય તત્ત્વોનો અભાવ છે આ જ અવધારણ (= 'જ'કાર)ના અર્થમાં ભાષ્યમાં '**च**' પદ છે.અથવા '**च**' સમુચ્ચયના અર્થમાં છે. જીવાદિનો તથા '**च**' શબ્દથી નામાદિનો પણ અધિગમ કરવો. 'તત્ત્વ' શબ્દનો અન્વય બન્ને સાથે કરવો અર્થાત્ જીવાદિ તત્ત્વોનો અને નામાદિ તત્ત્વોનો અધિગમ કરવો, જે ક્રમથી જીવ, અજીવાદિ સામાન્યથી કહ્યાં છે તે ક્રમ મુજબ અધિગમ કરવો.

१. न्यस्तानामित्यधिगमोपायार्थमुपक्षिप्तानामित्यर्थः पा.लि.।

**भाष्य– तत्र प्रमाणं द्विविधं– [1]प्रत्यक्षं परोक्षं च वक्ष्यते (१-११, १२)।**

नाभिहितानामुद्दिष्टानामिति। सामान्येन च **जीवाजीवास्रव** (१-४) इत्यस्मिन् सूत्रेऽभिधाय पुनर्नामस्थापनादिसूत्रे **नामादिभिर्भेदैर्न्यस्तानां**, किमर्थं पुनर्जीवाजीवास्रवादिसूत्रे [2]उद्घट्य ततो नामादिसूत्रे न्यस्तानि? उच्यते– परिज्ञानार्थमनेको जीवशब्दवाच्योऽर्थ इत्यस्य। एतदेवाह– **न्यस्तानामिति**=अधिगमोपायार्थमुपक्षिप्तानामित्यर्थः, अतः पूर्वमुद्घट्टितानां न्यस्तानां च इह **प्रमाणनयैर्विस्तराधिगमो भवति**। **विस्तराधिगम** इति। एकैकस्य तत उद्घट्टनादपकृष्टस्य **विस्तरेण**=लक्षणविधानाख्येन वक्ष्यमाणेन (१-१०, १-३५) प्रमाणनयरूपेणा**धिगमः**=परिच्छेदो **भवति**।

एतत् कथितं– यदा यदाधिगमस्तदा तदा न प्रमाणनयान् विरहय्येति। न चायं पर्यनुयोगः कार्यः प्रमाणनयैः कथं भवत्यधिगम इति ?। यस्माज्ज्ञानविशेषाः प्रमाणनयाः, अतः प्रकाशस्वभावत्वात् प्रदीपवदधिगमशक्तिता। **अथ** कतिविधं प्रमाणमिति सङ्ख्यानियमाय प्रश्नयति। **आह– तत्र प्रमाणं द्विविधम्**। **तत्रे**ति सिद्धान्तं नन्द्यादिकं व्यपदिशति। **प्रमाणमिति** च प्रमीयतेऽनेन तत्त्वमिति प्रमाणम्,

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **તેમાં પ્રમાણ એ 'પ્રત્યક્ષ' અને 'પરોક્ષ' આમ બે પ્રકારે છે. જેનો વિસ્તાર અ.-૧/સૂ.-૧૧ અને ૧૨માં કહેવાશે.**

### ❋ નિક્ષેપ-ન્યાસ પૂર્વે ઉપન્યાસ ❋

<u>શંકા</u> :- જીવ અજીવાદિનું વિધાન કરનાર સૂત્ર (૧.૪)માં તત્ત્વોને સામાન્યથી કહીને ત્યારબાદ સૂત્ર ૧/૫માં નામ સ્થાપનાદિ વડે તેઓનો ન્યાસ કર્યો. આ રીતે શા માટે ૪થા સૂત્રમાં વિધાન કરી ત્યાર બાદ પાંચમા સૂત્રમાં તે જીવાદિના નામાદિ નિક્ષેપ દર્શાવ્યા ? (૪થા સૂત્રમાં જ નિક્ષેપોનું વિધાન આવી જાતને ?)

<u>સમાધાન</u> :- જીવ શબ્દથી વાચ્ય (=કહેવાતાં) અનેક અર્થો છે, તે જણાવવા માટે નિક્ષેપાઓનો અલગથી ઉલ્લેખ કર્યો છે. અને એ રીતે સામાન્યથી પૂર્વે નામ પૂર્વક ૪થા સૂત્રમાં કહેલા તથા નિક્ષેપાઓથી ૫મા સૂત્રમાં જણાવેલા જીવાદિ તત્ત્વોનો વિસ્તારપૂર્વકનો અધિગમ આ સૂત્રમાં પ્રમાણ અને નય વડે થાય છે. અર્થાત્ જીવાદિ એક એક તત્ત્વોનું (નિક્ષેપ સિવાયનું) બાકી રહેલ શેષ સ્વરૂપનો પ્રમાણ અને નય વડે સ્પષ્ટ બોધ થાય છે. આ પ્રમાણ અને નયો કે જેનાથી તત્ત્વનો બોધ થાય છે તેનું સ્વરૂપ લક્ષણ વિધાનથી આગળના ૧/૧૦, ૧/૩૫ સૂત્રોમાં કહેવાશે. જ્યારે જ્યારે પણ તત્ત્વ-અધિગમ થાય ત્યારે પ્રમાણ અને નયો વિના ન થાય.

વળી કોઈએ આવો પ્રશ્ન ન કરવો કે આ પ્રમાણ અને નયો વડે કઈ રીતે અધિગમ થઈ શકે ? કારણ કે પ્રમાણ અને નય એ જ્ઞાન વિશેષ છે તેથી દીપકની જેમ પ્રકાશ કરવાના સ્વભાવવાળા હોવાથી અધિગમ કરાવવાના સામર્થ્યવાળા છે. હવે પ્રમાણની ચોક્કસ સંખ્યા જાણવા માટે કોઈ પ્રશ્ન કરે છે.

१. परोक्षं प्रत्यक्षं को. पा.। २. उद्घाट्य पाA.।

अस्मिन् पक्षे आत्मा सुखादिगुणकलापोपेतस्तेनावबुध्यते साधकतमेन मत्यादिना विषयमिति प्रतिपत्तव्यम्।

यदा तु '[1]**कृत्यल्युटो बहुलम्' (पाणिनि.अ.३, पा.३, सू.११३)** इति कर्तरि प्रमाणिमित्येतत् तदात्मनोऽविभक्तं मत्यादिज्ञानपञ्चकम्, प्रमिणोत्यवगच्छतीति प्रमाणम्, यदा त्वधिकरणे प्रमाणमित्येतत् तदा प्रमीयतेऽस्मिन् बहिरङ्गोऽर्थ इति प्रमाणम्, आत्मन्येव बहिरङ्गार्थप्रतिबिम्बनात्, न हि विषयाका[2]रानारूषितं तज्ज्ञानं तस्य परिच्छेदे वर्तते, यदा तु तेन विषयाकारेण तज्ज्ञानं परिणतं भवति तदा तस्य वस्तुनः परिच्छेदोऽन्यथा नेति। **द्विविधमि**त्यनेन सङ्ख्यानियम इति द्विविधमेव न पुनस्त्रिविधादि। **कथं** द्वैविध्यमिति चेत्? **उच्यते**– इहैवाध्याये **प्रत्यक्षं परोक्षं चेति वक्ष्यते** (१-११, १२) उपरिष्टात्। पराणि च निर्माणाङ्गोपाङ्गोदयनिर्वृत्त्युपकरणरूपाणीन्द्रियाणि (२-१७) मनश्च मनोवर्ग-णापरिणतिरूपं द्रव्येन्द्रियं परं तेभ्यो यदुपजायते ज्ञानं तन्निमित्तजं तत् परोक्षमुच्यते धूमादग्नि-

— *હેમગિરા* —

<u>પ્રશ્ન</u> :- પ્રમાણ કેટલા પ્રકારે છે. <u>જવાબ</u> :- ત્યાં નંદી આદિ આગમમાં પ્રમાણ (પ્રત્યક્ષ-પરોક્ષ) બે પ્રકારે કહ્યાં છે. 'પ્રમાણ' શબ્દને કર્માદિ અનેક કારક અર્થમાં સમજી શકાય છે તે આ મુજબ- કરણ અર્થમાં :- જેના વડે વસ્તુ પ્રબળ રીતે મપાય (જણાય) તે પ્રમાણ. આ વ્યુત્પત્તિપક્ષમાં (જ્ઞાન-કરણ પ્રધાન હોવાથી) અર્થ આ મુજબ કરવો → સકળ ગુણના સમૂહથી યુક્ત આત્મા સાધનભૂત એવા મતિ આદિ જ્ઞાન વડે જીવાદિ વિષયને જાણે છે. ("કર્તા અર્થમાં મોટભાગે કૃત્ય સંજ્ઞક પ્રત્યય અને '**अन**' પ્રત્યય લાગે છે") કર્તા અર્થમાં :- આત્માથી અભિન્ન એવા મતિ આદિ પાંચ જ્ઞાનો તત્ત્વને પ્રમાણ કરે = જાણે છે. અધિકરણ અર્થમાં :- જેમાં (આત્મામાં) ઘટ આદિ અર્થો પ્રમાણ કરાય = જણાય તે પ્રમાણ.

ખરેખર આત્મામાં જ બહિરંગ એવા ઘટાદિ અર્થની પ્રતીતિ થાય છે. કારણ કે ક્યારે પણ વિષયાકારે પરિણત થયા વિના, જ્ઞાન તે વિષયોને જાણી શકતું નથી, જ્યારે વિષયાકારથી પરિણત થાય ત્યારે જ તે જ્ઞાન તે તે વિષયોને જાણી શકે, અન્યથા ન જાણી શકે, ભાષ્યમાં '**द्विविध**' લખી પ્રમાણની સંખ્યાનું નિયમન કર્યું કે આ પ્રમાણ બે જ પ્રકારે છે પણ ત્રણ આદિ પ્રકારે નથી.

### ❋ પ્રમાણની સંખ્યાની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- પ્રમાણ બે પ્રકારે કઈ રીતે છે ? <u>જવાબ</u> :- પ્રત્યક્ષ, પરોક્ષ એમ બે પ્રકારે છે. આ વાત સૂત્ર ૧/૧૧-૧૨માં કહેવાશે. છતાં બન્નેની કાંઈક વ્યાખ્યા કરતાં જણાવે છે કે જે જ્ઞાન પરનિમિત્તથી ઉત્પન્ન થાય તે પરોક્ષ. નિર્માણનામકર્મના પેટાભેદ અંગોપાંગ નામકર્મના ઉદયથી થયેલ નિવૃત્તિ અને ઉપકરણ રૂપ જે ઇન્દ્રિયો તેમજ મન કે જે મનોવર્ગણાની પરિણતિ = પર્યાય રૂપ દ્રવ્યેન્દ્રિય છે તે બન્ને 'પર' તરીકે કહેવાય. આત્માને આ (ઈન્દ્રિય, મન) બે નિમિત્તથી થતું જે જ્ઞાન તે 'નિમિત્તજ' જ્ઞાન, તે જ પરોક્ષજ્ઞાન કહેવાય. જેમ ધૂમ (સાધન)થી અગ્નિ (સાધ્ય)નું

१. क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः । क्वचिद्विभासा क्वचिदविभासा । विधेर्विधानं बहुधा समीक्ष्य चातुर्विधं बाहुलकं वदन्ति।।

२. 'कारापरिणतं राB.।

**भाष्य- चतुर्विधमित्येके नयवादान्तरेण।**

ज्ञानवत्, प्रत्यक्षं पुनरश्नाति अश्नुते वाऽर्थानित्यक्षः- आत्मा तस्याक्षस्येन्द्रियमनांस्यनपेक्ष्य यत् स्वत एवोपजायते तत् प्रत्यक्षम्। यदि तर्हि **नन्द्यां** द्विविधमुपदिष्टं कथम**नुयोगद्वार**ग्रन्थे चतुर्विधमुपन्यस्तम् ?। यतः केचिन् नैगमादयो नया'श्चुतर्विधमभ्युपयन्ति इत्येतदेवा'ह। **चतुर्विधमित्येके नयवादान्तरेण**। एके सूरयश्चतुर्विधं प्रमाणमुपदिशन्ति नयभेदेन प्रत्यक्षानुमानोपमानागामाख्यम्, एतच्च यथा अवःस्थितं[1] चार्तुर्विध्यं तथा भाष्यकार एवोत्तरत्र दर्शयिष्यति (१-१२) एवं प्रमाणावयवं निर्भिद्य व्युत्पत्त्यादिद्वारेण नयावयवं विभजन्नाह- **नयाश्चे**त्यादि। नयन्तीति नयाः कारकाः व्यञ्जका **इति** यतः कर्त्रर्थं[2] दर्शयिष्यति भाष्यकारः, ये ह्यनेकधर्मात्मकं वस्त्वेकेन धर्मेण **निरूपयन्ति** एतावदेवेदं नित्यमनित्यं वेत्यादिविकल्पयुक्तं ते **नया नैगमादयो वक्ष्यन्ते** (१-३४)।।

**ननु** च प्रमाणमपि सामान्यविशेषात्मकवस्तुपरिच्छेद्येवं[3], नया अपि चैवंविधविषयोपनिपातिन

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- નયવાદની અપેક્ષાએ કેટલાક ચાર પ્રકારે પ્રમાણ જણાવે છે.**

જ્ઞાન થાય છે તેમ આ પરોક્ષ જ્ઞાન ઇન્દ્રિય અને મન રૂપ સાધનોથી થાય છે. નિવૃત્તિ અને ઉપકરણ ઇન્દ્રિયોનું સ્વરૂપ અ.૨/સૂ.૧૭માં કહેવાશે.

<u>પ્રત્યક્ષ</u> :- જે અર્થોને પ્રાપ્ત કરે, જાણે, તે અક્ષ કહેવાય. અક્ષ એટલે 'આત્મા' આ આત્માને ઇન્દ્રિય અને મનની અપેક્ષા રાખ્યા વિના સ્વતઃ જે જ્ઞાન ઉત્પન્ન થાય તે 'પ્રત્યક્ષ જ્ઞાન' છે.

*** પ્રમાણની સંખ્યામાં આગમ-વિરોધનો પરિહાર ***

<u>શંકા</u> :- જો નંદી સૂત્રમાં બે પ્રકારે પ્રમાણ કહ્યાં છે, તો અનુયોગદ્વારમાં ચાર પ્રકારે કેમ કહ્યાં ? <u>સમાધાન</u> :- કેટલાક આચાર્ય ભગવંતો નૈગમાદિ નયવાદની અપેક્ષાએ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ આમ ચાર પ્રકારે પ્રમાણ માને છે. આ ચાર પ્રકારના પ્રમાણો જે સ્વરૂપે રહ્યા છે તેનું વિવેચન ભાષ્યકાર સ્વયં આગળ બારમા સૂત્રમાં કહેશે.

આ પ્રમાણે 'પ્રમાણ' શબ્દની વ્યાખ્યા કરીને વ્યુત્પત્તિ આદિ વડે 'નય' શબ્દને દર્શાવે છે. લઈ જાય (વસ્તુ અંશનો બોધ કરાવે) તે નય, કારક અથવા વ્યંજક, ઇત્યાદિ 'નય' શબ્દના જે કર્તારૂપે અર્થો છે તેને ભાષ્યકાર આગળ જણાવશે. અનેક ધર્મોથી યુક્ત વસ્તુને કોઈ એક ધર્મ વડે અમુક જ અંશે જે નિરૂપણ કરે તે નય. જેમકે - આ 'નિત્ય' છે. અથવા આ 'અનિત્ય' છે. ઇત્યાદિ વિકલ્પો નયના જાણવા આ નયના નૈગમાદિ સાત ભેદ છે તે સૂત્ર ૧/૩૪માં કહેવાશે.

<u>પ્રશ્ન</u> :- પ્રમાણ એ સામાન્ય અને વિશેષાત્મક વસ્તુનો બોધ કરાવે છે. તેમજ નય પણ આવા પ્રકારનું જ જ્ઞાન કરાવે છે, તેથી બન્નેમાં કોઈ ભેદ નથી જણાતો ? આશય એ કે બન્ને

१. दुःस्थितं मु.(रा.भांB)। २. सूत्रार्थं रा। ३. 'परिच्छेदे च राA.। '....' एतच्चिह्नितपाठो मु. पुस्तके नास्ति (खं.भां.)।
T. परि.५ टि.१७।

**भाष्य-: नयाश्च नैगमादयो वक्ष्यन्ते (१-३४)[१]।।६।।**

एवेति नास्ति कश्चिद् विशेषः, ज्ञानात्मकत्वाद्धि नया न भेदेनोपादेयाः प्रमाणादिति, असत्या एव नया इति चेदतो हेयतया न्याय्यमुपादानमित्येतदपि न, यतो वक्ष्यति- "**न विप्रतिपत्तयोऽर्थाध्यवसाया**' इति (१-३५), तथा "**नियववयणिज्ज[२] सच्चा**" इत्यादि। **उच्यते**– प्रमाण-नयानामयं भेदः, प्रमाणं समस्तवस्तुस्वरूपपरिच्छेदात्मकं मत्यादि नयास्तु एकांशा-वलम्बिन इत्यतो भिन्नविषयता, प्रत्यक्षपरोक्षवत्। **एतदुक्तं भवति**- सर्वनयांशावलम्बि **ज्ञानं प्रमाणम्**, यत् तु ज्ञानमनेकधर्मात्मकं सद्वस्तु एकधर्मा-वधारणेनावच्छिनत्त्येवमात्मकमेवैतदिति तन्नया इति कथ्यन्ते, अतश्च प्रमाणं सम्यग्ज्ञानं, नयास्तुमिथ्या-ज्ञानम्, यत आह "[३]**एवं सव्वेवि नया मिच्छादिट्ठी**" इत्यादि। एवं च कृत्वा प्रमाणशब्दस्याभ्यर्हितत्वात् सूत्रे पूर्वनिपात इति न नोद्यावकाशः।। अपरे वर्णयन्ति परस्परापेक्षा नैगमादयो नया इति

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **નૈગમાદિનય અ.૧ સૂ.-૩૪માં કહેવાશે. ॥૬॥**

સામાન્ય વિશેષ જ્ઞાનાત્મક હોવાથી કોઈ વિશેષ અંતર નથી તેથી નયોને પ્રમાણથી જુદા માનવાનું કોઈ કારણ રહેતું નથી. જો એમ કહો કે નયો વસ્તુના એકમાત્ર અંશનો બોધ કરાવતા હોવાથી અસત્ય હોય છે. તેથી તે હેય છે, તેવું (હેયત્વ) જણાવવા પણ તે (નય)નું વિધાન જરૂરી છે, તો એ વાત પણ અનુચિત છે. કારણ કે આગળ અ.૧ સૂત્ર ૩૫ના ભાષ્યમાં કહ્યું છે કે નયોથી એક (દેશ) અંશે થતા ઘટાદિ પદાર્થોના અધ્યવસાયો છે તે વિપ્રતિપત્તિ (વિરોધ અર્થ) રૂપ નથી પણ સત્ય છે. તેમજ સંમતિ-તર્કમાં પણ કહ્યું છે કે સર્વે નયો પોતાના અંશના પરિચ્છેદને વિશે સમ્યક્(સત્ય) હોય છે? (પ્રશ્નકારનો આશય એ છે કે નય અને પ્રમાણ એક છે)

### ❈ પ્રમાણ અને નય વચ્ચેની ભેદ રેખા ❈

<u>જવાબ</u> :- પ્રમાણ અને નયમાં ભેદ છે તે આ મુજબ- પ્રમાણ એ સમસ્ત વસ્તુનો બોધ કરાવનાર મતિ આદિ જ્ઞાનસ્વરૂપ છે જ્યારે 'નય' એક જ અંશને લઈને જ્ઞાન કરાવનાર છે. આમ બન્નેમાં ભિન્ન વિષયતા છે. જેમ પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણમાં ભિન્ન વિષયતા છે તેમ આ બેમાં પણ ભિન્ન વિષયતા છે. આશય એ છે કે સર્વનયને આશ્રયી થતુ જ્ઞાન પ્રમાણ કહેવાય છે અને અનેક ધર્માત્મક સત્‌વસ્તુમાંથી કોઈ એક ધર્મનું અવધારણ કરી આ વસ્તુ તદ્‌ધર્માત્મક જ છે એવો બોધ કરાવે તે **'નય'** કહેવાય છે. આ બન્નેમાં પ્રમાણ એ સમ્યગ્‌જ્ઞાન છે જ્યારે નયો એ મિથ્યાજ્ઞાન છે. સન્મતિ તર્કમાં કહ્યું પણ છે કે **સર્વ નયો મિથ્યાદષ્ટિ હોય છે** આ રીતે વિચારતા 'પ્રમાણ' એ નય કરતા અધિક પૂજ્ય છે. તેથી સૂત્ર રચનામાં અધિક અક્ષરવાળુ પણ

१. नयाश्च पञ्च नै° पाA। २. णिययवयणिज्जसच्चा सव्वनया पर वियालणे मोहा। ते पुण ण दिट्ठ समओ विभयइ सच्चे व अलिए वा। (सम्मतितर्क १/२८) ३. तम्हा सव्वे वि नया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा। अण्णोण्ण णिस्सिया उण हवंति सम्मत्त- सब्भावा (सम्मति.१/२१)

**सूत्रम्- निर्देश-स्वामित्व-साधनाधिकरण-स्थिति-विधानतः ।।१-७।।**

**भाष्य- किञ्चान्यत् एभिश्च निर्देशादिभिः षड्भिरनुयोगद्वारैः सर्वेषां भावानां जीवादीनां तत्त्वानां विकल्पशो विस्तरेणाधिगमो भवति।।**

व्यपदिश्यन्ते अध्यवसायाः, तैः परस्परा-पेक्षैर्यज्ज्ञानं समस्तवस्तुस्वरूपावलम्बनं[1] जन्यते तदनवगत-वस्तुपरिच्छेदाभ्युपायत्वात् प्रमाणम्। ये पुन-र्नैगमादयो निरपेक्षाः परस्परेण ते नयाभासा इति।।६।।

**किञ्चान्य**दित्यनेनोत्तरसूत्रं सम्बन्धयति, नैतावतैव विस्तराधिगमस्तत्त्वानां, यतोऽन्यदपि विस्तराधिगतौ कारणमस्ति, किं तत् ? निर्देशादि। के पुनः निर्देशादय इत्यत आह— **निर्देशस्वामित्वे**त्यादि। न तावन्निर्देशादीन् व्याचष्टे सम्बन्धवाक्यमेव समर्थयते **एभिश्चे**त्यादिना। **एभिः**, **च**शब्दात् प्रमाण-

• હેમગિરા •

<u>સુત્રાર્થ</u> :- **નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાન (ભેદ)થી આ જીવાદિ તત્ત્વોને કહીશું. ॥૧-૭॥**

<u>ભાષ્યાર્થ</u> :- **વળી બીજુ એ કે આ નિર્દેશાદિ છ અનુયોગદ્વારો વડે સર્વ ભાવરૂપ જીવાદિ તત્ત્વ-પદાર્થોનો અનેક વિકલ્પથી સવિસ્તાર (વિગતવાર) અધિગમ થાય છે.**

'પ્રમાણ' પદ પ્રથમ મૂકેલું છે. (સામાસિક પદોમાં અલ્પાક્ષરી પદ પ્રથમ મૂકાય છે. પણ પૂજ્યવાચી આદિ, અધિકાક્ષરી-નામો હોય તો પ્રથમ મૂકાય છે) આ રીતે નય-પ્રમાણ ભિન્ન વિષયવાળા છે તેમાં શંકાને અવકાશ નથી. બીજા આ પ્રમાણે વર્ણન કરે છે કે એક બીજાને અપેક્ષિત (સાપેક્ષ) અધ્યવસાયો તે નૈગમાદિ નયો કહેવાય અને આ પરસ્પર અપેક્ષાવાળા નય વડે સમસ્ત વસ્તુ સ્વરૂપના અવલંબન રૂપ જે જ્ઞાન ઉત્પન્ન થાય તે અજ્ઞાતવસ્તુને જ્ઞાત કરવાનું ઉપાયરૂપ હોવાથી પ્રમાણ છે; જે વળી નૈગમાદિ નયો એકબીજાથી અત્યંત નિરપેક્ષ છે. તે તો નયાભાસ છે. ॥૬॥ '**किञ्चान्यत्**' એ પદથી ઉત્તર (૭માં) સૂત્ર સાથે સંકલના કરે છે તે આ પ્રમાણે- પ્રમાણ અને નય આટલા માત્રથી જ જીવાદિ તત્ત્વોનો વિસ્તૃત અધિગમ નથી થતો પણ આ વિસ્તૃત અધિગમમાં 'અન્ય પણ કારણો છે.' <u>પ્રશ્ન</u> :- તે કયા છે ? <u>ઉત્તર</u> :- "નિર્દેશાદિ છે." તે નિર્દેશાદિને બતાવતુ ૭મું સૂત્ર છે. આ સૂત્રમાં નિર્દેશાદિ પદ માત્રની વ્યાખ્યા નથી કરવી પણ જીવાદિ તત્ત્વોના સંદર્ભ(સંબંધ)માં આ નિર્દેશાદિને કહેવા એ સંબંધવાક્યનુ સમર્થન ભાષ્યમાં કર્યુ છે.

**ભાષ્યનુપદકૃત્ય** → '**एभिश्च**' અહીં લખેલ '**च**' શબ્દએ પ્રમાણ, નય અને સત્ આદિ વડે પણ તત્ત્વનો બોધ થાય છે. તેવો અર્થ બતાવે છે. (જેમ નિર્દેશાદિ વડે અધિગમ થાય તેમ આ પ્રમાણ, નય અને સદ્ આદિ દ્વારો વડે પણ થાય) '**एभिः**' સર્વનામ એ સામાન્ય અર્થનો નિર્દેશ કરે છે અને સામાન્યનો નિર્દેશ થતા વિશેષ પણ છે. તે ધ્યાનમાં આવે છે. તેથી તે વિશેષ

१. °पालम्बनं भा.।

नयसदादिभिश्च। एभिश्चेति सामान्यशब्दनिर्देशे[1] न विशेषावगतिरस्ति, अतो विशेषार्थमाह— **निर्देशादिभिः**। आदिशब्देन निर्देशे सति नेयत्तापरिज्ञानमस्तीति समासे चाव्यक्ताभिधानं प्रसिद्धं न सूत्रादपीयत्ता सम्भाव्येत अतः **षड्भिरित्याह**। उक्तेऽपि षड्भिः इत्यस्मिन् किमेतानि व्याख्याद्वाराणि नेति या शङ्का तन्निरसनायाह— **अनुयोगद्वारैः**=व्याख्याङ्गैरित्यर्थः। एषां च व्यापिता अस्ति नास्ति इत्याशङ्काव्युदासायाह— **सर्वेषामिति**। उक्तेऽपि चैतस्मिन्नभावोऽपि सर्वशब्देनोपात्तः तन्निराचिकीर्षयाऽऽह **भावानामिति** अभावे हि व्यर्थत्वात् प्रयासस्य न तद्विषयमेतदिति कथयति। भावा अप्यन्यमताभिमताः सन्त्यतत्त्वरूपा इत्यतो द्वयमुपादत्ते— **जीवादीनां तत्त्वानामित्येतत्**। ते च जीवादयः किमेभिः समासेन निरूप्यन्ते उत व्यासेनेत्यत आह— **विकल्पश** इति। शसश्च कारकसामान्याद् विधानमिति तृतीयार्थ एष इत्येतत् कथयति **विस्तरेणेनत्यनेन**। उक्तेपि चैतस्मिन्नसम्पूर्णमेव वाक्यं स्याद् यदि पूर्वसूत्रादधिगम

• હેમગિરા •

શું છે ? તેને જણાવવા **निर्देशादिभिः** પદ દર્શાવેલ છે. આ પદમાં આદિ શબ્દ લખવા માત્રથી 'ઈયત્તા' (માત્રા) કેટલી લેવી તે જણાતું નથી તેમજ સૂત્રમાં સમાસ કર્યો છે. સમાસમાં પદચ્છેદ અવ્યક્ત હોય એ પ્રસિદ્ધ જ છે. તેથી સૂત્રથી પણ સંખ્યાનું ચોક્કસ વિધાન નથી જણાતું માટે ભાષ્યમાં **षड्भिः** લખીને આ નિર્દેશાદિ છ પ્રકારે છે તેમ સંખ્યા જણાવી. આ છ પ્રકાર શું વ્યાખ્યાના દ્વારો છે કે નહીં ? તે શંકાને ટાળવા **अनुयोगद्वारैः** પદથી કહ્યું કે આ 'છ' એ વ્યાખ્યાના અંગો (દ્વારો) છે. વળી આ દ્વારો શું બધા તત્ત્વોમાં વ્યાપક છે કે નહીં ? તેનો જવાબ આપતાં **'सर्वेषां'** કહ્યું અર્થાત્ જીવાદિ બધા તત્ત્વોમાં આ દ્વારો વ્યાપક છે.

<u>પ્રશ્ન</u> :- બધા એટલે શું ? અભાવ રૂપ પદાર્થો પણ લેવા ? <u>સમાધાન</u> :- **'भावानां'** પદ લખી 'ભાવ' પદાર્થો અંગે જ આ છ દ્વારો ઘટાડવા કહ્યું છે કારણ કે અભાવાત્મક વસ્તુમાં પ્રયાસ કરવો વ્યર્થ હોવાથી તેના વિશે દ્વારોનું વિધાન નથી કરવાનું.

### ❋ જિનકથિત જીવાદિ તત્ત્વ જ વાસ્તવિક છે ❋

<u>પ્રશ્ન</u> :- **'भावानां'** લખ્યા બાદ **'जीवानां तत्त्वानां'** પદો લખવા પાછળનો શું આશય છે ?

<u>જવાબ</u> :- અન્ય મતકારોએ માનેલા ભાવ (પદાર્થો) અતત્ત્વ રૂપ છે. તેનું નિરસન કરવાં **तत्त्वानां** પદ લખ્યું છે. અર્થાત્ જિનકથિત જીવાદિ એ તાત્ત્વિક છે. <u>પ્રશ્ન</u> :- આ તત્ત્વો ટૂંકથી કે વિસ્તારથી કહેશો ? <u>ઉત્તર</u> :- **'विकल्पशः'** વિકલ્પ (ક્યાંક વિસ્તારથી ક્યાંક ટૂંક)થી કહીશું. (**विकल्पशः**નો **'शस्'** પ્રત્યય એ કારક - સામાન્યનું વિધાન કરનાર છે અર્થાત્ કોઈપણ વિભક્તિનું ગ્રહણ કરી શકાય છે. અહીં કઈ વિભક્તિ લેવી તે બતાવવાં ત્રીજી વિભક્તિ લઈ **विस्तरेण** એવો પ્રયોગ થયો છે.) આટલું કહેવા છતાં જો પૂર્વના (છઠ્ઠા) સૂત્રથી અનુવૃત્તિ ન લે તો વાક્ય રચના અધૂરી રહે છે, માટે ભાષ્યકારે ઉપરના છઠ્ઠા સૂત્રમાંથી 'અધિગમ' શબ્દની અનુવૃત્તિ લઈ **'अधिगमो'** એવો અન્વય આ ભાષ્યમાં કર્યો. પદાર્થ જ્યાં જ્યાં છે ત્યાં 'સત્તા' છે જ. સત્તા એ પદાર્થથી

१. 'निर्देशेन मु. (भां.खं.)। ▸.....◂ एतच्चिह्नितपाठो मु.पुस्तके नास्ति (भां.खं.मे)। अस्मिन् मु. (खं.भां.)

**भाष्य- तद्यथा। निर्देशः। को जीवः ?।**

इत्येतन्नानुवर्तेत, अतोऽनुवर्तत इति कथयति- **अधिगम** इति। सत्तां च पदार्थो न व्यभिचरति यद्यपि तथाप्यन्यस्याः क्रियाया नाध्याहारः कर्तव्यः, ततश्च **भवतीत्याह**। एवं सम्बन्धं लगयित्वा सूत्रं व्याख्यानयन्नाह- **तद्यथेत्यादि**। यथैते भाव्यन्ते निर्देशादयः तथा कथ्यन्ते, **निर्देश** इति चोपन्यस्य उद्देशवाक्यमुच्चारयति- **को जीव** इति। न चाप्रस्तुतोपन्यासः कथमिति चेत् ?

उच्यते- उद्देशवाक्यमन्तरेण निर्देशस्य ख्यापनमशक्यं कर्तुम्, यदि हि पूर्वं सामान्यरूपोद्देशचोदना न स्यान्निर्देशवाक्यमप्यसम्बद्धत्वादुन्मत्तवचोवदसङ्गतार्थं स्यात्, सामान्यार्थाभिधानमुद्देशः, तद्विशेषप्रतिपिपादयिषया वचनं निर्देशः। पूर्वं प्रश्नवाक्यमुच्चारयति निर्दिश्यमानार्थोपकारि, कीदृशः खलु मया जीवः प्रतिपत्तव्यः ? किं द्रव्यरूपो गुणरूपः क्रियास्वभाव इति?। नामादीनां वा अन्यतम

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તે (અધિગમ) આ રીતે થાય :- સર્વપ્રથમ નિર્દેશથી અધિગમ બતાવતા કહે છે કે જીવ કોણ છે ?**

ભિન્ન નથી, અર્થાત્ યદ્યપિ પદાર્થ 'સત્તા' સાથે વ્યભિચાર નથી પામતો (પદાર્થના ઉલ્લેખમાં **भवति** = સત્તાનો ઉલ્લેખ આવી જ જાય છે) પ્રસ્તુતમાં પણ '**अधिगम**' લખ્યાથી ક્રિયાપદનો અધ્યાહાર જણાઈ આવે છે, છતાં અન્ય ક્રિયાપદનો અધ્યાહાર કોઈ ન કરે તે માટે '**भवति**' પદ છે. આ રીતે પૂર્વસૂત્ર અને પ્રસ્તુત સૂત્રનો સંબંધ જણાવી હવે સૂત્રની વ્યાખ્યા કરતા આ નિર્દેશાદિ જે રીતે જણાય તે રીતે કહે છે. ભાષ્યમાં '**निर्देशः**' આ પ્રમાણે ઉપન્યાસ કરીને જેના (જીવ) વિશે (ભાવાદિ) નિર્દેશ કરવો છે તે જીવને આશ્રયી પ્રથમ ઉદ્દેશ વાક્યને કહે છે. તે આ પ્રમાણે :- જીવ કોણ છે ?

આ ઉદ્દેશાત્મક વાક્ય અપ્રસ્તુત નથી. કઈ રીતે ? એમ કોઈ પૂછે તો એનું કારણ એ છે કે જો ઉદ્દેશ વાક્ય ન લખે તો નિર્દેશનું ખ્યાપન = વિધાન અશક્ય બને અર્થાત્ નિર્દેશ ક્યારે પણ ઉદ્દેશ વિના ન થાય. યદિ સામાન્યના ઉલ્લેખરૂપ ઉદ્દેશ ન કરાય અને સીધું જ વિશેષ = નિર્દેશ વાક્ય લખે તો સંબંધ વિનાનું આવું વાક્ય ઉન્માદી (પાગલ) માનવના વચનની જેમ અસંગત અર્થવાળું જણાય. આવું ન બને માટે પ્રથમ ઉદ્દેશવાક્ય જરૂરી છે.; સામાન્ય અર્થનુ અભિધાન કરવુ તે ઉદ્દેશ અને આ જ ઉદ્દિષ્ટઅર્થનું વિશેષ પ્રતિપાદન કરવાની ઇચ્છાથી કહેવાતું વચન 'નિર્દેશ' કહેવાય.

### * જીવનું સ્વરૂપ *

સર્વ પ્રથમ જેનો નિર્દેશ કરવો છે તેવા નિર્દિશ્યમાન જીવાદિ અર્થને ઉપકારી એવા પ્રશ્ન વાક્યનો ઉચ્ચાર કરે છે તે આ પ્રમાણે → જીવઅર્થને મારા (શ્રોતા) વડે કેવો સ્વીકારવો ? શું દ્રવ્ય રૂપ ? ગુણરૂપ ? કે ક્રિયા સ્વભાવ રૂપ માનવો ?, અથવા જીવાદિ અર્થના નામાદિમાંથી

**भाष्य- औपशमिकादिभावयुक्तो द्रव्यं जीवः।।**

इति पृष्टे निर्देश इति, निश्चयेन उपयुज्यते प्रस्तुते वस्तुनि स निर्देशः। **औपशमिकादिभावेत्यादि।**

औपशमिकादयोऽभिहितास्त एव भावास्तथाभवनादात्मनः तैर्युक्तः **औपशमिकादिभावयुक्तः द्रव्यं जीव इति** [१]गुणक्रियाव्युदासद्वारेण निश्चयेन तदादिष्टं द्रव्यं जीव इति। द्रव्यं जीवः स चाप्यौपशमिकादिभावयुक्त इति। ततश्च न केवलं द्रव्यं नापि केवला भावाः किन्तु उभयात्मकं जीववस्तु प्रतिपन्नं भवति। अथवा द्रव्यमेव [२]प्रधानं यतस्तेन तेनौपशमिकादिना भावेन द्रव्यमेव तथा तथा विपरिवर्तते।।१।।

स्वामित्यादयो जीवेऽभ्यूह्या अनया दिशेति न दर्शितवान्, वयं तु दर्शयामः स्वामी-प्रभुः तद्भावः स्वामित्वं, जीवो हि कस्य प्रभुः ? जीवस्य वा के स्वामिनः? इति, उच्यते- जीव एकोऽवधीकृतः धर्मादीनामस्तिकायानां स्वामी, यतः सर्वेषु मूर्च्छां यात्युपलभते परिभुङ्क्ते शरीरतया

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **'ઔપશમિકાદિ ભાવયુક્ત દ્રવ્ય તે જીવ છે.'**

કોઈની પણ પૃચ્છા થાય તો 'નિર્દેશ' (=જવાબ) સંભવિત બને (માટે અહીં પ્રશ્ન કર્યો છે). પ્રસ્તુત વસ્તુ-અર્થને વિશે નિશ્ચયથી જે ઉપયોગી બને તે નિર્દેશ કહેવાય. હવે ઉપરોક્તજીવ અંગે પુછાયેલ પ્રશ્નના જવાબમાં કહે છે :- અમુક ચોક્કસ પ્રકારની સત્તા (=ભવન)ને પામે તે ભાવ પૂર્વે જણાવેલા આવા ઔપશમિકાદિ ભાવોથી યુક્ત દ્રવ્ય તે જીવ છે. ("**भवनाद् भावा**" એ વ્યુત્પત્તિએ તેતે સ્વરૂપે આત્મામાં નિર્મિત થતા પરિણામો તે ભાવ કહેવાય.) નિશ્ચયથી 'દ્રવ્ય' નિક્ષેપાને વિચારતાં તો ગુણ ક્રિયાનો વ્યુદાસ = અભાવ વડે કહેવાતો (જીવ) દ્રવ્ય જીવ છે. પણ અહીં જીવ-દ્રવ્યની બાબતમાં તો ભાવ યુક્તતા જ હોય. અર્થાત્ ગુણ શૂન્ય આ જીવ દ્રવ્ય ન જ હોય. તેથી **औपशमिकादिभावयुक्तो द्रव्यं** એમ ભાષ્યમાં કહ્યું છે. આમ કહેવાથી તે જીવ વસ્તુ કેવલ દ્રવ્ય કે કેવલ ભાવ (ગુણ) રૂપ નથી પણ ઉભય રૂપ છે, તે દર્શાવ્યું. અથવા તો દ્રવ્ય એ પ્રધાન કહી શકાય. કારણ કે તે ઔપશમિકાદિ ભાવો વડે આ દ્રવ્ય જ પરિવર્તિત થાય છે. તેથી 'દ્રવ્ય'નો ઉલ્લેખ પણ ભાષ્યકારે જરૂરી ગણ્યો છે. આ નિર્દેશ દ્વાર થયું. ।।૧।। આ જ રીતે સ્વામિત્વાદિ દ્વારો પણ જીવ વિશે વિચારી લેવા જોઈએ. તે અહિં ભાષ્યમાં દર્શાવ્યા નથી. તો પણ અમે ટીકામાં બતાવીએ છીએ. તે આ પ્રમાણે-

### * સ્વામિત્વાદિ અનુયોગદ્વારોની વિમર્શના *

સ્વામી એટલે 'પ્રભુ'. <u>પ્રશ્ન</u> :- જીવ કોનો સ્વામી છે ? અથવા જીવના સ્વામી કોણ છે ? <u>જવાબ</u> :- અમુક નિર્ધારિત એક જીવ તે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો સ્વામી છે કારણ કે જીવને સર્વ દ્રવ્ય વિશે મૂર્ચ્છા રહેલી છે તેમજ તેનો ઉપભોગ પણ કરે જ છે અથવા શરીર તરીકે તે તે

१. गुण्यक्रि° राB.। २. प्राधान्यं राB.। ३. °मिकादिभावेन मु. (खं,भां)

वाऽऽदत्तेऽतः सर्वेषां जीवः स्वामी, जीवस्यापि जीवा अन्ये तन्मूर्च्छादिकारिणः स्वामिनो भवन्ति।।२।। साध्यते येन तत् साधनम्, केन चात्मा साध्यते ? उच्यते- नान्येनासौ सततं समवस्थितत्वाद्, बाह्यान् वा पुद्गलान् अपेक्ष्य देवादिजीवः साध्यत, तैस्तत्तत्स्थानं नीयत इति यावत्।।३।।

अधिकरणमाधारः [1]कस्मिन्नात्मा निश्चयस्य स्वात्म[2]प्रतिष्ठत्वात् स्वात्मनि, व्यवहारस्य शरीराकाशादौ।।४।। स्थितिरात्मरूपादनपयगमः। कियन्तं कालमेष जीवभावेनावतिष्ठते ?। भवाननङ्गीकृत्य सर्वस्मिन् काले, देवादींस्तु भवानङ्गीकृत्य यावती यत्र स्थितिस्तावन्तं कालं तत्रावतिष्ठत इति।५।। विधानं प्रकारः, कतिप्रकारा जीवाः ? त्रसस्थावरादिभेदाः।।६।।

एवं शेषा अपि सिद्धान्तानुसारिण्या धियाऽवलोक्य पारमर्षं प्रवचनं वाच्याः, ग्रन्थगौरवभयात् तु नाददे भाष्यकारः। तथा यदर्थं शास्त्रप्रवृत्तिस्तत्रापि योजनां निर्देशादीनां कुर्वन्नाह— **सम्यग्-**

• હેમગિરા •

પુદ્ગલોનું આદાન (ગ્રહણ) ચાલુ છે. તેથી સમસ્તદ્રવ્યનો સ્વામી જીવ ગણાય છે તે જ રીતે જીવની પણ મૂર્ચ્છા કરનારા અન્ય જીવો તે જીવના સ્વામી કહેવાય છે. ॥૨॥

**સાધન** :- જેના વડે સધાય તેને સાધન કહેવાય. <u>પ્રશ્ન</u> :- જીવ કોના વડે સધાય ? <u>જવાબ</u> :- સામાન્યથી તો જીવ સતત સ્વમાં અવસ્થિત હોવાથી અન્ય કોઈ વડે સાધી ન શકાય, કારણ કે સદા સ્વ અવસ્થાનમાં જ આ જીવ રહે છે. અથવા બાહ્ય પુદ્ગલોના આધારે આ 'માનવનો જીવ' 'આ દેવનો જીવ' ઈત્યાદિ સાધી શકાય. તે આ રીતે કે તથા પ્રકારના ભાવો અને કર્મ પુદ્ગલો વડે જીવ તે તે ગતિમાં લઈ જવાય છે. એ રીતે આત્મા સાધી શકાય છે. ॥૩॥

**અધિકરણ** = આધાર :- <u>પ્રશ્ન</u> :- આત્મા શેમાં રહે ? <u>જવાબ</u> :- નિશ્ચયથી આત્મા આત્મામાં જ રહે. વ્યવહારથી દેહમાં આકાશાદિમાં રહે છે. ॥૪॥

**સ્થિતિ** :- પોતાના આત્મ સ્વરૂપથી ન ખસવું તે સ્થિતિ. <u>પ્રશ્ન</u> :- આ જીવ દ્રવ્ય કેટલા કાળ સુધી જીવત્વ તરીકે રહે છે ? <u>જવાબ</u> :- ભવને ગૌણ કરી માત્ર જીવભાવ (= જીવત્વ)ની મુખ્યતાએ વિચારીએ તો સર્વકાળમાં જીવ રહે છે અને દેવાદિ ભવોને આશ્રયી વિચારીએ તો જ્યાંની જેટલી સ્થિતિ (આયુષ્ય) તેટલા કાળ સુધી ત્યાં રહે છે. ॥પ॥

**વિધાન** = પ્રકાર :- જીવો કેટલા પ્રકારે હોય છે ? ત્રસ સ્થાવરાદિ ભેદોવાળા જીવો હોય છે. વગેરે ॥૬॥ આ પ્રમાણે પરમર્ષિઓના પ્રવચનને સિદ્ધાંતાનુસારીમતિ વડે વિચારીને જીવ સિવાયના બીજા પણ અજીવાદિ તત્ત્વો સમજી લેવા. ગ્રંથ-ગૌરવના ભયથી ભાષ્યકાર તેને નથી કહેતા. હવે મોક્ષના ઉપાય રૂપ જે સમ્યગ્દર્શનાદિ છે કે જેના માટે પ્રસ્તુત શાસ્ત્રની પ્રવૃત્તિ છે તેવા સમ્યગ્દર્શનાદિમાં નિર્દેશાદિ દ્વારોની યોજના કરતા કહે છે.

જ્યારે 'સમ્યગ્દર્શન' પદની પરીક્ષા (વિશદ વિવરણ) કરાય ત્યારે તેમાં પ્રથમ પ્રશ્ન એ થાય કે આ સમ્યગ્દર્શન એ શું દ્રવ્ય છે, ગુણ છે કે ક્રિયા છે ? આ પ્રશ્ન (ઉદ્દેશ) થયા પછી નિર્દેશ કરાય

१. कस्मिन् वात्मा राB.। २. 'प्रतिष्ठितत्वात् पा.।

**भाष्य- सम्यग्दर्शनपरीक्षायाम्। किं सम्यग्दर्शनम् ? द्रव्यम्। सम्यग्दृष्टिजीवोऽरूपी* नोस्कन्धो* नोग्रामः* ।।**

**दर्शनपरीक्षायामि**त्यादि। यदा **सम्यग्दर्शनं** परीक्ष्यते तदापि सम्यग्दर्शनं किं गुणः क्रिया द्रव्यमिति पृष्टे निर्देशो भवति, उच्यते– **द्रव्यम्**, ये जीवेन शुभाध्यवसायविशेषेण विशोध्य पुद्गलाः प्रतिसमयमुपभुज्यन्ते अतस्ते सम्यग्दर्शनस्य निमित्तम्, तदुपष्टम्भजन्यत्वात् श्रद्धानपरिणामस्य, ततश्च कारणे कार्योपचाराद् द्रव्यं सम्यग्दर्शनम्। मुख्यया तु वृत्त्या रुचिरात्मपरिणामो ज्ञानलक्षणः श्रद्धासंवेगादिरूपः सम्यग्दर्शनं तदप्यात्मद्रव्यमेव द्रव्यनयस्य, पर्यायनयस्य तु गुणमात्रमवसेयमिति।

यदि तर्हि पुद्गला द्रव्यस्वभावा रुचिमापादयन्तः सम्यग्दर्शनमिति भण्यन्ते, न तर्हि क्षीणदर्शन-मोहनीयस्य छद्मस्थकेवलिसिद्धजीवस्य सम्यग्दर्शनं प्राप्नोतीत्युक्ते आह– **सम्यग्दृष्टिजीव** इति। सम्यक्शोभना दृष्टिर्या सत्पदार्थावलोकिनी सा सम्यग्दृष्टिर्यस्य क्षीणदर्शनमोहनीयस्य स सम्यग्दृष्टि

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- સમ્યગ્દર્શનની પરીક્ષામાં વિચારીએ તો 'સમ્યગ્દર્શન' એ શું છે ? જવાબમાં 'દ્રવ્ય' છે તથા સમ્યગ્દષ્ટિ જીવ એ અરૂપિ છે. નહીં કે સ્કંધરૂપ, નહીં કે ગ્રામરૂપ.**

છે, તે નિર્દેશ (=જવાબ)ને કહે છે. સમ્યગ્દર્શન એ 'દ્રવ્ય' છે.જીવ વડે શુભ અધ્યવસાય વિશેષથી શુદ્ધ કરીને જે પુદ્ગલ દ્રવ્યો પ્રતિ સમય (સમ્યગ્દર્શન તરીકે) ભોગવાય છે. તેથી આ પુદ્ગલ દ્રવ્યો સમ્યગ્દર્શનનું નિમિત્ત બને છે. કારણ કે શ્રદ્ધાનો પરિણામ શુદ્ધ એવા આ પુદ્ગલ દ્રવ્યોને આશ્રયીને થાય છે અને તેથી કારણ (શુદ્ધ પુદ્ગલો)માં કાર્ય (સમ્યગ્દર્શન)નો ઉપચાર કરી 'દ્રવ્ય' (શુદ્ધ દર્શન મોહનીયરૂપ કર્મ પુદ્ગલો)ને સમ્યગ્દર્શન કહેવાય છે. મુખ્ય રીતે જોતાં તો શ્રદ્ધાસંવેગાદિ-રૂપ જ્ઞાનલક્ષણવાળું રુચિરૂપ જે આત્મ પરિણામ છે તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન તે દ્રવ્યાસ્તિક-નયની અપેક્ષાએ આત્મ (દ્રવ્ય) રૂપ છે અને પર્યાય નયની અપેક્ષાએ માત્ર ગુણ રૂપ છે.

### * સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિ વચ્ચે ભેદ *

<u>પ્રશ્ન</u> :- જો રુચિને પ્રાપ્ત કરાવનારા દ્રવ્ય સ્વભાવવાળા પુદ્ગલોને જ સમ્યગ્દર્શન કહીએ તો ક્ષીણદર્શનમોહવાળા છદ્મસ્થ, કેવળી અને સિદ્ધના જીવોમાં સમ્યગ્દર્શન નહીં ઘટે કારણ કે ક્ષીણદર્શનમોહવાળા, છદ્મસ્થ (શ્રેણિકાદિ), કેવલી અને સિદ્ધોને તેવા દલિકો રહ્યા જ નથી.

<u>સમાધાન</u> :- ભાષ્યમાં '**सम्यग्दृष्टि**' પદથી આનું સમાધાન આપ્યુ છે. તે આ પ્રમાણે- સત્ય પદાર્થને જોનારી શોભના દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. સત્ પદાર્થને જોનારી આ સમ્યગ્ દૃષ્ટિ છે જેને તે ક્ષીણદર્શન મોહનીયવાળોજીવ સમ્યગ્દૃષ્ટિ જીવ કહેવાય. ભાવાર્થ આ પ્રમાણે- ક્ષીણ થયા છે દર્શનમોહનીય જેના તે સમ્યગ્દર્શની ન કહેવાય. <u>પ્રશ્ન</u> :- 'તો શું કહેવાય ?' <u>જવાબ</u> :- 'સમ્યગ્દૃષ્ટિ જ કહેવાય અને સમ્યગ્દૃષ્ટિ કહેતાં અમે જે સિદ્ધ કર્યું છે તેને જ ઉપર પૂર્વપક્ષી

*. જુઓ પરિશિષ્ટ-૪, ટિ.૧૭-૧૮-૧૯.

जीवः। एतत्कथयति, क्षीणे दर्शनमोहनीये नैवासौ **सम्यग्दर्शनी** भण्यते, कस्तर्हि ? **सम्यग्दृष्टिरे**वासौ[1] भण्यते, ततः[2] सिद्धसाध्यता, स पुनः क्षीणदर्शनमोहः किं रूपी ? नेत्याह— **अरूपी**। अविद्यमानं रूपमस्येत्यरूपी, सर्वधर्मादिषु [3]क्षेपः। नासौ रूपादिधर्मसमन्वितः अमूर्त आत्मेति। छद्मस्थ-केवलिनोर्यद्यपि कर्मपटलोपरागः तथाप्यात्मा न स्वभावमुपजहाति, आगन्तुकं हि कर्मरजो मलिनयत्यात्मानमभ्रादीव चन्द्रमसम्। सिद्धः सर्वथाप्यरूप एव। सम्यग्दृष्टिरिदानीमाशङ्क्यते- किं स्कन्धो ग्राम इति, तन्निरासायाह- **नोस्कन्धः**।

अरूपत्वादेव न स्कन्धः पुद्गालादिरूपः स्वप्रदेशाङ्गीकरणात् स्यात् स्कन्धः, अथवा पञ्चास्तिकायसमुदितिः स्कन्धः, नो शब्दस्य तद्देशवाचित्वान्नोस्कन्धः सम्यग्दृष्टिः। **एवं नोग्रामो**ऽपि वक्तव्यः। एवं सम्यग्दर्शनिनः सम्यग्दर्शनकारणत्वात् पुद्गलानपादिक्षत् सम्यग्दर्शनं, तैर्वियुतः[4] पुद्गलैः **सम्यग्दृष्टिरिति**।।

• *હેમગિરા* •

સાધવા ઈચ્છે છે અર્થાત્ ક્ષીણદર્શન મોહનીય આદિ સમ્યગ્દર્શની નથી. એમ જે પ્રશ્નકારે કહ્યું તે જ અમે કહીએ છીએ કે તેઓ સમ્યગ્દર્શની નથી પણ સમ્યગ્દષ્ટિ છે. વળી આ ક્ષીણદર્શનમોહવાળો જીવ રૂપી છે કે અરૂપી ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે રૂપી નથી પણ અરૂપી છે. આ અરૂપીપણુ અજીવ એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાર્ય તથા આકાશને વિશે પણ સમજવું. ટૂંકમાં પુદ્ગલાસ્તિકાય સિવાયના દરેક દ્રવ્ય અમૂર્ત્ત છે રૂપરસાદિ એક પણ ધર્મથી યુક્ત નથી, તેથી આત્મા અમૂર્ત્ત-અરૂપી છે જો કે છદ્મસ્થને (ઘાતિ-અઘાતી) અને કેવળીઓને (અઘાતિ) કર્મ પટલનો ઉપરાગ (મેલ) તો છે જ છતા પણ આત્મા પોતાના સ્વભાવને નથી છોડતો ખરેખર તો જેમ ચંદ્ર કે સૂર્ય ઉપર છવાયેલા વાદળા તે સૂર્ય ચંદ્રના તેજને મલીન (ઝાંખુ) કરે પણ સર્વથા તેને લોપી ન શકે તેમ આત્મા ઉપર લાગતી આગંતુક કર્મરજ એ આત્મ સ્વભાવને મલીન કરે પણ સર્વથા ન લોપી શકે. એ અપેક્ષાએ કર્મમય અને કર્મક્ષયને આશ્રયી આત્મા રૂપારૂપી છે, જ્યારે સિદ્ધાત્માઓ તો સર્વથા અરૂપી જ છે.

### ❋ નોસ્કંધ અને નોજીવની વ્યાખ્યા ❋

<u>પ્રશ્ન</u> :- સમ્યગ્દષ્ટિ એ સ્કંધરૂપ છે કે ગ્રામરૂપ છે. <u>સમાધાન</u> :- સમ્યગ્દષ્ટિ સ્કંધ કે ગ્રામરૂપ નથી પણ નોસ્કંધ છે. આત્મા એ અરૂપી હોવાથી પુદ્ગલાદિ સ્કન્ધ રૂપ નથી. કારણ કે પુદ્ગલાદિના સ્કંધ તો રૂપી હોય છે. આત્મપ્રદેશોની અપેક્ષાએ આત્માને 'સ્કન્ધ' પણ કહી શકાય. કારણ કે આત્મા અસંખ્ય આત્મપ્રદેશના સમૂહાત્મક છે. અથવા જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશ, પુદ્ગલ, આ પંચાસ્તિકાયના સમુદાયરૂપ જે સ્કંધ છે તેનો એક દેશ આત્મા છે. 'નો' શબ્દ તે તે વસ્તુનો દેશવાચક શબ્દ છે. સમ્યગ્દષ્ટિ આત્મા પંચાસ્તિકાય રૂપ સ્કન્ધનો એક દેશ રૂપ હોવાથી 'નોસ્કન્ધ' રૂપ છે. આ રીતે 'નોગ્રામ'ને વિશે પણ અર્થઘટન કરવું.(ગ્રામ = સમુહ

१. 'वासौ, अतः सिद्ध' राAB.। ३. क्षेप्यः राB.। ४. 'र्वियुक्तैः राB.।

**भाष्य- स्वामित्वम्। कस्य सम्यग्दर्शनमिति ? एतदात्मसंयोगेन परसंयोगेन उभयसंयोगेन चेति वाच्यम्।**

सम्प्रति स्वामित्वशब्दोच्चारणे **स्वामित्वम्** इत्यनेन **कस्य** स्वामिनः **सम्यग्दर्शनमि**त्युद्देशवाक्यमेवं कृत्वा **प्रवृत्तम्**। **किं** यत् समवाय्येतत् तस्यैवैतत्, उत तदुत्पत्तिनिमित्तभूतस्यान्यस्यापि व्यवहारार्थमाश्रीयत इति?। **उच्यते**– मुख्येन तावत् कल्पेन यद्यत्र समवेतं तत् तस्यैवेति, व्यवहारार्थं तु निमित्तभूतमप्याश्रीयते।

एतदाह– **आत्मसंयोगेने**त्यादि। **आत्मसंयोगेना**त्मसम्बन्धेन। यदा हि उत्पद्यमानस्य सम्यग्दर्शनस्य परतोऽपि निमित्तात् प्रतिमादिकान्नापेक्षा क्रियते प्रतिमादेः तदाऽसौ परिणाम आत्मनि समवेत इतिकृत्वा स एवात्मा तेन परिणामेन तानि तत्त्वान्येवमभिमन्यते, अतः आत्मसंयोगेन जीवस्य

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- સ્વામિત્વ દ્વાર– <u>પ્રશ્ન</u> :- આત્મસંયોગથી, પરસંયોગથી અને ઉભયસંયોગથી થતું આ સમ્યગ્દર્શન કોનું છે ? અર્થાત્ આ સમ્યગદર્શનનો સ્વામી કોણ છે ?**

= સમુદાય, ધર્માસ્તિકાયાદિ પાંચ સમુદાયના એક વિભાગરૂપ 'જીવ' હોવાથી તે સમ્યગ્દષ્ટિ જીવ નોગ્રામ કહેવાય) .

આ પ્રમાણે દર્શન મોહનીયના વિશુદ્ધ દલિક પુદ્ગલ તે સમ્યગ્દર્શનીને સમ્યગ્દર્શનનું કારણ હોવાથી સમ્યગ્દર્શન કહેવાય અને આ પુદ્ગલોથી રહિત સમકિતી સમ્યગ્દષ્ટિ કહેવાય. એ પ્રમાણે સમ્યગ્દર્શની અને સમ્યગ્દષ્ટિ વચ્ચે અંતર છે.

'સ્વામિત્વ' એમ કહેવા વડે કયાં સ્વામીનું આ સમ્યગ્દર્શન છે ? એમ ઉદ્દેશ (=પ્રયોજન) વાક્ય બતાવ્યું અર્થાત્ 'સ્વામિત્વ' પદ ઉદ્દેશવાક્યને આશ્રયી પ્રવર્તેલું છે.

**❋ સમ્યગ્દર્શનના સ્વામી ❋**

<u>શંકા</u> :- આ સમ્યગદર્શન જેમાં સમવાયી (અપૃથગ્ ભાવે રહેલું) છે તેનું જ ગણાય ? કે જે નિમિત્તને લઈ ઉત્પન્ન થયું છે તે (પ્રતિમાદિ)નું પણ વ્યવહારથી ગણાય ?

<u>સમાધન</u> :- મુખ્ય વિકલ્પથી = નિશ્ચયનયથી તો જે જ્યાં સમવેત હોય તેનું જ તે ગણાય. સમકિત આત્મમાં સમવેત છે તેથી આત્માનું જ ગણાય પણ વ્યવહાર (ઉપચાર)થી તે સમકિતમાં જે નિમિત્તભૂત છે એવા પ્રતિમાદિનું પણ ગણાય. આ હકીકત '**आत्मसंयोगेन**' ઈત્યાદિ પદોથી જણાવે છે કે આત્મ સંયોગથી એટલે આત્મ સંબંધથી. જ્યારે પર નિમિત્ત એવા પ્રતિમાદિથી થતી સમકિત પ્રાપ્તિ માટે પણ પ્રતિમાદિની અપેક્ષા = વિવક્ષા ન કરાય તો આ સમકિત રૂપ પરિણામ આત્મામાં સમવેત જ ગણાય અને તેમ ગણાતુ હોવાથી આત્મા જ તે સમકિતરૂપ પરિણામ વડે તે જીવાદિ તત્ત્વોને સમ્યગ્ રીતે જાણે છે તેમ કહેવું પડે અને આથી આ આત્મ સંયોગથી થતું જીવનું સમ્યગ્દર્શન સમજવું. અહીં જીવ જ સમ્યગ્દર્શનનો સ્વામી છે.

**भाष्य- आत्मसंयोगेन जीवस्य सम्यग्दर्शनम्। परसंयोगेन जीवस्याजीवस्य* जीवयोरजीवयोर्जीवानामजीवानामिति विकल्पाः।**

सम्यग्दर्शनम्, **जीवस्य**=स्वामिनः **सम्यग्दर्शनं**=रुचिरिति।

**परसंयोगे**नेति। परं साधुप्रतिमादिवस्तु तन्निमित्तीकृत्य श्रद्धानपरिणाम उपजायते अतः स परिणामस्तत्कर्तृक इति तस्य व्यपदिश्यते। अत्र च परसंयोगे षड् विकल्पा भवन्ति जीवस्येत्यादयः। यदाऽस्य जन्तोः परमेकं मुनिमालम्ब्य क्रियानुष्ठानयुक्तं सा रुचिरुपजायते, क्षयोपशमो हि द्रव्यादिपञ्चकमुररीकृत्य प्रादुरस्ति, अतो बहिरवस्थितस्य साधोरुत्पादयितुः सा रुचिः, स्वं कुम्भ इव कुम्भकारस्येति. एवमेक[1]मजीवाख्यं पदार्थं प्रतिमादिकं प्रतीत्य यदा क्षयोपशमः समुपाजनि तदा तस्यैवाजीवस्य सम्यग्दर्शनं नात्मन इति।

यदा पुनर्द्वौ साधू निमित्तं क्षयोपशमस्य विवक्षितौ नात्मा तदा जीवयोः सम्यग्दर्शनम्। यदा पुनरजीवौ प्रतिमाख्यावुभौ निमित्तीकृतौ तदा तयोः स्वामित्वविवक्षायां तत् सम्यग्दर्शनमिति। यदा

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- આત્મસંયોગ કહેતાં 'જીવનું સમ્યગદર્શન' એમ બોલાય. પરસંયોગ કહેતા 'જીવનું, અજીવનું, બે જીવોનું, બે અજીવોનું, અનેક જીવોનું અને અનેક અજીવોનું' સમ્યગ્દર્શન. આમ કુલ છ વિકલ્પો થાય.**

**'परसंयोगेन'** :- જ્યારે સાધુ અથવા પ્રતિમાદિના નિમિત્તથી શ્રદ્ધાનો પરિણામ થાય અને તેવી વિવક્ષા કરાય છે, ત્યારે આ પરિણામના કર્તા તરીકે સાધુ કે પ્રતિમાદિ છે તેથી 'સાધુ કે પ્રતિમાદિનું સમ્યગ્દર્શન' એમ પણ કહેવાય. અહીં પરસંયોગથી સમકિતના છ ભંગ (વિકલ્પો) થાય છે તે દર્શાવે છેઃ-

### ❋ પરસંયોગના છ વિકલ્પો ❋

(૧) **जीवस्य सम्यग्दर्शनम्** :- જ્યારે આ જીવને સમ્યક્ક્રિયા અનુષ્ઠાનમાં યુક્ત એવા એક શ્રેષ્ઠ મુનિને જોઈ જે શ્રદ્ધા પરિણામ (રુચિ) ઉત્પન્ન થાય તેને (સાધુ) જીવનું સમ્યગ્ દર્શન કહેવાય. કારણ કે સમકિત પ્રાપ્તિ માટે દર્શનમોહનીયનો જે ક્ષયોપશમ થાય તે પ્રાયઃ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ આ પાંચને આશ્રયીને થાય છે. પ્રસ્તુતમાં સાધુ (દ્રવ્ય)ને આશ્રયી જીવને સમકિતની પ્રાપ્તિ થઈ છે. માટે બહાર રહેલ સાધુ સમકિતના ઉત્પાદક ગણાય તેથી ઉત્પાદક એવા તે સાધુનુ સમકિત કહેવાય. જેમ નિશ્ચય નયે ઘટ તો સ્વ-રૂપી (સ્વસત્તારૂપ) છે અર્થાત્ સ્વ યોગ્યતાને લઈ માટીથી નિર્માણ પામે છે. છતાં વ્યવહારથી આ ઘટના નિર્માતા (નિમિત્તક)ને 'કુમ્ભકાર' કહેવાય. તે રીતે પ્રસ્તુત સમકિત વિશે પણ સમજવું. આ પ્રમાણે

૨) **'अजीवस्य सम्यग्दर्शनम्'**:- જ્યારે એક પ્રતિમાદિ અજીવ વસ્તુને આશ્રયી જીવને સમકિતનું

१. 'मेवाजीवा' पाB.। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૦.

**भाष्य--उभयसंयोगेन जीवस्य नोजीवस्य जीवयोरजीवयोर्जीवानामजीवानामिति विकल्पा न सन्ति, शेषाः सन्ति।।**

पुन बहवो जीवाः साधवस्तस्योत्पत्तौ निमित्तं भवन्ति तदा जीवानां सम्यग्दर्शनं न तु यत्र समवेतमित। यदा पुनर्बह्वीः प्रतिमा भगवतां दृष्ट्वा तत्त्वार्थश्रद्धानमाविर्भवति तदा च तासामेव[1] तत् तत्कर्तृत्वान्नात्म इति।।

**उभयसंयोगेनेति।** यदात्मनोऽन्तरङ्गस्य बहिरङ्गस्य च साध्वादेस्तद् विवक्ष्यते तदा उभौ तस्य सम्यग्दर्शनस्य स्वामिनौ भवत इत्युभयसंयोगोऽभिधीयते। अत्र च लाघविक आचार्यो हेयान् विकल्पान्[2] दर्शयति। आदेयाः पुनरुपात्तव्यतिरिक्ताः। अयं तावदत्र विकल्पो न सम्भवति जीवस्य सम्यग्दर्शनमिति, यतोऽनेन षष्ठ्यन्तेन सम्यग्दर्शनस्य यः समवाय्यात्मा स वा भण्यते[3] बाह्यो वा

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- અને ઉભય સંયોગથી → જીવનું, નોજીવનું, બે જીવોનું, બે અજીવોનું, જીવોનું અને અજીવોનું આ છ વિકલ્પો નથી શેષ વિકલ્પો છે.**

ક્ષયોપશમ પ્રાપ્ત થાય ત્યારે તે અજીવનું સમ્યગ્દર્શન કહેવાય પણ આત્માનું ન કહેવાય.

૩) **'जीवयोः सम्यग्दर्शनम्.'** :- જ્યારે સમકિત (ક્ષયોપશમ)ના નિમિત્ત તરીકે બે સાધુ વિવક્ષિત હોય. આત્મા અવિવક્ષિત હોય. ત્યારે બે જીવનું સમ્યગ્દર્શન કહેવાય.

૪) **'अजीवयोः सम्यग्दर्शनम्'** :- જ્યારે બે પ્રતિમારૂપ અજીવ વસ્તુના નિમિત્તથી સમ્યગ્દર્શન થાય ત્યારે તે બેના સ્વામિત્વની વિવક્ષાની અપેક્ષાએ તે બે અજીવનું સમ્યગ્દર્શન કહેવાય.

૫) **'जीवानां सम्यग्दर्शनम्'** :- જ્યારે ઘણાં સાધુઓ (જીવો) સમકિતની ઉત્પતિમાં નિમિત્ત બને ત્યારે તે જીવોનું સમ્યગ્દર્શન કહેવાય. પણ જ્યાં (આત્મામાં) સમવેત છે તેનું ન ગણાય.

૬) **'अजीवानां सम्यग्दर्शनम्।'** :- જ્યારે તીર્થંકરોની ઘણી પ્રતિમાદિને જોઈ તત્ત્વાર્થની શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે તે પ્રતિમાઓમાં જ તે તે સમકિતનુ કર્તૃત્વ હોવાથી તે અજીવો (પ્રતિમાઓ)નું સમકિત કહેવાય, આત્માનું નહીં. અર્થાત્ અજીવો સમ્યગ્દર્શનના સ્વામી કહેવાય. આ છ વિકલ્પોમાં જેને સમકિત થાય છે, તેને સ્વામી ન ગણતા જે નિમિત્તથી સમકિત થાય છે તે નિમિત્ત (જીવ/અજીવ)ને સમકિતના કર્તા (સ્વામી) તરીકે કહ્યાં છે. (આમ ૬ વિકલ્પ થયા)

**'उभयसंयोगन'**સમકિતને જણાવે છે :- (અંતરંગ) એવો આત્મા અને બાહ્ય નિમિત્ત એવા સાધુ આદિ બન્નેની વિવક્ષા (પ્રધાનતા) કરવામાં આવે ત્યારે સમ્યગ્દર્શનનાં સ્વામી બન્ને કહેવાય. તેને ઉભય સંયોગવાળું સમકિત કહેવાય. હવે ઉભયસંયોગના વિકલ્પોમાં લઘુ (સંગ્રહ) પ્રિય આચાર્યશ્રી હેય (ત્યાજ્ય) વિકલ્પોને બતાવે છે તે સિવાયના વિકલ્પો ઉપાદેય (આદરવા લાયક) જાણવા. તેમાં ૧. **'जीवस्य सम्यग्दर्शनम्'** વિકલ્પને કહે છે કે આ વિકલ્પ ન સંભવે.

१. °मेव तत्क° मु. रा(भां.)। २. °पानाद° पा.A। १. भण्येत को.A।

तीर्थकरादिर्यमवलोक्य स तादृशः परिणतिविशेषः समुदभूदिति, तत्र यद्यात्मा समवायी सम्बध्यते, नास्ति तदा परस्य सम्बन्धः, उभयसंयोगेन चैतच्चिन्त्यते, अथ बाह्यस्तीर्थकरादिभिरभिसम्बध्यते[1] तदा नात्मादिसम्बन्धः अतस्त्याज्य एवायं विकल्पः। एवं नोजीवस्येति। अजीवस्येत्यर्थः। एकस्याः प्रतिमाया विवक्षितत्वादुभयसंयोगाभाव इति हेयो विकल्पः। एवं नोजीवस्येति। अजीवस्येत्यर्थः। एकस्याः प्रतिमाया विवक्षितत्वादुभयसंयोगाभाव इति हेयो विकल्पः।

तथा **जीवयोः** सम्यग्दर्शनमिति **न सम्भवति** यस्माद् द्वावत्र समवायिनौ पुरुषौ स्वामितया विवक्षितौ मम च सम्यग्दर्शनमस्य च सम्यग्दर्शनमुत्पन्नमिति, यतस्तु तदालम्ब्योत्पन्नं तस्याऽविवक्षैव स्वामितया उत्पादकनिमित्तयोश्चोभयसंयोगो विवक्षितः[2] अतस्त्यज्यते। तथा अजीवयोः सम्यग्दर्शनमिति द्वयोः प्रतिमयोरालम्बनीकृतयोर्भेदेन तद् विवक्षितम्, यत्र तु समवेतं तत्राविवक्षातस्त्यज्यते अयमपि विकल्पः। तथा पञ्चमोऽपि त्याज्यः। जीवानामिति। अत्र हि बहव एव सम्यग्दर्शनसमवायिनो विवक्षिता जीवा मम अस्य चास्य चेति न तु येनालम्बनेन तेषामुत्पन्नं तस्यालम्ब्यस्य तत्

— *હેમગિરા* —

### ❋ ઉભય સંયોગના અસંભવતિ વિકલ્પો ❋

તે આ મુજબ :- આમાં જે **'जीवस्य'** છઠ્ઠી વિભક્તિ કહી છે તે જે જીવને સમકિત થાય છે તેને આશ્રયીને કહી છે ? કે સમકિતમાં બાહ્ય નિમિત્ત એવા તીર્થંકરાદિ કે જેને આશ્રયીને તેવી પરિણતિ થઈ છે ? જો આત્મામાં જ સમવાયી છે એમ કહીએ તો પર નિમિત્તથી સમકિત થાય છે તે કહેવું નિરર્થક છે. હકીકતમાં તો સમકિત ઉભય (આત્મા અને પરનિમિત્તના) સંયોગથી વિચારાય છે. એજ રીતે જો માત્ર પર તીર્થંકરાદિ નિમિત્તનું જ સમકિત છે એમ કહીએ તો આત્માનું સમકિત નહીં ગણાય. આમ પ્રથમ વિકલ્પ હેય જાણવો. હવે ભાષ્યમાં નિર્દિષ્ટ ૨. **'नोजीवस्य'** આદિ વિકલ્પોની હેયતા દર્શાવે છે.

**'नोजीव'** એટલે 'અજીવ' તે અજીવનું સમ્યગ્દર્શન એ વિકલ્પમાં પ્રતિમાની જ વિવક્ષા કરી હોવાથી ઉભય સંયોગનો અભાવ છે તેથી આ વિકલ્પ હેય છે. ૩. **'जीवयोः' सम्यग्दर्शनं** વિકલ્પમાં સમ્યગ્દર્શનના સમવાયી (આશ્રિત) બે પુરુષો છે. 'મને અને આને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું' એમ સ્વામી તરીકે અહીં વ્યાખ્યા વિવક્ષિત છે, પરંતુ જે નિમિત્તથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે તેની વિવક્ષા નથી કરી. સ્વામી તરીકે તો ઉત્પાદક અને નિમિત્ત બન્નેના સંયોગની વિવક્ષા અપેક્ષિત હોય છે. જે અહીં નથી કરી, તેથી આ ભંગ ત્યાજ્ય છે. ૪. **अजीवयोः सम्यग्दर्शनं** વિકલ્પમાં આલંબન કરાયેલ બે પ્રતિમાની વિવક્ષા કરી છે. પરંતુ જ્યાં સમકિત રહ્યું છે તે જીવાત્માની વિવક્ષા નથી કરવામાં આવી તેથી ત્યાજ્ય છે.

૫. **जीवानां** વિકલ્પ પણ ત્યાજ્ય છે કારણ કે આમાં 'મને, આને અને આને સમકિત થયુ

१. °रादिभि° मु.(भां.पा.) २. °क्षितं सं।

सम्यगदर्शनं विवक्षितम्, तस्मादयमपि त्याज्यः। षष्ठोऽपि अजीवानामिति त्यज्यते, आलम्ब्यानां बहूनां प्रतिमानामेतत् सम्यग्दर्शनमिति विवक्षितं, यत्र तूत्पन्नं तत्राविवक्षितं यत्र नोत्पन्नं तत्र विवक्षितमिति त्याज्य एवं षष्ठो विकल्पः। एवमेते उभयसंयोगविवक्षायां षडपि त्यक्ताः।।

आदेया अपि षडेव, यथा जीवस्य च जीवस्य च, यस्य तदुत्पन्नं तस्य तत्परिणन्तुः यं च निमित्तीकृत्य साधुमुपजायते दर्शनं तस्य च तदिति उभयोर्विवक्षितत्वेन जीवस्य च जीवस्य च विकल्पः सम्भाव्यते।१। तथा यस्य तदुत्पन्नं तस्य च विवक्षितम्, याभ्यां च दृश्यमानाभ्यां साधुभ्यां तदुत्पादितं तयोश्च साधुजीवयोस्तत् सम्यग्दर्शनमुभयत्रापि स्वत्वेन विवक्षितत्वात् जीवस्य जीवयोश्च द्वितीयविकल्पः।२। तथा यस्य तदुत्पन्नं तस्य विवक्षितं यैश्च दृश्यमानैः साधुभिरुत्पादितं तेषां च तत् सम्यग्दर्शनं सम्भवीति विकल्पो जीवस्य जीवानां चेति।३।

तथा यस्य जीवस्य तदुत्पन्नं तस्य च विवक्षितं यया च दृश्यमानया प्रतिमया अजीवरूपयोत्पादितं तस्याश्च तदिति तदा जीवस्य च तत् तस्याश्च प्रतिमायास्तदिति सम्भाव्यते विकल्पः जीवस्याजीवस्य

• હેમગિરા •

છે.' આ પ્રમાણે સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત થાય છે તેવા અનેક જીવોની વિવક્ષા કરી છે પરંતુ જે આલમ્બનને લઈને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે તેની વિવક્ષા નથી કરી. તેથી આ પણ ત્યાજ્ય છે.

૬. अजीवानां વિકલ્પમાં આલંબન તરીકે લેવાતી અનેક પ્રતિમાનું સમ્યગ્દર્શન આ પ્રમાણે વિવક્ષા કરી છે પણ જે આત્મામાં ઉત્પન્ન થયું છે તેની વિવક્ષા ન કરી હોવાથી ત્યાજ્ય જ છે. આમ ઉભયસંયોગની વિવક્ષા વિચારતા આ છએ વિકલ્પો ત્યાજ્ય છે.

(કારણ કે આ વિકલ્પોમાં ક્યાંક નિમિત્તની તો ક્યાંક ઉત્પાદકની વિવક્ષા છે. પણ બન્ને સંયોગની વિવક્ષા નથી તેથી ત્યાજ્ય છે). બીજા છ વિકલ્પો ઉપાદેય પણ છે તે આ રીતે :-

### ❈ ઉભય સંયોગના સંભવિત વિકલ્પો ❈

(૧) 'जीवस्य जीवस्य' :- જેમાં જે જીવને સમ્યગ્દર્શન થયું તેની અને જે સાધુના નિમિત્તે થયું તેની આમ બન્નેની વિવક્ષા કરી હોવાથી આ વિકલ્પ ઉપાદેય છે. આ વિકલ્પમાં સમ્યગ્દર્શન પામનાર અને જેનાથી પામ્યા છે તે નિમિત્ત એમ બન્નેની વિવક્ષા કરી હોવાથી ઉપાદેય છે. (૨) 'जीवस्य जीवयोः' :- એક જીવને બે સાધુના દર્શનથી થતું સમ્યગ્દર્શન. આ વિકલ્પમાં સમ્યગ્દર્શન પામનાર એક જીવ અને જેનાથી થયું તે બે સાધુ જીવ, આમ બન્નેની વિવક્ષા છે. અર્થાત્ આ સમ્યગ્દર્શન બન્ને (ઉભયની વિવક્ષા) નું કહેવાશે. (૩) 'जीवस्य जीवानाम्'→ એક જીવને અનેક સાધુઓના આશ્રયે થતું સમ્યગ્દર્શન આ વિકલ્પમાં સમ્યગ્દર્શન જેને ઉત્પન્ન થયું છે અને જે સાધુઓના દર્શનથી થયું છે તે બન્નેની વિવક્ષા છે.

(૪) 'जीवस्य अजीवस्य' :- એક જીવને પ્રતિમાદિ અજીવનું દર્શન વંદન કરતાં સમ્યગ્દર્શન

१. एवं पा.B। २. तस्य मु. (भां.)।

**भाष्य– साधनम्। सम्यग्दर्शनं केन भवति ?। निसर्गादधिगमाद् वा भवतीत्युक्तम् (१-३)। तत्र निसर्गः पूर्वोक्तः।**

चेति।४। तथा जीवस्य यस्य तदुत्पन्नं याभ्यां च प्रतिमाभ्यां दृश्यमानाभ्यां तदुत्पादितमुभयत्र विवक्षितत्वात् सम्भाव्ययं विकल्पो जीवस्याजीवयोश्चेति।५। तथा यस्य[1] तदुत्पन्न याभिश्च प्रतिमाभिः दृश्यमानाभिरूत्पादितं सर्वत्र विवक्षितत्वात् जीवस्याजीवानां चेति भङ्गकः सम्भाव्यते।६। एतदाह- **शेषाः सन्ति**, षडित्यर्थः।

सम्प्रति तृतीयद्वारं परामृशन्नाह **साधनम् इति**। साध्यते = निर्वर्त्यते येन तत् साधनम्। अत्र पृच्छ्यमानं, तदाह— **सम्यग्दर्शनं केन भवति**=याऽसौ रुचिः सुविशुद्धसम्यक्त्वदलिकोपेता सा केन भवतीत्यर्थः। इतर आह— **निसर्गादधिगमाद् वा भवती**त्युक्तम्, एतत् कथयति– न तावेव निसर्गाधिगमौ तादृशीं रूचिं जनयतः, किन्तु निसर्गाधिगमाभ्यां क्षयोपशमादयः[2] कर्मणां जन्यन्ते, ततः क्षयोपशमादेः

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- પ્રશ્ન :- સમ્યગ્દર્શન શાથી થાય ? જવાબ :- નિસર્ગથી અથવા અધિગમથી થાય છે. આ વાત પૂર્વે ત્રીજા સૂત્રમાં કહી છે ત્યાં નિસર્ગનો અર્થ કહેવાયો છે.**

ઉત્પન્ન થયું. આ વિકલ્પમાં સમ્યગ્દર્શન પામનાર એક જીવ તેમજ તેમાં નિમિત્ત પ્રતિમા બન્નેની વિવક્ષા છે.

(૫) '**जीवस्य अजीवयोः**' :- જે એક જીવને સમકિત ઉત્પન્ન થયું તેનું તેમજ જે બે પ્રતિમાદિના માધ્યમે થયું તેનું આમ સમ્યકત્વ પામનાર અને નિમિત્ત આ બન્નેની વિવક્ષા છે. (૬) '**जीवस्य अजीवानाम्**' :- એક જીવને ઘણા પ્રતિમાદિ અજીવથી થતું સમ્યગ્દર્શન. અહીં સમ્યગ્દર્શનનો પ્રાપક એક જીવ અને જે પ્રતિમાદિને જોવા થકી સમકિત થયું તે અનેક અજીવ આમ બન્નેની વિવક્ષા કરી હોવાથી આ વિકલ્પ સંભવે છે. ઉપરોકત છએ વિકલ્પમાં ઉત્પાદક અને નિમિત્ત બન્નેની પ્રધાન વિવક્ષા હોવાથી બધા આદેય છે. આ ભાંગાઓ ધ્યાનમાં લઈ **शेषाः सन्ति** એમ ભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે.

'સ્વામિત્વ' દ્વાર કહ્યાં બાદ હવે ત્રીજા 'સાધન' દ્વારની વિચારણા કરે છે જેના વડે વસ્તુ સધાય, નિર્માણ થાય તે 'સાધન' કહેવાય. પ્રસ્તુતમાં સમ્યગ્દર્શન વિશે પૂછાતાં સાધન દ્વારને કહે છે.

<u>પ્રશ્ન</u> :- જે આ સુવિશુદ્ધ થયેલ સમકિત મોહનીયના દળિયા યુક્ત રુચિ છે તે કોના વડે થાય ?

<u>જવાબ</u> :- નિસર્ગથી અથવા અધિગમથી થાય છે. પણ હકીકતમાં આ નિસર્ગ અને અધિગમ જ સમ્યગદર્શનને પેદા કરે છે તેવું નથી પરંતુ આ બે થકી જીવમાં કર્મોનો ક્ષયોપશમ આદિ થાય છે. અને આ ક્ષયોપશમાદિથી સમ્યગ્દર્શન થાય છે. વળી આ નિસર્ગ અને અધિગમ પણ કર્મના ક્ષયોપશમ આદિથી જ થાય છે. આ પ્રમાણે આ નિસર્ગ અને અધિગમથી વિશુદ્ધ વિશુદ્ધતર

१. तस्य मु. (खं.भा.)। २. 'दयः जन्य' रा।

**भाष्य– अधिगमस्तु सम्यग्व्यायामः[1]। उभयमपि च तदावरणीयस्य कर्मणः क्षयेणोपशमेन क्षयोपशमाभ्यामिति।।**

सम्यग्दर्शनं सम्भवति, तावपि च निसर्गाधिगमौ कर्मणां क्षयोपशमादेरेव भवतः, ततस्ताभ्यामुत्तरोत्तरक्षयोपशमं विशुद्धं विशुद्धतरमापादयमानाभ्यां यदा प्रतिविशिष्टः क्षयोपशम आपादितो भवति तदा तस्मात् प्रतिविशिष्टात् क्षयोपशमात् सम्यग्दर्शनं भवति इति कथयति।

तत्र निसर्गे बहुवक्तव्यमिति प्राक् तद् दर्शितमेव, एकेन च वाक्येन न शक्यं तत् समस्तं दर्शयितुमित्यतिदिशति- **तत्र निसर्गः पूर्वोक्तः**। अधिगमोऽल्पविचारत्वादेकेनैव वाक्येन, समस्ताधिगमोपसंहारभावादाह- **अधिगमस्तु सम्यग्व्यायाम[2]** इति। गुर्वादिसमीपाध्यासिनः शुभा या क्रिया सम्यग्दर्शनोत्पादने[3] शक्ता सा सम्यग्व्यायाम इत्युच्यते। **उभयमपी**त्यादि। उभयमपीति निसर्गसम्यग्दर्शनमधिगमसम्यग्दर्शनं च, तौ च निसर्गाधिगमावुभावपि कथं भवतः?।

आह- **तदावरणीये**त्यादि। तस्य रूचिलक्षणस्य ज्ञानस्य यदावरणीयं[4]कर्म तत् तदावरणीयं,

*હેમગિરા*

<u>ભાષ્યાર્થ</u> :- **અધિગમ એટલે 'સમ્યગ્ વ્યાયામ' (સમ્યગ્વ્યાયામ શબ્દનો અર્થ ટીકાર્થમાં આપેલ છે.) આ બન્ને પ્રકારના સમ્યગ્દર્શન તેના આવરણીય કર્મના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે.**

ક્ષયોપશમને પામતાં જીવને જ્યારે એક વિશિષ્ટકક્ષાનો ક્ષયોપશમ પ્રાપ્ત થાય ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય. આ બે સમ્યગ્ દર્શનમાંથી નિસર્ગ સમકિતની વક્તવ્યતા લાંબી છે જે પહેલા કહેવાઈ ગઈ છે. એકજ વાક્યથી તે અહીં પ્રસ્તુત કરી શકાય તેમ નથી તેથી માત્ર ભલામણ કરતા 'તે(બે)માં નિસર્ગ સમ્યગ્દર્શનનું સ્વરુપ પૂર્વે કહેવાઈ ગયું છે' એમ ભાષ્યમાં કહ્યું છે. અધિગમ એ અલ્પ વિષયવાળું હોવાથી એક જ વાક્ય વડે આનો ઉપસંહાર કરતા ભાષ્યમાં કહ્યું છે - કે ગુરૂ આદિની નિશ્રામાં રહેનારની સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરવામાં સમર્થ એવી જે શુભક્રિયા તે સમ્યગ્ વ્યાયામ કહેવાય છે. તે સમ્યગ્વ્યાયામને અધિગમસમ્યગ્દર્શન કહેવાય છે.

<u>પ્રશ્ન</u> :- આ બે નિસર્ગ અને અધિગમ સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત થાય ?

<u>જવાબ</u> :- તત્ત્વની રુચિ રૂપ જે જ્ઞાન છે તે જ્ઞાનનું જે આવરણીય કર્મ છે તે આવરણીય કર્મના ક્ષયોપશમથી આ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય, આવરણીય શબ્દથી જ્ઞાન(જ્ઞાનાવરણીય)નો જ અહીં નિશ્ચય થાય છે કારણ કે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય સિવાયના કર્મોમાં પ્રાયઃ 'આવરણીય' શબ્દનો પ્રયોગ નથી થતો. <u>પ્રશ્ન</u> :- તો પ્રસ્તુતમાં આવરણીય તરીકે તે બેમાંથી કોનું ગ્રહણ કરવું? <u>જવાબ</u> :- મતિજ્ઞાનાદિ આવરણીય કર્મનું ગ્રહણ કરવું અને અનંતાનુબંધી આદિ જે સમ્યગ્દર્શન પ્રાપ્તિમાં નિમિત્ત તરીકે આવરણીય છે તેનું ગ્રહણ કરવું. કારણ કે

१. 'व्याख्यायाम' रा.B। २. 'व्याख्यायाम' राB.लि.। ३. 'दनशक्ता मु.(राA.)। ४. 'वरणीयकं मु. (लि.B)।

**भाष्य– अधिकरणं त्रिविधमात्मसन्निधानेन परसन्निधानेनोभयसन्निधानेनेति वाच्यम्। आत्मसन्निधानमभ्यन्तरसन्निधानमित्यर्थः।**

आवरणीयशब्दाच्च निश्चीयते ज्ञानम्, तदन्यत्र हि ज्ञान-दर्शनावरणीयवर्जिते कर्मणि नावरणीयव्यवहारः प्राय इति। किं पुनस्तदावरणीयम् ? मतिज्ञानाद्यावरणीयम्, अनन्तानुबन्ध्यादि च निमित्ततया आवरणीयम्, यतस्तस्मिन्नेनुपशान्तेऽनन्तानुबन्ध्यादिकर्मणि तत् मतिज्ञानावरणीयं न क्षयोपशमावस्थां भजते एतावता तदावरणीयं भण्यते। एतच्च पुरस्ताद् भावितमेव, अतः **तदावरणीयस्य कर्मणः क्षयेण** उक्तलक्षणेन **उपशमेन** च **क्षयोपशमाभ्यामिति** च प्राप्यत इति।।

**ननु** च ज्ञानावरणीयस्योपशमो नास्ति, त्वया चैतन्निरूपितं ज्ञानावरणमस्यावरणमिति, तत् कथमेतत्?। उच्यते– सत्येमतदेवं, किन्तु मोहनीयोपशमादस्य ज्ञानावरणस्य क्षयः क्षयोपशमो वा भवति, ततः क्षयात् क्षयोपशमाच्च सम्यग्दर्शनमिति भावितमेव किं भवता विस्मार्यते?।।

सम्प्रत्य**धिकरणद्वारं** स्पृशति- **अधिकरणमिति**। अधिक्रियते यत्र तदधिकरणम्=आधार=आश्रय इति। स चाधारस्त्रिविधः आत्मा वा यत्समवेतं दर्शनं मुख्यतः, उपचारात् परत्रापि भवति, यद्

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અધિકરણ ત્રણ પ્રકારે છે. (૧) આત્મ સંનિધાન, (૨) પર સંનિધાન અને (૩) ઉભય સંનિધાન. જે અભ્યન્તર સંનિધાન છે તે આત્મસંનિધાન છે.**

અનંતાનુબંધી ઉપશાંત ન થાય ત્યાર સુધી મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થતો નથી. તેથી સમ્યગ્દર્શનના આવરણ તરીકે અનંતાનુબંધી આદિને પણ કહ્યા છે. આ હકીકત પૂર્વે કહેવાઈ ગઈ છે. આથી તે સમ્યગ્દર્શન આવરણના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ થયા બાદ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આ ક્ષયાદિના લક્ષણ પહેલાં કહેવાઈ ગયા છે.

<u>શંકા</u> :- જ્ઞાનાવરણીયનો ક્ષય કે ક્ષયોપશમ હોય છે પણ ઉપશમ તો હોતો નથી, તો તમે ઉપર સમ્યગ્દર્શનના આવરણ તરીકે જ્ઞાનાવરણીયને કેમ કહ્યું ?

<u>સમાધાન</u> :- તમારી વાત સાચી છે. પણ મોહનીયની અપેક્ષાએ ઉપશમ સમજવો. અનંતાનુબંધી આદિ મોહનીયનો ઉપશમ થયા બાદ જ્ઞાનાવરણનો ક્ષય કે ક્ષયોપશમ થાય છે. તે ક્ષય અને ક્ષયોપશમથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. એ વાત પ્રથમ સૂત્ર (સમ્યગ્ દર્શન હોય ત્યાં સમ્યગ્ જ્ઞાન હોય એ વિષયની ચર્ચા)માં સમજાવી દીધી છે તે તમે કેમ ભૂલી ગયા ?

### ❋ સમ્યગ્દર્શનના અધિકરણને સમજીએ ❋

હવે અધિકરણ દ્વારને કહે છે :- જેને આશ્રયીને રહેવાય તે અધિકરણ,આધાર અથવા આશ્રય કહેવાય. આ આધાર ત્રણ પ્રકારે છે અથવા તો એમ કહેવાય કે ૧. આત્મા કે- જેમાં સમ્યગ્દર્શન

१. 'न्नुप' मु. (भां.खं.)। २. 'णीयं क्षयो' मु.(भां.खं.) ३. 'मस्य सम्यग्दर्शनस्या' राB.।

**भाष्य– परसन्निधानं बाह्यसन्निधानमित्यर्थः। उभयसन्निधानं [१]अभ्यन्तरबाह्ययोः सन्निधानमित्यर्थः। कस्मिन् सम्यग्दर्शनम् ?।**

वस्तु समालम्ब्य तदुपजातं तस्मिन्नपि, तदुभयविवक्षायां चोभयत्र तद् आत्मनि परत्र च। **एतदेव** त्रैविध्यं दर्शयन्नाह- **आत्मसन्निधानेना**त्मन्येव स्थितमित्यर्थः, **परसन्निधानेन** परत्र स्थितमिति, आत्मस्थमपि सदस्मिन् पक्षे न विवक्ष्यते, **उभयसन्निधानेना**त्मनि परत्र **चेति वाच्यम्** = व्याख्येयमिति। आत्मसन्निधानमिति चास्यार्थं सुहृद् भूत्वा कथयति- **आत्मसन्निधानमभ्यन्तरसन्निधानमित्यर्थः**। आत्मैवाधार आत्मसन्निधानम्, प्रसिद्धतरेण शब्देनाभ्यन्तरसन्निधानमिति व्यपदिष्टः, आन्तर आसन्नस्तस्य सम्यग्दर्शनस्येति। **परसन्निधानमि**ति चास्यार्थं विवृणोति- **बाह्यसन्निधानं**, [२]बाह्यः = प्रतिमादिः कल्पितरूप इति। एवमुभयभावना कार्या। अधुनाऽऽधारे त्रिविधे कथिते परस्यैतदेव सन्देहकारणं जातम्। क्व तर्हि सम्यग्दर्शनमिति पृच्छति- **कस्मिन् सम्यग्दर्शनम्** ?

अथवा अन्यथा **प्रश्नः**-सम्यग्दर्शनमित्येष गुणः, गुणस्य चावश्यमाश्रयेण भवितव्यम्, स

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- જે બાહ્ય સંનિધાન છે તે પર સંનિધાન છે અને જે અભ્યન્તર અને બાહ્યનું સંનિધાન છે તે ઉભય સંનિધાન કહેવાય. સમ્યગ્દર્શન આ ત્રણમાંથી શેમાં હોય ?**

સમવેત (આશ્રિત) છે તે મુખ્ય આધાર.૨. ઉપચારથી અન્યત્ર (સાધુ, પ્રતિમાદિમાં) પણ છે, તેમજ જે નિમિત્તનું આલંબન થઈ આ ઉત્પન્ન થાય તેમાં પણ સમકિત છે. તેમજ ઉભયની વિવક્ષા કરતાં આત્મા અને પર ઉભયમાં સમકિત છે. આજ ત્રણ પ્રકારને ભાષ્યમાં દર્શાવતા કહે છે :-

**❋ અધિકરણના ત્રણ પ્રકાર ❋**

**૧. આત્મસંનિધાન** :- આત્મામાં જ રહેલુ સમકિત. **૨. પરસંનિધાન** :- પરમાં સ્થિત સમકિત. આ વિકલ્પમાં આત્મામાં સમકિત હોવા છતાં તેની વિવક્ષા નથી. **૩. ઉભય સંનિધાન** :- આત્મા અને પર નિમિત્ત-ઉભયમાં રહેલા સમકિતની આમાં વિવક્ષા છે. 'આત્મસન્નિધાનનો અર્થ હિતકારી મિત્ર બનીને ભાષ્યકાર સ્વયં વિશેષથી કહે છે :- આત્મા જ આધાર બને ત્યારે આત્મસન્નિધાન કહેવાય. આને બીજા પ્રસિદ્ધ શબ્દ વડે અભ્યન્તર સન્નિધાન પણ કહેવાય છે. 'અભ્યન્તર' શબ્દમાં 'અન્તર' શબ્દ એ આસન્ન-સમીપના અર્થમાં છે. અર્થાત્ સમ્યગ્દર્શનનો આસન્ન = સમીપવર્તી આધાર આત્મા છે. હવે પર સન્નિધાનનો અર્થ કહે છે :- પર એટલે બાહ્ય=પ્રતિમાદિ કલ્પિત રૂપ. આદિ શબ્દથી સાધુ વગેરે પણ સમજી લેવા. આ રીતે 'ઉભય સન્નિધાન'ની ભાવના (અર્થ) કરવી.

અત્યારે આધારના ત્રણ પ્રકાર કહ્યા હોવાથી અન્ય કોઈને એવી શંકા થાય કે આ ત્રણ (આધાર)માંથી શેમાં સમકિત રહેલું છે ? અથવા બીજી રીતે પ્રશ્ન થઈ શકે. તે આ રીતે-

१. बाह्याभ्यन्तरसन्निधानं पाB.लिं.। २. बाह्यं-प्रतिमादि कल्पितरुपम् मु.रा (खं.भां.)।

**भाष्य- आत्मसन्निधाने परसन्निधाने उभयसन्निधाने इति। आत्मसन्निधाने तावत् जीवे सम्यग्दर्शनं जीवे ज्ञानं जीवे चारित्रमित्येतदादि।**

पुनराश्रयः किमभ्यन्तरमात्मा उत बाह्यं प्रतिमादिवस्तु यदुपष्टम्भेनोपजातमुतोभयमिति प्रश्नित **आह- आत्मसन्निधाने**[1] **तावदि**त्यादि। आत्माधारविवक्षायां **जीवे सम्यग्दर्शनं**, तस्यान्यत्रादर्शनात्, यथा रुचिः, एवं ज्ञानचारित्रे अपीति, एतदाह- **जीवे ज्ञानं जीवे चारित्र**मिति।

न च ज्ञान-दर्शन-चारित्राणि विरहय्यान्यो जीवोऽस्तीति काल्पनिकमपदिशति। कथम् ? यदा तावज्जीवे सम्यग्दर्शनं तदा ज्ञान-चारित्रे आधारभावं प्रतिपद्येते, ज्ञान-चारित्रात्मनि जीवे सम्यग्दर्शनम्। यदा जीवे ज्ञानं तदा दर्शन-चरणयोराधारता, यदा जीवे चारित्रं तदा ज्ञान-दर्शनयोराधारता,

• *હેમગિરા* •

**ભાષ્યાર્થ :- જવાબ :- આત્મ સંનિધાનમાં, પર સંનિધાનમાં અને ઉભય સંનિધાનમાં હોય છે. આત્મસંનિધાનમાં એટલે જીવમાં સમ્યગ્દર્શન જીવમાં જ્ઞાન અને જીવમાં ચારિત્ર ઈત્યાદિ.**

### * સ્વ = આત્મામાં જ સમકિત છે *

પ્રશ્ન :- 'સમ્યગ્દર્શન' એ ગુણ છે.અને ગુણ તો અમુક (દ્રવ્ય)ને આશ્રયીને જ રહે તો તેનો આશ્રય કોણ છે ? શું અભ્યન્તરાત્મા છે ? અથવા જેના સહારે આ સમકિત પ્રાપ્ત થયું છે તે બાહ્ય પ્રતિમાદિ વસ્તુ છે ? અથવા તો શું ઉભય છે ?

જવાબ :- સમ્યગદર્શનના આધાર તરીકે આત્માની વિવક્ષા કરીએ તો જીવમાં સમકિત છે તેમ જાણવું. કારણ કે જીવ (ચેતન) સિવાય અન્યમાં આ (સમકિત) જોવા નથી મળતું. એ જ પ્રમાણે જ્ઞાન-ચારિત્ર વિશે સમજવુ કે જેમ આ રુચિ રૂપ સમ્યગ્દર્શન જીવમાં જ જોવા મળે છે, તેમ જ્ઞાન અને ચારિત્ર પણ જીવમાં હોય. તેથી ભાષ્યમાં **जीवे ज्ञानं जीवे चारित्रं** એવું કહ્યું. ભાષ્યમાં આ પદો કહેવા પાછળનું કારણ એ પણ છે કે કેટલાક ''જ્ઞાન, દર્શન, ચારિત્રને છોડીને રહેનાર અન્ય સ્વરુપવાળો (શૂન્યસ્વરૂપ) કોઈ જીવ છે આવી કલ્પના કરે છે જે યુક્ત નથી. આવી કાલ્પનિક વિચારણાનું નિરસન કરવા માટે ભાષ્યના ઉપરોક્ત પદો છે. ભાવાર્થ આ પ્રમાણે સમજી શકાય છે :-

જ્યારે જીવમાં સમ્યગ્દર્શન આવે ત્યારે જ્ઞાન-ચારિત્ર યુક્ત આત્મા એ આધારરૂપ બને છે અર્થાત્ જ્ઞાન-ચારિત્રાત્મક આત્મામાં સમ્યગ્દર્શન રહ્યું. સમ્યગ્દર્શન આધેય બનશે. તે જ રીતે જ્યારે જીવમાં સમ્યગ્ જ્ઞાન આવે ત્યારે દર્શન અને ચારિત્રરૂપ આત્મા આધાર બનશે અને જ્ઞાન એ આધેય બનશે. જ્યારે 'જીવમાં સમ્યગ્ ચારિત્ર' આવે ત્યારે જ્ઞાન-દર્શન રૂપ આત્મા આધાર બનશે અને ચારિત્ર એ આધેય બનશે. એ જ પ્રમાણે જ્ઞાન આદિમાં છે જેને એવા આ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ

१. °न्निधानेन खं.भां.।

**भाष्य– बाह्यसन्निधाने जीवे सम्यग्दर्शनं नोजीवे सम्यग्दर्शनमिति यथोक्ता विकल्पाः। उभयसन्निधाने चाप्यभूताः सद्भूताश्च यथोक्ता भङ्गविकल्पा ▸इति◂।।**

चारित्रमाधेयमिति। **एतदादि** इति। एतानि ज्ञानादीनि आदिर्यस्य गुणान्तरस्य तदेतदादि, तदपि जीवे आधारे दृश्यम्, भव्याभव्यत्वादि। **बाह्यसन्निधाने**[1] **जीवे सम्यग्दर्शनमित्यादि**।।

**ननु** चात्मन्येवोपलभ्यत इत्युक्तं कथमिदानीं परस्मिन्नपि व्यपदिशति?। **उच्यते**– न यदेव यत्राविभागेनावस्थितं तदेव तत्रेत्युच्यते, किन्तु अन्यत्राप्यवस्थितमन्यत्र[2] अपदिश्यते, देवदत्ते धनमिति गेहस्थमेव तत्रेत्युच्यते। जीवे सम्यग्दर्शनमित्यादयो विकल्पाः पूर्वं भाविता एव, इहाप्याधारभेदं केवलमुच्चारयता सर्वं तथैव भावनीयम्। **उभयसन्निधाने चाभूताः सद्भूताश्च** षडेव यथोक्ता भङ्गा

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **બાહ્ય સંનિધાનમાં = 'જીવમાં સમ્યગ્દર્શન, નોજીવમાં સમ્યગ્દર્શન આ પ્રમાણે યથોક્ત (પૂર્વે કહેલાં) વિકલ્પો સમજવા. ઉભય સંનિધાનમાં પણ સમ્ભવિત અને અસમ્ભવિત એવા યથોક્ત (પૂર્વે જે સ્વામિત્વના પ્રકરણમાં કહેવાએલા) વિકલ્પો કહ્યાં તે અહીં પણ તે જ રીતે સમજી લેવા.**

ત્રણેનો તથા ભવ્ય-અભવ્યત્વાદિ ગુણાન્તરનો આધાર પણ જીવ જ છે. જે રીતે આત્મ સંનિધાનમાં **'जीवे सम्यग्दर्शन'** એ વિકલ્પ કહ્યો એ જ રીતે બાહ્ય સંનિધાનમાંય વિકલ્પ જાણવો. વિશેષ એ કે અહીં જીવ એટલે પરનિમિત્ત રૂપ જીવ લેવો કે જેનાથી સમકિત પ્રાપ્ત થયું છે.

### ❋ ...તો પરમાં પણ સમકિત કહેવાય ❋

<u>પ્રશ્ન</u> :- સમ્યગ્દર્શન જો આત્મનિષ્ઠ જ છે તો 'પર (જીવ કે અજીવ)માં આનો વ્યપદેશ' કઈ રીતે ઘટે? <u>જવાબ</u> :- જે વસ્તુ જ્યાં અવિભકત = અભિન્ન પણે રહેલ હોય તે ત્યાં જ રહેલી છે તેમ ન કહેવાય, કિન્તુ અન્ય સ્થાને રહેલ વસ્તુનું વિધાન અન્યત્ર પણ થાય છે.**દા.ત.→**

દેવદત્તની સમીપમાં હાલ ધન નથી પણ ઘર કે બેંકમા જો તેની મિલ્કત જમા છે છતાં તે 'દેવદત્ત ધનવાન' છે તેવો વ્યવહાર થાય જ છે. અર્થાત્ અન્યત્ર (ઘરમાં) રહેલા ધનનો વ્યપદેશ અન્યત્ર (દેવદત્તમાં) કરાય છે. એ જ રીતે અન્યત્ર (જીવમાં) રહેલા સમ્યગ્દર્શનનો વ્યપદેશ અન્યત્ર (પ્રતિમાદિ નિમિત્તમાં) થાય છે. તેથી જીવમાં રહેલા સમ્યગ્દર્શનનો વ્યપદેશ નિમિત્ત ભૂત એવા, જીવ કે પ્રતિમાદિમાં કરાય તેમાં કોઈ દોષ નથી. આ અંગે થતાં અનેક (**'जीवे सम्यग्दर्शनम्** ઈત્યાદિ') વિકલ્પો પૂર્વે સમજાવી દીધા છે. ત્યાં સ્વામીના ભેદે આ વિકલ્પો કહ્યાં હતા. જ્યારે અહીં માત્ર 'આધાર'ના ભેદથી તે તે પૂર્વે દર્શાવેલા બધા વિકલ્પો સમજી લેવા. ઉભય સન્નિધાનમાં પણ અસંભવિત વિકલ્પો ૬ અને સંભવિત વિકલ્પો ૬ બનશે. ત્યાં (પૂર્વે સમ્યગ્દર્શનના સ્વામિત્વપ્રકરણમાં) કહેલા ભંગ જ અહીંના વિકલ્પ રૂપ છે અથવા તે ભાંગાઓ વિશે જ આ

▸...◂ एतच्चिह्नित पाठो मु. प्रतौ न दृष्टः (पाB.लि.)। १. 'धानेन' खं.भां.। २. अन्यथाप्यवस्थित्वमन्यत्वं राB.।

**भाष्य- स्थितिः। सम्यग्दर्शनं कियन्तं कालम् ?। सम्यग्दृष्टिर्द्विविधा। सादिः सपर्यवसाना सादिरपर्यवसाना च।**

एव विकल्पाः भङ्गेषु वा विकल्पा इति।। **स्थितिद्वारं** [1]**स्पृशति**[1], **स्थितिरित्येतद्** विवृणोति-

**सम्यग्दर्शनं कियन्तं कालं** सम्पन्नं[2] सदवतिष्ठते? "**कालाध्वनो**" (**पाणिनिः अ.२, पा.३, सू.५**) इति द्वितीया। प्रश्नयितुरयमभिप्रायः- प्रागभूत्वा मिथ्यादृष्टेर्दर्शनमाविश्चकास्ति, यच्चोत्पत्तिमत् तत् सादिसपर्यवसानं दृष्टं मनुष्यत्वादिवत्, किञ्चित् सादि अपर्यवसानं सिद्धत्वादिवत्, आचार्योऽपि प्रश्नाभिप्रायानुरूपमेवोत्तरमाह- **सम्यग्दृष्टिर्द्विविधेत्यादि**।

**द्विविधेति** सादिः सपर्यवसाना सादिरपर्यवसाना चेत्येवं द्विविधा शोभना दृष्टिः। का च शोभना ? या शुद्धदलिककृता, या च दर्शनमोहनीयक्षयात् त्रयाणां भवति छद्मस्थस्य **श्रेणिकादेरिव**,

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- સ્થિતિ દ્વાર :- સમ્યગ્દર્શન કેટલા કાળની સ્થિતિવાળું છે ? સમ્યગ્દષ્ટિ બે પ્રકારે છે. ૧. સાદિ સપર્યવસાન ૨. સાદિ અપર્યવસાન.**

વિકલ્પો સમાયેલા છે તેમ જાણવું. હવે સમ્યક્ત્વ અંગે સ્થિતિદ્વારનું વિવેચન કરે છે. ભાષ્યમાં '**कियन्तं कालं**' પદમાં જે દ્વિતીયા વિભક્તિ કરી છે. તે પાણીની વ્યાકરણમાં ૨/૩/૫થી અને સિદ્ધહેમ વ્યાકરણમાં ૨/૨/૪૨ સૂત્રથી કરવામાં આવી છે. (**અર્થ** :- કાલવાચી અને માર્ગ વાચી શબ્દોને કર્મસંજ્ઞા થતાં દ્વિતીયા વિભક્તિ કરવી.) પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન કેટલા કાળ સુધી રહે છે ? આ પ્રશ્ન કરનારનો આશય એ છે કે - પૂર્વે ક્યારે પણ સમકિત મેળવ્યું નથી જેને એવા મિથ્યાદષ્ટિને જે પ્રથમવાર સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે તેને સાદિ સપર્યવસાન જાણવું કે? સાદિ અપર્યવસાન જાણવું ? કારણ કે ઉત્પન્ન થયેલ સમકિત કેટલાકને મનુષ્યાદિ પર્યાયની જેમ સાદિ સપર્યવસાન અને કેટલાકને સિદ્ધ વગેરે પર્યાયની જેમ સાદિ અપર્યવસાન હોય છે. તેથી સમ્યગ્દર્શનનો ચોક્કસ કાળ કયો છે તે જણાવો ?

### ❋ શોભના દૃષ્ટિના ભેદ-પ્રભેદ ❋

પ્રશ્નકારના અભિપ્રાય મુજબ ઉત્તર આપતા વાચકશ્રી કહે છે કે - સમ્યગ્દષ્ટિ એટલે શોભનાદષ્ટિ, તે બે પ્રકારે છે. સાદિ સપર્યવસાન અને સાદિ અપર્યવસાન.

શોભના એટલે (૧) શુદ્ધ દલિકોથી કરાયેલ (૨) દર્શનમોહના ક્ષયથી કરાયેલ આ બીજા નંબરની શોભના દષ્ટિ ત્રણ પ્રકારે સંભવે છે. ૧. શ્રેણિકાદિ જેવા છદ્મસ્થને દર્શનમોહનીયના ક્ષયથી થતી શોભનાદષ્ટિ. ૨. અપાય સદ્ દ્રવ્ય (એનું સ્વરૂપ આગળ કહેશે)ના ક્ષયથી ભવસ્થકેવળીની શોભનાદષ્ટિ. તેમજ ૩. અપાયસદ્ દ્રવ્યના ક્ષયથી થતી સિદ્ધ ભગવંતોની શોભનાદષ્ટિ. આમાં શ્રેણિકાદિ છદ્મસ્થને અપાયસદ્ દ્રવ્યમાંથી સદ્દ્રવ્ય (સમકિત મોહનીયના શુદ્ધ

[1]...[1]. एतच्चिह्नित पाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)। २. उत्पन्नं सदव° पाA.।

अपरा भवस्थस्यापायसद्द्रव्यपरिक्षये केवलिनः, अपरा सिद्धस्येति। तत्र याऽपायसद्द्रव्यवर्तिनी **श्रेणिकादीनां** सद्द्रव्यापगमे च भवति अपायसहचारिणी सा सादिसपर्यवसाना, यस्मिन् काले श्रेणिकादिभिर्दर्शनमोहसप्तकं क्षपयित्वा रुचिराप्ता स आदिस्तस्याः, यदा **त्वपायः**=आभिनिबोधिकमपगतं भविष्यति केवलज्ञाने उत्पन्ने सोऽन्तोऽस्याः सम्यग्दृष्टेः, एतदाह– **सादिः सपर्यवसानेति**।

या तु भवस्थकेवलिनो द्विविधस्य [1]सयोगाऽयोगभेदस्य सिद्धस्य वा दर्शनमोहनीयसप्तकक्षयादपायसद्द्रव्यक्षयाच्चोदपादि सा **सादिरपर्यवसानेति**। यस्मिन् काले दर्शनमोहनीयं क्षपयित्वा प्राप्ताः स आदिः तस्याः। [2]एवमेव तत्त्वमित्येवंविधा या रुचिः सा न कदाचित् तस्यापैष्यतीति। एवं यथाक्रममुपन्यस्य स्वयं व्याख्यानयति– सादिसपर्यवसानेति यदुक्तं तस्येदं व्याख्यानम्- **सादिसपर्यवसानमेव सम्यग्दर्शनम्**।

यच्चापायसद्द्रव्यवर्ति तच्च सम्यग्दर्शनमितीह भणति। यच्च सद्द्रव्यविगमे अपायसम्भवे **श्रेणिकादीनां** तच्च भणति। कथं च सादीति ? सहादिना वर्तत इति सादि, यस्मिन् काले

• *હેમગિરા* •

દલિક )નો ક્ષય થતાં જે અપાય સહચારીણી દૃષ્ટિ થાય તે સાદિ સપર્યવસાન દૃષ્ટિ કહેવાય તે આ રીતે કે જ્યારે શ્રેણિકાદિ વડે દર્શનમોહ સપ્તકનો ક્ષય કરી રુચિ-શ્રદ્ધા પ્રાપ્ત કરાઈ ત્યારે તેમને અપાય સહચારિણી દૃષ્ટિની આદિ થઈ. અપાય એટલે 'આભિનિબોધિક બોધ'; અને જ્યારે કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય છે (થશે)ત્યારે આ અપાય નાશ પામશે અને આ અપાયસહચારિણી દૃષ્ટિનો અન્ત (પર્યવસાન) થશે. આને 'સાદિ સપર્યવસાન દૃષ્ટિ' કહેવાય.

*** સાદિ-અપર્યવસાન સમ્યગ્દૃષ્ટિને ઓળખીએ ***

ભવસ્થ એવા સયોગી કેવળી અને અયોગી કેવળી અથવા સિદ્ધ ભગવન્તોને દર્શન મોહનીય-સપ્તકનો તેમજ અપાય સદ્દ્રવ્યનો ક્ષય થવાથી જે દૃષ્ટિ પ્રાપ્ત થઈ તે સાદિ અપર્યવસાન કહેવાય. જે કાળે સયોગી કેવળી આદિ આત્માઓએ દર્શન સપ્તકનો ક્ષય કર્યો હતો ત્યારે આ દૃષ્ટિની સાદિ થઈ. તથા આ "આ પ્રમાણે જ તત્ત્વ છે" અર્થાત્ ભગવાને જે કહ્યું છે તે જ તત્ત્વ છે. એવા પ્રકારની જે રુચિ (દૃષ્ટિ) છે તે હવે ક્યારેય તેમની જવાની નથી તે એપક્ષાએ અપર્યવસાન થઈ.

આ સાદિ અપર્યવસાન દૃષ્ટિ કહેવાય. આમ યથાક્રમે બન્ને (સાદિ સપર્યવસાન, સાદિ અપર્યવસાન) દૃષ્ટિનો ઉપન્યાસ કરી ભાષ્યકાર સ્વયં આ બે દૃષ્ટિમાં સમ્યગ્દર્શન કોને કહેવાય એની વ્યાખ્યા કરતા કહે છે કે આ બેમાં જે સાદિ સપર્યવસાન દૃષ્ટિ છે તે દૃષ્ટિ અહીં સમ્યગ્દર્શન કહેવાય છે. અર્થાત્ જે અપાયવાળું અને સદ્દ્રવ્યવર્તી છે તે સમ્યગ્દર્શન કહેવાય. તેમજ સદ્દ્રવ્યનો નાશ થવા છતાં અપાય સહિતનું શ્રેણિકાદિનું સમકિત તે પણ સમ્યગ્દર્શન કહેવાય.

<u>પ્રશ્ન</u> :- આ સમ્યગ્દર્શનની સાદિ કઈ રીતે સંભવે ? <u>જવાબ</u> :- જે આદિપૂર્વક વર્તે તે 'સાદિ'

१. योगायोगस्य भेदस्य कोA.। २. एवमेतत् तत्त्व° मु.(पाA.)।

**भाष्य– सादिसपर्यवसानमेव च सम्यग्दर्शनम्। तज्जघन्येनान्तर्मुहूर्तम्, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणिसाधिकानि।**

मिथ्यादर्शनपुद्गलान् विशोध्य स्थापयति सम्यग्दर्शनतया तदा सादि, यदा त्वनन्तानुबन्ध्युदयात् पुनर्मिथ्यादर्शनतया परिणाममानेष्यति क्षपयित्वा वा तान् सम्यग्दर्शनपुद्गलान् केवली भविष्यति तदा सपर्यवसानम्[1]। सह पर्यवसानेन यद् वर्तते तत् सपर्यवसानमेव सम्यग्दर्शनम्।

यदा च दर्शनसप्तकं क्षपयित्वा प्राप्नोति **श्रेणिकादिः** स आदिस्तस्य केवलप्राप्तावन्त इति। तत् पुनः सम्यग्दर्शनं सादिसपर्यवसानम्। शुद्धदलिकसहवर्तिनी रुचिः कियन्तं कालं भवतीति यत् पुरस्ताच्चोदितं तद् भावयन्नाह- **तज्जघन्येनेत्यादि। तत्**=सम्यग्दर्शनं **जघन्येन अन्तर्मुहूर्तम्**, मुहूर्तो घटिकाद्वयं, मुहूर्तस्य मध्यं अन्तर्मुहूर्तम्। तदवतिष्ठते जघन्येनेति। '**सुप्सुपे**'ति समासो भवति। अत्यन्तसंयोगे कालस्य द्वितीया।

एतद् भवति तथा [2]कश्चिज्जन्तुः सम्यग्दर्शनं द्विघटिकान्तस्तत्परिणाममनुभूय मिथ्यादर्शनी

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **સમ્યગ્દર્શન એ સાદિ સપર્યવસાન જ હોય છે. આ સમ્યગદર્શન જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ હોય છે.**

કહેવાય. જ્યારે મિથ્યાદર્શનના પુદ્ગલોને વિશુદ્ધ કરીને સમ્યગ્દર્શનં તરીકે સ્થાપન કરાય ત્યારે સમ્યગ્દર્શનની સાદિ થઈ કહેવાય. વળી જ્યારે અનંતાનુબંધીના ઉદયથી ફરી- મિથ્યાદર્શન તરીકે પરિણમશે અથવા તો સમ્યગ્દર્શનના પુદ્ગલોને ખપાવી કેવળી બનશે ત્યારે સમ્યગ્દર્શનનો અંત (પર્યવસાન)કહેવાશે. પર્યવસાન સાથે વર્તે તે સપર્યવસાન સમ્યગ્દર્શન કહેવાય. શ્રેણિકાદિએ જ્યારે દર્શન સપ્તકનો ક્ષય કરી સમ્યગદર્શન પ્રાપ્ત કર્યું છે ત્યારે સમ્યગ્દર્શનની આદિ થઈ ગણાય. તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં આ સમ્યગ્દર્શનનું પર્યવસાન (અંત) થશે તેથી આ સમ્યંગ્દર્શનને પણ સાદિ સપર્યવસાન સમ્યગ્દર્શન કહેવાય.

### ❈ સાદિ સપર્યવસાન સમ્યગદર્શનની પીછાણ ❈

શુદ્ધદલિક સહવર્તિની આ રુચિ (સમ્યગ્દર્શન) કેટલા કાળ સુધી રહે છે ? આ પ્રશ્ન જે પૂર્વે પૂછાયેલ તેનો જવાબ આપતા કહે છે → તે સમ્યગ્દર્શન જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી રહે. મુર્હૂત એટલે બે ઘડી. મુર્હૂતનો અંતવર્તી ભાગ તે અન્તર્મુર્હૂત કહેવાય. '**अन्तर्मुहूर्तं**' પદમાં સુપ્સુપ્ સમાસ કર્યો છે, તથા અત્યંત સંયોગના અર્થમાં દ્વિતીયા વિભક્તિ કરી છે. જ્યારે કોઈ જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને બે ઘડી સુધી તેને અનુભવીને મિથ્યાદર્શની થાય અથવા કેવળી થાય, ત્યારે આ જઘન્ય સ્થિતિ ઘટે. આ પ્રમાણે જઘન્યસ્થિતિ કહીને ઉત્કૃષ્ટ સ્થિતિનુ નિરૂપણ કરે છે :- સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક ૬૬ સાગરોપમની સમજવી. તેની ભાવના આ પ્રમાણે-

१. सपर्यवसानेनान्तेन यद् खं.भां.। २. तथा सम्यग्दर्शनं कश्चिज्जन्तुर्द्वि° खं.भां.।

**भाष्य- सम्यग्दृष्टिः सादिरपर्यवसाना। सयोगः शैलेशीप्राप्तश्च केवली सिद्धश्चेति।।**

भवति केवली वा परतः, एवं च जघन्यां स्थितिमाख्यायोत्कृष्टां निरूपयन्नाह- **उत्कृष्टेने**त्यादि। उत्कर्षेण कियन्तं कालमास्ते ? **षट्षष्टिः सागरोपमाणि साधिकानि**, तद्भावना- इहाष्टवर्षः सम्यग्दर्शनमधिगम्य समासादितदीक्षः पूर्वकोटीं विहृत्याष्टवर्षोनाम् अपरिच्युतसम्यग्दर्शनो विजयादीनां चतुर्णामन्यतमस्मिन् विमाने उदपादि स्थितावुत्कृष्टायां, त्रयस्त्रिंशत्सागरोपमस्थितिः, तत्क्षयाच्च प्रच्युत्य मनुजेषु सहदर्शनः समजनि, पुनस्तेनैव प्रकारेण संयममनुष्ठाय तदेव विमानं तावत्स्थितिमनुप्रापत्, पुनः स्थितौ क्षीणायामक्षीणतत्त्वार्थश्रद्धानः संयमं प्राप्यावश्यन्तया सिद्ध्यति। एवं द्वे त्रयस्त्रिंशतौ षट्षष्टिः पूर्वकोटीत्रयातिरिक्ता, अच्युतकल्पे वा द्वाविंशतिसागरोपमस्थितिस्तिस्रो वाराः समुत्पद्यते, [1]ततः परमवश्यम्भाविनी तस्य सिद्धिरिति।

यदुक्तं पुरस्तात्-सम्यग्दृष्टिर्द्विविधा सादिः सपर्यवसानेति सोंऽशो भावितः। स्थितिरेव सादिर-पर्यवसानेति योंऽशस्तं भावयत्यनेन-**सम्यग्दृष्टिः सादिरपर्यवसाना सयोग** इत्यादिना। सह योगैर्मनो-

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **સમ્યગ્દૃષ્ટિ એ સાદિ અપર્યવસાન હોય છે. સમ્યગ્દૃષ્ટિ એવા સયોગી કેવળી, અયોગી (શૈલેશીપ્રાપ્ત) કેવળી અને સિદ્ધ ભગવન્તો સાદિ અપર્યવસાન સમ્યગ્દૃષ્ટિ કહેવાય.**

### ❋ સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ ❋

આઠ વર્ષનો કોઈ જીવ સમ્યગ્દર્શન મેળવી સંયમને આઠ વર્ષન્યૂન પૂર્વ ક્રોડ વર્ષ સુધી પાળી સમકિતથી પતિત થયા વિના સમકિત સહિત કાળ કરીને વિજય આદિ ચાર અનુત્તર વિમાનમાંથી કોઈ એકમાં ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળો દેવ બને. ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં સમકિત સહિત આવે. અને ફરી પૂર્વની જેમ સંયમ પાળી પૂર્વવત્ તે જ દેવ વિમાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો દેવ થાય. આ દેવ સ્થિતિ પૂરી થયા બાદ અખંડ સમકિતવાળો આ જીવ (માનવપણું મેળવી) સંયમ પાળીને અવશ્ય સિદ્ધ બને. આ પ્રમાણે બે વાર ૩૩ સાગરોપમ અને ત્રણ નર ભવની સ્થિતિ ગણતા કુલ ત્રણ પૂર્વ ક્રોડ વર્ષ અધિક ૬૬ સાગરોપમ સ્થિતિ પૂર્ણ થઈ અથવા ૨૨ સાગરોપમ સ્થિતિવાળા અચ્યુતકલ્પમાં કુલ ત્રણ વાર આ જીવ ઉત્પન્ન થાય (કુલ સાત ભવ કરવા પડે) અને પૂર્વોક્ત ઉત્કૃષ્ટ (સાધિક ૬૬ સાગરોપમની) સ્થિતિ પૂર્ણ થાય ત્યાર પછી અવશ્ય સિદ્ધ થાય.

પહેલા જે કહ્યું કે સમ્યગદૃષ્ટિ (સાદિ સપર્યવસાન અને સાદિ અપર્યવસાન) બે પ્રકારે છે તેમાં 'સાદિ સપર્યવસાન' અંશનો વિચાર થઈ ગયો છે. હવે સાદિ અપર્યવસાન રૂપ બીજા સ્થિતિ-અંશ ને જણાવતાં કહે છે કે આ સાદિ અપર્યવસાનરૂપ સ્થિતિ સયોગી આદિ સમ્યગ્દૃષ્ટિને હોય છે.

સયોગ એટલે મન-વચન અને કાયરૂપ યોગ. આ યોગ સાથે વર્તનારા કેવળી તે સયોગ કેવળી, કેવળજ્ઞાન મેળવ્યા બાદ જ્યાં સુધી શૈલેશી અવસ્થા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી સયોગ કેવળી

१. अतः मु. (भां.खं.)।

**भाष्य– विधानम्। हेतुत्रैविध्यात् क्षयादि त्रिविधं सम्यग्दर्शनम्।**

वाक्-कायलक्षणैः सयोगकेवली, उत्पन्ने केवलज्ञाने यावच्छैलेशीं न प्रतिपद्यते तावत् सयोगकेवली, शैलेशीप्रतिपत्तौ तु निरुद्धयोगत्वादयोगः। एतदेवाह- **शैलेशीप्राप्त** इति।

शिलानां समूहाः शैलाः तेषामीशो मेरुस्तस्य भावः शैलेशी अचलतेतियावत् तां प्राप्तः। स चेयान् कालो ज्ञेयः-मध्यमया वृत्त्या पञ्च ह्रस्वाक्षराण्युच्चार्यन्ते यावत्, ततः परं सिद्ध्यत्येव। एष द्विविधोऽपि केवली सयोगायोगाख्यो भवस्थः साद्यपर्यवसायनः सम्यग्दृष्टिरुच्यते। सिद्धश्च सर्वकर्मवियुत इति यतः सादिरप्यसौ रुचिर्न कदाचिदपैष्यतीति। सम्यग्दृष्टिः सादिरपर्यवसानैवेत्ययं स्त्रीलिङ्गनिर्देशः भवस्थकेवलिनः सयोगायोगस्य च सिद्धस्य च तस्यारुचेरनन्यत्वख्यापनार्थो, नासौ ततोऽन्य इति। अथवा सम्यग्दृष्टिः सादिरपर्यवसाना याऽभिहिता तामनुभवति सयोगादिरिति नेयम्[1]।।

सम्प्रति विधानद्वारं परामृशन्नाह- **विधानमिति**। विधीयते तदिति विधानं भेदः प्रकार इति।।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **વિધાન :- સમ્યગ્દર્શન પ્રાપ્તિના હેતુ ત્રણ પ્રકારના છે તેથી સમ્યગ્દર્શન ક્ષય આદિ ત્રણ પ્રકારે કહેવાય છે.**

કહેવાય. શૈલેશી અવસ્થા મેળવતાં જ યોગનિરોધ થઈ જતા 'અયોગ' કેવળી કહેવાય. શિલાઓનો સમૂહ તે 'શૈલ' કહેવાય. તે શૈલનો ઈશ તે શૈલેશ. અર્થાત્ સર્વ પર્વતોના રાજા મેરૂપર્વતના જેવી અચલ અવસ્થા તે શૈલેશી અવસ્થા કહેવાય. આ શૈલેશી અવસ્થાનો કાળ મધ્યમવૃત્તિથી બોલાતા પાંચ હ્સ્વાક્ષર (અ, ઈ, ઉ, ઋ, લૃ) સુધીનો સમજવો. ત્યાર પછી આત્મા ચોક્કસ સિદ્ધ થાય. આ બન્ને પ્રકારના સયોગ અને અયોગ નામના ભવસ્થ કેવળીઓ 'સાદિ અપર્યવસાન સમ્યગ્દષ્ટિ' કહેવાય છે. સિદ્ધ એ તો સર્વ કર્મથી વિયુક્ત છે. આદિ (ઉત્પન્ન) થયેલ રુચિ ક્યારે પણ સિદ્ધાત્મામાંથી જતી નથી તેથી સિદ્ધો પણ સાદિ અપર્યવસાન સમ્યગ્દષ્ટિ છે. '**सम्यग्दृष्टिः सादिरपर्यवसाना**' એ પદમાં સમ્યગ્દષ્ટિનું સાદિઅપર્યવસાના એમ સ્ત્રીલિંગ વિશેષણ લખવાનુ કારણ એ છે કે સયોગ કે અયોગ ભવસ્થ કેવળી તેમજ સિદ્ધ ભગવન્તોને આ રુચિ સાથે અનન્યપણુ છે. અર્થાત્ રુચિનો આ ત્રણે આત્માઓ સાથે કોઈ ભેદ નથી. તે જણાવવા સમ્યગ્દષ્ટિ 'સાદિ-અપર્યવસાના' આ પ્રમાણે સ્ત્રીલિંગ પ્રયોગ કર્યો છે. અથવા તો સાદિ અપર્યવસાન એવી આ સમ્યગ્ દષ્ટિને આ સયોગ કેવળી આદિ ત્રણે આત્માઓ અનુભવે છે. એ અર્થમાં સ્ત્રીલિંગ પ્રયોગ જાણવો.હવે વિધાન દ્વારને સમજાવે છે.

### ❋ સમકિતના ભેદને નિહાળીએ ❋

જેના થકી વસ્તુનું વિધાન કરાય તેને વિધાન કહેવાય. વિધાન, ભેદ, પ્રકાર આ બધા એકાર્થક છે.

<u>પ્રશ્ન</u> :- પૂર્વે 'સાધન' દ્વારમાં સમ્યગ્દર્શનના બે ભેદ ૧. નિસર્ગ અને ૨. અધિગમ. એ

१. ज्ञेयम् पाA.।

**ननु** च साधनद्वारेऽभिहित एव भेदो निसर्गसम्यग्दर्शनम्, अधिगमसम्यग्दर्शनमिति च, किं पुनर्भेद आख्यायते ? **उच्यते**– तत्र न सम्यग्दर्शनस्य भेदः प्रतिपिपादयिषितः, किन्तु निमित्तम्, तत्र क्षयादि यदुत्पत्तौ कारणतां प्रतिपद्यते तद्भेदो विवक्षितः, इह तु तेन निमित्तेन यत् कार्यमुपजनितं तस्य भेदः प्रतिपाद्यत इति, एवं च कृत्वा वक्ष्यमाणस्य सङ्ख्याद्वारस्यास्य च विधानद्वारस्य स्पष्ट एव भेदो निदर्शितः स्यात्।

विधानं सम्यग्दर्शनस्य भेदकं, क्षयसम्यग्दर्शनम् उपशमसम्यग्दर्शनं क्षयोपशमसम्यग्दर्शनमिति। सङ्ख्याद्वारेषु तद्वतो भेदः प्रतिपाद्यते, कियत् सम्यग्दर्शनम् ? कियन्तः सम्यग्दर्शनिन इत्यर्थः। निर्णयवाक्येऽपि चासङ्ख्येयानि सम्यग्दर्शनानीत्यस्मिन्नसंख्येयाः सम्यग्दर्शनिन इत्यर्थः, मतुब्लोपाद-भेदोपचारात् अर्शादिपाठाद् वा, तस्माद्युक्तं त्रयाणां साधन-विधान-सङ्ख्याद्वाराणां परस्परेण भेद इति।

• *હેમગિરા* •

પ્રમાણે કહેવાઈ જ ગયા છે તો ફરી આ વિધાન (ભેદ)ની વ્યાખ્યા શા માટે કરો છો ?

<u>જવાબ</u> :- પૂર્વે સાધનદ્વારમાં સમ્યગ્દર્શનના ભેદ કહેવાનું ઈષ્ટ નહોતું પણ સમ્યગ્દર્શનના નિમિત્તને જ કહેવું ઈષ્ટ હતું. વળી ત્યાં તો ક્ષય આદિ સમકિતની પ્રાપ્તિમાં જે કારણો છે તેના ભેદોની વાત જણાવી હતી. ત્યારે અહીં તો તે કારણો થકી ઉત્પન્ન થનાર જે સમકિત રૂપકાર્ય છે તેના ભેદની વાત કરવી છે.તેથી પુનરૂકિત નથી. આ વાત કરીને આગળ કહેવાતા 'સંખ્યા' દ્વાર અને આ 'વિધાન' દ્વારની ભેદરેખા પણ બતાવી દીધી છે.

તે આ પ્રમાણે કે આ વિધાન દ્વારમાં સમ્યગ્દર્શનના ૧. ક્ષય સમ્યગ્દર્શન ૨. ઉપશમ સમ્યગ્દર્શન અને ૩. ક્ષયોપશમ સમ્યગ્દર્શન એમ ત્રણે ભેદ કહ્યા છે, જ્યારે સંખ્યા દ્વારમાં તે સમ્યગ્દર્શનવાળા (સમ્યગ્દર્શની)ના ભેદ કહેવાશે. એટલે ૧/૮માં સૂત્રના ભાષ્યમાં સંખ્યા દ્વાર અંતર્ગત લખેલ પ્રશ્ન વાક્યમાં **कियत् सम्यग्दर्शन**નો અર્થ **कियत् सम्यग्दर्शनिन** કરવો. અર્થાત્ સમ્યગ્દર્શન કેટલા છે એમ નહીં પણ સમ્યગ્દર્શનવાળા (સમ્યગ્દર્શની) કેટલા છે એમ અર્થ કરવો અને એ જ પ્રમાણે નિર્ણય વાક્યમાં **असङ्ख्येयानि सम्यग्दर्शनानि** નો અર્થ **असंख्येयाः सम्यग्दर्शनिन** કરવો. →

### ❋ સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શની વચ્ચે અભેદ ❋

ઉપર સમ્યગ્દર્શની પદમાં રહેલ 'मतुप्' (સ્વામી દર્શક) પ્રત્યયનો લોપ કરી સમ્યગ્દર્શનનો જે ઉલ્લેખ કર્યો છે તેનો હેતુ સમ્યગ્દર્શન-ગુણ અને સમ્યગ્દર્શની-ગુણી વચ્ચે અભેદ દર્શાવવાનો છે. અથવા વ્યાકરણમાં આવતાં '**अर्शादि**' ગણ પાઠમાં રહેલા શબ્દોમાં સ્વામી દર્શક પ્રત્યય તરીકે **अच्** (अ) પ્રત્યય પણ મૂકાય છે. જેમ કે **अर्शांसि अस्य विद्यन्त इति अर्शसः** તે રીતે પ્રસ્તુતમાં પણ **सम्यग्दर्शनं अस्य इति सम्यग्दर्शनम् = सम्यग्दर्शनी** પ્રયોગ કર્યો છે.

આ રીતે સાધન, વિધાન અને સંખ્યા ત્રણેમાં પરસ્પર ભેદ છે. હવે રુચી એ હકીકતમાં

**भाष्य-** *__तदावरणीयस्य कर्मणो दर्शनमोहनीयस्य च क्षयादिभ्यः। तद्यथा- क्षयसम्यग्दर्शनं, उपशमसम्यग्दर्शनं, क्षयोपशमसम्यग्दर्शनमिति।__*

सम्प्रति भेदकथने प्रवर्तमान एकस्याश्च भेदरूपता रुचेरयुक्तरूपेति मन्यमानः कारणोपाधिकं भेदं दर्शयन्नाह- **हेतुत्रैविध्यात् क्षयादि त्रिविधमित्यादि**। तिस्रो विधा यस्य स त्रिविधो हेतुः अन्यपदार्थः, त्रिविधस्य भावस्त्रैविध्यम्, हेतोस्त्रैविध्यं हेतुत्रैविध्यम्, तस्माद्धेतुत्रैविध्याद् 卐वर्तमानसामीप्यादिवत् समासः। हेतुत्रैविध्यप्रदर्शनायाह- **क्षयादि त्रिविधं सम्यग्दर्शनमिति**।

कार्यनिर्देश एषः, न च त्रिभिः सम्भूयैकं जन्यते मृदुदक-गोमयैरिवोपवेशनकं, किन्तु क्षयेणान्यैव रुचिरात्यन्तिकी सकलदोपरहिताऽऽविर्भाव्यते, क्षयोपशमेनापि चान्यादृश्येव, तथोपशमेनेति, अतस्त्रिविधं सम्यग्दर्शनम्। यत्कार्यं क्षयादिहेतुभिः। के पुनस्ते हेतव इति ?। उच्यते- क्षयादयः,

● હેમગિરા ●

<u>ભાષ્યાર્થ</u> :- **સમ્યગ્દર્શનના આવરણીય દર્શનમોહનીયકર્મના ક્ષયાદિ થકી આ ત્રણે સમકિત પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે - ક્ષય સમ્યગ્દર્શન, ઉપશમ સમ્યગ્દર્શન અને ક્ષયોપશમ સમ્યગ્દર્શન.**

એક જ સ્વરૂપવાળી છે તેથી એના સીધા ભેદો કરવા અયુક્ત છે એવું માની ગ્રંથકાર એક સ્વરૂપવાળી રુચીના કારણોપાધિક=કારણને લઈને થતાં ભેદો દર્શાવે છે :-

卐ત્રણ પ્રકાર છે જેના એવો હેતુ તે ત્રિવિધ હેતુ કહેવાય. હેતુ :- કાર્ય માટેનો અન્ય કોઈ કારણ પદાર્થ. હેતુનું ત્રૈવિધ્ય જણાવતાં કહે છે → સમ્યગ્દર્શન ક્ષયાદિ ત્રણ પ્રકારે છે.

અહીં સમ્યગ્દર્શન એક કાર્યરૂપ છે. કર્મોના ક્ષયાદિ એ કારણ છે. જેમ ભેગા થયેલા માટી, પાણી અને છાણથી એક ઉપવેશનક=સભા, મકાનનું નિર્માણ થાય તેમ અહીં ક્ષયાદિ ત્રણે ભેગા થઈને એક પ્રકારની આ રુચિરૂપ કાર્યને નથી ઉત્પન્ન કરતા પણ (દર્શન મોહનીયકર્મના) ક્ષય વડે અન્ય જ કોટીની સદા અવસ્થિત રહેનારી તથા સકળ દોષ રહિત એવી રુચિ પ્રગટે. તથા ક્ષયોપશમથી પ્રકટ થતી રુચિ જુદી જ હોય એ જ રીતે ઉપશમથી પ્રકટ થતી રુચિ જુદા પ્રકારની છે. આથી ત્રણ પ્રકારે સમ્યગ્દર્શન કહ્યાં છે. જે ક્ષયાદિ હેતુ (કારણ)ના કાર્યરૂપ છે.

### ❊ સમ્યગદર્શનના હેતુઓને ઓળખીએ ❊

<u>પ્રશ્ન</u> :- તે હેતુઓ કયા છે ? જેના થકી સમકિત (કાર્ય) થાય છે ?

<u>જવાબ</u> :- તે હેતુઓ ક્ષયાદિ છે કે જેનાથી સમ્યગ્દર્શન રૂપકાર્ય ઉત્પન્ન થાય છે.

<u>પ્રશ્ન</u> :- આ ક્ષય આદિ કોના થાય છે ?

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૧ 卐. **त्रिविधस्य भाव इति त्रैविध्य.** આ ત્રૈવિધ્ય સમકિતના હેતુનું છે. (મૂળ સમકિતનું નહીં) તેથી **हेतुत्रैविध्यात्** પ્રયોગ થયો છે. આ સમાસ **'वर्तमानसामीप्य'** ઇત્યાદિ જેવો જાણવો તે આ મુજબ છે :- **'समीपस्य भाव इति = सामीप्य, वर्तमानस्य सामीप्य इति वर्तमानसामीप्य'** એ જ રીતે વિગ્રહ **हेतुत्रैविध्यम्** પદમાં પણ સમજવું. જે ઉપર ટીકામાં દર્શાવેલ છે.

कस्य ते क्षयादयोऽत आह- **तदावरणीयस्ये**त्यादि। **तस्य**=सम्यग्दर्शनस्य, **आवरणीयम्**=आच्छादकं शशलाञ्छनस्येवाभ्रादि, तस्य चावरणीयं कर्म ज्ञानावरणीयं, मत्याद्यावरणीयमित्यर्थः। तस्य तदावरणीयस्य कर्मणः। तथा **दर्शनमोहनीयस्य च इति**, कस्येति चेत् ? उच्यते- अनन्तानुबन्ध्यादिदर्शनमोहनीयस्य चेति, अनन्तानुबन्ध्यादिदर्शनसप्तकस्य **क्षयादिभ्य** इति च- क्षय-उपशम-क्षयोपशमेभ्यो हेतुभ्यस्तदुपजायते, सम्यग्दर्शनावरणीयस्येति च ब्रुवता ज्ञानावरणीयमभ्युपगतम्, तदभ्युपगमे च ज्ञानत्वं सम्यग्दर्शनस्य सुप्रतिपाद्यम्। तथा दर्शनमोहनीयस्येति ब्रुवता इदमभ्युपगतम्-दर्शनमोहनीयस्य क्षयादिषु सत्सु तत्प्रादुर्भावो न पुनर्दर्शनमोहस्तदावरणमित्येतद् भावितमेव पुरस्तात्। ग्रन्थकारस्याप्ययमेवाभिप्रायः पुनरुद्घट्टित इति। **तद्यथा** इति।

एभ्यो हेतुभ्यो यत् कार्यमुपजातं तत् प्रदर्श्यते- **क्षयसम्यग्दर्शनमि**ति। मत्याद्यावरणीय-दर्शनमोहसप्तकक्षयादुपजातं क्षयसम्यग्दर्शनमभिधीयते, तेषामेवोपशमाज्जातं उपशमसम्यग्दर्शनमुच्यते, तेषामेव क्षयोपशमाभ्यां जातं क्षयोपशमसम्यग्दर्शनमभिदधति प्रवचनाभिज्ञाः। एषां च क्षयादीनां प्राग्भावना कृतैव, इह केवलं तदावरणीयेषु लगनीया इति। एवं क्षयादिहेतुकं यत् कार्यमुपाजनि तत्

• *હેમગિરા* •

<u>જવાબ</u> :- સમ્યગ્દર્શનના જે આવરણીય કર્મો છે તેના ક્ષય આદિ થાય છે. જેમ ચંદ્રમાને ઢાંકનાર વાદળ છે તેમ આ સમ્યગ્દર્શનને આવરનાર મતિ વગેરે જ્ઞાનાવરણીય કર્મ છે. આ મતિ-જ્ઞાનાવરણીય આદિ કર્મના તથા દર્શન મોહનીયના=અનંતાનુબંધી આદિ દર્શન સપ્તકના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ રૂપ હેતુઓથી તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. ભાષ્યમાં **तदावरणीयस्य** (=**सम्यग्दर्शनावरणीयस्य**) પદ દ્વારા તે સમ્યગ્દર્શનના આવરણીય કર્મો તરીકે જ્ઞાનાવરણીય કર્મ સ્વીકારાયેલ છે અને તેમ સ્વીકારવા સાથે સમ્યગ્દર્શન એ જ્ઞાન સ્વરૂપ છે તેમ સિદ્ધ કર્યું. (સમ્યક્ત્વમાં જ્ઞાનત્વનું પ્રતિપાદન કર્યું.)

તેમજ **दर्शनमोहनीयस्य** એમ કહેતાં આ પ્રમાણે પ્રતિપાદન કર્યું કે દર્શન મોહનીય કર્મના ક્ષયાદિ થયે છતે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય પણ આ દર્શનમોહનીય કર્મ સમ્યગ્દર્શનનું આવરણીય કર્મ નથી. આ હકીકત વિગતવાર પહેલા સમજાવી દીધી છે. ગ્રંથકાર (ઉમાસ્વાતિજી) મહર્ષિએ પણ પ્રસ્તુત ભાષ્યમાં આ જ અભિપ્રાયને ફરીથી અહીં પ્રતિપાદન કરેલ છે. આ ઉપરોક્ત હેતુઓથી જે કાર્ય ઉત્પન્ન થાય છે તેને દર્શાવે છે-

### ❋ ક્ષયાદિસમ્યક્ત્વને જાણીએ ❋

પ્રવચન જ્ઞાતાઓ મતિ આદિ જ્ઞાનાવરણીય તેમજ દર્શન મોહ સપ્તકના ક્ષયથી જે કાર્ય ઉત્પન્ન થાય છે તેને ક્ષય સમ્યગ્દર્શન કહે છે. તેનજ તેઓના ઉપશમથી થતાં દર્શનને ઉપશમ સમ્યગ્દર્શન કહે છે. એને તેઓના જ ક્ષયોપશમથી ઉત્પન્ન થતાં સમ્યગ્દર્શનને ક્ષયોપશમ સમ્યગ્દર્શન કહે છે. આ ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમની ભાવના (સ્વરૂપ) પૂર્વે કહી દીધી છે. અહીં માત્ર તદાવરણીય (દર્શન મોહ, જ્ઞાનાવરણ) કર્મોમાં તે ક્ષયાદિની વ્યાખ્યા જોડી લેવી.

ક્ષયાદિ છે હેતુ જેમાં એવાં (ક્ષાયિક સમકિતાદિરૂપ) કાર્યને જણાવ્યા બાદ અત્યારે એક પ્રશ્ન કરાય છે. <u>પ્રશ્ન</u> :- આ ક્ષાયિકાદિ સમકિત શું એક સરખા રૂપ છે કે એક બીજાથી પ્રકર્ષ રૂપવાળા

**भाष्य– अत्र चौपशमिक-क्षायोपशमिक-क्षायिकाणां परतः परतो विशुद्धिप्रकर्षः ।।७।।**

प्रदर्श्याधुना एतत् पृच्छ्यते-किमेकरूपाण्येवैतानि उतास्ति कश्चित् प्रकर्ष एषामिति ?। उच्यते- **अत्र चे**त्यादि। **अत्रे**ति एषु क्षयादिसम्यग्दर्शनेषु, यथा कार्यभेदोऽभ्युपगतः एवं प्रकर्षभेदोऽभ्युपगन्तव्य इति कथयत्येतच्चशब्दः। तं च प्रकर्षं दर्शयन्नाह- **औपशमिके**त्यादि। पूर्वं च क्षयसम्यग्दर्शनं प्रधानत्वादुपन्यस्येदानीं प्रकर्षस्य निदर्श्यत्वादन्ते तदुपन्यस्यति।

उपशमेन=उदयविघातरूपेण निर्वृत्तमौपशमिकं, क्षयेण=[1]परिशाटरूपेणोपशमेन च निर्वृत्तं क्षायोपशमिकम्, क्षयेण निर्वृत्तं क्षायिकम्, अत एषामौपशमिकादीनामिमां रचनामाश्रित्य परस्य परस्य विशुद्धिप्रकर्षो=निर्मलता=स्वच्छता=तत्त्वपरिच्छेदितेत्यर्थः। औपशमिकं हि सम्यग्दर्शनं सर्वमलीमसम्, अल्पकालत्वात्, भूयश्च मिथ्यात्वगमनात्, यतोऽन्तर्मुहूर्तमात्रं भवेत्, यदि च कालं तत्रस्थो न करोति एवं सति मिथ्यादर्शनमेव प्रतिपद्यत इत्यागमः। तस्माच्चौपशमिका[2]त् क्षायोपशमिकसम्यग्दर्शनं विशुद्धतरम्, बहुकालावस्थायित्वात्, यत उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि तदुक्तम्,

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **આ ત્રણમાં ઔપશમિક કરતાં ક્ષાયોપશમિક અને તેથી ક્ષાયિક સમકિત વધુ પ્રકર્ષ વિશુદ્ધિવાળા છે. ॥ ૭ ॥**

છે ? **જવાબ** :- અહીં ક્ષાયિકાદિ સમ્યગ્દર્શનમાં જેમ કાર્ય ભેદ સ્વીકારાયો છે તેમ પ્રકર્ષ (શુદ્ધિ)નો ભેદ પણ સ્વીકારવો જોઈએ. આ હકીકત ભાષ્ય અંતર્ગત '**अत्र च**'નો **च** શબ્દ કહી આપે છે.

### ❋ ક્ષાયિકાદિ સમ્યગ્દર્શનમાં પ્રકર્ષાદિભેદ ❋

સમ્યગ્દર્શનમાં ક્ષાયિક સમ્યગ્દર્શન એ પ્રધાન હોવાથી ભાષ્યમાં પ્રકાર કોટિમાં તેને પ્રથમ મૂકેલ છે અને પ્રકર્ષ કોટિમાં પ્રાંતે મૂકેલ છે.

કર્મોદયના નિવારણ (= ઉપશમન)થી થયેલું સમકિત તે ઔપશમિક સમિકત કહેવાય. ઉદયમાં આવતાં કર્મોના પરિશાટન (ક્ષય) અને સત્તામાં રહેલ કર્મોનો ઉપશમ કરવા વડે પ્રાપ્ત થતું સમકિત ક્ષાયોપશમિક કહેવાય અને તેના આવરણીય કર્મના ક્ષયથી થતું સમકિત તે ક્ષાયિક સમ્યગ્દર્શન કહેવાય. ભાષ્યમાં ઔપશમિકાદિ જે ક્રમ રચના કરી તેનાથી "આ ત્રણેમાં ઉત્તરોત્તર વિશુદ્ધિનો પ્રકર્ષ = નિર્મળતા અર્થાત્ સ્વચ્છતાવાળો તત્ત્વબોધ હોય છે." એવું સૂચન કર્યુ છે. કારણ કે ત્રણેમાં ઔપશમિક અલ્પકાળ રહેતું હોવાથી તેમજ આમાંથી ફરી મિથ્યાત્વગમન શક્ય હોવાથી સર્વથી મલિન સમકિત સમજવું. આ સમકિતનો અંતર્મુહૂર્ત જેટલો સમય પૂરો થતાં કાં તો જીવ કાળ કરે અને કાં તો મિથ્યાત્વ પ્રાપ્ત કરે, એમ આગમમાં કહ્યું છે.

ઔપશમિક કરતા ક્ષાયોપશમિક બહુકાળ સ્થિતિવાળું હોવાથી વધુ શુદ્ધ છે. સાધિક છાસઠ સાગરોપમ આ ક્ષાયોપશમિક સમકિતનો કાળ છે. આ કાળની સંગતિ પૂર્વે જણાવી દીધી છે.

१. उपरि° मु.(खं,भां)। २. कतः मु. (भां.पा)।

**सूत्रम्- सत्सङ्ख्या-क्षेत्र-स्पर्शन-कालान्तर-भावाल्पबहुत्वैश्च ।।१-८।।**

**भाष्य- किञ्चान्यत्, सत्, सङ्ख्या, क्षेत्रं, स्पर्शनं, कालः, अन्तरं, भावः, अल्पबहुत्वमित्येतैश्च सद्भूतपदप्ररूपणादिभिरष्टाभिरनुयोगद्वारैः सर्वभावा[१]नां विकल्पशो विस्तराधिगमो भवति।**

अत एव च तस्य वस्तुपरिच्छेदे स्पष्टं ग्रहणसामर्थ्यमनुमातव्यमागमाच्चास्मात्, ततश्च क्षायिकं विशुद्धतमम्, सर्वकालावस्थायित्वात् स्पष्टवस्तुपरिच्छेदाच्चेति ।।७।। **किञ्चान्यदि**त्युत्तरसूत्रसम्बन्धवाक्यं, न केवलमेभिरेवैभिश्च निश्चयः कार्य इति, कैरिति चेदित्यत आह– **सत्सङ्ख्येत्यादि**। सच्छब्दं च सङ्ख्यादिविशेषणं कश्चिदाश्रयेदित्यतो निराकरणार्थं विविच्य दर्शयति– **सत् सङ्ख्या क्षेत्रमि**त्यादि युक्तमेवैतद् द्वारमिति। इतिशब्द इयत्तायाम्। इयद्भिरेव येऽन्ये तेऽत्रैवान्तर्भवन्ति, **एतैश्च** सूत्रोक्तैः। एतदेव विशेषयति- **सद्भूतपदप्ररूपणा[२]दिभिः, सद्भूतस्य**=विद्यमानार्थस्य सम्यग्दर्शनपदस्य **प्ररूपणा**=

• હેમગિરા •

<u>સૂત્રાર્થ</u> :- **તથા સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ વડે તત્ત્વોનો અધિગમ કરવો ।।૧-૮।।**

<u>ભાષ્યાર્થ</u> :- **વળી બીજું એ કે સત્ (અસ્તિત્ત્વ), સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અન્તર, ભાવ અને અલ્પ-બહુત્વ- એ પ્રમાણે આઠ સદ્ભૂતપદ-પ્રરૂપણાદિ અનુયોગદ્વાર વડે સર્વ ભાવોનો વિકલ્પપૂર્વક વિસ્તારથી અધિગમ થાય છે.**

એથી જ વસ્તુના બોધમાં ઔપશમિક કરતાં ક્ષાયોપશમિક વધુ સ્પષ્ટ છે, તેમ અનુમાન કરી શકાય છે. તેમજ આગમથી પણ જાણી શકાય છે અને ક્ષાયિક એ ક્ષાયોપશમિક કરતાં વિશુદ્ધતમ છે. કારણ કે ક્ષાયિક દર્શન સર્વ (શાશ્વત) કાળ અવસ્થિત રહે છે તથા વધુ સ્પષ્ટ બોધ કરાવે છે. ।।૭।।

*** ભાષ્યગત પદોની મીમાંસા ***

'**किंचान्यत्**' આ પદ દ્વારા પછીના સૂત્ર સાથે સંબન્ધ કરાવતા કહે છે કે માત્ર નિર્દેશ આદિ દ્વારો વડે જ સમ્યગ્દર્શન આદિ તત્ત્વોનો નિશ્ચય ન કરવો પણ બીજા પણ દ્વારો છે તે અમે આઠમાં સૂત્રથી કહીએ છીએ. સૂત્ર અંતર્ગત 'સત્' શબ્દને સંખ્યાદિ પદોના વિશેષણ તરીકે કોઈ ન સમજી બેસે માટે તેનું નિરાકરણ કરતા વાચકપ્રવરશ્રી ભાષ્યમાં સમાસનો વિવેક (વિગ્રહ) કરી જણાવે છે → સત્, સંખ્યાદિ (અનુયોગ) દ્વારો સમ્યગ્દર્શનાદિ તત્ત્વોને જાણવા માટે યુક્ત (સક્ષમ) દ્વારો છે. ભાષ્યમાં લખાતો '**इति**' શબ્દ એ દ્વારોની માત્રા (પરિમાણ)નો સૂચક છે. અર્થાત સત્ આદિ આઠ જ દ્વારો અનુયોગના છે. એથી વધારે નહીં. જો આનાથી પણ અન્ય કોઈ દ્વારો હોય તો તેનો અન્તર્ભાવ આ ૮ દ્વારોમાં જ કરી લેવો. પણ સંખ્યા આટલી જ રાખવી. આ દ્વારોનાં (ભાષ્યમાં) ત્રણ વિશેષણ લખ્યા છે. :- ૧. **सद्भूतप्ररुपणादिभिः** ૨. **अनुयोगद्वारैः**, ૩. **अष्टाभिः सद्भूतप्ररुपणादिभिः** :- વિદ્યમાન (સત્) એવા સમ્યગ્દર્શન પદની પ્રરૂપણા એટલે

१. तत्त्वानां बा। २. °पणादिनि भां, राB.।

**भाष्य- कथमिति चेत्, उच्यते- सत्, सम्यग्दर्शनं किमस्ति [1]नास्ति? अस्तीत्युच्यते। क्वास्तीति चेत्,**

तत्त्वकथनं सा आदिर्येषां तानि सद्भूतपदप्ररूपणादीनि **तैरिति** विवेकेन फलं दर्शयति- **अष्टाभिरिति**। तेषां च व्याख्यानाङ्गतां कथयति- **अनुयोगद्वारैरिति**। **सर्वभावानाम्** इत्यनेनैषां व्यापितां कथयति- **सदादीनां विकल्पश** इत्यादि व्याख्यातमेव।

**कथमिति चेदि**त्यनेन पराभिप्रायमाशङ्कते- केन प्रकारेण एभिर्विस्तरेणाधिगमः क्रियत इत्येवं मन्येथाः? **उच्यते**- यथा क्रियते विस्तराधिगम इति, **सदित्य**नेनाद्यद्वारं परामृशति, कथं चैतस्य द्वारस्योत्थानं? यथा शङ्कते परः किमस्ति नास्तीत्येवम्, अन्यथा सत्त्वे निर्ज्ञाते अयुक्तमेवैतत् कथनमिति, अत आशङ्कावाक्यं दर्शयति- **सम्यग्दर्शनं किमस्ति नास्तीति**। अस्माच्चायं संशयः, यतः शब्दोऽसत्यपि बाह्येऽर्थे शशविषाणादिके[2] प्रवर्तमानो दृष्टः, सति च बहिरङ्गेऽर्थे घटादौ

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **શી રીતે ? તે જણાવતા પ્રથમ સત્ દ્વારને કહે છે કે :- સમ્યગ્દર્શન છે કે નથી ? જો છે એમ કહો છો તો ક્યાં છે ?**

તત્ત્વ કથન - આ સદ્ભૂત પ્રરૂપણા આદિ (પ્રથમ) છે જેમાં તે સદ્ભૂત પ્રરૂપણાદિ. આ પ્રરૂપણાઓ કેટલા પ્રકારે છે તેના ભેદો દર્શાવતા કહે છે. **अष्टाभिः** :- તત્ત્વની પ્રરૂપણા સત્ આદિ આઠ પ્રકારે થાય છે. આ આઠે વ્યાખ્યા (=અનુયોગ)ના અંગો છે તે જણાવવા '**अनुयोगद्वारैः**' એ ઉલ્લેખ કર્યો. સારાંશ એ થયો કે સત્પ્રરૂપણાદિ આઠ અનુયોગ દ્વારો વડે સર્વ ભાવો (તત્ત્વો)ની વ્યાખ્યા કરાશે. :- '**सर्वभावानां**' પદ કહીને એ દર્શાવ્યું કે આ અનુયોગ દ્વારોમાં જીવાદિ સર્વ તત્ત્વોની વ્યાપકતા છે.

### ❋ ૮ અનુયોગદ્વારોની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- પ્રસ્તુતમાં કઈ રીતે સત્ આદિ દ્વારો વડે વિસ્તારથી અધિગમ થાય છે ?

<u>જવાબ</u> :- જે રીતે વિસ્તારથી બોધ થાય તે રીત કહીએ છીએ. તેમાં પ્રથમ દ્વાર એવા 'સત્'નો પરામર્શ (વિચાર) કરીએ છીએ. તેમાં સર્વ પ્રથમ આ 'સત્' દ્વારનું ઉત્થાન શા માટે થયુ ? તેને જણાવતાં કહે છે → જેમ કે કોઈને શંકા થાય કે- 'સમ્યગ્દર્શન છે કે નહીં ?' તો એવી ઉત્પન્ન થએલ શંકાના સમાધાનરૂપે સત્ દ્વારનું ઉત્થાન થાય છે. જો સમ્યગ્દર્શનાદિ ભાવો સત્=વિદ્યમાન જ છે એવું જ્ઞાન થઈ જાય તો આ દ્વાર કથનનું કોઈ પ્રયોજન નથી રહેતું. આ જ હેતુથી ભાષ્યમાં શંકા વાક્યને દર્શાવતા 'સમ્યગ્દર્શન શું છે કે નહીં ?' એમ કહ્યું. આ સંશય થવાનું કારણ એ છે કે - ઘણીવાર જે વસ્તુ અસત્ છે તે વસ્તુ અંગે પણ શબ્દ રચના પ્રવર્તતી હોય છે. જેમ કે 'સસલાનું શીંગડું' એ જ રીતે જે સત્ છે તેવા ઘટાદિ બાહ્ય પદાર્થો વિશે પણ ઘટાદિ શબ્દ પ્રવર્તે છે. આમ

१. नास्ति ? उच्यते, अस्ति। पाB.लिं.। २. °णादिकः मु. (खं,भां)।

**भाष्य- उच्यते अजीवेषु तावन्नास्ति, जीवेषु तु [१]भाज्यम्। तद्यथा- *गतीन्द्रियकाययोगकषायवेद-लेश्या-सम्यक्त्व-ज्ञान-दर्शन-चारित्राहारोपयोगेषु त्रयोदशस्वनुयोगद्वारेषु यथासंभवं सद्भूतप्ररूपणा कर्तव्या।।**

दृष्टो घटादिः, अतः किं सत्यर्थे उतासति सम्यग्दर्शनशब्दः प्रवृत्तो बहिरर्थ इति प्रश्नयति। सूरिराह- **अस्तीत्युच्यते**। विद्यते सम्यग्दर्शनशब्दवाच्योऽर्थो घटादिशब्दवाच्यवत्। कथं चानेन निरचायि, आप्तोपदेशात् प्रशम-संवेग-निर्वेदाद्यनुमानाच्च। इतरेणाव्यक्ताभिधानवत् प्रतिपद्य पुनर्नोद्यते- **क्व चैतदिति**। गुणो ह्ययं तेन च परतन्त्रत्वात् साधिकरणेन भवितव्यम् रसेनेवाणुवव्यापिनेत्येतदाशङ्कया पराभिप्रायमाचार्य आह- **क्वास्तीति चेत्** मन्यसे, **उच्यते**- द्वये पदार्थाः जीवा अजीवाश्च।

तत्रा**जीवेषु तावन्नास्ति**, निश्चयावलम्बनेन धर्माधर्माकाश-पुद्गलेषु, यतो ज्ञानाख्यश्चेतनावत्सु समवेतो गुणः स कथमन्यधर्मः सन्नन्यत्र वर्तते। यच्चोक्तं कस्येति स्वामित्वचिन्तायां अजीवस्य प्रतिमादेः सम्यग्दर्शनमिति तदुपचारात्, नत्वसौ मुख्यः कल्पः। इह तु मुख्यां वृत्तिमशिश्रियद्

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- **સમ્યગ્દર્શન અજીવમાં તો નથી અને જીવમાં વિકલ્પે છે. તે આ પ્રમાણે :- ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, કષાય, વેદ, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આહાર અને ઉપયોગ આ તેર અનુયોગ દ્વારોમાં જે પ્રમાણે સંભવ હોય તે પ્રમાણે સદ્ભૂત પ્રરૂપણા કરવી.**

હોવાથી સમ્યગ્દર્શન શબ્દ શું સત્ અર્થમાં પ્રવર્તે છે કે અસત્ અર્થમાં પ્રવર્તે છે ? એ શંકા સંભવી શકે છે તેથી સૂરિ (વાચક પ્રવર) જવાબ આપતાં કહે છે :- 'अस्ति'. ઘટાદિ શબ્દથી વાચ્ય વસ્તુ જેમ સત્ છે તેમ સમ્યગ્દર્શન શબ્દથી વાચ્ય અર્થ પણ વિદ્યમાન છે.

<u>પ્રશ્ન</u> :- આને કઈ રીતે ઓળખાય ? <u>જવાબ</u> :- સમ્યગ્દર્શન એ સર્વજ્ઞ (આગમ)ના ઉપદેશથી જણાય છે તેમજ ઉપશમભાવ, સંવેગ, નિર્વેદ આદિ ચિહ્નો વડે અનુમાનથી પણ જણાય છે.

### * સમ્યગ્દર્શનનું અસ્તિત્વ ક્યાં છે ? *

'સમ્યગ્દર્શન સત્ = વિદ્યમાન છે' એટલુ માત્ર કહેવાથી સ્પષ્ટ બોધ (પ્રશ્નકારને) ન થયો હોવાથી અવ્યક્ત નામની જેમ સમ્યગ્દર્શનને સ્વીકારીને ફરી પ્રશ્ન કરે છે કે આ સમ્યગ્દર્શન ક્યાં રહેલું છે ? કારણ કે ગુણ ક્યારે પણ પરતંત્ર હોય છે અર્થાત્ ગુણીને આધીન હોય પણ તેના વગર રહે નહીં, જો આ સમ્યગ્દર્શન ગુણ છે તો રસ-ગુણ જેમ અણુ-પરમાણુને વ્યાપીને રહેનાર છે તેમ સમ્યગ્દર્શન ગુણ કયા ગુણીમાં છે તે બતાવો ? આવા પરના અભિપ્રાયને આશ્રયી આચાર્યશ્રીએ સમ્યગ્દર્શન ક્યાં છે ? એ પ્રશ્ન ઉભો કરી આનો જવાબ આ પ્રમાણે આપ્યો છે કે :- જગતમાં બે પ્રકારના પદાર્થો છે ૧. જીવ, ૨. અજીવ. એમા અજીવ એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયમાં તો નિશ્ચયદષ્ટિએ વિચારતા સમ્યગ્દર્શન ગુણ નથી. કારણ કે જ્ઞાન રૂપ આ સમ્યગ્દર્શન ગુણ ચેતનાવાન્ (આત્મા)માં જ સમવેત છે.

१. भजनीयं राA. *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૨

वाचकमुख्यः, अजीवेषु तावदुक्तक्रमेण नास्तीति। अथ जीवेषु का वार्तेत्यत आह- **जीवेषु तु भाज्यम्**। तुशब्द एवकारार्थे भाज्यमेव, नावश्यम्भावि। सर्वेषु भजनां च कथयन्ति- **तद्यथागतीन्द्रियेत्यादिना**। गत्यादीनि चान्य**त्रावश्यकादौ** प्रपञ्चेनोक्तानि, अशून्यार्थं तु किञ्चिद् दर्श्यते, गत्यादिषु [1]पूर्वप्रतिपन्नाः प्रतिपद्यमानाश्च सम्यक्त्वं चिन्त्यन्ते। तत्र नारकप्रभृतिषु[2] गतिषु चतसृष्वपि पूर्वप्रतिपन्नाः प्रतिपद्यमानाश्च जीवाः सन्ति, नरकगतौ क्षायिक-क्षायोपशमिके स्यातां, तिर्यग्गतावप्येते, मनुष्यगतौ त्रीण्यपि क्षायिकादीनि सन्ति, देवगतौ क्षायिक-क्षायोपशमिके भवेताम्।

इन्द्रियाणि सामान्येनाङ्गीकृत्य सन्ति पूर्वप्रतिन्नाः प्रतिपद्यमानकाश्च विकल्पशः, एकेन्द्रियेषु न पूर्वप्रतिपन्नाः न प्रतिपद्यमानकाः। द्वि-त्रि-चतुरिन्द्रियेष्वसंज्ञिपञ्चेन्द्रियेषु च पूर्वप्रतिपन्ना भाज्याः सास्वादनसम्यक्त्वं[3] प्रतिपद्यमानास्तु न सन्त्येव संज्ञिपञ्चेन्द्रियेषु द्वयमप्यस्ति। कायान् पृथिव्यादीनाश्रित्य

• હેમગિરા •

તેથી આત્માનો જ ગુણ કહેવાશે અને આત્મસમવેત ગુણ અન્ય (ધર્માસ્તિકાયાદિ)માં શી રીતે હોઈ શકે ? અન્યનો ગુણધર્મ અન્યમાં શી રીતે હોય ? અર્થાત્ ન હોય. જ્ઞાનગુણ આત્મા સિવાય ક્યાંય નથી. જે પૂર્વ સ્વામિત્વ દ્વાર (સુત્ર-૭)માં પ્રતિમાદિમાં આ સમ્યગ્દર્શન રહે છે તેમ કહ્યું તે ઉપચાર (વ્યવહાર)થી સમજવું, પણ મુખ્ય વૃત્તિથી નથી કહ્યું. પ્રસ્તુત અધિકરણ દ્વારમાં તો વાચકપ્રવરે મુખ્યવૃત્તિનો આશ્રય કર્યો છે અને તેથી ઉક્ત (સત્ આદિ દ્વાર) ક્રમોમાં અજીવો વિશે સમકિતનો નિષેધ કર્યો છે.

### ❋ જીવમાં સમ્યગ્દર્શનની ભજના ❋

<u>પ્રશ્ન</u> :- તો શું જીવમાં સમ્યગ્દર્શન હોય જ છે ? <u>જવાબ</u> :- જીવોમાં વિકલ્પે હોય. અર્થાત્ બધા જીવોને ન હોય. 'तु' શબ્દ એ એવ કારના અર્થમાં છે. અર્થાત્ જીવોમાં વિકલ્પે જ હોય બધાંય જીવોમાં ન હોય. તે વિકલ્પને ગતિ આદિ ૧૩ અનુયોગ દ્વારોના માધ્યમે અહીં પ્રસ્તુત કરે છે. જો કે આવશ્યક નિર્યુક્તિ આદિ આકર ગ્રંથોમાં આ વાત ખૂબ વિસ્તારથી સમજાવવામાં આવી છે છતાં ય સ્થાન (પ્રસ્તુતનું વિષય વિવેચન) શૂન્ય ન રહે માટે અહીં ટૂંકમાં દર્શાવે છે. ગતિ આદિમાં 'પૂર્વ પ્રતિપન્ન = પૂર્વે સમકિત પામેલા જીવ' અને 'પ્રતિપદ્યમાનક = વર્તમાનમાં સમકિત પ્રાપ્ત કરનાર જીવ. આ બે રીતે સમકિતનો વિચાર કરવામાં આવે છે.

**ગતિદ્વાર** :- સામાન્યથી નરકાદિ ચારે ગતિમાં સમકિતના પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાન જીવો હોય છે. વિશેષથી વિચારતાં નરકગતિ અને તિર્યંચગતિમાં ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય. માનવગતિમાં ઉપશમ સહિત ત્રણે હોય. દેવગતિમાં ક્ષાયિક અને ક્ષાયોપશમિક હોય છે.

**ઈન્દ્રિય દ્વાર** :- ઈન્દ્રિયોને આશ્રયી સામાન્યથી પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક ઉભય રીતે <u>સમ્યક્ત્વ હોય છે. તેમાં એકેન્દ્રિયમાં પૂર્વ પ્રતિપન્ન પ્રતિપદ્યમાનક બન્ને ન હોય. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય,</u>

१. पूर्वं प्रति' मु (खं,भा)। २. 'प्रभृतिगति' पाA.। ३. 'क्त्वं प्रति प्रतिप' मु. (मे.भां.)

सामान्येन द्वयमप्यस्ति, विशेषेण धरणि-जलानलानिल-तरुषु द्वयं न सम्भवत्येव, द्वि-त्रि-चतुरसंज्ञिपञ्चेन्द्रियेषु पूर्वप्रतिपन्नाः स्युः नाधुना प्रतिपद्यन्ते, संज्ञिपञ्चेन्द्रियत्रसकाये द्वयमपि स्यात्। योगे मनोवाक्कायेषु सामान्येन द्वयमपि, काययोगभाजां पृथिव्यादीनां तरुपर्यन्तानां न द्वयं, काय-वाग्योगयुजां द्वि-त्रि-चतुरसंज्ञिपञ्चेन्द्रियाणां पूर्वप्रतिपन्नाः स्युः न प्रतिपद्यन्त इति।

मनो-वाक्-काययोगानां द्वयम्। अनन्तानुबन्धिनामुदये न द्वयं, शेषकषायोदये द्वयम्। वेदत्रयसमन्वितानां द्वयमस्ति सामान्येन; विशेषेणापि स्त्रीवेदे द्वयं पुरुषवेदे द्वयं, नपुंसकवेद एकेन्द्रियाणां न द्वयं, विकलेन्द्रियाणामसंज्ञिपञ्चेन्द्रियपर्यवसानानां पूर्वप्रतिपन्नाः केचित् सन्ति, न प्रतिपद्यमानकाः, संज्ञिपञ्चेन्द्रियनपुंसकेषु द्वयं, नारक-तिर्यङ्-मनुष्यामरेषु लेश्यासु उपरितनीषु द्वयम्, आद्यासु प्रतिपन्नाः स्युः न तु प्रतिपद्यन्ते। किं सम्यग्दृष्टिः प्रतिपद्यते मिथ्यादृष्टिर्वा?। अत्र निश्चयनयस्य सम्यग्दृष्टिः

• હેમગિરા •

ચઉરીન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં પૂર્વપ્રતિપન્નની ભજના સમજવી. (હોય તો પણ સાસ્વાદન સમ્યક્ત્વની અપેક્ષાએ જ હોય) સાસ્વાદન સમકિતનો પ્રતિપદ્યમાનક જીવ તો હોય જ નહીં. (કારણ કે સમકિતની પતિત-અવસ્થા હોવાથી પૂર્વપ્રતિપન્ન જ હોય) સંજ્ઞિપંચેન્દ્રિયોમાં પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક બંન્ને હોય છે.

**કાય દ્વાર** :- પૃથ્વીકાયાદિ કાય દ્વારને આશ્રયીને સામાન્યથી વિચારતાં કાયદ્વારમાં બન્ને (પૂર્વ પ્રતિપન્ન/ પ્રતિપદ્યમાનક) સમકિત હોય. વિશેષથી વિચારતાં પૃથ્વી, અપ્, તેજસ, વાયુ અને વનસ્પતિમાં બન્ને સમકિત ન હોય. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયમાં પૂર્વ પ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાન ન હોય. સંજ્ઞી પંચેન્દ્રિય ત્રસકાયમાં બન્ને હોય.

**યોગ દ્વાર** :- મન, વચન, કાયરૂપ યોગ દ્વારમાં સામાન્યથી વિચારતાં બન્ને હોય. વિશેષથી વિચારતાં કાયયોગવાળા પૃથ્વીથી માંડી વનસ્પતિ સુધીમાં બન્ને ન હોય. એ જ રીતે કાય અને વાગ્યોગવાળા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયમાં પૂર્વ પ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાનક ન હોય. મન, વચન અને કાય આ ત્રણે યોગવાળામાં બન્ને હોય.

**કષાય દ્વાર** :- અનંતાનુબંધી કષાયના ઉદયે બન્ને ન હોય. શેષ કષાયોદયમાં બન્ને હોય.

**વેદ દ્વાર** :- ત્રણ વેદમાં સામાન્યથી બન્ને હોય. વિશેષથી પુરુષવેદમાં બે, સ્ત્રીવેદમાં બે અને નપુંસકવેદમાં એકેન્દ્રિયોને બન્ને નથી. વિકલેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય નપુંસક સુધીમાં કેટલાક પૂર્વપ્રતિપન્ન હોય, પણ પ્રતિપદ્યમાનક ન જ હોય. સંજ્ઞી પંચેન્દ્રિય નપુંસકમાં બન્ને હોય.

**લેશ્યા દ્વાર** :- નારક, તિર્યંચ, માનવ અને દેવમાં ઉપરની ત્રણ (તેજો, પદ્મ, શુકલ) લેશ્યામાં બન્ને હોય જ્યારે શરૂઆતની ત્રણ (કૃષ્ણ, નીલ, કાપોત)માં પૂર્વ પ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાનક નહીં.

### ❋ નિશ્ચય-વ્યવહાર નયથી સમ્યગ્દર્શનની વિચારણા ❋

**સમ્યક્ત્વ દ્વાર** :- આ સમ્યગ્દર્શનને શું સમ્યગ્દષ્ટિ જ પ્રાપ્ત કરે કે મિથ્યાદષ્ટિ પ્રાપ્ત કરે છે?
**જવાબ** :- નિશ્ચય નયને આશ્રયી 'સમ્યગ્ દષ્ટિ' જ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે કારણ કે નિશ્ચય

प्रतिपद्यते, अभूतं नोत्पद्यत इति शशविषाणादिवत्। व्यवहारस्य मिथ्यादृष्टिः प्रतिपद्यते, प्रतिपत्तेर-भूतभावविषयत्वात्, असत् कारणे कार्यमिति दर्शनात्। एवं ज्ञानी निश्चयस्याज्ञानी व्यवहारनयस्य।

चक्षुर्दर्शनिषु द्वयम् [1]मक्षिकाद्यसंज्ञिषु पूर्वप्रतिपन्नाः स्युर्न तु प्रतिपद्यमानकाः, संज्ञिपञ्चेन्द्रिय-चक्षुर्दर्शनिषु द्वयम्, ▲अचक्षुर्दर्शनिषु द्वयम्▲ अचक्षुर्दर्शनिषु पृथिव्यादिषु पञ्चसु द्वयं नास्ति, शेषेषु द्वि-त्रि-चतुरसंज्ञिष्वचक्षुर्दर्शनिषु पूर्वप्रतिपन्नाः स्युर्न तु [2]प्रतिपद्यमानकाः संज्ञिपञ्चेन्द्रियाचक्षुर्दर्शनिषु द्वयम्। चारित्री पूर्वप्रतिपन्न एव, अचारित्रः पूर्वप्रतिपन्नः प्रतिपद्यमानकश्च स्यात्। आहारकेषु द्वयम्, अना-हारकः पूर्वप्रतिपन्नः न तु प्रतिपद्यमानकोऽन्तरगतौ सम्भविता। उपयोग इति, साकारोपयुक्तः प्रतिपद्यते

• હેમગિરા •

નયના મતે જે વસ્તુ 'અસત્' હોય તે ક્યારેય ઉત્પન્ન ન થાય. જેમ સસલાના શિંગડા એ રીતે મિથ્યાત્વી (સમકિતશૂન્ય હોવાથી) ક્યારે પણ સમ્યગ્દૃષ્ટિ ન બને. વ્યવહાર નયને આશ્રયી મિથ્યાદૃષ્ટિ સમ્યગ્દર્શનને પામે કારણ કે આના મતે પ્રતિપત્તિ=પ્રાપ્તિ એ ક્યારે પણ અભૂત- અપ્રાપ્ત વિષયની સંભવે છે. આ નય એમ કહે છે કે જો સમ્યગ્દર્શન હતુ જ તો નવું શું પ્રાપ્ત થયું? તેથી મિથ્યાદૃષ્ટિને સમકિત પ્રાપ્ત થાય તેમ કહેવું વધુ ઉચિત છે. આ નય અસત્ કાર્યવાદી છે. દા.ત. કારણ માટીમાં કાર્ય-ઘટ અસત્=અવિદ્યમાન હોય છે પણ ચક્ર, દંડ વગેરે સહકારી મળતા તે માટીમાંથી ઘટનો નવનિર્માણ થાય છે. નિશ્ચય નય 'સત્' કાર્યવાદી છે અર્થાત્ ઘટ એ માટીમાં સત્ જ હતો, નિમિત્તો મળતા પ્રાદુર્ભાવ થયો છે કોઈ નવનિર્માણ રૂપ નથી.

### ❋ જ્ઞાનાદિ દ્વારમાં સમ્યક્ત્વની સમજણ ❋

**જ્ઞાન દ્વાર** :- નિશ્ચયનયે જ્ઞાની સમ્યગ્દર્શન (જ્ઞાન)ને પ્રાપ્ત કરે અને વ્યવહારનયે અજ્ઞાની (મિથ્યાત્વી) સમ્યગ્દર્શન (જ્ઞાન)ને પ્રાપ્ત કરે છે.

**દર્શન દ્વાર** :- સામાન્યથી વિચારતાં ચક્ષુદર્શનીમાં પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક બન્ને હોય પણ વિશેષથી વિચારતાં માખી વગેરે ચઉરિન્દ્રિય આદિ અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં પૂર્વપ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાનક ન હોય. સંજ્ઞીપંચેન્દ્રિય ચક્ષુદર્શનીમાં બન્ને હોય. સામાન્યથી વિચારતાં અચક્ષુ દર્શનમાં બન્ને હોય. પણ વિશેષથી વિચારતાં પૃથ્વીકાય આદિ પાંચ અચક્ષુદર્શનીમાં બન્ને ન હોય. શેષ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય અચક્ષુદર્શનીમાં પૂર્વ પ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાનક ન હોય અને સંજ્ઞીપંચેન્દ્રિય અચક્ષુદર્શનીમાં બંન્ને હોય.

**ચારિત્ર દ્વાર** :- ચારિત્રી પૂર્વ પ્રતિપન્ન જ હોય છે. (જ્યાં સમ્યગ્ચારિત્ર છે ત્યાં સમ્યગ્દર્શનજ્ઞાન રહેલા જ છે. એથી ચારિત્રીનું સમ્યક્ત્વ તો પૂર્વ પ્રતિપન્ન જ કહેવાય) અચારિત્રીમાં પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક બન્ને હોય છે.

**આહારક દ્વાર** :- આહારકમાં બન્ને હોય, અનાહારક પૂર્વ પ્રતિપન્ન હોય છે. પણ પ્રતિપદ્યમાનક ન હોય. કારણ કે આ અનાહારક દશા વિગ્રહગતિમાં હોવાથી ત્યાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ શક્ય ન બને.

---

१. एकाक्षाद्य मु.(खं,भां)। ▲....▲. एतच्चिह्नितपाठो पाA.सं. प्रतौ न दृष्टः। २. प्रतिपद्यन्ते मु.सं. (खं,भां)।

उत अनाकारोपयुक्त इति, उच्यते- साकारोपयुक्तः प्रतिपद्यते पूर्वप्रतिपन्नश्च, अनाकारोपयोगोपयुक्त-स्तु पूर्वप्रतिपन्नः स्यात् न तु प्रतिपद्यमानकः, यतः "सर्वाः किल लब्धयः साकारोपयोगोपयुक्तस्य भवन्ति" (**प्रज्ञापनासूत्रे उपयोगपदे**) पारमर्षवचनप्रामाण्यात्।

एतेषु त्रयोदशस्वनुयोगद्वारेषु व्याख्यानाङ्गेषु **यथा सम्भवमिति** यत्र सम्भवति यत्र च न सम्भवति यथा वा क्षायिकादि सम्यग्दर्शनं यत्र सम्भवति तथा वाच्यं, **सद्भूतपदार्थस्य** सम्यग्दर्शनपदस्य **प्ररूपणा** व्याख्या **कर्तव्या** उन्नेया। भाषक-परित्तादयस्तु नादृता भाष्यकारेण, प्रायस्तेषामुपात्तानुयोग-द्वारान्तर्गतेरिति, यतो भाषकः पञ्चेन्द्रियेष्ववतरति, परित्तोऽपि कायेषु पर्याप्तस्तेष्वेव, सूक्ष्म-संज्ञि-भवचरमाश्च तेष्वेव, अतो नादृता इति।।

• હેમગિરા •

### ❋ સાકાર ઉપયોગમાં જ સર્વે લબ્ધિઓની પ્રાપ્તિ ❋

**ઉપયોગ દ્વાર** :- <u>પ્રશ્ન</u> :- સમ્યગ્દર્શનને સાકારોપયોગવાળો મેળવે કે અનાકારોપયોગવાળો મેળવે ? <u>જવાબ</u> :- સાકારોપયોગવાળો મેળવે. સાકારોપયોગમાં પ્રતિપદ્યમાન અને પ્રતિપન્ન બન્ને સમકિત હોય છે. અનાકારોપયોગવાળો જીવ પૂર્વ પ્રતિપન્ન જ હોય, પ્રતિપદ્યમાન ન હોય.

**પ્રજ્ઞાપનાસૂત્ર**માં ઉપયોગપદનાં વિવેચનમાં કહેલ પરમઋષિઓનું વચન પ્રમાણ છે. તે આ પ્રમાણે- ''સમ્યગ્દર્શન આદિ કોઈ પણ લબ્ધિ (શક્તિ)ની પ્રાપ્તિ સાકારોપયોગ (વિશેષ જ્ઞાનોપયોગ) દશામાં જ જીવોને થાય છે.'' આ રીતે આ તેર વ્યાખ્યાના અંગો=અનુયોગ દ્વારોમાં યથા સંભવ ક્ષાયિકાદિ સમકિત ક્યાં સંભવે ? ક્યાં નથી સંભવતા ? ઇત્યાદિ સ્વયં સમજી લેવું. અથવા તો ક્ષાયિકાદિ સમકિત પણ જ્યાં જે રીતે સંભવે ત્યાં તે રીતે સમજી લેવુ. આ રીતે સદ્ભૂત પદાર્થરૂપ સમ્યગ્દર્શનપદની પ્રરૂપણા કરવી જોઈએ.

ભાષક (ભાષાલબ્ધિસંપન્ન જીવ) પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી ભવ, આસ્તિક, ચરમ જીવ, ક્ષેત્ર, બંધ, પુદ્ગલ, મહાદંડ વગેરે ભેદો ગતિ આદિ અનુયોગ દ્વારની જેમ જુદા નથી બતાવ્યા. ગતિ આદિ તેર દ્વારોમાં જ આ બધાનો અંતર્ભાવ કરી દીધો છે. તે આ રીતે ભાષકનો પંચેન્દ્રિયમાં અંતર્ભાવ છે (પરિત્ત=પરિમિત. આમાં કાયપરિત્ત અને ભવપરિત્ત એમ બે ભેદ છે. કાયપરિત્ત=પ્રત્યેક શરીર, ભવપરિત્ત=જેમનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તનથી કાંઈ ઓછો છે.) આ પરિત્તનો કાયદ્વારના પર્યાપ્ત વિભાગમાં અંતર્ભાવ છે. એ જ રીતે સૂક્ષ્મ, સંજ્ઞી અને ભવચરમ જીવ-દ્વારોનો પણ અંતર્ભાવ કાય વિશે સમજવો તેથી ભિન્ન નથી દર્શાવ્યા. (પ્રજ્ઞાપના સૂત્રમાં **बहुवक्तव्यता** નામના ત્રીજા પદમાં આ પદોનું વિવેચન છે) હવે 'સત્' દ્વાર પૂરૂ થયા બાદ બીજા સંખ્યા દ્વારનો ઉપન્યાસ કરતા જણાવે છે.→

સંખ્યા એટલે ઈયત્તા = પરિમાણ. આના બે પ્રકાર છે. :- ૧. ગણિતના વિષયમાં અંતર્ગત = ગણિતને અનુસરનારી બેથી શીર્ષ પ્રહેલિકા સુધીની સંખ્યા. ૨. ગણિતના વિષયથી અતીત

१. कारोपयु मु.(खं,भां,मे)। २. ३. यत्र न मु. (भां, कोA, पाB, लिं)।

**भाष्य– सङ्ख्या। कियत् *सम्यग्दर्शनम् ?। किं सङ्खयेयमसङ्ख्येयमनन्तमिति ?। उच्यते असङ्ख्येयानि सम्यग्दर्शनानि, सम्यग्दृष्टयस्त्वनन्ताः।।**

द्वितीयद्वारमुपन्यस्यन्नाह- **सङ्ख्येति**। **सङ्ख्या**=इयत्ता, सा चैका गणितव्यवहारानुवर्तिनी द्वयादिका शीर्पप्रहेलिकान्ता गणितविपयातीता च, असङ्ख्येया जघन्य-मध्यमोत्कृष्टसंज्ञिता, अपरा तदतिक्रमेण व्यवस्थिता अनन्ता, साऽपि जघन्यादिभेदत्रयानुगता **अनुयोगद्वाराद्** (सू.३६८) विस्तरार्थिनाऽधिगमनीया। य एते सम्यग्दर्शनसमन्विताः सत्त्वा गत्यादिपु ते कियन्त इति तद्वन्त[1] इह पृच्छन्ते।

उक्तं चेदं पुरस्तात्, ततः **पृच्छति– कियत् सम्यग्दर्शनं**- किंपरिमाणास्ते सम्यग्दर्शनिन इत्यर्थः स्वयमेवोद्घट्टयति सङ्ख्याभिज्ञः सन् ▲**किं सङ्ख्येयमित्यादि**▲ किं सङ्ख्येयं सम्यग्दर्शनराशिमभ्युपगच्छामः, उतासङ्ख्येयं, उतानन्तमिति ?। एवं पृष्टे आह- **उच्यते- असङ्ख्येयानि सम्यग्दर्शनानि**, न सङ्ख्येया नाप्यनन्ताः, किं तर्हि ? असङ्ख्येयाः सम्यग्दर्शनिन इति। क्षयसम्यग्दृष्टीन् सिद्धान् केवलिनश्च विरहय्य शेषाः संसारवर्तिनो यावन्तः क्षयादिसम्यग्दर्शनिनस्ते निर्दिश्यन्ते **असंख्येयानि सम्यग्दर्शनानी**त्यनेन। ये तर्हि केवलिनः सिद्धाश्च ते सर्वे कियन्त इत्याह– **सम्यग्दृष्टयस्त्वनन्ताः**।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- સમ્યગ્દર્શન કેટલાં છે ? શું સંખ્યેય છે ? અસંખ્યેય છે ? કે અનંત છે? <u>જવાબ</u> :- સમ્યગ્દર્શન અસંખ્ય છે. સમ્યગ્દષ્ટિ તો અનંતા છે.**

(પલ્યોપમ, સાગરોપમાદિ જેમાં સંખ્યાનો વ્યવહાર નથી તેવી અસંખ્યની ઇયત્તા) આમાં જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ આમ ત્રણ ભેદ છે. આ અસંખ્યને ઓળંગી જનાર સંખ્યા 'અનંત' કહેવાય. આ પણ જઘન્યાદિ ત્રણ ભેદે છે. વિસ્તારાર્થીએ આનો વિસ્તાર અનુયોગદ્વાર સૂત્ર ૩૬૮થી સમજી લેવો.

### ❋ સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિની સંખ્યા ❋

ગતિ આદિમાં રહેલા સમ્યગ્દર્શન યુક્ત કેટલા જીવો છે ? એમ જો પૂછવામાં આવે તો તેનો જવાબ પહેલા અપાઈ ગયો છે તેથી હવે સમ્યગ્દર્શન અર્થાત્ સમ્યગ્દર્શની કેટલા છે ? એ પ્રશ્ન કર્યો છે. પ્રશ્ન કરનારને આ સમ્યગ્દર્શનની કાંઈક સંખ્યા છે, તેનો ખ્યાલ છે. તેથી તે સ્વયં જ પૂછે છે કે શું સંખ્યાતા છે? અસંખ્યાતા છે કે અનંતા છે ?

<u>જવાબ</u> :- સમ્યગ્દર્શન એટલે સમ્યગ્દર્શની જ સમજવા.આ સમ્યગ્દર્શની સંખ્યાતા કે અનંતા નથી પણ અસંખ્યાતા છે. અહીં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ એવા કેવલી અને સિદ્ધોની બાદબાકી કરતાં શેષ સંસારમાં વર્તતા ક્ષાયિકાદિ સમ્યગ્દર્શનીઓ અસંખ્યાતા છે તેમ જાણવું.

<u>પ્રશ્ન</u> :- તો પછી ભવસ્થ કેવળી અને સિદ્ધો કેટલા છે ?

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૩

१. तत्सिद्धान्त इह कोA।

▲......▲. एतच्चिह्नद्वयमध्यवर्तिपाठो मुद्रितप्रतौ न दृष्टः (खं,भां)।

**भाष्य– क्षेत्रम्। सम्यग्दर्शनं कियति क्षेत्रे ?।**

भवस्थकेवलिनः सिद्धांश्चाङ्गीकृत्योक्तं सम्यग्दृष्टयस्त्वनन्ता इति।।

द्वारान्तरस्पर्शनेनाह- **क्षेत्रम्**। क्षियन्ति=निवसन्ति यत्र जीवादिद्रव्याणि तत् क्षेत्रम्=आकाशम्, यत एतेऽसङ्ख्येयतया निर्धारिता अनन्ततया च, एभिः पुनः कियदाकाशं व्याप्तमिति संशये सति पृच्छति सम्यग्दर्शनं कियति क्षेत्रे?।। **ननु** च सम्यग्दर्शनमेतेन पृच्छ्यते निर्णयोऽपि तस्यैव, सम्यग्दृष्टयस्तु न नोद्यन्ते न निर्णीयन्त इति।

**उच्यते**– इहायं सम्यग्दर्शनशब्दो भावसाधनः, सम्यग्दृष्टिसम्यग्दर्शनसमवायी[1] उभयोर्वाचकोऽभ्युपगन्तव्यः, अपायसद्द्रव्यसम्यग्दर्शनिनस्तद्वियुतस्य च सिद्ध-भवस्थकेवल्याख्यस्य, निर्णयवाक्येऽप्येवमेव दृश्यम्, अथवा सम्यग्दर्शनिषु निर्ज्ञातेषु सम्यग्दृष्टयेऽप्यनेनैव रूपेण ग्रहीष्यन्त इति सम्यग्दर्शनिनः प्रश्नयति, अथवा एकं जीवमुद्दिश्यायं प्रावृतत् प्रश्नः, एकत्रावधृते क्षेत्रेऽन्यत्राप्यनुमानात् तत् तथा प्रतिपत्स्येऽहमिति **पृच्छति– सम्यग्दर्शनं कियति क्षेत्रे इति**। एकस्मिंश्च

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- પ્રશ્ન :- સમ્યગ્દર્શન કેટલા ક્ષેત્રમાં રહે છે ?

<u>જવાબ</u> :- સમ્યગ્દષ્ટિઓ અનંતા કહ્યાં છે. અર્થાત્ ભવસ્થ કેવળી અને સિદ્ધોને આશ્રયીને જ સમ્યગ્દષ્ટિઓને અનંતા કહ્યાં છે.

હવે ક્ષેત્ર દ્વારને દેખાડે છે. જ્યાં જીવાદિ દ્રવ્ય વસે તે ક્ષેત્ર = આકાશ (અવકાશ) કહેવાય. જેથી કે આ સમ્યગ્દર્શનયુક્ત જીવો ઉપર કહ્યા પ્રમાણે અસંખ્યાતા અને અનંતા નિર્ધારિત કરાયા છે, તેથી આ જીવો વડે કેટલો આકાશ વ્યાપ્ત થયો હશે ? એવો સંશય થવાથી પ્રશ્ન ઉપસ્થિત થયો કે "સમ્યગ્દર્શન કેટલા ક્ષેત્રમાં છે ?"

**❊ ...તો સમ્યગ્દર્શનપદ સમ્યગ્દૃષ્ટિનો વાચક થશે ❊**

<u>શંકા</u> :- અહીં સમ્યગ્દર્શન (સમ્યગ્દર્શની) અંગેનો પ્રશ્ન પૂછાયો અને નિર્ણય પણ તે અંગનો જ આપ્યો છે. પરંતુ સમ્યગ્દષ્ટિ અંગે પ્રશ્ન કે નિર્ણય કેમ કરાયા નથી ? <u>સમાધાન</u> :- **सम्यग्दर्शनं** શબ્દએ ભાવ-અર્થમાં વ્યુત્પન્ન છે અર્થાત્ **दृश्** ધાત્વર્થનો બોધક છે. આથી આ પદ સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્દર્શન ઉભયના વાચક તરીકે સ્વીકારવો. વળી આ સમ્યગ્દર્શન પદ અપાય સદ્દ્રવ્ય સહિત સમ્યગ્દર્શની તેમજ અપાય સદ્દ્રવ્ય રહિત ભવસ્થ કેવલી કે સિદ્ધ એ ઉભયનો વાચક છે. નિર્ણય વાક્ય (સમ્યગ્દર્શન કેટલા આકાશમાં વ્યાપ્ત છે ? એ પ્રશ્નના જવાબ)માં પણ આ રીતે ઉભય વાચકતા સમજવી. અથવા" સમ્યગ્દર્શન (દર્શની) કેટલા ક્ષેત્રે છે" એ પ્રશ્નમાં સમ્યગ્દર્શનીનો જ ઉલ્લેખ કરવા પાછળ એ આશય પણ છે કે સમ્યગ્દર્શનીનો બોધ થતા શ્રોતાને સમ્યગ્દષ્ટિનો પણ બોધ થઈ જશે., અથવા પ્રસ્તુત પ્રશ્ન એક જીવને ઉદ્દેશીને (શિષ્ય તરફથી) કરવામાં આવેલ છે. પ્રશ્નકર્તા શિષ્યનો એ ભાવ છે કે 'એક ક્ષેત્રમાં બોધ થતાં બીજા ક્ષેત્ર (વ્યક્તિ)માં ય અનુમાનથી

१. सम्यग्दृष्टि सम्यग्दर्शनं स चाऽप्युभयो" खं,भां।

**भाष्य– लोकस्यासङ्ख्येय भागे।। स्पर्शनम्। सम्यग्दर्शनेन किं स्पृष्टम् ?।**

पृच्छ्यमाने सम्यग्दर्शने कियति क्षेत्रे इत्येकवचनमपि सुघटं भवति। सूरिराह- **लोकस्यासङ्ख्येयभागे इति**। यदैकः पृष्टः एकस्यैवोत्तरं तदा कोऽर्थः ? योऽहं सम्यग्दर्शनी सोऽहं कियते क्षेत्रे-आधारे स्थितः ? पृष्टे **उत्तरं**-लोकस्यासङ्ख्येयभागे, धर्माधर्मद्रव्यद्वयपरिच्छिन्नः आकाशदेशो जीवाजीवाधारक्षेत्रं लोकः, तस्यासङ्ख्येयभागे त्वं स्थितः, यतः असङ्ख्येयप्रदेशो जीवः अतोऽसङ्ख्येयभाग एवावगाहते सर्वस्य लोकस्य, बुद्ध्या असङ्ख्येयभागखण्डकल्पितस्य य एकोसङ्ख्येयभागस्तत्र स्थित इति। अथापि सर्वानिवाङ्गीकृत्य प्रश्नः तथाप्यसङ्ख्येयभागे पूर्वस्मादधिकतरे लोकस्य सर्वे वर्तन्त इति युक्तमुत्तरम्।।

**स्पर्शनम्**। आकाशप्रदेशैः पर्यन्तवर्तिभिः सह यः स्पर्शस्तत् स्पर्शनम्, अस्मिन् द्वारे **पृच्छ्यते-सम्यग्दर्शनेन किं स्पृष्टम्** इत्यनेन। अत्रापि सम्यग्दर्शनशब्दः सामान्यवाची दृश्यः, एकं चाङ्गीकृत्य

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- લોકના અસંખ્યેય ભાગમાં સમ્યગ્દર્શન રહે છે. (૮/૧૪ ભાગમાં સમ્યગ્દર્શન સ્પર્શેલું છે) સ્પર્શના → <u>પ્રશ્ન</u> :- સમ્યદર્શન વડે શું સ્પર્શાયેલુ છે ?**

તે સમ્યગ્દર્શનને તે રીતે હું સમજી જઈશ' તેથી (આ શિષ્ય) પ્રશ્ન કરે છે કે :- '**सम्यग्दर्शनं कियति क्षेत्रे ?**' આમાં થયેલ '**कियति क्षेत्रे**' એવો એકવચન પ્રયોગ પણ 'એક સમ્યગ્દર્શની અંગે જ પ્રશ્ન કરાયો છે' તે નક્કી કરી આપે છે. પ્રસ્તુત પ્રશ્નના જવાબમાં સૂરીશ્વર' કહે છે :- જ્યારે એક (વ્યક્તિ) અંગે પ્રશ્ન કરાતો હોય ત્યારે એક અંગેનો જ ઉત્તર અપાય છે. આ પ્રશ્ન-ઉત્તરનો ભાવાર્થ શું છે? તે જણાવતા કહે છે-

### ❋ સમ્યગ્દર્શની અંગે ક્ષેત્રની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- જે હું સમ્યગ્દર્શની છું તે હું લોકના કેટલામાં ક્ષેત્રમાં છું ? <u>જવાબ</u> :- તું લોકના અસંખ્યાતમાં ભાગમાં છે. અર્થાત્ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આ બેથી યુક્તક્ષેત્ર = આકાશ, જે જીવ-અજીવને આધારભૂત ક્ષેત્ર છે તે લોક કહેવાય. આ લોકનાં અસંખ્યાતમાં ભાગે તું (સમ્યગ્દર્શની) રહેલો છે. કારણ કે આત્મા અસંખ્ય પ્રદેશ- આત્મક છે તેથી સર્વલોકનો અસંખ્યાતમો ભાગ જ અવગાહન કરશે. અહીં કલ્પના બુદ્ધિથી લોકના અસંખ્યાત ભાગ (ટૂકડા) કરવા અને તેમાં એક અસંખ્યાતમાં ભાગમાં એક સમ્યગ્દર્શની રહે છે તેમ જાણવું. અગર જો સર્વ સમ્યગ્દર્શનીને આશ્રયી ક્ષેત્ર અવગાહનાનો પ્રશ્ન હોય તો પણ લોકનો અસંખ્યેય ભાગ જ આવશે. માત્ર વિશેષ એટલું કે આ અસંખ્યાતમાં ભાગથી સર્વ જીવનો અસંખ્યાતમો ભાગ અધિકતર સમજવો. અર્થાત્, સર્વ સમ્યગ્દર્શની-ઓને આશ્રયી અવગાહનાને વિચારતાં ઉપરોક્ત અસંખ્યાત ભાગથી અધિકતર અવગાહના હોય.

**સ્પર્શના** :- તે તે વસ્તુના (નજીક રહેલા) પર્યંતવર્તી આકાશ પ્રદેશો સાથે તે તે વસ્તુનું જે અડકવું તેને 'સ્પર્શના' કહેવાય. **सम्यग्दर्शनेन कि स्पृष्टम् ?** આ પ્રશ્નમાંનો '**सम्यग्दर्शन**' શબ્દ સામાન્ય (સમ્યગ્દર્શની તેમજ સમ્યગ્દૃષ્ટિઉભય) વાચી સમજવો, તથા આ પ્રશ્ન પૂર્વની જેમ એક વ્યક્તિને

**भाष्य- लोकस्यासङ्ख्येयभागः[1], सम्यग्दृष्टिना तु सर्वलोक [2]इति।। अत्राह- सम्यग्दृष्टिसम्यग्दर्शनयोः कः प्रतिविशेष इति?। उच्यते- अपाय-सद्द्रव्यतया सम्यग्दर्शनम्, अपायः=आभिनिबोधिकम्, तद्योगात् सम्यग्दर्शनम्।**

प्रवृत्त इति मन्तव्यम्, **उत्तरम्- लोकस्यासङ्ख्येयभागः**; स्पृष्ट इत्येकानेकप्रश्नानुरोधेन नेयम्। यः पुनः समुद्घातप्रतिपन्नः चतुर्थसमयवर्ती भवस्थकेवली तेन किं स्पृष्टं लोकस्येति ?।

उच्यते- **सम्यग्दृष्टिना तु सर्वलोक इति**। यतोऽभिहितं "[3]**लोकव्यापी चतुर्थे तु**" (प्रशमरति-२७४) तुशब्दोऽवधारणे, सम्यग्दृष्टिनैव समुद्घातगतेनैव समस्तलोकः छुप्यत इति। एतस्मिन् व्याख्याने नोदकोऽ**नूनुदत्**- सम्यग्दृष्टिसम्यग्दर्शनशब्दयोर्व्युत्पत्तौ क्रियमाणायां भावे कारके नास्त्यर्थभेद इति, भवांश्चाह सम्यग्दर्शनेन लोकासंख्येयभागः स्पृष्टः, सम्यग्दृष्टिना तु सर्वलोक इति, तन्नूनं भवता कश्चिदर्थभेदः परिकल्पित इति, अतः प्रश्नेनोपक्रमते-सम्यग्दृष्टिसम्यग्दर्शनयोः को विशेष

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- **સમ્યગ્દર્શન વડે લોકનો અસંખ્યેય ભાગ સ્પર્શાયેલો છે. સમ્યગ્દૃષ્ટિ વડે તો સર્વ લોક સ્પર્શાયેલ છે. <u>પ્રશ્ન</u> :- સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્દર્શનમાં શું ફરક છે. જવાબ :- અપાય સદ્દ્રવ્ય તરીકે સમ્યગ્દર્શન હોય. અપાય = આભિનિબોધિક = મતિજ્ઞાન. આ અપાયના યોગથી સમ્યગ્દર્શન થાય.**

આશ્રયી જાણવો. પણ આનો **જવાબ** [= લોકનો અસંખ્યેય ભાગ સ્પૃષ્ટ છે] તે પૂર્વની જેમ એક અથવા અનેક જીવને આશ્રયી સમજવો.

### ❋ ...તો આત્મા વિભૂ પણ કહેવાય ❋

<u>પ્રશ્ન</u> :- જે સમુદ્ઘાતને સ્વીકારેલા ચતુર્થ સમયવર્તી ભવસ્થ કેવળી છે તેના વડે લોક કેટલો સ્પર્શાય છે ? <u>જવાબ</u> :- સમ્યગ્દષ્ટિ (કેવળી) દ્વારા કેવળી સમુદ્ઘાત વડે ચોથા સમયે સર્વ લોક સ્પર્શાય છે. પ્રશમરતિમાં કહ્યું છે કે → **"કેવલી સમુદ્ઘાત કરતાં ચોથા સમયે કેવળી સર્વવ્યાપી બને છે."** ભાષ્યમાંનો પ્રથમ **'तु'** શબ્દ અવધારણના અર્થમાં છે અર્થાત્ સમુદ્ઘાત કરનાર કેવળી એવા સમ્યગ્દષ્ટિ વડે જ સમસ્ત લોકમાં વ્યાપી થવાય છે. આવી વ્યાખ્યા ગ્રંથાકારની સાંભળી નોદક પ્રશ્ન કરે છે, કે સમ્યગ્દષ્ટિ શબ્દની ભાવ અર્થમાં અને સમ્યગ્દર્શન શબ્દની કારક અર્થમાં વ્યુત્પત્તિ કરતા કોઈ અર્થભેદ તો નથી થતો, જ્યારે આપે (ઉમાસ્વાતિ મહારાજે) સમ્યગ્દર્શની વડે 'લોકનો અસંખ્યાતમો ભાગ' અને સમ્યગ્દષ્ટિ વડે 'સર્વલોક' સ્પર્શાયો છે, તેમ કહ્યું છે. તેથી ખરેખર આપે કાંઈક અર્થ ભેદની કલ્પના તો કરી જ છે. આ જ નોદકની વાતને લઈ પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્દષ્ટિમાં શું વિશેષ (અન્તર) છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં

१. 'भागः, अष्टौ-चतुर्दशभागा देशोनाः सम्य' बा। २. इत्याह सम्यग्' पाB.,लिं.। ३. दण्डं प्रथमे समये कपाटमथ चोत्तरे तथा समये; मन्थानमथ तृतीये, लोकव्यापी चतुर्थे तु। प्रशमरति-२७४.

**भाष्य– तत् केवलिनो नास्ति। तस्मात् न केवली सम्यग्दर्शनी, सम्यग्दृष्टिस्तु भवति।।**

इति ?। सूरिराह- **अत्रोच्यते– अपायसद्द्रव्येत्यादि। अपायो**=निश्चयज्ञानं=मतिज्ञानांशः, **सद्द्रव्याणि** पुनः शोभनानि प्रशस्तत्वात् विद्यमानानि वा [1]द्रव्याणि मिथ्यादर्शनदलिकानि अध्यवसायविशोधितानि सम्यग्दर्शनतया आपादितपरिणामानि, अपायश्च सद्द्रव्याणि च अपाय-सद्द्रव्याणि तेषां भावः अपाय-सद्द्रव्यता, [2]इत्थंभूतलक्षणा तृतीया, यावत् सोऽपायः सम्भवति यावद् वा तानि सम्भवन्तीत्येषाऽपाय-सद्द्रव्यता **तया सम्यग्दर्शनम्**।

'अपाययुक्तानि सद्द्रव्याणी'ति विनाशाशङ्कानिराचिकीर्षया सुहृद् भूत्वा सूरिराचष्टे- **अपायः= आभिनिबोधिकम्**, तृतीयो भेदः आभिनिबोधिकस्य निश्चयात्मकः प्रसिद्धः तेन योगस्तद्योगः तस्मात् तेनापायेन योग इति वोच्यते, यतः सम्यग्दर्शनपुद्गलेषु सत्सु चापगतेषु च भवतीति, व्यापी स इत्यर्थः **तद्योगात्** सम्यग्दर्शनम्, एतेनापायेन यावदस्ति सम्बन्ध इति, तेन च सम्बन्धः। सत्सु च सद्द्रव्येष्वक्षीणदर्शनसप्तकस्यासत्सु च सद्द्रव्येषु क्षीणदर्शनसप्तकस्य, उभय्यामप्यवस्थायां सम्यग्दर्शनं द्रष्टव्यम्। उभय्यामप्यवस्थायां सम्यग्दृष्टिव्यपदेशो नास्ति। **तत् केवलिनो नास्ती**त्यादि।

*• હેમગિરા •*

<u>ભાષ્યાર્થ</u> **:- સમ્યગ્દર્શન કેવળીને નથી, તેથી કેવળી સમ્યગ્દર્શની નથી પણ સમ્યગ્દષ્ટિ છે.**

સૂરીશ્વર કહે છે કે અપાય અને સદ્દ્રવ્યતા વડે થતી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. '**अपायसद्द्रव्यता**' પદનો અર્થ અને વિગ્રહ આ મુજબ છે- **अपाय** :- નિશ્ચયરૂપ જ્ઞાન, જે મતિજ્ઞાનનો એક અંશ છે અને **सद्द्रव्य** :- પ્રશસ્ત શોભન એવા દ્રવ્યો અથવા અધ્યવસાયોથી વિશુદ્ધ બનેલા મિથ્યાદર્શનનાં દલિકો જે સમ્યગ્દર્શન તરીકે પરિણત થયેલા છે. એવા દ્રવ્યો સદ્દ્રવ્ય કહેવાય. **अपायसद्द्रव्यता** પદમાં અપાય અને સદ્દ્રવ્ય પદ વચ્ચે દ્વન્દ્વ સમાસ થઈ 'ભાવ'માં '**ता**' પ્રત્યય લાગ્યો છે {કોઈ વિશિષ્ટ અવસ્થાને પ્રાપ્ત વ્યક્તિ કે વસ્તુ તેની તે વિશિષ્ટ અવસ્થાનાં સૂચકને જે તૃતીયા વિભક્તિ થાય તે ઈત્થંભૂત લક્ષણા તૃતીયાવિભક્તિ કહેવાય. છે. જેમ **जटाभिः तापसः** જટાઓ વડે (ઓળખાતો) તાપસ તેમ પ્રસ્તુતમાં પણ} ઈત્થંભૂત લક્ષણરૂપ તૃતીયા વિભક્તિ થતાં **अपायसद्द्रव्यतया** પ્રયોગ થયો છે. જ્યાં સુધી તે અપાય છે અથવા જ્યાં તે સદ્દ્રવ્યો સંભવે છે ત્યાં આ અપાયસદ્દ્રવ્યતા છે. આ અપાયસદ્દ્રવ્યતા (રૂપ વિશેષ અવસ્થા) વડે ઓળખાતી જે રુચિ છે તે જ સમ્યગ્દર્શન છે. કોઈ 'અપાય સદ્દ્રવ્ય'માં રહેલ અપાય શબ્દનો અર્થ 'વિનાશ' કરી 'વિનિષ્ટ થયેલ સદ્દ્રવ્યવાળુ સમકિત' એવો અર્થ (શંકા) ન કરી બેસે, માટે તે શંકાનું નિરાકરણ કરતા ભાષ્યકાર સ્વયં જ હિત બુદ્ધિથી અપાયનો અર્થ સ્પષ્ટ કરે છે.

**❋ અપાયસદ્દ્રવ્યની વિચારણા ❋**

અપાય= આભિનિબોધિક, જે પદાર્થના નિશ્ચય કરાવવામાં પ્રસિદ્ધ એવો મતિજ્ઞાનનો ત્રીજો

१. सद्द्रव्याणि खं.। २. इत्यम्भूतलक्षणे (पाणिनि २।३।२१)। સિદ્ધહેમ- **हेतुकर्तृकरणेत्थम्भूतलक्षणे** २/२/४४)

**भाष्य- कालः। सम्यग्दर्शनं कियन्तं कालमिति ?।**

**तदिति** सम्यग्दर्शनं सद्द्रव्यापाययोगजनितव्यपदेशं **केवलिनोऽ**तीन्द्रियदर्शितत्वात् न समस्ति। अतो **न सम्यग्दर्शनी केवली**। कस्तर्हि ? आह- **सम्यग्दृष्टिस्तु केवली**ति। तानि च बुद्ध्या आदाय अपायसद्द्रव्याणि तत्र केवलिनि सम्यग्दर्शनिव्यपदेशो निषिध्यते। तैस्तु विना यदि सम्यग्दर्शनिव्यपदेशः कल्पते[1] भावसाधनोऽर्थोऽविशिष्ट[2] इतिकृत्वा तदा नास्ति निषेध इति। **तु**शब्दोऽमुमेवार्थमवद्योतयति। एवं च कृत्वा पूर्वप्रश्नेष्वपि सुघटं भाष्यं भवति।।

द्वारान्तरं छुपति- **काल** इति। यदेतत् पूर्वकैद्वारैर्निरूपितं तत् **सम्यग्दर्शनं कियन्तं कालं भवतीति** प्रश्नयति।। **ननु** च स्थितिद्वारेऽप्येतदेव पृष्टमुक्तं च, किमर्थं च पुनः पिष्टपेषणं क्रियते

● હેમગિરા ●

**<u>ભાષ્યાર્થ</u> :- <u>કાલ</u> :- <u>પ્રશ્ન</u> :- સમ્યગ્દર્શન કેટલા કાળ સુધીનું હોય છે ?**

ભેદ “અપાય” છે. તે અપાયના યોગથી = સંબંધથી થનારી રુચિ તે સમ્યગ્દર્શન છે, કારણ કે જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં સમ્યગ્દર્શનના પુદ્ગલ હોય કે ન હોય તો પણ. આ ‘અપાય’ રૂપ મતિજ્ઞાનનો ત્રીજો ભેદ તો હોય જ છે. ‘અપાય’ એ સમ્યગ્દર્શનનો વ્યાપક છે. આ અપાય સાથે જ્યાં સુધી જીવનો સંબંધ છે, ત્યાં સુધી સમ્યગ્દર્શન છે. અર્થાત્ જેને દર્શનસપ્તક ક્ષીણ નથી થયું તેવા અક્ષીણદર્શનસપ્તકવાળા જીવને સદ્દ્રવ્ય સહિતના અપાયના યોગે સમ્યગ્દર્શન હોય છે. અને જેને દર્શનસપ્તકનો ક્ષય થયો છે તેવા જીવને સદ્દ્રવ્યરહિતના અપાયના યોગે સમ્યગ્દર્શન હોય છે. આમ બન્ને અવસ્થામાં સમ્યગ્દર્શનનો વ્યપદેશ છે પણ, સમ્યગ્દષ્ટિનો વ્યપદેશ નથી. તેથી ભાષ્યમાં કહ્યું કે- **‘तत् केवलिनो नास्ति’** અર્થાત્ તે આ સદ્દ્રવ્ય અને અપાયના યોગે થતું સમ્યગ્દર્શન કેવલીને ન હોય. <u>પ્રશ્ન</u> :- તેઓ સમ્યગ્દર્શની નથી તો શું છે ?

<u>જવાબ</u> :- સમ્યગ્દષ્ટિ છે. અગર કોઈ કેવળી એ સમ્યગ્દષ્ટિ છે તેમ કહી બુદ્ધિ થકી અપાયસદ્દ્રવ્યને લાવી (કલ્પીને) કેવલીમાં ‘સમ્યગ્દર્શની’ તરીકેનો વ્યપદેશ કરે તો તેનો અહીં નિષેધ કર્યો છે. હા, જો આ અપાય સદ્દ્રવ્ય વિના તે કેવલીઓમાં સમ્યગ્દર્શન શબ્દનું વિધાન થાય તો કોઈ બાધ નથી કારણ કે પૂર્વે કહ્યું તેમ ભાવ સાધન અર્થમાં સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્દર્શન અવિશિષ્ટ = એક જ છે. એ અપેક્ષાએ કેવળીને પણ સમ્યગ્દર્શની કહી શકાય. ભાષ્યમાં લખેલ **‘सम्यग्दृष्टिस्तु’**નો ‘तु’ શબ્દ આજ અર્થનો દ્યોતક છે. પૂર્વે જે **‘कियत् सम्यग्दर्शनं’** ઈત્યાદિ પ્રશ્નો કરાયા છે તે અંગે પણ અહીં કરાયેલી સમ્યગ્દર્શનની સંપૂર્ણ વ્યાખ્યા સમજી લેવી. (અર્થાત્ પૂર્વોક્ત સવાલ જવાબમાં સમ્યગ્દષ્ટિનું ગ્રહણ કરીને પણ અર્થ સંગતિ થઈ શકે). હવે કાલ દ્વાર જણાવે છે :-

### ❋ કાલદ્વાર અને સ્થિતિદ્વારની ભેદરેખા ❋

<u>પ્રશ્ન</u> :- પૂર્વ દ્વારો વડે પ્રરૂપેલું જે આ સમકિત છે તેનો કાળ કેટલો ? આ પ્રશ્ન સામે <u>શંકા</u> :- પૂર્વે સ્થિતિદ્વારમાંય આ જ પ્રશ્ન કરી જવાબ આપી દીધો છે તો ફરી આ જ પ્રશ્ન કરી

१. कल्प्यते राA.। २. °र्थोऽवशिष्ट खं.भां.।

**भाष्य- अत्रोच्यते तदेकजीवेन नानाजीवैश्च परीक्ष्यम्[1]। तद्यथा- एकजीवं प्रति जघन्येनान्तर्मुहूर्तम्, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि, नानाजीवान् प्रति सर्वाद्धा।।**

इति?। **उच्यते**– न कालः स्थितिमन्तरेण कश्चिदस्तीत्यस्यार्थस्य ख्यापनार्थं, तथा च वर्त्तनादीन्येव[2][3] काललिङ्गानि पठन्ति। अथवा एकजीवाश्रयणेन नानाजीवसमाश्रयणेन चास्ति स्थितिद्वारे साक्षाद् विधानमिति, अतो युज्यते प्रश्नः। तथा च "**पुव्वभणियं[4] तु जं भण्णए**" (निशीथभाष्य-१) इत्यादि। अतस्तत् सम्यग्दर्शनमेकजीवाङ्गीकरणेन सर्वजीवाङ्गीकरणेन च परीक्ष्यम्।

एतदुक्तं भवति- एकेन प्राप्तं तत् कियन्तं कालमनुपाल्यत इति, नानाजीवैश्च कियन्तं कालं धार्यत इति परीक्ष्यम्। **एकजीवं प्रतीत्यादि**, पूर्वभावित एव ग्रन्थ इति, स्थितिद्वारे **नानाजीवान् प्रति सर्वाद्धा** सर्वकालं, महाविदेहादिक्षेत्रमाश्रित्याव्यवच्छेदाम्नायात्[5]। इयं तु स्थितिः क्षायोपशमिकस्य

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- તે આ સમ્યગ્દર્શનની એક અને અનેક જીવ આશ્રયી પરીક્ષા કરવી (વિચારવું). તે આ રીતે કે એક જીવ આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ અને વિવિધ જીવોને આશ્રયી સર્વકાળ આ સમકિત હોય.**

શા માટે પિષ્ટપેષણ (પિસેલાને પીસવાનું) કરો છો ?

<u>સમાધાન</u> :- સ્થિતિ વગર કાળ જેવી કોઈ વસ્તુ નથી એ અર્થને જણાવવા માટે આ દ્વાર છે. વળી (જ્યારે સ્થિતિ સર્વકાળે પ્રયુક્ત છે) કાળ એ વર્તના પરિણામ આદિ લક્ષણવાળો જ છે. અથવા સ્થિતિદ્વારમાં એક જીવને આશ્રયી અને અનેક જીવને આશ્રયી સમ્યગ્દર્શનાદિનું સાક્ષાત્ વિધાન કરવામાં આવેલ છે. તેથી સમ્યગ્દર્શનનો કાળ કેટલો ? એ પ્રશ્ન યુક્તિ યુક્ત જ છે.

*** પુનરુક્તિના ત્રણ કારણ ***

એક જ વિષયને વધુ સ્પષ્ટ કરવા અર્થે બીજીવાર પણ તેનું વર્ણન કરી શકાય છે. આગમમાં પૂર્વે કહેવાયેલ વાતને પુનઃ કહેવા પાછળ ત્રણ કારણો જણાવ્યા છે. ૧. પૂર્વકથિતનો નિષેધ કરવો હોય છે અથવા ૨. અનુજ્ઞા આપવી હોય અથવા ૩. તે જ વિષયનો વિશેષ બોધ આપવો હોય. (નિશિથભાષ્ય)

પ્રસ્તુતમાં વિશેષ બોધ માટે આ કાળદ્વારનું નિરૂપણ છે. તેથી સમ્યગ્દર્શનની એક જીવાશ્રયી અને સર્વજીવાશ્રયી પરીક્ષા કરવી જોઈએ. <u>પ્રશ્ન</u> :- એક જીવ વડે પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન કેટલા કાળ સુધી પળાય (ધારી રખાય ) છે ? અને અનેક જીવ વડે કેટલા કાળ સુધી ધારણ કરાય ? <u>જવાબ</u> :- એક જીવાશ્રયી સમ્યક્ત્વના કાળનું વિધાન પૂર્વે (૭માં) સૂત્રમાં સ્થિતિદ્વાર અંતર્ગત થઈ ગયું છે. તેમજ અનેક જીવને આશ્રયી સર્વકાળ છે. કારણ કે મહાવિદેહમાં ક્યારેય સમ્યક્ત્વ વિચ્છેદ પામતું

१. परीक्ष्यन्ते रा.A,B। २. वर्त्तमाना° मु.पा.(कोA) ३. वर्तनापरिणामक्रियापरत्वापरत्वे च कालस्य ५/२२। ४. पुव्वभणियंपि जं पुण भण्णइ तत्थ कारणं अत्थि। पडिसेहो य अणुण्णा कारण(हेउ)विसेसोवलंभो वा। (निशिथभाष्य) ५. °च्छेदात् (खं.भां.)।

**भाष्य- अन्तरम्। सम्यग्दर्शनस्य को विरहकालः ? एकजीवं प्रति जघन्येनान्तर्मुहूर्तम्, उत्कृष्टेन उपार्धपुद्गलपरिवर्तः। नानाजीवान् प्रति नास्त्यन्तरम्।।**

चिन्तिता, औपशमिकस्य तु यथासम्भवं अन्तर्मुहूर्तप्रमाणेति, क्षायिकस्य तु सर्वदावस्थानम्।।

अतोऽनन्तरमन्तरद्वारं स्पृशति- **अन्तरमि**त्यनेन सम्यग्दर्शनं प्राप्य पुनश्चोज्झित्वा मिथ्यात्वदलिकोदयात् पुनः कियता कालेन लप्स्यत इति पृच्छति- **सम्यग्दर्शनस्य को विरहकाल** इति? सम्यग्दर्शनं प्राप्य पुनश्चोज्झित्वा[1] यावन्न पुनः सम्यग्दर्शनमासादयति स विरहकालः=सम्यग्दर्शनेन शून्यः कालः कियानिति, औपशमिक-क्षायोपशमिके निश्चित्य निर्णयवाक्यं प्रवृत्तम्।

**एकजीवं प्रती**त्यादि। एको जन्तुरौपशमिकं क्षायोपशमिकं वा प्राप्य उज्झित्वा पुनः कश्चिन् मुहूर्तस्या[2]न्तर्लभते, कश्चित् तु अनन्तेन कालेन[3] लभते, स चा[4]न्तरकाल एवमाख्यायते, उत्कृष्टेनोपार्धपुद्गलपरावर्तः, पुद्गलपरावर्तो नाम यदा जगति यावन्तः परमाणवस्ते औदारिकादितया सर्वे परिभुक्ता भवन्ति, स पुद्गलपरावर्तः औदारिकवैक्रियतैजसभाषाप्राणापानमनःकर्मभेदात् सप्तधा

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **અંતરદ્વાર <u>પ્રશ્ન</u> :- સમ્યગ્દર્શનનો વિરહ કાળ કેટલો ? <u>જવાબ</u> :- 'એક જીવને આશ્રયી જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ઉપાર્ધપુદ્ગલપરાવર્તન કાળ, અનેક જીવોને આશ્રયી કોઈ અંતર નથી.'**

નથી. એવી આમ્નાય = શાસ્ત્રાજ્ઞા છે. પાઠાંતર अव्यवच्छेदात् મુજબ 'અવ્યવચ્છિન્ન પરંપરા હોવાથી' એવો અર્થ પણ કરી શકાય. આ સ્થિતિ ક્ષાયોપશમિક સમકિતની વિચારાઈ છે. ઔપશમિકની યથાસંભવ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવી. ક્ષાયિકની સર્વકાળે હોય. હવે અંતરદ્વાર દર્શાવે છે :-

### ❋ અંતરદ્વારથી સમ્યગ્દર્શનને વિચારીએ ❋

**અંતર** એટલે- વિરહ. <u>**પ્રશ્ન**</u> :- સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને મિથ્યાત્વ દલિકના ઉદયથી સમ્યગ્દર્શનને ત્યજીને ફરી કેટલા કાળ વડે આ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે ? અર્થાત્ સમ્યગ્દર્શનનો વિરહકાળ કેટલો ? સમ્યગ્દર્શનને મેળવીને તજી દીધા બાદ ફરી જ્યાં સુધી સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી, તે કાળ 'વિરહકાળ' કહેવાય. આને સમ્યગ્દર્શનનો શૂન્ય કાળ પણ કહેવાય.

આ સવાલનો જે જવાબ ભાષ્યકાર આપવાના છે, તે ઔપશમિક અને ક્ષયોપશમિકની અપેક્ષાએ જાણવો. <u>જવાબ</u> :- કોઈ એક જીવ ઔપશમિક કે ક્ષાયોપશમિક સમકિતને મેળવી અને તજીને જઘન્યથી અંતર્મુહૂર્તના આંતરે સમકિત મેળવે અને કોઈ જીવ તો અંનતકાળ બાદ મેળવે તે બન્ને કાળને 'અંતરકાળ' આ પ્રમાણે કહેવાય. આ અંતર, ઉત્કૃષ્ટથી ઉપાર્ધ પુદ્ગલ પરાવર્તન કાળનું જાણવું. **પુદ્ગલ પરાવર્તન** :- જ્યારે જગતમાં રહેલા તમામ પરમાણુઓ જેટલા કાળ વડે ઔદારિક આદિ તરીકે પરિણમાવી ભોગવવામાં આવે તેટલા કાળને પુદ્ગલપરાવર્તન કહેવાય. આ પુદ્ગલપરાવર્ત સાત પ્રકારે છે.. ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, પ્રાણાપાન (શ્વાસોશ્વાસ), મન

१. 'त्वा पुनः यावन्न सम्य' मु.(खं,भां)। २. 'स्यान्तर(रेव) लभते मु (खं,भां)। ३. कालेन वा ल' पाA.। ४. 'चानन्तर' खं.भां.।

**भाष्य- भावः। सम्यग्दर्शनमौपशमिकादीनां[1] कतमो भावः ?।**

एतत्समुदायस्यार्धं गृह्यते किञ्चिदूनम्। एतत् कथं प्रतिपादयितुं शक्यत इति चेत् ? उपार्धपुद्गल[2]परावर्त इत्यनेनोच्यते '**समुदायेषु हि शब्दाः प्रवृत्ता अवयवेष्वपि वर्तन्त**' इति न्यायात्। अयं चार्धशब्दः समप्रविभागवचनः किञ्चिन्न्यूनाभिधायित्वाच्च[3] पुँल्लिङ्गः, उपगतोऽर्धः उपार्धः, किञ्चिन्न्यून इति प्रादि-समासः। **नानाजीवानिति**। सर्वजीवानाश्रित्य **नास्त्यन्तरं**, विदेहादिषु सर्वकालं समवस्थानादिति। क्षायिकस्यत्वनपगमान्नास्त्यन्तरम्। गतमन्तरद्वारम्।।

द्वारान्तराभिधित्सयाऽऽह- **भाव** इति। येयं रुचिः जीवस्य जिनवचनश्रद्धायिनी सा कस्मिन् भावे औपशमिकादीनां समवतरतीति प्रश्नयति- **सम्यग्दर्शनमित्यादिना**। सम्यग्दर्शनमित्यविशिष्टां

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- ભાવદ્વાર <u>પ્રશ્ન</u> :- **સમ્યગ્દર્શન એ ઔપશમિકાદિમાંથી કેટલા ભાવોમાં હોય છે ?**

અને કર્મ. આ સાતના સમુદાયનો કાંઈ ઓછો એવો અડધો ભાગ જેટલો કાળ સમકિતનો 'ઉત્કૃષ્ટ કાળ' સમજવો. (આહારક વર્ગણાનો પુદ્ગલપરાવર્ત કાળ નથી હોતો આહારક શરીર ભવચક્રમાં માત્ર બે/ત્રણ વખત જ પ્રાપ્ત કરી શકાય છે.)

### ❋ ઉપાર્ધપુદ્ગલપરાવર્તનના અર્થની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- આ અંતર-કાળને કયા નામથી અર્થાત્ કઈ રીતે પ્રતિપાદન કરી શકાય ? (કારણ કે ઉપર બતાવેલ ઔદારિકાદિ સાતે પૂર્ણ ભોગવાય તો જ તે પુદ્ગલપરાવર્તન કહેવાય. યથોક્ત સમકિતનો કાળ તો આ પુદ્ગલપરાવર્ત્તનથી અડધો છે તો આમાં પુદ્ગલ પરાવર્ત શબ્દ કઈ રીતે ઘટી શકે ?)

<u>જવાબ</u> :- આ કાળને ઉપાર્ધપુદ્ગલપરાવર્ત નામથી જાણવો. "સમુદાયમાં પ્રવર્તતા શબ્દો તે સમુદાયનાં અવયવ વિશે પણ પ્રવર્તે છે." એ ન્યાયથી અડધા પુદ્ગલ પરાવર્તન માટે અહીં ઉપાર્ધપુદ્ગલ પરાવર્તન શબ્દ વપરાયો છે. અહીં 'અર્ધ' શબ્દ સરખા અડધા વિભાગનો સૂચક છે. તથા એ અડધામાં ય કાંઈક ન્યૂનતા છે એ જણાવવા માટે પ્રસ્તુતમાં **अर्धं** ન લખતા **अर्धः** એમ પુલિંગ પ્રયોગ કર્યો છે. **उपार्धः** પદમાં પ્રાદિ તત્પુરુષ સમાસ છે. વિગ્રહ આ મુજબ :- **उपगतोऽर्धः** = અર્ધથી કાંઈકન્યૂન (અર્ધની સમીપમાં રહેલ) પુદ્ગલ પરાવર્તન તે ઉપાર્ધપુદ્ગલ પરાવર્તન. વિવિધ જીવોને આશ્રયી કોઈ સમકિતનો વિરહકાળ નથી કારણ કે મહાવિદેહ આદિમાં સર્વકાળે સમકિતી હોય છે. તથા ક્ષાયિક સમકિત તો આવ્યા બાદ ક્યારેય ન જતું હોવાથી તેમાં કોઈ અંતર જ નથી પડતું. અંતરદ્વાર પૂર્ણ થયું. હવે એના પછી દ્વારનું પ્રતિપાદન કરે છે.

જે આ જિનવચન વિશે શ્રદ્ધા કરાવતી રુચિ તે ઔપશમિકાદિમાંથી કયા ભાવોમાં સમવતાર પામે ? સમ્યગ્દર્શન એ સામાન્યથી શ્રદ્ધા = રુચિ સ્વરૂપે એક (અભિન્ન) છે, છતાં ક્ષય વિગેરેની અપેક્ષાએ ત્રણ પ્રકારે પણ આ સમ્યગ્દર્શન વિષેની જિજ્ઞાસા થાય છે કે- આ ક્ષાયિકાદિ ત્રણેમાંથી

१. °दीनां भावानां कतमो पाB.लि.। २. °परिवर्त्त खं.भां.। ३. °त्वात् स पुँ° मु.पा.सं.(खं.भां)।

**भाष्य- उच्यते- औदयिक-पारिणामिकवर्जं त्रिषु भावेषु भवति।। अल्पबहुत्वम्। अत्राह- सम्यग्दर्शनानां त्रिषु भावेषु वर्तमानानां किं तुल्यसंख्यत्वमाहोस्विदल्पबहुत्वमस्तीति ?।**

रुचिं क्षयादिरूपां त्रिविधामपि जिज्ञासते- क्व[1] के ते ? तथा प्रतिवचनमपि भविष्यति- **त्रिषु भावेष्विति**। औपशमिकादीनामुक्तल[2]क्षणादीनां **कतमो भावः**-कतमावस्थेति यावत्, सूरिस्तु हेयभावनिरसिसिषया आदेयं त्रिष्वित्यनेन कथयति, औदयिकं = गतिकषायादिरूपं, पारिणामिकं च = भव्यत्वादिलक्षणं विहाय येऽन्ये त्रयः क्षायिकादयस्तेषु भावेषु भवति, औदयिक-पारिणामिकयोर्गत्यादि-भव्यत्वाद्यव-धारणान्नानयोः समस्ति, अनादित्वाच्च, एष इति सूच्यते त्रिषु भवति, नौदयिक-पारिणामिकयोरिति।।

द्वारान्तरं स्पृशति- **अल्पबहुत्वमित्यनेन**। **अत्रै**तस्मिंस्त्रिषु भावेष्विति व्याख्यायते। **आहान्यः**- एषां क्षायिकादीनां सम्यग्दर्शनानां त्रिषु क्षायिकादिषु परिणामेषु वर्तमानानां किं तुल्यसङ्ख्यत्वमुत

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- ઔદયિક અને પારિણામિક ભાવ છોડી શેષ ત્રણ ભાવોમાં સમકિત હોય છે. અલ્પ બહુત્વમ્ → <u>પ્રશ્ન</u> :- ત્રણ ભાવોમાં વર્તતા સમ્યગ્દર્શનોની શું (પરસ્પર) તુલ્ય સંખ્યા જ છે કે ઓછા, અધિકપણું (અલ્પબહુત્વ) છે ?**

કયા સમકિત કયા ભાવોમાં અવતાર પામે? આ પ્રશ્નકર્તાની જિજ્ઞાસાને અનુસાર ભાષ્યમાં ઉત્તર આપશે કે સમકિત ત્રણ ભાવોમાં સમવતાર પામે છે. સમ્યગ્દર્શન એ સામાન્યથી શ્રદ્ધાસ્વરૂપે (એક) અભિન્ન છે, છતા ક્ષય વિગેરેની અપેક્ષાએ ત્રણે રીતે પણ આ સમ્યગ્દર્શનની જિજ્ઞાસા થઈ શકે છે. આશય એ છે કે પૂર્વે કહેવાયેલ સ્વરૂપવાળા ઔપશમિકાદિમાંથી કયા ભાવમાં સમ્યગ્દર્શન હોય ? તેનો જવાબ આપતા પ્રથમ આચાર્યશ્રી હેય ભાવો, કે જેમાં સમકિત સમવતાર નથી પામતું તેનું નિરસન કરવાની ઇચ્છાપૂર્વક માત્ર ઉપાદેય ભાવો (જેમાં સમકિત છે) તેને દર્શાવતાં કહે છે.

**❋ ભાવોમાં સમકિતનો સમવતાર ❋**

ઔદાયિક અને પરિણામિક ભાવો હેય છે. ઔદાયિકભાવ :- ગતિ કષાયાદિ રૂપ છે અને પારિણામિકભાવ :- ભવ્યત્વાદિ પરિણામ રૂપ છે. આ બે ભાવો સિવાયના ક્ષાયિકાદિ ત્રણ ભાવોમાં સમકિત હોય. ઉપરોક્ત ઔદાયિક અને પારિણામિક ભાવો અનાદિકાલીન હોવાથી આ બે ભાવોમાં સમકિત ન હોઈ શકે (સમકિતની આદિ હોય છે). એ બે સિવાયના ક્ષાયિકાદિ ત્રણ ભાવોમાં હોય છે. અન્ય દ્વારને કહે છે.

આ ત્રણ ભાવોને આશ્રયી સમ્યક્ત્વનું અલ્પબહુત્વ કહેવાય છે.

<u>પ્રશ્ન</u> :- આ ક્ષાયિકાદિ (ક્ષાયિક, ઔપશિમક, અને ક્ષાયોપશમિક) ભાવોમાં વર્તતા ક્ષાયિકાદિ સમ્યગ્દર્શનીઓ (જીવો)ની શું પરસ્પર તુલ્ય સંખ્યા હોય છે કે નહીં? પ્રસ્તુતમાં આ સમ્યગ્દર્શનના

१. क्व क्वेति खं.भा.चा.। २. लक्षणानां खं.भां.।

**भाष्य– उच्यते- सर्वस्तोकमौपशमिकम्। ततः क्षायिकमसङ्ख्येयगुणम्। ततोऽपि क्षायोपशमिकमसङ्ख्येयगुणम्। सम्यग्दृष्टयस्त्वनन्तगुणा इति।**

नेति, आश्रयभेदेन चाल्पबहुत्वचिन्तेहाश्रिता, **अल्पबहुत्वमिति** अल्पबहुभावः। किञ्चिदल्पमत्रास्ति किञ्चित् तु बह्विति कथं भावनीयम् ?।

**उच्यते– सर्वस्तोकमौपशमिकम्**, यत ईदृशीं परिणतिं श्रेण्यारोहादिस्वभावां न बहवः सत्त्वाः[1] सम्प्राप्नुवन्तीत्यागमात्, **ततः क्षायिकमसंख्येयगुणम्**, ततः औपशमिकात् क्षायिकमिति च। अत्रायं विशेषः प्रेक्ष्यः-छद्मस्थानां **श्रेणिकादीनां** यत् क्षायिकं तद् गृह्यते, अपायसद्भावात्, छद्मस्थवर्तिनश्च औपशमिकस्यावधितयोपात्तत्वात् तत इत्यनेनावधिमतापि तादृशेन भवितव्यम्। तत औपशमिकात् क्षायिकं छद्मस्थस्वामिकसङ्ख्येयगुणमिति, योऽसावौपशमिको राशिः सोऽसङ्ख्येयेन राशिना गुण्यते, औपशमिकाद् बहुतरमितियावत्। ततोऽपि क्षायिकात् क्षायोपशमिकं भवत्यसङ्ख्येयगुणं, सर्वगतिषु

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- **સહુથી ઓછા ઔપશમિક ભાવવાળા સમકિતિ છે, આના કરતાં ક્ષાયિક અસંખ્યાત ગુણા હોય ત્યાર બાદ ક્ષાયોપશમિક અસંખ્યેય ગુણ હોય છે. ક્ષાયોપશમિક કરતાં સમ્યગ્દષ્ટિ અનંતગુણ હોય છે.**

ક્ષાયિકાદિ ભાવરૂપ આશ્રયભેદને આશ્રયી અલ્પબહુત્વની ચિંતા કરાઈ છે. (ત્રણમાંથી કયા ભાવને આશ્રિત સમકિતી જીવો કેટલા છે તે અંગે અહીં વિચારણા કરાશે.) અલ્પબહુત્વ એટલે અલ્પ-અધિકભાવ. કોના ? સમ્યગ્દર્શનના. અર્થાત્ અમુક ભાવમાં અલ્પ સંખ્યક સમકિત છે અને અમુક ભાવમાં અધિક, આવા આ અલ્પબહુત્વને અહીં કઈ રીતે સમજવુ ? તે પ્રશ્નકારનો ભાવ છે.

**❋ ઔપશમિક સમ્યક્ત્વ સહુથી અલ્પ ❋**

**જવાબ :-** ઔપશમિક સમકિત સર્વથી અલ્પ છે કારણ કે ઉપશમશ્રેણી પર ચઢવાના સ્વભાવવાળી એવા પ્રકારની પરિણતિને બહુ જીવો પ્રાપ્ત નથી કરતા, તેમ આગમમાં કહ્યું છે.' આ ઔપશમિક કરતાં ક્ષાયિક અસંખ્યેય ગણા છે. વિશેષ એટલું જાણવું કે અહીં જે ક્ષાયિકનું ગ્રહણ કર્યું છે, તે શ્રેણિકાદિ છદ્મસ્થો જે ક્ષાયિક સમ્યક્ત્વી છે તેનું સમજવું કારણ કે તેમને જ અપાય (મતિજ્ઞાન)નો સદ્ભાવ છે. (અપાય રહિત ક્ષાયિક સમ્યગ્દર્શનવાળા તો સમ્યગ્દષ્ટિમાં ગણાય) અને છદ્મસ્થ જીવોમાં વર્તતું ઔપશમિક સમકિત, મર્યાદિત સંખ્યામાં દર્શાવેલ હોવાથી આ ઉપશમ સમ્યક્ત્વવાળા જીવોની સંખ્યા પણ મર્યાદિત (અલ્પ) હોય છે. તે આ ઉપશમ સમકિતી કરતાં છદ્મસ્થક્ષાયિકની સંખ્યા અંસખ્ય ગુણ હોય છે. જે આ ઔપશમિક રાશિ છે તેને અસંખ્યેય રાશિ વડે ગુણતાં જે રાશિ આવે તે છદ્મસ્થ ક્ષાયિકની સમજવી અર્થાત્ ઔપશમિક કરતા ક્ષાયિક અધિકતર હોય. આ ક્ષાયિક કરતાં ક્ષાયોપશમિક અસંખ્યેય ગુણ હોય છે. ચારે ગતિમાં આ ક્ષાયોપશમિક સમકિતના સ્વામિઓ

१. सत्त्वाः इति पाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)।

**भाष्य– एवं सर्वभावानां नामादिभिर्न्यासं कृत्वा प्रमाणादिभिरभिगमः कार्य। उक्तं सम्यग्दर्शनम्। ज्ञानं वक्ष्यामः ।।८।।**

बहुस्वाम्याधारत्वात्। असङ्ख्येयगुणमिति च योऽसौ क्षायिकराशिः सोऽसङ्ख्येन गुण्यते, अतः क्षायिकाद् बहुतरमास्त इतियावत्, यत् तर्हि क्षायिकं कैवल्याधारं तत् कियत् ?। उच्यते- सर्व-केवलिनामानन्त्यादनन्तगुणं, कैवल्याधारमेतद् दृश्यमिति, अतः आह– **सम्यग्दृष्टयस्त्वनन्ता** इति। केवलिनोऽनन्ता इत्यर्थः। ततस्तद्वर्त्यप्यनन्तमेव। **इति** द्वारपरिसमाप्तिसूचकः। **अथ** किं सम्यग्-दर्शनस्यैव निर्देशादिसदादिभिद्वारैरधिगमः क्रियते उत ज्ञानादीनामपीति ?।

**उच्यते**– ज्ञानादीनामपि, किन्तु एकत्र सम्यग्दर्शने योजना कृताऽन्यत्राप्येवं दृश्येत्यतिदिशति- **एवं सर्वभावानामि**त्यादिना। **एवमि**ति यथा सम्यग्दर्शनस्य तथा **सर्वभावानां** ज्ञानादीनां नाम-स्थापनादिभी रचनां कृत्वा प्रमाण-नय-निर्देशादि-सदादिभिः परीक्ष्या**धिगमः कार्य** इति। यत् प्रस्तुतं

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- આમ સર્વ (સમ્યગ્દર્શનાદિ) ભાવોનો ન્યાસ (સ્થાપના) કરીને પ્રમાણાદિ અનુયોગદ્વારો વડે બોધ કરવો. સમ્યગ્દર્શન કહેવાયું. હવે જ્ઞાન કહીશું. ॥૮॥**

રહેલ હોવાથી આ અસંખ્યેય ગુણ કહ્યું છે. અસંખ્યેય ગુણ જે ક્ષાયિકની રાશિ છે, તેને અસંખ્ય વડે ગુણતાં ક્ષાયોપશમિકની સંખ્યા આવે તેથી ક્ષાયિકથી ક્ષાયોપશમિક બહુતર છે તેમ કહ્યું.

### ❋ સમ્યગ્દૃષ્ટિજીવોની સંખ્યા ❋

<u>પ્રશ્ન</u> :- તમે તો છદ્મસ્થ ક્ષાયિક સમ્યગ્દર્શનીની વાત કરી પરંતુ જે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ કેવળી છે. તેમની કેટલી સંખ્યા? <u>ઉત્તર</u> :- સર્વ કેવલીઓ (સિદ્ધ સહિત) અનંત હોવાથી કેવળી રૂપ આધારમાં રહેલુ ક્ષાયિક સમ્યક્ત્વને અનંતગણુ કહ્યું છે અને એથી સમ્યગ્દષ્ટિઓની સંખ્યા ભાષ્યમાં અનંત કહી છે. આ પ્રમાણે કેવળી અનંત હોવાથી તદ્વર્તિ ક્ષાયિક સમ્યગ્દર્શન પણ અનંતા જ છે. ભાષ્યનો **'इति'** શબ્દ એ અલ્પબહુત્વ દ્વારની પરિસમાપ્તિનું સૂચક છે.

<u>પ્રશ્ન</u> :- આ નિર્દેશાદિ તથા સત્ આદિ દ્વારો વડે શું સમ્યગ્દર્શનનો જ (અધિગમ) બોધ કરાય છે કે બીજા જ્ઞાનાદિનો પણ ?

<u>જવાબ</u> :- જ્ઞાનાદિનો પણ અધિગમ થાય છે. પરંતુ દ્વારોની યોજના (અર્થઘટન) તો એક સમ્યગ્દર્શન તત્ત્વમાં દર્શાવી છે. આ મુજબ જ્ઞાનાદિમાંય યોજના કરી લેવી. આ ભલામણ કરતાં ભાષ્યમાં કહ્યું કે જ્ઞાનાદિ સર્વભાવોની નામ, સ્થાપનાદિ વડે રચના કરીને પ્રમાણ, નય, નિર્દેશ, સત્ આદિ વડે પરીક્ષા કરી અધિગમ કરવો. પ્રસ્તુતમાં "સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે" એવા પ્રથમ સૂત્રમાં જે સમ્યગ્દર્શન પદ છે, તે અંગે જે વિચારવા લાયક હતું તે કહી દીધું અને તે કહેવાથી સમ્યગ્દર્શન અંગેનો વિષય સમાપ્ત થયો. આના પછી બીજા અવયવ = જ્ઞાનની

१. बहुतममा' खं.भां.। २. 'आह' पाठो मु. प्रतौ न दृष्टः(भां)। ३. 'इत्यादिना' पाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)। ४. 'क्ष्याभिगमः मु.(खं)।

**सूत्रम्- मति-श्रुतावधि-मनःपर्याय-केवलानि ज्ञानम्*।।१-९।।**

**भाष्य- मतिज्ञानं श्रुतज्ञानं अवधिज्ञानं मनःपर्यायज्ञानं केवलज्ञानमित्येतत् मूलविधानतः पञ्चविधं *ज्ञानम्।**

**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** (१-१) इति तत्र यत् सम्यग्दर्शने विचार्य तदभिहितम्, तदभिधानाच्च परिसमापितं सम्यग्दर्शनमित्येतदाह- **उक्तं सम्यग्दर्शनम्**। द्वितीयावयवव्याचिख्यासाप्रस्तावप्रदर्शनायाह- **ज्ञानं वक्ष्यामः**।।८।।

कीदृक् तदिति चेदुच्यते मतिश्च श्रुतं चावधिश्च मनःपर्यायश्च केवलं च मतिश्रुतावधिमनःपर्याय-केवलानि, ज्ञानमिति चानेन पञ्चाप्येतानि एकज्ञानमिति नैवं ग्राह्यम् यथा सम्यग्दर्शनादीनि त्रीण्यपि एको मोक्षमार्ग इति, किन्तु ऐकैकमत्र ज्ञानमिति। यद्येवं ज्ञानानीति भवितव्यम्. ज्ञानबहुत्वात् उच्यते- सत्यमेव, **प्रतिज्ञारूपं तु प्रतिवचनं भवती**तिकृत्वा एकवचनं कृतं, प्रतिज्ञातं चानेन ज्ञानं वक्ष्याम इति, अतस्तदनुरोधेनैकवचनं चकार आचार्यः। एकैकस्य ज्ञानतां प्रख्यापयन्नाह- **मतिज्ञानं श्रुतज्ञानमि**त्यादि। मननं मतिः परिच्छेद इत्यर्थः। शेषकारकेष्वपि यथासम्भवं ज्ञेया, [१]ज्ञातिर्ज्ञानं

• *હેમગિરા* •

**<u>સૂત્રાર્થ</u> :- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ એ પાંચ જ્ઞાન છે. ॥१-९॥**

**ભાષ્યાર્થ :- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન આ પાંચ પ્રકાર મૂળ વિધાન = પ્રકારથી છે.**

વ્યાખ્યા કરવાની ઇચ્છા હોવાથી તે અંગેના પ્રસ્તાવનું પ્રદર્શન કરતાં ભાષ્યમાં કહ્યું છે કે :- ''જ્ઞાનને કહીશું.'' ॥૮॥ એ જ્ઞાન કેવા પ્રકારનું છે ? તે બતાવવા સૂત્ર કહે છે.

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલનો ઈતરેતર દ્વન્દ્વ સમાસ થતા '**मतिश्रुतावधिमनःपर्यायकेवलानि**' પ્રયોગ થયો છે એના બાદ જેમ પૂર્વે કહ્યું કે સમ્યગ્દર્શન આદિ ત્રણ એક મોક્ષમાર્ગ રૂપ છે તેમ અહીં **ज्ञानम्** પદથી મતિ આદિ પાંચેને સમુદિત એક જ્ઞાનરૂપ નહીં સમજવા, પણ પાંચે સ્વતંત્ર જ્ઞાનો જાણવા. **<u>શંકા</u>** :- એવું જો હોય તો જ્ઞાનપદને બહુવચન (**ज्ञानानि**) પ્રયોગ થવો જોઈએ. કારણ કે જ્ઞાનો અહીં ઘણાં કહ્યાં છે. **<u>સમાધાન</u>** :- તમારી વાત અપેક્ષાએ સત્ય છે. પરંતુ એક ન્યાય છે, ''**प्रतिज्ञारूपं तु प्रतिवचनं भवति**'' :- પ્રતિજ્ઞાવચન ક્યારે પણ (तु = અવધારણ ચોક્કસ) એકવચનમાં હોય છે. ઉપર ૮માં સૂત્રના ભાષ્યમાં '**ज्ञानं वक्ष्यामः** એ પ્રતિજ્ઞાવચનમાં એકવચન પ્રયોગ કર્યો હોવાથી તેના અનુરોધથી અહીં ૯માં સૂત્રમાં પણ એકવચન પ્રયોગ કર્યો છે. હવે મતિ વગેરે એક એકને જ્ઞાન તરીકે દર્શાવતાં વાચકશ્રી ભાષ્યમાં કહે છે.

### ❈ મતિજ્ઞાનને પીછાણીએ ❈

**મતિજ્ઞાન** :- મનન કરવું તે મતિ, આને પરિચ્છેદ પણ કહેવાય, શેષ કારકોમાં પણ યથાસંભવ અર્થ (વ્યુત્પત્તિ) જાણવા. જાણવું તે = જ્ઞાન. પાઠાન્તર મુજબ જણાય તે = જ્ઞાન અર્થાત્ વસ્તુના

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૪ १. ज्ञप्तिर्ज्ञानं मु.(राB)। ज्ञायते ज्ञानं राA.।

वस्तुस्वरूपावधारणमित्यर्थः। **मतिज्ञानं**, मतेर्ज्ञानमिति समासो नैव कार्यः, मतेर्ज्ञानं किं ? येन सा गृह्यते, सा च गृह्यते केवलादिना, ततश्चोत्तरपदार्थप्राधान्यात् तत्पुरुषस्य तन्मात्रग्रहणं स्यात्, नत्विन्द्रियानिन्द्रियनिमित्तमिति, तस्मात् ज्ञानशब्दो व्यभिचारी सामान्यज्ञानवाचकः सन्निन्द्रियानिन्द्रियनिमित्तोपजातया मत्या समानाधिकरणतया विशेष्यते, मतिश्च सा ज्ञानं च मतिज्ञानम्। तच्च श्रोत्रेन्द्रियव्यतिरिक्तं चक्षुरादीन्द्रियानक्षरोपलब्धिर्या तन्मतिज्ञानम्।

**श्रुतज्ञानमि**ति। श्रूयते तदिति, अस्मिन् पक्षे शब्दमात्रं गृह्यते, श्रुतिः श्रवणमित्यस्मिन् पक्षे ज्ञानविशेष उच्यते, स एव च ग्राह्यः श्रुतमित्यनेन। कीदृशः स इति चेत्? उच्यते- शब्दमाकर्णयतो भाषमाणस्य पुस्तकादिन्यस्तं वा चक्षुषा पश्यतः घ्राणादिभिर्वा अक्षराणि उपलभमानस्य यद् विज्ञानं तत्[1] सर्वं श्रुतमुच्यते, तेन ज्ञानं विशेष्यते, श्रुतं च तज्ज्ञानं चेति श्रुतज्ञानम्।

• હેમગિરા •

સ્વરૂપને અવધારણ કરવું તે જ્ઞાન. **मतिज्ञानं** પદમાં 'મતિનું જ્ઞાન' આવો ષષ્ઠિ તત્પુરુષ સમાસ ન કરવો. સમાનાધિકરણ કર્મધારય સમાસ કરવો. જો ષષ્ઠિતત્પુરુષ સમાસ કરીએ તો એ સમાસ ઉત્તર પદ પ્રધાન હોવાથી 'જ્ઞાન' એ પ્રધાન રહેશે, અને તેથી ઈન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્તોવાળી મતિએ ગૌણ બની જવાથી જ્ઞાનમાત્રનું ગ્રહણ થશે. અને જ્ઞાન તો કેવલાદિ રૂપ પણ છે. તેથી વ્યભિચાર આવે. વળી મતિનું જ્ઞાન એમ કહેતાં, 'મતિ જે જ્ઞાન વડે ગ્રહણ કરાય છે તે મતિનું જ્ઞાન' એવો અર્થ થશે અને તે અર્થથી તો કેવલાદિ વડે પણ મતિનું ગ્રહણ કરાય છે તો કેવલાદિને પણ મતિના જ્ઞાન તરીકે માનવા પડશે. કારણ કે મતિ (છદ્મસ્થમતિજ્ઞાની)ના જ્ઞાન (વિચારો)ને કેવલી આદિ (અંશતઃ મનપર્યાય અવધિ) જ્ઞાનીઓ જાણે છે. તેથી 'મતિનું જ્ઞાન' એમ તત્પુરુષ સમાસ ન કરતાં મતિ એવું જે જ્ઞાન તે મતિજ્ઞાન એમ સમાનાધિકરણ કર્મધારય સમાસ કરવો ઉચિત છે. અર્થાત્ ઈન્દ્રિય - અનિન્દ્રિય નિમિત્તે ઉત્પન્ન થનાર મતિ સાથે સમાનાધિકરણ તરીકે જ્ઞાન પદને વિશેષિત કરી અર્થ કરવો કે- 'મતિ એવુ જ્ઞાન તે મતિજ્ઞાન'. શ્રોત્રેન્દ્રિય સિવાય ચક્ષુ આદિ ઈન્દ્રિયથી થતી જે અનક્ષર જ્ઞાનની ઉપલબ્ધિ તે મતિજ્ઞાન છે.

### * શ્રુતજ્ઞાનનું લક્ષણ *

**શ્રુતજ્ઞાન** :- 'સંભળાય તે શ્રુત' આ વ્યુત્પત્તિ-પક્ષ વ્યુત્પત્તિમાં સંભળાતા શબ્દ માત્રનું ગ્રહણ થાય છે. જ્યારે ''શ્રવણ કરવું તે શ્રુતિ'' આ પક્ષમાં જ્ઞાન વિશેષનું ગ્રહણ કર્યું છે. અર્થાત્ તે જ્ઞાન વિશેષને જ શ્રુતપદથી ગ્રહણ કરવું. <u>પ્રશ્ન</u> :- તે જ્ઞાન વિશેષ કેવા પ્રકારનું છે ? <u>જવાબ</u> :- શબ્દને સાંભળનારનું, બોલનારનું અથવા પુસ્તકાદિમાં છપાયેલ = લખાયેલ શબ્દને આંખો વડે જોનારનું અથવા નાસિકાદિ વડે અક્ષરોને જાણનાર (અમુક સુગન્ધ વગેરેથી તે તે સુગન્ધી વસ્તુનું અક્ષરાત્મક બોધ કરનાર)નું જે વિજ્ઞાન તે સર્વને અહીં જ્ઞાનવિશેષ તરીકે જાણવું અને એવા જ જ્ઞાનને શ્રુત સાથે વિશેષિત કરી 'શ્રુત એવુ જે જ્ઞાન તે શ્રુતજ્ઞાન' એ પ્રમાણે અર્થ કરવો.

१. तत् श्रुत° मु.(खं,भां)।

**अवधिज्ञानमि**ति। अवशब्दोऽधःशब्दार्थः, अवधानादवधिः, ज्ञानं परिच्छेदः. एतदुक्तं भवति-[1]अधोविस्तृतविषयमनुत्तरोपपादिकादीनां ज्ञानमवधिज्ञानम्, यतो बहुत्वं च विषयस्योररीकृत्यैवं व्युत्पत्तिः अन्यथा तिर्यगूर्ध्वं वा विषयं परिच्छिन्दानस्यावधिव्यपदेशो न स्यात्। अथवा अवधिः=मर्यादा, अमूर्तद्रव्यपरिहारेण मूर्तिनिबन्धनत्वादेव तस्यावधिज्ञानत्वम्। तच्च चतसृष्वपि गतिषु जन्तूनां वर्तमानानामिन्द्रियनिरपेक्षं मनःप्रणिधानवीर्यकं प्रतिविशिष्टक्षयोपशमनिमित्तं पुद्गलपरिच्छेदि देव-मनुष्य-तिर्यङ्-नारकस्वामिकमवधिज्ञानमिति। अवधिश्च स तज्ज्ञानं च तदित्यवधिज्ञानम्।

**मनःपर्यायज्ञानमि**ति। मनोद्विविधं-द्रव्यमनो भावमनश्च, तत्र द्रव्यमनो=मनोवर्गणा, भावमनस्तु ता एव वर्गणा जीवेन गृहीताः सत्यो मन्यमानाश्चिन्त्यमाना भावमनोऽभिधीयते। तत्रेह भावमनः

• *હેમગિરા* •

### ❋ અવધિ જ્ઞાનની ઓળખ ❋

**અવધિજ્ઞાન** :- અવ શબ્દ અધઃ = નીચે એવા અર્થને જણાવે છે. અર્થાત્ નીચે નીચેના વિષયનું અવધારણ = અવધિ અને જ્ઞાન = પરિચ્છેદ. ભાવાર્થ આ પ્રમાણે :- અનુત્તર વિમાનવાસી આદિ દેવોને નીચેના વિભાગનું વિસ્તારથી જે જ્ઞાન થાય તે અવધિજ્ઞાન છે. **अव** = **अधः** એ વ્યુત્પત્તિ વિષયની બહુલતાને લઈને સમજવી. અનુત્તરવાસી દેવો લોકના સહુથી ઉપરીસ્થાને રહ્યાં હોવાથી તેમના અવધિવિજ્ઞાનની નીચેની વિષયતા સામાન્યથી બહુ છે. વિષયની બહુલતાને આશ્રયીને જ આ વ્યુત્પત્તિ સમજવાની છે અન્યથા જો એકાંતે આવો અર્થ અવધિનો કરવામાં આવે તો તિર્છી અથવા ઉર્ધ્વદિશામાં રહેલ વિષયોનો બોધ જે અવધિજ્ઞાનીને થાય છે, તેના માટે 'અવધિ' શબ્દ નહીં ઘટે. અથવા અવધિનો 'મર્યાદા' અર્થ કરવો. અમૂર્ત દ્રવ્યનો પરિહાર કરી મૂર્ત દ્રવ્યો સુધીનું જ જ્ઞાન કરાવે તે અવધિજ્ઞાન. આ જ્ઞાન ચારે ગતિમાં વર્તતા દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક જીવોના સ્વામિત્વવાળું, ઈન્દ્રિયથી નિરપેક્ષ, મનના પ્રણિધાનના બળે થનારું છે. અર્થાત્ અવધિનો ઉપયોગ મૂકવા પૂર્વે મનથી પ્રણિધાન કરવું પડે છે. એક વિશિષ્ઠ ક્ષયોપશમના નિમિત્તે થનારું, પુદ્ગલ (રૂપી) માત્રનું પરિચ્છેદક. આ જ્ઞાન ચારેગતિમાં વર્તતા જીવોને થાય છે. '**अवधिज्ञानं**' પદમાં પણ પૂર્વની જેમ વિશેષણ વિશેષ્ય રૂપ કર્મધારય સમાસ કરવો.

### ❋ મનઃપર્યાયજ્ઞાનનો પરિચય ❋

**મનઃ પર્યાયજ્ઞાન** :- મન બે પ્રકારે છે. ૧. દ્રવ્યમન ૨. ભાવમન. દ્રવ્યમન :- મનોવર્ગણા તથા ભાવમન :- ગ્રહણ કરાએલી આ જ મનોવર્ગણા જીવ વડે જ્યારે વિચારાય, ચિંતવાય ત્યારે તે ભાવમન કહેવાય. અહીં મનઃપર્યાયજ્ઞાનમાં મન તરીકે 'ભાવમન'નું ગ્રહણ કરવું. આ ભાવમનના જે પર્યાય તે મનઃપર્યાય. જેમકે કોઈ વ્યક્તિ-વિશેષ એવું વિચારે કે "આત્મા કયા સ્વભાવનો હોય ?" "સુખાદિનો કર્તા-ભોક્તા = અનુભવ કરનાર, જ્ઞાન સ્વભાવવાળો અમૂર્ત હોય છે" ઈત્યાદિ પર

१. अधोऽधोविस्तृ॰ पाA.।

**भाष्य– प्रभेदास्त्वस्य पुरस्ताद् वक्ष्यन्ते।।९।।**

परिगृह्यते, तस्य भावमनसः पर्याया ▲भेदाः = मनःपर्यायास्ते चैवंविधाः यदा कश्चिदेवं चिन्तयेत् किंस्वभाव आत्मा? ज्ञानस्वभावोऽमूर्तः कर्ता सुखादीनामनुभविता इत्यादयो ज्ञेयविषयाध्यवसायाः परगतास्तेषु यज्ज्ञानं तेषां वा यज्ज्ञानं तन्मनःपर्यायज्ञानम्। तानेव मनःपर्यायान् परमार्थतः समवबुध्यते, बाह्यांस्त्वनुमानादेवेत्यसौ तन्मनःपर्यायज्ञानम्।

**केवलज्ञानमि**ति। **केवलं**=सम्पूर्णं ज्ञेयं तस्य तस्मिन् वा सकलज्ञेये यज्ज्ञानं तत् केवलज्ञानम्, सर्वद्रव्यभावपरिच्छेदीतियावत्। अथवा केवलं एकं मत्यादिज्ञानरहितमात्यन्तिकज्ञानावरणक्षयप्रभवं केवलज्ञानं अविद्यमानस्वप्रभेदम्।[1] विशुद्धप्रकर्षापेक्षा चैषामानुपूर्वीविन्यासविरचनेति, **इति**रियत्तायां, एतावदेव नान्यदस्तीति।

**एतत्** इत्यवयवप्रविभागेन यदाख्यातं, **मूलम्** = आद्यं **विधानं** = भेद, मूलं च तद्विधानं च मूलविधानं, मूलविधानेन=**मूलविधानतः, पञ्चविधं**=मत्यादिज्ञेयपरिच्छेदि **ज्ञानम्**। एतदुक्तं भवति- मौलान् भेदानङ्गीकृत्य पञ्चविधमेव भवति। **अथ** किमन्ये एषां पञ्चानां प्रभेदाः सन्ति उत नेति ?। सन्तीत्**युच्यते– प्रभेदास्त्वस्ये**त्यादि। **प्रभेदाः**=अंशा=अवयवाः **अस्य**=पञ्चविधस्योपरिष्टाद् **वक्ष्यन्ते**, मूलभेदास्तु न, कथितत्वादिति। 'मतिज्ञानस्यावग्रहादयः श्रुतस्याङ्गानङ्गप्रविष्टादयः, अवधिज्ञानस्य

● *હેમગિરા* ●

ભાષ્યાર્થ :- આના પેટા ભેદો તો આગળ કહેવાશે ॥૯॥

વ્યક્તિમાં રહેલા જ્ઞેય (પદાર્થ) વિષયના જે અધ્યવસાયો તેનું અથવા તે અધ્યવસાય વિશે થનારું જે જ્ઞાન તે મનઃપર્યાય જ્ઞાન જાણવું. પરમાર્થથી વિચારતાં તો આ મનઃ પર્યાય જ્ઞાન (જ્ઞાની) તે મનના પર્યાયોને જ જાણે છે, બાહ્ય ઘટાદિને તો અનુમાનથી જ જાણે છે.

### ❋ કેવલજ્ઞાનના ચાર વિશેષણ ❋

**કેવળજ્ઞાન** :- ૧) કેવલ :- સંપૂર્ણ એટલે સમગ્ર જ્ઞેય પદાર્થો. આ સમસ્ત જ્ઞેયનું અથવા જ્ઞેયમાં પ્રવર્તતું- જ્ઞાન તે કેવળજ્ઞાન છે. આ જ્ઞાન સર્વ દ્રવ્યભાવનું પરિચ્છેદક છે અથવા ૨) કેવલ એટલે એક. મત્યાદિ જ્ઞાનરહિત માત્ર એક જ્ઞાન, ૩) જે જ્ઞાનાવરણીયના આત્યંતિક (સર્વથા) ક્ષયથી ઉત્પન્ન થયેલું છે તથા, જેને કોઈ સ્વના ભેદ- પ્રભેદ વિદ્યમાન નથી તેવું જ્ઞાન તે "કેવળજ્ઞાન."

આ પાંચે જ્ઞાનોની ક્રમપૂર્વકની રચના જે સૂત્ર (ભાષ્ય)માં કરી છે તે ઉત્તરોત્તર વિશુદ્ધિના પ્રકર્ષની અપેક્ષાએ કરી છે. ભાષ્યમાંનો **'इति'** શબ્દ **इयत्ता** (=આટલાજ)ના અર્થમાં છે. ઈયત્તા એ કે જ્ઞાન પાંચ જ (=આટલાજ) છે, વધુ નહીં. **'एतत्'** સર્વનામ જ્ઞાનના જુદા જુદા મતિ આદિ વિભાગો (અવયવો) જે કર્યા તેનું સૂચક છે. **मूलम्** :- આદ્ય, પ્રથમ **विधानं** :- પ્રકાર

▲....▲. चिह्नद्वयमध्यवर्तीपाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)। १. सम्पूर्णज्ञेयं मु.(भं,खं)। T. परि.५ टि.१८।

**सूत्रम्- तत् प्रमाणे ।।१-१०।।**

**भाष्य- तदेतत् पञ्चविधमपि ज्ञानं द्वे प्रमाणे भवतः परोक्षं प्रत्यक्षं च।।१०।।**

भवप्रत्ययादयः, मनःपर्यायज्ञानस्य ऋजुमत्यादयः, केवलज्ञानस्य तु न सन्त्येव।।९।।

**अथ** पुरस्तात् प्रमाण-नयैरधिगम इत्युक्तं, तत्र न ज्ञायते किं प्रमाणमित्यत **आह- तत् प्रमाणे** इति। अथवाऽन्यैरनेकधा प्रमाणमभ्युपेतं, तद्यथा- कापिलैस्त्रिधा प्रत्यक्षानुमानागमभेदात्, अक्षपादेन चत्वारि सहोपमानेन, मीमांसकैः षडर्थापत्त्यभावाभ्यां सह, मायासूनवीयैर्द्वे प्रत्यक्षानुमाने, काणभुजैश्च [卐]द्वे त्रीणि वा दर्शनभेदात्, भवतां कथमित्यत आह- **तच्छब्द एतदि**त्यस्यार्थे, **पञ्चविधमपि** मत्यादि- **ज्ञानं द्वे प्रमाणे भवत** इत्येतदत्र विधीयमानं, द्वे एव प्रमाणे भवतः, नान्यत् प्रमाणमस्ति।।

• *હેમગિરા* •

**<u>સુત્રાર્થ</u> :- તે (પાંચ) જ્ઞાન બે પ્રમાણ સ્વરૂપ છે. ॥ ૧-૧૦ ॥**

**<u>ભાષ્યાર્થ</u> :- તે આ પાંચ પ્રકારનું જ્ઞાન બે પ્રમાણરૂપ છે, પરોક્ષ પ્રમાણ અને પ્રત્યક્ષ પ્રમાણ ॥૧-૧૦॥**

= ભેદ અર્થાત્ મૂળ વિધાનથી મતિ આદિ વડે જ્ઞેયના પરિચ્છેદક જ્ઞાનો પાંચ પ્રકારે છે. <u>પ્રશ્ન</u> :- આ પાંચે જ્ઞાનના અન્ય પ્રભેદો (પેટા ભેદો) છે ? કે નહીં ? <u>જવાબ</u> :- હા, આ પાંચે જ્ઞાનોના = પ્રભેદો = અંશો; અવયવ છે જે આગળ કહીશું. મૂળ ભેદો કહી દીધા છે. તેથી આગળ નથી કહેવાના. જેમકે મતિ જ્ઞાનના અવગ્રહાદિ, શ્રુતજ્ઞાનના અંગપ્રવિષ્ટ અનંગપ્રવિષ્ટાદિ, અવધિજ્ઞાનના ભવપ્રત્યયાદિ, મનઃપર્યાયના ઋજુમતિ આદિ પ્રભેદો છે. કેવળજ્ઞાનના તો ભેદ જ નથી. ॥ ૯ ॥ પહેલા (સૂત્ર ૬માં) પ્રમાણ અને નય વડે અધિગમ કરવો એમ જે કહ્યું તેમાં 'પ્રમાણ' શું છે એ નથી સમજાયું. તેથી આને સમજાવતાં સૂત્રકારે ૧૦મું સૂત્ર કહ્યું છે. '**अथ**' આદિ પદોથી આ જ ૧૦માં સૂત્ર ભાષ્યની અવતરણિકા કરતા ટીકાકારશ્રી '**अथवा**'થી કહે છે

## ❋ દર્શનોમાં પ્રમાણોની સંખ્યાનું વૈવિધ્ય ❋

<u>પ્રશ્ન</u> :- અથવા તો પ્રમાણના અનેક પ્રકારો અન્ય દર્શનકારો વડે સ્વીકારાયા છે. જેમ કે કપિલ મતાનુયાયિઓ (સાંખ્ય) :- પ્રત્યક્ષ, અનુમાન, આગમ એમ ત્રણ, અક્ષપાદ (નૈયાયિક) :- ઉપમાન સાથે ચાર, મીમાંસક :- અર્થાપત્તિ અને અભાવ સાથે છ, માયાસૂનવીય (બૌદ્ધ) :- પ્રત્યક્ષ, અનુમાન એમ બે. કાણભુજ (વૈશેષિક) :- [卐]દર્શનકારોના ભેદે બે અથવા ત્રણ પ્રમાણ છે. આમાં જુદા જુદા દર્શનના ભેદથી પ્રમાણની અનેક સંખ્યા છે. તો આપ (જૈન)ના મતે કેટલા પ્રમાણ છે તે કહો ? <u>**જવાબ**</u> :- {ભાષ્યનો '**तत्**' શબ્દ **एतत्** સર્વનામના અર્થમાં છે.} તે (પૂર્વ નિર્દિષ્ટ) આ પાંચેય મત્યાદિ જ્ઞાન બે પ્રકારના પ્રમાણ સ્વરૂપ છે. વળી અહીં જણાવતાં

१. पेत, कापि° मु.(रा.A)। 卐. વૈશેષિક સમંત પ્રશસ્તપાદ ભાષ્યની વ્યોમવતી ટીકામાં વ્યોમશિવાદિ પરંપરા મુજબ પ્રત્યક્ષ, અનુમાન, આગમ એમ ત્રણ પ્રમાણો કહ્યા છે, જે પ્રમાણમીમાંસા, ન્યાયવતારવૃત્તિ, સ્યાદ્વાદરત્નાકરાદિ ગ્રંથોમાં દર્શાવેલ છે. પણ વાસ્તવમાં તો લૈંગિક અને પ્રત્યક્ષ એમ બે પ્રમાણો જ આ વૈશેષિક સૂત્ર (૯/૧૮)માં કહેલા છે.

**ननु** चान्यैरनेकधा कल्पितं, कथं पुनरवध्रियते द्वे एवेति ?। **उच्यते**— अन्येषामत्रैवान्तर्भावात् प्रमाणान्तरत्वं निवार्यते, न प्रमाणत्वम्। कानिचिच्च नैव प्रमाणानि, एतच्च द्वयमुत्तरत्र भाष्यकार एव प्रदर्शयिष्यति[1]। अथ द्वे प्रत्यक्षानुमाने इत्येवं द्वयं ग्राह्यमुतान्यथेत्याह- एवं चान्यथेति च दर्शयति, '**परोक्षं प्रत्यक्षं चे**'ति' प्रत्यक्षमित्येवं परोक्षमिति च अन्यथा, परोक्षं चास्माद् अनुमानमिति नोक्तं, सिद्धान्ते परोक्षमित्युपन्यासात्। "**तं समासओ दुविहं पन्नत्तं, तंजहा- पच्चक्खं च परोक्खं च (नन्दीसूत्रे सू.८)**" इति। परैः इन्द्रियैरुक्षा = सम्बन्धो[2] यस्य ज्ञानस्य तत् परोक्षं ज्ञानम्।

एतदुक्तं भवति इन्द्रियैर्निमित्तैः सद्भिर्यज्ज्ञानमात्मनि सम्बन्धमनुयाति तत् परोक्षं=मतिश्रुतरूपम्। यत् पुनरिन्द्रियादिनिमित्तनिरपेक्षमात्मन[3] एवोपजायते तत् प्रत्यक्षम्, द्विविधेऽपि परोक्ष-प्रत्यक्षे[4] ज्ञाने यः साकारांशः स प्रमाणव्यपदेशमश्नुते, यथाभिहितम्- "**साकारः प्रत्ययः सर्वो, विमुक्तः संशयादिना।**

• *હેમગિરા* •

બે જ પ્રમાણ હકીકતમાં પ્રમાણરૂપ છે બીજા કોઈ પ્રમાણ નથી.

<u>પ્રશ્ન</u> :- બીજા દર્શનકારોએ તો અનેક પ્રકારે આ પ્રમાણો સ્વીકાર્યા છે. તો અહીં 'બે જ પ્રમાણ છે' એવું અવધારણ કેમ કરાયું છે ?

<u>ઉત્તર</u> :- બીજા પ્રમાણોનું આ બેમાં જ અંતર્ભાવ થઈ જાય છે. તેથી અન્ય કોઈ સ્વતન્ત્ર પ્રમાણ નથી એમ અન્ય સ્વતન્ત્ર પ્રમાણનો નિષેધ કર્યો છે. નહિ કે પ્રમાણત્વનો. જો કે બીજાએ કહેલ પ્રમાણોમાંથી કેટલાંક તો (મિથ્યા) છે, પ્રમાણ જ નથી. આ બન્ને (અન્ય પ્રમાણોની પ્રમાણતા અને પ્રમાણાભાવની) હકીકત ભાષ્યકાર સ્વયં આગળ બતાવવાના છે.

## * બે પ્રકારના પ્રમાણનો પરિચય *

<u>પ્રશ્ન</u> :- આ બે પ્રમાણ તરીકે ' પ્રત્યક્ષ, અનુમાન' એ બે પ્રમાણો જાણવા કે બીજા કોઈ જાણવા ?

<u>જવાબ</u> :- બે પ્રમાણ તરીકે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણો પણ કહી શકાય તથા પ્રત્યક્ષ અને પરોક્ષ પણ કહી શકાય. પ્રસ્તુતમાં પ્રત્યક્ષ-પરોક્ષ એ રીતે જ પ્રમાણોની સંખ્યા દર્શાવી છે. પણ અહીં સૂત્રમાં 'અનુમાન'નો ઉલ્લેખ નથી કર્યો એનું કારણ એ છે કે આગમોમાં પરોક્ષ પદનો જ ઉપન્યાસ કરેલ છે. તે આ મુજબ :- " **તે પ્રમાણના ટૂંકથી બે પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે :- પ્રત્યક્ષ અને પરોક્ષ (નન્દી સૂત્ર-૮)** આત્માથી પર એવી ઈન્દ્રિયો થકી જે જ્ઞાન થાય અર્થાત્ જે જ્ઞાનનો ઈન્દ્રિય સાથે સંબંધ છે તે પરોક્ષ જ્ઞાન છે. ભાવાર્થ એ છે કે નિમિત્ત એવી ઈન્દ્રિયો છતે જે જ્ઞાન આત્મામાં સંબંધને પામે, તે મતિ અને શ્રુત રૂપ જ્ઞાન પરોક્ષ જ્ઞાન સમજવું. જે વળી ઈન્દ્રિયાદિથી નિરપેક્ષ હોઈ આત્માથી જ થાય તે જ્ઞાન પ્રત્યક્ષ જાણવું. આ બન્ને પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનમાં જે સાકાર - અંશ છે, તેમાં જ પ્રમાણનો વ્યપદેશ થાય છે. કહ્યું છે :-

१. दर्श° मु.(खं,भां)। २. सम्बन्धनं राAB. खं.। ३. °यादिनिर° मु.(खं,भां)। ४. प्रत्यक्षपरोक्षे मु. (खं,भां)।

**साकारार्थपरिच्छेदात्, प्रमाणं तन्मनीषिणाम्।।"** ( ) इति साकारांशस्य प्रमाणताऽवसेयेति। प्रमीयतेऽनेनेति प्रमाणम्, मीयतेऽनेनेति वा[1] मानं, परिनिष्पन्नेन मानशब्देन सह प्रशब्दस्योपपदसमासः, प्रगतं प्रकृष्टं मानं प्रमाणम्, प्रमेयपरिच्छेदार्थिनः प्रमातुस्तत्परिच्छेदसिद्धिप्रधानाङ्गमतिशयोपकारित्वात् प्रकृष्टं मानं प्रमाणम्। वाक्यज्ञानद्वैविध्यात् द्विविधं, प्रत्यक्षपरोक्षभेदाद् वा।

अथवा सर्वमेव ज्ञानं प्रत्यक्षं मन-इन्द्रिय-जीवेष्वक्षशब्दस्य रूढत्वात्, सावरणानावरणविशेषात् तु भिद्यते। सावरणानां तावत् त्रितयाभिमुख्येनास्मदादीना प्रत्यक्षमेव ज्ञानम्, तद्यथा- आत्माभिमुख्येन स्वप्ने भय-हर्ष-रोग[2]-गमन-राज्यलाभादि, मनाभिमुख्येन स्मरण-प्रत्यभिज्ञान-वितर्क-विपर्यय-निर्धारणादि, इन्द्रियाभिमुख्याच्चक्षुरादिविषयं रूपादिवत्, निरावरणानामात्माभिमुख्येनैव, अभ्यात्मं तु स्वयंदृशां

*• હેમગિરા •*

જ્ઞાનમાંનો સાકાર-અંશ એ સંશય, વિપર્યાસ આદિથી મુક્ત પ્રતીતિ = બોધવાળો છે, તેથી આ સાકાર-અંશથી થતો અર્થ બોધ (પ્રત્યય) તે જ પ્રમાણ તરીકે મનીષિઓને માન્ય છે. તેથી સાકાર અંશની પ્રમાણતા જાણવી. જેના વડે વસ્તુ જણાય = પ્રમાણિત કરાય, તે 'પ્રમાણ'. **मीयतेऽनेनेति मानं** આ વ્યુત્પત્તિથી ('**मी**' ધાતુ પરથી) બનેલા **'માન'** શબ્દ સાથે **'प्र'** શબ્દનો ઉપપદ સમાસ થતાં 'પ્રમાણ' શબ્દ બને. વ્યુત્પત્તિ આ મુજબ → **प्रगतं/प्रकृष्टं मानं इति प्रमाणं** ઘટ આદિ પ્રમેયના પરિચ્છેદ (જ્ઞાન)ના અર્થી એવા પ્રમાતાને આ પ્રત્યક્ષાદિ (પ્રમાણો) અતિશય ઉપકારી હોવાથી પરિચ્છેદની સિદ્ધિનું પ્રધાન અંગ છે તેથી પ્રકૃષ્ટમાન = પ્રમાણ કહેવાય છે.

વાક્યનાં જ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકાર હોવાથી પ્રમાણ બે પ્રકારે છે. અથવા પ્રત્યક્ષ-પરોક્ષ ભેદની અપેક્ષાએ પ્રમાણ બે છે. અથવા બીજી રીતે જોતાં બધા જ્ઞાનો પ્રત્યક્ષ જ છે. કારણ કે **'અક્ષ'** શબ્દ એ મન, ઈન્દ્રિય અને આત્મા માટે રૂઢ છે. પણ આ પ્રત્યક્ષમાં સાવરણ અને અનાવરણ વિશેષથી બે ભેદ પડે છે. **સાવરણ** :- અમારા જેવા (છદ્મસ્થ) સાવરણ જ્ઞાનવાળાને ત્રણની અભિમુખતા વડે પ્રત્યક્ષ જ જ્ઞાન થાય છે તે આ પ્રમાણે →

**❋ સાવરણ પ્રત્યક્ષના ત્રણ પ્રકાર ❋**

૧. **આત્માભિમુખ્ય** :- સ્વપ્નની અંદર જે ભય, હર્ષ, રોગ, ગમન, રાજયલાભ આદિ થાય તે આત્માભિમુખ્ય જ્ઞાન છે.(સુષુપ્તાવસ્થામાં ઈન્દ્રિય સુષુપ્ત છે. મન એટલું સતેજ નથી તે વખતે આત્માની પ્રધાનતાએ જ જ્ઞાન થાય છે. માટે આ જ્ઞાન આત્માભિમુખ્ય ગણાય છે.)
૨. **મનઆભિમુખ્ય** :- સ્મરણ, પ્રત્યભિજ્ઞા (અનુભવ+સ્મરણ)થી થતી વસ્તુની ઓળખ વિતર્ક, વિપર્યય, અને નિર્ધારણ=નિર્ણય આદિ મનની (આભિમુખ્યતા) પ્રધાનતાથી જે થાય છે તે.
૩. **ઈન્દ્રિયાભિમુખ્ય** :- ચક્ષુ આદિ ઈન્દ્રિયોની પ્રધાનતાથી થતું જે રૂપાદિનું જ્ઞાન તે ઈન્દ્રિયાભિમુખ્ય છે. આ ત્રણેય પ્રત્યક્ષ સાવરણ જ્ઞાન છે.

१. °नेति मानं मु.(खं,भां)। २. °भोगगम° खं.राB.।

## सूत्रम्- आद्ये परोक्षम्।।१-११।।

भाष्य- आदौ भवमाद्यम्। [१]सूत्रक्रमप्रामाण्यात् प्रथमद्वितीये शास्ति, तदेवमाद्ये मतिज्ञान-श्रुतज्ञाने *परोक्षं प्रमाणं भवतः।

[१]तीर्थकराणां[१] प्रत्यक्षज्ञानिनां, विशुद्धशब्दनयाभिप्रायेण चेदमेकमेव प्रत्यक्षं प्रमाणमिति।। आचार्य-सिद्धसेनोऽप्याह- "**अभित्रि मादृशां भाज्यमभ्यात्मं तु स्वयंदृशाम्। एकं प्रमाणमर्थे-क्यादैक्यं तल्लक्षणैक्यतः**।।"(**प्रमाण-द्वात्रिंशिकायाम्**?) अर्थैक्यं कुतः ?। तल्लक्षणैकत्वात् [२]अर्यते गम्यते परिच्छिद्यत इति। अथवा प्रमातव्यं प्रमेयं प्रमातुः[३] प्रमातुमीप्सिततमं प्रमाणार्हं वा कर्मसाधनत्वानतिक्रमादेक-लक्षणत्वम्।।१०।।

अयमिदानीं विवेको नावधृतः पञ्चविधस्य मध्ये किं परोक्षं किं वा प्रत्यक्षमिति, तद्विवेकावधारणाय

• *હેમગિરા* •

<u>સુત્રાર્થ</u> :- આદિના બે મતિ-શ્રુત જ્ઞાન પરોક્ષ છે. ॥ ૧૧ ॥

**<u>ભાષ્યાર્થ</u> :- આદિમાં જે રહે તે 'आद्य' કહેવાય. સૂત્રમાં બતાવેલ ક્રમ જ પ્રમાણ હોવાથી આદ્ય બે તરીકે સૂત્ર(૧-૯)માં કહેલ પ્રથમ (મતિ) અને દ્વિતીય (શ્રુત) જ્ઞાન લેવા. તે આ પ્રમાણે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે.**

**નિરાવરણ** :- સ્વયં જ = આત્માથી જ થનાર (જેમાં મન કે ઈન્દ્રિયની લેશમાત્ર સહાય નથી) એવું અભ્યાત્મ=પ્રત્યક્ષ જ્ઞાન તો નિરાવરણી (ઘાતિકર્મરહિત). સ્વયં (=આત્મ)દૃષ્ટિવાળા પ્રત્યક્ષજ્ઞાની તીર્થંકરો (ઉપલક્ષણથી કેવળી)ને હોય છે. નૈગમાદિ સાત નયોમાં વિશુદ્ધ શબ્દ નય અર્થાત્ એવંભૂતનયના અભિપ્રાયથી માત્ર એક જ પ્રત્યક્ષ પ્રમાણ છે. આચાર્ય શ્રી સિદ્ધસેન સૂરિએ પણ કહ્યું છે → 'અમારા જેવા (છદ્મસ્થો)ને અભિત્રિ (આત્મા, મન, અને ઈન્દ્રિય)ની અભિમુખતા વાળું જ્ઞાન હોય છે. જ્યારે સ્વયંદૃષ્ટિઓ (સર્વજ્ઞો)ને તો અભ્યાત્મ જ્ઞાન જ હોય.'

### ❋ લક્ષણની એકતાથી અર્થનું ઐક્ય ❋

વળી અર્થના લક્ષણમાં એકતા હોવાથી અર્થમાં પણ ઐક્ય જ છે અને તેથી પ્રમાણ પણ એક (પ્રત્યક્ષ) જ છે. <u>શંકા</u> :- અર્થનું ઐક્ય કઈ રીતે ઘટે ? <u>સમાધાન</u> :- સર્વ અર્થોનું લક્ષણ એક હોવાથી અર્થ એક છે. તે આ રીતે :- જે જણાય, પરિચ્છેદ કરાય તે અર્થ. આ વ્યુત્પત્તિ દરેક અર્થમાં ઘટે છે. આ વ્યુત્પત્તિ દ્વારા દરેક અર્થની એકતા સિદ્ધ થાય છે. તે અપેક્ષાએ અર્થ એક છે. અથવા તો અર્થનું ઐક્ય આ રીતે સમજવું કે- પ્રમાતવ્ય કહો કે, પ્રમેય કહો તેમજ પ્રમાણ કરવાને ઈષ્ટ કહો કે પ્રમાણને કાબેલ વસ્તુ કહો આ બધા એકાર્થક છે. અર્થાત્ આ પદાર્થ માત્રમાં કર્મત્વ, સાધકતમત્વ આદિ રહેલ છે. તે અપેક્ષાએ પદાર્થમાં ઐક્ય છે. તે આ મુજબ → **घटं जानामि, पटं जानामि** = ઘટને જાણું છું, પટને જાણું છે વગેરે શાબ્દ બોધમાં દરેક પદાર્થ કર્મ બને છે એથી દરેક પદાર્થમાં કર્મત્વ છે. તેમજ દરેક પદાર્થના જ્ઞાનમાં પદાર્થ પોતે સાધકતમ-કારણ પણ છે કારણ કે જો ઘટ જ ન હોય તો જ્ઞાન શી રીતે થાય ? માટે દરેક પદાર્થમાં સાધનત્વ પણ છે.આ રીતે દરેક પદાર્થમાં કર્મત્વ, સાધનત્વની

૧. 'आद्ये सूत्र' पा.लि.। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૫ [१]...[१]. चिह्नद्वयमध्यवर्ती पाठो मु.प्रतौ न दृष्टः (राA)। २. अर्यते गम्यते परिच्छिद्यतेऽक्षेणेत्यर्थ इति व्युत्पत्त्याऽर्थैक्यादित्यर्थः। (उपाध्यायश्रीयशोविजयकृत तत्त्वार्थविवरणे पृ.१९१) ३. 'प्रमातुः' इति पाठो मु.प्रतौ न दृष्टः (भां.मे.)।

**आह**– सूत्रोपात्ताद्यशब्दार्थोऽन्यथाऽवगमयितुं न शक्यते परस्मायित्यतो व्युत्पत्त्याह– **आदौ भवमाद्यम्**, यस्मात् परमस्ति न पूर्वमादिः सः विवक्षावशात्, तत्र भवं, दिगादित्वाद्यत्, आद्यं चाद्यं चेत्याद्ये इति, प्रतिविशिष्टेन च क्रमेण व्यवस्थितानां आद्यव्यपदेशो दृश्यते, तद्यथा- अयं यतिरेषां विशिष्टक्रमभाजामाद्य इति। एवमत्रामूर्तानां ज्ञानानां क्रमसन्निवेशो दुरुपपाद इति मत्त्वा ब्रवीति-

**आद्ये** इति, **सूत्रक्रमप्रामाण्यात्**, सूत्रं चासन्नमप्यनन्तरं त्यज्यते, **तत् प्रमाणे** (१-१०) इति सन्निवेशाभावात्, तस्मात् अग्रेतनसूत्रं[1] परमेव मतिश्रुतादि ग्राह्यम् तत्र क्रमः परिपाटी, सूत्रे क्रमः सूत्रक्रमः, तस्य प्रामाण्यम् आश्रयणं तस्मात्। **प्रथमद्वितीये** मति-श्रुते, **शास्तीति** च ग्रन्थकार एव द्विधा आत्मानं विभज्य [2]सूत्रकारः भाष्यकाराकारेणैवमाह- **शास्तीति**, सूत्रकार इति शेषः[3]। अथवा

• *હેમગિરા* •

અપેક્ષાએ એકલક્ષણતા સિદ્ધ થાય છે. ॥૧૦॥

અત્યાર સુધીમાં એ ભેદરેખા ન જણાઈ કે પાંચે જ્ઞાનોમાં કયું જ્ઞાન પ્રત્યક્ષ રૂપ છે અને કયું પરોક્ષ રૂપ ? તેથી આનો વિવેક (ભેદ) જણાવતા ૧૧મું સૂત્ર કહે છે વિસ્તાર નીચે મુજબ છે.

### ❋ 'આદ્ય' પદનો વિમર્શ ❋

સૂત્ર નિર્દિષ્ટ 'આદ્ય' પદની જો વ્યુત્પત્તિને દેખાડે તો જ બોધ થઈ શકે અન્યથા તો અન્ય (શ્રોતા)ને બોધ શક્ય નથી માટે વ્યુત્પત્તિ અર્થ સમજાવતા કહે છે. જેના પછી જ બધુ છે પણ પૂર્વે કાંઈ જ નથી તે '**आदि**' આ આદિમાં થનાર તે '**आद्य**' આદિ પદને '**य**' પ્રત્યય લાગતા **आद्य** પદ થયું. [4]**दिगादिभ्यो यत्** (૪/૩/૫૪ **पाणिनी**) સૂત્રથી આ '**दिश्**' આદિ ધાતુ (ગણ) પાઠમાં આવતા સર્વે ધાતુને '**य**' પ્રત્યય થાય છે. '**आदि**' શબ્દ પણ આ ગણ પાઠમાં જ છે તેથી '**य**' લાગતાં '**आद्य**' પ્રયોગ થયો છે. પછી બે **आद्य** પદનો દ્વન્દ્વ સમાસ કરી **आद्ये** પદ બન્યું. અમુક વિશેષ ક્રમે ગોઠવાયેલ વસ્તુને આશ્રયી **आद्य** પદનો વ્યપદેશ દેખાય છે. તે આ રીતે :-

''વિશેષ ક્રમે રહેલા આ યતિઓમાં આ યતિ આદ્ય = પ્રથમ છે.'' આ પ્રમાણેનો ક્રમિક વિભાગ ક્યારે પણ અમૂર્ત્ત એવા જ્ઞાનનો ન થઈ શકતો હોવાથી જ્ઞાન વિશેનો ક્રમ-નિવેશ પણ દુષ્કર થાય તેમ સમજી '**आद्ये**' પ્રયોગ સૂત્રમાં કર્યો છે. આ વિભાગમાં પૂર્વસૂત્રનિર્દિષ્ટ ક્રમ જ પ્રમાણ સમજવો. અહી પૂર્વ સૂત્રથી કોનું ગ્રહણ કરવું ! કારણ કે પ્રાયઃ કરીને પૂર્વના સૂત્રની અનુવૃત્તિ તેનાથી પછીના સૂત્રમાં આવતી હોય છે. પણ પ્રસ્તુતમાં જો અનન્તર સૂત્ર '**तत्प्रमाणे**' (૧-૧૦) લેવાય તો તેનાથી કાંઈ અર્થ સંગતિ ન થાય. કારણ કે તેમાં કોઈ જ્ઞાનના પ્રકાર દર્શાવ્યા નથી તેથી આનો ત્યાગ કરી એનાથી પૂર્વ સૂત્ર (૧-૯)ની અનુવૃત્તિ લેવી. અને તે સૂત્રમાં રહેલ ક્રમ = પરિપાટીનો જ આશ્રય કરવો. અને તે પરિપાટી મુજબ પ્રથમ-મતિ અને દ્વિતીય - શ્રુત આ બેનું ગ્રહણ '**आद्ये**' પદથી કરવું.

१. 'अग्रेतनसूत्रं' इति पाठो मु.प्रतौ न दृष्टः (राA.खं.) २. सूत्रकारभाष्य मु. (भा.) सूत्रभाष्य' सं.मे.। ३. 'शेषः' इति पाठः रा प्रतौ न दृष्टः। ४. સૂત્રાર્થ :- દિશ્ આદિ ધાતુને '**भवः**' (હોવું-થવું) અર્થમાં (**यत्**) '**य**' પ્રત્યય થાય છે.

**भाष्य- कुतः ?। निमित्तापेक्षत्वात् अपाय-सद्द्रव्यतया मतिज्ञानम्।**

**पर्यायभेदात्** पर्यायिणो भेद इत्यन्यः सूत्रकारपर्यायोऽन्यश्च भाष्यकारपर्याय इत्यतः सूत्रकारपर्यायः शास्तीति। **तदेवमाद्य**व्यपदेशे सिद्धे सुखेन वक्तुं शक्यते, किमिति चेत्, उच्यते– **मतिज्ञान-श्रुतज्ञाने द्वे अपि परोक्षं प्रमाणं भवतः**, शेषमनूद्य परोक्षप्रमाणता विधीयते। **कुत** इति च प्रश्नयितुरयमभिप्रायः यमयं हेतुमुपन्यसिष्यति वक्ष्यमाणं तत्रास्य व्यभिचारं दर्शयिष्यामीति, इतरोऽपि सविशेषणं हेतुं **बुद्धौ** न्यस्याह- **निमित्तापेक्षत्वादि**ति। [1]यद्वद् धूमादग्निज्ञानं परोक्षमुपजायते निमित्तापेक्षं, तद्वन्मतिश्रुते, इन्द्रियानिन्द्रियनिमित्तभावः [2]स्पष्टो भवति मतेः, श्रुतस्य च।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- કઈ રીતે ? <u>ઉત્તર</u> :- મતિજ્ઞાન નિમિત્તની અપેક્ષા રાખતું હોવાથી, તથા અપાય અને સદ્દ્રવ્યતાપૂર્વક હોવાથી પરોક્ષ છે.**

### ❋ ટીકાગત સ્યાદ્વાદશૈલી ❋

ગ્રંથ(ભાષ્ય)કાર પોતાને જ સૂત્રકાર અને ભાષ્યકાર એમ બે પર્યાયમાં વિભક્ત કરી આ '**शास्ति**' = 'તે સૂત્રકાર કહે છે') એમ પ્રયોગ કર્યો છે. અથવા બીજી રીતે સમજીએ તો પર્યાયના ભેદે પર્યાયીનો ભેદ હોય છે. અહીં પણ સૂત્રકાર એ એક અન્ય પર્યાય છે અને ભાષ્યકાર એ બીજો પર્યાય છે. આથી '**शास्ति**'માં સૂત્રકારનો પર્યાય જાણવો. અહિં સ્યાદ્વાદ સિદ્ધાંતનો ખ્યાલ આવે છે કે સૂત્રકાર અને ભાષ્યકાર એકના એક હોવા છતાં સૂત્રકારના પર્યાયરૂપે જુદા છે, અને ભાષ્યકારના પર્યાયરુપે જુદા છે. સૂત્રકાર તરીકે સંક્ષિપ્ત રુચિવાળા ઉમાસ્વાતિજી જુદાં અને ભાષ્યકાર તરીકે વિસ્તાર રુચિવાળા ઉમાસ્વાતિજી જુદાં આમ સ્યાદ્વાદ સિદ્ધાંતનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

(**જેને આ સ્યાદ્વાદ સમજાય એ કદી સૂત્રકારથી ભાષ્યકારને જુદા ન કહી શકે.**) આ રીતે 'આદ્ય' પદનો ખુલાસો થતાં સુખેથી કહી શકાય ! શું કહી શકાય ? તે આ કે **આદ્ય**થી મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન જ લેવા, આ બન્નેય પરોક્ષ પ્રમાણ છે.આ મતિ-શ્રુત બન્ને જ્ઞાનો વિશે અહીં બીજું કાંઈ (લક્ષણ-પ્રભેદાદિ) ન કહેતાં માત્ર પરોક્ષ પ્રમાણતા જ ભાષ્યકારે જણાવી છે. (કારણ કે પ્રસ્તુતમાં 'પ્રમાણ'નું પ્રકરણ ચાલે છે.)

<u>પ્રશ્ન</u> :- મતિ શ્રુત એ પરોક્ષ પ્રમાણ છે એવું કઈ રીતે કહી શકાય ?

પ્રશ્નકર્તાનો આશય એ છે કે આ મતિ શ્રુતની પરોક્ષતા બતાવવા માટે યદિ જો કોઈ હેતુનો ઉપન્યાસ કરાશે તો ત્યાં આ હેતુનો વ્યભિચાર બતાવીશું. આ આશયને મનમાં રાખીને ઈતર (ભાષ્યકારશ્રી) પણ હેતુના વિશેષણને મગજમાં રાખી પ્રથમ સામાન્ય રીતે હેતુનો ઉપન્યાસ કરતાં (ઉત્તર આપતા) કહે છે :- '**निमित्तापेक्षत्वात्**' અર્થાત્ આ બન્ને જ્ઞાનો નિમિત્તની અપેક્ષા રાખતા હોવાથી પરોક્ષ પ્રમાણ છે. જેમ ધૂમ નિમિત્ત થકી અગ્નિનું જ્ઞાન થાય છે તેથી પરોક્ષજ્ઞાન

१. 'यद्वद्' पाठो मु.प्रतौ न दृष्टः (भां.खं.)। २. स्पष्टो मतेः मु.(खं,भां)।

**न च** निमित्तापेक्षिता अनैकान्तिकी, कथं तर्ह्यवधिज्ञानादित्रयं निमित्तमपेक्षते? यतोऽवधिरान्त-[1]रनिमित्तं क्षयोपशमालम्ब्य बहिरङ्गं च विषयमुत्पद्यते, तथा मनःपर्यायज्ञानमपि, केवलज्ञानमपि कर्मणां ज्ञानावृतां समस्तक्षयमाश्रित्य विषयं चोत्पद्यत इति?। **उच्यते**— इतरः सविशेषणोऽयं हेतुरि-त्याह- **अपाय-सद्द्रव्ये**त्यादि। अनेन च प्रतिज्ञार्थं[2] विशिष्यापाय-सद्द्रव्येत्यादिना ततो हेतुं सविशेषणं करिष्यति **तदिन्द्रियानी**त्यादिना। यन्मतिज्ञानं धर्मितयोपात्तं तत् कीदृशं परोक्षं प्रमाणं[3] साध्यते?।

उच्यते- **अपायसद्द्रव्यतया मतिज्ञानं** धर्मित्वेनोपन्यस्तम्, अपायो निश्चय ईहानन्तरवर्ती। **सद्द्रव्यमि**ति, शोभनानि द्रव्याणि=सम्यक्त्वदलिकानि, अपायश्च सद्द्रव्याणि च तेषां भावः=स्वरूपाद-प्रच्युतिः, तया इत्थम्भूतया मतिज्ञानं धर्मि। एतदुक्तं भवति- मतिज्ञानस्यावग्रहादिभेदस्य मध्ये

• હેમગિરા •

કહેવાય છે. તેમ મતિ અને શ્રુતમાં ઈન્દ્રિય અને મનનું નિમિત્ત લેવું પડે છે, તેથી પરોક્ષ છે.

પ્રશ્નકાર :- તમે દર્શાવેલ નિમિત્ત - અપેક્ષત્વ હેતુ અનેકાંતિક દોષવાળો છે. કારણ કે જો એવું ન હોય તો અવધિ આદિ ત્રણ જ્ઞાનો પણ શા માટે નિમિત્તની અપેક્ષા રાખે છે? કારણ કે ક્ષયોપશમ રૂપ આન્તરિક નિમિત્તને આશ્રયીને તથા બાહ્યવિષયનું આલંબન=નિમિત્ત લઈને જ અવધિ જ્ઞાન તથા મનઃ પર્યાય જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને કેવળજ્ઞાન પણ સમસ્ત જ્ઞાનાદિ ચાર ઘાતિ કર્મના ક્ષય તથા વિષયને આશ્રયી ઉત્પન્ન થાય છે. અર્થાત પાંચે જ્ઞાનોમાં **निमित्तापेक्षत्वं** હેતુ છે. જવાબમાં વાચક પ્રવરશ્રી કહે છે કે અમે કહેલું **निमित्तापेक्षत्वं** હેતુ **अपाय सद्द्रव्यता** વિશેષણવાળું છે. તેથી દોષ નથી. સારાંશ એ છે કે જેમાં પરોક્ષ પ્રમાણ સિદ્ધ કરવા અંગેની પ્રતિજ્ઞા કરાઈ છે એવા મતિ અને શ્રુતમાંથી મતિજ્ઞાનને **अपायसद्द्रव्य** ઈત્યાદિથી વિશેષિત કરવું અને ત્યારબાદ આ મતિમાં પરોક્ષતાને સિદ્ધ કરનાર '**निमित्तापेक्षत्व**' હેતુને **तदिन्द्रियानिन्द्रिय** ઈત્યાદિથી વિશેષિત કરવું.

<u>શંકા</u> :- પ્રસ્તુતમાં મતિજ્ઞાન જે ધર્મી તરીકે નિર્દિષ્ટ છે તે કેવા પ્રકારનું છે ? અથવા મતિજ્ઞાનમાં જે પરોક્ષ પ્રમાણતા સાધવી છે તે કઈ રીતે સધાય છે ?'

### * મતિજ્ઞાનની પરોક્ષતાનો હેતુ *

<u>સમાધાન</u> :- અપાયસદ્દ્રવ્ય પૂર્વકનું મતિજ્ઞાન એ ધર્મી તરીકે અહીં જણાવેલું છે. આમાં અપાય એટલે ઈહા પછી થનાર નિશ્ચય. અને સદ્દ્રવ્ય એટલે શોભન દ્રવ્ય = સમ્યક્ત્વના દળિયાઓ. અપાય રૂપ સદ્દ્રવ્યો તે 'અપાયસદ્દ્રવ્ય' આ પદમાં તત્પુરુષ સમાસ જાણવો. આ અપાય સદ્દ્રવ્યનો ભાવ અર્થાત્ અપાયયુક્ત શોભનદલિકોનું પોતાના સ્વભાવથી ન પડવું તે '**अपायसद्द्रव्यता**' કહેવાય અને આવા પ્રકારની સદ્દ્રવ્યતાવાળું મતિજ્ઞાન અહીં ધર્મી તરીકે ઈષ્ટ છે. **अपायसद्द्रव्यतया**માં તૃતીયા વિભક્તિ ઈત્થંભૂત લક્ષણવાળી છે. અર્થાત્ આવી વિશિષ્ટ અપાય સદ્દ્રવ્યની અવસ્થાવાળું આ મતિજ્ઞાન છે (દા.ત., **जटाभिः तापसः** જટાઓની વિશેષ અવસ્થાવાળો

१. °रान्तरं निमि° राAB.। २. प्रतिज्ञानार्थं राAB.। ३. प्रमाणं वा सा° मु.(खं,भां)।

योऽपायोंऽशस्तन्मतिज्ञानं परोक्षं प्रमाणमिति। अवग्रहेहयोरनिश्चितत्वान्न समस्ति प्रमाणम्। स चापायः सद्द्रव्यानुगतो यदि न भवति तन्मिथ्यादृष्टेरिवाशुद्धदलिककलुषितः अतो योऽपायः सद्द्रव्यानुवर्ती स प्रमाणं मतिभेदः। यदा तर्हि दर्शनसप्तकं क्षीणं भवति तदा सद्द्रव्याभावे कथं प्रमाणता श्रेणिकाद्यपायांशस्य? **उच्यते**– सद्द्रव्यतयेत्यनेनार्थत इदं कथ्यते– सम्यग्दृष्टेर्योऽपायांश इति। भवति चासौ सम्यग्दृष्टेरपायः। अथवा एकशेषोऽत्र द्रष्टव्यः, अपायश्चापायश्चापायौ सद्द्रव्यं च सद्द्रव्यं च सद्द्रव्ये अपायौ च सद्द्रव्ये चापाय-सद्द्रव्याणि तेषां भावस्तयेति।

इदमुक्तं भवति– [T]अपाय-सद्द्रव्यानुगतो यः अक्षीणदर्शनसप्तकस्य स परिगृहीतः, एकेन अपायसद्द्रव्यशब्देन, तथा द्वितीयेनापायो यः सद्द्रव्यं शोभनं द्रव्यं, कश्चापायः सद्द्रव्यम्? यः क्षीणदर्शनसप्तकस्य भवति। एतेनैतदुक्तं भवति- सम्यग्दर्शनिनः क्षीणाक्षीणदर्शनसप्तकस्य योऽपायो मतिज्ञानं तत् परोक्षं प्रमाणम्। सविकल्पमिति निमित्तापेक्षत्वाद् धूमादग्निज्ञानवदिति, एवं

• હેમગિરા •

આ તાપસ) આશય એ છે કે મતિજ્ઞાનના અવગ્રહ આદિ ભેદોમાં વર્તતો જે અપાય અંશ છે તે અપાય રૂપ મતિજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. અવગ્રહ, ઈહા એ અનિશ્ચિત રૂપ હોવાથી પ્રમાણ નથી. હવે આ અપાય જો સદ્દ્રવ્યથી અનુગત (યુક્ત) ન હોય તો મિથ્યાદષ્ટિની જેમ અશુદ્ધ દલિકથી કલુષિત થયેલ જ ગણાય (મિથ્યાદષ્ટિને ય અપાય તો હોય જ પણ મિથ્યાત્વયુક્ત હોવાથી અપાયસદ્દ્રવ્ય ન ગણાય) આથી જે અપાય સદ્દ્રવ્યાનુગત છે તે જ અપાય-મતિભેદ પ્રમાણ છે.

### ❋ શ્રેણિકાદિમાં અપાય સદ્દ્રવ્યની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- જો સદ્દ્રવ્ય રહિત અપાય મિથ્યા છે તો જ્યારે શ્રેણિકાદિનું દર્શન સપ્તક ક્ષીણ થાય ત્યારે સદ્દ્રવ્યના અભાવે થતો જે અપાય અંશ તે પ્રમાણ કેમ બને ?

<u>જવાબ</u> :- '**सद्द्रव्यतया**' પદનો અર્થ આ મુજબ સમજવાથી સમાધાન થશે :- સમ્યગ્દષ્ટિનો જે અપાય- અંશ તે જ 'સદ્દ્રવ્યતા' અને આ અપાય શ્રેણિકાદિ (=ક્ષીણસપ્તક સમ્યગ્દૃષ્ટિ)ને સદદ્રવ્ય તરિકે હોય છે અર્થાત્ ક્ષીણ દર્શન સપ્તકની અવસ્થામાં અપાયરૂપ જે મતિ જ્ઞાનનો ત્રીજો ભેદ છે તેમાં પરિણત શુભ આત્મા જ સદ્દ્રવ્ય તરીકે સમજવો. અથવા બીજી રીતે અર્થ કરવા માટે પ્રસ્તુતમાં એકશેષ સમાસ કરવો. એકશેષ સમાસનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ જણાવેલ છે. તે ઉપર ટીકામાંથી જાણી લેવો. આ સમાસમાં રહેલ એક 'અપાય-સદ્દ્રવ્ય' શબ્દથી અપાયસદ્દ્રવ્ય અનુગત જે અક્ષીણ દર્શન સપ્તક અર્થાત્ શુદ્ધ દલિકવાળા અપાય યુક્ત સમકિતી છે, તે લેવા અને બીજા 'અપાયસદ્દ્રવ્ય' શબ્દથી અપાય રૂપ એવું જે શોભનદ્રવ્ય(આત્મા) છે, તે લેવું. અને અપાય રૂપ સદ્ દ્રવ્ય ક્ષીણ દર્શન સપ્તકને હોય છે.

સારાંશ એ છે કે ક્ષીણ દર્શન સપ્તક અથવા અક્ષીણ દર્શન સપ્તક એવા સમ્યગ્દર્શનીનું જે અપાયરૂપ આ મતિજ્ઞાન નિમિત્તાપેક્ષી હોવાથી મતિજ્ઞાન તે પરોક્ષ પ્રમાણ સમજવું. અર્થાત્ સવિકલ્પક સમજવું.

T. परि.५ टि.१९।

**भाष्य- [1]तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति वक्ष्यते।**

श्रुतज्ञानस्याप्यपायांशः प्रमाणयितव्यः। सम्प्रति निमित्तापेक्षत्वादित्यस्य यो व्यभिचारः पुनः पुरस्तादवाचि तत्परिजिहीर्षयेदमाह- **तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति वक्ष्यते** इत्यनेन। तदिति मतिज्ञानम्, इन्द्रियाणि= श्रोत्रादीनि अनिन्द्रियं=मनः ओघज्ञानं च तानि निमित्तं=कारणं यस्य ज्ञानस्य तदिन्द्रियानिन्द्रियनिमित्तम्, न हीन्द्रियाण्यनिन्द्रियं च विरहय्य तस्य ज्ञानस्य सम्भवोऽस्तीति, ततश्च हेतुरेवंविधो ज्ञातः इन्द्रियानिन्द्रियनिमित्तत्वादिति। विशिष्टमेव निमित्तमिन्द्रियानिन्द्रियाख्यमुररीकृत्य **निमित्तापेक्षत्वादिति** मया प्रागभ्यधायि, नास्त्यतो व्यभिचारः।

श्रुतज्ञानस्यापीन्द्रियानिन्द्रियनिमित्ततैव, किंतु अन्यथापि निमित्तं कथ्यते, तदाह- **तत्पूर्वकत्वात्**। तदिति मतिज्ञानं पूर्वं=पूरकं पालकं यस्य तत् तत्पूर्वकं तद्भावस्तत्पूर्वकत्वं तस्मात् तत्पूर्वकत्वात्, यावन्मतिस्तावत् तद् भवति, न त्वीदृश्यवस्थाऽस्ति यत्र तन्मतिज्ञानेन विना प्रादुःष्यात्, अतस्तन्मतिज्ञानं

• *હેમગિરા* •

**ભાષ્યાર્થ :- તે આ મતિજ્ઞાન ઈન્દ્રિય અને મનના નિમિત્તવાળું છે આ વાત આગળ કહેશે.**

ધૂમથી થતું અગ્નિનું અનુમાનજ્ઞાન એ નિમિત્તની અપેક્ષાવાળું હોવાથી જેમ સવિકલ્પ છે. તેમ મતિજ્ઞાન પણ ઈન્દ્રિયાદિ નિમિત્તથી થતું હોવાથી 'સવિકલ્પ' કહેવાય છે. તેમજ મતિથી થતા શ્રુતમાં પણ તે શ્રુતનો અપાય અંશ પ્રમાણરૂપ જાણવો.

'**निमित्तापेक्षत्वात्**'નો (અવધિ આદિ ત્રણ જ્ઞાનોમાં યથા યોગ્ય ક્ષયોપશમ અને ક્ષય નિમિત્ત હોવાથી આ ત્રણ પણ "નિમિત્તની અપેક્ષાવાળા કહેવાશે" એમ) જે વ્યભિચાર પૂર્વે શંકાકારે દર્શાવેલો તેનો પરિહાર કરતા કહે છે કે શ્રોત્રાદિ ઈન્દ્રિય કે અનિન્દ્રિયરૂપ મન અને ઓઘ જ્ઞાન, આ બધા નિમિત્ત છે જેમાં તે મતિ જ્ઞાન 'ઈન્દ્રિયાનિન્દ્રિયનિમિત્ત' કહેવાય. ક્યારે પણ ઈન્દ્રિય કે અનિન્દ્રીય વિના આ મતિ જ્ઞાન સંભવતું નથી. તેથી મતિ માટે 'ઈન્દ્રિયાનિન્દ્રિય' હેતુ કહેલ છે. આ બે (ઈન્દ્રિય, અનિન્દ્રિય) વિશિષ્ટ નિમિત્તની અપેક્ષાને ધ્યાનમાં રાખીને જ નિમિત્તાપેક્ષત્વ' હેતુ મારા (વાચક પ્રવર) વડે પૂર્વે કહેવાયો હતો. જેનો વિસ્તાર અમે પૂર્વે કરી આવ્યા છીએ. તેથી કોઈ વ્યભિચાર નથી.

### * શ્રુતજ્ઞાનની પરોક્ષતાના હેતુ *

શ્રુતજ્ઞાનમાં ય આ બે ઈન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્તો હેતુ તરીકે સમજી લેવા. અને બીજી રીતે પણ શ્રુતના નિમિત્તને કહે છે કે શ્રુતજ્ઞાન એ મતિજ્ઞાન-પૂર્વક છે. પૂર્વ એટલે પૂરક, પાલક. આશય એ છે કે શ્રુત એ મતિના નિમિત્તને લઈને થાય છે. જ્યાં મતિ છે ત્યાં જ શ્રુત છે. એવી કોઈ અવસ્થા નથી કે મતિજ્ઞાન વિના શ્રુત પ્રગટે. આથી મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું પાલક છે, પૂરક છે. તેમ હોવાથી મતિજ્ઞાન જ તે શ્રુતના લાભમાં નિમિત્ત બને છે. કારણ કે મતિ

१. तदिन्द्रियं अनि° पाB.लि.।

**भाष्य- तत्पूर्वकत्वात् परोपदेशजत्वाच्च श्रुतज्ञानम्।।११।।**

श्रुतज्ञानस्य पालकं भवतीतिकृत्वा मतिज्ञानमेव तस्यात्मलाभनिमित्तं भवति, तस्मिन् सति तस्य भवनात्, अतः श्रुतं मतिं निमित्तीकृत्य प्रवर्त्तमानमिन्द्रियानिन्द्रियनिमित्तं सत् कथं प्रत्यक्षव्यपदेशं लभेत? तथा **परोपदेशजत्वाच्च**।

**श्रुतज्ञानं** परोक्षं, परः तीर्थकरादिस्तस्योपदेशः, उपदिश्यते उच्चार्यते इत्युपदेशः शब्दस्तस्मात् परोपदेशात् तीर्थकरादिशब्दश्रवणादुपजायते यत् तदिन्द्रियानिन्द्रियनिमित्तं श्रुतज्ञानं, तत्पूर्वकत्वात् परोपदेशादिति च, अनेन निमित्तभूयस्त्वं ख्यापितम्। यतः श्रुतज्ञानमुपजायमानं स्वतः प्रत्येकबुद्धादीनां मनसि सति मतिज्ञाने च सति समस्तिं, अतो निमित्तद्वयमाश्रितं भवति। ततो यस्यापूर्वमेवेदानीं प्रादुरस्ति तस्य सति परोपदेशे सत्यां मतौ सत्सु चेन्द्रियानिन्द्रियेषूदेति, अतो ▲निमित्तभूयस्त्वापेक्षं तद् इति▲ निमित्तभूयस्त्वापेक्षत्वात् परोक्षं तद् भण्यते।।

Tननु चेन्द्रियोपष्टम्भेनोपजायमानस्य ज्ञानस्य प्रत्यक्षत्वं लोके प्रथितं, तदपाकरणप्रवृत्तस्य लोकविरोधः, तथाहि → इदं रूपं प्रत्यक्षमिति योऽयं प्रत्ययो नायं परोक्षे दृष्टः। नहि धूमादग्नि-

● *હેમગિરા* ●

<u>ભાષ્યાર્થ</u> :- **તેમજ શ્રુતજ્ઞાન એ.મતિપૂર્વક હોવાથી અને પરોપદેશથી થતું હોવાથી પરોક્ષ છે.**

હોતે છતે જ શ્રુત ઉત્પન્ન થાય. આ પ્રમાણે શ્રુત એ મતિને નિમિત્ત કરી પ્રવર્તનારું ઈન્દ્રિયઅનિન્દ્રિયનિમિત્ત વાળું જ્ઞાન છે તેથી પ્રત્યક્ષનો વ્યપદેશ આ શ્રુતજ્ઞાનમાં કેવી રીતે થાય? ન જ થાય. આ રીતે શ્રુતજ્ઞાનની પરોક્ષતામાં એક હેતુ દર્શાવીને બીજો હેતુ કહે છે. '**परोपदेशजत्वाच्च**'વળી આ શ્રુત પરોપદેશથી ઉત્પન્ન થનાર હોવાથી પરોક્ષ છે. **परः** = તીર્થંકરાદિ **उपदेशः** = ઉપદેશાય, ઉચ્ચારણ કરાય તે ઉપદેશ અર્થાત્ શબ્દ. આ પરોપદેશથી→ તીર્થંકરાદિના શબ્દ શ્રવણથી થતું, ઈન્દ્રિયઅનિન્દ્રિયનિમિત્ત જ્ઞાન તે 'શ્રુતજ્ઞાન' છે. સાર એ છે કે 'શ્રુત' એ મતિપૂર્વક છે અને પરોપદેશથી થનારું છે. આમ કહીને ઘણાં નિમિત્તો શ્રુતના કહી દીધા. કારણ કે પ્રત્યેક બુદ્ધાદિને જે આપમેળે શ્રુતપ્રાપ્તિ થાય છે, તે પણ મન અને મતિજ્ઞાન હોવા છતાં જ થાય. આમ આ શ્રુતજ્ઞાન બે નિમિત્તના આશ્રયવાળું કહેવાય. તથા જેને પરોપદેશથી અપૂર્વ જ શ્રુતજ્ઞાન પ્રગટ્યું છે તેના માટે પરોપદેશ, મતિ, અને ઈન્દ્રિય,અનિન્દ્રિય આ બધા નિમિત્તો કામ કરે છે. અર્થાત્ આ સર્વ નિમિત્તોથી શ્રુતનો ઉદય થાય છે. આમ અનેક નિમિત્તોની અપેક્ષા શ્રુતજ્ઞાનમાં રહેલી છે અને તેમ અનેક નિમિત્તોથી ઉત્પન્ન થતુ હોવાથી તે પરોક્ષ કહેવાય છે.

### ❋ નિશ્ચય-વ્યાવહારિક પ્રત્યક્ષની સમજણ ❋

<u>પૂર્વપક્ષ</u> :- લોકમાં તો ઈન્દ્રિયના સહારે થતું જ્ઞાન પ્રત્યક્ષ કહેવાયું છે. આનો અપલાપ કરીએ તો લોક વિરોધ થશે. તે આ પ્રમાણે કે 'આ ઘટ-પટાદિનું રૂપ પ્રત્યક્ષ છે'' એવી જે

१. श्रुतमतिं रा.। ▲...▲. एतच्चिह्नमध्यवर्तिपाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)। २. 'द्वयं श्रितं रा। ३. तथा इदं मु.(खं)।
T. परि.५ टि.२०।

मवगच्छतोऽयमग्निरिति संप्रत्ययो भवति, ततश्च स्वप्रतीतेरपि विरोध इति। **उच्यते**– इदं रूपं प्रत्यक्षमिति न तत्र मुख्यया वृत्त्या रूपं प्रत्यक्षं, ज्ञानमेव तु प्रत्यक्षं, तेन प्रत्यक्षेण ज्ञानेनावच्छिन्नोऽर्थः प्रत्यक्ष इत्युच्यते, तस्य युक्ता प्रत्यक्षता।

किञ्च– न सर्वथेन्द्रियनिमित्तस्य ज्ञानस्य प्रत्यक्षता, निषेधात्[1], यतः सर्वथा तं विषयं न परिच्छेत्तुमलं, चक्षू रूपं गृह्णात्यारादभागवर्ति, न परमध्यभागावस्थितम्, तथा श्रोत्रादि वाच्यम्, अवध्यादित्रयं पुनः सर्वात्मनाऽवगच्छति, अतस्तस्यैव युक्ता प्रत्यक्षता। किंच न सर्वथेन्द्रियनिमित्तस्य ज्ञानस्य प्रत्यक्षव्यपदेशो [2]निषिध्यते, यतोऽयं निश्चयमङ्गीकृत्य भाष्यकृता प्रत्यक्षव्यपदेशो निषिध्यते, व्यवहारात्त्विष्यत एव। यतोऽभिहितं **नन्द्याम्** (सू.८-९) "**तं समासओ दुविहं पण्णत्तं, (तं जहा पच्चक्खं च परोक्खं च। से किं तं पच्चक्खं ? पच्चक्खं दुविहं पण्णत्तं) तंजहा- इन्द्रियपच्चक्खं च नोइन्द्रियपच्चक्खं च**" इन्द्रियप्रत्यक्षमिति ब्रुवता व्यवहारप्रत्यक्षता[3]ऽभ्युपेता भवति, भाष्यकारस्यापि

• હેમગિરા •

પ્રતીતિ છે તે પરોક્ષ જ્ઞાનમાં દેખાતી નથી, વળી ધૂમથી અગ્નિને જાણનાર (પરોક્ષજ્ઞાની) 'આ (સામે) અગ્નિ છે,' એવી પ્રતિતી નથી કરતો. પરંતુ અનુમાન કરે છે. જો આવા પરોક્ષજ્ઞાનમાં "આ અગ્નિ પ્રત્યક્ષ છે." એવી પ્રતીતિ કરીએ તો વિરોધી પ્રતીતિ ગણાય. ( તે રીતે પરોક્ષજ્ઞાનોમાં 'अयं घटः' ઈત્યાદિ પ્રતીતિ વિરૂદ્ધ જ ગણાય ને) ?

<u>ઉત્તરપક્ષ</u> :- 'આ ઘટનો રૂપ પ્રત્યક્ષ' છે ઈત્યાદિ પ્રત્યક્ષ પ્રતીતિઓમાં મુખ્ય વૃત્તિએ રૂપ પ્રત્યક્ષ નથી પરંતુ જ્ઞાન જ પ્રત્યક્ષ છે. અને આ પ્રત્યક્ષ જ્ઞાનથી નિયંત્રિત = સંકલિત એવા (ઘટાદિ) અર્થ પણ પ્રત્યક્ષ કહેવાય છે. તેથી જ્ઞાનની પ્રત્યક્ષતા યુક્તિયુક્ત જ છે.વળી વિશેષ એ છે કે ઈન્દ્રિય નિમિત્તે થનાર જ્ઞાનની સર્વથા પ્રત્યક્ષતા નથી. આગમમાં આનો નિષેધ છે. કારણ કે ઈન્દ્રિય એટલી સમર્થ નથી કે સર્વ વિષયને પ્રત્યક્ષ રીતે જાણવા માટે સમર્થ બને. દા.ત. ચક્ષુ ઘટના બાહ્ય રૂપ (અંશ)ને જ જોઈ શકે પરંતુ અંદર રહેલા રૂપને પ્રત્યક્ષ ન કરી શકે. એ જ રીતે શ્રોત આદિ ઈન્દ્રિય પણ મર્યાદિત બોધ વાળી હોય છે. અવધિ આદિ ત્રણ જ્ઞાનો તો વિષયને આત્માથી સર્વાંશે જાણી શકે છે. તેથી અવધિ આદિની જ પ્રત્યક્ષતા યુક્તિ યુક્ત છે. વળી ઈન્દ્રિય-નિમિત્તથી થતા જ્ઞાનમાં પ્રત્યક્ષનો વ્યવહાર સર્વથા નિષિદ્ધ નથી. ભાષ્યકારે નિશ્ચય નયની અપેક્ષાએ ઈન્દ્રિય નિમિત્ત જ્ઞાન માટે પ્રત્યક્ષનો નિષેધ કર્યો છે. લોક વ્યવહારની અપેક્ષાએ ઈષ્ટ જ છે. કારણ કે નંદિસૂત્ર (સૂ.૮/૯)માં કહ્યું છે :- **તે પ્રમાણ ટૂંકમાં બે પ્રકારે છે :- પ્રત્યક્ષ અને પરોક્ષ. "તે પ્રત્યક્ષ શું છે ?" ' પ્રત્યક્ષ બે પ્રકારે છે'** (૧) **ઈન્દ્રિય પ્રત્યક્ષ** (૨) **નોઈન્દ્રિય પ્રત્યક્ષ.** આ પ્રમાણે આગમમાં ઈન્દ્રિયપ્રત્યક્ષનું વિધાન કરી વ્યવહાર પ્રત્યક્ષતાનો સ્વીકાર કર્યો જ છે. ભાષ્યકારે પણ આ સૂત્રની જોડણી=રચનામાંથી ઈન્દ્રિય જ્ઞાનની પ્રત્યક્ષતા સિદ્ધ કરી

१. निषिद्धा, पाA.राA.। २. निषेध्यते राA.। ३. "अभ्युपेता" इति मुद्रितपुस्तके नास्ति (खं,भां)।

**सूत्रम्- प्रत्यक्षमन्यत् ।।१-१२।।**

**भाष्य- मतिश्रुताभ्यां यदन्यत् त्रिविधं ज्ञानं तत् प्रत्यक्षं प्रमाणं भवति।**

योगविभागात् तस्येन्द्रियजस्य ज्ञानस्य सिद्धा प्रत्यक्षता, स चैवं योगो विभजनीयः- आद्ये परोक्षं निश्चयतः ततः प्रत्यक्षं, प्रत्यक्षं चाद्ये व्यवहारः, ततोऽन्यत् अवध्यादि एकान्तेनैव प्रत्यक्षमिति।।११।। एवं परोक्षं प्रदर्श्य प्राक् प्रतिज्ञातं प्रत्यक्षं प्रमाणं कथयन्नाह- अन्यदिति चोक्ते जायते विचारणा- कुतोऽन्यदिति ? अवधीकृतमेव विच्छेदकारणं ख्यापयन् ब्रुते-

**मतिश्रुताभ्यामि**ति। मतिज्ञानश्रुतज्ञानाभ्यां **यदन्यत्**, तस्य चैकैकस्य प्रत्यक्षतां प्रकाशयन्नाह- **त्रिविधमि**ति। उक्तेऽपि चैतस्मिन् किं तत् त्रिविधमित्याह- **ज्ञानं, प्रत्यक्षं प्रमाणं भवती**ति। प्रत्यक्षं भवतीत्येतद् विधीयतेऽत्र, शेषस्यानुवाद इति। **कुत** इति च प्रश्नयितुरभिप्रायोऽयम्-यद्यान्तरनिमित्तं क्षयोपशमः प्रत्यक्षतायाः कारणभावं प्रतिपद्यते स सर्वेषां मत्यादीनां साधारणः क्षयोपशमः कारण-

• હેમગિરા •

**સુત્રાર્થ :- બીજા અવધિ આદિ ત્રણ જ્ઞાનો પ્રત્યક્ષ છે. ॥૧-૧૨॥**

**ભાષ્યાર્થ :- મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી અન્ય જે ત્રિવિધજ્ઞાન છે તે પ્રત્યક્ષ પ્રમાણ છે.**

જ છે. તે આ રીતે :- **आद्ये परोक्षं** → નિશ્ચયથી આદ્ય બે જ્ઞાનો પરોક્ષ છે. અને બાકીના ત્રણ પ્રત્યક્ષ છે અને વ્યવહારથી વિચારતા આદ્ય બે જ્ઞાનો પ્રત્યક્ષ છે આ સિવાય અવધિ આદિ ત્રણે જ્ઞાનો એકાન્તથી પ્રત્યક્ષ જ છે. ॥૧૧॥ આ રીતે પરોક્ષનું વિવરણ કર્યા બાદ પૂર્વે જેની પ્રતિજ્ઞા કરેલી તે પ્રત્યક્ષ પ્રમાણને હવે કહે છે.

**❋ ૧૨માં સૂત્ર ભાષ્યનું પદકૃત્ય ❋**

સૂત્રમાં '**अन्यत्**' લખ્યું તેમાં કોઈને એવી વિચારણા થાય કે કોનાથી અન્ય ? આ પ્રશ્નના જવાબમાં અવધિકૃત વિચ્છેદ કરવા (જણાવવા) માટે જ આ 'અન્યત્ ' પદ છે તે જણાવતા ભાષ્યકાર કહે છે અર્થાત્ 'અન્યત્' પદ એ અમુક અવધિ (મર્યાદા)નું સૂચક છે, તેથી પ્રસ્તુતમાં પાંચજ્ઞાનમાંથી 'અન્ય' તરીકે કોનું ગ્રહણ કરવું અને કોની બાદબાકી કરવી તે (અવધિ) દર્શાવતા ભાષ્યકાર કહે છે... (અવધિ આદિ ત્રણે જ્ઞાનો એક પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે એ જણાવવા સૂત્રમાં '**अन्यानि**' બહુવચન ન લખતાં '**अन्यत्**' એકવચન પ્રયોગ કર્યો છે.)

મતિ અને શ્રુત જ્ઞાનથી જે **અન્ય** છે તેમાં એક-એકની પ્રત્યક્ષતા દર્શાવવા ભાષ્યમાં **त्रिविधं** પદ છે, આટલું કહેવા માત્રથી ત્રિવિધ કોણ છે ? એ નથી જાણી શકાતું માટે **ज्ञानं** કહ્યું. ભાષ્યમાં નિર્દિષ્ટ **प्रत्यक्षं प्रमाणं भवति** આમ કહી એ ત્રણે જ્ઞાન પ્રત્યક્ષ હોય છે એવું વિધાન કર્યું છે. જ્યારે '**प्रमाणं**' પદનો તો અહીં અનુવાદ માત્ર છે. પ્રમાણપદનું વિધાન તો પૂર્વે ૧/૧૦ સૂત્રમાં થઈ ગયુ છે. પ્રત્યક્ષતાને જણાવતા તે પ્રમાણરૂપ છે તે તો જણાઈ આવે છે તો પદ અનુવાદ માત્ર અહીં કર્યો છે. આ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ કઈ રીતે થાય એ સમજવા માટે પ્રશ્નકારે '**कुतः**'

**भाष्य- कुतः ?। अतीन्द्रियत्वात्। प्रमीयन्तेऽर्थास्तैरिति प्रमाणानि।**

मस्तीति सर्वप्रत्यक्षत्वप्रसङ्गः, अथ प्रत्यक्षतायाः पृथग् निमित्तं तदुच्यतामिति, इतरस्तु असाधारणं त्रयाणं प्रत्यक्षतायाः प्रकटीकुर्वन् निमित्तमाह- **अतीन्द्रियत्वादि**ति। अतिक्रान्तमिन्द्रियाणि अतीन्द्रियं ज्ञानं तद्भावोऽतीन्द्रियत्वं तस्मादिति, यत् प्राणिनां ज्ञान-दर्शनावरणक्षयोपशमात् क्षयाच्च इन्द्रियानिन्द्रियद्वारनिरपेक्षमात्मानमेव केवलमभिमुखीकुर्वदुदेति तत् प्रत्यक्षं=अवध्यादि।

एवं **तत् प्रमाणे** (१-१०) इति द्वित्वसङ्ख्यायाः परोक्षप्रत्यक्षाख्यो यो विषयस्तमुपदर्श्य प्रमाणशब्दार्थकथने प्रावृतद् भाष्यकारः-**प्रमीयन्तेऽर्थास्तैरिति प्रमाणानी**ति। परिच्छिद्यन्ते- यथावन्निश्चीयन्ते सदसन्नित्यानित्यादिभेदेनार्थाजीवादयस्तैरिति प्रमाणानि,"**करणे ल्यूट्**", करणं ज्ञानमात्मनः, T आहितप्रधानकारणस्य स्वतन्त्रस्य कर्तुरनेककारकशक्तियुक्तस्य साधकतमत्वविवक्षावशादवच्छेदिका शक्तिरर्थस्य

● હેમગિરા ●

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- 'કઈ રીતે?' ઉત્તર → 'અતીન્દ્રીય હોવાથી.' તેઓ વડે (ઘટાદિ) અર્થો જણાય છે માટે તેઓ પ્રમાણ કહેવાય.**

(કઈ રીતે ?) પદથી પ્રશ્ન ઉઠાવ્યો છે. પ્રશ્નકારનો અભિપ્રાય એ છે કે જો પ્રત્યક્ષ જ્ઞાનમાં અન્તર નિમિત્ત ક્ષયોપશમને જ કારણ તરીકે સ્વીકારો છો તો મતિ આદિ સર્વેમાં સાધારણ એક જ કારણ 'ક્ષયોપશમ' છે, અને તેથી આ ક્ષયોપશમ સર્વ જ્ઞાનમાં કારણ તરીકે મળતો હોવાથી તે બધાય જ્ઞાનોને પ્રત્યક્ષ પ્રમાણ થવાનો પ્રસંગ આવશે. હવે જો એમ કહેતા હો કે પ્રત્યક્ષતામાં કોઈ અલગ જ નિમિત્ત છે તો તે કહો. ઈતર (ભાષ્યકાર) આના જવાબમાં અવધિ આદિ ત્રણેની પ્રત્યક્ષતાને પ્રકટ કરતાં અસાધારણ- નિમિત્તને કહે છે. તે આ પ્રમાણે.

### ❋ અતીન્દ્રિય જ્ઞાન જ પ્રત્યક્ષ છે ❋

ઈન્દ્રિયોનો પ્રયોગ જેમાં નથી એવું જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન છે. આ અતીન્દ્રિયતા અવધિ આદિ ત્રણમાં છે. તેથી તે પ્રત્યક્ષ કહેવાય છે. જે જ્ઞાન જ્ઞાનાવરણ, દર્શનાવરણના ક્ષયોપશમ અને ક્ષયથી, ઉત્પન્ન થાય તેમજ ઈન્દ્રિય અને અનિન્દ્રિય (મન)થી નિરપેક્ષ રહી માત્ર આત્માને જ અભિમુખ (પ્રધાન) રાખતું ઉદયને પામે છે, તે પ્રત્યક્ષ જ્ઞાન છે. આ જ્ઞાનના અવધિ આદિ ત્રણ ભેદ છે. આ પ્રમાણે પેલા 'તત્પ્રમાણે' (૧-૧૦) સૂત્રમાં જે પરોક્ષ- પ્રત્યક્ષ એ બે પ્રમાણ જણાવ્યા હતાં તે પ્રમાણની બે સંખ્યાના વિષયોને અત્યાર સુધીમાં જણાવી હવે 'પ્રમાણ' શબ્દના અર્થકથનમાં ભાષ્યકાર પ્રવર્તે છે :- જેઓ વડે અર્થો (ઘટાદિ) જણાય તેઓ પ્રમાણ કહેવાય અર્થાત્ સત્ અસત્ નિત્યાનિત્ય આદિ ભેદો વડે જીવાદિ અર્થો જેઓના વડે યથાર્થ જણાય તે પ્રમાણો કહેવાય. '**प्र + मा**' ધાતુને કરણ અર્થમાં '**अन**' લાગતા '**प्रमाणं**' પદ બન્યું. આત્માનું જ્ઞાન એ કરણ છે અને તેથી જ્ઞાન એ પ્રમાણ છે.

જ્ઞાનમાં કરણનો વ્યપદેશ કઈ રીતે થાય છે તે જણાવતાં કહે છે કે કાર્યમાત્રમાં પ્રધાન

T. परि.५ टि.२१।

**भाष्य- अत्राह- इह [१]अवधारिते द्वे एव प्रमाणे [*]प्रत्यक्षपरोक्षे इति।।**

करणव्यपदेशमश्नुते, तया करणभूतया परिच्छिनत्ति=अवबुद्ध्यते ज्ञानपरिणतिरूपयाऽऽत्मैव। [२]**तैः प्रमाणै**रिति। प्रमाणद्वयेऽभ्युपगते बहुवचनमयुक्तमिति चेत्, न, व्यक्तिपक्षसमाश्रयणादिति, यतो मत्यादिकाः पञ्चव्यक्तयः, तासां बहुत्वात् समीचीनमेव बहुवचनमिति।

एवं द्वे परोक्षप्रत्यक्षे प्रमाणे भवत इति ख्यापिते नोदयति- इह शास्त्रे निर्धारितमेतद्-द्वे एव प्रमाणे, अन्यथा '**तत् प्रमाणे**' (१/१०) इत्यत्र या द्वित्वसङ्ख्या सा व्यर्थैव स्यात्, यद्यवधारणतया नाश्रीयेत, तस्मादवश्यंतया तद्वचनं नियमकारि प्रतिपत्तव्यम्- **द्वे एव प्रमाणे**, [३]के? **प्रत्यक्षपरोक्षे इति**, ततश्चान्येषामप्रमाणता आपन्ना, न च न सन्त्येवान्यानि, यतोऽनुमानादीनि प्रमाणानि मन्यन्ते, साङ्ख्याः

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- <u>શંકા</u> :- **પ્રત્યક્ષ અને પરોક્ષ બે જ પ્રમાણ છે. એવું અવધારણ અહીં કરાયું છે.**

કારણ તરીકે ગોઠવાયેલ અનેક કારકશક્તિથી યુક્ત એવો જે સ્વતંત્ર કર્તા છે. તે કર્તાની ઘટાદિ અર્થને જણાવનારી જે જ્ઞાન શક્તિ તે, પ્રમાણરૂપ કાર્ય માટેનું અત્યંત મુખ્ય સાધન છે. તેમાં સાધકતમત્વની વિવક્ષા કરીએ તો તે (જ્ઞાનશક્તિ)માં કરણનો વ્યપદેશ થઈ શકે. આશય એ કે મુખ્યકર્તા એ આત્મા છે અને એમાં રહેલી અર્થની જ્ઞાપિકા એવી 'જ્ઞાનશક્તિ' એ કરણ (સાધન) છે. આવા આ કરણભૂત જ્ઞાન પરિણતિવાળી શક્તિ વડે આત્મા જ અર્થને જાણે છે. એથી ભાષ્યમાં કહ્યું કે તેઓ વડે = પ્રમાણો વડે = જ્ઞાનો વડે અર્થો જણાય છે માટે તેઓ પ્રમાણ કહેવાય.

<u>શંકા</u> :- પ્રમાણ બે જ હોય તો ભાષ્યમાં બહુવચન પ્રયોગ અયુક્ત કહેવાશે ?

<u>સમાધાન</u> :- તમારી વાત બરોબર નથી. કારણ કે આ બહુવચન જ્ઞાન(પ્રમાણ)ના વ્યક્તિ-પક્ષને આશ્રયીને છે. મતિ આદિ પાંચ જ્ઞાન વ્યક્તિ છે. તેથી આ પાંચ (બહુ) જ્ઞાનવ્યક્તિને આશ્રયી બહુવચન પ્રયોગ યુક્ત જ છે.

### ❋ પ્રમાણ-સંખ્યાની અવધારણા ❋

(અહીંથી ઉભો થતો પૂર્વપક્ષ પૃ.૧૫૩ સુધી ચાલશે)આ રીતે પ્રમાણ એ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારે છે. એ વ્યાખ્યાન થયા બાદ કોઈ **પૂર્વપક્ષ**- કરે છે કે **द्वे एव प्रमाणे** અર્થાત્ બે જ પ્રમાણ હોય છે, એમ નિર્ધારણ (અવધારણ) વાક્ય હોવું જોઈએ જો આમ ન હોય તો ૧/૧૦ સૂત્રમાં પ્રમાણની જે બે સંખ્યા બતાડી તે નિરર્થક થાય. તે ન થાય માટે તે વચન અવશ્ય 'નિયમકારી' (અવધારણાવાળું) જાણવું. અર્થાત્ ''બે જ પ્રમાણ છે.'' <u>પ્રશ્ન</u> :- ''આ બે પ્રમાણ કયા છે ?'' <u>ઉત્તર</u> :- ''પ્રત્યક્ષ, પરોક્ષ આ બે જ પ્રમાણ છે.'' આ બે જ પ્રમાણ કહેતાં અન્ય પ્રમાણોની અપ્રમાણતા પ્રાપ્ત થાય અને જો કોઈ એમ કહે કે ''બીજા કોઈ પ્રમાણો છે જ નહિં કે જેની અપ્રમાણતાસિદ્ધ થાય'' તો એ કહેવું પણ ઉચિત નથી. કારણ કે અનુમાનાદિ પ્રમાણો મનાયા જ છે. જેમ કે સાંખ્યોએ પ્રત્યક્ષ, અનુમાન અને

१. अवधारितं. मु.(खं,भां)। १. तैरिति। मु.(भां)। ३. के च ? मु.(खं,भां)। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૬

**भाष्य- *अनुमानोपमानागमार्थापत्ति-सम्भवाभावान्यपि प्रमाणानि इति केचित् मन्यन्ते। तत् कथमेतदिति ?।**

प्रत्यक्षानुमानागमाख्यानि त्रीणि, नैयायिकाः प्रत्यक्षानुमानोपमानागमाख्यानि, प्रत्यक्षानुमानशाब्दोपमानार्था-[1] पत्त्यभावा इति जैमिनीयाः। एतदाह- **अनुमानोपमानेत्यादि**। तत्रा**नुमानं** तावत् पक्षधर्मा[2]न्वयव्यतिरेकजनितं ज्ञानम्, प्रसिद्धसाधर्म्यात् साध्यसाधन**मुपमानं**, यथा गौस्तथा गवयः। "**प्रसिद्धेन हि साधर्म्यात्, साध्यसाधनमिष्यते। उपमानं परैस्तच्च, यथा गौर्गवयस्तथा।।**' ( ) तथा आप्तोपदेश **आगम**स्तदनुसारि ज्ञानमागम उच्यते प्रमाणं वर्णपदवाक्यात्मकः। तथाऽ**र्थापत्ति**र्द्विधा शब्दार्थापत्तिरर्थार्थापत्तिश्चेति।

*હેમગિરા*

<u>ભાષ્યાર્થ</u> :- **કેટલાક અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ, સંભવ અને અભાવને પણ પ્રમાણો માને છે. <u>પ્રશ્ન</u> :- આ અનુમાનાદિ પ્રમાણ કઈ રીતે છે ?**

આગમ એમ ત્રણ તથા નૈયાયિકોએ ઉપમાન સહિત ચાર પ્રમાણ માન્યા છે. જૈમીનીએ અર્થાપત્તિ અને અભાવ સાથે છ માન્યા છે. (હવે આ પ્રમાણોની ટૂંકી વ્યાખ્યા બતાવે છે.)

**અનુમાન પ્રમાણ** :- પક્ષધર્મ (પક્ષમાં રહેનાર) એવા હેતુના અન્વય અને વ્યતિરેક (વ્યાપ્તિ)થી ઉત્પન્ન થતું જ્ઞાન તે અનુમાન પ્રમાણ કહેવાય. [જ્યાં હેતુ (ધૂમ) છે ત્યાં સાધ્ય (અગ્નિ) છે :- અન્વય વ્યાપ્તિ. જ્યાં સાધ્ય (અગ્નિ) નથી ત્યાં હેતુ (ધૂમ) નથી :- વ્યતિરેક વ્યાપ્તિ] છે.

**ઉપમાન પ્રમાણ** :- પ્રસિદ્ધના સાધર્મ્યથી સાધ્યને સાધવું તે ઉપમાન પ્રમાણ કહેવાય. - દા.ત. ગાયના જેવું ગવય હોય છે. [જે વસ્તુને જાણવાની જિજ્ઞાસા છે. તે વસ્તુની સરખામણીમાં આવતી પ્રસિદ્ધ વસ્તુને સાધર્મ્ય કહેવાય. આ પ્રસિદ્ધ સાધર્મ્ય (વસ્તુ)ના સહારે જે અપ્રસિદ્ધ (નહીં જાણેલી) વસ્તુને જાણવી તે ઉપમાન પ્રમાણ છે. દા.ત.- જે પુરુષે 'ગવય' પશુને જોયું નથી તેને જોવાની તમન્ના થઈ તેથી કોઈ ગ્રામવાસીને પૂછ્યું કે ગવય કેવું હોય છે ? પ્રત્યુત્તર મળ્યો કે 'ગવય ગાય જેવું દેખાતું હોય છે.' આ સાધર્મ્ય જ્ઞાન સાથે તે જંગલમાં ગયો ત્યારે તેવા પ્રકારનું (ગાય નહીં પણ) ગાય જેવું પશુ (રોઝ = ગવય) જોતાં તેણે નક્કી કર્યું કે 'આ ગવય છે.'] કહ્યું પણ છે કે "પ્રસિદ્ધ સાધર્મ્ય વડે જ્યાં સાધ્યને સાધવુ ઈષ્ટ હોય તેને પરમતકારો ઉપમાન પ્રમાણ કહે છે. દા.ત. જેવી ગાય છે તેવું ગવય હોય.

**આગમ પ્રમાણ** :- આપ્ત (સર્વજ્ઞ) પુરુષોનો ઉપદેશ તે આગમ અને તે આગમાનુસારી જ્ઞાન આગમ પ્રમાણ કહેવાય. આ આગમ વર્ણ(સ્વર-વ્યંજન), પદ, વાક્ય આત્મક છે.

### ❋ અર્થાપત્તિના બે પ્રકાર ❋

**અર્થાપત્તિ પ્રમાણ** :- (૧) શબ્દ અર્થાપત્તિ અને (૨) અર્થ અર્થાપત્તિ. (૧) શબ્દ અર્થાપત્તિ :- જેના ઈન્દ્રિયો કે શરીર ખોટ વિનાના છે, દુર્બળ નથી તેવો દેવદત્ત દિવસે નથી ખાતો (અર્થાપત્તિથી એ જણાયું કે તે રાત્રે ખાય છે.)

१. 'पमार्था खं.भा.। २. 'तत्पक्ष' पाA.। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૭

**भाष्य- अत्रोच्यते- सर्वाण्येतानि मतिश्रुतयोरन्तर्भूतानि, इन्द्रियार्थसन्निकर्षनिमित्तत्वात्।**

तत्र शब्दार्थापत्तिर्देवदत्तो दिवा न भुङ्क्तेऽनुपहतेन्द्रिय-शरीरश्चेति, रात्रौ तर्हि भुङ्क्ते इति। तथा अर्थार्थापत्तिरपि नीलं पश्यतो यदिन्द्रियानुमानं समस्ति तत् किमपीन्द्रियं येनैतन्नीलं परिच्छिन्नमिति।

**सम्भवो**ऽपि प्रमाणं प्रस्थे कुडवः समस्ति, अस्मिन् प्रस्थाख्ये आधारे कुडव आधेयः सम्भवतीति एष सम्भवः तथाऽ**भावो**ऽपि प्रमाणाभावविषयः, यत्र विषये प्रत्यक्षादिप्रमाणानामप्रवृत्तिरसावभावस्त-द्विषयमपि ज्ञानमभाव इति व्यपदिश्यते। अत एव तान्यनुमानादीनि केचिदाचार्याः प्रमाणानीति मन्यन्ते, तत् कथमित्येवं मन्यन्ते, किमेषां तानि न सन्ति प्रमाणत्वेन ? उत प्रमाणान्तराणि न भवन्तीति ?।

अत्रोच्यते मया- **सर्वाणि** इत्यादि। **सर्वाणि** समस्तानि **एतानि** अनुमानादीनि मतिज्ञानश्रुत-

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- **આ બધા અનુમાનાદિ પ્રમાણો મતિ- શ્રુત જ્ઞાનમાં અંતર્ભૂત થઈ જાય છે. કારણ કે આ ઈન્દ્રિય અને અર્થના સન્નિકર્ષ = સંબંધ રૂપ નિમિત્તે જ થનારા છે.**

(૨) અર્થઅર્થાપત્તિ :- નીલ (રૂપ)ને જોનારમાં ઈન્દ્રિયનું જે અનુમાન થાય છે તે અર્થાર્થાપત્તિ જેમકે- 'જોનારને કોઈક એવી ઈન્દ્રિય (ચક્ષુ) છે કે જેનાથી આ નીલ (રૂપનો) બોધ કરાયો છે.' [ઉપરોક્ત બે પ્રકારની અર્થાપત્તિમાં પ્રથમમાં 'અનુપહત ઈન્દ્રિય'વાળો દેવદત્ત 'દિવસે ખાતો નથી,' એ શબ્દથી આ 'રાત્રે ખાય છે' એ અર્થાપત્તિ થઈ અને દ્વિતીયમાં નીલ રૂપનો પરિચ્છેદ (બોધ) કરે છે એવા અર્થથી 'ઈન્દ્રિય છે' એ અર્થાપત્તિ થઈ.]

**❋ સંભવ-અભાવ પ્રમાણને ઓળખીએ ❋**

**સંભવ** :- પ્રસ્થ (૩૨ પલના માપનું ભાજન વિશેષ)માં કુડવ (પ્રસ્થનો ચોથો ભાગ અથવા બાર મુઠ્ઠિ અનાજ વિશેષની માત્રા) છે. કુડવ રૂપ આધેય માપ, પ્રસ્થ રુપ આધારમાં સંભવે જ છે. આને સંભવ પ્રમાણ કહેવાય.

**અભાવ** :- પ્રમાણોનો અભાવ એ જ વિષય છે જેમાં એવો અભાવ પણ પ્રમાણરૂપ છે. જે વિષયોમાં પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અર્થાપત્તિ કે સંભવાદિ પ્રમાણોની પ્રવૃત્તિ ન હોય તે અભાવ કહેવાય. આ અભાવના વિષયવાળું જ્ઞાન છે. તે 'અભાવ પ્રમાણ' કહેવાય.

આ પ્રમાણે ઉપર જણાવેલા અનુમાન આદિ પ્રમાણો કેટલાક આચાર્યો માને છે. તો તે આચાર્યો આ પ્રમાણો શા માટે માને છે ? ઉપરોક્ત અનુમાનાદિમાંથી કોઈ પ્રમાણ તરીકે છે જ નહીં ? અથવા તો શું પ્રત્યક્ષ- પરોક્ષ સિવાય કોઈ પ્રમાણાન્તર છે નહીં ? (આ રીતે પૂર્વના ભાષ્યથી ચાલતો પૂર્વપક્ષ અહીં પૂરો થયો હવે ભાષ્યકાર જવાબ કહે છે)

**ઉત્તરપક્ષ** :- આ અનુમાનાદિ સમસ્ત પ્રમાણો મતિ-શ્રુતની અન્તર્ગત છે. કઈ ઉપપત્તિ (=યુક્તિ)થી ? એમ જો પૂછતાં હો તો તેની ઉપપત્તિ આ પ્રમાણે :- ચક્ષુ આદિ ઈન્દ્રિય અને તેનાં જે રૂપ આદિ અર્થ છે. તે આ ઈન્દ્રિય અને અર્થનો જે સન્નિકર્ષ = સંબંધ છે તે જ અનુમાનાદિ

ज्ञानयोरेव **अन्तर्भूतानि**=प्रविष्टानि। कयोपपत्त्येति चेत् तामुपपत्तिमाह- **इन्द्रियार्थे**त्यादि। **इन्द्रियाणि**= चक्षुरादीनि तेषा**मर्था**=रूपादयः इन्द्रियाणि चार्थाश्च इन्द्रियार्थास्तेषां **सन्निकर्षः**=सम्बन्धः स इन्द्रियार्थसन्निकर्षो निमित्तं यस्य अनुमानादेस्त**दिन्द्रियार्थसन्निकर्षनिमित्तम्**=अनुमानादि।

**कथं** पुनरिन्द्रियार्थसन्निकर्षः कारणमनुमानादेः ?

**उच्यते**, अनुमानं तावच्चक्षुरादीन्द्रियधूमाद्यर्थसन्निकर्षजम् अन्यथा तस्यासम्भवात्, [1]इन्द्रियानिन्द्रियनिमित्तत्वात् सपरार्थस्यानुमानस्येति। उपमानमपि चक्षुरादीन्द्रियगवाद्यर्थसन्निकर्षजम्। आगमाख्यमपि श्रोत्रेन्द्रियस्य अनिन्द्रियस्य वा आप्तवचनार्थस्य सन्निकर्षे सति प्रादुरस्ति। शब्दार्थापत्तिरप्येवमेव। अर्थार्थापत्तिस्तु चक्षुरादेरिन्द्रियस्य नीलादिरूपस्य च सन्निकर्ष एवोपजायते। सम्भवोऽपि प्रस्थमर्थं दृष्ट्वा श्रुत्वा वा प्रादुरस्ति, एवं चक्षुःश्रोत्रयोः प्रस्थार्थप्रस्थशब्दयोः सन्निकर्षे सति तदुदेति। अभावोऽपि प्रमाणं प्रमेयाभावविषयः, मनसा [2]विकल्प्यार्थमुत्तरत्र स एव विषयीभवति विकल्पितोऽर्थो, नानुमानादसौ भिद्यत इति, एवमिन्द्रियार्थसन्निकर्षनिमित्तान्येतानि मतिश्रुतयोरन्तर्भावं यान्तीति।।

• *હેમગિરા* •

જ્ઞાનોમાં નિમિત્ત બને છે.

### ❋ કારણનાં ઐક્યથી કાર્યપણ એક જ કહેવાય ❋

<u>પ્રશ્ન</u> :- ઇન્દ્રિય અને અર્થનો સન્નિકર્ષ એ કઈ રીતે અનુમાનાદિનું કારણ બને ?

<u>જવાબ</u> :- 'અનુમાન' એ ચક્ષુ આદિ ઈન્દ્રિય અને ધૂમાદિ અર્થના સન્નિકર્ષથી જ ઉત્પન્ન થાય. અન્યથા રીતે આનો સંભવ નથી કારણ કે સ્વાર્થ અને પરાર્થ બન્ને અનુમાનો ઈન્દ્રિય અને અનિન્દ્રિય નિમિત્તે થનારા નિમિત્તવાળા છે. ઉપમાનમાંય ચક્ષુ આદિ ઈન્દ્રિયથી થતો ગવયાદિ પદાર્થ સાથેનો સન્નિકર્ષ નિમિત્ત બને. આગમ પ્રમાણમાં પણ આપ્ત પુરુષના વચનના અર્થનો શ્રોત્રેન્દ્રિય અથવા મન સાથે સન્નિકર્ષ થયા પછી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. શબ્દ અર્થાપત્તિમાં પણ શ્રોત્ર અથવા મનનો શબ્દ સાથેનો સન્નિકર્ષ નિમિત્ત બને છે. પરંતુ અર્થ અર્થાપત્તિ પ્રમાણ ચક્ષુ આદિ ઈન્દ્રિય અને નીલાદિરૂપ વગેરેના સન્નિકર્ષ થયા પછી જ થાય છે. સંભવ પ્રમાણ પણ પ્રસ્થરૂપ અર્થને જોઈને અથવા સાંભળીને જ પ્રગટ થાય છે. અર્થાત્ ચક્ષુનો પ્રસ્થ પદાર્થ સાથે તથા શ્રોત્રનો 'પ્રસ્થ' શબ્દ સાથે સન્નિકર્ષ થતાં આ જ્ઞાન થાય. પ્રમેયાભાવના વિષયવાળું અભાવ પ્રમાણ પણ મનના સન્નિકર્ષથી થાય છે. ઘટાભાવવાળા સ્થળે પૂર્વે મનથી ઘટનો વિકલ્પ થયા બાદ તે જ વિકલ્પિત ઘટ અર્થ એ અભાવનો વિષય બને છે. આ અભાવ પ્રમાણ અનુમાનથી જુદું નથી જણાતું [જ્યાં જ્યાં તે-તે વસ્તુ ન હોય ત્યાં-ત્યાં તેનો તેનો અભાવ પ્રવર્તે છે. અહીં પણ ઘટ નથી માટે તેનો અભાવ છે. તેથી આ ભૂમિ ઘટના અભાવવાળી છે. આવું અનુમાન સંભવે છે.] આ રીતે સર્વ પ્રમાણો

१. इन्द्रियनिमि° मु.(भां)। २. परिकल्प्या° राA.।

**भाष्य- किञ्चान्यत्। अप्रमाणान्येव वा। कुतः ?। मिथ्यादर्शनपरिग्रहात्, विपरीतोपदेशाच्च। मिथ्यादृष्टेर्हि मति-श्रुतावधयो नियतमज्ञानमेवेति वक्ष्यति[1] (१-३२)।**

**किंचान्यदिति** पक्षान्तरमाश्रयति। **अप्रमाणान्येव वा**। नैवानुमानादीनि प्रमाणानि, मिथ्यादर्शन-समन्वितत्वात्, अयथार्थोपदेशव्यापृतत्त्वात् उन्मत्तकवाक्यविज्ञानवत्, एतदेवाह– **मिथ्यादर्शने**त्यादि। मिथ्यादर्शनम्=एकनयाश्रयणं तेन गृहीतं मिथ्यादर्शनपरिग्रहो भण्यते, यत एव च मिथ्यादर्शनपरि-ग्रहोऽत एव **विपरीतोपदेशादिति-विपरीतम्**=अन्यथावस्थितं नानाधर्मकदम्बकं[2] सद्वस्तु एकधर्मकमाश्रितं विपरीतं भण्यते, तस्य **उपदेशः**=कथनं विपरीतोपदेशस्तस्मात्, यत एतान्येकनयावलम्बीन्यनुमानादीनि विपरीतमेकान्तपक्षाश्रितं वस्तु विच्छिन्दन्ति तस्मादप्रमाणानि[3] परपरिकल्पितानीति।

न च मिथ्यादृष्टि[4]परिगृहीतं कदाचिदपि ज्ञानं भण्यते, किन्त्वज्ञानमेव, संसारहेतूत्वात्, एतच्चोत्तरत्र निदर्शयिष्यत्येव। यत आह- **मिथ्यादृष्टेर्ही**त्यादि। यस्मान्मिथ्यादृष्टेर्जन्तोर्मति-श्रुतावधयस्त्रयोऽपि निश्चयेन-

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- વળી બીજી રીતે જોતાં અનુમાનાદિ પ્રમાણો અપ્રમાણ જ છે. <u>પ્રશ્ન</u> :- 'કઈ રીતે ?' <u>જવાબ</u> :- કારણ કે મિથ્યાદર્શનથી પરિગૃહીત છે અને વિપરીત ઉપદેશથી થનાર છે. મિથ્યાદષ્ટિના મતિ શ્રુત અને અવધિ એ નિયમા અજ્ઞાન જ છે. એને ૧-૩૨ સૂ.માં કહીશું.**

ઈન્દ્રિય-અર્થના સન્નિકર્ષ રૂપ નિમિત્તથી થતા હોવાથી મતિ શ્રુતમાં જ અંતર્ગત છે.

### * મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત હોવાથી અપ્રમાણ *

**किंचान्यत्** થી બીજા પક્ષે (ભાષ્યકાર) એમ કહે છે કે- અથવા તો અનુમાનાદિ પ્રમાણરૂપ જ નથી. કારણ કે આ પ્રમાણો મિથ્યાદર્શનથી સમન્વિત છે અને ઉન્મત્ત વ્યક્તિના વાક્યની જેમ અસત્ય ઉપદેશથી યુક્ત છે. આ જ વસ્તુને જણાવતાં કહે છે :- જે એક નય આશ્રિત હોય તે મિથ્યાદર્શન કહેવાય અને આ મિથ્યાદર્શનથી ગૃહીત હોય તે મિથ્યાદર્શન પરિગૃહિત કહેવાય. જેથી કે આ પ્રમાણ મિથ્યાદર્શન પરિગૃહીત છે, તેથી વિપરીત ઉપદેશવાળા કહેવાય છે. વિપરીત એટલે 'અન્યથા રીતે અવસ્થિત' અર્થાત્ અનેક ધર્મના સમૂહવાળી સત્ વસ્તુ હોવા છતાં કોઈ એક જ ધર્મ-આશ્રિત કહેવી તે વિપરીત કહેવાય. આ વિપરીતનું કથન તે વિપરીતોપદેશ કહેવાય. જેથી કે આ એક નયાવલંબિ અનુમાનાદિ એકાંત પક્ષને આશ્રયીને વસ્તુનો બોધ કરાવનારા છે, તેથી બીજાઓ વડે કલ્પાએલા આ અનુમાનાદિ અપ્રમાણ તરીકે કહેવાયેલા છે. જે મિથ્યાદષ્ટિ ગૃહીત હોય તે ક્યારે પણ પ્રમાણ = જ્ઞાનરૂપ ન જ હોય પરંતુ સંસાર-ભ્રમણનું કારણ હોવાથી અજ્ઞાન જ છે. આ વસ્તુપરિસ્થિતિને અમે આગળ કહીશું. કારણ કે મિથ્યાદષ્ટિ જીવના મતિ, શ્રુત અને અવધિ ત્રણે જ્ઞાન નિશ્ચયથી કુત્સિત જ છે તેથી અજ્ઞાન કહેવાશે.

<u>શંકા</u> :- જો એવું હોય તો મિથ્યાદષ્ટિ પરિગૃહીત અનુમાનાદિનો અંતર્ભાવ મતિ-શ્રુત જ્ઞાનમાં

१. 'यते मु.(बा)। २. 'धर्मकं सद्व' मु. (भां.)। ३. 'णानि परि' मु. (भां.खं.)। ४. 'दृष्टिगृही' मु. (भां.खं.)।

**भाष्य- नयवादान्तरेण तु यथा मति-श्रुतविकल्पजानि[1] भवन्ति तथा पुरस्ताद्(१-३५) वक्ष्यामः।।१२।।**

**अत्राह- उक्तं भवता मत्यादीनि ज्ञानानि उद्दिश्य तानि विधानतो लक्षणतश्च पुरस्ताद् विस्तरेण वक्ष्याम इति। तदुच्यतामिति।**

कुत्सितमेव ज्ञानमज्ञानमिति भणिष्यते। यद्येवं कथं तर्हि मतिश्रुतयोरन्तर्भूतानीत्युक्तम् ? उच्यते- नयवादमाश्रित्यैतदुक्तम्। केन तर्हि नयवादान्तरेण मतिश्रुतान्तर्गतानीत्याह **नयवादान्तरेण तु** इत्यादि। **नया**=नैगमादयः तेषां **वादः**=स्वरुचितार्थप्रकाशनं नयवादः तस्य **अन्तरं**=भेदो नयवादान्तरं तेन नयवादभेदेनैव। **यथा** मतिश्चश्रुतं च मतिश्रुते तयोर्विकल्पा=भेदास्तेभ्यो जायन्त इति **मतिश्रुतविकल्पजानि भवन्ति यथा तथा पुरस्तात्**[2] नयविचारणायां **वक्ष्यामः** (१-३५) **इति**शब्देन यस्य हि मिथ्यादृष्टिरज्ञो वा नास्तीति वक्ष्यति तन्मतेन तु प्रमाणानीति।।१२।।

**अत्रे**ति। एतस्मिन् ज्ञानपञ्चके कथिते सामान्येन प्रमाणद्वये च– प्रत्यक्ष-परोक्षरूपे विहिते, परोऽवोचत्- **उक्तं**=प्रतिपादितं त्वया, किमिति चेत्-उच्यते**मत्यादीनि** पञ्च **ज्ञानानि**=मति-श्रुतावधि-मनःपर्याय-केवलान्येव **उद्दिश्य**, तत इदमभिहितं तदुच्यते-**तानि विधानतो लक्षणतश्च पुरस्ताद्**[3]

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- નયવાદની અપેક્ષાએ તો મતિ-શ્રુતના ભેદમાં જે રીતે આ અનુમાનાદિ અંતર્ગત છે. તે (૧-૩૫ સૂ.માં) આગળ વર્ણવીશું. ॥૧૨॥ આપે મતિ આદિ જ્ઞાનોને ઉદ્દેશીને પૂર્વે કહેલું કે મતિ આદિને વિધાન અને લક્ષણથી આગળ વિસ્તારથી કહીશું. તો હવે તે કહો.**

કઈ રીતે તમે કર્યો છે ? <u>જવાબ</u> :- નયવાદના ભેદને આશ્રયી આ બેમાં અંતર્ભાવ સમજવો.

### * ...તો અનુમાનાદિ પ્રમાણ જ કહેવાય *

<u>પ્રશ્ન</u> :- કયા નયવાદના ભેદને આશ્રયી મતિશ્રુતમાં અંતર્ભાવ કરવો ?

<u>જવાબ</u> :- નય એટલે નૈગમાદિ અને વાદ એટલે પોતાને (નયને) ગમતા અર્થનું પ્રકટીકરણ ભાવાર્થ એ છે કે- નયો દ્વારા સ્વરુચિત અર્થનું પ્રકાશન તે 'નયવાદ'. આ નયવાદના ભેદ(=અન્તર) તેને નયવાદાન્તર કહેવાય. આ નૈગમાદિ નયોના ભેદને આશ્રયી મતિ શ્રુતમાં યથાયોગ્ય પ્રમાણોનો અંતર્ભાવ કર્યો છે. આ નયવાદાન્તર વડે જે રીતે મતિશ્રુતના ભેદોથી ઉત્પન્ન થનાર આ અનુમાનાદિ છે અર્થાત્ મતિશ્રુત ભેદોના અંતર્ગત છે, તે આગળ નય વિચારણા (સૂ. ૧-૩૫)માં સ્પષ્ટ કરાશે. ભાષ્યમાં નિર્દિષ્ટ '**इति**' શબ્દથી આ અર્થ સમજવો કે જે (શબ્દાદિનય)ના મતે કોઈ જીવ મિથ્યાદષ્ટિ અથવા અજ્ઞાની નથી, તે (નય)ના મતે તો અનુમાનાદિ પ્રમાણ જ છે. ॥ ૧૨ ॥

આ રીતે જ્ઞાન-પંચકનું અને સામાન્યથી પ્રત્યક્ષ, પરોક્ષ બે પ્રમાણનું નિરૂપણ કર્યે છતે પ્રશ્નકાર છે કે આપે પહેલા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન આ પાંચ જ્ઞાન ને

विकल्पजातानि पा.। २. परस्तात् खं.भां.। ३. पर॰ खं.भां.।

**सूत्रम्- मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम्।।१-१३।।**

**भाष्य- अत्रोच्यते- मतिज्ञानं स्मृतिज्ञानं संज्ञाज्ञानं चिन्ताज्ञानं आभिनिबोधिकज्ञानमित्यनर्थान्तरम्।।१३।।**

**विस्तरेण वक्ष्याम** इत्येतत्।। **ननु** च नैवंविधं तत्र[1] सूत्रे भाष्यमस्ति-विधानतो लक्षणतश्चेति, कथमयमध्यारोपः क्रियते गुरोरिति?। **उच्यते**– सत्यमेवंविधं भाष्यं नास्तीति, एवं पुनः समस्ति-प्रभेदास्त्वस्य पुरस्ताद् वक्ष्यन्त इति (१-९)। अतः प्रभेदा=मतिज्ञाने विधानलक्षणरूपाः प्रतिपाद्यन्ते तत्र भाष्ये, अतो नाध्यारोप इति। **विधानं**=भेदः, मतिज्ञानं सभेदकं वक्ष्यामीति प्रतिज्ञातम्, तथा **लक्षणम्**=असाधारणं यच्चिह्नं मत्यादेस्तच्च वक्ष्यामीति प्रत्यज्ञायि, **तदुच्यतां** विधानं लक्षणं चेति, एवं पर्यनुयुक्त आह- **अत्रोच्यत इति**।।

अत्रैतस्मिंश्चोदिते उच्यते मया, लक्षणमल्पविचारत्वात्, अनेन सूत्रेण **मतिः स्मृत्या**दिना। अथवा नैव मतिज्ञानस्यानेन सूत्रेण लक्षणं कथयति, प्रतीतत्वात्, प्रतीतं हि लोके इन्द्रियानिन्द्रियजं ज्ञानं,

• *હેમગિરા* •

**સૂત્રાર્થ :- મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિન્તા અને અભિનિબોધ આ એકાર્થિક નામો છે.॥૧-૧૩॥**

ભાષ્યાર્થ :- **જવાબ :- મતિજ્ઞાન, સ્મૃતિજ્ઞાન, સંજ્ઞાજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને આભિનિબોધિક જ્ઞાન આ બધા એક અર્થવાળા છે. ॥૧-૧૩॥**

જ ઉદ્દેશીને 'વિધાન અને લક્ષણથી વિસ્તારપૂર્વક આગળ કહીશું...' એ પ્રમાણે કહેલુ. તો હવે તે લક્ષણ-વિધાનના વિસ્તારને કહો ? આ પ્રશ્નાન્તર્ગત એક **શંકા** :- વિધાનથી અને લક્ષણથી વિસ્તારપૂર્વક કહીશું" એવું તમે કહ્યાં મુજબનું ભાષ્ય ત્યાં સૂત્રમાં રચેલું જ નથી. તો શા માટે તમે ગુરૂ (શાસ્ત્રકાર) પર આક્ષેપ મૂકો છો ?

પ્રશ્નકારનો **જવાબ** :- વાત સત્ય છે કે એવું કોઈ ભાષ્ય રચાયું નથી. પણ પૂર્વે નવમા સૂત્રના ભાષ્યમાં **प्रभेदास्त्वस्य पुरस्ताद् वक्ष्यन्ते** = મતિજ્ઞાનના ભેદ-પ્રભેદને આગળ કહીશું તેમ કહેલું અને પ્રભેદ તરીકે ત્યાં ભાષ્યમાં મતિજ્ઞાનના વિધાન અને લક્ષણ જ જણાવ્યા છે. તેથી આ કોઈ આરોપ નથી કર્યો અર્થાત્ મતિ જ્ઞાનને વિધાન (= ભેદ) સહિત કહીશું એમ પ્રતિજ્ઞા પૂર્વે આપે (શાસ્ત્રકારે) કરી જ છે. તથા 'આ મતિ આદિ જ્ઞાનના અસાધારણ ચિહ્નરૂપ લક્ષણને અમે કહીશું' એ પ્રતિજ્ઞા પણ કરી છે. તેથી કહો કે વિધાન અને લક્ષણ શું છે ?

આ પ્રમાણે પ્રશ્ન થતાં ભાષ્યકારશ્રી કહે છે :- તમે કરેલા પ્રશ્નના જવાબમાં લક્ષણએ અલ્પવિચારવાળું હોવાથી તેને સર્વ પ્રથમ **मति-स्मृति**... ઈત્યાદિ ૧૩મા સૂત્ર થકી કહીએ છીએ. અથવા આ નવા સૂત્ર વડે મતિજ્ઞાનનું લક્ષણ નહીં કહીએ, કારણ કે આ જ્ઞાન **इन्द्रियानिन्द्रियजं** છે, અર્થાત્ શ્રોત્રાદિ ઈન્દ્રિય અને મનથી ઉત્પન્ન થનાર છે તેવું લોકમાં પ્રતીત જ છે. જે પ્રતીત ન હોય તેનું જ લક્ષણ વિચક્ષણ પુરુષો કહેતા હોય છે. જેમ 'અગ્નિનું ઉષ્ણતારૂપ' લક્ષણ અત્યંત

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૮ १. 'तत्र' इति पाठो राA.प्रतौ न दृष्टः।

यच्च प्रतीतं न तस्य लक्षणमाचक्षते विचक्षणाः, नहि हुताशनस्योष्णतालाञ्छनमत्यन्तप्रतीतत्वादभिदधते विद्वांसः, किं तर्हि सूत्रेण प्रतिपादयति? उच्यते- लक्षणं, द्विविधं तत्स्थमतत्स्थं चेति, तत्स्थमग्नेरौष्ण्यवत्, अतत्स्थं वारिणो बलाकादिवत्, मतिज्ञानस्य लक्षणं यत्तत्स्थं न पुनस्ततो ज्ञानादिभिन्नमित्येतदादर्शयति सूत्रेण।।

**मतिः स्मृतिः संज्ञेत्यादि**। अत एव च ज्ञानशब्दं प्रत्येकं लगयति- **मतिज्ञानं स्मृतिज्ञानमि**त्यादि। येयं मतिः सैव ज्ञानमित्यस्य ख्यापनार्थं मननं मतिस्तदेवज्ञानं **मतिज्ञान**मिति। मतिज्ञानं नाम यदिन्द्रियानिन्द्रियनिमित्तं वर्त्तमानकालविषयपरिच्छेदि। स्मरणं स्मृतिः सैव ज्ञानं **स्मृतिज्ञानं**, तैरेवेन्द्रियैर्यः परिच्छिन्नो विषयो रूपादिस्तं यत् कालान्तरेण विनष्टमपि स्मरति तत् स्मृतिज्ञानम्, अतीतवस्त्वालम्बनमेककर्तृकं चैतन्यपरिणतिस्वभावं मनोज्ञानमितियावत्।

• *હેમગિરા* •

પ્રતીત હોવાથી વિદ્વાનો ઉષ્ણતા એ અગ્નિનું લક્ષણ છે, એમ ન ઉચ્ચારે.

**❋ લક્ષણના બે પ્રકારને ઓળખીએ ❋**

<u>શંકા</u> :- તો તમે સૂત્ર વડે શું પ્રતિપાદન કરવાના છો ?

<u>**સમાધાન**</u> :- લક્ષણ બે પ્રકારના છે. ૧. **तत्स्थं (तस्मिन् तिष्ठतीति)** ૨. **अतत्स्थं (न तत्स्थमिति)** (૧) 'ઉષ્ણતાવાળો અગ્નિ'- અગ્નિમાં સદાના માટે રહેતી ઉષ્ણતાને તત્સ્થ લક્ષણ કહેવાય. અને (૨) 'બક-બગલા આદિ વાળુ સરોવર'- આ બક-બગલા આદિ સદા પાણીમાં નથી હોતા તેથી આને અતત્સ્થ લક્ષણ કહેવાય. ઉષ્ણતા (લક્ષણ) એ અગ્નિ (લક્ષ્ય)ને, અગ્નિ સાથે રહીને ઓળખાવે છે તેથી તત્સ્થ લક્ષણ કહેવાય છે. હંસ વગેરે લક્ષણ એ સરોવર (પાણી) લક્ષ્યની સાથે તાદાત્મ્ય રૂપે રહ્યા વિના તે સરોવરને ઓળખાવે છે તેથી અતત્સ્થ લક્ષણ કહેવાય છે. મતિજ્ઞાનનું જે તત્સ્થ લક્ષણ છે, તે જ્ઞાનથી ભિન્ન નથી પણ અભિન્ન છે. તેથી અહીં સૂત્રનાં માધ્યમે તત્સ્થ લક્ષણ એકાર્થિક નામરૂપે હમણા કહીએ છીએ. મતિ વગેરે (એકાર્થિક) બધાંય જ્ઞાન સ્વરૂપ છે. એ જ જણાવવાં ભાષ્યકાર દરેક સાથે 'જ્ઞાન' શબ્દને જોડે છે.

**❋ મતિજ્ઞાનના પર્યાયવાચી નામો ❋**

૧) જે આ મતિ છે તે જ જ્ઞાન છે એવું જણાવવા 'મનન કરવું તે મતિ' અને 'તે મતિરૂપ જે જ્ઞાન તેજ મતિજ્ઞાન એવો વિગ્રહ' 'મતિજ્ઞાન' પદનો કરવો. મતિજ્ઞાન એટલે ઈન્દ્રિય અને અનિન્દ્રિયના નિમિત્તે થનારૂં, વર્તમાન કાળના વિષયનું બોધક. ૨) સ્મરણ કરવું તે સ્મૃતિ, સ્મૃતિ એ જ જ્ઞાન તે સ્મૃતિજ્ઞાન. તે જ ઈન્દ્રિયોથી જે રૂપ-રસાદિ વિષયનું જ્ઞાન થયુ હતું તે જ્ઞાન કાલાન્તરે નાશ પામ્યા બાદ ફરી એનું જે સ્મરણ તે સ્મૃતિજ્ઞાન છે. આશય એ કે પૂર્વે જે વસ્તુનું આલંબન લીધેલું તેનો જ્ઞાતા અને વર્તમાનનો સ્મર્તા- ઉભય એક કર્તારૂપ છે. આવું એક કર્તૃક ચૈતન્ય પરિણતિના સ્વભાવવાળું મનોજ્ઞાન એ સ્મૃતિજ્ઞાન છે. ૩) ઈન્દ્રિયો વડે અનુભૂત વિષયને ફરી જોઈને ''તે જ આ વસ્તુ છે કે જે મેં સવારે જોઈ હતી'' એવું જે જ્ઞાન થાય, તે સંજ્ઞાજ્ઞાન કહેવાય. ૪) આગામી

**संज्ञाज्ञानं** नाम यत्तैरेवेन्द्रियैरनुभूतमर्थं प्राक् पुनर्विलोक्य स एवायं यमहमद्राक्षं पूर्वाह्ण इति संज्ञाज्ञानमेतत्। **चिन्ताज्ञानमा**गामिनो वस्तुन एवं निष्पत्तिर्भवति अन्यथा नेति, यथैवं ज्ञानादित्रयसमन्विते अत्रैव[1] परमसुखावाप्तिरन्यथा नेत्येतच्चिन्ताज्ञानं मनोज्ञानमेव। **आभिनिबोधिकम्** अभिमुखो निश्चितो यो विषयपरिच्छेदः सर्वैरेवैभिः प्रकारैस्तदाभिनिबोधिकमिति। यदा चैतल्लक्षणसूत्रं तदा **इति**शब्द एव-मित्यस्यार्थे, एवंलक्षणमेभिः पर्यायैर्निरूपितं मतिज्ञानं ज्ञेयमिति। एवमेतत् कियताऽप्यंशेन भेदं प्रति-पद्यमानमनर्थान्तरमिति व्यपदिशति। नैषां मतिज्ञानविरहितोऽर्थो[2] विकल्पनीय इति।

[T]अपरे तु सर्वे[3] पर्यायशब्दा एवैते शतक्रतु-शक्रादिशब्दवदिति मन्यन्ते, नात्र भेदेनार्थः कल्पनीय इति। तथा चास्य सूत्रस्य पूर्वपक्षमन्यथा रचयन्ति, एवं लोके स्मृतिज्ञानं अतीतार्थपरिच्छेदे सिद्धम् संज्ञाज्ञानं वर्त्तमानार्थग्राहि, चिन्ताज्ञानमागामिकालविषयमिति, इह तु सिद्धान्ते आभिनिबोधिकज्ञान-

• હેમગિરા •

(ભાવિ) કાળ સંબંધી વસ્તુની આ રીતે જ નિષ્પત્તિ થાય છે, બીજી રીતે નહીં. એવું જે જ્ઞાન તે ચિંતા જ્ઞાન. જેમકે- આ પ્રમાણે જ્ઞાન, દર્શન અને ચારિત્રથી જે યુક્ત છે તેમને જ પરમસુખની પ્રાપ્તિ થાય છે, અન્યથા (રત્નત્રયીના અભાવમાં) સુખ ન થાય. એવું જે જ્ઞાન એ ચિન્તાજ્ઞાન છે. આ જ્ઞાન પણ એક પ્રકારનું મનોજ્ઞાન રૂપ જ છે.

૫) **આભિનિબોધિક** :- આભિનિબોધિકપદમાં 'અભિ' અભિમુખના અર્થમાં તથા 'ની' નિશ્ચિતના અર્થમાં સમજી અર્થ આ પ્રમાણે કરવો → અભિમુખ એટલે યોગ્યદેશમાં રહેતી વસ્તુ ને અપેક્ષીને તથા નિશ્ચિત એટલે ઈન્દ્રિયને આશ્રયી સ્વસ્વ વિષય ને અપેક્ષીને થતો બોધ અભિનિબોધ છે, અહીં સ્વાર્થમાં 'ક' પ્રત્યય લાગવાથી "આભિનિભોધિક" એવું નામ બન્યું. જો આ સૂત્રને લક્ષણ-સૂત્ર તરીકે લઈએ તો '**इति**'અવ્યય '**एवम्**'ના અર્થમાં સમજવો અને અર્થ આ પ્રમાણે કરવો :- આ પ્રમાણે (મતિ, સ્મૃતિ આદિ) પર્યાયો વડે નિરૂપિત (=ઓળખાતું) મતિજ્ઞાન આવા પ્રકારના (મતિ, સ્મૃતિ આદિ) લક્ષણવાળુ જાણવું.

### ❋ સ્મૃતિ આદિ જ્ઞાનની એકાર્થકતા ❋

આ પ્રમાણે કાંઈક અંશે ભિન્નાર્થક હોવા છતાં આ'મતિ' આદિ નામો અનર્થાન્તર (એકાર્થિક) રૂપ જ છે. અર્થાત્ આ બધા નામોને મતિજ્ઞાનથી રહિત અર્થવાળા ન સમજવા. બીજા કેટલાંક આ મતિ આદિ સર્વ પર્યાયવાચિ નામોને શતક્રતુ, શક્ર, ઈન્દ્ર આદિ શબ્દની જેમ એક જ અર્થવાળા માને છે, પણ અર્થ ભેદ માનતા નથી. વળી કેટલાક આ સૂત્રનો અન્ય રીતે પણ પૂર્વપક્ષ રચે છે. તે આ રીતે → લોકમાં સ્મૃતિજ્ઞાન અતીત-વિષયના પરિચ્છેદક તરીકે સિદ્ધ છે, સંજ્ઞા જ્ઞાન એ વર્તમાન અર્થ-ગ્રાહી અને ચિન્તાજ્ઞાન એ આગામી કાળના વિષયના બોધક તરીકે સિદ્ધ છે.. જ્યારે અહીં સિદ્ધાંતમાં તો અભિનિબોધિકજ્ઞાન જ કહેવાયું છે. સ્મૃતિ આદિ નથી કહેવાયા.

१. तत्रैव मु.(खं,भां)२। २. °विरहोऽर्थ कल्पनीय भां.। ३. सर्वपर्या° खं.भां.। T. परि.५ टि.२२।

## सूत्रम्- तदिन्द्रियानिन्द्रियनिमित्तम्।।१-१४।।

**भाष्य– तदेतद् मतिज्ञानं द्विविधं भवति इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च।**

मेवोच्यते, स्मृत्यादीनि तु नोच्यन्ते, तत्रानभिधाने प्रयोजनं वाच्यम्। उच्यते- आभिनिबोधिकज्ञानस्यैव त्रिकालविषयस्यैते पर्यायानार्थान्तरतेति मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यस्या**नर्थान्तरमे**तदिति।।१३।।

इह हि प्रतिक्षणं प्राणिनां[१]मन्यदन्यच्च ज्ञानमुदेति, घटालम्बनज्ञानापगतौ पटालम्बनज्ञानाविर्भावः, यच्चोत्पद्यते तत्कारणायत्तजन्म वदन्ति सन्तः यथा घटः पुरुष-मृत्तिका-दण्डाद्यपेक्ष्य कारणमाविरस्ति, एवमस्य ज्ञानस्य समुपजायमानस्य किं निमित्तमिति?। उच्यते- **तदेत**दित्यनन्तरलक्षणोपेतं **मतिज्ञानं** किं निमित्तमिति?। उच्यते- हेतोर्द्वैविध्यात् **द्विविधं भवति**, तेनैवहेतुना द्विविधेन तत्कार्यमादर्शयति-

*હેમગિરા*

**<u>સૂત્રાર્થ</u> :- તે મતિજ્ઞાન ઈન્દ્રિય અને અનિન્દ્રિયના નિમિત્તે થાય છે. ॥૧-૧૪॥**

**<u>ભાષ્યાર્થ</u> :- ૧૩માં સૂત્રના અંતે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા ભાષ્યકારશ્રી કહે છે કે- તે આ મતિજ્ઞાન બે પ્રકારે થાય છે. ઈન્દ્રિય નિમિત્તે અને અનિન્દ્રિય નિમિત્તે.**

તે નહીં કહેવામાં શું પ્રયોજન છે ? <u>જવાબ</u> :- પ્રયોજન જણાવતાં ગ્રંથકાર કહે છે કે આભિનિબોધિક જ્ઞાન જે ત્રિકાળ-વિષયતાવાળું છે, તેના જ આ મતિ-સ્મૃતિ-સંજ્ઞા આદિ પર્યાયો = એકાર્થક શબ્દો છે. તેથી મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા, અભિનિબોધ, એ આભિનિબોધિક જ્ઞાનના 'અનર્થાન્તર' કહ્યાં છે. ॥૧૩॥

### ❈ કાર્યની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા ❈

**૧૪મા સૂત્રની અવતરણિકા** :- આ સંસારમાં પ્રતિક્ષણ જીવોને ભિન્ન ભિન્ન વિષયક જ્ઞાન થાય છે. ઘટના આલંબનથી ઘટ-જ્ઞાન થાય તેમજ પટના આલંબનથી પટજ્ઞાન થાય. ઘટાલંબન જ્ઞાનનો નાશ થતાં પટાલંબન જ્ઞાનનો આવિર્ભાવ થાય. આશય એ છે કે જે કાંઈ (કાર્ય) ઉત્પન્ન થાય તે તેના કારણને આધીન થઈને જ થાય છે, આમ સંતપુરુષો કહે છે. જેમ ઘટ-કાર્ય એ પુરુષ (કુંભકાર), માટી, દંડ આદિ કારણોને અપેક્ષીને ઉત્પન્ન થનાર છે. તો પ્રસ્તુત આ મતિ જ્ઞાનની ઉત્પત્તિમાં કયું નિમિત્ત છે તે કહો ? હમણાં જ પ્રરૂપેલું તે આ લક્ષણયુક્ત મતિજ્ઞાન કયા નિમિત્તવાળું છે ? એ પ્રશ્નકારના પ્રશ્નનો ઉત્તર આપતાં વાચકશ્રી કહે છે કે- બે પ્રકારના હેતુથી થતું હોવાથી મતિજ્ઞાન બે પ્રકારે થાય છે ઈન્દ્રિય નિમિત્તે અને અનિન્દ્રિય નિમિત્તે આ દ્વિવિધ હેતુથી થતું કાર્ય પણ દ્વિવિધ છે તે બતાવતા ભાષ્યમાં '**इन्द्रियनिमितमनिन्द्रियनिमितं च**' એમ કહ્યું. તેમાં (૧) **ઈન્દ્રિયનિમિત્ત** :- ઈન્દ્રિય એટલે સ્પર્શાદિ પાંચ. આ પાંચ ઈન્દ્રિય છે નિમિત્ત જેમાં તે 'ઈન્દ્રિય

१. 'मन्यच्च राA.।

**इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च। तत्रेन्द्रियाणि**=स्पर्शनादीनि पञ्च निमित्तं यस्य तदिन्द्रियनिमित्तम्, नहि श्रोत्रेन्द्रियमन्तरेणायं प्रत्ययो भवति शब्दोऽयमिति, न च स्पर्शनमन्तरेणायं प्रत्ययः समुत्पद्यते-शीतोऽयमुष्णो वा, एवं शेषेष्वपि वाच्यम्। तथाऽनिन्द्रियनिमित्तमिति इन्द्रियादन्यदनिन्द्रियं=मनः ओघश्चेति तत् निमित्तमस्य मतिज्ञानस्य तदनिन्द्रियनिमित्तमिति, स्मृतिज्ञानहेतुर्मनः।

एवं चैतद् द्रष्टव्यम् इन्द्रियनिमित्तमेकम्, अपरमनिन्द्रियनिमित्तम्, अन्यदिन्द्रियानिन्द्रियनिमित्तमिति त्रिधा, तत्रैकमिन्द्रियनिमित्तमेव ज्ञानं मत्याख्यम्, यथाऽवनि-वारि-दहन-पवन-वनस्पतीनामेकेन्द्रियाणां द्वि-त्रि-चतुरिन्द्रियाणामसंज्ञिनां च पञ्चेन्द्रियाणां, मनसोऽभावात्, तथाऽनिन्द्रियनिमित्तं स्मृतिज्ञानम्, इतरेन्द्रियनिरपेक्षं चक्षुरादिव्यापाराभावात्, तथा इन्द्रियानिन्द्रियनिमित्तं जाग्रदवस्थायां, स्पर्शनेन मनसो-

• *હેમગિરા* •

નિમિત્ત' જ્ઞાન કહેવાય. કારણ કે 'આ શબ્દ છે,' એવી પ્રતીતિ શ્રોત્રેન્દ્રિય વગર ન થાય. આ શીત છે કે ઉષ્ણ છે ઈત્યાદિ બોધ સ્પર્શ વિના ન થઈ શકે.આ પ્રમાણે શેષ ઈન્દ્રિયના વિષયોમાં પણ સમજી લેવું.

(૨) **અનિન્દ્રિય નિમિત્ત** :- ઈન્દ્રિય થકી અન્ય તે અનિન્દ્રિય અર્થાત્ મન અને ઓઘ (અવ્યક્ત બોધ). આ બે નિમિત્તથી થતું જ્ઞાન તે અનિન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાન કહેવાય. મન એ સ્મૃતિજ્ઞાનમાં હેતુ બને છે.

### * મતિજ્ઞાનના ત્રણ પ્રકાર *

(૧) ઈન્દ્રિય નિમિત્તમતિજ્ઞાન, (૨) અનિન્દ્રિય નિમિત્તમતિજ્ઞાન અને (૩) ઈન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્તમતિજ્ઞાન. આ ત્રણેની વ્યાખ્યા આ મુજબ છે → (૧) માત્ર ઈન્દ્રિયનિમિત્તથી જ થનારુ મતિજ્ઞાન તે એકેન્દ્રિય એવા પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિના જીવ તેમજ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય (વિકલેન્દ્રિય) અને અસંજ્ઞી પંચેન્દ્રિયને હોય છે. તેઓને મન ન હોવાથી ઈન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાન હોય. (૨) સ્મૃતિજ્ઞાન એ અનિન્દ્રિયનિમિત્તે થનારું ઈન્દ્રિયથી નિરપેક્ષ છે. કારણ કે આ સ્મૃતિજ્ઞાનમાં ચક્ષુ આદિ ઈન્દ્રિય વ્યાપારનો અભાવ છે.

(૩) ઈન્દ્રિય અને અનિન્દ્રિયના નિમિત્તથી થતું જ્ઞાન તે જાગૃત અવસ્થામાં હોય છે. દા.ત. મન વડે ઉપયુક્ત જીવ સ્પર્શેન્દ્રિય વડે વસ્તુનો સ્પર્શ કરે ત્યારે તે 'આ ઉષ્ણ છે.', 'આ શીત છે,' એવું જે જ્ઞાન કરે તે ઇન્દ્રિયાનિન્દ્રિય મતિજ્ઞાન છે. આ જ્ઞાનની ઉત્પત્તિમાં ઈન્દ્રિય અને મન બન્ને નિમિત્ત બને છે.

ઉપરના ત્રણેય અર્થો એક શેષ સમાસ કરવાથી સિદ્ધ થાય છે. તેનો વિગ્રહ ઉપર ટીકામાં જણાવેલ છે. ભાષ્યમાં જણાવેલ **इन्द्रियनिमित्तं अनिन्द्रियनिमित्तं च** વાક્યના '**च**'શબ્દથી ઉભય (ઇન્દ્રિયાનિન્દ્રિય) નિમિત્તનું પણ ગ્રહણ કરવું. (સૂત્રમાં આચાર્યશ્રીએ '**च**' કારનો નિર્દેશ નથી કર્યો કારણ કે) આચાર્યશ્રીએ અપેક્ષા કારણને અંગીકાર કરીને જ સૂત્ર રચ્યું છે. મતિજ્ઞાનમાં ત્રણ અપેક્ષા કારણો છે. ૧. આલોક (પ્રકાશ) ૨. વિષય ૩. ઈન્દ્રિય. પ્રકાશ અને વિષય હોવા

**भाष्य- तत्रेन्द्रियनिमित्तं स्पर्शनादीनां पञ्चानां स्पर्शादिषु पञ्चस्वेव स्वविषयेषु। अनिन्द्रियनिमित्तं मनोवृत्तिरोघज्ञानं च।।१४।।**

पयुक्तः स्पृशत्युष्णमिदं शीतं चेति, इन्द्रियं मनश्चोभयं तस्योत्पत्तौ निमित्तं भवति इति। तदेतत् सर्वमेकशेषाल्लभ्यत इति, इन्द्रियं चानिन्द्रियं च इन्द्रियानिन्द्रिये इन्द्रियानिन्द्रियाणि च तानि निमित्तं यस्य तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति।

एतदेवाह- **इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च**, चशब्दादुभयनिमित्तं चेति, अपेक्षाकारणं चाङ्गीकृत्य सूत्रं पपाठ आचार्यः तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति। अपेक्षाकारणं चालोकविपयेन्द्रियाणि, सति प्रकाशे विषये च चक्षुरादिषु च सत्सु ज्ञानस्योद्भवो दृष्टः, तेषामपि मध्येऽन्तरङ्गमपेक्षाकारणमिन्द्रियानिन्द्रियाणि [1]पठितम्, पारमार्थिकं तु कारणं क्षयोपशमो मतिज्ञानावरणपुद्गलानाम्, नहि तदावरणक्षयोपशमममनपेक्ष्य ज्ञानस्योत्पत्तिरिष्यते। **यदि** तर्ह्यान्तरं निमित्तं क्षयोपशमः स एवोपादेयः किं बाह्येनेन्द्रियानिन्द्रियनिमित्तेनाधीतेनेति ?।

**उच्यते**- स क्षयोपशमः सर्वसाधारण इतिकृत्वा न पठितः, चशब्देन वा [2]सङ्गृहीतो द्रष्टव्यः, **इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च**, चशब्दात् क्षयोपशमनिमित्तमिति, न वा, भावेन्द्रियस्य तद्रूपत्वात् इति।।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- સ્પર્શન આદિ પાંચ ઈન્દ્રિયોનું પોતપોતાના સ્પર્શાદિ પાંચે વિષયોમાં થતું જ્ઞાન તે 'ઈન્દ્રિય નિમિત્ત' કહેવાય છે. અનિન્દ્રિય નિમિત્ત તે મનોવૃતિ અને ઓઘ-જ્ઞાન રૂપ છે. ॥૧૪॥**

સાથે ચક્ષુ આદિ ઈન્દ્રિય હોય તો જ જ્ઞાનનો ઉદ્ભવ થાય. આ ત્રણમાં ય અંતરંગઅપેક્ષિત કારણ ઈન્દ્રિય અને અનિન્દ્રિય છે. (તેથી સૂત્રમાં આ બેનો જ નિર્દેશ છે) બાકી પારમાર્થિક (અસાધારણ) કારણ તો મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ છે. આ આવરણના ક્ષયોપશમની અપેક્ષા (= આશ્રય) વિના તો ક્યારેય જ્ઞાનની ઉત્પત્તિ થતી નથી.

### ❋ ક્ષયોપશમનો ભાવેન્દ્રિયમાં સમાવેશ ❋

<u>શંકા</u> :- જો આંતરિક નિમિત્ત ક્ષયોપશમ જ પારમાર્થિક કારણ હોય તો આ ક્ષયોપશમ જ નિમિત્ત તરીકે ઉપાદેય બને ! બાહ્ય નિમિત્ત એવા ઈન્દ્રિયાનિન્દ્રિયને કહેવા વડે શું ?

<u>જવાબ</u> :- આ ક્ષયોપશમ તો સર્વ (મતિથી મનઃપર્યાય સુધીમાં) સાધારણ કારણ છે. તેથી સૂત્રમાં કહ્યો નથી. અથવા તો ભાષ્યગત '**इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च**' વાક્યમાં રહેલ '**च**' શબ્દથી આ ક્ષયોપશમનો પણ નિમિત્ત તરીકે સંગ્રહ કર્યો જ છે. અથવા તો ક્ષયોપશમ ભાવઇન્દ્રિય સ્વરૂપ હોવાથી તેને ગ્રહણ કરવાની જરૂર નથી. કારણ કે ઇન્દ્રિય-અનિન્દ્રિયમાં જ ભાવેન્દ્રિયની વિવક્ષા કરતાં ક્ષયોપશમનું ગ્રહણ થઈ જ જાય છે.

१. पठन्ति राB.। २. गृहीतो मु. पाA.(खं,भां)।

तत्रेन्द्रियनिमित्तं स्वयमेव भावयति- **तत्रेन्द्रिये**त्यादिना। **तत्र** तेषां त्रयाणां मध्ये **इन्द्रियनिमित्तं** तावद् भण्यते **स्पर्शनादीनामि**ति। स्पर्श-रसन-घ्राण-चक्षुः-श्रोत्राणां पञ्चानामेव पञ्चस्वेव इत्यन्यस्याभावान्नियमयति, स्वे=आत्मीया विषया येषु प्राणिनः सक्तिं भजन्ते तेषु **स्वेषु विषयेषु**, तद्यथा-स्पर्शनस्य स्पर्शे, रसनस्य रसे, घ्राणस्य गन्धे, चक्षुषो रूपे, श्रोत्रस्य शब्दे, अत एषां स्पर्शनादीनां स्वविषयेषु प्रवर्त्तमानानां ग्राहितया यदुपजायते ज्ञानं तत् तानीन्द्रियाण्यालम्ब्योत्पद्यमानमिन्द्रियनिमित्तमिति भण्यते। इदानीमनिन्द्रियनिमित्तमाचष्टे अनिन्द्रियं=मनस्तन्निमित्तं यस्य **तदनिन्द्रियनिमित्तम्**।

कीदृक् तदित्याह- **मनोवृत्ति**र्मनोविज्ञानमिति। मनसो भावाख्यस्य वर्तनं=विषयपरिच्छेदितया परिणतिर्मनोवृत्तिः, **ओघज्ञानं चेति**। ओघः=सामान्यं अप्रविभक्तरूपं यत्र न स्पर्शनादीनीन्द्रियाणि नाऽपि मनोनिमित्तमाश्रीयन्ते, केवलं मत्यावरणीयक्षयोपशम एव तस्य ज्ञानस्योत्पत्तौ निमित्तम्, यथा वल्ल्यादीनां नीव्राद्यभिसर्पणज्ञानं न स्पर्शननिमित्तं न मनोनिमित्तमिति, तस्मात् तत्र मत्यज्ञानावरणक्षयोपशम एव

• હેમગિરા •

હવે આ સૂત્રમાં રહેલ '**इन्द्रियनिमित्तं**' પદની વિચારણા કરતા ભાષ્યકાર સ્વયં જ કહે છે કે-

તે ઈન્દ્રિય નિમિત્ત, અનિન્દ્રિય નિમિત્ત અને ઉભય નિમિત્તમાં જે પ્રથમ ઈન્દ્રિય નિમિત્ત જ્ઞાન છે, તેની વ્યાખ્યા ભાષ્યગત '**स्पर्शना**' આદિ પદોથી કરે છે :- સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત, આ પાંચે ઈન્દ્રિયોને સ્વ-સ્વ વિષયમાં પ્રવર્તતા ગ્રાહક તરીકે જે જ્ઞાન ઉત્પન્ન થાય તેવું ઈન્દ્રિયોને અવલંબી ઉત્પન્ન થતું જ્ઞાન 'ઈન્દ્રિય નિમિત્ત' કહેવાય છે. સ્પર્શનાદિ પાંચ 'ઈન્દ્રિયોનો પાંચ વિષયોમાં જ બોધ હોય,' તેવું નિયમન ભાષ્યમાં કરીને આ પાંચ (ઈન્દ્રિય કે વિષય) સિવાય બીજી ઈન્દ્રિય કે વિષયોનો અભાવ જણાવી દીધો છે. (સાંખ્યાદિમતમાં કર્મેન્દ્રિયાદિ પણ સ્વીકારવામાં આવે છે)

તથા **स्वविषयेषु** પદથી ઈન્દ્રિયોના આત્મીય વિષયો અર્થાત્ જેને વિશે જીવો સંબંધ કરે છે. તેનું ગ્રહણ કરવું તે આ પ્રમાણે :- સ્પર્શેન્દ્રિય સ્પર્શના વિષયમાં, રસનેન્દ્રિય રસમાં, ઘ્રાણેન્દ્રિય ગંધમાં, ચક્ષુ રૂપમાં, શ્રોતેન્દ્રિય શબ્દમાં સંબંધ કરે છે. હવે અનિન્દ્રિય નિમિત્તને કહે છે :- અનિન્દ્રિય એટલે મન. આ મનના નિમિત્તે થતું જ્ઞાન તે અનિન્દ્રિય નિમિત્ત જ્ઞાન છે.

### ❈ અનિન્દ્રિયજ્ઞાનના બે પ્રકાર ❈

<u>પ્રશ્ન</u> :- આ જ્ઞાન કેવું છે ? <u>જવાબ</u> :- આ જ્ઞાન મનોવૃત્તિ અર્થાત્ મનોવિજ્ઞાન રુપ છે. ભાવમનની વિષયને જાણવા તરીકેની જે પરિણતિ તે મનોવૃત્તિ કહેવાય. ઓઘજ્ઞાન પણ એક અનિન્દ્રિય નિમિત્ત જ્ઞાન છે. **ઓઘ** એટલે જેમાં કોઈ વિભાગ નથી એવું અપ્રવિભકત (નિર્વિકલ્પક) સામાન્ય જ્ઞાન, જયાં કોઈ સ્પર્શનાદિ ઈન્દ્રિયોનો તેમજ મન રુપ નિમિત્તનો આશ્રય નથી કરાતો, તે ઓઘજ્ઞાન છે. આ જ્ઞાનની ઉત્પત્તિમાં માત્ર મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જ નિમિત્ત બને છે. જેમ- વેલડીઓ(વનસ્પતિ)ને પણ નળીયા કે છાપરા આદિમાં ઉંચે-નીચે વધતાં જે અત્યંત અવ્યક્ત જ્ઞાન થાય તેમાં સ્પર્શન ઇન્દ્રિય પણ નિમિત્ત નથી અને મન પણ નિમિત્ત નથી તેથી

१. तानि मु. (खं,भां)।

**सूत्रम्- *अवग्रहेहापायधारणाः ।।१-१५।।**

**भाष्य- तदेतत् मतिज्ञानमुभयनिमित्तमप्येकशश्चतुर्विधं भवति। तद्यथा- *अवग्रह ईहा अपायो धारणा चेति।**

केवलो निमित्तीक्रियते ओघज्ञानस्य।।१४।।

तत् पुनरिन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं वा ज्ञानं किमेकरूपमुतास्ति कश्चिद् भेदकलापः ?। अस्तीत्याह। यद्यस्ति ततो भण्यताम्। उच्यते- **तदेतत् मतिज्ञानं** लक्षण-विधानाभ्यां यदुक्तम् **उभयनिमित्तमि**न्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तम् **अपि**शब्दादिन्द्रियानिन्द्रियनिमित्तमपि।।

**अथे**न्द्रियानिन्द्रियनिमित्तसमुदायरूपेण स्थितं चतुर्विधं किं ग्राह्यम् ?। **नेत्याह- एकशः**, एकैकं स्पर्शनेन्द्रियनिमित्तं चतुर्विधं, रसनेन्द्रियनिमित्तं चतुर्विधं, घ्राणेन्द्रियनिमित्तं चतुर्विधम्, चक्षुरिन्द्रियनिमित्तं चतुर्विधं, श्रोत्रेन्द्रियनिमित्तं चतुर्विधं, मनोनिमित्तं चतुर्विधमिति। चतस्रो विधा यस्य तच्च**तुर्विधम्**।

● *હેમગિરા* ●

**<u>સૂત્રાર્થ</u> :- અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એ મતિજ્ઞાનના ભેદો સમજવા.।।૧-૧૫।।**

**<u>ભાષ્યાર્થ</u> :- તે આ ઉભય નિમિત્તવાળુ પણ આ મતિજ્ઞાન(ઈન્દ્રિયનિમિતાદિ) એક એકને આશ્રયી ચાર પ્રકારે છે. તે આ મુજબ :- અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા.**

તે વેલડી આદિના ઓઘ જ્ઞાનમાં માત્ર મતિ અજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ જ નિમિત્ત છે.(મતિજ્ઞાનાવરણ સમ્યગ્દષ્ટિને મતિ જ્ઞાનનું આવરણ કરે છે જ્યારે મિથ્યાદષ્ટિ જીવને મતિઅજ્ઞાનનું આવરણ કરે છે માટે આ અપેક્ષાએ તેને મતિઅજ્ઞાનાવરણ કહ્યું છે.) ।।૧૪।।

૧૫મા સૂત્રની અવતરણિકા :- તમે કહેલા ઈન્દ્રિય નિમિત્ત અથવા અનિન્દ્રિય નિમિત્ત જ્ઞાન શું એક જ રૂપવાળા છે કે અનેક ભેદ-સમૂહવાળા છે ? તે કહો. જો અનેક ભેદ છે તો તે કહો. આના જવાબમાં વાચકશ્રી ૧૫મું સૂત્ર કહે છે- લક્ષણ અને વિધાન થકી કહેવાયેલુ ઈન્દ્રિય અને અનિન્દ્રિય આ ઉભયનિમિત્તવાળું એવું આ મતિજ્ઞાન ચાર પ્રકારે છે. ભાષ્ય નિર્દિષ્ટ 'अपि' શબ્દથી ઈન્દ્રિયાનિન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાનનું પણ ગ્રહણ કરવું.

**❋ ઉભયનિમિત્ત મતિજ્ઞાનના ચાર પ્રકાર ❋**

<u>શંકા</u> :- ભાષ્યમાં ચાર પ્રકાર જે કહ્યા છે તે 'ઈન્દ્રિયાનિન્દ્રિય'-નિમિત્તના સામૂહિક ચાર ભેદ સમજવા ? (કે દરેક ઇન્દ્રિયના અને અનિન્દ્રિયના જુદા-જુદા ચાર ભેદ સમજવા?)

<u>સમાધાન</u> :- અનિન્દ્રિય એવા મનના અને પ્રત્યેક ઈન્દ્રિયના અવગ્રહ આદિ ચાર પ્રકાર સમજવા. પણ સામૂહિક ચાર પ્રકાર સમજવા નહીં. અર્થાત્ દરેક ઈન્દ્રિયથી થતું મતિજ્ઞાન ચાર પ્રકારે છે. સ્પર્શેન્દ્રિયનિમિત્ત મતિજ્ઞાન ચાર પ્રકારે, રસનેન્દ્રિય નિમિત્ત ચાર પ્રકારે, ઘ્રાણેન્દ્રિયનિમિત્ત ચાર પ્રકારે, ચક્ષુરિન્દ્રિય નિમિત્ત ચાર પ્રકારે, શ્રોત્રેન્દ્રિય નિમિત્ત ચાર પ્રકારે તથા મનો નિમિત્ત

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૨૯

**भाष्य– तत्राव्यक्तं यथास्वमिन्द्रियैर्विषयाणामालोचनावधारणमवग्रहः।**

कास्ताश्चतस्रो विधा इत्याह- **अवग्रह ईहा अपायो धारणेति**। स्पर्शनावग्रहः स्पर्शनेहा स्पर्शनापायः स्पर्शनधारणेति, एवं सर्वत्र दृश्यं यावन्मनोधारणेति। पर आह- निर्ज्ञातं चातुर्विध्यमेकैकस्य, इदं तु न विज्ञातं किंस्वरूपा अवग्रहादय इत्यतः स्वरूपमवग्रहादीनां ब्रूहि, एवमुक्तेसूरिः स्वरूपप्रचिकाशयिषयाऽऽह अवग्रहादीनाम्-

**तत्राव्यक्त**मित्यादिना। **तत्रे**ति चतुर्ष्ववग्रहादिषु प्रक्रान्ते, अवग्रहोऽभिधीयते। अवग्रहणमवग्रहः सामान्यार्थपरिच्छेद इत्यर्थः। यदि विज्ञानं स्पर्शनादीन्द्रियजं व्यञ्जनावग्रहादनन्तरक्षणे सामान्यस्यानिर्देश्यस्य[1] स्वरूपकल्पनारहितस्य नामादिकल्पनारहितस्य च[2] वस्तुनः परिच्छेदकं सोऽवग्रहः अव्यक्तं ज्ञानमितियावत्। तदाह-[3] **अव्यक्तम्**=अस्फुटम् अवधारणमित्यनेन सम्बन्धः, अव्यक्तं यदवधारणम्=अव्यक्तो यः परिच्छेद इत्यर्थः। कस्याव्यक्तं कैर्वा तदव्यक्तमिति ?। उच्यते- **यथास्वमि**त्यादि। यथाशब्दो वीप्सायां, यो य इति, स्वशब्द आत्मीयवचनो, यो य आत्मीय इत्यर्थः। यथास्वं विषयोऽभिसम्बन्ध्यते, योऽयमात्मीयो

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- તે અવગ્રહાદિ ચારમાં અવગ્રહ એટલે પોત-પોતાના જે યથાયોગ્ય વિષયો છે તેની તે તે ગ્રાહક ઈન્દ્રિયો વડે અવ્યકતપણે, જે મર્યાદિત બોધ તેને અવગ્રહ કહેવાય.**

ચાર પ્રકારે. ("**चतुर्विध**" પદમાં બહુવ્રીહિ સમાસ થએલ છે, તેનો વિગ્રહ ટીકામાં જ દર્શાવેલ છે.)

<u>પ્રશ્ન</u> :- આ ચાર પ્રકાર કયા છે ? <u>જવાબ</u> :- અવગ્રહ, ઈહા, અપાય, ધારણા એ ચાર પ્રકાર જાણવા. આ પ્રકારો દરેક ઈન્દ્રિયને આશ્રયી જાણવા. જેમકે :- સ્પર્શનાવગ્રહ, સ્પર્શન ઈહા, સ્પર્શનાપાય, સ્પર્શન ધારણા આ રીતે સર્વ ઇન્દ્રિયોમાં અને મનમાં સમજવું. છેલ્લો ભેદ મનોધારણાનો આવશે.

<u>પ્રશ્ન</u> :- ઈન્દ્રિયાદિ એક એક નિમિત્તના ચાર પ્રકાર જણાયા. પણ આ જે અવગ્રહ આદિ છે તેનું સ્વરૂપ સમજાયું નથી તેથી તે સ્વરૂપ સમજાવો. <u>જવાબ</u> :- આ પ્રશ્નના જવાબમાં સૂરીશ્વર અવગ્રહાદિના સ્વરૂપને પ્રકાશિત કરવાની ઈચ્છાથી કહે છે, અને તે અવગ્રહાદિ ચારમાંથી સર્વપ્રથમ અવગ્રહનું વર્ણન કરે છે. સામાન્ય અર્થનો બોધ તે અવગ્રહણ અર્થાત્ વ્યંજનાવગ્રહ થયા બાદ અનંતર સમયમાં સ્પર્શનાદિ ઇન્દ્રિયથી ઉત્પન્ન થતું અનિર્દેશ્ય (=નિર્દેશ ન કરી શકાય) એવું સામાન્ય, સ્વરૂપ કલ્પનાથી રહિત અને નામાદિ કલ્પના રહિત વસ્તુનું જે અવ્યકત (=અસ્પષ્ટ) વિજ્ઞાન તે અવગ્રહ જ્ઞાન છે. '**अव्यक्तं**' પદનો અન્વય '**अवधारणं**' સાથે કરવો, તે આ રીતે કે અવ્યકત એવું જે અવધારણ=બોધ તે અવગ્રહ છે.

<u>**શંકા**</u> :- આ અવ્યકત બોધ કોનો છે ? અથવા કોના વડે થાય છે ?

<u>**સમાધાન**</u> :- **यथास्वं** → 'યથા' શબ્દ વીપ્સા = 'જે જે' એવા અર્થમાં છે તથા '**स्व**' પદ આત્મીય અર્થમાં છે. તાત્પર્યથી યથાસ્વં = આત્મીય વિષય અર્થ કરવો. ભાવાર્થ આ મુજબ → ઇન્દ્રિયનો જે વિષય છે તે સ્વ વિષય, કે જે તે તે કરણભૂત ઈન્દ્રિયો વડે જણાય છે, એવા તે સ્પર્શાદિ સ્વ-વિષયોનો અવ્યકત બોધ = **આલોચના-અવધારણ** કહેવાય છે.

१. °र्देशस्य खं.भां.पाA.। २. च विमुक्तौ वस्तुनः° राA.। ३. यदाह मु.पा.Aसं. (भां.खं.)।

**भाष्य-** [१]अवग्रहणमालोचनमवधारणमित्यनर्थान्तरम् ।।

विषयस्तस्यात्मीयस्य विषयस्य **इन्द्रियैः**=स्पर्शनादिभिः करणभूतैर्ये विषयाः [२]परिच्छिद्यन्ते तेषां **विषयाणां** स्पर्शादीनां अव्यक्तमवधारणम्, कीदृशमत आह- **आलोचनावधारणम्**, आङ् मर्यादायाम् आलोचनं=दर्शनं, परिच्छेदो मर्यादया यः स आलोचना। यथोक्तं पुरस्ताद् वस्तुसामान्यस्यानिर्देश्य[३]स्य स्वरूपनामजात्यादिकल्पनावियुतस्य यः परिच्छेदः सा आलोचना मर्यादया भवति। आलोचना च सा अवधारणं च तदालोचनावधारणम्।

अत एतदुक्तं भवति- [४]अव्यक्तमालोचनावधारणं स्पर्शनादिभिरिन्द्रियैः स्पर्शनादीनामात्मीयानां विषयाणामात्मनो यद् भवति सोऽवग्रहः किं पुनः कारणमाद्ये क्षणे तं विषयं परिच्छेत्तुं यथावन्न शक्नोति परतश्च यथावच्छक्ष्यति ? उच्यते- मतिज्ञानावरणीयकर्मणः स तादृशः क्षयोपशमो येनादौ तं विषयं सामान्येन परिच्छिनत्ति, ईहायां चान्यादृशः क्षयोपशमो यतस्तमेव स्फुटतरमीहिष्यते, अपाये चान्यादृशः क्षयोपशमो येन तमेव विषयं स्फुटतरमवच्छिनत्तीति, धारणायामप्यन्यादृशो

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અવગ્રહ, ગ્રહ, ગ્રહણ, આલોચના, અવધારણા એ એકાર્થિક નામો છે.**

આ અવધારણ કેવું છે ? તે જણાવતા કહે છે કે 'આલોચના તે અવધારણ છે.' 'આ' મર્યાદા અર્થમાં છે, લોચન એટલે દર્શન. મર્યાદાપૂર્વકનું દર્શન (બોધ) તે આલોચના છે. ઉપર જણાવેલ સ્વરૂપ, નામ, જાતિ આદિ વિકલ્પોથી રહિત તથા અનિર્દેશ્ય, એવો વસ્તુ-સામાન્યનો જે પરિચ્છેદ તે જ મર્યાદાપૂર્વક થતી આલોચના કહેવાય. આવી આલોચનાવાળું જે અવધારણ તે આલોચના - અવધારણ કહેવાય. સારાંશ એ થયો કે આત્માનો સ્પર્શન આદિ ઈન્દ્રિયો વડે સ્પર્શાદિ આત્મીય વિષયોનું જે અવ્યક્ત એવું 'આલોચના = અવધારણ' તે અવગ્રહ કહેવાય.

### ❋ અવગ્રહ આદિના જ્ઞાનની તરતમતા ❋

<u>**શંકા**</u> :- શા માટે આ અવગ્રહ પ્રથમ ક્ષણમાં તે વિષયને યથાવત્ જાણી શકતું નથી. અને (ઈહાઆદિ) પછીથી જ યથાવત્ જ્ઞાન મેળવવા સક્ષમ બને છે ?

<u>**સમાધાન**</u> :- અવગ્રહાવસ્થામાં જીવને મતિજ્ઞાનાવરણીય કર્મનો ખૂબ જ સીમિત તેવા પ્રકારનો ક્ષયોપશમ છે, કે જેથી શરૂઆતમાં તે વસ્તુને સામાન્ય રીતે જ જાણી શકે. આગળ વધતાં ઈહામાં કાંઈક વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે કે જેના થકી તે જ સામાન્યનો વધુ સ્પષ્ટ બોધ થાય છે. અને અપાય દશામાં એ કરતાં અન્ય કક્ષાનો ક્ષયોપશમ થાય છે કે જેના થકી તે જ વસ્તુનો વિશિષ્ટતર બોધ થાય અને ધારણામાં આના કરતા વિશિષ્ટતમ ક્ષયોપશમ હોવાથી પૂર્વે જાણેલ વિષયને ધારી રાખે છે. આમ પ્રારંભમાં ક્ષયોપશમની અતિ મલીનતા (મંદતા)ને લીધે જે અત્યંત અવ્યકત અવધારણા થાય છે તેને

१. **अवग्रहो ग्रहो ग्रहणमा°** मु.को. प्रतिषु एवं पाठः। परं टीकानुसारेण **अवग्रहणमा°** इति पाठो युक्तम्।-१. परिच्छेद्य° मु (भां.रां.B)। २. °देशस्य सं.। ३. उक्तमा° मु.पा.सं. (भां.)।

**भाष्य- अवगृहीतम्[1]। विषयार्थैकदेशाच्छेषानुगमनम्। निश्चयविशेषजिज्ञासा चेष्टा ईहा।**

येनावधारयिष्यतीति, तस्मान्मलीमसत्वात् क्षयोपशमस्यादावव्यक्तमवधारणं यत् सोऽवग्रह इत्युच्यते। एवं स्वचिह्नतो[2]ऽवग्रहं निरूप्य पर्यायशब्दैस्तमेव कथयति- **अवग्रहणमालोचना**वग्रहोऽभिधीयते अवधारणं चेति, योऽसौ सामान्य[3]स्य परिच्छेदः स एभिः शब्दैरर्थतो नानात्वमप्रतिपद्यमानैरभिधीयते।

एवमवग्रहं कथयित्वा ईहायाः स्वरूपमाचिख्यासुराह- **अवगृहीतमि**त्यादि। अवगृहीतमित्यनेन क्रमं दर्शयति सामान्येन गृहीते ईहा प्रवर्तते न पूर्वमेवेहेति, यदा हि सामान्येन स्पर्शनेन्द्रियेण स्पर्शसामान्यमागृहीतमनिर्देश्यादिरूपं तत उत्तरं स्पर्शभेदविचारणा ईहाभिधीयत इति। एतदाह- **विषयार्थैके**त्यादि। विषयः=स्पर्शादिः स एव परिच्छेदकालेऽर्यमाणत्वात्-परिच्छिद्यमानत्वादर्थ इत्युच्यते, विषयश्चासावर्थश्च विषयार्थः तस्यैकदेशः सामान्यानिर्देशस्यादिरूपं तस्मात् **विषयार्थैकदेशात्** परिच्छिन्नादनन्तरं यत् **शेषानुगमनं** शेषस्य=[4]भेदविशेषस्येत्यर्थः। **अनुगमनं**=विचारणं, [5]शेषस्यानुगमनं विशेषविचारणमित्यर्थः। किमयं मृणालीस्पर्शः उताहो सर्पस्पर्श इति। न चैतत् संशयविज्ञानमिति युज्यते

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **અવગ્રહ થયા બાદ અર્થાત્ વિષયરૂપ અર્થના એક દેશનો સામાન્ય બોધ થયા બાદ શેષ અંશોનું અનુગમન એટલે વિચારણા કરવી તે ઈહા. અથવા નિશ્ચતમવિશેષ જ્ઞાનની જિજ્ઞાસા તે ઈહા.**

અવગ્રહ કહેવાય છે. આ પ્રમાણે અવગ્રહને સ્વ નામથી સમજાવી પર્યાયવાચી શબ્દોથી તેને દર્શાવે છે.→ 'અવગ્રહણ, આલોચના અને અવધારણ' ઉપર કહેલ સામાન્ય બોધ જ આ અવગ્રહણા વગેરેમાં થાય છે. અર્થાત્ અવગ્રહણાદિમાં શબ્દોથી ભેદ છે, અર્થથી અભેદ છે. આ પ્રમાણે અવગ્રહનું નિરૂપણ કરી 'ઈહા'ના સ્વરૂપને કહેવાની ઈચ્છાથી કહે છે.

### ❋ ઈહાના સ્વરૂપને સમજીએ ❋

'**अवगृहीतम्**' એ ક્રમને સૂચવનાર પદ છે. અર્થાત્ સામાન્યપરિચ્છેદ (અવગ્રહ) થાય ત્યાર બાદ જ ઈહા પ્રવર્તે છે. પણ અવગ્રહની પહેલા ઈહા ન પ્રવર્તે. કારણ કે જ્યારે સામાન્ય (મંદ ક્ષયોપશમ યુક્ત) સ્પર્શનેન્દ્રિય વડે અનિર્દેશ્યાદિ રૂપે સ્પર્શ-સામાન્યનો અવગ્રહ થાય ત્યાર પછી જ, અર્થાત્ અવગૃહીત જ્ઞાનની પછી જ સ્પર્શ આદિના ભેદની વિચારણા પ્રવર્તે છે તેને જ 'ઈહા' કહેવાય. એ જ વાતને ભાષ્યમાં '**विषयार्थैकदेश**' ઈત્યાદિથી સ્પષ્ટ કરે છે. 'વિષય' એટલે સ્પર્શાદિ. આ સ્પર્શાદિ વિષય જ {જ્ઞાનકાળમાં જણાતા હોવાથી} 'અર્થ' કહેવાય. આ વિષયરૂપ અર્થ તે વિષયાર્થ. આ વિષયાર્થના એક દેશરૂપ સામાન્ય-અનિર્દેશ્ય આદિ આકારવાળો બોધ થયા બાદ જે શેષ ભેદ-વિશેષની વિચારણા (=અનુગમ) તે ઈહા કહેવાય દા.ત. શું આ કમળનાળનો સ્પર્શ છે કે સર્પનો ?

१. 'हीते पाB.लि.। २. 'ह्नेनाव' मु.राA. (भां.)। ३. 'न्यपरि' मु.पाA. (भा.सं.)। ४. भेदस्यविशे' खं.भा.। ५. शेषानु' खं.भां.।

वक्तुम्, यतः संशयविज्ञानमेवंरूपं भवति यदनेकार्थावलम्बनमूर्ध्वतासामान्यं पश्यतः किमयं स्थाणुरुत पुरुष इति नैकस्यापि परिच्छेदं शक्तं कर्तुमिति तत् संशयविज्ञानमभिधीयते। ईहा पुनरेवंविधलक्षण-विपरीता, यतः स्पर्शसामान्य उपलब्धे तदुत्तरकालं मृणालस्पर्शे सद्भूतविशेषादानप्रवृत्ता असद्भूत-विशेषपरित्याग प्रवृत्ता चेहेत्यभिधीयते। अमी पूर्वं मृणालस्पर्शे मया सद्भूता विशेषा अनुभूता इत्यतस्तदभिमुखाऽसौ, अमी च नानुभूता इति तत्परित्यागाभिमुखा, अतो न संशयविज्ञानेनास्याः साम्यमस्तीत्येतदाह- **निश्चयविशेषजिज्ञासा ईहा।**

निश्चीयतेऽसाविति निश्चयः। कोऽसौ ? विशेष इत्याह, विशिष्यते = भिद्यतेऽन्यस्मादिति विशेषः, निश्चयश्चासौ विशेषश्च निश्चयविशेषः, निश्चितो विशेष इत्यर्थः, तस्य ज्ञातुमिच्छा या सा जिज्ञासा, विद्यमानाविद्यमानविशेषादानपरित्यागाभिमुखेत्यर्थः सैवंविधा ईहाऽभिधीयते। एवं स्व-

• *હેમગિરા* •

### ❋ ઈહા અને સંશય વચ્ચેની ભેદરખા ❋

આ ઈહાને સંશયજ્ઞાન કહેવું યોગ્ય નથી કારણ કે સંશયજ્ઞાન એટલે કે જે અનેક અર્થોનું આલંબન કરનારું ઉર્ધ્વતા[1] સામાન્ય રૂપ જ્ઞાન છે, જે એક અર્થનો સત્ય નિર્ણય કરવામાં અસમર્થ છે. જેમ કે સાંજના આછા અંધારામાં દૂર રહેલ શુષ્ક વૃક્ષના થડને જોઈ કોઈ વિચારે કે- "આ ઠુંઠું છે કે માણસ...?" અહિં સાધક અને બાધક પ્રમાણનો અભાવ હોવાથી એક જ વસ્તુમાં જણાતાં અનેક અર્થોનાં ઉર્ધ્વતા સામાન્યનું ભાન કરાવનારા આ સંશયાત્મકજ્ઞાન એકે અર્થનો નિશ્ચય કરવામાં સમર્થ નથી. જ્યારે ઈહા આનાથી વિપરીત છે. કારણ કે અવગ્રહથી સ્પર્શ સામાન્યનું જ્ઞાન થયા બાદ ઉત્તરકાળમાં મૃણાલના સ્પર્શ અંગેનું સદ્ભૂત-વાસ્તવિક જ્ઞાન ગ્રહણ કરવામાં જે પ્રવૃત્ત છે, અને અસદ્ભૂતને ત્યાગ કરવામાં જે પ્રવૃત્ત છે, તે ઈહા કહેવાય. તે આ પ્રમાણે :- 'આ મૃણાલના સ્પર્શને વિશે આવા વાસ્તવિક-વિશેષો (વિશેષતાઓ) મારા વડે પૂર્વે અનુભવાયેલ છે.' આમ સદ્ભૂત વાસ્તવિક જ્ઞાનને અભિમુખ આ ઈહા છે, તેમજ 'આ વિશેષો અનુભૂત નથી' તેમ અસદ્ભૂત (અવાસ્તવિક)ના પરિત્યાગને અભિમુખ પણ આ ઈહા છે. પણ સંશયજ્ઞાનમાં આવું નથી. તેથી સંશય અને ઈહામાં સામ્ય નથી. આને જણાવતાં કહે છે કે પદાર્થના નિશ્ચયાત્મક બોધ અંગેની વિશેષ જિજ્ઞાસા જેમાં છે તે ઈહા છે.

ભાષ્ય ગત '**निश्चयविशेषजिज्ञासा**' પદની વ્યાખ્યા → જેનો નિશ્ચય કરાય તે 'નિશ્ચય'. <u>પ્રશ્ન</u> :- આ 'નિશ્ચયરૂપ કોણ છે ?' <u>જવાબ</u> :- 'સામે રહેલ પદાર્થ-વિશેષ (મૃણાલ વગેરે કે જે ઘટાદિ અન્ય પદાર્થોથી અલગ સ્વરૂપે નિશ્ચિતપણે રહ્યા છે,) તેવા આ નિશ્ચિત વિશેષ = નિશ્ચયવિશેષને જાણવાની જે ઈચ્છા તે '**જિજ્ઞાસા**', અર્થાત્ વિદ્યમાન વસ્તુના ગ્રહણ અને અવિદ્યમાનના ત્યાગને અભિમુખ ચેષ્ટા તે જિજ્ઞાસા. આવા પ્રકારની જિજ્ઞાસા તે ઈહા કહેવાય છે.

૧. દા.ત. એક સાધારણ સ્વર્ણદ્રવ્ય વિશે થતા હાર, બાજુબંધ, મુકુટ આદિ પૂર્વાપર અનેક પર્યાયોનું જ્ઞાન તે ઉર્ધ્વતા સામાન્યજ્ઞાન કહેવાય.

**भाष्य- ईहा ऊहा तर्कः परीक्षा विचारणा जिज्ञासेत्यनर्थान्तरम्। अवगृहीते विषये सम्यगसम्यगिति गुणदोषविचारणया[१] अध्यवसायापनोदोऽपायः।**

चिह्नतः[२] ईहां निरूप्य पर्यायशब्दैरर्थतो नानात्वमप्रतिपद्यमानैरसम्ममोहार्थं तामेवाचष्टे **ईहाऊहा** इत्यादि। यत्तद्विशेषविचारणं सा ई[३]त्येवं चाभिधीयते, चेष्टा **ऊहा तर्कः परीक्षा विचारणा जिज्ञासेत्येवं** नास्त्यर्थभेद एषां शब्दानाम्, सत्यपि वा[४]ऽर्थभेदेऽन्यत्र इहानार्थान्तरभूता एवैते, एकरूपत्वात्।

ईहायाः स्वरूपमाख्याय अपायस्य तदनन्तरवर्तिनः स्वरूपं दिदर्शयिषुराह- **अवगृहीते** इत्यादि। अनेनापि क्रममाचष्टे, सामान्येनावगृहीते स्पर्शसामान्यविषये अनिर्देश्यादिरूपे तत उत्तरकालमीहायां प्रवृत्तायां, कथमिति चेत् ? उच्यते- **सम्यगसम्यगित्ये**वं मृणालीस्पर्शः किमुताहिस्पर्श इति। मृणालीस्पर्श इत्येवमादानाभिमुखत्वात् सम्यक् न अहिस्पर्शोऽयमित्येवं परित्यागाभिमुखत्वादसम्यगिति, तत् उत्तरकालं[५] सम्यगित्यपायः प्रवर्तते, नत्वसत्येतस्मिन् द्वय इति। स पुनः किंरूपोऽपाय इति? उच्यते- **गुणदोषे**त्यादि।

*હેમગિરા*

**<u>ભાષ્યાર્થ</u> :- ઈહા, ઉહા, તર્ક, પરીક્ષા, વિચારણા, જિજ્ઞાસા આ બધા એકાર્થિક નામો છે. અવગૃહિત વિષયમાં ‘આ સમ્યગ્ આ અસમ્યગ્’ આ પ્રમાણે ગુણ-દોષની વિચારણા વડે વર્તતો અપનોદરૂપ (નિર્ણયાત્મક) અધ્યવસાય તે અપાય.**

### * ઈહાના એકાર્થક નામો *

આ પ્રમાણે ઈહાને સ્વચિહ્ન (નામ)થી જણાવી ઈહાના પર્યાયવાચી શબ્દો કે જે અર્થથી એક જ છે તેને અસંમોહ (ઈહાને બદલે ઉહા આદિ શબ્દ પ્રયોગ થતા કોઈને અર્થભેદ [સંમોહ]ન થાઓ) માટે કહે છે.... ઈહા, ઉહા, ચેષ્ટા, તર્ક, પરીક્ષા, વિચારણા, જિજ્ઞાસા, આ પર્યાયવાચી શબ્દો છે. અથવા આ ઈહાદિ શબ્દોનો અર્થ ભેદ અન્યત્ર (અન્ય ગ્રંથોમાં પ્રસંગાનુસાર) ભલે હોય, તો પણ પ્રસ્તુતમાં તો ઈહા, ઉહા, ચેષ્ટાદિ એકસ્વરૂપાત્મક છે. ઈહાનું સ્વરૂપ કહીને આના પછી થતાં અપાયનું સ્વરૂપ દર્શાવવાની ઇચ્છાથી કહે છે :-

‘**अवगृहीते**’ પદ પૂર્વની જેમ ક્રમ સૂચક સમજવો. ક્રમ આ મુજબ છે. અનિર્દેશ્યાદિ સ્વરૂપવાળા સ્પર્શાદિ સામાન્ય વિષયોનો અવગ્રહ થવા સાથે એના ઉત્તરકાળમાં ઈહા પ્રવર્તે છે. તે કઈ રીતે પ્રવર્તે છે. તે જણાવતા કહે છે કે ‘‘આ કમળની ડાંઠળીનો સ્પર્શ છે, કે સર્પનો ? અહીં કમળનાળનો સ્પર્શ જ સમ્યગ્ લાગે છે. કારણ કે તેવા પ્રકારના સ્પર્શ-લક્ષણનું જ અહીં ગ્રહણ થઈ રહ્યું છે, સર્પના સ્પર્શનું નહીં.’’ આ રીતે જે કમલનાળના સમ્યક્ સ્પર્શના આદાન અને સર્પના અસમ્યક્ સ્પર્શના પરિત્યાગને અભિમુખ ઈહાનો આ સર્પનો સ્પર્શ નહીં પણ કમલનાળનો જ સ્પર્શ છે એવો સમ્યગ્ નિશ્ચય રૂપ અપાય વર્ત્તે છે. આવો અપાય તે અવગ્રહ, ઈહા એ બે થવા સાથે જ પ્રવર્ત્તે, તે સિવાય નહીં.

१. °रणा (पाB.लि.)।२. °ह्लेन मु. (खं.भां.पा.)।३. तदीहेत्येवात्राभि° मु. (भां.खं.)।४. चाऽर्थ° (पाA.राB.)।५. °कालमपायः पा.। T. परि.५ टि.२३।

**भाष्य– अपायोऽपगमः, अपनोदः, अपव्याधः, अपेतमपगतमपविद्धमपनुत्त्यमित्यनर्थान्तरम्।।**

गुण इति यस्तस्मिन् साधारणो धर्मो ▲मृणाले स गुणः▲, दोषस्तु यस्तत्र न सम्भवति धर्मः स दोषः, गुणश्च दोषश्च गुणदोषौ तयोर्विचारणा=मार्गणा गुणदोषविचारणा तया **गुणदोषविचारणया** यः प्रवर्त्ततेऽ**ध्यवसायः** चित्तं, कीदृशम्? अपनोद इत्येवंरूपः, अपनुदतीत्यपनोदः सोऽध्यवसायोऽपनुदति तत्रासन्निहितधर्ममिति मृणालस्यैवायं स्पर्शः अत्यन्तशीतादिगुणसमन्वितत्वादिति अस्यैवायमिति यः प्रत्ययोऽन्यस्य न भवतीति सः **अपायः**।

संप्रत्येवं लक्षणतो निर्धारितस्वरूपं पर्यायशब्दैस्तमेव व्यपदिशत्यनर्थान्तरभूतैः **अपायोऽपगम** इत्यादिभिः। अपैतीत्यपायः, निश्चयेन परिच्छिनत्तीत्यर्थः। अपगच्छत्यपनुदति अपविध्यतीत्यर्थः। पुनश्चापाय इत्यस्य भावार्थमुररीकृत्य भावाभिधायिभिरेव कथयति- **अपेतमपगतमि**त्यादिभिः। मृणालस्यैवायं स्पर्श इति येयं फलरूपा परिच्छित्तिस्वभावता ज्ञानस्येति सा भावाभिधायिभिरेभिरुच्यते, **अपेतमपगतं** परिच्छिन्नमेतन्मया एवमेतन्नान्यथेत्यर्थः। एवं निश्चितस्यार्थस्योत्तरकालं यदविस्मरणम्,

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અપાય, અપગમ, અપનોદ, અપવ્યાધ, અપેત, અપગત, અપવિદ્ધ, અપનુત્ય આ બધા અનર્થાન્તરો (એકાર્થિક) છે.**

<u>પ્રશ્ન</u> :- આ અપાયનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે જણાવો ?

<u>**જવાબ**</u> :- **વિષયનો સાધારણ** ધર્મ તે ગુણ. વસ્તુમાં ન સંભવતો ધર્મ તે દોષ કહેવાય. **આ ગુણદોષની વિચારણા** વડે પ્રવર્તતો અપનોદ રૂપ અધ્યવસાય = ચિત્તનો જે 'અપનોદ' તે **અપાય કહેવાય છે. અપનોદ** એટલે બાદબાકી કરવી. જેમ કે મૃણાલનો જ આ સ્પર્શ છે કારણ **કે અત્યંત શીતાદિ ગુણોથી સમન્વિત** છે. આવો સ્પર્શ મૃણાલ સિવાય બીજે ક્યાંય ન હોય તેવો અપનોદ રૂપ અધ્યવસાય તે અપાય છે.

આ રીતે **લક્ષણથી નિર્ધારિત કરેલ સ્વરૂપવાળા** અપાયને પર્યાયવાચિ એકાર્થિક શબ્દો વડે જણાવે છે. જેઓના **નામનિર્દેશ અપાયાદિ પદોથી** ભાષ્યમાં કર્યા છે. **અપાય** :- નિશ્ચય વડે જાણવું તે અપાય. **અપગમ, અપનોદ** અને **અપવ્યાધ** એ ત્રણે પણ અપાયના જ ભાવાર્થને કહેનારા ભાવવાચક નામો છે. આનો ભાવાર્થ એ છે કે એવુ એક જ્ઞાન કે જેમાં 'આ કમળનાળનો જ સ્પર્શ છે' ઇત્યાકારક **ચોક્કસ બોધ રૂપ સ્વભાવ** રહ્યો છે. અર્થાત્ જે જ્ઞાનમાં એવા નિશ્ચયાકારક ફળરૂપ બોધ થાય છે, તેવા **ફળરૂપબોધનો સ્વભાવ** આ અપનોદ આદિ ભાવવાચક નામો વડે કહેવાય છે તથા અપેત, **અવગત એ બંન્ને** પણ અપાયના જ "આ મારા વડે જણાયેલું એ પ્રમાણે જ છે બીજી રીતે નથી" ઇત્યાકારક ભાવાર્થને કહે છે. હવે ત્રણ ભેદવાળી ધારણાને બતાવે છે.

१. 'पनुत्तमि' पा.A। ▲....▲. एतच्चिह्नद्वयमध्यवर्ती पाठो रा. प्रतौ न दृष्टः।

**भाष्य- धारणा प्रतिपत्तिर्यथास्वं मत्यवस्थानमवधारणं च।**

अधुना यदा[1] चान्यत्रार्थे उपयुक्तो भवति तदाऽपि या वासना लब्धिरूपा यद् वाऽन्यस्मिन् कालान्तरेऽ[2]नुस्मरणमे[3]वं एतन्मया प्रागासेवितमित्येषा त्रिरूपा धारणाऽभिधीयते तां दर्शयति- **धारणा प्रतिपत्तिरित्यादिना।** **धारणे**ति लक्ष्यम्, प्रतिपत्तिर्यथास्वमित्यनेनाद्यं भेदमादर्शयति, अस्मिन् काले निश्चितस्यार्थस्य यावदन्यत्र नोपयोगं याति तावत्[4] तस्य अर्थस्य यद् दर्शनमप्रच्युतिः सा **प्रतिपत्तिः यथास्वमि**त्युच्यते, प्रतिपत्तिः=अप्रच्युतिः **यथास्वं**=यथाविषयं यो यः स्पर्शादिर्विषय आगृहीतः तस्याऽनाश इत्यर्थः। **मत्यवस्थानमि**त्यनेन द्वितीयां लब्धिरूपां धारणां कथयति, यदा अपायं स्पर्शादेर्विषयस्य कृत्वाऽन्यत्रोपयुक्तो भवति तदाऽप्यसौ लब्धिरूपा धारणा समस्ति, अतो मत्यवस्थानमिति ब्रूते।

मतेः धारणाख्याया अवस्थानं शक्तिरूपं **मत्यवस्थानं** भण्यते। **अवधारणं** चेत्यनेन तृतीयभेदं कथयति। यदा कालान्तरे तमेव प्रागनुभूतं विषयमालम्ब्य ज्ञानमुदेति तदा तदे**वावधारणमि**ति

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **યથાર્થરૂપેગ્રહણ થયેલ નિશ્ચયની અચલતા-અનાશ ૨. મતિમાં અવસ્થાન અને ૩. અવધારણા. આ ત્રણ પ્રકારે ધારણા છે.**

૧. અપાયથી નિશ્ચિત થયેલ અર્થનું જે અવિસ્મરણ ૨. પૂર્વે નિશ્ચિત રૂપે જાણેલા અર્થથી અન્યત્ર અર્થમાં જીવ ઉપયુક્ત હોય ત્યારે પણ પૂર્વજ્ઞાનની જીવમાં પડેલી લબ્ધિ રૂપ જે વાસના ૩. કાલાંતરમાં આ જીવને જે અનુસ્મરણ થાય કે 'મારા વડે આ વસ્તુ જોવાયેલી, જાણેલી છે' એવી સ્મૃતિ, આ ત્રણે રૂપે ધારણાના પ્રકારો કહેવાય છે. એ ધારણાને વિશેષથી ભાષ્યકાર પોતે જણાવે છે. ભાષ્ય નિર્દિષ્ટ ધારણા એ લક્ષ્ય છે. આ લક્ષ્યને આશ્રયી ભેદો કહેવાય છે.

**❊ ધારણાના ત્રણ પ્રકાર ❊**

૧. **प्रतिपत्तिः यथास्वं** :- આ (વર્તમાન)કાળમાં નિશ્ચિત રૂપે જાણેલા અર્થનો ઉપયોગ જ્યાં સુધી બીજે ઠેકાણે ન જાય ત્યાં સુધી તે અર્થનું જે દર્શન અર્થાત્ અવિસ્મરણ=અપ્રચ્યુતિ=અનાશ તેને 'પ્રતિપત્તિ યથાસ્વં' પ્રતિપત્તિ કહેવાય. શબ્દાર્થ આ મુજબ → સ્વ અને યથાસ્વં એટલે જે-જે સ્પર્શાદિ વિષયો જીવે ગ્રહણ કર્યા, જાણ્યા છે, તે યથાસ્વં કહેવાય. આ યથાસ્વ વિષયોનો અનાશ એટલે **यथास्वं प्रतिपत्तिः**.

૨. **मत्यवस्थानं** :- આ લબ્ધિરૂપ બીજી ધારણા સમજવી. જ્યારે સ્પર્શાદિ વિષયોનો અપાય (= નિશ્ચય) કરી જીવ બીજે ઉપયુક્ત થાય ત્યારે પણ આ લબ્ધિરૂપ ધારણા તો જીવમાં છે જ. આથી જ આને મત્યવસ્થાન ધારણા કહેવાય. અથવા આમ પણ કહી શકાય કે મતિનું ધારણા નામની શક્તિ રૂપે જે અવસ્થાન તે મત્યવસ્થાન કહેવાય.

૩. **अवधारणं** :- કાલાંતરમાં તે જ પૂર્વાનુભૂત વિષયને પામી ફરી પૂર્વનું જ્ઞાન ફરી જ્યારે

१. यदि चा° भां.। २. °न्तरेऽतु स्म° पा.A। ३. °णमेतन्मया मु. (भां.पा.B)। ४. तावत् अर्थस्य मु.पाB. (खं.)।

**भाष्य– धारणा प्रतिपत्तिरवधारणावस्थानं निश्चयः अवगमः अवबोध इत्यनर्थान्तरम्।।१५।।**

भण्यते यस्मादवधारयति कालान्तरानुभूतमर्थमेवमेतन्मया सेवितमिति। सम्प्रति पर्यायशब्दैस्तामेव त्रिप्रकारमाचष्टे धारयत्यर्थं त्रिभिरप्येभिः प्रकारैः सा **धारणा**। **प्रतिपत्तिर्नाम** परिच्छिन्नेऽर्थे[२] यावदन्यत्रोपयोगं न याति तावदनाशस्तस्यार्थस्य तस्मिन् विज्ञान **इति**। अवधारणं पुनः कालान्तरानुस्मरणमागृहीतम्।

**अवस्थानमि**त्यनेन तु अन्यत्र पदार्थे उपयुक्तस्य या लब्धिरूपा धारणा सा गृहीता। पुनरेषामन्ये त्रयो यथासङ्ख्यकेन भेदा निदर्श्यन्ते-**निश्चयोऽवगमोऽवबोध इति**। निश्चय इत्ययं प्रतिपत्तिरित्यस्य पर्यायः, अवगम इत्ययं तु ▸कालान्तरानुस्मरणरूपस्यावधारणस्यपर्यायः अवबोध इत्ययं तु◂ मत्यवस्थानस्य लब्धिरूपस्येति। अथवा अविशिष्टधारणायाः सर्व एते पर्याया **इत्यनर्थान्तरमि**त्याह।

भावना चैवं कार्या → अपवरकाद्यन्धकारस्थितेन पुंसा यदा स्पर्शनेन्द्रियेणोपलब्धमाद्यक्षणे सामान्यमनिर्देश्यमशेषकल्पनारहितं सोऽवग्रहः। यदा तु निश्चितं सन्तमविच्युतिरूपेण धारयति लब्धिरूपेण

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- ધારણા, પ્રતિપત્તિ, અવધારણા, અવસ્થાન, નિશ્ચય, અવગમ અને અવબોધ આ બધા અનર્થાન્તર છે. ॥૧૫॥**

ઉદયને પામે છે ત્યારે તેને જ 'અવધારણ' કહેવાય છે. આનો આકાર (શબ્દોલ્લેખ) આ રીતે થઈ શકે :- 'પૂર્વે અનુભૂત અર્થ જ મારા વડે હાલ સેવાય (જણાય) છે.'

હવે પર્યાયવાચી શબ્દોથી આજ ત્રણ પ્રકારવાળી ધારણાને કહે છે...:

**❋ ધારણાના એકાર્થક નામો ❋**

૧. **'ધારણા'** → આ ત્રણ પ્રકાર વડે અર્થને ધારે તે. ૨. **'પ્રતિપત્તિ'** જાણેલા અર્થને વિશે જ્યાં સુધી ઉપયોગ રહે છે, બીજે જતો નથી ત્યાં સુધી તે ઉપયોગ અનાશ (=સ્થાયી) કહેવાય.. અર્થાત્ તે અર્થના તે વિજ્ઞાનમાં ઉપયોગ સ્થિર રહે છે, એવો તે અનાશ રૂપ ઉપયોગ કહેવાય.' ૩. **'અવધારણ'** → ગ્રહણ કરેલ અર્થ-જ્ઞાનનું કાલાંતરમાં પુનઃસ્મરણ થવું તે. ૪. **'અવસ્થાન'** → **અન્ય** પદાર્થમાં ઉપયુક્ત જીવને પૂર્વગૃહીત જ્ઞાનની જે લબ્ધિરૂપ ધારણા તે. ફરીથી આ પ્રતિપત્તિ આદિ ત્રણના ક્રમશઃ બીજા ભેદ અર્થાત્ પર્યાયો જણાવે છે → નિશ્ચય, અવગમ, અવબોધ. ૫. **'નિશ્ચય'** → એ પ્રતિપત્તિનો પર્યાય શબ્દ છે. ૬. **'અવગમ'** એ કાલાંતરના અનુસ્મરણરૂપ અવધારણનો પર્યાય શબ્દ છે. ૭. **'અવબોધ'** એ લબ્ધિ રૂપ મત્યવસ્થાનનો પર્યાય છે. અથવા તો આમ કહી શકાય કે ઉપરોકત સર્વે શબ્દો ધારણા– સામાન્યના જ પર્યાયવાચી છે.

અવગ્રહથી ધારણા સુધીની ભાવના આ પ્રમાણે કરવી :- અંધકારમય ઓરડામાં રહેલ પુરુષને જ્યારે પ્રથમ ક્ષણમાં સ્પર્શેન્દ્રિયથી ઉપલબ્ધ થયેલ સર્વ કલ્પનાથી રહિત, અનિર્દેશ્ય એવો જે સામાન્ય બોધ થાય તે 'અવગ્રહ' ત્યારબાદ જ્યારે આ પુરુષ તે સામાન્ય બોધવાળા સ્પર્શ અંગે વિચારે

१. 'धारणमव' पा.A। २. 'त्रेप्यर्थे भां.। ▸...◂. एतच्चिह्नद्वयमध्यवर्ती पाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)

**सूत्रम्- बहु-बहुविध-क्षिप्रानिश्रितासन्दिग्ध-ध्रुवाणां सेतराणाम् ।।१-१६।।**

**भाष्य- अवग्रहादयश्चत्वारो मतिज्ञानविभागाः एषां बह्वादीनामर्थानां सेतराणां भवन्त्येकशः। सेतराणामिति=सप्रतिपक्षाणामित्यर्थः।।**

वा कालान्तरानुस्मरणे वा सा धारणा। एवं रसनादिभिः रसादीनां योपलब्धिः सैकैका चतुर्विधा भावनीयेति।।१५।। **अत्राह**– एते ह्यवग्रहादयो ज्ञानविशेषाः क्षयोपशमवैचित्र्यात् स्पर्शादिकमर्थमन्यथा चान्यथा च निश्चिन्वन्तस्तथाव्यपदेशभाज इत्युक्तम्।। अथैषां स्वस्थाने क्षयोपशमवैचित्र्यमस्ति नास्तीति ?।

**उच्यते**– अस्ति, यतोऽवग्रहः क्षयोपशमोत्कर्षापकर्षापेक्षोऽनेकधा बह्वादेरर्थस्य परिच्छेदकः, एवमीहादयोऽपीति, एतदनेन प्रतिपादयति सूत्रेण- **बहुबहुविधेत्यादिना। श्रुतानुमितैश्च पदैः प्रायो**

• હેમગિરા •

**<u>સૂત્રાર્થ</u> :- ક્ષયોપશમના વૈચિત્ર્યથી અવગ્રહાદિમાં બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, અસન્દિગ્ધ, ધ્રુવ અને આનાથી વિપરીત અબહુ આદિ છ - આમ બાર ભેદો પડે છે.॥૧.૧૬॥**

**<u>ભાષ્યાર્થ</u> :- અવગ્રહાદિ ચાર એ મતિજ્ઞાનના વિભાગ છે. આ ચારમાં એક એકમાં સેતર (ઈતર સહિત) આ બહુ આદિ (૧૨) ભાંગાઓ થશે. સેતર = પ્રતિપક્ષ સહિત**

કે 'શું આ મૃણાલનો સ્પર્શ છે કે સર્પનો ?' તે ઈહા કહેવાય. જ્યારે નિશ્ચય થયો કે, આ મૃણાલનો જ સ્પર્શ છે, સર્પનો નહીં, તે અપાય. વળી આ નિશ્ચિત થયેલ જ્ઞાનને નિરંતર અવિચ્યુતિ રૂપે અથવા લબ્ધિ સ્વરૂપે અથવા કાલાંતરમાં ફરી સ્મરણ કરવા રૂપે ધારી રાખે તે ધારણા. આ પ્રમાણે બાકીના રસનાદિ ઈન્દ્રિયો વડે જે રસ આદિ વિષયોની ઉપલબ્ધિ થાય તેમાંય એક એકના ચાર-ચાર પ્રકારો જાણી લેવા.

<u>પ્રશ્ન</u> :- અત્યાર સુધીમાં એ પ્રમાણે કહેવાયું કે આ અવગ્રહ આદિ વિશેષ પ્રકારના જ્ઞાનો છે કારણ કે ક્ષયોપશમના વૈચિત્ર્યપણાને લીધે ઉત્પન્ન થાય છે, તેમજ સ્પર્શાદિ અર્થને અન્ય અન્ય રૂપે નિશ્ચય કરનારા છે તેથી અવગ્રહ ઈહા વગેરે ક્રમ મુજબ તે નામે નામ તરીકે તેઓનુ વિધાન કર્યું છે. હવે એ કહો કે આ અવગ્રહાદિ જ્ઞાનોમાં પણ સ્વ-સ્વ સ્થાને ક્ષયોપશમનું વૈચિત્ર્યપણું છે કે નહીં ?

<u>જવાબ</u> :- ક્ષયોપશમની વિચિત્રતા રહેલી જ છે કારણ કે અવગ્રહ પણ ક્ષયોપશમના ઉત્કર્ષ (તીવ્રતા) અને અપકર્ષ (મંદતા)ને લીધે બહુ આદિ અર્થોનો અનેક રીતે ગ્રાહક બને છે. આજ રીતે ઈહાદિ પણ ક્ષયોપશમની વિચિત્રતાથી ઘણાં અર્થોનો અનેક રીતે ગ્રાહક બને છે. આજ વિષયને નવા સૂત્ર વડે પ્રતિપાદન કરે છે. શ્રુત (શ્રવણ કરેલા) પદો વડે અથવા અનુમિત પદો

१. 'श्रितानुक्तध्रुवा' पाB.लिं.। २. 'रणेन वा भां.पाB.सं.। ३. 'मन्यथावानिश्चि' मु.पा. (भां.)। ४. श्रुतं– साक्षादुच्चरितशब्दः व्यवहितप्रकरणादनुवृत्तिलब्धः (परिभाषेन्दुशेखर पृ. ११३)

**व्याख्या सूत्राणाम्** [1]इष्टा इति अनुमीयमानैरवग्रहादिभिर्बह्वादीनां सम्बन्धं लगयन्नाह- **अवग्रहादयश्चत्वार इत्यादि**। अवग्रहादयः [2]प्राक्सूत्रे (१-१५) निरूपितस्वरूपाः मूलभेदतश्चत्वार इति, क्षयोपशमवैचित्र्यात् तु नानाभेदास्त एव भवन्तीति मत्वा चत्वार इत्याह। मतिज्ञानस्य च प्रकृतत्वात् तद्भेदा एत इति **मतिज्ञानविभागा** इत्याह, अवग्रहादयः। एतेऽवग्रहादयः **एषां** सूत्रोपन्यस्तानां **बह्वादीनां** षण्णाम् **अर्थानाम्** अर्यमाणानामित्यर्थः। बह्वादीनां 'षण्णामर्थानां' सेतराणां च तेऽवग्रहादयो ग्राहका इत्यर्थ इत्याह- **सेतराणां भवन्तीति**।

**एकश** इति च। एकैकस्य बह्वादेरर्थकलापस्य सेतरस्य ग्राहका इति एकैकोऽवग्रहादिरेकशः। सेतर इत्यस्य चार्थो नैवं ग्राह्यः बहोरर्थस्य क्षिप्रार्थ इतर इति शक्यं वक्तुम्, एवं बह्वादीनामनिश्रितादिरितर इति, एतन्निरासायाह- **सेतराणाम्=सप्रतिपक्षाणामित्यर्थः**। एतत् कथयति- इतरशब्दस्य विरोधी योऽर्थः स वाच्यो भवति, बह्वर्थस्य च स्तोकार्थो विरोधी प्रतिपक्षः, इत्येवं शेषाणां प्रतिपक्षता ज्ञेया, एवं सम्बन्धं लगयित्वाऽर्थं कथयति- **बह्ववगृहणाति** इत्यादिना।।

*હેમગિરા*

વડે જ પ્રાયઃ સૂત્રોની વ્યાખ્યા ઇષ્ટ હોય છે. તેથી પ્રસ્તુત સૂત્રમાં પણ કહેલા બહુ આદિ ભેદો એ અવગ્રહાદિના જ છે તેમ અનુમાન થાય છે. આ અનુમાન કરાતા અવગ્રહાદિ સાથે બહુ આદિના સંબંધને જોડતા ભાષ્યકાર કહે છે.

### ❋ બહુ આદિ ૧૨ ભેદોનું નિરૂપણ ❋

અહીં જે અવગ્રહાદિનું પૂર્વે ૧૫મા સૂત્રમાં નિરૂપણ કર્યું તેના મૂળથી ચાર ભેદો છે.પરંતુ ક્ષયોપશમની વિચિત્રતાને લીધે વિવિધ ભેદો પડે છે. એ વિવિધ ભેદોને જાણવા માટે જ ભાષ્યમાં **चत्वारः** પદ પણ જણાવેલ છે. અન્યથા **अवग्रहादयः** પદથી પણ અર્થબોધ થઈ જાય છે. પ્રસ્તુતમાં મતિજ્ઞાનનો વિષય ચાલે છે. તેથી ભાષ્યમાં **मतिज्ञानविभागा** પદથી એ જણાવ્યું કે આ અવગ્રહાદિ મતિજ્ઞાનના વિભાગો છે. આ અવગ્રહાદિ સૂત્રમાં કહેલા ઈતર સહિત બહુ આદિ '૬' અર્થોના ગ્રાહક છે. ઈતર = અબહુ આદિ '**एकशः**' પદનો ભાવાર્થ → અવગ્રહાદિ દરેક, ઈતર એવા અબહુ આદિ સહિત, બહુ આદિ અર્થ-સમૂહના ગ્રાહકો છે. 'સેતર' (ઈતર સહિત) પદનો અર્થ આ પ્રમાણે ન લેવો :- બહુ-અર્થનો ઈતર ક્ષિપ્રાર્થ છે તેમજ બહુઆદિના ઈતર અનિશ્રિત વગેરે... તે હકીકત જણાવવા ભાષ્યકારે 'સેતર'નો અર્થ ' સપ્રતિપક્ષ' કર્યો છે. અર્થાત્ સ્વના જે વિરોધિ = પ્રતિપક્ષી હોય તેનું જ ગ્રહણ ઈતર તરીકે કરવું દા.ત. બહુ અર્થનો વિરોધિ સ્તોક (થોડું)= અબહુ અર્થ છે. આ રીત બધાની પ્રતિપક્ષતા જાણવી. આ પ્રમાણેના સંબંધને જોડી હવે ભાવાર્થ કહે છે.

<u>શંકા</u> :- પૂર્વે ૧-૧૫ સૂત્રમાં અવગ્રહાદિ પ્રથમા વિભક્તિમાં બતાવેલા અને આ સૂત્રમાં

१. इष्टेऽपि मु.पा. (भां.)। २. प्रागत्र' मु.(भां.)। '....'. एतच्चिह्नितपाठो खं, भां, सं प्रतौ न दृष्टः।

**ननु** चावग्रहादयः प्रथमान्ताः श्रुताः पूर्वसूत्रे (१-१५), बह्वादयश्चेह षष्ठ्यन्ता इति तत्रैवमर्थकथनं युक्तं- बहोरर्थस्यावग्रहः अल्प[1]स्यार्थस्यावग्रह इति?।

**उच्यते**- अ[2]ल्पोऽयं दोषः, यतोऽवग्रहादयः कर्तृसाधनाः तत्र[3] श्रुताः, अवगृह्णातीत्यवग्रहः, ईहत इति ईहा, अपैतीत्यपायः, धारयतीति धारणा, यश्चासौ ज्ञानांशोऽवगृह्णातीत्यादिरूपस्तस्यावश्यं कर्मणा भवितव्यम्, तच्चेह बह्वादिभेदं सूत्रेण विषयात्मकं भण्यते, अतो नास्त्यर्थभेदो बहोरवग्रहः बहुमवगृह्णातीति, अनयोः एक एवार्थः, केवलं तु शब्दभेद उच्यते। स्पर्शनावग्रहस्तावदेवं बहुमवगृह्णाति-शय्यायामुपविशन् पुमान् तत्स्थयोषित् पुष्पवस्त्रचन्द[4]नादिस्पर्शं बहुं सन्तमेकैकं भेदेनावबुध्यते, अयं योषित्स्पर्शो[5]ऽयं तल्लग्नपुष्पस्पर्शोऽयं च तद्गात्रानुलग्नचन्दस्पर्शोऽयं चैतत्परिहितवस्त्रस्पर्शः अयमेतदाब[6]द्धरसनास्पर्श इति, अतो ब[7]हुलस्पर्शं भिन्नजातीयमवगृह्णातीति।।

**ननु** चावग्रह एकसामयिकः शास्त्रे निरूपितो न चैकस्मिन् समये चैवैकावग्रह एवंविधो युक्तोऽल्पकालत्वादिति। **उच्यते**— सत्यमेवमेतत्, किंतु अवग्रहो द्विधा- नैश्चयिको व्यावहारिकश्च।।

• *હેમગિરા* •

ષષ્ઠી વિભક્તિ કરી છે. તો ત્યાં સૂત્રમાં જ આ પ્રમાણે અર્થકથન કરવું યુક્ત હતું કે, 'બહુ એવા અર્થનો અવગ્રહ અલ્પ એવા અર્થનો અવગ્રહ.'

<u>સમાધાન</u> :- તમે જણાવેલ દોષ અહીં નથી. કારણ કે પૂર્વસૂત્રમાં 'અવગ્રહાદિ 'કર્તૃ સાધન તરીકે કહ્યા હતા, (કર્તા તરીકે ત્યાં પ્રથમા વિભક્તિ હતી). તે આ પ્રમાણે કે, અવગ્રહણ કરે તે અવગ્રહ, ઈહા કરે તે ઈહા, અસન્નિહિત ધર્મનો ત્યાગ કરી સન્નિહિતધર્મનો નિશ્ચય કરે તે અપાય. ધારણ કરે તે ધારણા. વળી 'અવગ્રહ કરવો' કે 'ઈહા કરવી' ઈત્યાદિ જે જ્ઞાનના અંશો છે તેનું અવશ્ય કોઈ કર્મ તો હોવું જ જોઈએ! તેજ કર્મ તરીકે બહુ આદિ ભેદને વિષય તરીકે આ સૂત્રમાં કહ્યાં છે, તેથી કોઈ અર્થભેદ નથી. આશય એ છે કે 'બહુનો અવગ્રહ' કે 'બહુને અવગ્રહણ કરે છે' આ બે પ્રયોગોમાં કોઈ અર્થભેદ નથી કેવલ શબ્દભેદ છે. અર્થ તો એક જ છે.

'સ્પર્શનાવગ્રહ'માં ''બહુનું અવગ્રહ'' આ પ્રમાણે :- શય્યામાં બેસેલો પુરુષ ત્યાં રહેલ 'સ્ત્રી, પુષ્પ, ચંદન, વસ્ત્રાદિ બહુ (ઘણા) સ્પર્શને એક-એક ભેદથી અનુભવે' છે જેમ કે 'આ સ્ત્રીનો સ્પર્શ, આ તેમાં લાગેલા પુષ્પોનો સ્પર્શ, આ તેના ગાત્રમાં લાગેલા ચંદનનો સ્પર્શ, આ તેણે પહેરેલ વસ્ત્રનો સ્પર્શ,' આ કટિબંધ-અલંકારનો સ્પર્શ ઈત્યાદિ જુદી-જુદી જાતિવાળા ઘણાં સ્પર્શોને ગ્રહણ કરે છે.

## ❋ નૈશ્ચયિક અને વ્યવહારિક અવગ્રહને ઓળખીએ ❋

<u>શંકા</u> :- અવગ્રહનો કાળ એક સમયનો જ શાસ્ત્રમાં બતાવ્યો છે. એક સમયમાં તમે કહ્યા પ્રમાણે બહુ આદિરૂપ અવગ્રહ ન ઘટી શકે ? કારણ કે એક સમય તો ખૂબ અલ્પકાલીન છે.

१. 'अल्पार्थ' खं। २. नायं दोषः मु. (खं.भां)। ३. तत्राश्रिताः राA। ४. पुष्पचन्दनवस्त्रादि' खं.भां.। ५. 'ऽयं च तल्ल' मु. (खं,भां)। ६. बद्धरसना = बद्धकटिभूषणमित्यर्थः रा। ७. बहुलस्पर्शं राA।

**भाष्य– बह्ववगृह्णाति अल्पमवगृह्णाति। बहुविधमवगृह्णाति एकविधमवगृह्णाति**

तत्र नैश्चयिको नाम सामान्यपरिच्छेदः, स चैकसामयिकः शास्त्रेऽभिहितः, ततो नैश्चयिकादनन्तरमीहैवमात्मिका प्रवर्तते-किमेष स्पर्श उतास्पर्श इति, तस्याश्चानन्तरोऽपायः स्पर्शोऽयमिति, अयं चापायः अवग्रह इत्युपचर्यते[1], आगामिनो भेदानङ्गीकृत्य यस्मादेतेन सामान्यमवच्छिद्यते।

यतः पुनरेतस्मादीहा प्रवर्तिष्यते कस्यायं स्पर्शः? पुनश्चापायो भविष्यत्यस्यायमिति[2], अयमपि चापायः पुनरवग्रह इत्युपचर्यते, अतोऽनन्तरवर्तिनीमीहामपायं चाश्रित्य, एवं यावदस्यान्ते निश्चय उपजातो भवति, यत्रापरं[3] विशेषं नाकाङ्क्षतीत्यर्थः। अपाय एव भवति न तत्रोपचार इति। अतो य एष[4] औपचारिकोऽवग्रहस्तमङ्गीकृत्य **बहु अवगृह्णातीत्ये**तदुच्यते, नत्वेकसमयवर्तिनं नैश्चयिकमिति, एवं बहुविधादिषु सर्वत्रौपचारिकाश्रयणाद् व्याख्येयमिति। सम्प्रति बह्वित्यस्य प्रतिपक्षं

*હેમગિરા*

<u>ભાષ્યાર્થ</u> :- **બહુ અવગ્રહ કરે, અલ્પ અવગ્રહ કરે, બહુવિધ અવગ્રહ કરે, એકવિધ અવગ્રહ કરે,**

**<u>જવાબ</u>** :- તમારી શંકા વ્યાજબી છે. કિન્તુ અવગ્રહ બે પ્રકારના છે. ૧. નૈશ્ચયિક અને ૨. વ્યવહારિક.

નૈશ્ચયિક-અવગ્રહ સામાન્યનો પરિચ્છેદ કરનાર છે. તે એક સમયવાળો છે તેમ શાસ્ત્રમાં કહેલું છે. આ નૈશ્ચયિક અવગ્રહ બાદ અનંતર સમયમાં આવા પ્રકારની ઈહા પ્રવર્તે છે કે શું આ સ્પર્શ છે કે અસ્પર્શ ? ત્યારબાદ 'આ સ્પર્શ જ છે' એવો નિંશ્ચય (અપાય) થાય છે. આવો અપાય પણ અવગ્રહરૂપં છે, તેમ ઉપચારથી (વ્યવહારથી) કહી શકાય. કારણ કે આ અપાય જ્ઞાનમાં એના આગામી ભેદની અપેક્ષાએ સામાન્યનો જ બોધ કરાય છે તેમ કહી શકાય કેમ કે 'આવું જ્ઞાન થયા બાદ આ સ્પર્શ કોનો છે ? એવી ઈહા થવાની. ત્યાર બાદ 'અમુકનો જ આ સ્પર્શ છે, તેવું અપાય જ્ઞાન પણ થશે.

વળી આના પછી થનાર ઈહાની અપેક્ષાએ આ અપાય પણ અવગ્રહ તરીકે ઉપચરિત થઈ શકે અર્થાત્ અવગ્રહ કહી શકાય. આ રીતે આગામી વિશેષ જ્ઞાન જેમ જેમ થતાં જાય તેમ તેમ પૂર્વ પૂર્વનું જ્ઞાન સામાન્ય ગણાતું હોવાથી અવગ્રહરૂપ કહી શકાય. આ પ્રમાણે આગળ વધતાં છેલ્લું એવું જ્ઞાન આવે કે જેના પછી કોઈ નવી વિશેષ જ્ઞાનની આકાંક્ષા- ઈહા ન થઈ શકે. તે છેલ્લો નિશ્ચય 'અપાય' જ સમજવો. અવગ્રહ નહિં. કારણ કે આ અંતિમ નિશ્ચય અપાયમાં કોઈ અવગ્રહનો ઉપચાર થઈ શકતો નથી. પ્રસ્તુતમાં તો ઔપચારિક અવગ્રહોને અંગીકાર કરીને જ 'બહુનો અવગ્રહ કરે' છે, એવો પ્રયોગ થયો છે. એક સમયવાળા નૈશ્ચયિક અવગ્રહ ની અપેક્ષાએ આ પ્રયોગ નથી કરાયો. આ જ રીતે બહુવિધ વગેરેમાં પણ સર્વત્ર ઔપચારિકનો આશ્રય કરવા થકી વ્યાખ્યા કરવી. હવે '**बहु**'ના પ્રતિપક્ષીને કહે છે.

१. इत्युच्यते पाA.। २. 'त्यन्यस्यामयमि' सं.। ३. यद्यपरं चा. । ४. एवं औप' पाA.।

**भाष्य- क्षिप्रमवगृह्णाति। चिरेणावगृह्णाति। *अनिश्रितमवगृह्णाति निश्रितमवगृह्णाति।**

कथयति- **अल्पमवगृह्णातीत्यनेन**, यदा तेषामेव योषिदादिस्पर्शानां यं किञ्चिदेकं स्पर्शमवगृह्णाति अन्यान् सतोऽपि क्षयोपशमापकर्षात् न गृह्णाति तदाल्पम्- एकमवगृह्णातीत्युच्यते। **बहुविधमवगृह्णातीति**। बह्व्यो विधा यस्य स बहुविधः तमवगृह्णाति। बहुविधो नाम स एव योषिदादिस्पर्श एकैकः शीतस्निग्धमृदुकठिनादिरूपो यदाऽवगृह्यते तदा बहुविधं गुणैर्भिन्नं स्पर्शं परिच्छिन्दन् तज्ज्ञानं बहुविधमवगृह्णातीत्युच्यते। यदा तु योषिदादिस्पर्शमेवैकगुणसमन्वितं शीतोऽयमिति वा स्निग्धोऽयमिति वा मृदुरयमिति वेत्येवमवच्छिनत्ति तदा **एकविधमवगृह्णाती**त्युच्यते। तमेव भूयो योषिदादिस्पर्शमाशु स्वेनात्मना यदाऽवच्छिनत्ति तदा क्षिप्रमवगृह्णातीति भण्यते।

यदा तु तमेव योषिदादिस्पर्शं स्वेनात्मनाऽवच्छिनत्ति बहुना कालेन तदा **चिरेणावगृह्णाती**त्युच्यते। **चिरेणे**ति बहुना कालेन। **अनिश्रितमवगृह्णाती**ति निश्रितो लिङ्गप्रमितोऽभिधीयते, यथा यूथिकाकु-

• હેમગિરા •

**ભાષ્યાર્થ :- શીઘ્રતાથી અવગ્રહ કરે, લાંબાકાળે અવગ્રહ કરે. અનિશ્રિત અવગ્રહ કરે, નિશ્રિત અવગ્રહ કરે.**

**અલ્પ અવગ્રહ** :- જ્યારે સ્ત્રી આદિના ઘણા સ્પર્શોમાંથી તેવા પ્રકારના કોઈ એક જ સ્પર્શનું ગ્રહણ કરે અને ક્ષયોપશમની મંદતાના લીધે અન્ય વિષયો ઉપસ્થિત હોવા છતાં તેઓનું ગ્રહણ ન થઈ શકે ત્યારે આ અલ્પ-એક સ્પર્શને જ ગ્રહણ કરે છે.' એ વિકલ્પ સમજવો.

**બહુવિધ અવગ્રહ** :- ઘણા પ્રકારે અવગ્રહ કરે તે 'બહુવિધ અવગ્રહ' કહેવાય. તે જ સ્ત્રી-આદિ સ્પર્શોમાં શીતળતા, સ્નિગ્ધતા, મૃદુતા, કાઠિન્ય આદિ પ્રકારો જ્યારે અવગૃહીત થાય ત્યારે બહુ પ્રકારના ગુણોથી ભિન્ન ભિન્ન એવા સ્પર્શને જાણતું તે જ્ઞાન 'બહુવિધ અવગ્રહ' કહેવાય.

**એકવિધ અવગ્રહ** :- યોષિતાદિ સ્પર્શમાં જ્યારે એક ગુણ સમન્વિત અવગ્રહ જ્ઞાન થાય. જેમકે- આ શીત છે, આ સ્નિગ્ધ છે, આ મૃદુ છે, એવું કોઈ એક માત્ર ગુણયુક્ત જ્ઞાન થાય તે જ્ઞાન એકવિધ અવગ્રહ કહેવાય. (અલ્પ અવગ્રહમાં એકમાત્ર દ્રવ્યની વિવિક્ષા હતી જ્યારે અહીં ગુણની = પર્યાયની પ્રધાન વિવક્ષા છે.)

**ક્ષિપ્ર અવગ્રહ** :- તે જ સ્ત્રી આદિના સ્પર્શને જ્યારે (જીવ) આપમેળે શીઘ્રતાથી જાણે ત્યારે ક્ષિપ્ર અવગ્રહ કરે છે તે પ્રમાણે કહેવાય

**ચિર અવગ્રહ** :- તે જ ઉપરોકત સ્પર્શને જીવ ઘણા સમય વડે જાણે ત્યારે તેને 'ચિરકાળ' વડે અવગ્રહણ કરે છે તેમ કહેવાય.

**અનિશ્રિત અવગ્રહ** :- નિશ્રિત એટલે અમુક નિશાનીઓથી ઓળખાતી વસ્તુ. જેમકે યૂથિકા કુસુમ = ચમેલી = જુઈના પુષ્પનો અતિશીતળ, કોમળ અને સ્નિગ્ધાદિ સ્પર્શ જે પૂર્વે અનુભવાયો

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૦

सुमानामत्यन्तशीतमृदुस्निग्धादिरूपः प्राक् स्पर्शोऽनुभूतस्तेनानुमानेन लिङ्गेन तं विषयं न यदा परिच्छिन्दत् तज्ज्ञानं प्रवर्तते तदा **अनिश्रितं** अलिङ्ग**मवगृह्णाती**त्युच्यते। यदा त्वेतस्मादाख्याताल्लिङ्गात् परिच्छिनत्ति **निश्रितं** तदा स लिङ्ग**मवगृह्णाती**ति भण्यते।

Tउक्तमवगृह्णातीत्ययं तु विकल्पः श्रोत्रावग्रहविषय एव न सर्वव्यापीति. यत उक्तमुच्यते शब्दः स चाप्यक्षरात्मकः तमवगृह्णातीति। अनुक्तस्तूक्तादन्यो "[1]**नञिवयुक्तमन्यसदृशाधिकरणे त[2]थाह्यर्थगतिः**" (परिभाषेन्दुशेखरपरिभाषा ७५) इति अनया कल्पनया शब्द एवानक्षरात्मकोऽभिधीयते तमवगृह्णातीति **अनुक्तमवगृह्णाती**ति भण्यते। अव्याप्तिदोषभीत्या च[3]ापरैरिमं विकल्पं प्रोज्झ्य अयं

• હેમગિરા •

હતો તે અનુભૂત સ્પર્શ વડે અનુમાન (લિંગ=ચિહ્ન)થી જો પ્રસ્તુત વિષયને ન જાણે અર્થાત્ પૂર્વે જાણેલ લિંગ (હેતુ) વિના જ વિષયનું પરિચ્છેદ કરતું જ્ઞાન જ્યારે પ્રવર્ત્તે ત્યારે તે જ્ઞાન અનિશ્રિત અવગ્રહ કહેવાય.

**નિશ્રિત અવગ્રહ** :- જ્યારે હમણાં કહેલા લિંગ=હેતુ (નિશ્રા)થી જ્ઞાન થાય ત્યારે નિશ્રિત જ્ઞાન અર્થાત્ લિંગ અવગ્રહ કહેવાય.

### ❋ ઉક્ત-અનુક્ત પણ નિશ્રિત-અનિશ્રિતની અંતર્ગત ❋

**ઉક્ત અવગ્રહ** :- 'ઉક્તનો અવગ્રહ કરે છે' એ વિકલ્પ શ્રોત્રેન્દ્રિયના અવગ્રહરૂપ વિષયમાં જ પ્રવર્તે છે, પણ સર્વ ઈન્દ્રિયોમાં વ્યાપક નથી. 'ઉક્ત' એટલે શબ્દ, તે પણ અક્ષરાત્મક શબ્દ જ અનક્ષરાત્મક(ઈશારા આદિ) નહીં. એવા અક્ષરાત્મક શબ્દનો અવગ્રહ કરે તે ઉક્ત અવગ્રહ કહેવાય.

**અનુક્ત અવગ્રહ** :- ઉક્તથી જે અન્ય હોય તે 'અનુક્ત' કહેવાય. {'પરિભાષેન્દુ શેખર' પરિભાષા-૭૫માં કહ્યું છે કે → 'નञ्'થી યુક્ત પદથી ભિન્ન જે પદ લેવું હોય તે તે (નञ् યુક્ત પદ)ના 'સાદૃશ' અર્થમાં હોવું જોઈએ. એ રીતે ગ્રહણ થાય તો જ અર્થની ગતિ (બોધ) થાય. બીજી રીતે કરીએ તો અર્થ બોધ ન થઈ શકે. જેમકે 'અબ્રાહ્મણ' એટલેથી બ્રાહ્મણ સિવાયના, ઘટ પટ આદિ અર્થ પણ કોઈ ગ્રહણ કરે. પણ તેવું ન થાઓ માટે 'સદૃશ અર્થનું ગ્રહણ ઉક્તપરિભાષામાં છે' આશય એ છે કે બ્રાહ્મણ' એ જાતિ વિશેષ હોવાથી 'અબ્રાહ્મણ' પદથી પણ તત્સદૃશ અન્ય કોઈ જાતિ વિશેષ ક્ષત્રિયાદિનું જ ગ્રહણ કરવું} એ જ રીતે પ્રસ્તુતમાં 'ઉક્ત' તરીકે શબ્દ છે તો અનુક્ત (વિપરીત) તરીકે તે જ શબ્દના સદૃશ- 'અનક્ષરાત્મક' શબ્દ (ઈશારા વગેરે)નું ગ્રહણ કરવું. ભાવાર્થ એ કે આ અનક્ષરનું ગ્રહણ કરે તે 'અનુક્ત- અવગ્રહણ' કરે છે તેમ કહેવાય. માત્ર શ્રોત્રેન્દ્રિયના વિષયમાં જ આ ઉક્ત-અનુક્ત અવગ્રહ ઘટશે. પરંતુ અન્ય સ્પર્શનાદિ ઈન્દ્રિયોમાં નહીં ઘટે એવા અવ્યાપ્તિ દોષના ભયથી કેટલાંક આ (ઉક્તના) વિકલ્પને છોડી 'નિશ્રિત(અર્થ)નો અવગ્રહ કરે છે' એ વિકલ્પ સ્વીકારે છે જે ભાષ્યમાં કહેલ છે.

१. तत्सादृश्यमभावश्च तदन्यत्वं तदल्पता। अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्तिताः॥ (नागेशभट्टरचित परिभाषेन्दुशेखर-७५ परिभाषायाः टीप्पणी)। २. तत्साध्याह्यर्थ° चा.। ३. द्रष्टव्यं परि.नं.टि.नं.... । T. परि.५ टि.२४।

**भाष्य- [1]असन्दिग्धमवगृह्णाति सन्दिग्धमवगृह्णाति। ध्रुवमवगृह्णाति अध्रुवमवगृह्णाति। इत्येवमीहादीनामपि विद्यात्[2] ।।१६।।**

विकल्प उपन्यस्तो **निश्चितमवगृह्णातीति**, निश्चितं सकलसंशयादिदोषरहितमिति, यथा तमेव योषिदादिस्पर्शमवगृह्णत् ज्ञानं योषित एव पुष्पाणामेव चन्दनस्यैवेत्येवं यदा प्रवर्तते तदा निश्चितमवगृह्णातीत्युपदिश्यते। **अनिश्चितमवगृह्णातीति** च कदा व्यपदिश्यते ?। यदा तमेव स्पर्शं संशयापन्नः परिच्छिनत्ति स्पर्शोऽयं भवति एवं तु न निश्चिनोति योषित एवायं, विलोमधर्मादेरपीदृशो भवति स्पर्श इति संशयप्रादुर्भावात्।

**ध्रुवमवगृह्णातीति**। ध्रुवमत्यन्तं सर्वदेत्यर्थः। यदा यदा तस्य तेन स्पर्शेन योगो भवति योषिदादिना तदा तदा तमर्थमविच्छनत्तीत्यर्थः। एतदुक्तं भवति- सति चोपयोगे यदाऽसौ विषयः स्पर्शाख्यः स्पृष्टो भवति तदा तमवगृह्णाति एवम् **अध्रुवमवगृह्णातीति**। सतीन्द्रिये सति चोपयोगे सति च विषयसम्बन्धे कदाचित् तं विषयं तथा परिच्छिनत्ति कदाचिन्नेत्येतद**ध्रुवमवगृह्णाती**त्युपदिश्यते।

**एवमित्यनेनै**तत् कथयति- यथा विषयस्य बह्वादेर्भेदाद् द्वादशप्रकारोऽवग्रहोऽभिहितः क्षयोप-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- અસંદિગ્ધ અવગ્રહ કરે, સંદિગ્ધ અવગ્રહ કરે, ધ્રુવ અવગ્રહ કરે, અધ્રુવ અવગ્રહ કરે. આ પ્રમાણે ઈહાદિમાં સમજી લેવું. ॥૧૬॥**

**નિશ્ચિત અવગ્રહ** :- નિશ્ચિત એટલે સકળ સંશયાદિ દોષથી રહિત એવું જ્ઞાન. તે આ રીતે કે તે જ સ્ત્રી આદિના સ્પર્શને અવગ્રહણ કરતું જ્ઞાન જ્યારે આ સ્ત્રીનો જ સ્પર્શ છે, આ પુષ્પનો જ સ્પર્શ છે, ચંદનનો જ છે, ઈત્યાદિ રૂપે પ્રવર્તે ત્યારે આ નિશ્ચિતને અવગ્રહણ કરનારું છે તે પ્રમાણે કહેવાય.

<u>શંકા</u> :- 'અનિશ્ચિતનો અવગ્રહ કરે છે એવો વ્યપદેશ ક્યારે થાય ?' <u>જવાબ</u> :- જ્યારે તે જ (યોષિતાદિનો) સ્પર્શનો બોધ સંશયયુક્ત હોય ત્યારે અનિશ્ચિત અવગ્રહ જાણવો. આ અવગ્રહમાં સ્પર્શ છે, એવું જ્ઞાન થાય છે. 'આવો સ્પર્શ તો (સ્ત્રી આદિથી) વિરોધિ ધર્મવાળી વસ્તુઓમાંય જોવા મળે છે.' આવો સંશયનો પ્રાદુર્ભાવ થયો હોવાથી 'સ્ત્રીનો જ સ્પર્શ છે,' એવું નિશ્ચિત નથી.

**ધ્રુવ અવગ્રહ** :- ધ્રુવ એટલે અત્યંત (=સર્વદા), જ્યારે જ્યારે તે-તે વસ્તુનો સ્પર્શ થાય ત્યારે ત્યારે તે-તે (સ્ત્રીઆદિ)ને ઓળખી લે છે. આશય એ છે કે વસ્તુ વિશેષના ઉપયોગમાં વર્તતા જીવને જ્યારે તે વસ્તુનો સ્પર્શ થાય ત્યારે તે વિષય સંબંધી જ્ઞાન ગ્રહણ કરી લે તેને ધ્રુવ-અવગ્રહ કહેવાય.

**અધ્રુવ અવગ્રહ** :- ઈન્દ્રિય છતેં ઈન્દ્રિયનો ઉપયોગ છતેં તેમજ વિષયનો સંબંધ છતેં ક્યારેક તે વસ્તુને જાણે, ક્યારેક ન પણ જાણે, તેને અધ્રુવ- અવગ્રહ કહેવાય.

---

१. "अनुक्तमवगृह्णाति। उक्तमवगृह्णाति" पाA लिं.।

**सूत्रम्- अर्थस्य ।।१-१७।।**

**भाष्य- अवग्रहादयो मतिज्ञानविकल्पा अर्थस्य भवन्ति।।१७।।**

शमोत्कर्षापकर्षाद् **एवम् ईहादीनामपि** ईहापायधारणानामपि जानीयाद्, बह्वीहते अल्पमीहते बहुविधमीहते एकविधमीहते क्षिप्रमीहते चिरेणेहते अनिश्रितमीहते निश्रितमीहते उक्तमीहते अनुक्तमीहते, द्वितीयविकल्पे निश्चितमीहते सन्दिग्धमीहते ध्रुवमीहते अध्रुवमीहते। एवमपायेऽपि बह्वपैतीत्यादयो द्वादश विकल्पाः, धारणायां च बहु धारयतीत्यादयो द्वादशैव, एवमवग्रहादीनां स्वस्थाने द्वादशविधम्[1]।।१६।।

ग्राह्यभेदाद् भेदं प्रतिपाद्येदानीमेषामेवावग्रहादीनां विषयं निर्धारयन्नाह- **अर्थस्येति**। कस्य विषयस्य ग्राहका अवग्रहादय इति मन्येथास्त्वम् ?। **अर्थस्येति** ब्रूमः। अर्थश्च स्पर्शरसगन्धवर्णशब्दात्मकः तस्य स्पर्शादेरर्थस्य **अवग्रहादयो**ऽवच्छेदका **मतिज्ञानविकल्पाः** मतिज्ञानस्येन्द्रियादिभेदेनाविभक्तस्य **विकल्पाः** अंशा इत्यर्थः। तदेवं[2] विभज्यमानमेभिर्भेदैरवतिष्ठत इति यदि तर्हि स्पर्शादेर्विषयस्य

● *હેમગિરા* ●

**<u>સુત્રાર્થ</u> :- અવગ્રહાદિ એ અર્થ (પદાર્થ)ના ગ્રાહક છે. ॥૧-૧૭॥**

**ભાષ્યાર્થ :- મતિજ્ઞાનના અવગ્રહાદિ વિકલ્પો અર્થના ગ્રાહક હોય છે તેમ સમજવું.**

**❋ ઈહા આદિના પણ બહુ આદિ ૧૨ પ્રકાર ❋**

ભાષ્યમાં '**एवम्**' અવ્યય આ વાત સૂચવે છે કે આ પ્રમાણે જેમ બહુ આદિ વિષયના ભેદે અવગ્રહના બાર પ્રકારો કહ્યાં તેમ ક્ષયોપશમના આધિક્ય અને મંદતાને લીધે ઈહા, અપાય, ધારણામાં પણ બાર-બાર ભેદો કરવા જેમકે - ૧. ઘણા વિષયની ઈહા કરે. ૨. અલ્પવિષયની ઈહા કરે. ૩. બહુવિધની ઈહા કરે. ૪. એકવિધ ઈહા કરે. ૫. શીઘ્ર ઈહા કરે. ૬. ચિર ઈહા કરે. ૭. અનિશ્રિત ઈહા કરે. ૮. નિશ્રિત ઈહા કરે. આ બેના બીજા વિકલ્પો ઉક્ત ઈહા કરે, અનુક્ત ઈહા કરે. ૯. નિશ્ચિત ઈહા. ૧૦. સંદિગ્ધ ઈહા છે. તથા ૧૧. ધ્રુવ ઈહા કરે અને ૧૨. અધ્રુવ ઈહા કરે. આ જ રીતે અપાય, ધારણામાં પણ ૧૨ ભેદો કરવા. આ રીતે અવગ્રહાદિના સ્વ-સ્વસ્થાનમાં એક-એકના બાર ભેદો પૂર્ણ થયા. ॥૧૬॥

<u>અવતરણિકા</u> :- ગ્રાહ્ય (બહુઆદિ)ના ભેદો થકી અવગ્રહાદિના ભેદોનું પ્રતિપાદન કરીને હવે એ જ અવગ્રહાદિના વિષયનું નિર્ધારણ કરતા કહે છે. <u>પ્રશ્ન</u> :- આપ અવગ્રહાદિને કયા વિષયના ગ્રાહક માનો છો ? <u>જવાબ</u> :- અવગ્રહાદિને અર્થ રૂપ વિષયના ગ્રાહક માનીએ છીએ. અર્થ એટલે સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ, શબ્દ. આ સ્પર્શાદિ-અર્થના જ્ઞાપક અવગ્રહાદિ છે. આ અવગ્રહાદિ ઈન્દ્રિય-અનિન્દ્રિયાદિ ભેદો વડે અવિભક્ત એવા મતિજ્ઞાનના વિકલ્પો=અંશો છે.

**❋ દ્રવ્ય પર્યાય પરસ્પર અવિનાભાવી ❋**

<u>પ્રશ્ન</u> :- જો ઈન્દ્રિયાદિ ભેદ વાળુ આ મતિજ્ઞાન જ અવગ્રહાદિ ભેદે વિભક્ત થઈને રહ્યુ

१. °विधत्वम् मु. (खं,भां)। २. तदेवं मु.राA.।

ग्राहकाः अवग्रहादयोऽभ्युपगम्यन्ते न तर्हि द्रव्यस्य ज्ञानं चक्षुरादिजं किञ्चिद् ग्राहकं समस्ति छाद्मस्थिकम्?

उच्यते स्पर्शादयो द्रव्यपर्यायाः, पर्यायग्रहणाच्च द्रव्यमवच्छिन्नमेवावसातव्यं, तेन रूपेण द्रव्यस्यैवभवनात्, यतो [1] न द्रव्यवियुताः पर्यायाः, पर्याय[2]विरहितं वा द्रव्यम्, अन्यतरानुपलब्धावन्यतरस्यानुपलब्धेः। प्रतीन्द्रियप्राप्त्या द्रव्यस्यैव रूपादिवि[3]शेषणभाक्त्वात्, विवक्षावशाच्च प्रधानगुणभावाभ्युपगमः प्रतिपद्यते जैनैः, अतः स्पर्शादिग्रहणे द्रव्यग्रहणमवश्यंभावि द्रव्यग्रहणे वा स्पर्शादिग्रहणम्, अन्योन्यानुगमात्।

**अर्थस्य**=स्पर्शादेः सामान्यानिर्देश्यस्वरूपस्यनामादिकल्पनारहितस्य अवग्रहो ग्राहकः तस्यैवस्पर्शादेः किमयं स्पर्श उतास्पर्श इत्येवं परिच्छेदिका ईहा, तस्यैव स्पर्शोऽयमित्येवं परिच्छेदकोऽपायः, तस्यैव स्पर्शादेरर्थस्य परिच्छिन्नस्योत्तरकालमविस्मृतिर्या सा धारणा। एवं रसादिष्वपि प्रत्येकमवग्रहादयो योज्याः। इदं च साधारणमवगम्यम्- अवग्रहादय एवार्थस्य मतिज्ञानविकल्पा ग्राहकाः नान्यो

• હેમગિરા •

છે તેમ કહીએ તો સ્પર્શાદિ ગુણો(પર્યાય)નું જ જ્ઞાન જીવોને થશે કારણ કે આ અવગ્રહાદિ સ્પર્શાદિ વિષય(પર્યાય)ના જ ગ્રાહક હોય છે અને તેમ થવાથી છાદ્મસ્થિક એવું ચક્ષુ આદિથી ઉત્પન્ન થતું જ્ઞાન દ્રવ્યનું ગ્રાહક નહીં થાય. અર્થાત્ ચક્ષુઆદિ ઇન્દ્રિયો (મતિજ્ઞાન)એ દ્રવ્યના ગ્રાહક તરીકે સિદ્ધ નહીં થાય.

<u>જવાબ</u> :- સ્પર્શાદિ એ દ્રવ્યના પર્યાયો છે. પર્યાય ગ્રહણ કરવાથી દ્રવ્યનું ગ્રહણ થઈ જ જાય છે. કારણ કે તે તે પર્યાયરૂપે દ્રવ્ય જ પલટાય છે ખરેખર પર્યાયો ક્યારે પણ દ્રવ્ય વિના ન હોય. અથવા પર્યાયરહિત દ્રવ્ય પણ ન હોય. દ્રવ્યની અનુપલબ્ધિમાં પર્યાયની અને પર્યાયની અનુપલબ્ધિમાં દ્રવ્યની અનુપલબ્ધિ હોય. રૂપાદિ વિશેષણથી સંયુક્ત દ્રવ્ય જ હોવાથી દરેક ઈન્દ્રિયથી રૂપાદિનું ગ્રહણ થતાં તેનાં દ્રવ્યનું ગ્રહણ અવશ્ય થાય છે. કારણ કે તે રૂપાદિવાળા દ્રવ્ય જ હોય છે. જ્યાં જેવી વિવક્ષા હોય ત્યાં તે મુજબ દ્રવ્ય કે ગુણની પ્રધાનતા અથવા ગૌણતા જૈનો સ્વીકારે છે. તેથી સ્પર્શાદિ પર્યાયના ગ્રહણમાં દ્રવ્યનું ગ્રહણ અને દ્રવ્યના ગ્રહણમાં સ્પર્શાદિનું ગ્રહણ અવશ્ય થઈ જાય છે. કારણ કે દ્રવ્ય અને ગુણ એકબીજા સાથે સંકલિત છે.

સામાન્યથી અનિર્દેશ્ય સ્વરૂપવાળા, નામાદિ કલ્પનાથી રહિત એવા સ્પર્શાદિ અર્થોનો ગ્રાહક અવગ્રહ છે. આ જ સ્પર્શાદિમાં 'આ સ્પર્શ' છે કે અસ્પર્શ છે ? એવું જ્ઞાન કરનાર ઈહા છે. અને તેમાં આ સ્પર્શ જ છે, એવો બોધ કરાવનાર અપાય છે. આ જાણેલા અર્થની ઉત્તરકાળમાં જે અવિસ્મૃતિ તેનું નામ ધારણા છે. આ રીતે રસાદિ વિશે પણ અવગ્રહ ઇહાદિ દરેકને યોજવા

१. तुलना- दव्व पज्जविउं दव्वविउत्ता य पज्जवा नत्थि (सम्मतितर्क)। २. 'यरहि' खं.भा.रा.। ३. 'विशेषेण' रा.।

## सूत्रम्- व्यञ्जनस्यावग्रहः ।।१-१८।।

**भाष्य– व्यञ्जनस्यावग्रह एव भवति नेहादयः।**

मतिज्ञानांश इति।।१७।।

**अथ** किमन्योऽप्यस्ति कश्चिन्मतिज्ञानांशो योऽर्थस्य ग्राहको न भवतीतिनियमेनापास्यते ?। **उच्यते**– अस्ति, यः सामान्यमात्रग्राहिणोऽप्यवग्रहादुक्तस्वरूपादत्यन्तमलीमसरूपोऽवग्रह इति। स तर्हि कस्य ग्राहक इति?। उच्यते- **व्यञ्जनस्यावग्रह** इति। तत्र व्यज्यतेऽनेनार्थ इति व्यञ्जनं सन्तमसावस्थित घटरूपप्रदीपादिवत्, तत् पुनर्व्यञ्जनं संश्लेषरूपं यदिन्द्रियाणां स्पर्शादीनामुपकरणाख्यानां स्पर्शाद्याकारेण परिणतानां पुद्गलद्रव्याणां च यः परस्परं संश्लेषस्तद्व्यञ्जनं, तस्य व्यञ्जनस्यावग्रह एवैको भवति ग्राहकः। का भावनेति चेत् ? उच्यते- यदोपकरणेन्द्रियस्य स्पर्शनादेः पुद्गलैः स्पर्शाद्याकारपरिणतैः सम्बन्ध उपजातो भवति न च किमप्येतदिति गृह्णाति किन्त्वव्यक्तविज्ञानोऽसौ सुप्त-मत्तादिसूक्ष्मावबोधसहितपुरुषवदिति तदा तैः पुद्गलैः स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टैर्या च यावती

• *હેમગિરા* •

**<u>સૂત્રાર્થ</u> :- અવગ્રહ વ્યંજનનો ગ્રાહક હોય છે. ॥૧-૧૮॥**

**<u>ભાષ્યાર્થ</u> :- વ્યંજનનો અવગ્રહ જ થાય છે. આ વ્યંજનના ઈહાદિ નથી થતાં.**

સામાન્યથી એમ સમજવું કે- "મતિજ્ઞાનના અવગ્રહાદિ વિકલ્પ-અંશો જ અર્થના ગ્રાહક છે." આ સિવાયનો મતિજ્ઞાનનો અન્ય અંશ અર્થનો ગ્રાહક નથી.॥ ૧૭ ॥

<u>અવતરણિકા</u> :- <u>શંકા</u> :- (તમે કહ્યું કે અવગ્રહાદિ જ અર્થના ગ્રાહક છે. બીજા નહીં) તો શું બીજા કોઈ મતિજ્ઞાનના અંશો છે કે જેનો તમે નિયમા નિષેધ કરો છો ?

<u>સમાધાન</u> :- હા, છે. ઉપર કહેલ જે સામાન્ય માત્રનો ગ્રાહી અવગ્રહ છે એ અવગ્રહ કરતાં પણ અત્યંત મલીન સ્વરૂપવાળો (મંદ ક્ષયોપશમવાળો) જે અવગ્રહ છે. (તે પણ મતિજ્ઞાનનો અંશ છે.)

### ❋ વ્યંજનનો ગ્રાહક માત્ર અવગ્રહ ❋

<u>શંકા</u> :- તો તે અવગ્રહ કોનો ગ્રાહક બને છે ?

<u>જવાબ</u> :- જેમ ગાઢ અંધકારમાં રહેલ ઘટરૂપને પ્રદીપ અડકે તેમ જેના વડે ઘટાદિ અર્થ સ્પર્શાય તે વ્યંજન કહેવાય. વ્યંજન સંશ્લેષ કે સંબંધરૂપ હોય છે. વળી આ સંશ્લેષરૂપ વ્યંજન કેવું છે તે જણાવતા કહે છે કે સ્પર્શનાદિ ઉપકરણ-ઈન્દ્રિયોનું સ્પર્શાદિ આકારે પરિણત થયેલ પુદ્ગલ દ્રવ્યોની સાથે પરસ્પર જોડાણ થવા રૂપ જે સંશ્લેષ=સંબંધ તે 'વ્યંજન'. આ વ્યંજનનો ગ્રાહક એક માત્ર અવગ્રહ જ છે.

આની ભાવના = વિસ્તાર આ મુજબ સમજી શકાશે → જ્યારે સ્પર્શાદિ આકાર રૂપે પરિણત થયેલા પુદ્ગલો સાથે સ્પર્શન આદિ ઉપકરણ- ઈન્દ્રિયનો સંબધ થાય, ત્યારે આ જીવ (સર્વ પ્રથમ) કાંઈ પણ બોધ ગ્રહણ કરતો નથી. પરંતુ સૂતેલા કે મત્ત થયેલા પુરુષના અતિ સૂક્ષ્મ બોધની જેમ

**भाष्य- एवं द्विविधोऽवग्रहो व्यञ्जनस्यार्थस्य च। ईहादयस्त्वर्थस्यैव।।१८।।**

च विज्ञानशक्तिराविरस्ति सैवंविधा विज्ञानशक्तिरवग्रहाख्या, तस्य स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टस्पर्शाद्याकारपरिणतपुद्गलराशेर्व्यञ्जनाख्यस्य ग्राहिकाऽवग्रह इति भण्यते[1]।

तेनैतदुक्तं भवति- स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टाः स्पर्शनाद्याकारपरिणताः पुद्गलाः व्यञ्जनं भण्यन्ते, विशिष्टार्थावग्रहकारित्वात्, तस्य व्यञ्जनस्य परिच्छेदकोऽव्यक्तोऽवग्रहो भण्यते, अपरोऽपि तस्मान्मनाक् निश्चिततरः किमप्येतदित्येवंविधः सामान्य परिच्छेदोऽवग्रहो भण्यते ततः परमीहादयः प्रवर्तन्ते, अतः सूक्तं **व्यञ्जनस्यावग्रह एव** अत्यन्तमलीमसपरिच्छेदक इति, **नेहादयः**, ईहापायधारणास्तस्य व्यञ्जनस्य ग्राहिका न भवन्ति, स्वांशे=भेदमार्गण-निश्चय-धारणाख्ये तासां नियतत्वात्।

**एवमुक्तेन** प्रकारेण, सूत्रद्वयाभिहितेनेत्यर्थः। **द्विविध** इति च। विषयस्य द्विरूपत्वात् द्विविध

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- આમ કુલ બે પ્રકારના અવગ્રહ થયા ૧. વ્યંજનનો અને ૨. અર્થનો. ઇહાદિ તો અર્થના જ હોય. ॥૧૮॥**

અવ્યક્ત જ્ઞાનવાળો થાય છે. આ અવસ્થામાં સ્પર્શન આદિ ઉપકરણ ઈન્દ્રિયોથી સંશ્લિષ્ટ જે પુદ્ગલો છે તેના વડે જે વિજ્ઞાન શક્તિ અને જેટલી વિજ્ઞાન શક્તિ પ્રગટ થાય તેવા પ્રકારની વિજ્ઞાન શક્તિ અવગ્રહ નામે ઓળખાય છે. સ્પર્શનાદિ ઉપકરણેન્દ્રિય સાથે જોડાયેલ સ્પર્શાદિ આકારરૂપે પરિણત થયેલ વ્યંજન નામની પુદ્ગલ રાશિની ગ્રાહિકા શક્તિને 'અવગ્રહ' કહેવાય છે. આમ કહેવાથી આ સાર નીકળ્યો કે - સ્પર્શનાદિ ઉપકરણ ઈન્દ્રિયોથી સંબદ્ધ સ્પર્શ આદિ આકાર રૂપે પરિણત થયેલા પુદ્ગલો તે ભાવીમાં વિશિષ્ટ અર્થાવગ્રહને કરાવતાં હોવાથી વ્યંજન કહેવાય છે. (અહીં ટીકાકારશ્રીએ સ્પર્શનાદિ ઈન્દ્રિય અને સ્પર્શાદિ ગુણવાળા પુદ્ગલોનાં સંબંધથી ઉત્પન્ન થતી અવ્યક્ત બોધ રુપ જ્ઞાન શક્તિ રૂપકાર્યને તેમજ કારણનો કાર્યમાં આરોપણ=ઉપચાર કરી સ્પર્શાદિ આકારરૂપે પરિણત પુદ્ગલ રૂપકારણને પણ 'વ્યંજન' કહીને 'વ્યંજન'ની બે વ્યાખ્યાઓ જણાવી છે.)

### ❋ અવગ્રહ આદિના વિષય વિભાગ ❋

આ વ્યંજનનો જે અવ્યક્ત પરિચ્છેદક તે અવગ્રહ કહેવાય. આના પછી થતો બીજો પણ પરિચ્છેદ જે આના કરતા કાંઈક વધારે નિશ્ચિત = સ્પષ્ટ બોધરૂપ છે. કે જેમાં 'આ કાંઈક છે' એવા પ્રકારનો સામાન્ય બોધ થાય છે. આ પણ અવગ્રહ જ કહેવાય છે. આના પછી ઈહાદિ પ્રવર્તે છે. એથી ભાષ્યમાં બરાબર જ કહ્યું છે કે- વ્યંજનનો ગ્રાહક અવગ્રહ જ હોય છે. જે અત્યંતમંદ બોધરૂપ છે. પણ ઈહા, અપાય અને ધારણા આ વ્યંજનના ગ્રાહક ન હોય. કારણ કે આ ઈહાદિ પોત-પોતાના (અર્થબોધ) અંશમાં નિયત છે તે આ પ્રમાણે → ઇહા એ સંભવિતભેદ વિચારણામાં તત્પર હોય (દા.ત. દોરડાને જોઈ આ દોરડું હોવું જોઈએ સર્પ નહિં.) તથા અપાય એ "દોરડું જ છે" એવા નિશ્ચય જ્ઞાનમાં તત્પર હોય છે અને ધારણા તે નિશ્ચય જ્ઞાનને ધારી

१. भण्यन्ते मु. (खं,भां)।

## सूत्रम्- न चक्षुरनिन्द्रियाभ्याम् ।।१-१९।।

**भाष्य– चक्षुषा नोइन्द्रियेण च व्यञ्जनावग्रहो न भवति,**

इत्युक्तम्। एतदेवाह- **व्यञ्जनस्यार्थस्य च** परिच्छेदे प्रवर्तमानो द्विविध उच्यते, **ईहादयस्त्वर्थस्य**= स्पर्शादेरेव विशेषका भवन्ति, नेहापाय-धारणास्ववग्रहस्य द्वैरूप्यमस्तीति।।१८।।

**अथ** किं स्पर्शनादीनामिन्द्रियाणां सर्वेषां व्यञ्जनावग्रहः समस्ति, उत कस्यचिन्नेति ?। **उच्यते**- कस्यचिन्न सम्भवतीत्यपि। एतद् दर्शयति- करणे सहार्थे वैषा तृतीया **चक्षुषा** = उपकरणेन्द्रियाख्येन सह, **नोइन्द्रियेण च** मन = ओघज्ञानरूपेण सह, ते रूपाकारपरिणताः पुद्गलाश्चिन्त्यमानाश्च[1] वस्तुविशेषाः संश्लेषं न यान्ति, अतो व्यञ्जनम् चक्षुरूपकरणेन्द्रियनोइन्द्रिययो रूपाद्याकारपरिणत[2]पुद्गलानां च यत् संश्लेषरूपं तद्व्यञ्जनमेवंविधं नास्ति, तदभावाच्च तदवग्रहोऽपि

• *હેમગિરા* •

<u>સૂત્રાર્થ</u> :- **ચક્ષુ અને અનિન્દ્રિય વડે વ્યંજનાવગ્રહ ન થાય. ॥૧-૧૯॥**

<u>ભાષ્યાર્થ</u> :- **ચક્ષુ અને નોઈન્દ્રિય વડે વ્યંજનાવગ્રહ ન થાય,**

રાખવામાં નિયત છે (આ પ્રમાણે આ ઈહાદિ અર્થ-ગ્રાહક છે પણ વ્યંજનગ્રાહક નથી વ્યંજન ગ્રાહક તો અવગ્રહ જ છે.) આ વાત (૧૭-૧૮) બે સૂત્રોના વિવરણથી જણાઇ આવે છે. વિષયના બે પ્રકારને લઇ અવગ્રહ બે પ્રકારે છે અર્થાત્ વ્યંજન અને અર્થ એ બે પ્રકારના બોધમાં વર્તનાર અવગ્રહ દ્વિવિધ = બે પ્રકારે છે. ઇહા વગેરે તો સ્પર્શાદિ અર્થને જ આશ્રયી પ્રવર્તનારા છે. પરંતુ અવગ્રહની જેમ વ્યંજન અને અર્થ ઉભયને આશ્રયી પ્રવર્તનારા નથી. તેથી જ ટીકામાં છેલ્લે કહ્યું કે આ ઈહા, અપાય, ધારણામાં અવગ્રહની (વ્યંજન-અર્થ)દ્વિરુપતા નથી.

### ❋ ચક્ષુ અને મનમાં વ્યંજનાવગ્રહ નિષિદ્ધ ❋

**અવતરણિકા** :- <u>પ્રશ્ન</u> :- શું સ્પર્શનાદિ સર્વે ઈન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ છે કે અમુકનો નથી?

<u>જવાબ</u> :- આ વ્યંજનાવગ્રહ કેટલીક ઈન્દ્રિયોમાં નથી સંભવતો તે જ દર્શાવતાં ૧૯મું સૂત્ર કહ્યું છે. આ સૂત્રના ભાષ્યમાં 'चक्षुषा' અને 'नोइन्द्रियेण' પ્રયોગમાં જે તૃતીયા વિભક્તિ વાપરી છે. તે કરણ અર્થમાં અથવા સહ (સાથે)ના અર્થમાં સમજવી.અર્થ એ પ્રમાણે કરવો કે- ચક્ષુ રુપ ઉપકરણ-ઈન્દ્રિય સાથે લાલ આદિ રૂપાકાર તરીકે પરિણત પુદ્ગલો સંશ્લેષ = સંબંધને પામતા નથી. અને મન = ઓઘજ્ઞાન રૂપ નોઈન્દ્રિય સાથે પણ ચિંતન કરાતી વસ્તુ વિશેષો સંશ્લેષને પામતી નથી. તેથી ઉપકરણઈન્દ્રિયના રૂપ ચક્ષુનો અને નોઈન્દ્રિયનો રૂપાદિ આકારે પરિણત પુદ્ગલો સાથેનો સંશ્લેષરૂપ વ્યંજન પણ નથી તથા તે વ્યંજન ન હોવાથી તેનો અવગ્રહ પણ ન હોય.તેથી ભાષ્યમાં કહ્યું કે નયન અને મન સાથે વ્યંજનનો અવગ્રહ ન હોય. આ જ વાત ભાષ્યમાં દર્શાવી છે કે "મન અને નયનનો વ્યંજનાવગ્રહ નથી હોતો" કહેવાનો ભાવાર્થ એ

१. °मानाः वस्तु° मु.पाA.(खं,भां)। २. °णति मु. (खं,भां)।

नास्ति, एतदाह- **व्यञ्जनस्यावग्रहो न भवति**। एतदुक्तं भवति- [1]ये ते दृश्यमानाश्चिन्त्यमानो[2] वा वस्तुविशेषाः न ते चक्षुरिन्द्रियेणोपकरणरूपेण नोइन्द्रियेण च सह संश्लेषमिताः परिच्छिद्यन्ते, यतो योग्यदेशावस्थितं वस्तु चक्षुः शरीरस्थमेव सत् परिच्छिनत्ति, न गत्वा विषयपरिच्छेदे व्याप्रियते, न वा विषयमागतं धान्यमसूर[3]काकृतिके इन्द्रियदेशेऽवगच्छति, अतश्च लोचनमप्राप्तविषयग्राहि, न खलु ग्राह्येण तस्यानुग्रहोपघातानुभवो दृष्टः, स्वान्तस्येव, नापि धान्यमसूराकृतीन्द्रियदेशवर्तिविषयपरिच्छेदि विलोचनं, यदि स्यात् ततस्तद्गतमञ्जनादि परिच्छिन्द्यात्, न च परिच्छिनत्ति, अतो निश्चीयतेऽनागतं विषयमवबुध्यते तत्, न वा गत्वा विषयदेशमित्यतो न व्यञ्जनावग्रहस्तस्य।

मनसोऽप्येवमेव, न चिन्त्यमानं विषयं प्राप्य मनः चिन्तयति, न वा आगतं स्वात्मन्यवस्थितं विषयं मनः पर्यालोचयति, यदि च संश्लिष्य विषयं परिच्छिन्द्यात् मनस्ततो ज्ञेयकृतमनुग्रहं विक्लेदादिरूपमनुभवेद् उपघातं वा दाहादिरूपमिति।।

• હેમગિરા •

થયો કે-

### ✻ નયન અને મનની અપ્રાપ્યકારિતા ✻

જે દેખાતાં અને વિચારાતાં પદાર્થ વિશેષ છે તે ક્રમશઃ ઉપકરણ-ઈન્દ્રિય રૂપ ચક્ષુ સાથે અને નોઈન્દ્રિય સાથે સંશ્લિષ્ટ થએલા જણાતા નથી. કારણ કે યોગ્યદેશમાં રહેલા તે તે પદાર્થોને ચક્ષુ શરીરમાં રહીને જ જાણે છે. પણ બહાર જઈને તે તે વિષયનું જ્ઞાન મેળવવામાં વ્યાપાર કરતી નથી. અથવા તો મસૂર ધાન્યની આકૃતિવાળા ઉપકરણ ઈન્દ્રિયરૂપ ચક્ષુના દેશમાં આવેલા વિષયને જાણે છે તેવું પણ નથી અને તેથી લોચન = ચક્ષુ અપ્રાપ્ત વિષયગ્રાહી = અપ્રાપ્યકારી છે. કારણ કે ગ્રહણ કરાતા વિષયો વડે આંખને કોઈ ઉપઘાત કે અનુગ્રહ નથી થતા. જેમ વિચારાતા પદાર્થોથી વ્યક્તિને પોતાના મન ઉપર અનુગ્રહ કે ઉપઘાત નથી થતા તેમ ચક્ષુ ઈન્દ્રિયમાં પણ સમજવું. વળી મસૂરની આકૃતિરૂપ ઉપકરણ ઈન્દ્રિય ચક્ષુનો દેશ છે, તે દેશમાં અવગાહીને રહેલ વિષયને પણ આંખ પોતે જાણી શકતી નથી. અગર જો જાણી શકતી હોત તો તે આંખે અંજાતા (આંખને સ્પર્શેલા)અંજનને પણ જાણી શકત, પણ જાણતી તો નથી.

આથી નિશ્ચિત થાય છે કે અપ્રાપ્ત (આંખ પાસે ન આવેલા) વિષયને જ આંખ જાણી લે છે. અથવા તો આંખ સ્વ-ગ્રાહ્ય વિષય પાસે જઈને તેને જાણે છે એવું પણ નથી પણ ગયા વિના જાણે છે એથી ચક્ષુનો વ્યંજનાવગ્રહ નથી. મનની બાબતમાં પણ આ રીતે સમજવું કે- મન પણ ચિંતન કરાતાં ઘટાદિ વિષયની પાસે જઈને તેને નથી વિચારતું અથવા પોતાની પાસે આવેલા વિષયને પણ નથી વિચારતું. જો મન વસ્તુની સાથે જોડાઈને જ તે અંગે વિચાર કરતું હોય તો ચિંતન કરાતા પાણી આદિ વિષયોથી ભીંજાવું વિગેરે અનુગ્રહનો અનુભવ જીવને થવો જોઈએ અથવા અગ્નિના ચિંતનથી દાહાદિરૂપ ઉપઘાતનો અનુભવ થવો જોઈએ. પણ એવું તો કાંઈ બનતું જ નથી.

१. येऽत्र दृश्य॰ रा.A,B। २. ॰मानाश्च वस्तु॰ मु.पाA.(खं,भां)। ३. ॰मसुराकृ॰ पाA.।

भाष्य- **चतुर्भिरिन्द्रियैः शेषैर्भवतीत्यर्थः।**[1]

**अथा**मूर्तत्वान्न दह्यत इति, **तदप्ययुक्तम्**, आर्हतस्य[2] हि पुद्गलात्मकत्वात् मूर्तता मनस्यसिध्यत्, शरीरस्थं वा मनो विषयं निश्चिनोति, यथा हि स्पर्शनं करणमगत्वेति न वा शरीरात् तस्य निःसरणं, सपर्शनं हि करणं सन्न निस्सरद्दृष्टम्, अतो मनश्चिन्त्यमानैर्वस्तुभिः सह न श्लिप्यतीति व्यञ्जनावग्रहाभाव आख्यायते।

**चतुर्भि**रिति चक्षुर्मनोव्यतिरिक्तानि चत्वार्येवेति, अन्यथा सांख्याभिमतानि निरस्यति-चतुर्भिरेव नातो व्यतिरिक्तै**रिन्द्रियैरि**ति, स्पर्शन-रसन-घ्राण-श्रोत्रैः **शेषै**रति, उपर्युक्तवर्जैः **भवति**, व्यञ्जनावग्रहः सम्भवतीति यावत्। किमिति यदि एतानि चत्वार्यप्युपकरणेन्द्रियेण सह श्लिप्टं स्पर्शादिकं विषयम-वच्छिन्दते नान्यथेति अतः प्राप्तविषयग्राहित्वादेषां सम्भवति व्यञ्जनावग्रह इति। एवमेतदिति

• હેમગિરા •

ભાષ્યાર્થ :- **શેષ ચારઈન્દ્રિયો વડે (વ્યંજનાવગ્રહ) થાય છે.**

### ❋ મન પુદ્‌ગલાત્મક મૂર્ત્ત છે ❋

**નૈયાયિક** :- મન તો અમૂર્ત છે. એનું દહનાદિ કઈ રીતે થાય ?

**શાસ્ત્રકાર** :- તમારી વાત બરાબર નથી. કારણ કે જૈનદર્શનમાં મન એ પુદ્‌ગલાત્મક હોવાથી તેમાં મૂર્તપણું સિદ્ધ છે. (તેથી જો પ્રાપ્યકારી માનીએ તો, દાહ થઈ શકે). અથવા શરીરમાં રહ્યું છતું જ મન વિષયને જાણી લે છે. તેથી દાહને કોઈ સ્થાન નથી. જેમ સ્પર્શન્ઈન્દ્રિય સ્વસ્થાનથી દૂર થયા વિના આવેલા સ્પર્શાત્મક વિષયને જાણી લે છે. (તે જ રીતે મન પણ શરીરથી છૂટુ પડ્યા વિના પદાર્થોને ચિંતવી લે છે.) અથવા આ સ્પર્શેન્દ્રિય (કે અન્ય ઈન્દ્રિયો) દેહમાંથી બહાર નીકળતી નથી. કારણ કે વિષયના ગ્રહણ માટે ઈન્દ્રિયનું શરીરથી છૂટુ પડવાનું કોઈના ય જોવામાં નથી આવ્યું. (જો કે સ્પર્શન વગેરે ઈન્દ્રિયોને તો વિષયોનું સામેથી આવીને અડકવું જરૂરી છે. પણ મન અને ચક્ષુને તો એ પણ નથી. તેથી જ આ બંનેને વ્યંજનાવગ્રહનો નિષેધ છે.) આંખ અને મનથી વ્યતિરિક્ત શેષ સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્રેન્દ્રિય આ ચાર વડે જ વ્યંજનાવગ્રહ સંભવે છે.

આ વાત કરી ભાષ્યકારશ્રીએ સાંખ્યમતને અભિમત અન્ય હસ્તાદિ કર્મેન્દ્રિયોનો નિષેધ કર્યો છે. અર્થાત્ શેષ ચારમાં જ વ્યંજનાવગ્રહ છે. તે સિવાયની કોઈ ઈન્દ્રિયો જ નથી કે જેમાં વ્યંજનાવગ્રહ હોય. સ્પર્શનાદિ ચારે ઈન્દ્રિયો ઉપકરણઈન્દ્રિય સાથે સંશ્લિષ્ટ થએલા જ સ્પર્શાદિ વિષયોને જાણે છે, બીજી રીતે નહિં. આમ આ ચાર પ્રાપ્તવિષયગ્રાહી હોવાથી ચારેમાં વ્યંજનાવગ્રહ સંભવે છે. આ પ્રમાણે અત્યાર સુધીમાં લક્ષણ અને વિધાન વડે જે મતિજ્ઞાનનું નિરૂપણ કરાયું. તે મતિજ્ઞાનના ભેદોને એકઠાં કરી **દ્વિવિધં** ઈત્યાદિ પદો વડે ફરીથી દર્શાવે છે

१. भवति। मु.पाA.लिं.(खं,भां)। २. जैनस्येत्यर्थः राA.।

**भाष्य- एवमेतत् मतिज्ञानं द्विविधं, चतुर्विधमष्टाविंशतिविधमष्टषष्ट्युत्तरशतविधं, षट्त्रिंशत्त्रिशतविधं च भवति।।१९।। अत्राह- गृह्णीमस्तावन्मतिज्ञानम्। अथ श्रुतज्ञानं किमिति ?**

लक्षणविधानाभ्यां यन्निरूपितं **मतिज्ञानं** तस्य पुनः सम्पिण्ड्य भेदान् कथयति द्विविधमित्यादिना। **द्विविधमि**ति, इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च। **चतुर्विधम**वग्रहादिभेदतः। **अष्टाविंशतिविधमि**ति, स्पर्शनादीनां मनःपर्यवसानानां षण्णामेकैकस्य चत्वारो भेदा अवग्रहादयस्ते समुदिताः सर्वेऽपि चतुर्विंशतिरूपजाताः, ततोऽन्यच्चक्षुर्मनोवर्जस्पर्शनादीनां यो व्यञ्जनावग्रहः[1] चतुर्भेदः स प्रक्षिप्तः, ततोऽष्टाविंशतिविधं भवति। **अष्टषष्ट्युत्तरशतविधमि**ति, तस्या एवाष्टाविंशतेरेकैको भेदः षड्विधो भवति बह्वादिभेदेन अत अष्टषष्ट्युत्तरशतविधं भवति। तस्या एवाष्टाविंशतेरेकैको भेदो द्वादशधा भवति सेतरबह्वादिद्वादशकेन, अतः **षट्त्रिंशत्त्रिशतभेदमि**ति।।१९।।

**अत्र**- अस्मिन्नवकाशे नोदकः **आह- गृह्णीमो** = जानीम**स्तावत्** क्रमेण पूर्वमुद्घट्टितं लक्षणविधानरूपं **मतिज्ञानं**, तनन्तरं तु यच्छ्रुतज्ञानमुक्तं तन्न विद्म इत्यतः पृच्छ्यते मया-**अथ श्रुतज्ञानं किंलक्षणमिति** ?

*हेमगिरा*

**ભાષ્યાર્થ :- આ પ્રમાણે આ મતિજ્ઞાન બે પ્રકારે, ચાર પ્રકારે, અઠ્ઠાવીશ પ્રકારે, એકસો અડસઠ પ્રકારે તથા ત્રણસો છત્રીસ પ્રકારે થાય છે. ॥૧૯॥ <u>પ્રશ્ન</u> :- મતિજ્ઞાન તો અમે સમજી ગયા હવે શ્રુતજ્ઞાન શું છે ? તે કહો.**

## ❋ મતિજ્ઞાનના ભેદોને નિહાળીએ ❋

**૨,૪,૨૮,૧૬૮** અને **૩૩૬**. આ ભેદોમાં (૧) ઈન્દ્રિયનિમિત્ત અને અનિન્દ્રિયનિમિત્તની અપેક્ષાએ મતિના ૨ ભેદ સમજવા (૨) અવગ્રહાદિ ચારની અપેક્ષાએ ૪ ભેદ તથા (૩) સ્પર્શેન્દ્રિયથી મન સુધી ૬ના એકએકના અવગ્રહાદિ ચાર ભેદ કરતાં ૨૪ ભેદો થાય. ચક્ષુ અને મન સિવાયના ચાર ઈન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ હોય. આ ચારને ચોવીશ સાથે ભેળવતાં ૨૮ ભેદ થાય (૪) આ અઠ્ઠાવીશને બહુ આદિ છ ભેદે ગુણતાં એકસો અડસઠ ભેદ થાય તેમજ (૫) અઠ્ઠાવીશ ભેદોને બીજા અબહુ આદિ છ અને બહુ આદિ છ આમ બાર સાથે ગુણતાં ૩૩૬ ભેદ મતિજ્ઞાનના થાય છે.॥**૧૯**॥

<u>**અવતરણિકા**</u> :- આ અવસરે શંકાકાર પૂછે છે :- પૂર્વે કહેલા મતિ શ્રુતાદિ જ્ઞાનમાંથી મતિજ્ઞાનના લક્ષણ અને વિધાન તો અમને સમજાઈ ગયા, પણ બીજું 'શ્રુત' જે કહેલું તેના લક્ષણ અને વિધાન નથી જણાયા. તેથી પ્રશ્ન કરાય છે કે શ્રુત જ્ઞાન કયા લક્ષણવાળું છે ? આ પ્રશ્નના સમાધાનમાં ગુરુ એ ૨૦મું સૂત્ર કહ્યું છે :-

સૂત્ર અંતર્ગત **श्रुतं** પદ એ લક્ષ્ય છે. '**मतिपूर्वं**' એ લક્ષણ છે તથા '**द्वयनेकद्वादश...**' એ વિધાન

१. 'जनानामव' खं.भां.सं.।

**सूत्रम्- श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम्।।१-२०।।**

**भाष्य- अत्रोच्यते।। श्रुतज्ञानं मतिज्ञानपूर्वकं भवति।**

अस्मिन् नोदिते गुरुराह- **उच्यते** मयेति-**श्रुतिमिति** लक्ष्यं, **मतिपूर्वमिति** लक्षणं, द्व्यादिविधानं, **श्रुतमिति** च श्रूयते स्म श्रुतम्। एवंविधायां च कल्पनायां शब्दोऽभिधीयते न श्रुतिः, **श्रुतं**=श्रवणमिति भावसाधनतामभ्युपैति, प्रकृतेन ज्ञानग्रहणेन श्रुतमिति ज्ञानं ग्राह्यं, न शब्दः, ज्ञानविचारप्रस्तावात्। यदि तु श्रुतज्ञानस्यान्तर्वर्तिनः स शब्दो निमित्ततां प्रतिपद्यमानः श्रुतव्यपदेशमश्नुते न कश्चिद् दोषः, उपचारस्य व्यवहाराङ्गत्वात्। मुख्यया तु वृत्त्या श्रुतमित्यनेन ज्ञानमुच्यते, एतदाह- **श्रुतज्ञानमिति**।

**मतिपूर्वमित्यस्यार्थं** विवृणोति-**मतिज्ञानपूर्वकं भवतीत्यनेन**। मत्या [१]प्रकृतया ज्ञानं विशेषयति- **मतिज्ञानमिति**। तन्मतिज्ञानं पूर्वं यस्य तन्मतिपूर्वं भण्यते, अपेक्षाकारणं चेह पूर्वमित्यनेनोच्यते, यथा घटस्योत्पत्तावपेक्षाकारणं व्योमाद्यपेक्ष्यते, तेन विना तदभावात्, एवमिह सति मतिज्ञाने लब्धिरूपे

• હેમગિરા •

<u>સૂત્રાર્થ</u> :- **શ્રુત મતિપૂર્વક હોય છે. અને આ શ્રુતના બે પ્રકાર છે. ૧. અનેક પ્રકાર અને ૨. બાર પ્રકાર ॥ ૧-૨૦ ॥**

<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- **શ્રુતજ્ઞાન મતિજ્ઞાન પૂર્વક હોય છે.**

= પ્રકાર છે. 'સંભળાય તે શ્રુત' આ વ્યુત્પત્તિ અનુસાર શ્રુત એટલે 'શબ્દ' થાય. પણ 'કાન' (શ્રુતિ) અર્થ ન કરવો. અથવા શ્રવણ = સાંભળવું એમ ભાવ સાધન (ભાવ પ્રત્યય)વાળું આ 'શ્રુત' પદ સમજવું.

પ્રસ્તુતમાં જ્ઞાનનો વિચાર ચાલી રહ્યો હોવાથી **'શ્રુતં'** પદથી શ્રુતજ્ઞાન = સાંભળેલુ એવું જ્ઞાન = શબ્દના અર્થનું સંવેદન એવો અર્થ લેવો. પણ 'શબ્દ' એવો અર્થ ન સમજવો. જો શબ્દ એ અંતરમાં થનારા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત્ત બને તો શબ્દમાં 'શ્રુત'નો વ્યપદેશ થઈ શકે. તેમાં કોઈ દોષ નથી કારણ કે કાર્યમાં કારણ ઉપચાર કર્યો છે અને ઉપચાર એ વ્યવહારનું અંગ છે. પરંતુ મુખ્ય વૃત્તિથી તો 'શ્રુત' પદથી જ્ઞાનનું ગ્રહણ કરવું. આ જ વાતને જણાવતાં ભાષ્યમાં "શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે" વગેરે કહ્યું છે.

### ❋ શ્રુત એ મતિપૂર્વક હોય ❋

મતિ એટલે બુદ્ધિ, આ પ્રસ્તુત મતિથી 'જ્ઞાન' પદને વિશેષિત કરતાં 'મતિજ્ઞાન' પદ બને. આ મતિજ્ઞાનપૂર્વક જે હોય તે **'मतिपूर्वं'** કહેવાય. તથા 'પૂર્વ' શબ્દથી અહિં અપેક્ષાકારણ લેવું અર્થાત્ શ્રુતમાં 'મતિજ્ઞાન' અપેક્ષા કારણ છે. જેમ ઘટોત્પત્તિમાં આકાશાદિ અપેક્ષા કારણો છે. આકાશાદિ વિના ઘટાદિ ન બની શકે. તેમ અહીં પણ લબ્ધિરૂપ મતિજ્ઞાન (નો ક્ષયોપશમ) હોવા સાથે શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ સંભવે. મતિજ્ઞાનના અભાવમાં શ્રુતજ્ઞાન ન સંભવે.

१. कृतया मु. (राA.) श्रुतया पाB.सं.।

**भाष्य- श्रुतमाप्तवचनं आगमः उपदेश *ऐतिह्यमाम्नायः प्रवचनं जिनवचनमित्यनर्थान्तरम्।।**

ततः श्रुतज्ञानस्योत्पत्तिरिष्टा[1] न मतिज्ञानाभावे, किं पुनः कारणं तदेव मतिज्ञानं न श्रुतज्ञानं भवतीति मृत्तिकावद् घटरूपेण ? उच्यते- एवं सति [1]श्रुतज्ञाने प्रादुर्भूते मतिज्ञानस्य नाशः स्यात्, न चैतदिष्यते। यत आह- "[2]**जत्थ मई तत्थ सुअं, जत्थ सुअं तत्थ मई (जत्थ आभिणिबोहियनाणं तत्थ सुयनाणं, जत्थ सुयनाणं तत्थाभिणिबोहियनाणं**"(नन्दी.सू.२४)। तस्मादपेक्षाकारणमेव मतिज्ञानं तस्योत्पत्तौ लब्धिरूपं भवति, न पुनः समवायिकारणमिति।

एतच्च लक्षणमुक्तमेव यतो मतिज्ञानस्य[3] भावे लक्ष्यते श्रुतमिति। एतच्च श्रुतज्ञानमेवमात्मकमिन्द्रिय-मनोनिमित्तं ग्रन्थानुसारि विज्ञानं यदिति, तं च ग्रन्थं दर्शयति बहुभिः पर्यायशब्दैः-**श्रुत-**

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **શ્રુત, આપ્તવચન, આગમ, ઉપદેશ, ઐતિહ્ય, આમ્નાય, પ્રવચન, જિનવચન આ બધા અનર્થાન્તર છે.**

<u>પ્રશ્ન</u> :- જેમ માટીમાંથી ઘટનું નિર્માણ થાય અને માટી એ જ ઘટરૂપે પરિણમે છે તેમ આ કારણ મતિજ્ઞાન પોતે જ શ્રુત (કાર્ય) રૂપ કેમ નથી બનતું ? આમાં શું કારણ...?

<u>સમાધાન</u> :- એ રીતે જો મતિજ્ઞાન શ્રુતજ્ઞાન રૂપ બની જાય તો મતિજ્ઞાનનો નાશ માનવો પડે એવું તો અહીં ઈષ્ટ નથી. કારણ કે કહ્યું છે કે "જ્યાં મતિ છે, ત્યાં શ્રુત છે. જ્યાં શ્રુત છે, ત્યાં મતિ છે." જ્યાં આભિનિબોધિક જ્ઞાન છે ત્યાં શ્રુતજ્ઞાન છે. અને જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં આભિનિબોધિક છે. (નંદીસૂત્રના ૨૪ સૂત્રમાં આ વાત કહી છે.) તેથી લબ્ધિરૂપ એવા મતિને શ્રુતની ઉત્પત્તિમાં અપેક્ષા કારણ જ માનવું ઉચિત છે. નહીં કે સમવાયી = ઉપાદાન કારણ.

આ વાત શ્રુતના લક્ષણથી જ જણાઈ આવે છે. કારણ કે ત્યાં '**मतिपूर्वं**' કહીને મતિજ્ઞાનના સદ્ભાવમાં શ્રુત છે તેમ જણાવ્યું છે. આશય એ છે કે મતિરૂપ કારણ એ શ્રુતરૂપ કાર્યની ઉત્પત્તિમાં હાજર છે. તેથી અપેક્ષા કારણ તરીકે કહેવાય છે. અગર જો સમવાયી કારણ હોય તો માટીથી થનાર ઘટકાર્યમાં જેમ તે માટી પૃથગ્ જણાતી નથી પણ કાર્યરૂપે બની જાય છે.તેમ આ મતિ પણ પૃથગ્ ન જણાવી જોઇએ પણ શ્રુતરૂપે બની જવી જોઈએ. તેવું તો થતું નથી. તેથી મતિને શ્રુતનું અપેક્ષા કારણ કહેવું સંગત છે.

હવે ઈન્દ્રિય અને મનના નિમિત્તે થનારું તથા શાસ્ત્રને અનુસરનારું વિજ્ઞાન રૂપ જે આ શ્રુતજ્ઞાન છે, તેને ભાષ્યમાં ઘણા પર્યાયવાચી શબ્દો વડે જણાવે છે. તે આ પ્રમાણે :- **શ્રુત** :-

* જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૧ १. श्रुतज्ञानी मु. (भां.)। २. चूर्णि-वृत्तिकृद्भिः किल – "जत्थ मतिनाणं तत्थ सुतनाणं जत्थ सुतनाणं तत्थ मतिनाणं" इतिरूपं सूत्रं मौलभावेनाङ्गीकृतमस्ति। किञ्च श्रीचूर्णिकृदादिभिः मौलभावेनाङ्गीकृतमेतद् "जत्थ मतिनाणं... इत्यादिसूत्रं- साम्प्रतीनेष्वादर्शेषु नोपलभ्यते। अपि च चूर्ण्यवलोकनेनैतदपि ज्ञायते यत् चूर्णीकृत्समयभाविष्वादर्शेषु पाठभेदयुगलमप्यासीदिति।। (मुनिश्रीपुण्यविजयजीसम्पादितनन्दिसूत्रान्तर्गतपाठः) ३. ज्ञानभावे मु. (भां.राA.)।

**माप्तवचनमि**त्यादिभिः। श्रूयते तदिति श्रुतम्, अस्मिन् पक्षे शब्दोऽभिधीयते, तस्य शब्दस्य श्रुतज्ञानं परिच्छेदकारि श्रुतज्ञानमिति गृह्यते। एवं सर्वेष्वाप्तवचनादिषु षष्ठीसमास आश्रयणीयः, आप्तवचनस्य ज्ञानं यत्परिच्छेदकारि इत्येवम्, **आप्तो** रागादिवियुतः तस्य वचनमिति।।

**ननु** चार्थमेव कथयति तीर्थकृत्, न सूत्रं ग्रथ्नाति, गणधरास्तु सूत्रसन्दर्भेण व्याप्रियन्ते, कथं तर्हि इदमुच्यते-आप्तस्य=तीर्थकृतो वचनं द्वादशाङ्गं-गणिपिटकमिति ?।

**उच्यते**– गौणीकल्पनामाश्रित्योक्तमाप्तस्य वचनमित्येतत्। कथम् ? यदा हि भगवान् जीवादिकमर्थं केवलज्ञानभास्वत्प्रभाप्रकाशितं गणधरेभ्य आचष्टे तदाऽसौ जीवादिरर्थस्तस्मिन् केवलज्ञानदर्शनात्मके तीर्थकृति समारूढ इव लक्ष्यते प्रतिबिम्बाकारेणोपजायमानत्वात्[1] अतोऽसावप्यर्थ **आप्तो** भवति, तदध्यारोपात्[2], तस्याप्तस्यार्थस्य तद्गणधरवचनं, प्रतिपादकमित्याप्तवचनं[3] भण्यते। यद्वा गणधरवचनमेवाप्तवचनम्, निश्रयोपजायमानत्वात् **आप्तवचनमु**च्यते। एवमागमादिष्वपि घटमानमायोज्यमिति। आगच्छत्याचार्यापरम्परया वासनाद्वारेणेत्य**ागमः**, उपदिश्यते=उच्चार्यते इत्य**ुपदेशः**,

• હેમગિરા •

### ❋ શ્રુતજ્ઞાનના એકાર્થક નામો ❋

'સંભળાય તે શ્રુત.' આ પક્ષે શ્રુતનો અર્થ 'શબ્દ' સમજવો. આ શબ્દનો પરિચ્છેદ કરનાર તે શ્રુતજ્ઞાન છે. આ રીતે 'આપ્તવચન' ઇત્યાદિ બધા પર્યાયવાચી પદોમાં ષષ્ઠીતત્પુરુષ સમાસ જાણવો. આપ્તવચનનું બોધ કરનારું જે જ્ઞાન તે આપ્તવચન કહેવાય. આપ્ત = રાગાદિ દોષથી રહિત. તેનુ વચન તે આપ્તવચન.

<u>શંકા</u> :- રાગાદિ દોષ રહિત તીર્થંકરો તો અર્થને જ કહેનારા છે. ('**अत्थं भासइ अरहा**') પરંતુ સૂત્ર તો બનાવતા નથી. સૂત્ર ગુંથન-રચના તો ગણધરો કરતાં હોય છે. તો પછી તમે કેમ એમ કહ્યું કે 'આપ્ત = રાગાદિદોષરહિતનું વચન તે દ્વાદશાંગી ગણિપિટક શ્રુત છે.'

<u>સમાધાન</u> :- ગૌણ કલ્પનાને આશ્રયી 'આપ્તનું વચન' એ રીતનો ઉલ્લેખ થયો છે. તે આ મુજબ- જ્યારે તીર્થંકરો કેવળ જ્ઞાનરૂપ સૂર્યની પ્રભાથી પ્રકાશિત (જણાએલ) જીવાદિ તત્ત્વો = અર્થો ગણધરોને કહે છે. ત્યારે આ જીવાદિ અર્થો તે કેવળજ્ઞાન અને કેવળદર્શન આત્મય તીર્થંકર (આત્મા)માં જાણે કે આરૂઢ થયા હોય તેમ જણાય છે. કારણ કે– તીર્થંકરમાં જીવાદિ અર્થોનું સ્પષ્ટ પ્રતિબિંબ પડતું હોય છે, અને આ રીતે આપ્તપુરુષમાં થતા અર્થારોપણની અપેક્ષાએ ઉક્ત જીવાદિ અર્થ પણ આપ્ત ગણાય. તે ગણધરના વચનો આ આપ્ત-અર્થનું જ પ્રતિપાદન કરનારા છે. તેથી (ગણધરના વચન) પણ આપ્ત વચન જ કહેવાય અથવા તો તીર્થંકરની નિશ્રામાં સૂત્ર રચના થતી હોવાથી ગણધરના વચન 'આપ્તવચન' જ છે એમ કહી શકાય.

१. 'जातत्वात् पाB.सं. २. 'रोहात् भां. ३. 'दकमपीत्याप्त' राA.।

**भाष्य- तद् द्विविधमङ्गबाह्यमङ्गप्रविष्टं च। तत् पुनरनेकविधं द्वादशविधं च यथासङ्ख्यम्। अङ्गबाह्यमनेकविधम्। तद्यथा-**

**ऐतिह्यमे**वमेतद् वृद्धाः स्मरन्तीति, आम्नायते=अभ्यस्यते निर्जरार्थिभिरि**त्याम्नायः**, प्रकर्षेण नामादि-नय-प्रमाण-निर्देशादिभिश्च यत्र जीवादयो व्याख्यातास्तत् **प्रवचनम्**, जिना रागादिसन्तान[1]विजितस्तेषामिदं वचनमिति। एवमेभिरनर्थान्तरवर्तिभिः एकोऽर्थः प्रतिपाद्यते द्वादशाङ्गं गणिपिटकमितियावत्, स **चावश्यकादिराचारादिश्च**।।

एवं लक्षणतः पर्यायतश्चा[2]भिधाय विधानं दर्शयति- **त[3]द् द्विविधमि**त्यादिना। द्वौ चानेकश्च द्वादश च द्वयनेकद्वादश ते भेदा यस्य तद् द्वयनेकद्वादशभेदम्, तच्छ्रुतं द्विविधमिति, परोपाधिकं द्विविधत्वमिति वक्ष्यति। **अङ्गबाह्यमिति**। अङ्गानि- अवयवा **आचारादयस्तेभ्यो** वाह्यमिति अङ्गबाह्यम्, अङ्गेष्वाचारादिषु प्रविष्टम्=अन्तर्गतम् **अङ्गप्रविष्टम्**, अङ्गबाह्यमङ्गप्रविष्टम् च पुनरनेन भेदेन भेद्यम्-**अनेकविधम्**=अनेकप्रकारम्, अङ्गबाह्यं, **द्वादशविधं**=द्वादशभेदम् अङ्गप्रविष्टमेवं **यथासङ्ख्यं-**

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તે શ્રુત બે પ્રકારે છે. અંગ બાહ્ય અને અંગપ્રવિષ્ટ. અંગબાહ્ય અનેક પ્રકારે છે અને અંગપ્રવિષ્ટ બાર પ્રકારે છે. આમાં જે અંગબાહ્ય અનેક પ્રકારે છે તે આ પ્રમાણે :-**

આ જ રીતે આગમ આદિ પર્યાયવાચીમાં પણ હમણાં કહેલ શ્રુત જેવી ગૌણ, પ્રધાન વ્યાખ્યા સમજવી... **આગમ** :- આચાર્યની પરંપરાથી જે આવે છે તે. અથવા વાસના (પૂર્વમહર્ષિકથિત તત્ત્વની ધારણામાં)થી આવે તે આગમ. **ઉપદેશ** = ઉપદેશાય કે ઉચ્ચારણ કરાય તે. **ઐતિહ્ય** :- વૃદ્ધો-પૂર્વજોને જેનું સ્મરણ છે તે. **આમ્નાય** = નિર્જરાના અર્થીઓ વડે જે (શાસ્ત્રાદિનો) અભ્યાસ કરાય તે. **પ્રવચન** :- વિસ્તારપૂર્વક નામાદિ નિક્ષેપા વડે તેમજ નય, પ્રમાણ, નિર્દેશાદિ વડે જેમાં જીવાદિ તત્ત્વોની વ્યાખ્યા કરાય તે. જિનપ્રવચન :- રાગાદિની પરંપરાને જીતનારા તે જિન. તેઓનું જે વચન તે જિનવચન. આ પ્રમાણે આ આગમાદિ એકાર્થિકશબ્દો એક માત્ર દ્વાદશાંગરૂપ ગણિપિટક અર્થનું જ પ્રતિપાદન કરે છે. આ દ્વાદશાંગ એટલે આવશ્યક આચારાંગાદિ સમજવાં.

**❋ શ્રુતજ્ઞાનના પ્રકારો ❋**

આ પ્રમાણે શ્રુતને લક્ષણ અને પર્યાયથી જણાવી હવે શ્રુતના પ્રકારો (વિધાન) જણાવે છે. બે ભેદ, અનેક ભેદ અને બાર ભેદ એ શ્રુતના છે તેથી **द्वयनेक**.. ઇત્યાદિ વિશેષણ **श्रुतं** માટે આપ્યું છે. આમાં બે ભેદ તે પર-ઉપાધિને આશ્રયીને જે રીતે છે તે આગળ કહેશે. આ બેમાં પ્રથમ અંગબાહ્યને કહે છે. અંગ એટલે અવયવ તે આચારાંગાદિ, આ અંગથી બાહ્ય તે અંગબાહ્ય કહેવાય. આચારાદિ અંગોમાં જે અંતર્ગત છે તે અંગપ્રવિષ્ટ કહેવાય. આ અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટમાં ફરી યથાક્રમ ભેદો કરવા, તે આ રીતે કે અંગબાહ્ય અનેક પ્રકારે છે. તથા અંગપ્રવિષ્ટ બાર પ્રકારે છે.

१. 'विजितास्ते' मु.(खं,भां)। २. 'भिधायाभिधानं मु.पाB.(खं,भां)। ३. तदेतद्द्विवि' खं.पाB.सं.।

**भाष्य– सामायिकं, चतुर्विंशतिस्तवः, वन्दनं, प्रतिक्रमणं, कायव्युत्सर्गः, प्रत्याख्यानं, दशवैकालिकं, उत्तराध्यायाः, *दशाः, कल्पव्यवहारौ, निशीथमृषिभाषितानीत्येवमादि।।**

यथोपन्यस्तमितियावत्। अङ्गबाह्यमनेकविधं सामायिकादि। समभावो यत्राध्ययने वर्ण्यते तत्तेन वर्ण्यमानेनार्थेन निर्दिशति- **सामायिकमिति**। एवं सर्वेषु वक्ष्यमाणेष्वर्थसम्बन्धाद् व्यपदेशो दृश्यः। चतुर्विंशतीनां पूरणस्यारादुपकारिणो यत्र स्तवः शेषाणां च तीर्थकृतां वर्ण्यते स **चतुर्विंशतिस्तव** इति। वन्दनम् = प्रणामः स कस्मै कार्यः कस्मै च नेति यत्र वर्ण्यते तत् **वन्दनम्**। असंयमस्थानं प्राप्तस्य यतेस्तस्मात् प्रतिनिवर्तनं यत्र वर्ण्यते तत् **प्रतिक्रमणम्**। कृतस्य पापस्य यत्र कायपरित्यागेन क्रियमाणेन विशुद्धिराख्यायते स **कायव्युत्सर्गः**। प्रत्याख्यानं यत्र मूलगुणा उत्तरगुणाश्च धारणीया इत्ययमर्थः ख्याप्यते तत् **प्रत्याख्यानम्**।

दशविकाले, पुत्रहिताय स्थापितान्यध्ययनानि **दशवैकालिकम्**। आचारात् परतः पूर्वकाले यस्मादेतानि पठितवन्तो यतयस्तेन **उत्तराध्ययनानि**। पूर्वेभ्य आनीय सङ्घसन्ततिहिताय स्थापितान्यध-

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશા, કલ્પવ્યવહાર, નિશીથ, ઋષિભાષિત ઈત્યાદિ...**

## ❋ અંગબાહ્ય શ્રુતની ઓળખાણ ❋

અંગ બાહ્યના સામાયિકાદિ અનેક પ્રકાર છે. (૧) સમભાવનું વર્ણન જે અધ્યયનમાં કરવામાં આવે તે અધ્યયન, વર્ણન કરાતાં વિષયના નામથી **'સામાયિક'** આ પ્રમાણે ઓળખાય. આ જ પદ્ધતિએ આગળ કહેવાતાં ચતુર્વિંશતિસ્તવ આદિમાં પણ તેમાં કહેવાતાં અર્થનો સંબંધ કરી નામનો વ્યપદેશ કરવો. તે આ મુજબ (૨) આ અવસર્પિણિના પ્રથમથી છેલ્લાં આરા સુધીના ઉપકારી તમામ (૨૪) ચોવીશ તીર્થંકરોની સ્તવના તથા શેષ અતીતાદિ તીર્થંકરોનું વર્ણન જેમાં કરાય તે **'ચતુર્વિંશતિ સ્તવ'** અધ્યયન કહેવાય. (૩) નમસ્કાર (વંદન)કોને કરવા અને કોને ન કરવા એવું જેમાં વર્ણન હોય તે **'વંદન'** અધ્યયન કહેવાય. (૪) અસંયમ સ્થાનમાં પ્રવર્તતા સાધુઆદિનું તે સ્થાનથી પાછા ફરવા રૂપ પ્રતિક્રમણનું વર્ણન જેમાં કરાય તે **'પ્રતિક્રમણ'** અધ્યયન કહેવાય. (૫) થયેલા પાપોની કાયા (= કાયમમત્વ)ના પરિત્યાગ વડે કરાતી વિશુદ્ધિનું વર્ણન જેમાં હોય તે **'કાયોત્સર્ગ'** અધ્યયન કહેવાય. (૬) મૂળગુણ અને ઉત્તરગુણ સંબંધી પચ્ચક્ખાણ ધારવા... ઈત્યાદિ વર્ણન જેમાં હોય તે **'પ્રત્યાખ્યાન'** અધ્યયન કહેવાય. (૭) દશ વિકાલ (અપરાહ્નવેલા)માં પુત્ર મનકના હિત માટે (યુગપ્રધાનાચાર્યશ્રી શય્યંભવસૂરિ વડે) સ્થપાયેલાં અધ્યયનો તે **દશવૈકાલિક** કહેવાય. (૮) પૂર્વકાળમાં આચારાંગ પછી (ઉત્તરમાં) આ (વિનયાદિ ૩૬) અધ્યયનો ભણાવતાં તેવા અધ્યયનો **ઉત્તરાધ્યયન** કહેવાય. (૯) સંઘની સંતતિ(પરંપરા)ના હિત માટે પૂર્વોમાંથી ઉદ્ધરીને રચેલા અધ્યયનો છે જેમાં તે **દશા** કહેવાય. 'દશા' એ વ્યવસ્થા-વાચી શબ્દ છે. જેઓમાં સાધુઓની

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૨

**भाष्य-** ***अङ्गप्रविष्टं द्वादशविधम्। तद्यथा-** ***आचारः, सूत्रकृतं, स्थानं, समवायः,** ***व्याख्याप्रज्ञप्तिः, ज्ञातधर्मकथाः,** उपासकाध्ययनदशाः, **अन्तकृद्दशाः, अनुत्तरोपपातिकदशाः, प्रश्नव्याकरणं, विपाकसूत्रं, दृष्टिपातः इति।।**

---

यनानि दशा उच्यन्ते। दशा इति व्यवस्थावचनः शब्दः, काचित् प्रतिविशिष्टावस्था यतीनां यासु वर्ण्यते ता **दशा** इति। **कल्पव्यवहारौ** कल्प्यन्ते=भिद्यन्ते मूलादिगुणा यत्र स **कल्पः**, व्यवह्रियते प्रायश्चित्ता[1]भवद्व्यवहारतयेति **व्यवहारः**। **निशीथम्**=अप्रकाशं सूत्रार्थाभ्यां, यद् **ऋषिभिर्भाषितानि** प्रत्येकबुद्धादिभिः कापिलीयादीनि, एवमादि सर्वमङ्गबाह्यं दृश्यम्।।

**अङ्गप्रविष्टं द्वादशविधं** भण्यते। **तद्यथा**, आचारो ज्ञानादिर्यत्र कथ्यते स **आचारः**। सूत्रीकृता अज्ञानिकादयो यत्र वादिनस्तत् **सूत्रकृतम्**। यत्रैकादीनि पर्यायान्तराणि वर्ण्यन्ते तत् **स्थानम्**। सम्यगवायनं वर्षधर-नद्यादि-पर्वतानां यत्र स **समवायः**। व्याख्यायन्ते जीवादिगतयो यत्र नयद्वारेण प्ररूपणा[2] क्रियते सा **व्याख्याप्रज्ञप्तिः**। ज्ञाता=दृष्टान्तास्तानुपादाय धर्मो यत्र कथ्यते ताः **ज्ञा[3]तधर्मकथाः**।

— *હેમગિરા* —

<u>ભાષ્યાર્થ</u> :- **અંગપ્રવિષ્ટ બાર પ્રકારે છે. તે આ પ્રમાણે → આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, જ્ઞાતધર્મકથા, ઉપાસકઅધ્યયનદશા, અન્તકૃત્દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર, દષ્ટિવાદ આ પ્રમાણે બાર પ્રકાર થયા.**

---

કોઈ વિશિષ્ટ દશા (અવસ્થા)નું વર્ણન કરવામાં આવ્યું છે. તે '**દશા.**' (૧૦) જ્યાં મૂળાદિ ગુણોના પ્રકાર કહેવાય છે તે કલ્પ. તેમજ ક્ષેત્ર, શિષ્ય આદિ માટે નિશ્ચિતનિશ્રા કોની ? તથા પ્રાયશ્ચિત કોને, કઈ રીતે આપવું ? શું આપવું ? આદિ વ્યવહારોનું જ્ઞાન જેમાં અપાય તે વ્યવહાર કહેવાય. (ટૂંકમાં મૂળાદિગુણોમાં લાગતા દોષો માટે આવતા પ્રાયશ્ચિતાદિનું વિધાન કલ્પવ્યવહાર ગ્રંથમાં હોય છે.) **કલ્પ વ્યવહારસૂત્ર.** (૧૧) અંધારામાં (જાહેરમાં નહીં) રાખવા (ઉપદેશવા) જેવા 'રહસ્યમય' એવા સૂત્ર-અર્થોનું જ્ઞાન જેમાં છે. તે **નિશીથસૂત્ર.** (૧૨) પ્રત્યેકબુદ્ધાદિ (ૠષિ=મુનિઓ) વડે કાપિલીય (ઉત્તરાધ્યયનનું ૮મું અધ્યયન) આદિ જે અધ્યયનો કહેવાયાં છે તે **ૠષિભાષિત** અધ્યયન કહેવાય. આ બધા અધ્યયનો અંગબાહ્ય જાણવા.

### ❋ અંગપ્રવિષ્ટ શ્રુતનો પરિચય ❋

**૧.** જ્ઞાનાચાર આદિ આચારો જેમાં કહેવાય તે **આચારાંગ ૨.** અજ્ઞાનિકાદિ ૩૬૫ વાદિઓનું જેમાં વર્ણન છે તે **સૂત્રકૃતાંગ ૩.** જેમાં એક બે આદિ આંકડામાં કઇ કઇ વસ્તુઓનો સમાવેશ થાય છે તેવા વિભિન્ન પર્યાયોનું વર્ણન (ગણિત) કરાયું છે તે **સ્થાનાંગ ૪.** જેમાં વર્ષધર, નદી, દ્રહ, આદિ તથા પર્વતોનું સમ્યગ્ વર્ણન કરવામાં આવ્યું છે તે **સમવાયાંગ ૫.** નયદ્વાર વડે જ્યાં જીવાદિની ગતિ વગરેની પ્રરૂપણા કરાય તે **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ** અપરનામ **ભગવતીસૂત્ર. ૬.** જ્ઞાતનો અર્થ દષ્ટાંત થાય છે. વિભિન્ન દષ્ટાંતો કહી જેમાં ધર્મ વર્ણવાયો છે તે **જ્ઞાતધર્મકથા** કહેવાય.

---

* જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૩ १. तादभवव्य° पाB.सं.; तादभवदव्य° पाA.। २.३. °णाः क्रियन्ते मु.(खं,भां) ४. ज्ञाता° पाA.राB.।

**भाष्य– अत्राह मतिज्ञानश्रुतज्ञानयोः कः प्रतिविशेष इति?। अत्रोच्यते- उत्पन्नाविनष्टार्थग्राहकं साम्प्रतकालविषयं मतिज्ञानम्, श्रुतज्ञानं तु त्रिकालविषयम्, उत्पन्नविनष्टानुत्पन्नार्थग्राहकमिति[1]।।**

उपासकैः=श्रावकैरेवं स्थातव्यमिति येष्वध्ययनेषु दशसु वर्ण्यते ता **उपासकदशाः**। अन्तकृतः=सिद्धास्ते यत्र ख्याप्यन्ते वर्धमानस्वामिनस्तीर्थ एतावन्त इत्येवं सर्वतीर्थकृतान्ताः **अन्तकृद्दशाः**। अनुत्तरोपपादिका देवा येषु ख्याप्यन्ते ताः **अनुत्तरोपपादिकदशाः**। प्रश्नितस्य जीवादेर्यत्र प्रतिवचनं भगवता दत्तं तत् **प्रश्नव्याकरणम्**। विपाकः=कर्मणामनुभवस्तं सूत्रयति=दर्शयति तद् **विपाकसूत्रम्**। दृष्टीनाम् अज्ञानिकादीनां यत्र प्ररूपणा कृता **स दृष्टिवादः**, तासां वा तत्र पातः।

अत्रावसरे नोदक **आह**– उक्तं लक्षणं विधानं च श्रुतस्य, किन्तु यथाऽयं विषयं निरूपयिष्यते तथा न कश्चिद् भेदोऽस्तीति पृच्छति मतिश्रुतयोः को भेद इति ?।

**भण्यते**– **उत्पन्नेत्यादिना**। **उत्पन्नः**=स्वेन रूपेण जातः स्पर्शादिरर्थो घटादिगतः, स चोत्पन्नो यदि तेन रूपेण सन्तिष्ठते न तु कपालाद्यवस्थां प्राप्तस्तदा स्पर्शनमतिज्ञानमेवं परिच्छिनत्ति,

*હેમગિરા*

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- મતિ અને શ્રુતજ્ઞાનમાં શું અંતર છે? <u>જવાબ</u> :- ઉત્પન્ન અને અવિનષ્ટ અર્થનું ગ્રાહક તથા વર્તમાન કાળના વિષયવાળું જ્ઞાન મતિજ્ઞાન છે. શ્રુતજ્ઞાન તો ત્રિકાળ વિષયવાળું છે. અર્થાત્ ઉત્પન્ન, વિનષ્ટ અને અનુત્પન્ન વિષયનું ગ્રાહક છે.**

૭. ઉપાસક એટલે શ્રાવક. શ્રાવકોએ કઈ રીતે રહેવું જોઈએ એનું વર્ણન જ્યાં દશ અધ્યયનોમાં વર્ણવ્યું છે, તે **ઉપાસકદશાંગ** કહેવાય. ૮. જેમાં વર્ધમાન સ્વામીના તીર્થમાં કેટલા જીવો સિદ્ધ થયા છે, તે અંગેની જાણકારી આપી છે, આ પ્રમાણે સર્વ તીર્થંકરોના કાળમાં થયેલ સિદ્ધોનું પણ વિધાન જેમાં કરાયું છે. તે **અન્તકૃત્દશાંગ** છે. ૯. અનુત્તરવિમાનમાં ઉપપાત (ઉત્પન્ન) થનાર દેવોનું જેમાં વર્ણન છે તે **અનુત્તરોપપાતિકદશાંગ** છે. ૧૦. પૂછાયેલા જીવાદિ તત્ત્વ અંગેનું સમાધાન જેમાં તીર્થંકર વડે અપાયું છે તે **પ્રશ્નવ્યાકરણાંગ**. ૧૧. કર્મોના અનુભવ(વિપાક)ને દર્શાવતું સૂત્ર તે **વિપાકસૂત્ર**. ૧૨. અજ્ઞાનિક આદિ દૃષ્ટિઓની જેમાં પ્રરૂપણા છે તે **દૃષ્ટિવાદ**. અથવા આ દૃષ્ટિઓનો તે (અધ્યયન)માં પાત (નિરૂપણ) હોવાથી **દૃષ્ટિપાત** પણ કહેવાય.

## ❋ મતિશ્રુતનો વિષય વિભાગ ❋

<u>પ્રશ્ન</u> :- શ્રુતનું નિરૂપણ લક્ષણ અને વિધાનથી કર્યું છે, પરંતુ જે પ્રમાણે આ મતિશ્રુતના વિષયનું નિરૂપણ આગળ થવાનું છે તે જોતાં તો આ મતિ-શ્રુતમાં કોઇ ભેદ નથી જણાતો. એથી અહીં (પ્રશ્નકાર) પૂછે છે કે આ મતિશ્રુત વચ્ચે કોઈ ભેદ છે ?

<u>જવાબ</u> :- સ્વરૂપે ઉત્પન્ન થયેલા સ્પર્શાદિ અર્થો જે ઘટાદિમાં છે, તે આ ઉત્પન્ન થયેલ સ્પર્શાદિ-અર્થવાળો ઘટ તદ્રૂપે જ હોય પણ કપાલાદિ અવસ્થાને પ્રાપ્ત ન થયો હોય ત્યારે (ઉત્પન્ન અવિનષ્ટ

१. °ग्राहकम् पाA.लि.।

**भाष्य– अत्राह गृह्णीमो मतिश्रुतयोर्नानात्वम्।। अथ श्रुतज्ञानस्य द्विविधमनेकं द्वादशविधमिति किंकृतः* प्रतिविशेष इति ?।**

घटस्यायं स्पर्श इति, स चाप्युत्पन्नाविनष्टो यदा[1] योग्यदेशस्थो भवति तदा परिच्छिनत्ति न तु विप्रकृष्टदेशस्थमित्येतदाह– **साम्प्रतकालविषयमिति**। अनेन वर्तमानकालविषयतां मतिज्ञानस्यावेदयते।

**श्रुतज्ञानं तु**, तुशब्दः भेदप्रदर्शनपर इति। तं भेदमाह **त्रिकालविषयम्**। पुनश्चेदमैदम्पर्यं[2] व्याख्यानयति– **उत्पन्नेत्यादिना**। उत्पन्नो वर्तमानस्तमपि नोइन्द्रियं मन आख्यं परिचिन्तयति-कीदृशोऽयं शर्करास्पर्श इति, **विनष्टमप्यन्यत्र** लग्नं [3]शर्करास्पर्शमतीतं चिन्तयति– अस्याः प्राक् शर्करायाः मया स्पर्शोऽनुभूत इति। **अनुत्पन्नम्**=आगामिनमेवंविध एषां क्षीरगुडादीनां प्रतिविशिष्टात् संस्कारात् स्पर्श उपयास्यतीति, अत उत्पन्नादि**ग्राहकम्**।

पुनर्नोदयति-अवगतो विशेष एतयोः, **'मति-श्रुतयोः'**, **अथ श्रुतज्ञानस्य द्विविधादिभेदः किंकृत**

● હેમગિરા ●

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- મતિ શ્રુતનું અંતર જાણ્યું. પણ શ્રુત જ્ઞાનમાં 'અનેકવિધ અને દ્વાદશવિધ આ પ્રમાણે બે ભેદો કયા કારણ વિશેષને લઈને કરાયા છે ? શા માટે આ બે ભેદો શ્રુતનાં કહ્યાં છે ?**

દશાવાળા આ ઘટ અર્થમાં) સ્પર્શન મતિજ્ઞાનને 'આ ઘટનો સ્પર્શ છે' એવો બોધ થશે. વળી આ ઉત્પન્ન-અવિનષ્ટ ઘટ-અર્થ પણ તો જ જણાય, જો યોગ્યદેશમાં રહેલ હોય. જો અત્યંત દૂર દેશ, અથવા દિવાલ આદિની પાછળ (ઈન્દ્રિયોની મર્યાદા બહાર) હોય તો તે મતિજ્ઞાનનો વિષય ન બને. તેમજ અતીત કે અનાગત કાલમાં રહેલ પદાર્થ પણ મતિજ્ઞાનનો વિષય નથી બનતો તેથી ભાષ્યમાં મતિજ્ઞાન એ વર્તમાનકાળના વિષયવાળું છે તેમ કહ્યું. પરંતુ ('**श्रुतज्ञानं तु**'માં રહેલ 'तु' શબ્દ આ જ [મતિ-શ્રુતના] ભેદનો દર્શક છે કે) શ્રુતજ્ઞાન તો ત્રિકાળ વિષયક જ્ઞાન છે. આનો ઐદમ્પર્યાર્થ જણાવતાં ફરી કહે છે કે → નોઈન્દ્રિય=મન એ 'વર્તમાનમાં ઉત્પન્ન' થયેલ વસ્તુને પણ વિચારે છે. જેમ કે 'આ કાંકરાનો સ્પર્શ કેવો છે ?' તથા વિનષ્ટ (અતીત)ને પણ જાણે છે. જેમ કે 'આ કાંકરાનો સ્પર્શ પૂર્વે મારા વડે અનુભવાયો હતો.' તથા અનુત્પન્ન વસ્તુને પણ જાણે છે. તે આ મુજબ કે "આ દૂધ, ગોળ આદિમાં અમુકના વિશિષ્ટ (ઘી, લોટ, આદિ) પ્રકારના સંસ્કાર થકી આવા પ્રકારનો સ્પર્શ ઉપસી આવશે."

આ પ્રમાણે શ્રુત એ ઉત્પન્ન, વિનષ્ટ અને અનુત્પન્ન અર્થનો ગ્રાહક બને છે.

<u>શંકા</u> :- તમે કહેલ બંને (મતિ-શ્રુત) જ્ઞાન વચ્ચેનું અંતર જાણ્યું. હવે એ કહો કે શ્રુતજ્ઞાનના ૨, ૪ ઇત્યાદિ ભેદ શા માટે કર્યા..? આના કરતા આ શ્રુતને 'દ્રવ્ય' અને 'ભાવ' એમ બે

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૪ १. यदि मु.पाB.(कोA)। २. 'चेदमेव व्याख्' भां.। ३. कर्कशस्प' मु. (खं,भां)। '...'. एतच्चिह्नितपाठो मु. पुस्तके न दृष्टः (खं,भां)।

**भाष्य– अत्रोच्यते– वक्तृविशेषाद् द्वैविध्यम्। यद् भगवद्भिः सर्वज्ञैः सर्वदर्शिभिः परमर्षिभिरर्हद्भिस्तत्स्वाभाव्यात् परमशुभस्य च प्रवचनप्रतिष्ठापनफलस्य *तीर्थकरनामकर्मणोऽनुभावादुक्तं भगवच्छिष्यैरतिशयवद्भिरुत्तमातिशयवाग्बुद्धिसम्पन्नैर्गणधरैर्दृब्धं तदङ्गप्रविष्टम्।**

इति ? सर्वं तद्द्रव्यश्रुतं भावश्रुतस्य निमित्तमिति शक्यं वक्तुम्। एवमुक्ते सूरिराह– **वक्तृविशेषादि**त्यादिना। वक्तारः तस्य ग्रन्थराशेर्निबन्धकास्तेषां **विशेषः** भेदस्तस्माद् **द्वैविध्यं**=द्विविधत्वं द्विभेदताऽनुमातव्या। **यद्भगवद्भिरि**त्यादि। अयं पिण्डार्थः-तीर्थकृद्भिरर्थः कथितः स गणधरैर्गणधरशिष्यादिभिश्च रचित इति गणधरास्तद्वंशवर्तिनश्च द्वये वक्तारस्तद्भेदाद् द्विविधमिति।

एतदाह– यद् उक्तं तै**र्भगवद्भिरै**श्वर्यादिगुणान्वितैः, सर्वद्रव्य-पर्यायान् जानानैर्विशेषतः-**सर्वज्ञैः**, तानेव सामान्यतः पश्यद्भिः **सर्वदर्शिभिरि**ति। सामान्यकेवलिनो हि प्रधानभावं बिभ्रति ऋषयः, प्रधानतरास्तीर्थकराः=**परमर्षिभिः** इत्याह, पूजां त्रिदशादीनामर्हद्भिरित्यतोऽ**र्हद्भिः** (**सम्बन्धका.**७)। **किमर्थं** कृतकृत्या अर्हन्तो गणधरेभ्यः कथयन्त्यर्थमिति?। **उच्यते तत्स्वाभाव्यादि**ति।

*હેમગિરા*

**<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- વક્તા વિશેષની અપેક્ષાએ શ્રુતના બે ભેદ છે. પરમર્ષિ, સર્વદર્શી, સર્વજ્ઞ એવા અરિહંત ભગવંતો વડે પોતાના સ્વભાવથી અને પ્રવચનની પ્રતિષ્ઠા (જંગમતીર્થની સ્થાપના)ના ફળવાળા, પરમશુભ એવા તીર્થંકર નામ કર્મના પ્રભાવ (ઉદય)થી જે કહેવાયું. તેને ઉત્તમ અતિશયયુક્ત વાણી અને બુદ્ધિથી સંપન્ન, અતિશયવંતા =** ભગવાનના શિષ્યો એવા ગણધરોએ **સૂત્રરૂપે જે ગૂંથ્યું તે'અંગપ્રવિષ્ટ' કહેવાય.**

પ્રકારે કહીને તે દ્રવ્ય શ્રુત એ ભાવશ્રુતનું નિમિત્ત બને છે.એમ ટૂંકમાં કહેવું પણ શક્ય છે ?

સૂરિજીનું સમાધાન :- પ્રવક્તા અર્થાત્ ગ્રંથ રાશિના જે રચયિતા તે રચયિતાની અપેક્ષાએ શ્રુતના બે ભેદ પડે છે. તે આ પ્રમાણે કે તીર્થંકરો વડે જે અર્થથી તત્ત્વો કહેવાયા, તેને ગણધરોએ અને તેમના વંશજ શિષ્યોએ સૂત્રાદિરૂપે ગૂંથ્યાં.. આ ગણધર અને તેમની વંશ પરંપરા આમ બે વક્તા (રચયિતા) થયાં. આ બેની અપેક્ષાએ શ્રુત દ્વિવિધ છે.

### ❋ તીર્થંકર પ્રભુના પાંચ વિશેષણો ❋

**भगवद्भिः** શ્રુત અર્થથી કહેનારા તીર્થંકરને આદિ વિશેષણો સાથે જણાવે છે. (૧) ઐશ્વર્યાદિ ગુણયુક્ત છે માટે **ભગવાન** (૨) સર્વ દ્રવ્યપર્યાયને વિશેષથી જાણનારા છે માટે **સર્વજ્ઞ** (૩) સર્વ દ્રવ્યપર્યાયોને સામાન્યથી જાણે છે તેથી **સર્વદર્શી** (૪) સામાન્ય કેવળી એ પ્રધાન હોવાથી **ઋષિ** કહેવાય પણ તીર્થંકર કેવળી એ પ્રધાનતર હોવાથી **પરમર્ષિ** કહેવાય છે. (૫) નરેન્દ્ર અને દેવેન્દ્રોથી પૂજ્ય છે માટે **અર્હન્** અને તેથી પૂર્વે ૭મી સંબંધકારિકા (**तस्मादर्हति पूजा...**)માં કહ્યું હતું કે- "કૃતકૃત્ય" થયેલા પણ અરિહંત પ્રભુ જીવમાત્રને અર્થનો ઉપદેશ આપતા હોવાથી પૂજ્યોથી પણ

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૫-૩૬ १. जानाति मु. (खं,भां,राAB)। T. परि.५ टि.२५।

तेषामेव एव स्वभावस्तीर्थकृतां यतः उत्पन्नदिव्यज्ञानैर्गणधरादिभ्यः प्रकाशनीयः सोऽर्थ इति, न च स्वभावेऽस्ति पर्यनुयोगो, भास्करप्रकाशवत्, किमर्थमयमंशुमाली जगत् प्रकाशयतीति न कश्चित् प्रश्नयति। अथवा अकृतार्थ एव तदा भगवान्, किमिति ? कर्मोदयभाक्त्वात्। कस्य कर्मण इति चेत्?। उच्यते- तीर्थकरनामाख्यस्य। तद्द्वयविशेषणमुपक्षिपति- **परमशुभस्येत्यादि**। परमं च तच्छुभं च परमशुभं तस्य। कथं परमशुभतेति चेद् यतस्तस्मिन्नुदितेऽन्या असातादिकाः प्रकृतय उदिता अपि न स्वविपाकं प्रकटं दर्शयितुं शक्ताः, क्षीरद्रव्यापूरितकुम्भे पिचुमन्दरसबिन्दुवदिति।

एवं[1] परमशुभस्य, **प्रवचनं**=द्वादशाङ्गं=▲गणिपिटकम्▲ ततोऽनन्यवृत्तिर्वा संघस्तस्य प्रवचनस्य **प्रतिष्ठापनं** = निवर्तनं फलं = प्रयोजनमस्य **तत्प्रवचनप्रतिष्ठापनफलं** तस्य, तीर्थं तदेव गणिपिटकं = सङ्घः, सम्यग्दर्शनादित्रयं वा तत् कुर्वन्ति = उपदिशन्ति[2] ये ते **तीर्थकराः** तान् नामयति=

• હેમગિરા •

પૂજ્ય છે. અન્યથી પૂજ્ય એવા જે ઋષિઓ, તથા દેવો છે. તેઓ થકી પણ આ અરિહંત પૂજ્ય છે તેથી **અર્હન્** કહેવાય. (આ પ્રમાણે પાંચ વિશેષણ જાણવા)

<u>પ્રશ્ન</u> :- શા માટે કૃત્યકૃત્ય થયેલા પણ અરિહંતો ગણધરાદિને અર્થ=તત્ત્વ કહે છે ?

<u>જવાબ</u> :- તે તીર્થંકરોનો આ સ્વભાવ જ છે કે જેના કારણે ઉત્પન્ન થયેલા દિવ્ય એવા કેવળજ્ઞાન વડે ગણધરાદિની આગળ અર્થને=તત્ત્વને પ્રકાશે છે. જે કાર્યમાં સ્વભાવ હેતુ દર્શાવાય ત્યાં કોઈ પ્રશ્નને સ્થાન ન હોય. જેમ સૂર્ય પોતાના સ્વભાવથી જગત ઉપર પ્રકાશ પાથરે છે તે અંગે કોઈને પ્રશ્ન નથી થતો કે આ સૂર્ય શા માટે પ્રકાશ કરે છે ? તે રીતે તીર્થંકર વિશે સમજવું અથવા તો અમુક (અઘાતિ) કર્મોદયની અપેક્ષાએ તીર્થંકર 'અકૃતાર્થ' પણ કહી શકાય છે. (તેથી કૃતાર્થ થવા માટે દેશના આપે.)

### ❊ ...તો તીર્થંકર પણ અકૃતાર્થ કહેવાય ! ❊

<u>શંકા</u> :- તે કયા કર્મનો ઉદય છે જેની અપેક્ષાએ તીર્થંકર પણ અકૃતાર્થ કહેવાય છે ?

<u>જવાબ</u> :- 'તીર્થંકર નામકર્મ' ( કે જેની ઉદયાવસ્થામાં ભગવાન દેશના આપે છે)ની અપેક્ષાએ હજુ અકૃતાર્થ છે. ભાષ્યકાર આ કર્મના બે વિશેષણ દર્શાવે છે. 'પરમશુભ' અને 'પ્રવચન પ્રતિષ્ઠાપન ફળ.' અર્થ આ પ્રમાણે → તીર્થંકર નામકર્મ પરમશુભ છે કારણ કે આના ઉદયકાળમાં અશાતા આદિ પ્રકૃતિઓ ઉદય પામેલી પણ પોતાના વિપાકને દેખાડવા સમર્થ બનતી નથી. જેમ દૂધથી ભરેલા મોટા તપેલામાં પડેલાં લીંબડાના રસના એક બિંદુથી તે દૂધના રસ(મધુરતા)માં કાંઈ ફેર નથી પડતો. તે રીતે તીર્થંકરોને પણ ઉદિત અતિમંદ એવા અશાતાદિ અસરકારક નથી થતાં. આ પ્રમાણે પરમશુભ એવા તે તીર્થંકર નામકર્મના ફળને દેખાડતાં કહે છે →

પ્રવચન એટલે દ્વાદશાંગ ગણિપિટક અથવા તો આ દ્વાદશાંગથી અનન્ય એવો સંઘ તે પ્રવચન. આ પ્રવચનને પ્રવર્તાવવું = અર્થથી દેશના આપવી = ચતુર્વિધ સંઘની સ્થાપના કરવી, એ જ

१. एव तस्य पाB.। ▲...▲. एतच्चिह्नितपाठो मु.प्रतौ न दृष्टः (भां.) २. उपदेशयन्ति मु.राA.(खं,भां)।

करोति यत् तत् **तीर्थकरनाम**। तस्य तदेवार्हदादिपूजाकरणाद्धेतोः क्रियमाणं **कर्मे**त्यभिधीयते **तस्यानुभावात्**=पश्चाद् विपाका[T]दित्यर्थः. अतस्तस्मादनुभावाद् यदुक्तं=प्रतिपादितं तीर्थकृद्भिः तदेव तीर्थकरप्रतिपादितमर्थजातम्– उत्पन्नमिति वा विनष्टमिति वा ध्रुवमिति वा इत्येवं तद् गृहीत्वा गणधरैः, तेषां त्रितयं विशेषणमुपक्षिपति-

**भगवच्छिष्यैरि**त्यादिना स्वयं गृहीतलिङ्गतां निरस्यति। पुनश्च सामान्यपुरुषा न भवन्तीति दर्शयति-**अतिशयवद्भिरि**ति। अतिशयाः=विशिष्टाः शक्तयः। यथा- "[1]**पहू णं चउद्दसपुव्वी घडादो घडसहस्सं पडादो पडसहस्सं**" (**भगवती** सूत्र-५/५/११२) इत्येवमादयः, ते येषां सन्ति तेऽतिशयवन्तस्तैरिति। तथा **उत्तमातिशये**त्यादिना कुण्ठतां निरस्यति, यत **उत्तमा अतिशयाः**=अ[2]प्रमादादयः, वाग्=विवक्षितार्थप्रतिपादिका, **बुद्धिः**=बीजकोष्ठकादि, यावद् भण्यते तत् सर्वमसौ गृह्णाति न किञ्चित्

• *હેમગિરા* •

પ્રયોજન (ફળ) છે જેનું એવું આ તીર્થંકર નામકર્મ છે. આ બે વિશેષણોથી યુક્ત એવા તીર્થંકર નામકર્મના પ્રભાવથી કૃતકૃત્ય એવા તીર્થંકરો પણ સ્વભાવથી જીવાદિ અર્થોને પ્રકાશે. તીર્થ એટલે ૧. ગણિપિટક, ૨. સંઘ, અથવા ૩. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિક. આ ત્રણે તીર્થને જે કરે અર્થાત્ ઉપદેશ આપે તે તીર્થંકર અને તે તીર્થંકર બનાવનું જેનાથી થાય તે તે તીર્થંકર નામ-કર્મ". આ નામકર્મ તીર્થંકરના ઐશ્વર્ય, પૂજા આદિમાં હેતુ બને છે. "ક્રિયાઓમાં હેતુ બને તે કર્મ" એ વ્યાખ્યા અહીં પણ સમજવી. આવા તીર્થંકર નામકર્મના પ્રભાવ-વિપાકથી તીર્થંકરો દેશના આપે છે. તે 'તીર્થંકર વડે પ્રતિપાદિત {'**उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा**' = 'વસ્તુ માત્ર ઉત્પન્ન થાય, વિનાશ પામે અને સ્થિર રહે'} અર્થને = ત્રિપદીને = માતૃકા પદને ગણધરો ગ્રહણ કરીને દ્વાદશાંગી રચે છે.

### ❋ ગણધર ભગવંતોની ત્રણ વિશેષતા ❋

(૧) ભગવાનના શિષ્ય. (૨) અતિશયવાળા (૩) ઉત્તમ અતિશય વાણી અને બુદ્ધિથી સંપન્ન.
**ભગવાનના શિષ્ય** :- આ પ્રમાણે કહી 'આપ મેળે દીક્ષાગ્રહણ'નો નિરાસ કર્યો અર્થાત્ ગણધરાદિ પણ સ્વયમેવ દીક્ષા અંગીકાર ન કરતા તીર્થંકરોના શુભહસ્તે જ ગ્રહણ કરે છે. વળી આ ગણધરો કોઈ સામાન્ય વ્યક્તિ નથી; પણ **અતિશયવંતા** = વિશિષ્ટ શક્તિઓને ધારણ કરનારા છે. ભગવતીજીમાં કહ્યું છે → **એક ઘટમાંથી હજાર ઘટ, એક પટમાંથી હજારો પટ ઈત્યાદિ વિકુર્વી શકે એવા વિશિષ્ટ સામર્થ્યવાળા** આ લબ્ધિશાલી ગણધરો હોય છે.

તથા ત્રીજા વિશેષણમાં 'ઉત્તમ અતિશય' પદથી એમ સૂચવ્યું કે ગણધરોમાં જરાય પ્રમાદ નથી હોતો. સર્વદા અત્યંત અપ્રમત્ત હોય છે તથા ઉત્તમવાણીવાળા હોય છે અર્થાત્ વિવક્ષિત અર્થનું પ્રતિપાદન કરનારી વાચાથી યુક્ત હોય છે, ઉત્તમ બુદ્ધિવાળા હોય છે અર્થાત્ બીજ, કોષ્ઠાદિ બુદ્ધિ સંપન્ન હોય છે. આ ગણધરો તીર્થંકરો વડે જેટલું કહેવામાં આવે તે સર્વને ગ્રહણ

१. पभू णं भन्ते। चोद्दसपुव्वी घडाओघडसहस्सं, पडाओ पडसहस्सं कडाओ कडसहस्सं रहाओ रहसहस्सं-छत्ताओ छत्तसहस्सं दंडाओ दंडसहस्सं अभिनिव्वदेत्ता उवदंसेत्तए ? हंता पभू (भगवतीसूत्र-श.५ उ.५ सू.११२) २.प्रसादादयः मु.(खं,भां)।
T. परि.५ टि.२६।

**भाष्य- गणधरानन्तर्यादिभिस्त्वत्यन्तविशुद्धागमैः परमप्रकृष्टवाङ्-मति-बुद्धि-शक्तिभिराचार्यैः काल-संहननायुर्दोषादल्पशक्तीनां शिष्याणामनुग्रहाय यत् प्रोक्तं तदङ्गबाह्यमिति।।**

न पश्यति तिलतुपमात्रमपीत्यर्थः। आभिरुत्तमाः **अतिशयवाग्बुद्धिभिः सम्पन्ना**=अन्विताास्तैः साधुवृन्दोपदेशन[1]प्रवृत्तै**र्गण[2]धारिभि**र्यत् **दृब्धं**=रचितं तद**ङ्गप्रविष्ट**माचारादि भण्यते, अङ्गबाह्यं सम्प्रतितनैः कृतमिति तदुच्यते।

गणधरा=**इन्द्रभूत्यादयः** तेपामनन्तरे ये साधवस्तेऽऽनन्तर्याः शिष्या इत्यर्थः ते गणधरानन्तर्याः= **जम्बूनामादयः** आदिर्येषां **प्रभवादीनां** ते **गणधरानन्तर्यादयः**, तैरत्यन्तनिर्म**लागमैः**卐 परमप्रकृष्टा वाङ्मतिबुद्धिशक्तयो येषां तैरिति[3], तत्र **वाग्**=भापा स्पष्टवर्णा, सकलदोपरहिता मतिः, **बुद्धि**श्चतुर्विधा, **शक्तिः**=वादलब्ध्यादि। एवंविधैरपि नोज्झितचारित्रैरित्येतदाह- **आचार्यैः**=ज्ञानाद्याचारानुष्ठायिभिरिति।

• *हेमगिरा* •

**<u>ભાષ્યાર્થ</u> :- ગણધરો પછી થનારા પરમપ્રકૃષ્ટવાણી બુદ્ધિ અને શક્તિવાળા તથા અત્યંત વિશુદ્ધ આગમ (ક્ષયોપશમ)વાળા એવા આચાર્યો વડે કાળ, સંઘયણ, આયુ આદિના દોષથી અલ્પ શક્તિવાળા થયેલા શિષ્યોના અનુગ્રહ માટે જે કહેવાયું તે અંગબાહ્ય કહેવાય.**

કરે. એક તલ જેવડો પણ વિષય એવો નથી કે જેનું ગ્રહણ આ નથી કરતા, અર્થાત્ બધું જ ગ્રહણ કરી લે છે. (જેમ કોઠારમાં ધાન્ય લાંબા કાળ સુધી રહે તેમ જે બુદ્ધિમાં સૂત્રાર્થો અવિસ્મરણ પણે ચિરકાળ સુધી ટકી રહે તે કોષ્ઠ બુદ્ધિ કહેવાય તથા એક બીજ વડે જેમ પુષ્પ-ફળાદિ અનેક ઉત્પન્ન થાય તેમ બીજભૂત એક પદથી અવશેષ-પ્રચૂર અર્થોને જેનાથી જાણી શકાય તે બીજ બુદ્ધિ છે). એવા પ્રકારની વિશિષ્ટ બુદ્ધિથી સમન્વિત આ ગણધરો હોય છે.

આવા ઉત્તમ અતિશય, વાણી અને બુદ્ધિથી સંપન્ન વળી સાધુવૃંદને ઉપદેશ કરવામાં પ્રવર્તેલા આ ગણધરો વડે જે રચના કરાઈ તે અંગપ્રવિષ્ટ શ્રુત છે. આમાં આચારાંગાદિનો સમાવેશ થાય છે. ત્યારબાદ ગણધરના જ વંશજ એવા પશ્ચાત્-કાલીન આચાર્યાદિઓએ બનાવેલા ગ્રંથો તે 'અંગબાહ્ય' કહેવાય. ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ આદિ ગણધરો પછી થનારા જે સાધૂઓ અર્થાત્ તેમના શિષ્યો. જંબુસ્વામી પ્રભવસ્વામી આદિ, આ સર્વે, અત્યંત નિર્મળ આગમ(=ક્ષયોપશમ)વાળા, પરમ પ્રકૃષ્ટ વાચા, મતિ, બુદ્ધિ તથા શક્તિવાળા હતાં. **વાચા** :- સ્પષ્ટ વર્ણવાળી, સકળ દોષથી રહિત ભાષાવાળા તથા, **મતિ** :- વૈનેયિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિવાળા અને **શક્તિ** :- વાદલબ્ધિ આદિથી સંપન્ન. આટલા વિશેષગુણવાળાં હોવા સાથે પણ ચારિત્રયુક્ત વ્યક્તિ જ આ રચના કરી શકે. પણ ત્યક્તચારિત્રી નહીં એ જણાવવા ભાષ્યકારે 'आचार्यः' એવું મહત્વનું વિશેષણ બતાવ્યું. અર્થાત્ ઉપરોક્ત વિશેષણ યુક્ત હોવા સાથે જ્ઞાનાચારાદિ પંચાચારનું પાલન કરનારા

१. 'पदेशन' गB.। २. 'धरादिभि' पाA.। ३. 'रिति वाग् मु.(खं,भां)। 卐. अत्यन्तविशुद्धागमैरिति निर्मलक्षयोपशमैः (महोपाध्यायश्रीयशोविजयजीकृततत्त्वार्थविवरणे)

**भाष्य– सर्वज्ञप्रणीतत्वादानन्त्याच्च ज्ञेयस्य श्रुतज्ञानं मतिज्ञानान्महाविषयम्।**

**किमर्थं** तैस्तत एव प्रवचनादुद्धृत्य **दशवैकालिकादि** रचितम् ? **उच्यते**– अल्पशक्तीनामनुग्रहार्थम्।

**कस्मादल्पशक्तय** इति चेत्? **उच्यते**– **कालसंहननेत्यादि**। कालदोषात् **कालस्य**=दुषमाभिधानस्य स्वभावात् पुरुषा अल्पशक्तयो भवन्ति, **संहनन**च्छेदवर्ति स एव दोषस्तद्वाऽल्पसामर्थ्यम्, **आयुः**= जीवितं तदल्पं[1] यः सर्वचिरं जीवेत् स वर्षशतमिति, अत एतस्मात् कालादि**दोषाद**ल्पशक्तयः पुमांसो भविष्यन्तीत्येवं मन्यमानैर्गणधरैर्वंशजैः सूरिभिः **शिष्याणां अनुग्रहाय**=उपकारायाल्पेनैव ग्रन्थेन सुबहुमर्थमूहिष्यन्त इति मन्यमानैर्यत् **प्रोक्तं दशवैकालिकादि** [T]**तदङ्गबाह्यमिति**।

अत एव च द्विविधकारणात् मतेः सकाशात् महाविषयता सिद्धा, एतदाह- **सर्वज्ञप्रणीतत्वादित्यादि**। **सर्वज्ञैः**=तीर्थकृद्भिः **प्रणीतत्वात्**=उपदिष्टत्वात् महाविषयं श्रुतम्, यतः सङ्ख्यामतिक्रान्तानपि भवाना[2]ख्यातुं

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- સર્વજ્ઞ પ્રણીત હોવાથી, તથા જ્ઞેયવિષયોનું અનંતપણું હોવાથી શ્રુતજ્ઞાન મતિજ્ઞાન કરતા અધિક વિષયવાળું છે.**

એવા આચાર્યો વડે જે દશવૈકાલિકાદિ રચાયું તે અંગબાહ્ય છે.

### ❋ નવીન ગ્રંથ રચનાનું પ્રયોજન ❋

<u>પ્રશ્ન</u> :- આચાર્ય ભગવંતો વડે તે જ પ્રવચનમાંથી ઉદ્ધૃત કરીને દશવૈકાલિક આદિ શા માટે રચાયા ?

<u>જવાબ</u> :- અલ્પશક્તિવાળા જીવોનાં અનુગ્રહ માટે દશવૈકાલિકાદિની રચનાઓ કરાઈ છે.

<u>પ્રશ્ન</u> :- જીવો અલ્પશક્તિવાળા કઈ રીતે થયા ?

<u>જવાબ</u> :- આ દૂષમ નામના પાંચમા આરા(કાળ)ના દોષને લીધે સ્વભાવથી જ લોકો અલ્પ-શક્તિવાળા હોય છે. અથવા તો આ કાળમાં ઉપલબ્ધ છેવટ્ઠુ સંઘયણના લીધે પણ અલ્પ સામર્થ્યવાળા હોય છે,વળી આયુષ્ય પણ સો વર્ષ જેટલું-અલ્પ હોય છે. આ પ્રમાણે કાળાદિ દોષને લીધે પુરુષો અલ્પ શક્તિવાળા થશે એમ માનનારા ગણધરોના વંશજ સૂરીશ્વરોએ ભાવિની શિષ્યોની પરંપરા ટૂંકા ગ્રંથો વડે ઘણા અર્થને જાણો' તેવી અનુગ્રહ બુદ્ધિથી દશવૈકાલિકાદિ ગ્રંથો બનાવ્યા જે અંગબાહ્ય કહેવાયા.

આથી જ (સર્વજ્ઞપ્રણીત અને આનન્ત્ય એમ) બે કારણોને લઈ મતિ કરતા શ્રુતની મહાવિષયતા સિદ્ધ છે તેને જણાવતાં કહે છે કે-

શ્રુત એ સર્વજ્ઞ તીર્થંકરો વડે ઉપદેશ કરાયેલ હોવાથી મહાવિષયવાળું છે. કારણ કે આ શ્રુતજ્ઞાન દ્વારા અસંખ્યાતા ભવો અને અનંતા પદાર્થો (પદના અર્થો) નિરૂપણ કરવા શક્ય બને છે. વળી જગતમાં રહેલા અનંતા જ્ઞેય વિષયોને 'શ્રુતજ્ઞાન'ના માધ્યમે સામાન્યથી નિરૂપણ કરી શકાય છે.

१. तदल्पं मु. (खं.भां.A)। २. भावा° मु.मा। T. परि.५ टि.२७।

**भाष्य– तस्य[1] च महाविषयत्वात् तांस्तानर्थानधिकृत्य प्रकरणसमाप्त्यपेक्षमङ्गोपाङ्गनानात्वम्। किंचान्यत्। सुखग्रहण[2]-धारणा-विज्ञानापोह-प्रयोगार्थं च।**

शक्तोऽनन्तान् श्रुतज्ञानानुसारेण पदार्थान्, किञ्च **आनन्त्याज्ज्ञेयस्य**, अनन्तं हि ज्ञेयमनेन निरूपयितुं शक्यते सामान्यतः, न[3] तु मत्या सम्प्रतितनार्थग्राहिकया, अतः[4] **श्रुतज्ञानं**=ग्रन्थानुसारि **मतिज्ञानादि**न्द्रिय-समुत्थात् **महाविषयं**=अनेकार्थपरिच्छेदीत्यर्थः, **तस्य**=श्रुतज्ञानस्य **महाविषयत्वाद्**=बह्वर्थविषयत्वात् **ताँस्तान्** जीवादीनर्यमाणानाश्रित्य।

एतदुक्तं भवति– तत्र ग्रन्थे गणिपिटके ये विप्रकीर्णा अर्थास्तान् संकुलतया स्थितान् पश्यद्भिस्तैर्गणधरैस्तच्छिष्यादिभिश्च कथन्चिदमेतावति ग्रन्थे परिसमाप्यत इति मन्यमानैरिद**मङ्गमाचारादीदं** च तदुपाङ्गमिति स्थापितम्, एतदाह– **प्रकरणे**त्यादि। प्रकरणं यत्र विवक्षित आचार इत्यादिरूपोऽर्थो निष्ठां याति तद् भण्यते तस्य समाप्तिः तामपेक्षते यत् तत् **प्रकरणपरिसमाप्त्यपेक्षम्**, किं तद् ? **अङ्गोपाङ्गनानात्व**मिति। **किञ्चान्यत्** इतश्च कारणादङ्गोपाङ्गनानात्वमिति। **सुखग्रहणे**त्यादि।

*હેમગિરા*

**ભાષ્યાર્થ :- આ શ્રુતની મહાવિષયતા છે તેથી જ તો તે તે વિવિધ અર્થોને આશ્રયી પ્રકરણ સમાપ્તિની અપેક્ષાએ વિવિધ અંગોપાંગ રચાયાં. વળી બીજું એ કે જીવોને સુખપૂર્વક શ્રુતનું ગ્રહણ, ધારણા, વિજ્ઞાન, અપોહ અને પ્રયોગ આદિ થઈ શકે તે માટે પણ વિવિધ અંગોપાંગ રચાયા.**

પરંતુ વર્તમાન અર્થગ્રાહિકા મતિ વડે આ શક્ય નથી. તેથી શ્રુતજ્ઞાન અર્થાત્ ગ્રંથાનુસારિ બોધ એ ઈન્દ્રિયજન્ય મતિજ્ઞાન કરતાં મહાવિષયવાળું અને અનેક અર્થનું પરિચ્છેદક છે. શ્રુતજ્ઞાનની આ મહાવિષયતા તે તે જીવાદિ પદાર્થોને આશ્રયીને છે.

ભાવના આ પ્રમાણે જાણવી → ત્યાં ગ્રન્થરુપ ગણિપિટકમાં રહેલા જે વિપ્રકીર્ણ = વિભિન્ન છુટા છવાયાં પદાર્થો છે. તેને એક સંકુલ (સામુહિક અર્થ) રૂપે જોનારા એવા ગણધરો વડે તથા તેમના શિષ્યાદિ વડે (આ સંકુલિત અર્થરચનામાં) અમુક પદાર્થોની કયા કયા ઠેકાણે સમાપ્તિ અર્થાત્ અમુક એક ગ્રંથમાં આટલો મર્યાદિત વિષય કઈ રીતે સમાપ્તિને પામે ? (જેથી અભ્યાસીને અધ્યયનમાં સુગમતા રહે) તે ધ્યાનમાં લઈ આચારાદિ અંગો તેમજ તેના ઉપાંગો બનાવ્યાં. આ જ વાતને સમજાવતાં ભાષ્યમાં કહ્યું કે- પ્રકરણ એટલે જ્યાં વિવાક્ષિત આચાર આદિ સંબન્ધી અર્થો નિષ્ઠા(સંપૂર્ણતા)ને પામે તે. આ પ્રકરણપૂર્વકની સમાપ્તિની અપેક્ષા જેમાં રહી છે તેને પ્રકરણ સમાપ્તિની અપેક્ષાવાળા કહેવાય. આ અપેક્ષાએ જ વિવિધ અંગોપાંગો રચાયા છે.

વળી આ અંગોપાંગની રચનાના કારણો જણાવતાં કહે છે →

### * સૂત્ર રચનાના ૫ લાભો *

(i) ભવિષ્યમાં શિષ્યો અનાયાસે સુખપૂર્વક આ અંગ અને અનંગ (અંગબાહ્ય)ના પદાર્થોને

१. तस्य महा'- मु. (को)। २. 'ग्रहणविज्ञाना' मु.(खं)। ३. मन्तुर्म' मु.(खं,भां)। ४. 'अतः' इति पाठो मु.प्रतौ न दृष्टः(भां)।

**भा० अन्यथा ह्यनिबद्धमङ्गोपाङ्गशः समुद्रप्रतरणवद् दुरध्यवसानं स्यात्।**

सुखेन अनायासेनापूर्वस्य ग्रहणं करिष्यन्ति अङ्गानङ्गानां, सुखेन च गृहीतं धारयिष्यन्ति बुद्ध्या, सुखेन **विज्ञानं** तस्मिन्नर्थे शृण्वत उत्पादयिष्यन्तीति, सुखेन **अपोहं**=निश्चयं करिष्यन्ति इति एवमेपोऽर्थः स्थित इति, सुखेन च **प्रयोग**व्यापारं करिष्यन्ति प्रत्यवेक्षणादिकाले तेन विदितेनेति।।

**अन्यथे**त्यादि। **अन्यथे**ति भेदेन रचनाया अभावे **हि** = यस्माद**निबद्धम**रचितं, कथमिति चेत्, **अङ्गोपाङ्गशः**, अङ्गानि = **आचारां**[1]दीनि, उपाङ्गानि = **राजप्रसेनकीयौपपातिका**दीनि, ताभ्यामङ्गोपाङ्गाभ्यां परिमित[2]विशिष्टार्थाभिधायिभ्यामङ्गोपाङ्गशः, अल्पार्थाच्छस्। समुद्रस्य प्रतरणम् = उत्तरणं तेन समुद्रप्रतरणेन तुल्यं वर्तते **समुद्रप्रतरणवत्, दुरध्यवसानं स्यादि**ति। दुःखेनाध्यवसीयते दुरध्यवसानम्। यावदेतदुक्तं भवति– यद्येतच्छ्रुतज्ञानमङ्गोपाङ्गादिभेदेन न रच्येत एवं सत्यर्थानन्त्याद् ग्र[3]न्थस्य चातिबहुत्वाद् दुःखेन शिष्यस्तत्र रतिं बध्नीयात्।

यथा महार्णवं पश्यतः पुंसो न भवति चेतोवृत्तिर्बाहुभ्यां प्रतरामीति, प्रतरणप्रवृत्तोऽपि चान्तराल एव रसभङ्गं प्रतिपद्यते, एवमिहापि यदा पुनरङ्गोपाङ्गादिकल्पनया रचनया प्रविभक्तो भवति स महान् ग्रन्थराशिस्तदाऽ[4]दभ्र-नदी-तडागतरणवत् सुगमो भविष्यतीत्यतोऽङ्गोपाङ्गनानात्वमिति।।

*હેમગિરા*

**<u>ભાષ્યાર્થ</u> :- જો અંગોપાંગની રચના ન થાય તો આ શ્રુત પ્રાપ્તિનું કાર્ય સમુદ્રને હાથે તરવા જેવું અત્યંત કઠિન થઈ પડે.**

ગ્રહણ કરી શકશે, (ii) ગૃહિત અર્થોને બુદ્ધિથી સુખપૂર્વક ધારણ કરી શકશે. (iii) સાંભળનારને એ અર્થો વિશે સુખેથી વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન કરાવી શકાશે. (iv) સુખેથી 'આ અર્થ એમ જ છે' એવો નિશ્ચય કરી શકશે તથા (v) તે જાણેલા જ્ઞાનનો પ્રયોગ-વ્યાપાર સુખપૂર્વક પ્રતિલેખનાદિના અવસરમાં કરી શકશે. (એવા આ પાંચ હેતૂઓથી અંગોપાંગ રચાયા) જો આ ગોઠવણી-રચના ન થઈ હોત તો શું નકુસાન થાત એ હવે કહેશે. એ પેલા એક પ્રશ્ન કરાય છે.

<u>પ્રશ્ન</u> :- આ રચના (સૂત્ર ગોઠવણી) કઈ રીતે કરવામાં આવે છે ? <u>જવાબ</u> :- અંગોપાંગ બનાવવા પૂર્વક આ રચના થાય છે. અંગ એટલે આચાર, ઉત્તરાધ્યયનાદિ. તેમજ ઉપાંગ એટલે રાજપ્રશ્નીય, ઔપપાતિકાદિ. આ અંગોપાંગો જે પરિમિત અને વિશિષ્ટ અર્થને કહેનારા છે તેના દ્વારા વિશાળ અર્થોનું વિભાગીકરણ થાય છે "अङ्गोपाङ्गशः" પદનો शस् પ્રત્યય 'અલ્પાર્થ'નો બોધક છે અર્થાત્ અલ્પ વિસ્તારવાળા અંગ અને ઉપાંગ હોય છે. અગર આ અલ્પ-વિસ્તારવાળા અંગોપાંગ ન રચાય તો શ્રુતનો બોધ વિશાળ સમુદ્રને તરવા જેવું કઠણ થઈ પડે.

ભાવના આ પ્રમાણે → ઉપરોક્ત અંગોપાંગાદિ ભેદથી શ્રુતના અર્થોનું નિરૂપણ ન કરાય તો અર્થનું અનંતપણું હોવાથી તથા ગ્રંથો અતિવિશાળ હોવાથી તેમાં શિષ્ય ખૂબ કઠિનાઈથી પ્રીતી બાંધી શકે. જેમ મહાસુમુદ્રને જોનારો માનવ 'આ સમુદ્રને હાથ વડે તરી જાઉં 'એવી ઈચ્છા કરતો નથી. કદાચ

१. 'राङ्गादीनि मु.(खं,भां)। २. 'मिताविशि' मु.(खं,भा)। ३. रुपस्य राA.। ४. लघ्वीनदीत्यर्थः चा।

**भा० एतेन [1]पूर्वाणि वस्तूनि प्राभृतानि प्राभृतप्राभृतानि अध्ययनान्युद्देशाश्च व्याख्याताः।।**

**अथ** पूर्वादिरचना किमर्था इत्येवमाशङ्कयेत ?। **उच्यते**– तत्रापि नान्यत् करणे प्रयोजनमस्ति, किन्त्वेतदेव, तदाह- **एतेने**त्यादि। एतेनाङ्गोपाङ्गभेदप्रयोजनेन सुखग्रहणादिना **पूर्वाणि** दृष्टिपातान्तःपातीनि पूर्वं प्रणयनात्, **वस्तूनि**=पूर्वस्यैवांशोऽल्पः वस्तुनः **प्राभृत**मल्पतरं, प्राभृतात् **प्राभृतप्राभृत**मल्पतरं, ततोऽ**ध्ययनं** ग्रन्थतोऽल्पतरं, तत **उद्देशको**ऽल्पतर इति। **व्याख्याताानी**ति। सुखग्रहणादि यदेवाङ्गोपाङ्गादिकरणे फलं तदेवात्रापीति।।

सम्प्रत्येवं मन्यते परः-श्रुतज्ञानस्य द्विविधादिकरणे सूक्तमनेन प्रयोजनं, यदुक्तं मया– कः पुनर्मतिज्ञान-श्रुतज्ञानयोर्विशेष इति, तत्रानेन साम्प्रतार्थग्राहि मतिज्ञानं त्रिकालविषयं तु श्रुतज्ञानमित्ययं विशेषो दर्शितः, तत्रैतावताऽप्यपरितुष्यन् विषयकृतं च साम्यमुभयोरस्तीति मन्यमानः अत्रावसरे

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- આ અંગોપાંગ(ની રચનાનું પ્રયોજન) કહેવા થકી પૂર્વો, વસ્તુઓ, પ્રાભૃતો, પ્રાભૃત-પ્રાભૃતો, અધ્યયન અને ઉદ્દેશાઓ(ની રચનાનું પ્રયોજન)ની પણ વ્યાખ્યા કરાઈ.**

તરવા તત્પર બને તો વચ્ચે જ તેનો રસ ભાંગી પડે. જો સરોવરાદિ હોય તો હજુ તરી શકે. એ જ રીતે મહાન એવી ગ્રંથરાશિ જો અંગોપાંગાદિ રૂપે પ્રવિભક્ત કરવામાં આવે તો નાની નદી અને તળાવને તરવાની જેમ ગ્રંથ અધ્યયન સુગમ બની જાય. તેથી અંગોપાંગાદિની રચના સાર્થક છે, અને જરૂરી છે.

<u>શંકા</u> :- માની લીધું કે આ અંગોપાંગની રચના પ્રયોજનસહિતની આવશ્યક છે પણ પૂર્વ આદિ રચના શા માટે કરાઈ ?

<u>સમાધાન</u> :- પૂર્વ રચવામાંય બીજું કોઈ પ્રયોજન નથી પણ આ જ પ્રયોજન છે. અર્થાત્ અંગોપાંગ રચવાનું પ્રયોજન જેમ શિષ્યોને સુખપૂર્વક ગ્રહણાદિ થઈ શકે તે છે. તેમ પૂર્વો કે જે દૃષ્ટિવાદની અંતર્ગત છે તેની પણ રચના તે વખતના શિષ્યોને સુખેથી ગ્રહણાદિ થઈ શકે તે માટે જ છે. પૂર્વાદિમાં આદિ થી 'વસ્તુ', 'પ્રાભૃત', 'પ્રાભૃતપ્રાભૃત', અધ્યયનો અને ઉદ્દેશાઓનું ગ્રહણ કરવું. પૂર્વનો એક અલ્પ અંશ તે વસ્તુ, અલ્પતર અંશ તે પ્રાભૃત, પ્રાભૃત થકી અલ્પ તે પ્રાભૃત-પ્રાભૃત, વળી તે (પ્રાભૃતપ્રાભૃત) ગ્રંથ કરતાં અધ્યયન નાનું હોય અને ઉદ્દેશો એ અધ્યયન કરતાં ય અલ્પતર છે. સારાંશ એ કે અંગોપાંગનું પ્રયોજન કહીને પૂર્વથી માંડી ઉદ્દેશાઓના પ્રયોજન વિશે પણ વ્યાખ્યા કરી દીધી છે. અર્થાત્ જે ફળ અંગોપાંગોનું છે તે જ ફળ પૂર્વાદિનું પણ છે તેમ સમજવું.

હવે કરાતા પ્રશ્ન(પ્રશ્નકાર)ની પૂર્વભૂમિકા → શ્રુતના અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એમ દ્વિવિધ ઈત્યાદિ ભેદ કરવા અંગેનું પ્રયોજન અત્યાર સુધીમાં સારી રીતે ગ્રંથકાર વડે કહેવાયું. વળી મારા વડે જે પૂછાયું હતું કે મતિ-શ્રુતજ્ઞાનમાં વિશેષ અંતર શું છે ? તેના જવાબમાં ય વર્તમાન અર્થગ્રાહી

१. तत्रैवाऽपरि राA. ।

**भा॰ अत्राह- मति-श्रुतयोस्तुल्यविषयत्वं, वक्ष्यति। द्रव्येष्वसर्वपर्यायेषु (१-२७) इति। तस्मादेकत्वमेवास्त्विति। अत्रोच्यते- उक्तमेतत् साम्प्रतकालविषयं मतिज्ञानं, श्रुतज्ञानं तु त्रिकालविषयं, विशुद्धतरं चेति[1]।**

ब्रवीति-**मति-श्रुतयोरु**क्तस्वरूपयो**स्तुल्यविषयत्वम**[2]भिन्नग्राह्यता सा च वक्ष्यते इहैवोत्तरत्र, तस्य वक्ष्यमाणस्य सूत्रस्यैकदेशमुपन्यस्यति-**द्रव्येष्वसर्वपर्यायेषु इति**।।

सर्वेषु धर्मादिद्रव्येष्वसर्वपर्यायेषु मति-श्रुतयोः प्रवृत्तिर्निबन्ध इति **तस्माद्**=विषयादेकरूपात् **एकत्वमेव** मति-श्रुतयोर्भवतु, न भेद इति। **अत्रोच्यते**— **उक्तमेतदि**ति भेदप्रयोजनं पुरस्तात्, तदेवोद्घट्टयति-▲**साम्प्रते**त्यादिना▲ वर्तमानकालविषयं=वर्तमानमर्थमालम्बते **मतिज्ञानम्**, **श्रुतज्ञानं** पुन**स्त्रिकालविषयं**=त्रैकालिकमर्थमालम्बते, **विशुद्धतरं च**, व्यवहित-विप्रकृष्टानेकसूक्ष्माद्यर्थग्राहित्वाद् विशुद्धतरमित्युच्यते,

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- મતિ-શ્રુતની તુલ્ય વિષયતા "દ્રવ્યમાં અને અસર્વ પર્યાયમાં છે" એ વાત અ.૧.સૂ.૨૭ માં કહેવાશે, તેથી વિષયોની અપેક્ષાએ મતિ-શ્રુત એક જ હોવા જોઈએ ?**

**<u>જવાબ</u> :- વર્તમાન કાળના વિષયવાળું મતિજ્ઞાન છે. અને શ્રુતજ્ઞાન એ ત્રિકાળ વિષયક તેમજ વધુ વિશુદ્ધ છે તેમ પૂર્વે કહેવાઇ ગયું છે.**

મતિ તેમજ ત્રિકાળ વિષયગ્રાહી શ્રુતજ્ઞાન છે. એવો ભેદ, વિશેષ પણ ગ્રંથકારે દર્શાવી દીધો છે છતાં બન્નેમાં વિષયકૃત સામ્યતા તો રહી જ છે" એ વિચાર પ્રશ્નકારનો છે. તેથી આટલા જવાબોથી પણ અસંતુષ્ટ એવો તે પ્રશ્નકાર 'બન્ને જ્ઞાનોમાં વિષયકૃત સામ્ય તો રહેલું જ છે' એવું માનતો અત્યારે પ્રશ્ન કરે છે <u>પ્રશ્ન</u> :- ઉક્ત સ્વરૂપવાળા મતિ-શ્રુતમાં તુલ્ય વિષયતા છે આ બાબત જો કે હજુ સુધી કહેવાઈ નથી. પણ આજ અધ્યયનના ૨૭મા સૂત્રમાં આ વાત સ્પષ્ટ કરાશે. તે વાતનો એક દેશનો ઉપન્યાસ કરાય છે. તે આ પ્રમાણે કે :- મતિ અને શ્રુત બન્નેની ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યોમાં તથા અસર્વ (થોડા) પર્યાયોમાં પ્રવૃત્તિ = વિષયવ્યાપાર છે. આ રીતે બન્નેના વિષયમાં સમાનતા હોવાથી મતિ-શ્રુતમાં એકત્વ જ રહો ! ભેદ નહીં, આનો જવાબ આપતાં ભાષ્યકારશ્રી નીચે મુજબ કહે છે.

### ❋ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચેની ભેદરેખા ❋

<u>જવાબ</u> :- મતિશ્રુતમાં ભેદનું પ્રયોજન પૂર્વે જે કહેવાયું તેને જ સ્પષ્ટ કરતાં અહીં કહેવાય છે કે- મતિજ્ઞાન એ વર્તમાનકાલવિષયક છે અર્થાત્ વર્તમાન અર્થનું આલમ્બન લે છે. જ્યારે શ્રુતજ્ઞાન તો ત્રણે કાળ સમ્બન્ધિ વસ્તુને'જાણે છે તેમજ વ્યવહિત (આંતરાવાળા) દૂર રહેલાં પદાર્થો અને અનેક સૂક્ષ્માદિ અર્થોનો ગ્રાહક હોવાથી આ શ્રુતજ્ઞાન મતિજ્ઞાન કરતાં વધુ વિશુદ્ધ છે તેમ કહેવાય-છે. વળી બીજો ભેદ આ પણ છે કે- મતિજ્ઞાન એ સ્પર્શાદિ ઈન્દ્રિય અને મન તથા ઓઘજ્ઞાનરૂપ અનિન્દ્રિયને

१. च। मु. (को)। २. 'मभिजग्राह, नासावाचक्ष्यते मु.(राA)। ▲....▲. एतच्चिह्नितपाठो मु. प्रतौ न दृष्टः (खं,भां)।

**भा० किंचान्यत्। मतिज्ञानमिन्द्रियानिन्द्रियनिमित्तम्, आत्मनो[1] ज्ञस्वाभाव्यात् पारिणामिकं, श्रुतज्ञानं तु तत्पूर्वकमाप्तोपदेशाद् भवतीति।।२०।। अत्राह- उक्तं[2] श्रुतज्ञानम्। अथावधिज्ञानं किमिति। अत्रोच्यते-**

**किंचान्यदिति**। तथा अयमपरस्तयोर्विशेषः-**मतिज्ञानमिन्द्रियाणि**=स्पर्शनादीनि, **अनिन्द्रियं**=मन ओघज्ञानं च **निमित्तमु**रीकृत्य प्रवर्तते, **आत्मनो**=जीवस्य **ज्ञस्वाभाव्यादिति**। जानातीति ज्ञः, ज्ञत्वमेव स्वाभाव्यं ज्ञस्वाभाव्यमात्मरूपता, तस्मात् ज्ञस्वाभाव्यादिति। **पारिणामिकमिति** सर्वकालवर्ति, न कदाचित् संसारे, पर्यटत एतद् भ्रष्टम्, यतो '**निगोदजीवानामपि [3]अक्षरस्यानन्तभागो नित्योद्घाट**' इत्यागमः अतः पारिणामिकम्। **श्रुतज्ञानं** पुनर्नैवं सर्वदा जीवस्य भवति, यतस्त**त्पूर्वकम्**, मतिज्ञाने सति भवति नासतीत्यर्थः। तत्पूर्वकत्वेऽपि च सत्युपदेशमपेक्षते, यत **आप्तोपदेशाद् भवतीति**, आप्ताः = रागादिविवर्जिताः अर्हदादयः **तेभ्य** उपदेशो वचनं, तद्वचनमपेक्ष्य ग्रन्थानुसारि श्रुतज्ञानमुदेतीत्यर्थः। तस्मादेकं नित्यमपरं चानित्यमिति स्थापितम्।।२०।।

अत्रावसरे नोदक आह— प्रतिपादितं **श्रुतज्ञानं** भवद्भिः, [4]अस्मादनन्तरं **यदवधिज्ञानं** पुरस्तान्नि-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- વળી બીજું એ કે મતિજ્ઞાન ઈન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્તવાળુ હોઈ આત્માના જ્ઞ-સ્વભાવથી આ મતિજ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી પારિણામિક છે. શ્રુત જ્ઞાન તો મતિપૂર્વક છે અને આપ્તોપદેશથી ઉત્પન્ન થાય છે. ॥૨૦॥ <u>પ્રશ્ન</u> :- આ પ્રમાણે શ્રુત કહેવાઈ ગયું. હવે એ કહો કે અવધિજ્ઞાન શું છે ? 'તે હમણાં કહીએ છીએ'**

આશ્રયી પ્રવર્તન થનારું છે. કારણ કે આત્મા પોતે 'જ્ઞ' સ્વભાવવાળો છે. જાણે તે 'જ્ઞ', 'જ્ઞત્વ' = જાણવાનો સ્વભાવ. આવો સ્વભાવ છે જેનો તે જ્ઞ-સ્વાભાવી આત્મા, આ જ્ઞ-સ્વાભાવ પારિણામિક છે. અર્થાત્ આત્મામાં સદાપરિણમેલો-સર્વકાળવર્તી છે. એવું ક્યારેય બન્યું નથી કે સંસારમાં પર્યટન કરતો જીવ 'જ્ઞાન'થી અત્યંત મુક્ત (ભ્રષ્ટ) થયો હોય. કારણ કે નંદીસૂત્ર આગમમાં કહ્યું છે કે → **"નિગોદ-જીવોને પણ અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો જ હોય છે."** આ પ્રમાણેના આગમવચન હોવાથી આ મતિજ્ઞાન પારિણામિક (સર્વકાળવર્તિ) છે, જ્યારે શ્રુતજ્ઞાન જીવમાં સર્વકાળ નથી હોતું. કારણ કે આ શ્રુતજ્ઞાન તો મતિજ્ઞાન હોય તો જ સંભવે. મતિજ્ઞાનના અભાવમાં ન સંભવે. વળી મતિજ્ઞાનપૂર્વકનું હોવા સાથે આ શ્રુતજ્ઞાન ઉપદેશની અપેક્ષા પણ રાખે છે. કારણ કે આપ્તોપદેશથી આ શ્રુત થાય.

આપ્ત એટલે રાગ દ્વેષથી રહિત અરિહંતાદિ. આ અરિહંતાદિ થકી અપાતો ઉપદેશ અર્થાત્ તેમના વચનો તે આપ્તોપદેશ. આ વચનને આશ્રયી ગ્રંથાનુસારી એવા શ્રુતજ્ઞાનનો ઉદય થાય છે. આ રીતે વિચારતાં એ નક્કી થયું કે મતિ એ નિત્ય=સદાકાળવર્તિ છે, અને શ્રુત એ અનિત્ય છે. ॥૨૦॥

१. 'मने मु(को)। २. कियदस्यानन्तरमुद्दिष्टमिति राA.। ३. 'सव्वजीवाणंपि य णं अक्खरस्स अणंत भागो निच्चुग्घाडितओ जति पुण सो विआविज्जा तेण जीवो अजीवत्तं पावेज्जा।।' (नन्दी०सू०७५) ४. अथास्मा° पाA.।

**सूत्रम्- द्विविधोऽवधिः ॥१-२१॥**

**भा० भवप्रत्ययः, क्षयोपशमनिमित्तश्च॥२१॥**

रदिक्षद् भवान् किंलक्षणं=किंस्वरूपं तदित्याह—

**द्विविधोऽवधिः** द्वे विधे-द्वौ भेदौ यस्य स द्विविधः। तावेव द्वौ भेदौ दर्शयति- **भवप्रत्यय** इत्यादिना॥ **ननु** च लक्षणे पृष्टे भेदकथनमन्याय्यम्, आम्रप्रश्ने 卐कोविदारकथनवदप्रस्तावापास्तमिति? **उच्यते**— तदेव लक्षणं भेदद्वयकथनेन निरूप्यते इति न किञ्चिद् दुष्यति, भवेन=देवनारकाख्येन तल्लक्ष्यतेऽतो भवो लक्षणं ज्ञानं पुनर्लक्ष्यं भवतीति, तथा क्षयोपशमो लक्षणं ज्ञानं तु लक्ष्यम्।

एतदुक्तं भवति— भव-क्षयोपशमाभ्यां लक्ष्यमाणो द्विविधोऽवधिरिति नान्यत् किंचन कथ्यते, भवन्ति- वर्तन्ते कर्मवशवर्तिनो[१] जन्तव इत्यस्मिन् भवो देवात्मतया यत्र स्थाने शरीरमाददते जीवाः स भवः नारकात्मतया च, प्रत्ययो निमित्तं कारणमिति, भवः प्रत्ययो यस्य स **भवप्रत्ययः**। अवश्यं ह्युत्पन्नमात्रस्यैव देवस्य नारकस्य वा सोऽवधिरुद्भवति, एतावता स भवप्रत्यय इत्यभिधीयते,

• *હેમગિરા* •

<u>સૂત્રાર્થ</u> :- **અવધિ બે પ્રકારે છે. ॥૧-૨૧॥**

<u>ભાષ્યાર્થ</u> :- **ભવ પ્રત્યયવાળું અને ક્ષયોપશમના નિમિત્તવાળું એમ બે ભેદે અવધિજ્ઞાન છે. ॥૨૧॥**

આ અવસરે શંકાકાર પૂછે છે, આપે શ્રુતજ્ઞાનનું પ્રતિપાદન કર્યું. હવે એ કહો કે પૂર્વસૂત્ર (૯)ના ક્રમમાં આ શ્રુત પછી તરત જે અવધિજ્ઞાન કહ્યું હતું તે અવધિજ્ઞાનનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ શું છે ?

<u>જવાબ</u> :- તે જણાવતાં બારમાં સૂત્રને કહે છે :- બે ભેદ છે જેના તેવું આ અવધિજ્ઞાન છે. તે જ બે ભેદને ભાષ્યકાર દર્શાવે છે.

### ❋ ભેદના નિરૂપણ વડે લક્ષણનું કથન ❋

<u>પ્રશ્ન</u> :- અવધિના લક્ષણની પૃચ્છામાં ઉત્તર તરીકે તેના ભેદ કહેવા તે અન્યાય છે. કેરીની બાબતમાં પ્રશ્ન કરાયો હોય અને તેના જવાબમાં કોવિદાર (લાલ પુષ્પની જાતિ વિશેષ)નું કથન જેમ અપ્રસ્તુત-અનુચિત ગણાય છે તેમ તમારું આ ભેદ કથન અનુચિત છે.

<u>ઉત્તર</u> :- અવધિના બે ભેદનું નિરૂપણ કરવા થકી તે જ લક્ષણને અમે કહેવાના છીએ તેથી કોઈ દોષ નથી. દેવ-નારક નામવાળા ભવથી અવધિજ્ઞાન ઓળખાય છે માટે (જેમ '**सास्नादिमत्त्व**'થી ગાય ઓળખાય માટે તે **सास्ना** એ ગાયનું લક્ષણ કહેવાય તે રીતે અહીંયા પણ સમજવું). ભવ એ લક્ષણ છે. અને અવધિ જ્ઞાન એ લક્ષ્ય છે. એ જ રીતે ક્ષયોપશમ એ લક્ષણ છે અને અવધિ જ્ઞાન લક્ષ્ય છે. આશય એ છે કે ભવ અને ક્ષયોપશમ વડે ઓળખાતું (લક્ષ્ય કરાતું) આ દ્વિવિધ અવધિ છે. એમ કહીને અમે લક્ષણ સિવાય અન્ય કાંઈ નથી કહ્યું. 'ભવ' શબ્દની વ્યાખ્યા → 'કર્મવશે જીવો જેમાં હોય/રહે તે ભવ' દેવાત્મા તરીકે અથવા નરકાત્મા તરીકે જે સ્થાનમાં જીવો શરીર ગ્રહણ કરે તે ભવ. એવો ભવ જે અવધિજ્ઞાનમાં નિમિત્તકારણ

१. कर्मवर्तिनो मु.(खं,भां)। 卐. कोविदारश्च मरिकः, कुद्दालो युगपत्रकः। कुण्डली ताम्रपुष्पश्चा-श्मतकस्वल्पकेशरी। (भावप्रकाश निघंटु गुडूच्यादिवर्ग पृ.३३७)

## सूत्रम्- तत्र भवप्रत्ययो नारक-देवानाम्।।१-२२।।

तद्भावे भावात् तदभावे चाभावादिति। ^T मुख्यं तु कारणं तस्याप्यवधेः क्षयोपशम एव, न ह्यवधिज्ञान-दर्शनावरणीयस्य कर्मणः क्षयोपशममपहाय देव-नारकाणामवधेरुत्पत्तिरस्तीति, तस्यैव तु क्षयोपशमस्य स भवो निमित्ततां बिभर्ति कारणकारणत्वात्[1], देव-नारकावधिर्निमित्ती, तस्य कारणं क्षयोपशमः, क्षयोपशमस्य कारणं भव इति। अशुद्धनयमतेन च कारणकारणमपि कारणं भण्यते। एवं भवस्य प्रत्ययता क्षयोपशमनिमित्तता[2] चेति, यदा अवधिज्ञान-दर्शनावरणीयकर्मणां क्षयः=परिशाटः संजातो भवत्युदितानामनुदितानां चोपशमः=उदयविघातलक्षणः संवृत्तो भवति स उपशमस्ताभ्यां क्षयोपशमाभ्यां कारणभूताभ्यां य उदेति स **क्षयोपशमनिमित्त** इति मनुष्याणां तिरश्चां चेति।।२१।।

**तत्रेति** तयोरुद्घट्टितयोर्द्वयोराद्यस्तावदुच्यते, तमाह- ^T **भवप्रत्ययो**ऽवधिः**नारक-देवानाम्**। नारक-देवा-

● *હેમગિરા* ●

<u>સુત્રાર્થ</u> :- **આ બે પ્રકારના અવધિજ્ઞાનોમાં દેવ અને નારકોને ભવ પ્રત્યય અવધિ હોય ॥૨૨॥**

હોય તે ભવ પ્રત્યય અવધિજ્ઞાન કહેવાય. પ્રત્યય, નિમિત્ત, કારણ આ ત્રણે એકાર્થક શબ્દ છે. દેવ કે નારકમાં ઉત્પન્ન થતાંની સાથે જીવને અવશ્ય આ અવધિજ્ઞાન થાય જ. તેથી આ અવધિ જ્ઞાન ભવપ્રત્યય કહેવાય. અર્થાત્ દેવ કે નારક ભવ હોય તો ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય જ અને જો આ બે ભવ ન હોય તો ભવપ્રત્યય અવધિજ્ઞાન ન જ હોય.

### ❋ ક્ષયોપશમ તો કારણ છે જ ❋

પરંતુ મુખ્ય રીતે જોતાં તો આ ભવપ્રત્યય અવધિજ્ઞાનનું પણ કારણ (અન્યજ્ઞાનોની જેમ) ક્ષયોપશમ જ છે. કારણ કે દેવ-નારકને પણ અવધિ દર્શનાવરણીય અને અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ સિવાય અવધિજ્ઞાન કે અવધિદર્શનની પ્રાપ્તિ ન થઈ શકે. પરંતુ તે જ ક્ષયોપશમનું ભવ એ કારણ હોવાથી નિમિત્તતા (નિમિત્ત કારણના વ્યપદેશ)ને ધારણ કરે છે. કારણ કે ભવ એ અવધિજ્ઞાનના કારણ (ક્ષયોપશમ)નું કારણ છે. તેથી દેવ અને નારકોનું અવધિજ્ઞાન ભવના 'નિમિત્તવાળું' ગણાય છે. ભાવાર્થએ છે કે અવધિનું કારણ છે ક્ષયોપશમ અને ક્ષયોપશમનું કારણ છે ભવ. અશુદ્ધ (વ્યવહાર)નયના મતે કારણનું જે કારણ તે પણ કારણ તરીકે કહેવાય. તે અપેક્ષાએ'ભવ' કારણ બને આ પ્રમાણે અવધિજ્ઞાનમાં ભવની પ્રત્યયતા = પ્રાપ્તિરુપ કારણતા અને ક્ષયોપશમની નિમિત્તતા છે. અર્થાત્ બન્ને કારણો છે.

ઉદયમાં આવેલ(ઉદિત) અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય કર્મનો વિનાશ તેનું નામ ક્ષય અને અનુદિતનો ઉપશમ અર્થાત્ કર્મોદયનો વિઘાત તે ઉપશમ.આ ક્ષય અને ઉપશમ અર્થાત્ ક્ષયોપશમથી જે અવધિજ્ઞાનનો ઉદય થાય તે ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કહેવાય. આવું ક્ષયોપશમ-માત્રના નિમિત્તવાળું અવધિ-જ્ઞાન મનુષ્ય અને તિર્યંચોને હોય છે. (૨૧) ઉપર કહેલા

१. कारणत्वात्, मु.पा.(खं,भां)। २. °मित्तताश्चेति, राB / °मित्तश्चेति खं.राA । T. परि.५ टि.२८,२९।

**भा० नाराकाणां देवानां च यथास्वं भवप्रत्ययमवधिज्ञानं भवति। भवप्रत्ययं भवहेतुकं भवनिमित्तमित्यर्थः। तेषां हि भवोत्पत्तिरेव* तस्य हेतुर्भवति,**

नामित्यमुमवयवं विवृणोति- **नारकाणामि**त्यादिना। नरकाः=शर्करासन्निविष्टोष्ट्रिकाकृतयः तेषु भवाः अतिप्रकृष्टदुःखोपेताः प्राणिनो नारकाः, **देवा**=भवनपत्यादयः शुभकर्मफलभुजः तेषाम्।

**यथास्वमिति**। यस्य यस्यात्मीयं यद्यदित्यर्थः। तद् यथा- रत्नप्रभापृथिवीनरकनिवासिनां ये सर्वोपरि तेषां अन्यादृशम्, ये तु तेभ्योऽधस्तात् तेषां तस्यामेवावनावन्यादृक् प्रस्तरापेक्षयेति। एवं सर्वपृथिवीनारकाणां यथास्वमित्येतन्नेयम्। देवानामपि यद् यस्य सम्भवति तच्च यथास्वमिति विज्ञेयम्, **भवप्रत्ययं**=भवकारणं अधोऽधो विस्तृतविषय**मवधिज्ञानं भवति**। प्रत्यय शब्दश्च विज्ञाने प्रसिद्ध इत्यतोऽर्थान्तरवृत्तितां दर्शयति-**भवप्रत्ययं भवहेतुकं** भवति। **भवनिमित्तमिति**, भवः प्रत्ययो=हेतुर्निमित्त-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- નારક અને દેવોને પોતપોતાને યોગ્ય ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે. ભવ પ્રત્યય એટલે ભવહેતુક. અર્થાત્ ભવનિમિત્ત. તે દેવ-નારકોને અવધિજ્ઞાનમાં 'ભવોત્પત્તિ' જ કારણ બને છે.**

બે અવધિજ્ઞાનમાંથી પ્રથમ ભેદને જણાવતાં સૂત્રમાં કહ્યું કે ભવપ્રત્યય અવધિજ્ઞાન નારક અને દેવોને હોય છે. આ 'નારક' અને 'દેવ' શબ્દો વિવરણ કરતાં કહે છે.

**નરક** :- તીક્ષ્ણ કાંકરાઓથી ભરેલ ઉષ્ટ્રિકા (ભાજન વિશેષ)ના આકારવાળા સ્થાનો. એવા સ્થાનો = નરકવાસોમાં ઉત્પન્ન થનાર અતિ ઘનઘોર દુઃખોથી યુક્ત પ્રાણીઓ નારક કહેવાય.

**દેવ** :- શુભકર્મફળના ભોગી તેવા ભવનપતિ આદિ દેવો.

આ દેવો અને નારકોને યથાયોગ્ય ભવ પ્રત્યય અવધિજ્ઞાન હોય. તે આ પ્રમાણે :- પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના જે સર્વોપરિ પ્રસ્તરમાં રહેનારા જીવો છે. તેનું અવધિજ્ઞાન અન્ય કક્ષાનું હોય છે. આના કરતાં નીચે-નીચેના પ્રસ્તરોમાં અન્ય અન્ય કક્ષાનું અવધિજ્ઞાન હોય છે. આ પ્રમાણે સર્વ પૃથ્વીમાં યથાસ્વં (પોતપોતાની ભૂમિકાને અનુરૂપ) અવધિજ્ઞાન હોય છે. દેવમાં પણ જેને જે અવધિજ્ઞાન સંભવતું હોય તેને તે યથાયોગ્ય સમજી લેવું. અને નીચે નીચેના વિષય જેમાં વિસ્તૃત (પૂર્વોક્ત અનુતરાદિ દેવોની અપેક્ષાએ) છે તે અવધિ જ્ઞાન. 'પ્રત્યય' શબ્દ એ વિજ્ઞાનના અર્થમાં પ્રસિદ્ધ છે. પણ પ્રસ્તુતમાં તેવો અર્થ નથી લેવાનો તેથી અન્ય અર્થ જણાવતાં કહે છે કે- પ્રત્યયનો અર્થ હેતુ અથવા નિમિત્ત સમજવો. ભવ છે હેતુ જેમાં અથવા નિમિત્ત છે જેમાં તે ભવપ્રત્યય (અવધિજ્ઞાન) કહેવાય.

<u>શંકા</u> :- બીજા અધ્યાયના પાંચમાં સૂત્રમાં ક્ષયોપશમભાવના ૧૮ પ્રકારોનું પ્રતિપાદન કરતાં કહેવાશે કે- "ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન રુપ લબ્ધિઓ વગેરે જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી જન્ય હોવાને લીધે ક્ષયોપશમિક ભાવ રુપ છે" અર્થાત્ ત્રણ જ્ઞાન ક્ષયોપશમથી જન્ય હોવાથી ક્ષયોપશમ નિમિત્તક છે, કારણ છે, એમ આપ આગળ કહેવાના છો તો અત્યારે ઔદાયિકભાવરુપ ભવને આ અવધિજ્ઞાનના નિમિત્ત તરીકે શા માટે કહો છો ?

१. भवनिमित्तं भवहेतुमित्यर्थः पाB.लि.। २. नारकाः मु.प्रा. नारकान्तःशर्क° राA.पा.(खं,भां)। ३. °कर्मभुजः मु.(खं,भां)।
*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૭

**भा० पक्षिणामाकाशगमनवत्, न शिक्षा न तप इति।।२२।।**

मस्य तद्भवप्रत्ययमिति।। **ननु** च क्षयोपशमनिमित्ततां [1]ज्ञानाज्ञानादिसूत्रे कथयिष्यति, [2]भवान्, अवधेः कथमौदयिको भवोऽस्य निमित्तमिति?।

**उच्यते**– [3]तस्मिन्नेव क्षयोपशमलब्धेरवश्यंभावादित्युक्तं किं विस्मार्यते भवता? एतदाह **तेषामि**त्यादिना। **तेषां**=नारकदेवानां यस्मान्नारकदेव**भवोत्पत्ति**लाभ एवं तस्य अवधिज्ञानस्य **हेतुः**=कारणं **भवती**ति। **भवोत्पत्तिरेवे**ति च नियम एव दृश्यो विद्यमानमपि क्षयोपशममनङ्गीकृत्य यदेव क्षयोपशमस्य कारणमसाधारणं तत्रैवादरमादधान एवमुक्तवान्- **भवोत्पत्तिरेवे**ति, न पुनर्भव एवास्य निमित्तमिति, क्षयोपशमस्याप्याश्रितत्वादिति। यथा वाऽन्यत्रापि भव एव केवलो निमित्तं भवति कस्यचित् कार्यविशेषस्य तथा दर्शयति-पक्षिणा**मित्यादिना**। **पक्षिणां**=मयूरशुकसारिकादीनां यथा **आकाशगमन**-शक्तिः प्रादुर्भवति **शिक्षां**=अन्योपदेशरूपां **तपश्च**=अनशनादिरूपमन्तरेण तद्वन्नारकदेवानां शिक्षां तपश्चान्तरेण तदवधिज्ञानं प्रादुरस्तीति।।२२।।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- જેમ પક્ષીઓને આકાશ-ગમનની શક્તિ જન્મતાંની સાથે સહજ મળી જાય છે તેમ દેવ-નારકને ઉત્પન્ન થતાંની સાથે જ સહજમાં અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. કોઈ શિક્ષણ લેવાની કે તપ તપવાની અહીં જરૂર નથી પડતી. ॥૨૨॥**

**<u>સમાધાન</u>** :- એ તમે કેમ ભૂલો છો કે દેવ-નારક ભવોમાં આવી ક્ષયોપશમની લબ્ધિ અવશ્ય થાય જ છે. આજ વાતને ભાષ્યમાં '**तेषां**' ઈત્યાદિ પદોથી જણાવી છે તે આ મુજબ કે નારકો અને દેવોને ભવની પ્રાપ્તિ રુપ લાભ જ અવધિ માટે હેતુ બને છે તેથી ભવોત્પત્તિ જ આમાં મહત્ત્વનું કારણ છે આ બે ભવો મળતાં નિયમા એવો ક્ષયોપશમ થાય જ કે જેથી અવધિ ઉત્પન્ન થાય. તેથી જ તો વિદ્યમાન તેવા ક્ષયોપશમનો પણ અનંગીકાર (ગૌણતા) કરી, જેના લીધે આ ક્ષયોપશમ થયો છે, તેવા તે ક્ષયોપશમના અસાધારણ કારણરૂપ ભવની પ્રધાનતા દર્શાવતાં 'ભવ ઉત્પત્તિ જ કારણ છે' આ પ્રમાણે ભાષ્યમાં કહ્યું છે. જો કે આમાં માત્ર ભવ જ નિમિત્ત છે તેવું નથી પણ ક્ષયોપશમનો પણ કારણ તરીકે આશ્રય કરાયો છે જ અથવા તો (આજ વસ્તુને પુષ્ટ કરતા કહે છે) બીજા કેટલાક એવા કાર્યવિશેષ છે કે જેમાં 'ભવ' જ કારણ દેખાય છે. તે આ રીતે :- મોર, પોપટ, મેના વગેરેને જે રીતે આકાશમાં ઉડવાની શક્તિ અન્યના ઉપદેશરૂપ શિક્ષા વિના અને અનશનાદિ તપ વિના જ ઉત્પન્ન થાય છે. તેમ નારક અને દેવોને પણ શિક્ષા કે તપ વિના તે ભવની પ્રધાનતાએ જ અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. ॥૨૨॥

१. "ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः यथाक्रमं सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च ।।२-५।।" २. भवावधेः मु.(खं,भां)। ३. तस्मिन् भवे क्षयो" पा.।

**सूत्रम्- यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम्।।१-२३।।**

**भा० [1]यथोक्तनिमित्तः, क्षयोपशमनिमित्त इत्यर्थः। तदेतदवधिज्ञानं क्षयोपशमनिमित्तं षड्विधं भवति[1]।**

द्विविधोऽवधिरित्युक्तम्, तत्रैकं भेदं प्रतिपाद्य द्वितीयभेदं दर्शनयन्नाह- **यथोक्तमि**त्यादि। अथवा[2] यथा देव-नारकावधिर्भवं क्षयोपशमं चोभयमपेक्षते एवं किं क्षयोपशमजो[3]ऽपि अवश्यं मनुष्यादिभवे प्राप्ते भवत्येव उत नेति ?। **उच्यते**— न तत्र भवः सन्नपि कारणतयाऽभ्युपेयते, तद्भावेऽप्यभावाद-वधेः, किंतु क्षयोपशम एव प्राधान्येन निरूप्यते- **यथोक्तनिमित्त** इत्यादिना। **यथा**=येन प्रकारेण **उक्तं**=उदितं **निमित्तं**=हेतुरस्य स **यथोक्तनिमित्तः**।।

**ननु** भवोऽपि उदितं निमित्तं तस्येत्याशङ्क्य स्वयमेनं यथोक्तं निमित्तशब्दमुच्चार्यार्थं कथयति। **यथोक्तनिमित्त इति**। क उक्त एवं बुद्धिर्भवेत्?। **उच्यते**— एवं **क्षयोपशमनिमित्त इत्यर्थः**, क्षयश्चो-पशमश्च क्षयोपशमौ तौ निमित्तमस्य अत एवमभिधीयते क्षयोपशमनिमित्त इति, यथा सम्यग्दर्शनादि

*• હેમગિરા •*

**<u>સુત્રાર્થ</u> :- યથોક્ત નિમિત્તવાળું ૬ વિકલ્પવાળું અવધિજ્ઞાન શેષોને હોય છે. ॥૧-૨૩॥**

**<u>ભાષ્યાર્થ</u> :- યથોક્તનિમિત્ત એટલે ક્ષયોપશમનિમિત્ત એવો અર્થ કરવો. તે આ ક્ષયોપશમ-નિમિત્તવાળું અવધિજ્ઞાન છ પ્રકારે છે.**

<u>અવતરણિકા</u> :- અવધિજ્ઞાનમાં બે પ્રકાર કહ્યા, તેમાંથી પ્રથમ 'ભવપ્રત્યય' અવધિને કહીને. હવે બીજો ભેદ દર્શાવતાં ત્રેવીશમું સૂત્ર કહે છે. અથવા- બીજી રીતે અવતરણિકા કરવી → જેમ દેવ અને નારકોનું અવધિજ્ઞાન 'ભવ' અને 'ક્ષયોપશમ' બન્નેની અપેક્ષા રાખે છે. તેમ શું મનુષ્યાદિ ભવ પ્રાપ્ત થયે છતે આ ક્ષયોપશમજન્ય અવધિ (અવધિનો ક્ષોયપશમ) પણ અવશ્ય હોય જ છે કે નહીં?

<u>જવાબ</u> :- (મનુષ્યભવમાં ઉત્પન્ન થતાં અવધિજ્ઞાન હોય જ એવો નિયમ નથી) જો કદાચ ક્ષયોપશમજન્ય અવધિ થાય તો પણ ત્યાં માનવભવને કારણ તરીકે ન સ્વીકારાય. કારણ કે માનવભવ હોવાં છતાં ક્ષયોપશમજન્ય અવધિજ્ઞાન નથી પણ હોતું. તેથી મનુષ્ય અને તિર્યંચના અવધિજ્ઞાનમાં ક્ષયોપશમ જ પ્રધાન હેતુ છે, આજ વાતને ૨૩માં સૂત્રમાં બતાવી છે. શેષ મનુષ્યાદિને યથોચિત (અ.૨-સૂ.૮માં) કહેવાયેલ હેતુવાળુ અવધિ જ્ઞાન હોય છે.

<u>શંકા</u> :- પૂર્વ ૧/૨૨ સૂત્રમાં ભવને અવધિના નિમિત્ત તરીકે કહ્યું છે. તથા આગળ ૨/૩ સૂત્રમાં ક્ષયોપશમને પણ અવધિજ્ઞાનમાં નિમિત્ત કહ્યું છે. તો નિમિત્ત શબ્દથી ભવ અને ક્ષયોપશમ બન્નેનું ગ્રહણ થઈ શકશે. પણ માત્ર 'ભવ'ને કોઈ નિમિત્ત તરિકે ન માની બેસે, એથી આ આશંકા(દોષ)ને દૂર કરવા ભાષ્યકારે સ્વયં જ સૂત્રમાં જે '**यथोक्तनिमित्तः**' શબ્દનો ઉલ્લેખ કર્યો

१. 'शेषाणाम्' पाA.। २. 'वा देवनारकावधिर्यथा भवं पा.सं.। ३. 'शमोऽपि (खं.भा.सं.)। T. परि.५ टि.३०।

**भा० शेषाणामिति नारक-देवेभ्यः शेषाणां तिर्यग्योनिजानां मनुष्याणां च। अवधिज्ञानावरणीयस्य कर्मणः क्षयोपशमाभ्यां भवति षड्विधम्।**

क्षयोपशमनिमित्तं तद्वदेष इति। षडिति सङ्ख्येयप्रधानसङ्ख्याभिधायी, **विकल्प** इत्यनेकरूपं यत् कल्पनं यावत् स्थानैः = रूपैरित्यर्थः। षड्विकल्पा यस्य स षड्विकल्प इत्यवधिसम्बन्धे षड्विकल्पोऽवधिः पुल्लिङ्गः। यदा त्ववधिशब्दः प्रकृतस्य ज्ञानस्य विशेषणं भवति तदा नपुंसकलिङ्गता षड्विधमिति।

एतदाह- **तदेतदित्यादि**। तदिति पुरस्ताद् यदुक्तं, एतदिति भवतः प्रत्यक्षं, हृदि विपरिवर्तमानत्वात्, **अवधिज्ञानं क्षयोपशमजं**, नेतरत्, **षड्विधं भवति**, षड्विधक्षयोपशमसद्भावादित्यर्थः। केषां षोढा ? अत आह- **शेषाणाम्**। अस्य चार्थं विवृणोति-**शेषाणामि**त्यादिना शेषाणाम् = उपर्युक्तवर्जितानाम्, ते

• *હેમગિરા* •

**ભાષ્યાર્થ :- નારક અને દેવ સિવાયના શેષ તિર્યંચયોનિમાં ઉત્પન્ન થનારાઓને અને મનુષ્યોને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી છ પ્રકારના અવધિજ્ઞાન થાય છે.**

છે તેવા આ 'યથોક્તનિમિત્ત' શબ્દનો અર્થ શું થાય છે ?

જવાબ :- [1]યથોક્તનિમિત્ત પદનો અર્થ ક્ષયોપશમરૂપ નિમિત્ત સમજવો. અર્થાત્ ક્ષય અને ઉપશમ આ બે નિમિત્ત અવધિજ્ઞાન છે તેથી આ અવધિજ્ઞાન 'ક્ષયોપશમનિમિત્ત' કહેવાય છે. જેમ સમ્યગ્દર્શનાદિ (દર્શન મોહનીયાદિના) ક્ષયોપશમના નિમિત્તે થનારા છે તેમ આ અવધિજ્ઞાન પણ ક્ષયોપશમ નિમિત્તક છે. '**षड्**' પદ અવધિની મૂળ સંખ્યાનો વાચક છે અને '**विकल्पः**' પદથી તે તે સ્થાન કે પ્રકારો વડે અનેક રૂપતા (પ્રકારતા) અવધિની બતાવી છે. ૬ વિકલ્પવાળું અવધિ તે **षड्विकल्पः** આ પદનો '**अवधिः**' પદ સાથે અન્વય કરતા પુલિંગ પ્રયોગ સૂત્રમાં કર્યો છે. જો 'અવધિ' શબ્દ પ્રસ્તુત 'જ્ઞાન' શબ્દનું વિશેષણ બને તો નપુંસકલિંગ '**षड्विधम्**' એવો પ્રયોગ થાય આને જણાવતાં '**तदेतद्**' ઇત્યાદિ પદો કહે છે.

'**तद्**' = પ્રસ્તુતમાં જે વિષય ચાલી રહ્યો છે તેનું અને '**एतद्**' પદ એ શ્રોતાગણને જે આ વિષય પ્રત્યક્ષ છે તેનો સૂચક છે. કારણ કે શ્રોતાગણના હૃદયમાં હમણાં કહેવાયેલ (અવધિજ્ઞાનનો વિષય) સ્ફુરાયમાન છે. તેમ સ્ફૂરાયમાન હોવા તરીકે એ અવધિના વિષયને અહીં દર્શાવ્યો છે. તે આ ક્ષયોપશમજન્ય અવધિજ્ઞાન '૬' પ્રકારે છે, બીજુ (ભવપ્રત્યય અવધિજ્ઞાન) નહિં, કારણ કે આ ક્ષયોપશમજન્ય અવધિજ્ઞાનમાં જ '૬' પ્રકારના ક્ષયોપશમ સંભવે છે. આ છ પ્રકાર કોને

૧. ૨/૫ સૂત્રમાં ૧૮ ક્ષયોપશમિક ભાવોનું નિદર્શન છે તેમાં નિર્દિષ્ટ અવધિજ્ઞાનરૂપ-લબ્ધિ, અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય. તેથી ત્યાં અવધિજ્ઞાનનું નિમિત્ત ક્ષયોપશમ કહેવાયુ છે. અને તેવા ક્ષયોપશમનિમિત્ત (અવધિજ્ઞાન)નો નિર્દેશ 'યથોક્તનિમિત્ત'થી કર્યો છે.

के चोपर्युक्ता? देवनारकाः तेभ्यो देवनारकेभ्यः शेषाणाम्, तद्वर्जाश्च नान्ये तिर्यङ्-मनुष्यानन्तरेण सन्तीत्याह-**तिर्यग्योनिजानां मनुष्याणां च**, तिरश्चां=गवादीनां योनिः=उत्पत्तिस्थानं गर्भादि तत्र जायन्त[1] इति तिर्यग्योनिजाः पञ्चेन्द्रियाः पर्याप्ताः संज्ञिनो ग्राह्याः, तेषामेव तेन योगात्, असंज्ञि-पञ्चेन्द्रियादीनां तु तदभावः, अतस्तेषां, मनुष्याणां च गर्भजादिविशिष्टानां, न तु संमूर्च्छजानामिति[2]।

**कथं** पुनरेकं सत् षड्विधमिति व्यपदिश्यते?। **आह**– उपाधिभेदात्। स चोपाधिः क्षयोपशमोऽनेकरूपः ज्ञानावरणीयकर्मण इत्येतद् दर्शयति- **ज्ञान**मवधिस्तस्या**वरणीयम्** = आच्छादकं भास्करस्येवाभ्रादि तस्य **ज्ञानावरणीयस्य** कालान्तरकृतस्य **कर्मणः क्षयोपशमाभ्यां** उक्तस्वरूपाभ्यां **षड्विधं भवति**, द्विवचनं चास्मात् क्षयोपशमाभ्यामित्येतत् क्रियते- यत उभावपि तस्य समुदितौ सन्तौ निमित्तं भवतः, नैकैक इति। यतो न क्षायिकं किञ्चिदवधिज्ञानं, नाप्यौप-शमिकं सिद्धान्ते पठितं, उभय[3]निमित्तं तूक्तम्। **तत्** षड्विधं यैः प्रकारैर्व्यवस्थितं तथोपन्यस्यति-

• *હેમગિરા* •

હોય ? આના જવાબમાં '**शेषाणाम्**' પદ છે. અર્થાત્ ઉપર કહેલાને છોડી શેષનું ગ્રહણ કરવું. ઉપર ભવપ્રત્યયમાં દેવ-નારકની વાત કરી હતી તેથી તેમને વર્જી શેષ તરીકે તિર્યંચ મનુષ્ય સિવાય કોઇ નથી, તેથી તેમનું જ ગ્રહણ કરવું. અર્થાત્ દેવ- નારક વર્જી શેષ તિર્યંચયોનિજ અને મનુષ્યોને આ છ પ્રકારે અવધિજ્ઞાન હોય છે.ગાય આદિ તિર્યંચોનું જે ગર્ભાદિ ઉત્પત્તિસ્થાન તે '**तिर्यग्योनि**' કહેવાય. આમાં જન્મ લેનાર '**तिर्यग्योनिज**' કહેવાય. 'યોનિજ' પદ લખવા દ્વારા પંચેન્દ્રિય પર્યાપ્તા સંજ્ઞીઓ જ અહીં ગ્રહણ કર્યા છે. કારણ કે તેઓને જ તે અવધિજ્ઞાન સંભવી શકે. પણ અસંજ્ઞી પંચેન્દ્રિયોમાં સંભવ નથી. આ યોનિજ શબ્દનો અર્થ મનુષ્યપક્ષે પણ લેવો. અર્થાત્ તે ગર્ભજાદિ વિશિષ્ટ મનુષ્યોને જ અવધિજ્ઞાન થાય સમ્મૂર્ચ્છિમને નહીં.

### * ક્ષયોપશમના વૈવિધ્યને લઈ અવધિના પ્રકાર *

<u>શંકા</u> :- અવધિજ્ઞાનનો તો એક જ છે તો આના છ પ્રકાર કઈ રીતે ?

<u>સમાધાન</u> :- ઉપાધિના ભેદથી છ પ્રકારે પડે છે. ઉપાધિ એટલે જ્ઞાનાવરણીય કર્મનો અનેકરૂપે થતો ક્ષયોપશમ. આને જ સમજાવતાં કહે છે કે- જેમ સૂર્યને વાદળા ઢાંકે તેમ આ અવધિજ્ઞાનને ઢાંકનારા અવધિજ્ઞાનાવરણીય કર્મો છે. જે કાળાન્તરે બાંધેલા હતા એવા આ કર્મોના ઉક્તસ્વરૂપવાળા ક્ષય અને ઉપશમની અપેક્ષાએ અવધિજ્ઞાનમાં છ ભેદો પડે. આ ક્ષયોપશમનું જે વૈવિધ્ય અર્થાત્ અનેકરૂપતા તે જ અહીં ઉપાધિરૂપ છે. જેને લઈને અવધિના છ ઔપાધિક ભેદો પડે છે. '**क्षयोपशमाभ्याम्**'માં દ્વિવચન લખવાનો હેતુ એ છે કે ક્ષય અને ઉપશમ ભેગા થઈને જ અવધિમાં નિમિત્ત થઈ શકે, કોઈ એકથી નહીં. કારણ કે ક્ષાયિક અવધિજ્ઞાન કે ઔપશમિક અવધિજ્ઞાન જેવું કોઈ જ્ઞાન શાસ્ત્રોમાં કહ્યું નથી. હા, આ બન્ને ભેગા એટલે ક્ષય + ઉપશમ = ક્ષયોપશમને નિમિત્ત જરૂર કહ્યા છે.

હવે આ ષડ્વિધ પ્રકાર જે રીતે થાય છે તે રીતે જણાવે છે. :- અનાનુગામિક ઇત્યાદિ

१. जन्यन्ते मु.(खं,भां)। २. च्र्छनजा° खं.भां.। ३. 'उभय' पाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)।

**भा० तद्यथा- अनानुगामिकं, आनुगामिकं हीयमानकं, वर्धमानकं, अनवस्थितं, अवस्थितमिति। तत्रानानुगामिकं यत्र क्षेत्रे स्थितस्योत्पन्नं ततः प्रच्युतस्य प्रतिपतति, प्रश्नादेशपुरुषज्ञानवत्।।**

**अनानुगामिकमि**त्यादिना। उपन्यस्य चार्थं कथयति- तत्र तेषु षट्सु **अनानुगामिकं** अनुगच्छत्यवश्यमनुगामि तदेवानुगामिकमाङ्पूर्वम्, अनुगमप्रयोजनं वा **आनुगामिकं**, तस्य प्रतिषेधोऽनानुगामिकमिति। अर्थमस्य भावयति- **यत्रे**त्यादिना।

यत्र क्षेत्रे प्रतिश्रयस्थानादौ **स्थितस्ये**ति कायोत्सर्गक्रियादिपरिणतस्य **उत्पन्नम्**=उद्भूतं भवति तेन चोत्पन्नेन यावत् तस्मात् स्थानान्न निर्याति तावज्जानातीत्यर्थः। **ततो**ऽपक्रान्तस्य स्थानान्तरवर्तिनः **प्रतिपतति**- नश्यति। कथमिव? उच्यते- **प्रश्नादेशपुरुषज्ञानवत्**। प्रश्नः=पृच्छनं जीवधातुमूलानां तं प्रश्नमादिशतीति प्रश्नादेशः, प्रश्नादेशश्चासौ पुरुषश्चेति प्रश्नादेशपुरुषः तस्य ज्ञानं तेन तुल्यमेतद् दृश्यम्, पुरुषप्रश्नादेशज्ञानवदित्येवं गमकत्वम्, अथवा प्रश्नादेशः प्रधानपुरुषस्तन्निष्ठः=तत्पराय-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તે આ પ્રમાણે → ૧. અનાનુગામિક, ૨. આનુગામિક, ૩. હીયમાનક, ૪. વર્ધમાનક, ૫. અનવસ્થિત અને ૬. અવસ્થિત. અવધિજ્ઞાનના આ ૬ પ્રકાર છે.**

**૧. અનાનુગામિક એટલે જેને જે ક્ષેત્રમાં રહેતા અવધિજ્ઞાન ઉત્પન્ન થયું તે જીવને તે ક્ષેત્રને તજી દેતા અવધિજ્ઞાન પતન પામે. જેમ નૈમિત્તિકપુરુષ પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર અમુક મર્યાદિત સ્થાનમાં જ આપી શકે, તેથી આગળના ક્ષેત્રે ન આપી શકે તેવા પ્રશ્નાદેશ (જ્યોતિષ) પુરુષના જ્ઞાનની જેવું અનાનુગામિક અવધિ હોય છે.**

અવધિનો ૬ ભેદનો ઉપન્યાસ કરી તેના સ્વરૂપને જણાવતા કહે છે કે જે અવશ્ય પાછળ જાય તે અનુગામિ. '**अनुगामि**' પદને મર્યાદા અર્થમાં '**आ**' પ્રત્યય લાગતા '**आनुगामिक**' પદ બને અથવા અનુગમન કરવાના (= અનુસરણ કરવાના) પ્રયોજનવાળું અવધિ તે 'આનુગામિક.' આ 'આનુગામિક'નો પ્રતિષેધ (અભાવ) તે અનાનુગામિક. આનો અર્થ આ પ્રમાણે-

**❋ પ્રશ્નાદેશ પુરુષના જેવું અનુગામિ અવધિજ્ઞાન ❋**

ઉપાશ્રય, વસતી આદિમાં રહેલા કાયોત્સર્ગાદિ ક્રિયાથી પરિણત થયેલા સાધકને ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન જ્યાં સુધી એ સાધક ત્યાંથી ખસકતો નથી ત્યાં સુધી રહે અને તે અવધિજ્ઞાનથી વિષયોને જાણે. ત્યાંથી સ્થાનાંતરમાં જતાં આ જ્ઞાન નાશ પામે. કોની જેમ ? 'પ્રશ્નાદેશપુરુષના જ્ઞાનની જેમ.' દા.ત. આ જીવ મૃત્યુ ક્યારે પામશે ? અથવા સ્વર્ણ આદિનું નિધાન ક્યાં છે? ઈત્યાદિ પ્રશ્નો જેને પૂછાય તે પ્રશ્નાદેશ (તે પ્રશ્નનો જવાબ આપનાર) પુરુષ અથવા નૈમિત્તિકપુરુષ કહેવાય. આ પુરુષને 'પ્રધાનપુરુષ' પણ કહેવાય.આ પુરુષમાં રહેલા જ્ઞાન જેવું આ અનાનુગામિક અવધિજ્ઞાન સમજવું. હકીકત એ છે કે કેટલાક નૈમિત્તિકો અમુક ક્ષેત્રમાં જ પૂછાયેલ પ્રશ્નોને હલ કરી શકે છે. તેવા જ પ્રશ્નો જો અન્ય ક્ષેત્રમાં પૂછાય તો જવાબ ન આપી શકે. એમના

**भा० आनुगामिकं यत्र क्वचिदुत्पन्नं क्षेत्रान्तरगतस्यापि न प्रतिपतति, भास्करप्रकाशवत् घटरक्तभाववच्च।। हीयमानकम्, असङ्ख्येयेषु द्वीपेषु समुद्रेषु पृथिवीषु विमानेषु तिर्यगूर्ध्वमधो वा यदुत्पन्नं क्रमशः संक्षिप्यमाणं प्रतिपतति आ अङ्गुलासङ्ख्येयभागात्, प्रतिपतत्येव वा परिच्छिन्नेन्धनोपादानसन्तत्यग्निशिखावत्।।**

णस्तस्य ज्ञानं तद्वदिति। का पुनर्भावना? यथा नैमित्तिकः कश्चिदादिशन् कस्मिंश्चिदेव स्थाने शक्नोति संवादयितुं न सर्वत्र पृच्छ्यमानमर्थम्, एवं तदप्यवधिज्ञानं यत्र स्थितस्योपजातं तत्रस्थ एवोपलभते तेन नान्यत्रेति।।-

**आनुगामिक**मेतद् विपरीतमिति। **यत्र क्वचिदाश्रयादावुत्पन्नं** तस्मात् **क्षेत्रान्तरगतस्यापि** न प्रच्यवते, **भास्करप्रकाशवत्**, यथाऽऽदित्यमण्डलभवः प्रकाशः प्राच्यां दिशि प्रकाशनीयं प्राचीकशत् तथा प्रतीचीमुखचुम्बिनोऽपि सवितुस्तावत् तमवकाशमुद्द्योतयति प्रकाशो, मनागपि न क्षीयते, कुम्भरक्ततावद् वा भावनीयम्, नहि घटस्यापाकादुद्धृतस्य तडाकादिना तस्य रक्तता भ्रंशमश्नुते तद्वदानुगामिकमवधिज्ञानमिति। पूर्वदृष्टान्ते च परोक्षः प्रकाशस्तावत्त्वेन क्षेत्रान्तरप्राप्तस्य सवितुः संदिग्धः अतः प्रत्यक्षं **घटरक्तता** दृष्टान्तमुपादिताचार्यः।।

*• હેમગિરા •*

**<u>ભાષ્યાર્થ</u> :- ૨. આનુગામિક અવધિ → જ્યાં ક્યાંય પણ ઉત્પન્ન થયેલું હોય, પણ બીજા ક્ષેત્રોમાં જવા છતાં તે નાશ ન પામે. સૂર્યના પ્રકાશના જેવું, અથવા ઘડાના લાલ રંગ જેવું આ અવધિ સમજવું. ૩. હીયમાનક અવધિજ્ઞાન → અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર, પૃથ્વી, વિમાનોમાં અથવા તિર્યગ્ દિશામાં ઉર્ધ્વ દિશામાં, અથવા અધોદિશામાં ઉત્પન્ન થનારું અવધિ ક્રમશઃ સંક્ષિપ્ત થતું અંગુલના અસંખ્યાતમા ભાગ સુધી રહે અથવા તો અત્યંત નાશ પામી જાય. જેમ અગ્નિશિખામાં સતત નંખાતા કાષ્ટોને અટકાવી દેવામાં આવે તો તે અગ્નિ ધીમે ધીમે ઓલવાઈ જાય તેમ આ અવધિજ્ઞાન અંગે સમજવું.**

જવાબોની ક્ષેત્રાનુસારી મર્યાદા હોય છે. એવી રીતે અનાનુગામિક અવધિજ્ઞાન પણ જે સ્થાનમાં પ્રાપ્ત થયું તે સ્થાનમાં જ તે સાધકમાં રહે અન્યથા (બીજા સ્થાને જતાં) જતું રહે.

અનાનુગામિથી વિપરીત તે આનુગામિક જેમ પૂર્વ દિશામાં રહેલ સૂર્ય મંડળમાંથી પ્રગટતો પ્રકાશ પૂર્વ દિશાની વસ્તુઓને પ્રકાશમાન કરે છે અને આ જ સૂર્ય પશ્ચિમ દિશાએ વર્તે ત્યારે ત્યાંના અવકાશને પ્રકાશિત કરે. બન્ને બાજુનો પ્રકાશ થોડો પણ ક્ષીણ થતો નથી. (એ જ રીતે જ્યાં ક્યાંય પણ ઉત્પન્ન થતું અવધિજ્ઞાન ક્ષેત્રાન્તરમાં જાય તો પણ અવિનાશી રહે છે.) અથવા ઘડાની લાલાશ જેમ ઘટ સાથે જ રહે તેમ આ અવધિજ્ઞાન જીવ સાથે જ રહે. એકદમ પાકી ગયેલ ઘટને સરોવર, તળાવાદિના પાણી લાગે તો પણ તેની લાલાશ જતી નથી તે રીતે આ આનુગામિક અવધિજ્ઞાનમાં સમજવું. સૂર્યના દૃષ્ટાંત પછી બીજું 'ઘટ-રક્તતાનું' દૃષ્ટાંત લેવાનું

**हीयमानकं**=हीयते क्रमेणाल्पीभवति यत् तद्धीयमानकम्, **असङ्ख्येयेषु**=अतिक्रान्तशीर्षप्रहेलिका-गणितेष्विितियावत्। **द्वीपा**=जम्बूद्वीपादयः **समुद्रा**=लवणादयः तेषु **पृथिवीषु**=रत्नप्रभादिकासु, **विमानेषु** =ज्योतिर्विमानादिषु, **तिर्यग्** द्वीप-समुद्रेषु, **ऊर्ध्वं** विमानेषु, **अधः** पृथिवीषु **यदवधिज्ञानमुत्पन्नं** भवति तत् **क्रमशः परिसंक्षिप्यमाणं**=हीयमानं **प्रतिपतति**=नश्यति[१]। यस्माद् यत्द्वीपानपश्यत् तत् तेषामेकं क्रोशं पुनर्न प्रेक्षते शेषं पश्यति, पुनरर्धयोजनं न पश्यत्येवं क्रमेण[२] हीयमानं तावद्धीयते यावद-ङ्गुलासङ्ख्येभागः शेषः, एतदाह- **आ अङ्गुलस्यासंख्येयभागात्** = अङ्गुलपरिमाणस्य क्षेत्रस्य असंख्येयानि खण्डानि कृतस्य एकस्मिन् असंख्येयभागे यावन्ति द्रव्याणि समवस्थितानि तानि[३] पश्यतीत्यर्थः। ततः कदाचिदवतिष्ठते कदाचित् **प्रतिपतत्येव**, तान्यपि न पश्यतीत्यर्थः।

अङ्गुलशब्दश्च परिभाषितार्थो द्रष्टव्यः, अन्यथाऽङ्गुलासंख्येयभागादिति भवितव्यम्, अन्येपां त्वेवंविधमेव भाष्यमिति। कथं हीयत इति चेद् ? दृष्टान्तमुपन्यस्यति- **परिच्छिन्ने**त्यादि। परितः=

• *હેમગિરા* •

કારણ એ છે કે - ક્ષેત્રાન્તરને પ્રાપ્ત થયેલ સૂર્યનો પ્રકાશ પરોક્ષ હોવાથી સંદિગ્ધ હોય છે. તેથી આચાર્ય ભગવન્તે 'ઘટની રક્તતાનું' પ્રત્યક્ષ દૃષ્ટાંત આપ્યું.

### * હીયમાન અવધિજ્ઞાનની વિચારણા *

ક્રમે કરીને જે ઓછું થાય તે હીયમાનક-અવધિજ્ઞાન કહેવાય. શીર્ષ પ્રહેલિકાની સંખ્યા (ગણિત)ને ઓળંગનાર તે અસંખ્યેય. એવા અસંખ્ય જંબૂદ્વીપાદિ દ્વીપોમાં, લવણાદિ સમુદ્રોમાં તથા રત્નપ્રભાદિ પૃથ્વીઓ વિશે, તેમજ જ્યોતિષાદિ વિમાનોમાં તિર્છી દિશાવિષયક દ્વીપ સમુદ્રો વિશે, ઉર્ધ્વદિશાવિષયક વિમાનોમાં, અધોદિશાવિષયક (રત્નપ્રભાદિ) પૃથ્વીઓમાં જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે ક્રમથી સંક્ષેપાતું, વિનાશ પામે. દા.ત. જે દ્વીપોને પૂર્વે જોયા તે દ્વીપોને હીયમાનક અવસ્થામાં આ અવધિજ્ઞાની હવે એક કોશ જેટલું નથી જોતાં, શેષને જુએ, આગળ વધી અર્ધયોજન જેટલું નથી જોતો. આ રીતે ક્રમશઃ હીયમાન થતાં અંગુલના અસંખ્યાતમાં ભાગ સુધી જુએ, આ 'અસંખ્યાતભાગ'ને સ્પષ્ટ રીતે સમજાવતાં કહે છે કે અંગુલના પરિમાણ જેવડા ક્ષેત્રના અસંખ્યેય ખંડ કર્યા હોય અને તેમાંથી એક અસંખ્યેય ભાગ જેટલી જગ્યામાં જેટલા દ્રવ્યો સમાય તેટલાને આ જીવ અંતે જુએ, ત્યારબાદ કદાચ આગળ વધી આટલું પણ ન જુએ, અર્થાત્ અવધિજ્ઞાન જતું રહે...

'અંગુલ' શબ્દથી (અમુક નક્કી કરાયેલ માત્રા) પારિભાષિક અર્થ લેવો. જો કોઈ સામાન્ય અંગુલની વાત કરવી હોત તો ભાષ્યમાં **अंगुलस्यासंख्येयभागात्** ન લખતાં **'अंगुलासंख्येयभागात्'** લખત. જો કે કેટલાંક તો ભાષ્યમાં **'अंगुलासंख्येयभागात्'** પદ જ માન્ય રાખે છે. આ હીયમાનક અવધિજ્ઞાન કઈ રીતે ઘટે તે સમજાવવા એક દુન્યવી દૃષ્ટાંત ભાષ્યકારશ્રી જણાવે છે. :- **'इन्धनोपादानसन्ततिः'** → ચારે દિશામાંથી જેમાં અત્યાર સુધી બળતણ, ઘાસાદિનો નિરંતર પ્રક્ષેપ

१. 'नश्यति' पाठो मु. प्रतौ न दृष्टः(खं,भां)। २. 'क्रमेण' पाठो मु.प्रतौ न दृष्टः(खं,भां)। ३. 'तानि तानि' राA.।

**भा० वर्धमानकं यदङ्गुलस्यासंख्येयभागादिषूत्पन्नं वर्धते** *__आसर्वलोकात्__। __अधरोत्तरारणिनिर्मथ-__[१]__नोत्पन्नोपात्तशुष्कोपचीयमानाधीयमानेन्धनराश्यग्निवत्__।।

सर्वासु दिक्षु छिन्ना इन्धनं पलालादि तस्योपादानं=प्रक्षेपः तस्य **सन्ततिर्नै**रन्तर्येण प्रक्षेपः, सा विशेष्यते **परिच्छिन्नेति**, नातः परमिन्धनप्रक्षेपः अतः परिच्छिन्ना इन्धनोपादानसन्ततिः, एतदुभयं पुनरपि शिखाया विशेषणम्, परिच्छिन्ना इन्धनोपादानसन्ततिर्यस्यामग्निशिखायां सा परिच्छिन्नेन्धनोपादान सन्ततिः, अग्नेः शिखा **अग्निशिखा**, ▲परिच्छिन्नेन्धनोपादानसन्ततिश्चासौ अग्निशिखा च▲, परिच्छिन्नेन्धनोपादानसन्तत्यग्निशिखा तया तुल्यमेतद्धीयमानमवधिज्ञानं, यथाऽपनीतेन्धनाऽग्निज्वाला नाशमाशु प्रतिपद्यते तद्वदेतदपीति।

**वर्धमानकं यदङ्गुलासङ्ख्येयभागादिषु** अङ्गुलस्यासंख्येयभागमात्रे क्षेत्रे ततोऽङ्गुलमात्रे ततो रत्निमात्रे इत्यादि**षूत्पन्नं** तावद् **वर्धते** यावत् सर्वलोको धर्माधर्मद्रव्यद्वयपरिच्छिन्नो व्याप्तो भवति तदा **आसर्वलोकात्**, कथमिव वर्धते अत आह- **अधरोत्तरेत्यादि**। **अधरः**=अधोवर्ती **उत्तरः**=उपरिवर्ती तावेवा**रणी** ताभ्यामधरोत्तरारणिभ्यां **निर्मथनं**=संघर्षणं तेन **निष्पन्नः**=उद्भूतः, तदेवमुत्पन्नोऽवधिर्वृद्धि[२]मधि-

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- ૪. વર્ધમાનક અવધિજ્ઞાન → અંગુલના અસંખ્યાતમા ભાગાદિ વિશે ઉત્પન્ન થતું આ અવધિ સર્વલોક સુધી વૃદ્ધિને પામે . બે અરણિ કાષ્ટને ઉપર નીચે ઘસવામાં આવે તો જેમ ધીમે ધીમે ક્રમશઃ અગ્નિ પ્રજ્વળે અને તે અગ્નિમાં સૂકાં છાણ-કાષ્ટ આદિનો પ્રક્ષેપ કરાય તો જેમ તે વધે. તે રીતે આ વર્ધમાનક અવધિજ્ઞાન પણ વધતું જાય છે.**

થઈ રહ્યો છે એવી વળી **परिच्छिन्ना** → હવે પછી તે કાષ્ટાદિ નાંખવાના પરિચ્છિન્ન (= બંધ થઈ ગયા) છે જેમાં એવી અગ્નિના શિખા જેવું આ હીયમાન અવધિજ્ઞાન હોય છે. ('**अग्निशिखा**' પદમાં ષષ્ઠિતત્પુરુષ સમાસ જાણવો. અને તેના બે વિશેષણોમાં બહુવ્રીહિસમાસ જાણવો અને ત્યારબાદ આખા વાક્યમાં કર્મધારય સમાસ થએલ જાણવો.) જેમ બળતણ વિનાની અગ્નિજ્વાળા શીઘ્ર ઓલવાઈ જાય છે. તેવી રીતે હીયમાનક અવધિજ્ઞાન ક્રમશઃ ઓલવાઈ જાય છે. હવે વર્ધમાનક અવધિજ્ઞાનનું સ્વરુપ કહેવાય છે →

### * વર્ધમાન અવધિજ્ઞાન *

પહેલા અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું પછી અંગુલ જેટલું, પછી વેંત જેટલુ ઉત્પન્ન થતું અવધિ ક્રમશઃ વધતા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયયુક્ત આ સમગ્ર લોકમાં વ્યાપી બને છે આ કઈ રીતે વધે છે. તેને સમજાવતું એક લૌકિક દૃષ્ટાંત :- ઉપર નીચે રહેલા અરણિ કાષ્ટના ઘર્ષણથી જેમ અગ્નિ ઉત્પન્ન થાય અને ઉત્પન્ન થયેલ આ સામાન્ય અગ્નિ સૂકાં છાણાદિ વડે વૃદ્ધિને પામે છે, વળી એ આગમાં ઇંધન, પલાલાદિ ઘાસોની રાશિને જેમ જેમ નંખાય તેમ તેમ તે વધતી

१. 'नोसन्नोपात्त' पाB.लि.। ▲...▲. एतच्चिह्नितो पाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)। ३. 'वृद्धिं गच्छति मु.(खं,भां)। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૮

**भा० अनवस्थितं हीयते वर्धते वर्धते हीयते च। प्रतिपतति चोत्पद्यते चेति। पुनः पुनरूर्मिवत्।।**

गच्छति- यथा तथाह- **उपात्ते**त्यादिना। **उपात्तं**=प्रक्षिप्तं **शुष्क**मार्द्रं न भवति करीषादि तेनोपात्तेन शुष्केण **उपचीयमानः**=वृद्धिं गच्छन्नित्यर्थः, **आधीयमानः**=प्रक्षिप्यमाणोऽन्योऽपि पुनः पुनः इन्धनानां पलालादीनां **राशिः**=समूहो यत्राग्नौ सः **अधरोत्तरारणिनिर्मथनोत्पन्नोपात्तशुष्कोपचीयमानाधीयमानेन्धनराश्यग्निः** तेन तुल्यमेतदिति, यथाऽग्निः प्रयत्नादुपजातः सन् पुनरिन्धनलाभाद् वृद्धिमुपगच्छत्येवं परमशुभाध्यवसायलाभादसौ पूर्वोत्पन्नो वर्धत इत्यर्थः।।

**अनवस्थितमिति।** नावतिष्ठते क्वचिदेकस्मिन् वस्तुनि शुभाशुभानेकसंयमस्थानलाभात्, यत आह- **हीयते** योजनं दृष्ट्वा तस्यैवार्धमवगच्छति तस्याप्यर्धमेवादि, **वर्धते** चार्धक्रोशं दृष्ट्वा क्रोशमवैत्यर्धयोजनं योजनमेवमादि, कदाचिदुभयीमवस्थामनुभवति वर्धते **हीयते च**, तस्यैव क्रोशस्यैकस्यां दिश्यपरक्रोशो वृद्धः[1] अन्यस्यां तस्य क्रोशस्यार्धं हीनमिति। अथवा **प्रतिपतति चोत्पद्यते च**[2] क्वचित् कालान्तर उदितं पुनर्नश्यति पुनश्च उदेति, क्षयोपशमवैचित्र्यात्, **पुनः पुन**र्नाशोत्पादस्वभाव**मूर्मिवत्**

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **૫. અનવસ્થિત અવધિજ્ઞાન → ઘટે-વધે અને વધે-ઘટે, નાશ પામે અને ફરી ઉત્પન્ન થાય. દરિયામાં ઉછળતાં મોજાઓની જેવું આ અવધિજ્ઞાન હોય છે.**

જાય છે. તે રીતે આ વર્ધમાનક અવધિજ્ઞાનમાં પણ સમજવું. અર્થાત્ એકવાર પ્રયત્નથી ઉત્પન્ન કરેલો અગ્નિ ફરી ઇંધનાદિના પ્રક્ષેપથી જેમ વૃદ્ધિને પામતો જાય, તેમ એકવાર શુભ અધ્યવસાય વિશેષથી પૂર્વે ઉત્પન્ન થયેલ આ અવધિજ્ઞાન પરમ શુભ અધ્યવસાયોના લાભથી વધતું જાય છે.

**❊ અનવસ્થિત અવધિજ્ઞાન ❊**

જે એક જ 'વસ્તુ'માં સ્થિર નથી રહેતું, પણ શુભ અને અશુભ અનેક પ્રકારના સંયમસ્થાનોનો લાભ થવાથી બદલાયા કરે છે, તે અનવસ્થિત અવધિજ્ઞાન દા.ત. એક યોજન પ્રમાણ ક્ષેત્રને જુએ ત્યારબાદ તેનું અડધું જુએ પછી તેનું પણ અડધું, આ રીતે ઘટે, તથા વધે પણ ખરું. તે આ રીતે → પહેલા અર્ધો કોશ જુએ પછી કોશ, અર્ધોયોજન, યોજન ઈત્યાદિ વધતું જુએ. ક્યારેક ઉભય- અવસ્થા (વધ-ઘટ, ઘટ-વધ) સ્વરૂપે જુએ. તે આ રીતે → તે જ એક કોશવાળા ક્ષેત્રમાં તેની એક દિશામાં એક કોશની અભિવૃદ્ધિ (બે કોશ)ને જુએ. અને તે જ કોશ ક્ષેત્રની બીજી દિશામાં તે કોશમાંનું અડધું જુએ અથવા આ અનવસ્થિત એવા પ્રકારનું અવધિજ્ઞાન છે કે જે ક્ષયોપશમની વિચિત્રતાને લીધે ઉદય પામેલું કાલાન્તરમાં નાશ થાય, વળી ફરી ઉદયને પામે. આ રીતે હીન-અધિક કે નાશ-ઉત્પત્તિ આદિ અવસ્થાવાળું 'અવધિજ્ઞાન' અનવસ્થિત કહેવાય.

**❊ તરંગોના જેવું અનવસ્થિત અવધિજ્ઞાન ❊**

આને દુન્યવી દૃષ્ટાંતથી સમજાવે છે. :- ફરી ફરી નાશ પામનારાં અને ઉત્પન્ન થનારા સ્વભાવવાળા

१. वृद्धिः मु.(राA.)। २. चेति मु.(राA.)।

**भा० अवस्थितं यावति क्षेत्रे उत्पन्नं भवति ततो न प्रतिपतत्याकेवलप्राप्तेरवतिष्ठते, आभवक्षयाद् वा जात्यन्तरस्थायि[1] भवति लिङ्गवत्।।२३।। भा० उक्तमवधिज्ञानम्। मनःपर्यायज्ञानं वक्ष्यामः।।**

यथा महति सरसि स्वच्छवारिभारिणि पूर्णे प्रबलानिलवेगविक्षिप्यमाणजलेऽदभ्रोर्मयः समुपजाताः समासादितरोधसः[2] शनैः शनै शमं भजन्ते, पुनश्चाभिघातविशेषात् प्रादुःष्यन्ति, अतो यथोर्मयोऽनवस्थिता एवमवधिज्ञानमपीति।

**अवस्थितमि**ति। अवतिष्ठते स्म अवस्थितं, यया मात्रयोत्पन्नं तां मात्रां न जहातीतियावत्, एतदाह- **यावति क्षेत्र** इत्यादि। **यावति**=यत्परिमाणे **क्षेत्रे**ऽङ्गुलासङ्ख्येयभागादावुत्पन्नमासर्वलोकात् **तत** इति तस्मात् क्षेत्रान्न **प्रतिपतति** = न नश्यति, सर्वकालमास्ते कुतोऽवधेर्यावदास्त इति ? उच्यते- **आकेवलप्राप्तेः**, आङ्मर्यादायाम्। केवलज्ञानं तस्य प्राप्तिः=लाभः आकेवलप्राप्तेर्यावत् केवलज्ञानं न प्राप्नोति, प्राप्ते तु केवले छाद्मस्थिकं ज्ञानं व्यावर्तते। अथवा आमरणात्[3] तदाह- **आभवक्षयात्**, भवो=मनुष्यादिजन्म यावत् तत्र जीवति तावद् भवति ततः परं न, तस्माद् भवक्षयात्,

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- ૬. અવસ્થિત → જેટલા ક્ષેત્ર અંગેનું અવધિ ઉત્પન્ન થયું હોય તે તેટલા ક્ષેત્રનું અવધિજ્ઞાન જ્યાં સુધી કેવળ જ્ઞાન ન થાય ત્યાં સુધી ન જાય અથવા તો એક ભવ સુધી રહે. બીજા ભવોમાં પણ પુરુષવેદ આદિની જેમ સાથે રહે. તે અવસ્થિત અવધિજ્ઞાન કહેવાય. ॥ ૨૩ ॥ આ પ્રમાણે અવધિજ્ઞાન કહેવાયું હવે મનઃપર્યાયજ્ઞાનને કહીશું.**

તરંગો જેવું આ અવધિજ્ઞાન હોય છે. જેમ સ્વચ્છ પાણીથી પૂર્ણ મોટું સરોવર, પ્રબળ વાયુના વેગે ખળભળી જવાથી તેમાં પુષ્કળ તરંગો ઉત્પન્ન થાય અને પવનનો વેગ શાંત થતાં ધીમે ધીમે તે તરંગો શાંત (સમાપ્ત) થઈ જાય. ફરી વાયુના અભિઘાતથી ઉત્પન્ન થાય. એથી આ તરંગો જેમ અનવસ્થિત કહેવાય છે તેની જેમ આ અવધિજ્ઞાન પણ ઉતાર-ચઢાવવાળું હોવાથી અનવસ્થિત જાણવું.

જે ટકી રહે તે અવસ્થિત અર્થાત્ જે માત્રામાં ઉપન્ન થયું હોય તે માત્રાને ત્યજે નહીં. આને જ જણાવતાં '**यावति....**' ઈત્યાદિ પદોથી કહે છે → અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા પરિમાણમાં ઉત્પન્ન થનારું અથવા સર્વલોક સુધીમાં ઉત્પન્ન થયેલું આ અવધિજ્ઞાન પોતાના ક્ષેત્રના પરિમાણને છોડતું નથી. કાયમી રહે છે.

<u>પ્રશ્ન</u> :- શું આ અવધિજ્ઞાન સર્વકાળે રહે છે કે કોઈ મર્યાદા છે ?

<u>જવાબ</u> :- 'आकेवलप्राप्तेः' અર્થાત્ જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આ અવધિજ્ઞાન ટકી રહેનારું છે. અહીં 'आ' મર્યાદા અર્થમાં છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ છાદ્મસ્થિક એવું આ અવધિજ્ઞાન રવાના થાય. અથવા બીજી રીતે પણ આની વ્યાખ્યા જાણવી કે- જ્યાં સુધી મરણ ન થાય ત્યાં સુધી, અર્થાત્ મનુષ્યાદિના જન્મરૂપે જ્યાં સુધી અવધિજ્ઞાની જીવે ત્યાં સુધી

१. °स्थायि वा. को.। २. °रोधसः शनैः शमं भजन्ते राB. । ३. मरणात् मु.(खं,भां)।

## सूत्रम्- ऋजुविपुलमती मनःपर्यायः ।।१-२४।।

ततः परं नश्यति। अथवा जात्यन्तरमपि गच्छन्तं जीवं न मुञ्चति तदवधिज्ञानं, तेनान्वित एव गच्छति, लिङ्गवज्जात्यन्तरं ‘**जात्यन्तरावस्थायि** वा **भवतीत्ये**तदाह जातेरन्या जातिः जात्यन्तरं तत्राव-तिष्ठति तच्छीलं च, कथमिव तदादाय गच्छति ? आह- **लिङ्गवत्** पुरूषवेदादिलिङ्गं त्रिधा तेन तुल्यं वर्त्तत इति लिङ्गवत्, यथा इह जन्मन्युपादाय पुरूषवेदं जन्तुर्जात्यन्तरमाधावत्येवमवधिमपि ।।२३।।

प्रस्तुतवस्तुपरिसमाप्तिं सूचयत्**युक्तमवधिज्ञानमि**त्यनेन उक्तं लक्षणतो विधानतश्च अवधिज्ञानं न पुनर्वाच्यमिति, तदनन्तरानुसारि **मनःपर्यायज्ञानं वक्ष्यामः अत्राह- कोऽनयोः प्रतिविशेष इति?। अत्रोच्यते ऋजुविपुलेत्यादि**। ऋजुश्च विपुला च ऋजुविपुले एते च मती ऋजुविपुलमती, ऋज्वी मतिर्विपुला च मतिरिति।।

**ननु** च मतिरित्यनेन ज्ञानमभिधीयते, ज्ञानस्य च ऋजुत्वं विपुलत्वं चायुक्तं, ‘**निर्गुणा गुणा**’ (अ.५, सू.४०) इति वक्ष्यमाणत्वात्, मूर्त्तेषु चैष व्यवहारः, ऋज्वी विपुला चाङ्गुलिरिति, ज्ञाने त्वमूर्त्ते

• *હેમગિરા* •

<u>સૂત્રાર્થ</u> :- **મનઃપર્યાય બે પ્રકારે છે. (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ.॥૧-૨૪॥**

આ અવધિ જ્ઞાન હોય. તે ભવ ક્ષય થયા બાદ નાશ પામે અથવા અન્ય ગતિમાં પણ જતાં જીવને આ અવધિજ્ઞાન છોડતું નથી, સાથે ને સાથે જ જાય. તેથી અવસ્થિત કહેવાય. એક જન્મથી અન્ય જન્મ તે ‘**जात्यन्तर**’ કહેવાય. જાત્યંતરમાં જે અવધિજ્ઞાન રહે તે અથવા રહેવાના સ્વભાવવાળું તે, **जात्यन्तरस्थायी** અવધિ જ્ઞાન કહેવાય છે. આ અવધિજ્ઞાનને જીવ કઈ રીતે ભવાંતરમાં લઈને જાય તેને દૃષ્ટાંતથી સમજાવતા કહે છે કે પુરુષવેદાદિ ત્રણ પ્રકારના લિંગોની જેમ અવધિ જ્ઞાન સાથે જાય છે. ભાવાર્થ એ છે કે- જેમ આ ભવમાં પ્રાપ્ત કરેલ પુરુષ વેદને જીવ જન્માંતરમાંય સાથે લઈ જઈ શકે છે તે રીતે આ અવધિ જ્ઞાન વિશે પણ સમજવું. ॥ ૧-૨૩ ॥

પ્રસ્તુત વિષયની પરિસમાપ્તિનું સૂચક ‘**उक्तमवधिज्ञानम्**’ પદ છે. લક્ષણ અને વિધાનથી અવધિજ્ઞાન કહેવાઈ ગયું. આ વિષયમાં હવે કાંઈ કહેવાનું નથી. હવે આના પછી આવતાં મનઃપર્યાયજ્ઞાનને કહીશું.

### ❋ મનઃપર્યાયજ્ઞાનના બે પ્રકાર ❋

**ऋजुविपुलमती** પદમાં આ મુજબનો વિગ્રહ → **ऋजुश्च विपुला च = ऋजुविपले**, આવી બે પ્રકારે જે મતિ તે = **ऋजुविपुलमती** અહીં દ્વન્દ્વ અને કર્મધારય સમાસ જાણવો અને તેથી ઋજુમતિ અને વિપુલમતિ એમ બન્નેમાં ‘**मति**’ પદ જોડી શકાશે.

<u>શંકા</u> :- અહીં ‘મતિ’ શબ્દથી જ્ઞાનનું ગ્રહણ થાય છે. પણ જ્ઞાનમાં ઋજુત્વ કે વિપુલત્વ ન ઘટે. કારણ કે અ.પ.સૂ.૪૦ ‘**द्रव्याश्रयानिर्गुणा गुणाः**’માં ગુણ એ નિર્ગુણી હોય છે તેમ જણાવેલ

‘...‘. एताच्चिह्नितपाठो राB प्रतावेव दृष्टः।

**भा० *मनःपर्यायज्ञानं द्विविधम्- ऋजुमतिमनःपर्यायज्ञानम्, विपुलमतिमनःपर्यायज्ञानं च।।२४।।**

ऋजुत्वविपुलत्वकल्पना न साधीयसीति। **उच्यते**— ऋजुता विपुलता वा ग्राह्यविषया समस्ति, तया ज्ञानस्योपदेशो भविष्यति, या मतिः सामान्यं गृह्णाति सा ऋज्वीत्युपदिश्यते या पुनर्विशेषग्राहिणी सा विपुलेत्युपदिश्यते ऋजु सामान्यमेकरूपत्वात्, विशेषास्तु विविक्ता बहवः।

**यदि** सामान्यग्राहिणी ऋजुमतिर्मनःपर्यायज्ञानं प्राप्तं तर्हि मनःपर्यायदर्शनमपि, यस्मात् सामान्यग्राहि दर्शनमिष्यते न चाराधितराद्धान्तैर्मनःपर्यायदर्शनमध्यगायि, **आह**- यद्यप्येवमुच्यते सामान्यग्राहिणी ऋजुमतिरिति तथाप्यसौ सा[1]मान्यभेदरूपमेव परिच्छिनति, यतो बहून् भेदान् न शक्नोति परिच्छेत्तुम् अतः सामान्यग्राहिणी परमार्थतस्त्वसौ विशेषमेकं द्वौ त्रीन् वा गृह्णन्ती प्रवर्तते, अतः स्तोकाभिधायी सामान्यश[2]ब्दोऽत्र या तु विशेषान् बहून् गृह्णाति सा विपुलमतिः।

● *હેમગિરા* ●

<u>ભાષ્યાર્થ</u> :- **મનઃપર્યાયજ્ઞાન બે પ્રકારે છે- ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન.॥૨૪॥**

છે. મૂર્ત વસ્તુમાં ઋજુત્વ આદિ વ્યવહાર થાય. જેમ કે સીધી આંગળી, જાડી આંગળી ઇત્યાદિ જ્યારે જ્ઞાન તો અમૂર્ત છે. તેથી તેમાં ઋજુત્વ કે વિપુલત્વની કલ્પના કરવી બરાબર નથી ?

<u>સમાધાન</u> :- ઋજુતા કે વિપુલતા એ જ્ઞાનમાં ગ્રહણ કરાતાં વિષયની અપેક્ષાએ છે. તેવી ગ્રાહ્ય વિષયરૂપ ઋજુતા કે વિપુલતાની અપેક્ષાએ જ્ઞાનનો ઉપદેશ (વિધાન) કરવાના છે, તેથી કોઈ દોષ નથી. જે મતિ સામાન્ય (વિષય)ને ગ્રહણ કરે તે 'ઋજુ' એ પ્રમાણે કહેવાશે અને જે મતિ વિશેષ વિષયનું ગ્રહણ કરે તે 'વિપુલ' એ પ્રમાણે કહેવાશે. ઋજુ એ એક સ્વરૂપવાળું હોવાથી સામાન્યરૂપ છે. વિપુલ તો બહુસ્વરૂપ હોવાથી વિભિન્ન ભેદવાળુ છે અને વિભિન્ન ભેદવાળુ હોવાથી વિશેષરૂપ છે.

## ❊ ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અંગે દર્શનની ચર્ચા ❊

<u>શંકા</u> :- જો સામાન્ય ગ્રાહી ઋજુમતિને મનઃપર્યાયજ્ઞાન રૂપ કહો છો તો આને જ મનઃપર્યાય 'દર્શન' પણ માનવુ પડશે. કારણ કે જે સામાન્યગ્રાહિ છે તે દર્શન કહેવાયું છે. પણ સિદ્ધાંત દૃષ્ટિને ધારણ કરનારાઓ (સિદ્ધાંત પાક્ષિકો) વડે તો મનઃપર્યાય 'દર્શન' કહેવાયું જ નથી.

<u>સમાધાન</u> :- જો કે ઋજુમતિ સામાન્ય ગ્રાહિણી કહેવાય છે, પણ અર્થ આ પ્રમાણે કરવો કે ઋજુમતિ સામાન્ય (અલ્પ-સંખ્યક) ભેદોને ગ્રહણ કરનારી છે. (નહિ કે સામાન્ય બોધગ્રાહિકા) કારણ કે આ ઋજુમતિ ઘણાં ભેદોને જણવા માટે સમર્થ નથી. એ અપેક્ષાએ સામાન્ય ગ્રાહિણી કહી છે. હકીકતમાં તો ઋજુમતિ મનઃપર્યાય જ્ઞાન વિશેષ પર્યાયને જ એક, બે અથવા ત્રણાદિ સંખ્યામાં ગ્રહણ કરવામાં પ્રવર્તે છે. આ પ્રમાણે "સામાન્ય" શબ્દ સ્તોકઅર્થનો દ્યોતક છે. જે ઘણાં વિશેષોને ગ્રહણ કરે તે 'વિપુલમતિ' મનઃપર્યાય જ્ઞાન છે.

કેટલાક વળી એવું માને છે કે પ્રજ્ઞાપનામાં મનઃપર્યાય જ્ઞાનમાં દર્શનતા કહેવાઈ છે, અને

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૩૯ १. सामान्यं राA.। २. शब्दार्थः, या खं.भा.।

केचित् तु मन्यन्ते **प्रज्ञापनायां** मनःपर्यायज्ञाने दर्शनता पठ्यते, तत्सम्भवे सामान्यग्राहिणी घटितपदा, अतः ऋजुमतिर्विपुलमतिश्च। किम् मनःपर्यायः?, मन इति च मनोवर्गणा जीवेन मन्यमाना द्रव्यविशेषा उच्यन्ते, तस्य मनसः पर्यायाः=परिणामविशेषाः मनःपर्यायाः, मनसि वा पर्यायाः, तेषु मनःपर्याययेषु यज्ज्ञानं तन्मनःपर्यायज्ञानमिति। इह साधोः सकलप्रमादरहितस्य मनःपर्यायज्ञानावरणीयकर्मक्षयोपशमात् प्रतिविशिष्टं ज्ञानमुदयते, येन ज्ञानेन मनःपर्याप्तिभाजां प्राणिनां पञ्चेन्द्रियाणां मनुष्यलोकवर्तिनां मनसः पर्यायानालम्बते=जानाति मुख्यतः, ये तु चिन्त्यमानाः—स्तम्भकुम्भादयस्ताननुमानेनावगच्छन्ति।

**कथम्**? **उच्यते**- अस्यैतानि मनोद्रव्याण्यनेनाकारेण परिणतानि लक्ष्यन्ते अतः स्तम्भादिश्चिन्तितः, तस्य परिणामस्य स्तम्भाद्यविनाभावात्, न पुनः साक्षाद् बहिर्द्रव्याणि जानीते इति, क्षयोपशमवैचित्र्यात्, कस्यचित् तदेवंविधं[1] मनःपर्यायज्ञानं भवति येन सामान्यं घटमात्रं चिन्तितमवगच्छति तच्च ऋजुमतिर्मनः-

• *હેમગિરા* •

તે જો સંભવે તો આ 'સામાન્યગ્રાહી'નો દર્શન અર્થ એ ઉચિત કહેવાય. પણ તેવું સંભવતું જ નથી. એથી સામાન્યગ્રાહી ઋજુમતિ અને વિશેષગ્રાહી વિપુલમતિ એ બન્ને જ્ઞાન જ કહેવાય. (પ્રસ્તુત ટીકાકારને તો ઋજુમતિએ 'અલ્પ પર્યાય ગ્રાહક'ના અર્થમાં જ ઈષ્ટ છે અને વર્તમાનમાં આગમોમાં અને તેની ટીકામાં પણ આ જ પક્ષ સિદ્ધાન્ત તરીકે દેખાય છે. જુઓ વિશેષાવશ્યક ભાષ્ય અને પ્રજ્ઞાપનાની [2]ટીકા). આ પ્રમાણે ઋજુમતિ અને વિપુલમતિની વાત થઈ.

આ મનઃપર્યાય શું છે ? તેને જણાવતાં કહે છે કે- મન એટલે મનોવર્ગણા અર્થાત્ જીવ વડે વિચારાતા મનોવર્ગણારૂપ દ્રવ્ય વિશેષ તેને મન કહેવાય.

### ❋ મનઃપર્યાયના અર્થને સમજીએ ❋

આ મનના પર્યાયો=પરિણામ વિશેષો અથવા તો મનમાં વર્તતા પર્યાયો તે મનઃપર્યાય છે. આ મનઃપર્યાય અંગેનું જે જ્ઞાન (મનપર્યાયજ્ઞાનીને હોય) તે મનઃપર્યાયજ્ઞાન છે. સકળ પ્રમાદથી રહિત એવા સાધુને મનઃપર્યાયજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી વિશિષ્ટ એવું જ્ઞાન પ્રકટ થાય. જે જ્ઞાન વડે મનુષ્યલોકમાં રહેનાર મનઃપર્યાપ્તિવાળા સંજ્ઞી પંચેન્દ્રિયોના મનના પર્યાયોને =પરિણામોને મુખ્યતયા જાણે, પણ તે વડે ચિન્તવાતાં સ્તંભ-કુંભઆદિ પદાર્થોને અનુમાન વડે જાણે છે. (આ જ્ઞાની છદ્મસ્થ છે તેથી દ્રવ્યમનને જ જાણે દેખે છે અને તે ઉપરથી તેના ભાવોનું અનુમાન કરે છે. બાકી અમૂર્ત જ્ઞાનને સાક્ષાત્ જાણવાનું સામર્થ્ય મનઃપર્યવજ્ઞાનીમાં ન જ હોય.)

<u>પ્રશ્ન</u> :- એ કઈ રીતે ? <u>જવાબ</u> :- આ મનઃપર્યાયજ્ઞાની બીજાના મનોદ્રવ્યને અનેક આકારથી પરિણત થયેલા જુએ. જેથી અનુમાન થાય કે આ મનમાં સ્તંભાદિ ચિંતવાયા છે. કારણ કે મનોદ્રવ્યના આવા ચોક્કસ પરિણામો (= આકારો) ઘટાદિના ચિંતન વિના બનતાં નથી. કારણ કે મનનો પરિણામ પદાર્થને અવિનાભાવી છે અર્થાત્ તે તે ઘટાદિ દ્રવ્યો વિના આ મનના પરિણામો નથી

१. तदेवं मनः खं.भां.। २. दृष्टव्यं परि. नं.५ टि. नं.३१

**भा० अत्राह- कोऽनयोः प्रतिविशेष इति ?**

पर्यायज्ञानम् अपरस्य तु तदावरणीयकर्मक्षयोपशमोत्कर्षापेक्षयैवंविधं भवति तद् विपुलमतिर्मनःपर्यायज्ञानम्। उभयमपीन्द्रियानिन्द्रियनिरपेक्षम् घटमात्रावच्छेदि प्रथमम्, द्वितीयं तु पर्यायशतैर्मृण्मय-रक्त-शुक्लादि-प्रमाणादिभिर्विचिन्तितं घटमवबुद्ध्यते, अत एव क्षयोपशमद्वैविध्यात्, प्रकृतेन च ज्ञानग्रहणेन मनःपर्यायं सम्बध्नन् भाष्यकृदाह- **मनःपर्यायज्ञानं द्विविधम्**। मनःपर्यायस्य तेषु वा ज्ञानं मनःपर्यायज्ञानं, द्वे विधे यस्य तद् द्विविधं, ते द्वे विधे दर्शयति- **ऋजुमतिर्मनःपर्यायज्ञानम्**, ऋजुमतिरेव मनःपर्यायज्ञानं, घटादिमात्रचिन्तितपरिज्ञानमिति, ‣**विपुलमतिर्मनः पर्यायज्ञानं**,◂ **विपुलमतिरेव** मनःपर्यायज्ञानं, प्रसङ्गतः पर्यायशतैः परिज्ञानमिति।।२४।।

एवं द्वैविध्ये दर्शिते नोदकोऽभिधत्ते मनःपर्यायाणामुभयत्र दर्शनं अतीन्द्रयत्वं चोभयोः ऋजु-विपुलमत्योः समानम्। अतः किंकृतं नानात्वमिति प्रश्नयति-**कोऽनयोः प्रतिविशेषः?**। क इत्यसम्भावने,

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **આ બે(ઋજુમતિ-વિપુલમતિ)માં વિશેષ ભેદ શું છે ?**

બનતા, અને આ બનતા પરિણામોથી જ મનઃપર્યાય જ્ઞાની પદાર્થોનુ અનુમાન કરી શકે છે, પણ સાક્ષાત્ રીતે બાહ્ય દ્રવ્યોને ક્ષયોપશમની વિચિત્રતાને લીધે જોઈ શકતા નથી. મનઃપર્યયજ્ઞાનીનો ક્ષયોપશમ તદાકારે પરિણત મનોદ્રવ્યોને જાણવા સુધીનો જ સીમિત છે.

જે કોઈને એવું મનઃપર્યયજ્ઞાન થાય કે જેમાં ઘટ સામાન્ય જ ચિંતિત થયેલ જણાય તે ઋજુમતિ મનઃપર્યાય કહેવાય. અન્ય કોઈને તદાવરણીય કર્મના ઉત્કૃષ્ટ ક્ષયોપશમથી ચિન્તિત આ ઘટ (લાલવર્ણાદિ) વિશિષ્ટતાવાળો જણાય, તે વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન કહેવાય. આ બન્ને પ્રકારના મનઃપર્યાયજ્ઞાનો ઈન્દ્રિય અને અનિન્દ્રિય(મન)થી નિરપેક્ષ હોઈ આત્માથી જ થનારા છે. આ બેમાં પ્રથમ મનઃપર્યાયજ્ઞાન ઘટ માત્રને જાણે છે. બીજું વિપુલમતિ એ જ ઘટને સૈકડો પર્યાય વડે જાણે. જેમકે આ ઘટ માટીમય, લાલ કે સફેદ છે તેમજ પ્રમાણ (નાનીમોટી આકૃતિ, હલકો-ભારી વજન) વડે ચિંતવાયેલ આ ઘટ છે. આ રીતે બે પ્રકારે ક્ષયોપશમ થતો હોવાથી આ ક્ષયોપશમથી જન્ય જ્ઞાનના પણ બે ભેદ પડે છે.

આ રીતે મનઃપર્યાર્યએ જ્ઞાનરૂપ જ છે, (પણ દર્શનરૂપ નથી) એ જણાવવા ભાષ્યમાં જ્ઞાનનો સંબંધકરતા કહે છે. (સૂત્રમાં ઉલ્લેખ નથી તેથી ભાષ્યમાં સ્પષ્ટ કરતા કહે છે) કે **મનપર્યાયઃજ્ઞાન બે પ્રકારે** છે. મનના પર્યાયોનું જ્ઞાન અથવા મનના પર્યાય વિશે થતું જ્ઞાન તે મનઃપર્યાય જ્ઞાન છે. બે પ્રકાર છે જેના એવું મનઃપર્યાયજ્ઞાન દ્વિવિધ કહેવાય. બે પ્રકાર → (i) ઋજુમતિ એ જ મનઃપર્યાયજ્ઞાન તે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કહેવાય, આમાં ચિન્તિત સામાન્ય ઘટનું જ જ્ઞાન થાય (ii) વિપુલમતિ એ જ મનઃપર્યાયજ્ઞાન તે વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન કહેવાય, આમાં સેંકડો પર્યાયયુક્ત વિશેષ ઘટનું જ્ઞાન થાય. આ પ્રમાણે બે પ્રકાર દેખાડયે છતે આ અંગે પ્રશ્નકાર પૂછે છે -

<u>પ્રશ્ન</u> :- બન્ને મનઃપર્યાય જ્ઞાનોમાં મનના પર્યાયો જ જણાય છે. તેમજ બન્ને જ્ઞાનો અતીન્દ્રિય

‣...◂. एतच्चिह्नद्वयमध्यवर्ती पाठो मुद्रितप्रतौ न दृष्टः (भां)।

## सूत्रम्- विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः।।१-२५।।

**भा० अत्रोच्यते- विशुद्धिकृतश्च अप्रतिपातकृतश्चानयोः प्रतिविशेषः। तद्यथा ऋजुमतिमनःपर्यायज्ञानाद् विपुलमतिमनःपर्यायज्ञानं विशुद्धतरम्।**

नैव कश्चित् सम्भाव्यते, अनयोरिति ऋजुविपुलमत्योः प्रतिविशेष स्वगतो भेद इति, **उच्यते** गुरूणा **विशुद्ध्यप्रती**त्यादि। विशुद्धेः कारणात् तयोः ऋजु-विपुलमत्यो**र्विशेषः अप्रतिपाताच्च**, **विशुद्ध्या** बहुतरपर्यायज्ञानरूपया **कृतो**=जनितः विशुद्धिकृतः, **च**शब्दः समुच्चये, **अप्रतिपातेन**=अच्यवनरूपेण कृतः **अप्रतिपातकृतश्चानयोः**=ऋजुविपुलमत्योः **प्रतिविशेषो**नानात्वं बोद्धव्यम्।

तत्र विशुद्धिकृतं तावद् भेदं दर्शयति-ऋजु**मतिमनःपर्यायज्ञानात्=सामान्यग्राहिणः विपुलमति-मनःपर्यायज्ञानं**=नानाविधविशेषग्राहि **विशुद्धतरमिति**, यद् द्रव्यं यावद्भिः पर्यायैरवच्छिनत्ति ऋजुमति-स्तदेव द्रव्यं बहुतरैः पर्यायैर्विपुलमतिरवगच्छति, यथा घटे चिन्तिते ऋजुमतिमनःपर्यायज्ञानेनैतावद् व्यज्ञायि-घटोऽनेन चिन्तितः विपुलमतिमनःपर्यायज्ञानं पुनस्तमेव घटं पार्थिवत्व-रक्तत्व-प्रमाणादिभिर्ब-

• *હેમગિરા* •

**<u>સૂત્રાર્થ</u> :- વિશુદ્ધ અને અપ્રતિપાતની અપેક્ષાએ આ બેમાં વિશેષ (ભેદ) છે. ॥૧-૧૫ ॥**

**<u>ભાષ્યાર્થ</u> :- જવાબ :- આ બે જ્ઞાનોમાં વિશુદ્ધિકૃત અને અપ્રતિપાતકૃત પ્રતિવિશેષ (અંતર) છે. તે આ પ્રમાણે ઋજુમતિ મનઃપર્યાય કરતાં વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાન વધુ વિશુદ્ધ છે.**

જ છે. આમ સમાનતા હોવા છતાં આ બેમાં શું તફાવત છે ?બે ભેદ કરવાનું શું કારણ છે? ભાષ્યમાં **कोऽनयोः**માંનો 'कः' પદ અસંભાવના સૂચક પદ છે. અર્થાત્ આ ઋજુમતિ અને વિપુલમતિના પ્રકારોમાં સ્વગત કોઈ ભેદની સંભાવના નથી જણાતી.

આ પ્રશ્નનો જવાબ આપતાં ગુરુ કહે છે :-

### ❋ ઋજુમતિ અને વિપુલમતિની ભેદરેખા ❋

વિશુદ્ધિ તથા અપ્રતિપાતના કારણને લઈને ઋજુમતિ અને વિપુલમતિમાં ભેદ પડે છે. 'વિશુદ્ધિ' એટલે અધિકતર પર્યાયોનું જ્ઞાન, તેનાથી થતો ભેદ તે વિશુદ્ધિકૃતભેદ કહેવાય. તથા અપ્રતિપાત એટલે 'ક્યારે પણ નહીં ચ્યવનારું' આનાથી થતો ભેદ તે અપ્રતિપાતકૃત છે. ઋજુમતિ મનપર્યાય જ્ઞાન સામાન્ય ગ્રાહી છે, અને વિપુલમતિ મનપર્યાય જ્ઞાન એ વિવિધ વિશેષોને ગ્રહણ કરે છે. તેથી ઋજુમતિ કરતાં વિપુલમતિ વધુ વિશુદ્ધ છે. ઋજુમતિ જે દ્રવ્યને જેટલા પર્યાયો વડે જાણે છે. તેના કરતાં તે જ દ્રવ્યના પર્યાયોને વિપુલમતિ અધિકતર માત્રામાં જાણે. દા.ત. ઋજુમતિ અન્ય કોઈના ચિંતિત ઘટને વિશે ''આને ઘટ ચિંતવ્યો છે.'' એટલું માત્ર જાણે. જ્યારે વિપુલમતિ તે જ ચિંતિત ઘટને પૃથ્વીત્વ, રક્તત્વ પ્રમાણ (હલકો-ભારી, નાનો-મોટો) આદિ અનેક ભેદો વડે જાણે છે. આથી વિશુદ્ધતર કહેવાય. વળી આ ભેદરેખાની ઉત્પત્તિ બીજી વિચારણા દ્વારા પણ કહે છે અર્થાત્ આ બે વચ્ચે ભેદ કરનાર બીજો હેતુ છે તેને બતાવે છે.

**सूत्रम्- विशुद्धि-क्षेत्र-स्वामि-विषयेभ्योऽवधि-मनःपर्याययोः ।।१-२६।।**

**भा० किञ्चान्यत्। ऋजुमतिमनःपर्यायज्ञानं प्रतिपतत्यपि भूयः, विपुलमतिमनःपर्यायज्ञानं तु न *प्रतिपततीति ।।२५।। अत्राह- अथावधि-मनःपर्यायज्ञानयोः कः प्रतिविशेष इति ?।**

हुभिर्भेदैरवबुद्ध्यते, अतो विशुद्धतरमुच्यते।

**किञ्चान्यदिति** भेदस्य उपपत्त्यन्तरसम्भावनाद्वारेण प्रयुज्यते, इहान्योऽपि नानात्वकार्यस्ति हेतुरिति, तमाह- **ऋजुमतिमनःपर्यायज्ञानं** प्राप्तमप्यप्रमत्त-संयतेन **प्रतिपतति**=प्रच्यवते, अपिशब्दात् कदाचिन्न प्रतिपतत्यपि, **भूयः**=पुनः **विपुलमतीत्यादि**, यस्य पुनर्विपुलमतिमनःपर्यायज्ञानं समजनि तस्य नैव प्रतिपतति[१] आकेवलप्राप्तेरिति ।।२५।।

एवं भेदे ऋजुविपुलमत्योः प्रतिपादिते अवधेर्मनःपर्यायज्ञानस्य चातीन्द्रियत्वे समाने रूपिद्रव्य-निबन्धनत्वे च विशेषमपश्यन् ब्रूते-**अथावधि-मनःपर्यायज्ञानयोः कः प्रतिविशेष इति**?। स चैवं पूर्व-पक्षवादी **नोदयति**- कुतः प्रतिविशेष इति हेत्वभावं मन्यमानः, उतरपक्षवादी तु हेतून् विशुद्ध्यादीन्

● *હેમગિરા* ●

**<u>સૂત્રાર્થ</u> :- વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામિ અને વિષયના લીધે અવધિ અને મનઃપર્યાય વચ્ચે તફાવત છે. ॥ ૨૬ ॥**

**<u>ભાષ્યાર્થ</u> :- વળી પ્રાપ્ત થયેલ ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન પુનઃ પડી પણ જાય છે. જ્યારે વિપુલમતિ મનઃપર્યાય તો અપ્રતિપાતિ છે. ॥ ૨૫ ॥ પ્રશ્ન → હવે એ કહો કે અવધિ અને મનઃપર્યાયજ્ઞાનમાં શું અંતર છે ?**

અપ્રમત્તસંયત વડે પ્રાપ્ત કરાયેલ ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન જતુ રહે અથવા {ભાષ્યગત '**अपि**' શબ્દથી} ન પણ જાય એ અર્થ લેવો. જ્યારે વિપુલમતિ મનઃપર્યાય ઉત્પન્ન થયા બાદ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી જાય જ નહીં. કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં છદ્મસ્થિક હોવાથી આ જ્ઞાન જતું રહે. આ અપ્રતિપ્રાતિકૃત ભેદ જાણવો. ॥ ૨૫ ॥

### ❋ અવધિ અને મનઃપર્યાયના વિશુદ્ધિકૃત ભેદને ઓળખીએ ❋

આ પ્રમાણે ઋજુમતિ અને વિપુલમતિનો ભેદ જાણ્યા બાદ પૂર્વપક્ષી કહે છે કે અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન - આ બન્ને અતીન્દ્રિય-જ્ઞાનની અપેક્ષાએ સરખા છે. તથા રૂપી દ્રવ્ય અંગેના જ્ઞાનની વિષયતા પણ બન્નેમાં સમ છે. તો વિશેષ શું છે ? અર્થાત્ આ પ્રમાણે બન્ને જ્ઞાનોમાં કાંઈ વિશેષ ભેદને ન જોતાં પૂર્વપક્ષી પૂછે છે કે હવે એ કહો કે આ બેમાં શું તફાવત છે ?

પૂર્વપક્ષી બન્ને જ્ઞાન વચ્ચેની ભેદરેખા બતાડનાર હેતુને નહીં જાણતો પ્રશ્ન કરે છે. જ્યારે સૈદ્ધાંતિક (ઉત્તર) પક્ષ આ બે વચ્ચે વિશુદ્ધિ આદિથી કરાતા ભેદને જુએ છે માટે '**अत्रोच्यते**' કહી જવાબ આપે છે. :- <u>વિશુદ્ધિ</u> = અધિકતર પર્યાયના પરિજ્ઞાનની કારણતા તે <u>વિશુદ્ધિ</u>. ક્ષેત્ર

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪૦ १. 'पत्या केवल' मु.(खं,भां)।

**भाष्य- अत्रोच्यते- विशुद्धिकृतः, क्षेत्रकृतः, स्वामिकृतः, विषयकृतश्चानयोर्विशेषो भवत्यवधिमनःपर्यायज्ञानयोः। तद्यथा- अवधिज्ञानात् मनःपर्यायज्ञानं विशुद्धतरम्। यावन्ति हि रूपीणि[1] द्रव्याण्यवधिज्ञानी जानीते तानि मनःपर्यायज्ञानि विशुद्धतराणि मनोगतानि[2] जानीते।**

पश्यन्नेवमाह- **अत्रोच्यते-विशुद्धीत्यादि। विशुद्धिः**=बहुतरपर्यायपरिज्ञानकारणत्वं, **क्षेत्रं**=आकाशं=दृश्यमानादृश्यमानरूप्यरूपिद्रव्याधारः, **स्वामी**=ज्ञानस्योत्पादयिता, **विषयो**=ज्ञानगम्यः पदार्थः, एभ्यो हेतुभ्योऽवधिमनःपर्यायज्ञानयोर्विशेषोऽवगन्तव्यः, पञ्चम्यर्थं च कृतशब्देनाचष्टे, विशुद्ध्या कृतो=विशुद्धिकृतः क्षेत्रेण कृतः स्वामिना कृतः विषयेण कृतः **विषयकृत इति।**

**अनयोरिति**=अवधिमनःपर्यायज्ञानयोः, **प्रतिविशेषो**=भेदोऽ**वधिमनःपर्यायज्ञानयोरिति, तद्यथा**- एते यथा घटन्ते तथा कथ्यन्ते-**अवधिज्ञानादु**क्तलक्षणात् **मनःपर्यायज्ञानं विशुद्धतरम्, कथं** ? विशुद्धतरतां स्वयमेव भाष्यकृदाह-' **यावन्ति**=यत्परिमाणानि नियमादनन्तानि, हिरेव इत्यस्यार्थे=यावन्त्येव, रूपमेषामस्ति **रूपीणि**, प्रदर्शनं चैतद्रूप-रस-गन्ध-स्पर्श-शब्दवन्ति, **द्रव्याणि**=गुणसङ्घातात्मकानि **अवधिज्ञानी जानीते** पश्यति चेति दृश्यम्, तेषामवधिज्ञानेनोपलब्धानां रूपिद्रव्याणां यावन्ति मनःपर्यायज्ञानिनो विषयभुवमास्कन्दन्ति **तान्यसौ मनःपर्यायज्ञानी विशुद्धतराणि**=बहुतरपर्यायाणि जानीते इत्यर्थः। तान्यपि

• *હેમગિરા* •

**ભાષ્યાર્થ :- જવાબ :- વિશુદ્ધિકૃત, ક્ષેત્રકૃત, સ્વામિકૃત અને વિષયકૃત-ભેદ અવધિ અને મનઃપર્યાય વચ્ચે છે તે આ પ્રમાણે → અવધિજ્ઞાન કરતાં મનઃપર્યાયજ્ઞાન એ વિશુદ્ધતર છે. અવધિજ્ઞાની જેટલાં રૂપી દ્રવ્યો જાણે તે દ્રવ્ય (ચિંતનસ્વરૂપે) મનોગત હોય ત્યારે મનઃપર્યાય જ્ઞાની અવધિજ્ઞાની કરતાં વધુ સ્પષ્ટ રૂપે જાણે.**

= આકાશ. જે દેખાતા અને નહીં દેખાતા રૂપી કે અરૂપી દ્રવ્યોનો આધાર છે. સ્વામી = જ્ઞાનને પ્રાપ્ત (ઉત્પન્ન) કરનાર. વિષય = જ્ઞાનથી જણાતો પદાર્થ. આ વિશુદ્ધિ આદિ ૪ હેતુઓ થકી અવધિ અને મનઃપર્યાયજ્ઞાનમાં ભેદ વિશેષ જાણવો. સૂત્રમાં '**विषयेभ्यः**'માં જે પંચમી વિભક્તિ છે તેનો અર્થ '**कृतः**' (કરાયેલ) એ મુજબ કરવો. તે આ પ્રમાણે કે વિશુદ્ધિ વડે કરાયેલ તે = **विशुद्धिकृतः**, ક્ષેત્ર વડે કરાયેલ તે **क्षेत्रकृतः**, સ્વામી વડે કરાયેલ તે **स्वामीकृतः** અને વિષય વડે કરાયેલ તે **विषयकृतः** ભેદ. હવે અવધિ મનઃપર્યાયજ્ઞાનનો ભેદ વિશુદ્ધિ આદિ થકી જે રીતે ઘટે છે તે દર્શાવે છે.

**વિશુદ્ધિકૃતભેદ** :- ઉક્ત લક્ષણવાળા અવધિજ્ઞાન કરતાં મનઃપર્યાય જ્ઞાન વધુ વિશુદ્ધ છે. તે આ વિશુદ્ધતરતા કેવા પ્રકારની છે તેને ભાષ્યકાર સ્વયં જ કહે છે. :- રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ અને શબ્દથી યુક્ત રૂપી દ્રવ્યો જેટલા પરિમાણમાં છે અર્થાત્ નિયમા અનંતા પરિમાણવાળા છે, તેવા આ શબ્દાદિગુણના સમૂહાત્મક રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે અને જુએ છે. ભાષ્યનો '**हि**' શબ્દ '**एव**' કારના અર્થમાં લેવો અર્થાત્ રૂપી દ્રવ્યો નિયમા અનંતની સંખ્યામાં જ હોય છે.

१. रूपाणि पा.लिB.। २. मनोरहस्यगतानीव पाA.राA.।

**भा० किंचान्यत्। क्षेत्रकृतश्चानयोः प्रतिविशेषः। अवधिज्ञानमङ्गुलस्यासङ्ख्येयभागादिषूत्पन्नं भवत्यासर्वलोकात्, मनःपर्यायज्ञानं तु मानुषक्षेत्र[1] एव भवति, नान्यक्षेत्र इति।।**

च **मनोगतानीति**-मनो व्यापारभाञ्जीत्यर्थः, असञ्चिन्त्यमानानि तु नैव **जानीते** साक्षात्। **किञ्चान्यदिति**, अयं चापरो भेदहेतुरिति।।

**क्षेत्रकृतश्चानयोरवधिमनःपर्यायय**योः **प्रतिविशेषो=भेदो** दृश्यः, एतद् भावयति- **अवधिज्ञानमङ्गुले**त्यादि। अङ्गुलस्यासङ्ख्येयानि खण्डानि कृतानि, तत्रैकस्मिन्नसङ्खेयभागमात्रे क्षेत्रे यावन्ति रूपिद्रव्याणि समवगाढानि सर्वस्तोकानि यः पश्यति, ततः स एव वर्धमानेन तेन बहूनि बहुतराणि च द्रव्याण्यवगच्छति यावत् सर्वलोकावस्थितानि [2]रूपिद्रव्याणि पश्यति, शुभाध्यवसायविशेषादिति, एतदाह- **अङ्गुलस्यासङ्ख्येयभागादिषूत्पन्नं भवत्यासर्वलोकादिति**। मनःपर्यायज्ञानस्य तु नैतावत् क्षेत्रमस्ति, यतो **मनःपर्यायज्ञानं मानुषे**त्यादि, **मानुषक्षेत्रे**=अर्धतृतीयेषु द्वीपसमुद्रेष्वित्यर्थः, **नान्यक्षेत्रे इति** न ▲वैमानिकेषु न▲ वा शर्कराप्रभादिनरकेष्विति।।

**स्वामिकृत** इत्यादि। **अवधिज्ञानं संयतस्य**=साधोर्विरतस्येत्यर्थः। **असंयतस्य**=अविरतस्य, वाशब्दात्

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- વળી બીજો ભેદ પણ છે. અવધિ અને મનઃપર્યાયનો ક્ષેત્ર-કૃત ભેદ પણ છે. અવધિજ્ઞાન અંગુલના અંસખ્યાતમાં ભાગથી માંડી સર્વલોક સુધી વ્યાપી બને, જ્યારે મનઃપર્યાયજ્ઞાન માનવક્ષેત્ર વિષેનું જ થાય. બીજા કોઈ ક્ષેત્ર વિષેનું થઈ શકતું નથી.**

આ અવધિજ્ઞાનીને ઉપલબ્ધ રૂપી દ્રવ્યોમાંથી જેટલા પણ દ્રવ્યો મનઃપર્યાયજ્ઞાનીના વિષયભૂત બને તેટલા સર્વને આ મનઃ પર્યાયજ્ઞાની અધિકતર પર્યાયપૂર્વક જાણે. વળી આ દ્રવ્યો કોઈ થકી વિચારાતા (મનોગત) હોય તો જ આ જાણી શકે મનોગત ન હોયતો ન જાણે. વળી બીજો ભેદ દર્શાવે છે.

**ક્ષેત્રકૃત ભેદ** :- અવધિ અને મનઃપર્યાયના ભેદનું ભાવન કરતા કહે છે કે અંગુલના અસંખ્ય ટુકડાઓ કરવામાં આવે અને તેમાં એક અસંખ્યાતમાં ટૂકડા જેવડા ક્ષેત્રમાં જેટલા રૂપી દ્રવ્યો અવગાહીને રહ્યા હોય તેટલા દ્રવ્યો ઓછામાં ઓછા અવધિજ્ઞાની જુએ છે ત્યારબાદ એ જ અવધિજ્ઞાની શુભ અધ્યવસાય વિશેષથી વધતા બહુ, બહુતર દ્રવ્યોને જાણે. યાવત્ સર્વલોકમાં રહેલા તમામ રૂપી દ્રવ્યોને જાણે-જુએ. મનઃપર્યાયજ્ઞાનને આટલા ક્ષેત્રનું જ્ઞાન નથી કારણ કે આ જ્ઞાન મનુષ્યક્ષેત્રરૂપ અઢીદ્વીપ તથા બે સમુદ્રને આશ્રયીને જ થાય. અર્થાત્ વૈમાનિકાદિ કે દેવલોક શર્કરાપ્રભાદિ, નરકક્ષેત્રને આશ્રયી આ જ્ઞાન ન થાય. ત્યાં રહેલા જીવોના માનસિક ચિન્તનને આ મનઃપર્યાયી ન જાણી શકે.

**સ્વામિકૃત ભેદ** :- સાધુને અર્થાત્ વિરતને, અવિરતને, {'**वा**' શબ્દથી} દેશવિરતિધરશ્રાવકને

१. मनुष्यक्षेत्र पाB.लिं.। २. द्रव्याणि पश्' मु.(खं,भां,सं)। ▲...▲. एतच्चिह्नितपाठो मु. प्रतौ न दृष्टः (खं,भां)।

**भा० किंचान्यत्। स्वामिकृतश्चानयोः प्रतिविशेषः। अवधिज्ञानं संयतस्य, असंयतस्य, वा[1] सर्वगतिषु भवति, मनःपर्यायज्ञानं तु मनुष्यसंयतस्यैव भवति, नान्यस्य।। किञ्चान्यत्। विषयकृतश्चानयोः प्रतिविशेषः। रुपिद्रव्येष्वसर्वपर्यायेष्ववधेर्विषयनिबन्धो भवति। तदनन्तभागे मनःपर्यायस्येति।।**

संयतासंयतस्य वा, **सर्वगतिषु**=नारकादिकासु चतसृष्वपि भवेत्[2], यतो नारकादीनां सर्वेषामवधिज्ञान-मुत्पद्यते, **मनःपर्यायज्ञानं** पुनर्**मनुष्यसंयतस्यैव भवति**, मनुष्यग्रहणात् नारकादिव्युदासः, संयतग्रहणात् मिथ्यादृष्ट्यादीनां प्रमत्तान्तानां षण्णां व्युदासः, **एवकारेण** नियमयति मनुष्यसंयतस्यैव फलं नियमस्य दर्शयति- **नान्यस्येति**, देवादेर्नैतदुत्पद्यत इत्यर्थः।।

'**किञ्चान्यत्**' **विषयकृत** इत्यादि। **रुपिषु**=परमाणुद्रव्येषु, **असर्वपर्यायेष्विति**। सर्वे सम्पूर्णाः पर्याया उत्पादादयो येषां तानि सर्वपर्यायाणि न सर्वपर्यायाण्यसर्वपर्यायाणि तेषु, तानि हि [3]रूपिद्रव्याण्यवधि-ज्ञानी सर्वाणि जानाति न तु तेषां सर्वान् पर्यायानिति, एकैकस्य तु परमाणोः कदाचिदसङ्ख्येयान्

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **વળી આ બે વચ્ચે 'સ્વામીકૃત' ભેદ પણ છે. જેમ કે અવધિજ્ઞાન સંયત અથવા અસંયતને, સર્વગતિઓમાં હોય. મનઃપર્યાયજ્ઞાન તો સંયત મનુષ્યોને જ હોય બીજાને નહીં. વળી બન્ને જ્ઞાનમાં વિષયકૃત ભેદ પણ છે જેમ કે અવધિજ્ઞાની રૂપી દ્રવ્યોમાં રહેલ અસર્વપર્યાયોને જાણે અને મનઃપર્યાયી આ રૂપી દ્રવ્યોના અનંતમાં ભાગના વિષયોને જાણે.**

નારકાદિ ચારે ગતિમાં અવધિજ્ઞાન હોય, કારણ કે નરક વગેરે બધાને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાન તો અપ્રમત્ત સંયમી મનુષ્યને જ થાય એ સિવાય કોઈને નહીં મનુષ્ય (ગતિ)નું ગ્રહણ કર્યું હોવાથી નારકાદિની બાદબાકી થઈ. સંયતનું ગ્રહણ કર્યું હોવાથી મિથ્યાદષ્ટિથી પ્રમત્તસંયમી સુધીના છ પ્રકારના જીવોનો વ્યવચ્છેદ કર્યો. 'एव' કારથી એ જણાયું કે અપ્રમત્ત સંયતિ મનુષ્યને જ આ જ્ઞાન મળે. આ નિયમથી ફલિત થયું કે અન્ય કોઈ દેવાદિને મનઃપર્યાયજ્ઞાન ન હોય. વળી બીજો ભેદ દર્શાવે છે.

### ❋ અવધિ અને મનઃપર્યાયની અંતિમ ભેદરેખા ❋

**વિષયકૃતભેદ** :- પરમાણુ આદિ રૂપી દ્રવ્યોમાં રહેલા ઉત્પાદ-વ્યય આદિ સંપૂર્ણ પર્યાયો તે 'સર્વપર્યાય' કહેવાય. અવધિજ્ઞાની આ સર્વ પર્યાયને ન જાણે, પણ અસર્વપર્યાયને જાણે કારણ કે અવધિજ્ઞાની વધુમાં વધુ સર્વ રૂપી દ્રવ્યોને જાણી શકે પરંતુ તે દ્રવ્યોના સર્વપર્યાયો ન જાણી શકે. પરંતુ એક-એક પરમાણુગત અસંખ્ય પર્યાયોને ક્યારેક જાણે તો ક્યારેક સંખ્યાતા પર્યાયોને જાણે. આ જ્ઞાની જઘન્યથી રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ આ ચારને જાણે પણ એક-એક પરમાણુના અનંત પર્યાયો જોવા માટે આ સમર્થ ન બને. જો સર્વ (અનંત) પર્યાયોને જાણી લે તો કેવલી થઈ

१. "संयतासंयतस्य च" मु. (को)। २. भवति राB.। ३. सूक्ष्मद्र° राA.। '...'. एतच्चिह्नितपाठो मु.प्रतौ न दृष्टः (भां.)।

**भा० अत्राह- उक्तं मनःपर्यायज्ञानम्। अथ केवलज्ञानं किमिति ? अत्रोच्यते- केवलज्ञानं दशमेऽध्याये वक्ष्यते-मोहक्षयात् ज्ञान-दर्शनावरणान्तरायक्षयाच्च केवलमिति (१०-१)।।२६।।**

---

पर्यायान् जानाति कदाचित् सङ्ख्येयान्, जघन्येन चतुरो रूप-रस-गन्ध-स्पर्शानिति, न पुनरेकैकस्य परमाणोरनन्तान् ज्ञातुं प्रत्यलः[1] स्यात् पर्यायानिति, यदि च सर्वानेव जानीयात् केवल्येवासौ स्यात्।। **"जे एगं जाणति से सव्वं जाणति"** (**जे सव्वं जाणति से एगं जाणति**) इति (आचाराङ्ग अ.३, उद्दे.४, सू.१२२) आगमात्।। अतोऽसर्वपर्यायेषु **अवधेः**-अवधिज्ञानस्य **विषयनिबन्धः**-विषयगोचर इति। मनःपर्यायज्ञानस्य तु रूपिद्रव्याणि न सर्वाणि विषयः, यतस्तेषामवधिज्ञानिज्ञातानां[2] द्रव्याणामनन्त-भागीकृतानां य एकोऽ**नन्तभागस्तस्मिन् मनःपर्यायज्ञानस्य** विषयनिबन्धः तस्मादतीन्द्रियत्वे तुल्येऽपि विशुद्ध्यादेर्भेदोऽवधि-मनःपर्याययोरिति।।

**अत्रावकाशे** ब्रवीति-प्रतिपादितं **मनःपर्यायज्ञानं**, तदनन्तरं केवलज्ञानमुद्दिष्टं, तत् किंस्वरूपमिति प्रश्नयति- **केवलज्ञानं** किंस्वरूप**मिति**। **उच्यते**-क्रमागतमपीह न भण्यते, यस्मात् केवलज्ञानस्योत्पत्तिः ज्ञानावरणीयादीनां[3] घातिकर्मणामात्यन्तिक[4]क्षयात्, स चात्यन्तिकक्षयः संवरेण प्राप्यते, संवरश्च नवमे-

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **પ્રશ્ન → મનઃપર્યાયજ્ઞાન તો કહેવાયું. હવે એ કહો કે કેવળજ્ઞાન શું છે ? <u>જવાબ</u> :- કેવળજ્ઞાનને દશમા અધ્યાયમાં વિશેષથી કહીશું અ.૧૦ સૂ.૧માં મોહનીયના ક્ષયથી અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયકર્મના ક્ષયથી કેવળજ્ઞાન થાય છે એ વાત કરી છે. ॥૨૬॥**

---

જાય, આ વાત આચારાંગ (સૂત્ર ૩/૪/૧૨૨)માં કહી છે. તે આ પ્રમાણે → "જે એક વસ્તુને તેના અનંત (સમસ્ત) પર્યાયપૂર્વક જાણે તે સર્વને જાણે છે." આ કેવલીના માટે જ શક્ય બને, છદ્મસ્થ માટે નહીં તેથી અવધિજ્ઞાનના વિષય અસર્વપર્યાય છે. મનઃપર્યાયજ્ઞાનીને તો રૂપી દ્રવ્યો પણ સર્વ નથી જણાતાં. અર્થાત્ સર્વ દ્રવ્યો તેમના જ્ઞાનનાં વિષય ન બને કારણ કે અવધિજ્ઞાનીને જણાતા દ્રવ્યોના અનંતા ભાગમાંથી એક અનંત ભાગ જેટલા વિષયને જ આ મનઃપર્યાયજ્ઞાની જાણી શકે.

તેથી પૂર્વપક્ષી એ કહ્યા પ્રમાણે અતિન્દ્રિયતા તુલ્ય હોવા છતાં વિશુદ્ધિ આદિ થકી અવધિ અને મનઃપર્યાયજ્ઞાનમાં ભેદ છે. આ અવસરે કોઈ પૂછે છે કે → મનઃપર્યાયજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. તેના પછીના ક્રમે આવતું કેવળજ્ઞાન શું છે ? તે કહો ?

<u>જવાબ</u> :- મનઃપર્યાય પછી કેવળજ્ઞાનનો ક્રમ છે. છતાંય આ કેવળને અહીં નથી વર્ણવતાં કારણ કે આ કેવળજ્ઞાન જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મના આત્યંતિક ક્ષયથી થાય છે. અને તેનો આત્યંતિક ક્ષય સંવરથી પ્રાપ્ત થાય છે. આ સંવરનું વિવેચન નવમા અધ્યાયમાં કરાશે. ત્યાર

---

१. प्रत्यलं मु.(भां)। २. °धिज्ञानानां भां.प्रा.। ३. °वरणादीनां भां.खं.। ४. °न्तिकात् क्षयात् भां.खं.।

## -सूत्रम्- मति-श्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ।।१-२७।।

**-भा० अत्राह- एषां मतिज्ञानादीनां ज्ञानानां कः कस्य विषयनिबन्ध इति ?।**

---

ऽध्याये वक्ष्यते, तत्समनन्तरं **केवलज्ञानं दशमेऽध्याये**ऽभिधास्यते, दशमाध्यायादिसूत्रं च तस्य प्रदेशकं[1] पठति– **मोहक्षयादि**त्यादि। मोहनं=**मोहः**=मोहनीयं दर्शनमोहादिभेदमष्टाविंशतिविधं तस्य **क्षयो**=नाशस्तस्मात् मोहक्षयादात्यन्तिकात् **ज्ञानं**=मत्यादि, **दर्शनं**=चक्षुर्दर्शनादि, तयोर्ज्ञान-दर्शनयोरावरणीयं =आच्छादकं, **अन्तरायं**=दानलब्ध्यादिविघाति, अत एषां[2] च ज्ञान-दर्शनावरणीयान्तरायाणां **क्षयात्** = शाटादात्यन्तिकात् **केवलज्ञानं**=सकलज्ञानं प्रादुरस्ति सकलद्रव्यभेदसंग्राहीति।।२६।।

एवं **मतिज्ञानादीनां** पञ्चानामपि **ज्ञानानां** स्वरूपेऽवधृते तस्य[3] मत्यादेर्यो विषयस्तमजानन् पृच्छति-**एषां**=पूर्वोदितानां **मतिज्ञानादीनां को विषयनिबन्धः कस्य** ज्ञानस्येति। **उच्यते- मति-श्रुतयोर्निबन्ध** इत्यादि। प्रकृतेन ज्ञानेन मति-श्रुते विशेषयन्नेवमुक्तवान् **मतिज्ञान-श्रुतज्ञानयोर्विषयनिबन्ध** इति। विषय-व्यापारो=विषयगोचरो **भवतीति, सर्वद्रव्येषु** सर्वाणि च तानि द्रव्याणि च सर्वद्रव्याणि तेषु धर्मा-

• હેમગિરા •

**<u>સૂત્રાર્થ</u> :- મતિશ્રુતનો વિષય વ્યાપાર સર્વ દ્રવ્યોમાં અને કેટલાક પર્યાયો હોય છે. ॥૨૭ ॥**

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- આ મતિજ્ઞાનાદિ જ્ઞાનોમાં કોનો કેટલો વિષય વ્યાપાર છે ?**

---

પછી દશમા અધ્યાયમાં કેવળજ્ઞાનનું વિવેચન કરશું, તે જ દશમા અધ્યાયના પ્રથમ સૂત્રના એકદેશનો સામાન્ય અર્થ ભાષ્યકારે અહીં '**मोहक्षयात्**' ઇત્યાદિ પદોથી દર્શાવેલ છે. તે આ પ્રમાણે → મોહાવે, મુંઝાવે તે મોહ. આ મોહનીય કર્મના દર્શનમોહ આદિ અઠ્ઠાવીશ ભેદો છે. આ મોહનો આત્યંતિક નાશ થઈ જવાથી તથા મતિ આદિ જ્ઞાન તેમજ ચક્ષુદર્શનાદિ દર્શન, આ બન્નેના આવરણીય કર્મોના તથા દાન, લબ્ધિ, ભોગ, ઉપભોગ, વીર્ય આદિ ગુણના ઘાતક અંતરાય કર્મોના આત્યંતિક ક્ષયથી સર્વ દ્રવ્યપર્યાયનું ગ્રાહક એવું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥૨૬ ॥

આ પ્રમાણે મતિ આદિ પાંચે જ્ઞાનોના સ્વરૂપને જાણ્યા પછી મતિ આદિના વિષયનો અજાણ પ્રશ્ન કરે છે કે પૂર્વે કહેવાયેલા મતિજ્ઞાનાદિમાં કયા જ્ઞાનનો કેવા પ્રકારનો વિષય નિબંધન (રૂપી-અરૂપીવિષય વ્યાપારની મર્યાદા) હોય છે ? આ પ્રશ્નનો જવાબ આપતા ૨૭મું સૂત્ર કહ્યું છે.

### ❋ મતિશ્રુતજ્ઞાનના વિષયને જાણીએ ❋

પ્રસ્તુત પાંચ જ્ઞાન પૈકી વિષયનિબંધન જણાવવાની ભાવનાથી સર્વપ્રથમ અહીં ભાષ્યમાં મતિ-શ્રુતના વિષયને જણાવતાં કહે છે કે- આ મતિ-શ્રુતનો વિષય વ્યાપાર ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદ્‌ગલ અને જીવાસ્તિકાય નામના સર્વ દ્રવ્યોમાં હોય છે. પણ દ્રવ્યમાં રહેતા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આદિ નિરવશેષ પર્યાયો અંગે ન હોય કારણ કે આ બે જ્ઞાનો થકી

---

१. प्रदर्शकं राA.। २. एतेषां राA.। ३. यस्य खं.भां.।

## सूत्रम्- रूपिष्ववधेः ।।२८।।

**भाष्य– अत्रोच्यते-मतिज्ञानश्रुत-ज्ञानयोर्विषयनिबन्धो भवति सर्वद्रव्येष्वसर्वपर्यायेषु। ताभ्यां हि सर्वाणि द्रव्याणि जानीते, न तु सर्वैः पर्यायैः।।२७।। रूपिष्वेव द्रव्येष्ववधिज्ञानस्य विषयनिबन्धो भवति,**

---

धर्माकाश-पुद्गल-जीवास्तिकायाख्येषु। **असर्वपर्यायेष्विति** सर्वे=निरवशेषा उत्पादादयः पर्याया येषां तानि सर्वपर्यायाणि, **न सर्वपर्यायाण्यसर्वपर्यायाणि तेषु**। एतदेव भावयति- **ताभ्यां** हीत्यादि, **हि** = यस्मात् **ताभ्यां**=मतिश्रुताभ्यां **सर्वाणि द्रव्याणि**=धर्मादीनि **जानाति**, न तु तेषां **सर्वान् पर्यायानु**त्पादादीनिति। कथं पुनस्ताभ्यां सर्वद्रव्यविषयोऽवबोधः?। मतिज्ञानी तावत् श्रुतज्ञानेनोपलब्धेष्वर्थेषु यदाऽक्षरपरिपाटीमन्तरेण स्वभ्यस्तविद्यो द्रव्याणि ध्यायति तदा मतिज्ञानविषयः सर्वद्रव्याणि, न तु सर्वान् पर्यायान्, अल्पकालत्वान्मनसश्चाशक्तेरिति, तथा श्रुतग्रन्थानुसारेण सर्वाणि धर्मादीनि जानाति, न तु तेषां सर्वपर्यायानिति।।२७।।

सम्प्रत्यवधिज्ञानस्यनं विषयनिबन्धनं कथयति-**रूपिष्ववधेरिति। रूपिष्वेव**=पुद्गलद्रव्येष्वेव **अवधेः**=

• *હેમગિરા* •

<u>સૂત્રાર્થ</u> :- **અવધિનો વિષય વ્યાપાર રૂપી પદાર્થોમાં હોય. ॥૧-૨૮ ॥**

<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- **મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય વ્યાપાર સર્વ દ્રવ્યમાં અને કેટલાક (અસર્વ) પર્યાયોમાં હોય છે. કારણ કે આ બન્ને જ્ઞાનોથી સર્વ દ્રવ્યો જણાય પણ આ દ્રવ્યો સર્વપર્યાયોપૂર્વક નથી જણાતાં. ॥૧-૨૭॥ અસર્વપર્યાયવાળા સર્વ રૂપીદ્રવ્યોમાં અવધિજ્ઞાનનો વિષય વ્યાપાર હોય છે.**

---

જીવ સર્વ દ્રવ્યોને જ જાણી શકે પણ તે દ્રવ્યોના ઉત્પાદ-વ્યય આદિ સર્વપર્યાયોને ન જાણી શકે.

### ❋ સર્વદ્રવ્યો મતિશ્રુતના વિષય બને ❋

<u>પ્રશ્ન</u> :- મતિ તથા શ્રુતજ્ઞાન વડે કઈ રીતે સર્વ દ્રવ્ય-વિષયક બોધ થાય ?

<u>જવાબ</u> :- સુંદર રીતે અભ્યસ્ત વિદ્યાવાળો મતિજ્ઞાની, શ્રુતજ્ઞાન થકી ઉપલબ્ધ થયેલ પદાર્થો વિશે જ્યારે કોઈ પણ અક્ષરની પરિપાટી અર્થાત્ ક્રમ વિના જ દ્રવ્યોનું ધ્યાન (અનુપ્રેક્ષા) કરે (ચૌદપૂર્વી અર્થાત્ શ્રુતકેવળી જ્યારે શ્રુત પરિકર્મિતમતિથી અક્ષરનો આશ્રય લીધા વિના જ દ્રવ્યોનું ચિંતન કરે ત્યારે સર્વ દ્રવ્યને જાણે છે) ત્યારે તે સર્વદ્રવ્યો મતિજ્ઞાનના વિષય બંને છે. આ મતિજ્ઞાનીના પણ સર્વપર્યાયો વિષય ન બની શકે. કારણ કે આવી વિશિષ્ટ કોટિની ધ્યાન-અવસ્થા ખૂબજ અલ્પ કાળ માટેની હોય છે. તેમજ મનની શક્તિ પણ આટલી ન પહોંચે કે જેથી સર્વપર્યાયો જાણી શકે. તથા શ્રુત ગ્રંથોના અનુસારે સર્વ ધર્માદિ દ્રવ્યોને જાણી શકે છે પણ સર્વપર્યાયોને ન જાણી શકે. ॥૨૭ ॥ હવે અવધિજ્ઞાનના વિષય નિબંધનને કહે છે.

અતીન્દ્રિય એવા અવધિજ્ઞાનનો રૂપી પુદ્ગલ દ્રવ્યોને વિશે જ વિષય વ્યાપાર હોય છે. રૂપી દ્રવ્યોમાંય અસર્વ પર્યાયો અંગેનો જ વ્યાપાર હોય.

## सूत्रम्- तदनन्तभागे मनःपर्यायस्य ।।१-२९।।

**भा० असर्वपर्यायेषु। सुविशुद्धेनाप्यवधिज्ञानेन रूपीण्येव द्रव्याण्यवधिज्ञानी जानीते, तान्यपि न सर्वैः पर्यायैरिति।।२८।। यानि रूपीणि द्रव्याण्यवधिज्ञानी जानीते ततोऽनन्तभागे मनःपर्यायस्य विषयनिबन्धो भवति।**

अतीन्द्रियस्य **विषयनिबन्धो भवति** सर्वेषु=**असर्वपर्यायेषु**। किं योऽपि परमावधिरत्यन्त[1]विशुद्धस्तेनापि रूपीण्येव, [2]नारूपीणि जानातीत्यारेकित आह- **सुविशुद्धेनापि**=परमप्रकर्षप्राप्तेनापि, [3]यो ह्यलोके लोकप्रमाणान्यसंख्येयानि खण्डानि पश्यति तेनाप्यवधिना पुद्गलद्रव्याण्येवावसीयन्ते, न धर्मादीनि चत्वारि। किं सर्वपर्यायैः ? नेत्याह- **तान्यपि न सर्वैरित्यादि**। **तान्यपि**=रूपिद्रव्याणि **न सर्वैः**= अतीतानागत-वर्तमानै[4]रुत्पाद-व्यय-ध्रौव्यादिभिरनन्तैः **पर्यायैरिति**।।२८।।

मनःपर्यायज्ञानस्याधुना विषयनिबन्धनमाचिख्यासुराह- **तदनन्तभागे मनःपर्यायस्य**। तेषामवधिज्ञानविषयीकृतरूपिद्रव्याणामनन्तभागस्तदनन्तभागस्तस्मिन् मनःप[5]र्यायज्ञानस्य विषय**निबन्धः**। एतद् **विवृणोति यानि**=शुक्लादिगुणोपेतानि [6]**रूपीणि द्रव्याणि** जानात्य**वधिज्ञानी** तेषामवधिज्ञानदृष्टाना**मनन्तभागो** यस्तस्मिन्ननन्तभागे एकस्मिन् **मनःपर्यायस्य विषयनिबन्धो** दृश्यः।

● *હેમગિરા* ●

**<u>સુત્રાર્થ</u> :- તે રૂપી દ્રવ્યોના અનંતમા ભાગે મનઃપર્યાયજ્ઞાનનો વિષય વ્યાપાર છે.॥૧-૨૯॥**

**<u>ભાષ્યાર્થ</u> :- સુવિશુદ્ધ અવધિજ્ઞાન હોય તો પણ રૂપી જ દ્રવ્યોને જાણે. (અરૂપી ન જાણે) તે રૂપીદ્રવ્યોને પણ સર્વપર્યાયો વડે ન જાણે. ॥૨૮॥ જે રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે. તે દ્રવ્યોના અનંતમાં ભાગે મનઃપર્યાયનો વિષય-વ્યાપાર હોય છે.**

### ❋ પરમાવધિ જ્ઞાન પણ રૂપીદ્રવ્યોને જ જાણે ❋

<u>પ્રશ્ન</u> :- અત્યંત વિશુદ્ધ એવું જે પરમાવધિ છે તે પણ શું રૂપી દ્રવ્યોને જ જાણે ? અરૂપીને ન જાણે.

<u>ઉત્તર</u> :- સુવિશુદ્ધ એવું પણ પરમાવધિજ્ઞાન કે જે અલોકમાં લોક પ્રમાણ અસંખ્યાતા ખંડોને જુએ છે. તેવા પણ આ પ્રકૃષ્ટ અવધિજ્ઞાન વડે રૂપી પુદ્ગલ દ્રવ્યો જ જણાય. ધર્માસ્તિકાયાદિ જે ચાર અરૂપી દ્રવ્યો છે તેને નથી જાણી શકતો. વળી રૂપીદ્રવ્યોના પણ સર્વ પર્યાયો અર્થાત્ અતીત અનાગત વર્તમાનમાં થતાં ઉત્પાદ વ્યય-ધ્રૌવ્યાદિ અનંત પર્યાયોને પણ ન જ જાણી શકે. ॥૨૮॥

અત્યારે, મનઃપર્યાયજ્ઞાનના વિષય નિબન્ધની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા શાસ્ત્રકાર કહે છે કે- અવધિજ્ઞાનમાં જણાતા જે રૂપી દ્રવ્યો છે તેનો જે અનંતમો ભાગ છે તેમાં મનઃપર્યાયજ્ઞાનીનો વિષય વ્યાપાર હોય છે. આ જ હકીકતને વિસ્તારથી સમજાવે છે કે જે શુક્લાદિ ગુણોથી યુક્ત

१. 'न्तज्ञानविशु' मु.(राA)। २. नारुपाणि खं.भां.। ३. योऽपि ह्यलो' खं.भां.। ४. 'रुदयव्यय' खं.भां.। ५. पर्यायस्य ज्ञा' सं.पाA./पर्यायस्या' रा.A। ६. रुपिद्रव्याणि भां.।

**भा० अवधिज्ञानविषयस्यानन्तभागं मनःपर्यायज्ञानी जानीते, रूपिद्रव्याणि मनोरहस्यविचारगतानि च मानुष[1]क्षेत्रपर्यापन्नानि* विशुद्धतराणि चेति।।२९।।**

**तदित्यनेन** [2]अवधिज्ञानविषयोऽभिसम्बध्यते। तस्यावधिज्ञानविषयस्य=सर्वरूपिद्रव्यात्मकस्य यो**ऽनन्त भागः** एकस्तं **मनःपर्यायज्ञानी जानीते**। एतदाह- **अवधिज्ञानविषये**त्यादिना। तान्यपि चावधिविषया-नन्तभागवर्तीनि **रूपिद्रव्याण्य**वगच्छति=रूपरसाद्युपेतानि एवंगुण[3]सम्प्राप्तात्मकानि द्रव्याणि, तान्यपि न कुड्याद्याकारव्यवस्थितानि जानाति, किन्तु **मनोरहस्यविचारगतानि मनः**=अनिन्द्रियं=[4]प्रतिविशिष्टपुद्गल-प्रचितं चेतस्तदेव च **रहस्यम्**=अप्रकाशस्वरूपं=अन्तर्वर्तमानं मनोरहस्ये विचारो विचारणा=अन्वेषणा, कथमयं पदार्थोऽवस्थित इत्येवंरूपा, तत्र मनोरहस्यविचारणायां **गतानि**=प्रविष्टानि=चिन्त्यमानानि जीवेनेतियावत्, तान्यपि न सर्वलोकवर्तीनि, किन्तु **मनुष्यक्षेत्रम्**=आमानुषोत्तरात् तस्मिन् मनुष्यक्षेत्रे **पर्यापन्नानि**=व्यवस्थितानीतियावत्, अवधिज्ञानिनश्च सकाशाद् **विशुद्धतराणि**=बहुतरपर्यायाणि [5]जानीत इतियावत्।।२९।।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અવધિજ્ઞાનના વિષયનો અનંતમો ભાગ મનઃપર્યાયજ્ઞાની જાણે. આ અનંતમા ભાગે રહેલ રૂપી દ્રવ્યોને આ મનઃપર્યાયજ્ઞાની અન્યના મનમાં વિચારરૂપે રહેલા હોય તો જ જાણે. વળી મનુષ્યક્ષેત્ર સુધી સીમિત તથા વિશુદ્ધતર પણે જાણે.॥૨૯॥**

રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે. તે અવધિજ્ઞાનદૃષ્ટવિષયના એક અનંતમા ભાગ જેટલા વિષયોમાં મનઃપર્યાયજ્ઞાનીનો વિષયવ્યાપાર હોય. ભાવાર્થ આ મુજબ છે → સૂત્રના 'तद्' શબ્દથી 'અવધિજ્ઞાનના વિષય'નો અન્વય કરવો અને અર્થ આ રીતે કરવો કે અવધિનો વિષય કે જે સર્વરૂપી દ્રવ્યાત્મક છે, તેવા આ દ્રવ્યોના એક અનંતમા ભાગને મનપર્યાયજ્ઞાની જાણે.આ જ હકીકતને ભાષ્યમાં સ્પષ્ટ કરતા કહે છે.

### ❋ અવધિ અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચેની ભેદરેખા ❋

અવધિજ્ઞાનના વિષયની અંતર્ગત(ભાસતા) જે રૂપ-રસાત્મક રૂપી દ્રવ્યો છે તેના અનંતમા ભાગે રહેલા દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની જાણે છે વળી આ દ્રવ્યો પણ દિવાલ ભીંત આદિ આકારરુપ પરિણત થવા રૂપે આ મનઃપર્યાયજ્ઞાનમાં ભાસતા નથી. પરંતુ અમુક વિશેષ (મનોવર્ગણાના) પુદ્ગલોથી નિર્માણ થયેલ અનિન્દ્રિય એવું જે મન છે, તે મનની અંદર રહસ્યમય રીતે વર્તતાં વિચારને જાણે અને તેના માધ્યમે આ ઘટાદિ પદાર્થોનુ અનુમાન કરે છે. અર્થાત્ અમુક ઘટાદિ પદાર્થ ક્યા સ્વુરૂપે અવસ્થિત છે' ઈત્યાકારક જીવ વડે ચિંતવાંતી મનોગત અવસ્થારૂપે આ દ્રવ્યોને જાણે. મનોગત વિચારો પણ સર્વ લોકવર્તી જીવોના આ નથી જાણતો પરંતુ માનુષોત્તર પર્વત સુધી આવેલું જે મનુષ્યક્ષેત્ર છે ત્યાં સુધી રહેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવોના જ મનોગત ભાવોને જાણે. અવધિજ્ઞાની કરતાં આ મનઃપર્યાય જ્ઞાનમાં વિશેષ-અધિક પર્યાય જણાય છે. તેથી આ મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર કહેવાય છે.॥૨૯॥

१. मनुष्य° पाB.लि.। २. अवधिविषयो° खं.भा.। ३. °गुणसंद्रावात्म° खं °सम्बाधात्म° भा.। ४. प्रविशि खं.भां.। ५. जानाति जीवः पाB.। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪૧

**सूत्रम्- सर्वद्रव्य-पर्यायेषु केवलस्य ।।१-३०।।**

**भाष्य- सर्वद्रव्येषु सर्वपर्यायेषु च केवलज्ञानस्य विषयनिबन्धो भवति।**

सम्प्रति केवलज्ञानस्य विषयमाचष्टे-**सर्वद्रव्येत्यादि**। **सर्वद्रव्येषु**=धर्मादिषु **सर्वपर्यायेषु**=उत्पादादिषु, धर्मादीनां च त्रयाणां परत उत्पादविगमौ, पुद्गलानां जीवानां च स्वतः परतश्च, यथा शुक्लतया विगच्छन्नीलतयोपजायमानः पुद्गल इत्यवतिष्ठते, जीवोऽपि सुरतयोत्पद्यते मनुष्यतया विगच्छति जीवत्वेन च सदावस्थित इति, अतः सर्वषु पर्यायेष्वेवमात्मकेषु **केवलज्ञानस्य विषयनिबन्धो**=गोचरो **भवति**। कथं पुनः केवलस्य सर्वाणि द्रव्याणि सर्वे पर्यायाश्च गोचरीभवन्ति ?। उच्यते– **तत्** केवलज्ञानं यस्मात् **सर्वभावग्राहकं** सर्वेषां भावनां **ग्राहकं**=द्रव्य-क्षेत्र-काल-भावविशिष्टानां तत् परिच्छेदकम्=अवभासकम्, अत एव **सम्भिन्नलोकालोकविषयं** लोको=धर्माधर्मद्रव्यद्वयावच्छिन्नमाकाशं[1], यत्र

*હેમગિરા*

**<u>સૂત્રાર્થ</u> :- સર્વ દ્રવ્ય અને પર્યાયોમાં કેવળજ્ઞાનના વિષયનો નિબંધ (=વ્યાપાર) છે.॥૧-૩૦॥**

**<u>ભાષ્યાર્થ</u> :- સર્વ દ્રવ્યોમાં અને સર્વપર્યાયોમાં કેવળજ્ઞાનનો વિષય વ્યાપાર હોય છે.**

હવે કેવળજ્ઞાનનાં વિષયને કહે છે → ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યો વિશે તથા ઉત્પાદાદિ સર્વ પર્યાયો વિશે કેવળ જ્ઞાનનો વિષય હોય છે. અર્થાત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણમાં પરતઃ (જીવ-અજીવ આદિની અપેક્ષાએ) ઉત્પન્ન થતા ઉત્પાદ અને વિગમ પર્યાયો વિશે તેમજ પુદ્ગલ અને જીવોમાં સ્વતઃ અને પરતઃ ઉભય રીતે જે પર્યાયો ઉત્પન્ન થાય છે તે વિશે કેવળજ્ઞાનનો વિષય વ્યાપાર છે.

### * ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની ઓળખ *

દા.ત. એક પુદ્ગલ શુક્લરૂપે વિનાશ પામે અને નીલ રૂપે ઉત્પન્ન થાય પણ પુદ્ગલ દ્રવ્ય તરીકે અવસ્થિત રહે છે. એ જ રીતે જીવ પણ દેવ તરીકે ઉત્પન્ન થાય અને મનુષ્ય તરીકે નાશ પામે પરંતુ જીવ તરીકે સદા અવસ્થિત રહે છે. આવા સર્વ પ્રકારના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રુપ સર્વપર્યાયોમાં કેવળીનો વિષય વ્યાપાર હોય છે. (ધર્માસ્તિકાયાદિ ત્રણમાં પુદ્ગલ કે જીવની જેમ સ્વતઃ કોઈ પરાવર્તન થતું નથી પરંતુ પર એવા પુદ્ગલ અથવા જીવને આશ્રયીને જ આ ત્રણમાં પર્યાયની વિવક્ષા શક્ય છે માટે પરતઃ પર્યાયનો જ ઉલ્લેખ ટીકામાં કર્યો છે)

<u>શંકા</u> :- સર્વ દ્રવ્યો અને પર્યાયો કેવળજ્ઞાનના વિષય કઈ રીતે બને છે ?

<u>સમાધાન</u> :- તે કેવળજ્ઞાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિશિષ્ટ સર્વ ભાવોનું ગ્રાહક = પરિચ્છેદક છે અને તેથી સંભિન્નલોક અને અલોકના વિષયોને જાણી શકે છે. તેથી સર્વ દ્રવ્ય, પર્યાયો કેવળજ્ઞાનના વિષય બને છે.

<u>લોક</u> :- ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યોથી યુક્ત આકાશ.

१. °द्वयविच्छि मु.पाA.(खं,भां)।

**भा० तद्धि सर्वभावग्राहकं सम्भिन्नलोकालोकविषयम्। नातः परंज्ञानमस्ति। न च केवलज्ञानविषयात् परं किञ्चिदन्यज्ज्ञेयमस्ति।।**

---

त्वाकाशे तौ धर्माधर्मौ न स्तः सोऽलोकः लोकश्चालोकश्च लोकालोकौ, सम्भिन्नौ च तौ लोकालोकौ च सम्भिन्नलोकालोकौ विषयो=गोचरो यस्य तत् सम्भिन्नलोकालोकविषयम्। एतदुक्तं भवति-यदिह लोके अलोके वा[1]ऽस्ति किञ्चिज्ज्ञेयं तद् यथा बहिः पश्यत्येवमन्तः, एवं सम्भिन्नलोकालोकविषयं, सम्भिन्नमिति सम्पूर्णम्, अथवा सर्वैः पर्यायैरथवा यथात्मानं तथा परम्, अथवा स्वपर्यायैः परपर्यायैश्च।

**अथ** किमेतस्माज्ज्ञानात् प्रकृष्टतरमन्यत् किञ्चि[2]ज्ज्ञानमस्तीति ?। **उच्यते– नातः परं ज्ञानमस्ति** अस्मात्=केवलात् परं=प्रधानतरं ज्ञानं=ज्ञेयपरिच्छेदि नास्ति किञ्चित्। एतस्माद् यद्यपि ज्ञानं न प्रधानतरमस्ति विषयस्तर्हि अप्रकाशितोऽस्ति तेन केवलज्ञानेनेति तन्न यतः **न च केवलेत्यादि** केवलज्ञानस्य विषयः सर्वद्रव्याणि सर्वपर्यायाश्च, एतस्माद् **विषयात् परमन्यत् किञ्चिज्ज्ञेयं नास्ति** यदप्रकाशितं केवलेनेति।।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- આ જ્ઞાન સમ્પૂર્ણ લોક અને અલોકના વિષયવાળુ અને સર્વ ભાવોનું ગ્રાહક છે. આના કરતાં કોઈ મોટું જ્ઞાન નથી, કેવળજ્ઞાનના વિષયથી અન્ય કોઈ જ્ઞેય-વિષય જ નથી.**

---

**અલોક** :- જે આકાશમાં ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય બન્ને નથી. (ઉપલક્ષણથી ધર્મ, અધર્મથી ગતિ કે અગતિ પામનારા જીવ, પુદ્ગલ પણ નથી)

**સંભિન્ન** :- સંપૂર્ણ એવા આ લોકાલોક જે જ્ઞાનના વિષય બને છે, તે કેવળજ્ઞાન છે. આશય એ છે કે → લોક કે અલોકમાં જે કોઈ જ્ઞેય પદાર્થો છે, તે પદાર્થની બાહ્ય અવસ્થા અને આંતરિક અવસ્થા બન્નેને કેવળી જુએ, અર્થાત્ તે પદાર્થોને જે રીતે બહારથી જુએ છે એ જ રીતે અંદરથી પણ જુએ છે. અથવા કેવળી સર્વ પર્યાયો વડે જે રીતે પોતાને જુએ તે રીતે બીજાને પણ સંપૂર્ણપર્યાય પૂર્વક જુએ, અથવા વસ્તુમાત્રને સ્વપર્યાયથી અને પરપર્યાયથી જુએ અને જાણે.

### ❋ કેવલજ્ઞાનની સર્વવ્યાપકતા ❋

<u>પ્રશ્ન</u> :- આ જ્ઞાન કરતાં પ્રકૃષ્ટતર અન્ય કોઈ જ્ઞાન છે ?

<u>જવાબ</u> :- આ કેવળજ્ઞાન કરતાં પ્રધાનતર કક્ષાવાળુ વસ્તુગ્રાહક જ્ઞાન કોઈ નથી.

<u>શંકા</u> :- જો આ જ્ઞાન થકી કોઈ પ્રધાનતર જ્ઞાન નથી તો પછી બાકી રહેલા વિષય આ કેવળજ્ઞાન જ્ઞાન વડે અપ્રકાશિત રહેશે ?

<u>સમાધાન</u> :- ના, એવું નથી. કારણ કે કેવળજ્ઞાનના વિષયો સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયો હોય છે. કેવળજ્ઞાનથી જ્ઞાત વિષયો પછી હવે કોઈ એવું શેષ રહ્યું જ નથી કે જે કેવળજ્ઞાનથી અપ્રકાશિત રહે. આ રીતે કેવળજ્ઞાનની વિષય-વ્યાખ્યા કરીને આના પર્યાયવાચી શબ્દોને જણાવે છે.

---

१. चाऽस्ति पाA.। २. ज्ञानं किञ्चिदस्ति ? खं.भा.।

**भा० केवलं परिपूर्णं समग्रमसाधारणं निरपेक्षं विशुद्धं सर्वभावज्ञापकं लोकालोकविषय-मनन्तपर्यायमित्यर्थः ।।३०।।**

एवं विषयमाख्याय केवलस्य तस्यैव पर्यायकथनं करोति-**केवलं** परिपूर्णं भण्यते, सकलं द्रव्य-भाव[1]जालं परिच्छिन्दन् **परिपूर्णमिति**, यथैकं जीवपदार्थं तथा परमपि परिच्छिन्दत् **समग्रमिति** व्यपदिश्यते, **असाधारणं** मत्यादिज्ञानैरतुल्यत्वात्, निर्गता आलोकेन्द्रियादिरूपा अपेक्षा यत्र त**न्निरपेक्षं**, ग्राह्यं मुक्त्वा नेन्द्रियादीन्यपेक्षत इति यावत्, **विशुद्धं** अशेषज्ञानदर्शनावरणमलविलयनात् **सर्वभावज्ञापकमिति** सर्वेषां जीवादीनां भावानां ज्ञापकं=प्ररूपकम् ।।

**ननु** च मूकं तत् केवलज्ञानं, तत् कथं प्र[2]रूपकं=ज्ञापकं भण्यते ? शब्दो हि ज्ञापको मतः, **उच्यते**- उपचारात् ज्ञापकं, यतः केवलज्ञानेन सर्वद्रव्यभावान् दृष्टान् शब्दः प्रकाशयति, ततः केवलज्ञानमेव प्रकाश[3]कं भण्यते। लोकालोकौ विषयोऽस्य तत् **लोकालोकविषयम्**। कथमिति चेत्,

*— हेमगिरा —*

<u>ભાષ્યાર્થ</u> :- **કેવળ, પરિપૂર્ણ, સમગ્ર, અસાધારણ, નિરપેક્ષ, વિશુદ્ધ, સર્વભાવજ્ઞાપક, લોકાલોકવિષયક, અનંતપર્યાયવાળું. આ બધા કેવળજ્ઞાનના એકાર્થિક શબ્દો છે. ॥૩૦॥**

### ❀ કેવલજ્ઞાનના એકાર્થક નામો ❀

**૧. પરિપૂર્ણ** :- કેવળજ્ઞાન સકલ દ્રવ્ય-ભાવના સમૂહોને જાણતું હોવાથી પૂરિપૂર્ણ કહેવાય છે. **૨. સમગ્ર** :- જેમ એક જીવ-પદાર્થને જાણે તે રીતે અન્ય સર્વ પદાર્થને જાણે તેથી સમગ્ર છે. **૩. અસાધારણ** :- મતિ આદિ જ્ઞાન જેવું નથી પણ તે જ્ઞાનોથી ભિન્ન જ કક્ષાનું (અસાધારણ) આ કેવલજ્ઞાન છે. **૪. નિરપેક્ષ** :- આલોક (પ્રકાશ) કે ઈન્દ્રિયાદિની અપેક્ષા જેમાં ન હોવાથી નિરપેક્ષ જ્ઞાન છે. અર્થાત્ કેવળજ્ઞાનને ગ્રાહ્ય = જ્ઞેયપદાર્થ સિવાય બીજા કોઈ ઈન્દ્રિયાદિની અપેક્ષા રહેતી નથી. **૫. વિશુદ્ધ** :- સંપૂર્ણ જ્ઞાન અને દર્શનના આવરણ કરનાર કર્મ રૂપી મળ દૂર થઈ ગયા હોવાથી વિશુદ્ધ છે. **૬. જ્ઞાપક** :- સર્વ જીવાદિ ભાવોનો પ્રરૂપક હોવાથી જ્ઞાપક કહેવાય છે.

<u>શંકા</u> :- કેવળજ્ઞાન તો મૂંગુ છે તો એ સર્વભાવોનું પ્રરૂપક કઈ રીતે થાય ? કારણ કે જ્ઞાપક તો શબ્દ મનાયો છે. <u>સમાધાન</u> :- ઉપચાર થકી જ્ઞાપક કહી શકાય કારણ કે કેવળજ્ઞાન વડે જ જોવાયેલા સર્વ દ્રવ્ય અને ભાવોને શબ્દો પ્રકાશિત કરે છે. તેથી કેવળજ્ઞાન જ પ્રકાશક (જ્ઞાપક) કહેવાય.

**૭. લોકાલોક વિષય** :- આ કેવળજ્ઞાન લોક અને અલોકના સર્વ વિષયને જાણતું હોવાથી 'લોકાલોક વિષયક' પણ કહેવાય. આ જ્ઞાન કઈ રીતે લોકાલોકના વિષયરૂપ બને છે તે જણાવતા આઠમાં **૮. અનંતપર્યાય** વિશેષણને કહે છે :- અનંત પર્યાયો આ જ્ઞાનમાં વર્તે છે. અથવા જ્ઞેયમાત્ર અનંત પર્યાયવાળુ હોવાથી (એ અનંત પર્યાયો આ જ્ઞાનમાં ભાસમાન હોવાથી) જ્ઞેયના બળે કેવળજ્ઞાન પણ અનંત પર્યાયવાળું કહેવાય છે.

१. भावजातं राA. । २. प्ररूपकं भण्यते मु.(ख,भां)। ३. °शकं ज्ञापकं भण्यते मु. (भां)।

**सूत्रम्- एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः।।१-३१।।**

**भा० अत्राह- एषां मतिज्ञानादीनां युगपदेकस्मिन् जीवे कति भवन्तीति ?। अत्रोच्यते- एषां मत्यादीनां ज्ञानानामादित एकादीनि भाज्यानि युगपदेकस्मिन् जीवे आ चतुर्भ्यः।**

---

यतः अनन्ताः **पर्यायाः**-परिणामाः यस्य तत् **अनन्तपर्यायं**, ज्ञेयं वाऽनन्तपर्यायमितिकृत्वा तदप्यनन्तपर्यायमभिहितं, ज्ञेयानुरोधेन।।३०।।

एवं सर्वेषां मत्यादीनां विषये प्रकाशितेऽत्रावकाशे ब्रूते अन्तेवासी– **एषाम्**=अनन्तरख्यापितानां **मतिज्ञानादीनां युगपद्**=एकस्मिन् काले **एकस्मिन् जीवे कति भवन्त्याधेयानि** ? किमेकं द्वे त्रीणि चत्वारि पञ्चापि ? सर्वाणि तावन्न सङ्गच्छन्ते सर्वप्राणिनाम्, एवं सति समता स्यात्, सर्वेषां च सर्वज्ञता भवेत्, विरोधश्च स्यात् क्षायिकक्षायोपशमिकानां परस्परेण, तस्माद् यथैते दोषा न सन्ति तथा वाच्यम्, **उच्यते** अत्र- **एकादीत्यादि**। एकशब्दः प्राथम्ये वर्तते, एकः=प्रथम आदिरेषां तान्येकादीनि=प्रथमादीनि **भाज्यानि**=विकल्प्यानि स्युर्न वा, **युगपद्**=एकस्मिन् कालेऽवधीकृते **एकस्मिन्** प्राणिनि,

*હેમગિરા*

**સુત્રાર્થ :- એક જીવને એકી સાથે એક, બે, ત્રણ અથવા ચાર જ્ઞાન હોઈ શકે.(૧-૩૧)**

**ભાષ્યાર્થ :- પ્રશ્ન :- આ મતિજ્ઞાનાદિ જ્ઞાનો એકી સાથે જીવમાં કેટલાં જોવા મળે ?**

**જવાબ :- આ મતિ આદિ જ્ઞાનો એક જીવમાં એકી સાથે એકથી માંડીને ચાર સુધી હોઈ શકે.**

---

### ❋ એક જીવને એક સાથે ૧ થી ૪ જ્ઞાન હોય ❋

આમ પાંચેય જ્ઞાનના વિષય વ્યાપારનું વિવરણ સાંભળ્યા બાદ શિષ્ય આ અવસરે પ્રશ્ન કરે છે કે આ હમણાં કહેલા મતિ આદિ જ્ઞાન એક જ સમયમાં એક સાથે એક જીવમાં કેટલા હોઈ શકે ? શું એક, બે, ત્રણ, ચાર કે પાંચે પણ હોઈ શકે ? પાંચે જ્ઞાન બધા પ્રાણીને હોય તેવું તો ન બને, જો એવું બની જાય તો બધા પ્રાણીઓ સરખા અને સર્વજ્ઞ દેખાવા જોઈએ. વળી ક્ષાયિક-ક્ષાયોપશમિક ભાવોનો પરસ્પર વિરોધ પણ થાય. કારણ કે કેવળજ્ઞાન ક્ષાયિક છે. જ્યારે મતિઆદિ ક્ષયોપશમિક છે. તેથી આ બન્ને એક સાથે કઈ રીતે હોય ? વિરોધ આવે. જે રીતે આ બધા દોષો ન આવે એ રીતે આપ જવાબ કહો.

સમાધાન આપતા શાસ્ત્રકારશ્રી કહે છે :-

સૂત્ર (ભાષ્ય)માં રહેલ '**एक**' શબ્દ 'પ્રથમ' (મતિજ્ઞાન) અર્થનો સૂચક છે. પ્રથમ (મતિ) વગેરે જ્ઞાન છે જેમાં તે '**एकादीनि**.' આ પ્રથમાદિ (ચાર) જ્ઞાનોનું જીવોમાં એક સાથે હોવું વૈકલ્પિક=ભજના છે. અર્થાત્ પ્રથમ એવા મતિજ્ઞાનથી માંડી ચોથા મનઃપર્યાયજ્ઞાન સુધીના જ્ઞાનો એક સાથે (એક કાળે) એક પ્રાણીમાં હોય અથવા ન પણ હોય.

### ❋ સૂત્રનો 'आ' અભિવિધિના અર્થમાં છે ❋

'**आचतुर्भ्य**'માં રહેલ '**आ**' અભિવિધિ'ના અર્થમાં છે. મર્યાદા અર્થમાં નથી. (દા.ત.

**भा० तद्यथा[1]-कस्मिंश्चिज्जीवे मत्यादीनामेकं भवति। कस्मिंश्चिज्जीवे द्वे भवतः। कस्मिंश्चित् त्रीणि भवन्ति। कस्मिंश्चिच्चत्वारि भवन्ति।। श्रुतज्ञानस्य तु मतिज्ञानेन नियतः सहभावस्तत्पूर्वकत्वात्।**

**आ चतुर्भ्य** इति आङ्ऽभिविधौ न मर्यादायाम्, यत्रास्य मर्यादाऽभिप्रेता सूरेः तत्र प्राग्ग्रहणं करोति, '**विग्रहवती च संसारिणःप्राक् चतुर्भ्यः**' (अ.२, सू.२९) तथा '**प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात्**' (अ.२, सू.३९) तस्मादिहाभिविधावाङ्ग्, आ चतुर्भ्यो ज्ञानेभ्यः[2] एकस्मिन् जीवे सम्भव इति, चत्वार्येकत्र जीवे सम्भवन्तीति। भजनां च दर्शयति **कस्मिंश्चिदित्यादिना। कस्मिंश्चिन्**मनुष्यादिके **जीवे मत्यादीनां** पञ्चानां ज्ञानानामेकं **सम्भवति, कथं** ? येन निसर्गसम्यग्दर्शनं प्राप्तं तस्य मतिज्ञानमाद्यमेवैकं समस्ति, न श्रुतं, यतस्तल्लब्धा सामायिकादिश्रुतं न पठति, अन्तरेणापि **च** श्रुतज्ञानमष्टौ प्रवचनमातरः संगृह्यन्ते तेन, अतस्तस्य ग्रन्थानुसारि विज्ञानं श्रुताख्यं न सम्भवति, **एकं**= प्रथमं मतिज्ञानमेव। **कस्मिंश्चिज्जीवे द्वे भवतः** सम्यग्दर्शनसमन्वितस्य **श्रोत्रेन्द्रियो**पलब्धिः श्रुतं द्वादशाङ्गं

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- તે આ પ્રમાણે → કોઈક જીવમાં મતિઆદિ ચારમાંથી એક હોય, કોઈને બે, કોઈને ત્રણ, કોઈને ચાર હોય. શ્રુતજ્ઞાનનો મતિજ્ઞાન સાથે નિયત સહભાવ છે કારણ કે શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય.**

**आपाटलीपुत्राद् वृष्टो मेघः** પાટલીપુત્ર સુધી મેઘ વરસ્યો. આ પ્રયોગમાં 'મર્યાદા' અર્થ અભિપ્રેત હોવાથી પાટલીપુત્રમાં મેઘ વરસવાની વાત નથી કરી. વળી, આ જ પ્રયોગ અભિવિધિ અર્થમાં ઈષ્ટ હોય તો અર્થ આ રીતે કરવો → પાટલીપુત્રની આસપાસ તેમજ પાટલીપુત્રમાં પણ મેઘ વરસ્યો.) જ્યાં 'आ' શબ્દનો અર્થ મર્યાદા તરીકે ઈષ્ટ હોય ત્યાં વાચકપ્રવર 'आ'ની જગ્યાએ '**प्राक्**' શબ્દ વાપરે છે. જેમકે (અ.૨.સૂ.૩૧) **विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः** તથા (અ.૨.સૂ.૩૯)માં "**प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात्.**" તેથી અહીં 'आ' નો અભિવિધિ અર્થ અભિપ્રેત છે તે નક્કી થયું.

### ❊ એક જીવમાં એ સાથે ઉત્કૃષ્ટથી ૪ જ્ઞાન ❊

અર્થ એમ સમજવો કે- ચાર જ્ઞાન સુધી એક, બે, ત્રણ અથવા ચારે જ્ઞાન એક જીવમાં જોવાં મળે. ભજના કઈ રીતની છે તે હવે સમજાવે છે. કોઈક મનુષ્યાદિને મતિ આદિમાંથી એક જ જ્ઞાન હોય. જેમ કે કોઈને નિસર્ગ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તો તેને એક જ મતિજ્ઞાન હોય. શ્રુત ન હોય કારણ કે એવું પણ બને કે આ નિસર્ગ સમકિતી(મતિજ્ઞાની) સામાયિકાદિ શ્રુત ન ભણ્યો હોય અને શ્રુતજ્ઞાન વિના પણ અષ્ટ પ્રવચન માતા ધારણ કરે. આમ આ મતિજ્ઞાનીને ગ્રંથાનુસારી જે સામાયિકાદિ વિશિષ્ટ શ્રુતજ્ઞાન છે તે ન હોવાથી માત્ર મતિજ્ઞાન જ હોય. કોઈક સમ્યગ્દર્શન યુક્ત જીવે વિશિષ્ટ શ્રુત મેળવ્યું હોય તો બન્ને જ્ઞાનો ઘટે. દ્વાદશાંગી રૂપ શ્રુત એ

१. "तद्यथा" पाठो पा.राA. प्रतौ न दृष्टः (खं,भां)। २. ज्ञातेभ्यः राA.।

**भा० यस्य श्रुतज्ञानं तस्य नियतं मतिज्ञानम्। यस्य तु मतिज्ञानं तस्य श्रुतज्ञानं स्याद् वा न वेति।**

शेषेन्द्रियोपलब्धिर्मतिज्ञानम्। कस्मिंश्चित् प्राणिनि **त्रीणि**, द्वे मति-श्रुते तृतीयं चावधिज्ञानं यस्योत्पन्नम्। **कस्मिंश्चिच्चत्वारि**, एतानि त्रीणि चतुर्थं मनःपर्यायज्ञानम्, प्रतिपन्नचारित्रस्य तीर्थकृत इव।।

**अथ** यस्मिन् श्रुतज्ञानमेकं क्वचित् प्राणिनि स किं न प्रदर्श्यते ? यतो मतिरेवैका प्रदर्श्यते, **उच्यते**– यत्र श्रुतज्ञानं[1] तत्रावश्यं मतिज्ञानम्, यत्र मतिज्ञानं तत्र श्रुतं स्याद् वा न वेति, तस्मान्मतिज्ञानमेवैकं क्वचिन्निदर्श्यते, एतदाह- **श्रुतज्ञाने**त्यादि। **श्रुतज्ञानस्य** एवं ग्रन्थानुसारिणो **मतिज्ञानेन** इन्द्रियानिन्द्रियनिमित्तेन **नियतो**=निश्चितः **सहभावः**=एकत्रवृत्तिरूपः, किं कारणम् ? तत आह **तत्पूर्वकत्वात्**=मतिज्ञानपूर्वकत्वात् श्रुतस्य, सति हि मतिज्ञाने श्रुतज्ञानसम्भव इति, अतो **यस्य** जन्तोः **श्रुतज्ञानं** ग्रन्थानुसार्यस्ति **तस्य जन्तोर्नियत**मिन्द्रियानिन्द्रियनिमित्तं **मतिज्ञानं** सम्भवति, तस्माच्छ्रुत-

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- **અર્થાત્ જેને શ્રુતજ્ઞાન છે, તેને નિયમા મતિજ્ઞાન છે જ પરંતુ જેને મતિજ્ઞાન છે તેને શ્રુતજ્ઞાન હોય અથવા ન હોય.**

શ્રોત્રેન્દ્રિયની ઉપલબ્ધિરૂપ છે. અને શેષ ઈન્દ્રિયથી ઉપલબ્ધ થતું જ્ઞાન મતિજ્ઞાન રુપ છે. કો'ક પ્રાણીને અવધિજ્ઞાન સહિત ત્રણ જ્ઞાન હોય, કો'ક મહાત્માને મનઃપર્યાયજ્ઞાન સહિત ચાર જ્ઞાનો હોય. જેમ તીર્થંકરોને ચરિત્ર સ્વીકારતાં જ આ મનઃપર્યાય જ્ઞાન થાય છે. તેઓમાં ચારે જ્ઞાનો એક સાથે જોવા મળે.

### ❋ એકમાત્ર શ્રુતજ્ઞાનનો અભાવ ❋

<u>પ્રશ્ન</u> :- જેમ એકમાત્ર મતિજ્ઞાન દર્શાવ્યુ તેમ એકમાત્ર શ્રુતજ્ઞાન જે વિશે હોય તેવા જીવને અહીં શા માટે નથી કહ્યો ?

<u>જવાબ</u> :- જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન અવશ્ય હોય જ. પણ જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય અથવા ન હોય. તેથી એક મતિજ્ઞાનનું વિધાન ક્યાંક કરી શકાય પણ માત્ર શ્રુતનું નહીં. આજ વાતને સ્પષ્ટ કરતાં કહે છે -

ગ્રંથાનુસારી જે શ્રુતજ્ઞાન છે. તે ઈન્દ્રિય અને અનિન્દ્રિય નિમિત્તવાળા મતિજ્ઞાન સાથે જ હોય. અર્થાત્ આ શ્રુતજ્ઞાન સાથે મતિનો નિશ્ચયથી સહભાવ હોય, આનું કારણ એ છે કે શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય. મતિ હોવા સાથે જ શ્રુતજ્ઞાનની સંભાવના છે. આથી જ જે જીવને ગ્રંથાનુસારી શ્રતુજ્ઞાન હોય તેને ઈન્દ્રિય અને અનિન્દ્રિય નિમિત્તવાળું મતિજ્ઞાન નિયમા હોય જ. આમ જ્યાં શ્રુત હોય ત્યાં મતિ અને શ્રુત બે જ્ઞાન હોય જ.

નથી મેળવ્યું અક્ષરશ્રુત જેણે, એવા જીવને નિસર્ગ સમ્યગ્દર્શન પ્રાપ્તિકાળે મતિજ્ઞાન હોય. આ મતિજ્ઞાની જીવ જો પછીથી શ્રુત ભણે તો શ્રુતજ્ઞાની પણ કહેવાય. જો શ્રુત ન ભણેતો માત્ર

१. °ज्ञानमवश्यंभावी मति पाA.।

**भा॰ अत्राह॰ अथ केवलज्ञानस्य पूर्वैर्मतिज्ञानादिभिः किं सहभावो भवति नेति ?। अत्रोच्यते-केचिदाचार्या व्याचक्षते-नाभावः,**

ज्ञानं यत्र प्राणिनि तत्र द्वे मति-श्रुते अवश्यं दृश्ये, **यस्य तु** जीवस्य **मतिज्ञानं** केवलं निसर्गसम्यग्दर्शनकालेऽनवाप्ताक्षरश्रुतस्य **तस्य श्रुतज्ञानं स्याद्** उत्तर कालं पठतो, **न वा**ऽनधीयानस्येति, तस्माद् यत्रैकं दर्श्यते तत्र मतिज्ञानं निदर्श्यते, श्रुताभावेऽपि [T]भावादिति। एवं भजनायां निदर्शितायां नोदयत्यत्रावसरे-

**अथ केवलज्ञानस्य**=सकलज्ञेयग्राहिणः **पूर्वैः**=पूर्वकालप्राप्यैः पूर्वैर्वा सन्निवेशमङ्गीकृत्याभिधीयते **मतिज्ञानादिभिश्च**तुर्भिः सह **किं सहभावः**=सहावस्थानं **भवति नेति** ?। **उच्यते**- अन्यमतप्रचिकटयिषयाऽऽह- **केचिदि**त्यादि, मत्तो[1]ऽन्ये **व्याचक्षते** सूरयः, **नाभाव** सहभाव[2] एवास्ति, कथं हि सतो वस्तुनः आत्यान्तिको नाशः स्यात् ? यदि च स्यात् ततो यथैव केवलभास्वति जाते नश्यति[3] ज्ञानचतुष्टयमेवमन्येऽपि शम-वीर्य-दर्शन-सुखितत्वादयो नश्यन्तु, न च तेषां नाशोऽभ्युपेयते, तस्मात् सहावस्थानमस्त्येव, **यदि** तर्ह्यस्ति सहावस्थानं मत्यादिज्ञानचतुष्टयस्य केवलेन सह ततः किमिति

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- **કેવળજ્ઞાનનો મતિજ્ઞાન આદિ સાથે 'સહભાવ' હોય કે નહીં ? <u>જવાબ</u> :- કેટલાક આચાર્યોનું એમ કહેવું છે કે કેવળજ્ઞાનમાં બાકીના ચાર જ્ઞાનનો અભાવ નથી,**

મતિજ્ઞાની કહેવાય. તેથી જ્ઞાનોમાં જો એક જ્ઞાનને દર્શાવવું હોય તો મતિજ્ઞાનનું નિદર્શન કરવું. કારણ કે (વિશિષ્ટ) શ્રુતની ગેરહાજરીમાં પણ આ એકલું હોઈ શકે. આ રીતે એકથી ચાર સુધીનાં જ્ઞાનની ભજનાનું વિવેચન થયા પછી શંકાકાર પ્રશ્ન કરે છે.

### ❋ કેવળજ્ઞાનની હાજરીમાં મતિઆદિ જ્ઞાનોની વિચારણા ❋

<u>પ્રશ્ન</u> :- સકળ જ્ઞેય પદાર્થોના ગ્રાહક એવા કેવળજ્ઞાનનો કેવળજ્ઞાન પૂર્વે પ્રાપ્ત કરવા યોગ્ય અથવા કેવળજ્ઞાનપૂર્વે આત્મામાં રહેલા એવા મતિઆદિ ચાર જ્ઞાનો સાથે સહભાવ હોય છે કે નહીં ? આના જવાબમાં અન્યનું શું મંતવ્ય છે તે જણાવતાં ભાષ્યકાર શ્રી કહે છે :-

<u>જવાબ</u> :- મારાથી અન્ય કેટલાક આચાર્યો એમ કહે છે કે કેવળજ્ઞાન સાથે અન્ય જ્ઞાનોનો અભાવ ન થઈ શકે. કારણ કે 'સત્' વસ્તુનો આત્યંતિક નાશ કઈ રીતે થાય ? છતાં જો કદાચ કેવળજ્ઞાન રૂપી સૂર્ય પ્રગટ થતાં સત્ એવા જ્ઞાનચતુષ્ટય નાશ પામે છે. તેવું માનો તો વિદ્યમાન એવા અન્ય ગુણો શમ, વીર્ય, દર્શન, સુખીપણુ = આનંદ આદિ પણ નાશ થવા જોઈએ. જ્યારે આ બધાનો નાશ તો માન્યો નથી તેથી જ જ્ઞાન ચતુષ્ટયનું સહ અવસ્થાન કેવળજ્ઞાન સાથે માનવું જ જોઈએ.

<u>શંકા</u> :- જો કેવળજ્ઞાન દશામાં શેષ જ્ઞાન ચતુષ્ટય હોય જ છે, તો પછી તે ચારે પોતાના વિષયને કેમ પ્રકાશતા નથી ?

१. मत्तोऽन्यथा खं.पाA.। २. 'सहभाव' पाठो मु.प्रतौ न दृष्टः(खं,भां)। ३. 'नश्यति' पाठो मु.प्रतौ न दृष्टः(खं,भां)।
T. प्रिरि.५ टि.३२।

**भा० किन्तु तदभिभूतत्वादकिञ्चित्कराणि भवन्तीन्द्रियवद्। यथा वा व्यभ्रे नभसि आदित्य उदिते भूरितेजस्त्वादादित्येनाभिभूतान्यन्यतेजांसि ज्वलन-मणि-चन्द्र-नक्षत्रप्रभृतिनी प्रकाशनं प्रति अकिञ्चित्कराणि भवन्ति तद्वदिति।**

स्वमर्थं न प्रकाशयन्ति ? **उच्यते**– अभिभवात्, तदाह- **किन्त्वभिभूतत्वात्**=तिरस्कृतत्वात्[1]=हतप्रभावत्वात्, **अकिञ्चित्कराणि**=न किञ्चिदपि कर्तुं प्रकाशनं प्रभवन्ति। तत्र दृष्टान्तमाह- **इन्द्रियवत्**[2] यथा हि केवलिनः सदपि **चक्षुरादीन्द्रियं न** व्याप्रियते विषयग्रहणं प्रति, प्रकाशितत्वात् केवलज्ञानेन, एवं मत्यादिचतुष्टयमपि अकिञ्चित्करं, तदीयस्य ज्ञेयस्य केवलभास्वता प्रकाशितत्वात्।

**अथै**तदपि सन्दिह्यते भगवतः=केवलिनो यन्नेत्रं तद् विषयग्रहणं प्रति, अकिञ्चित्करमिति, एवं सति असन्देहरूपं दृष्टान्तं दर्शयामः– **यथा वा व्यभ्र** इत्यादि, [3]येन वा प्रकारेणैतत् स्थितं लोके, विगतान्यभ्राणि यत्र तत् व्यभ्रं तस्मिन् **व्यभ्रे नभसि**=वियति **आदित्ये**=किरणमालिनि **उदिते**=प्रकटीभूते

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- પણ કેવળજ્ઞાનના પ્રભાવે અભિભૂત થઈ ગયા હોવાથી, ઈન્દ્રિયોની જેમ આ ચારે જ્ઞાનો અકિંચિત્કર છે. અથવા તો જેમ વાદળ વિનાના ખુલ્લા આકાશમાં સૂર્યનો ઉદય થતાં તેના પ્રબળ તેજથી ઝાંખા પડી ગયેલા તેજવાળા અન્ય અગ્નિ, મણિ, ચન્દ્ર, નક્ષત્ર આદિ પ્રકાશ પાથરવા માટે અકિંચિત્કર-અસમર્થ બની જાય છે. તેમ કેવળજ્ઞાનના ઉદયથી બાકીના ચાર જ્ઞાનો હતપ્રભાવવાળા થઈ જાય છે.**

### ❋ કેવલજ્ઞાનમાં મતિ આદિ જ્ઞાનો તિરોભૂત ❋

<u>જવાબ</u> :- કેવળજ્ઞાનથી ઢંકાઈ જવાથી ચારે જ્ઞાનો નષ્ટ થયેલા પ્રભાવવાળા અકિંચિત્કર છે. અર્થાત્ અલ્પ પણ પ્રકાશ કરવા સમર્થ નથી. આ વાતને દૃષ્ટાંતથી સમજીએ કે જેમ કેવળી વિદ્યમાન પણ પોતાની ચક્ષુ આદિ ઈન્દ્રિયોનો વ્યાપાર વિષયના ગ્રહણ (જ્ઞાન) માટે કરતાં નથી. તેઓને કેવળજ્ઞાનથી બધુ સ્પષ્ટ હોવાથી ઈન્દ્રિયના વ્યાપારની કોઈ જરૂર નથી હોતી, તે રીતે મતિ આદિ ચાર જ્ઞાન પણ કેવળી માટે અકિંચિત્કર હોય છે. જ્ઞેય માત્રને તેઓ કેવળજ્ઞાનના પ્રકાશ વડે જાણે છે. ઉપરોક્ત દૃષ્ટાંતમાં એક શંકા થઈ શકે કે "કેવળીઓને જે નેત્ર છે તે તો વિષય ગ્રહણમાં બિલ્કુલ નકામા જ છે તો પછી આ દૃષ્ટાંત પ્રસ્તુતમાં કોઈ ઉપયોગી નથી !" તેથી અસંદેહરૂપ અન્ય દૃષ્ટાંતને જણાવતા કહે છે કે-

અથવા તો જેમ લોકમાં વાદળા વિનાના ઉઘાડા આકાશમાં સૂર્યનો ઉદય થયેલ હોય, ત્યારે પેટાવેલો અગ્નિ, સૂર્યકાંતાદિ મણિ, ચંદ્રમા, અશ્વિની વગેરે નક્ષત્ર આદિનું સામર્થ્ય સૂર્યની હાજરીમાં તિરોહિત થઈ જાય છે. અર્થાત્ આ બધાના પ્રકાશથી કોઈ જ અર્થ સરતો નથી. સૂર્ય પોતે જ સર્વ અંધકારને દૂર કરી તેજ પાથરે છે. સૂર્યના તેજથી નષ્ટ થયું છે તેજ જેનું એવા હતપ્રભાવાળા અગ્નિ આદિ બહાર રહેલ ભીંત, ઘટ આદિ વસ્તુઓને પ્રકાશવામાં જેમ અસમર્થ બને

१. 'तिरस्कृतत्वात्' पाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)। २. 'इन्द्रियवत्' पाठो मु. प्रतौ न दृष्टः (खं,भां)। ३. येन प्रका' मु.(खं,भां)।

**भाष्य- केचिदप्याहुः अपायसद्द्रव्यतया मतिज्ञानं, तत्पूर्वकं श्रुतज्ञानम्, अवधिज्ञान-मनःपर्यायज्ञाने च रुपिद्रव्यविषये, तस्मान्नैतानि केवलिनः सन्तीति।।**

ज्वलनादीनि प्रकाशनं प्रत्यसमर्थानि भवन्ति किमिति? **भूरितेजस्त्वाद्**=बहुतेजस्त्वात्, **आदित्येन**= सवित्रा **अभिभूतानि**=तिरोहितस्वसामर्थ्यानि अन्येषां तेजांसि **अन्यतेजांसि**, अन्यानि वा तेजआत्मकानि ज्वलनादीनि, **ज्वलनः**=अग्निः **मणिः**=सूर्यकान्तादिः **चन्द्रः**=शशी **नक्षत्रम्**=अश्विन्यादि, एतानि ज्वलनादीनि **प्रभृतिः**=आदिर्येषां तेजसां तानि ज्वलन-मणि-चन्द्र-नक्षत्रप्रभृतीनि तेजांसि=तेजोमयानि **प्रकाशनम्**=उद्द्योतनं **प्रति अकिञ्चित्कराणि भवन्ति** न किञ्चिद् बहिरवस्थितं कुड्यादिविषयं प्रकाशयन्ति, हतप्रभावत्वात्, **तद्वदिति** तेनप्रकारेण केवलभास्वता भूरितेजसाऽऽक्रान्तानि न विषयप्रकाशनं प्रति व्याप्रियन्ते।।

सम्प्रति पराभिप्रायेणैव मत्यादिज्ञानचतुष्टयस्य केवलेन सहानवस्थानं दर्शयति- **केचिदप्याहुरित्यादि**। **केचित्** पुनर्ब्रुवते-**नैतानि** मत्यादीनि **केवलिनः सन्ति**, यस्मान्**मतिज्ञानं अपायसद्द्रव्यतया** भवति, अपायो नाम श्रोत्रादीन्द्रियोपलब्धस्येहितस्यार्थस्य निश्चयः, न[1] चैवंविधोऽपायः केवलिनोऽस्ति, यावच्च शोभनानि सम्यक्त्वदलिकानि[2] सन्ति तावन्**मतिज्ञानं**, तदेतद् द्वयमपि दूरोत्सारितं केवलिन इति नास्ति मतिज्ञानं केवलिनः, मतिज्ञानाभावे च मतिपूर्वकस्य श्रुतस्य सुतरामभाव इत्यतः श्रुतमपि नास्ति, **अवधि-मनः-**

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **કેટલાક કહે છે કે- અપાય અને સદ્દ્રવ્યવાળું મતિજ્ઞાન છે. આ મતિપૂર્વક શ્રુતજ્ઞાન હોય. તેમજ અવધિ અને મનઃપર્યાયજ્ઞાન તો માત્ર રૂપી દ્રવ્યના વિષયવાળા છે. તેથી મતિ આદિ ચાર જ્ઞાન કેવળીને ન હોય. (કેવળજ્ઞાન અપાય સદ્દ્રવ્યવાળું નથી. મતિપૂર્વક નથી તેમજ માત્ર રૂપી દ્રવ્યનું ગ્રાહક પણ નથી.)**

છે. એ જ રીતે અત્યંત તેજવાળા કેવળજ્ઞાન રૂપી સૂર્ય વડે હતપ્રભાવાળા થયેલા મતિ આદિ જ્ઞાનો વિષયને પ્રકાશવા માટે વ્યાપાર કરતાં નથી. હવે પરના અભિપ્રાયથી જ મતિ આદિ જ્ઞાન ચારનું કેવળજ્ઞાન સાથે અવસ્થાન નથી તે બતાવે છે. :-

### ❋ એકમતે કેવળજ્ઞાન છતેં મતિઆદિનો અભાવ ❋

કેટલાક વળી એમ કહે છે કે આ મતિ આદિ જ્ઞાનો કેવળીને ન જ હોય. કારણ મતિજ્ઞાન એ અપાય અને સદ્દ્રવ્યવાળું હોય છે. શ્રોત્ર આદિ ઈન્દ્રિયોથી ઉપલબ્ધ થતા અર્થોની 'ઈહા' થયા બાદ જે નિશ્ચય થાય છે તેને અપાય કહેવાય. સમ્યગ્દર્શન રૂપ જે દર્શનમોહનીય કર્મના શુદ્ધ (શુભ) દલિકો છે તેને સદ્દ્રવ્ય કહેવાય. આ બન્ને અપાય અને સદ્દ્રવ્ય કેવળીને ન હોય, તેથી કેવળીને મતિજ્ઞાન ન હોય. અને જો મતિજ્ઞાન જ ન હોય તો મતિપૂર્વક થતું જે શ્રુતજ્ઞાન છે તે પણ ક્યાંથી હોય. અર્થાત્ ન જ હોય. તેથી કેવળીને શ્રુત પણ ચોક્કસ નથી જ. અવધિ અને મનઃપર્યાય તો રૂપી દ્રવ્યના વિષયવાળા છે. જ્યારે કેવળીનાં જ્ઞાનનો વિષય આવા પ્રકાર

१. नैवंवि° मु.स.(भां)। २. सम्यक्द° (खं.भा.)।

**भाष्य– किञ्चान्यत्। मतिज्ञानादिषु चतुर्षु *पर्यायेणोपयोगो भवति, न युगपत्। सम्भिन्नज्ञान-दर्शनस्य तु भगवतः केवलिनो युगपत् सर्वभावग्राहके निरपेक्षे केवलज्ञाने केवलदर्शने *Tचानुसमयमुपयोगो भवति।।**

**पर्यायज्ञाने च रूपिद्रव्यविषये** गदिते, न चैवंविधोऽस्ति विषयः केवलिनः, सम्भिन्नलोकालोकग्राहित्वात्, **तस्मात्** ते अपि न स्त इति, तस्मादुपपत्तिबलादेतानि चत्वारि केवलिनो दिव्यंदृश्वनो[1] न सन्ति। **किञ्चान्यदि**त्यादिना स्वाभिप्रायद्वयं प्रकाशयन्ति[2]-**मतिज्ञानादिषु चतुर्षु** मति-श्रुतावधि-मनःपर्यायज्ञानेषु **पर्यायेण**=क्रमेण **उपयोगः**=स्वीय[3]विषयग्राहिता **भवति न युगपत्**, एकस्मिन् काले न स्वस्वविषये एषां व्यापारः। यदा मतिज्ञानी मतिज्ञानेनोपयुक्तो न तदा श्रुतादीनामन्यतमेन केनचित्, यदा च श्रुतज्ञानेनोपयुक्तो न तदा मत्यादीनामन्यतमेनेति केवलिनस्तु न क्रमेणैतज्ज्ञानगतोऽस्त्युपयोगः, यतः **सम्भिन्न** इत्यादि।

ज्ञानं=विशेषग्राहि, दर्शनं=सामान्यग्राहि, ज्ञानं च दर्शनं च ज्ञानदर्शने, सम्भिन्ने=सर्वद्रव्यपर्यायग्राहके ज्ञानदर्शने यस्य स **सम्भिन्नज्ञान-दर्शनः** तस्य, एवं महात्म्यादिगुणान्वितस्य **भगवतः**, केवलं=सर्वार्थग्राहि

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- વળી બીજું એ છે કે મતિજ્ઞાનાદિ ચારમાં ક્રમપૂર્વક (પર્યાયથી) ઉપયોગ વર્તે છે. યુગપદ્ (એક જ સાથે) ઉપયોગ ન હોય. જ્યારે સંપૂર્ણ જ્ઞાન દર્શનવાળા કેવળી ભગવાનને તો યુગપદ્ = એક જ કાલે સર્વ ભાવોના ગ્રાહક તથા નિરપેક્ષ એવા કેવળજ્ઞાન અને કેવળદર્શન વિશે સમયે સમયે ઉપયોગ પ્રવર્તે છે.**

(માત્રરૂપી દ્રવ્ય)નો નથી. કારણ કે કેવળજ્ઞાન તો સમગ્ર લોક-અલોકનું ગ્રાહક હોવાથી રૂપી અને અરૂપી બન્ને દ્રવ્યનો (તથા તેના સર્વ પર્યાયોનો પણ) ગ્રાહક છે. તેથી કેવળીને આ બે જ્ઞાન પણ ન જ હોય. આ યુક્તિઓથી ચારે જ્ઞાન દિવ્યદૃષ્ટિવાળા કેવળીમાં ન હોય.

'**किञ्च**' ઈત્યાદિ પદોથી ભાષ્યકારશ્રી પોતાના બે પ્રકારના અભિપ્રાયને જણાવતાં કહે છે કે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય એ ચારે જ્ઞાનોમાં ઉપયોગ = 'સ્વ-સ્વની વિષય ગ્રાહકતા' ક્રમપૂર્વક હોય છે. પણ એક સાથે હોતી નથી. અર્થાત્ એક જ કાળે આ મતિ આદિનો પોતપોતાના વિષયોમાં વ્યાપાર ન હોય. જ્યારે મતિજ્ઞાનીને મતિજ્ઞાનમાં ઉપયોગ હોય ત્યારે શ્રુતાદિ ત્રણેમાંથી કોઈમાં પણ ઉપયોગ નથી હોતો. એજ રીતે જ્યારે જીવ શ્રુતમાં ઉપયુક્ત હોય ત્યારે બીજા મતિઆદિ કોઈમાં ઉપયુક્ત ન હોય. આવો ક્રમપૂર્વક ઉપયોગ આ ચાર જ્ઞાનમાં હોય.

### ❋ કેવલીને યુગપદ્-અનુસમય ઉપયોગ ❋

જ્ઞાન એટલે વિશેષગ્રાહી અને દર્શન એટલે સામાન્યગ્રાહી, સંભિન્ન એટલે સંપૂર્ણ = સમસ્ત દ્રવ્યપર્યાયના ગ્રાહક. એવા સંભિન્ન જ્ઞાન-દર્શન છે જેમની પાસે એવા તેમજ મહાત્મ્ય, ઐશ્વર્ય આદિ ગુણથી યુક્ત એવા કેવળી ભગવાનને Tએક સમયે કેવળ જ્ઞાનોપયોગ અને ત્યાર પછીના બીજા સમયે દર્શનોપયોગ હોય છે.

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪૨,૪૩ १. 'दिव्यदृष्टिनो रा.। २. 'शयति भां.। ३. स्वविष' खं.भां.। T. परि.५ टि.३३।

ज्ञानं यस्यास्ति तस्य **केवलिनः**, **युगपत्**=एकस्मिन् समये, केवलज्ञाने अनुसमयमुपयोगो भवति दर्शने च कीदृशि केवलज्ञाने दर्शने वा ? **उच्यते सर्वभावग्राहके**। सर्वे भावाः=पञ्चास्तिकायास्तेषां ग्राहकं, विशेषेण परिच्छेदकमित्यर्थः। **निरपेक्षे**=निर्गता अपेक्षा ज्ञेयं मुक्त्वाऽन्यत्र इन्द्रियादौ यस्य तन्निरपेक्षं तस्मिन्निरपेक्षे **केवलज्ञाने**=विशेषग्राहिणि **दर्शने च**=सर्वभावग्राहके निरपेक्षे सामान्यग्राहिणि। **अनुसमयमुपयोगो भवती**ति। अनुगतः=अव्यवहितः समयः=अत्यन्ताविभागः कालो यत्र कालसन्ताने स कालसन्तानोऽनुसमयस्तमनुसमयं कालसन्तानमुपयोगो भवति, "**कालाध्वनोरत्यन्तसंयोगे**" (**पाणिनिव्या०** २/३/५) इति द्वितीया, "**अव्ययीभावो वा विभक्त्यादिषु**" (२/१/६) वारंवारेणोपयोगो भवतीतियावत्।

एकस्मिन् समये केवलज्ञानोपयोगे वृत्ते ततोऽन्यस्मिन् केवलदर्शनोपयोग इति, एवं सर्वकालमवसेयम्। यद्यपि केचित् पण्डितम्मन्याः सूत्राण्यन्यथाकारमर्थमाचक्षते[1] तर्कबलानुविद्धबुद्धयो[2] वारंवारेणोपयोगो नास्ति, तत् तु न प्रमाणयामः, यत आम्नाये भूयांसि सूत्राणि वारंवारेणोपयोगं प्रतिपादयन्ति-

● હેમગિરા ●

<u>શંકા</u> :- કેવા પ્રકારના કેવલજ્ઞાન અને કેવળ દર્શન અંગે આ ઉપયોગ હોય ? (આ કેવળજ્ઞાનદર્શન કિં.સ્વરૂપ છે ?)

<u>સમા</u> :- પંચાસ્તિકાયાદિ સર્વ ભાવોના વિશેષગ્રાહી એવા કેવળ જ્ઞાન અને સામાન્યગ્રાહી એવા કેવળદર્શન અંગેનો ઉપયોગ કેવળીને હોય. વળી આ કેવળજ્ઞાન અને દર્શન જ્ઞેય-વિષયનેસાપેક્ષ અને ઈન્દ્રિયાદિથી નિરપેક્ષ હોય છે. સારાંશ એ કે સર્વભાવોના ગ્રાહક અને ઈન્દ્રિય નિરપેક્ષ એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ કેવળીને અનુસમય = સમયે સમયે હોય છે. અનુ એટલે અનુગત = અવ્યવહિત અર્થાત્ કોઈ પણ આંતરા વિનાનું અને સમય એટલે જેનો કેવળીની દૃષ્ટિએ પણ બીજો વિભાગ ન થાય તેવી ક્ષણ. અર્થાત્ કે જે કાળ સંતાન (પરમ્પરા)માં કોઈ વ્યવધાન નથી એવા અવ્યવહિત કાળ સંતાન=સમયને અનુ=પ્રતિસમય કહેવાય. આવા દરેક સમયમાં નિરંતર થતો 'એક સમય જ્ઞાનોપયોગ અને એક સમય દર્શનોપયોગ તે અનુસમયોપયોગ કહેવાય.

વ્યાકરણ (પાણિની વ્યા.) શાસ્ત્રમાં કાળ વાચક અને માર્ગવાચક શબ્દોમાં અંત્યત સંયોગના અર્થે દ્વિતીયા વિભક્તિ થાય છે. તેથી ભાષ્યગત '**अनुसमयं**' પદમાં દ્વિતીયા વિભક્તિ કરી છે. અથવા 'વારંવાર'ના અર્થમાં અવ્યયીભાવ સમાસ પણ થાય છે. તે આ મુજબ → **समये समये** = **अनुसमयं**. આમ કેવળીને એક સમયે કેવળજ્ઞાનોપયોગ અને બીજા સમયે કેવળદર્શનોપયોગ આ પ્રમાણે સર્વકાળે હોય છે.

## ❋ યુગપદ્ ઉપયોગ વાદની મીમાંસા ❋

જો કે કેટલાક પોતાને પંડિત માનનારા તર્કના બળથી જકડાયેલી બુદ્ધિવાળા સૂત્રનો અન્યથા અર્થ કરીને પણ કહે છે, તે આ પ્રમાણે કે એક સમય જ્ઞાન અને બીજે સમયે દર્શન આમ વારંવાર ઉપયોગ ન હોય. (પરંતુ બન્ને ઉપયોગ સાથે જ હોય અર્થાત્ અભેદ-ઉપયોગ હોય) પણ આ વાતને અમે પ્રામાણિક નથી માનતાં. કારણ કે અમ્નાયમાં (= ગીતાર્થ અને સંવિગ્ન

१. °रसमर्थ खं. २. °नुविशुद्धबु. राA. । तर्कबलात् तु विशुद्धबुद्धयः पाB।

"**णाणम्मि दंसणम्मि य एत्तो एगययरम्मि उवउत्ता**"(विशेषावश्यक ३०९६ पूर्वार्द्ध)। तथा- "**सव्वस्स केवलिस्सवि जुगवं दो नत्थि उवओगो**" (वि.३०९६) इत्यादीनि। **अथैवं** मन्येथाः सूत्राणामेषामन्य एवार्थोऽन्य एवा[1]व्युत्पन्नबुद्धिभिराख्यायत इत्ये**तदपि** तु दुःश्रद्धानम्, यतः ᵀसर्वसूत्राण्यन्धपुरूपस्थानीयानि सुधिया गृहीतानि शक्नुवन्त्यर्थं ख्यापयितुं, यथा श्वेतो धावतीत्यादि, एवंविधेषु च सूत्रेष्ववश्यमाप्तसम्प्रदाय एवान्वेषणीयो भवति, स चाविच्छेदेनार्थसम्प्रदायः समस्तश्रुतधरादधिकारिणः परिप्लवमानो मुनिपरम्परया यावदद्येत्यागमादविगानेन वारंवारेणोपयोग इति, ᵀकुतः पुन[2]रयमर्थागमोऽकस्मात् उपयोगवादिनः ? स्वत एव चेत् प्रेक्षितः स्वमनीषिका सिद्धान्तविरोधिनी न प्रमाणमित्यभ्युपेयते।।

**अथा**गमात् प्रदर्शनीयः **नह्य**सौ तस्माद् यत्किञ्चिदेतदिति। **अथ** मन्यसे साकारोऽनाकार इति

• *હેમગિરા* •

મહાપુરુષોથી આવેલી આગમ પરંપરામાં) ઘણા સૂત્રો વારંવાર થતાં ઉપયોગનું જ પ્રતિપાદન કરે છે. જેમ કે પ્રજ્ઞાપના અને વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે- "જ્ઞાન અને દર્શનમાંથી એકમાં જ જીવ ઉપયુક્ત હોય" તથા "સર્વ કેવળીઓને એક સાથે બે ઉપયોગ ન હોય" વગેરે. એક સાથે જ્ઞાન-દર્શનના ઉપયોગને માનનારાઓ અગર એમ કહેતા હોય કે આ સૂત્રેનો અર્થ જુદો જ છે અને વિશેષાવશ્યકમાં નાસમજ-અપરિપક્વ બુદ્ધિથી કરાયેલો (એક સમયે જ્ઞાન અને એક સમયે દર્શનનો) અર્થ અન્યથા જ છે, તો એ વાત પણ દુઃશ્રદ્ધેય છે, અમાન્ય છે. કારણ કે બધા સૂત્રો 'અન્ધ પુરુષ'ના સ્થાને રહેલા છે. જેમ અંધ વ્યક્તિને કઈ દિશાએ ચલાવો એ દેખતા વ્યક્તિનું કાર્ય છે તેમ સૂત્રોના અર્થ દ્રવ્યાદિમુતાબિક કઈ રીતે કરવા એ ગીતાર્થાદિ નક્કી કરે.

### ※ સૂત્રના તાત્પર્યાર્થ સંપ્રદાયથી જણાય ※

આ સૂત્ર (આગમો) જો સદ્બુદ્ધિશાળીઓ વડે ગ્રહણ થાય તો જ સત્ય અર્થ શું છે ? તેનું ખ્યાપન થઈ શકે. જેમ કે ગ્રંથોમાં ક્યાંક 'સફેદ દોડે છે' એવો પ્રયોગ થયો હોય તો તેનો અર્થ બુદ્ધિશાળી પુરુષ ગુણિમાં ગુણોનો આરોપ કરી, 'સફેદ ઘોડો દોડે છે.' એવો તાત્પર્ય-અર્થ કરે, એવા બુદ્ધિશાળીએ કરેલ અર્થ સહુને માન્ય હોય છે. * તેવી રીતે સૂત્રો વિશે પણ આપ્તપુરુષોની સંપ્રદાય = આમ્નાય પરંપરા શું છે. તે જાણવી ખૂબ જરૂરી હોય છે.

પ્રસ્તુત ઉપયોગના વિષયમાં આજ સુધી આગમનાં અવિરોધપણે, પ્રધાન અધિકારી એવા સમસ્ત શ્રુતધરો થકી સુવિહિત મુનિ પરંપરા વડે ચાલતી આવેલી અવ્યવચ્છિન્ન અર્થ પરંપરા વારંવાર (એક સમયે જ્ઞાન અને બીજા સમયે દર્શન) ઉપયોગ અંગેની જ છે. છતાં યુગપદ્ ઉપયોગવાદીઓએ નવો અર્થ ક્યાંથી કાઢ્યો ? જો પોતાની રીતે બુદ્ધિથી વિચારીને કાઢ્યો તો તે 'સ્વબુદ્ધિ જન્ય' વિચાર પણ સિદ્ધાંતને અવિરોધી હોવો જરૂરી છે. જો વિરોધી હોય તો પ્રમાણ ન કહેવાય. જો કોઈ આગમને લઈને એવો (અન્ય) અર્થ કરો છો તો તે દર્શાવો. પણ તે દર્શાવી શકાય તેમ નથી. તેથી યુક્તિમાત્રથી અર્થસિદ્ધિ કરવી ઉચિત નથી પણ સાથે પ્રામાણિક આપ્તપુરુષોના વચનોની સાક્ષી=નિર્દેશ પણ જરૂરી છે. તેથી યુગપદ્ ઉપયોગનો સિદ્ધાંત અયુક્ત છે.

१. एवव्युत्व° राA.। २. पुनरर्था मु.पा.सं.(खं.भां)। T. परि.५ टि.३४, ३५।

शब्दभेदः केवलमत्र केवलिनि अर्थस्त्वभिन्न एव, यतः सर्वमेव विशेषपरिच्छेदकं ज्ञानं केवलिनि समस्ति न दर्शनमिति, **इदमपि** न जाघट्यते ज्ञानावरणं भगवतः क्षीणं दर्शनावरणीयं च निरवशेषं, तत्रैकत्वे सति कोऽयमावरणभेदाभिमानो निष्प्रयोजनः ?। तथा साकारोपयोगोऽष्टधा दर्शनोपयोगश्चतुर्धेति, तथा ज्ञानं पञ्चधा दर्शनं चतुर्धेति, एकत्वे सति कुत इदमपि घटमानकं? न चातीवाभिनिवेशोऽस्माकं युगपदुपयोगो मा भूदिति, वचनं न पश्यामस्तादृशम्, क्रमोपयोगार्थप्रतिपादने तु भूरि वचनमुपलभामहे, न चान्यथा जिनवचनं कर्तुं शक्यते सुविदुषाऽपीति, प्रकृतमनुस्त्रियते।

एतस्मात् केवलज्ञानोपयोगात् केवलदर्शनोपयोगाच्च विनाऽन्यस्य उपयोगस्य अभावात् केवलिनि-

• *હેમગિરા* •

### ❋ કેવલીમાં સાકાર અનાકાર ઉપયોગનો અભેદવાદ ❋

જો તમે એવું કહેશો કે દર્શનોપયોગ-જ્ઞાનોપયોગમાં સાકાર અને અનાકાર એવો માત્ર શબ્દભેદ જ છે. બાકી કેવળી ભગવંતમાં સાકાર અને અનાકાર બંન્નેમાં અર્થ તો એક સ્વરૂપે જ અભિન્ન ભાસે છે. કારણ કે કેવળીઓ તો બધું વિશિષ્ટ રીતે જ જુએ છે. તેથી તેમનું જ્ઞાન વિશિષ્ટ જ હોય, દર્શન (સામાન્ય) રુપ ન હોય, તો આ વાત પણ નહીં જ ઘટે, કારણ કે એમ કહેવાથી કેવળીનું જ્ઞાનાવરણીય ક્ષીણ થયું અને દર્શનાવરણીય બાકી છે, એવું માનવું પડે. હવે જો એમ કહો કે વિશેષ હોય ત્યાં સાંમાન્ય હોય જ કેવળજ્ઞાનમાં જ અભેદ રુપે કેવળદર્શન રહેલુ છે. ભિન્ન = સ્વતંત્ર રુપે બીજા સમયે નહિં." તો એમ કહેવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન એક બની જશે.એમાં કોઈ ભેદ જ નહિં રહે. તો પછી આવરણીય કર્મમાં ભેદ કેમ માનો છો? જ્ઞાન દર્શન એક જ છે તો બન્નેના આવરણીય કર્મ પણ એક (જ્ઞાનાવરણીય) જ રહેશે, એક (જ્ઞાનાવરણીય)ના ક્ષયથી જ બંન્ને (કેવળજ્ઞાન અને કેવળદર્શન) ઉત્પન્ન થઈ જશે. તો પછી દર્શનાવરણીય ભેદનું શું પ્રયોજન રહે અર્થાત્ દર્શનાવરણીય કર્મ ક્ષય પામ્યાનું પ્રયોજન (ફળ) શું ? અને આ રીતે જો કેવળજ્ઞાનના ઉપયોગનું જ અસ્તિત્વ માનવામાં આવે અને કેવળદર્શનના ઉપયોગને ભિન્ન નહિં સ્વીકારાય તો સાકારોપયોગ આઠ પ્રકારે, દર્શનોપયોગ ચાર પ્રકારે તથા જ્ઞાન પાંચ પ્રકારે, દર્શન ચાર પ્રકારે વગેરે વ્યાખ્યાઓનું શું? એ બધાનું અર્થઘટન કઈ રીતે થશે ?

જો કે અમને પણ અતિ અભિનિવેશ (એકાન્ત આગ્રહ) નથી કે યુગપદ્ ઉપયોગ હોય જ નહીં. પરંતુ તેવા યુગપદ્ ઉપયોગનું પ્રતિપાદક આગમ વચન ક્યાય અમે જોયું નથી. જ્યારે 'દર્શન-જ્ઞાનનાં ક્રમથી ઉપયોગ છે' એવાં આગમ વચનો તો ઘણાં મેળવ્યાં છે. તેથી જિનવચનને તો અન્યથા કરવું એ વિદ્વાનોને પણ ન શોભે. હવે પ્રસ્તુત વિષય પર આવીએ કે કેવળીને આ કેવળજ્ઞાનોપયોગ અને કેવળદર્શનોપયોગ થકી અન્ય ઉપયોગનો અભાવ હોવાથી મતિ આદિ ચારે જ્ઞાનનો સહભાવ કેવળજ્ઞાન સાથે ન હોય. વળી આ અંગેની બીજી યુક્તિઓ આગળ કહીએ છીએ.

## सूत्रम्- मतिश्रुतावधयो विपर्ययश्च।।१-३२।।

**भाष्य– किं चान्यत्। क्षयोपशमजानि चत्वारि ज्ञानानि पूर्वाणि, क्षयादेव केवलम्। तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि भवन्तीति[1] ।।३१।। मतिज्ञानं, श्रुतज्ञानं, अवधिज्ञानमिति *विपर्ययश्च भवति, अज्ञानं चेत्यर्थः। ज्ञानविपर्ययोऽज्ञानमिति।**

मत्यादिज्ञानचतुष्टयसहभावो न गम्यते। **किंचान्यदि**त्युपपत्त्यन्तरमालम्बते मत्यादीनि **चत्वारि**=मनःपर्याय-पर्यवसानानि **ज्ञानानि**=मति-श्रुतावधि-मनःपर्यायावरणीयकर्मणां **क्षयोपशमा**वुररीकृत्य प्रवर्तन्ते, तदावरणीयकर्मक्षयोपशमनिमित्तानि **केवलं** पुनः क्षयकारणमेव, **तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि भवन्तीति**[2]। अन्येषां तु ग्रन्थः '**ज्ञान-दर्शनावरणयोस्तु कृत्स्नक्षयात् केवलज्ञान-दर्शने भवतः तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि सन्ति**,' ज्ञान-दर्शनयोर्विशेष-सामान्यग्राहकयोर्ये आवरणे=आच्छादने तयोरेव कृत्स्न-क्षयात् केवले ज्ञानदर्शने=विशेष-सामान्यग्राहके उत्पद्येते, अतश्चत्वारि क्षयोपशमनिमित्तान्येकं क्षयादेव केवलं कथं पुनरत्र सहावस्थायिता घटेत?।।३१।।

एवं मत्यादि ज्ञानपञ्चकं प्रमाणं प्रदर्श्य प्रमाणाभासाविश्चिकीर्षया आह- मति-श्रुतावधयो विपर्ययश्च,

• *હેમગિરા* •

**<u>સૂત્રાર્થ</u> :- મતિ-શ્રુત અને અવધિ, અજ્ઞાનરૂપ પણ છે. ૧-૩૨**

**<u>ભાષ્યાર્થ</u> :- વળી બીજું, મતિ આદિ ચાર જ્ઞાનો ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ છે. જ્યારે કેવળજ્ઞાન ક્ષયથી જ ઉત્પન્ન થાય છે. તેથી કેવળીઓને ચાર જ્ઞાનો ન જ હોય. ॥૩૧॥**

**મતિજ્ઞાન -શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન વિપર્યય (અજ્ઞાન) રુપ પણ હોય છે. જ્ઞાનનું વિપર્યય તે અજ્ઞાન.**

મતિથી માંડી મનઃપર્યાય સુધીના જ્ઞાનો મતિ, શ્રુત અવધિ અને મનઃપર્યાયના આવરણીય કર્મોના ક્ષયોપશમને આશ્રયી પ્રવર્તે છે. આ ચારે જ્ઞાનો ક્ષાયોપશમિક કહેવાય. જ્યારે કેવળજ્ઞાન તદાવરણીય=કેવલજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી જ થનારું હોવાથી ક્ષાયિક છે તેથી કેવળીને બાકીના ચાર ક્ષાયોપશિમક જ્ઞાન ન હોય. બીજા ગ્રંથોમાં પણ કહ્યું છે કે- "જ્ઞાન અને દર્શનાવરણ કર્મના યથાવત્ સંપૂર્ણ ક્ષયથી કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય છે. તેથી કેવળીને શેષ ચાર જ્ઞાન ન હોય." આ ચાર જ્ઞાનો ક્ષયોપશમ નિમિત્તે થનારા અને કેવળજ્ઞાન ક્ષય નિમિત્તે થનારું છે. તો આ બેઓનું સહાવસ્થાન કઈ રીતે ઘટે ? અર્થાત ન ઘટી શકે. ॥૩૧॥ આ પ્રમાણે મતિ આદિ જ્ઞાન પંચકરૂપ પ્રમાણને કહીને પ્રમાણાભાસ કહેવાની ઈચ્છાથી કહે છે. :-

### ❈ વિપરીતજ્ઞાન અજ્ઞાન છે ❈

પ્રસ્તુતમાં જ્ઞાનનું વિવરણ ચાલે છે. તેથી મતિ, શ્રુત, અવધિ એ વિપર્યયવાળા છે, એમ જે સૂત્રમાં કહ્યું, તેમાં વિપર્યય તરીકે મતિ આદિ 'જ્ઞાન'નું વિપર્યય 'અજ્ઞાન' સમજવાનું છે.

१. सन्तीति पाA.। २. सन्ति खं,भां। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪૪

**भाष्य- अत्राह- तदेव ज्ञानं तदेवाऽज्ञानमिति, ननु छायातपवच्छीतोष्णवच्च तदत्यन्तविरुद्धमिति। अत्रोच्यते- मिथ्यादर्शनपरिग्रहाद् विपरीतग्राहकत्वमेतेषाम्। तस्मादज्ञानानि भवन्ति, तद् यथा- *मत्यज्ञानं, श्रुताज्ञानं, विभङ्गज्ञानमिति। अवधिर्विपरीतो विभङ्ग इत्युच्यते।।**

**यथोक्तलक्षणा मति-श्रुतावधयस्त्रयोऽपि विपर्ययश्च भवत्यज्ञानं चेत्यर्थः**, ज्ञानाधिकारस्य प्रकृतत्वात् **ज्ञानस्य विपर्ययो**=विपरीतता, **अज्ञानं**=प्रमाणाभास इति यावत्। यदा यथार्थपरिच्छेदि तदा ज्ञानं, यदा त्वयथार्थं प्रवर्तते तदा ज्ञानाभासम्। एवमुक्ते पर **आह**- एकस्य विरूद्धधर्मद्वयसमारोपो न युक्त इति, **तदेव**=मत्यादित्रयं प्रमाणं **तदेव**=चाप्रमाणमिति छायातपवद्विरोधित्वादेकत्रासाम्प्रतम्, [1]एतदेवाह-

ननु **छायातपवद्** विरूद्धमेतत्, यो हि छायायामेवातपं [2]मन्यते आतपे वा छायां **तदत्यन्तविरूद्धं स्यात्**। प्रतीतिविरोधश्च तथा, यो हि शीतमुष्णं ब्रूयात् उष्णं च शीतमिति प्रत्यक्षविरूद्धं च [3]जायते। अत्रोच्यते- न ब्रूम एकत्राधारे एतत्त्रयं ज्ञानमज्ञानं च, किन्त्वन्यत्र ज्ञानमन्यत्र चाज्ञानमिति। क्व तर्हि ज्ञानम् ? सम्यग्दृष्टौ योऽवबोधस्तज्ज्ञानम्, आधारान्तरे मिथ्यादृष्टौ योऽवबोधस्तदज्ञानम्।

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- "તે જ જ્ઞાન છે અને તે જ અજ્ઞાન છે" એ વાત તો "છાંયડો જ તડકો છે, શીત જ ઉષ્ણ છે"ની જેમ અત્યંત વિરૂદ્ધ છે.**

**<u>જવાબ</u> :- મિથ્યાદર્શનથી પરિગૃહીત હોવાથી તેના મતિ આદિ ત્રણે જ્ઞાનોમાં વિપરીત ગ્રાહકતા હોય અને તેથી તેઓ અજ્ઞાન રુપ થાય છે તે આ મુજબ- મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન. વિપરીત અવધિ જ્ઞાનને 'વિભંગ' કહેવાય.**

અજ્ઞાન એટલે પ્રમાણાભાસ. મતિ આદિ જ્યારે યથાર્થ વસ્તુને જણાવે ત્યારે તે જ્ઞાન કહેવાય અને જ્યારે અયથાર્થમાં પ્રવર્તે ત્યારે તે જ જ્ઞાનાભાસ છે.

### * આધારભેદે જ્ઞાન-અજ્ઞાન *

<u>શંકા</u> :- ઉપરોક્ત રીતે એક જ જ્ઞાનમાં યથાર્થ અને અયથાર્થ બન્ને વિરૂદ્ધ ધર્મોનો સમારોપ કર્યો તે યુક્ત નથી. મતિઆદિ ત્રણ પ્રમાણ પણ છે અને મતિ આદિ ત્રણ અપ્રમાણ પણ છે, એમ માનવું તે તો છાંયડાને તડકો અને તડકાને છાયંડો માનવા બરાબર છે. અર્થાત્ તમારી વાત પ્રતીતિથી અંત્યત વિરોધી છે. છાંયડો છે ત્યાં તડકો છે. અને તડકો છે, ત્યાં છાંયડો છે. એવી પ્રતીતિ કોઈને પણ થતી નથી. તેમજ પરસ્પર વિરુદ્ધ એવા શીતને ઉષ્ણ કહેવું અને ઉષ્ણને શીત કહેવું તે જેમ પ્રત્યક્ષ વિરુદ્ધ છે. તેમ જ્ઞાનને અજ્ઞાન કહેવું અત્યંત વિરૂદ્ધ છે.

<u>સમાધાન</u> :- અમે એક જ આધારમાં આ ત્રણેને જ્ઞાન છે અને અજ્ઞાન પણ છે તેમ નથી કહેતા પરંતુ જ્ઞાન અન્યત્ર છે અને અજ્ઞાન અન્યત્ર છે તેમ કહીએ છીએ.

<u>શંકા</u> :- તો પછી જ્ઞાન ક્યાં છે ? <u>**સમાધાન**</u> :- સમ્યગ્દષ્ટિ વિશે થતો બોધ તે જ્ઞાન રુપ

१. एतदाह मु.पा.(भां.)। २. मन्येत भां.खं.। ३. जायेत भां.खं.। *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪૫

**भाष्य– अत्राह- उक्तं भवता सम्यग्दर्शनपरिगृहीतं मत्यादि ज्ञानं भवत्यन्यथाऽज्ञानमेवेति। मिथ्यादृष्टयोऽपि च भव्याश्चाभव्याश्चेन्द्रियनिमित्तानविपरीतान् स्पर्शादीनुपलभन्ते, उपदिशन्ति च स्पर्शं स्पर्श इति रसं रस इति, एवं शेषान्, तत् कथमेतदिति ?।**

एतदाह- **मिथ्यादर्शने**त्यादि। **मिथ्यादर्शनेन**=तत्त्वार्थाश्रद्धानरूपेण **परिग्रहो** यदा मत्यादित्रयस्य तदा **विपरीतग्राहकत्वं**=अयथार्थवस्तुपरिच्छेदित्वम् **एतेषामिति** मति-श्रुतावधीनां **तस्मात्** कारणात् **अज्ञानानि**=कुत्सितान्ययथार्थपरिच्छेदीनि **भवन्ति** मत्यादीनि। मिथ्यादृष्टिपरिगृहीता मतिर्**मत्यज्ञानं**, मिथ्यादृष्टिपरिगृहीतं श्रुतं **श्रुताज्ञानं**, मिथ्यादृष्टिपरिगृहीतोऽवधिर्**विभङ्ग** इति। **विभङ्ग** इत्यस्य चार्थं प्रकाशयति- अवधिर्भवक्षयोपशमनिमित्तो **विपरीतः**=अन्यथावस्तुपरिच्छेदी **विभङ्ग इति**, यथावस्थितवस्तुपरिच्छेदि च प्रमाणमिष्टं न चैतत् तथेत्यतः अप्रामाण्यं मिथ्यादृष्टिपरिगृहीतानामिति। अत्राप्रामाण्ये ख्यापिते मिथ्यादृष्टिपरिगृहीतस्य मत्यादित्रयस्य नोदक आह- **उक्तं भवता**=प्रतिपादितं त्वया **सम्यग्दर्शनेन**

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- તમે કહ્યું કે સમ્યગ્દર્શન પરિગૃહીત જે મતિઆદિ છે તે જ જ્ઞાન રુપ હોય છે. અન્યથા અજ્ઞાન જ છે. પણ મિથ્યાદષ્ટિ એવા ભવ્ય-અભવ્ય જીવો પણ ઈન્દ્રિય નિમિત્તે થનારા સ્પર્શાદિ અર્થોને અવિપરીત (યથાર્થ) પણે મેળવે જ છે. અને સ્પર્શનું સ્પર્શ તરિકે, રસનું રસ તરિકે તથા શેષ ગંધાદિનું પણ તે તે રુપે કથન કરે જ છે. તો પછી મિથ્યાદષ્ટિથી ગૃહીત જ્ઞાનને અજ્ઞાન શા માટે કહ્યું ?**

છે અને મિથ્યાદષ્ટિને થતો બોધ તે અજ્ઞાન છે. આજ વસ્તુને આગળ કહીએ છીએ.

તત્ત્વની અશ્રદ્ધારૂપ મિથ્યાદર્શન વડે આ મતિ, શ્રુત અને અવધિમાં અયથાર્થ વસ્તુ પરિચ્છેદકતા અર્થાત્ વિપરીત ગ્રાહકતા રહી છે અને તેમ થવાથી આ ત્રણે મતિ આદિ જ્ઞાનો અયથાર્થનાં ગ્રાહક અજ્ઞાન કહેવાય છે. મિથ્યાદષ્ટિથી પરિગૃહીત મતિ તે મતિ અજ્ઞાન. મિથ્યાદષ્ટિથી પરિગ્રહીત શ્રુત તે શ્રુત અજ્ઞાન.

### ❋ મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત અવધિ તે વિભંગ ❋

'વિભંગ' શબ્દના અર્થને સ્પષ્ટ કરતા કહે છે:- ભવના નિમિત્તે અને ક્ષયોપશમના નિમિત્તે ઉત્પન્ન થતું અવધિજ્ઞાન જ્યારે વિપરીત (અન્યથા) વસ્તુનો પરિચ્છેદ કરે ત્યારે વિભંગ કહેવાય. જે યથાર્થ વસ્તુનું પરિચ્છેદી છે તેજ પ્રમાણ તરીકે ઈષ્ટ છે, મિથ્યાદષ્ટિ પરિગૃહીત મતિ આદિ આવા નથી તેથી પ્રમાણાભાસ છે. મિથ્યાદષ્ટિ પરિગૃહીત મતિ આદિ ત્રણ અપ્રમાણ છે એમ સાંભળી શંકાકાર પ્રશ્ન કરે છે.

### ❋ મિથ્યાદૃષ્ટિના જ્ઞાનનું સ્વરૂપ ❋

<u>પૂર્વપક્ષ</u> :- તમે પ્રતિપાદન કર્યું કે જીવ, અજીવાદિ તત્ત્વોની શ્રદ્ધા રુપ જે સમ્યગ્દર્શન છે.

१. अयथाव° ख.भा.सं.।

**भाष्य- अत्रोच्यते- तेषां हि विपरीतमेतद् भवति।।३२।।**

जीवादितत्त्वश्रद्धानरूपेण **परिगृहीतं मत्यादि ज्ञानं भवति**। यथावद् वस्तुपरिच्छेदीतियावत्। **अन्यथा तु** मिथ्यादृष्टिना परिगृहीतं मत्यादित्रयं[1] कुत्सितं ज्ञान**मज्ञानमेवे**ति, तदेतन्न मृष्यते, यतः **मिथ्ये**त्यादि। **मिथ्यादृष्टयो**ऽभिगृहीतमिथ्यादर्शनाः **शाक्या**दयः, अनिभिगृहीतमिथ्यादर्शनाः, प्रवचनार्थसन्देहिनश्च त्रिविधा इति। **अपिः** सम्भवाने, **चः** समुच्चये, ते मिथ्यादृष्टयो द्विधा **भव्याश्चाभव्याश्च**, सेत्स्यन् भव्यः, नैव कदाचित् सेत्स्यति यः सोऽभव्यः। ते मिथ्यादृष्टयो द्विविधा अपि, **इन्द्रियनिमित्तानि**[2]ति इन्द्रियाणि=श्रोत्रादीनि तानि निमित्तं=कारणमाश्रित्य **अविपरीतान्**=यथावस्थितान् **स्पर्शादीनि**ति स्पर्श-रस-गन्ध-रूप-शब्दान् **उपलभन्ते** आत्मना, **उपदिशन्ति च** अन्येभ्यः।

**कथमुपलभन्ते कथं** चोपदिशन्ति ? अवैपरीत्येन, तच्चावैपरीत्यं दर्शयति → स्पर्शं=शीतादिकं **स्पर्शमिति** अविपरीततामाचष्टे, **रसं**=मधुरादिकं **रसमिति एवम**विपरीतमेवं **शेषान्**=गन्धशब्दरुपान[3]-वैपरीत्येन। **तत्** कथमे**तदि**ति, बाधके हि प्रत्यये सत्ययथार्थता प्रत्ययान्तरस्य आश्रयितुं शक्या, यथा शुक्तिकायां[4] रजतबुद्धिर्बाधिकया शुक्तिकाबुद्ध्या निवर्त्यते, नैवमत्र बाधकं कञ्चित् प्रत्ययं पश्यामो

• હેમગિરા •

**ભાષ્યાર્થ** :- જવાબ →'**તે મિથ્યાદષ્ટિઓને આ સ્પર્શાદિ જ્ઞાનો વિપરીત થાય છે. તેથી અજ્ઞાનરૂપ છે. ॥૩૨॥**

તેનાથી પરિગૃહીત મતિ આદિ જ યથાવસ્તુને જાણનાર જ્ઞાન છે. અન્યથા મિથ્યાદષ્ટિ પરિગૃહીત હોય તો કુત્સિતજ્ઞાન=અજ્ઞાન જ છે. તે પ્રરૂપણા બરાબર નથી. કારણ કે મિથ્યાદષ્ટિઓને પણ સ્પર્શાદિનું યથાર્થ જ્ઞાન હોય છે. ભાવના આ પ્રમાણે :- અભિગૃહીત મિથ્યાદષ્ટિ એટલે શાક્યાદિ અન્ય ધર્મી તથા અનભિગૃહીત મિથ્યાદષ્ટિ એટલે સર્વધર્મોને સમાન માનનારા, તથા સાંશયિક મિથ્યાદષ્ટિ એટલે જિનપ્રવચનમાં સંદેહ રાખનાર આ ત્રણે મિથ્યાદષ્ટિઓ ભવ્ય = મુક્તિ પામનારા અને અભવ્ય=મુકિત નહીં પામનારા એમ બે ભેદમાં અંતર્ગત છે. ભાષ્યમાં 'अपि' શબ્દ ત્રણ પ્રકારના મિથ્યાદષ્ટિને આ સ્પર્શાદિનું જ્ઞાન સંભવે તેવી સંભાવના બતાવે છે. 'च'થી ત્રણેનો સમુચ્ચ દર્શાવ્યો છે. આ સર્વ (બે અને ત્રણ પ્રકારવાળા) મિથ્યાદષ્ટિઓ શ્રોત્રાદિ ઈન્દ્રિયરુપ નિમિત્ત કારણને આશ્રયિને સ્પર્શ, રસ, ગન્ધ, રુપ શબ્દોને યથાવસ્થિતપણે જાણે છે. અને બીજાને એવો ઉપદેશ પણ કરે છે. કેવા પ્રકારનો બોધ થાય છે અને કઈ રીતે કથન કરે છે તે જણાવતા કહે છે કે આ મિથ્યાદષ્ટિના બોધ અને કથન અવિપરીત હોય છે. જેમકે શીતાદિ સ્પર્શને શીતાદિ તરીકે જ માને અને કહે અને એ જ રીતે મધુરાદિ રસને મધુર આદિ રસ તરીકે માને અને કહે. આ પ્રમાણે શેષ ગંધ, શબ્દ અને રુપને પણ અવિપરિતપણે જાણે છે. તો પછી કઈ રીતે આવું જ્ઞાન અયથાર્થ કહેવાય? કારણ કે વસ્તુ વિશે થયેલા જ્ઞાનમાં જો કોઈ બાધક પ્રતીતિ

१. 'त्यादि एव त्रयं खं.भां. २. 'मित्तमिति खं.भां.। ३. शब्दरूपान् मु.(पा.)। ४. शुक्तिकाबुद्ध्या रजत' मु.(खं,भां)।

**सूत्रम्- सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरून्मत्तवत्** *।।१-३३।।

**भाष्य- यथोन्मत्तःकर्मोदयादुपहतेन्द्रियमतिर्विपरीतग्राही भवति।**

यद्बलान्मिथ्यादृष्टीनां तदयथार्थं ज्ञानं मन्येमहीति?। **अत्रोच्यते- तेषां**=मिथ्यादृष्टीनां यस्मात् तद् विज्ञानं **विपरीतमेवेति**, अयथार्थपरच्छेदित्वात्।।३२।।

कुतः ? **सदसतोरित्यादि**। सद्=विद्यमानं असद्=अविद्यमानं तयोः सदसतोः=विद्यमानाविद्यमानयोः **अविशेषाद्**=यथावदवबोधाभावाद्, विद्यमाने हि पदार्थे उत्पादादिरूपेणान्यथावबोध एकनयाश्रयेणेति, अविद्यमानेऽपि ललाटदेशाध्यास्यात्मा सामस्त्येन हृदयाधिष्ठानो वा, एवं सदसतोरविशेषादयथावबोधात् तदज्ञानं, तद् **यदृच्छोपलब्धेरिति** अनालोचिता अर्थोपलब्धिस्तस्या यदृच्छोपलब्धेः स्पर्शादिपरिज्ञानं भवति, **उन्मत्तस्येव**।।

*હેમગિરા*

**<u>સૂત્રાર્થ</u> :- સત્ શું અને અસત્ શું ? એનું ભેદ જ્ઞાન ન હોવાથી ઉન્મત્ત થયેલાની જેમ તે (મિથ્યાત્વી) જેમ તેમ વિષયોને જાણે છે.**

**<u>ભાષ્યાર્થ</u> :- કર્મોદયથી ઉપહત થયેલ ઈન્દ્રિય અને મતિવાળો ઉન્મત્ત માણસ જેમ વિપરીત અર્થનો ગ્રાહી છે. (તેમ આ મિથ્યાદષ્ટિ હોય છે)**

હાજર થઈ જાય તો જ તે પૂર્વ પ્રતીતિ અયથાર્થ ઠરે અને તેથી અન્ય પ્રતીતિનો આશ્રય કરવો પડે. દા.ત. છીપને જોતાં કોઈને રજતની બુદ્ધિ થઈ. હવે આ પરિસ્થિતિમાં છીપને હાથમાં લેતાં છીપમાં રજત બુદ્ધિની બાધક શુક્તિ (છીપ)નું જ્ઞાન જો હાજર થાય તો આ રજત બુદ્ધિ મિથ્યા સિદ્ધ થાય, પણ તેવું બાધક જ્ઞાન ન આવે તો પ્રસ્તુત રજતજ્ઞાન મિથ્યા કઈ રીતે કહેવાય ? એજ રીતે મિથ્યાદષ્ટિના સ્પર્શાદિ જ્ઞાનોમાં જો કોઈ બાધક જ્ઞાન હાજર થાય તો તેના સ્પર્શાદિ જ્ઞાન એ અજ્ઞાન રુપ બને પણ તેવું કોઈ બાધક જ્ઞાન તો અમે નથી જોતાં કે જેના બળે તે સ્પર્શાદિ જ્ઞાનોને મિથ્યા માનીએ ?

**❋ એકનયાશ્રિત જ્ઞાન અજ્ઞાન જ છે ❋**

<u>**ઉત્તરપક્ષ**</u> :- મિથ્યાદષ્ટિનો બોધ અયથાર્થ બોધ કરાવતો હોવાથી વિપરીત જ છે તે કઈ રીતે તેને (૩૩માં સૂત્રથી) આ મુજબ સમજી શકાય → મિથ્યાદષ્ટિને વિદ્યમાન=સત્ અને અવિદ્યમાન= અસત્ પદાર્થોનો યથાવત્=વાસ્તવિક બોધ નથી હોતો કારણ કે વિદ્યમાન પદાર્થોમાં એક નયને આશ્રયી બોધ હોવાથી વસ્તુમાં ઉત્પાદ, વ્યય આદિ ધર્મો કઈ રીતના છે? તે અંગે અન્યથા બોધ આ મિથ્યાત્વીને થતો હોય છે. અને જે અવિદ્યમાન છે, અર્થાત્ જે સ્વરૂપે વસ્તુ જ નથી તેનું પણ જ્ઞાન આ જીવ કરે છે. જેમ કે લલાટ દેશમાં જ આત્મા રહેલો છે અથવા તો સમસ્ત રીતે હૃદયમાં જ રહેલો છે. ઈત્યાદિ સત્ વસ્તુ અને અસત્ વસ્તુમાં સમાન દૃષ્ટિ હોવાથી યથાર્થ સ્વરૂપે બોધ ન

*. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪૬ १. 'तद्' पाठो मु. प्रतौ न दृष्टः (खं,मां)।

**भाष्य- सोऽश्वं गौरित्यध्यवस्यति गां चाश्व इति लोष्टं सुवर्णमिति सुवर्णं लोष्ट इति लोष्टं च लोष्ट इति सुवर्णं सुवर्णमिति तस्यैवमविशेषेण लोष्टं सुवर्णं सुवर्णं लोष्टमिति विपरीतमध्यवस्यतो नियतमज्ञानमेव भवति। तद्वन्मिथ्यादर्शनोपहतेन्द्रियमतेर्मति श्रुतावधयोऽ[1]प्यज्ञानं भवन्ति।।३३।।**

**यथोन्मत्तो** वायु-पिशाचादिगृहीतः **कर्मोदयात्**=कर्मणां पुराकृतानां विपाकाद् यदा **उपहतेन्द्रिय-मतिः**= उपहतेन्द्रिय उपहतमनाश्च संवृत्तो भवति तदा **विपरीतग्राही**=अन्यथावस्थितवस्तुपरिच्छेदी **भवति**, यतः **स** उन्मत्तः **अश्वं** सन्तं **गौरयमित्येवमध्यवस्यति** एवं गृह्णात्युपदिशति च, **गां च** स[2]तीं **अश्वोऽयमित्यध्यवस्यति** स्वयमन्येभ्यश्चोपदिश्यत्यश्वोऽयमिति। सर्वपदार्थेष्वेव चोन्मत्तस्य यदृच्छ-योपलब्धिर्न कतिपयेष्वित्येतदुदाहरणभूयस्त्वेन कथयति- **लोष्टं सुवर्णमि**त्यादिना। **लोष्टं**=पृथिवीपरिणामं सन्तं मृदात्मकं **सुवर्णमि**त्यध्यवस्यति, **सुवर्णं च लोष्टमित्य**ध्यवस्यति, कदाचिच्च **लोष्टं लोष्टमे**वाध्यवस्यति, कदचिद् वा **सुवर्णं सुवर्णमित्ये**व, **तस्योन्मत्तस्यैव**मुक्तेना**विशेषेण** अयथावदवबोधेन **लोष्टं सुवर्णमि**त्येवं **विपरीतमध्यवस्यतः नियतं**=निश्चितमज्ञान**मेव**, कुत्सितमेव तज्ज्ञानं **भवती**ति।

*હેમગિરા*

**<u>ભાષ્યાર્થ</u> :- આ ઉન્મત્ત વ્યક્તિ ઘોડાને ગાય અને ગાયને ઘોડો તથા માટીના ઢેફાને સ્વર્ણ તથા સ્વર્ણને ઢેફું કહે છે. તથા ક્યારેક ઢેફાને ઢેફુ અને સોનાને સોનું એ પ્રમાણેનું જે જ્ઞાન આ ઉન્મત્તનું છે તે પણ નિયમા અજ્ઞાનરૂપ જ (દારૂ પીધેલા માણસના સત્ય જેવું અવિશ્વાસનીય જ) છે. કારણ કે આ જ વ્યક્તિ ઉપર કહ્યું તેમ ઢેફાને સોનું અને સોનાને ઢેફુ કહેતો વિપરીત અધ્યવસાય કરે છે, આ ઉન્મત્તની જેમ મિથ્યાદર્શનથી હણાઈ ગયેલ ઈન્દ્રિય અને બુદ્ધિ (મન) વાળા જીવના મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે અજ્ઞાન હોય છે.**

હોવાથી મિથ્યાદષ્ટિના મતિ આદિ અજ્ઞાન રૂપ જ હોય છે. આ અજ્ઞાનનું કારણ સમક્તિના અભાવમાં થયેલ સમ્યકવિચારવિહીન અર્થોપલબ્ધિ. આવી મિથ્યા-અર્થોપલબ્ધિને યદચ્છોપલબ્ધિ કહેવાય છે. મિથ્યાત્વીને થતા સ્પર્શાદિપરિજ્ઞાનો પણ યદચ્છોપલબ્ધિ રૂપ જ હોય છે, ઉન્મત્તવ્યક્તિની જેમ.

વાયુથી પીડિત અથવા ભૂતપિશાચ વગેરેથી આવિષ્ટ તથા પૂર્વકૃત કર્મના ઉદયથી હણાયેલી ઈન્દ્રિયવાળો અને હણાયેલ મગજશક્તિવાળો જ્યારે (પાગલ) બને છે ત્યારે જેમ વસ્તુને અન્યથા સ્વરૂપે અવસ્થિત જાણે. જુએ છે (તેમ આ મિથ્યાત્વી જાણે છે) જેમકે વિદ્યમાન ઘોડાને જોતાં આ ગાય છે એવું માની બેસે અને એ જ રીતે ગ્રહણ કરે અર્થાત્ ઘોડાની સાથે ગાય જેવો વ્યવહાર કરે છે અને બીજાને "આ ગાય છે" એ પ્રમાણે ઉપદેશ આપે છે, તેમજ વિદ્યમાન ગાયને ઘોડા તરીકે માને છે અને બીજાને પણ એ જ રીતે કહે છે. આ રીતે અમુક પદાર્થોમાં નહિ પણ સર્વપદાર્થોમાં ઉન્મત્તમાણસ યદચ્છોપલબ્ધિ-મિથ્યાજ્ઞાન કરે છે. એ હકીકત જણાવા બીજા દાખલા આપતા જણાવે છે કે- પૃથ્વીના પરિણામરુપ = પર્યાયરુપ માટીના ઢેફાને સોનું છે એમ વિચારે છે અને સોનાને માટીના ઢેફા રુપે માને છે. અને ક્યારેક તો ઢેફાને ઢેફું અને સોનાને સોનું પણ સ્વીકારે છે. વળી તેને જ સોના અને ઢેફામાં ફરક નથી એમ માની ઢેફાને

१. प्यज्ञानानि पाB.लि.। २. सन्तं खं.भां.सं.। ३. समग्रनय° मु. (भां.)।

**भाष्य– उक्तं ज्ञानम्। चारित्रं नवमेऽध्याये वक्ष्यामः। प्रमाणे चोक्ते। नयान् वक्ष्यामः।**

सम्प्रति दार्ष्टान्तिके योजयति-**तद्वन्मिथ्यादर्शनेनोपहतेन्द्रिय-मनस्कस्य मति-श्रुतावधयस्त्रयोऽप्यज्ञानमेव भवन्ति**, एकनयमतसमाश्रयणे तु न सर्ववस्तुपरिच्छेदः, न च तावन्मात्रं तद् वस्तु, नयमतान्तरेणान्यथापि परिच्छेदात्, अतः अज्ञानता त्रयाणाम्, [१]सर्वनयसामग्रीप्रत्ययेनैकैकनयावलम्बी प्रत्ययो निवर्त्यत इति विद्यते हि सर्वनयसामग्रीप्रत्ययो बाधक इति।।३३।।

प्रकृतपरिसमाप्तिं सूचयति– **उक्तं ज्ञानम्**, सम्यग्दर्शन-ज्ञान-चारित्राणीत्युपक्षिप्तं त्रयमिति, सम्प्रत्यवसरप्राप्तं चारित्रं, तच्चेह लब्धावकाशमपि नाभिधीयते, यत इहाभिधायापि पुनः संवरप्रस्तावे '**आश्रवनिरोधः**

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- જ્ઞાનની પ્રરૂપણા થઈ ચારિત્રપદને નવમાં અધ્યાયમાં કહીશું તેમજ બે પ્રમાણ ('પ્રત્યક્ષ-પરોક્ષ') પણ કહેવાયા. નયોને હવે કહીશું.**

સોનું અને સોનાને ઢેફુ કહેતો વિપરીત અર્થનો ગ્રાહી છે. તેથી તેનું કુત્સિત્ એવું જ્ઞાન અજ્ઞાન જ છે. પણ એ ઉન્મત્તનું આ (સાચુપણ) જ્ઞાન મિથ્યારૂપ જ છે કારણ કે ઢેફાને સોના તરિકે, સોનાને ઢેફા તરિકે અવિશેષપણે સમ્મતિ આપે છે અર્થાત્ વિપરીત અધ્યવસાયગ્રસિત જ્ઞાન છે. તેથી એમનું (સત્યપણ) જ્ઞાન અજ્ઞાનરૂપ છે. આ દૃષ્ટાંત ને ભાષ્યકાર હવે પ્રસ્તુત દાર્ષ્ટાન્તિકમાં ઘટાડતાં કહે છે કે- ઉન્મત્ત માણસની જેમ મિથ્યાદર્શનથી હણાએલી ઈન્દ્રિય અને બુદ્ધિ = મનવાળાના મતિ શ્રુત અને અવધિ એ ત્રણે અજ્ઞાન જ હોય છે.

### * સર્વનયાશ્રિત જ્ઞાન એકનયાવલંબી જ્ઞાનમાં બાધક *

મિથ્યાદૃષ્ટિ ક્યારે પણ એક નયને આશ્રયી વિચારે છે અને એક નયને આશ્રયી તો સર્વ વસ્તુઓનો પરિચ્છેદ ન થઈ શકે. વસ્તુનું સ્વરૂપ એટલું સીમિત નથી કે એક નયથી જાણી શકાય. બીજા-બીજા નયોથી વસ્તુનો વધુ સ્પષ્ટ-સ્વચ્છ અને વિસ્તૃત બોધ થાય છે. આથી એક જ નયને આશ્રયી વિચાર કરનારાઓના મતિ-આદિ ત્રણે અજ્ઞાન રુપ બને છે. પણ જ્યારે સમસ્ત નયરૂપ (સ્યાદ્વાદ)સામગ્રીથી વાંસ્તવિકતાની પ્રતીતિ થાય ત્યારે એક એક નયને અવલંબીને રહેલું જ્ઞાન નિવૃત્ત (ખંડિત) થઈ જાય છે[१]. ॥૩૩॥

'**उक्तं**' એ પ્રસ્તુતમાં જે (જ્ઞાન)નું વિવરણ ચાલતું હતું તેના 'પરિસમાપ્તિ'નું સૂચક પદ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આ ત્રણના વિવરણનો પ્રારંભ આ પ્રથમ અધ્યાયમાં કરેલ છે. તેમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું વિવેચન પુરું થયું. હવે સમ્યગ્ચારિત્રનો અવસર છે. છતાંય અત્યારે એની પ્રરૂપણા નથી કરતા કારણ કે આગળ 'સંવર'ના પ્રસ્તાવમાં આશ્રવનો નિરોધ એ સંવર છે → સૂ. ૯-૧ તથા ''તે સંવર ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને

૧. પૂર્વપક્ષીએ ૩૨મા સૂત્રની ટીકામાં - મિથ્યાદૃષ્ટિના સ્પર્શાદિ જ્ઞાનો તે અજ્ઞાનરૂપ નથી એ વાતને પુષ્ટ કરતાં કહ્યું હતું. કે છીપમાં રજત બુદ્ધિ થઈ તે 'મિથ્યા જ છે' તેવો નિર્ણય એનાથી વિપરીત 'શુક્તિ'નું જ્ઞાન આવે તો થાય. જો કોઈ બાધકજ્ઞાન ત્યાં ન થાય તો થયેલું રજત જ્ઞાન સત્ય ઠરે, એને મિથ્યા ન કહેવાય. એ જ રીતે વર્તમાનમાં થતાં સ્પર્શાદિ જ્ઞાનોએ અજ્ઞાનરૂપ છે, એ કયા બાધક જ્ઞાનના બળે કહેવાય ? તેનું સચોટ સમાધાન આપતાં અત્યારે ગ્રંથકારશ્રી કહે છે કે જ્યારે સર્વ નયાલંબી જ્ઞાન હાજર થાય ત્યારે એક નયને આશ્રયી થતું જ્ઞાન નિવર્તન પામે છે. સર્વ નયાવલંબી જ્ઞાન એક નયાવલંબી જ્ઞાનમાં બાધકરૂપ બને છે. તેથી એક નયાવલંબી જ્ઞાન બાધિત થઈ મિથ્યા ઠરે અને તેથી અજ્ઞાનરૂપ છે તે સિદ્ધ થાય છે. ॥૩૩॥

**सूत्रम्- नैगम-सङ्ग्रह-व्यवहारर्जुसूत्र-शब्दा नयाः।।१-३४।।**

**भाष्य- तद्यथा नैगमः, सङ्ग्रहः, व्यवहारः, ऋजुसूत्रः, शब्द इत्येते पञ्च *नया भवन्ति।।३४।।**

**संवरः**', '**स गुप्ति-समिति-धर्मानुप्रेक्षा-परीषहजय-चारित्रैः**' (अ.९, सू.१-२) इत्यत्र चारित्रद्वारे संवरप्ररूपकेऽभिधातव्यमेवातो ग्रन्थस्य लाघवमिच्छता तत्रैव नवमेऽभिधास्यते इत्याह- **चारित्रं नवमेऽध्याये वक्ष्यामः**। '**प्रमाण-नयैरधिगमः**' (अ.१, सू.६) इति च यदुक्तं तत्र प्रमाणमेतदेव पञ्चविधं सम्यग्दृष्टिपरिगृहीतं ज्ञानं, तदाह— **प्रमाणे च** प्रत्यक्षपरोक्षे **उक्ते**, नयास्तु पूर्वं नोक्ता इत्यतो **नयान्**[१] **वक्ष्यामः**, ते च यथा स्वरूपतो व्यवस्थितास्तथा निर्दिश्यन्ते— **नैगमे**त्यादि। कृतद्वन्द्वसमासानां पञ्चानामपि प्रथमाबहुवचनान्तता। **नया** इति च अनेकधर्मकदम्बकोपेतस्य वस्तुन एकेन धर्मेणोन्नयनमवधारणात्मकं नित्य एवानित्य एवेत्येवंविधं नयव्यपदेशमास्कन्दति, स चाध्यवसायविशेष इति।

निगम्यन्ते = परिच्छिद्यन्ते इति निगमाः लौकिका अर्थाः, तेषु निगमेषु भवो योऽध्यवसायो ज्ञानाख्यः स **नैगमः**। स च सामान्येनापि व्यवहरति सामान्यबुद्धिहेतुना सामान्यवचनहेतुना च,

● *હેમગિરા* ●

**<u>સૂત્રાર્થ</u> :- નૈગમ, સંગ્રહ,વ્યવહાર, ઋજુસૂત્ર, અને શબ્દ એ નયો છે. ॥ ૧-૩૪ ॥**

**<u>ભાષ્યાર્થ</u> :- તે આ પ્રમાણે.→ નૈગમ; સંગ્રહ; વ્યવહાર; ઋજુસૂત્ર; શબ્દ આ પ્રમાણે આ પાંચ નયો છે. ॥ ૧-૩૪ ॥**

ચારિત્ર વડે થાય છે.'' → સૂ.૯-૨. ઈત્યાદિ સૂત્રો વડે સંવરના પ્રરૂપક ચારિત્રના દ્વારમાં ચારિત્રનું વર્ણન કરવાના છે તેથી ગ્રંથના લાઘવને ઈચ્છતાં ગ્રંથકારશ્રી હમણાં ચારિત્રનુ વિવેચન ન કરતાં ત્યાં જ નવમાં અધ્યાયમાં આનું વર્ણન કરશે.

(આ અધ્યાયના છઠ્ઠા '**प्रमाणनयैरधिगमः**' સૂત્રમાં જે પ્રમાણ-નયની સામાન્ય વ્યાખ્યા કરી તેમાં પ્રમાણ એટલે હમણાં કહેલ સમ્યગ્દૃષ્ટિ પરિગ્રહીત મતિ આદિ પાંચ જ્ઞાન, તે જ પ્રમાણ તરીકે સમજવા. અત્યાર સુધીના વિવેચનોમાં પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણોની વાત સંપૂર્ણ થઈ. નયો પૂર્વે નથી કહેવાયાં. તેથી ભાષ્યમાં- '**નયોને કહીશું**' એમ કહી એ નયોનાં યથાવસ્થિત સ્વરૂપનો હવે નિર્દેશ કરે છે.)

## ❋ નયોનું નિરુપણ ❋

સૂત્રમાં નિર્દિષ્ટ પાંચ નૈગમાદિ પદોમાં દ્વન્દ્વ સમાસ કરી અંતમાં પ્રથમા વિભક્તિ બહુવચન મૂકવામાં આવ્યું છે. **નય** :- અનેક ધર્મના સમૂહવાળી વસ્તુની કોઈ એક ધર્મ વડે અવધારણરૂપ વિચારણા. દા.ત. આ વસ્તુ નિત્ય જ છે, અથવા અનિત્ય જ છે, ઈત્યાદિ વ્યપદેશને નય કહેવાય. આ નય એક અધ્યવસાય વિશેષ છે. તેમાં પ્રથમ નૈગમ નય છે.

**નૈગમ નય** :- લૌકિક (ઘટ વગેરે) અર્થો તે નિગમ કહેવાય. તે નિગમોમાં થતો જ્ઞાનરૂપ જે અધ્યવસાય તે નૈગમ છે.

१. 'नयानत्र' राA । *. જુઓ પરિશિષ્ટ-૪ ટિ.૪૭

अत्यन्तं विशेषेभ्योऽन्यत्त्वरूपेण सत्तामात्रेण, तथा विशेषेणापि विशेषबुद्धिहेतुना विशेषवचनहेतुना च अत्यन्तं सामान्यादन्यत्वरूपेण व्यवहरति परमाणुनिष्ठितेन, तथा सामान्यविशेषेणापि गवादिना सर्वगोपिण्डेष्वनुवृत्त्यात्मकेन अश्वादिव्यावृत्त्यात्मकेन च व्यवहरति, यथा लोको व्यवहरति तथाऽनेन व्यवहर्तव्यमिति, लोकश्चोपदिष्टैः प्रकारैः समस्तैर्व्यवहरति। प्रवचने च वसति-प्रस्थकनिदर्शनद्वयेन विभावितः, **काणभुजरा**द्धान्तहेतुरवगन्तव्यः।

अभेदेन सङ्ग्रहणात् सर्वस्य सङ्गृह्णाति इति **सङ्ग्रहः**। यदि भवनाभिसम्बद्धस्यैव भावस्य भावत्वमभ्युपगम्यते ततः परिसमापितात्मस्वरूपत्वाद् भावस्य भ्रान्तिसमुपनिबन्धनघटादिविकल्प-

• *હેમગિરા* •

આ નૈગમનય સામાન્ય બુદ્ધિમાં હેતુ અને સામાન્ય વચનમાં હેતુ એવા માત્ર સત્તા રુપ સામાન્ય વડે પણ વ્યવહાર કરે છે. પણ આ સામાન્યને વિશેષથી અત્યંત ભિન્ન માને છે. તેમજ સામાન્યથી અત્યંત ભિન્ન સ્વરૂપવાળો એવું જે વિશેષ છે કે જે ઘટાદિ વિશેષ બુદ્ધિમાં તથા વિશેષવચનમાં હેતુ રુપ છે, તે વિશેષ વડે પણ આ નૈગમનય વ્યવહાર કરે છે. તેમજ સર્વ ગાયોમાં અનુવૃત્તિ આત્મક (સામાન્ય 'ગોત્વ') તથા અશ્વાદિની વ્યાવૃત્તિ આત્મક (વિશેષ ગાય) એવા સામાન્ય-વિશેષ (ગોત્વ જાતિ/ગાય વ્યક્તિ) ઉભયરૂપ વડે પણ વ્યવહાર કરે છે. આશય એ કે નૈગમનય સામાન્ય, વિશેષ અને ઉભય સામાન્ય-વિશેષ આ ત્રણેનો સ્વીકાર કરે છે, પણ સામાન્ય અને વિશેષને એક બીજાથી અત્યંત ભિન્ન રૂપે સ્વીકારે છે. લોકો જે રીતે વ્યવહાર કરતાં હોય છે તે રીતે આ નૈગમ નય વ્યવહાર કરે છે અને આ લોક તો ઉપદિષ્ટ (જેટલા પ્રકાર એકવસ્તુને આશ્રયી થતા હોય તેટલા) સમસ્ત પ્રકારો વડે વ્યવહાર કરે છે. શાસ્ત્રોમાં વસતિ અને પ્રસ્તક એ બે દૃષ્ટાન્ત વડે આ નયોને સમજાવવામાં આવ્યા છે. આ નૈગમને આશ્રયી ચાલનાર કાણભુજ = વૈશેષિક મત છે તેમના સિદ્ધાંતો આ નયથી નિર્માણ થયેલા છે. અર્થાત્ કાણભુજના સિંદ્ધાતોમાં આ નય હેતુ છે.

### ❋ વિકલ્પ ભ્રાન્તિમૂલક- સંગ્રહનય ❋

**સંગ્રહ નય** :- સામાન્યથી અભેદ વડે સર્વ વસ્તુઓનો સંગ્રહ કરે તે સંગ્રહ નય. આ નય વસ્તુમાત્રને 'સત્તા'રૂપ જ માને છે. '**भू**' ધાતુ સત્તા અર્થમાં છે. 'ભવન' શબ્દ '**भू**' ધાતુ પરથી બનેલ છે ભવન એટલે સત્તા. એથી આ નય સત્તાથી યુક્ત ભાવને = પદાર્થને ભાવ (સત્) તરીકે સ્વીકારે છે. હવે આ નય પોતાની વાતને પુષ્ટ કરતા કહે છે કે જો સત્તાથી અન્વિત થયેલા જ અર્થાત્ સત્તાની પ્રધાનતાને લઈને જ ઘટાદિ ભાવોનું ભાવત્વ હોય અર્થાત્ પદાર્થોને ભાવ (સત્) તરીકે સ્વીકારવામાં આવે તો પછી આવા ઘટાદિ ભાવોનું સ્વતંત્ર ઘટ-વ્યક્તિ તરીકેનું કોઈ સ્વરૂપ તો માનવાનું રહ્યું જ નથી એથી સત્તા સિવાયનું અન્ય સ્વરૂપ તો સમાપ્ત (નષ્ટ) થયેલું જ ગણાય. અને તેમ હોવાથી ભાવ (= પદાર્થ)ના ઘટ, પટ આદિ વિકલ્પો કરવા એ ભ્રાંતિ રુપ જ ગણાય. અર્થાત્ એવા ભ્રાંતિજન્ય ઘટ-પટાદિ વિકલ્પો સત્તામાં જ અંતર્ગત હોવાથી તેની ભિન્ન કલ્પના અનર્થરૂપ છે. [અહીં ઘટાદિ વિકલ્પોને ભ્રાંતિ રુપ કેમ કહ્યાં ? તેનું કારણ જણાવતાં આ સંગ્રહ નયની દૃષ્ટિને આશ્રયીને રહેલાં જે અદ્વૈત વાદીઓ છે તેઓ કહે છે કે →

१. भेदेभ्यो' मु.सं.(भां.खं.)। २. 'निश्चितेन राA.। ३. T. परि.५ टि.३६। ४. 'ग्रहात् मु.(भां.रा.)। ५. 'रुपित्वा' मु.(भां.खं)।

प्रकल्पनानर्थक्यम्,. यदि घटादि वस्त्वपि भवनप्रवृत्तितन्त्रमेवेत्येवं सति भाव एव, तदनर्थान्तरत्वात् तत् स्वात्मवत्, भवनार्थान्तरत्वे वा व्योमोत्पलादिवदसत्त्वं विकल्पानां रासभविषाणादिसत्त्वं वा घटादिवद् भवनार्थान्तरत्वात्, एतद्दर्शनपुरस्सरा एव च सर्वनित्यत्वैकत्व-कारणमात्रत्वादिवादाः काल-पुरुष-स्वभाव-दैवादयश्चेति भावः।

• હેમગિરા •

જેમ સર્પને જોઈ કોઈને અજ્ઞાનતાથી દોરડાની મતિ થાય તો તે હકીકતમાં ભ્રમ જ છે. કારણ કે બાધક એવું 'સર્પજ્ઞાન' થતાં જ તે દોરડાનું જ્ઞાન વિનષ્ટ થઈ જાય છે. તેમ ઘટાદિ પદાર્થો અંગે થતાં જ્ઞાનો ભ્રાંતિરૂપ છે અને ભ્રાંતિ એ અનાદિ કાલીન અવિદ્યાના લીધે ઉત્પન્ન થયેલ છે. જ્યારે આ અવિદ્યા = મિથ્યામતિનો નાશ થાય ત્યારે "**सर्वं सत्.**" એવું બાધક જ્ઞાન થતાં ઘટાદિ વિકલ્પોનું જ્ઞાન નષ્ટ થઈ જાય છે. તેથી સત્તા સામાન્ય જ સ્વીકાર્ય છે. પણ ઘટાદિ વિશેષ નહીં.] આ પ્રમાણે જો ઘટાદિ વસ્તુ (= વિશેષો) પણ સત્તા પ્રવૃત્તિના જ તંત્ર (= નિયામક) રુપ છે અર્થાત્ સત્તાને જ આધીન છે, તો પછી તે ઘટાદિ પદાર્થો ભાવરુપ = સત્તારુપ જ થઈ ગયા. કારણ કે જેમ આત્મા એ પોતાના સ્વરૂપથી અભિન્ન છે, તેમ આ ઘટાદિ ભાવો ભવન = સત્તાથી અભિન્ન છે. જો ઘટાદિ વિશેષોને સત્તાથી ભિન્ન અર્થાતરરૂપે માનો તો આકાશ પુષ્પની જેમ તે વિકલ્પો અસત્ થશે, કારણ કે સત્તા વિનાની વસ્તુ વસ્તુરૂપ જ નથી, અવસ્તુ છે. જેમ કે આકાશપુષ્પ. અગર જો સત્તાથી ભિન્ન ઘટાદિ વસ્તુને વસ્તુરૂપ માનો તો ગધેસીંગ આદિ અસત્‌ને પણ સત્‌રૂપ માનવાની આપત્તિ આવશે કારણ કે આ ગધેસીંગ આદિ પણ ઘટ વગેરેની જેમ સત્તાથી ભિન્ન છે.

*** અદ્વૈતવાદોનું મૂલ = એકાંત સંગ્રહનય ***

આ સંગ્રહનયની દષ્ટિને આશ્રયીને જ "**सर्वं नित्यं**"=નિત્યત્વવાદ **सर्वं एकत्वं, सर्वं ब्रह्म, सर्वं सत्** એવાં અદ્વૈતવાદો નિકળ્યા છે. એમાં કેટલાક તો એક કાળ માત્રને કારણ માનનારા છે તો કેટલાક માંત્ર પુરુષાર્થને, કેટલાક એક સ્વભાવ માત્રને, કેટલાક એક કર્મ માત્રને તથા કેટલાક નિયતિ (ભવિતવ્યતા) માત્રને કારણ માનનારા એકાંત કારણ વાદીઓ છે.(આ એકાંતમતાવ લંબિઓ એક નય સ્વરૂપે પણ પૂરા નથી.

*** નય-દુર્નય-પ્રમાણને સમજીએ ***

જે પોતાના અંશની વાત કરી અન્ય નયોને ગૌણરીતે આદરે છે તે, **નય** કહેવાય. વૈશેષિકાદિ તો કદાગ્રહવશ સ્વઅંશ (મત)ને જ સત્ય ઠેરવી અન્ય મતનું એકાંતે ખંડન કરનારા છે તેથી આ સર્વે **દુર્નય** (નયાભાસ) રુપ છે. સ્વઅંશ તથા અન્ય અંશ અર્થાત્ સર્વે અંશોને પરસ્પર સાપેક્ષ રીતે સ્વીકારે તે **પ્રમાણ** છે.આને એક દષ્ટાંતથી સમજીએ → દર્શન, જ્ઞાન, ચરિત્ર એ ત્રણે ગુણો મોક્ષમાર્ગ સ્વરૂપ છે. આ ત્રણમાંથી કોઈ એકનો મુખ્યતયા સ્વીકાર તે નય. કોઈ એકનો

१. 'प्रकल्पमान' राA.।

निश्चयात्[1] सङ्गृहीतानां विधिपूर्वकमवहरणं[2] **व्यवहारः**। यदि घटादिभेदश्रुत्या स्वसामान्यानुबद्धस्य निरस्तसामान्यान्तरसम्बन्धस्य श्रूयमाणत्वानुगुणमेव ग्रहणं न स्यात्, किन्तु सर्वव्यपदेशविशेषाभिव्यङ्गयो भाव एव तेन तेन रूपेणाभिव्यज्यते, ततो घटाद्यन्यतरभेदश्रुतौ सर्वरूपभेदभावप्रतीतिप्रसङ्गस्ततश्च घट-पटोदकादिरूपव्यतिकरभावान्निश्चयाभावप्रसङ्गः[3], उपदेश-क्रियोपभोगापवर्गव्यवस्थादीनां चाभावात् सर्वसंव्यवहारोच्छेदः, सर्वविशेषव्याकरणे च निर्निबन्धनभवनाभावाद् भावाभाव

• હેમગિરા •

સ્વીકાર કરી બીજાનો તિરસ્કાર કરવો તે દુર્નય. પણ ત્રણેનો સાપેક્ષતયા સ્વીકાર તે પ્રમાણ છે. આ જ રીતે કાર્યમાત્રમાં કાળ, સ્વભાવ, કર્મ, પુરુષાર્થ અને નિયતિ એ પાંચ કારણ સ્યાદ્વાદદષ્ટિએ માન્ય છે, આ પાંચમાંથી કોઈ એકનો પણ કારણ તરીકે અપલાપ કરનાર તે દુર્નય છે.

**વ્યવહાર નય** :- સંગ્રહ નય વડે સત્ સ્વરુપે નિશ્ચય કરાયેલા સંગૃહીત = સ્વીકૃત પદાર્થોનું વિધિપૂર્વક અભ્યવહરણ = વર્ગીકરણ કરે તે વ્યવહાર નય કહેવાય. આ નયનું કહેવું છે કે જો સંગ્રહ નયની માન્યતા મુજબ ઘટાદિ પદાર્થ સ્વસામાન્ય(સત્તા)થી યુક્ત હોઈને જ બોધ કરાવે છે, તે પદાર્થમાં સામાન્યથી અન્ય એવા વિશેષ ઘટ, પટાદિનો અસ્વીકાર = નિરસ્ત કરવામાં આવે. વળી એમ કહેવામાં આવે કે ઘટ વગેરે વિકલ્પો તો અનાદિ અવિદ્યાથી જન્ય હોવાથી, તે ઘટાદિ શબ્દ વડે થતો બોધ એ બોધ રુપ જ નથી.અર્થાત્ શ્રોતાગણને ઘટ (વિશેષ) કહેવાથી તદ્અનુગુણ (ઘટને અનુરૂપ) બોધ થઈ જ શકતો નથી. પરંતુ જે કાંઈ બોધ થાય છે તે સત્તા સામાન્યરૂપ બોધ છે. તો એ સિદ્ધાંત બરોબર નથી તે આ મુજબ →

**❋ વિશેષ વિના વ્યવહારનો લોપ = વ્યવહારનય ❋**

અગર જો વ્યપદેશ કરાતાં સર્વ વિશેષોથી સત્તાની જ અભિવ્યક્તિ=પ્રતીતિ થવા દ્વારા સત્તા જ તે તે રુપ વડે સર્વવસ્તુમય પ્રતીત થતી હોય. તો પછી સત્તા સ્વરૂપ ઘટ-પટાદિમાંથી કોઈ એકનું શ્રવણ થતાં શેષ સર્વ પટાદિ વિશેષોનો એકી સાથે બોધ થઈ જવાનો પ્રસંગ આવશે. કારણ કે સત્તા સામાન્ય તો ઘટાદિ સર્વ પદાર્થોમાં એકરૂપે રહેલી છે. (કારણ કે સત્તા-સત્ત્વ ધર્મ બધામાં એક જ છે) અને તેમ થવાથી ઘટ-પટ પાણી આદિ વસ્તુઓનું મિશ્ર (=ભેળસેળીયો) બોધ થવાથી ઘટ કોને કહેવો ? પટ કોને કહેવો ? પાણી કોને કહેવું ? ઈત્યાદિ સ્પષ્ટ બોધ કરવા માટે મૂંઝવણ ઊભી થશે અને તેથી કોઈ પદાર્થનો સચોટ બોધ, ચોક્કસ વ્યવસ્થા થઈ શકશે નહીં. આમ પદાર્થ વ્યવસ્થાના અભાવે ઉપદેશ, ક્રિયા, ઉપભોગ, અપવર્ગ = સ્વર્ગ મોક્ષ આદિ વ્યવસ્થાઓ પણ ભાંગી પડે અને સર્વ વ્યવહારોનો વિચ્છેદ થઈ જશે.

**❋ સામાન્ય વિશેષથી ભિન્ન નથી = વ્યવહારનય ❋**

યદિ જો ઉપરોક્ત દોષના સમાધાન માટે ઘટ-પટાદિ પદાર્થોમાં રહેલી સત્તાને જો વિશેષરૂપે = ભિન્ન ભિન્ન રૂપે સ્વીકારશો. અર્થાત્ ઘટનિષ્ઠ સત્તાથી પટનિષ્ઠ સત્તા ભિન્ન, પટનિષ્ઠ સત્તાથી

१. 'यासदगृ' मु/ 'यात् गृही' खं.(भां.)/भावनिश्चयासङ्गृही' भा.। २. मवग्रहणं रा.। ३. 'भावप्रसङ्गः सं.पा.।

एव, अविशेषत्त्वाभेदत्वानिरूप्यत्वादितश्च[1] नैवासौ भावः खरविषाणादिवत् तस्माद् व्यवहारोपनिपतितसामान्योपनिबन्धनं तु यदेवं[2] यदा द्रव्यं पृथिवी-घटादि व्यपदिश्यते तदेव तत् तदा त्रैलोक्याविभिन्नरूपं सततसमवस्थितापरित्यक्तात्मसामान्यं[3] महासामान्यप्रतिक्षेपेण संव्यवहारमार्गमास्कन्दतीति। एवंविधवस्तूपनिबन्धनैव च वर्णाश्रमप्रतिनियतरूपा यम-नियम-गम्यागम्य-भक्ष्याभक्ष्यादिव्यवस्था, कुम्भकारादेश्च मृदानयनावमर्दन-शिवक-स्थासकादिकरणप्रवृत्तौ वेतनकादिदानस्य साफल्यम्, अव्यवहार्यत्वाच्च शेषमवस्तु, व्योमेन्दीवरादिवदिति।

• હેમગિરા •

કટનિષ્ઠ સત્તા ભિન્ન એમ નિખિલ પદાર્થનિષ્ઠ સત્તાઓને પરસ્પર ભિન્ન ભિન્ન માનશો તો, સત્તામાં સામાન્ય(સત્તાત્વ)નો અભાવ થઈ જવાથી, સત્તા પોતે અભાવ રુપ બની જશે. કારણ કે તમારા સંગ્રહનયના મતે સામાન્ય રહિત વસ્તુ છે જ નહીં. તેથી સત્તાને પણ સામાન્ય રહિત (માત્ર વિશેષરૂપે) સ્વીકારતાં સત્તા એ અવસ્તુ=અભાવરૂપ બની જશે. અને તેથી આ આભાવ રુપ સત્તા અવિશેષત્વ, અભેદત્વ, અનિરૂપ્યત્વ આદિ રૂપ બની જશે. તેના લીધે ગધેસીંગની જેમ અસત્રૂપ જ માનવી પડશે.

અવિશેષત્વ=જેમાં કોઈ વિશેષ ઘટ-પટ વ્યક્તિનું વિધાન નથી. અભેદત્વ = જેમાં કોઈ પર્યાયાત્મક ભેદ (ઘટ-પટાદિ)નું વિધાન નથી. અનિરૂપ્યત્વ=જે માત્ર સામાન્ય રુપ છે તેથી તેનું ઉચ્ચારણ (વિશેષરુપે નિરૂપણ) ન કરી શકાય. આ પ્રમાણે વસ્તુને માત્ર સામાન્ય રૂપ માનવાથી ઉપરોક્ત વ્યવહાર ઘટતો નથી. તેથી ઘટપટ આદિ (સ્વસત્તાયુક્ત) વિશેષ પદાર્થનો વ્યપદેશ જરૂરી છે, તો જ વ્યવહાર ઉપપન્ન થશે.

### ❋ ...તો વ્યવહાર સાર્થક સિદ્ધ થાય ❋

વ્યવહારમાં ઉપયોગી, તથા સામાન્ય સત્તા રુપ કારણની અપેક્ષાવાળું (સંગ્રહ નય વડે સંગૃહીત સામાન્યનું જ વિશેષ તરીકે વ્યવહાર નય વિભાગીકરણ કરે છે) એવું જે કોઈ દ્રવ્ય જ્યારે પૃથ્વી, ઘટ આદિ વિશેષ સ્વરૂપે વ્યપદેશને પામે ત્યારે તેનું તે જ દ્રવ્ય ત્રૈલોક્યથી અભિન્ન સ્વરૂપવાળું (ત્રણ ભુવનના વસ્તુ સમુદાયની અંતર્ગત રહેનારું) સ્વ(ઘટત્વાદિ)-સામાન્યનો પરિત્યાગ કર્યા વગર સતત અવસ્થિત રહેનારું (આ વિશેષ દ્રવ્ય) મહાસામાન્ય (સત્ત્વ-પદાર્થત્વાદિ)નો પરિહાર કરવા વડે વ્યવહાર માર્ગને પામે છે. આશય એ છે કે વિશેષથી વ્યવહારની સિદ્ધિ થાય છે. આવા વ્યવહાર માર્ગમાં રહેલી વિશેષ વસ્તુઓને આધીન જ ક્ષત્રિયાદિ વર્ણ, ગૃહસ્થાદિ આશ્રમ, યમ, નિયમાદિ તેમજ ગમ્ય શું ?, અગમ્ય શું ?, ભક્ષ્ય શું ?, અભક્ષ્ય શું ? વગેરે વ્યવસ્થા રહેલી છે. અને આમ વિશેષોને માનવાથી જ કુંભકારાદિ વડે માટીનું લાવવું, ચકરડા પર ચઢાવી લેપવું, શિવક, સ્થાસક આદિ કરવામાં પ્રવર્તવું, તથા વફાદાર ચાકરને વેતન આપવું, સજ્જનને ન્યાય, દુર્જનને દંડ ઈત્યાદિ વ્યવહારની સાર્થકતા સિદ્ધ થાય. અન્યથા (વ્યવહારને ઉલ્લંઘન કરતાં) વસ્તુમાત્ર વ્યવહારને અયોગ્ય થવાથી આકાશપુષ્પની જેમ અવસ્તુ રુપ લેખાય.

१. 'त्वादितमश्च मु.(भां.खं.)। २. यदेव यद् यदा मु.(भां.खं.)। ३. 'तमव' मु.(भां.खं.)।

ऋजु=सममकुटिलं सूत्रयतीति ऋजुसूत्रः ऋजु वा श्रुतम् आगमोऽस्येति सूत्रपातनवद् वा **ऋजुसूत्रः** यस्मादतीतानागतवक्रपरित्यागेन वर्तमानपदवीमनुधावति, अतः साम्प्रतकालावरूद्धपदार्थत्वात् ऋजुसूत्रः, एष च भावविषयप्रकारातीतानागतविषयवचनपरिच्छेदे प्रवृत्तः सर्वविकल्पातीतातिसम्प्रमुग्धसङ्ग्रहा विशिष्टत्वाद् व्यवहारस्यायथार्थतां मन्यमानः अचरणपुरूपगरूडवेगव्यपदेशवद् वर्त्तमानक्षणसमवस्थिति-परमार्थवस्तु व्यवस्थापयति, अतीतानागताभ्युपगमस्तु खरविषाणास्तित्वाभ्युपगमात्र भिद्यते, दग्धमृता-पध्वस्तविषयश्चानाश्वासो न कस्यचिदपि स्यात् ? (स्यादेवेत्यर्थः) अघटादिलक्षणमृदाद्यनर्थान्तरत्वाच्च

*હેમગિરા*

**ઋજુસૂત્ર** :- જે વસ્તુને ઋજુ સમ = અકુટિલ અવક્રપણે સ્થાપે = સૂત્રિત કરે તે ઋજુસૂત્ર અથવા ઋજુ એવું શ્રુત=આગમ છે જેનું તે ઋજુશ્રુત. કારણ કે આ નય અતીત કે અનાગત રુપ વક્રતાનો પરિત્યાગ કરી વર્તમાન પરિસ્થિતિને અનુસરનારો છે. એથી વર્તમાનકાળ માત્રથી યુક્ત અર્થને જ સ્વીકારતો હોવાથી ઋજુસૂત્ર કહેવાય છે.

### ❋ ઋજુસૂત્ર નય દ્વારા વ્યવહારનયની સમીક્ષા ❋

આ ઋજુસૂત્રનય જ્યારે (વ્યવહારનય અંગે) ભાવ = ભાવનિક્ષેપને આશ્રયિ, વિષય = લૌકિક સમ, ઉપચારબહુલ આદિ (પા.નં.૨૬૮માં નિર્દિષ્ટ)વ્યવહારના સિદ્ધાંતોને આશ્રયિ અને પ્રકાર = શુદ્ધ વ્યવહાર, અશુદ્ધ વ્યવહાર ઈત્યાદિ પેટાભેદને આશ્રયિ પરિક્ષા કરવા પ્રવૃત્ત થાય ત્યારે આ વ્યવહારની અપરમાર્થતા દર્શાવતા કહે છે કે આ વ્યવહારનયમાં ભાવનિક્ષેપાદિ સર્વ વિકલ્પો નથી ઘટતા તેથી આ નય અત્યંત મૂઢ (સ્થૂલ) એવા સંગ્રહનય જેવો જ જણાય છે. અર્થાત્ વ્યવહાર નય જેમ સંગ્રહનયને અયુક્ત માને છે તેમ ખુદ વણ અયુક્ત છે. દા.ત.

સંગ્રહ નય જેમ સર્વવસ્તુને સામાન્ય રુપ માની, 'સત્તા' ધર્મનો સ્વીકાર કરે છે અને તેથી વિશેષ વાદિ એવો વ્યવહારનય (સામાન્ય એ વ્યવહારમાં અનુપયોગી હોવાથી આકાશ પુષ્પની જેમ અસત્ છે. તેથી સામાન્યને માનનાર) આ સંગ્રહને અમાન્ય કરે છે તેમ આ વ્યવહારનય વિનષ્ટ અને અનુત્પન્ન એવા (વર્ત્તમાનમાં અનુપયોગી હોવાથી આકાશ પુષ્પની જેવા) અતીત અને અનાગત પદાર્થને માની સ્વયં પણ અયથાર્થ ઠરે છે. (જેમ વ્યવહારમાં અનુપયોગી એવું સામાન્ય અસત્ છે તેમ અતીત અનાગત વસ્તુ પણ વ્યવહારમાં અનુપયોગી હોવાથી અસત્ છે, અસત્ ધર્મ બંન્નેમાં સરખુ હોવાથી બેઓમાં કોઈ ભેદ નથી. તેથી આ નય સંગ્રહવત્ અયુક્તસિદ્ધ થાય છે.

આ વિષયમાં દૃષ્ટાંતના માધ્યમે વ્યવહારનયની અયથાર્થના દર્શાવતાં ઋજુસૂત્ર નય કહે છે કે જેમ 'પગ વિનાનો પુરુષ ગરુડ વેગે ચાલે છે' એ વાક્ય પરસ્પર વિરોધી છે. તેમ અતીત વસ્તુ એ સદ્રૂપ છે તેમ કહેવું અત્યંત વિરુદ્ધ છે. આથી આ ઋજુસૂત્ર નય વર્તમાન ક્ષણવાળી વસ્તુને જ વાસ્તવિક માને છે. તે સિવાયનું બધુ અપરમાર્થ માને છે. બળી ગયેલ, મરી ગયેલ

▸...◂. एताच्चिह्नित पाठो मु.प्रतौ न दृष्टः(भा.खं.)। २. सम्प्रविमु° खं.। ३. ग्रग्रहा खं,सं,पाA।

घटादिकालेऽपि घटादिर्नैव स्यात्, न च तदेव तदेकं मृद् द्रव्यमन्यथा वर्तते, किं तर्हि? अन्यदेव, अन्यप्रत्ययवशाद् वाऽन्यथोत्पद्यत इति च न पिण्डादिक्रियाकाले कुम्भकारव्यपदेशः, यदि चान्यदपि कुर्वन्नन्यस्य कर्तेत्युच्यते पटादिकरणप्रवृत्तोऽपि प्रत्याख्यातविज्ञानान्तरसम्बन्धः स्यादेव कुम्भकारः, ततश्चाशेषलोकव्यवहारोपरोध इत्यतः पूर्वापरभागवियुतः सर्ववस्तुगतो वर्तमानक्षण एव सत्यः,

• હેમગિરા •

કે ધ્વસ્ત થઈ ગયેલ પદાર્થોમાં શું કોઈને અવિશ્વાસ નથી થતો ? અર્થાત્ થાય જ છે. આશય એ છે કે આવા પદાર્થોમાં જેમ કોઈ વિશ્વાસ કરતું નથી, પણ ત્યાજય માને છે. તેમ અતીત-અનાગત વસ્તુ એ અવસ્તુ હોવાથી ત્યાજ્ય છે જો વર્તમાન કાલિન મૃતિકા જે અઘટરૂપ છે તેમાં અનાગત એવા ઘટનું (અભેદ) આરોપણ કરીને તે માટી (અઘટ) આદિને ઘટ આદિનું અનર્થાન્તર (પર્યાય) કહેવામાં આવે તો પછી વાસ્તવિક ઘટ આદિના કાળમાં પણ ઘટ આદિ તરીકેનો વ્યવહાર નહીં થવો જોઈએ. કારણ કે પૂર્વનું જે મૃતિકા દ્રવ્ય હતું કે જેમાં ઘટનું આરોપણ કરતા હતાં તે તો અત્યંત નાશ પામેલ છે. હવે તો ઘટ સ્વરૂપ બીજું જ દ્રવ્ય છે. તેથી વ્યવહારનય માટીમાં જે ઘટારોપણ કરે છે તે અયુક્ત છે.

### * પ્રત્યાખ્યાતવિજ્ઞાનાંતર સંબંધની વ્યાખ્યા *

ઘટ નિર્માણ કરવાને અભિમુખ મૃતિકા દ્રવ્ય એક જ નથી હોતું પણ ક્ષણે ક્ષણે માટી દ્રવ્ય બદલાયા કરે છે. કારણ કે જેમ જેમ માટી દ્રવ્ય ઘટ કાર્યને અભિમુખ થાય છે તેમ તેમ માટી દ્રવ્યની પ્રતીતિ બદલાય છે. પિણ્ડ, સ્થાસક, કોશ, કુશુલ આદિ રૂપે પ્રતીતિઓ ફરતી હોવાથી માટી દ્રવ્ય પણ નવું નવું ઉત્પન્ન થાય છે તે સ્પષ્ટ જ છે. અને તેથી જ ઘટ માટે મૃદ્દ્રવ્યના પિંડ, સ્થાસકાદિ ક્રિયાકાળમાં પ્રવર્તનાર વ્યક્તિને કુંભકાર ન કહેવાય. જો અન્ય (પિંડાદિ) ક્રિયા કરનારમાં અન્ય (ઘટાદિ)ના કર્તા (કુંભકાર)નો વ્યપદેશ થઈ શકતો હોય તો પટકાર્યમાં પ્રવૃત્ત વ્યક્તિને પણ પ્રત્યાખ્યાતવિજ્ઞાનાંતર સંબંધથી કુંભકાર કહી શકાશે. વર્તમાન પટ કાર્યમાં પ્રવૃત્ત કર્તાને અન્ય દેશ અને અન્યકાળમાં રહેલ ઘટનો 'હું કર્તા હતો અથવા કર્તા થઈશ' એવું જે જ્ઞાન થાય તે વૈજ્ઞાનિક સંબંધ કહેવાય. આ 'વૈજ્ઞાનિક સંબંધ'થી તે અન્યદેશસ્થ અને અન્યકાળસ્થ (ઘટ) વસ્તુનો કર્તા પણ થઈ જશે. આજ રીતે જો અનાગત કાળમાં બનનાર ઘટના કર્તા (કુંભકાર)નો વ્યપદેશ વર્તમાનમાં ઘટ અનુરૂપ પિંડને બનાવનારમાં જો થઈ શકતો હોય તો ઉપરોક્ત હમણાં કહેલા વૈજ્ઞાનિક સંબંધથી આ ઘટ (મૃતિકા પિંડ) કર્તાને પટ કર્તા તરીકે પણ કહેવામાં કોઈ બાધ નહીં આવે.

તે આ પ્રમાણે :- ઘટ બનાવતા વ્યક્તિને હું પૂર્વે વણકર હતો અથવા હું પટ બનાવીશ. એવું જ્ઞાન સ્ફુરે તો અતીત-અનાગતના વૈજ્ઞાનિક સંબંધથી તે પટ કર્તા પણ થયો અને આવો વ્યપદેશ કરીએ તો એક જ વ્યક્તિ સર્વ વસ્તુનો કર્તા થઈ જતાં લોક વ્યવહાર અટકી પડે. તેથી પૂર્વાપરના વિભાગથી રહિત તથા સર્વ વસ્તુગત જે વર્તમાન ક્ષણ છે તે જ સત્ય છે. અતીત-અનાગત અસત્

१. अन्यत् प्रत्य॰ सं.पाA। २. इति न मु(भां.)। ३. ॰लोके॰ भां.।

नातीतमनागतं वास्तीति, एतद्दर्शननिबन्धनं चैतदुपदिश्यते, [1]"**पिब च खाद च**" [T]इत्यादि "**एतावानेव पुरुषः**" इत्यादि चेति।

[T]**शब्दनयः**– शब्द एव, सोऽर्थकृतवस्तुविशेपप्रत्याख्यानेन[2] शब्दकृतमेवार्थविशेपं मन्यते, यद्यर्थाधीनो विशेपः स्यात् न शब्दकृतः, तेन घटवर्तमानकाले घट एव निर्विशेपः स्यात् कर्म-करण-सम्प्रदानापादान-स्वाम्यादिविशेषान् नाप्नुयात्, ततश्च घटं पश्यत्येवमादिकारककृतो व्यवहारः [3]विच्छिद्येत, समानलिङ्गादिशब्दसमुद्भावितमेव वस्त्वभ्युपैति नेतरत्, नहि पुरुपः स्त्री, यदीप्येत वचनार्थहानिः स्यात्, भेदार्थं हि वचनम्, अतः स्वातिः तारा नक्षत्रमिति लिङ्गतः, निम्बाम्रकदम्बा वनमिति

• *હેમગિરા* •

છે. આ જ સિદ્ધાંતને આશ્રયી વર્તમાન કાળને અનુલક્ષીને (આ ભવ મીઠાં પરભવ કોણે દીઠાં) ''વર્તમાનમાં જે મળ્યું છે તેમાં જ જીવો ! ખાઓ ! પીઓ !'' એવો ઉપદેશ નાસ્તિકાદિ ગ્રંથોમાં અપાયો છે. અથવા તો "આ પંચભૂતમય જ પુરુષ (આત્મા) છે. ઈત્યાદિ માન્યતા પણ ઋજુસૂત્રનય આશ્રિત જાણવી.

**શબ્દ નય** :- આ નય શબ્દનીજ પ્રધાનતા રાખે છે. આ નય ઘટાદિ અર્થથી જણાતી વસ્તુ વિશેષનો સ્વીકાર નથી કરતો પણ માત્ર શબ્દથી જ કરાયેલ અર્થ વિશેષને સ્વીકારે છે. પોતાના સિદ્ધાંતને સ્પષ્ટ કરતા આ નય કહે છે કે જો ઘટાદિ વિશેષ એ (ઘટાદિ) અર્થને જ આધીન છે. પણ શબ્દ કૃત (શબ્દને આધીન) નથી એવું માનવામાં આવે તો જે.કાળમાં ઘટ વિદ્યમાન છે, તે કાળમાં ઘટને વિશે 'ઘટ' એવું સામાન્ય જ્ઞાન જ થઈ શકશે. પણ કર્મ, કારણ, સંપ્રદાન, અપાદાન કે સ્વામિત્વ આદિ કારક વિભક્તિઓનું વિશેષજ્ઞાન નહીં થઈ શકે અર્થાત્ **घटम्** (કર્મ) **घटेन** (કરણ) **घटाय** (સંપ્રદાન) **घटात्** (અપાદાન) **घटस्य** (સ્વામીત્વ) ઈત્યાદિ વિભક્તિ પ્રયોગો ન થઈ શકે કારણ કે એ પ્રયોગો (વિશેષો) શબ્દને આધીન છે અને જો આ પ્રયોગો ન થાય તો તે ઘટને જુએ છે, ઘટને લઈ આવ, ઘટ વડે પાણી લાવો. ઈત્યાદિ વ્યવહારનો વિચ્છેદ થઈ જશે. આ નય સમાન લિંગાદિવાળા શબ્દથી જ ઉદ્ભવતા અર્થને વસ્તુ રૂપે સ્વીકારે છે. પણ બીજાને નહીં. અર્થાત્ આ નય લિંગાદિ ભેદવાળા એક જ અર્થવાળા પણ શબ્દને તદર્થ રૂપે ન માને પણ અત્યંત ભિન્ન માને છે.

### ❋ લિંગાદિના ભેદે શબ્દભેદ = શબ્દનય ❋

આ નયની માન્યતા મુજબ જો પુંલિંગ પદાર્થ અને સ્ત્રીલિંગ પદાર્થ એક હોય તો વચન (શબ્દ)ના અર્થની હાનિ થાય. કારણ કે વચન માત્ર ભિન્ન અર્થવાળું હોય છે. (પછી એ એકવચન, દ્વિવચન, બહુવચન હોય કે સ્ત્રીલિંગ, પુંલિંગ, નપુંસક લિંગ હોય) તેથી **स्वातिः**, **तारा**, **नक्षत्रम्** આ ત્રણે વચન ભિન્ન અર્થક છે. કારણ કે આ બધા ભિન્ન લિંગવાળા છે. તેમજ ભિન્ન વિભક્તિ-વચનવાળા શબ્દો પણ ભિન્નાર્થક છે તે આ મુજબ → **स पचति**, **त्वं पचसि**, **अहं पचामि**, **पचावः**

१. पिब खाद च चारुलोचने !, यदतीतं वरगात्रि ! तन्न ते न हि ते भीरु ! गतं निवर्त्तते समुदयमात्रमिदं कलेवरम्। (षड्दर्शनसमुच्चय-गा.८२) "चर च खाद च" रा.भां.। २. °ख्यातेन राA.। ३. छिद्येत मु. (खं.भां)। T. परि.५ टि.३३,३४।

वचनतः, स पचति त्वं पचसि अहं पचामि पचावः पचामः इति पुरूषतः, एवमादि सर्वपरस्पर-विशेषव्याघातादवस्तु, परस्परव्याघाताच्चैवमाद्यवस्तु, प्रतिपत्तव्यम्, यथा शिशिरो ज्वलनः, तथा विरूद्ध विशेषत्वात् तटस्तटी तटमित्यवस्तु, रक्तं[1] नीलमिति यथा, यद् वस्तु तदविरूद्ध[2]विशेषमभ्युपयन्ति सन्तः यथा घटः कुटः कुम्भ इति। तथा चोच्यते- यत्र ह्यर्थो वाचं न व्यभिचरत्यभिधानं तत्, एवमयं समानलिङ्ग-सङ्ख्या-पुरूष-वचनः शब्दः, एतद्दर्शनानुगृहीतं चोच्यते- "[3]**अर्थ-प्रवृत्ति-तत्त्वानां शब्द एव निबन्धनम्**" इति, एवमेते मूलनयाः पञ्च नैगमादयः। अत्र चाद्याश्चत्वारोऽर्थ-नयाः अर्थप्रधानत्वादर्थतन्त्रत्वात्, शब्दनयः पुनरर्थोपसर्जनः[4] शब्दप्रधानः शब्दतन्त्र इति।।३४।।

● *હેમગિરા* ●

**पचामः** આ બધામાં પુરુષ (પ્રથમ, દ્વિતીય, તૃતીય) ભેદ હોવાથી એકબીજાથી ભિન્ન છે. **स पचति**માં થતી પકાવવાની પ્રક્રિયા **त्वां पचसि** માં થતી પકાવવાની ક્રિયાથી અત્યંત ભિન્ન છે. '**निम्बाम्रकदम्बा वनम्**' આ વાક્યમાં આમ તો નીમ, આમ્ર આદિ(વિશેષણ)ના સમૂહ રુપ જ આ વન(વિશેષ્ય) છે. તેથી બન્નેમાં કોઈ ભેદ ન આંકી શકાય છતાં વચન ભેદ હોવાથી બન્નેને આ નય જુદા માને છે.

### ❋ શબ્દનયનું સ્પષ્ટીકરણ ❋

આ પ્રમાણે સર્વ લિંગ ભેદાદિ સ્વરૂપ વચનો પરસ્પર એક બીજાથી વ્યાઘાત (અન્ય અર્થવાળા) હોવાથી એકબીજાથી અત્યંત ભિન્ન અવસ્તુ=અન્ય વસ્તુ રુપ છે. અને ખરેખર પદ કે વાક્યોમાં એક બીજાના અર્થ સાથે વ્યાઘાત (અન્ય અર્થબોધ) થતો હોય તો અન્ય અર્થક=અવસ્તુ તરીકે માનવું જ રહ્યું. જેમ કે શીતલતા અને અગ્નિ અત્યંત વિરોધી હોવાથી ભિન્ન છે. તેમ **तटः, तटी, तटम्** આ ત્રણે એકબીજાથી વિરુદ્ધ સ્વરૂપ હોવાથી અન્ય વસ્તુ સ્વરૂપ છે. જેમ લાલ વર્ણ એ લીલો વર્ણ છે તેમ કહેવું અવાસ્તવિક છે તેમ વચન કે લિંગ ભેદવાળા શબ્દોને એક અર્થવાળા કહેવા અવસ્તુ = અવાસ્તવિક (નિષિદ્ધ) છે. જેઓમાં એકબીજાથી અવિરોધ હોય તેવા જ વિશેષોને આ નય એક અર્થ રુપ માને - જેમ કે '**घटः कुटः कुम्भः**' આ ત્રણેમાં એકાર્થક શબ્દોમાં શબ્દભેદ છે પણ લિંગ કે વચન ભેદ ન હોવાથી અર્થભેદ નથી અર્થાત્ એકબીજાના પર્યાયવાચી છે. અને તેમજ આ નયની દૃષ્ટિએ જ્યાં ઘટાદિ અર્થો વાચા (= સ્વદ્યોતક-શબ્દ)'ની સાથે વ્યભિચાર નથી પામતા તે જ (ઘટાદિ શબ્દો) અભિધાન=નામ કહેવાય છે. આ પ્રમાણે આ શબ્દ નય સમાન લિંગ, સમાન સંખ્યા, સમાન પુરુષ અને સમાન વચન સ્વરૂપ છે. આ શબ્દ નયના આધારે જ એમ કહેવાય છે કે { અર્થ = ઘટ વગેરે. પ્રવૃત્તિ = 'ઘટ' વગેરે શબ્દવ્યવહાર. અને તત્ત્વ = જલાહરણાદિ અર્થક્રિયા.} આ અર્થાદિ ત્રણેમાં શબ્દ જ કારણ છે (વ્યુત્પત્તિને ગૌણ કરી શેષ લિંગ આદિવાળા શબ્દોના જે અર્થ ભેદ થાય છે તે સર્વ શબ્દનયની શ્રેણીમાં આવે છે.) આ પ્રમાણે શબ્દનય વર્ણવ્યું. આ રીતે નૈગમાદિ પાંચ મૂળ નયોનું વિવરણ થયું. આ

१. रक्तनीलमि' मु.(भां.खं.मे)। २. 'रूद्धं खं.भां.। ३. अस्योल्लेखो हरिकारिकायां(वाक्यपदीये) शब्दाद्वैते दृश्यते।
▸...◂. एताच्चिह्नितपाठो मु.पुस्तके नास्ति(भां.खं) ४. 'र्जनशब्द' राB। T. परि.५ टि.३७।

## सूत्रम्- ⁾तत्र⁽ आद्यशब्दौ द्वित्रिभेदौ।।१-३५।।

**भाष्य– आद्य इति सूत्रक्रमप्रामाण्यान्नैगममाह। स द्विभेदो-देशपरिक्षेपी सर्वपरिक्षेपी चेति। शब्दस्त्रिभेदः- साम्प्रतः, समभिरूढः, एवम्भूत इति।।**

अधुनैषां यथासम्भवं भेदप्रतिपिपादयिषयाऽऽह– **तत्र आद्यशब्दावित्यादि**। **तत्र**=नैगमादिषु पञ्चसु यौ **आद्यशब्दौ**=तौ यथासङ्ख्यं **द्वित्रिभेदौ** भवतः, आद्यौ च तौ शब्दौ चेति समानाधिकरणसमासाशङ्कायामाह– **आद्य** इति **सूत्रक्रम**मेत्यादि। आदौ भव आद्यः इत्यनेन सूत्रकारः [१]कमाह ?।

उच्यते- **नैगमं**, कुत इति चेत् ? **सूत्रक्रमप्रामाण्यात्** अर्थसूचनात् **सूत्रं** नैगमादि **क्रमः**=परिपाटी तस्य **प्रामाण्यमे**वमाश्रयणं तस्मान्नैगमनयं ब्रवीति, **स** आद्यो नैगमो द्विभेदो द्वौ भेदावस्येति द्विभेदः, तौ च भेदावाचष्टे– **देशपरिक्षेपी सर्वपरिक्षेपी च**। देशो=विशेषः परमाण्वादिगतस्तं परिक्षेप्तुं शीलमस्येति देशपरिक्षेपी, विशेषग्राहीत्यर्थः। **सर्वपरिक्षेपी सर्व**=सामान्यम् एकं नित्यं निरवयवादिरूपं तत् परिक्षेप्तुं

• *હેમગિરા* •

**<u>સુત્રાર્થ</u> :- આદ્ય નૈગમ નય બે ભેદે છે અને શબ્દનય ત્રણ ભેદે છે. ॥ ૧-૩૫ ॥**

**<u>ભાષ્યાર્થ</u> :- સૂત્રમાં બતાવેલ ક્રમ જ પ્રમાણ ભૂત ગણાય તેથી ૩૪માં સૂત્રમાં લખેલા ક્રમના અનુસારે 'आद्य'થી નૈગમનય લેવો. આ નૈગમનય બે ભેદે છે. દેશપરિક્ષેપી, અને સર્વપરિક્ષેપી. શબ્દનય ત્રણ ભેદે છે. સાંપ્રત, સમભિરૂઢ અને એવમ્ભૂત.**

પાંચમાં પ્રથમના ચાર નયો અર્થપ્રધાન હોવાથી અર્થ તન્ત્ર (=અર્થને આધીન) નય કહેવાય છે. પણ પાંચમો શબ્દનય અર્થની ઉપેક્ષા (ગૌણ) કરનાર અને શબ્દને પ્રધાન રાખનારો હોવાથી શબ્દ તન્ત્ર રુપ છે. ॥૩૪॥ હવે આ નયોમાં યથાસંભવ ભેદ પ્રતિપાદન કરતાં કહે છે.

### ❊ નયોના ભેદોને પિછાણીએ ❊

નૈગમાદિ પાંચમાં જે પ્રથમ નૈગમ અને પાંચમુ શબ્દનય છે તે યથાક્રમે બે અને ત્રણ ભેદવાળા છે. **'आद्यशब्दौ'** પદમાં **आद्यौ च तौ शब्दौ च** આવા વિગ્રહ દ્વારા સમાનાધિકરણ (કર્મધારય) રુપ સમાસની આશંકા કોઈ ન કરે તેથી **आद्य च शब्द च** એવા દ્વન્દ્વ સમાસના વિગ્રહ મુજબ ભાષ્યકાર અર્થ જણાવે છે. આદિમાં થનાર તે આદ્ય. <u>પ્રશ્ન</u> :- આ આદ્ય પદથી સૂત્રકાર કોને કહે છે ? <u>જવાબ</u> :- આદ્ય પદથી નૈગમ નય સમજવો. <u>પ્રશ્ન</u> :- આદ્યથી નૈગમ જ કેમ લઈ શકાય ? <u>જવાબ</u> :- નૈગમાદિ અર્થના સૂચક એવા ૧/૩૪ સૂત્રમાં સૂચવેલા ક્રમને પ્રમાણ રાખીને તે ક્રમ મુજબ આદ્યથી નૈગમનયનું ગ્રહણ કર્યુ છે. આ આદ્ય નૈગમનય બે પ્રકારે છે.

૧. **દેશપરિક્ષેપી** :- દેશ એટલે પરમાણું આદિમાં રહેલ જે 'વિશેષ' તે. આ 'વિશેષને' જાણવાનો સ્વભાવ છે જેનો તે નય દેશપરિક્ષેપી નૈગમ નય કહેવાય. આને 'વિશેષગ્રાહી' પણ કહેવાય.

૨. **સર્વપરિક્ષેપી** :- સર્વ એટલે સામાન્ય; એક, નિત્ય, નિરવય વગેરે આને જાણવાનો સ્વભાવ

⁾...⁽. एतच्चिह्नितपाठो मु. पुस्तके न दृष्टः, (मे.को.भां.) परं टीकाकारेण गृहीतः। १. किमाह ? रा.।

शीलमस्य स सर्वपरिक्षेपी, सामान्यग्राहीतियावत्। सामान्यविशेषरूपस्तु नोक्तः, अनुवृत्तिलक्षणश्चेत् सामान्यं, व्यावृत्तिलक्षणश्चेत् विशेषः, ततोऽन्यस्याभावात्। अथवा आद्यन्तयोर्ग्रहणात् तन्मध्यगतस्यापि ग्रहणम्। **शब्दस्त्रिभेद** इति शब्दस्य त्रैविध्यम् शब्दनयस्त्रिभेदः त्र्यंश इति, तानाह– **साम्प्रत** इत्यादिना, **साम्प्रतं**=वर्तमानं भावाख्यमेव वस्त्वाश्रयति यतोऽतः साम्प्रतः, सम्प्रतिकाले यद् वस्तु भवत् तत् **साम्प्रतं** तद्वस्त्वाश्रयन् साम्प्रतोऽभिधीयते।।

**ननु** च '**कालाट्ठञ्**' (**पा.४/३/११**) इति साम्प्रतिक इति भवितव्यम्, **नैष** दोषः, वर्तमान-क्षणवर्तिवस्तुविषयोऽध्यवसायस्तद्भवः शब्दः साम्प्रतः, स्वार्थिको वा प्रज्ञादित्वात्। एष च मौलशब्दनयाभिप्रायाविशिष्ट इति न पृथगुदाहरणैर्विभावितः। यां यां संज्ञामभिधत्ते तां तां समभिरोहतीति **समभिरूढः**, सोऽभिदधाति यदि लिङ्गमात्रभिन्नमवस्तु, विसंवादित्वात् रक्तनीलतादिवत्,

*હેમગિરા*

છે જેનો તે સર્વપરિક્ષેપી નૈગમનય કહેવાય આને 'સામાન્યગ્રાહી' પણ કહેવાય. અહીં સામાન્ય અને વિશેષ એ બન્નેને પૃથક્ રીતે જ કહ્યાં છે, પણ સામાન્ય-વિશેષ ઉભયરૂપે અહીં નથી જણાવ્યાં. કારણ કે જેમાં અનુવૃત્તિ લક્ષણ જણાય તે સામાન્ય છે. અને જ્યાં વ્યાવૃત્તિ લક્ષણ જણાય તે વિશેષ છે. આ બે સિવાય અન્યનો અભાવ છે. અથવા તો આદ્ય અને અંતના ગ્રહણમાં મધ્યનું ગ્રહણ થઈ ગયું એ ન્યાયે સામાન્ય (આદ્ય) અને વિશેષ (અંત)ના ગ્રહણમાં, સામાન્ય-વિશેષ ઉભયરૂપતાનું ગ્રહણ થઈ જાય છે. તેથી ઉભયરૂપને અલગથી નથી કહેવામાં આવ્યું.

### ❋ શબ્દનયના ત્રણ પ્રકાર ❋

(૧) **સાંપ્રત** :- વર્તમાન (વિદ્યમાન) ભાવ રુપ જ વસ્તુનો આશ્રય કરે તે સાંપ્રત. વર્તમાનકાળે થતી જે વસ્તુ તે 'સાંપ્રત' તેવી સાંપ્રત વસ્તુનો સ્વીકાર કરનાર આ નય સાંપ્રત કહેવાય છે.

<u>શંકા</u> :- **कालाट्ठञ्** (पा.४/३/११) સૂત્રથી કાળવાચિ (સાંપ્રત આદિ) શબ્દોને '**ठञ्**' પ્રત્યય લાગતા '**સાંપ્રતિક**' પ્રયોગ થવો જોઈએ ને ? <u>જવાબ</u> :- આ દોષને અવસર નથી કારણ કે અહીં આ સાંપ્રતને અધ્યવસાય તરીકે કહ્યો છે.

વર્તમાન ક્ષણવર્તિ જે વિષય તે અંગેનો જે અધ્યવસાય એ અધ્યવસાયમાં થનાર 'શબ્દ' તે 'સાંપ્રત' છે. અથવા તો સ્વાર્થમાં આ 'સાંપ્રત' પ્રયોગ જાણવો. કારણ કે સ્વાર્થિક પ્રત્યયો માટે વ્યાકરણમાં આવતાં 'પ્રજ્ઞાદિ' ગણ પાઠમાં આ 'સાંપ્રત' શબ્દ-પ્રયોગ પણ છે. આ સાંપ્રતનય મૂલ શબ્દનયનો જ એક ભેદ છે. પૂર્વે જણાવેલ શબ્દનયના અભિપ્રાયને જ જણાવતો આ નય છે. તેથી આ સાંપ્રતનયના જુદા ઉદાહરણો અહીં નથી દર્શાવ્યાં.

૨. **સમભિરૂઢ** :- જે જે સંજ્ઞા (શબ્દો)નો ઉચ્ચાર કરાય તે તે સંજ્ઞા તરફ આ નય આરોહણ કરે અર્થાત્ આ નય દરેક સંજ્ઞાના ભિન્ન અર્થો માને છે. યદિ જો લિંગ માત્રના ભેદવાળી

एवं सति मूलत एव भिन्नशब्दं कथं वस्तु स्यात् ? शब्देन ह्यर्था निरूक्तीक्रियते एतस्मान्निरूक्तादेप[1] इति, यत्र तद्भेदस्तद्भिन्नमेव, यथा तु पूर्वनयेनैकं कृत्वोच्यते इन्द्र-शक्रादि तथा तदवस्तु, घट-ज्वलनादिवद् भिन्ननिमित्तत्वात्, अनयोरेकत्वेनावस्तुता। एवं घट-कुटयोरपि चेष्टा-कौटिल्यनिमित्तभेदात् पृथक्ता, तथा प्रकृतिप्रत्ययोपात्तनिमित्तभेदाद् भिन्नो शक्रेन्द्रशब्दावेकार्थौ न भवतः, विविक्तनिमित्तावबद्धत्वात् गवाश्वशब्दवत्।

अथापि प्रतीतत्वादसंप्रमोहाल्लोके चैवं निरूढत्वात् इन्द्रशब्दस्य पुरन्दरादयः पर्यायाः इत्येतदनुपपन्नम्, एवं हि सामान्य-विशेषयोरपि पर्यायशब्दत्वं[2] स्यादेव, यतः प्लक्ष इत्युक्ते द्राक् वृक्षेऽस्ति सम्प्रत्ययः, [3]अस्तित्वेऽसम्प्रमोहे[4] च संज्ञान्तरकल्पनायामिहापि तर्ह्युक्तादनुक्तप्रतिपत्तौ सत्यां पर्यायत्व-

• હેમગિરા •

**तट, तटी, तटं** આદિ વસ્તુ ભિન્ન વસ્તુ રુપ છે એવું શબ્દનય માને તો જ્યાં મૂળ શબ્દથી જ ભેદ છે તેવા પર્યાયવાચી શબ્દો એક વસ્તુ રુપ કેમ હોય અર્થાત્ અર્થભેદ કેમ ન થાય ? જેમ પુલ્લિગ શબ્દ અને સ્ત્રીલિંગ શબ્દ રકત અને નીલ શબ્દની જેમ વિસંવાદિ (ભિન્ન અર્થક) છે. તેમ મૂળથી જ ભિન્ન એવા જે ઘટ, કુંભાદિ શબ્દો છે તે તો સૂતરાં વિસંવાદિ (અર્થભેદવાળા) બને. કારણ કે તે તે શબ્દથી થતી નિરુક્તિ (વ્યુત્પત્તિ) વડે જ અર્થની અભિવ્યક્તિ થાય છે. અર્થાત્ શબ્દની વ્યુત્પત્તિને આધીન જ શબ્દનો અર્થ હોય છે. એ નિયમના કારણે વ્યુત્પત્તિના ભેદે અર્થમાં ભેદ થાય છે અને તેથી જ શબ્દના ભેદમાં અર્થભેદ હોય છે.

### ❋ પર્યાયવાચીનામો ભિન્નાર્થક છે- સમભિરૂઢ ❋

પૂર્વે શબ્દનય વડે જે રીતે ઈન્દ્ર, શક્ર આદિ પર્યાયવાચી શબ્દોને એક અર્થવાળા સ્વીકાર્યા તે રીતે જો માનવામાં આવે તો તે અવસ્તુ = નિષિદ્ધ = અવાસ્તવિક છે જેમ ઘટ અને જ્વલન (અગ્નિ)માં શબ્દભેદ હોવાથી અર્થભેદ છે જ કારણ કે બન્ને ભિન્ન નિમિત્તક છે. જેમ કે ઘટ એ જલને વહન કરવામાં નિમિત્ત છે. અગ્નિ એ પકાવવું, દાહ આદિમાં નિમિત્ત છે. જો ઘટ અને અગ્નિ ભિન્ન નિમિત્તક હોવા છતાં એક માનવામાં આવે તો અવસ્તુ રુપ છે. તે જ રીતે ઘટ ચેષ્ટા અર્થમાં હોવાથી તથા 'કુટ' કૌટિલ્ય અર્થમાં હોવાથી બન્ને ભિન્ન નિમિત્તક-ભિન્નાર્થક છે. તથા ઈન્દ્ર, શક્રની પ્રકૃતિ (= ધાતુ) અને નામ ભિન્ન પ્રત્યય (= ભિન્ન પ્રતીતિવાળા) હોવાથી ભિન્ન નિમિત્તક છે. અને આ ભિન્ન નિમિત્તકતાને લીધે બન્ને શબ્દોના અર્થ પણ ભિન્ન હોય, એકાર્થક ન હોય. જેમ ગાય અને ઘોડો ભિન્ન નિમિત્તક હોવાથી ભિન્ન અર્થક કહેવાય. તેમ દરેક પર્યાયવાચી નામો પણ ભિન્ન નિમિત્તક હોવાથી ભિન્નાર્થક જ હોય.

### ❋ પર્યાયવાચી = સમભિરૂઢને એકાર્થક સ્વીકારતાં વ્યવહાર ઉચ્છેદ ❋

<u>શબ્દનય</u> :- 'ઈન્દ્ર' શબ્દના પુરંદર આદિ પર્યાયો (એકાર્થકો) વ્યવહારમાં પ્રતીત જ છે. અને અમુગ્ધપણે (સ્પષ્ટ રીતે) લોકમાં રૂઢ છે તેથી વાસ્તવિક જ છે. છતાં પર્યાયવાચી શબ્દોને

१. यद॰ मु.(खं.भां)। २. ॰शब्द॰ राB.। ३. अस्तित्वासम्॰ मु.(राA)। ४. ॰वेऽसम्मोहे राB.।

प्रसङ्गः प्रविश पिण्डीं, भक्षयेत्यस्य [1]गमात्, तथाऽस्तिर्भवन्तीपरः प्रथमपुरूषेऽप्रयुज्यमानोऽप्यस्तीति गम्यते, वृक्षः प्लक्षोऽस्तीति गम्यते, न्[2]यायादस्तिपर्यायः प्राप्तः, तस्माद् भेदः साधीयान् दन्ति-हस्ति-नोश्चैकत्वाद् दन्त-हस्तैकत्वप्रसङ्ग इति। एवं संज्ञान्तरोक्तेः संज्ञान्तराभिधानमवस्तित्वति प्रतिपादिते **एवम्भूतनय** आह- [3]निमितं क्रियां कृत्वा शव्दाः प्रवर्तन्ते, नहि यदृच्छाशब्दोऽस्ति, अतो घटमान एव घटः, कुटंश्च कुटो भवति, पूर्दारणप्रवृत्त एव पुरन्दरः, यथा दण्डसम्बन्धानुभवनप्रवृत्त[4]दासस्यैव

• *હેમગિરા* •

ભિન્ન અર્થક કઈ રીતે કહો છો ?

<u>સમભિરૂઢ</u> :- તમે કહ્યું એ યુક્તિયુક્ત નથી. જો આ રીતે દરેક પર્યાયવાચી શબ્દો એકાર્થક હોય તો સામાન્ય પણ વિશેષનું અને વિશેષ પણ સામાન્યનું પર્યાયવાચી નામ બની જશે. કારણ કે 'પ્લક્ષ' (વિશેષ)નો. પ્રયોગ કરતા જલ્દીથી તેના વૃક્ષ સામાન્યની પણ પ્રતીતિ થાય છે.

અન્ય સંજ્ઞાવાળા એવા પ્લક્ષ, વૃક્ષ પદાર્થોમાં અસ્તિત્વ (સત્તાધર્મ)ના એકત્વથી અર્થાત્ પ્લક્ષ શબ્દથી અસ્તિત્વમાં અસમ્પ્રમોહ (બોધ) થઈ જતો હોવાથી જો પ્લક્ષને વૃક્ષના સંજ્ઞાન્તર = પર્યાયવાચી તરીકે કહો છો, તો પછી ઘણી વખત 'ઉક્ત (=કહેવાયેલ)થી અનુક્ત (=નહીં કહેવાયેલ)ની અસંમોહ પ્રતીતિ થતા અનુક્તને ઉક્તનો પર્યાયવાચી બનવાની આપત્તિ આવશે. તે આ રીતે → **प्रविश** =પ્રવેશ કર ! આટલું માત્ર બોલતા અનુક્ત એવા 'ઘર, મકાન આદિ'ના અસ્તિત્વનો પણ અસમ્મોહ બોધ થઈ જતા. ('પ્રવેશ કર' આ ક્રિયાપદનું કોઈ કર્મ હોવું જોઈએ એમ અધ્યાહારથી જણાય છે તેથી) તે (ઘર આદિ) કર્મવાચી શબ્દને પણ **प्रविश**નો પર્યાયવાચી કહેવો પડશે. (કારણ કે અસ્તિત્વ = સત્તાધર્મ તો સામાન્ય, વિશેષ ઉભયમાં છે.)

એવી જ રીતે **पिण्डीं** (=પેંડાને) એમ કહેતાં 'ભક્ષણ કર' અથવા 'લઈ આવ' એ અધ્યાહાર (બોધ) થાય છે તેથી પિણ્ડીનું પર્યાયવાચી 'ભક્ષણ' કહેવાશે. તથા **देवदत्तः** એમ પ્રથમ પુરુષનો પ્રયોગ થતા અપ્રયુક્ત એવો **अस्ति** ક્રિયાપદ પણ અધ્યાહારથી જણાતો હોવાથી એ '**अस्ति**' પદને દેવદત્તનું પર્યાયવાચી માનવું પડશે. તેમજ 'આ વૃક્ષ' એમ કહેતા તેનું ફળ વિશેષ (પ્લક્ષ) પણ જણાતું હોવાથી તે પ્લક્ષ વૃક્ષનું પર્યાયવાચી બનશે. આ બધી આપત્તિઓ ન આવે માટે શબ્દભેદે અર્થભેદ માનવો વધુ ઉચિત છે. જો ન માનો તો દન્તિ (હાથી) અને હસ્તિ (હાથી) આ બે શબ્દો એકાર્થિક હોવાથી દન્ત (દાંત) અને હસ્ત (હાથ)ને પણ પર્યાયવાચી માનવા પડશે. આ પ્રમાણે સંજ્ઞાન્તર = પર્યાયવાચી શબ્દ (ઘટ) વડે સંજ્ઞાન્તર = પર્યાયવાચી શબ્દ (કુંભ)નું અભિધાન કરવું એ અવસ્તુ = મિથ્યા રુપ છે. એવી સમભિરૂઢનયની વાત સાંભળી **એવમ્ભૂતનય** કહે છે.

## ❋ અર્થક્રિયામાં અપ્રવૃત્ત વસ્તુ તે અવસ્તુ = એવમ્ભૂતનય ❋

**એવંભૂત** :- માત્ર શબ્દભેદે અર્થભેદ માનવો પર્યાપ્ત નથી પરંતુ વ્યુત્પત્તિ નિમિત્ત મુજબની જે ક્રિયા છે તેના ભેદથી પણ શબ્દભેદ માનવો જોઈએ કારણ કે તે ક્રિયાને આશ્રયીને જ ઘટ, કુંભાદિ

१. 'स्यागमात् रा.। २. 'दस्तिः पर्या' मु.(भां.)। ३. क्रियां निमित्तं कृ' पाB.। ४. 'वृत्तस्यै' पा.A।

**भाष्य- अत्राह- किमेषां लक्षणमिति ?। अत्रोच्यते- निगमेषु येऽभिहिताः शब्दास्तेषामर्थः शब्दार्थपरिज्ञानं च देश-समग्रगाही नैगमः।।**

दण्डित्वम्, अन्यथा व्यवहारलोपप्रसङ्गः। न चासौ तदर्थः, अनिमित्तत्वाद् यथा बहुत्वैकवचनम्, **इति** समुच्चये परिसमाप्तौ च।।

**अत्राहेत्यादि**। अस्मिन्नवसरे नैगमादीनामध्यवसायविशेषाणां लक्षणजिज्ञासया विविक्तचिह्नपरिज्ञानाभिप्रायेणाह— **किं लक्षणमेषामिति**। **अत्रोच्यते**— लक्षणम्— **निगमेष्वि**त्यादि। न चैतानि सूत्राण्य-[1]

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- **'આ નયોના લક્ષણ શું છે ?'** <u>જવાબ</u> :- **દેશ, નગરોમાં બોલાયેલા જે શબ્દો તેઓના જે અર્થ તે શબ્દાર્થનું દેશ અને સમગ્ર ગ્રાહી 'વિજ્ઞાન' તે નૈગમ.**

શબ્દો ઘટાદિ અર્થ માટે પ્રવર્તે છે. શબ્દો યાદચ્છિક (સ્વૈચ્છિક પ્રવૃત્તિવાળા) નથી હોતાં. પણ અર્થાધીન થઈ પ્રવર્તે છે. જ્યારે વસ્તુ તેની અર્થક્રિયામાં પ્રવર્તે છે, ત્યારે જ તેના માટે નક્કી કરેલ સંજ્ઞા (શબ્દ) વાસ્તવિક છે. અન્યથા તે વાચ્ય અને વાચકતા અસ્થાને છે. એથી **घटमान एव घटः** - જ્યારે ઘટ જલાહરણ (=જલવહન) આદિની ચેષ્ટાવાળો હોય ત્યારે જ તે 'ઘટ' કહેવાય અન્યથા નહીં એ જ રીતે કૌટિલ્ય = કુટાવવા રુપ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હોય ત્યારે 'કુટ' કહેવાય. ઈન્દ્ર જ્યારે પુર = નગરનું દારણ = વિનાશ કરવામાં પ્રવૃત્ત હોય ત્યારે જ પુરન્દર કહેવાય. એ સિવાય નહીં. વળી દંડ સંબંધના અનુભવમાં તત્પર (=દંડથી કાંઈ પ્રવૃત્તિ કરતા)દાસને જ દંડી કહેવાય.

*** ભિન્ન અર્થક્રિયાવાળા શબ્દો એકાર્થક નથી = એવંભૂત ***

જો આ રીતે અર્થક્રિયા પ્રવૃત્ત વસ્તુને જ વસ્તુરૂપે માનવામાં ન આવે તો વ્યવહારનો લોપ થઈ જાય. (જો પાણી વહન કરવા રુપ અર્થક્રિયામાં અપ્રવૃત્ત ઘટને પણ ઘટ કહેવાય તો પટને પણ ઘટ કહેવામાં શી બાધા ? ઈત્યાદિ) જેમ બહુત્વશબ્દની અર્થક્રિયામાં અપ્રવૃત્ત એવો એકવચન એ બહુત્વશબ્દનો અર્થ નથી કારણ કે બહુત્વ શબ્દની પ્રવૃત્તિનિમિત્તક અર્થમાં પ્રવૃત્ત નથી. તેમ ઘટની અર્થક્રિયામાં અપ્રવૃત્ત એવો ખૂણામાં પડેલો ઘટ એ ઘટ શબ્દનો અર્થ નથી કારણ કે તેવો ઘટ પોતાની અર્થક્રિયામાં નિમિત્તરૂપ નથી.

ભાષ્યમાં લખેલ '**इति**' શબ્દ સર્વ નયોના સમુચ્ચય અર્થમાં તેમજ નય-વ્યાખ્યાની પરિસમાપ્તિના અર્થમાં છે. (આ સાતે નયો ઉત્તરોત્તર એકબીજાથી સૂક્ષ્મ માન્યતાવાળા છે. સહુથી સ્થૂલનય નૈગમ છે અને સૂક્ષ્મનય એવંભૂત છે) નૈગમાદિ નય રુપ જે અધ્યવસાય વિશેષ છે તેઓના લક્ષણની જિજ્ઞાસા હોવાથી દરેક નયના જુદા જુદા અંગત ચિન્હોના જાણવાના અભિપ્રાયે શિષ્ય પ્રશ્ન કરે છે. (આ નયોના શું લક્ષણ છે ? ભાષ્યકાર જવાબ આપતાં લક્ષણને કહે છે.)

ભાષ્ય નિર્દિષ્ટ લક્ષણ-વ્યાખ્યા એ સૂત્ર રુપ નથી. કારણ કે સૂત્રની અંતર્ગત એ નથી. પણ ભાષ્યમાં લખાયેલ છે. કેટલાક આને ભ્રાન્તિથી સૂત્ર તરીકે માને છે. હવે તે નૈગમાદિનયોમાં

१. सूक्ष्माण्य° राA।

**भाष्य- अर्थानां सर्वैकदेशसङ्ग्रहणं सङ्ग्रहः।।**

वृत्तित्वात्, कैश्चित् पुनर्भ्रान्त्या सूत्राणीति प्रतिपन्नम्, तत्र नैगम इत्यस्यावयवप्रविभागेन व्याख्यानं→ निश्चयेन गम्यन्ते=उच्चार्यन्ते=प्रयुज्यन्ते येषु शब्दास्ते निगमा=जनपदाः तेषु **निगमेषु**=जनपदेषु **ये** इत्यक्षरात्मकानां ध्वनीनां सामान्यनिर्देशः **अभिहिताः**=उच्चारिताः **शब्दाः**=घटादयस्तेषामर्थो=जलधारणाहरणादिसमर्थः **शब्दार्थपरिज्ञानं चे**ति शब्दस्य घटादिरर्थोऽभिधेयस्तत्परिज्ञानम्=अवबोधः, घट इत्यनेनायमर्थ उच्यते अस्य चार्थस्य अयं वाचक इति, यदेवंविधमध्यवसायान्तरं **स नैगमः**, स च सामान्यविशेषावलम्बीत्येतद् दर्शयति—**देशसमग्रग्राही**ति। यदा हि स्वरूपतो घटमयं निरूपयति तदा सामान्यघटं सर्वसमानव्यक्त्याश्रितं घट इत्यभिधानप्रत्यये हेतुमाश्रयत्यतः समग्रग्राहीति तथा विशेषमपि सौवर्णो मृण्मयो राजतः श्वेत इत्यादिकं विशेषं निरूपयत्यतो देशग्राहीति भण्यते **नैगमनयः**।।

सम्प्रति सङ्ग्रहस्य लक्षणमाह- **अर्थानामित्यादि**। **अर्थानां**=घटादीनां **सर्वैकदेशसंग्रहणमि**ति सर्व=

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- અર્થોના સર્વ અને એક દેશનું ગ્રહણ કરવું તેનું નામ સંગ્રહ.**

સર્વ પ્રથમ 'નૈગમ' શબ્દના અવયવનો વિશેષથી વિભાગ કરી અર્થ જણાવે છે.

### ❀ નૈગમનયનો પરિચય ❀

જ્યાં નિશ્ચયપૂર્વક શબ્દો જણાય, ઉચ્ચારણ કરાય, પ્રયોગ કરાય તે નિગમ, નિગમ એટલે દેશ-નગર. તે નિગમોમાં જે {ભાષ્યમાં 'ये' સર્વનામથી નિગમોમાં ઉચ્ચરિત અક્ષરાત્મક ધ્વનિનો સામાન્યનિર્દેશ કર્યો છે, એવા અક્ષરાત્મક} ઘટાદિ શબ્દો તેમજ તેનાથી કહેવાતાં જલધારણાદિ અર્થક્રિયામાં સમર્થ એવા ઘટાદિ અભિધેય અર્થોનું પરિજ્ઞાન અર્થાત્ 'ઘટ' એવા શબ્દથી આ ઘટ અર્થ વાચ્ય છે, અને ઘટ અર્થનો 'ઘટ' એવો શબ્દ એ વાચક છે. એવા પ્રકારનો જે અધ્યવસાય વિશેષ તે 'નૈગમ' કહેવાય. વળી આ નૈગમનય બે પ્રકારે છે, સામાન્ય અવલંબી અને વિશેષ અવલંબી. તે વાતને જણાવતાં ભાષ્યકારશ્રી કહે છે કે આ નય જ્યારે સ્વરૂપથી 'આ ઘટ છે' એવું નિરૂપણ કરે ત્યારે સર્વ સમાન=સમગ્ર ઘટ વ્યક્તિને આશ્રિત એવો જે 'ઘટ સામાન્ય'=ઘટત્વ છે કે જે 'ઘટ' આવા અભિધાન (નામ)ની પ્રતીતિમાં હેતુ બને છે. એવા ઘટ સામાન્ય=ઘટત્વનો આશ્રય આ નૈગમનય કરે છે, તેથી આ સમગ્રગ્રાહી નૈગમનય કહેવાય. તથા આ નય વિશેષરૂપે આ સ્વર્ણ ઘટ, માટીનો ઘટ, ચાંદીનો ઘટ, સફેદ, પીળો, કાળો, ઈત્યાદિ વિશેષનું પણ નિરૂપણ કરે છે. તેથી દેશગ્રાહી નૈગમનય કહેવાય. હવે સંગ્રહના લક્ષણને કહે છે.

### ❀ સંગ્રહનયના સ્વરૂપને નિહાળીએ ❀

ઘટ વગેરે અર્થોનાં સર્વ અને એક દેશનું અર્થાત્ સામાન્ય અને વિશેષાત્મક અર્થનું એકીભાવ કરવાં પૂર્વક ગ્રહણ કરાતો જે અમુક પ્રકારનો અધ્યવસાય વિશેષ તે 'સંગ્રહ' નય સમજવો. આશય

१. देशग्रहणं मु.(को)। २. किंचित् राA.। ३. तस्यपरि° खं.भां.। ४. स सामा° मु.(खं,भां)। ५. सर्वसामान्यव्य° रा.A। ६. प्रत्ययहे° मु.(राA)। ७. °शग्रह° मु.(खं.भां)।

**भाष्य- लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः ।।**

[1]सामान्यं एकदेशो=विशेषः तयोः सर्वैकदेशयोः=सामान्य-विशेपात्मकयोरेकीभावेन ग्रहणम्=आश्रयणमेवं-विधोऽध्यवसायः **सङ्ग्रहो** भण्यते । [2]एकीभावेन ग्रहणमेवं द्रष्टव्यम्– यौ हि सामान्य-विशेपौ नैगमाभिमतौ तौ सम्पिण्ड्य सग्रहनयः सामान्यमेव केवलं स्थापयति सत्तास्वभावम् यतः सत्तातो न व्यतिरिच्यते विशेपः ।।

व्यवहारलक्षणाभिधित्सयाऽऽह– **लौकिके**त्यादि। लोके=मनुष्यादिस्वभावे विदिताः **लौकिकाः**= पुरूपास्तै **समः**=तुल्यः, यथा लौकिका विशेपैरेव घटादिभिर्व्यवहरन्ति तथाऽयमपीत्यतस्तत्समः, **उपचारप्राय** इति। उपचारो नामान्यत्र सिद्धस्यार्थस्यान्यत्राध्यारोपो यः, यथा कुण्डिका स्रवति, पन्था गच्छति, उदके कुण्डिकास्थे स्रवति कुण्डिका स्रवतीत्युच्यते, पुरुपे च गच्छति पन्था गच्छतीति। एव**मुपचारप्राय**=उपचारवहुल इत्यर्थः। **विस्तृतो**=विस्तीर्णोऽनेकोऽर्थो=ज्ञेयो यस्य स **विस्तृतार्थः** अध्यवसायविशेपो **व्यवहार** इति निगद्यते।।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **લૌકિક સમ, ઉપચાર પ્રાયઃ, અને વિસ્તૃત અર્થવાળો વ્યવહાર છે.**

એ છે કે ઘટાદિ અર્થોના સર્વ = સામાન્ય અને એકદેશ = વિશેષ આ બન્નેનું એકી ભાવે ગ્રહણ કરતો અધ્યવસાય તે સંગ્રહ કહેવાય. એકીભાવે કઈ રીતે ગ્રહણ કરે છે. તે જણાવતાં કહે છે કે- નૈગમ નયને અભિમત જે સામાન્ય અને વિશેષ છે તે બન્નેને એકઠાં કરી સંગ્રહ નય એકમાત્ર સત્તા સ્વરૂપ સામાન્યને જ સ્થાપન કરે છે. અર્થાત્ પદાર્થમાત્રને 'સત્તા' સ્વરુપે સ્વીકાર કરે છે. કારણ કે આના મતે વિશેષ એ સામાન્યથી કોઈ અતિરિક્ત વસ્તુ નથી. (જેથી કે વિશેષને અલગ સ્વીકારવો પડે). હવે વ્યવહારનાં લક્ષણનું વિધાન કરવાની ઇચ્છાથી કહે છે :-

### ❋ વ્યવહારનયનું લક્ષણ ❋

**લૌકિકસમ** :- લોક=મનુષ્યાદિ ગતિસ્વરૂપ. તે લોકમાં જે જણાય તે લૌકિક. લૌકિક પુરુષોની જેમ વર્તનારું તે લૌકિકસમ કહેવાય. જેમ લૌકિક પુરુષો વિશેષ એવા ઘટ આદિ વડે જ વ્યવહાર કરે છે. તેની જેમ આ નય પણ વિશેષથી જ વ્યવહાર કરે છે. તેથી આને લૌકિકસમ કહેવાય છે.

**ઉપચારપ્રાયઃ** :- અન્ય સ્થાને સિદ્ધ થયેલ અર્થનો અન્ય ઠેકાણે આરોપ કરવો તે ઉપચાર કહેવાય. જેમ 'કુંડી ઝરે છે.' 'માર્ગ જાય છે.' અહીં હકીકતમાં કુંડીમાં રહેલું પાણી ઝરે છે. તથા માર્ગ ઉપર પુરુષ કે વાહન આદિ ચાલે છે. છતાં કુંડી ઝરે છે. પંથ ચાલે છે. એવા જે પ્રયોગો કરાય છે તે ઉપચાર રુપ સમજવા. અહીં 'પ્રાયઃ' શબ્દ એ બહુલતાના અર્થમાં છે. અર્થાત્ મોટાભાગે વ્યવહારમાં ઔપચારિક પ્રયોગો થતાં હોય છે.

१. सामान्यं देशो भां। २. एकाकी॰ खं.।

**भाष्य- सतां साम्प्रतानामर्थानामभिधानपरिज्ञानमृजुसूत्रः ।।**

ऋजुसूत्रलक्षणव्याचिख्यासया[1] आह– **सतामित्यादि**। **सतां**=विद्यमानानां, न खपुष्पादीनामसतां, तेषामपि **साम्प्रतानां**=वर्तमानानामितियावत् **अर्थानां**=घटादीनां **अभिधानं**=शब्दः **परिज्ञानम्**=अवबोधो विज्ञानमितियावत्, अभिधानं च परिज्ञानं चाभिधानपरिज्ञानं यत् स भवति **ऋजुसूत्रः**। एतदुक्तं भवति– तानेव व्यवहारनयाभिमतान् विशेषानाश्रयन् विद्यमानान् वर्त्तमानक्षणवर्तिनोऽभ्युपगच्छन्नभिधानमपि वर्तमानमेवाभ्युपैति नातीतानागते, तेनानभिधीयमानत्वात् कस्यचिदर्थस्य, तथा परिज्ञानमपि वर्तमानमेवाश्रयति, नातीतमागामि वा, तत्स्वभावानवधारणात्, अतो वस्त्वभिधानं विज्ञानं चात्मीयं वर्तमानमेवान्विच्छन्नध्यवसायः स ऋजुसूत्र इति।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **વિદ્યમાન એવા વર્તમાન (કાળ સંબંધી) અર્થોના જે અભિધાન અને પરિજ્ઞાન તે ઋજુસૂત્ર નય છે.**

**વિસ્તૃતાર્થ** :- વિસ્તૃત = વિસ્તીર્ણ અર્થવાળો. અર્થાત્ અર્થાત્ અનેક પ્રકારના જ્ઞેયવાળો = અર્થવાળો આ નય છે. કારણ કે આ નય વિશેષવાદી છે અને સામાન્ય કરતાં વિશેષ અધિક સંખ્યામાં છે. અને વિશેષને જ પ્રધાન માનતો હોવાથી આ નય વિસ્તૃત અર્થવાળો કહેવાય છે. આ પ્રમાણે - લૌકિકસમ, ઉપચારપ્રાયઃ અને વિસ્તૃત અર્થવાળા અધ્યવસાય વિશેષને વ્યવહાર નય કહેવાય છે. હવે ઋજુસૂત્રના લક્ષણને કહે છે.

## ❋ ઋજુસૂત્ર નયનું સ્વરૂપ ❋

આકાશ પુષ્પની જેમ અસત્ નહીં પણ સત્ તરીકે વિદ્યમાન, વળી વર્તમાન ક્ષણમાં રહેનાર એવા ઘટાદિ અર્થોનું જે અભિધાન અને પરિજ્ઞાન, બોધ કે વિજ્ઞાન. તે ઋજુસૂત્ર નય કહેવાય. (અભિધાન અને પરિજ્ઞાન વચ્ચે સમાહારદ્વન્દ્વ સમાસ જાણવો.) ભાવાર્થ આ પ્રમાણે :- વ્યવહારનયને અભિમત વિદ્યમાન અને વર્તમાન ક્ષણવર્તી જે ઘટ-પટાદિ વિશેષો છે. તેઓ (વિશેષો)નો સ્વીકાર આ ઋજુસૂત્ર નય કરે છે તથા વિશેષોનું જે અભિધાન (વાચક શબ્દ=નામ) છે તે પણ વર્તમાનકાલીન જ આ નયને માન્ય છે. અતીત કે અનાગત અભિધાનો આ નયને માન્ય નથી. કારણ કે અતીત-અનાગત અભિધાન તે તુચ્છ (અસત્) રુપ છે અને તેથી તેઓ (અતીત અનાગત અભિધાન) દ્વારા કોઈપણ અર્થનું વિધાન થઇ શકે નહીં. અને તેમ હોવાથી વર્તમાનકાલીન અભિધાનને આશ્રયીને જ જ્ઞાન થાય છે તેથી જ્ઞાન પણ વર્તમાનક્ષણવર્તી જ હોય પણ અતીત-અનાગતનું ન હોય. આ પ્રમાણે વસ્તુના પોતાના વર્તમાનકાલીન અભિધાન અને જ્ઞાનનો જ પરિચ્છેદ (બોધ) કરતો જે અધ્યવસાય તે ઋજુસૂત્ર નય કહેવાય છે.

१. लक्षणाचिख्या° राA.।

**भाष्य- यथार्थाभिधानं शब्दः।। नामादिषु प्रसिद्धपूर्वाच्छब्दादर्थे प्रत्ययः साम्प्रतः।।**

शब्दनयस्य त्रिभेदस्य लक्षणप्रचिकाशयिषया आह- **यथेति**।

येन प्रकारेण[1] भावरूपेण नाम-स्थापना-द्रव्यवियुतेनार्थो घटादियथार्थः तस्याभिधानं शब्दः **यथार्थाभिधानं**, तदाश्रयी योऽध्यवसायः स **शब्दन**योऽभिधीयते[2]। वर्तमानमात्मीयं विद्यमानं भावघटमेवाश्रयति नेतरानिति।।

इदानीमस्य शब्दनयस्य यत् पुरस्तात् त्रैविध्यं दर्शितं 'शब्दस्त्रिभेदः साम्प्रतः, समभिरूढ, एवम्भूत' इति, अस्याद्यभेद-लक्षणोद्भिभावयिषया[3] आह- **नामेत्यादि**। नाम-स्थापना-द्रव्य-भावेषु नम्यमाने वस्तुनि घटादौ स्थाप्यामाने वाऽऽकारात्मना द्रव्ये च गुणसन्द्रावात्मके भावे च प्रतिविशिष्टपर्यायरूपे

● *હેમગિરા* ●

<u>ભાષ્યાર્થ</u> :- **યથાર્થ નામ તે શબ્દ. નામાદિમાં પૂર્વ પ્રસિદ્ધ એવા શબ્દથી અર્થ વિશે થતો જે પ્રત્યય (બોધ) તે સાંપ્રત કહેવાય.**

### ❋ શબ્દનયના ત્રણ ભેદ ❋

ત્રણ ભેદવાળા શબ્દ નયના લક્ષણને પ્રકટ કરતા પ્રથમ શબ્દના લક્ષણને કહે છે.

નામ, સ્થાપના અને દ્રવ્યથી રહિત માત્ર ભાવરુપ પ્રકાર (ભાવ નિક્ષેપ) દ્વારા જણાતાં ઘટાદિ અર્થ યથાર્થ ગણાય, એવા યથાર્થ ભાવોનો જે વાચક શબ્દ તે યથાર્થ અભિધાન કહેવાય. આ યથાર્થ અભિધાનને આશ્રયી જે અધ્યવસાય વર્તે છે તેને 'શબ્દનય' કહેવાય. આ નય વર્તમાનકાલીન, આત્મીય અને વિદ્યમાન ભાવ ઘટનો જ આશ્રય કરે છે. ઇતર એવા નામાદિ ઘટનો નહીં.

આ નયના જે પૂર્વે ત્રણ ભેદ દેખાડ્યાં હતાં કે- "શબ્દનય સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત એમ ત્રણ ભેદે છે." તેમાંથી પ્રથમ ભેદના લક્ષણને ઉદ્ભાવન કરવાની ઈચ્છાથી કહે છે

### ❋ સામ્પ્રતનયને જાણીએ ❋

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ રૂપ ઘટાદિમાં અર્થાત્ 'ઘટ' એવા નામકરણ રૂપ નામઘટમાં તથા ઘટાદિના આકારાત્મક રૂપ સ્થાપના-ઘટમાં તથા ઘટના ગુણને પામવા યોગ્ય દ્રવ્ય ઘટમાં, તેમજ એક વિશિષ્ટ કક્ષાના (જલાહરણ ક્રિયામાં સમર્થ એવા) પર્યાય રૂપ ભાવ ઘટ વિશે સંજ્ઞા-સંજ્ઞી સંબંધના ગ્રહણ કાળમાં તે નામાદિ ઘટના વાચક તરીકે પ્રસિદ્ધ થયેલ અભિધાન રૂપ જે **'ઘટ'** આદિ શબ્દ છે, તે શબ્દો ઘટાદિના નામ, સ્થાપના, દ્રવ્ય તેમજ ભાવના વાચક છે. આશય એ છે કે **'ઘટ'** શબ્દ આ ચારે પ્રતિવિશિષ્ટ પર્યાયનો વાચક છે. આ પ્રમાણે "આ (ઘટાદિ) નામ આ (ઘટાદિ) અર્થના જ વાચક છે" એવા પૂર્વપ્રસિદ્ધ અને વાચ્ય-વાચકરૂપ સંબંધથી સૂચિત અથવા યોગ્યતા લક્ષણ સંબંધથી જણાએલ અભિધાન=શબ્દથી થતી ઘટાદિ અર્થના પ્રતીતિ રૂપ જે વિજ્ઞાન કે અધ્યવસાય તે સામ્પ્રત નયનું લક્ષણ છે

१. कारणेन मु. (भां.)। २. नयतयाभिधी° खं.मु.(भां.)। ३. लक्षणान्वि° राA।

भाष्य- सत्स्वर्थेष्वसङ्क्रमः समभिरूढः।।

**प्रसिद्धपूर्वात्** प्रसिद्धो=निर्ज्ञातः पूर्वमिति=[1]संज्ञासंज्ञिसम्वन्धकाले प्रसिद्धोऽसौ घटादिशब्दोऽभिधानतया तेषां नामादीनामस्य घटादेरर्थस्यायं वाचक इत्येवं प्रसिद्धपूर्वाद् वाच्यवाचकलक्षणसम्वन्धसंकेतनाद् 卐योग्यतालक्षणसम्वन्धावगतेर्वा, **शब्दादिति**=अभिधानात् नाम्न इतियावत् अर्थे=अभिधेये यः **प्रत्ययो**= विज्ञानं स **साम्प्रतो** नयः। एतदुक्तं भवति– नामादिपु प्रतिविशिष्टवर्तमानपर्यायापन्नेष्वेव प्रसिद्धो वाचकतया यः शब्दस्तस्माच्छब्दात् भावाभिधायिनः तद्वाच्येऽर्थे भावरूपे प्रवृत्तोऽध्यवसायः साम्प्र-ताख्यामासादयति। यतो भावएव शब्दाभिधेयो भवति, तेनाशेषाभिलपितकार्यकरणादिति।।

अधुना समभिरूढलक्षणं दर्शयन्नाह– **सत्स्वर्थेषु** इत्यादि। **सत्सु**=विद्यमानेपु=वर्तमानपर्यायापन्नेष्वित्यर्थः, **अर्थेषु**=घटादिपु **असङ्क्रम**=इत्यन्यत्रागमनं शव्दस्य यत् सोऽसङ्क्रमः। यथा घट इत्यस्य शव्दस्य

• હેમગિરા •

**ભાષ્યાર્થ :- વિદ્યમાન (ઘટાદિ) યુક્ત અર્થને વિશે બીજા (કુટાદિ) અર્થોનો અસંક્રમ તે સમભિરૂઢ નય છે.**

**વાચ્ય-વાચક લક્ષણ સંબંધ** :- અમુક (વાચ્ય) વસ્તુને આ (વાચક) શબ્દથી ઓળખવી એવો સંબંધ જેમાં નક્કી થયેલ છે, તેને વાચ્ય-વાચકસંબંધ કહેવાય.

卐**યોગ્યતા લક્ષણ સંબંધ** :- ઘટશબ્દ (વાચક)માં જ એવી યોગ્યતા છે કે જે ઘટપદાર્થ (વાચ્ય)ને ઓળખાવી શકે. આ (વાચ્ય-વાચકનો) યોગ્યતા લક્ષણ સંબંધ છે.

ભાવાર્થ એ છે કે - નામાદિ પ્રતિવિશિષ્ટ (વિભિન્ન) વર્તમાન પર્યાયયુક્ત ઘટ વિષે જે શબ્દ (ઘટ) વાચક તરીકે પ્રસિદ્ધ છે તે ભાવાભિધાયી વાચક (ઘટ) શબ્દથી ભાવપર્યાય રુપ વાચ્યાર્થ (ઘટને) વિશે પ્રવર્તનારો જે અધ્યવસાય તે સાંપ્રત કહેવાય છે. આ નયનું કહેવું છે કે- ભાવરુપ પદાર્થ જ સર્વ કાર્યોમાં સક્ષમ હોવાથી 'સત્' રુપ છે. નામ, સ્થાપના કે દ્રવ્ય અભિલષિત કાર્યોને સિદ્ધ કરી શકતા નથી, માટે અસત્ છે. તેથી શબ્દથી અભિધેય ભાવપદાર્થ જ હોય છે. તે ભાવપદાર્થથી જ સર્વ ઈચ્છિત કાર્ય સંપન્ન થાય છે. હમણાં સમભિરૂઢનું લક્ષણ દર્શાવે છે.

## ❈ સમભિરૂઢ નયના સ્વરૂપને સમજીએ ❈

વિદ્યમાન વર્તમાનકાલીન ઘટાદિ અર્થ વિશે પ્રયોગ કરાતો શબ્દ પોતાના અર્થ સિવાય બીજે સંક્રમ ન પામે. જેમ કે **'ઘટ'** શબ્દ એ વિદ્યમાન ચેષ્ટાત્મક ઘટ વસ્તુને છોડી કૂટ, કુંભાદિ અર્થોના અભિધાનનું સામર્થ્ય નથી ધરાવતો. કારણ કે કૂટ-કુંભાદિ ઘટ શબ્દથી અભિધેય નથી. ભિન્ન વ્યુત્પત્તિવાળા કૂટ-કુંભાદિ ઘટ નામથી જો અભિધેય (વાચ્ય) બને તો ભિન્ન વ્યુત્પત્તિવાળા પટાદિ સર્વે પદાર્થ પણ ઘટ શબ્દના અભિધેય બની શકે ! અને તેમ થતાં તો સર્વ પદાર્થો એક શબ્દથી

१. संज्ञासंबंध' मु.(भां.)। 卐. अस्य पदस्य (घटपदस्य) अस्मिन् पदार्थे (घटे) शक्तिः = योग्यता.

**भाष्य– व्यञ्जनार्थयोरेवम्भूत इति।। अत्राह- उद्दिष्टा भवता नैगमादयो नयाः। तन्नया[1] इति कः पदार्थ इति ?।**

विद्यमानं घटं चेष्टात्मकं विरहय्य नान्यत्र कुटाद्यर्थे[2]ऽभिधानसामर्थ्यमस्ति, अनभिधेयत्वात्, यदि चास्य घटशब्दस्य कुटादिरर्थोऽभिधेयो भवेदेवं सति यथोक्ताः सर्वसङ्करैकत्वादयो[3] दोषा उपजायेरनित्यतो न शब्दान्तराभिधेयोऽर्थोऽन्यशब्दस्याभिधेयो[4] भवति, एवमसंक्रमगवेषणपरोऽध्यवसायः **समभिरूढः**।।

एवम्भूतनयलक्षणोन्निनीपया आह– **व्यञ्जनेत्यादि**। व्यञ्जनं=शब्दस्तस्यार्थः=अभिधेयो वाच्यः[5] तयो**र्व्यञ्जनार्थयो**रेवं संघटनं करोति घट इति यदिदमभिधानं तच्चेष्टाप्रवृत्तस्यैव जलधारणाहरणसमर्थस्य वाचकं, चेष्टां च जलाद्यानयनरूपां कुर्वाणो घटो मतः, न पुनः क्रियातो निवृत्तः, इत्थं यथार्थतां प्रतिपद्यमानोऽध्यवसाय **एवम्भूतो**ऽभिधीयते इति।।-

**अत्रावकाशे** नोदकः प्रश्नयति– **उद्दिष्टाः**=अभिहिताः लक्षणतस्त्वया–**नैगमादयः** पञ्च। तत्र[6] नैगमादि-

*હેમગિરા*

**ભાષ્યાર્થ :- વ્યંજન (શબ્દ) પ્રમાણે વર્તતા (અર્થ ક્રિયાયુક્ત) અર્થનો જે બોધ તે એવંભૂત નય કહેવાય. પ્રશ્ન :- નૈગમાદિ નયો જે તમારા વડે ઉદ્દિષ્ટ કરાયા (કહેવાયા) તેમાં 'નય' એ શું પદાર્થ છે. અર્થાત્ નય પદનો અર્થ શું છે ?**

વાચ્ય બનતાં એકરૂપ બની જશે. તેથી સાંકર્ય તથા એકત્વાદિ દોષો આવે, તેથી શબ્દાન્તરથી કહેવાતાં = અભિધેય વિષયો અન્ય શબ્દના અભિધેય ન બને. આ પ્રમાણે અન્ય શબ્દના અર્થમાં નહીં સંક્રમણ થનાર શબ્દ રુપ અધ્યવસાય તે સમભિરૂઢ છે. હવે એવંભૂત નયને દર્શાવતાં કહે છે :-

## ❋ એવંભૂતનયના સ્વરૂપને સમજીએ ❋

'વ્યંજન' એટલે ઘટાદિ શબ્દ અને 'અર્થ' એટલે ઘટાદિ પદાર્થ. એવંભૂત નય આ બન્ને (શબ્દ + અર્થ)ને સંઘટિત કરે છે. અર્થાત્ શબ્દને અર્થથી વિશેષિત કરે છે. અને અર્થને શબ્દથી વિશેષિત કરે છે. આશય એ છે કે જ્યારે જે પદાર્થ સ્વશબ્દને અનુરુપ પ્રવૃત્તિ નિમિત્ત ક્રિયામાં પ્રવૃત્ત હોય ત્યારે જ તે સ્વ શબ્દથી વાચ્ય જાણવો. જેમ કે ''**घटः चेष्टायाम्**' એ વ્યુત્પત્તિ અનુસાર ઘટ જ્યારે ચેષ્ટામાં પ્રવૃત્ત હોય છે. અર્થાત્ જલાહરણાદિમાં પ્રવૃત્ત હોય ત્યારે જ તે 'ઘટ' શબ્દથી બોલાય. અગર જો ચેષ્ટામાં પ્રવૃત્ત ન હોય પણ ખૂણાદિમાં પડેલો હોય તો તે 'ઘટ' શબ્દથી વાચ્ય અર્થ ન બને. આ પ્રમાણેની યથાર્થતા = વાસ્તવિકતાને સ્વીકારનારો અધ્યવસાય તે 'એવંભૂત' છે.

આ અવસરે શંકાકાર પ્રશ્ન કરે છે કે- જે નૈગમાદિ પાંચ નયો લક્ષણ થકી તમારા વડે

१. तत्र नया खं.। २. द्यर्थघटाभि° मु.(भां)। ३. सर्वसङ्करत्वा° मु. (भां.)। ४. अन्यस्य शब्दस्या° मु.(खं.भां.)।
५. वाच्यम् मु(खं.भा)। ६. अतः नैग° भा.खं.।

**भाष्य– अत्रोच्यते– नयाः प्रापकाः कारकाः साधका निर्वर्तका निर्भासका उपलम्भका व्यञ्जका इत्यनर्थान्तरम्।।**

सूत्रे, **नया** इति यदभिधानं तस्यानेककारकसन्निधाने सति कः प्रत्ययार्थो ग्राह्य इति संशयानः पृच्छति-**तन्नया इति कः पदार्थः** ?। तदित्यनेन बहुवचनान्तमभिधानं नया इत्येतन्निर्दिशति, **नया इति** तु इतिशब्दः नया इत्यस्य पदार्थविपर्यासकृत्, नया इत्यस्य शब्दस्य कः पदार्थः।।

**ननु** च कोऽर्थ[1] इति इयता सिद्धं, तत्र पदार्थ इति पदग्रहणमतिरिच्यते ?। **उच्यते**– शब्दस्य हि सिद्धोऽर्थो वाच्यो गम्यश्च, यथा गुड इत्युक्ते द्रव्यं वाच्यम्, माधुर्यादयस्तु गम्याः, एवमिहापि वाच्योऽर्थो यः कश्चित् कर्त्रादिरूपः शेषस्तु गम्य इति, तत्रेह वाच्यमर्थं पदग्रहणेन प्रश्नयति,

*હેમગિરા*

<u>ભાષ્યાર્થ</u> :- <u>ઉત્તર</u> :- **નયો, પ્રાપકો, કારકો, સાધકો, નિર્વર્તકો, નિર્ભાસકો, ઉપલમ્ભકો, વ્યંજકો આ બધા એકાર્થિક છે.**

કહેવાયા તેમાં 'નય' એવું નામ કયા અર્થમાં છે ? શંકાકારે આ પ્રશ્નમાં '**नयाः**' એવો બહુવચન પ્રયોગ કરીને એમ પૂછ્યું છે કે નય શબ્દમાં અનેક કારક વિભક્તિનુ સન્નિધાન સંભવે છે તો પ્રસ્તુતમાં કઈ પ્રતીતિવાળો અર્થ લેવો ? **तन्नया इति कः पदार्थ** ? એ વાક્ય સંશયકારનું છે આમાં જે 'तद्' સર્વનામ છે તેનાથી બહુવચનાંત એવા 'नयाः' (નયો) શબ્દનો નિર્દેશ કર્યો છે 'नया' ની પછી રહેલ 'इति' શબ્દ એ નય શબ્દમાં પદાર્થ-વિપર્યાસ (શંકા)ને ઉત્પન્ન કરનાર છે. તે આ પ્રમાણે કે આ નય શબ્દનો શું પદાર્થ (અર્થ) છે?

### ❋ ગમ્ય અર્થ અને વાચ્ય અર્થના ભેદને સમજીએ ❋

<u>પ્રશ્ન</u> :- '**नया कोऽर्थः** આ રીતે પણ પ્રશ્ન થઈ શકે છે છતાં '**नया कः पदार्थः**' એ વાક્ય લખી અતિરિક્ત 'पद'નું ગ્રહણ કેમ કર્યું ?

<u>જવાબ</u> :- શબ્દના બે સિદ્ધ- અર્થ હોય છે (૧) વાચ્ય અર્થ અને (૨) ગમ્ય અર્થ. જેમ કે → 'ગોળ' એમ કહેતાં ગોળને દ્રવ્યરુપ કહેવું તે એ (ગોળ)નો વાચ્ય અર્થ કહેવાય. તથા ગોળમાં રહેલા માધુર્ય આદિ એ ગમ્ય અર્થ કહેવાય છે.

આ પ્રમાણે પ્રસ્તુતમાં પણ જે કોઈ કર્તાદિ રુપ અર્થ છે તે વાચ્ય અર્થ છે અને શેષ ગમ્ય (સ્યાદ્ગર્ભિત સાપેક્ષાદિ) અર્થ છે. '**पदार्थः**'માં '**पद**'નું ગ્રહણ કરવા વડે વાચ્ય અર્થ અંગે પ્રશ્ન કરાયો છે તે આ પ્રમાણે કે નય એવા 'પદ'નો વાચ્ય અર્થ શું છે ? આશય એ છે કે અહીં '**पद**' એ વાચ્ય અર્થને સૂચવે છે, નહીં કે ગમ્ય અર્થને. જો **नयाः कोऽर्थ** એટલું જ લખાય તો વાચ્ય કે ગમ્ય કોઈ પણ અર્થનો પ્રશ્ન હોઈ શકે પણ તે ઈષ્ટ નથી. '**नय**' પદથી વાચ્ય અર્થો કયા છે તે જ પ્રશ્ન અહીં પ્રસ્તુત છે. માટે પ્રશ્નમાં **कोऽर्थः** ન લખતાં **कः पदार्थ** લખ્યું.

१. कोऽर्थ इयत्ता सिद्धः ? मु.(भां.)।

पदस्यार्थो वाच्यः क इति, न तु गम्यमानम्, सूरिराह–**अत्रोच्यते–नयाः प्रापका** इत्यादिना, कर्त्रर्थः प्रदर्श्यते नयन्त इति नयाः, सामान्यादिरूपेणार्थं प्रकाशयन्तीत्यर्थः।

प्रापका इत्यनेन नयतेरन्तर्णीतण्यर्थताख्यायते, प्रापयन्ति आत्मनि तं तमर्थं स्वाभिमताभिरूपपत्तिभिरिति। कुर्वन्तीत्यादिभिस्तु नयतेरर्थान्तरतापि शक्या कल्पयितुमित्येतद् दर्शयति=कुर्वन्ति तद् तद् विज्ञानमात्मन इति **कारकाः**, अपूर्वं प्रादुर्भावयन्ति विज्ञानामितियावत्। तथा सिद्धिवचनोपायं साधयन्ति शोभनामन्योन्यव्यावृत्त्यात्मिकां विज्ञप्तिं जनयन्त्यतः **साधकाः**।

**तथा** वर्तमानार्थोऽपि[1] निर्वर्तका इति निश्चितेन स्वेनाभिप्रायेणोत्पन्नाः तेऽध्यवसायविशेषांस्ता[2] नासादयन्तो **निर्वर्तका** इति। तथा दीप्त्यर्थोऽप्ययम्। **निर्भासकाः** वस्त्वंशज्ञापनपरत्वात्[3]। तथोपलब्ध्यर्थताऽप्यस्य उपलम्भका इति दर्शयत्यनेन, प्रतिविशिष्टक्षयोपशमापेक्षत्वात् तांस्तानर्थविशेपानत्यन्तसूक्ष्मानवगाहमानाः **उपलम्भका** इति। व्यञ्जनार्थोऽप्ययं **व्यञ्जका** इत्यनेन कथयति,

• *હેમગિરા* •

આનો જવાબ આપતાં સૂરિજી કહે છે કે 'કર્તા' અર્થમાં અહીં નયો દેખાડાય છે.

**નયોના એકાર્થક નામો**

૧. **નય** :- જે વસ્તુ અંશ તરફ લઇ જાય તે નય અર્થાત્ સામાન્યાદિરુપે અર્થને પ્રકાશે તે નય.

૨. **પ્રાપક** :- 'ની' ધાતુ (**नी** =લઈ જવું, પ્રાપ્ત કરવું)ને **णीत्** (પ્રેરક પ્રત્યય) લાગતા 'પ્રાપક' અર્થમાં કહેવાય છે. અર્થાત્ સ્વ અભિમત યુક્તિઓ વડે તે તે અર્થો આત્માને વિશે જણાવે = પ્રાપ્ત કરાવે તે પ્રાપક. ૩. **કારક** :- **कृ** (**कुर्वन्ति**) આદિને પણ **नी** ધાતુના અર્થમાં જ અહીં કહેવું ઇષ્ટ છે. **कृ** આદિનો 'ની'(નય અર્થ)થી અન્ય અર્થ પણ કોઈ ન સમજી બેસે માટે તે અર્થ સાથે જ અભિન્નતા દર્શાવતાં કહે છે કે- તે તે વિશિષ્ટ જ્ઞાનને આત્મામાં કરે તે 'કારક' અર્થાત્ અપૂર્વ વિજ્ઞાનનો પ્રાદુર્ભાવ આ નયો કરે છે. ૪. **સાધક** :- તત્ત્વની સિદ્ધિ કરનાર વચનરુપ ઉપાયને જે સાધે તે અથવા અન્યોન્યવ્યાવૃત્તિઆત્મક = એક બીજાની બાદબાકી કરનારી સુંદર વિજ્ઞપ્તિ (જ્ઞાન)ને ઉત્પન્ન કરે તે સાધક. (દરેક નયો પોત-પોતાના ઈષ્ટ અર્થનો મુખ્યતયા સ્વીકાર કરે અને અન્યઅર્થની ગૌણતયા બાદબાકી કરે)

૫. **નિર્વર્તક** :- વર્તમાન ઘટાદિ પદાર્થો પણ (જ્ઞાનના) નિર્વર્તક તો બને છે, પણ પ્રસ્તુતમાં તો સ્વ અભિપ્રાયથી ઉત્પન્ન થનાર, એવા અધ્યવસાયને પામનારા (નયો), તે નિર્વર્તક તરિકે કહેવાય છે, તથા 'અર્થનું દીપન કરે' એવો દીપ્તિ અર્થ પણ આ નયો વિશે જાણવો. ૬. **નિર્ભાસક** :- વસ્તુના અંશને જણાવવામાં તત્પર તે નિર્ભાસક.

૭. **ઉપલમ્ભક** :- નયનો 'ઉપલબ્ધિ' અર્થ પણ થાય છે તે જણાવવા નયોને 'ઉપલમ્ભક' પણ કહ્યાં વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમને આશ્રયી થતો, અત્યન્ત સૂક્ષ્મ એવો તે તે અર્થોનાં

१. वर्त्तनाऽर्थो' भा.। २. 'षानाशमनासा' भां.। ३. 'ज्ञापकपर' भां.।

**भाष्य- जीवादीन् पदार्थान् नयन्ति प्राप्नुवन्ति कारयन्ति साधयन्ति निर्वर्तयन्ति [1]निर्भासयन्ति उपलम्भयन्ति व्यञ्जयन्तीति नयाः ।।**

व्यञ्जयन्ति स्पष्टयन्ति=स्फुटीकुर्वन्ति स्वाभिप्रायेण वस्तु, यथाऽऽत्मस्वभावे स्थापयन्तीत्यर्थः। एवमेते किञ्चिद् भेदं प्रतिपन्ना अपि शब्दा भाष्यकारेणानर्थान्तरमिति व्यपदिष्टा **इत्यनर्थान्तरमिति**।।

सकर्मकाणां प्राप्येण कर्मणा भवितव्यमिति दर्शयति–**जीवादीन् पदार्थान् नयन्ती**त्यादी। अत्र च णीञः प्रयोगो नयतेरर्थ इति **जीवादीन्** शास्त्रप्रतिपाद्यान् सप्त**पदार्थानित्यनेन** वाच्यान् व्यपदिशति, न [2]गम्यानि, **तान् [3]नयन्ति** इति नयाः। नयन्तीत्यादिना च यः कर्ता दर्शितस्तमेवानन्यं क्रियातो दर्शयति, यतो नयाः नयन्त इत्यनेन कर्तुः प्राधान्यं [4]क्रियायाः गुणभाव इति कैश्चित् प्रतिपन्नं क्रियायाः प्राधान्यं कर्तुर्गुणभाव इति, इह तथा नात्यन्तिकः कर्तृ-क्रिययोर्भेदोऽस्तीति, यतः स एव पदार्थः [5]कर्तेत्येवं व्यपदिश्यते स्वतन्त्रत्वात्, तथा स एव च साध्यात्मना वर्त्तमानः क्रियेत्याख्यायते,

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- જીવાદિ પદાર્થો તરફ લઇ જાય, જીવાદિ પદાર્થોને પ્રાપ્ત કરે (કરાવે), સધાવે, નિર્વર્તન કરાવે, નિર્ભાસન કરાવે, ઉપલબ્ધિ કરાવે, પ્રગટીકરણ કરે તેને નય કહેવાય.**

અવગાહના રુપ જે અધ્યવસાય વિશેષ તે ઉપલમ્ભક કહેવાય. **વ્યંજક :-** સ્વ અભિપ્રાયને વ્યંજન (પ્રકટ) કરનાર આ નયોને વ્યંજક પણ કહેવાય છે. સ્વ અભિપ્રાય વડે વસ્તુને સ્પષ્ટ કરે, પ્રકટ કરે અર્થાત્ જેવો જેનો સ્વભાવ છે તેને તે રીતે (આત્મસ્વભાવે) સ્થાપન કરે તે વ્યંજક. આ પ્રમાણે પ્રાપક વગેરે શબ્દો કાંઈક ભેદરૂપે અર્થનું પ્રતિપાદન કરનારા છે તેવું જાણવા છતાં ભાષ્યકારે તેઓનો (મુખ્યતયા 'નય'ના સ્વરૂપને જ કહેનારા હોવાથી) અનર્થાન્તર રૂપે વ્યપદેશ કર્યો છે. ઉપરોક્ત દર્શાવેલ પ્રાપક વગેરે (સકર્મક ધાતુ સાધિત) નામો અમુક પ્રાપ્ય = કર્મવાળા હોવા જોઇએ તો તે કર્મો કયા કયા છે ? તે દર્શાવતાં ભાષ્યકાર કહે છે :-

### ❋ પ્રાપકાદિ ૭ના કર્મનો નિર્દેશ ❋

'ની' ધાતુ પરથી '**नयति**' પ્રયોગ થાય છે. શાસ્ત્રમાં પ્રતિપાદન કરાતાં (વાચ્ય) એવા જીવાદિ સાત પદાર્થો તરફ લઇ જાય અર્થાત્ તેનો બોધ કરાવે તે નય. અહીં જે '**पदार्थान्**' પદ છે તે વાચ્યાર્થનો વ્યપદેશ કરે છે. પણ ગમ્ય અર્થનો નહીં. '**नयन्ति**' ઈત્યાદિ પદો વડે જે કર્તાનો નિર્દેશ કર્યો તેને જ ક્રિયા થકી અભિન્ન રૂપે બતાવે છે. કારણ કે '**नयन्ते इति नयाः**' આ વ્યુત્પત્તિમાં કેટલાક કર્તાની પ્રધાનતા અને ક્રિયાની ગૌણતા સ્વીકારે છે. કેટલાક ક્રિયાની પ્રધાનતા અને કર્તાની ગૌણતા માને છે. પણ અહીં કર્તા અને ક્રિયામાં તેવા પ્રકારનો આત્યન્તિક ભેદ નથી (પણ કથંચિત્ ભેદ છે) કારણ કે તે જ નય પદાર્થ સ્વતન્ત્ર હોવાથી કર્તા તરીકે પણ કહેવાય

१. निर्भासयन्ति निर्वर्तयन्ति - को.भा.। २. गम्यान् मु. (पाA.)। ३. नयन्त खं.भां.। ४. क्रियायां मु.खं.(भां.)। ५. कर्तेत्येव- मु.(भां)।

**भाष्य- अत्राह- किमेते तन्त्रान्तरीया वादिन आहोस्विद् स्वतन्त्रा एव नोदकपक्षग्राहिणो मतिभेदेन विप्रधाविता इति ?।**

अतः कर्तृ-क्रिययोरनेनात्यन्तिकं भेदं निरस्यति-**नयन्ति** इत्यादिना।।

नयशब्दार्थे निरूपिते नोदकोऽनूनुदत् य एते नैगमादयो वस्त्वंशपरिच्छेदव्यापृता नयाः **किमेते तन्त्रान्तरीया** इत्यादि, तन्यन्ते=विस्तार्यन्तेऽस्मिन्ननेन वा जीवादयः पदार्थाः तन्त्रं=जैनप्रवचनं तस्मादन्यत् **काणभुजादि**शास्त्रं तन्त्रान्तरं तस्मिन् भवाः कुशला वा **तन्त्रान्तरीयाः**। गहादित्वाच्छः[1]। स्वशास्त्र[2]-सिद्धानर्थानवश्यं वदन्तीति **वादिनः**, अतः[3] किं [4]वैशेषिकादयो वादिनो नया भण्यन्ते ? **आहोस्वित्**= अथवेत्यस्य पक्षान्तरसूचकस्य निपातस्यार्थे प्रयुक्तः। **स्वतन्त्रा** एवेति। स्वं=आत्मीयं तन्त्रं=शास्त्रं येषां ते स्वतन्त्राः, स्वप्रधानाः जिनवचनमेव स्वबुद्ध्या विभजन्त एवमाहुः। **नोदकपक्षग्राहिण** इति। नोदको=दुरूक्तानुक्तादिसूचकस्तस्य पक्षोविषयः तं नोदकपक्षं ग्रहीतुं शीलमेषामिति नोदकपक्षग्राहिणः

• હેમગિરા •

ભાષ્યાર્થ :- પ્રશ્ન :- **આ નૈગમાદિ નયો બીજા શાસ્ત્રમાં કહેલાં છે ? અર્થાત્ તંત્રાન્તરીય વાદી સ્વરૂપ છે ? અથવા તો શું જિનવચનમાં જ બુદ્ધિ-ભેદ વડે પ્રવર્તતાં નોદકપક્ષગ્રાહી (=અયથાર્થ પ્રરૂપક) એવા સ્વ-તંત્ર સ્વરૂપ જ આ નયો છે ?**

છે. અને તે જ (નય) સાધ્યની અવસ્થામાં વર્તમાન હોવાથી ક્રિયા રૂપે પણ કહેવાય છે. (આશય એ છે કે વસ્તુ અંશને જાણનાર નય છે તેથી કર્તા છે તેમજ જે જણાય છે તે વસ્તુઅંશ (કર્મ) પણ નય છે.)આજ કર્તા અને ક્રિયાના આત્યન્તિક ભેદનું નિરસન કરતાં 'नयन्ति' ઇત્યાદિ પદો મૂક્યા છે. 'નય' શબ્દના અર્થનુ ઉપરોક્ત નિરૂપણ સાંભળી શંકાકાર સવાલ કરે છે.

### ❋ નયો તન્ત્રાન્તરીય કે નોદકપક્ષગ્રાહી ? ❋

પ્રશ્ન - વસ્તુના અંશનો બોધ કરવામાં પ્રવૃત્ત નૈગમાદિ નયો શું તંત્રાન્તરીય વાદિ સ્વરુપ છે ? જેના વડે અથવા જેમાં જીવાદિ પદાર્થોનો વિસ્તાર કરાય તે તંત્ર = જૈન પ્રવચન. આ જૈન પ્રવચનથી જે અન્ય 'કાણભુજ' આદિના શાસ્ત્રો તે તંત્રાન્તર છે. તંત્રાન્તરમાં રહેલા અથવા તંત્રાન્તરમાં કુશળ તે **'તંત્રાન્તરીય'** કહેવાય તથા સ્વશાસ્ત્રમાં સિદ્ધ-અર્થને અવશ્ય કહે તે **વાદી** કહેવાય. પ્રશ્નકારનો ભાવાર્થ એ છે કે તંત્રાન્તરીય એવા વૈશેષિકાદિ વાદીઓ શું નય કહેવાય છે ? કે પછી જિનવચનને જ સ્વબુદ્ધિ વડે વિભાજિત કરનારા અયથાર્થનિરૂપક, નોદકપક્ષગ્રાહી સ્વ-તંત્ર સ્વરૂપ જ નય કહેવાય છે ? ભાષ્યમાં રહેલ પદોના અર્થ આ મુજબ છે. आहोस्वित् એ પક્ષાંતરને જણાવતું નૈપાતિક પદ છે. स्वतन्त्रं એટલે આત્મીય અર્થાત્ જિનધર્મના શાસ્ત્રો.

नोदकपक्षग्राहिणः પદની વ્યાખ્યા → જે પદાર્થો અન્યથા રીતે વર્ણવાય તે દુરૂક્ત કહેવાય અને જે શાસ્ત્રોમાં કહેવાયા જ નથી તે અનુક્ત કહેવાય. આ અનુક્ત અને દુરૂક્તનો સૂચક જે પક્ષ

१. गहादिभ्यश्च ४/२/१३८ पाणिनि व्या.। २. शास्त्र° भां.। ३. तत् किं मु.(भां.)। ४. नैयायिकादयो वादि° राA.।

**भाष्य– अत्रोच्यते नैते तन्त्रान्तरीयाः, नापि स्वतन्त्राः मतिभेदेन विप्रधाविताः। ज्ञेयस्य त्वर्थस्याध्यवसायान्तराण्येतानि।**

**मतिभेदो**=बुद्धिभेदस्तेन **विप्रधाविताः**, अयथार्थनिरूपका इतियावत्। एवं नोदयतोऽयमभिप्रायः यद्ययं तन्त्रान्तरीयत्वमेषां दर्शयिष्यति नास्य वक्ष्यमाणो विप्रतिपत्तिदोष आपत्स्यते, अथ स्वतन्त्रा एवेति निश्चेष्यति तथा सति नैव स्वेच्छा स्वतन्त्राणामभ्यनुज्ञाता वस्त्वंशोऽभ्युपेयो वस्तुभागश्च प्रोज्झ्यः, यस्मादेकस्यापि पदस्यारोचनान्मिथ्यादर्शनमिति। एवंविधदोषोपचिक्षिप्सया नोदयति।।

**अथ** पक्षान्तरमाश्रयिष्यति तत्राप्यस्य सुखेन विप्रतिपत्तिदोषं नोदयिष्यामीति मत्वा प्रश्नयति, सूरिस्तूभयमप्येतत् परित्यजन् पक्षान्तरमाश्रयते **अत्रोच्यते** इति।।

**नैते तन्त्रान्तरीयाः, नापि स्वतन्त्राः**, किं तर्हि? तदाह- **ज्ञेयस्येत्यादि**। विज्ञानगम्यस्य जीवादेः स्वसंवेद्यस्य बाह्यस्यार्थस्य[१] घटपटादेः **अध्यवसायान्तराणि**=विज्ञानभेदाः, आधिक्येनावसीयन्ते=परिच्छिद्यन्ते

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- **આ નય તંત્રાન્તરીય નથી. અથવા મતિભેદથી પ્રવર્તતાં (અયથાર્થ પ્રરૂપક) પણ નથી પરંતુ જ્ઞેય પદાર્થોમાં થતા જુદા જુદા અધ્યવસાય રુપ છે.**

તે નોદકપક્ષ કહેવાય. આ નોદકપક્ષને ગ્રહણ કરવાનો સ્વભાવ છે જેનો તે નોદકપક્ષગ્રાહી કહેવાય.

ઉપરોક્ત પ્રશ્ન કરનારનો ઈરાદો છે કે જો આ નયોને તંત્રાન્તરીય તરીકે કહેવાય તો આગળ ઉપર આ ગ્રંથમાં જે વિપ્રતિપત્તિ દોષ આ નય અંગે કહેવાના છે તે કહી શકાશે નહિ કારણ કે જો નયો તંત્રાન્તરીય જ છે તો દોષ સભર જ છે. તેથી ત્યાજ્ય જ છે, તો પછી આગળ દોષો શું કહેવાના રહે ? અને જો નયો સ્વ-તન્ત્ર (જિનવચનના) છે એમ કહીએ તો એક અંશનો સ્વીકાર અને એક અંશનો ત્યાગ એવી સ્વેચ્છા જિનપ્રવચનમાં સ્વીકૃત નથી કારણ કે વસ્તુતત્વના એક પણ અંશની અરૂચિ કે ઉપેક્ષા કરવાથી તે તંત્ર મિથ્યાદર્શન થઈ જશે. આ બેમાંથી કોઈપણ પક્ષનો ગ્રંથકાર આશ્રય કરશે તો તેમાં હું (નોદક) દોષ બતાવીશ એમ માનીને શંકાકારે (નોદકે) પ્રશ્ન ઊભો કરેલ છે.

### ❋ નયો અધ્યવસાય સ્વરુપ છે ❋

આનું સમાધાન આપતા ભાષ્યકારશ્રી બન્ને પક્ષને છોડી પક્ષાંતર (= ત્રીજા પક્ષ)નો આશ્રય કરતાં કહે છે કે આ નયો તંત્રાન્તરીય પણ નથી અને સ્વતન્ત્ર પણ નથી. પરંતુ વિશિષ્ટજ્ઞાનથી ગમ્ય જીવાદિ અંગેના તેમજ સ્વથી સંવેદ્ય એવા જે બાહ્ય ઘટપટાદિ અર્થો છે એ અર્થો અંગેના જુદા જુદા અધ્યવસાય રુપ આ નયો છે. જેનાથી વસ્તુ અધિકપણા વડે જણાય તે અધ્યવસાય કહેવાય. અધ્યવસાય એટલે પ્રત્યય = પ્રતીતિ = જ્ઞાન. 'अन्तराणि' પદ નયના ભેદોનું સૂચક છે. આ ભેદ નૈગમાદિ પાંચ પ્રકારે છે. આશય એ છે કે અનેક ધર્માત્મક વસ્તુને અનેક આકૃતિવાળા

१. वाच्यस्या' मु.सं.(भां.)।

**भाष्य- तद्यथा-घट इत्युक्ते योऽसौ चेष्टाभिनिर्वृत्त उर्ध्वकुण्डलौष्ठायतवृत्तग्रीवोऽधस्तात् परिमण्डलो जलादीनामाहरणधारणसमर्थ उत्तरगुणनिर्वर्त्तनानिर्वृत्तो द्रव्यविशेषस्तस्मिन्नेकस्मिन् विशेषवति तज्जातीयेषु वा सर्वेष्वविशेषात् परिज्ञानं नैगमनयः।।**

ततो येन सोऽअध्यवसायः=प्रत्ययो=विज्ञानम् अन्तराणीति भेदाख्यानम्, एतानीति नैगमादीनि पञ्च, एतत् कथितं भवति-वस्त्वेवानेकधर्मात्मकमनेकाकृतिना ज्ञानेन निरूप्यत इत्यतः स्वशास्त्रनिरूपणमेवेदम्, एतच्च[1] दर्शयति- **तद्यथे**त्यादिना।

यथा ह्येते एकवस्तुविषया विज्ञानविशेषास्तथोदाहरणेन भावयति--घट इत्युक्ते नैगमाध्यवसाय एवं मन्यते **योऽसावि**ति लोकसिद्धः, **चेष्टाभिनिर्वृत्त** इति धात्वर्थानुगतिमाविष्करोति, कुम्भकारचेष्टाभिनिर्वृत्तोऽर्थो निष्पन्नः। किमाकार इति चेद् ? अत आह– **उर्ध्वमित्यादि**। **उर्ध्वमुपरि कुण्डलौ** वृत्ता**वोष्ठौ** यस्य **आयता**=दीर्घा **वृत्ता**=समपरिधिः **ग्रीवा** यस्य ऊर्ध्वकुण्डलौष्ठश्चासावायतवृत्तग्रीवश्चेति समानाधिकरणः उपरि तावदेवमाकारः। अथ **अधस्तात्** किमाकार इत्यत[2] आह– अधोभागे **परिमण्डलः**,

• હેમગિરા •

<u>ભાષ્યાર્થ</u> :- તે આ રીતે- 'ઘટ' આ પ્રમાણે કહેતાં જે આ કુંભકારની ચેષ્ટાઓથી બનેલો, અને જેનો ઉપરનો હોઠ (કાંઠો) કુંડળાકારે ગોળ છે. તથા જેની ગ્રીવા લંબગોળ છે. વળી નીચેથી ગોળ, પાણી આદિ ગ્રહણ ધારણ કરવામાં સમર્થ તથા ઉત્તરગુણથી નિષ્પન્ન અર્થાત્ પકાવવા દ્વારા લાલ રંગ વગેરે ગુણો જેમાં પરિસમાપ્તિ - સંપૂર્ણતાને પામ્યા છે. તે દ્રવ્ય વિશેષની પ્રતીતિ થાય છે. આવા એક દ્રવ્ય વિશેષમાં અથવા તજ્જાતીય સર્વ દ્રવ્ય વિશેષમાં સામાન્યથી થતું જે જ્ઞાન તે નૈગમનય.

જ્ઞાન (નય) વડે નિરૂપણ કરાય છે. તેથી આ નય એ (જિનપ્રવચન) સ્વશાસ્ત્રના નિરૂપણરૂપ જ જાણવા (કારણ કે આ જિનપ્રવચન જ સ્યાદ્વાદમય હોવાથી અનેક અંશોથી વસ્તુતત્ત્વનો વિચાર કરવામાં સમર્થ છે.) આ જ વસ્તુને દર્શાવતા ભાષ્યકાર કહે છે :-

### ❋ નૈગમનયના અધ્યવસાયનો સિંહાવલોકન ❋

એક વસ્તુ (અંશ)ને ધરાવનારા આ વિજ્ઞાન રુપ નયો જે સ્વરુપે રહ્યા છે, તે સ્વરૂપે ઉદાહરણથી આ નયોને જણાવે છે → સર્વ પ્રથમ નૈગમ નયને દૃષ્ટાંતપૂર્વક કહે છે. **'ઘટ'** એવા શબ્દનો ઉચ્ચાર કરતા નૈગમ અધ્યવસાય તે ઘટ વસ્તુને આ પ્રમાણે માને છે કે :- **'ઘટ્'** ધાતુ ચેષ્ટા અર્થમાં વપરાય છે. આ ધાત્વર્થ પરથી 'ઘટ' અર્થને જણાવતા આ નય કહે છે કે લોક પ્રસિદ્ધ એવો આ ઘટ કુમ્ભકારની ચેષ્ટાથી નિર્માણ પામેલ છે. આનો આકાર આ પ્રમાણે છે → ઉપરના બે હોઠ (કાંઠા) કુંડલાકારે છે જેના એવો આ ઘટ લંબગોલ, સમપરિધિવાળી ગ્રીવાથી યુક્ત છે. આને બતાવતાં-પદમાં સમાનાધિકરણ સમાસ છે. તેનો વિગ્રહ આ પ્રમાણે

१. एवं च खं.भां.। २. इति चेदत° पाA.।

**भाष्य– एकस्मिन् वा बहुषु वा नामादिविशेषितेषु साम्प्रतातीतानागतेषु घटेषु सम्प्रत्ययः सङ्ग्रहः।।**

समन्ताद् वृत्त इत्यर्थः। कस्य पुनः कार्यस्यासौ क्षम इत्याह– **जलादीनामित्यादि**। जलघृतक्षीरादीनामाहरणे=देशाद् देशान्तरसञ्चारणे **समर्थः**=शक्तः आनीतानां च धारणे प्रत्यलः। **उत्तरेत्यादि**। पाकजरक्तादिगुणपरिसमाप्त्या निष्पन्नद्रव्यविशेष इति। न द्रव्यं सामान्य मात्रं, किं तिर्हि ? **द्रव्यविशेषः**, परमार्थे सति वाचा, न संवृत्तिसतीति, **तस्मिन्** एवमात्मके **एकस्मिन् विशेषाः**=शुक्लपीतादयः कनकरजतादयः खण्ड-हुण्डादयो वा तद्वति **तज्जातीयाः**=तत्प्रकाराः व्यावर्णितघटप्रकाराः तेषु च **सर्वेषु** लोकप्रसिद्धेषु अविशेषात् अभेदेन **परिज्ञानं** निश्चतावबोधः **नैगमः** देश-समग्रग्राही नैगम इति, पूर्वाभिहितलक्षणप्रपञ्चोऽयं सामान्य-विशेषवैचित्र्यप्रदर्शनार्थः।।

**अथ** सङ्ग्रहः कथं घटमिच्छतीत्**याह– एकस्मिन्नित्यादि। एकस्मिन्** घटे **बहुषु** घटेषु **वा**

*હેમગિરા*

**ભાષ્યાર્થ :- નામ આદિથી વિશેષિત વર્તમાન, અતીત કે અનાગત એવા એક કે અનેક ઘટ વિશે સામાન્ય પ્રતીતિ તે સંગ્રહનય કરે છે.**

**उर्ध्वकुण्डलौष्ठश्चासौ आयतवृत्तग्रीवश्च उर्ध्व... ग्रीवः**. આ ઘટનો ઉપરિ આકાર દર્શાવ્યો. હવે નીચેનો કયો આકાર છે એને **अधस्तात्** ઈત્યાદિ પદોથી કહે છે. નીચેના ભાગમાં ચારે બાજુથી ગોળ=પરિમંડલઆકારવાળો આ ઘટ છે. હવે આ ઘટ શું કાર્ય કરવામાં સક્ષમ છે તે જણાવે છે → એક સ્થાનેથી અન્ય સ્થાને પાણી, ઘી, દૂધ આદિ વહન કરવામાં તથા લાવેલા પાણી આદિને ધારણ કરવામાં આ સમર્થ છે. તેમજ પાકજ, રક્તાદિ ઉત્તરગુણની પરિસમાપ્તિથી નિષ્પન્ન દ્રવ્ય વિશેષ તે આ ઘટ છે. આ નૈગમનય કોઈપણ દ્રવ્યને માત્ર સામાન્યરૂપે નથી માનતો પણ વિશેષરૂપે પણ માને છે. (પરંતુ સામાન્ય વિશેષને એકબીજાથી અત્યંત ભિન્ન માને છે) તેથી અહીં દ્રવ્ય વિશેષ (ઘટ)નું વિધાન કર્યું છે કારણ કે વિશેષ એ પરમાર્થ રૂપ હોઈ વ્યવહાર યોગ્ય હોવાથી તે વિશેષને આશ્રયી 'ઘટ' એવો વાચા પ્રયોગ થઈ શકે. સંવૃત્તિ (= સામાન્ય-સત્તા) અંગે વાચા પ્રયોગ શક્ય નથી.

ઉપરોક્ત ઘટમાં તથા તજ્જાતીય સફેદ, પીળો, સોનાનો, ચાંદીનો, ફૂટેલો, મસ્તક વગરનો ઈત્યાદિ જુદા જુદા પ્રકારના લોકપ્રસિદ્ધ ઘટોમાં અભેદ-સામાન્ય રૂપે થતો નિશ્ચિત બોધ તે નૈગમ. આ નૈગમ દેશ અને સમગ્રગ્રાહી એમ બે પ્રકારે છે અર્થાત્ સામાન્ય અને વિશેષ બે રીતે છે. આનું લક્ષણ પૂર્વે કહેવાયું છે. છતાં સામાન્ય વિશેષનું વૈચિત્ર્ય દર્શાવવા માટે ફરીથી અહીં વિસ્તાર કર્યો છે. સંગ્રહ કેવા પ્રકારના ઘટને ઈચ્છે છે ? તે જણાવે છે.

### ❋ સંગ્રહનયના અધ્યવસાયની પીછાણ ❋

ઘટાદિ પદાર્થો નિક્ષેપની અપેક્ષાએ નામ, સ્થાપના, દ્રવ્ય કે ભાવ એમ ચાર પ્રકારે છે

**भाष्य– तेष्वेव लौकिकपरीक्षकग्राह्येषूपचारगम्येषु यथास्थूलार्थेषु सम्प्रत्ययो व्यवहारः।। तेष्वेव सत्सु साम्प्रतेषु सम्प्रत्ययः ऋजुसूत्रः।।**

**नामादिविशेषितेष्विति** नाम-स्थापना-द्रव्य-भावघटेष्वित्यर्थः। **साम्प्रतेषु**=वर्तमानेष्वतीतेषु=अतिक्रान्तेष्वनागतेषु =आगामिषु घटेषु यः **सम्प्रत्ययः**=सामान्यं घटो घट इति परिज्ञानं **स सङ्ग्रहः**, यस्मात् सामान्यमेव घटादिरूपेण निर्भासते, न सामान्यादन्ये विशेषाः सन्ति।।

व्यवहाराभिप्रायप्रकटनायाह– **तेष्वित्यादि**। एक-द्वि-बहुत्वनामादिरूपेषु लोके विदिता लौकिकाः परीक्षकत्वेन ज्ञाताः **लौकिकपरीक्षकाः**=पर्यालोचकाः तेषां **ग्राह्याः**=आदेयाः जलाद्याहरणार्थं ये घटास्तेषु **उपचारगम्येष्विति** लोकक्रियाधारेषु, **यथास्थूलार्थेष्विति**[1] सूक्ष्मसामान्योपसर्जनेषु, यतोऽस्य विशेषैरेव व्यवहारो भूयसा, न सामान्येनेति।।

ऋजुसूत्रनयमतं विवृणोतितेष्वेवेत्यादि। घटेषु **सत्सु**=विद्यमानेषु वर्त्तमानसमयावधिकेषु **सम्प्रत्ययः ऋजुसूत्र** इति।।

*हेमगिरा*

**<u>ભાષ્યાર્થ</u> :- તથા લૌકિક પરીક્ષકોથી ગ્રાહ્ય, ઉપચારથી ગમ્ય અને યથાસ્થૂલ પદાર્થ રુપ નામાદિથી વિશેષિત અતીતાદિ ઘટ વિશે થતી જે વિશેષ પ્રતીતિ તે વ્યવહાર છે. તે જ ઉપર કહેલા ઘટાદિ પદાર્થોમાં વર્તમાન પ્રતીતિ તે ઋજુસૂત્ર.**

એમાંય વર્તમાન, અતીત અને ભવિષ્ય એમ કાળની અપેક્ષાએ ત્રણ પ્રકારે છે, આમાંથી કોઇ એક કે અનેક ઘડાઓમાં થતું ''ઘટ ઘટ'' ઇત્યાકારક જે સામાન્ય પરિજ્ઞાન તે સંગ્રહ છે.

કારણ કે આ નયના મતે સામાન્ય જ ઘટાદિ રૂપે દશ્યમાન છે. સામાન્યથી અન્ય કોઈ વિશેષ વસ્તુ જ નથી કે જે સ્વરૂપે ઘટ જણાય. વ્યવહારના અભિપ્રાયને જણાવે છે. :-

### ❋ વ્યવહારનયના અધ્યવસાયનો હળવો પરિચય ❋

૧. લોકમાં પરિક્ષક તરીકે જણાએલ એવા લૌકિક વિચારક પુરુષોને જલાદિ ધારણ માટે ઘટ તરિકે ઉપાદેય એવા તથા ૨. લોક ક્રિયાના આધારભૂત. સૂક્ષ્મ અને સામાન્યથી રહિત એવા એક, બે કે ઘણા વળી નામાદિ નિક્ષેપ યુક્ત એવા ઘટો વિશે થનારી પ્રતીતિ = અધ્યવસાય તેને "વ્યવહાર" નય કહેવાય. આ વ્યવહાર નયમાં વિશેષ વડે જ વ્યવહાર થાય છે. સામાન્ય વડે નહિ તેથી યથાસ્થૂલ વિશેષણ મુકયુ છે. ઋજુસૂત્ર મતનું વિવરણ કરે છે :-

### ❋ ઋજુસૂત્રનયના અધ્યવસાયની આછી સમજ ❋

સત્ = વિદ્યમાન (સત્રૂપ) એવા વર્તમાન ક્ષણની મર્યાદાવાળા પદાર્થોમાં થતો સંપ્રત્યય =

१. 'स्थूलेष्वर्थे' खं,भां।

**भाष्य– तेष्वेव[1] साम्प्रतेषु नामादीनामन्यतमग्राहिषु प्रसिद्धपूर्वकेषु घटेषु सम्प्रत्ययः साम्प्रतः शब्दः।। तेषामेव साम्प्रतानामध्यवसायासङ्क्रमो वितर्कध्यानवत् समभिरूढः।।**

अधुना साम्प्रताभिप्रायं निरूपयति– **तेष्वेवे**त्यादि। ऋजुसूत्राभिप्रेतेषु वर्त्तमानकालावधिकेषु नाम-स्थापना-द्रव्य-भावघटानां ये वाचकाः शब्दास्ते चान्यतमग्राहिणः यस्माद् यस्य शब्दस्य नम्यमानः पदार्थो वाच्यो न तस्य स्थापना, यस्य वा स्थापना न तस्य द्रव्यं, यस्य द्रव्यं न तस्यभावः इत्यतो **नामादीनां** घटानां ये शब्दाः अन्यतमं नाम-स्थापनादिकं गृह्णन्ति तेऽन्यतमग्राहिणस्तेषु शब्देषु उच्चारितेष्वन्यतमग्राहिषु यद् विज्ञानं स **साम्प्रतः**, [2]ते च शब्दा यदि प्रसिद्धाः पूर्वं भवन्ति निर्ज्ञाताभिधेयसम्बन्धाः अस्येदं वाच्यमित्यनेन रूपेण, तथा गमका इत्येतदाह– **प्रसिद्धपूर्वकेषु**, प्रसिद्धः पूर्वो येषां प्रथमः[3] सङ्केतस्ते प्रसिद्धपूर्वकास्तेषु नामादीनामन्यतमवाचकेषु **सम्प्रत्यय** इति।।

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- તે ઋજુસૂત્રનય-અભિમત વર્તમાનકાલીન, વિદ્યમાન (= સત્) પદાર્થોમાં જ પૂર્વ પ્રસિદ્ધ એવા નામાદિમાંથી કોઈપણ એકના ગ્રાહક એવા ઘટ શબ્દને વિશે થનાર જ્ઞાન તે સાંપ્રત = શબ્દ નય કહેવાય. વળી તે જ સાંપ્રતનયના અધ્યવસાયનું વિતર્ક ધ્યાનની જેમ અસંક્રમ તે સમભિરૂઢનય કહેવાય છે.**

અધ્યવસાય તે ઋજુસૂત્ર નય છે. આ નય અતીત, અનાગત કાલીન અને પરકીય વસ્તુને અસત્ માને છે. વર્તમાનકાલીન અને સ્વકીય વસ્તુને જ સત્ રૂપ માને છે. સાંપ્રત નયના અભિપ્રાયનું નિરૂપણ કરે છે.

**❋ સાંપ્રત નયના અધ્યવસાયની સમજ ❋**

સાંપ્રત (શબ્દ) નયના મત મુજબ ઋજુસૂત્રને અભિપ્રેત વર્તમાનકાળની અવધિવાળા એવા નામ ઘટ, સ્થાપના ઘટ, દ્રવ્ય ઘટ, ભાવ ઘટાદિના જે વાચક ઘટ શબ્દો છે તે શબ્દો આ નામાદિ ચારમાંથી કોઈ એકના જ ગ્રાહક બને છે. કારણ કે જે 'ઘટ' શબ્દથી નામ કરાતો પદાર્થ વાચ્ય બને તે શબ્દથી સ્થાપના રુપ પદાર્થ (સ્થાપના ઘટ) વાચ્ય નથી. અથવા તો જે શબ્દથી સ્થાપના (ઘટ) પદાર્થ વાચ્ય છે તે શબ્દથી દ્રવ્યરૂપ પદાર્થ વાચ્ય નથી, અને જે શબ્દથી દ્રવ્ય વાચ્ય છે. તે શબ્દથી ભાવ પદાર્થ વાચ્ય નથી. આ રીતે જે શબ્દો નામઘટ, સ્થાપનાઘટ આદિ ચારમાંથી કોઈ એકનું ગ્રહણ કરે તેવા અન્યતમગ્રાહી શબ્દોનો ઉચ્ચાર કરતા જે 'વિજ્ઞાન' થાય તે સામ્પ્રત શબ્દ નય કહેવાય. સાથે એ પણ જાણવું કે આ શબ્દો પૂર્વે પ્રસિદ્ધ થયેલા હોવા જોઈએ. અર્થાત્ વાચ્ય-વાચક સંબંધના નિશ્ચયવાળા હોવા જોઈએ. ભાવાર્થ એ છે કે આ ઘટાદિ વાચક શબ્દથી આ ઘટાદિ પદાર્થો વાચ્ય છે એવો સંકેત પૂર્વે પ્રસિદ્ધ થઈ ગયો છે જેનામાં તેવા નામાદિ ચાર ઘટાદિમાંથી કોઈપણ એકનો વાચક જે ઘટાદિ શબ્દ તે વિશે થતો જે સમ્પ્રત્યય=વિજ્ઞાન તે સામ્પ્રત નય કહેવાય છે.

१. तेष्वेव सत्सु सा° को.। २. ते शब्दा मु.सं (खं,भां)। ३. प्रथमं मु. (खं,रा)।

समभिरूढमतोद्विभावयिषया आह- **तेषामेव** घटानां सतां=विद्यमानानां वर्त्तमानकालावधिकानां सम्बन्धी योऽध्यवसायासङ्क्रमः स समभिरूढः, अध्यवसायो=विज्ञानं तस्य विज्ञानस्योत्पादकत्वाभिधान**मप्यध्यवसायस्तस्यासङ्क्रमः**=अन्यत्र वाच्येष्वप्रवृत्तिः, नहि घट इत्यस्याभिधानस्य कुटो वाच्यः, कुटो इत्यस्य वा घट इति। अध्यवसायासङ्क्रमं च दृष्टान्तेन भावयति– **वितर्कध्यानवदिति**। अन्यतमैकयोगानामेकत्वं वितर्कमिति वक्ष्यति **नवमेऽध्याये (सू.४१)**, वितर्कः श्रुतं, वितर्कप्रधानं ध्यानं वितर्कध्यानं तद्वत्।।

**नन्वाद्येऽपि** शुक्लभेदे वितर्कप्रधानता समस्ति ? **नैवम्**, तत्र सङ्क्रमाभ्युपगमात् **'अविचारं द्वितीयम्'** (अ.९, सू.४४) इति वचनात् एकत्ववितर्कपरिग्रह इति।।

• *હેમગિરા* •

### ❋ સમભિરૂઢનયના અધ્યવસાયનો પરિચય ❋

હવે સમભિરુઢનયની માન્યતાને જણાવતાં કહે છે કે વર્તમાનકાલીન અને સત્ = વિદ્યમાન જે ઘટાદિ પદાર્થો છે, તે સંબંધી અધ્યવસાયનું જે અસંક્રમ = પદાર્થાન્તરમાં અપ્રવૃત્તિ. તે સમભિરૂઢ નય કહેવાય છે. આ નય મુજબ અધ્યવસાય (= વિજ્ઞાન)નું ઉત્પાદક જે નામ ('ઘટ' શબ્દ) તે પણ અધ્યવસાય કહેવાય છે, એવા આ અધ્યવસાયની બીજા કોઈ વાચ્ય અર્થોમાં પ્રવૃત્તિ ન થઈ શકે કારણ કે 'ઘટ' એવા નામ થકી 'કુટ' પદાર્થ વાચ્ય ન બની શકે. 'ઘટ' નામ એ ઘટ પદાર્થનો જ અધ્યવસાય કરાવવા સુધી સીમિત છે. એ જ રીતે 'કુટ' શબ્દ પણ કુટને જ જણાવે ઘટને ન જણાવે. (આશય એ છે કે એક શબ્દથી થતો અધ્યવસાય અન્ય શબ્દ (અર્થ)માં સંક્રમણ ન કરે)

અધ્યવસાયના અસંક્રમને દૃષ્ટાંતથી સમજાવતા કહે છે કે સૂત્ર ૯/૪૧માં દર્શાવેલ એકત્વવિતર્ક-વિચાર નામનો શુકલધ્યાનનો બીજો ભેદ તે જેમ મન આદિ યોગોમાંથી કોઈ એક યોગમાં જ પ્રવર્તે છે. તેમ આ સમભિરૂઢ નયમાં પણ એક શબ્દ એક પદાર્થના જ અધ્યવસાયમાં વર્તે. બીજા અધ્યવસાયમાં સંક્રમ ન પામે. સૂત્ર ૯/૪૧માં શુક્લ ધ્યાનના જે ભેદ કહ્યા છે, તેમાં પ્રથમ પૃથકત્વવિતર્ક છે અને બીજો ભેદ એકત્વ વિતર્ક છે. આ બન્ને ભેદો વિતર્ક એટલે શ્રુતની પ્રધાનતાવાળા હોય છે. પ્રસ્તુતમાં બીજા ભેદને દૃષ્ટાંત તરીકે ગ્રહણ કરેલ છે.

<u>શંકા</u> :- શુકલ ધ્યાનનો પ્રથમ ભેદ (પૃથકત્વ વિતર્ક) પણ વિતર્કની પ્રધાનતાવાળો જ છે. ! તો તેનું દૃષ્ટાંત કેમ ન લઈ શકાય ?

<u>સમાધાન</u> :- વિતર્કની પ્રધાનતા ભલે હોય પણ પ્રથમ ભેદમાં સંક્રમનો સ્વીકાર કરેલ છે, એથી એનું ગ્રહણ ન કરી શકાય પરંતુ સૂત્ર ૯/૪૪માં "એકત્વવિતર્ક નામનો બીજો ભેદ 'વિચારરહિત' હોય છે" એમ કહી આ બીજા ભેદમાં અર્થ અને વ્યંજનનું તેમજ મનાદિ યોગનું એકમાંથી બીજામાં સંચરણ સ્વરૂપ સંક્રમણનો નિષેધ કર્યો છે. આથી જ અહીં એકત્વવિતર્ક નામક બીજા શુક્લધ્યાનના ભેદનું જ દૃષ્ટાંતરૂપે ગ્રહણ કર્યું છે.

१. वाच्य अप्रवृत्तिः खं.।

**भाष्य- तेषामेव व्यञ्जनार्थयोरन्योन्यापेक्षार्थग्राहित्वमेवम्भूत इति।। अत्राह- एवमिदानीमेकस्मिन्नर्थेऽध्यवसायनानात्वात् ननु विप्रतिपत्तिप्रसङ्ग इति।**

एवम्भूताभिप्रायमाविष्करोति-**तेषामेवे**त्यादि। **तेषामेवा**नन्तरनयपरिगृहीतघटानां यौ **व्यञ्जनार्थौ तयोरन्योन्यापेक्षार्थग्राही** योऽध्यवसायः स **एवम्भूतः** परमार्थः व्यञ्जनं वाचकः शब्दः, अर्थोऽभिधेयो वाच्यः। अथ का पुनरन्योन्यापेक्षा ?, यदि यथा व्यञ्जनं तथार्थो यथा चार्थस्तथा व्यञ्जनम्, एवं हि सति वाच्यवाचकसम्बन्धो घटते अन्यथा न, योग्यक्रिया[1]विशिष्टमेव वस्तुस्वरूपं प्रतिपद्यत इति।।

एवं भाविते नयानामभिप्राये नोदकः स्वाभिप्रायमभिव्यनक्ति- **एवमिदानीमेकस्मिन्नि**त्यादिना भाष्येण। **एवमि**ति यथा प्रतिपादितैरेकवस्तुनि परस्परविलक्षणैर्भेदैः **इदानीमि**त्येतत् पूर्वाभिहितनयवादकाला-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- તે જ સમભિરૂઢનયથી ગૃહીત ઘટાદિ અર્થના જે વ્યંજન અને અર્થ તે બન્નેની અન્યોન્ય અપેક્ષા વડે (ઘટાદિ) અર્થનો ગ્રાહી તે એવંભૂત નય છે.**

**<u>શંકા</u> :- આ રીતે (અનેક નયથી) એક જ અર્થ - વસ્તુમાં અનેક અધ્યવસાયોનું તમે પ્રતિપાદન કર્યું અને તેમ થવાથી તો વિપ્રતિપત્તિ = વિરોધનો પ્રસંગ આવશે ?**

### ❋ એવંભૂતનયના અધ્યવસાયનો દાખલો ❋

એવંભૂતનયના અભિપ્રાયને જણાવે છે → હમણાં જ કહી ગયેલા સમભિરૂઢ નયથી પરિગૃહીત ઘટોના જે વ્યંજન અને અર્થ એ બન્નેની પરસ્પર અપેક્ષાને આશ્રયી થનાર અર્થ ગ્રહણ રુપ જે અધ્યવસાય તે એવંભૂત નય છે. વ્યંજન એટલે વાચક શબ્દ અર્થ એટલે વાચ્ય પદાર્થ. 'અન્યોન્ય અપેક્ષા' શું છે તે કહે છે કે- જેવું વ્યંજન તેવો પદાર્થ અને જેવો પદાર્થ તેવું વ્યંજન, એવી જયાં અન્યોન્ય અપેક્ષા હોય ત્યાં જ વાચ્ય-વાચક સંબંધ ઘટે, અન્યથા ન ઘટે. આ નય સ્વ-યોગ્ય અર્થ ક્રિયાથી વિશિષ્ટ જ પદાર્થને વાસ્તવિક સ્વરૂપે સ્વીકારે છે. આ રીતે નયોના અભિપ્રાય જણાવ્યે છતે શંકાકાર પોતાના અભિપ્રાયને પ્રગટ કરે છે.

### ❋ નયોની વિચારણામાં વિરોધનું પ્રદર્શન ❋

<u>શંકા</u> :- જે રીતે હમણાં પૂર્વે કહેવાયેલ નયવાદ થકી એક જ વસ્તુને પરસ્પર વિલક્ષણ ભેદોવાળી પ્રતિપાદિત કરી છે. તે રીતે વિચારતાં તો એક ઘટ પદાર્થમાં અધ્યવસાયનું અનેકત્વ (વિરોધ) આવશે. જો ઘણાં પદાર્થોને આશ્રયી વિચારીએ તો આ વિલક્ષણતા રુપ દોષની આશંકા ન થાય કારણ કે દરેક વસ્તુમાં નય પ્રવર્તે છે. પણ એક વસ્તુમાં વિચારતા તો અધ્યવસાયનું અનેકત્વ = વિજ્ઞાનભેદ હોવાથી વિપ્રતિપત્તિ = વિરોધનો પ્રસંગ આવે જ. (ભાષ્યગત '**इदानीम्**' શબ્દનો પ્રયોગ હમણાં પૂર્વે જે નયવાદની વાત કરી તે કાલને આશ્રયીને થયો છે તથા '**ननु**' શબ્દએ મીમાંસા-વિચારણાના અર્થમાં છે અર્થાત્ એક અર્થમાં સર્વ નય ઘટાડતાં વિપ્રતિપત્તિ પ્રસંગ આવે

१. क्रियाविष्टामेव- खं,भां,सं.।

**भाष्य- अत्रोच्यते- यथा सर्वमेकं सदविशेषात्। सर्वं द्वित्वं जीवाजीवात्मकत्वात्। सर्वं त्रित्वं द्रव्य-गुण-पर्यायावरोधात्। सर्वं चतुष्टयं चतुर्दर्शनविषयावरोधात्। सर्वं पञ्चत्वं [1]पञ्चास्तिकायात्मकत्वात्। सर्वं [*]षट्कं 卐षड्द्रव्यावरोधादिति। यथैता न विप्रतिपत्तयोऽथ चाध्यवसायस्थानान्तराण्येतानि, तद्वन्नयवादा इति।।**

पेक्षया प्रयुज्यते, एवमवस्थिते नयप्रस्थानेऽऽधुना इदमापनीपद्यते— **एकस्मिन्नर्थे** घटवस्तुनि, बहुष्वर्थेषु न दोषाशङ्काऽस्ति, प्रतिवस्तु नयप्रवृत्तेः, एकस्मिन् **पुनरध्यवसायनानात्वाद्** विज्ञानभेदात्, ननु शब्दो मीमांसायां, मीमांसनीयमेतदेवं, **विप्रतिपत्तिप्रसङ्ग इति**, विरूद्धत्वप्रतीतिर्विप्रतिपत्तिस्तस्याः प्रसङ्गोऽनिष्टमितियावत्, न ह्येकमेव वस्तु सामान्यं सत् पुनर्विशेषो भवति । त्रैकालिकः[2] वर्त्तमानक्षणावधिको[3] वा, नामादित्रयनिरासाद् वा भावमात्रं पर्यायशब्दानभिधेयो वा विशिष्टक्रिया-विष्टो वा वस्तुविशेष इति, विरूद्धाः प्रतीतयः सकलाः प्रतीयन्त इति न च विरूद्धप्रतीतिकः पदार्थो निश्चेतुं शक्यः[4], न चानिश्चयात्माकं तत्त्वज्ञानमित्याकुमारं[5] प्रसिद्धिः। शास्त्रकारस्तु येनाभिप्रायेण ज्ञेयस्यार्थस्याध्यवसायान्तराण्येतानीत्युक्तवान् तं प्रचिकटयिपुराह— **अत्रोच्यते** विप्रतिपत्तिपरिहारः-

**यथेत्यादि**। सकलं जगदनेकावयवात्मकमपि सत्तामात्रव्याप्तेरविशेषादेकमुच्यते। [6]एकं च सद्

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>સમાધાન</u> :- જેમ જગતની સર્વ વસ્તુમાં 'સત્'(સત્તા) અવિશેષપણે (સર્વત્ર) હોવાથી તે વસ્તુઓ એક છે તથા જીવ અજીવ બે વિભાગની અપેક્ષાએ બે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની અપેક્ષાએ ત્રણ છે. ચક્ષુઆદિ ચાર દર્શનની અપેક્ષાએ ચાર છે. પંચાસ્તિકાયાત્મક હોવાથી પાંચ છે. ષડ્દ્રવ્યની અપેક્ષાએ છ છે. તેમ છતાં જેમ આ બધામાં કોઈ વિપ્રતિપત્તિ નથી પણ જુદા જુદા કક્ષાના આ અધ્યવસાયો જ છે. તે રીતે નયવાદમાં પણ સમજવું.**

તે વિચારવું જોઈએ.) તે આ પ્રમાણે → ક્યારે પણ એક જ વસ્તુ સામાન્ય રુપ હોવા સાથે ફરી વિશેષ રુપ ન હોઈ શકે. કારણકે ત્રૈકાલિક (સ્થિર) હોવા સાથે વર્તમાનક્ષણ-અવધિવાળી (ક્ષણિક) ન હોય. તથા નિક્ષેપચતુષ્ટયાત્મક હોવા સાથે નામ, સ્થાપના, દ્રવ્ય આ ત્રણેની બાદબાકી કરવા પૂર્વક ભાવ માત્ર રૂપે પણ ન હોય તથા પર્યાયવાચી શબ્દોથી અભિધેય હોવા સાથે પર્યાય શબ્દથી અનભિધેય ન હોઈ શકે, વિશિષ્ટ ક્રિયાથી મુક્ત હોવા સાથે વિશિષ્ટક્રિયાથી યુક્ત કોઈ વસ્તુ હોય તેવું પણ ન સંભવે. આશય એ છે કે એક વસ્તુમાં સામાન્ય, વિશેષ, વર્તમાન ક્ષણવર્તીત્વ, ત્રૈકાલિકતા ઇત્યાદિ અનેક પરસ્પર વિરોધિ ધર્મો સ્વીકારવા તે અનુચિત છે. કારણ કે આ બધી પ્રતીતિઓ એકબીજાની વિરોધી છે અને વિરૂદ્ધ પ્રતીતિરૂપ પદાર્થોનો પારમાર્થિક-નિશ્ચય ન થઈ શકે. અને અનિશ્ચયાત્મક પદાર્થ તત્ત્વજ્ઞાન (સત્ય) સ્વરૂપ બને જ નહીં. આ વાત તો આબાલગોપાલ

*. જુઓ પરિશિષ્ટ-૧ ટિ.૪૮ १. 'अस्तिकायावरोधात्' - 'को'। २. त्रिकालिकः मु.(भां,खं)। ३. मानलक्षणा पाA। ४. शक्यते मु./शक्यन्ते राA (खं,भां)। 'मारसिद्धिः मु.(खं,भां)। ६. एकं च स द्विधा पाA.। 卐. षट्त्वं वा.।

द्विधा, जीवाजीवमात्रविवक्षावशात्। कथं पुनरेकसङ्ख्याव्यवच्छिन्नं सद् द्वित्वसङ्ख्याया गोचरीभवति ?, *न च काल्पनिकमेतत्, अंशसद्भावात्, तस्मान्नास्ति विरोधः,* एवं नयेष्वप्यविरोधप्रतिपत्तिः साधीयसीति।

**तथा** तदेवैकं त्रिधा, द्रव्य-गुण-पर्यायेषु सर्वस्यावरूद्धत्वाद्, गुण-पर्यायाणामन्वयि द्रव्यं, गुणा=रूपादयः पर्यायाः=कपालादयः, सहभूत्वं क्रमभूत्वं चादाय भेदेनोपादानमिति। तथा तदेवैकं चतुर्धा, चक्षुर्दर्शनादिभिश्चतुर्भिः सर्वस्य विषयीकृतत्वात् तन्मात्रता। तथा तदेव पञ्चस्वभावं निरूप्यते, **पञ्चास्तिकायात्मकत्वात्**, एतदाह– सर्वपञ्चत्वमस्तिकायावरोधात्[1], पञ्चस्वभावं सर्वमिदं जगत्, पञ्चभिरस्तिकायैरवरूद्धत्वात्, धर्माधर्माकाश-जीव-पुद्गलास्तिकायात्मकं यतः। तथा तदेव पञ्चस्वभावं षट्स्वभावं, षट्द्रव्यसमन्वितत्वात्, तदाह–**सर्वं षट्कं षड्द्रव्यावरोधात्**, सर्वं षड्स्वभावं, जगत्,

• *હેમગિરા* •

પ્રસિદ્ધ છે અર્થાત્ અનિશ્ચિત અર્થ એ બુદ્ધિશાળી માટે ઉપાદેય નથી બનતો. આના જવાબમાં શાસ્ત્રકારે "જ્ઞેય-અર્થના અધ્યવસાયો કયા અભિપ્રાયને લીધે ભિન્ન-ભિન્ન કહ્યા છે તે હકીકતને પ્રકાશવાની ઇચ્છાથી કહે છે....

### ❋ અપેક્ષા-વિવક્ષા ભેદ હોવાથી વિરોધ નથી ❋

**વિપ્રતિપત્તિ પરિહાર :-** અનેક અવયવ(ખંડ) આત્મક આ જગત હોવા છતાં સત્તા માત્રની વ્યાપ્તિ અવિશેષપણે સર્વત્ર રહેલ હોવાથી આ જગત એકરૂપ કહેવાય છે. એ જ રીતે સત્‌ની અપેક્ષા વસ્તુ એક હોવા છતાં જીવ અને અજીવ માત્રની વિવક્ષા કરીએ ત્યારે તે એકવસ્તુ પણ બે ભેદમાં વહેંચી શકાય. જો એક વસ્તુમાં દ્વિત્વઘટી જ ન શકે તો હમણાં કહ્યું તે પ્રમાણે જે વસ્તુ એક સંખ્યા રૂપે નક્કી થાય તે જ વસ્તુ 'દ્વિત્વ' = બે સખ્યાનો વિષય કઈ રીતે બની શકે ? અને બને તો છે જ. આ કોઈ કલ્પના નથી. કારણકે પદાર્થ માત્રમાં અનંતા અંશો=ધર્મો રહ્યા હોવાથી તે તે અંશોની અપેક્ષાએ ઉપરોક્ત અર્થઘટન કરી શકાય છે. એમા કોઈ વિરોધ નથી. એ જ રીતે નયોમાં પણ થતી પ્રતીતિઓનો વિરોધ નથી.

વળી સર્વ વસ્તુ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં અવરૂદ્ધ (સંકલિત) હોવાથી ત્રણભેદરૂપ પણ છે. તે આ મુજબ → ગુણ-પર્યાય જેમાં રહે છે તે (અન્વયી) દ્રવ્ય છે. તથા રુપાદિ તે ગુણ છે. કપાલ આદિ પર્યાય છે. સામાન્ય રીતે વિચારતા ગુણ અને પર્યાયમાં બહુ તફાવત નથી છતાં સહભાવી તે ગુણ અને ક્રમભાવી તે પર્યાય. આ રીતે વિચારતા ભેદ પણ કહી શકાય છે. દ્રવ્ય, ગુણ પર્યાયાત્મક ધર્મની અપેક્ષા એ સર્વ વસ્તુમાં ત્રિત્વ=ત્રણ સંખ્યાનો અધ્યવસાય થાય છે. એ જ પ્રમાણે ચક્ષુદર્શન આદિ (ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલ) ચાર વડે તે જ ઘટાદિ સર્વ વસ્તુ વિષય બનતી હોવાથી ચાર પ્રકારે પણ કહેવાય. તેમજ ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવાદિ પાંચ અસ્તિકાયમય આ જગત હોવાથી વસ્તુમાત્ર પંચ સ્વભાવાત્મક પણ છે.

એ જ રીતે ષડ્સ્વભાવમય જગત છે. ઉપર કથિત પાંચ દ્રવ્ય સહિત છઠ્ઠાકાળનું ગ્રહણ

१. वरोधत्वात्- भां.सं.।

कुतः? **षड्द्रव्यावरोधादिति।** षड् द्रव्याणि कथम् ? उच्यते- पञ्च धर्मादीनि **कालश्चेत्येके** (सू. ५/३८) इति। यथा- येन प्रकारेण **एताः** एक-द्वि-त्रि-चतुः-पञ्च-षडात्मिका अवस्थाः एकत्र जगत्युपादीयमाना **न** विरूद्धाः **प्रतिपत्तयो भवन्ति**, अथ **च** ज्ञेयस्य जगतः **अध्यवसायान्तराणि**= परिच्छेदकारिविज्ञानान्येकादिरूपेण, तद्वत् तेन प्रकारेण **नयानां** ‣नैगमादीनां◂ **वादा**=जल्पा अध्यवसायकृता न विरूध्यन्ते।

एतत् कथयति यो हि नाम यत्र वस्तुनि धर्मो न विद्यते स तत्र स्वेच्छयोपादीयमानस्तत्स्थेनापरेण धर्मेण विरोधं प्रतिपद्यते, यथाऽऽत्मनि अज्ञानिता उपादीयमाना ज्ञानरूपेणात्मस्थेन धर्मेण विरूद्धा सती त्यज्यते, नैवं नयेषु, यथा वा व्योम्नि मूर्त्तता तत्स्थेनापरेणामूर्तेन धर्मेण विरूद्धा सती विप्रतिपत्तिरूच्यते, नैवं नयेषु, यतो वस्तु सामान्य-विशेषधर्मसमन्वितं कश्चित् केनचिदाकारेण परिच्छिनति। यदि ह्यसन्नेवासौ धर्मस्तेन नयेन तत्र वस्तुन्यध्यारोप्येत स्याद् विप्रतिपत्तिप्रसङ्ग इति, न तु तथा।

• *હેમગિરા* •

કરતા છ દ્રવ્ય થાય. સંપૂર્ણ જગત છ દ્રવ્યથી અવરૂદ્ધ (ભરેલો) છે. '**कालश्चेत्येके**' સૂત્ર (૫/૩૮) મુજબ "કાળને પણ કેટલાક દ્રવ્ય માને છે. એ અપેક્ષાએ જગત ષડ્દ્રવ્ય સ્વભાવાત્મક છે. જે રીતે.... એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ પ્રકારવાળી જુદી જુદી અવસ્થા એક જ જગત (જ્ઞેય)માં રહેવા છતાં પણ વિરૂદ્ધ પ્રતિપ્રત્તિરૂપ થતી નથી અર્થાત્ જ્ઞેય(જગત્)ના ભિન્ન અધ્યવસાયો = એક,બે ઇત્યાદિ રૂપે બોધ કરનાર વિજ્ઞાનો જેમ વિરોધને પામતાં નથી તેમ આ નૈગમાદિ નયવાદો = નૈગમાદિ અધ્યવસાયોથી કરાયેલા જલ્પો = કથનો પણ વિરોધદશાને પામતાં નથી.

### ❋ વિરોધના સ્વરૂપને ઓળખીએ ❋

આશય એ છે કે.... જે ધર્મ જે વસ્તુમાં રહેલ જ નથી તેવા ધર્મનું જો તે વસ્તુમાં સ્વેચ્છાએ પ્રતિપાદન કરાય, તો તે વસ્તુમાં રહેલા ધર્મ સાથે આ (નહીં રહેલ) ધર્મનો વિરોધ આવે. જેમ કે કોઈ આત્મામાં 'અજ્ઞાનિત્વ' ધર્મને રાખવાની વાત કરે તો આત્મનિષ્ઠ જ્ઞાન ગુણ (ધર્મ) સાથે આનો વિરોધ આવે. તેથી આવા (અજ્ઞાનિત્વ જેવા) વિરોધી ધર્મો તજવા લાયક બને, પણ નયોમાં એવું નથી અથવા તો જેમ આકાશમાં (એકાંતે) મૂર્ત ધર્મનું કોઈ પ્રતિપાદન કરે તો તે આકાશમાં રહેલા અમૂર્ત ધર્મ સાથે તેનો વિરોધ હોવાથી વિપ્રતિપત્તિ થાય. પરંતુ નયોના વિષયમાં આવું નથી. કારણ કે વસ્તુમાત્ર સામાન્ય અને વિશેષ બન્ને ધર્મથી યુક્ત છે. આથી કોઇ વ્યક્તિ વસ્તુને સામાન્ય ધર્મથી જાણે, તો કોઇ વિશેષથી. અગર જો વસ્તુમાં અત્યંત અસત્ - એવા ધર્મનું કોઈ આરોપણ આ નય થકી કરવામાં આવે તો વિપ્રતિપત્તિ પ્રસંગ આવે, પણ તેવું તો છે નહીં.

‣....◂. एतच्चिह्नितपाठो मु. पुस्तके नास्ति (खं.भां)।

**भाष्य- किंचान्यत्। यथा मतिज्ञानादिभिः पञ्चभिर्ज्ञानैर्धर्मादीनामस्तिकायानामन्यतमोऽर्थः पृथक् पृथगुपलभ्यते, पर्यायविशुद्धिविशेषादुत्कर्षेण, न च [1]तानि विप्रतिपत्तयो भवन्ति, तद्वन्नयवादाः।।**

**किञ्चान्यदि**त्यनेनोपपत्त्यन्तरमप्यस्ति विप्रतिपत्तिदोषस्य परिहारार्थमिति दर्शयति– **यथा मति**-श्रुतावधि-मनःपर्याय-केवलज्ञानैः **पञ्चभिर्धर्मा**धर्माकाश-जीव-पुद्गलाना**मस्तिकायानामिति**, अस्तीति त्रैकालिकसत्तासंसूचको निपातः, अभूवन् भवन्ति भविष्यन्ति च यतोऽतः सूच्यन्तेऽस्तीत्यनेन, काय इत्यनेन प्रदेशावयवबहुत्वमाचष्टे, वक्ष्यति पञ्चमे **असङ्ख्येयाः प्रदेशाः (अ.५, सू.७)** इत्यादि, अतोऽस्ति च ते कायाश्चेति, तेषा**मन्यतमः अर्थ** इति धर्मादिः, **पृथक् पृथगुपलभ्यत** इति, अन्यथा चान्यथा च परिच्छिद्यत इत्यर्थः।।

**ननु** चैकस्वभावस्य धर्मादेरस्तिकायस्य मत्यादिज्ञानैरयुक्तोऽन्यथात्वेन परिच्छेद इत्येवं नोदिते आह– **पर्यायविशुद्धी**त्यादि। पर्याया=भेदाः=विज्ञानस्वभावा मत्यादिरूपाः तेषां विशुद्धिः स्वच्छता स्वावरणापगमजनिता तस्याः पर्यायविशुद्धेर्विशेषो=भेदस्तस्मात् **पर्यायविशुद्धिविशेषाद् उत्कर्षेण**=प्रकर्षेण

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- વળી બીજુ એ કે- જેમ મતિ શ્રુત આદિ પાંચ જ્ઞાનો વડે ધર્માસ્તિકાયાદિ કોઈપણ પદાર્થની જુદી જુદી રીતે ઉપલબ્ધિ થાય છે. મતિ આદિ જ્ઞાનની વિશુદ્ધિના વિશેષ ઉત્કર્ષથી એક જ ધર્માસ્તિકાયને ભિન્ન રીતે ઉત્કર્ષતાપૂર્વક જાણી શકાય છે. છતાં આ મતિ આદિ જ્ઞાનો કોઈ વિપ્રતિપત્તિવાળા નથી બની જતા. તેમ નયવાદમાં પણ સમજવું.**

### ❋ જ્ઞાન પણ પરસ્પર ભિન્નાર્થ ગ્રાહી છે ❋

ભાષ્યમાં નિર્દિષ્ટ '**किञ्चान्यत्**' પદ નયવાદમાં વિપ્રતિપત્તિ દોષના પરિહાર માટે બીજી યુક્તિ પણ છે તે સિદ્ધ કરે છે. જેમ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલજ્ઞાન વડે ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ પાંચ અસ્તિકાયમાંથી એક-એક અર્થ અન્ય-અન્ય રીતે (વિવિધ પર્યાયપૂર્વક) જણાય છે. (તેમ અનેક અંશગ્રાહી નય વાદમાંય કોઈ વિરોધ નથી) '**अस्तिकाय**'માં '**अस्ति**' પદ એ ત્રૈકાલિક સત્તાનું સૂચક નૈપાતિક પદ (અવ્યય) છે. આ પાંચે ધર્માદિ પૂર્વે હતાં, ભવિષ્યમાં રહેશે અને વર્તમાનમાં છે એમ 'અસ્તિ' પદથી જણાય છે. – '**काय**' શબ્દ ધર્માસ્તિ આદિ દરેકના પ્રદેશરૂપ અવયવની બહુલતા દર્શાવે છે. આ વાતને '**असंख्येयाः प्रदेशाः**' ઇત્યાદિ ૫/૭ સૂત્રથી સ્પષ્ટ કરેલ છે. **अस्तिकाय** પદમાં કર્મધારય તત્પુરુષ સમાસ થએલ છે. જેનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ છે. ધર્માદિ પાંચ અસ્તિકાયમાંથી એક અર્થ જુદી-જુદી રીતે આ પાંચ જ્ઞાનથી જાણી શકાય છે.

<u>શંકા</u> :- એક સ્વભાવવાળા એવા ધર્માદિ અસ્તિકાયનો મતિ આદિ જ્ઞાનો વડે અન્યથા-અન્યથા પ્રકારે બોધ થવો તે વાત અસંગત છે, [કારણ કે વસ્તુગત સ્વભાવ તો એક જ રહે છે.]

<u>સમાધાન</u> :- વિજ્ઞાન સ્વભાવવાળા મતિ આદિ જ્ઞાનના ભેદોમાં સ્વ-આવરણીય કર્મો દૂર થવાથી

१. ता विप्र° को।

तैर्मत्यादिभिस्तेषामस्तिकायानां पृथक् पृथगुपलब्धिर्भवति, तद्यथा– मतिज्ञानी 'मनुष्यजीवस्य' मनुष्यपर्यायं वर्त्तमानं चक्षुरादिनेन्द्रियेण साक्षात् परिच्छिनत्ति, तमेव च श्रुतज्ञानी आगमानुमानस्वभावेन, तमेवावधिज्ञानी अतीन्द्रियेण ज्ञानेन, तमेव मनःपर्यायज्ञानी तस्य मनुष्यपर्यायस्य यः प्रश्ने प्रवर्तते तद्गतानि मनोद्रव्याणि दृष्ट्वा[1] अनुमानेनैव तं मनुष्यपर्यायमवच्छिनत्ति, केवलज्ञानी पुनरत्यन्तविशुद्धेन केवलेनावबुध्यते। **न चैता** मत्यादिका **विप्रतिपत्तयः**=विरूद्धाः प्रतिपत्तयः, स्वसामर्थ्येन विषय[2]परिच्छेदात्, **तद्वन्नयवादा** इति किं नाश्रीयते ?।

अथवा **पर्यायविशुद्धिविशेषादुत्कर्षेणे**त्यन्यथा वर्ण्यते, पर्यायाणां=क्रमभुवां मनुष्यादीनां जीवास्तिकायादिसम्बन्धिनां मत्यादिभिर्ज्ञानैः पृथक् पृथगुपलब्धिर्भवति, **कथं** ? प्रकर्षेण, कस्मादिति चेत् ? **उच्यते**– विशुद्धिविशेषात् ज्ञानानां[3] मत्यादीनां, यतो मतिज्ञानी मनुष्यादेजीवस्य काँश्चिदेव पर्यायान् परिच्छिनत्ति ततो बहुतरांश्च श्रुतज्ञानी जानीते, यतोऽभिहितं– '**संखातीतेऽवि भवे**'[4] (आवश्यनिर्युक्ति

• હેમગિરા •

ઉત્પન્ન થયેલ જે સ્વચ્છતા અર્થાત્ વિશુદ્ધિ. તે વિશુદ્ધિના ભેદથી પ્રકર્ષતાપૂર્વક આ મતિ આદિ જ્ઞાનો વડે ધર્માદિ અસ્તિકાયની પૃથક્ પૃથક્ ઉપલબ્ધિ થાય છે. તે આ મુજબ → મતિજ્ઞાની મનુષ્ય જીવના વર્તમાન મનુષ્ય પર્યાયને ચક્ષુ આદિ ઈન્દ્રિયો વડે સાક્ષાત્ જાણે છે અને તે જ પર્યાયને શ્રુતજ્ઞાની આગમ અને અનુમાનજ્ઞાન સ્વભાવથી જાણે છે. તેને જ અવધિજ્ઞાની અતિન્દ્રિયજ્ઞાનથી જાણે છે. આ જ પર્યાય. જ્યારે કોઈ સંજ્ઞીના મનમાં પ્રશ્ન (અથવા વિચાર) તરીકે પ્રવર્તતો હોય ત્યારે તે જીવગત મનોવર્ગણા દ્રવ્યોને જોઈ મનઃપર્યાયજ્ઞાની અનુમાન વડે જ મનુષ્ય પર્યાયને જાણી લે છે. કેવળજ્ઞાની તો અત્યંત વિશુદ્ધ કેવળજ્ઞાન વડે આ પર્યાયોને સંપૂર્ણતયા જાણે છે.

આમ એક જ વસ્તુને ભિન્ન ભિન્ન રીતે જોનાર આ મતિ આદિ જ્ઞાનોમાં જેમ કોઈ વિરુદ્ધ પ્રતિપત્તિ = બોધ નથી કારણ કે બધા જ્ઞાનો પોત પોતાના સામર્થ્ય વિશેષથી વસ્તુનો વિભિન્ન પરિચ્છેદ કરે છે. તેમ નયો પણ પોતાની જુદી-જુદી અપેક્ષાએ વસ્તુઅંશના ભિન્ન-ભિન્ન જ્ઞાનો કરે તેમાં કોઈ વિરોધ નથી. અથવા તો **पर्यायविशुद्धिविशेषादुत्कर्षेण** એ પદોનો બીજી રીતે અર્થ કરવો તે આ રીતે → **પર્યાય** એટલે ક્રમથી થનારી જીવાસ્તિકાયાદિ સંબંધી મનુષ્યાદિની અવસ્થાઓ. આ અવસ્થાઓ મતિ આદિ જ્ઞાનો વડે ભિન્ન ભિન્ન જણાય છે.

<u>પ્રશ્ન</u> :- શાથી ભિન્ન ભિન્ન જણાય છે ? <u>જવાબ</u> :- પ્રકર્ષતાને લીધે.

<u>પ્રશ્ન</u> :- આ પ્રકષર્તા કોના લીધે છે ? <u>જવાબ</u> :- મતિ આદિ જ્ઞાનોની વિશેષ વિશુદ્ધિ ને લીધે આ પ્રકર્ષતા ઉદ્ભવે છે. કારણ કે મતિજ્ઞાની મનુષ્યાદિ જીવના કેટલાક જ પર્યાયોને જાણે છે. એના કરતાં શ્રુતજ્ઞાની વધુ પર્યાયો જાણે આમ મતિ કરતાં શ્રુત વધુ વિશુદ્ધ હોવાથી પ્રકર્ષતાવાળું છે.

### ❋ શ્રુતજ્ઞાનીનું જ્ઞાનાતિશય ❋

કહ્યું પણ છે કે- "અસંખ્યભવ અંગેની પૃચ્છા જો કોઈ કરે તો તેનું પણ સમાધાન વિશિષ્ટ

' ' एतच्चिह्नितपाठो मु.पुस्तके नास्ति (खं,भां)। १. दृष्ट्या मु.(खं.भां.)। २. विपर्ययपरि° राA। ३. ज्ञानादीनां मु.सं.(खं.भां.)। ४. संखाईए वि भवे, साहइ जं वा परो उ पुच्छिज्जा। नय णं अणाइसेसी वियाणइ एस छउमत्थो (आ.नि.५९०, बृ.क.भा.१२१७)।

**भाष्य--यथा वा प्रत्यक्षानुमानोपमानाप्तवचनैः प्रमाणैरेकोऽर्थः प्रमीयते, स्वविषयनियमात्, न च ता विप्रतिपत्तयो भवन्ति, तद्वन्नयवादा इति।।**

गा.५९०) इत्यादि। श्रुतज्ञानिनोऽपि सकाशाद् बहुतरानवधिज्ञानी पर्यवस्यति, विशुद्धिप्रकर्षात्, ततो मनःपर्यायज्ञानी, ततश्च सर्वात्मना केवलीति। न चैवमनेकधा परिच्छेदप्रवृत्ता मत्यादिका ज्ञानशक्तयो विप्रतिपत्तिव्यपदेशमश्नुवते, **तद्वन्नयवादा** इति किं नाभ्युपेयते ?।।

'**यथावेत्यादिना**' उपपत्त्यन्तरमाह– यथा वा गिरिगुहावस्थितोऽग्निरेको[1]ऽर्थोऽनेकेन प्रत्यक्षादिना परिच्छिद्यते प्रमाणेन, सन्निकृष्टवर्तिना प्रत्यक्षेण, विप्रकृष्टवर्तिना लिङ्गज्ञानेन, अपरेणोपमया कनकपुञ्जपिञ्जरप्रकाशोऽग्निरिति, अन्यः आप्तोपदेशा[2]दध्यवस्यत्यत्र वनगहनेऽग्निरिति, अत एवं प्रत्यक्षादिभिः **प्रमाणैरेकोऽर्थः प्रमीयते**, कुतः? **स्वविषयनियमात्** स्वः=आत्मीयो, विषयो=ज्ञेयः स्वश्चासौ

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **અથવા તો જેમ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ રુપ પ્રમાણો વડે એક જ અર્થ જણાય છે. કારણ કે દરેક પ્રમાણો પોતપોતાના વિષયને જાણવામાં નિયત હોય છે અને છતાં ત્યાં જેમ કોઈ વિપ્રતિપત્તિ નથી તેમ નયવાદમાં ય સમજવું.**

શ્રુતધર = ગણધર આપી દે છે, એવા આ શ્રુતધરોને કોઈ છદ્મસ્થ કે અનતિશાયી તરિકે ન માની શકે." શ્રુતજ્ઞાની કરતાં પણ અવધિજ્ઞાની વધુ પર્યાયને જાણે, આમાં પણ અવધિજ્ઞાનમાં રહેલી વિશુદ્ધિની પ્રકર્ષતા જ કારણ છે. અવધિ જ્ઞાની કરતાં મનઃપર્યાય જ્ઞાની વિશેષ જાણે, તેના કરતાં કેવળી તો સર્વપર્યાયાત્મક સર્વ દ્રવ્યને જાણે. આ પ્રમાણે એક પદાર્થનો અનેક રીતે બોધ કરનારી મતિ આદિ જ્ઞાન શક્તિઓ જેમ પરસ્પર વિરોધી ગણાતી નથી, તેમ અનેક અંશને જણાવનાર નયવાદમાં કેમ ન માની શકાય ? અર્થાત્ નયવાદમાં પણ કોઈ વિરોધ નથી. આ અંગે બીજી યુક્તિને કહે છે.

### ❋ પ્રમાણોના બોધની ભિન્નતા ❋

જેમ પર્વતની ગુફામાં રહેલ અગ્નિ પ્રત્યક્ષાદિ અનેક પ્રમાણ વડે જણાય છે. તે આ પ્રમાણે કે અતિનિકટવર્તી વ્યક્તિ પ્રત્યક્ષ પ્રમાણથી જ અગ્નિને જાણી લે છે. દૂર રહેલ વ્યક્તિ તે જ અગ્નિને લિંગજ્ઞાન (= અનુમાનપ્રમાણ) વડે જાણે છે, અન્ય કોઈ સોનાના પુંજ જેવા પીલાવર્ણ જેવો અગ્નિ હોય છે." એવા ઉપમાન પ્રમાણ વડે જાણે છે, તો અન્ય કોઈ 'આ વનના ગહન દેશમાં અગ્નિ છે' એવા આપ્તઉપદેશ (આગમ) થકી એ જ અગ્નિને ઓળખે છે. આથી જ ભાષ્યમાં કહ્યું કે- 'આ સર્વ પ્રમાણો વડે એક જ અર્થ જણાય છે.' કયા કારણથી એક જ અર્થ ભિન્ન પ્રમાણોથી ભિન્ન રીતે જણાય છે ? તે દર્શાવતાં કહે છે કે- 'પ્રત્યક્ષાદિ દરેક પ્રમાણો પોતાના આત્મીય વિષયમાં જ નિયત હોય છે.' કારણ કે ચારે પ્રમાણો સ્વવિષયનો જ પરિચ્છેદ કરે

'...' एतच्चिह्नितपाठो मु. पुस्तके नास्ति (खं,भां,पा)। १. °कोऽनेके° मु.(खं,भां)। २. °दवस्य° खं,भां,सं.।

**भा० आह च→नैगमशब्दार्थानामेकानेकार्थनयगमापेक्षः। देश-समग्रग्राही, व्यवहारी नैगमो ज्ञेयः।।१।। आर्या**

विषयश्च स्वविषयः तस्मिन्नियमात्=नियतत्वात्, यतः प्रत्यक्षादीनि स्वविषयमेव परिच्छिन्दन्ति, **न च ताः**=प्रत्यक्षादिका ज्ञानशक्तयः विरूद्धाः=♦अयथात्मिकाः प्रतिपत्तय इति[1] न युज्यतेऽभिधातुं, तद्वन्नयैरपि स्वविषयनियमान्नास्ति विप्रतिपत्तिप्रसङ्ग इति।।

सम्प्रति प्रक्रान्तं नयलक्षणमुदाहरणं चादर्शितं[2] संक्षिप्तरूचीनामनुग्रहार्थमार्याभिर्वक्तुकाम एवं प्रक्रमते- **आह चे**त्यादि। **आह च**ेत्यात्मानमेव पर्यायान्तरवर्तिनं निर्दिशति, निगमो जनपदस्तत्र भवाः **नैगमाः**-शब्दास्तेषाम् **अर्थाः**=अभिधेयाः अतस्तेषां **नैगमशब्दार्थानामेको**=विशेषः **अनेकं**=सामान्यम् अनेकव्यक्त्याश्रितत्वात्[3] तावेवं[4] चार्थौ एकानेकार्थौ तयोरेकानेकार्थयो**र्नयः**=प्रकटनं=प्रकाशनं एकानेकार्थनयः स एव गमः=प्रकारः, एकानेकार्थनयगमस्तमपेक्षते अभ्युपैति यः स **एकानेकार्थनयगमापेक्षः**, पूर्ववाचो युक्त्या पुनरप्यमुमेवार्थमनुस्मरयन्नाह[5]- **देशे**त्यादि। **देशो** विशेषः **समग्रं**=सामान्यं तयो**र्ग्राही**

● *હેમગિરા* ●

**<u>ભાષ્યાર્થ</u> :- જનપદમાં ઉચ્ચારણ કરાતા શબ્દાર્થોના એક અનેક અર્થોને પ્રકાશન કરનારા ભેદોની અપેક્ષાવાળો તથા દેશ અને સમગ્રગ્રાહી વ્યવહારને કરનાર આ નૈગમ નય છે.**

છતાં પણ આ પ્રત્યક્ષાદિ પ્રમાણરૂપ જે જ્ઞાન શક્તિઓ છે એ વિરૂદ્ધ પ્રતિપત્તિવાળી અયર્થાય બોધ કરવાનારી નથી તેમ નયો પણ પોત પોતાના વિષયમાં નિયત હોવાથી વિપ્રતિપત્તિ-વિરોધરૂપ નથી. આ પ્રમાણે પ્રસ્તુત નયોના સ્વરૂપને સમજાવવા ઉદાહરણો રજુ કર્યા, હવે સંક્ષેપ રૂચિવાળા જીવોને સમજાવવા 'આર્યા' છંદવાળા શ્લોકો વડે = 'નયકારિકા'ના માધ્યમે નયોની પુનઃ વ્યાખ્યા કરે છે. 'आह च' પ્રયોગથી ભાષ્યકાર પોતાને જ અન્ય પર્યાયરૂપે સૂચવે છે.

### ❋ નૈગમનયનો હળવો પરિચય ❋

**નિગમ** એટલે લોક, નગર અને ત્યાં થનાર = ઉચ્ચારાતાં શબ્દો તે નૈગમ. આ નૈગમ સંબંધી શબ્દો અને તેનાથી અભિધેય - અર્થો જે એક-અનેકરૂપ છે {એક = વિશેષ. અનેક = અનેક વ્યક્તિમાં આશ્રિત એવું સામાન્ય} તેઓને પ્રગટ કરનાર નય તે **एकानेकार्थनयः** આ નયરૂપ પ્રકાર = **एकानेकार्थनयगमः** કહેવાય. આ **एकानेकार्थगमः** (= એક-અનેક અર્થોને પ્રકાશન કરનારા પ્રકાર)ની જે અપેક્ષા રાખે છે તે નૈગમ કહેવાય.

પૂર્વે નૈગમનયના વિવેચક સૂત્રમાં નૈગમની જે વ્યાખ્યા કરી તે વચનોની યુક્તિથી આ જ (સામાન્ય-વિશેષ) અર્થનું પુનઃ સ્મરણ કરતાં કહે છે કે- દેશ એટલે વિશેષ અને સમગ્ર એટલે સામાન્ય. વિશેષ અને સામાન્ય બંનેનો આશ્રય કરનાર આ નય છે. આ નય સામાન્ય વિશેષને એક બીજાથી અત્યંત ભિન્ન માની વ્યવહાર કરનાર છે. તે સંદર્ભમાં ભાષ્યમાં 'વ્યવહારી' પદ છે.

♦. अयथार्था° पा.। १. इति च यु° भां,मु (खं,सं,कोA)। २. दर्शितं पाB.। ३. °त्याश्रयत्वात् खं.भां.। ४. तावेवार्थौ भां.सं. ५. पुनरमु° मु.(खं,भां)।

**भाष्य- यत् सङ्गृहीतवचनं,सामान्ये देशतोऽथ च विशेषे। तत् सङ्ग्रहनयनियतं, ज्ञानं विद्यान्नयविधिज्ञः।।२।।**

=आश्रयिता, व्यवहारोऽस्य सामान्यविशेषाभ्यां परस्परविमुखाभ्यां अस्तीति **व्यवहारी**, **नैगमो** नयो ज्ञातव्यः।।१।।

सङ्ग्रहस्य स्मरणकारिकामाह- **यत् सङ्गृहीते**त्यादि। **यदि**ति ज्ञानं सम्बध्यते, कीदृशं तदिति चेत् ? तत् **सङ्गृहीतवचनं** सङ्गृहीतं=सामान्यं वचनम् उच्यते तदिति वचनं, ज्ञेयमित्यर्थः। सङ्गृहीतं वचनं यस्मिन् ज्ञाने, सामान्यं ज्ञेयं यस्य ज्ञानस्येत्यर्थः, तज्ज्ञानं सङ्गृहीतवचनं, तत् पुनरेवं ज्ञानं प्रवर्तते-**सामान्ये**=सत्तायां **देश** इति सामान्यविशेषे गोत्वादिके,**अथ चे**ति अथवा **विशेषे** =खण्ड-मुण्डादिके। एतेषु सर्वेषु सम्पिण्डनारूपेण प्रवर्तते यतः सामान्यं विशेषो वा, न सत्तामन्तरेण कश्चिदस्तीत्येवं सम्पिण्ड्य यत् सत्तायां प्रक्षिपत् प्रवर्तते ज्ञानं **तत् सङ्ग्रहनयनियतं** तज्ज्ञानं सङ्ग्रहस्य नयस्य निश्चितमेवंस्वरूपं **विद्यात्**=जानीयात् **नयविधिज्ञ** इति नयभेदज्ञः=ʾनयभेदवित्ʿ।।२।।

व्यवहाराभिप्रायानुस्मरणायाह- **समुदाये**त्यादि। समुदायः=सङ्घातः, व्यक्तिः=मनुष्य इति, आकृतिः=

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- સામાન્યમાં, દેશમાં=સામાન્ય અને વિશેષરુપ ઉભયમાં તથા વિશેષમાં જે સંગ્રહીત વચનવાળું જ્ઞાન છે. તેને નયના જ્ઞાતાઓ સંગ્રહનયનિયત જ્ઞાન કહે છે. ॥ ૨ ॥**

હવે સંગ્રહનયનું સ્મરણ કરાવનારી કારિકા દર્શાવે છે. :-

*** સંગ્રહનયનો આછો પરિચય ***

'यत्' પદએ જ્ઞાનનો સૂચક છે. આ જ્ઞાન (સંગૃહીત વચન) કેવું છે ? તેનો <u>જવાબ</u> :- (સંગૃહીત = સામાન્ય. વચન = જ્ઞેય) સામાન્ય જ્ઞેય છે જે જ્ઞાનનું, તે જ્ઞાન સંગૃહીત વચન કહેવાય. વળી આ જ્ઞાન શેમાં પ્રવર્તે છે તે જણાવતા કહે છે કે **સામાન્યમાં**=સત્તામાં, **દેશમાં**= સામાન્ય વિશેષ એવા ગોત્વાદિમાં [આદિથી ગોવિશેષનું ગ્રહણ કરવું.] અથવા **વિશેષમાં**=સોના, ચાંદી, માટી આદિ જાતના ઘટ અથવા ફૂટેલા,મસ્તક વગરના ઘટ આદિમાં. આ રીતે સામાન્ય, સામાન્ય વિશેષ અને વિશેષ ત્રણેમાં સંપિંડના અર્થાત્ સંગૃહીતરૂપે એકીભાવ રૂપે આ જ્ઞાન પ્રવર્તે છે. કારણ કે સામાન્ય હોય કે વિશેષ હોય, સત્તા વિના કોઈનીય પ્રતીતિ ન થઈ શકે. તેથી આ સર્વને એકત્રિત કરીને સત્તા-સ્વરૂપ મહાસામાન્યમાં પ્રક્ષેપ કરીને જે જ્ઞાન પ્રવર્તે તે સંગ્રહનય નિયતજ્ઞાન છે. નયવિધિ = નયભેદના જ્ઞાતાઓ સંગ્રહનયનું આવું જ નિશ્ચિત સ્વરૂપ સ્વીકારે છે.

**વ્યવહારનયનો સંક્ષિપ્ત પરિચય** :- વ્યવહાર નયના અભિપ્રાયને પુનઃ સ્મરણ કરતાં કહે છે.

१. °तो विशेषाच्च। रा॰B.। २. °मो ज्ञात° मु.(खं,भां)। ३. तदिति ? तत् सङ्गृ° मु.(सं)। तदिति चेदिति° संगृ° भां.खं.।
ʾ...ʿ. एतच्चिह्नितपाठो मु.प्रतौ न दृष्टः (खं,भां)।

**भाष्य–समुदाय-व्यक्त्याकृति-सत्ता-संज्ञादि[1]निश्चयापेक्षम्। लोकोपचारनियतं, व्यवहारं विस्तृतं विद्यात्।।३।।**

संस्थानमवयवानां, सत्ता=महासामान्यं, संज्ञादयो=नाम-स्थापना-द्रव्य-भावाः एषां समुदायादीनां निश्चयो-विशेषस्तमपेक्षते=अभ्युपैति यः स **समुदाय-व्यक्त्याकृति-सत्ता-संज्ञादिनिश्चयापेक्षः**। **कथं** निश्चयमेवापेक्षते न समुदायादीनीति ? **उच्यते**– नहि समुदायस्त्रैलोक्यादिरूपः समुदायिनोऽन्तरेण कश्चिदप्यस्ति, न च व्यक्तिः सामान्य-विशेषरूपा मनुष्य इत्यादिका मनुष्यान्तरेणास्ति, न चाकार आकारवन्तमन्तरेणास्ति, न वा सत्ता सत्तावन्तमन्तरेणास्ति, न वा नामादयो नम्यमानादीनन्तरेण केचन सम्भवन्ति, अनुपलभ्यमानत्वात् व्यवहाराकरणादित्यर्थः विशेषस्तु स्वप्रत्यक्ष इति, तस्मात् स एव सत्य इत्येवं समुदायादिनिश्चयापेक्षस्तं विद्यादिति सम्बन्धः। **लोकोपचारनियतम्**इति। लोके उपचारः गिरिर्दह्यत इत्यादिकः, तस्मिन् लोकोपचारे नियतं=निष्पन्नं **व्यवहारनयं विस्तृतम्**इति उपचरितानुपचरितार्थाश्रयणाद् विस्तीर्णमित्यर्थः, **विद्याद्**=अवबुध्येत।।३।।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- સમુદાય, વ્યક્તિ, આકૃતિ, સત્તા, સંજ્ઞા આદિના નિશ્ચયની અપેક્ષા રાખનાર લોકોપચારમાં નિયત, વિસ્તૃત વિષયવાળા વ્યવહારને વ્યવહારનય તરીકે જાણવો.**

**સમુદાય** = સંઘાત, સમૂહ **વ્યક્તિ** = મનુષ્ય, **આકૃતિ** = અવયવોનો આકાર. **સત્તા** = મહાસામાન્ય (વસ્તુ માત્રમાં રહેલ સત્તા-સામાન્ય) **સંજ્ઞા આદિ** = નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. આ સમુદાયાદિનો **નિશ્ચય** = વિશેષ. આવા વિશેષની અપેક્ષાવાળો આ વ્યવહાર નય છે.

### ❋ સમાન્ય વિશેષ વિના ન હોય ❋

<u>પ્રશ્ન</u> :- નિશ્ચય (વિશેષ)નો જ સ્વીકાર આ નય કરે છે પણ સમુદાય આદિનો કેમ નહીં ?
<u>ઉત્તર</u> :- ત્રૈલોક્યાદિ રુપ જે સમુદાય તે ક્યારે પણ સમુદાયી (સમુદાયમાં રહેનાર ઘટાદિ વિશેષ) વિના ન જ હોય. તેમજ સામાન્ય-વિશેષરૂપ જે મનુષ્યાદિ વ્યક્તિ તે મનુષ્ય-વિશેષ વિના ન હોઈ શકે. આકાર એ આકારવાન્ વિના ન હોય. તેમજ સત્તા એ સત્તાવાન્ વિના, ન હોય નામાદિ એ નામવાળી વ્યક્તિ વગર ન હોય. ટૂંકમાં સમુદાય, વ્યક્તિ, આકાર, સંજ્ઞા, સત્તા આદિ તદ્વાન્=વિશેષો વિના જાણવાં શક્ય જ નથી.

વ્યવહારમાં તો આવા (ઘટ વગેરે) વિશેષો જ પ્રત્યક્ષ છે. લોક વ્યવહાર એના ઉપર જ નભેલો છે. તેથી આ જ સત્ય છે. તેથી આ નય સમુદાય આદિના વિશેષ (નિશ્ચય)ની અપેક્ષા રાખે છે. (કારિકાના '**विद्यात्**' પદનો આ **समुदायादिनिश्चयापेक्षं**ની સાથે અન્વય કરવો. અર્થાત્ વ્યવહારને સમુદાય આદિના નિશ્ચય=વિશેષની અપેક્ષાવાળો જાણવો.) વળી આ નય લોકના ઉપચાર વિશે નિયત છે. 'પર્વત બળે છે', 'કુંડી ઝરે છે' ઈત્યાદિ પ્રયોગો ઉપચાર રુપ છે. હકીકતમાં પર્વત ઉપરના ઘાસ આદિ બળે છે કુંડીમાંનું પાણી ઝરે છે. આવા ઉપચારોમાં તત્પર આ નય છે. વળી

१. 'दिविनि' रा A,B।

भाष्य- साम्प्रतविषयग्राहक-मृजुसूत्रनयं समासतो विद्याद्।
विद्याद् यथार्थशब्दं, विशेषितपदं तु शब्दनयम्।।४।। इति।।

ऋजुसूत्रस्वभावमाह– **साम्प्रतेत्यादि**, **साम्प्रतो**=वर्तमानः **विषयो**=ज्ञेयस्तस्य ग्राहकं, वर्तमानार्थाश्रयमित्यर्थः। **समासत** इति संक्षेपतः, यतो वर्तमानमात्मीयं नामादिकमित्यादिविशेषणोपेतं, सङ्गच्छत्ययम्। उत्तरार्धेन शब्दस्वरूपमाह– **विद्याद् यथार्थशब्दमिति**। अनेन तु एवम्भूत एव प्रकाशितो लक्ष्यते, सर्वविशुद्धत्वात् तस्येति, यतः स एवमभ्युपैति यदाऽर्थश्चेष्टाप्रवृत्तस्तदा तत्र घट इत्यभिधानं प्रवर्त्यं, नान्यदे[1]ति। साम्प्रतसमभिरूढौ कस्मान्नाम्रेडिताविति चेत् ? उच्यते– तावपि स्मा[2]रितावेव, यत आह- **विशेषितपदं तु शब्दनयमिति**, विशेषितपदमिति विशेषितज्ञानं, यतः साम्प्रतसमभिरूढयोरन्यादृशं ज्ञानं, नामादिषु प्रसिद्धपूर्वाच्छब्दादर्थे प्रतीतिः साम्प्रतः शब्दान्तरवाच्यश्चार्थः शब्दान्तरस्य नाभिधेयीभवतीत्येवं समभिरूढविज्ञानमिति, **इतिः**[3] नयानुस्मरणपरिनिष्ठासूचकः।।

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **વર્તમાન વિષયનો ગ્રાહક ઋજુસૂત્ર નય છે તેમ ટૂંકથી સમજવું. તથા યથાર્થ શબ્દવાળા શબ્દ નયને વિશેષિત પદ વાળું જાણવું.**

વિસ્તૃત છે. ઉપચરિત અને અનુપચરિત વિશેષોનો આશ્રય કરતો હોવાથી આ નય વિસ્તૃત = વિસ્તીર્ણ પણ છે.

### ❋ ઋજુસૂત્ર અને શબ્દનયની ટૂંકમાં ઓળખ ❋

ઋજુસૂત્ર નયના સ્વભાવને કહે છે. :- વર્તમાન વિષયનો ગ્રાહક ઋજુસૂત્ર છે તેમ ટૂંકથી જાણવું. કારણ કે આ નય 'વર્તમાન' અને આત્મીય એવા નામાદિક વિશેષણથી યુક્ત વિષયને જ માને છે. અર્થાત્ → નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવથી વિશેષિત, વર્તમાન ક્ષણવાળા અર્થનો ગ્રાહક આ ઋજુસૂત્ર નય છે. શ્લોકના ઉત્તરાર્ધમાં શબ્દનયના સ્વરૂપને દર્શાવતાં કહે છે કે- **'यथार्थशब्दं'** પદથી 'એવંભૂત'નો જ ઉલ્લેખ કર્યાનું જણાય છે. આ એવંભૂત સર્વ નય થકી વિશુદ્ધનય છે. કારણ કે આની માન્યતા એ છે કે અર્થ જ્યારે તેની ચેષ્ટામાં પ્રવૃત્ત હોય ત્યારે જ 'ઘટ' આ પ્રમાણેનું નામ પ્રવર્તવું જોઈએ. અન્યથા નહીં.

<u>શંકા</u> :- અહીં એવંભૂતનો ઉલ્લેખ કરીને સાંપ્રત અને સમભિરૂઢનો નયનો ઉલ્લેખ ક્યા હેતુથી ન કર્યો ? એ બેને કેમ ભૂલી ગયા ?

<u>સમાધાન</u> :- આ બેને પણ યાદ કર્યા જ છે. આ બેનો ઉલ્લેખ કરવા જ **'विशेषितपदं तु शब्दनयम्'** એ પદો છે. આમાં **विशेषितपदं**થી આ બેને જાણવાં, અર્થાત્ આ બંને વિશેષિત (ભિન્ન કક્ષાના) જ્ઞાન છે. કારણ કે આ સાંપ્રત અને સમભિરૂઢનું જ્ઞાન એવંભૂત કરતાં અલગ કક્ષાનું છે. તે આ મુજબ → પ્રસિદ્ધપૂર્વ =અમુક શબ્દ અમુક જ નામ સ્થાપના, દ્રવ્ય, ભાવ વસ્તુનો

१. °न्यदिति मु.(खं,भां)। २. स्मरि° पा.A। ३. "इति" पा.A।

**भाष्य– अत्राह- अथ जीवो नोजीवः अजीवः नोअजीवः इत्याकारिते केन नयेन कोऽर्थः प्रतीयते ? इति। अत्रोच्यते- जीव इत्याकारिते नैगम-देशसङ्ग्रह-व्यवहारर्जुसूत्र-साम्प्रत-समभिरूढैः पञ्चस्वपि गतिष्वन्यतमो जीव इति प्रतीयते।**

**अत्राह** परः– घटाद्यजीवपदार्थोद्देशेन नैगमादयो नया विभाविताः, सम्प्रति जीवपदार्थे विभावयन्नाह- **अथ जीवो नोजीव** इत्यादि। अथवा घटोदाहरणे विधिरेव केवलः प्रदर्शितः, अधुना विधिप्रतिषेधौ जीवे निरूपयति– **अथे**ति प्रस्तुतानन्तर्यं द्योतयति, शुद्धपदे केवले **आकारिते**=उद्दिष्टे[1] उच्चरिते वा जीव इति, नोजीवः **अजीव** इति देश-सर्वप्रतिषेधयुक्तयोर्वा जीवशब्दयोरूच्चरितयोः, **नोअजीव इति** प्रतिषेधद्वयसमन्विते जीवशब्दे उच्चरिते, **केन**[2] नयेन नैगमादिना **कोऽर्थः प्रतीयते**? सूरिराह– '**अत्रोच्यते**' शुद्धपदे **जीव इत्याकारिते** नैगमं समग्रग्राहिणं विहाय एवम्भूतं[3] च शेषैर्देशनैगमादिभिः सर्वासु गतिषु

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ ઈત્યાદિ કહેતાં કયા નય વડે કયો અર્થ પ્રતીત થાય ? <u>જવાબ</u> :- જીવ એ પ્રમાણે ઉચ્ચારણ કરતાં નૈગમ, દેશ સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, સામ્પ્રત અને સમભિરૂઢ આ છ નયો વડે પાંચે ગતિમાંથી કોઈપણ એક ગતિવાળો 'જીવ' પ્રતીત થાય છે.**

વાચક છે. એવા સંજ્ઞા-સંજ્ઞી સંબંધવાળા પૂર્વ પ્રસિદ્ધ શબ્દથી (ઘટાદિ ભાવ) અર્થ વિશે થતી પ્રતીતિ તે સાંપ્રત નય છે. એક શબ્દ (શબ્દાંતર)થી કહેવાતો અર્થ એ બીજા શબ્દ (શબ્દાંતર)થી વાચ્ય ન બની શકે. એ સમભિરૂઢ જ્ઞાન છે. તથા આ રીતે સાંપ્રત અને સમભિરૂઢ બન્ને એવંભૂત કરતાં વિશેષિત પદ(જ્ઞાન)વાળા છે. નયોની વ્યાખ્યા અંગે જે ફરીથી આર્યાશ્લોકો રચ્યા તેની સમાપ્તિને સૂચવતું "**इति**" પદ છે.

### ❋ જીવતત્ત્વને નયોથી સમજીએ ❋

ઘટાદિ અજીવ પદાર્થોને ઉદ્દેશીને તો નૈગમાદિ નયો ભાવિત કરાયા. હવે જીવ પદાર્થને વિશે નયોને વિચારતાં '**अथ जीवो**' ઈત્યાદિ પદોથી ભાષ્યમાં પ્રશ્ન ઉભો કર્યો છે.

અથવા (આ પ્રશ્નનો બીજો હેતુ જણાવે છે કે) પૂર્વે કહેલ નય પ્રક્રિયાથી માંડી હાલ સુધીમાં 'ઘટ'નો દાખલો લઈ નયની વિધિ માત્ર સમજાવી હતી. (નૈગમાદી નયો ઘટના અસ્તિત્વને કયા રૂપે માને છે એની જ વિચારણા કરી હતી પણ ઘટના નાસ્તિત્ત્વ ધર્મની વિચારણા ન્હોતી કરી. તેથી)હવે વિધિ અને પ્રતિષેધ બન્નેને જીવ વિશે દર્શાવા છે, માટે એને અનુરુપ પ્રશ્ન अथ વગેરે પદથી કરે છે. 'अथ' પદ 'આનન્તર્ય' અર્થનો સૂચક છે. અર્થાત્ "હમણાં ઘટાદિ વિશે નય-વિધિ કહ્યાં પછી હવે જીવાદિ અંગે નયવિધિ-નિષેધને કહે છે. જીવ નોજીવ ઈત્યાદિ શુદ્ધ પદ ઉચ્ચારતાં નય વડે કયો અર્થ પ્રતીત થાય. અર્થાત્ 'નો જીવ' જે જીવના દેશ-પ્રતિષેધ અર્થમાં છે. 'અજીવ' જે જીવના સર્વ પ્રતિષેધના અર્થમાં છે. તથા 'નોઅજીવ' જે દેશ અને સર્વ (ઉભય) સમન્વિતપ્રતિષેધના અર્થમાં છે, તે બધાનો ઉચ્ચારણ કરતાં નૈગમાદિક નયો વડે શું અર્થ પ્રતીત થાય ?

१. केवले आदिष्टे रा.। २. केन नैग° मु.(खं,भां,सं)। '....'. 'एतच्चिह्नित' इति पाठो मु. प्रतौ न दृष्टः(खं,भां,मे.)। ३. °भूतं विशेषैर्देश° पाA.।

**भाष्य– कस्मात् ?। एते हि नया जीवं प्रत्यौपशमिकादियुक्तभावग्राहिणः।**

वर्तमानोऽभ्युपगम्यते, तदाह– **नैगमदेशे**त्यादि। नैगमेन=देशग्राहिणा तथा व्यवहारेण=विशेषग्राहिणा ऋजुसूत्रेण=वर्तमानवस्तुग्राहिणा साम्प्रतेन=वर्तमानभावग्राहिणा समभिरूढेन च=प्रतिशब्दं भिन्नार्थग्राहिणा, **पञ्चस्वपी**ति नरक-तिर्यङ्-मनुष्य-देव-सिद्धि**गतिषु, अन्यतम** इति नरकादिगतिवर्ती **जीवः** प्राणी प्रतीयते, नाभावो नापि च भावान्तरम्।

**कस्मादि**ति नोदयति परः– किमत्रोपपत्तिरस्त्युत स्वेच्छया नैगमादयोऽभ्युपगच्छन्त्येवमिति ?। **सूरिराह–** अस्त्युपपत्तिः; तां च कथयति **एते हि नया** इत्यादिना। एते नैगमादयो नया यस्मात् **जीवं प्रति**=जीवमङ्गीकृत्य, कीदृशं जीवमिच्छन्ति ? औपशमिकादिभिर्यो युक्तः स जीवः, औपशमिक-क्षायिक-क्षायोपशमिकौदयिक-पारिणामिकैर्युक्तः **औपशमिकादियुक्तः, भाव** इत्यर्थः। औपशमिकादियुक्तो योऽर्थः तं ग्रहीतुं शीलं येषां ते तद्**ग्राहिणः**। सर्वासु च नारकादिगतिषु अवश्यमौपशमिकादीनां भावानां यः कश्चित् सम्भवति भावः, सिद्धिगतौ च यद्यप्यौपशमिक-क्षायोपशमिकौदयिकाः न सन्ति, तथापि क्षायिक-पारिणामिकौ सम्भवतः इत्यसावपि जीवः। **नोजीव इत्युच्चरिते** किं प्रतीयते तैर्नयैः?

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- કઈ રીતે આ પ્રતીતિ થાય ? તે જણાવતાં કહે છે કે આ નયો જીવને ઔપશમિક આદિ ભાવયુક્ત માને છે = ગ્રહણ કરે છે.**

સૂરિજી જવાબ આપે છે કે- 'જીવ' એવા શુદ્ધપદને ઉચ્ચારતા સમગ્રગાહી નૈગમ અને એવંભૂત નયને છોડી શેષ દેશ નૈગમાદિ છ નયો સર્વ ગતિઓમાં વર્તતો જીવ સ્વીકારે છે.

દેશગ્રાહી નૈગમ, વિશેષગ્રાહી વ્યવહાર, વર્તમાનવસ્તુગ્રાહી ઋજુસૂત્ર, વર્તમાનભાવગ્રાહી સામ્પ્રત, પ્રતિશબ્દને ભિન્ન અર્થ રૂપે કહેનાર સમભિરૂઢ નય વડે નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધિ આ પાંચે ગતિઓમાંથી કોઈ પણ નરકાદિ ગતિમાં રહેનારને જીવ તરીકે માને છે.

### ❋ ....તો સિદ્ધભગવંત પણ જીવ જ કહેવાય. ❋

<u>પ્રશ્ન</u> :- આ માન્યતામાં કોઈ યુક્તિ છે કે સ્વેચ્છાએ જ નૈગમાદિ નયો આ રીતે માને છે ?

<u>જવાબ</u> :- યુક્તિ છે. તેને **एते हि** ઈત્યાદિ ભાષ્યથી દર્શાવતાં કહે છે કે- 'ઔપશમિકાદિ ભાવથી યુક્ત જે હોય તે જીવ છે.' અર્થાત્ ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદાયિક, પારિણામિક આદિ ભાવથી યુક્ત જ જીવને ગ્રહણ કરવાના સ્વભાવવાળા આ નયો છે. અને આ ભાવોમાંથી અમુક ભાવો નરકાદિ સર્વ ગતિઓમાં અવશ્ય સંભવે જ છે. યદ્યપિ સિદ્ધિગતિમાં ઔપશમિક, ક્ષાયોપશમિક કે ઔદાયિક ભાવો નથી પણ ક્ષાયિક અને પારિણામિક ભાવો તો હોય જ છે. તેથી સિદ્ધ પણ જીવ છે. (આમ ઔપશમિકાદિ ભાવોને આશ્રયી જીવનો વિચાર કરતા પાંચગતિમાંના કોઈ પણ જીવનું ગ્રહણ 'જીવ' શબ્દથી થાય).

**भाष्य- नोजीव इत्यजीवद्रव्यं, जीवस्य वा देशप्रदेशौ। अजीव इत्यजीवद्रव्यमेव। नोअजीव इति जीव एव, तस्य वा देशप्रदेशाविति।।**

**उच्यते**– यदा नोशब्दः सर्वप्रतिषेधे वर्तते तदा '**नञ्युक्तमिवयुक्तं च**'[1] इत्यनया कल्पनया वस्त्वन्तरमेव प्रतीयते, नाभावः, तच्चा**जीवद्रव्यं** पुद्गलादिकमित्यर्थः। यदा तु नोशब्दो देशप्रतिषेधकस्तदा देशस्यानिषिद्धत्वाज्जीवस्य[2] देशश्चतुर्भागादिकः प्रदेशो वाऽत्यन्ताविभजनीय उच्यते नोजीव इत्यनेन, एतदाह– **जीवस्य वा देश-प्रदेशाविति। अजीव इति** तूच्चरिते सर्वप्रतिषेधकत्वादकारस्य पर्युदासस्य

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- 'નોજીવ' કહેતાં અજીવ દ્રવ્યની અથવા જીવના દેશ-પ્રદેશની 'અજીવ' કહેતાં અજીવ દ્રવ્યની અને 'નો-અજીવ' કહેતાં જીવની અથવા જીવના દેશ-પ્રદેશની પ્રતીતિ (ઉપરોક્ત ૬ નયો વડે) થાય છે.**

### ❊ નોજીવને સમજીએ ❊

'નોજીવ' કહેતા આ નયો વડે શું પ્રતીત થાય ? તે કહે છે :- નઞ્ યુક્ત પદ એ ('ન'કાર) અભાવ અર્થની જેમ સદૃશ અર્થના ગ્રહણ માટે પણ હોય છે. અહીં સદૃશ અર્થ લેવો અર્થાત્ પર્યુદાસ[卐] નઞનું ગ્રહણ કરવું. દા. ત. આ અબ્રાહ્મણ (ક્ષત્રિય) છે અહીં નઞ્ યુક્ત અબ્રાહ્મણ પદ એ સદૃશ ક્ષત્રિય (અન્ય) જાતિને સૂચવે છે. તેમ પ્રસ્તુતમાં જ્યારે 'નો' શબ્દ સર્વ પ્રતિષેધમાં વર્તે ત્યારે પ્રતિષેધથી અભાવમાત્ર ન લેવો પણ અન્ય વસ્તુનું ગ્રહણ કરવું. અર્થાત્ પુદ્ગલાદિ અજીવ દ્રવ્યનું ગ્રહણ કરવો. જ્યારે 'નો' શબ્દ દેશપ્રતિષેધક હોય ત્યારે દેશનો અનિષેધ પણ હોવાથી જીવના ચાર ભાગ, બે ભાગ આદિ દેશને અથવા તો અત્યંત અવિભજનીય પ્રદેશને 'નોજીવ' તરીકે કહેવો. આશય એ છે કે 'નોજીવ'માં દેશપ્રતિષેધનો અર્થ લેતાં અપ્રતિષેધ પણ અર્થ ફલિત થાય, તે અપેક્ષાએ જીવના દેશ-પ્રદેશને નોજીવ કહી શકાય.

### ❊ અજીવ અને નોઅજીવનો પરિચય ❊

**અજીવ**નો 'અ' શબ્દ સર્વ-પ્રતિષેધક અર્થમાં લેતા જીવમાત્રનો અભાવ ગ્રહણ થાય. અથવા 'પર્યુદાસનઞ' લેતા જીવથી અન્ય કોઈ દ્રવ્યનું ગ્રહણ થાય. પ્રસ્તુતમાં પર્યુદાસનઞ્નો આશ્રય કર્યો હોવાથી અન્યદ્રવ્ય = પુદ્ગલાદિનું ગ્રહણ કરેલ છે. **નો-અજીવ** → 'નો' અને 'અ' આ બંનેને સર્વ પ્રતિષેધક સમજીએ તો 'બે ('ન', કાર) નિષેધ='પ્રસ્તુત વસ્તુ ('હ', કાર)ની પ્રતીતિ કરાવે તે ન્યાયે નો-અજીવથી 'જીવ' અર્થ પ્રતીત થાય. હવે 'અ' કારને સર્વ નિષેધક તથા 'નો' શબ્દને દેશ નિષેધક તરીકે સ્વીકારીએ તો ય નો + ન ='જીવ' અર્થ જ નીકળશે. અથવા તો અજીવનો અર્થ 'તે અજીવના દેશ-પ્રદેશ' એવો કરીએ તો 'જીવના દેશ-પ્રદેશ' એ અર્થ સાબિત થશે. તેથી જ ભાષ્યમાં કહ્યું છે કે 'નોઅજીવ'નો અર્થ 'જીવસ્ય દેશ-પ્રદેશૌ' એ પ્રમાણે કરવો. આ પ્રમાણે

१. 'युक्तमवियु' मु.(भां.खं.)। २. 'स्यनि सं.। 卐. पर्युदासः सदृक्ग्राही प्रसज्यस्तु निषेधकृत्। T. परि.५ टि. ३८।

**भाष्य- एवम्भूतनयेन तु जीव इत्याकारिते भवस्थो जीवः प्रतीयते। कस्मात् ?। एष हि नयो जीवं प्रत्यौदयिकभावग्राहक एव। जीवतीति जीवः, प्राणिति प्राणान् धारयतीत्यर्थः। तच्च जीवनं सिद्धे न विद्यते, तस्माद् भवस्थ एव जीव इति।**

वाऽऽश्रितत्वाज्जीवादन्यः अजीव इति **अजीवद्रव्यमेव** प्रतीयते पुद्गलादिकम्। **नोअजीव इति** पुनरभिहिते द्वयोरपि नोकाराकारयोः सर्वप्रतिषेधे यदा वृत्तिः आश्रिता तदा '**द्वौ प्रतिषेधौ प्रकृतं**[1] **गमयतः**' इति **जीव** इति प्रतीयते, यदा पुनरकारः सर्वनिषेधको नोशब्दश्च देशनिषेधको नोअजीव इत्यत्राश्रीयते[2] तदा नोनञोरपि कृतार्थतैवं स्याद् यदि **तस्य**[3]=जीवस्य **देश-प्रदेशौ** गम्येते[4] **इत्यतो** जीवस्य देशप्रदेशावत्र गम्येते[5], तदाह— **तस्य वा देश-प्रदेशाविति**। एवं तावन्नैगमादयश्चतुर्षु जीव इत्यादिषु विकल्पेषु प्रवृत्ताः, एवम्भूतस्तु नैवं प्रतिपद्यते, कथं तर्हीति चेदुच्यते- **एवम्भूते**[6]त्यादि। **एवम्भूतनयेन जीव** इत्युच्चरिते **भवस्थो जीवः प्रतीयते**, भवः=संसारश्चतुर्विधस्तस्मिन् स्थितो भवस्थः= संसारिजीवः प्रतीयते। **कस्मात्** सिद्धस्थं त्यजतीति चेत् ? उच्यते— **एष**[7] **ही**त्यादि, एष यस्मादेवम्भूतनयो जीवं प्रत्येवं[8] प्रवर्तते य एव **औदयिकेन**=गति-कषायादिस्वभावेनावस्थाविशेषेण युक्तस्तस्यैव **ग्राहकः**= तमैवौदयिकभावयुक्तं जीवमिच्छति, यतः शब्दार्थ एवमवस्थितो 'जीव प्राणधारणे' **जीवतीति जीवः**।

• હેમગિરા •

**<u>ભાષ્યાર્થ</u> :- એવંભૂત નય 'જીવ' એ પ્રમાણે કહેતાં 'ભવસ્થ' જીવની પ્રતીતિ કરે છે. એ કઇ રીતે ? કારણ કે આ નય જીવ પ્રતિ ઔદયિક ભાવનો જ ગ્રાહક છે. અર્થાત્ 'જીવે તે જીવ' 'પ્રાણોને ધારે તે પ્રાણી.' આવું જીવન સિદ્ધોનું નથી. તેથી જે ભવસ્થ છે તે જ જીવ છે.**

ઉપરોક્ત નૈગમ વગેરે નયો જીવ, અજીવ ઈત્યાદિ ચાર વિકલ્પોમાં કઈ રીતે પ્રવર્તે છે તે જણાવ્યું. એવંભૂત નયની આવી માન્યતા નથી પણ જે રીતની માન્યતા (જીવ આદિ પ્રત્યે) છે તે જણાવતાં કહે છે. 'જીવ' આ પ્રમાણે કહેતાં એવંભૂત નય વડે નરક વગેરે ચાર ગતિ રુપ સંસારમાં રહેતો (સંસારી) જીવ જ પ્રતીત થાય છે.

### ❋ ...તો સિદ્ધ ભગવંત નોજીવ કહેવાય ❋

<u>શંકા</u> :- સિદ્ધના જીવોની બાદબાકી કેમ કરી ?

<u>સામાધાન</u> :- ગતિ, કષાય આદિ સ્વભાવવાળી અવસ્થા વિશેષથી યુક્ત જે જીવ છે તેનો જ જીવ તરીકે ગ્રાહક આ નય છે. અર્થાત્ ઔદાયિકભાવ યુક્ત જીવ એ જીવ છે. એવી માન્યતા આ નયની પ્રવર્ત્તે છે. કારણ કે ઉચ્ચારણ કરાતાં શબ્દના અર્થમાં જ આ નય અવસ્થિત છે. જેમકે 'જીવનને ધારણ કરે તે જીવ.' પ્રાણોને ધારે તે પ્રાણી.ભાવાર્થ એ છે કે પ્રાણને ધારણ કરે તે 'પ્રાણી'. '**जीव्**' ધાતુમાં સકર્તૃત્વને કહેનાર આ નય '**प्राणान् धारयति**' **इति जीवः** એ પ્રમાણે અર્થ કરે છે.

१. प्रकृतिं खं.भां.। २. इत्याश्री° मु.(खं,भां.)। ३. °स्याजी° खं.भां.सं.। ४. गण्येते सं.। ५. गमेत सं.। ६. °भूतनयेत्या° पाA। ७. एष स्यादे° राA। ८. प्रतीत्येवं राA।

**भाष्य- नोजीव इत्यजीवद्रव्यं सिद्धो वा। अजीव इत्यजीवद्रव्यमेव। नोअजीव इति भवस्थ एव जीव इति। समग्रार्थग्राहित्वाच्चास्य नयस्य नानेन देशप्रदेशौ गृह्येते।**

किमुक्तं भवति ? **प्राणितीति**, 'अन प्राणने' इति वाऽस्यार्थे, जीव इत्यस्य च धातोः सकर्तृकत्वं कथयति **प्राणान् धारयतीति**। प्राणाः=इन्द्रियाणि, मनो-वाक्-कायास्त्रयः, प्राणापानौ एकः आयुश्च तान् धारयति न मुञ्चति यावत् तावदसौ जीव इति मन्तव्यः, एतत् स्याद् इन्द्रियादयः प्राणाः सिद्धेऽपि सन्ति, तन्न, सिद्धे हि सर्वकर्मापगमान्न सन्तीन्द्रियादयः प्राणा इत्येतदाह- **तच्च जीवनमित्यादि**।

**तदिति** शब्दार्थतया जीव इत्यस्य **जीवनं**=प्राणधारणं **सिद्धे** मोक्षप्राप्ते नास्ति, **तस्माद् भवस्थ एव** संसार्येव **जीवः**, न सिद्ध इति। तथा **नोजीव इत्युच्चरिते** नोशब्दः सर्वप्रतिषेधक एव, देशस्याभावात्, देश्येव देशो न वस्त्वन्तरं, न च देशिनो देशो भिन्न इत्यभिधातुं युक्तम्, यदि हि भिन्नः स्यात् नासौ तस्य, भिन्नत्वाद् वस्त्वन्तरवत्, अथाभिन्नः देश्येव तर्ह्यस्ति न कश्चिद् देशो नामेत्यतः सर्वप्रतिषेधको नोशब्दोऽतः नोजीव इत्युक्ते जीवादन्यद् वस्तु सम्पूर्णं परमाणुप्रभृति प्रतीयते, तदाह- **नोजीव इति अजीवद्रव्यमेव सिद्धो वा**, प्राणधारणस्याभावात्, सोऽपि निर्जीव एवेति, अतः सिद्धो वा गम्यते।। **अजीव इति** तूच्चरिते **अजीवद्रव्यमेव** परमाण्वादिकं,

• હેમગિરા •

**ભાષ્યાર્થ :- નોજીવ એમ કહેતાં અજીવ અથવા સિદ્ધનું ગ્રહણ કરવું અજીવ કહેતા અજીવ દ્રવ્ય જ જાણવું. નો અજીવથી 'ભવસ્થ જ જીવ જાણવો.' સમગ્ર અર્થનો ગ્રાહી આ નય છે તેથી દેશ-પ્રદેશ આના વડે ગ્રાહ્ય નથી.**

પ્રાણ=પાંચ ઈન્દ્રિયો, મન, વચન અને કાય. શ્વાસ=ઉચ્છ્વાસ અને આયુષ્ય. આ દશને જ્યાં સુધી ધારણ કરી રાખે પણ મૂકે નહીં ત્યાં સુધી 'જીવ' કહેવાય. સિદ્ધોમાં 'જીવ'નું વિધાન તો જ થાય જો આ ઈન્દ્રિય વગેરે પ્રાણો તેઓમાં હોય. પણ તેઓ તો સર્વકર્મથી મુક્ત થઈ ગયા હોવાથી ઈન્દ્રિય વગેરે દ્રવ્યપ્રાણો તેઓને નથી. તેથી આ 'જીવ' શબ્દ પરથી નીકળતો **जीवनं** = પ્રાણનું ધારણ કરવું- 'જીવવું' અર્થ તેઓમાં નથી ઘટતો... તેથી જીવ તરીકે સંસારી જ સમજવા. સિદ્ધો નહીં.

### ❋ દેશ, દેશી(=દેશવાળા)થી ભિન્ન નથી ❋

**'નોજીવ'** વિકલ્પમાં 'નો' શબ્દ સર્વપ્રતિષેધક છે. (પણ દેશપ્રતિષેધક નથી) કારણ કે દેશ (અંશ)નો તો અભાવ છે. તે પણ એટલા માટે કે જે 'દેશી' (દેશવાળો) છે તે જ દેશરૂપ છે. દેશીથી અન્ય કોઈ 'દેશ' નથી. જો દેશને દેશીથી ભિન્ન કહીએ તો 'દેશ' એ અત્યંત ભિન્ન- 'અન્ય વસ્તુ'ની જેમ તે (દેશી)નો નહીં ગણાય. જો દેશને દેશીથી અભિન્ન કહીએ તો દેશી રુપ જ છે. અન્ય વસ્તુ રુપ નથી. તેથી દેશને દેશીથી અલગ કહેવું તે અયુક્ત છે. માટે દેશીથી ભિન્ન દેશ જેવી કોઈ વસ્તુ જ નથી. તેમ હોવાથી 'નો' શબ્દ એ સર્વપ્રતિષેધક અર્થમાં છે... આથી 'નોજીવ' કહેતા જીવથી અન્ય કોઈ પરમાણુ આદિ વસ્તુ જ પ્રતીત થશે. આને જ જણાવતાં એવંભૂત કહે છે → **નોજીવથી** અજીવ દ્રવ્ય જ લેવો. જે પ્રાણધારી નથી તે અજીવ છે. આવી

**भाष्य- एवं जीवौ जीवा इति द्वित्व-बहुत्वाकारितेष्वपि, सर्वसङ्ग्रहणे तु जीवो, नोजीवः अजीवो नोऽजीवः जीवौ नोजीवौ अजीवौ नोऽजीवौ इत्येकत्वद्वित्वाकारितेषु शून्यम्। कस्मात् ?।। एष हि नयः सङ्ख्यानन्त्याज्जीवानां बहुत्वमेवेच्छति यथार्थग्राही।**

---

सर्वप्रतिषेधकत्वादकारस्य प्रतीयते। **नोअजीव इत्युक्ते 'प्रतिषेधौ द्वौ प्रकृतं गमयतः'** इति **भवस्थः** = संसार्येव **जीवो** गम्यते।।

**अथ** कस्मान्नोजीव इत्यस्मिन् विकल्पे नोअजीव इत्यस्मिन् वा देशप्रदेशौ न गम्येते ?। **उच्यते**- देश-प्रदेशयोरनभ्युपगमादनेन नयेनेति, एतदाह- **समग्रार्थे**त्यादि। समग्रः=सम्पूर्णः अर्थो=वस्तु सम्पूर्णं वस्तु समग्रार्थः तं ग्रहीतुं शीलमस्य समग्रार्थग्राही, सम्पूर्णमेव हि वस्तु गृह्णतीत्ययं नयः, न देशं प्रदेशं वा, समग्रार्थग्राहिणो भावस्तथावर्तिता **समग्रार्थग्राहित्वम्**, अतो **नानेनै**वम्भूतनयेन **देश-प्रदेशौ** स्थूल-सूक्ष्मावयवात्मकौ **गृह्येते**। **एवं** तावच्चत्वारो विकल्पा एकवचनेन दर्शिताः, यथा चैकवचनेन दर्शिताः एवं द्विवचनेन चत्वारो विकल्पा नेयाः, जीवौ १ नोजीवौ २ अजीवौ ३

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- આ રીતે અત્યાર સુધીમાં નૈગમાદિ નયોમાં જીવ આદિ ચાર ભાંગા એકવચનમાં દર્શાવ્યા. આ જ પ્રમાણે દ્વિવચન અને બહુવચન વિશે પણ સમજી લેવાં. પણ સર્વ સંગ્રહનયની અપેક્ષાએ જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ, બે જીવ, બે નોજીવો, બે અજીવ, બે નોઅજીવ આ એક કે દ્વિવચનના વિકલ્પો સંભવે જ નહીં. શા માટે ન સંભવે ? તેનુ કારણ એ છે કે જીવોની સંખ્યા અનંત છે. તેથી તેમાં બહુત્વને જ માનનાર યથાર્થ ગ્રાહી આ (સર્વસંગ્રહ) નય છે.**

---

વ્યાખ્યા સિદ્ધોમાં ૫ ઘટે છે તેથી તેઓ પણ 'નોજીવ' (અજીવ) છે. 'નોઅજીવ' કહેતાં એમાં બે નકારાત્મક પદો ('નો+અ') હોવાથી સંસારી જ જીવનું ગ્રહણ થાય.

### ❋ સમગ્ર અર્થગ્રાહી- એવંભૂતનય ❋

<u>શંકા</u> :- અહીં નોજીવ અથવા નોઅજીવના વિકલ્પમાં 'દેશ-પ્રદેશ'(પૂર્વની જેમ) કેમ નથી જણાવ્યાં? <u>સમાધાન</u> :- કારણ કે આ નય દેશ, પ્રદેશને માન્ય નથી રાખતો આ જ બાબતને સમજાવતાં કહે છે. સંપૂર્ણ વસ્તુને ગ્રહણ કરવાના સ્વભાવવાળો = સમગ્ર અર્થ ગ્રાહી એવંભૂત નય છે. કારણ કે સંપૂર્ણ વસ્તુને જ આ ગ્રહણ કરે છે. દેશ કે પ્રદેશ આનાથી ગ્રાહ્ય નથી. આ પ્રમાણે સમગ્ર અર્થના ગ્રાહી તરીકે રહેલો હોવાથી આ એવંભૂત નય વડે સ્થૂલ-અવયવાત્મક દેશ અને સૂક્ષ્મ અવયવાત્મક પ્રદેશ ગ્રહણ નથી કરાતાં.

આ પ્રમાણે દેશ સંગ્રાહી નૈગમાદિ સાતે નય જીવ આદિ ચાર વિકલ્પો એક વચનમાં કઈ રીતે માને છે તે દર્શાવ્યું. જે રીતે એકવચન વડે વિકલ્પો કહ્યાં તેજ રીતે દ્વિવચન અને બહુવચનમાં પણ વિકલ્પો કરવા. તે આ રીતે- ૧. બે જીવ, ૨. બે નોજીવ, ૩. બે અજીવ, ૪. બે નોઅજીવ,

---

१. त्यस्तं कस्मात् रा.A। २. प्रकृति° भां.खं.।

नोअजीवौ ४, तथा च द्वि बहुवचनेनापि चत्त्वार एव, जीवाः १ नोजीवाः २ अजीवाः ३ नोअजीवा ४ नेयाः, एकवचनप्रतिपत्त्येव, केवलं तु द्विवचनं बहुवचनं वा विशेष इत्येतदाह- **एवं जीवौ जीवा** इति। **इति**शब्द आद्यार्थे, **द्वित्वबहुत्वाकारितेषु**=द्विवचन-बहुवचनाभ्यामुच्चारितेषु एवमेवाभ्युपगमो नैगमादीनाम्।।

अथैतांश्चत्वारो[1] विकल्पान् सङ्ग्रहनयः कथमभ्युपैतीति ?। **उच्यते– सर्वसङ्ग्रहेणे**त्यादि। सर्वसङ्ग्रहेण=सामान्यवस्तुग्राहिणा एकवचन-द्विवचनान्ता विकल्पा नाभ्युपगम्यन्ते, तांश्च विकल्पान् दर्शयति- **जीवो नोजीव** इत्यादिना। एकद्विवचनान्तेपूच्चरितेषु **शून्यं** भवतीति, नास्त्यैवं काचित् प्रतिपत्तिरस्तीत्यर्थः। **कस्मान्नास्तीति** चेत् ? **उच्यते– एष ही**त्यादि। एषः=सङ्ग्रहो यस्मात् **सङ्ख्याया** जीवगताया **आनन्त्यं** प्रतिपद्यते, **जीवानां** पञ्चगतिवर्तिनां **बहुत्वमेवे**तिकृत्वा बहुवचनान्तानेव विकल्पान् समाश्रयते। अयं विशेषोऽनेन प्रतिपन्नो देशसङ्ग्रह=व्यवहारादिभ्यः, भावना तु तद्वदेव, जीवा इत्युक्ते पञ्चस्वपि गतिषु वर्तमानानाश्रयति, नोजीवा इत्यजीवास्तेषां च देश-प्रदेशानिति, अजीवा इति तु अजीवद्रव्याणि पुद्गला इति, नोअजीवा इति जीवानेव तेषां च देश-प्रदेशानिति। अस्यैव

• હેમગિરા •

તથા ૧. ઘણા જીવો, ૨. ઘણા નોજીવો, ૩. ઘણા અજીવો, ૪. ઘણા નોઅજીવો. આ નયો વસ્તુને એકવચનાત્મક તો માને જ છે પણ વિશેષમાં દ્વિવચન અને બહુવચનાત્મક પણ માને છે તેથી ભાષ્યમાં દ્વિવચન અને બહુવચનનો ઉલ્લેખ છે. '**इति**' શબ્દ એકવચન રુપ જે આદ્ય વિકલ્પો(**जीवः अजीवः** આદિ) છે તેનો સૂચક છે. જેમ આ એકવચનનાં વિકલ્પો નૈગમાદિ નયો સ્વીકારે છે તેમ દ્વિવચન અને બહુવચનના વિકલ્પો પણ ગ્રહણ કરે.

**❋ સંગ્રહનયને બહુવચન જ માન્ય ❋**

<u>પ્રશ્ન</u> :- આ ચારે વિકલ્પોને સર્વસંગ્રાહી સંગ્રહનય કઈ રીતે માને છે ?

<u>જવાબ</u> :- સામાન્ય-વસ્તુ ગ્રાહી સર્વસંગ્રહનયને એકવચન અને દ્વિવચનના વિકલ્પો માન્ય નથી. તે વિકલ્પોને **जीवः नोजीवः** ઇત્યાદિ પદોથી ભાષ્યમાં જણાવ્યા છે આ નયનું એમ કહેવું છે કે "એક કે બે જીવો" એવી કોઈ પ્રતીતિ ન થતી હોવાથી એકવચન અને દ્વિવચનાન્ત વિકલ્પો શુન્ય છે. અર્થાત્ આ સંગ્રહનય આ વિકલ્પોમાંથી કોઈને પણ સ્વીકારતો નથી.

<u>પ્રશ્ન</u> :- એક કે દ્વિવચનાંત જીવોની પ્રતીતિ શા કારણે થતી નથી?

<u>જવાબ</u> :- આ નય પાંચે ગતિમાં રહેનારા જીવોની અનંત સંખ્યાના આધારે તેમાં બહુત્વ (બહુવચન)નો જ વ્યવહાર (વિકલ્પ) કરે છે. તેથી એક કે બે જીવોની પ્રતીતિ થતી નથી. દેશ સંગ્રહ અને વ્યવહાર આદિ છ નયો કરતાં સર્વસંગ્રહ નયમાં આ વિશેષ માન્યતા છે. બીજી બધી ભાવના પૂર્વની જેમ જ સમજી લેવી → "જીવો" આ પ્રમાણે કહેતાં પાંચે ગતિમાં રહેનાર જીવો. "નોજીવો" એમ કહેતાં અજીવો અને તેના દેશ, પ્રદેશ તથા "અજીવો" કહેતાં અજીવ દ્રવ્યરુપ પુદ્ગલો અને

१. °तांश्चतुरो मु. (खं,मे,भां)।

**भाष्य- शेषास्तु- नयाः जात्यपेक्षमेकस्मिन् बहुवचनत्वम्, बहुषु च बहुवचनं सर्वाकारितग्राहिण इति।**

बहुवचनान्ता प्रतिपत्तिः, **शेषास्तु** नैगमादयो **नया** एक-द्वि-बहुवचनान्तानप्याश्रयन्ति एतान् विकल्पान्, यदा च जीवशब्दस्य एकोऽर्थो वाच्यो भवति तदैकत्वादेक वचनम्, यदापि च सामान्यं वाच्यं तदापि चैकत्वात् एकवचनप्राप्तौ सत्यां बहुवचनमन्विच्छन्ति नैगमादयः। कथमिति **चेत्** ?

उच्यते– **जात्यपेक्षं** जातिः=सामान्यरूपा[1]मपेक्षते यत् तज्जात्यपेक्षं बहुवचनम्, **एकस्मिन्नपि** पदार्थेऽभिधेये "**जात्याख्यायामेकस्मिन् बहुवचनमन्यतरस्याम्**" (**पा.१/२/५८**) इत्येनेन लक्षणेन।

यदा पुनर्बहव एव अभिधेया जीवशब्दस्य प्राणिनस्तदा नैव बहुवचनं "**जात्याख्यायामेकस्मिन् बहुवचनमन्यतरस्याम्**" उत्पादयन्ति, किन्तु लक्षणान्तरेण, तल्लक्षणं दर्शयति- "**बहुषु चैव बहुवचनं भवति**" (१/४/२१) इत्यनेन, अतः सङ्ग्रहो बहुवचनान्तानेव विकल्पानाश्रयति, शेपास्तु नया एकवचनबहुवचनान्तानप्याश्रयन्तीत्येतदाह- **सर्वाकारितग्राहिण** इति। सर्ववचनैरेकवचनादिभिराकारितान्

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- જ્યારે શેષ નયો વસ્તુની ભિન્ન જાતિઓને આશ્રયી 'એકમાં બહુવચન' અને 'અનેકમાં બહુવચન' આ રીતે સર્વ વચનો વડે કરતાં વિકલ્પોનાં ગ્રાહી છે.**

''નોઅજીવો'' કહેતાં જીવો અને તેના દેશ, પ્રદેશો. આ સર્વ સંગ્રહનય જ બહુવચનને માન્ય રાખે છે. જ્યારે અન્ય નયો એક, દ્વિ, બહુવચન એમ ત્રણે વિકલ્પોને માન્ય રાખે છે. જેમ કે જ્યારે જીવ શબ્દથી કોઈ એક જ અર્થ વાચ્ય હોય છે. ત્યારે એકત્વ હોવાથી એક વચન માને. અને જ્યારે (જીવથી) સામાન્ય (જીવત્વજાતિ)ની વિવક્ષા હોય ત્યારે એકત્વના લીધે એકવચનની પ્રાપ્તિ થવા છતાં પણ નૈગમ આદિ નયો 'બહુવચન'નો સ્વીકાર કરે છે.

### ❋ જાતિરુપ એકવચનથી વિવક્ષિત બહુવચન અમાન્ય - સંગ્રહનય ❋

<u>પ્રશ્ન</u> :- કઈ રીતે બહુવચનને માને ?

<u>જવાબ</u> :- સર્વવિશેષોમાં અનુગત સામાન્ય રુપ જાતિની અપેક્ષાએ બહુવચનને માને. અન્યતર (કોઈપણ) જાતિ ગર્ભિત નામ જો એકવચનમાં હોય તો પણ તે વિશે બહુવચન અર્થ કરવો.'' એ પાણીની વ્યાકરણના ૧/૨/૫૮ સૂત્રથી અહીં બહુવચનનો અર્થ કર્યો છે. પરંતુ જ્યારે જીવ શબ્દના અભિધેય પ્રાણીઓ ઘણા હોય ત્યારે આ સૂત્રથી બહુવચન ન કરવું. પરંતુ લક્ષણાન્તરથી કરવું. તે લક્ષણને કહે છે. → ''બહુમાં બહુવચન પ્રયોગ જ થાય છે'' આ ૧/૪/૨૧ સૂત્રને ધ્યાનમાં લઈ સંગ્રહ નય બહુવચનના વિકલ્પોને જ સ્વીકારે. શેષ નયો એક વચનનાંત અને બહુવચનાંત બન્ને વિકલ્પોના ગ્રાહક છે...

તેથી ભાષ્યમાં '**सर्वाकारितग्राहिण**' પદ છે. અર્થાત્ એકવચનાંત આદિ સર્વ વચનો વડે કરાતા વિકલ્પોને સંગ્રહ સિવાયના સર્વ નયો આશ્રય કરે છે. હવે ગ્રંથનો ગૌરવ ન થાઓ તે માટે એક સ્થાને જ સર્વ વિકલ્પોને જણાવ્યાં છે આનાથી જ અન્યત્ર પણ સુખપૂર્વક શિષ્યો સમજી જશે. આજ હકીકતની ભલામણ કરતાં 'ભાષ્ય'માં '**एवं सर्वभावेषु**' પદ મૂકીને એમ કહ્યું છે કે જે રીતે

१. 'रुपताम' मु (खं,भां)।

**भाष्य- एवं सर्वभावेषु नयवादानुगमः[1] कार्यः।। अत्राह- अथ पञ्चानां ज्ञानानां[2] सविपर्ययाणां कानि को नयः श्रयत[3] इति ?।**

'उच्चारितानेतान्' विकल्पान् गृह्णन्ति तच्छीलाश्च सर्वाकारितग्राहिण इति। सम्प्रति ग्रन्थगौरवं मन्यमान एकत्र च विकल्पानां दर्शितत्वादन्यत्र सुखेन ज्ञास्यतीत्येतदतिदिशति- **एवं सर्वभावेष्वित्यादिना**। सर्वभावेषु=सर्वार्थेषु धर्मास्तिकायादिषु **नयावादानुगम** इति नयवादेनानुगमो=अनुसरणं=निभालनं कार्यं तत्त्वान्वेषिणा पुंसा।।

एवं तावत् प्रमेयेण नयानां विचारः कृतः। सम्प्रति प्रमेयपरिच्छेदकेषु प्रमाणेषु को नयः कथं प्रवर्तते इत्यस्मिन्नवसरे पर आह- **अथ पञ्चेत्यादि**। **अथेत्येतस्माद्** विचारादनन्तरं **पञ्चानां** मत्यादीनां **ज्ञानानां**=ज्ञेयस्वतत्त्वतया ग्राहकाणां **सविपर्ययाणामि**ति सह विपर्ययेण अज्ञानस्वभावेन यानि वर्तन्ते तेषां सविपर्ययाणां **कानि** मत्यादीनि **को नयो** नैगमादिः **श्रयते**- अभ्युपगच्छति ?।

**अत्रोच्यते-नैगमादिनयास्त्रयः**=नैगम-सङ्ग्रह-व्यवहाराः **सर्वाणि**=निरवशेषाणि, कियन्तीति चेदुच्यते-

• *હેમગિરા* •

<u>ભાષ્યાર્થ</u> :- **આ પ્રમાણે સર્વ ભાવોમાં નયવાદનો અનુગમ કરવો.** <u>પ્રશ્ન</u> :- **પાંચે સવિપર્યય જ્ઞાનોમાં કયા જ્ઞાનનો સ્વીકાર કયો નય કરે ?**

નયોનું અર્થઘટન જીવાદિમાં કર્યું, તે રીતે ધર્માસ્તિકાય વગેરે સર્વ ભાંવોમાં નયવાદ વડે અર્થઘટન તત્ત્વશોધક પુરુષોએ કરી લેવું. આ પ્રમાણે નયોનો વિચાર પ્રમેય (જીવ, અજીવાદિ) વડે કરાયો.

**❋ ૫ જ્ઞાન + ૩ અજ્ઞાન આદ્ય ત્રણ નયને સ્વીકૃત ❋**

હવે પ્રમેયના બોધક એવા જે પ્રમાણો છે તેને વિશે નય કઈ રીતે પ્રવર્તે છે. તેના અનુસંધાનમાં અન્ય કોઈ પ્રશ્ન કરે છે <u>પ્રશ્ન</u> :- જ્ઞેય પદાર્થોને પોતપોતાના વિષય તરીકે ગ્રહણ કરનારા આ પાંચ મતિ વગેરે જ્ઞાનો જે અજ્ઞાન સ્વભાવરુપ વિપર્યય સહિત કુલ આઠ છે. તેમાંથી કયા જ્ઞાનનો સ્વીકાર આ નૈગમાદિ નયો કરે છે ? <u>જવાબ</u> :- નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નય સર્વજ્ઞાન તથા અજ્ઞાનને અર્થાત્ મતિજ્ઞાન, મતિ અજ્ઞાન, શ્રુત જ્ઞાન, શ્રુત અજ્ઞાન, અવધિજ્ઞાન, વિભંગ જ્ઞાન, મનઃ પર્યાય જ્ઞાન તથા કેવળજ્ઞાનને સ્વીકારે છે. કારણ કે આ નયો આઠેયના અર્થનો બોધ કરવા સમર્થ છે. તેથી આઠેનો આશ્રય આ ત્રણ નયો કરે છે.

**❋ ૪ જ્ઞાન + ૨ અજ્ઞાન ઋજુસૂત્ર નયને સ્વીકૃત ❋**

વળી મતિજ્ઞાન અને મતિ અજ્ઞાન સિવાયના છનો આશ્રય ઋજુસૂત્ર કરે છે. <u>પ્રશ્ન</u> :- મતિ અજ્ઞાન સહિત મતિનો આશ્રય ઋજુસૂત્ર નય કેમ નથી કરતો ? <u>જવાબ</u> :- આનું કારણ એ છે કે મતિજ્ઞાન અને મતિ અજ્ઞાન એ સવિપર્યય એવા શ્રુતજ્ઞાનનો આશ્રય કરીને જ ઉપકારક

१. दाधिगमः को.। २. पञ्चानां सवि मु.(को)। ३. समाश्रयतयत- मु. (को,बा)। '...'. एतच्चिह्नितपाठो मु. प्रतौ न दृष्टः। (खं,भा,मे)

**भाष्य- अत्रोच्यते- नैगमादयस्त्रयः सर्वाण्यष्टौ श्रयन्ते, ऋजुसूत्रनयो मतिज्ञान-मत्यज्ञानवर्जानि षट्।। अत्राह- अथ कस्मात् मतिं सविपर्ययां न श्रयत इति ?। अत्रोच्यते- श्रुतस्य सविपर्ययस्योपग्रहत्वात्, शब्दनयस्तु द्वे एव श्रुतज्ञान-केवलज्ञाने श्रयते।।**

**अष्टौ** = मतिज्ञानं, मत्यज्ञानं, श्रुतज्ञानं, श्रुताज्ञानं, अवधिज्ञानं, विभङ्गज्ञानं, मनःपर्यायज्ञानं, केवलज्ञानमष्टमम्। एतान्यष्टावपि यतोऽर्थं परिच्छिन्दन्ति, अतोऽभ्युपगच्छन्त्यष्टावपि। **ऋजुसूत्रः** पुनः षडेषां मध्ये श्रयते, **मतिज्ञान-मत्यज्ञानवर्जानि षट्**, मतिं मत्यज्ञानं च नाभ्युपैति।। **अत्राह- अथ कस्मात् मतिं सविपर्ययामिति** मत्यज्ञानसहितामित्यर्थः **न श्रयते**=नेच्छतीति ?।।

**अत्रोच्यते**- यस्मान्मति-मत्यज्ञाने **श्रुतज्ञानस्य सविपर्ययस्येति** श्रुताज्ञानसहितस्य **उपग्रहं** कुरुतः। कथमिति चेदुच्यते-यदेतदिन्द्रियजं चक्षुरादिभ्य उपजातं तद् हि अवग्रहमात्रेण[1] प्रवर्तमानं न वस्तुनो निश्चयं कर्तुमलम्, यदा श्रुतज्ञानेनासावालोचितोऽर्थो भवति तदा यथावन्निश्चीयते इति, तस्मात् तदेवाभ्युपगन्तव्यं श्रुतज्ञानं, किं मतिज्ञानेन ? इत्येवं श्रुतस्योपग्रहकरत्वात् न मतिज्ञानं सविपर्ययमाश्रीयते। **शब्दनयस्तु** भावार्थावलम्बी द्वे एव नान्यत् ताभ्यामित्युक्तम्, के ते ? उच्यते **श्रुतज्ञान-केवलज्ञाने**।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>જવાબ</u> :- નૈગમાદિ ત્રણ નયો આઠેયનો આશ્રય કરે છે. ઋજુસૂત્ર નય મતિજ્ઞાન અને મતિ-અજ્ઞાનને છોડી છનો આશ્રય કરે છે. <u>પ્રશ્ન</u> :- ઋજુસૂત્ર સવિપર્યય એવા મતિનો કેમ આશ્રય નથી કરતા ? <u>જવાબ</u> :-વસ્તુ બોધના નિશ્ચય, અનિશ્ચયમાં સવિપર્યય શ્રુત જ ઉપકારી છે. શબ્દનય તો શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બેનો જ આશ્રય કરે છે.**

બને છે. <u>શંકા</u> :- કઈ રીતે શ્રુત સહિત જ મતિ ઉપકારક છે ?

<u>જવાબ</u> :- જે આ ચક્ષુ આદિથી ઉત્પન્ન થનારું ઈન્દ્રિય જન્ય મતિ જ્ઞાન છે તે અવગ્રહ માત્રથી પ્રવર્ત્તમાન હોવાથી વસ્તુનો નિશ્ચય કરવા સમર્થ નથી. પરંતુ જ્યારે અવગૃહીત અર્થ શ્રુતજ્ઞાન વડે આલોચિત અર્થવાળું બને અર્થાત્ ત્યારે જ યથાવત્ વસ્તુનો નિર્ણય કરાવી શકે. તેથી શ્રુતજ્ઞાનનો જ સ્વીકાર કરવો ઉચિત છે, મતિજ્ઞાન વડે શું ? આ પ્રમાણે મતિને શ્રુત ઉપગ્રાહક (સહાયક) હોવાથી સવિપર્યય મતિજ્ઞાનનો આશ્રય આ ઋજુસૂત્ર નય નથી કરતો.

### ❋ શબ્દનયને અભિમત બે જ્ઞાન ❋

ભાવાત્મક પદાર્થનો અવલંબી એવો શબ્દ નય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન આ બેનો જ આશ્રય કરે, અન્યનો ન કરે. આ શબ્દ નય અંગે કોઈક અસૂયા થકી એમ પૂછે છે કે- શબ્દનય ઈતરજ્ઞાન-અજ્ઞાનોને કેમ નથી માનતો ? <u>જવાબ</u> :- મતિ, અવધિ અને મનઃપર્યાય જ્ઞાનોને આગમરૂપ શ્રુત જ ઉપકારક છે. કારણ કે આ મત્યાદિ જ્ઞાનો મુંગા હોવાથી સ્વ આલોચિત અર્થને સ્વયં

१. अवग्रहण° मु (खं,भां,कोA)।

**भाष्य– अत्राह– अथ कस्मान्नेतराणि श्रयत इति ?। अत्रोच्यते- मत्यवधि-मनःपर्यायाणां श्रुतस्यैवोपग्राहकत्वात्, चेतनाज्ञस्वाभाव्याच्च सर्वजीवानां नास्य कश्चिन्मिथ्यादृष्टिरज्ञो वा जीवो विद्यते। तस्मादपि विपर्ययान्[1] न श्रयत इति।**

**अत्र** शब्दमते परोऽसूयया ब्रूते- **अथ कस्मान्नेतराणि** मत्यादीनि **श्रयते** ?। **अत्रोच्यते- मत्यवधि-मनःपर्यायाणां श्रुतस्यै**वागमानुरक्तस्य **उपग्राहकत्वाद्**=उपकारकत्वात्, यतो मत्याद्यालोचितोऽर्थः न मत्यादिभिः शक्यः प्रतिपादयितुं मूकत्वान्मत्यादिज्ञानानाम्, अतस्तैरालोचितोऽप्यर्थः पुनरपि श्रुत-ज्ञानेनैवान्यस्मै स्वपरप्रत्यायकेन प्रतिपाद्यते, तस्मात् तदेवालम्बितुं युक्तं, नेतराणि। केवलज्ञानं तु यद्यपि मूकं तथाप्यशेषार्थपरिच्छेदात् प्रधानमितिकृत्वाऽवलम्ब्यत एव, तथा विपर्ययान्[2] नाभ्युपैत्यस्मात् **चेतनाज्ञस्वाभाव्याच्चे**त्यादि, चेतना=जीवत्वं परिच्छेदकत्वसामान्यं गृह्यते, ज्ञ इत्यनेन तु विशेषपरिच्छेदिता ग्राह्या, तयोश्चेतना-ज्ञयोः स्वाभाव्यं=तथाभवनं तस्माच्चेतनाज्ञस्वाभाव्यात् **सर्वजीवानां**=पृथिवीकायिकादीनां।

**न** विद्यते तेषां **कश्चित्** प्राणी **मिथ्यादृष्टिः**=अयथार्थपरिच्छेदी, सर्वे प्राणिनः स्वस्मिन् 'स्वस्मिन्' विषये परिच्छेदकत्वेन प्रवर्तमानाः स्पर्शं स्पर्श इत्येवं परिच्छिन्दन्ति रसं च रस इत्यादि, **अज्ञो वा**=अज्ञानी वा, न कस्यचित् प्राणिनो ज्ञानमविद्यमानं अस्य [T]नयस्य मतेन। यतोऽभिहितम्[3] 'सव्व

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- <u>પ્રશ્ન</u> :- આ શબ્દ નય શ્રુત-કેવળ સિવાય અન્યનો આશ્રય કેમ નથી કરતો..? <u>જવાબ</u> :- મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનને શ્રુતજ્ઞાન જ ઉપકારક હોવાથી, વળી આ શબ્દ નયની અપેક્ષા સર્વજીવો ચેતના (જ્ઞાન) સ્વભાવવાળા હોવાથી મિથ્યાદષ્ટિ કે અજ્ઞાની તરીકે કોઈ જીવ નથી. તેથી મતિ-અજ્ઞાનાદિ વિપર્યયજ્ઞાન પણ આ નયને માન્ય નથી.**

કહેવા સક્ષમ નથી. શ્રુતજ્ઞાન તો બોલતું હોવાથી તે મત્યાદિ વડે આલોચિત અર્થોને સ્વ-પરની પ્રતીતિ કરાવવા વડે પ્રતિપાદન કરવામાં સમર્થ છે. તેથી આનું અવલંબન (ગ્રહણ) જ યુક્ત છે. બીજાનું નહિં. જો કે કેવળજ્ઞાન પણ 'મૂક' છે. તો પણ સમગ્ર અર્થોને જાણવામાં સમર્થ હોવાથી પ્રધાન છે. તેથી આનું અવલંબન પણ આ નય કરે છે.

### ❈ મિથ્યાદૃષ્ટિ કે અજ્ઞાની કોઈ નથી - શબ્દનય ❈

શબ્દનય વિપર્યય (મતિ અજ્ઞાનાદિ)ને પણ નથી સ્વીકારતો, તેનું કહેવું એમ છે કે જીવ માત્ર ચેતના અને જ્ઞ (જ્ઞાન) સ્વભાવવાળો હોય છે, **ચેતના** = જીવત્વ = સામાન્ય પરિચ્છેદકતા = સામાન્ય જ્ઞાન અને **'જ્ઞ'**= વિશેષ જ્ઞાન. આ ચેતના સ્વભાવ અને જ્ઞ-સ્વભાવ પૃથ્વીકાયાદિ પ્રત્યેક જીવમાં હોય છે. તેથી કોઈપણ જીવોમાં જ્ઞાન ન હોય તેવું બને જ નહીં. અને તેથી અયથાર્થ પરિચ્છેદી = મિથ્યાદષ્ટિ કોઈપણ ન સંભવે. કારણ કે, સર્વે જીવો પોત-પોતાના સ્પર્શ, રસ વગેરે

१. विपर्ययो न श्रयत रा.A / 'नाश्रयत' इति टीकाकारेण गृहीतपाठः। २. विपर्ययं मु. (खं,भां)। '....'. एतच्चिह्नितपाठो भां. प्रतौ न दृष्टः। ३. यथाऽमितिम् मु (खं,भां)। T. परि.५ टि.३९।

**भाष्य- अतश्च प्रत्यक्षानुमानोपमानाप्तवचनानामपि प्रामाण्यमभ्यनुज्ञायत इति।।**

**जीवाणंपि य णं अक्खरस्स अणंतो भागो निच्चुघाडितओ" (जति पुण सो विआविज्जा तेण जीवो अजीवत्तं पावेज्जा)** (नन्दी.सू.७५), अतः सर्वे सम्यग्दृष्टयः सर्वे च ज्ञानिनः, अतो विपर्ययो नास्ति मत्यज्ञान-श्रुताज्ञान-विभङ्गज्ञानरूप इति, अतः=अभावादेव **विपर्ययान्**=मत्यज्ञानादीन् **नाश्रयते** यतश्च छद्मस्थज्ञानानि सर्वाण्येवश्रुतेऽन्तर्भवन्ति, अतो यत् '**प्रत्यक्षमन्यत्**' (अ.१,सू.१२) इत्यस्मिन् सूत्रे प्रतिज्ञातं नयवादान्तरेण तु यथा मति-श्रुतविकल्पजानि भवन्ति तथा पुरस्ताद् वक्ष्याम इति तदुपपन्नम्, अस्मिंश्चोपपन्ने सर्वप्राणिनां सम्यग्दृष्टित्वात् ज्ञानित्वाच्च सर्वज्ञानानां प्रामाण्यम्, तदाह- **अतश्च प्रत्यक्षानुमानोपमानाप्तवचनानामपि प्रामाण्यमभ्युपगतं** भवति। उक्तं चैषां प्राक् स्वरूपं

*હેમગિરા*

<u>ભાષ્યાર્થ</u> :- **અને આથી જ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ પણ પ્રમાણ તરીકે સ્વીકાર્ય છે.**

વિષયોના પરિચ્છેદમાં પ્રવર્તે ત્યારે તે સ્પર્શ, રસ વગેરેને તે તે સ્વરૂપે અનુભવે જ છે. તેમજ અજ્ઞાની જીવ પણ કોઈ નથી. અર્થાત્ જેમાં જરાક પણ જ્ઞાન વિદ્યમાન ન હોય તેવો કોઈ પણ જીવ આ નયના મતે નથી. કારણ કે આગમ (નંદીસૂત્ર-૪૨)માં કહ્યું છે કે **સર્વે જીવોમાં અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો** હોય છે. જો તે ભાગ પણ આવરિત થઈ જાય તો જીવ અજીવ બની જાય. આથી સર્વ જીવો સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની છે. અને આથી જ મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન કે વિભંગ જ્ઞાનરૂપ વિપર્યય નથી. તે આ પ્રમાણે અભાવ હોવાથી મતિ-અજ્ઞાનાદિનો આશ્રય શબ્દનય નથી કરતો. હવે જ્ઞાનો વિશે જણાવતા કહે છે → જેથી કે બધા છદ્મસ્થ જ્ઞાનોનો શ્રુતજ્ઞાનમાં જ અંતર્ભાવ થઈ જાય છે. તેથી જ '*प्रत्यक्षमन्यत्*' (અ.૧-સૂ-૧૨)માં જે પ્રતિજ્ઞા કરેલી કે '' જુદા-જુદા નયના ભેદે મતિ, શ્રુતના વિકલ્પો જે રીતે થાય છે તે રીતે આગળ ઉપર કહીશું.'' તે વાત પણ (આ નયવાદાંતર(=શબ્દનય)ની દૃષ્ટિએ બે જ્ઞાનને વિચારતા) ઉપપન્ન (પૂર્ણ) થઈ.

### ❋ ...તો અનુમાનાદિ પ્રમાણ પણ જ્ઞાન કહેવાય ❋

આ પ્રમાણે ઉપપન્ન થવાથી સર્વ પ્રાણીમાં સમ્યગ્દષ્ટિત્વ અને જ્ઞાનીપણું નિશ્ચિત થવાથી સર્વ જ્ઞાનોની પ્રમાણતા પણ સિદ્ધ થઈ, તે જણાવવા ભાષ્યમાં કહ્યું કે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આપ્તવચન (આગમ)ની પ્રમાણતા પણ માન્ય છે. પેલા (૧૨માં સૂત્રની ભાષ્ય-ટીકામાં) પૂર્વપક્ષીએ પ્રશ્ન ઉઠાવેલા કે ''જો મિથ્યાદષ્ટિના મતિ આદિ અજ્ઞાન રુપ છે તો આ મિથ્યાદષ્ટિ એ માનેલા અનુમાનાદિ પ્રમાણેનો અંતર્ભાવ મતિ-શ્રુતમાં કઈ રીતે કરી શકાશે ? આના જવાબમાં ત્યાં કહેલું કે ''નયવાદાન્તર''થી આ અંતર્ભાવ થઈ શકશે. પ્રસ્તુતમાં એ હકીકતની નયવાદથી સંગતિ કરી અંતમાં ઉપસંહાર કરતા વાચક પ્રવરે કહ્યું કે ''તેથી પ્રત્યક્ષાદિ ચારે પ્રમાણ તરીકે સ્વીકાર્ય છે, સત્ય છે, પ્રમાણ રૂપ છે.'' આ પ્રત્યક્ષાદિ સર્વેનું સ્વરૂપ પૂર્વે કહેવાઈ ગયું છે.

**भाष्य- आह च-**

**विज्ञायैकार्थपदान्यर्थपदानि च विधानमिष्टं च। विन्यस्य परिक्षेपात्, नयैः परीक्ष्याणि तत्त्वानि।।१।।**

**ज्ञानं सविपर्यासं, त्रयः श्रयन्त्यादितो नयाः सर्वम्। सम्यग्दृष्टेर्ज्ञानं, मिथ्यादृष्टेर्विपर्यासः।।२।।**

प्रत्यक्षादीनां, प्रमाण-नयविचारमनन्तरं सकलं चाध्यायार्थमुपसंहरन् कारिकाः पपाठ- **आह चे**त्यादि। **विज्ञाय**=ज्ञात्वा **एकार्थानि पदानि** जीवः प्राणी जन्तुरित्यादि, **अर्थपदानि च**=निरूक्तपदानि परैरूक्षासम्बन्धनमुपक्रियेति परोक्षमित्यादीनि, **विधानं** नाम-स्थापनादिकम्, **इष्टं चे**ति निर्देश-स्वामित्वादि सत्सङ्ख्यादीनि च, एतज्ज्ञात्वा ततो **विन्यस्य** नामादिभिः **परिक्षेपात्**=समन्तात् **नयैः परीक्ष्याणि** = मीमांस्यानि **तत्त्वानि**=जीवादीनि सप्त ।।१।।

**ज्ञानं**=मत्यादि **सविपर्यासं**=मत्यज्ञानादित्रयानुगतं नैगमादय**स्त्रयः श्रयन्ति**=अभ्युपगच्छन्ति **आदित** =आदेरारभ्य **नयाः**=वस्त्वंशग्राहिणः **सर्वम्**=अष्टविधम्। कस्य पुनर्ज्ञानं कस्य च विपर्यासो भवतीत्येतदाह- ▸**सम्यग्दृष्टेरित्यादि**◂ **सम्यग्दृष्टेः**=अर्हदभिहिततत्त्वश्रद्धायिनः यदिन्द्रियजमनिन्द्रियजं च तत् सर्वं **ज्ञानं**, **मिथ्यादृष्टेः** सर्वमेव **विपर्यासः**।।२।।

*हेमगिरा*

ભાષ્યાર્થ :- **એકાર્થક પદો, નિરૂક્તપદો, વિધાન, ઈષ્ટ વગેરેને જાણીને, સમસ્ત રીતે ન્યાસ કરી નયો વડે તત્ત્વોની પરીક્ષા કરવી. ॥૧॥ વિપર્યાસ (ત્રણ અજ્ઞાન) સહિત સર્વ (પાંચે) જ્ઞાનને પ્રારંભના ત્રણ નયો સ્વીકારે છે. આ નયો સમ્યગ્દષ્ટિને થતા મતિ આદિને જ્ઞાન રૂપે માને અને મિથ્યાદષ્ટિના જ્ઞાનોને વિપર્યાસ રુપ માને છે. ॥ ૨ ॥**

આ રીતે પ્રમાણ અને નયનો વિચાર કર્યા બાદ આ સંપૂર્ણ અધ્યાયના અર્થનો ઉપસંહાર કરતાં કારિકાઓને કહે છે. → (જીવાદિ સાત તત્ત્વોને જાણવા માટે ટૂંક પદ્ધતિ જણાવતા કહે છે) કે સર્વ પ્રથમ તે તે તત્ત્વોને જાણવા તેના એકાર્થિકપદો જાણવા. દા.ત., જીવ, પ્રાણી, જંતુ વગેરે ત્યારબાદ 'અર્થ-પદો' અર્થાત્ નિરુક્તપદો જાણવા. તે આ મુજબ કે પર(ઈન્દ્રિયાદિ) વડે-ઉક્ષા = આત્મા સાથે સંબંધને કરે તે પરોક્ષ. આ રીતે પરોક્ષ શબ્દના બીજા થતા નિરુક્ત અર્થ = વ્યુત્પત્તિ અર્થો પણ યોજવા. તથા નામ-સ્થાપના વગેરે **'વિધાન'**ને તથા નિર્દેશ, સ્વામિત્વ આદિ. અને સત્, સંખ્યા વગેરે **'ઈષ્ટ' દ્વારોને** જાણીને ત્યારબાદ જીવાદિ અંગે નામાદિ નિક્ષેપા વડે વિન્યાસ (રચના) કરી ચારે બાજુથી (સમગ્ર) નયો વડે જીવાદિ સાત તત્ત્વો વિશે વિચાર કરવો. ॥ ૧ ॥

### ❋ ટૂંકમાં નયોથી જ્ઞાનની વિચારણા ❋

મતિ અજ્ઞાન વગેરે ત્રણ વિપર્યાસોથી યુક્ત પાંચ મતિજ્ઞાન વગેરે કુલ આઠનો આશ્રય વસ્તુ-અંશ-ગ્રાહક એવા પ્રારંભના ત્રણ નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયો કરે છે. તે જણાવતાં કહે છે:

પ્રશ્ન :- આ જ્ઞાનોમાં કોના મત્યાદિ એ જ્ઞાન રુપ છે અને કોના વિપર્યાસ રુપ છે ?

▸....◂. एतच्चिह्नितपाठो मु. प्रतौ न दृष्टः (खं,भां)।

**ऋजुसूत्रः षट् श्रयते, मतेः श्रुतोपग्रहादनन्यत्वात्। श्रुत-केवले तु शब्दः, श्रयते नान्यच्छ्रुताङ्गत्वात्।।३।।**
**मिथ्यादृष्ट्यज्ञाने, न श्रयते नास्य कश्चिदज्ञोऽस्ति। ज्ञस्वाभाव्याज्जीवो, मिथ्यादृष्टिर्न चाप्यज्ञः[1]।।४।।**

**ऋजुसूत्र** उक्तस्वरूपः **षट्**=मतिमत्यज्ञानरहितानि श्रुतादीनि **श्रयते, मतिं** तु सविपर्यासां न श्रयते, अतः **श्रुतस्य**=ग्रन्थारूपितस्य **उपग्रहत्वात्**=उपकारकत्वाद् उक्तेन विधिना, ततश्च श्रुतादयनन्या मतिरतोऽ**नन्यत्वान्नाश्रयते। शब्दस्तु श्रुतज्ञान-केवलज्ञाने श्रयते, नान्यत्**, किं कारणम् ? **श्रुताङ्गत्वात्**= श्रुतस्य प्रतिविशिष्टबलाधानहेतुत्वादुक्तेन विधिना, शब्द एव नयः।।३।.

**मिथ्यादृष्ट्यज्ञाने**, मिथ्यादृष्टिम[2]अज्ञानं च=अपरिच्छेदात्मकं न **श्रयते**, किं कारणम् ? यतो नास्य **कश्चिदज्ञोऽस्ति** नास्त्यस्य कश्चिदज्ञः शब्दस्य मतेन कश्चित प्राणी किं कारणमिति चेत् ? उच्यते- **ज्ञस्वाभाव्यात्**=सर्वप्राणिनां ज्ञातृस्वरूपत्वाज्**जीवो मिथ्यादृष्टि**र्नास्ति **न चाप्यज्ञो**ऽस्ति।।४।।

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- આ ઋજુસૂત્ર (મતિ જ્ઞાન અને મતિ અજ્ઞાન સિવાયના) '૬'નો જ આશ્રય કરે છે કારણ કે મતિજ્ઞાનએ શ્રુતજ્ઞાન થકી ઉપકૃત થઇને જ વિષયને જાણી શકે છે તેથી એ શ્રુત જ્ઞાનથી અનન્ય (અભિન્ન) છે. શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનને ગ્રહણ કરે છે. કારણ કે આ સિવાયના અન્ય જ્ઞાનો આ નયના મતે શ્રુત જ્ઞાનમાં જ અંતર્ગત છે. ।।૩।। વળી શબ્દનય 'મિથ્યાદષ્ટિ' અને અજ્ઞાન આ બંનેનો સ્વીકાર ન કરે, કારણ કે જીવ માત્ર 'જ્ઞ' સ્વભાવવાળો હોવાથી કોઈ જીવ મિથ્યાદષ્ટિ અને અજ્ઞ પણ ન જ હોય ।। ૪ ।।**

<u>જવાબ</u> :- અરિહંત પ્રભુએ કહેલા તત્ત્વોની શ્રદ્ધાવાળા સમ્યગ્દષ્ટિઓને ઈન્દ્રિયજ અને અનિન્દ્રિયજ સર્વજ્ઞાન એ **જ્ઞાનરૂપ** છે. અને મિથ્યાદષ્ટિને સર્વ **'વિપર્યાસ'** રુપ છે. ।। ૨ ।।

### ❋ ઋજુસૂત્ર અને શબ્દની માન્યતાનો વિહંગાવલોકન ❋

પૂર્વે કહેવાયેલા સ્વરૂપવાળો ઋજુસૂત્ર નય મતિજ્ઞાન અને મતિ અજ્ઞાન સિવાયના ૪ જ્ઞાન અને ૨ અજ્ઞાન કુલ '૬'ને સ્વીકારે. સવિપર્યાસ મતિજ્ઞાન આને માન્ય નથી. કારણ પૂર્વે કહેલ વિધિ મુજબ મતિજ્ઞાનથી વિચારેલા અર્થમાં શ્રુતજ્ઞાન એ ઉપકારક બને છે. તેથી મતિએ શ્રુત કરતાં અન્ય નથી. પણ અનન્ય છે. શબ્દનય શ્રુત અને કેવળજ્ઞાનને માન્ય રાખે છે. કારણ કે દરેક જ્ઞાનના વિષયને જાણવા માટે પૂર્વોક્તવિધિ મુજબ પ્રતિવિશિષ્ટ બળનું આધાન આ શ્રુત થકી જ થાય છે તેથી આ વિશિષ્ટ હેતુ રુપ છે અને તેમ હોવાથી સર્વ જ્ઞાનો આના જ એક અંગ રૂપે જાણવા. શબ્દ (શ્રુત) એ જ નય તે શબ્દ નય. અર્થાત્ શ્રુત એ પ્રધાન અંગ છે. (કેવળજ્ઞાન એ સર્વ અર્થનો પરિચ્છેદક છે તેથી પ્રધાન માની અલગ ભેદ માન્યો છે આ વાત પૂર્વે કહી દીધી છે તે અહીં પણ સમજવી.) ।।૩ ।। મિથ્યાદષ્ટિ અને અબોધાત્મક અજ્ઞાનનો આશ્રય આ શબ્દનય નથી કરતા કારણ કે આના મતે કોઈ પ્રાણી અજ્ઞ નથી. આનું કારણ એ છે કે દરેક જીવ જ્ઞાન સ્વભાવવાળા છે. તેથી મિથ્યાદષ્ટિ અને અજ્ઞ જીવ પણ કોઈ નથી.।।૪।।

१. चाप्यस्ति मु.(राA)। २. मिथ्यादृष्टम् (खं,भां)।

**इति नयवादाश्चित्राः, क्वचित् विरूद्धा इवाथ च विशुद्धाः।**
**लौकिकविषयातीताः, तत्त्वज्ञानार्थमधिगम्याः ॥५॥ (आर्या)**

**इति**=एवमनेनोक्तेन स्वरूपेण **नयवादाः**=नैगमादिविचाराः **चित्राः**=बहुरूपाः, विचित्रैः प्रकारैर्वस्तुनः परिच्छेदित्वात्, ते चित्राः **क्वचिद् विरूद्धाः** क्वचिद् वस्त्वंशे [1]स्वरूचिगृहीते विरूद्धा **इव** लक्ष्यन्ते, यतः सामान्ये आश्रिते यस्तत्रैव विशेषं कल्पयति तदा पूर्वापरेण विरूध्यते, विशपे वा त्रैकालिकेऽभ्युपेते वर्तमानावधिके विशेष आश्रिते पूर्वः परेण विरूद्ध इति लक्ष्यते, एवं सर्वेष्वायोजनीयम्। एवं क्वचिद् विरूद्धा इव। **अथ**[2] **च** सम्यगालोच्यमानाः **विशुद्धाः**, सामान्यादीनां धर्माणां सर्वेषां तत्र वस्तुनि भावात्॥

**अथै**वमेवं[3] किं लौकिकानामपि वैशेषिकादीनां वस्तुविचारणायां सम्पतन्त्युत नेति ?। **उच्यते**-

• *હેમગિરા* •

**<u>ભાષ્યાર્થ</u> :- આ પ્રમાણે નયો વિચિત્ર ભેદવાળા છે. ક્યાંક નયો વિરૂદ્ધ જેવા જણાય તો ક્યાંક વિશુદ્ધ જણાય છે. વૈશેષિક આદિ લૌકિ વિષય (મત)થી અતીત આ નયો તત્ત્વજ્ઞાનના પ્રયોજનથી જાણવા લાયક છે. ॥૫॥**

આ પ્રમાણે ઉક્ત સ્વરૂપ વડે નૈગમાદિ નયોના વિચારો અનેક પ્રકારે વસ્તુતત્ત્વના પરિચ્છેદક હોવાથી બહુરૂપવાળા કહેવાય છે. આ નયો વસ્તુના ક્યાંક એક (અમુક જ) અંશને સ્વ-રૂચિથી ગ્રહણ કરતા હોવાથી વિરૂદ્ધ જેવા લાગે છે. કારણ કે એકજ વસ્તુમાં સામાન્યનો આશ્રય કરી તેમાં જ વિશેષની પણ કલ્પના કરે તો પૂર્વાપર વિરોધ જેવું જણાય. અથવા તો ત્રૈકાલિક (ભૂત-ભવિષ્ય-વર્તમાન સંબંધી) વિશેષનો સ્વીકાર કરવા સાથે તે જ વસ્તુમાં વર્તમાનકાળ અવધિવાળું વિશેષ પણ સ્વીકારાય તો પૂર્વાપર વિરોધ જેવો જણાય છે. આ પ્રમાણે વસ્તુગત સર્વ ધર્મોમાં ક્યાંક વિરોધ જેવું જણાય છે, પરંતુ યદિ જો સમ્યગ્ રીતે વિચારવામાં આવે તો આ વિરોધ નહીં જણાય બલ્કે સર્વનયો વિશુદ્ધ જ જણાશે. કારણ કે એક જ વસ્તુમાં સામાન્યાદિ બધાં જ ધર્મો (સાપેક્ષ રીતે) વિદ્યમાન છે.

### ❊ નયો લૌકિક નથી ❊

<u>પ્રશ્ન</u> :- વૈશેષિક આદિ લૌકિક મતો થકી વસ્તુ વિચારણામાં આ નયોથી અર્થઘટન થાય છે કે નહીં ? <u>જવાબ</u> :- લૌકિક મતકારો આ નયોથી અર્થઘટન નથી કરી શકતાં. જો કરી શકતાં હોય તો જૈન શાસનની જેમ તેમના સિદ્ધાંતો પણ નિરવદ્ય-નિર્દોષ થઈ જાય. પણ તેઓમાં નિર્દોષતા નથી. કારણ કે તેઓમાં આ નયોનો અભાવ છે. અર્થાત્ સર્વ નયોને આશ્રયી લૌકિક શાસ્ત્રો વિચારતા નથી. (પરંતુ એકાંતદષ્ટિથી વિચારે છે) તેથી જ **'લૌકિક વૈશેષિકાદિ શાસ્ત્રોથી રહિત અતીત એવા આ નયો છે.'** તેમ ભાષ્યકારે કહ્યું છે.

### ❊ સર્વનયમય સ્યાદ્વાદ ❊

<u>શંકા</u> :-જો આ વૈશેષિકાદિ મતકારો પ્રસ્તુત નયો થકી વસ્તુતત્ત્વને નથી વિચારતા તો અહીં

१. 'वंशे रुचि' मु (खं.भां)। २. अथवा मु (खं,भां)। ३. 'मेव लौकि' मु. (खं,भां)।

न सम्पतन्ति,-यदि सम्पतेयुर्जैनशासनवत् तान्यपि निरवद्यानि मतानि स्युः, नैव तत् तथा, एतदाह- **लौकिकविषयातीताः**=लौकिकानां=वैशेपिकादीनां विषयाः=शास्त्राणि तान्यतीताः=अतिक्रान्ताः, न सन्ति तेष्वित्यर्थः।।

**अथ** यथा ते वैशेपिकादयो नालोचयन्त्येभिर्वस्तु तथाऽत्रापि किमाश्रयते उत नेति ? **उच्यते**- न तथा नालोचनीयं वस्तु, किन्त्वालोचनीयमेवेति, एतदाह- **तत्त्वज्ञानार्थमधिगम्याः** तत्त्वं=सद्रूपं =सर्वदोपरहितं यज्ज्ञानं तत् तत्त्वज्ञानं **तत्त्वज्ञानाय**=तत्त्वज्ञानार्थं=तत्त्वज्ञानप्रयोजनार्थम् **अधिगम्याः**= ज्ञेयाः। एतत् कथयति समस्तनयसामग्र्या आलोच्यमानं वस्तु सुधियां प्रीतिमाधिनोति, अन्यथा यथावद्वस्तु[1] संवादो दुःखेनापाद्येत, यत एकनयमतावलम्बिनां वस्तुस्वरूपसम्पादने सामर्थ्याभावात् समग्र्यां[2] तु नयविचारणया वस्तुस्वरूपप्रतिपादनं सुकरमवगतस्याद्वादसद्भावैरिति।।५।।३५।।

ग्रन्थाग्रमङ्कतः ४३५९

इति **श्रीतत्त्वार्थाधिगमे**ऽर्हत्प्रवचनसङ्ग्रहे भाष्यानुसारिण्यां तत्त्वार्थटीकायां प्रथमोऽध्यायः।।१।।

।।इति प्रथमोऽध्यायः।।

*હેમગિરા*

(જિનપ્રવચનમાં) પણ તત્ત્વને વિશે આ નયો વડે વિચારણા કરવી કે નહીં ?

<u>**સમાધાન**</u> :- વિચારણા ન કરવી એવું નહીં, અર્થાત્ અવશ્ય વિચારણા કરવી જ કારણ કે તત્ત્વ=સત્રૂપ=સર્વ દોષથી રહિત એવા તત્ત્વજ્ઞાનના પ્રયોજનને પુરૂં પાડવા નયો (નયયુક્ત સર્વ પદાર્થ) જાણવા જરૂરી છે. આશય એ છે કે સમસ્ત નય રુપ સામગ્રીથી વિચારતાં જ વસ્તુ પ્રત્યે બુદ્ધિમાનોને આદર પ્રીતિ થાય છે. અન્યથા (જો સર્વ નયથી ન વિચારાય તો) તથ્ય વસ્તુની સમજણ દુઃખેથી પ્રાપ્ત થાય. કારણ કે એક નયાવલંબી-જનોમાં યથાવત્ વસ્તુ સ્વરૂપને કહેવાનું સામર્થ્ય નથી જ હોતું. જ્યારે સર્વ નયોથી વિચારણા કરતા સ્યાદ્વાદનો સદ્ભાવ હોવાથી વસ્તુ સ્વરૂપનું વિશદ-વિસ્તૃત વિવેચન શક્ય છે. અને તેથી તત્ત્વનો બોધ સુકર અને સુગમ બને છે. ॥૫॥

આ પ્રમાણે અર્હત્પ્રવચનના સંગ્રહ રુપ શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમાં ભાષ્યાનુસારી તત્ત્વાર્થ ટીકાને વિશે પ્રથમ અધ્યાયનું ગુજરાતી અનુવાદ (હેમગિરા) પરમપૂજ્ય શાસનપ્રભાવક ભોપાલ-તીર્થોદ્ધારક, શ્રી પંચજિનેશ્વર કૈવલ્યધામતીર્થ પ્રેરક, ગિરિવિહારસંસ્થામાર્ગદર્શક ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય શ્રી **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય મુનિ **ઉદયપ્રભવિજય** દ્વારા દેવ-ગુરુ-ધર્મ કૃપાથી સહર્ષ સંપન્ન થયેલ છે. જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છામિદુક્કડમ્ ॥૧॥

*શ્રાવણ વદ-૫, વિ.સં.૨૦૬૧*

*નવરંગપુરા (અમદાવાદ)*

**।। कल्याणं भवतु श्रीसङ्घस्य ।।**

**।। शिवमस्तु सर्वजगतः ।।**

१. यथावस्तु मु (भां.खं)। २. समग्र्या नय मु (खं)।

# પરિશિષ્ટ ૧ થી ૯

१. परिशिष्ट - तत्त्वार्थसूत्रनो स्वाध्याय + हेमगिरानी अनुप्रेक्षा ............ २-३

२. परिशिष्ट - सूत्रानुक्रम + अकारादिक्रमेण सूत्रानुक्रम ...................... ४-५

३. परिशिष्ट - श्वेताम्बर-दिगम्बरपाठभेद ........................................... ६

४. परिशिष्ट - तत्त्वार्थाधिगमटीप्पणम् ........................................... ७-१९

५. परिशिष्ट - तुलनात्मकटीप्पणी ............................................... २०-३१

६. परिशिष्ट - तत्त्वार्थाधिगमसूत्राणाणां बीजभूत "आगमसूत्राणि" ...... ३२-३५

७. परिशिष्ट - टीकागतानामुद्धरणानामकारादिक्रमः ......................... ३६-३७
+ टीकागतग्रन्थानामकारादिक्रमः
+ टीकागतपरिभाषा-न्यायानामकारादिक्रमः

८. परिशिष्ट - भूमिकागतसाक्षीग्रन्थानामकारादिक्रमः ....................... ३८-३९

९. परिशिष्ट - भूमिकागतसाक्षीपाठानामकारादिक्रमः ......................... ४०-४३

## परिशिष्ट-१ तत्त्वार्थसूत्रनो स्वाध्याय

૧. શ્વેતાંબરાદિ ચારે ફિરકાઓને માન્ય એવો જૈનશાસનનો કયો ગ્રંથ છે?
૨. અંતર દ્વારને આશ્રયીને સમ્યગ્દર્શનનો વિરહકાળ કેટલો છે?
૩. બહુ અને બહુવિધ શ્રુતજ્ઞાનમાં શું તફાવત છે?
૪. અંગ બાહ્ય અને અંગ પ્રવિષ્ટ એટલે શું?
૫. દ્રવ્ય અને પર્યાયનાં વિષયમાં મતિશ્રુત અને કેવળજ્ઞાન એ બેમાં શું તફાવત છે?
૬. નય અને પ્રમાણમાં શું ફેર?

### (ખાલી જગ્યા પૂરો)

૧. ——— અને ——— એ બે રીતે સમ્યગ્દર્શન થાય છે. (જ્ઞાન, ક્રિયા, દ્રવ્ય, ભાવ, નિસર્ગ, અધિગમ)
૨. તત્ત્વાર્થસૂત્રમાં જગતમાં ——— તત્ત્વો બતાવ્યા છે. (૫, ૭, ૯)
૩. સ્થિતિ દ્વારને આશ્રયીને જીવની સ્થિતિ ——— હોય છે. (સાદિ-સાંત, સાદિ અનંત, અનાદિ અનંત)
૪. આત્માથી થતુ જ્ઞાન તે ——— જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ)
૫. વિષયનું નિશ્ચિત જ્ઞાન તે ——— (અવગ્રહ, અપાય, ધારણા)
૬. ——— નો વ્યંજનાવગ્રહ ન હોય (કાન, આંખ, નાક)
૭. ગુરુની સેવાથી પ્રાપ્ત થતી બુદ્ધિ તે ——— બુદ્ધિ (ઔત્પાતિકી, કાર્મિકી, વૈનયિકી)
૮. ——— અવધિજ્ઞાન દીપકના પ્રકાશની જેમ સાથે જ રહે (પ્રતિપાતી, વર્ધમાન, અનુગામી)
૯. ——— જ્ઞાનનું ક્ષેત્ર માત્ર અઢી દ્વીપ છે. (મતિ, અવધિ, મનઃપર્યવ)
૧૦. એક જીવમાં એક સાથે સૌથી વધારે ——— જ્ઞાન હોઈ શકે, (૧, ૪, ૫)
૧૧. જે નય મુખ્યતાએ વિશેષ તરફ દૃષ્ટી કરીને દરેક વસ્તુને જુદી-જુદી માને તે ——— નય (નૈગમ, વ્યવહાર, શબ્દ)

### (યોગ્ય જોડણી કરો)

| A | B |
|---|---|
| ૧. નામ સ્થાપના | ૧. ઇન્દ્રિયજન્ય |
| ૨. નય | ૨. મિથ્યા (અવધિ) જ્ઞાન |
| ૩. મનઃપર્યવજ્ઞાન | ૩. અર્થાવગ્રહ |
| ૪. મતિજ્ઞાન | ૪. પ્રમાણ |
| ૫. આંખ અને મન | ૫. દ્રવ્ય, ભાવ |
| ૬. ભવપ્રત્યય અવધિ | ૬. છઠ્ઠુ ગુણ ઠાણું |
| ૭. વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન | ૭. કેવળજ્ઞાન લાવે |
| ૮. વિભંગજ્ઞાન | ૮. રાખથી છવાયેલ અગ્નિ |
| ૯. ઉપશમ સમકિત | ૯. દેવતા, નારક |
| ૧૦. નિરાકાર ઉપયોગ | ૧૦. દર્શન |

## (ભૂમિકા + હેમગિરાની અનુપ્રેક્ષા)

૧. આત્મિક સુખની સાત વિશેષતાની સમજ આપો.
૨. સિદ્ધાંતમાં પ્રિય એવા મોક્ષ અને તેમાં હિતકારી એવા પ્રાસંગિક સુખો નિશ્ચયથી કેવી રીતે સિદ્ધ થાય છે ?
૩. પ્રભુ પૂજાની ફળશ્રુતિ શું છે ?
૪. કઈ અપેક્ષાએ તીર્થંકરો કૃતાર્થ-અકૃતાર્થ છે ?
૫. ઉમાસ્વાતિજી મહારાજ ક્યારે થયા ?
૬. મોક્ષમાર્ગનું સ્વરૂપ સામાન્યથી જણાવો.
૭. સમ્યગ્ દર્શનાદિ ત્રણે મળી મુક્તિસાધક કેવી રીતે બને તે ઉદાહરણ સહિત સમજાવો.
૮. ઓઘજ્ઞાન ભેદસહિત સમજાવો.
૯. અનાદિકાળથી કર્મબંધ થાય છે તે સિદ્ધ કરો.

## (ખાલી જગ્યા પૂરો.)

૧. સત્ક્રિયાની પ્રવૃત્તિ અને અસત્ ક્રિયાની નિવૃત્તિ તે ........... જાણવું.
૨. સિદ્ધસેનીય ટીકા ............. શ્લોક પ્રમાણ છે.
૩. જ્ઞાનનો સ્વભાવ .......... નો છે.
૪. કાર્ય નિષ્પન્ન થયે છતે જે વિસર્જન કરાય તે ............. કહેવાય છે.
૫. જ્ઞાનાદિ ગુણોને ઉપઘાત કરનાર કર્મ ......... છે.
૬. જીવ ....... અવસ્થામાં ગ્રંથિભેદ કરે છે.

## (હા/નામાં જવાબ આપો.)

૧. સમ્યકત્વીને ઓઘજ્ઞાન હોય ?
૨. અનાદિસિદ્ધ એવા આકાશાદિ તત્ત્વોને પણ ઈશ્વર ન બનાવી શકે એ વાત સાચી ?
૩. જીવતત્ત્વમાં દ્રવ્યનિક્ષેપની સિદ્ધિ થઈ શકે ?
૪. શું 'દ્રવ્ય-દ્રવ્ય' વિકલ્પનું શૂન્ય છે ?
૫. પ્રમાણ અને નય વચ્ચે ભેદા-ભેદ છે ?
૬. સંસારી આત્માને 'વિભુ' સર્વવ્યાપી કહી શકાય ખરા ?
૭. વિવિધ દર્શનોમાં પ્રમાણ સરખા છે ?
૮. ગંધહસ્તી મહાભાષ્ય આ ટીકાને કહેવાય છે ?

# परिशिष्ट-२ सूत्रानुक्रमः


| क्रम | सूत्र | पृष्ठ |
|---|---|---|
| १ | सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः | २५ |
| २ | तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् | ४५ |
| ३ | तन्निसर्गादधिगमाद्वा | ५४ |
| ४ | जीवाजीवास्रवबन्धसंवरनिर्जरा मोक्षास्तत्त्वम् | ७७ |
| ५ | नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः | ८२ |
| ६ | प्रमाणनयैरधिगमः | १०७ |
| ७ | निर्देशस्वामित्वसाधनाधिकरणस्थिति-विधानतः | १२२ |
| ८ | सत्सङ्ख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्प-बहुत्वैश्च | १३९ |
| ९ | मतिश्रुतावधिमनःपर्यायकेवलानिज्ञानम् | १५८ |
| १० | तत्प्रमाणे | १६२ |
| ११ | आद्ये परोक्षम् | १६५ |
| १२ | प्रत्यक्षमन्यत् | १७३ |
| १३ | मतिः स्मृतिः संज्ञाचिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् | १८१ |
| १४ | तदिन्द्रियानिन्द्रियनिमित्तम् | १८४ |
| १५ | अवग्रहेहापायधारणाः | १८८ |
| १६ | बहुबहुविधक्षिप्रानिश्रिताऽसंदिग्धध्रुवाणां सेतराणाम् | १९७ |
| १७ | अर्थस्य | २०४ |
| १८ | व्यञ्जनस्यावग्रहः | २०६ |
| १९ | न चक्षुरनिन्द्रियाभ्याम् | २०८ |
| २० | श्रुतं मतिपूर्वं द्वयनेकद्वादशभेदम् | २१२ |
| २१ | द्विविधोऽवधिः | २३० |
| २२ | तत्र भवप्रत्ययो नारकदेवानाम् | २३१ |
| २३ | यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् | २३४ |
| २४ | ऋजुविपुलमती मनःपर्यायः | २४३ |
| २५ | विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः | २४७ |
| २६ | विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनः-पर्यायोः | २४८ |
| २७ | मति श्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु | २५३ |
| २८ | रुपिष्ववधेः | २५४ |
| २९ | तदनन्तभागे मनःपर्यायस्य | २५५ |
| ३० | सर्वद्रव्यपर्यायेषु केवलस्य | २५७ |
| ३१ | एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः | २६० |
| ३२ | मतिश्रुतावधयो विपर्ययश्च | २७० |
| ३३ | सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् | २७४ |
| ३४ | नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः | २७७ |
| ३५ | तत्र आद्यशब्दौ द्वित्रिभेदौ | २८६ |

## अकारादिक्रमेण सूत्रानुक्रम


| क्रम | सूत्र | सूत्रांक | पृष्ठ |
|---|---|---|---|
| १ | अर्थस्य | १७ | २०४ |
| २ | अवग्रहेहापायधारणाः | १५ | १८८ |
| ३ | आद्यशब्दौ द्वित्रिभेदौ | ३५ | २८६ |
| ४ | आद्ये परोक्षम् | ११ | १६५ |
| ५ | ऋजुविपुलमती मनःपर्यायः | २४ | २४३ |
| ६ | एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः | ३१ | २६० |
| ७ | जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् | ४ | ७७ |
| ८ | तत्प्रमाणे | १० | १६२ |
| ९ | तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् | २ | ४५ |
| १० | तन्निसर्गादधिगमाद्वा | ३ | ५४ |
| ११ | तदनन्तभागे मनःपर्यायस्य | २९ | २५५ |
| १२ | द्विविधोऽवधिः | २१ | २३०. |
| १३ | मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् | १३ | १८१ |
| १४ | न चक्षुरनिन्द्रियाभ्याम् | १९ | २०८ |
| १५ | नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः | ५ | ८२ |
| १६ | निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः | ७ | १२२ |
| १७ | नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः | ३४ | २७७ |
| १८ | प्रत्यक्षमन्यत् | १२ | १७३ |
| १९ | प्रमाणनयैरधिगमः | ६ | १०७ |
| २० | बहुबहुविधक्षिप्रानिश्रितानुक्तध्रुवाणां सेतराणाम् | १६ | १९७ |
| २१ | मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु | २७ | २५३ |
| २२ | तत्र भवप्रत्ययो नारकदेवानाम् | २२ | २३१ |
| २३ | मतिश्रुतावधयो विपर्ययश्च | ३२ | २७० |
| २४ | मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् | ९ | १५८ |
| २५ | मतिः स्मृतिः संज्ञा चिन्ताभिनिबोध इत्यनर्थान्तरम् | १३ | १८१ |
| २६ | यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् | २३ | २३४ |
| २७ | रुपिष्ववधेः | २८ | २५४ |
| २८ | विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्याययोः | २६ | २४८ |

| क्रम | सूत्र | सूत्रांक | पृष्ठ |
|---|---|---|---|
| २९ | विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः | २५ | २४७ |
| ३० | व्यञ्जनस्यावग्रहः | १८ | २०६ |
| ३१ | श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् | २० | २१२ |
| ३२ | सत्सङ्ख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च | ८ | १३९ |
| ३३ | सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् | ३३ | २७४ |
| ३४ | सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः | १ | २५ |
| ३५ | सर्वद्रव्यपर्यायेषु केवलस्य | ३० | २५७ |


## परिशिष्ट-३ श्वेताम्बर दिगम्बर पाठभेद

| सूत्र | श्वेताम्बर | सूत्र | दिगम्बर |
|---|---|---|---|
| १५ | अवग्रहेहापायधारणाः | १५ | अवग्रहेहावायधारणाः |
| १६ | बहुबहुविधक्षिप्रानिश्रिताऽसंदिग्धध्रुवाणां सेतराणाम् सूत्रं नास्ति | १६ | बहुबहुविधक्षिप्रानिःसृतानुक्तध्रुवाणां सेतराणाम् |
| २१ | द्विविधोऽवधिः | २१ | भवप्रत्ययोऽवधिर्देवनारकाणाम् |
| २२ | तत्र भवप्रत्ययो नारकदेवानाम् | २२ | क्षयोपशमनिमित्तः षड्विकल्पः शेषाणाम् |
| २३ | यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् | २३ | ऋजुविपुलमती मनःपर्ययः |
| २४ | ऋजुविपुलमती मनःपर्यायः | २४ | विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनः-पर्यययोः |
| २५ | विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्याययोः | | |
| २७ | मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु | २६ | मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु |
| २९ | तदनन्तभागे मनःपर्यायस्य | २८ | तदनन्तभागे मनःपर्ययस्य |
| ३४ | नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः | ३३ | नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्द-समभिरुढैवंभूता नयाः |
| ३५ | आद्यशब्दौ द्वित्रिभेदौ | | |

### પાઠભેદ સ્પષ્ટીકરણ

(૧) સૂત્ર-૧૫માં અપાય ને બદલે અવાય છે. (૨) સૂત્ર-૧૬માં अनिश्रित ને બદલે अनिःसृत અને असंदिग्ध ને બદલે अनुक्त છે. (૩) સૂત્ર-૨૧ દિગંબરમાં નથી. (૪) સૂત્ર-૨૨માં વચ્ચે अवधिः શબ્દ વધારે છે. (૫) સૂત્ર-૨૩માં यथोक्त ને સ્થાને क्षयोपशम છે. (૬) સૂત્ર-૨૪,૨૫-૨૯માં मनःपर्याय ને બદલે मनःपर्यय છે. (૭) સૂત્ર-૨૭માં सर्वद्रव्य ને બદલે द्रव्य છે. (૮) સૂત્ર-૩૪માં બે નય ઉમેર્યા છે. (૯) અને ૩૫મું સૂત્ર દિગંબરમાં નથી.

# परिशिष्ट-४

।। ॐ अर्हं नमः ।।

[१]श्री चिरंतनाचार्य विरचित

# ।। श्री तत्त्वार्थाधिगमटीप्पणम्।।

1. [२]ॐ नमः पार्श्वाय। उमास्वातिर्न बोटिको, वाचकपदवीमत्त्वाद्, नागार्जुनादिवत्। उमास्वातिर्न बोटिकस्तत्त्वार्थप्रकरणं प्रति कर्तृत्वात्प्रशमरत्यादिप्रकरणं प्रतीव। यतस्तत्र सूत्रम्- "**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग** इति। अत्र सम्यग्दर्शनस्य प्राथम्यं शास्त्रयोजनानुग्रहार्थम्, अत एव "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" इत्येकसूत्रेणापि तोपः, "**सव्वगयं सम्मत्तमिति**'' वचनात्। ज्ञानं प्रति नैवं सूत्रसंतोपस्तथाविधबहुलप्रकारित्वाच्चारित्रं प्रतीवेति। "**जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वमिति**"। अत्र पुण्यपापयोः परान्तर्भावः शास्त्रयोजनानुग्रहार्थः। अत एव "**सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम्**"। "अतोऽन्यत् **पापमिति**" सूत्रसन्तोपः। "**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेष**" इति। अत्र विपुलमतित ऋजुमतेः क्षेत्रतया वैपम्यं न ज्ञापितम्। **औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ** चेति। अत्र मिश्रशब्दस्य भिन्नविभक्तिकतयैकस्यैव कर्मण उदीर्णानुदीर्णतावस्थापेक्षं क्षयोपशमौ ज्ञापितौ। "**सोऽष्टचतुर्भेदः**" इति। अत्र दर्शनोपयोगस्य यशःप्रधानता न ज्ञापिता। "**पृथिव्यम्बुवनस्पतयः स्थावराः। तेजोवायूद्वीन्द्रियादयश्च त्रसाः**" इति। अत्र तेजोवाय्वोर्भिन्ननिर्देशतः "तओ थावरा पन्नत्ता। तं० पुढवीकाइया आउकाइया वणस्सइकाइया। तओ तसा पन्नत्ता। तं० तेउकाइया वाउकाइया तसकाइया" इति प्रवचनभक्तिमता लब्धित्रसत्वं ज्ञापितम्, "**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभाभूमयो घनाम्बुवालाकाशप्रतिष्ठाः सप्ताधोधः पृथुतराः**" इति। अत्र सप्तशब्दस्य भूमिविशेपणता ज्ञापिता, अत एव स्वर्गसूत्रे नवसु क्रैवेयकेष्वित्यत्र नवन्शब्दस्यापि पटुग्रैवेयकविशेषणता। "**प्राग्मानुषोत्तरान्मनुष्या**" इति। अत्र- मनुष्यक्षेत्रतो बहिर्मनुष्याणां गमनं न निपिद्धं, त्रसनाडीओ बहिस्त्रसाणामिव। "**तृतीयः पीतलेश्य**" इति। अत्र ज्योतिष्काणां सुरत्वं ज्ञापितम्। "**दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ता**" इति। अत्र पोडश-विकल्पा इति न ज्ञापितम्। इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषद्यात्मरक्षलोकपालानीकप्रकीर्णकाभियोग्यकिल्बिषि-काश्चैकश इति। अत्र प्रतीन्द्रादानं न कृतं, पूर्वयोर्द्वीन्द्रा इति। अत्र चतुरिन्द्रा इति न ज्ञापितम्।। "**पीतान्तलेश्या**" इति, अत्र भवनपतिव्यन्तराणामसुरतासाधर्म्यं ज्ञापितम्। शेपाः स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयोरिति। अत्र स्वर्गीयसूत्र ..... फल .... "**भवनवासिनोऽसुरनागविद्युत्सुवर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः**" इति। अत्र चेप्टानुक्रमस्तथाहि- असुरो म्लेच्छः, क्रौर्यात्स इव नागः, स्रगाकारतो नाग इव, विद्युत् वर्णाकाराभ्यां विद्युदिव, गरुडो विस्तारितपक्षः वर्णपराक्रमतो गरुड इव, अग्निः। अग्निमित्रं वायुः। वायुयोगान्मेघे स्तनितं(ते) समुद्रोपि तथाभूतः स्तनति। उदधिवेप्टितं द्वीपं, द्वीपे सुगमा दिगिति। मैवमिति चैन्न। सूर्याचन्द्रामसावित्यत्र तेजोऽपेक्षयैव

---

१. "इदं किल श्रीपुण्यपत्तनस्थडेक्कनकॉलेजाह्वपाठशालासत्भाण्डागारस्थित-तत्त्वार्थभाष्यादर्शपरितो लिखित टिप्पणं यथातथं पूर्वसंपादकेन परिशिष्टाख्यया मुद्रितम्।" अस्माभिरपि हस्तप्रताभावात् पूर्वमुद्रितप्रत्यनुसारेण यथायोग्यं अत्र मुद्रापितम्।

२. ओङ्कारश्चाथशब्दश्च, द्वावेतौ ब्रह्मणः पुरा। कण्ठं भित्वा विनिर्यातौ, तेन माङ्गलिकावुभौ।।

सूर्यप्राथम्यं प्र(ति)सिद्धेरित्युत्पलचन्द्रिकायाम्। अत एव- "असुरा नागा विज्जू सुवण्णग्गीवाउथणिया य। उदही दीव दिसाकु विय दसभेया भवणवासीणं।।३।। इति जिनभद्रगणिक्षमाश्रमणाः। "**व्यन्तराः किन्नरकिंपुरुष-महोरगगन्धर्वयक्षराक्षसभूतपिशाचाः**" इति। अत्र "वाणमन्तरा अट्ठविहा पन्नत्ता। तं० किण्णरा किंपुरिसा महोरगा गन्धव्वा जक्खा रक्खसा भूया पिसाया"। इति "प्रज्ञापनोपाङ्ग" वचनमाराधितम्। "**सौधर्मेशा-नसनत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्रसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्त-जयन्तापराजितेषु सर्वार्थसिद्धे चेति**"। अत्र प्रथमविभक्तित्रयत इन्द्रदशकं ज्ञापितं। ग्रैवेयकानुत्तरान्तराले विमानान्तराणि न ज्ञापितानि। विजयादिचतुष्कपृथग्निर्देशतो "जयन्ताओ देवलोगाओ बत्तीसं सागरोवमट्ठिइयाओ, अपराजियाओ महाविमाणाओ बत्तीसं सागरोवमट्ठिइयाओ, इति तादृशाभिप्रायि "ज्ञाताधर्मकथादशश्रुतस्कन्ध" वचनाराधना कृता। "**पीतपद्मशुक्ललेश्या द्वित्रिशेषेषु**" इति। अत्र मिश्रलेश्याकत्वं न ज्ञापितम्। **प्राग्ग्रैवेयकेभ्यः कल्पा**" इति। अत्र कल्पेष्वहमिन्द्रोत्पत्तिर्निषिद्धा। "**ब्रह्मलोकालया लौकान्तिका**" इति। अत्र लोकान्तिकसाहचर्यतः पञ्चमस्वर्गस्याखण्डगोलकता ज्ञापिता। **परतः परतः पूर्वानन्तरेति**। अत्र तृतीयादि गोलकोत्तरदले साधिकस्थितिर्न ज्ञापिता। "**अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः**"। **द्रव्याणि जीवाश्च**" इति। अत्र कालस्य गौणद्रव्यत्वं ज्ञापितं नाणोरिति। अत्र पुद्गलशब्दानुवृत्त्या पुद्गलाणुरेव ज्ञापितः।। "**वर्तना परिणामः क्रियापरत्वापरत्वे च कालस्य**" इति। अत्र कालो द्रव्यचूलेति ज्ञापितो यथा सम्यग्मोहः कर्मचूलेति। "**कालश्चेत्येके**"। "**सोऽनन्तसमयः**", इति। अत्र कालस्यासंख्याणुकत्वं न ज्ञापित्तं। "**तद्भावः परिणामः**"। "**अनादिरादिमांश्च**"। "**रूपिष्वादिमान्**"। "**योगोपयोगौ जीवेषु**" इति। अत्रोपयोगौ भिन्नकालीनतया ज्ञापितौ। **दर्शनविशुद्ध्या**दिसूत्रे उत्तरगुणापरनामकं शीलं मूलगुणापरनामकं व्रतं, शीलोपलक्षितैर्व्रतैर्जिननामाश्रवविंशतित्वपूर्तिः। **मारणान्तिकीं संलेखनां जोषितेति**। अत्र संलेखना द्वादशतो बहिः सर्वान्तर्वर्तित्वात्सर्वादिवर्तित्वेन सम्यक्त्वमिव। **सद्वेद्यसम्यक्त्वा**दिसूत्रे सम्यक्त्वस्य शुद्धपुञ्जत्वात्, हास्यरत्योः पुण्याश्रवं विनानुपपत्तेः, पुरुषवेदस्य पवित्रकीर्तित्वात्पुण्यत्वविवक्षा। **क्षुत्पिपासा**दिसूत्रे नाग्न्यशब्दतः "जस्सट्ठाए कीरति नग्गभावे मुंडभावे" इति प्रवचनपदाराधना ज्ञापिता।

"**एकादश जिने**" इति। अत्र क्षुधादिपरीसहाभावो न ज्ञापितः। "**बादरसम्पराये सर्वे**" इति अत्र जिनानन्तरं बादरसम्परायज्ञापना जिनेऽस्मद्वत्परीषहा इति ज्ञापितम्।

"**ज्ञानदर्शनचारित्रोपचार**" इति। अत्र दर्शनस्य प्राथम्यं न कृतम्। "**आमुहूर्तात्**" इति। अत्र सर्वस्यापि ध्यानस्य नाधिकं स्थितिर्ज्ञापिता। "**उपशान्तक्षीणकषाययोश्च**" इति। अत्र पूर्वधरापराणां श्रेणिद्वये धर्म्मध्यानं ज्ञापितम्। "**तत् त्र्येककाययोगायोगानाम्**" इति अत्र चरमदशात ऋते केवलिनो ध्यानरहिताः। **क्षेत्रकालगतिलिङ्गा**दिसूत्रे स्त्रीलिङ्गिनामपि मुक्तिः। इत्यतो नमस्तीर्थाय।। नमोऽस्तु **वाचकमुख्यायेति** मुख्यत्वं च उमास्वातेः पूर्वगतकिय-द्दूराध्येतृत्वात्, तथा चोक्तम्,- निरन्तरमपि त्रिजगज्जनराजीवराजीप्रबोधकरणैकतानाय तीर्थकरमहामार्तण्डाय।।

**पसमरइपमुहपयरणपंचसया सक्कया कया जेहिं। पुव्वगयवायगाणं तेसिमुमासाइनामाणं।।१।।**

**पडिहयपडिवक्खाणं पयडीकयपणयपाणिसुक्खाणं। पणमामि पायपउमं विहिणा विणएण निच्छउमं।।२।।** इति।

**पूर्वगताऽवस्थानं च चरमपरमेश्वरनिर्वाणाद्वर्षसहस्रं। यावदासीद्भगवत्यङ्गवचनप्रामाण्यात्।।** (पृ.१)

2. "**अधमतम**" इति षोढा मनुष्या यथाऽधमतमो विमध्यमो मध्यम उत्तम उत्तमोत्तम इति। तत्राऽतिशयेनाऽधमोऽधमतमो लोकद्वयफलविराधको वागुरिकादिवत्। अधमस्त्विह लोकस्याराधको भवान्तरविराधकः प्रमत्तनृपवत्। अप्राप्तो मध्यमावस्थां विमध्यम इत्युच्यते। जन्मद्वयफलाकाङ्क्षी व्यवहारिसार्थवाहवत्। मध्यमः परलोकफलाभिलाषी सांन्यासिकादिवत्। यतस्तेषां निर्जरानपेक्षं तपो भवतीतिह- आगमः "**नो इहलोगट्ठयाए तवमहिट्ठवि(ट्ठि)ज्जा, नो परलोगट्ठाए तवमहिट्ठवि(ट्ठि)ज्जा**" इति। यद्यपि ते केचिन्मुक्त्येषिण एव वयमित्यारटन्ति, तथापि नास्ति भावनिर्जरापेक्षा इन्द्रादिपदव्या अपि मुक्तिशब्देन तेषां प्रसिद्धेः।। लोकद्वयफलानभिलाषी केवलनिर्जराप्रवृत्तो ह्युत्तमो जैनचारित्रिक एव। उत्तमोत्तमस्तु श्रीतीर्थकर एवेति।। (कारिका गाथा ४) *(पृ.१४)

3. "**तीर्थप्रवर्तनफलमिति**" तीर्थकरनामप्रेरित एव भगवान्परार्थव्यसनी निष्कामं भवति।।(कारिका गाथा ९) (पृ.१८)

4. **ज्ञातेति**, ज्ञाताश्च ते इक्ष्वाकवः, अत्रापत्यार्थोत्पन्नाऽण्प्रत्ययलोपः। "**नायाणं खत्तियाणमि**"त्यागमः ।। (का.गा.११) (पृ.१९)

5. "**सेन्द्रैरिति**" इह लौकान्तिकानामिन्द्राभावेऽपि सम्यक्त्वसाधर्म्यात्सेन्द्रैरित्युच्यते।। यतः- "**इंदत्तं चक्कित्तं, पंचाणुत्तरविमाणवासित्तं। लोगंतियदेवत्तं, अभव्वजीवेहिं नो पत्तम्।।**" १।। इति (कारिका गा-१४) (पृ.१९)

6. "**कृतसामायिकेति**"। करेमि सामाइयं इत्याद्युच्चार्येत्यर्थः, अत्र 'भन्ते' इति पदं भगवान्न भणति। **भंतेत्ति न भणन्ति जीतमि**'त्यावश्यकचूर्णौ (कारिका गा.१६) (पृ.२०)

7. "**सम्यक्त्वज्ञानेति**"। भगवद्भाषितप्रवचनमशेषश एव श्रद्धीयते येन तदेव समयक्त्वं 'सव्वगयं सम्मतं' इति वचनात्। तथा जिनवदनविनिर्गतं पदमेकं न श्रद्दधाति, शेषसकलसिद्धान्तं श्रद्दधाति, सकलसिद्धान्तं न श्रद्दधाति, सकलसिद्धान्तं न श्रद्दधाति, पदमेकं च श्रद्दधाति, नैतत्सम्यग्दर्शनं, सर्वगतत्वव्याधातात्, यद्यदसर्वगतं तत्तन्मिथ्यात्वं, प्रमाणविरहितत्वात्। न खल्वेक प्रदेशमात्रेणाप्यूनत्वाभिगृहीताः शेषाऽसङ्ख्येयप्रदेशाः संमानिता अपि जीवस्य जीवत्वं लभन्ते, जीवादेर्द्रव्यस्वरूपत्वात्, ऊनतायां च द्रव्यत्वाऽयोगात्। तथा जीवदेशो जीवप्रदेशो वा इत्यपि न ते वक्तुं पार्यन्ते, देशप्रदेशयोरखण्डत्वाऽपेक्षयैव भवनात्, अखण्डत्वस्य च सर्वज्ञैकान्तगोचरयथास्थितत्वात्। अतो हि नायं जीवो नापि जीवदेशो न च जीवप्रदेशः नाप्यजीवो नाजीवदेशो नाजीवप्रदेशो वा, सिद्ध्यत्येव चैवमसतोऽपि वस्तुतावादः, स चानन्तभवपरम्परादुःखहेतुः।। (कारिका गा.१७) (पृ.२०)

8. "**द्विविधमिति**"। द्विविधमङ्गप्रविष्टानङ्गप्रविष्टभेदात्, अनेकविधं प्रकीर्णकमेदात्। स्याद्वादमहानगरस्योत्तराध्ययनप्रमुखानि प्रकीर्णकमन्दिराणीव। द्वादशविधं दृष्टिवादपर्यन्तभेदैरङ्गैः, स्याद्वादमहानगरे द्वादशाङ्गानि आवलिकामहामन्दिराणीव। यतो भण्यते च-

प्रवचननगरप्रतरे, विराजमानं विचालशः सुतराम्। आवश्यकमिदमिन्द्र-कमन्दिरसदृशं चिरं जयति।।१।।

*. ( ) અંતર્ગત નંબર પ્રસ્તુત ગ્રંથના તે પાનાઓના છે કે જે પાનાઓમાં આ ટિપ્પણિઓના નંબર અપ્યા છે.

निष्पणतत्त्वसमुच्चयनयगमरत्नातिपूरितं परितः। तत्रतनावलिकागृहगणमिव गणिपिटकमभिवन्दे।।२।। तस्य सदाप्यवकीर्णक-सदनसरूपाननेकसंख्याकान्। भृशकमुपासे समयानुत्कालिककालिकप्रभिदा।।३।। इति।। (कारिका गा.१९) (पृ.२०)

9. प्रति "**चिक्रमिषेदिति**"। प्रतिक्रमितुमिच्छेदिति प्रतिचिक्रमिषेत्। (कारिका गा.२५) (पृ.२२)

10. "**नर्ते**" इति। विनार्थे ऋते इत्यव्ययं ततः पञ्चमी। (पृ.२४)

11. "**प्रवक्ष्यामीति**" उमास्वातिवाचका एवमाहुः, (का.गा.३१) (पृ.२४)

